1965

(1)

REGD. No. B-4266.
વાર્ષિક લવાજમ રૂા. ૪

# પ્રબુદ્ધ જીવન

પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૬ : અંક ૧૭

મુંબઇ, જાન્યુઆરી ૧, ૧૯૬૫, શુક્રવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૨૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## પ્રકીર્ણ નોંધ

**એક વિશેષ શુભેચ્છાપત્ર**

પૂજ્ય કેદારનાથજી તરફથી 'પ્રબુદ્ધ જીવન' અંગે નીચેનો પત્ર મળ્યો છે :–

**શ્રી પરમાનંદભાઈ**

સવિનય નમસ્કાર. વિશેષ વિનંતિ કે રજત જયંતી ઉત્સવ અંગેનું આમંત્રણ મને યથાસમય મળ્યું હતું; પરંતુ મારી તબિયત બહાર જવા લાયક નહિ હોવાના કારણે સમારંભમાં ઉપસ્થિત થઈ ન શક્યો. તો પછી સમારંભના નિમિત્તે સંદેશ આપવો આવશ્યક હતો. એ પણ હું ભૂલી ગયો. આજકાલ મારી સ્મરણશક્તિ મંદ થઈ ગઈ છે. આપે ટેલીફોન કરીને મને સંદેશા અંગે યાદ આપી હતી. મેં સંદેશો મોકલવાનું કબૂલ કરેલું. એમ છતાં તે પણ હું ભૂલી ગયો. થોડા દિવસ બાદ પ્રબુદ્ધ જીવનનો અંક મળતાં યાદ આવી ગયું. મારી આ ગલતી અંગે હું શું લખું? આપની ક્ષમા ચાહું છું.

'પ્રબુદ્ધ જીવન'નો દરેક અંક હું ધણું ખરું વાંચું છું. આપનો લેખ તો વિશેષ ધ્યાનપૂર્વક વાંચતો હોઉં છું. કારણ કે આપના અંગે મારા મનમાં કોઈ વિશેષ પ્રકારનો સદ્‌ભાવ રહ્યો છે. દરેક મહત્ત્વના વિષય ઉપર આપ ખૂબ સૂક્ષ્મતાપૂર્વક તથા ઊંડાણથી વિચાર કરો છો. આપની પૃથક્કરણપદ્ધતિ સરસ છે. સાથે સાથે આપનામાં સરળતા તથા સ્પષ્ટતા પણ છે. આ બધી બાબતો મને ખૂબ ગમે છે. 'પ્રબુદ્ધ જીવન' કોઈ ઉદાત્ત હેતુથી ચલાવવામાં આવે છે, જેથી આપણા સામાજિક, રાજકીય, ધાર્મિક વિચારોમાં કંઈક કર્તૃત્વ આવે. આજે આની અત્યંત જરૂર છે. 'પ્રબુદ્ધ જીવન'નો ઉચ્ચ હેતુ સાધ્ય બને એ જ પ્રાર્થના છે.

**શુભેચ્છક કેદારનાથ**

આ પત્રને હું એક ઈશ્વરી અનુગ્રહ સમાન લેખું છું.

**બધું પતી ગયા બાદ મળેલું એક અણધાર્યું શુભેચ્છાપ્રતીક**

જેમ પ્રબુદ્ધ જીવન રજત જયન્તી સમારોહ અંગેની તેમ જ તે નિમિત્તે કરવામાં આવેલા ફાળાને લગતી છેવટની વિગતો 'પ્રબુદ્ધ જીવન'ના ગતાંકમાં પ્રગટ થઈ ચૂક્યા બાદ પૂજ્ય કેદારનાથજી તરફથી અણધાર્યો શુભેચ્છાસંદેશ મળ્યો તેમ એક શુભેચ્છક મિત્ર શ્રી જયવદન તખ્તાવાળા જેમનો ધણો મોટો ઉદ્યોગવ્યવસાય છે અને જેઓ પરિચય ટ્રસ્ટના એક ટ્રસ્ટી છે તેમના તરફથી તાજેતરમાં રૂ. ૧૫૦ નો ચેક મળ્યો છે. તેમની સાથે નવો પરિચય અને એકાદ વર્ષથી તેઓ 'પ્રબુદ્ધ જીવન'ના ગ્રાહક બન્યા છે. આવી વ્યકિત તરફથી બધું પતી ગયા બાદ આમ અણધાર્યો ચેક આવે તે હકીકત સવિશેષ ઉલ્લેખનીય બને છે. આમ કંઈક આપવું હતું અને અપાતાં રહી ગયું છે એમ વિચારતા હજુ કેટલાક મિત્રો અને શુભેચ્છકો છે. તેઓ ઉપરના દાખલાથી પ્રેરિત બનીને કંઈ ને કંઈ રકમ મોકલશે તો તે સવિશેષ આવકારપ્રદ બનશે.

તા. ક. આ નોંધ છપાઈ રહી છે એ દરમિયાન શ્રી રામુ પંડિત તરફથી સંઘના ફાળામાં રૂા. ૫૧ નો ચેક મળ્યો છે તથા શ્રી પૂર્ણિમાબહેન પકવાસાએ રૂ. ૨૫ નોંધાવ્યા છે, જે માટે તેમનો આભાર માનવામાં આવે છે.

**વિનોબાજીના અનન્ય સેવક વલ્લભસ્વામીનો દેહવિલય**

ઊંડા ખેદ સાથે જણાવવાનું કે, ગત ડિસેમ્બરની આઠમી તારીખે અગ્રગણ્ય સર્વોદય કાર્યકર્તા શ્રી વલ્લભસ્વામીનું સીકંદ્રાબાદ ખાતે ગાંધી હૉસ્પિટલમાં હૃદયરોગના આક્રમણના પરિણામે અવસાન થયું છે. અવસાન વખતે તેમની ઉમ્મર ૫૮ વર્ષની હતી. તેઓ મૂળ ઓલપાડ તાલુકાના–ગુજરાતના વતની હતા. ૧૧મા વર્ષે તેઓ વિનોબા પાસે ગયેલા ત્યારથી તે આજ સુધી મોટા ભાગે વિનોબાજીના સાન્નિધ્યમાં અને તેમના પ્રમુખ અનુયાયી તરીકે તેમણે જીવન વ્યતીત કર્યું હતું. સર્વસેવા સંઘના તેઓ ભૂતપૂર્વ અધ્યક્ષ હતા. વિનોબાજીની ભૂદાન–ગ્રામદાનપ્રવૃત્તિમાં તેમણે ખૂબ મહત્ત્વનો ફાળો આપ્યો હતો. તેઓ વિનોબાજીની પદયાત્રામાં ઘણો સમય સાથે રહ્યા હતા. છેલ્લાં થોડાંક વર્ષથી તેઓ બેંગ્લોરમાં રહીને વિનોબાજીનું જ કાર્ય કરતા હતા. શિવાજી ભાવે તેમના વિષે જણાવે છે કે, "સામાન્ય રીતે એમ જોવામાં આવે છે કે, ગુરુભકતશિષ્યો ગુરુની સામે તો વિનમ્ર હોય છે, પણ ગુરુભકિતનો અહંકાર બીજાઓની સામે એમને ઉદ્દંડ બનાવી મૂકે છે. વલ્લભસ્વામી ગુરુભકત હતા, પણ ગુરુભકિતનો અહંકાર તેમનામાં લેશમાત્ર નહોતો. તેઓ હંમેશાં કોઈ પણ વ્યકિત સાથે વિનીતભાવથી જ વર્તતા રહ્યા. એમનો એ વિનીતભાવ બાલસુલભ સહજ વિનીતભાવ હતો. એમણે એક વાર કહેલું કે, "મારા મનમાં દરેક વ્યકિત માટે સમાદર રહે છે, કારણ કે હું દરેકમાં હરિરૂપ જોવાની કોશિષ કરું છું. "હર આન હંસી હર આન ખુશી હર વક્ત અમીરી। એમને જોઈને આવો ખ્યાલ આવતો. પરંતુ અમીરીની મસ્તી તેમનામાં નહોતી. ગરીબીની અમીરી તેમનામાં ભારોભાર ભરી છે એમ જણાતું." આમ વલ્લભસ્વામી દેશને સાંપડતા રહેલા સાત્વિક સેવકોની પરંપરામાંના એક હતા. તેમના અકાળ મૃત્યુએ સર્વોદય કાર્યકરોની હરોળમાં જલ્દિ ન પુરાય એવું ભંગાણ પાડ્યું છે. આવી કાળના ગર્તમાં વિલીન થયેલી માનવવિભૂતિને આપણાં અનેક વંદન હો!

**સ્વ. નાથાલાલ પારેખ જેમનામાં ઉદારતા, કરુણા અને નમ્રતાનો સુંદર સમન્વય હતો**

તા. ૨૭-૧૨-૬૪ની મધ્યરાત્રીએ આપણે એક એવા સજ્જન ઉદાર મનના માનવીને ગુમાવ્યો કે જેની જોડનો માનવી આજે મળવો મુશ્કેલ છે. આ છે શ્રી નાથાલાલ પારેખ. કેટલાક સમયથી તેઓ હૃદયરોગના અવારનવાર આક્રમણથી પીડાતા હતા. આખરે એ જ વ્યાધિના પરિણામે તેઓ ૫૬ વર્ષની ઉમ્મરે આપણને એકાએક છોડીને ચાલી ગયા. તેમનો મુંબઈની કેટલીયે સંસ્થાઓ સાથે ઉપકારક સંબંધ હતો. તેમનો સૌથી ગાઢ સંબંધ મુંબઈની કૉંગ્રેસ

સાથે હતો. તેઓ મહારાષ્ટ્ર રાજ્યની વિધાન પરિષદના એક સભ્ય હતા. સૌરાષ્ટ્ર ટ્રસ્ટ નીચે કામ કરતી સ્ટેટ્સ પીપલ્સ લિમિટેડના તેઓ ડીરેકટર હતા. આ ઉપરાંત માટુંગા ગુજરાતી સેવા મંડળ, ગુજરાતી કેળવણી મંડળ, હિંદુ દીનદયાળ સંઘ, દશાશ્રીમાળી સેવા સંઘ, ભોજનાલય, મુંબઈ પ્રદેશની કૉંગ્રેસની નાણાંકીય સમિતિ, જૈન એજ્યુકેશન સોસાયટી વગેરે અનેક સંસ્થાઓ સાથે તેઓ ગાઢપણે સંકળાયેલા હતા. એ જ પ્રમાણે શ્રી મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિના પણ તેઓ એક સભ્ય હતા.

તેઓ જન્મથી જૈન હતા; સૌરાષ્ટ્રના વનતી હતા. અઢાર વર્ષની ઉમ્મરે તેઓ વ્યવસાયાર્થે બર્મા ગયા હતા. ત્યાંથી થોડા વખતમાં મુંબઈ આવીને તેમણે ખાલી શીશીઓની ફેરી શરૂ કરી હતી, અને સાચા અર્થમાં તેઓ આપમેળે આગળ વધ્યા હતા. તેમની શ્રીમંતાઈ કેવળ સ્વોપાર્જિત હતી. છેલ્લાં કેટલાંક વર્ષથી તેઓ છાપખાનાના કામમાં પડયા હતા અને આજે તો તેઓ આ દેશનું એક સારામાં સારું અદ્યતન લીથો ઑફસેટ પ્રેસ ધરાવતા હતા. મુંબઈની ઘણી ખરી મિલો લેબલો છાપવાનું અઢળક કામ તેમને આપતી હતી. તેથી તેઓ 'લેબલવાળા' તરીકે મિત્રો સ્વજનોમાં ઓળખાતા હતા.

તેમનામાં અપાર સૌજન્ય હતું અને એવી જ બહોળા દિલની ઉદારતા તેમને વરી હતી અને શ્રીમંતાઈ સાથે ભાગ્યે જ અનુભવવા મળે એવી તેમનામાં નમ્રતા હતી. જે કોઈ તેમની પાસે જાય–પછી તે કોઈ સંસ્થા માટે જાય કે પોતે વિદ્યાર્થી હોઈને આર્થિક મદદ માટે જાય–ભાગ્યે જ એવું કોઈ ખાલી હાથે પાછું ફરતું. આ ઉપરાંત કૉંગ્રેસ જેવી નિકટવર્તી સંસ્થાના તો તેઓ અર્થપરિપાલક હતા. આજ સુધીમાં તેમણે મુંબઈની કૉંગ્રેસને આશરે દશ લાખ રૂપિયા એકઠા કરી આપ્યા હતા અને તેની ખાલી તીજોરીને તર કરી આપી હતી. ખાનગી મદદો તો તેમના હાથે પારવિનાની થયા જ કરતી હતી.

જ્યારથી તેમને હૃદયરોગની બીમારી શરૂ થઈ ત્યારથી તેઓ પૂરા ચેતી ગયા હતા. મૃત્યુ પહેલાં પોતાની મિલ્કતની તેઓ પૂરી વ્યવસ્થા કરી ગયા છે, જેમાંનો મોટો ભાગ શુભ કાર્યમાં વાપરવા માટે તેમણે અલગ તારવ્યો છે. રાજકોટમાં ૫૦૦૦ વાર તેમની જમીન હતી, મુંબઈ ખાતે ૧૦૦૦ વાર જમીન હતી, જે બન્નેની મળીને આજે ઓછામાં ઓછી બે લાખ રૂપિયા કીંમત ગણાય. આ બધી જમીનનું તેઓ શુભ કાર્ય માટે ટ્રસ્ટ કરી ગયા છે. આમ તેમણે જીવી જાણ્યું હતું તેમ જ મરી પણ જાણ્યું હતું. તેઓ જીવતા હતા ત્યારે કેવળ સુવાસ જ ફેલાવી રહ્યા હતા અને આજે તેઓ નથી ત્યારે પણ પાછળ અપાર સુવાસ મૂકી ગયા છે. આવો સફળ અને સભર ગૃહસ્થાશ્રમ જીવી બતાવનાર–શૂન્યમાંથી શિખર ઉપર આવનાર અને એ કારણે અભિમાન ન ચિન્તવતા, શૂન્ય સમા લોકો વિષે અપાર કરૂણા ધરાવનાર અને તેમના ભલા માટે સતત દ્રવ્યવિતરણ કરનાર–આવી એક સામાન્ય છતાં અસામાન્ય બનેલી વ્યકિત માટે શું લખવું અને શું ન લખવું? તેઓ ખરેખર માનવતાની એક જીવન્ત મૂર્તિ હતા. તેમના જીવનમાંથી આજે સુસ્થિત બની બેઠેલા ગૃહસ્થો ઉદારતા, નમ્રતા, કરૂણા અને સુજનતાના બોધપાઠ શિખે અને તેમણે ઊભી કરેલી દાનપરંપરાને સંવર્ધિત કરે એવી આપણે અપેક્ષા રાખીએ. તેમના કુટુંબીજનો પ્રત્યે આપણા અન્તરની સહાનુભૂતિ વહેતી રહો. તેમના માર્ગે ચાલવાની આપણા સર્વમાં પ્રેરણા પ્રગટો!

**પોપ પૉલે વિશ્વશાંતિ અંગે કરેલો અનુરોધ**

ક્રીસમસના મંગળ દિન ઉપર સમગ્ર રોમન કેથોલિક સમાજના ધર્માધ્યક્ષ નામદાર પોપ પૉલે દુનિયાના પ્રજાજનો જોગ સંદેશો પાઠવતાં વિશ્વશાંતિ અને માનવબંધુત્વ ઉપર ખૂબ ભાર મૂકયો હતો અને જાતિવાદને–વર્ણવાદને–નાબૂદ કરવા ખાસ અનુરોધ કર્યો હતો. વધારે ને વધારે શકિતવાળાં ઘાતક શસ્ત્રોનો ખડકલો કરવાના સત્તાધીશોના અદ્યતન વલણ સામે તેમણે ઊંડી ચિંતા વ્યકત કરી હતી. નિ:શસ્ત્રીકરણની પ્રકિયાને શાણપણ અને ઉદાત્તતાપૂર્વક બને તેટલો વેગ આપવા દુનિયાની રાજ્યહકુમતોને તેમણે આગ્રહ કર્યો હતો. તદુપરાંત શસ્ત્રસામગ્રી પાછળ થતા ખર્ચમાંથી થોડો ભાગ પણ બચાવીને તેનો ગરીબ અને ભૂખ્યા લોકોને અને ખાસ કરીને વિકાસોન્મુખ દેશોને રાહત આપવા પાછળ ઉપયોગ કરવાનો દુનિયાના અગ્રગણ્ય રાષ્ટ્રોને તેમણે અનુરોધ કર્યો હતો. પોતાના સંદેશામાં તેમણે જણાવ્યું હતું કે, "બીજો દૈત્ય જે માથું ઊંચકી રહ્યો છે તે છે જાતિવાદ–વર્ણવાદ. કે જે મહાન માનવી–કુટુંબની શાખાઓમાં ભેદભાવો અને સંઘર્ષો ઊભા કરી રહેલ છે. આનું પરિણામ અહંકાર, અવિશ્વાસ, અલગતાવાદ, ભેદભાવ અને કેટલીક વાર અન્યના સામુદાયિક દમનમાં આવે છે અને તેને લીધે, જે વડે દુનિયાના જુદા જુદા જનસમુદાયોમાંથી એક શાંતિપ્રિય કૌટુંબિક સંગઠ્ઠન નિર્માણ થાય છે તે પરસ્પર પ્રેમ અને ઉચિત સદ્‌ભાવનો નાશ થાય છે.

"વિશ્વબંધુત્વનો અવરોધ કરતા અનેક કરૂણ અંતરાયોમાંનો એક અંતરાય છે વર્ગભેદ કે જે આધુનિક સમાજમાં કડવાશનું ખરું મૂળ છે. આપણે તેની શું ઉપેક્ષા કરી શકીએ ખરા? સામાજિક જીવનમાં જેનું સવિશેષ મહત્ત્વ છે તે માનવી–સ્વાતંત્ર્ય અને મૈત્રીના માર્ગમાં અવરોધ કરતાં પારવિનાનાં અને ઉકેલવામાં અશકયસમા લાગતાં વિઘ્નોને – મુશ્કેલીઓને–આપણે સારી રીતે જાણીએ છીએ. પણ, આપણને લાગેવળગે છે ત્યાં સુધી, કોઈ પણ માનવી–સમાજના પાયાના સિદ્ધાંત તરીકે પડોશી પ્રત્યેના પ્રેમને આગળ ધરતાં–તે ઉપર ભાર મૂકતાં–આપણે કદિ પણ કંટાળીશું કે થાકીશું નહિ. આપણો તે પ્રયત્ન અવિરતપણે ચાલ્યા કરશે.

"લશ્કરી ખર્ચનો અમુક હિસ્સો–અને તે પણ ક્રમે ક્રમે વધતો જતો હિસ્સો – માનવજાતના કલ્યાણ પાછળ કેમ વપરાય અને તે પણ માત્ર લશ્કરી ખર્ચ સાથે સંબંધ ધરાવતા દેશોના લાભાર્થે નહિ, પણ જે દેશો વિકાસ પામી રહ્યા છે અને જે દેશોને જરૂર છે તેના લાભાર્થે કેમ વપરાવા લાગે તે બાબત આપણે જોવા વિચારવાની છે તેવો પ્રબંધ નિર્માણ કરવો એ આપણી ફરજ છે.

"ભૂખ અને યાતનાનું, વ્યાધિ અને અજ્ઞાનનું નિવારણ કેમ કરવું એ આજના સમયની સર્વથી મહત્ત્વની માંગ છે. આબાદી અને ભ્રાતૃભાવના આ યુગમાં આ અસંખ્ય ગરીબ અને દુ:ખી લોકો કે જેમને નક્કર અને સંગીન મદદ મળવી ઘટે છે તેમની માંગણીઓ વિષે આપણે આત્મીયભાવ દાખવ્યા વિના રહી શકતા નથી."

વિશ્વશાંતિ માટે લડત ચાલુ રાખવાનો આગ્રહ કરતાં તેમણે જણાવ્યું કે, "યુદ્ધને અટકાવવા માટે અને સંઘર્ષો ખાળવા માટે, આંતરરાષ્ટ્રીય કાનૂન અંગે જનતામાં વધારે ને વધારે સભાનતા કેળવવા માટે, વિશ્વશાંતિને નક્કર પાયા ઉપર સ્થાપિત કરવા માટે અને તે દ્વારા વિશ્વનું ક્રિયાશીલ સમધારણ નિર્માણ કરવા માટે ધીરજપૂર્વકની વાટાઘાટો ચલાવવી અને સમયસરના કોલકરારો કરવા એ અત્યંત જરૂરી છે. આ બાબત આપણે રખેને ભૂલીએ!"

નામદાર પોપનો આ સંદેશો આપણા સર્વની પ્રાર્થના અને ચિન્તાનો વિષય બનવો ઘટે છે.

**છિન્નભિન્ન થઈ રહેલી ભારતની ભૌગોલિક અને ભાવાત્મક એકતા**

આજે આખા દેશમાં અન્નસમસ્યા જે ભીષણ રૂપ ધારણ કરી રહી છે તે કોઈ પણ ભારતવાસીના દિલને બેચેન બનાવી મૂકે તેવી છે. આ અન્નસમસ્યા, અનાજ કઠોળની સાચી તંગીને લીધે પેદા થઈ હોય તો કદરતને તે માટે જવાબદાર ગણીને આપણે થોડુંક સમાધાન ચિન્તવીએ. પણ આખા દેશનો સમગ્રપણે વિચાર કરતાં આ વર્ષમાં પાક તો ઠગલાબંધ પેદા થયો છે અને એમ છતાં

જે અનાજ ખાવાને લોકો ટેવાયલા છે તેમાંથી કોઈ ઠેકાણે ઘઉં મળતા નથી તો કોઈ ઠેકાણે ચોખા મળતા નથી; કોઈ ઠેકાણે જુવાર મળતી નથી તો કોઈ ઠેકાણે બાજરી મળતી નથી. અને આમ જ્યાં ત્યાં એક યા અન્ય ખાદ્યપદાર્થની અછત ઊભી થઈ રહી છે અને તે તે ખાદ્યપદાર્થના ભાવ આસમાને ચડતા જાય છે અને સાધારણ માણસને જીવનવ્યવહાર ચલાવવો વધારે ને વધારે મુશ્કેલ બનતો જાય છે. વળી રોકડિયા પાક ઉપર આધાર રાખતા રાજ્યો માટે જીવનમરણની કટોકટી ઊભી થઈ રહી છે.

આના કારણરૂપે એમ જણાવવામાં આવે છે કે છતવાળા રાજ્યો છતનું બહુ ઓછું પ્રમાણ રજૂ કરે છે અને અછતવાળા રાજ્યો પોતાની અછતનું પ્રમાણ ખૂબ વધારીને આગળ ધરે છે અથવા તો છતવાળાં રાજ્યો મોકળા હાથે અછતવાળા રાજ્યોને મદદ કરવા તૈયાર નથી અને અનાજ અને ખાદ્યપદાર્થોની મુકત હેરફેર થંભી ગઈ છે અને વધેલા ભાવો વધ્યે જ જાય છે; નીચે તો ઉતરતા જ નથી. આજે છત છે, પણ આવતી કાલે અછત પેદા થશે એવી ભડકથી જે જથ્થો જેની પાસે છે તે જથ્થો છૂપાવવામાં આવે છે અને તેથી છત છાતીએથી છૂટતી નથી અને આમ જનતાની દુર્દશાનો આંક ઊંચે ચઢતો જાય છે.

આનો અર્થ એ થયો કે ભિન્નભિન્ન રાજ્યોના સૂત્રધારોનાં દિલમાં જ્યાં જેની પાસે જે ચીજવસ્તુની છત છે તે અંગે દુર્બુદ્ધિ પેદા થઈ છે અને દરેક રાજ્ય અને તેના સૂત્રધારો પોતાના રાજ્યનો જ સ્વાર્થ જોતા થયેલ છે અને સમગ્ર ભારતના દૃષ્ટિકોણથી આજે ભાગ્યે જ કોઈ જુએ છે, વિચારે છે અને ભારતની ભાવનાત્મક એકતા છિન્નભિન્ન થઈ રહી છે. આ આજની અપદશાનું – દુર્દશાનું – મૂળ છે. આનો શું ઉપાય કરવો તે કેન્દ્રસ્થ સૂત્રધારોની તેમ જ સમગ્ર દેશને કેન્દ્રમાં રાખીને વિચાર કરતા દેશહિતૈષીઓની ભારે ચિંતા અને વિમાસણનો સવાલ બન્યો છે.

આની સામે European Common Market - યુરોપની મઝિયારી બજાર–ના બંધનથી બંધાયેલા દેશો એકમેકને શી રીતે મદદરૂપ થઈ રહ્યા છે તેની જાણકારી સૌ કોઈ માટે ધડો લેવા લાયક છે. આ બાબતનો ખ્યાલ તા. ૨૨-૧૨–૬૪ના 'જય હિંદ'માં પ્રસિદ્ધ થયેલ શ્રી હસમુખ શાહનાં નીચે આપેલ લખાણથી આવશે.

"જેવી રીતે દિલ્હીમાં મુખ્ય પ્રધાનોની પરિષદ મળે છે તેવી જ રીતે યુરોપમાં પેરીસ, બ્રસેલ્સ કે બોન મુકામે મઝિયારી બજારના સભ્યદેશોની બેઠક મળે છે. આવી એક બેઠક ગયા અઠવાડિયે બ્રસેલ્સ ખાતે મળી હતી. આ બેઠકમાં સમગ્ર યુરોપ માટે આખા વરસ માટે સમાન અનાજનીતિ ઘડવામાં આવી હતી. જેમાં સમૃદ્ધિ અને આબાદીના શિખરે પહોંચેલા યુરોપ માટે સત્તાવન રૂપિયે એક ક્વિન્ટલ ઘઉં, ૫૦ રૂપિયે એક ક્વિન્ટલ જવ અને ૪૭ રૂપિયે એક ક્વિન્ટલ મકાઈનો ભાવ નક્કી કરવામાં આવ્યો હતો.

"મઝિયારી બજારના સભ્યદેશોને આખા વરસ પૂરતું આ નિર્ધારિત ભાવે અનાજ મળશે. આ અનાજ કરારમાં પશ્ચિમ જર્મનીને દર વરસે દસ કરોડ માર્કનું નુકસાન થશે, જે તે દેશના પ્રધાન મંડળને ચૂંટણી વખતે બહુ ખતરનાક સાબિત થશે. તે છતાં પશ્ચિમ જર્મનીના વડા પ્રધાન શ્રી એરહાર્ડે આ અનાજ કરારને આવકારતાં જણાવ્યું છે કે, "ચૂંટણી, રાજકારણ અને સત્તાની ખુરશીઓ યુરોપની પ્રજાના સમાન હિતમાં આડે ન આવવા જોઈએ. યુરોપના દૂરંદેશી લાંબા ગાળાના હિતની ઈમારતના પાયામાં મારું પ્રધાનમંડળ ધરબાતું હોય તો ભલે ધરબાય. પણ હવે અમારે ભૂતકાળની ભાગલાની ભૂતાવળ તથા સરહદની દિવાલો કાયમને માટે જમીનદોસ્ત કરવી છે."

"ભારતમાં ઉલ્ટી ગંગા છે. ચૂંટણી, રાજકારણ અને સત્તાની ખુરશીઓ પ્રત્યેક નાગરીકના જીવનવહેવારમાં નડી રહી છે. યુરોપના મઝિયારી બજારના છ સભ્યદેશો એક દૃષ્ટિએ સાર્વભૌમ છે, તે છતાં ભૌગોલિક અને ભાવાત્મક એકતાનું જ્વલંત ઉદાહરણ પૂરું પાડે છે, ત્યારે અહિં છપ્પરપગી ઝોનબંધીના હોબાળામાં ભારતની ભૌગોલિક અને ભાવાત્મક એકતાનું બલિદાન દેવાઈ રહ્યું છે. સ્વાધીનતાનું રક્ષાયણ પચાવવામાં અસમર્થ એવા ભારતના રાજ્યોના મુખ્ય પ્રધાનો જ્યારે દિલ્હીમાં એકઠા થાય ત્યારે પશ્ચિમ જર્મનીના વડા પ્રધાન શ્રી લુડવીગ એરહાર્ડના અનાજકરારને આવકારતા શબ્દોની તેમણે ગોખણપટ્ટી કરવી જોઈએ. ચર્ચા-વિચારણા વખતે યુરોપના મઝિયારા બજારોનું સ્ફૂર્તિદાયક ચિત્ર તેમણે નજર સમક્ષ રાખવું જોઈએ. સમૃદ્ધિના સાગરમાં તરતા યુરોપના નાગરિકને લગભગ બાર રૂપિયે વીસ કિલો ઘઉં મળે છે, ત્યારે અહીં ગુજરાત - મહારાષ્ટ્રની મોંઘવારી ગડદાપાટુ મારી પ્રજાને આશરે ત્રીસથી - પાંત્રીસ રૂપિયે વીસ કિલો ઘઉં પ્રાપ્ત થાય છે. ગુજરાત–મહારાષ્ટ્રના અબજો રૂપિયાના કરવેરા મારફત બંધો તથા નહેરોથી સમૃદ્ધ થયેલા એવા પંજાબના મુખ્ય પ્રધાન શ્રી રામકીશન, આંધ્રના શ્રી રેડ્ડી, મધ્ય પ્રદેશના શ્રી મિશ્રા તથા રાજસ્થાનના શ્રી સુખડિયા પશ્ચિમ જર્મનીના શ્રી લુડવીગ એરહાર્ડને પગલે ચાલે, યુરોપના સમાન હિત માટે પોતાનાં પ્રધાનમંડળને હોડમાં મૂકનાર શ્રી એરહોર્ડનું જીવનદર્શન વહેવારમાં ઉતારો.

**"જો મારામાં થોડી વધારે ધર્મશ્રદ્ધા હોત તો–":** એક અંગત વિશ્લેષણ.

માલેગાંવવાસી મારા મિત્ર શ્રી મોતીલાલ વીરચંદ શાહે પોતાના શુભેચ્છા સંદેશમાં મારા વિષે ઉપર જણાવેલી અપેક્ષા દર્શાવીને અથવા તો મારામાં રહેલી અમુક ત્રુટિ પ્રત્યે અંગુલિનિર્દેશ કરીને તેમના પત્રમાં મારા વિષે પોતાનો ઊંડો પ્રેમ અને સદ્‌ભાવ વ્યકત કર્યો છે (જે પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં પ્રગટ કરવામાં આવ્યો છે). આના ઉત્તરમાં મેં તેમને એ મતલબનું જણાવેલું કે જે પ્રકારની સાંપ્રદાયિક ધર્મશ્રદ્ધાની તેઓ મારામાં અપેક્ષા રાખે છે તેવી ધર્મ શ્રદ્ધાનો હું દાવો કરી શકું એમ નથી એ મારે જરૂર કબુલ કરવું જોઈએ. વળી જો અપેક્ષિત ધર્મશ્રધ્ધા મારામાં હોત તો હું આજે જે છું તે ન હોત. એમ છતાં એનો અર્થ એવો ન કરવો ઘટે કે જૈન ધર્મ માટે કે તેના પ્રરૂપક ભગવાન મહાવીર માટે મને ઓછો આદર છે. આમ બની જ ન શકે, કારણ કે, એ વડે તો મારૂં ઘડતર થયું છે. જો ભૌતિક મૂલ્યોથી વિશેષ એવા પારમાર્થિક મૂલ્યોનો સ્વીકાર અને તેને આચરણમાં ઉતારવાનો પ્રયત્ન હોય, જો શરીરથી ઈતર એવા ચૈતન્યના અસ્તિત્ત્વનો સ્વીકાર અને તદનુસાર જીવનનિષ્ઠા હોય–આને જો ધર્મશ્રદ્ધા કહેવાતી હોય તો આવી ધર્મશ્રદ્ધાનો હું ઉપાસક છું. વસ્તુતઃ દરેક માનવીને તેના જન્મ બાદ તેની આસપાસ ચોકકસ ધાર્મિક માન્યતાઓ અને વલણોનું કોકડું બંધાતું જાય છે અને તે કોકડામાં રહીને તે પોતાનો વિકાસ સાધે છે. આ કોકડાનું બંધન અમુક હદ સુધી તેના વિકાસને ખૂબ સહાયક અને પૂરક બને છે. પણ આખરે જો તેને મુકત એવો વૈચારિક વ્યોમવિહાર કરવો હોય તો આ કોકડામાંથી તેણે બહાર નીકળવું જ રહ્યું. મારી અભીપ્સા અને પ્રયત્ન કાંઈક આ પ્રકારનાં રહ્યાં છે.

હું તો કોણ માત્ર? પણ આજે દેશમાં એવી અનેક વ્યકિતઓ છે કે જેનામાં કહેવાતી સાંપ્રદાયિક ધર્મશ્રદ્ધાની ત્રુટિ દેખાય છે અને એમ છતાં તેમના જીવનમાં અદ્‌ભુત ઊર્ધ્વલક્ષી પ્રતિભા જોવામાં આવે છે. દા. ત. પંડિત જવાહરલાલ નહેરુ કે શ્રી જયપ્રકાશ નારાયણ. આવી વ્યકિતઓને સમજવામાં–તેમની જીવનવિભૂતિને યથાસ્વરૂપ ગ્રહણ કરવામાં–ઉપયોગી થાય એ હેતુથી, મારી જાતને અનુલક્ષીને કંઈક સંકોચ સાથે આટલો અંગત ઉલ્લેખ કર્યો છે.

**પરમાનંદ**

# શ્રી રતનબાઇ કેશવજી ખેતાણી રત્નચિંતામણિ સ્થા. જૈન ગર્લ્સ હાઇસ્કૂલ

# સ્વતંત્ર મકાન નિર્માણ યોજના

(શ્રી જૈન કેળવણી મંડળ મુંબઈનાં મંત્રીઓ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ તથા દુર્લભજી કેશવજી ખેતાણી તરફથી મંડળના શુભેચ્છકો અને સહાયકોને અનુલક્ષીને મોકલવામાં આવેલો પરિપત્ર અમારા સંપૂર્ણ અનુમોદન સાથે નીચે પ્રગટ કરવામાં આવે છે. –તંત્રી)

જૈન કેળવણી મંડળ-મુંબઈના આશ્રયે જે વિવિધ અને વિશાળ સંસ્થાઓ સમાજનાં બાળકો, કન્યાઓ અને યુવાનોને શિક્ષણ અને સંસ્કાર આપવાનું મહાભારત કાર્ય કરી રહેલ છે, તેમાં વિક્રમ સંવત ૧૯૦૪ ની સાલમાં સ્થાપવામાં આવેલી "શ્રીમતી રતનબાઈ કેશવજી ખેતાણી રત્નચિંતામણિ સ્થા. જૈન હાઈસ્કલ"નો પણ સમાવેશ થાય છે. આ શાળાનો ઉગમ વિશાળ વહેતી ગંગા કે સિન્ધુ નદીના મૂળ જેમ તદ્દન નાનો હતો, પરંતુ સમસ્ત સ્થાનકવાસી જૈન સમાજના અનન્ય સહકાર અને પ્રેમ દ્વારા આ સંસ્થા આટલી ઊંચી કક્ષાએ પહોંચી છે, અને તેને હજુ વધારે ઉંચ કક્ષાએ લઈ જવાની ભાવના છે. આ સંસ્થાની શ્રીમતી રતનબાઈ કેશવજી ખેતાણી રત્નચિંતામણિ સ્થા. જૈન હાઈસ્કૂલ, કેળેવાડી (ડૉ. ભાલેરાવ માર્ગ), ગિરગામ પર ચાલી રહી છે. શાળા સંપૂર્ણ માધ્યમિક શાળા તરીકે વિકાસ પામી પ્રતિદિન પ્રગતિ કરી રહી છે. માત્ર કન્યાઓ માટેની જ આ હાઈસ્કૂલ છે. આ શાળામાં જ્ઞાતિ તથા ધર્મના ભેદભાવ વિના સર્વ કોમની કન્યાઓને પ્રવેશ આપવામાં આવે છે. આજે આ શાળામાં માધ્યમિક ધોરણ ૫ થી ૧૧ (એસ. એસ. સી.) સુધીના ૧૬ વર્ગો ચાલે છે. કુલ સંખ્યા ૬૮૦ ની છે. શાળાના શિક્ષણમાં શિસ્ત સાથે સંયમ, કલા સાથે કાર્ય, મન અને તનની કેળવણી સાથોસાથ માનવજીવનને સ્પર્શતું નૈતિક શિક્ષણ પણ અપાય છે. ચિત્રકામ, સંગીત, હસ્તકૌશલ્ય વગેરેના શિક્ષણ માટે અદ્યતન વ્યવસ્થા છે. તેથી આ શાળા સમાજના મધ્યમ-વર્ગની કુટુંબની કન્યાઓ માટે આશીર્વાદ સમી રહી છે. આપણી આ લોકપ્રિય બની રહેલ શાળાને પોતાનું સ્વતંત્ર મકાન ન હોવાથી, તેનો અનેકવિધ વિકાસ રુંધાય રહે છે, તેથી સૌને લાગ્યું કે વધુ વિકાસ માટે શાળાનું સ્વતંત્ર મકાન હોવું જરૂરી છે.

કાર્યકર્તાઓની ઝંખના તો હતી જ, તેથી ખુલ્લો જમીનનો પ્લોટ મેળવવા ઘણું મંથન કર્યું, છતાં તેમાં તેઓ ફળીભૂત ન થયા. છેવટે કોટના વિદ્યાલયવાળા મકાન પર બે મજલા ચણાવી અને તેમાં શાળા માટે આધુનિક સગવડ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે અને તે માટે–શાળાના મકાનના આ બાંધકામ માટે–રૂપિયા પાંચ લાખનું ફંડ એકત્ર કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

## વિદ્યાર્થીઓ માટે હાઇસ્કૂલ

કાલબાદેવી, પ્રિન્સેસ સ્ટ્રીટ, ગિરગામ, પ્રાર્થના સમાજ, વિગેરે લત્તાના સમાજના મધ્યમવર્ગના છોકરાઓ માટેની હાઈસ્કૂલની પણ અનિવાર્ય અગત્યતા છે–આવશ્યકતા છે. આ વિભાગમાં છોકરાઓ માટે ગુજરાતી માધ્યમવાળી શાળાઓ માત્ર નહિવત્ છે, અને તદ્દન અપૂરતી છે, જેથી સગવડના અભાવે છોકરાઓને પ્રતિકૂળ લત્તાઓમાં દૂર જવું પડે છે. એટલે મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓને અનૂકૂળ આવે તે રીતે કેળેવાડીના ચાલુ મકાનમાં જ તેમના માટે હાઈસ્કૂલ, ઉપર જણાવેલ મકાન તૈયાર થાય તે બાદ, શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

## મકાનફંડ માટે યોજાયેલો સાંસ્કૃતિક કાર્યક્રમ

શાળાના મકાનફંડ માટે સંસ્થાની કાર્યવાહક સમિતિએ અને ઉત્સાહી કાર્યકરોએ મુંબઈ અને ઉપનગરના શ્રી સંઘોના સહકારથી તા. ૨૪-૧-૧૯૬૫ રવિવારે સવારે નવ કલાકે સન્મુખાનંદ હૉલ માટુંગામાં એક સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવાનું નક્કી કર્યું છે.

આ કાર્યક્રમની સાથોસાથ સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓનું સંક્ષિપ્ત રેખાંકન રજૂ કરતો એક દળદાર સ્મૃતિગ્રન્થ (સુવેનીર) પણ પ્રગટ કરવાનું વિચાર્યું છે.

અમો આપની પાસે 'ફૂલ નહિ તો ફૂલની પાંખડી" રૂપે આપનો નીચેની રીતે સહકાર માગીએ છીએ.

(૧) કાર્યક્રમની વધુમાં વધુ ટિકિટ ખરીદીને, તેમ જ બીજાને પણ વેચીને.

(૨) કાર્યક્રમના દિવસે પ્રગટ થનાર 'સુવેનીર'માં જાહેર ખબર આપીને, તેમ જ વધારે જાહેર ખબરો મેળવી આપીને.

(૩) આર્થિક સહાય કરીને.

ટિકિટ તથા જાહેર ખબરના ભાવ આ સાથે આપ્યા છે :

આશા છે કે આપ અમારા કાર્યક્રમમાં સહકાર આપી, અમે જે કાર્ય ઉપાડ્યું છે, એને સરળ બનાવશો.

## ટિકિટના દર

રૂા. ૨૫૦, રૂા. ૧૦૦, રૂા. ૫૦, રૂા. ૨૫.

## જાહેર ખબર

'સુવેનીર' પાનાની સાઈઝ ૧૦" × ૭½"

| | | |
|---|---|---|
| ટાઈટલ ચોથું પાનું (બેક કવર પેજ) | રૂા. | ૧૫૦૦ |
| ટાઈટલ બીજું અને ત્રીજું પાનું | રૂા. | ૧૦૦૦ |
| આખું પાનું | રૂા. | ૫૦૦ |
| અંડર્યું પાનું | રૂા. | ૨૫૦ |
| પા પાનું | રૂા. | ૧૫૦ |

વધુ માહિતી તેમ જ ટિકિટો નીચેના સ્થળેથી મળી શકશે.

**શ્રી જૈન કેળવણી મંડળ**, તાપીબાઈ ભવન, ૧૪ મર્ઝબાન રોડ, કોટ, મુંબઈ, ૧.

# સેવામૂર્તિ ભાનુબહેન પારેખ

ભાનુબહેન તથા કાકા (કાકા એટલે તેમના કાકા વેણીલાલ મગનલાલ પારેખ) બન્ને બાળકો મારા શેરડીપીઠના ડહેલેથી ઉપડેલી બાલમંદિરની ગાડીમાં રોજ દક્ષિણામૂર્તિ બાલમંદિરમાં આવે.

બાલમંદિર એટલે દ. મૂ. ભવન ગિજુભાઈ બાલમંદિર ૧૯૨૦–૨૧ની સાલમાં ઉઘડેલું અને હું તેમાં શરૂઆતથી જ એક કાર્યકર્તા તરીકે જોડાયેલી અને ભાનુબહેન વગેરેની બાળમંડળી પણ બાલમંદિરમાં પહેલ–વહેલી દાખલ થયેલી.

નાનાં ભાનુબહેન અને કાકા બન્ને આંગળી પકડીને તેના મકાનના ઓટલા ઉપર ઊભા હોય. 'ભાનુબહેન' એમ બૂમ પાડે કે ટપ કરતાંકને કાકાને પહેલા ગાડીમાં ચડાવે. કાકા શરીરે નાજુક અને નમણાં, ત્યારે ભાનુબહેન શરીરે ખખડધજ. ભાનુબહેન જગ્યા કરીને તેમને બેસાડે અને પોતે ઉભા રહે. હું કહું–"ભાનુબહેન, આવો, જગ્યા ન હોય તો મારા ખોળામાં બેસો." પણ ભાનુબહેન કાંઈ બોલે નહિ અને ઉભા જ રહે. ગાડીનો રોજનો આ કાર્યક્રમ.

બાલમંદિરમાં સંગીત ચાલે ત્યારે ભાનુબહેન સંગીતના ઓરડામાં ન બેસે, બહાર પગથીયે જ બેસે અને બહાર નીકળતા છોકરાંઓનું ધ્યાન રાખે. કોઈને એકી કરવા જવું હોય તો ભાનુબહેન લઈ જાય, કોઈની ચડ્ડીની નાડી બાંધી આપે, કોઈને છોડી આપે, કોઈને સાફ કરવાના હોય તો જમનાબહેન પાસે લઈ જઈને સાફ કરાવે.

ઓરડામાં કામ ચાલતું હોય ત્યારે ભાનુબહેન કોઈને પેન્સીલની

આણી કાઢી આપે, કોઈને રમવું હોય તો સાધન લાવી આપે, પાછા મૂકી આવે પણ ખરા.

નાસ્તા વખતે પણ બધાને નાસ્તો પીરસે અને નાસ્તો કરીને બધા બહાર જાય ત્યારે સૂપડા સાવરણી લઈને પડેલું બધું સાફ કરી નાખે.

આમ ભાનુબહેનનો કાર્યક્રમ ચાલે.

ગિજુભાઈની સાથે રહીને અમે અવલોકન કરીએ. ભાનુબહેન બધું કરે, પણ તેમને અક્ષર શિખવા કે ગણિત શીખવામાં બહુ રસ પડતો નહોતો.

ગિજુભાઈને હું પૂછું–'ગિજુભાઈ ભાનુબહેનને કશો રસ પડતો નથી.'

ગિજુભાઈ–'જુઓ તો ખરા, શું થાય છે? જે કરે છે તે ક્રિયાનું પણ ઓછું મહત્ત્વ નથી.'

આમને આમ ઘણા દિવસ ચાલ્યું. પછી અમે શોધી કાઢ્યું કે ભાનુબહેન બહુ ભણે તેવું લાગતું નથી, પણ તેનામાં સેવાભાવનાની ઊંચી વૃત્તિ છે. તે ખીલે તો સમાજને ઘણા જ ઉપયોગી થાય.

આમ બાલમંદિરમાં ભાનુબહેને ઘણી મૂંગી સેવા કરી અને એમની આ સેવાભાવનાને દરેક શિક્ષકે વેગ પણ આપ્યો.

આમ બાલમંદિરનો તેનો સમય પૂરો કરી ભાવનગરની બીજી શાળામાં તેઓ ભણ્યાં, પણ તે બહુ નહિ.

ઘણા વિશાળ ગર્ભશ્રીમંત કુટુંબની સુખસાહ્યબીમાં ઉછરેલાં હોવા છતાં શ્રમની કોઈ જાતની સુગ કોઈ દિવસ જોવા મળે નહિ.

એમણે આટલી ઉંમરમાં સંસારના સુખદુઃખના અનેક તડકા છાયા જોયા.

સંજોગોવશાત્ ભાવનગરને જ પોતાનું સેવાક્ષેત્ર બનાવી તેઓ સ્ત્રીપ્રવૃત્તિમાં ઉંડા ઊતર્યાં.. જેમ કે સોશ્યલ વેલફેર બોર્ડ, વિકાસગૃહ, શાળાંતના વર્ગો તેમ જ વૃદ્ધાશ્રમ મહિલા મંડળમાં આજે તેઓ અવિરત કામ કરી રહ્યાં છે, અને આજે મને પ્રતીતિ થઈ છે કે ચાલીસ પીસ્તાલીસ વર્ષે નાનપણમાં પડેલા બીજને જબરો વેગ મળ્યો છે. ભાનુબહેનનું કામ અનેક દિશામાં જોતી જાઉં છું તેમ મને આશ્ચર્ય અને આનંદ થાય છે.

નાનપણના આણઘડ જેવાં ભાનુબહેન પહેલી નજરે આપણને તેવા ને તેવા જ લાગે, પણ જેમ જેમ પરિચયમાં આવતા જઈએ તેમ કોઈને પણ લાગે કે તેઓ સાવ સામાન્યમાંથી અવિરત શ્રમને લીધે અસામાન્ય બની ગયાં છે, તેમણે ખૂબ વિકાસ સાધ્યો છે, કર્મ અને પ્રેમ તેના સ્વભાવમાં જ વણાઈ ગયા છે, અને એ બે સદ્-ગુણોને લીધે બીજી શક્તિઓનો પણ વિકાસ થયો છે.

આજે તેઓ કૉંગ્રેસવાદી બન્યા છે, રાજકારણમાં પડયા છે, છતાં તે રાજકારણી વર્ગમાંથી બહાર તરી આવે છે તે તેમની સચ્ચાઈ છે, હૈયાઉકલત છે. ભાનુબહેન આજે તો કોઈ પણ કામ કરવા શક્તિમાન થયા છે. તેની હિમતનો આદર કરીએ.

ભાનુબહેન હમણાં ગોહિલવાડ તાલુકા પંચાયતના ઉપ-પ્રમુખ થયા છે. પંચાયતના પ્રશ્નો-તેની આગવી રીતે ઉકેલે છે. નિરાશ અને હતાશ થયેલી બહેનોને તે દાખલારૂપ છે. તેમણે જીવનમાંથી હતાશાને ખંખેરી કાઢી છે અને દીનદુઃખી બહેનોને હાથ પકડી તેઓ ઉપર લાવે છે, પ્રોત્સાહન આપે છે. તેમનાં ઘરનાં બારણાં મુંઝાએલી બહેનો માટે ચોવીસે કલાક ઉઘાડા હોય છે.

ભાનુબહેનને આજે નથી જમવાનો ટાઈમ, નથી ઉંઘવાનો, નથી દેહની ટાપટીપ કે નથી કપડાંની. ચોવીસે કલાક તેઓ કાર્યરત હોય છે. આપણા સમાજમાં આવી બહેનો ભાગ્યે જ જોવા મળે છે. આપણે આશા રાખીએ કે ભાનુબહેન બીજી બહેનોને પણ તૈયાર કરે, જેથી તેમના કાર્યને અનેકગણો વેગ મળે અને સમાજને તેનો સતત લાભ મળતો રહે.

**નર્મદાબહેન રાવળ**

# હમદર્દીનો ધબકાર

સાંજનો સમય એટલે શહેરના રસ્તાઓ તો વાહનોથી ધમધમવાના જ. એવી સમયદોડમાં અમદાવાદ તો કેમ પાછું પડે? હું વીજળીઘર પાસેના બસસ્ટેન્ડ પરથી આ દોડતું જીવન જોઈ રહેલી. માત્ર દોડતું જ જીવન હોય તો વાંધો નહીં, પણ આ જીવન ક્યારેક અથડાતું, કૂટાતું ને કચડાતું પણ હોય છે. એવી એક અથડામણે એક ડોસીમાને પાડયાં.

નવાઈ તો લાગે, પણ એવા ભારે વાહનવ્યવહાર વચ્ચેથી એક આખલો જઈ રહેલો. અને બીજી બાજુ એક મજૂર વૃદ્ધા માથે ઘઉંની ગુણ લઈને રસ્તો ઓળંગી રહેલી. આખલાએ આટલા સબળ લોકોને ભૂલીને આ વૃદ્ધાને જ શીંગડાં માર્યાં. બિચારી એક પળમાં ભોંયે પટકાઈ પડી. બીજા અનેક લોકો જેમ હું પણ ત્યાં જઈ પહોંચી. વૃદ્ધાને હાથ આપીને બેઠી કરી. મોંમાંથી ને નાકમાંથી લોહી નીકળતું હતું તે લૂંછી આપીને જરા સ્વસ્થ કરી. બાજુની દુકાનમાંથી કોઈએ પાણી આપેલું તે એને પાયું. પછી એ થોડી હોશમાં આવી. પણ એનો ગભરાટ જતો નહોતો. મને પૂછે:

"મને શું થયું છે? મને કાંઈ સમજાતું નથી. મારા ...? ઘઉં સાથે એક બીલ ... બધું ક્યાં?"

અમે બધાએ એને ઘઉં ભેગા કરી આપ્યા. સારે નસીબે બીલ પણ મળ્યું. એમાં ભૂલાભાઈ કૉલોનીનું ઠેકાણું હતું, એ જગ્યાએ આ વૃદ્ધા ઘઉં આપવા જતી હતી.

ધીમે ધીમે એને પરિસ્થિતિ સમજાઈ. પણ શારીરિક ને માનસિક આઘાતથી હજી કળ વળતી નહોતી, એટલે એ ઘઉં કેમ પહોંચાડે તેની એને બહુ ચિન્તા હતી. એને દવાખાને પણ લઈ જવી પડે એમ હતું. મેં કહ્યું:

"ચાલો માજી, હું સાથે આવું છું."

ત્યાં એક રિક્ષાવાળો કહે, "મારી રિક્ષામાં બેસી જાવ હું પહોંચાડી દઈશ." પણ માજીને એકલાં મુકાય એમ નહોતું. હું ને માજી બેઉ ઘઉંની ગુણ લઈને રિક્ષામાં બેઠાં.

ઠીક ઠીક ફર્યા ત્યારે એ ઘઉંના માલિકનું ઘર મળ્યું. એમને ઘઉં આપતાં બધી વાત કરી ને માજીને મજૂરી આપવા કહ્યું. એ માલિકે પણ ભાવપૂર્વક મજૂરી ઉપરાંત થોડા વધુ પૈસા આપીને માજીને સ્વસ્થ થવા કહ્યું. થોડી દવા પણ આપી.

હવે શું કરવું? દવાખાને જવું કે માજીને ઘેર? લોહી નીકળતું બંધ થઈ ગયેલું, પણ ઘા સારવાર તો માંગતો હતો. પણ માજીની ઈચ્છા ઘેર જઈને ત્યાંથી એના ઘરના લોકો દવાખાને લઈ જાય એમ હતી.

રિક્ષાવાળાએ રિક્ષા ઉપાડી. એનું ઘર મારે માટે જમાલપુરમાં તદ્દન અજાણ્યે સ્થળે હતું. પાંચસાત જગ્યાએ પૂછતાં પૂછતાં અમે એને ઘેર પહોંચ્યાં. માજીનાં સગાવહાલાં તો ગભરાઈને અમને વીંટાઈ ગયાં. અમે એમને બધી વાત સમજાવી. એમણે માજીને દવાખાને લઈ જવાની તૈયારી કરી. પછી હું ઘેર જવા નીકળી, પણ રસ્તો મને જ ખબર નહોતો. મેં રિક્ષાવાળાને કહ્યું કે "લાલ દરવાજે જતી કોઈ પણ બસના સ્ટેન્ડ પાસે મને ઉતારો."

એણે રિક્ષા છેક લાલ દરવાજે પહોંચાડી. આ એક કલાકની દોડાદોડ બદલ મેં ઊતરતી વખતે પૈસા આપ્યા, પરંતુ ખૂબ આગ્રહ કરવા છતાં એણે એક પાઈ ન લીધી. એની પૈસા લેવાની 'ના' સાથે કોઈ સાહિત્યિક ભાષા નહોતી, પરંતુ એ ગરીબની આંખોમાં સમ-દુખિયા માટેની હમદર્દી હતી, જે હજી મારી આંખ સામેથી જતી નથી.

આ સત્ય પ્રસંગ આમ તો સામાન્ય છે. એમાં કોઈ મહાન ત્યાગ નથી. છતાં એમાં એ રિક્ષાવાળાના હૃદયનો જે ધબકાર સંભળાય છે તે કહે છે કે માનવતાનું કોડિયું હજી ઓલવાયું નથી.

'લોકવીણા'માંથી ઉધ્ધૃત

**ગીતા પરીખ**

# શાકાહાર: નિષ્પાપ જીવનની કસોટી

(થોડા સમય પહેલાં અંબાલામાં શાકાહાર-સંમેલન યોજવામાં આવ્યું હતું તે પ્રસંગ ઉપર કાકાસાહેબ કાલેલકરે એક સંદેશો મોકલ્યો હતો. આ સંદેશામાં શાકાહાર અથવા તો નિરામિષ-આહારના વિચાર સાથે સંબંધ ધરાવતા સર્વ મુદ્દાઓનું મિતભાષી નિરૂપણ હોઈને તે મૂળ હિંદીનો અનુવાદ નીચે આપવો ઉચિત ધાર્યો છે. તંત્રી)

અંબાલા શહેરમાં શાકાહાર-સંમેલન ભરાઈ રહ્યું છે એ બાબત પ્રસન્નતા પેદા કરે છે. જ્યાં અનાજની તંગી છે ત્યાં શાકાહારનો પ્રચાર કરવો એ સહેલું કામ નથી. આમ છતાં પણ શાકાહાર શુદ્ધ ધાર્મિક પ્રવૃત્તિ છે. તેમાં સ્થળ, કાળ, કે પરિસ્થિતિનું બંધન હોઈ ન શકે.

શાકાહાર-સંમેલનનો ઉદ્દેશ આખી દુનિયાના મનુષ્ય માત્રમાં ધર્મબુદ્ધિ, ન્યાયબુદ્ધિ, કરુણા તેમ જ જીવદયા જાગૃત કરવાનો છે. આમ હોવાથી આ શુભ કાર્યમાં પરમાત્માની કૃપા હોય જ છે. આપણે ભૂલવું ન જોઈએ કે દુનિયાના અધિકાંશ - કદાચ બધા જ લોકો-માંસાહારી છે. શુદ્ધ ધાર્મિક પ્રેરણાથી માંસાહારનો ત્યાગ કરવાવાળા આપણા લોકોની સંખ્યા દુનિયાના હિસાબમાં બહુ અલ્પ છે.

પણ સંખ્યા અલ્પ છે એ કારણે નિરાશ ન બનતાં અધિક શ્રદ્ધાપૂર્વક અને શુદ્ધ પદ્ધતિથી શાકાહારનો પ્રચાર કરવો જોઈએ. (ગાંધીજી નિરામિષ-આહારને શાકાહાર ન કહેતાં અન્નાહાર કહેતા હતા. કંદમૂલ-ફલ, પત્ર-પુષ્પ, ફલ-જલ, ધાન્ય તથા ગોરસ વગેરે દુગ્ધાહાર-આ સર્વ મળીને જે શુદ્ધાહાર બને છે તેને આપણે અન્નાહાર કહીએ. પશુ-પક્ષી, માછલી, કૃમિ-કીટ વગેરે સમસ્ત પ્રાણીઓનું માંસ વગેરેને આપણે અન્ન નહિ કહી શકીએ. જે ખાવાલાયક છે તે માટે 'અન્ન' શબ્દનો વ્યવહાર કરવામાં આવે છે.)

ધર્મપુરુષ કહે છે કે: પાપનો તિરસ્કાર કરો, બહિષ્કાર કરો! પણ પાપમાં ફસાયેલા લોકોનો તિરસ્કાર અથવા બહિષ્કાર કરવો તે ઉચિત નથી. પાપી લોકો સાથે અસહયોગ કરવો તે પણ દયાધર્મ સાથે, પ્રેમધર્મ સાથે, બંધબેસતું નથી.

ડૉકટર અથવા વૈદ્ય જો દર્દીઓનો તિરસ્કાર અથવા બહિષ્કાર કરે અથવા તેમની સાથે અસહકાર કરે તો સેવાધર્મનું પાલન શી રીતે થઈ શકે? જ્ઞાનીનો ધર્મ છે કે અજ્ઞાનીઓ વચ્ચે જઈને, ધૈર્યવડે તેમ જ ખૂબીપૂર્વક જ્ઞાનનો પ્રચાર કરે તથા અજ્ઞાનને હઠાવે.

અન્નાહારનો પ્રચાર કરવાનું કર્તવ્ય માત્ર જૈનોનું નથી. જૈન લોકો ઉત્સાહપૂર્વક આહારશુદ્ધિ તથા જીવદયાનો પ્રચાર કરી રહ્યા છે એ સંતોષની વાત છે, પણ આ પ્રચાર કેવળ જૈનો મારફત તથા કેવળ જૈનો વચ્ચે જ થવો ન જોઈએ.

અને આ પ્રચાર પણ ક્રમશ: થવો ઘટે છે. મેં જોયું છે કે જાપાનના કેટલાય લોકો પશુ-પક્ષીઓનું માંસ છોડવાને તૈયાર છે, પણ મત્સ્યાહાર છોડી શકતા નથી. યુરોપ-અમેરિકાના ગોરા લોકો પશુ-પક્ષીઓનું માંસ છોડવાને તૈયાર થાય તો પણ ઈંડાનો આહાર છોડવાને તૈયાર નથી; કારણ કે તેમાં તેમને કોઈ દોષ દેખાતો નથી.

અને તેમને આશ્ચર્ય થાય છે કે ભારતના સારામાં સારા શાકાહારી પણ દૂધ, દહીં, માખણ, ઘી વગેરે ગોરસ છોડવાને તૈયાર નથી, કારણ કે દૂધ વનસ્પતિ-આહાર નથી, પણ જાનવરોના માંસ, મજ્જા તથા લોહીનો નીચોડ છે. હવે તે લોકો આપણી દૃષ્ટિ સમજવા લાગ્યા છે અને તેનો સ્વીકાર પણ કરે છે. અને આપણે પણ સમજવા લાગ્યા છીએ કે જો કે દુગ્ધાહારમાં પ્રાણી-હિંસાનું પાપ નથી, એમ છતાં પણ, જે આહાર જાનવરના વાછડાંનો છે, તે લેવાનો અધિકાર આપણો હોઈ ન શકે.

આહારશુદ્ધિનો પ્રયત્ન આ પ્રમાણે ક્રમશ: થઈ શકવાનો છે એમ સમજીને સૌ કોઈ સાથે ધૈર્યપૂર્વક કામ લેવું ઘટે છે.

અને આ પ્રચારકાર્ય શુદ્ધ નીતિપૂર્વક અને સંગઠિતરૂપમાં કરવાનો દિવસ હવે આવ્યો છે. આ માટે કાયમી પ્રવૃત્તિ વ્યવસ્થિત આકારમાં ચલાવવા માટે સ્થાયી સંસ્થાની સ્થાપના કરવી જોઈશે. નિત્ય અધિકાધિક ચિંતન કરીને દિશા-દર્શન કરવા માટે એક સલાહકાર મંડળની પણ સ્થાપના કરવી જોઈશે.

અને આપણે જેટલો પ્રચાર કરીએ છીએ તેથી ત્રણગણું રચનાત્મક કાર્ય જ્યારે આપણે કરીશું ત્યારે આપણને સફળતા મળશે. સંશોધનનું કાર્ય તો અખંડ-સતત ચાલવું જ જોઈએ.

જો અંબાલામાં આવી કોઈ પ્રવૃત્તિને વેગ મળશે તો સંમેલન અવશ્ય સફળ થશે.

**કાકાસાહેબ કાલેલકર**

## અમે તો સંસારી—

(સોનેટ)

અમે તો સંસારી રસ-સરિતમાં મુગ્ધ સરતાં,
અનેરા આહ્લાદે પ્રણયભર હૈયે વિચરતાં;
કહો ઘેલાં તોયે અમ હૃદય મસ્તાન હસતાં
ભર્યા આ સંસારે નિતનવીન આસક્તિ ધરતાં.
પણે ઊંચે ચીંધે શિખર ગિરિના ઉર્ધ્વ ગગને
સુણાયે ત્યાંથી કો સુખની રટણા તીવ્ર અમને,
પરંતુ પાછું આ ગૃહતણું હૂંફાળું જગત તો
અહીં આકર્ષી લે-ક્ષણિક જ ભલે હો સુખ અહીં.
ગમે છે છોળોમાં તરબતર ભીંજાવું અહિંયા,
ગમે છે વેરાને જલવિહિન શોષાવું અહિંયા;
ગમે છે મીઠા કો હૃદયતણું સર્વસ્વ બનવું,
ગમે છે કો હૈયે વિલિન સહુ વ્યકિતત્વ કરવું.
અમે તો સંસારી રસ-સરિતમાં લુબ્ધ સરતાં,
ભલે ઊંચે પેલાં શિખર ગગને સાદ કરતાં!

**ગીતા પરીખ**

## આચાર્ય રજનીશજી: આધ્યાત્મિક શિબિર

(શ્રી જૈન મિત્રમંડળ, પૂનાના તંત્રી તરફથી નીચેનો પરિપત્ર પ્રસિદ્ધિ અર્થે મળેલ છે.)

જબલપુરના સુવિખ્યાત દાર્શનિક આચાર્ય રજનીશજીના વિચારોનો પ્રભાવ શ્રોતાઓના મન ઉપર અખંડિત પડી રહ્યો છે. મુંબઈ, પૂના, ઈન્દોર, જબલપુર, અહમદનગર વગેરે અનેક શહેરોમાં આચાર્યશ્રીનાં વ્યાખ્યાનો યોજવામાં આવે છે. તેમના દાર્શનિક વિચારો તેમ જ ધ્યાનયોગનો નજીકથી પ્રત્યક્ષ અનુભવ લેવા માટે નાની નાની શિબિરો પણ ગોઠવવામાં આવે છે. આવી એક શિબિર પૂનાના જૈન મિત્રમંડળ દ્વારા મહાબળેશ્વરમાં આગામી તા. ૧૩, ૧૪, ૧૫ એમ ત્રણ દિવસ માટે ગોઠવવાનું નક્કી કરવામાં આવ્યું છે. જેમની ઈચ્છા એ શિબિરનો લાભ લેવાની હોય તેમણે તે અંગેની વિગતો નીચેના ઠેકાણેથી મેળવી લેવી:

**શ્રી ફૂલચંદ સંઘવી,** ૧૧૦, શિવાજીનગર, પૂના ૫. ટે. નં. ૫૭૬૬૪.

**શ્રી નેમિચંદ પરમાર,** ૧૧૫૨, રવિવાર પેંઠ, પૂના. ૨. ટે. નં. ૨૪૦૪૮.

## વલસાડ પર્યટન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યો અને તેમના કુટુંબીજનો માટે ગોઠવવામાં આવેલ વલસાડ પર્યટન અંગે જણાવવાનું કે આ પર્યટનમાં જોડાનારા ભાઈ બહેનોને તા. ૨૨મી જાન્યુઆરી શુક્રવાર રાત્રીના ૧૧ વાગ્યે સેન્ટ્રલ સ્ટેશનેથી ઉપડતી વીરમગામ લોકલમાં વલસાડ લઈ જવામાં આવશે અને ત્યાંથી તા. ૨૩મી જાન્યુઆરી સાંજના ૫-૩૦ વાગ્યે ઉપડતી ટ્રેનમાં મુંબઈ પાછા લાવવામાં આવશે. તેમણે આ અંગે વ્યકિત દીઠ રૂ. ૧૫ અને ૧૨ વર્ષ નીચેનાં બાળકો માટે રૂ. ૧૦ આપવાના રહેશે. જે સભ્યો આ પર્યટનમાં જોડાવા ઈચ્છતા હોય તેમને સંઘના કાર્યાલયમાં પોતાનાં નામ સત્વર નોંધાવી જવા વિનંતિ છે. આ પર્યટન અંગે ૪૦ પ્રવાસીઓની મર્યાદા નક્કી કરવામાં આવી છે.

**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

# યંત્રવિજ્ઞાન અને યુદ્ધ

[ પ્રોફેસર મેક્સબોર્ન એક અગ્રગણ્ય પરમાણુવિજ્ઞાની છે. પરમાણુની રચના અંગે તેમનું સંશોધન જાણીતું છે. પ્રોફેસર મેક્સબોર્ન લોકભોગ્ય ભાષામાં વિજ્ઞાનના એક અચ્છા લેખક છે. તેમણે પોતાના પુત્રને પરમાણુવિજ્ઞાન સમજાવવા Restless Universe નામનું પુસ્તક લખ્યું છે, જેમાં વિષયનું નિરૂપણ એટલું સરળ છે કે, સૌ કોઈ સમજી શકે. તેમાં આપેલા ચિત્રોની ગોઠવણ એવી રીતે કરી છે કે પાનાં ફેરવો એટલે સિનેમાની માફક ચિત્રોની પરંપરા દેખાય.

બુલેટીન ઑફ ધી એટમિક સાયન્ટીસ્ટ્સના તાજેતરના અંકમાં આવેલો તેમનો આ લેખ "Technology and war" પરમાણુયુગની વિષમતાઓનો ખ્યાલ આપે છે. આ બુલેટીન દુનિયાના અગ્રગણ્ય વિજ્ઞાનીઓ ચલાવે છે અને તેમાં પરમાણુયુગમાં વિજ્ઞાનીઓની જવાબદારી, વિજ્ઞાન અને સમાજ એવા વિષયો પર નિષ્ણાતો લખે છે.]

ભૌતિક વિજ્ઞાનના સાહિત્યમાં 'આશા' શબ્દ ભાગ્યે જ જડે છે. ભૌતિક વિજ્ઞાનનો સંશોધનલેખ પ્રયોગના આયોજનથી યા અમુક ધારણા પર રચાયેલ ઉપસિદ્ધાંતથી શરૂ થાય છે. છતાં, વિજ્ઞાની તરીકે મારી લાંબી કારકિર્દીના અનુભવોને યાદ કરું છું તો એક અવિસ્મરણીય બાબત તરી આવે છે: સંશોધનના કાર્યમાં મેં જે પરિણામની અપેક્ષા રાખી હોય તેથી કાંઈક જુદું પરિણામ આવે ત્યારે નિરાશાનો અનુભવ થાય અને નિરાશા ત્યારે જ સંભવે જ્યારે કોઈ અમુક આશા રાખવામાં આવી હોય. વિજ્ઞાનને લગતો કોઈ પણ વિષય જીવનથી તદ્દન અલગ હોઈ શકતો નથી. અત્યન્ત અનાસક્ત વિજ્ઞાનશાસ્ત્રી આખરે માનવી તો છે જ. પોતાનું કાર્ય સાચી દિશામાં બરાબર ચાલી રહ્યું છે, પોતાની અન્તઃ પ્રેરણાઓ સાચી પુરવાર થાય છે, અને પોતાનું નામ પ્રસિદ્ધિમાં આવે છે એ જોવાનું એને ગમે છે. જ્ઞાનપ્રાપ્તિની ઉત્કંઠાની સાથોસાથ આવી આશા – અપેક્ષા એના કાર્યના હેતુરૂપ અસ્તિત્વમાં હોય જ છે.

છેલ્લા દશકામાં વસ્તુલક્ષી જ્ઞાન અને અમુક ધ્યેયપૂર્વકની જ્ઞાનોપાસના વચ્ચેનું સ્પષ્ટ ભિન્નીકરણ વિજ્ઞાને ભૂંસી નાખ્યું છે, નાશ કર્યું છે. વિજ્ઞાનના કાર્યમાં અને તેની નીતિમાં ફેરફાર થયો છે. મારા જમાનામાં માનવામાં આવતો જ્ઞાનને ખાતર જ્ઞાનનો જૂનો આદર્શ સાચવી રાખવો એ મુશ્કેલીભર્યું બન્યું છે. સત્યની શોધ એક આદરણીય ઈષ્ટ પ્રવૃત્તિ છે, એટલે કાંઇ પણ અનિષ્ટ એમાંથી પરિણમી ન જ શકે એવી વિજ્ઞાનીઓને ખાત્રી હતી. આ સુંદર સ્વપ્નમાંથી દુનિયાના બનાવોએ તેમને જાગૃત કર્યા છે. કુંભકર્ણ નિદ્રામાં પોઢેલા ઉંઘણસીઓ પણ ઝબકી ઉઠ્યા, જ્યારે ૧૯૪૫ના ઑગસ્ટમાં જાપાન પર પ્રથમ પરમાણુ બૉમ્બ ઝીંકવામાં આવ્યો. ત્યાર બાદ અમને સમજાયું કે અમારા સંશોધનનાં પરિણામો દ્વારા અમે માનવજીવન સાથે, તેના અર્થશાસ્ત્ર અને રાજકારણ સાથે, રાજ્યોમાં ચાલતી સત્તાની સામાજિક લડત સાથે સંકળાયેલા છીએ, એટલે અમારી જવાબદારી મોટી છે. મારા મત પ્રમાણે, પરમાણુ બૉમ્બ એ વિજ્ઞાન વિકાસનું છેલ્લું સીમાચિહ્ન છે કે જ્યાંથી હવે કદાચ અંતિમ, ભયંકર હોનારત તરફ જતી કટોકટી સમીપ આપણે ગતિ કરી રહ્યા છીએ. આ અટકાવવાની કોઈ પણ 'આશા' અત્યારની પરિસ્થિતિ સર્જનાર બનાવોની સાચી સમજણ પર અવલંબે છે.

તાત્ત્વિક દૃષ્ટિએ આ આશાના પ્રશ્નની ગહન ચર્ચાવિચારણા કરવી એ મારૂં કામ નથી. હું તો મારા પોતાના અનુભવો કહી શકું અને એ કઈ અપેક્ષાઓ તરફ આપણને દોરે છે એ જણાવી શકું. કેટલાક દૃષ્ટાંત આપીને હું એ બતાવવા માગું છું કે, યુદ્ધને યંત્રવિજ્ઞાન લાગુ પાડીને નૈતિક બંધનોનો કેવી રીતે ક્રમે ક્રમે નાશ કરવામાં આવ્યો અને આજની નિયંત્રણવિહીન - બંધનરહિત પરિસ્થિતિ કેવી રીતે ઊભી કરવામાં આવી. આમાંથી હવે એ જ દિશામાં આગળ વધવાપણું છે જ નહિ; માત્ર અટકવાનું છે અને પાછા ફરવાનું છે. આપણા માથા ઉપર ઝઝુમતી કટોકટીમાંથી બચવાની આપણે તો જ આશા રાખી શકીએ તેમ છે.

યુદ્ધમાં આધુનિક યંત્રવિજ્ઞાનનો હિસ્સો હું નિશાળમાં ઈતિહાસના પાઠોમાંથી શીખ્યો હતો. દાખલા તરીકે, ૧૮૬૬ માં પ્રશીયન લશ્કરને ઓસ્ટ્રિયા સામે જીત મેળવવામાં નીડલ ગને (needle gun) કેવી રીતે મદદ કરી. બીજી બાજુએ ઉત્તમ પ્રકારની ચાસેપોટ (chassepot) શસ્ત્રસામગ્રી હોવા છતાં ૧૮૭૦-૧૮૭૧ નું યુદ્ધ ફ્રાન્સે ગુમાવ્યું. આ દર્શાવે છે કે, એ વખતે યુદ્ધમાં યંત્રવિજ્ઞાનમાં ચડિયાતાપણું ખૂબ અગત્યનું ગણાતું, પણ નિર્ણયાત્મક નહોતું બનતું. તેમાં રહેલી નૈતિક આપત્તિનું જોખમ સ્વીકારવામાં આવતું અને યુદ્ધમાં માનવતાનો વિચાર રેડ ક્રોસ દ્વારા તેમજ અમુક પ્રકારના શસ્ત્રોનો નિષેધ, બીનલશ્કરી (સિવિલિયન) પ્રજાનું રક્ષણ વગેરે અંગે જીનિવા કેન્વેન્શન દ્વારા વ્યક્ત થયો હતો.

પ્રથમ યુદ્ધમાં પરિસ્થિતિએ જુદો વળાંક લીધો. લડાઈ જૂની રીતે એટલે કે લશ્કરી કૂચો, વ્યૂહરચના અને મોરચા પર ઝપાઝપીઓથી શરૂ થઈ. પણ તુરત એ પ્રકાર મૂળભૂત રીતે બદલાઈ ગયો. યુદ્ધ મોરચો સ્થાયી બન્યો. ખાઈઓનું યુદ્ધ વિકાસ પામ્યું. યાંત્રિક તોપમારા દ્વારા મોરચામાંથી નીકળી જવાના પ્રયત્નો વારંવાર થવા લાગ્યા. સૈનિકની બહાદુરી એક કોરે પડી રહી. સૈનિક તોપમારાનું નિશાન– તોપોનું ખાદ્ય–વધારે ને વધારે બનતો ગયો. તોપના યંત્રવિજ્ઞાને પૂરા પાડેલા અતિમાનુષ ( Superhuman ) બળો વડે સૈનિક વિનાશના નિશાનની ચીજવસ્તુ જેવો બની ગયો. ઉદ્યોગની ખીલવણી અને દેશની ટેક્નોલૉજીકલ શોધોની શક્તિ યુદ્ધનું નિર્ણયાત્મક અંગ બની બેઠું. બર્લિનની લશ્કરી સત્તાના એક સભ્ય તરીકે આ યંત્રવિકાસમાં મેં પણ થોડો ભાગ લીધો હતો. ક્હેવાતા ધ્વનિમાપન (Sound ranging) પર મેં અન્ય ભૌતિક વિજ્ઞાનીઓની સાથે કામ કર્યું હતું. જુદી જુદી અવલોકન–જગ્યાઓએથી તોપ ફૂટે–ફાયરીંગ થાય ત્યારે–અવાજ સાંભળવાની ક્ષણ માપીને દુશ્મનની તોપ ક્યાં છે તે શોધવાની આ રીત હતી. આ નાની બાબતને લગતું આયોજન પણ આખરે ઔદ્યોગિક પરિસ્થિતિ પર આધાર રાખતું હતું. આ રીતને બરાબર અસરકારક બનાવવા માટે ચોકકસ સમય માપવાના સાધનોની અમે સત્તાવાળાઓ પાસે માગણી કરી હતી. પણ તેની ના પાડવામાં આવી હતી. કારણ કે તત્કાલીન ઉદ્યોગ આ કામ માટે સમય અને સાધનો આપી શકે એમ ન હતો. ઈંગ્લાંડમાં આથી ઉલટું બન્યું. બ્રિટીશરોએ આ બાબતમાં કોઈ પણ બહાનું કાઢીને કરકસર કરી નહિ.

'દેશાભિમાન'ના પ્રચારથી જેના મનમાં મુંઝવણ પેદા ન થઈ હોય એવા તટસ્થ અવલોકનકારને આ યુદ્ધ અંગે જે દૃષ્ટિબિંદુ લાધ્યું તે આ હતું; દેશના ટેક્નોલૉજી અને કાચો માલ પુરો પાડવાની શક્તિ પર યુદ્ધનો નિર્ણય થાય છે અને તેમાં દેશના યુવાનો બકરાંની માફક–ઘેટાંની માફક–વધેરાય છે. આ મને અતિ અનીતિમય અને માનવતાવિહોણું લાગ્યું અને સમજાવા લાગ્યું કે, હવેથી યુદ્ધમાં શૌર્ય કે બહાદુરી નહીં, પણ તંત્રવિજ્ઞાન ટેક્નોલૉજી નિર્ણયાત્મક બને છે, અને માનવસમાજમાં ટેક્નોલૉજી ઉપર અને શારીરિક સામાર્થ્ય ઉપર નિર્ભર એવું યુદ્ધ–એ બે વચ્ચે હવે કોઇ મેળ રહ્યો નથી.

આ સમજાવવા ૧૯૧૪-૧૮ ના પ્રથમ યુદ્ધમાંથી બે અનુભવો ટાંકું બંને મહાન જર્મન રસાયણવિદ ફ્રિટ્ઝ હેબરના નામ સાથે

સંકળાયેલા છે. યુદ્ધ ફાટયું તે પહેલાં થોડા સમય અગાઉ હેબરે હવાનો નાઈટ્રોજન સ્થાયી કરવાની (Fixationની) રીત શોધી હતી. આ શોધ અતિ મહત્ત્વની હતી. આ રીતે પ્રથમ કૃત્રિમ ખાતર મેળવીને ખેતીને ખૂબ ફાયદો મળવાનો હતો. આ ખાતર એટલે સુરોખાર–સૉલ્ટપિટર. હવે એ જાણીતું છે કે, સૉલ્ટપિટર દારૂગોળાનો એક ભાગ છે. જર્મનીના લશ્કરી સત્તાધીશોએ યુદ્ધ-સંચાલન અંગે બધી તૈયારી કરી હતી, પણ સૉલ્ટપિટર ચીલીમાંથી આયાત થાય છે એ વિચાર્યું નહોતું. અને મિત્રરાજ્યોએ કરેલી નાકાબંધીને લીધે આ આયાત કપાઈ ગઈ હતી. હેબરે આ શોધ કરી ન હોત, તો દારૂગોળાની તંગીને લીધે જર્મનીએ છ મહિના-માં યુદ્ધ ગુમાવ્યું હોત. આમ તે સમયથી વૈજ્ઞાનિક વિચાર અને તેનો ઉપયોગ કરવાની યંત્રવિજ્ઞાનની શકિત દુનિયાના ઈતિહાસનાં નિર્ણયાત્મક તત્ત્વો બન્યાં છે.

ખાઈઓનું યુદ્ધ તોડવા અને મોરચો આગળ ચલાવવા હેબર બીજી વાર કામમાં આવ્યો હતો. તેણે રાસાયણિક યુદ્ધપદ્ધતિ (Chemical warfare) શોધી. દુશ્મનોને ખાઈઓમાંથી હાંકી કાઢવા ઝેરી વાયુઓ–ક્લૉરીન, પછી મસ્ટાર્ડ ગેસ જેવા પ્રબળ નુકસાન-કારક ઝેરી વાયુઓનો ઉપયોગ શોધ્યો. આ રીત શરૂઆતમાં ફત્તેહમંદ નીવડી: પણ પવનની દિશા, હવામાનની સ્થિતિ અને ગેસ માસ્કની શોધે તેની અસરકારકતા મર્યાદિત કરી દીધી, અને દુશ્મનો પણ એને વધારે સારી અસરકારક રીતે વાપરવાનું શીખી ગયા. અતિ ઉચ્ચ નીતિના આદર્શોવાળા મારા ઘણા સાથીઓએ પણ આ કામમાં ભાગ લીધો. હેબરની જેમ તેમને મન પણ દેશનો બચાવ સર્વોચ્ચ આદર્શ હતો. પણ હવે મને મારું અંત:કરણ ખૂબ જ ડંખવા લાગ્યું. મુદ્દો આ હતો: પ્રબળ વિસ્ફોટકો કરતાં ઝેરી વાયુના ટેટા વધારે અમાનુષી હતા એ પ્રશ્ન નહોતો, પણ યુદ્ધ–હથિયાર તરીકે ઝેરી વાયુનો ઉપયોગ પ્રાચીનકાળથી હીચકારા ખૂનના સાધન તરીકે ગણાતો હતો. તે ઝેરી વાયુના ઉપયોગને યુદ્ધના શસ્ત્ર તરીકે વાપરવા દેવો યોગ્ય છે કે નહિ એ પ્રશ્ન હતો; કારણ કે, આવી કોઈ મર્યાદા સ્વીકારવામાં ન આવે તો પછી કોઈ મર્યાદાને સ્થાન જ નહિ રહે. ઘણાં વર્ષો બાદ–ખરે-ખર હિરોશિમા પછી–આ બાબતમાં મારા વિચારો ખરેખર સ્પષ્ટ થવા લાગ્યા. નહીંતર, વિજ્ઞાનીની સામાજિક જવાબદારીનું ભાન મારા અંગાઉના શૈક્ષણિક કાર્યમાં અભિવ્યકત થયું હોત અને મારા વિદ્યાર્થી-ઓમાંનાં ઘણાં પરમાણુબોમ્બના કાર્યમાં મારી સાથે જોડાવા તત્પર ન થયા હોત.

પ્રથમ યુદ્ધ વખતે આ બાબતમાં આવા વિચારો ધરાવનાર હું એકલો જ નહોતો, એ ૧૯૩૩માં જ્યારે હું નિર્વાસિત તરીકે ઈંગ્લાંડમાં કેમ્બ્રીજ આવ્યો ત્યારે મને સ્પષ્ટ થયું. ત્યાં મારું ખૂબ પ્રેમપૂર્વક સ્વાગત થયું. યુદ્ધમાં જર્મનીને ખૂબ સેવા આપી હતી, છતાં જેને જર્મની છોડવું પડયું એ હેબર આવકાર ન પામ્યો. ન્યુકલીઅર ભૌતિક વિજ્ઞાનના સ્થાપક અને અમારા જમાનાના મહાન ભૌતિક વિજ્ઞાનીઓમાંના એક લૉર્ડ રૂથરફોર્ડ, જો હેબરને પાર્ટીમાં નિમંત્રણ આપવામાં આવે તો, મારા ઘેર આમંત્રણ સ્વીકારવાની ના પાડી, કારણ કે તેઓ રાસાયણિક યુદ્ધના પ્રણેતા સાથે હસ્ત-ધૂનન કરવા માગતા ન હતા.

લૉર્ડ રૂથરફોર્ડ કોઈ રીતે શાંતિવાદી નહોતા. પોતાના દેશના સંરક્ષણમાં તેમણે મોટો ફાળો આપ્યો હતો. પણ સંહારના સાધન તરીકે અમુક મર્યાદા બહારનાં શસ્ત્ર વાપરવા સામે તેમનો સખ્ત વિરોધ હતો. શસ્ત્રોના ઉપયોગ માટે નૈતિક મર્યાદાની હદ બાંધ્યા વિના અમર્યા-દિત વિનાશ સંભવે અને તેથી સંસ્કૃતિનો અંત આવે એવો ખૂલાસો તેમણે આપ્યો હોત એમ હું માનું છું.

આ મારી માન્યતા સાચી પુરવાર થઈ છે. રાસાયણિક યુદ્ધ માનવ-જાતની નિર્ણયાત્મક નૈતિક હાર છે. ગયા યુદ્ધમાં ઝેરી વાયુ વાપરવામાં આવ્યા ન હતા–જીનિવા કન્વેન્શને તેના પર પ્રતિબંધ મૂકયા હતા-છતાં, બધી લશ્કરી સત્તાઓએ રાસાયણિક યુદ્ધનું સંચાલન કરવાની તૈયારીઓ રાખી હતી અને તેના વિકાસ અર્થે સંશોધનની સંસ્થા-ઓ ઊભી કરી હતી. લશ્કરી ફાયદો થતો હોય તો એનો ઉપયોગ કરવાની તક કોઈ દેશ ચૂકત નહીં. એક વાર રાસાયણિક યુદ્ધને લગતાં અંકુશો ફગાવી દેવાય એટલે ઓગણીસમી સદીમાં સ્વીકા-રાયેલો સિદ્ધાંત–દેશના દુશ્મનોના લશ્કરી બળો સામે લડત થાય, પણ તેની બીનલશ્કરી (સિવિલિયન) પ્રજા સામે નહીં–તૂટી પડે.

આંતરરાષ્ટ્રીય કાયદાનો હું નિષ્ણાત નથી અને એ અંગે ગ્રોશિયસ અને તેના ઉત્તરાધિકારીઓનું સાહિત્ય મેં કાંઈ વાંચ્યું નથી. એટલે આ સિદ્ધાંતનો ઈતિહાસ રજુ ન કરી શકું, પણ જે બનાવો મેં જોયા છે તેની અસર રજુ કરી શકું. એ સ્પષ્ટ છે કે, બીનલશ્કરી પ્રજાને યુદ્ધને લીધે હંમેશાં ખૂબ સહન કરવું પડયું છે–જો એ યુદ્ધવિસ્તાર નજીક હોય તો ખાસ કરીને. ઘેરો ઘાલેલા શહેરો અને સમગ્ર પ્રદેશોની પ્રજામાં ભૂખમરો (યુદ્ધવિરામ થયા બાદ પણ) "ચાલવા દેવાય" એવું સ્વીકારવામાં આવે છે.

હવાઈદળની ખિલવણીને પરિણામે બીજા યુદ્ધ દરમિયાન આ ભેદદિવાલ પણ તૂટી ગઈ. ખુલ્લાં શહેરો પર હવાઈમારો કરવામાં જર્મની અગ્રેસર હતું: વૉરસો અને પોલાન્ડના અન્ય શહેરો; પછી રોટરડામ ઓસ્લો, કોવેન્ટ્રી, અને ડંકર્ક; પછી લંડન પર ભીષણ બ્લીટ્ઝ. આ વખતે હું એડીનબરોમાં હતો અને મિત્રો અને સાથીઓની તિરસ્કાર-પૂર્ણ ટીકાઓ આ નીતિવિહોણા યુદ્ધ માટે સાંભળતો. અને સાથે સાથે બોલાતું કે, ઈંગ્લાંડ આ અનૈતિક યુદ્ધનું અનુકરણ કદી નહીં કરે. પણ આ અપેક્ષા ખોટી પડી. (અપૂર્ણ)

અનુવાદક: ડૉ. નૃસિંહ મુળજી શાહ મૂળ અંગ્રેજી: શ્રી મેક્ષ બોર્ન

# સંઘ સમાચાર

## શ્રી વિમલાબહેન ઠકારનો વાર્તાલાપ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રય નીચે જાન્યુઆરી ૪, સોમવાર (ગયા અંકમાં ભૂલથી મંગળવાર છપાયું છે તે મંગળવાર નહિ પણ સોમવાર) સાંજના ૬ વાગ્યે યુરોપથી તાજેતરમાં પાછાં ફરેલાં શ્રી વિમલાબહેન ઠકારનો વાર્તાલાપ ગોઠવવામાં આવ્યો છે. સ્થળ: શ્રી લીલાવતીબહેન દેવીદાસનું નિવાસસ્થાન 'શકિત વિલા', મણિભુવનની સામે, લેબર્નમ રોડ, ગામદેવી. આ વાર્તાલાપમાં ભાગ લેવા સંઘના સભ્યોને તેમ જ જિજ્ઞાસુ ભાઈ - બહેનોને નિમંત્રણ છે.

## નેફાના અનુભવો અને અહિંસક સંરક્ષણ વિચાર

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રય નીચે સંઘના કાર્યાલય (૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ), માં જાન્યુઆરી ૨૧, ગુરુવાર સાંજના છ વાગ્યે, ભારત ઉપર ચીની આક્રમણ થયું એ આસપાસમાં નેફા વિસ્તારમાં જેમણે પ્રવાસ કર્યો હતો એવાં અને વર્ષોથી દહેણુ બાજુ આદિવાસી વિભાગમાં સેવાકાર્ય કરી રહેલાં પતિ - પત્ની, શ્રી વસન્ત નારગોળકર અને શ્રીમતી કુસુમ તાઈનો નેફા વિસ્તારના અનુભવો તેમજ– 'nonviolent defence'–અહિંસક સંરક્ષણ વિચાર - ઉપર વાર્તાલાપ ગોઠવવામાં આવ્યો છે. આ રસપ્રદ તેમ જ સાહસસભર વાર્તાલાપમાં ભાગ લેવા સંઘના સભ્યોને તેમ જ જિજ્ઞાસુ ભાઈ - બહેનોને નિમંત્રણ છે.

## સંઘના સભ્યો માટે કચ્છના પ્રવાસની યોજના

સંઘના સભ્યો તથા તેમનાં કુટુંબીજનો માટે તા. ૬ઠ્ઠી ફેબ્રુ-આરી શનિવારથી તા. ૧૭મી ફેબ્રુઆરી બુધવાર સુધી મુંબઈથી કરાંચી જતી આવતી સ્ટીમરમાં કચ્છનો પ્રવાસ યોજવાનું વિચારાઈ રહ્યું છે. બે દિવસ સ્ટીમરમાં અને બાકીના દિવસો દરમિયાન કચ્છનાં જોવાલાયક સ્થળો અને શહેરોમાં આ માટે રોકવામાં આવનાર બસમાં પ્રવાસીઓને ફેરવવામાં આવશે. આ અંગે પ્રવાસી દીઠ રૂ. ૧૨૫થી ૧૫૦નો ખર્ચ આવશે એવો અંદાજ છે. આ પ્રવાસની વિગતો નકકી કરવા માટે પત્રવ્યવહાર ચાલી રહ્યો છે, તો જાન્યુઆરીની ૧૫ મી તારીખ પહેલાં આ પ્રવાસમાં જોડાવા ઈચ્છતા ભાઈબહેનોએ સંઘના કાર્યાલયમાં વ્યકિત દીઠ રૂા. ૧૨૫ અને ૧૨ વર્ષની નીચેની ઉમ્મરના માટે રૂા.૭૫ ભરી જવાના રહેશે. આ માટે જાન્યુઆરીની ૧૫મી પહેલાં પૂરાં ૪૦ નામ નોંધાયા હશે તેમ જ બધી જરૂરી ગોઠવણો નકકી થઈ શકી હશે તો ઉપર જણાવેલ પ્રવાસ નકકી કરવામાં આવશે. તો જે સભ્યો આ પ્રવાસમાં જોડાવાને ઉત્સુક હોય તેમણે સત્વર પોતાના નામ સંઘના કાર્યાલયમાં નોંધાવી જવા વિનંતિ છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

# ✻ સ્મૃતિશેષ દિલીપભાઈ ✻

(સર્વ સેવાસંઘના એક કાર્યકર શ્રી દીલીપસિંહજી સિંધી જૈનનું કાશી ખાતે ગત નવેમ્બર માસની ૧૬મી તારીખે હૃદય-રોગના એકાએક હુમલાના પરિણામે ૫૩ વર્ષની ઉંમરે અકાળ અવસાન થયું હતું. તેમનો પરિચય તેમના મિત્ર પંડિત મહેન્દ્રકુમાર શાસ્ત્રીએ હિંદીમાં લખી મોકલેલો અને બહેન શારદાબહેન ગોરડિયાએ તેનો અનુવાદ કરી આપ્યો છે, જે નીચે પ્રગટ કરવામાં આવે છે.

આ પરિચયલેખ વાંચતાં માલુમ પડશે કે શ્રી દિલીપભાઈ વિશાળ જનતાને અજાણ એવી એક સામાન્ય વ્યકિત હતા અને એમ છતાં એમના વ્યકિતત્વમાં અસામાન્ય સત્ત્વ નિહિત હતું. વળી શ્રી દિલીપભાઈ જન્મે જૈન હતા અને તેમના જીવનઘડતરમાં જૈન ધર્મનો અથવા તો જૈન વિચારસરણીનો અચૂક ફાળો હતો, એમ છતાં પણ, તેમના વ્યકિતત્વના જુદા જુદા પાસાઓનો વિચાર કરતાં માલુમ પડે છે કે તેમને ઘડવામાં જૈન વિચારસરણી ઉપરાંત બીજાં અનેક ધાર્મિક તત્ત્વોએ તેમ જ વિશિષ્ટ કોટિની વ્યકિતઓએ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. અને તેથી આવી વ્યકિતઓને કેવળ જૈન, વૈષ્ણવ કે બ્રાહ્મણ અથવા તો હિંદુ, મુસલમાન કે ખ્રિસ્તી એવા સાંપ્રદાયિક વિશેષણથી ઓળખાવવાનું હવે શકય રહ્યું નથી. અર્વાચીન કાળમાં મહર્ષિ રામકૃષ્ણ પરમહંસે અને મહાત્મા ગાંધીએ જે સર્વધર્મસમન્વયની ભાવના આપણી સમક્ષ ઉપદેશ તેમ જ આચાર દ્વારા રજૂ કરી છે તે જ ભાવના આવી વ્યકિતઓના વ્યકિત-ત્વમાં પ્રતિબિંબિત થતી આપણને નજરે પડે છે. આ ભાવને લક્ષમાં રાખીને શ્રી ઉમાશંકર જોશી 'ધર્મોનું અધ્યાત્મગોત્ર' એ મથાળાના પોતાના એક લેખમાં યથોચિત જણાવે છે કે, "સર્વધર્મસમભાવ એ આજના અને હવે પછીના ધર્મજીવનની આવશ્યક જરૂરિયાત બની રહેશે, બલ્કે સર્વધર્મસમભાવ કેળવનારી વ્યકિતઓ દિવસે દિવસે વધતી જશે. એવી વ્યકિતઓમાં આજના (અને ગઈ કાલના નાબૂદ થયા લેખાતા પણ) સૌ ધર્મોનાં જીવનભૂત તત્ત્વોના જગતને દર્શન થશે. " શ્રી દિલીપભાઈના ચરિત્રમાં કવિની આ આર્ષવાણી મૂર્તિમંત થઈ રહેલી હોઈને તે ચરિત્ર સવિશેષ રોચક તેમ જ પ્રેરક બને છે. પરમાનંદ)

૧૬મી નવેમ્બર '૬૪ની વહેલી સવારે ૪॥ વાગ્યે મારા રોજના નિત્ય ક્રમાનુસાર પ્રભુસ્મરણ કર્યા વગર જ મને મારા ખાસ મિત્ર દિલીપભાઈના સંબંધમાં વિચાર આવવા લાગ્યા. એમને કેટલાક વખતથી રાત્રે નિદ્રા નહોતી આવતી. જ્યાં સુધી તેઓ ઓફિસમાં નહોતા આવતા ત્યાં સુધી હું દરરોજ એમને જોવા જતો હતો. કાર્યાલયે આવતા ત્યારે પણ અઠવાડિયામાં એક-વાર તો એમને જોવા જતો જ હતો. કાલે એમને ત્યાં ન ગયો એ સારું ન કર્યું વગેરે કંઈ કંઈ વિચારો એમના વિષે આવતા રહ્યા. ઉઠયા પછી લગભગ સવા કલાક પછી નીચેથી ઉત્તરાબહેને* બૂમ મારીને કહ્યું, "શાસ્ત્રીજી, તમને ખબર છે કે નહિ? દિલીપ-ચંદજી સિંધી ચાલ્યા ગયા!" સાંભળતાં જ હું સ્તબ્ધ થઈ ગયો. મારે માટે આ વાત અકલ્પનીય હતી.

મારો અને શ્રી દિલીપભાઈનો સંબંધ કાંઈ બહુ જૂનો નહોતો પરંતુ સર્વ સેવાસંઘ-પ્રકાશનમાં તેઓ આવ્યા પછીનો મારો એમની સાથેનો અઢી વર્ષનો એ સંબંધ ઉત્તમ કોટિનો સંબંધ હતો. મારો સ્વભાવ ઓછાબોલો હતો છતાં હું એમની સાથે મુકત મને વાત-ચીત કરતો હતો. ટૂંકમાં, એમનામાં મેં એક સંસ્કારી, ગુણગ્રાહી, વિનોદી, અધ્યાત્મપરાયણ અને સત્યપરામર્શદાતાના રૂપમાં એક સત્પુ-રુષ મેળવ્યો હતો.

### અનાસકત વૃત્તિ

શ્રી દિલીપભાઈ જૈનધર્માવલંબી હતા. એથી જૈન ધર્મોના મુખ્ય તત્ત્વ અને એના દેવ, ગુરુ વગેરે પર એમની શ્રદ્ધા હોય એ સ્વાભાવિક જ છે. એ પછી બીજે નંબરે તેઓ પોંદીચરી આશ્રમના શ્રી અરવિંદ અને માતાજીને એટલું જ મહત્ત્વ આપતા હતા. માતાજી પર તો એમને અચળ શ્રદ્ધા હતી. એકવાર એમણે મને કહ્યું, "શાસ્ત્રીજી, આપ બીજી જગ્યાએ તો કંઈ કંઈ મદદ આપો જ છો, તો મારા કહેવાથી આપ પોંદીચરી આશ્રમમાં શ્રી માતાજીના નામ પર દર વર્ષે કંઈક મોકલતા રહો. એથી એમના હસ્તાક્ષરના રૂપમાં એમના આશીર્વાદ પણ આપને મળતા રહેશે." એમના કહેવાથી ગયા બે વર્ષથી હું કેટલાક રૂપિયા મનીઓર્ડરથી પોંદીચરી આશ્રમે મોકલાવું છું અને માતાજીના હસ્તાક્ષરના રૂપમાં એમના આશીર્વાદ પણ મને પ્રાપ્ત થાય છે. શ્રી દિલીપભાઈના ઓરડામાં ખૂબ આકર્ષક રૂપમાં શ્રી અરવિંદ અને શ્રી માતાજીના ફોટા પ્રતિમા રૂપે વેદિકા ઉપર રાખેલા હતા. સવાર–સાંજ એની પાસે અગરબત્તી તથા ઘીનો દીવો સળગાવવામાં આવતો અને તેઓ સ્થિર ચિત્તથી ઊભા રહીને એમની સામે ધ્યાન ધરતા હતા.

મારે એમની સાથે અવારનવાર યોગદર્શન પર ચર્ચા થતી. પરંતુ યોગના અષ્ટાંગોમાંથી ધ્યાન પર જ એમનું લક્ષ વિશેષ કેન્દ્રિત હતું. તેઓ અનેકવાર મને એવું પણ પૂછતા કે "શાસ્ત્રીજી, આપ ધ્યાન માટે કયા સમયને અનુકૂળ માનો છો?" હું સહજભાવે જે કંઈ યાદ આવતું તે કહી દેતો. એ જ સંદર્ભમાં એમણે એવું કહેલું કે "આપ કહો છો કે આ દેહમાં અષ્ટકમલ છે. આથી આપણું ધ્યાન પણ એવું હોવું જોઈએ કે તે આ અષ્ટકમલોને કેન્દ્રિત કરી સીધું મોક્ષ તરફ ચાલી જાય." આ જ દૃષ્ટિથી તેઓ ધ્યાન વખતે પોતાના ઈષ્ટદેવતાના સ્મરણની સાથે 'ॐ नमः अर्हं: सिद्धेभ्यः हां हीं स्वाहाः'નું ઉચ્ચારણ કરતા. એમાં એમનું ધારવું એવું હતું કે 'સ્વાહા'નું ઉચ્ચારણ કરતી વખતે આપણું ધ્યાન મસ્તિ-ષ્કવર્તી સહસ્રાધાર ચક્રથી એકદમ મોક્ષ તરફ ચાલી જાય છે.

એમની રોજની આ ધ્યાનપરાયણવૃત્તિથી આપણને ખબર પડે છે કે તેઓ આ દુનિયામાં રહેવા છતાં પણ કેટલા અનાસકત હતા. આ વૃત્તિને પરિણામે તેઓ અંતરથી પ્રસન્ન રહીને બધાને પ્રફુલ્લિત કરતા હતા. ઉદાસિનતા તો એમની સામે ટકી શકતી જ નહોતી.

### આદર્શ ગૃહસ્થ

એમનું ગૃહસ્થ જીવન પણ ખૂબ જ નાની વયમાં શરૂ થઈ ગયું હતું. એમની પાસેથી જાણવા મળેલું કે જ્યારે તેઓ ૧૩-૧૪ વર્ષના હતા ત્યારે એમના પિતાજીએ કહ્યું કે "હવે હું તારો વિવાહ કરવા માંગું છું " એ વખતે એમણે ના પાડવાથી એમના પિતા-જીની આંખોમાં ઝળઝળિયાં આવી ગયા. પોતાના પિતાના આંસુ દિલીપભાઈ જોઈ ન શકયા અને એમણે વિવાહ માટે પોતાની સંમતિ આપી. આ લગ્ન માટે તેમને હંમેશ સંતોષ અને સમાધાન હતા.

એમના કાશીનિવાસ દરમિયાન જે કોઈએ શ્રી શકુન્તલા-બહેન (શકુન બહેન) અને દિલીપભાઈને જોયા છે, એમના મન પર એવી છાપ પડયા વિના ન રહી કે બંને ઉચ્ચ સંસ્કારી સદ્-ગૃહસ્થ હતાં. ગ્રાહસ્થ્યજીવનને અનુરૂપ બંને શારીરિક સંબં-ધથી ઉપર ચઢીને એક-બીજાના વિકાસનું ધ્યાન રાખતા. બન્ને વાનપ્રસ્થવૃત્તિથી પોતાનું જીવન ગાળી રહ્યા હતા. શ્રી શકુન્તલા બહેનને જે ઉપાસના-પદ્ધતિમાં શ્રદ્ધા હતી તેમાં પણ દિલીપ-ભાઈ ભાગ લેતા હતા. અન્તિમ સમયમાં એમણે પ્રેમમૂર્તિ ઈશુના જીવનનું અંગ્રેજીમાં જે ભાષાંતર કર્યું, તેને માટે પણ એમનો એ જ દાવો હતો કે આજકાલ હું અનિદ્રાના રોગથી પીડાયેલો છું, પરંતુ આ દેવીની સેવાને કારણે આ હાલતમાં પણ હું આ કામ કરી શકયો છું. આમ દિલીપભાઈ પણ પોતાની ધર્મપત્નીની ધાર્મિક ભાવનાનો ખ્યાલ રાખતા ને એમની તન્દુરસ્તીનું બરાબર ધ્યા ન

* સ્વ. મહાદેવ દેસાઇના પુત્ર નારાયણ દેસાઇનાં ધર્મપત્ની.

રાખતા હતા. શારીરિક જીવન પરથી ઊંચે ચઢીને પરસ્પર ઉપયોગી બનવાની આ વૃત્તિ ગૃહસ્થજીવન માટે અનુકરણીય છે.

શ્રી દિલીપભાઈના ધર્મપત્ની શકુન્તલાબહેન તો એક સેવા-પરાયણ મહિલા છે. કોઈના પણ ઘરમાં કંઈ પણ સંકટ આવે કે તુરત તેઓ ત્યાં પહોંચી જાય, રસોઈ કરે અને જો મહિલા હોય તો એને પોતાને હાથે જમાડીને આશ્વાસન આપે. મન્દિર વગેરે ધર્મસ્થાનમાં જતી વખતે બાળકોને પણ પોતાની સાથે લઈ જતા અને ઘરમાં આવનાર દરેક વ્યકિતનો આતિથ્ય-સત્કાર કરતા. એમના પડોશીઓ બહાર જતી વખતે પોતાના બાળકોને એમની સંભાળ નીચે રાખી નિશ્ચિત બનતા હતા. બંનેના આ સંસ્કારી વાતાવરણનું આકર્ષણ એટલું બધું હતું કે કોઈ પડોશી એમનો સહવાસ છોડી જવાની ઈચ્છા જ નહોતું કરતું.

આના અનુસંધાનમાં એક અનુભવેલી ઘટના આપવી અપ્રસ્તુત નહીં લેખાય. સને ૧૯૬૨ના ડિસેમ્બર મહિનામાં હું શ્વાસરોગથી પીડાઈને કાશીથી ત્રણ માઈલ દૂર એક નિસર્ગોપચાર ચિકિત્સાલયમાં ચિકિત્સા કરવા ગયેલો. ત્યાં દિલીપભાઈ કોઈ કોઈ વાર મારી ખબર કાઢવા આવતા. એક દિવસ એમણે મને કહ્યું, "શાસ્ત્રીજી, અહીંયા તમારી સારવાર બરાબર નથી થતી. આવા ચિકિત્સકના હાથે મરવા કરતાં કોઈ સારા ચિકિત્સકના હાથે મરવું સારું." મને એમની આ વાત એકદમ ગળે ઉતરી ગઈ અને હું તુરત ત્યાંથી ચાલી આવ્યો. પછી બહાર માંદાને ખાવાલાયક યોગ્ય ખોરાકની તરત સગવડ ન થવાથી પાંચ દિવસ સુધી તેમણે પોતાને ત્યાં આગ્રહપૂર્વક જમાડયો. આ બનાવમાં એમની કરુણાભરી પ્રેમલ વૃત્તિના દર્શન થાય છે.

### અજાતશત્રુ અને સત્યરામર્શદાતા

શ્રી દિલીપભાઈનો સ્વભાવ સંયમપૂર્ણ તથા સંકોચશીલ હતો. તેઓ કોઈને ઘેર ભાગ્યે જ જતા. પણ, કોઈની પણ માંદગીની વાત સાંભળતાં જ તેમને ત્યાં ગયા વિના રહેતા નહીં; અને સહૃદયતાથી એમને દરેક રીતે આશ્વાસન આપવાનો પ્રયત્ન કરતા. આ જ રીતે તેઓ કાર્યાલયમાં પણ પોતાનું કામ કરવા ઉપરાંત બીજી નકામી વાતોમાં કદી પણ ધ્યાન આપતા નહીં. એમની આ તટસ્થવૃત્તિને લીધે ઘણા લોકો પોતાની વ્યકિતગત અને કૌટુંબિક સમસ્યાઓ લઈને એમની પાસે જતા. તેમને તેઓ ધ્યાનથી સાંભળતા અને સામેની વ્યકિતનું પૂરેપૂરું સમાધાન કરતા. પોતાના આ શુદ્ધ વ્યવહારથી એમણે અનેક વ્યકિતઓના મનમાં સત્યરામર્શદાતાના રૂપમાં સ્થાન મેળવી લીધું છે.

નિયમિતતાની દૃષ્ટિએ તો તેઓ એક અનુકરણીય કાર્યકર્તા હતા. દરરોજ કાર્યાલયનો વખત થતાં જ તેઓ વખતસર ત્યાં પહોંચી જતા. એમને જોઈને લોકો અનુમાન કરતા કે હવે દસ વાગ્યા છે. પોતાની આ નિયમિતતા, કામ તરફની પ્રામાણિકતા, તટસ્થવૃત્તિ અને સત્યરામર્શલક્ષી વૃત્તિના કારણે તેઓ પોતાના વિભાગમાં અજાતશત્રુ લેખાતા હતા.

### પ્રશાસન પ્રતિ ઉપેક્ષા

આમ જોવા જઈએ તો એમની તન્દુરસ્તી ઘણી સારી હતી. એમની ઉંમર ૫૩ વર્ષની થવા છતાં લોકો એવું જ ધારતા કે તેઓ ૪૦ વર્ષના છે. એમના ચાલવામાં અને કામ કરવામાં સ્ફુર્તિ દૃષ્ટિગોચર થતી. તેઓ જાતે પણ ઘણીવાર કહેતા કે હું બસો વરસ જીવવાનો છું. એમના કુટુંબની દૃષ્ટિએ જોઈએ તો એમના પિતાજીનું આયુષ્ય લાંબુ હતું. એમના મોટા ભાઈ ૮૬ વર્ષના હોવા છતાં પૂરેપૂરા તન્દુરસ્ત છે. આથી એમની બાબતમાં કોઈને કલ્પના પણ નહોતી કે તેઓ જલદી અમને બધાંને છોડીને ચાલ્યા જશે. આવી વ્યકિત ૧૦-૧૫ વર્ષ સુધી સર્વ સેવા સંઘ પ્રકાશનમાં રહેત તો એક નવું ચેતનાપ્રદ વાતાવરણ સર્જાત. એમનામાં પ્રશાસનની શકિત હોવા છતાં પણ તેઓ જાણીબૂઝીને પ્રશાસનના કામથી દૂર રહેતા હતા. પ્રશાસન તરફ આથી વધારે ઉપેક્ષા બીજી કઈ હોઈ શકે! જ્યારે સિરોહી સ્ટેટમાં પ્રથમવાર લોકમંત્રીમંડળ બનાવવાનું નક્કી થયું ત્યારે શ્રી દિલીપભાઈ સમક્ષ સિરોહી સ્ટેટના મંત્રીમંડળમાં એક મંત્રી તરીકેનો ભાર સંભાળવાનો પ્રસ્તાવ મૂકવામાં આવેલો, અને તેઓ એ પ્રતિ ઉપેક્ષા દર્શાવીને સાધના કરવા પોંદીચેરી આશ્રમ ચાલ્યા ગયેલા.

પ્રશાસન તરફ ઉપેક્ષા રાખવાવાળા લોકો દેશમાં બહુ જ જૂજ સંખ્યામાં હોય છે. પણ આ પ્રસંગનાં સંદર્ભમાં આપણને સર્વને પરિચિત એવા શ્રી દાદા ધર્માધિકારી અંગેનો ઉલ્લેખ કરવો અસંગત નહીં ગણાય. દેશને સ્વતંત્રતા મળ્યા પછી શ્રી વલ્લભભાઈએ અને તત્કાલીન પ્રધાનમંત્રી શ્રી પં. જવાહરલાલ નેહરુએ દાદા ધર્માધિકારીને મધ્ય ભારતના મુખ્ય મંત્રીપદનો ભાર સંભાળવા આગ્રહપૂર્વક વિનંતી કરેલી. દાદામાં પ્રશાસનની શકિત હોવા છતાં પણ, તેમણે આ બન્નેની વિનંતીનો સ્પષ્ટ શબ્દોમાં અસ્વીકાર કરેલો.

### અંતિમ સમય

૧૨મી સપ્ટેમ્બર '૬૪ એટલે કે ભાદરવા સુદ છઠ્ઠ ને શનિવારથી એમની અનિદ્રાની ફરિયાદ શરૂ થઈ. સતત ૨૦-૨૫ દિવસ સુધી તેમની ઓફિસમાંની ગેરહાજરીથી અમે બધાં ચિંતાતુર હતા. હું એમને ઘેર જતો આવતો રહેતો. બંને પતિ-પત્નીએ મને કોઈ એક દિવસે એમને ત્યાં ભોજન કરવાને માટે આગ્રહ કર્યો. મેં એમને જણાવ્યું કે "હું કેટલાક મહિનાથી અનાજ લેતો નથી, પરંતુ આપનો આગ્રહ છે તો ભાદરવા અમાવાસ્યા પછી કોઈક દિવસ આપને ત્યાં આવી જઈશ." પોતાની નાદુરસ્ત તબિયતને કારણે શ્રી દિલીપભાઈએ આસો સુદ એકમને દિવસે સવારે ફરીથી પોતાને ત્યાં જમવા આવવાનું યાદ કરાવવા શ્રી વેણીભાઈને મોકલ્યા. એ જ દિવસથી એમણે કાર્યાલયમાં આવવાનું શરૂ કરેલું. અનિદ્રાની ફરિયાદ હોવા છતાં પણ આસો સુદ એકમથી કારતક સુદ દશમ સુધી તેઓ કાર્યાલયમાં નિયમિત આવતા રહ્યા. આ દરમિયાન તેઓ જૈન પરમ્પરાની દૃષ્ટિથી પ્રાર્થના વખતે નીચેની પ્રાકૃતની ગાથાઓ બોલતા હતા:-

सिद्धाणं बुद्धाणं पारगयाणं परंपरगयाणं
लोअग्गमुवगयाणं नमो सया सव्वसिद्धाणं
जो देवाण वि देवो, जं देवा पंजलि नमंसंति
तं देवदेवमहिअं, सिरसा वंदे महावीरं
इक्को वि नमुक्कारो जिणवरवसहस्स वद्धमाणस्स
संसारसागराओ तारेइ, नरं वा नारिं वा ।।

આની સાથે ભગવાન પાર્શ્વનાથની ઉપાસનાના રૂપમાં "उवसग्गहरं" અને એક મંત્રનો પણ પાઠ કરતા હતા. ઈહ લોકથી મહાપ્રસ્થાન કરતાં પહેલાં એમણે બધો સમય પ્રેમમૂર્તિ ઈશુના જીવનનું સંશોધન કર્યું હતું, જેનો અનુવાદ તેમણે પોતે જ કર્યો છે. આવા સત્પુરુષ કારતક શુદ અગિયારસને સોમવારે પ્રાત:કાલે ૫ વાગે, કોઈની પણ સેવા લીધા વગર સ્વસ્થ હાલતમાં એકાએક હૃદય બંધ પડવાથી હસતા હસતા ચાલ્યા ગયા. હવે તો તેઓ પોતાના સદ્‌ગુણોના રૂપમાં આપણે માટે સ્મૃતિ-શેષ બન્યા છે.

શ્રી દિલપભાઈના સ્વર્ગવાસથી શકુન્તલાબહેન પર તો દુ:ખનો પહાડ જ તૂટી પડયો. એમની પાછળ ત્રણ દિવસ સુધી કાશીમાં તેઓ રહ્યાં તે દરમિયાન તે બહેન જે વિલાપ કરતાં રહ્યાં તેથી બધા દુ:ખી હતા. એટલે સુધી કે નાના બાળકો પણ પોતાના માતા-પિતાને પૂછતા કે કાકી આ રુદન કયારે બંધ કરશે? બહેનના કાશીથી વિદાય થવાના થોડા સમય પહેલાં હું દાદા ધર્માધિકારીને એમની પાસે લઈ ગયો. દાદા પણ એમનો એ વિલાપ સાંભળી વ્યાકુળ બની ગયા. થોડીવાર ચૂપ રહીને એમણે આશ્વાસનના રૂપમાં શકુન્તલાબહેનને કહ્યું: "એમની ઈશ્વર પર નિષ્ઠા જીવનભર રહી, હવે આપણે એ જ ઈશ્વરનિષ્ઠાથી એમના જીવનને અનુરૂપ કામ કરવું જોઈએ. જે બનવાનું હતું તે બની ગયું. એટલું જ દુ:ખ છે કે તેઓ આપણી વચ્ચેથી જલ્દી ચાલી ગયા."

અનુવાદ: મૂળ હિન્દી:
**ડૉ. શારદાબહેન ગોરડિયા** **પંડિત મહેન્દ્રકુમાર શાસ્ત્રી**

# સેન્ટ ફ્રાન્સિસ ઝેવિયર

(નવેમ્બરની ૨૮મી તારીખથી ડિસેમ્બરની છઠ્ઠી તારીખ સુધી મુંબઈ ખાતે ભરાયેલી અખિલ વિશ્વ યુકેરિસ્ટિક કૉંગ્રેસના ભણકારા હજુ) આપણા–ખાસ કરીને મુંબઈમાં વસતા પ્રજાજનોના–કાનમાં વાગી રહ્યા છે તે દરમિયાન આજથી ૪૦૦ વર્ષ પહેલાં ભારતમાં એક છેડેથી બીજે છેડે જેમણે પોતાના ખ્રિસ્તી ધર્મના પ્રચાર અર્થે પરિભ્રમણ કર્યું હતું અને એ જ હેતુથી જેઓ જાપાન સુધી પણ પહોંચ્યા હતા તેમનું અસાધારણ પુરુષાર્થ અને સાહસથી ભરેલું ચરિત્ર અતિ પ્રસ્તુત થઈ પડશે એમ સમજીને તા. ૧૩-૧૨-૬૪ ના જન્મભૂમિ - પ્રવાસીમાં પ્રગટ થયેલ તે સંત પુરુષની ટૂંકી જીવન–કારકિર્દી નીચે સાભાર ઉદ્ધૃત કરવામાં આવે છે.

તેમના આજ સુધી રાખી મૂકવામાં આવેલા શબ આંગે પણ તે જ પત્રમાં એક નોંધ આપવામાં આવી છે. તે પણ આ ચરિત્ર-નોંધ સાથે જોડવામાં આવી છે. આ નોંધ ઉપરથી, પવિત્ર પુરુષોની પવિત્રતાનો તેના મૃત દેહ ઉપર આરોપ કરવાની લોકમાનસમાં રહેલી ઘેલછા કેટલી બીનપાયાદાર અને અજ્ઞાનમૂલક છે તેનો વાચકોને ખ્યાલ આવશે. ભગવાન બુદ્ધના કહેવાતા કે સાચા દાંતનું બહુ માન કરવું કે હઝરત મહમદ પયગમ્બરના કહેવાતા કે સાચા બાલને જરા પણ મહત્ત્વ આપવું–આ પણ એ જ પ્રકારની સંપ્રદાયગ્રસ્ત–ધર્મબધીર –લોકોની ઘેલછા છે. ગમે તેટલો મહાન પુરુષ હોય, પણ તેની ચેતના લુપ્ત થયા બાદ, પાછળ રહેલું તેનું શરીર કે તેનો કોઈ અવશેષ –આમાં અને અન્ય કોઈ મૃતદેહ કે તેના અવશેષમાં કશો જ ફરક નથી. આખરે જે માટીમાંથી એ દેહ સરજાયો એ જ માટીનું રૂપાંતર પાછળ રહેલો મૃતદેહ કે તેનો અવશેષ છે, તેની પૂજાઉપાસના કરવી તે કોઈ પેટીમાં મૂકાયેલો કોહીનૂર તેમાંથી કાઢી લેવામાં આવ્યા બાદ તે પેટીની પૂજા, આરાધના કે રક્ષા કરવા જેવી જ અર્થવિહીન, અજ્ઞાન-મૂલક અને વહેમપ્રધાન પ્રક્રિયા છે. જે પ્રજાએ મૃતદેહનો જેમ બને તેમ જલ્દિથી નાશ કરવાનું સ્વીકાર્યું છે તેને આ બાબત સમ-જાવવાની ન જ હોય. એમ છતાં પણ આપણામાં પણ એવા લોકો હોય છે કે જેઓ સંત મહાત્માના દેહમાં કે તેના કોઈ અવશેષમાં દિવ્યતાનો આરોપ કરતા હોય છે અને તેની પૂજા-ઉપાસનામાં રાચતા હોય છે. તો આ એક કેવળ માનસિક ભ્રમણા અને વહેમ છે એ બાબત આપણે બરોબર સમજીએ છીએ અને આવા વહેમો અને ભ્રમણાઓમાંથી સત્વર મુક્તિ મેળવીએ એ ઈષ્ટ તથા આવશ્યક છે.

પરમાનંદ)

## સેન્ટ ફ્રાન્સિસ ઝેવિયર

ચારસો વર્ષ પહેલાં પોપે પોતાના પરમ ભકત બે દેશોને દુનિયા દાનમાં દઈ દીધી હતી! સ્પેનને નવી દુનિયા (અમેરિકાના ખંડો) આપ્યા હતા અને પોર્ટુગાલને જૂની દુનિયા ભેટ આપી હતી! ઈ. સ. ૧૪૯૮માં પોર્ટુગલથી વાસ્કો દ' ગામા કલીકટ બંદરે ઊતર્યો હતો. નેહરુએ પણ લખ્યું છે કે પોર્ટુગીઝો પોપ પાસેથી જૂની દુનિયાની ભેટ સ્વીકારીને અભિમાન અને આત્મશ્રદ્ધાપૂર્વક આવ્યા હતા. તેઓ હવે હિંદુસ્તાન જીતી લઈને તેને ખ્રિસ્તી બનાવવા આવ્યા હતા. તેમનાં વધુ ને વધુ જહાજો આવવા લાગ્યાં અને હિંદુસ્તાનના પશ્ચિમ કાંઠે વધુ ને વધુ બંદરો કબજે કરવા લાગ્યા. તે પહેલાં બીજા યુરોપી લોકો હિંદુસ્તાનમાં આવ્યા હતા ખરા, પણ તેઓ આફ્રિકાનો ચકાવો મારીને સમુદ્રમાર્ગે નહોતા આવ્યા. પશ્ચિમ એશિયાના માર્ગે આવ્યા હતા અને વેપારી કે પ્રવાસી તરીકે આવ્યા હતા. હિંદુસ્તાન જીતી લેવા નહિ.

ગુજરાતના સુલતાનોએ પોર્ટુગીઝોનો સામનો કર્યો, અને તુર્કો સાથે મળીને પોર્ટુગીઝોને હરાવ્યા પણ ખરા. પરંતુ ગુજરાતના સુલતાનને દિલ્હીના મોગલ બાદશાહ તરફથી ભય લાગતાં તેણે પોર્ટુગીઝો સાથે સંધી કરી લીધી. પોર્ટુગીઝોએ તે સંધીનું પાલન કર્યું નહિ. તેમણે દીવ અને દમણ કબજે કર્યાં. દક્ષિણમાં તેમણે ગોવા પર કબજો જમાવ્યો હતો.

પોર્ટુગીઝો એક હાથમાં બાઈબલ અને બીજા હાથમાં તલવાર લઈને આવ્યા હતા. પહેલાં આલ્ફોન્સો દ' આલ્બુકર્ક આવ્યો. આફ્રિ-કામાં અને એશિયામાં પોર્ટુગીઝ સામ્રાજ્યનો આરંભ કરનાર આલ્બુ-કર્ક હતો. પહેલીવાર તે ૧૫૦૩માં અને બીજી વાર ૧૫૧૦માં આવ્યો અને બીજાપુરના સુલતાન પાસેથી ગોવા કબજે કર્યું. તે પછી તેણે ગોવામાં જે કતલ ચલાવી તે અભૂતપૂર્વ હતી. વધુમાં વધુ તેણે મુસલમાનોને માર્યા. તેણે પોતાનાં સંસ્મરણોમાં લખ્યું છે કે કતલ કરીને અમારા હાથ દુ:ખી આવ્યા હતા. તે મરી ગયો પણ ગોવાના બારાના પ્રવેશદ્વારમાં.

સેન્ટ ઝેવિયર એથી જુદી જ પ્રકૃતિનો હતો. ખ્રિસ્તી જગતે આવો બીજો ધર્મપ્રવર્તક જોયો નથી. તેનો જન્મ ઈ. સ. ૧૫૦૬માં થયો હતો. તે જન્મે સ્પેનિશ હતો. ઉમરાવ કુટુંબમાં જન્મ્યો હતો. પેરિસમાં ભણ્યો હતો અને ત્યાં તેણે જીસસ સોસાયટીની સ્થાપના કરી હતી. ૧૫૩૬માં તે વેનિસ ગયો અને હૉસ્પિટલોમાં માનવસેવાનું કાર્ય કર્યું. ત્યાંથી રૉમ ગયો અને ધર્મગુરુ તરીકે ૧૫૪૦ સુધી કામ કર્યું. ત્યાંથી તે પોર્ટુગલ ગયો અને પોર્ટુગલનો રાજા ખ્રિસ્તી ધર્મ ફેલાવવા માટે એક મિશન ને ગોવા મોકલતો હતો તેમાં સામેલ થયો. તે પોપના પ્રતિનિધિ તરીકે ૧૫૪૧માં હંકાર્યો.

ગોવા આવીને સંત ઝેવિયરે ખ્રિસ્તી ધર્મના પ્રચારનું કામ શરૂ કર્યું અને તેમાં તેને અસાધારણ સફળતા મળી. તે તલવાર લઈને નહોતો આવ્યો. પ્રેમ, ઉપદેશ અને સમજાવટ લઈને આવ્યો હતો. ગોવાથી તે આખા મલબાર કાંઠે, લંકામાં અને પૂર્વ કાંઠે ફરી વળ્યો અને હજારોને તેણે ખ્રિસ્તી બનાવ્યા. ત્યાંથી તે અગ્નિ-એશિયા અને ચીનની મુલાકાતે ગયો. તે જ્યાં ગયો ત્યાં ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરતો ગયો. તેણે જે જીસસ સોસાયટી સ્થાપી હતી તેમાં સામેલ થયેલા વધુ ને વધુ પાદરીઓ ધર્મપ્રચાર માટે આવવા લાગ્યા.

સંત ફ્રાંસિસ ઝેવિઅર ગોવા જવા પહેલી વાર હંકાર્યો ત્યારે તેનો ૩૫મો જન્મદિવસ હતો. પોપ જૉન ત્રીજાએ તેને હિંદુસ્તાન માટે પોતાના પ્રતિનિધિ તરીકે નીમ્યો હતો. આમ તેની પાસે બે અધિકારપત્ર હતા. પોર્ટુગલના રાજાનો અને પોપનો.

પહેલી મુલાકાતમાં સંત ઝેવિયર પાંચ મહિના ગોવામાં રહ્યો. હાથમાં ઘંટડી લઈને રસ્તામાં રોજ નીકળી પડે. ઘંટડી વગાડીને છોકરાંઓને, મજૂરોને અને ગુલામોને ભેગા કરે. તેમને ઉપદેશ આપે અને પછી દેવળમાં લઈ જાય. ગોવાથી કન્યાકુમારી સુધી વધુમાં વધુ માછીમારોને તેણે ખ્રિસ્તી બનાવ્યા હતા. પૂર્વ કાંઠે મોતી માટે ડૂબકી મારતા મરજીવાઓને મુસલમાનો સામે પોર્ટુગીઝોએ રક્ષણ આપ્યું અને સંત ઝેવિયરે તેમને ખ્રિસ્તી બનાવ્યા. ત્યાં બે વર્ષ રહીને તેણે ધાર્યું ધાર્મિક, રાજકીય અને સંરક્ષણને લગતું કામ કર્યું. ઈ. સ. ૧૫૪૪ના છેલ્લા એક માસમાં તેણે કેરલમાં એક રજ-વાડામાં દસ હજાર માછીમારોને ખ્રિસ્તી બનાવ્યા! તેણે લખ્યું છે કે તેમની 'શુદ્ધિ' કરવા પાણી છાંટી છાંટીને મારો જમણો હાથ ખોટો પડી ગયો હતો! દક્ષિણ ભારતમાં તેણે કુલ ૩૦ હજાર માણ-સોને ખ્રિસ્તી બનાવવા તેમની "શુદ્ધિ" કરી હતી! તેની પાસે તેની મદદમાં પાદરીઓ, વહીવટ કરનારાઓ વગેરે સેના હતી.

દક્ષિણ ભારતના માછીમારોને ખ્રિસ્તી બનાવવાથી સંત ઝેવિ-યરને સંતોષ નહોતો થયો, કારણ કે તે એમ માનતો હતો કે તેઓ અશિક્ષિત, અસંસ્કૃત, અને ભોળા છે. ઈન્ડોનેઝિયાના મોલ્યુકાસ ટાપુમાં ઘણા લોકોને તેણે ખ્રિસ્તી બનાવ્યા હતા. પરંતુ તેઓ તેને

જંગલી લાગતા હતા. આવા ભોળા કે જંગલી લોકો ખ્રિસ્તી ધર્મને શોભાવી શકે નહિ. પરંતુ જ્યારે તે મલાકામાં એક જાપાનીને મળ્યો અને પોર્ટુગીઝો પાસેથી જાપાન વિષે સાંભળ્યું ત્યારે તેને આનંદ થયો. આવી પ્રજા જો ખ્રિસ્તી થાય તો ખ્રિસ્તી ધર્મની પ્રતિષ્ઠા વધે! તેને એમ લાગ્યું કે ઈશ્વર તેને જાપાનનું ખ્રિસ્તીકરણ કરવા આદેશ આપી રહ્યો છે.! આથી તે જાપાન જવા તૈયારી કરવા પાછો ગોવા આવ્યો અને સાથે ત્રણ જાપાનીઓને ખ્રિસ્તી ધર્મની દીક્ષા માટે લાવ્યો.

૧૫૪૯માં તે આ જાપાનીઓ અને જીસસ સોસાયટીના જેસુઈત પાદરીઓને લઈને જાપાનના કાંઠે કાગોશિમા બંદરે ઊતર્યો. જાપાનમાં તે પહેલો ખ્રિસ્તી મિશનરી હતો.

જાપાનમાં સંત ઝેવિયરે બે હજાર માણસોને ખ્રિસ્તી બનાવ્યા. તેમાં મોટા ભાગના નીચી જાતના હતા, પણ થોડા ચૌલ્દા પણ ખ્રિસ્તી હતા.

સંત ઝેવિયર જ્યાં જતો ત્યાં ખ્રિસ્તી ધર્મનો પ્રચાર પોતાની પાછળ પણ ચાલુ રહે એવી કાયમી વ્યવસ્થા પણ કરતો જતો. તેણે જોયું કે જાપાનીઓને ચીનની સંસ્કૃતિ માટે ઘણું માન છે. આથી જો ચીનાઓને ખ્રિસ્તી બનાવવામાં આવે તો જાપાન પર ખ્રિસ્તી ધર્મનો વધુ પ્રભાવ પડે. આથી તે તૈયારી કરવા ગોવા આવ્યો.

સંત ઝેવિયરે પાછા ગોવા આવીને જોયું કે હિંદુસ્તાનના પૂર્વ અને પશ્ચિમ કાંઠે તેના મિશનરીઓ ધર્મપ્રચારનું મુશ્કેલ કામ કરવા ઝઝુમી રહ્યા છે. તેમને વધુ વ્યવસ્થિત કરવા, ધર્મપ્રચાર માટે પાદરીઓને તાલીમ આપવા તેણે ૧૫૫૨ સુધીનો સમય ગાળ્યો. દીવ, દમણ, વસઈ, મુંબઈ અને ગોવાથી કન્યાકુમારી અને મદ્રાસ કાંઠા સુધી તેનાં મિશનો ખ્રિસ્તી ધર્મ ફેલાવી રહ્યાં હતા. તેમની સફળતાનો યશ સંત ફ્રાંસિસની પ્રતિભા અને વ્યવસાયશકિતને ઘટે છે.

પરંતુ તે ચીનમાં દાખલ ન થઈ શકયો. દક્ષિણ ચીનના કાંઠા પાસે શાંગ ચુઆન ટાપુમાં ત્રણ માસ રહી ચીનમાં પ્રવેશ કરવા તેણે પ્રયાસ ચાલુ રાખ્યા પરંતુ તે નિરાશ થયો. ૧૫૫૨ના નવેમ્બરમાં તે માંદો પડયો. તા. ૩-૧૨-૧૫૫૨ના રોજ તે મરી ગયો ત્યાં સુધી ચીનના વિશાળ સામ્રાજ્યના દરવાજા તેના માટે બંધ જ રહ્યા અને વસતિથી ખદબદતા તથા પ્રાચીન સંસ્કૃતિ ધરાવતા એ દેશની પ્રજાની "શુદ્ધિ" કરીને તેને ખ્રિસ્તી બનાવવાનું સ્વપ્ન સ્વપ્ન જ રહ્યું.

ધર્મપ્રચાર માટે સંત ફ્રાંસિસ ઝેવિયરની પદ્ધતિ નિરાળી હતી. તે લોકોના રીતરિવાજ, ધર્મ અને ભાષા શીખીને તેમની સાથે હળીભળી જવાની રીત અજમાવતો હતો. તે એ લોકોમાંથી જ પોતાના મદદનીશો પસંદ કરે જેથી તેમની મારફત તે લોકોનો વિશ્વાસ અને પ્રેમ જીતી લઈ ધર્મ તરફ તેમને વાળી શકે. તેમની ભાષામાં નિપુણ મિશનરીઓને તૈયાર કરીને તેમને તે ખ્રિસ્તી ધર્મના પ્રચારનું કામ સોંપતો. તેની કાર્યપદ્ધતિ એવી કાર્યક્ષમ અને સચોટ હતી કે તેને અસાધારણ સફળતા મળી.

ઝેવિયર ૧૫૫૨માં મરી ગયો. તેના કામનું અદ્‌ભૂત પરિણામ જોઈને પોપે ઈ. સ. ૧૬૬૨માં તેને સંત જાહેર કર્યો.

**વિજયગુપ્ત મૌર્ય**

## દર્શન માટે મુકાયેલા ૪૧૨ વર્ષ જૂના શબમાં ચમત્કાર છે?

ભારતમાં ખ્રિસ્તી સંપ્રદાય ધર્મ અને માનવસેવાનું જે કાર્ય કરી રહેલ છે તેની સાથે સૌથી વધુ સંકળાયેલું નામ સેન્ટ ફ્રાન્સિસ ઝેવીઅરનું છે. ચારસો વર્ષ પર ચીનની દક્ષિણના એક ટાપુ પર મરી ગયેલા આ પાદરીનું શબ કાચની પેટમાં જાળવી રાખવામાં આવ્યું છે. તેને સાચવી રાખવા માટે તેની ઉપર કંઈ પ્રક્રિયા કરવામાં નથી આવી. તેમ છતાં તે ચારસો વર્ષથી જળવાઈ રહ્યું છે તેને શ્રધ્ધાળુ ખ્રિસ્તીઓ સંતનો ચમત્કાર ગણે છે. જો કે પોપે તેને સત્તાવાર રીતે ચમત્કાર તરીકે જાહેર કરેલ નથી.

વાસ્તવમાં તેમાં કંઈ ચમત્કાર નથી, અને શબ કંઈ સારી સ્થિતિમાં જળવાઈ રહેલ નથી. શરીરમાંથી પાણીનો ભાગ સૂકાઈ જતાં તે અત્યંત કૃશ થઈ ગયેલ છે. હાડપિંજર પર ચામડી જ ચોંટેલી છે એમ કહીએ તો ચાલે. ચામડીનો ગોરો રંગ રાખોડી થઈ ગયો છે. શરીર પર કિંમતી વસ્ત્રો છે, છતાં વસ્ત્રોની શોભા સૂકાયેલા શબની કુરૂપતાને ઢાંકી શકતી નથી, પગના છેડા ખુલ્લા છે, જમણા પગનાં ચાર આંગળા નથી.

સંતના હોઠ સંકોચાઈ જવાથી દાંત દેખાય છે અને આંખો ઊંડી ઊતરી ગઈ છે. મુખ પર ખૂબ કરચલીઓ પડી ગઈ છે અને ચામડી ઊખડવા લાગી છે. તેથી મુખ બિહામણું લાગે છે. મુખની ડાબી બાજુ અને માથાની ચામડી ઊખડી ગઈ છે. આથી ખોપરી અને ગાલનું હાડકું દેખાય છે. માથા પર અને દાઢી પર થોડા વાળ છે. જમણા પગની એડીનું માંસ નથી. હાડકાં દેખાય છે, પગ કાળા પડી ગયા છે અને સંકોચાઈને નાના થઈ ગયા છે. આખું શરીર સંકોચાઈને ટૂંકું થઈ ગયું છે. લંબાઈ હવે સાડાચાર ફીટ હશે.

સંતનો જમણો હાથ નથી. ઈ. સ. ૧૬૧૪ના અરસામાં તે રોમ મોકલી આપવામાં આવ્યો હતો અને દુનિયાના ઘણા પરદેશોમાં ફેરવવામાં આવ્યો હતો. તેના એક હાથની આંગળી એક સ્પેનીશ રજવાડી સ્ત્રીએ કરડી ખાધી હતી. છાથનો થોડો ભાગ રોમના એક દેવળમાં છે અને થોડો ભાગ દક્ષિણ ચીનમાં પોર્ટુગીઝ સંસ્થાન મકાઉમાં છે.

કાચની પેટીમાં હવા પણ ન જાય એવી રીતે સંતનું ૪૧૨ વર્ષ જનું શબ સાંઘરી રાખવામાં આવેલ છે તે હમેશાં દર્શન માટે ખુલ્લું નથી રહેતું. થોડાં થોડાં વર્ષોના અંતરે તે દર્શન માટે મૂકવામાં આવે છે. નવેંબર માસની ૨૪મી તારીખે તે ખુલ્લું મૂકવામાં આવેલ છે અને ૪૪ દિવસ સુધી દર્શન માટે રહેવાનું છે. તે દરમ્યાન, લાખો લોકોએ તેનાં દર્શન કર્યા હશે. ગોવાના ખ્રિસ્તીઓ સેન્ટ ફ્રાન્સિસ ઝેવીઅરને આમચા (અમારા) સંત સેવીઅર (ઉદ્ધારક) તરીકે પૂજે છે.

**વિજયગુપ્ત મૌર્ય**

## વિષયસૂચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| પ્રકીર્ણ નોંધ: એક વિશેષ શુભેચ્છાપત્ર, બધું પતી ગયા બાદ મળેલું એક આણુધાર્યું શુભેચ્છા પ્રતીક, સ્વ. નાથાલાલ પારેખ જેમનામાં ઉદારતા, કરુણા અને નમ્રતાનો સુંદર સમન્વય હતો, પોપ પૉલે વિશ્વશાંતિ અંગે કરેલો અનુરોધ, છિન્નભિન્ન થઈ રહેલી ભારતની ભૌગોલિક અને ભાવાત્મક એકતા, 'જો મારામાં થોડી વધારે ધર્મશ્રદ્ધા હોત તો—" એક અંગત વિશ્લેષણ. | પરમાનંદ | ૧૯૩ |
| સેવામૂર્તિ ભાનુબહેન પારેખ | નર્મદાબહેન રાવળ | ૧૯૬ |
| હમદર્દીનો ધબકાર | ગીતા પરીખ | ૧૯૭ |
| શાકાહાર: નિષ્પાપ જીવનની કસોટી | કાકાસાહેબ કાલેલકર | ૧૯૮ |
| અમે તો સંસારી - (કાવ્ય) | ગીતા પરીખ | ૧૯૮ |
| યંત્રવિજ્ઞાન અને યુદ્ધ | શ્રી મેક્ષ બોર્ન | ૧૯૯ |
| સ્મૃતિશેષ દિલીપભાઈ | પંડિત મહેન્દ્રકુમાર શાસ્ત્રી | ૨૦૧ |
| સેન્ટ ફ્રાન્સિસ ઝેવિયર | વિજયગુપ્ત મૌર્ય | ૨૦૩ |


માલિક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ-૩, મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઇ.

REGD. No. B-4266

વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૬ : અંક ૧૮

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, જાન્યુઆરી ૧૬, ૧૯૬૫, શનિવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૨૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## આચાર્ય રજનીશજીનું એક પ્રવચન

[ તાજેતરમાં ગઈ તા. ૩૧મી અને પહેલીના રોજ આચાર્ય રજનીશજીનાં મુંબઈ ખાતે બે વ્યાખ્યાનો થયાં અને ૩૧મીની રાત્રે એક વ્યાખ્યાન ઘાટકોપરમાં થયું. મુંબઈ ખાતેનાં બે વ્યાખ્યાનોમાંથી પહેલા વ્યાખ્યાનનો સાર સૌ. લીલાવતીબહેન કામદારે પોતાની નોંધ ઉપરથી તૈયાર કરીને આપ્યો છે, જે નીચે પ્રગટ કરવામાં આવે છે.

આચાર્ય રજનીશજી મુંબઈના માત્ર જૈન જ નહિ પણ જૈનેતર શિષ્ટ જનતાને હવે તો સુપરિચિત છે. તેમને મુંબઈ ખેંચી લાવવાનો યશ ભારત જૈન મહામંડળની મુંબઈ શાખાને ફાળે જાય છે. તે શાખા તરફથી ત્રણ–ચાર વર્ષ પહેલાં શરૂ કરવામાં આવેલ પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તેમને વ્યાખ્યાન આપવા માટે સૌથી પહેલી વાર નિમંત્રવામાં આવેલ. ત્યાર પછી તો દરેક પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તેમનાં વ્યાખ્યાનો હોય જ છે. એ ઉપરાંત અન્ય સમયે પણ તેમનું મુંબઈ આવવાનું અવારનવાર થતું રહે છે. ગયા ઑક્ટોબર માસમાં ભારત જૈન મહામંડળ તરફથી માથેરાન ખાતે તેમના સાન્નિધ્યમાં ત્રણ દિવસની એક શિબિર ગોઠવવામાં આવી હતી. આગામી ફેબ્રુઆરી માસની ૧૩, ૧૪, ૧૫ તારીખ–એમ ત્રણ દિવસ માટે પૂનાના જૈન મિત્રમંડળ તરફથી મહાબળેશ્વર ખાતે એક શિબિર ગોઠવવામાં આવી છે, જે વિષે પ્રબુદ્ધજીવનના ગતાંકમાં જાહેરાત કરવામાં આવી છે.

આચાર્ય રજનીશજી એક દૃષ્ટિસંપન્ન ચિંતક છે; તેમનો વિશિષ્ટ કોટિનું એક જીવનદર્શન પ્રાપ્ત થયું છે, જેનું તેઓ વ્યાખ્યાનો અને વાર્તાલાપો દ્વારા વિતરણ કરે છે. તેઓ માત્ર પંડિત કે વિદ્વાન નથી. તેઓ જે કાંઈ કહે છે તે અંતરના ઊંડાણમાંથી નીકળતું લાગે છે. તેમનાં વિધાનો માત્ર તર્કપરિણામી નિષ્પત્તિઓ નહિ પણ અનુભૂતિપરિણામી સ્ફુરણો હોય એવી આપણા ચિત્ત ઉપર છાપ પડે છે. તેમનું ચિંતન જેટલું તત્ત્વસ્પર્શી છે તેટલી જ વિમલ, વિશદ, અર્થવાહી અને પ્રસાદપૂર્ણ તેમની વાણી છે. વ્યાખ્યાતાઓમાં પણ તેઓ એક વિરલ વિશિષ્ટ કોટિના વ્યાખ્યાતા છે. જેમ શ્રી જે. કૃષ્ણમૂર્તિ તેમ આચાર્ય રજનીશજી એક વિચારવિભૂતિ છે. તે બંનેની વિચારશ્રેણીમાં ઘણું સામ્ય નજરે પડે છે. આચાર્ય રજનીશજીનું ચિંતન પણ એટલું જ મુક્ત છે. તેઓ જન્મથી જૈન છે, પણ કોઈ સંપ્રદાય–વિચારની તેમના ગળે કંઠી નથી. જ્યારે તેમનાં વ્યાખ્યાનનો નીચે સાર આપવામાં આવે છે ત્યારે તેમનો આટલો પરિચય આપવાનું ઉચિત ધાર્યું છે.

ભારત જૈન મહામંડળ મુંબઈ શાખા તરફથી (૫૦૧, કાલબાદેવી રોડ, મુંબઈ–૨) તેમનાં અમુક પ્રવચનોના સંકલનરૂપ 'અહિંસા-દર્શન' એ નામની એક ગુજરાતી પુસ્તિકા (કિંમત રૂા. ૧) થોડા સમય પહેલાં બહાર પાડવામાં આવી હતી. તાજેતરમાં એ જ સંસ્થા તરફથી 'સાધના પથ' એ નામનું એક હિંદી પુસ્તક (કિંમત રૂ. ૨) બહાર પાડવામાં આવ્યું છે. **પરમાનંદ** ]

### આચાર્ય રજનીશજીનું પ્રવચન

હું આપનામાં આત્માની તૃષા પેદા કરવા ઈચ્છું છું. જેવું જીવન મળ્યું છે તેવું જ જીવન જો જીવીને જઈએ તો જીવન ખોઈ બેસીએ. મનુષ્યે સંભાવના નહિ પરંતુ સત્ય પ્રાપ્ત કરવાનું છે. બીજ મટીને ફૂલ થાય છે. સરિતા મટીને સાગર બને છે. જીવનમાં પણ અભીપ્સા, તૃષા, આકાંક્ષા પેદા થાય તો જીવન ઉત્કૃષ્ટ બને. એક કેદી હતો. વર્ષો પર્યંત કારાગૃહમાં રહ્યા પછી તે છૂટયો. બહાર આવ્યા પછી તેને લાગ્યું કે દુનિયામાં પણ હું કેદી જ છું. કુટુંબ જીવનનાં બંધન છે; સમાજનાં બંધન છે; રાજ્યનાં બંધન છે; જે મુક્ત જીવન જીવી જાણતા નથી તે જીવનરસનો અનુભવ કરી શકતા નથી. જે રીતે જીવન જીવીએ છીએ તે રીતે તો મૃત્યુની નજીક આવી રહ્યા છીએ. માણસ જન્મ્યો તે દિવસથી રોજ તે મૃત્યુની નજીક આવતો જાય છે. મરવાની આ પ્રક્રિયા એક દિવસ પૂરી થઈ જશે. કેદીને જ્યાં સુધી કારાગૃહ બંધનરૂપ લાગે ત્યાં સુધી તે કારાગૃહની દિવાલ તોડવા તૈયાર નહિ થાય. ધાર્મિક થવાય છે જો જીવનની જે સ્થિતિ છે તેનાથી જાગૃત થવાય તો. જીવનમાં જેને સુખ સમજીએ છીએ તે સુખ નથી; સુખાભાસ છે. જીવનમાં નવી પ્યાસ પેદા થાય તો નવો જન્મ–નવી અભીપ્સા જાગે.

સાધારણતઃ ખ્યાલ પણ નથી આવતો કે આપણે બહુ જ પરિચિત વૃત્તિઓના ગુલામ છીએ. ક્રોધ કરતા નથી, ક્રોધ થઈ જાય છે. એટલે કે ક્રોધે તમને ચલાયમાન કર્યા છે. એ વૃત્તિઓ તમને પરેશાન કરે છે. આ વાસનાઓનાં બંધન જીવનની વાસના જ્યાં સુધી ન તૂટે ત્યાં સુધી તમને પ્રતિબંધિત રાખવાના. શરાબ પીધેલા બે–ત્રણ મિત્રોએ ચાંદની રાતમાં નૌકાવિહારની કલ્પના કરી, અંદર બેઠા, રાતભર નૌકા ચલાવી, સવારે નશો ઊતર્યો ત્યારે તેમને ખબર પડી કે તેઓ હતા ત્યાંના ત્યાં જ હતા. કારણ નાવ ત્યાં જ હતી અને તે લાંગરેલી હતી. પેલા શરાબીઓથી આપણે જુદા નથી. જીવનની ચેતનાની નાવ વાસનાથી બંધાયેલી છે. આપણી અંદર રહેલી વાસનાઓ અને વૃત્તિઓને ક્રમશઃ તોડીએ તો જ આકાશગમન થાય. પ્રત્યેક વ્યક્તિની અંદરની નાવ અનેક બંધનોથી બંધાએલી છે.

બુદ્ધ એક ગામમાં ગયા. ગામ લોકોએ ગાળો દીધી. ગાળો દઈ તેઓ થાકયા ત્યારે બુધ્ધે હસીને કહ્યું, "તમે ગાળો દીધી, પણ મેં તે લીધી નથી. આ બાબતમાં હું સ્વતંત્ર છું." બીજે ગામ ગયા. લોકો મીઠાઈના થાળ ભરી લાવ્યા અને આપવા માંડી. બુધ્ધે તે પણ ન લીધી. આમ સંસારમાં આપણી સામે ગમે તે આવે, તેનો સ્વીકાર કરવો કે ન કરવો તે આપણા અધિકારની–સ્વતંત્રતાની–વાત છે.

બટન દાબે અને વીજળી પેદા થાય ત્યાં વીજળી પર બટનનું નિયંત્રણ છે. કોઈ ગાળ દે અને ક્રોધ પેદા થાય તો તમારા પર ક્રોધનું સ્વામિત્વ છે.

આપણે મનુષ્ય નથી, પ્રતિધ્વનિ છીએ. જેવો ધ્વનિ ઊઠે તેવો પ્રતિધ્વનિ આપણે આપીએ છીએ. જે કોઈ ધ્વનિ પ્રમાણે પ્રતિધ્વનિ અર્પે તે ધ્વનિથી પરતંત્ર છે. પરતંત્રને સ્વાનંદ પ્રાપ્ત થતો નથી. મહાવીર, બુદ્ધ, ક્રાઈસ્ટ કર્મ કરે છે; આપણે પ્રતિકર્મ કરીએ છીએ. પ્રતિધ્વનિ કરે છે તે સત્યથી પરિચિત નથી. પ્રતિધ્વનિશૂન્ય થવાય તો સ્વતંત્ર ધ્વનિ પેદા થાય. જે ભાવ પેદા કરો છો તે બીજાનો

છે. જેની પાસે પોતાનું કાંઈ નથી તે શું મનુષ્ય છે? શું તમારું સ્વતંત્ર કાંઈ નથી?

**સાધના:** સાધના સંગ્રહની જગ્યાએ વ્યકિત બનવા માટે છે. જે પોતાનાથી પેદા થયું નથી તે જ્ઞાન નથી, જ્ઞાનનો ઘોખો છે,–ભ્રમ છે. એ સંપત્તિ નથી, સંગ્રહ છે. પોતાની પાસે નથી તે બીજાથી પ્રભાવિત થાય છે. મારી અંદર સંપત્તિ શું છે? સંગ્રહ શું છે? એ સમજું તે સાધનાની શરૂઆત છે. અંદર દેખો તો દેખાઈ આવશે કે આપે કર્મ નહિ પરંતુ પ્રતિકર્મ કર્યાં છે. કર્મની ક્રિયા સ્વતંત્ર છે. મોક્ષનો અર્થ ચેતનાની પરિપૂર્ણ સ્થિતિ, જે કોઈના પ્રભાવથી નહિ પરંતુ સ્વપ્રભાવથી પ્રકાશિત છે. કયો રસ્તો છે કે જેથી સુખ–આનંદ પ્રતિ ગતિ થાય, તમારી શુદ્ધ ચેતના તમારા જીવનને સંચાલિત કરવા શકિતમાન થાય?

આચરણ, વિચાર અને ભાવના એ વ્યકિતત્વના ત્રણ ઢંગ છે. આ ત્રણેમાં આપણે સ્વતંત્ર કે પરતંત્ર બની શકીએ છીએ. સૌથી ઘેરું કેન્દ્ર ભાવનાનું છે; તેથી ઓછું ઘેરું વિચારનું અને તેથી ઓછું ઘેરું આચારનું છે. ભાવનાના સ્તર ઉપર ક્રાંતિ કરવાની છે. કદી એ અનુભવ કર્યો છે કે કયા ભાવ સ્વતંત્ર બનાવે છે અને કયા ભાવ પરતંત્ર બનાવે છે? ક્રોધ બાંધે છે,અક્રોધ બાંધતો નથી. ઘૃણા બાંધે છે; કરૂણા બાંધતી નથી. આસકિત-રાગથી બંધાઉં છું; પ્રેમથી બંધાતો નથી.

કોઈ વ્યકિત પોતાના ચિત્તને એ રીતે કેળવે કે કોઈ પ્રતિ તેને ઘૃણા ન હોય, રાગ ન હોય, તે વ્યકિત પ્રેમ કરશે. સંયમ માનવીને બાંધનારી બે વૃત્તિની વચ્ચે રહે છે, સંયમ કરશે તે ઘૃણા અને મોહ બંનેની વચ્ચે રહી પ્રેમ કરશે. વીણાના તાર બહુ ઢીલા હશે તો સંગીત નહિ ઊઠે, બહુ કઠણ હશે તો પણ સંગીત નહિ ઊઠે, તારની મધ્યમ સ્થિતિમાં સંગીત ઊઠે છે. જીવનના તાર પણ ન ઢીલા હોય, ન કઠણ હોય તો જીવનવીણામાંથી મધુર સંગીત પેદા થાય છે.

જીવનમાં ભોગ અને ત્યાગ બંને ભૂલ છે. ત્રીજો ખૂણો છે સંયમનો. આગ્રહ ત્યાગ પર નહિ, સંયમ પર જોઈએ. ભોગથી રોગ અને ત્યાગથી વિરાગ પેદા થાય છે, જ્યારે સંયમથી વીતરાગતા પ્રગટે છે.

એક ધનની પાછળ જાય છે, એક ધનને ત્યાગી તેનાથી દૂર ભાગે છે. તે બંનેની શ્રદ્ધા ધનમાં છે. સંયમ–ધનની વાસનાથી મુકત બનવામાં રહેલો છે. જેનાથી ભાગો છો તેનાથી મુકત થવાના નથી કેમકે તે પાછળ પડે છે. સંયમનો અર્થ સમજવો જરૂરી છે. ઘૃણા–રાગ, ભોગ-ત્યાગ–આમ પ્રત્યેક ચીજમાં બે વિપરીત ભાવો છે. આ બે વિપરીત ભાવોની વચ્ચે સંયમ ઊભો છે.

એક સાધુ કહે, "હું ધનને સ્પર્શતો નથી, કારણ કે ધનને અડવામાં ગભરાટ છે. ધનમાં તેને વાસના–લીપ્સા છે. ધન અર્થ-હીન લાગવું જોઈએ. દુરાગ્રહ–સદાગ્રહ બંને બાંધે છે. નિરાગ્રહ સંયમ છે. જેના પ્રતિ રાગ છે ત્યાં વિરાગ નથી; વિરાગ છે ત્યાં રાગ નથી. રાગ શૂન્ય થવો જોઈએ. સંયમ–સૂક્ષ્મ વસ્તુ છે. તેનું પૂરું રૂપ સ્પષ્ટ થાય તો જ સાધના થઈ શકે છે.

ક્રોધ કરે તે ભૂલ કરે છે, ક્રોધ દબાવે તે પણ ભૂલ કરે છે. ક્રોધ ઊઠે ત્યારે તટસ્થ થઈ જાય, સંયમી થઈ જાય, પોતાના ભાવોનો દ્રષ્ટા બને તો તે ભાવોનો સંયમી બને છે. ભાવોનો સંયમ આવશ્યક છે.

પ્રત્યેક વ્યકિત પોતાનો ભાવ કેટલો કમજોર છે તેનું એકાંતમાં બેસી નિરીક્ષણ કરે, તેને ઊઠવા દે, ચિત્તમાં જે સંકલિત થાય તેને માત્ર દેખે. ભાવના જગતમાં સંયમ કેળવવા માટે નિરીક્ષણનો પ્રયોગ કરવો ઘટે છે.

તમારા વિચાર તમારા નથી, પરાયા છે, એકઠા કરેલા છે. જ્ઞાન જાણી શકે છે. વિચાર જ્ઞાનને આવરોધક છે. વિચાર બહારથી અંદર આવે છે, જ્યારે જ્ઞાન અંદરથી બહાર આવે છે. વિચારનું ગમન બહારથી અંદર છે. જ્ઞાનનું ગમન અંદરથી બહાર છે. બહારના વિચારો જ્યાં સુધી અંદર જશે ત્યાં સુધી અંદરનું જ્ઞાન બહાર નહિ આવે. જ્ઞાન પોતાનું સ્વરૂપ છે, તેને ઉઘાડવું છે, જગાડવું છે. વિચારોના જગતથી શૂન્ય થવાનું છે. ભાવનું નિરીક્ષણ કરે તો ભાવ સંયમમાં પરિણમે. વિચારનું તટસ્થ નિરીક્ષણ થાય તો વિચારને શૂન્ય બનાવી શકાય.

ઘરમાં પ્રકાશ હોય, લોકો જાગતા હોય તો ચોર પ્રવેશ કરી શકતો નથી. જ્યારે અંદરની ચેતના જાગૃત હોય ત્યારે વિચારો પ્રવેશ કરી શકતા નથી. વિચારોનું નિરીક્ષણ કરાય તો વિચારશૂન્ય થવાય. કોઈ ઘડી કોઈ સમય અંદર ચાલતા વિચારોનું નિરીક્ષણ કરો. ક્ષણ-ભર અંદર જોશો તો સન્નાટો લાગશે. સન્નાટો તે સાધના છે. આપણે વિચારોના આગમનને રોકવું છે. ચેતના જાગે તો વિચારોના પ્રવાહને શૂન્ય કરી દે.

આચરણ એ ભાવ અને વિચારોની સંયુકત પ્રક્રિયા છે. આચ-રણની શુદ્ધિ એ એની કસોટી છે. જે આચરણ ભાવના સંયમને તોડે છે તે અશુદ્ધ આચરણ છે. જે આચરણ વિચારોના વેગને વધારે છે તે પણ અશુદ્ધ આચરણ છે.

ભાવને સંયમી કરે, વિચારોને શૂન્ય કરે તો તેનું આચરણ શુદ્ધ થાય. જીવનની વિસંગીતતા તે દુ:ખ. જીવનમાં સંગીત પેદા થાય તો બધું દુ:ખ નાશ પામે છે. હું જેની ચોરી કરું છું તેને ઓછું નુકસાન પહોંચાડું છું, પણ મને–મારા ભાવોને–કૃત્યોને વધારે નુકસાન પહોંચાડું છું. બુધ્ધે સામે ગાળ ન આપી તો બુદ્ધને નુકસાન ન થયું. આ આચરની શુદ્ધિ છે.

એક સાધુ ગામથી જતો હતો. કોઈએ તેને સુવર્ણપાત્ર ભેટ આપ્યું. ચોરે તે જોયું. તે સાધુની પાછળ ગામની બહાર ગયો. સાંજ પડતાં એક ખંડિયેર મકાનમાં સાધુ રાત રોકાવા થોભ્યો, ચોર પણ ભીંતની બીજી બાજુ લપાઈને બેઠો. તેના મનમાં વિચાર હતો કે સાધુ ઊંઘી જશે એટલે પાત્ર લઈને ભાગી જઈશ. સાધુને લાગ્યું, આને પાત્ર જોઈએ છે, એટલે તેણે ચોર હતો તે તરફ દીવા-લની પેલી બાજુ પાત્ર ફેંકી દીધું. ચોર આશ્ચર્યચકિત બની ગયો! તેણે અંદર આવવા રજા માંગી. અંદર આવી પૂછયું, "તમે સુવર્ણપાત્ર ફેંકી કેમ દીધું?" સાધુએ શાંત ભાવે કહ્યું, "તારે પાત્ર જોઈતું હતું તો પછી તને તે માટે પ્રતીક્ષા કરાવવાનું પાપ હું શા માટે કરું?" "તમારી શાંતિ જોઈ હું મુગ્ધ બની ગયો છું. આવી શાંતિ મને કયારે મળે? સાધુએ જવાબ આપ્યો, "અત્યારે જ!" ચોરે પૂછયું, "કેવી રીતે?" જવાબ મળ્યો, "જે કાર્ય તમારા વિચારો અને ભાવોને નુકસાન પહોંચાડે તે છોડી દો. અને જુઓ કે ઊંડા આનંદનો અનુભવ તમને થશે." જીવનમાં એટલો ખ્યાલ આવે કે જે ભાવોનું નિરીક્ષણ થાય, ઊઠતા વિચારોની શૂન્યતા થાય તો તેનાથી આચારની શુદ્ધિ આવે છે. આ અંદરનું પરિણામ છે.

ભગવાન બુદ્ધના 'પુણ' નામના શિષ્યની શિક્ષા પૂરી થઈ એટલે બુદ્ધના આશ્રમમાંથી તે વિહાર કરી રહ્યો હતો. ત્યારે બુધ્ધે તેને પૂછયું, "અહીંથી જઈને હવે શું કરશો?" પુણે કહ્યું, "લોકોને ઉપદેશ આપીશ." બુધ્ધે કહ્યું, "લોકો તે વખતે તમને ગાળો દેશે તો?" "તો તેમને ધન્યવાદ આપીશ કે તેઓ મને મારતા નથી." શિષ્યે કહ્યું.

બુદ્ધે: કહ્યું, "અને મારશે તો?"

પુણે કહ્યું, "મારશે તો પણ ધન્યવાદ આપીશ. કેમકે તેઓ મને મારી નાખતા તો નથી ને!"

"પણ, મારી નાખશે તો?"

"તો યે તેમને ધન્યવાદ દઈશ. કેમકે તેમણે જીવનથી છૂટકારો કરાવ્યો."

બુદ્ધે કહ્યું, "તમે અભ્યાસને બરાબર પચાવ્યો છે. ઉપદેશક થવાની યોગ્યતા તમારામાં છે. જીવનની આવી સ્થિતિ તે જ જીવનનું સંગીત છે. સંપત્તિ પામે પણ જીવનનું સંગીત ખોવે છે તે બધું જ ખોવે છે. ભીતરનું સંગીત પ્રાપ્ત કર્યું છે તેના જીવનમાં વીણાના નાદ બજતા હોય છે.

(૧) ભાવનો સંયમ, (૨) વિચારની શૂન્યતા, (૩) આચારની શુદ્ધિ.

આ ત્રણ તત્ત્વ પર આત્માને રહેવા તૈયાર કરો. માત્ર પૂજા, પ્રાર્થના કે ઈચ્છાથી સત્ય સાંપડતું નથી.

માળી બીજ વાવે, પછી ઉછેરવાનો શ્રમ કરે તેમ ચિત્તની ભૂમિને તૈયાર કરવી જોઈએ. તો સત્યનાં ફૂલ પેદા થાય. અંદરનું આત્માનું ફૂલ વિકસિત હોય તો દુનિયા સુવાસથી ભરાઈ જાય. પોતાનો સ્વયંનો અંદરનો પ્રયાસ જોઈએ, ચિત્તની ભૂમિને તૈયાર કરવી જોઈએ.

卐 卐 卐

ઉપરની નોંધમાં જણાવેલ ત્રણ વ્યાખ્યાન ઉપરાંત એક કાર્યકર્તાના નિવાસ સ્થાન ઉપર આચાર્ય શ્રી રજનીશજી સાથે પ્રશ્નોત્તરીનો પ્રસંગ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે તેમને પૂછાયલા અનેક પ્રશ્નોમાં એક મહત્ત્વનો પ્રશ્ન નીચેની મતલબનો હતો:–

"આપ અધ્યાત્મજ્ઞાનની ખૂબ ઉમદા વાત કરો છો. આપના શ્રોતા સમુદાયનો મોટો ભાગ આર્થિક રીતે સુખી લોકોનો જોવામાં આવે છે. પણ વર્તમાન ભારતમાં તો વધુ ટકા લોકોને રોટીની પ્રાપ્તિ માટેની જ ઉપાધિ ખાસ પીડતી હોય છે. તો આપના કામમાં એવી સંસ્થાઓની સ્થાપના અને તેનો પ્રચાર શું આવશ્યક નથી કે જે દ્વારા ગરીબોને રોટી મળે?"

તેનો જવાબ તેમણે નીચેની મતલબનો આપ્યો હતો:–

"ગરીબને રોટી આપાવવાના ભાવ જાગવા કે તેને માટે પ્રયાસ કરવો તેનો ઉદ્‌ભવ પ્રેમમાંથી થાય છે. હૃદયમાં ગરીબો માટે પ્રેમ પ્રગટે તો તેમને જોઈતું આપવાના ભાવ પેદા થાય! માનવહૃદયમાં રહેલો પ્રેમભાવ જાગૃત કરવાનો મારો પ્રયાસ છે. બાકી તો સામાજિક સેવા કરતી સંસ્થાઓ આ પ્રકારનાં કાર્યો કરે છે. એ ભલું કાર્ય છે. તેની જરુર પણ છે. અને આવાં સ્થૂળ કાર્યો કરનાર સંસ્થાઓનું અસ્તિત્ત્વ ઠીક પ્રમાણમાં છે તેમને તેમનું કાર્ય કરવા દો.

"માનવહૃદયમાં પ્રેમની ભાવના જગાડવી–તેને માત્રા વધારવી એ સૂક્ષ્મકાર્ય છે; અને સવિશેષ મહત્ત્વનું છે. અમીર પોતાની ચાર રોટલીમાંથી બે રોટલી વહેંચીને ક્યારે ખાશે? જ્યારે તેના હૃદયમાં ગરીબો પ્રત્યે પ્રેમભાવ - કરુણાનો ભાવ - પેદા થશે ત્યારે.

"વહેંચીને ખાવાનો પ્રયોગ રશિયામાં રાજકીય સત્તાથી તો લગભગ અર્ધી સદીથી ચાલી રહ્યો છે, પણ ત્યાં માનવ મનનાં દુઃખ હળવાં બન્યાં નથી. સામ્યવાદ સૌને સરખા કરવા પ્રયત્ન કરી રહ્યો છે. અમીરનું લૂંટી ગરીબને આપવા તે મથી રહ્યો છે. પણ અમીરનું લૂંટી ગરીબને આપવામાં ગરીબોમાં અમીરો પ્રત્યેની ઘૃણાનો ભાવ વધે છે, પ્રેમની વૃદ્ધિ થતી નથી. સૂક્ષ્મ દૃષ્ટિએ જોઈએ તો ગરીબની દરિદ્રતા કરતાં અમીરનું દારિદ્રય વધારે છે. ગરીબ પાસે બે રોટી નથી, ત્યારે અમીર પાસે તો પ્રેમભર્યું હૃદય નથી. સારાયે વિશ્વમાં આજે અમીરો પ્રતિ ગરીબોને ઘૃણા છે. ગરીબો પ્રતિ અમીરો બેદરકાર છે. તેમના પ્રતિ તેમને પ્રેમ નથી. ગરીબની ઘૃણા મટવી જોઈએ. અમીરમાં પ્રેમ પ્રગટવો જોઈએ. આમ થાય તો માનવ માનવ વચ્ચેની સમતુલા સચવાય."

સંકલન કરનાર: **શ્રીમતી લીલાવતી કામદાર**

## વિષયસૂચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| આચાર્ય રજનીશજીનું એક પ્રવચન | સંપાદક: લીલાવતીબહેન કામદાર | ૨૦૫ |
| અનાજની સમસ્યાને લગતી કટોકટી | ઉછરંગરાય ઢેબર | ૨૦૭ |
| વણનોંધાયેલો નફો | પ્રા. સી. એન. વકીલ | ૨૦૯ |
| યંત્રવિજ્ઞાન અને યુદ્ધ | શ્રી. મૅક્સ બૉર્ન | ૨૧૧ |
| સોનેરી મૌન (અવલોકન) | | ૨૧૩ |
| કવિવર્ય મુનિશ્રી નાનચંદ્રજીનું મંગલ મહાપ્રસ્થાન | પરમાનંદ | ૨૧૪ |
| પ્રકીર્ણ નોંધ: સ્વપ્નાંની બોલી અંગે, ઉપધાનોનો રાફડો ફાટયો છે, મુંબઈ ખાતે આચાર્ય પદવી–પ્રદાન પાછળ થનારો પુષ્કળ ધનનો ધુંવાડો. | પરમાનંદ | ૨૧૫ |


# અનાજની સમસ્યાને લગતી કટોકટી

એક પછી બીજી, એમ કટોકટીની પરંપરામાંથી આજે આપણે પસાર થઈ રહ્યા છીએ. એમ લાગે છે કે, ક્યાંક ગંભીર ભૂલ આપણે કરી છે. એ ભૂલ ક્યાં કરી છે એ કહેવું મુશ્કેલ છે. વળી આ તબક્કે એમ વાતોશૂરા થઈને અન્વેષણ કરવા બેસવાનો આ વખત નથી. અત્યારે તો આપણે એનો ઉપાય કરવાનો છે. એ પણ ખૂબ જ સાવધાનીથી.

અનાજની સમસ્યાનાં બે મુખ્ય પાસાં છે: એક તો અન્ન-પ્રાપ્તિની શક્યતા અને બીજી તરફે ભાવ.

એક વર્ગ એવો છે જેને જ્યારે પણ, જેવું જોઈએ તેવું અનાજ મળે છે અને એમને એ સહેજે પોસાય છે. દેશના આ લોકો ખરેખર ખૂબ જ સુખી અને નસીબદાર લોકો છે. આપણને એ સામે કાંઈ વાંધો કે ક્યવાટ પણ નથી. આજે અનાજના ભાવો પણ પહેલાં કરતાં અનેકગણા વધારે છે. પણ ભાવો એ એમને માટે પ્રશ્ન નથી. ગમે તે ભાવ આપવા એ લોકો તૈયાર છે. એ પ્રાપ્ત કરવા પ્રયાસો કરવા પડે, પણ એ આખો યે અલગ પ્રશ્ન છે.

બીજો એક વર્ગ એવો છે કે, જે થોડી મુશ્કેલીઓ પછી યે અનાજ ખરીદવાના પૈસા મેળવે છે. પણ આ અનંત હારમાળાની લાંબી લાંબી કતારોમાં ઊભા રહેવાનું એમને કેમેય પોસાય તેમ નથી. એમ કરવામાં કાં એમની રોજી કપાય છે, કાં તો સમૂળું દિવસનું કામ એને જતું કરવું પડે છે. એટલે નિરુપાયે એમને પાછલા બારણાનો જ આશ્રય લેવો પડે છે, અને ત્યાં પણ ઝટ દઈને અનાજ હાથ આવી જતું નથી.

### વાજબી ભાવોની દુકાન

છેલ્લે લોકોનો એક થર એવો છે જેમની પાસે પૈસા યે નથી, અને સમય પણ નથી. એમની નિરાશાનો પાર નથી. એમની આશાનું તરણું છે, વાજબી ભાવની દુકાન અને એમાં વેચાતા વિદેશથી આવેલા ઘઉં. એમાં પણ 'વહેંચો તે પહેંચો'નો સિદ્ધાંત ઊભો જ છે. ખરેખર દેશની આ સ્થિતિ ઘણી જ નિરાશા ઉપજાવે તેવી છે.

આ પરિસ્થિતિના કારણ રૂપે છે તંગી, વહેંચણીની મુશ્કેલી અને ભાવો પર લગામનો અભાવ.

પહેલા કારણ માટે સામુદાયિક પ્રયાસોની નિષ્ફળતા જવાબદાર છે જ્યારે બીજા બે કારણોની જવાબદારી મુખ્યત્વે વહીવટીતંત્રની નિષ્ફળતામાં છે. દેશના સુયોજિત વિકાસમાં ખતરારૂપ બનેલી આ સમસ્યાનો ઉકેલ શોધીને નક્કર પગલાં લેવાનો સમય હવે પાકી ગયો છે.

અત્યાર સુધી સરકારે અનાજના પ્રશ્નને પહોંચી વળવા મુખ્યત્વે આયાત ઉપર આધાર રાખ્યો છે. આપણે ચાળીશથી પચાસ લાખ ટન જેટલું અનાજ આયાત કરીએ છીએ. કદાચ આ વર્ષે એથીયે વધુ પ્રમાણમાં કરીએ એમ બને. એથી તંગીમાં થોડો ઘણો તફાવત પડશે. આ આયાત, આપણને ગમે કે ન ગમે, આપણે ચાલુ રાખવી જ પડશે.

### વધતી જતી જરૂરિયાતો

જો લોકોમાં વિશ્વાસ પુનઃ સ્થાપવો હોય, ફરી એમને નિરાંતનો અનુભવ કરાવવો હોય તો લાંબા ગાળાની આયાતવ્યવસ્થા આપણે કરવી જોઈએ એવી શ્રી એસ. કે. પાટિલે કરેલી દલીલમાં કાંઈક તથ્ય જરૂર છે. આથી એક બાજુએ લોકોને ધરપતની લાગણી થયા વિના રહેશે નહિ, કે હવે દાણા મળી શકશે, જ્યારે બીજી બાજુએ વેપારીને પણ ચેતવણી મળી જશે કે સંગ્રહખોરી કરવાથી કે અનાજ ભૂગર્ભમાં રાખી મૂકવાથી ફાયદો થશે નહિ.

જો કે ખરી રીતે આ પગલું પીછેહઠ જેવું જ થયું. પણ સાથોસાથ આપણે ઉત્પાદન વધારવા માટે ભગીરથ પ્રયાસો કરવા રહ્યા. આયાતથી તો અમુક સમય માટે તંગીને પટોંરી વળી શકીએ, પણ આપણી વધતી જતી જરૂરિયાતો, ફેલાતી જતી જનસંખ્યા, અને સાથે જીવનધોરણ સુધરતાં આપણી ઉમેરાતી જતી માગણીઓને પહોંચી વળવા આયાત ઉપર ક્યાં સુધી આધાર રાખી શકાય? આ

વધતી આવશ્યકતાઓને માત્ર ઉત્પાદન વધારીને જ પહોંચી શકાય. આ જ પગલું ભરવામાં આપણે પાછા પડ્યા છીએ.

### સ્વાવલંબન વિના આરો નથી

કાં તો વધુ પડતા આત્મસંતોષને લીધે અથવા તો આત્મવિશ્વાસને કારણે આપણે ખેતીની ઉપજ વધારવામાં આપણી સાધનસંપત્તિનો ઉપયોગ કરવો જોઈએ એટલા પ્રમાણમાં કર્યો નથી. ભારતમાં ખેતીના ઉત્પાદનની બાબતનો, જથ્થાબંધ કે કુલ પ્રમાણને દૃષ્ટિ સમક્ષ રાખીને જ આપણે વિચાર કર્યો છે. પણ ઉપજને વધારવાનો સાચો દૃષ્ટિકોણ છે, એકર દીઠ ઉપજ વધારવાનો. કૃષિક્ષેત્રે સ્વાવલંબી થવાનો સાચો ઉપાય જ એ છે કે જ્યાં આજે અન્નનું એક ડોડવું ઉગે છે, એની જગ્યાએ વાસ્તવમાં બે ડોડવા ઉગવા જોઈએ. આખરી ઉપાય આ હકીકતમાં રહેલો છે.

અત્યારે કંટાળાજનક અને લાંબાગાળાનો જે માર્ગ રાજ્યે અપનાવ્યો છે, એને બદલે જગતના બીજા દેશોના અનુભવ પરથી સમજીને જ એકર દીઠ ઉપજ વધારવાનો ટૂંકો અને ખાતરીભર્યો માર્ગ આપણે અપનાવવો જોઈતો હતો. આપણી જરૂરિયાત પૂરી પાડનાર બીજું કોઈ નહિ પણ ખેડૂત જ છે. અને જો, એના પર જે જવાબદારી છે તેને એ ઉપાડી શકે એવી આપણે ઈચ્છા રાખતા હોઈએ, તો એના બાવડામાં રાજ્ય અને પક્ષના તંત્રે બળ પૂરવું રહ્યું. આપણે આ માટે ઘણી ચીજો કરવાની છે. એ બધું સિદ્ધાંતમાં જ રહ્યું છે, એને અમલમાં મૂકવા કોઈએ પ્રયાસ કર્યો નથી. ખાસ કરીને નાના ખેડૂતને હંમેશાં તેના મર્યાદિત સાધનો પર જ છોડવામાં આવ્યો છે.

### સિંચાઈ યોજનાઓ

ખેડૂતને વળતરનો ભાવ મળવો જોઈએ એટલી હકીકતને સ્વીકારતાં આપણને ઘંદર ઘંદર જેટલાં વર્ષો લાગી ગયાં. આટલું સમજવા આપણે ૧૯૫૫ના આવાડી અધિવેશનથી ૧૯૬૪ના ભૂવનેશ્વર અધિવેશન સુધીની મજલ કાપવી પડી. હજી આપણા સિંચાઈના પ્રોજેક્ટને પૂરા કરતાં આપણને ૨૫ વર્ષ નીકળી જશે. પછી પણ ખેતીના વિસ્તારમાંથી માત્ર ચોથા ભાગને પાણી પહોંચતું થશે. સિંચાઈ માટે ઈંગ્રાયલે જે પ્રથા આપનાવી છે એના વિચારની ભૂમિકાએ પણ હજી આપણે પહોંચ્યા નથી. ગંગા, જમના, ચંબલ, નર્મદા, કૃષ્ણા, ગોદાવરી અને કાવેરીના નિઃસીમ વારિપ્રવાહ દરિયામાં ઠલવાઈ રહ્યો છે. આ નદીઓને નહેરથી જોડીને એના પાણીને ગ્રામવિસ્તારમાં પથરાયેલા પડેલા સેંકડો એકરના ઉજજડ અને સુકા ખેતવિસ્તારોમાં લઈ જવાનો વિચાર આપણે હજી સુધી કર્યો નથી. ખેડૂતને સમયસર જરૂરી ધીરાણ ખાતરીથી મળે એવી જોગવાઈ કરવાની આપણે ભારપૂર્વક વાતો કરતા આવ્યા છીએ, પણ એનો અમલ કરતાં આપણને હજી વરસો નીકળી જશે. ખેડે તેની જમીનની પરિસ્થિતિ ઊભી કરતાં આપણે હજી બીજી ક્રાંતિ લાવવી પડશે એવું લાગે છે. ત્યાં સુધી ખેડૂતના ક્રામનો લાભ વચ્ચે બીજા વર્ગ જ ઉઠાવ્યા કરશે.

### વહીવટી તંત્ર

ગોકળગાયની ગતિએ ચાલ્યા કરવું અને પછી આશા એવી રાખવી કે આપણા ખેતીઉત્પાદનમાં ક્રાંતિકારક ફેરફાર થવા જોઈએ. એનો અર્થ તો એ જ થાય કે, આકાશમાંથી આવીને ભોજનનો કોળિયો સીધો મોંમાં પડે. કૉંગ્રેસે હવે આ અંગે મક્કમ થવું જરૂરી છે. જેવી રીતે આયાતમાં આપણે મક્કમ થયા છીએ એમ જ. લોકોને વિશ્વાસમાં લેવા જોઈએ અને એમ કરતાં એમને એમ ન થવું જોઈએ કે આપણે તેમને છેતરીએ છીએ. નિવારી શકાય એવો માનવસર્જિત દુષ્કાળ આપણે ઊભો કર્યો છે એવું લોકો કહે એવી પરિસ્થિતિ આવવી ન જોઈએ.

આ પગલાંથી આપણે વર્તમાન અને ભવિષ્યની અછતની પરિસ્થિતિને પહોંચી વળવાના દેખીતા ઉપાયો કરી શકીશું. બીજાં બે પગલાં પણ આવશ્યક છે. આ બે પગલાંમાંનું એક વહેંચણી બાબતનું છે, જ્યારે બીજું ભાવોની બાબતનું છે.

ખરું જોતાં દુકાળનાં લક્ષણો, પ્રાદેશિક અસમાનતાઓ અને નબળા અને કાર્યક્ષમતાવિહીન વહીવટીતંત્રની સરખામણીમાં વહેંચણી અને ભાવનિયમનની સમસ્યા તદ્દન નજીવી લાગે છે.

### ચિન્તાનો અતિરેક

કેરળની ખરીદીને કારણે આંધ્ર અને મદ્રાસમાં ચિંતા થવા માંડે છે. એવી જ રીતે કલકત્તાની ખરીદીથી ઓરિસ્સા, મુંબઈ અને ગુજરાતની ખરીદીથી મધ્યપ્રદેશ ચિંતાતુર થઈ જાય છે. કદાચ આ ચિંતામાં અતિરેકનો અંશ હોઈ શકે પણ એ વસ્તુ પણ આપણે સ્વીકારવી રહી કે છતવાળા રાજ્યોના ભાવોને અસર કરે એ બાબત એમને ચિંતાતુર બનાવે તે સમજી શકાય એવું છે.

એક વાત બહુ જ ચોખ્ખી દેખાય છે, કે રાજ્યવાર ઝોન પદ્ધતિ એ પરિસ્થિતિનું નિરાકરણ નથી. એનાથી ગુંચવાડા થયા છે. રાજ્યોની જે ધારણા હતી કે છતવાળા વિસ્તારોનું વધારાનું અનાજ કેન્દ્ર માટે પ્રાપ્ત કરી શકાશે, એ સરિયામ નિષ્ફળતામાં પરિણમી છે. રાજ્યોમાં એવી લાગણીએ જન્મ લીધો કે, દરેક રાજ્યે પોતાનું ઘર સાચવી લેવું બાકીના ભલે ભૂખ્યા રહે. આ તો રાષ્ટ્રના હિતની તદ્દન વિરુદ્ધની વાત થઈ. એ ખોટો રસ્તો છે. રાજ્યવારનું આ નિયંત્રણ દૂર કરવું જોઈએ.

પણ એવી જ રીતે આ સ્થિતિનો બીજો છેડો છે, એકદમ દેશભરમાં મુકત હેરફેરની છૂટ આપી દેવાનો. ફુગાવાના પ્રવાહો અત્યારે બધે પ્રસરી રહ્યા છે ત્યારે આવું આખરી પગલું લેવાનું ખૂબ જ જોખમકારક નીવડે. એ પગલું અત્યારે લઈ શકાય નહિ. શ્રી કીડવાઈએ પણ એક ફૂદકે આવું પગલું લીધું નહોતું. તો તો તરત જ દેશભરમાં લોકો પારાવાર ખરીદી શરૂ કરી દે અને દેશના દરિદ્ર વિસ્તાર અને દરિદ્ર થરના લોકો ભારે વિમાસણમાં આવી પડે. ચોખાનો પાક આ વખતે અપવાદરૂપ—સરસ નીવડ્યો છે. ઘઉંનો પાક હજી બજારમાં પ્રવેશે એ પહેલાં ચાર મહિના જેવો સમય નીકળી જશે.

### વ્યવહારુ ઉકેલ

સૌથી વધુ વ્યવહારુ ઉકેલ એ છે કે રાજ્યવાર ઝોન પદ્ધતિમાંથી દેશભરમાં સંપૂર્ણપણે મુકત હેરફેર ભણી આપણે તબક્કાવાર પગલાં લેવા જોઈએ. આ માટે વ્યાજબી રીત એ છે કે અછતવાળાં રાજ્યોને છતવાળાં રાજ્યો સાથે એવી રીતે જોડવાં જોઈએ કે જેથી તે વિસ્તારની ઊપજની વાજબી વહેંચણી થાય. છત વિસ્તાર પર એટલો બધો બોજો નહિ પડવા દેવો જોઈએ કે જેથી એ જ અછતનો પ્રદેશ થઈ જાય.

છત અને અછતના વિસ્તારોને જોડવાથી જે અસમતુલા ઊભી થાય તે સઘળી સરખી કરવા માટે ગીચ વસતિવાળા કે વધુ ખરીદીની આવશ્યકતાવાળા પ્રદેશોની સંપૂર્ણ જવાબદારી કેન્દ્ર સરકારને સોંપી દેવી જોઈએ.

આમ કરવાથી તંત્રના સંચાલનનું ચિત્ર કાંઈક આવું બની રહેશે:

(૧) દક્ષિણનાં બધાં જ રાજ્યોનો એક ઝોન. એમાંથી કેરળ રાજ્ય તથા મદ્રાસ, હૈદરાબાદ, બેંગ્લોર અને કોઈમ્બતુર શહેરોની જવાબદારી કેન્દ્ર હસ્તક રહે.

(૨) પશ્ચિમનાં ત્રણ રાજ્યો ગુજરાત, મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશનો એક ઝોન. એમાં શોલાપુર, મુંબઈ અને અમદાવાદ શહેરો કેન્દ્રની જવાબદારી તળે રહે.

(૩) પશ્ચિમ બંગાળ, આસામ અને ઓરિસાનો બનેલો પૂર્વીય ઝોન. એમાં કલકત્તા કેન્દ્રની જવાબદારી નીચે.

(૪) ઉત્તરનાં ત્રણ રાજ્યોનો એક ઝોન, જેમાંથી કાનપુર શહેર કેન્દ્રની જવાબદારી નીચે રહે.

### કેન્દ્રની જવાબદારી

એક ઝોનમાંથી બીજા ઝોનમાં જતાં અનાજની હેરફેરનું સંચાલન સંપૂર્ણપણે કેન્દ્ર સરકાર દ્વારા જ થવું જોઈએ. એક જ ઝોનની અંદરના અને કેન્દ્રની જવાબદારી સિવાયના વિસ્તારોમાં અનાજની સંપૂર્ણતઃ મુકત હેરફેર રહે. જે વિસ્તારો કેન્દ્રની જવાબદારીના હોય તેની ફરતી સખત નાકાબંધી રહેવી જોઈએ. કેન્દ્ર સરકારે આ વિસ્તારોની જરૂરિયાતને પહોંચી વળવા, આયાત કરાતા અનાજની સાથોસાથ ખેડૂતો પાસેથી સીધી ખરીદી કરીને પણ દરેક રાજ્યમાં સંતોષકારક પ્રમાણમાં અન્નનો જથ્થો સંઘરી રાખવો જોઈએ.

('જન્મભૂમિ'માંથી સાભાર ઉધ્ધૃત) ઉછરંગરાય ઢેબર

# ❋ વણનોંધાયેલ નફો ❋

(ગત પર્યુષણ વ્યાખ્યાન માળામાં જાણીતા અર્થશાસ્ત્રી પ્રાધ્યાપક સી. એન. વકીલે આપેલા વ્યાખ્યાનની નોંધ નીચે આપવામાં આવે છે.—**તંત્રી**)

હિસાબ બહારનાં નાણાં (અનએકાઉન્ટેડ મની) એ શબ્દ-પ્રયોગ હાલમાં અવારનવાર ચર્ચાઓમાં એમ સૂચવવા માટે વાપરવામાં આવે છે, કે અમુક વ્યકિતએ અનિચ્છનીય ઉપાયો દ્વારા એ નાણાં મેળવેલાં છે, એટલે કે એ વ્યકિત આ નાણાંનો હિસાબ આવકવેરા અધિકારીઓને નહિ બતાવવામાં અને એ રીતે તેના ઉપરના વેરામાંથી છટકી જવામાં સફળ થયેલ છે.

આ નાણાંનો જથ્થો વધીને જંગી બનવા પામ્યો હોય એમ જણાય છે. જથ્થા અંગે વિવિધ અંદાજ મુકાય છે. જો કે, સૌ કોઈ એટલું જાણે છે, કે આવાં નાણાંનો કોઈ અંદાજ બાંધવાનું શકય નથી. કેમ કે એ નાણાં ખાનગી હોય છે અને તેને હિસાબમાંથી બહાર રાખવામાં આવ્યાં હોય છે. નાણાંપ્રધાને હિસાબ બહારનાં નાણાંનો ૧૯૬૩ના નવેમ્બરમાં ઉલ્લેખ કર્યો ત્યાર પછી આ વિષયને જે મહત્ત્વ અપાઈ રહ્યું છે તે જોતાં આ વિષયને શકય તેટલો સ્પષ્ટ રીતે સમજી લેવાનું યોગ્ય થઈ પડશે.

### અંદાજોની ભ્રામકતા

આ વિષય ઉપર અવારનવાર થતી ચર્ચાઓમાં એમ માનો લેવામાં આવે છે કે આ હિસાબબહારનાં નાણાં મુખ્યત્વે રોકડ અથવા ચલણી નોટોના સ્વરૂપમાં હોય છે. હિસાબબહારનાં નાણાં એ શબ્દપ્રયોગે જ આવી માન્યતા ઊભી કરી છે. આ પ્રકારનાં નાણાંનો એક અંદાજ આશરે રૂા. ૩૦ અબજનો મૂકવામાં આવ્યો છે. તાજેતરમાં મુંબઈમાં ફિલ્મ અભિનેતાઓના ઘરોમાં પાડવામાં આવેલી ધાડો દરમિયાન તેમના કબજામાંથી રોકડ નાણાંના મોટા જથ્થા મળી આવ્યા છે તે પણ એવી માન્યતાને સમર્થન આપે છે, કે આ હિસાબબહારના નાણાં મુખ્યત્વે રોકડના રૂપમાં હોવાં જોઈએ, પરંતુ આ માન્યતામાં રહેલી ભૂલનો ખ્યાલ આપણને એ હકીકત ઉપરથી આવી રહે છે કે, રિઝર્વ બેન્કે દેશમાં ચલણમાં મૂકેલી નોટોની કુલ રકમ આશરે ૨૫ અબજની થાય છે. એટલે જો હિસાબબહારનાં નાણાં એ શબ્દનો અર્થ રોકડ એવો કરવામાં આવતો હોય તો એ માન્યતા ખોટી છે એ સ્પષ્ટ થઈ જાય છે.

### હિસાબબહારનાં નાણાંનું જુદું જુદું રૂપ

એવું વિધાન કદાચ કરી શકાય કે જેઓ હિસાબબહારનાં નાણાં ધરાવતા હોય છે તેમાંથી માત્ર અપવાદરૂપ વ્યકિતઓ જ એ નાણાં રોકડ રૂપમાં ધરાવતી હોય છે. આવાં નાણાં રોકડ રૂપમાં ધરાવવામાં રહેલાં જોખમનું ભાન હોવાથી એવાં નાણાં ધરાવનાર વ્યકિતઓ વહેલી તકે એ નાણાંને બીજા કશાકમાં ફેરવી નાંખે છે. આ નાણાં કાં તો ઉડાઉપણે ખર્ચવામાં આવે છે અથવા તો તેને બીજી ચીજવસ્તુઓમાં ફેરવી નાંખવામાં આવે છે યા મિલ્કતમાં રોકી દેવામાં આવે છે. આવી મોટી મોટી રકમોનું રોકાણ સોનામાં કરવાનું શકય નહિ હોઈને અમુક લોકો તેનું રોકાણ હીરા, મોતી વગેરે ઝવેરાતનાં બીજાં સ્વરૂપોમાં પણ કરે છે, વળી, કેટલાક લોકો આ નાણાંનો ઉપયોગ અમુક રોજિંદા વપરાશની ચીજો ખરીદવામાં કરે છે અને એ રીતે એ વસ્તુઓના ભાવોને ઊંચા ચડાવવામાં કારણભૂત બને છે. આવી ચીજવસ્તુઓમાં રોકાણ કરવા પાછળનો તેનો ઉદ્દેશ પાછળથી ભાવો વધે ત્યારે એ વસ્તુઓ વેચી તેમાંથી નફો કરવાનો હોય છે.

હવે એ તો એક જાણીતી હકીકત થઈ ચૂકી છે, કે જમીન, મકાનો, ફલેટ વગેરે સ્વરૂપની મિલ્કતની હેરફેર થાય છે ત્યારે તેમાં બે પ્રકારની લેવડ-દેવડ થતી હોય છે. એક સત્તાવાર અને કાયદાનુસારની લેવડ-દેવડ દ્વારા મિલકતનો ખરો હાથ-બદલો થાય છે તે અને બીજી બિનકાયદેસરની લેવડ-દેવડ કે જેમાં એવી જોગ-વાઈ હોય છે કે મિલકતની કાયદેસરની હેરફેર થતાં પહેલાં એક વ્યકિતએ બીજી વ્યકિતને અમુક રકમ ખાનગી રીતે અવશ્ય ચૂક-વવાની હોય છે. રોકડ રકમની આવી ખાનગી ચૂકવણીને "પાઘડી" અથવા "ઉપરનાં નાણાં" તરીકે ઓળખવામાં આવે છે. આવાં ઉપરનાં નાણાંની આપ-લેની કોઈ નોંધ રાખવામાં આવતી નથી કે તેની પહોંચ આપવામાં આવતી હોતી નથી.

### કાળાં નાણાંને સફેદ બનાવવાની પદ્ધતિ

વળી, એવી કેટલીક પદ્ધતિ પણ હવે પ્રચલિત થવા લાગી છે જે દ્વારા કહેવાતાં 'કાળાં નાણાં'ને સફેદ બનાવી શકાય છે અને કાયદેસરનાં નાણાં તરીકે તેનો ઉપયોગ કરી શકાય છે. આ માટે કાગળ ઉપર કેટલીક બનાવટી લેવડ-દેવડની નોંધ કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે, કોઈ અમુક વ્યકિત સાથે જ પોતાનું બેન્ક ખાતું ધરાવતી હોય તો તેની સાથે એવી ગોઠવણ કરવામાં આવે છે કે તેણે બેન્કમાંના પોતાનાં એ ખાતામાંથી કહો કે રૂા. ૧ લાખની રકમ ઉપાડી લેવી. ત્યાર પછી આ નાણાં ઉપાડી લેનારે બીજી એક 'અ' નામની વ્યકિતને (કે જે કાળાં નાણાં સફેદ બનાવવા માગતી હોય) જાણે લોન આપતી હોય તેવું બનાવટી લખાણ કર-વામાં આવે છે. આની સામે "અ" પ્રોમિસરી નોટ લખી આપે છે. ત્યાર પછી એ પ્રોમિસરી નોટ ઉપર નાણાં પહોંચી ગયાં હોવાની સહી કરીને બેન્ક ખાતામાંથી અગાઉ પૈસા ઉપાડનાર વ્યકિત પાછી 'અ' નામની વ્યકિતને આપી દે છે. બેન્કમાંથી નાણાં ઉપાડીને આ પ્રકારના કાર્યમાં સાથ આપનારને વળતરરૂપે અમુક રકમ આપ-વામાં આવતી હોય છે. જેને લોન ઉપરના વ્યાજ તરીકે ગણવામાં આવે છે.

આ પ્રકારનાં કામકાજમાં લોન આપનાર વ્યકિત, ખરું જોતાં રોકડ રકમ 'અ' નામની વ્યકિતને સોંપતો હોતો નથી. બૅન્ક ખાતા-માંથી તેણે ઉપાડેલી રકમ અમુક સમય બાદ પાછી બેન્કમાં તે જમા કરાવી દે છે, જ્યારે 'અ' નામની વ્યકિત બનાવટી લખાણો ઉપરથી એવું દર્શાવી શકે છે કે તેણે રૂા. ૧ લાખની લોન લીધી હતી. (આ નાણાં ખરેખર તો પોતાની પાસેનાં કાળાં નાણાંમાંથી બહાર કાઢવામાં આવ્યાં હોય છે.) આ પ્રમાણે કાળાં નાણાંને હિસાબમાં મિત્ર પાસેથી મેળવેલી લોન રૂપે જમે લેવામાં આવે છે. અને મિત્રના હિસાબમાં પણ રકમ લોનરૂપે દર્શાવાયેલી હોય છે. કાયદેસરના કામકાજના ખોટા પુરાવા ઊભા કરવા માગનારા આવી અનેક યુકિત-પ્રયુકિત અજમાવે છે અને આવકવેરા અધિકારીઓ માટે પણ આવી યુકિત-પ્રયુકિત ભેદવાનું મુશ્કેલ બની જાય છે.

### દેશમાં કાળું નાણું કેટલું?

ઉપર જણાવી તેવી યુકિત-પ્રયુકિતનું સ્વરૂપ અને કદ જો આપણે લક્ષમાં લઈએ તો એ સ્પષ્ટ થાય છે, કે "હિસાબ બહારનાં નાણાં"એ શબ્દપ્રયોગમાં મૂળ સમસ્યા બરાબર રીતે વ્યકત થતી નથી. આ હકીકતનું તારતમ્ય પણ એ જ નીકળે છે, કે આવાં "હિસાબ બહારનાં નાણાં"નો જથ્થો રીઝર્વ બૅન્ક તરફથી બહાર પાડવામાં આવેલ ચલણના જથ્થા કરતાં મોટો હોવો જોઈએ. એ શકય છે કે આવાં નાણાં દ્વારા વિવિધ પ્રકારની ચીજવસ્તુઓ, મિલકત વગેરેનો મેળવેલો જથ્થો પણ ઘણો મોટો હોવો જોઈએ અને એ વાતને લક્ષમાં લઈએ તો કાળાં નાણાંનો જથ્થો સમગ્ર દેશમાં રૂા. ૩૦ અબજની આસપાસનો જરૂર હોવો જોઈએ. જો આ ધારણા સાચી હોય તો તે પરિસ્થિતિની ગંભીરતા વ્યકિત કરે છે તેમ જ આ સમસ્યા કેટલી મહાન છે તે પણ દર્શાવે છે. આવાં નાણાંને આપણે 'વણનોંધાયેલા નફા" તરીકે ઓળખાવેલ છે કે જે હિસાબમાં નહિ લેવાયેલાં નાણાં એ શબ્દપ્રયોગની તુલનાએ મૂળ સમસ્યાનું સ્વરૂપ વધુ અસરકારક રીતે વ્યકત કરે છે. આ પરિસ્થિતિ પાછળ કામ કરતા ઉદ્દેશો, અર્થકારણ ઉપર તેની અસર

અને શક્ય ઉપાયોની દૃષ્ટિએ આ પરિસ્થિતિનું પૃથક્કરણ કરવાનું ઈચ્છનીય થઈ પડશે.

### કરચોરી કરનારાની વૃત્તિ

'વણનોંધાયેલા નફા' એકઠા કરનાર વ્યક્તિઓનો એમ કરવા પાછળનો મુખ્ય ઉદ્દેશ કરચોરી હોય છે. લોકશાહી સમાજમાં જ્યારે કરચોરી વ્યાપક રીતે ચાલી રહી હોય ત્યારે એ પ્રવૃત્તિ અત્યંત અનિચ્છનીય પ્રકારની સમાજવિરોધી પ્રવૃત્તિ હોવા છતાં તેને આપણે સહાનુભૂતિપૂર્વક તપાસવી જોઈએ.

પ્રથમ તો, એ સ્પષ્ટ છે, કે જેઓ આ પ્રમાણે કરચોરી કરતા હોય તેઓ પોતાનાં અને સરકારના હિતને એકસરખું સમાન ગણતા નથી. જો આવી વ્યક્તિઓને એ વાતની યાદ આપવામાં આવે કે આપણી તો રાષ્ટ્રીય સરકાર છે અને તેની સાથે આ રીતે કામ લેવું યોગ્ય નથી તો તેનો જવાબ કાંઈક આ પ્રકારનો આપશે: **'મને તો આ સરકારની નીતિ કાંઈ સમજાતી નથી અને એ નીતિમાં મને કાંઇ વિશ્વાસ નથી.''** ભારે કરવેરાની જરૂરિયાત તે સમજી શકતો નથી. વિકાસ યોજનાઓની જ્યારે તેને યાદ આપવામાં આવે છે ત્યારે તે કહે છે, કે આ રીતે એકત્રિત થયેલાં મોટા ભાગનાં નાણાંનો બગાડ થાય છે કેમ કે સરકાર જે યોજનાઓ હાથ ધરે તેમાં ચાલતી રુશ્વતખોરી અને બિનકાર્યક્ષમતાની તેને જાણ હોય છે.

પોતાની આ વાતના સમર્થનમાં તે ઝડપથી એવા કોઈ પ્રધાન કે સરકારી અધિકારીનું નામ લેશે, જે રુશ્વતખોર હોય અને કરવેરા દ્વારા મેળવાતાં નાણાંનો બગાડ કરતા હોય. આ ઉપરથી તે એવી દલીલ કરે છે, કે જે સરકાર પોતાનાં નાણાં બરાબર રીતે વાપરતી નથી તેને કરવેરા આપવામાં ચોરી કરવામાં પોતે વાજબી છે.

આ પ્રકારનું માનસ અમુક એવા વર્ગના લોકોમાં ઝડપભેર પ્રસરે છે જેઓ કરવેરા આપવાને બદલે પોતાની પાસે જેમ બને તેમ વધારે નાણાં રહે તેમ ઈચ્છતા હોય. મોટા ખર્ચાઓથી તેઓ ટેવાયેલા હોય છે અને આ પ્રકારના માનસ પાછળ સ્વાર્થવૃત્તિ કામ કરી રહેલી હોય છે. કરચોરી માટેની યુક્તિ–પ્રયુક્તિ તેમણે શોધી કાઢી હોય છે અને તેઓ આ વાતને એક સામાન્ય જીવન-પદ્ધતિ જ ગણે છે.

### એ નાણાં ઝડપથી ખર્ચાય છે : પરિણામે ભાવો વધે છે

એ તો સ્પષ્ટ છે, કે આ પ્રકારની પરિસ્થિતિ અર્થકારણને સંપૂર્ણપણે બેડોળ બનાવી નાખે છે. આવી વ્યક્તિઓ દ્વારા થતાં કામકાજ કોઈ સત્તાવાર નોંધોમાં દાખલ થતાં હોતાં નથી. આર્થિક પ્રવૃત્તિ અંગેના સત્તાવાર આંકડા માત્ર સંપૂર્ણ હકીકત જ વ્યકત કરે છે. વળી, આવી વ્યક્તિઓ સામાન્ય રીતે આ વધારાનાં નાણાંનો જેમ બને તેમ ઝડપથી ઉપયોગ કરી નાખવાનું ઈચ્છતી હોય છે, એટલે અમુક ચીજવસ્તુની વધુ કિંમત આપતાં તેઓ અચકાતી નથી અને એ રીતે ભાવોને ઊંચા ચડાવવામાં તેઓ ભાગ ભજવે છે.

વળી, આ પરિસ્થિતિ સમાજમાં નૈતિક અધઃપતન દાખલ કરે છે, કેમ કે માનવમૂલ્યાંકનો ઉપર એ જ વસ્તુઓને આપણે સારી કે ઉમદા ગણતા હોઈએ તેમના ઉપર આ પરિસ્થિતિની પ્રતિકૂળ અસર થાય છે. આ રીતે પ્રાપ્ત થતી સમૃદ્ધિનો જેઓ જાહેરાતમાં દેખાવ માટે ઉપયોગ કરી શકે છે તેમને સમાજમાં સત્તા અને લાગ-વગ મળે છે, જ્યારે પ્રામાણિક વ્યક્તિનો ભાવ પૂછાતો નથી. જે ઊગતી પેઢી પોતાનાં કુટુંબમાં યા બીજે આ પ્રકારની જીવનપ્રણાલિકા જુએ છે તેઓ એ પ્રણાલિને સામાન્ય જીવનના ભાગરૂપ ગણતી થઈ જાય છે. આ પ્રણાલિકાના લાભનો ઉપયોગ કરવામાં તેઓ પણ ભાગીદાર બને છે, કેમ કે એ રીતે તેમને ઉડાઉપણે ખર્ચા કરવાની સગવડ મળતી હોય છે. ઉદાહરણ તરીકે, આવા કુટુંબના છોકરા-છોકરીઓને હાથખર્ચ માટે મળતી રકમ સામાન્યપણે મોટી હોય છે. એ તો સ્પષ્ટ છે, કે સમાજમાં આવો નૈતિક અધઃપાત રાષ્ટ્રનાં હિતની વિરુદ્ધ હોય છે. જીવનનાં દરેક ક્ષેત્રમાં ખોટાં મૂલ્યાંકન પ્રસરાવીને તે સમાજને સડાવે છે એટલે આ પરિસ્થિતિને એક રાષ્ટ્રરોગ ગણીને તેની સામે મૂલગામી ઉપાયો લેવા જોઈએ.

### ઉપાયો

આવા વણનોંધાયેલા નફાની સમસ્યા સામે સરકારે કાયદા હેઠળનાં તેમ જ વહીવટી કક્ષાએ પગલાં લેવાં જોઈએ. આમાં દમનાત્મક પગલાંની અમુક પ્રમાણમાં અસર થાય, પણ તેને પરિણામે આ અનિષ્ટ નાબૂદ થવાનું નથી. સરકાર દ્વારા આવા પ્રયત્નો હાથ ધરવામાં આવે તો તેને પરિણામે કેટલાક જટિલ વહીવટી પ્રશ્નો ઉપસ્થિત થવાના અને તે સામે રાજદ્વારી દબાણ ઉદ્‌ભવે તેવો સંભવ ગણાય. આમ છતાં, સરકારની એ ફરજ બને છે, કે આ સમસ્યા સામે માત્ર જોયા કરવાને બદલે શક્ય તેટલે અંશે આ સમસ્યાને હલ કરવાના ઉપાયો લેવા.

પરંતુ લાંબા ગાળાની દૃષ્ટિએ જોઈએ તો એમ કહી શકાય કે લોકોનો દૃષ્ટિકોણ બદલાય નહિ તો આ પ્રકારનું વલણ સંપૂર્ણપણે દૂર કરવાનું સહેલું નથી. સરકાર સાથે પ્રામાણિક વર્તાવનું મહત્ત્વ શું છે તેનું લોકોને ભાન કરાવવું જોઈએ. તેમનામાં રાષ્ટ્રભાન જાગે અને સ્વાર્થ કરતાં રાષ્ટ્રહિતને વધુ મહત્ત્વ આપવાની લાગણી જો જન્મે તો તેઓ સરકાર પ્રત્યેનું પોતાનું વર્તન જરૂર આ પ્રકારનું બનાવે. આવું રાષ્ટ્રભાન જાગે તો સરકાર અને લોકોનાં ધ્યેય વચ્ચે સંપૂર્ણ તાદાત્મ્ય સધાય અને તેને પરિણામે લોકો દેશ માટે જરૂર પડયે ભોગ આપવા પ્રેરાય અને રાષ્ટ્રને ભોગે સ્વાર્થ સાધવા પ્રેરાય નહિ.

આ પ્રકારનું રાષ્ટ્રભાન બધા વર્ગના લોકોમાં એવી વ્યાપક લાગણી જન્માવશે કે દેશના નાગરિકે અમુક વસ્તુ કરવી જોઈએ નહિ અને જે કોઈ આવી અનિચ્છનીય પ્રવૃત્તિઓમાં રાચે તેને "અનાર્ય" કહેવો અને ગણવો જોઈએ.

આ ઉદ્દેશ સિદ્ધ કરવા માટે પુખ્ત વયની વ્યકિત તેમ જ ઊગતી પેઢીના દૃષ્ટિકોણમાં ફેરફાર કરવાના એકી સાથે પ્રયત્ન થવા જોઈએ. પુખ્ત વયની પ્રજાના દૃષ્ટિકોણમાં આવો ઈચ્છિત ફેરફાર કરવા માટે સહેજે ગળે ઊતરે તેવો વ્યવસ્થિત પ્રચાર કરવાનું જરૂરી છે. દરેક વ્યકિતનું હિત સમગ્ર દેશના હિત સાથે દૃઢપણે સંકળાયેલું છે એ હકીકત દેશની દરેક પુખ્ત વ્યકિતના મગજ ઉપર ઠસાવવાની જરૂર છે. આ માટે આપણી શિક્ષણ–પદ્ધતિમાં સુધારાને સારી પેઠે અવકાશ છે એ વાત ઉપર ભાર આપવાની ભાગ્યે જ જરૂર છે. શિક્ષણક્ષેત્રમાં દરેક તબકકે સંખ્યાકીય પ્રગતિ સાધવાની ઉતાવળમાં આપણે શિક્ષણનાં વિવિધ વિષયોમાં ગુણવત્તાનું ધોરણ જાળવવા પ્રત્યે ઉપેક્ષા કરી છે, એટલું જ નહિ પણ, ઊગતી પેઢીનું ચારિત્ર્ય વિકસાવવા પ્રત્યે પણ આપણે ઉપેક્ષા સેવી છે.

લોકશાહી સમાજમાં એ જરૂરી બને છે, કે આમસમુદાયે સરકારની સામાન્ય નીતિ બરાબર સમજવી જોઈએ અને કલ્યાણ-કારક રાજ્યની જરૂરિયાત તેમ જ તેને કારણે વધારાના કરવેરા ઊભા કરવાની આવશ્યકતા બરાબર સમજવી જોઈએ. જ્યાં સુધી આવી સમજ નહિ આવે ત્યાં સુધી સરકારની નીતિનો સામનો થયા કરશે અને તેનાં અનિચ્છનીય પરિણામ આવતાં રહેશે. પુખ્ત મતાધિકાર છતાં, દેશનો જનસમુદાય દેશમાં ઝડપથી થતા જતા ફેરફારની તેમ જ વધતા જતા ખર્ચને અને વધારાના કરવેરાની સૂચકતા સમજી શકવાની સ્થિતિમાં નથી.

### કરચોરીના પ્રલોભન ડામવાં જોઈએ

આ સમગ્ર બાબતને સામુદાયિક રીતે લક્ષમાં લેતાં આપણા જેવા દેશમાં કરવેરાની મર્યાદા એવી કક્ષાએ રાખવી જોઈએ કે જેથી કરચોરી કરવાનું પ્રલોભન થાય નહિ. જો લોકોમાં સરકારી નીતિની પૂરી સમજ હોય અને લોકોનાં નાણાં અસરકારક રીતે અને બગાડ વિના વાપરવાની સરકારની શકિતમાં તેને વિશ્વાસ હોય તો આવી મર્યાદા ઊંચી સપાટીએ રાખી શકાય. કરવેરાની આ મર્યાદાની કોઈ સ્પષ્ટ વ્યાખ્યા બાંધવાનું શક્ય નથી. સંયોગો-નુસાર તે બદલાતી રહેવાની અને આખરે તો 'ભૂલ કરો અને સુધારો' એ ન્યાયે જ નક્કી કરવાની રહે છે. કરવેરાની આ સૂચિત મર્યાદા સરકાર ઉપર એવી જવાબદારી નાખે છે, કે તેણે પોતાની નીતિ બધા વર્ગના લોકોને બરાબર રીતે સમજાવવી જોઈએ અને જે વધારાના કરવેરા નાખવામાં આવે તેની આવશ્યકતા લોકોને ગળે ઊતરાવવી જોઈએ. આ રીતે આ મર્યાદા લોકો ઉપર પણ જવાબદારી મૂકે છે કે તેમણે સમગ્ર રાષ્ટ્રનાં હિતમાં સ્વદેશાભિમાની બનવું જોઈએ. જો સરકારી નીતિ તેમને બરાબર સમજાય તો તેઓ આમ કરવા વધુ તૈયાર થશે. જો લોકો અને સરકાર વચ્ચે સંપર્કની આવી સાંકળ સ્થપાય તો દેશની પ્રગતિ માટેની નીતિનો અમલ કરવામાં સરકારને મુશ્કેલી નહિ પડે.

આપણે આશા રાખીએ કે આપણે સૌ આ ધ્યેયને લક્ષમાં રાખીને કાર્ય કરીશું અને બહુ મોડું થાય તે પહેલાં અત્યારના નૈતિક અધઃપાતને અટકાવીશું.

**શ્રી. એન્. વકીલ**

# યંત્રવિજ્ઞાન અને યુદ્ધ

(ગતાંકથી ચાલુ)

યંત્રવિજ્ઞાનના પ્રભાવ તળે યુદ્ધમાં જોડાયેલા પક્ષો બીનલશ્કરી (સિવિલિયન) પ્રજાનો જાણીબુઝીને સંહાર કરવા સુધી પહોંચ્યા છે અને એને ન્યાયી ગણાવે છે. છેલ્લાં ત્રણ મહાયુદ્ધોમાં મરેલા બીનલશ્કરી પ્રજાના અને સૈનિકોના આંકડા પર દૃષ્ટિપાત કરીએ. આ ત્રણે યુદ્ધોમાં પરમાણુશસ્ત્રો વપરાયા નહોતા.

પ્રથમ યુદ્ધમાં લગભગ ૧૦૦ લાખ માણસો માર્યા ગયા હતા. આમાંથી ૯૫ ટકા સૈનિકો અને માત્ર પાંચ ટકા સિવિલિયન પ્રજાના હતા.

બીજા યુદ્ધમાં ૫૦૦ લાખ માણસોએ જાન ગુમાવ્યા, જેમાં ૫૨ ટકા સૈનિકો અને ૪૮ ટકા પ્રજાના માણસોનું પ્રમાણ હતું.

કોરિઆમાં યુદ્ધ દરમિયાન, ૯૦ ટકા મરેલાંઓમાં ૮૪ ટકા પ્રજાજનો હતા અને માત્ર ૧૬ ટકા જ સૈનિકો હતા.

રાજકારણના ન્યાયી સાધન તરીકે યુદ્ધને ગણનાર સ્ત્રીબાળક અને દેશના રક્ષણ ખાતર વીર તરીકે મૃત્યુના પરંપરાગત વિચારોને વળગી રહેનાર – સૌને ભાન થવું જોઈએ કે આ આંકડા પરીઓની વાતો નથી અને એવી સુંદરતા પણ તેમાં નથી.

પરમાણુશસ્ત્રોએ આ બાબતને, સૌને સ્પષ્ટ થાય એ રીતે, પરાકાષ્ટાએ પહોંચાડી છે. એ વખત (૧૯૩૯ - ૧૯૪૫)ના ગાળામાં જે વ્યક્તિઓ પરમાણુભંજન પર સંશોધન કરી રહી હતી એમને દોષ ન દઈ શકાય. યુરેનિયમ-પરમાણુ ભંજનની શોધ હિટલરના જર્મનીમાં થઈ અને જેની સામે પ્રતિકાર ન થઈ શકે એવું કોઈ પણ શસ્ત્ર ખિલવવામાં નાઝીઓ પાછી પાની નહીં કરે એ ધારી લેવામાં મુશ્કેલી નથી. એટલે આનો પ્રતિકાર કરવો જ રહ્યો. પણ જ્યારે અમેરિકામાં પ્રથમ પરમાણુ બોમ્બ વાપરવા માટે તૈયાર થયો ત્યારે હિટલરનું જર્મની તાબે થઈ ચૂક્યું હતું, અને જાપાન તેના છેલ્લા શ્વાસ ભરી રહ્યું હતું અને રાજદ્વારી વ્યવહાર દ્વારા સંધિ માટે કહેણ મોકલાઈ ચૂક્યું હતું. અમેરિકાના લશ્કરી વડાઓએ, ખાસ કરીને ન્યુકલીઅર શક્તિ યોજનાના વડા જનરલ ગ્રોવ્સે માત્ર તાત્કાલિક લશ્કરી ફાયદાનો વિચાર કર્યો. જાપાન ઉપર હુમલો કર્યા સિવાય જાપાન શરણાગતિએ આવે તો કેટલી બધી જીંદગીઓ બચી જાય એવી ગણતરી કરી! પણ કેટલા મોટા પ્રમાણમાં જાપાનના લોકોની જાનહાનિ થશે તેનો વિચાર સરખો પણ કરવામાં ન આવ્યો. જનરલ ગ્રોવ્સ પોતાની 'સિદ્ધિ'નું પ્રદર્શન કરવાના સંતોષનો ભોગ આપવા માગતો ન હતો: દુનિયાને તે ધાક બેસાડવા માગતો હતો.

જે વિજ્ઞાનીઓએ પરમાણુબોમ્બ સિદ્ધ કર્યો હતો એમને પણ પૂછવાનું તેણે મુનાસીબ ગણ્યું નહીં. આ વિજ્ઞાનીઓમાં એક સમૂહ એવો હતો, જેણે પરમાણુ બોમ્બ જાપાન પર ફેંકવાથી થનાર લાંબા ગાળાની અસરની આગાહી કરી હતી અને ફ્રાન્ક અહેવાલ તરીકે ઓળખાતા ખરીતામાં તેમણે સરકારને આની ચેતવણી પણ આપી હતી. પોતાને સલાહ આપવા નીમેલી સમિતિએ પ્રમુખ ટ્રુમેનને ઉલટો નિર્ણય જણાવ્યો હતો. આમાં કેટલાક નામાંકિત ભૌતિક વિજ્ઞાનીઓ હતા. અને આખરે ઔચિત્યની સીમા ઓળંગીને સમગ્ર માનવજાતના વિનાશની જેમાં શકયતા રહેલી છે તેવા ઢોળાવવાળા માર્ગે સરકવાનો આ સત્તાઓએ નિર્ણય લીધો. विनाशे प्रत्यापन्ने विनिपतति शतमुखः। આના જેવું કાંઈક થયું. પછી શું થયું એનો ટૂંકામાં નિર્દેશ કરી જઉં. પરમાણુ યંત્રવિજ્ઞાનને આંતરરાષ્ટ્રીય પાયા પર ચૂકવવાના પ્રયાસો નિષ્ફળ થયા; રશિયાએ ધાર્યા કરતાં વધારે ઝડપથી અમેરિકાની આ બાબતમાં આગેવાની પાછી પાડી: હાઈડ્રોજન બોમ્બની અમેરિકાની શોધની રશિયાએ તુર્ત જ નકલ કરી; બે મોટી સત્તાઓ વચ્ચે હરીફાઈ. અવકાશ સંશોધનના બુરખા નીચે આંતરખંડીય બાલાસ્ટીક શસ્ત્રોની ખિલવણી. પરિણામે, અનેક વાર માનવજાતનું નિકંદન કરી શકે એટલા ન્યુકલીઅર શસ્ત્રો આ બંને મોટી સત્તાઓ આજે ધરાવે છે. હોડમાં શું છે એ રાજપુરુષો બરાબર સમજે છે. ત્રાસની તુલા (balance of terror) સાચવવા યુક્તિપ્રયુક્તિઓ કરે છે. પણ તુલા અસ્થાયી છે. વધતા જતા નૈતિક પક્ષઘાતને લીધે લોકો ભય તરફ બેદરકાર બન્યા છે. રાજપુરુષો વધારે cynical–પરિણામ નિરપેક્ષ વૃત્તિવાળા–થયા છે અને વારેવારે તુલાને સરખું રાખવા સાહસો ખેડે છે–થોડા વખત પૂર્વે ક્યુબાની કટોકટીમાં થયું હતું તેમ.

આશા રાખવા જેવું શું રહ્યું છે? પરમાણુના જોખમ અંગે માનવજાતને આપવામાં આવતી સાચી સમજણ દ્વારા દુનિયાનો બચાવ થઈ શકશે એમ આશા રાખી શકાય? માનવજાતનું જૂનું સ્વપ્ન માનવજાતને બચાવી શકે એવી એક જ બાબત છે. આ સ્વપ્ન છે વિશ્વશાંતિ અને વિશ્વવ્યવસ્થાનું. યુટોપીઆ જેવા કાલ્પનિક સ્વર્ગ જેવું આ સ્વપ્ન કદિ પણ મૂર્ત બની ન શકે એમ માનવામાં આવતું હતું. એવી માન્યતા પ્રવર્તતી હતી કે, માનવ સ્વભાવ બદલાય નહીં એવો છે. અને અત્યાર સુધી યુદ્ધો થતાં આવ્યાં છે તેમ હંમેશા યુદ્ધ થતાં જ રહેવાનાં છે. પણ આજે આમ વિચારી કે સ્વીકારી ન જ શકાય. નાની બનેલી દુનિયામાં વિશ્વશાંતિ હવે યુટોપિયા–કેવળ કાલ્પનિક બાબત–નથી, પણ માનવજાતને ટકવા માટે અનિવાર્ય એવી આવશ્યકતાનું રૂપ તેણે ધારણ કર્યું છે. આ વિચારનો વધારે ને વધારે સ્વીકાર થતો જાય છે. આનું તાત્કાલિક પરિણામ રાજકારણના પક્ષઘાતમાં આવ્યું છે. છેલ્લા ઉપાય તરીકે યુદ્ધપૂર્વકનું બળ વાપર્યા વિના રાજકીય ધ્યેયો સિદ્ધ કરવાની કેઈ સચોટ રીત હજી સુધી શોધાઈ નથી.

અનેક ડાહ્યા માણસો આ સમસ્યાનો વિચાર કરી રહ્યા છે. અને મને ખાત્રી છે કે, જો પુરતો સમય આપવામાં આવે તો તેનું નિરાકરણ શોધી શકાય. આ અપેક્ષા મારા લાંબા જીવનના અનુભવો પર મંડાયેલી છે.

આજે એવી અનેક બાબતો છે, જે મારી જુવાનીના દિવસોમાં યુટોપિયન કેવળ કાલ્પનિક લેખાતી. ભૌતિક વિજ્ઞાન, પરમાણુ વિજ્ઞાન અને ઈલેકટ્રોન વિજ્ઞાનને લગતું મારું સંશોધન ક્ષેત્ર એ વખતે પ્રારંભિક દશામાં હતું. આજે પુદ્‌ગળની-પદાર્થ રચનાની-ઊંડી સમજ આપણને પ્રાપ્ત થઈ છે એટલા આપણે આગળ વધ્યા છીએ. આજે એ ક્ષેત્રમાં જે વ્યવહારિક ઉપયોગો આપણે રોજ-બ-રોજના જીવનમાં લાગુ પાડયા છે તેની વાત એ વખતે કેઈએ કરી હોત તો તે હાસ્યાસ્પદ થાત. એ વખતે ઓટોમોબાઈલ (મોટર), એરોપ્લેન, વાયરલેસ, રેડિયો, ટોકી સિનેમા, ટેલિવિઝન, મોટા પાયા પર ઔદ્યોગિક ઉત્પાદન વગેરે વગેરે કાંઈ નહોતું. આજે આ બધું સામાન્ય બની ગયું છે. મારા યૌવનકાળ પછી આ બધું અસ્તિત્વમાં આવ્યું છે અને તેણે માનવીના જીવનમાં અનેક મહત્ત્વપૂર્ણ આર્થિક અને સામાજિક ફેરફારો નિર્માણ કર્યા છે. આ ક્રાંતિ એટલી ઊંડી અને મૂળભૂત છે કે ઈતિહાસના દશ હજાર વર્ષો દરમિયાન આવી કેઈ ક્રાન્તિ નજરે પડતી નથી. અર્ધ - જગીરી રાજ્યો આજે સમાજવાદી પ્રજાસત્તાક બન્યાં છે: હબસી જાતિઓનાં 'ટોળાં' આધુનિક બંધારણવાળા રાજ્યો તરીકે વ્યવસ્થિત થઈ ગયાં છે. અવકાશમાં સંશોધન શરૂ થયું છે અને અવકાશયાત્રીઓની અતિ સાહસભરી અને અતિ ખર્ચાળ યોજનાઓથી કેઈના પેટનું પાણી હલતું નથી.

"રાજકીય, આર્થિક અને વિચારસરણીવિષયક સંઘર્ષો માત્ર બળ અને યુદ્ધ વડે જ પતાવી શકાય?" આ સવાલના જવાબ માટે અત્યારે તો માનવસ્વભાવની અપરિવર્તનશીલતાની દલીલ આગળ ધરવામાં આવે છે: "આ હંમેશાં આ પ્રમાણે છે; માટે એ હંમેશાં એ પ્રમાણે થવાનું." મોટા સ્થાને બેઠેલા રાજપુરુષો અને તત્ત્વજ્ઞાનીઓ પણ આવી જ વાતો કરે છે. છતાં આવી વિચારણા મને તદ્દન બોદી લાગે છે. આ વિચારણા અને માનસિક વલણનો જે

ત્યાગ કરવામાં ન આવે તો તેમાંથી માનવજાતનો વિનાશ જ સંભવે. આવી વિચિત્ર પરિસ્થિતિમાં આપણી આશા બે આધ્યાત્મિક બળોના સંગમ ઉપર બાંધી શકાય.

(૧) રક્ષણવંચિત પ્રજાજનોની સામુદાયિક કતલપર્યંત નીચે ઉતરી ગયેલ યુદ્ધની અસ્વીકાર્યતા અંગે નૈતિક સભાનતા અને

(૨) માનવજાતનો ટકાવ અને તંત્રવૈજ્ઞાનિક યુદ્ધ વચ્ચેની અસંગતતાનું બુદ્ધિપૂર્વકનું જ્ઞાન.

પ્રશ્ન એક જ છે: આને અસરકારક બનાવવા આપણી પાસે પુરતો સમય છે? અત્યારની પરિસ્થિતિ અતિ અસ્થાયી છે, અને તેના સ્વરૂપના કારણે જ દિન પર દિન તે વધારે ભયકારક બનતી જાય છે. કોઈ એક વ્યકિત કે તંત્રની નિષ્ફળતા, કોઈ નેતાનો આંધળો જુસ્સો, જનસમુદાયની વિચારસરણી – વિષયક કે રાષ્ટ્રવિષયક ભ્રમણા કોઈ પણ ક્ષણે ધડાકો કરી નાખે. વિચાર અને કાર્યમાં પરિવર્તન પેદા થાય તે પહેલાં કદાચ આવા ભયંકર વિનાશમાંથી આપણે બચી ન શકીએ.

પણ આપણે આશા રાખવી જોઈએ. આશા બે પ્રકારની છે: સારા હવામાનની કે લોટરી જીતવાની કોઈ આશા રાખે તો શું થાય છે એના પર એ વ્યકિતગત કે સમુદાયગત આશાની કોઈ અસર પડતી નથી. ધારો કે સારા હવામાનને બદલે વરસાદ પડયો અથવા તો આપણને લોટરીમાં કાંઈ ન મળ્યું, તો આપણે એ પરિણામને–એ વાસ્તવિકતાને–મુંગા મોઢે સ્વીકારવી જ રહી. પણ પ્રજાના સહઅસ્તિત્વમાં, ખાસ કરીને રાજકારણમાં, આશા એ ભારે ચાલક (moving) બળ છે. જો આપણે આશા રાખીએ તો એ આશા પરિપૂર્ણ કરવા આપણે ક્રિયાશીલ બની પ્રવૃત્તિ આદરીએ. આજે દુનિયા પર જામેલ અનીતિમત્તા અને ગેરવ્યાજબીપણા (unreasonableness) સામેની લડતમાં આપણે થાકવું ન જોઈએ. કોઈ રાજપુરુષ કે તત્ત્વજ્ઞાની નહીં પણ એક વ્યવહારુ બુદ્ધિવાળા મહાન ડૉકટર નોબેલ–પારિતોષિક–વિજેતા ગરહાર્ડ ડોમાગ્કનાં વચનો ટાંકવાનું મન થાય છે: (ડોમાગ્કની કેમોથેરાપીની શોધોએ લાખો માણસોની તંદુરસ્તી સાચવી છે અને લાખો જીંદગીઓને મોતના મોંમાંથી ઉગારી છે)

"What is really important in this world? That we individuals get along with each other, try to understand and help each other as best we can. For us physicians that is natural. Why should it not also be possible for the people? Don't tell me this be Utopia? Every discovery was considered utopian."

"આ દુનિયામાં ખરેખર શું મહત્ત્વનું છે? આપણે બધાં એક બીજાને જેટલા વધારે બને તેટલા સમજવા અને મદદ કરવા પ્રયત્ન કરીએ. અમો ડાકતરોને માટે તો આ સ્વાભાવિક છે. બીજાંઓ માટે એ કેમ શકય બને? એ યુટોપિયા છે એમ મને ન કહેશો. દરેક શોધને એક વખત યુટોપિયન ગણવામાં આવતી હતી."

તેમણે આગળ વધીને એમ પણ કહ્યું છે કે, "આપણે બીજાની તાકાત ઉપર આધાર શા માટે રાખવો જોઈએ? આપણે એમ વતી ને ઘણું સહન કર્યું છે અને એમાંથી આપણે હવે કાંઈક ઘડો લેવો જોઈએ. પણ જૂની વિચારપરંપરા અને આચારવ્યવહારને વળગી રહેવું આપણને ગમે છે; એથી પણ વધારે ગમે છે પોતાની જાત અંગે સ્વતંત્ર રીતે વિચારવાને બદલે અને પરસ્પર વિનાશના સ્થાને સમાધાનીના માર્ગો શોધવાને બદલે જુલ્મી શાસકોને અને વિકૃત માનસ ધરાવતા તંત્રવાહકોને તાબે થવાનું, અનુસરવાનું."

આ અસંદિગ્ધ કથન છે. આ શબ્દો છે માનવીની જીંદગી બચાવનાર અને એ માટે પોતાનાં સર્વ જ્ઞાન અને શકિતનો જીંદગીભર અન્યના કલ્યાણ અર્થે ઉપયોગ કરનાર ગેરહાર્ડ ડૉમાગ્કના. દુનિયાના દરેક દેશના પ્રત્યેક શહેરીની ફરજ અત્યારે ચાલી રહેલું હંબગ અટકાવવાની છે. આજે કેલેરા કે પ્લેગના જંતુઓનો આપણને ભયરૂપ નથી, પણ રાજપુરુષોની પરંપરાગત (cynical) વિચારણા, જનસમુદાયની બેપરવાઈ, અને વિજ્ઞાનીઓનું પોતાની જવાબદારીમાંથી-છટકવું. આ આપણા માટે ભારે જોખમરૂપ છે. વિજ્ઞાનીઓએ જે કર્યું છે તે હવે પાછું ખેંચી લેવાય એમ નથી. જ્ઞાનદીપ બુઝાવી ન શકાય. યંત્રવિજ્ઞાનને પણ પોતાના નિયમો હોય છે. પણ વિજ્ઞાનીઓએ, પોતાના જ્ઞાન અંગે તેમને જે માનમરતબો મળે છે તેનો ઉપયોગ કરીને, રાજપુરુષોને પોતાની શકિત બતાવવી જોઈએ, જેથી એ વર્ગ ગેરવ્યાજબીપણું છોડી દે અને માનવતામાં પાછાં આવે. આપણે બધાંએ સરકારી જુઠ્ઠાણાં અને અન્યાયી આક્રમણો સામે લડત આપવી જોઈએ. ન્યુકલીઅર હથિયારો સામે શેલ્ટરો અને કટોકટીના નિયમો અસ્તિત્ત્વમાં છે એવા પોકળ વિધાનો સામે અવાજ ઉઠાવવો જોઈએ. સાંકડી દૃષ્ટિના દેશપ્રેમ સામે, સત્તાના શોખ સામે લડત આપવી જોઈએ. હજી આશા છે. આપણા જમાનાના આ દર્દો સામે લડત ચલાવીએ તો એ આશા કોઈ દિવસ સાચી નીવડશે.

અનુવાદક: મૂળ અંગ્રેજી:
ડૉ. નૃસિંહ મૂળજી શાહ સમાપ્ત શ્રી મેકસ બૉર્ન

# સંઘ સમાચાર

## સ્વ. નાથાલાલ પારેખ અંગે શોકસભા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ભારત જૈન મહામંડળ તથા સંયુકત જૈન વિદ્યાર્થીગૃહના સંયુકત આશ્રય નીચે સંઘના કાર્યાલયમાં શુક્રવાર, તા. ૮/૧/૬૫ના રોજ સાંજના સમયે શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે એક શોકસભા બોલાવવામાં આવી હતી. આ સભામાં ત્રણે સંસ્થાના પ્રમુખ કાર્યકર્તાઓ તેમ જ કેટલાક સભ્યો ઉપસ્થિત થયા હતા. સ્વ. નાથાલાલભાઈને અંજલિ આપતાં શ્રી રિષભદાસજી રાંકા, શ્રી ગુલાબચંદ તલકચંદ, શ્રી ચંપકલાલ ચીમનલાલ તથા શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ પ્રસંગોચિત વિવરણ કર્યું હતું અને શ્રી નાથાલાલભાઈના ઉદાત્ત વ્યકિતત્વના ભિન્ન ભિન્ન પાસાઓની રજૂઆત કરી હતી. પ્રમુખસ્થાનેથી શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે શ્રી નાથાલાલભાઈના અર્થસભર જીવનનો વિગતથી પરિચય આપતાં જણાવ્યું હતું કે શ્રી નાથાલાલભાઈ જન્મથી વૈષ્ણવ હતા, પણ પછીથી જૈન ધર્મ તરફ ઢળ્યા હતા. ત્યાર બાદ પ્રમુખસ્થાનેથી નીચે મુજબનો શોકપ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો.

**શોકપ્રસ્તાવ**

"આ સભા શ્રી નાથાલાલભાઈ પારેખના તાજેતરમાં નીપજેલા અવસાન બદલ ઊંડા શોકની લાગણી વ્યકત કરે છે. શ્રી નાથાલાલભાઈ મુંબઈના અગ્રગણ્ય નાગરિક હતા, મુંબઈની પ્રાંતિક મહાસભા સમિતિના ક્રિયાશીલ કાર્યકર્તા હતા, મહારાષ્ટ્રની વિધાનપરિષદના સભ્ય હતા, શ્રી મુંબઈ જૈન યુવક સંઘની તથા સંયુકત જૈન વિદ્યાર્થીગૃહની કાર્યવાહક સમિતિના સભ્ય હતા તથા ભારત જૈન મહામંડળના આજીવન સભ્ય હતા, અને કોમી તેમ જ બીનકોમી અનેક સંસ્થાઓના આધારસ્તંભ હતા. તેઓ શૂન્ય સ્થિતિમાંથી ઊંચે આવ્યા હતા અને તેથી શૂન્ય સમા નીચેના વર્ગો માટે ઊંડી હમદર્દી ધરાવતા હતા. તેમનામાં અસાધારણ ઉદારતા, સરલતા અને નમ્રતા હતી. તેમના અવસાનથી અનેક સંસ્થાઓએ એક ઉદાત્ત કાર્યકર્તા ગુમાવ્યો છે. આ સભા તેમને અંતરની અંજલિ આપે છે અને તેમનાં કુટુંબીજનોને ઊંડી સહાનુભૂતિ પાઠવે છે."

આ પ્રસ્તાવ સર્વ સભાજનોએ ઊભા થઈને પસાર કર્યો હતો.

## નેફાના અનુભવો અને અહિંસક સંરક્ષણ વિચાર

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રય નીચે સંઘના કાર્યાલય (૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ),માં જાન્યુઆરી માસની તારીખ ૨૧, ગુરુવાર સાંજના છ વાગ્યે, ભારત ઉપર ચીની આક્રમણ થયું એ અરસામાં નેફા વિસ્તારમાં જેમણે પ્રવાસ કર્યો હતો એવાં અને વર્ષોથી દહેણું બાજુ આદિવાસી વિભાગમાં સેવાકાર્ય કરી રહેલાં પતિ–પત્ની શ્રી વસંત નારગોળકર અને શ્રીમતી કુસુમ તાઈના નેફા વિસ્તારના અનુભવો તેમ જ 'Nonviolent Defence'–'અહિંસક સંરક્ષણ વિચાર'–ઉપર વાર્તાલાપ ગોઠવવામાં આવ્યો છે. આ રસપ્રદ તેમ જ સાહસસભર વાર્તાલાપમાં ભાગ લેવા સંઘના સભ્યોને તેમ જ જિજ્ઞાસુ ભાઈ-બહેનોને નિમંત્રણ છે.

## સંઘની કાર્યવાહક સમિતિમાં પૂરવણી

તા. ૮-૧-૬૫ શુક્રવારના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિએ સ્વ. નાથાલાલ પારેખની ખાલી પડેલી જગ્યાએ શ્રી. ગુલાબચંદ તલકચંદ શેઠની કાર્યવાહક સમિતિના સભ્ય તરીકે વરણી કરી છે.

## વલસાડ પર્યટન

### કાર્યક્રમમાં થોડોક ફેરફાર

આ પર્યટન અંગે જણાવવાનું કે આ પર્યટનમાં જોડાનારાં ભાઈ-બહેનોને ૨૨મી જાન્યુઆરી શુક્રવાર રાત્રીને બદલે ૨૩મી શનિવારે સવારમાં ૬-૩૫ વાગ્યે સેન્ટ્રલ સ્ટેશનેથી ઉપડતી ગુજરાત એક્સપ્રેસમાં વલસાડ લઈ જવામાં આવશે અને પછીના દિવસે એટલે કે ૨૪મી રવિવાર સાંજના ૪-૩૦ વાગ્યે વલસાડથી ઉપડતી દિલ્હી જનતામાં મુંબઈ પાછાં લાવવામાં આવશે. આ માટે ૪૦ ટિકિટો શનિવાર સવારની ગાડીમાં રીઝર્વ કરાવવામાં આવી છે, જે પર્યટકોએ સંઘના કાર્યાલયમાંથી મેળવવાની રહેશે. આ પર્યટન માટે વ્યકિત દીઠ રૂ. ૧૫ ને બદલે તત્કાળ રૂ. ૨૦ અને બાર વર્ષ નીચેનાં બાળકો માટે રૂા. ૧૫ રાખવામાં આવ્યા છે. આથી ખર્ચ વધશે તો તેટલી રકમ પર્યટક ભાઈ-બહેનોએ વધારે ભરવાની રહેશે. રાત્રીના સૂવા માટે ગાદલાં-ઓશીકાની સગવડ છે. ઓઢવા પૂરતું સાધન દરેકે સાથે લેવાનું રહેશે.

## સંઘના સભ્યો માટે કચ્છના પ્રવાસની યોજના

સંઘના સભ્યો તથા તેમનાં કુટુંબીજનો માટે તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરી શનિવારથી તા. ૧૭મી ફેબ્રુઆરી બુધવાર સુધી, મુંબઈથી કરાંચી જતી આવતી સ્ટીમરમાં કચ્છનો પ્રવાસ યોજવાનું વિચારાઈ રહ્યું છે. બે દિવસ સ્ટીમરમાં જશે અને બાકીના દિવસો દરમિયાન-માંડવી, કંડલા, ગાંધીધામ, ભદ્રેશ્વર, ભૂજ, આદિપુર, નારાયણ સરોવર, જખૌ સોલ્ટ વર્કસ, બન્ની પ્રદેશ, મુંદ્રા, રૂદ્રમાતા ડેમ, રાયણ મોટી, ડુમરા, કોઠારા, નલિયા, વાયોર, રાખડી ડેમ, કોટેશ્વર, નખત્રાણા, પુંઅરાગઢ, કોટેશ્વર, માતાના મઢ, પાન્ડ્રો ડેમ, કલ્યાણપુર, ભારતીય સમૂહ ખેતીનું સ્થળ-કોટેશ્વર અને ભૂજપુર વગેરે-કચ્છનાં જોવાલાયક સ્થળો અને શહેરોમાં આ માટે રોકવામાં આવનાર સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસમાં પ્રવાસીઓને ફેરવવામાં આવશે. આ અંગે પ્રવાસી દીઠ રૂપિયા ૧૨૫ થી ૧૫૦ નો ખર્ચ આવશે એવો અંદાજ છે. આ પ્રવાસને લગતી વિગતો નક્કી કરવા માટે પત્રવ્યવહાર ચાલી રહ્યો છે. આ પ્રવાસમાં જોડાવા ઈચ્છતા ભાઈ-બહેનોએ સંઘના કાર્યાલયમાં વ્યકિત દીઠ રૂા. ૧૨૫ અને બાર વર્ષની નીચેની ઉંમરના માટે રૂા. ૭૫ ભરી જવાના રહેશે. આ માટે છેવટની તારીખ જાન્યુઆરી ૨૨ નક્કી કરવામાં આવી છે. આ પ્રવાસયોજના રૂા. ૫૦૦૦ આસપાસની જવાબદારીનો વિષય હોઈને જાન્યુઆરી માસની ૨૨ તારીખ પહેલાં પૂરા ૪૦ પ્રવાસીઓના નામ નોંધાયા હશે તો જ ઉપર જણાવેલ પ્રવાસ નક્કી કરવામાં આવશે. તો જે સભ્યો આ પ્રવાસમાં જોડાવા ઉત્સુક હોય તેમને પોતાનાં નામ સંઘના કાર્યાલયમાં સત્વર નોંધાવી જવા વિનંતી છે.

## 'પ્રબુદ્ધજીવન' રજત જયંતી સમારોહના સંદર્ભમાં સંઘને થયેલી અર્થપ્રાપ્તિ

| | |
|---|---|
| ૨૮૫૩૧-૫૧ | અગાઉ જાહેર થઈ ગયેલી રકમો |
| ૧૫૦-૦૦ | શ્રી જયવદન તખ્તાવાળા. |
| ૧૦૧-૦૦ | શ્રી રવજી વીજપાળ ગાલા |
| ૫૧-૦૦ | શ્રી રામુભાઈ પંડિત |
| ૨૫-૦૦ | " પૂર્ણિમાબહેન પકવાસા |
| ૨૫-૦૦ | " નાનચંદ તારાચંદ |
| ૨૫-૦૦ | " જી. ડી. દફ્તરી |
| ૧૧-૦૦ | " ધીરૂભાઈ દફ્તરી |
| ૧૦-૦૦ | " હંસરાજ સૌભાગ્યચંદ કોઠારી |
| ૨૮૯૬૯-૫૧ | |

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

## 'સોનેરી મૌન'

લેખક: શ્રી ભરત ઠક્કર

(પ્રાપ્તિસ્થાન: ચેતન પ્રકાશન ગૃહ લિમિટેડ, રામજી મંદિર પોળ, વડોદરા. પ્રકાશક - ભરત ઠક્કર, ચંદ્રોદય, ખારીવાવ રોડ, રાવપુરા, વડોદરા ૧. કિંમત રૂા. ૨.૦૦)

કાવ્યસાહિત્યમાં છેલ્લા દાયકામાં ખેડાઈ રહેલા નવા પ્રકારમાં આ કાવ્યસંગ્રહ પોતાનું સ્થાન પામે છે. અહિં કવિદૃષ્ટિ જૂનાં પ્રતીકોને જૂનાં છંદબંધનો તોડીને કંઈક નવું શોધવા પ્રયત્ન કરી રહી છે. આ અછાંદસ્ કાવ્યોમાં કવિ પોતાની અનુભૂતિને કોઈ નવા જ માધ્યમ દ્વારા ચોંટદાર રીતે રજૂ કરવા મથે છે.
જેમ કે-

"પલળેલી માટીના લોચા જેવું મારું મૌન,
આજે તો જડ પથ્થર બની ગયું છે.

કવિ પાસે મૌલિક વિચારશકિત, કાવ્યમય કલ્પનાઓ અને સરળ આલેખન છે.

જેવું કે-

"આકાશ આજે ઊડવાની વિમાસણમાં છે.
આકાશ ક્ષિતિજે પાસેથી"
પોતાની પાંખો છોડાવી શકતું નથી."

આ પ્રવાહમાં વહી રહેલા અન્ય કેટલાક કવિઓને હાથે કવિતાને નામે માત્ર વિચિત્રતા (અને ઘણી વાર જુગુપ્સા પણ) પોષાતી જોવા મળે છે. આ કવિઓ એ રીતે પોતાની કાવ્યશકિતને સજાગ રાખી છે.

છતાં પણ જે કાવ્યપ્રાસાદ વાંચકના હૃદય તેમ જ પ્રાણને સ્પર્શવો જોઈએ, તેનો અનુભવ આપી નથી થતો. પરિણામે આ કાવ્યસંગ્રહ માત્ર વાંચકના બૌદ્ધિક સ્તર પર કેટલાક વિચારો મૂકી જાય છે. આ જાતનાં કાવ્યો કોઈ ચિરંજીવી આસ્વાદ કયાં સુધી કરાવી શકે?

ગીતા પરીખ

## ધર્મ અને સત્ય વિશે જવાહરલાલ

ધર્મોએ સત્યને બંદીવાન બનાવવાનો પ્રયાસ કર્યો છે. ધર્મોએ માનવજાતના વિકાસમાં ઘણી સહાય કરી છે. ધર્મોએ મૂલ્યો અને ધોરણો ઠરાવ્યા છે અને માનવજીવનના માર્ગદર્શન માટે સિદ્ધાંતો દાખવ્યા છે. આમ છતાં, તેમણે જે કાંઈ ફાયદો કર્યો છે તે ઉપરાંત તેમણે સત્યને નિયત સ્વરૂપો અને સૂત્રોમાં બાંધી લેવાનો પ્રયાસ પણ કર્યો છે અને ક્રિયાઓ અને રિવાજોને ઉત્તેજન આપ્યું છે, જે ક્રિયાઓ અને રિવાજો થોડાં વખતમાં જ તેના મૂળ ઉદ્દેશરહિત બની જાય છે અને માત્ર એક પ્રથા જેવા બની રહે છે. માણસને સર્વ દિશામાં ઘેરી વળેલાં અજ્ઞાત તત્ત્વ વિષે માણસના મનમાં ભય અને રહસ્યનો ખ્યાલ પેદા કરીને ધર્મો માણસને અજ્ઞાત તત્ત્વની ખોજમાં જ નહિ, પરંતુ સામાજિક પ્રયાસના લાભોની ખોજમાં પણ નિરુત્સાહી કરે છે. જિજ્ઞાસા અને વિચારને ઉત્તેજન આપવાને બદલે તેમણે પ્રકૃતિને, સ્થાપિત સંપ્રદાયને, પ્રચલિત સામાજિક વ્યવસાયને અને જે બધું કાંઈ પ્રવર્તમાન હોય તેને વગ બનવાની ફિલસૂફીનો ઉપદેશ આપ્યો છે. અમાનુષી તત્ત્વ-દેવ-ની ઈચ્છા પ્રમાણે બધું થાય છે એવી માન્યતાને પરિણામે સામાજિક ક્ષેત્રે કંઈક બિનજવાબદારી સર્જાય છે અને બુદ્ધિયુકત વિચાર અને સંશોધનવૃત્તિનું સ્થાન ભાગ્યુકતા અને લાગણીવેડા લે છે. ધર્મે જો કે અગણિત માનવીઓના જીવનમાં શાંતિ-સ્વસ્થતા આણી છે અને મૂલ્યો અનુસાર સમ જ વ્યવસ્થા સ્થાપિત કરી છે, તેમ છતાં ધર્મે માનવસમાજમાં સાહજિક એવી પ્રગતિશીલ અને પરિવર્તનશીલક્ષી વૃત્તિને રોકી પણ છે.

જવાહરલાલ નહેરુ

## ધર્મ અને ચમત્કાર

આપણે સમાજમાં સંતની સત્તા કે, રાજાની કે સૈનિકની સત્તાની સ્થાપના નથી કરવી. સંતનાં વચનોનો આદર આજે સંતના પ્રભાવના કારણે નહિ, પણ તેની પાછળ ચમત્કારનો ભાવ છે તેને કારણે છે. ચમત્કારમાં હિંસા છે, કેમકે તેમાં માણસની બુદ્ધિનું મૂલ્ય નથી. ધર્મોમાં જે ઈશ્વરનિષ્ઠા અને મૂલ્યોની નિષ્ઠા પર નિર્ભર નથી તે ચમત્કાર પર નિર્ભર છે.

દાદા ધર્માધિકારી

# કવિવર્ય મુનિશ્રી નાનચંદ્રજીનું મંગળ મહાપ્રસ્થાન

ગઈ તા. ૨૭-૧૨-૬૪ના રોજ સાયલા (સૌરાષ્ટ્ર) ખાતે સ્થાનકવાસી જૈન સંપ્રદાયના અગ્રગણ્ય વયોવૃદ્ધ મુનિવર, કવિ તેમ જ પંડિત શ્રી નાનચંદ્રજી મહારાજ ૮૮ વર્ષની ઉંમરે કાળધર્મ પામ્યા છે. તેમના અવસાનથી માત્ર સ્થાનકવાસી સમાજને જ નહિ, જૈન ધર્માનુયાયી સમાજને નહિ પણ ભારતના સમગ્ર ધાર્મિક સમાજને એક મોટી ખોટ પડી છે. તેમનો જન્મ ઈ. સ. ૧૮૭૭માં સાયલા ખાતે થયેલો. પોતાનો નક્કી કરવામાં આવેલ વિવાહસંબંધ તોડીને તેમણે ૧૯૦૧માં ૨૪ વર્ષની ઉંમરે કચ્છ અંજાર મુકામે સ્વ. મુનિ દેવચંદ્રજી પાસે જૈન દીક્ષા અંગીકાર કરી હતી. આમ છતાં પણ તેઓ કેવળ સંપ્રદાયના ચીલે ચાલનારા સાધુ નહોતા. મૌલિક ધર્મ-તત્ત્વને જાળવવા સાથે પરિવર્તિત હૃદય, ક્ષેત્ર, અને કાળને લક્ષમાં લઈને બાહ્યક્રિયામાં તેમણે સમયાનુસાર ફેરફારો કર્યા તેમ જ કરાવ્યા હતા. જૈન શ્વે. સ્થાનકવાસી કૉન્ફરન્સનું મોરબી મુકામે તેમના હાથે બીજા પણ કરવામાં આવ્યું હતું. સ્વ. મુનિશ્રીને શિક્ષણકાર્યમાં તેમ જ માનવ સમાજને પહોંચાડવામાં આવતી આંતર-બાહ્ય રાહતપ્રવૃત્તિમાં ઊંડો રસ હતો. તેમની પ્રેરણાના પરિણામે અનેક છાત્રાલયો, પાઠશાળાઓ, વાચનાલયો, પુસ્તકાલયો, ઔષધાલયો નિર્માણ થયાં હતાં. તેમ જ ઉદ્યોગશાળાઓ અસ્તિત્વમાં આવી હતી. જમાનાને પીછાણતા ઉદાર વિચારના તેઓ આજીવન બ્રહ્મચારી સંતપુરુષ હતા. ૮૮ વર્ષનું લાંબું જીવન ઉત્કૃષ્ટ પ્રકારના ચારિત્ર્ય વડે તેમણે સાર્થક કર્યું હતું. આવા મુનિવરને, તેમના મંગળ પ્રસ્થાન સમયે, આપણાં અનેક વંદન હો!

પરમાનંદ

**પૂરક નોંધ:** અહીં જણાવવું અપ્રસ્તુત નહિ લેખાય કે મુનિશ્રી નાનચંદ્રજીના બે મુખ્ય શિષ્યઃ (૧) મુનિ ચુનીલાલજી મહારાજ, તેમણે ૧૯૨૮માં દીક્ષા લીધેલી, આજે તેઓ હયાત છે, અને મુનિશ્રી નાનચંદ્રજીના સ્થાને આવે છે, (૨) મુનિ સંતબાલજી. તેમણે ૧૯૨૯માં દીક્ષા લીધેલી. સમયાંતરે ઈ. સ. ૧૯૩૭માં તેમણે ગુરુથી છૂટા રહીને એક વરસ મૌન એકાંતવાસમાં ગાળેલું. ત્યાર બાદ સ્થાનકવાસી જૈન સાધુની આચારપરંપરાની બાબતમાં પોતે કઈ કઈ બાબતોમાં જુદા પડે છે અને તદનુસાર પોતાના આચારમાં કેવા ફેરફાર કરવા ઈચ્છે છે તેને લગતું સ્થા. સમાજ જોગું એક નિવેદન તેમણે બહાર પાડેલું, જેની જાણ થતાં, મુનિ સંતબાલજી જણાવે છે તે મુજબ, સ્થા. સમાજે કહ્યું કે, 'વર્તો ભલે, નિવેદન જાહેર ન કરો.' પણ આમ કરવું તેમના માટે શક્ય નહોતું, તેથી જેની હકુમત નીચે તેઓ હતા તે લીંબડી સંપ્રદાય (મોટા)એ તેમને 'સંપ્રદાય બહાર' ઘોષિત કર્યા. પરિણામે ગુરુ-શિષ્ય સાથે રહી ન શકે એવી પરિસ્થિતિ સરજાણી. ત્યાર બાદ આજ સુધી મુનિ સંતબાલજી પોતાના ગુરુથી અલગ વિચરતા રહ્યા છે. આમ છતાં પણ બંને વચ્ચે સ્નેહસંબંધ અતૂટપણે ચાલુ રહ્યો હતો અને ગાળે ગાળે તેઓ એકમેકને મળતા પણ રહેતા હતા. તેમના ગુરુવર્યના અવસાન અંગે સહાનુભૂતિ દાખવતો મેં મુનિ સંતબાલજી ઉપર એક પત્ર લખેલો તેના ઉત્તરમાં પોતાના ગુરુ વિષે અનેક માહિતીઓ આપતો અને તેમના અંગે ગુણાનુવાદ કરતો એક લાંબો પત્ર તેમના તરફથી તાજેતરમાં મળ્યો છે. તે આખો કાગળ જગ્યાના અભાવે 'પ્રબુદ્ધ-જીવન'માં પ્રગટ કરવાનું શક્ય નથી. એટલે તે પત્રમાંથી સ્વર્ગસ્થ ગુરુવર્યની જીવનપ્રતિભાની ઝાંખી કરાવતા એક બે ઉતારા નીચે આપીને હું સંતોષ માનું છું.

તેઓ પોતાના પત્રમાં જણાવે છે કે, "ભાષાની દૃષ્ટિએ તેમણે સંસ્કૃત તેમ જ અર્ધમાગધીનો અભ્યાસ કરેલો. તેમણે ધર્મશાસ્ત્રોનું ઊંડું અવગાહન કરેલું. પ્રકૃતિ અતિશય મિલનસાર, ઉદારતા અનહદ, વળી ધર્મો પ્રત્યે તેમનામાં સદ્‌ભાવ હતો. આર્યસમાજની મર્દાનગી પ્રત્યે તેમને ઊંડો પક્ષપાત હતો. શ્રીમદ્ રાજચંદ્રની તેમના મન ઉપર ઘેરી અસર હતી. પણ એમને સૌથી વધુ આકર્ષણ ગાંધીજી પ્રત્યે હતું. તેથી એક બાજુએ તેમણે "વિજયતાણું મનમોહનવાળું વગાડનારું કોણ હશે?" એ ગીત ગાઈને સત્યાગ્રહની તારીફ કરી હતી, તો બીજી બાજુએ "જગતને જગાડવા અવનિમાં ગાંધીજી આવ્યા" એ ગાઈને ગાંધીજીને યુગાવતાર પુરુષ તરીકે બિરદાવ્યા હતા. ખાદી અને ગ્રામોદ્યોગ વિષેના આગ્રહો અને બંને વખતની સામુદાયિક પ્રાર્થના તે આકર્ષણના ફળ સ્વરૂપે તેમનામાં પ્રગટ થયાં હતાં. હરિપુરા મહાસભામાં તેઓ હાજર રહ્યા હતા. પછી તેઓ તીથલમાં કેટલોક સમય રહેલા અને ગાંધીજી પણ ત્યાં જ આવીને કેટલાક દિવસ રહ્યા હતા. પરિણામે લગભગ રોજ એ બંને વચ્ચે મુલાકાતો થયા કરતી હતી. ખાસ કરીને સમુદ્ર-કિનારે તેઓ ઘણીવાર સાથે ફરતા હતા. આ રીતે બંનેની વચ્ચે ચાલી રહેલા વિચારવિનિમય દરમિયાન એક દિવસ સત્ય અને અહિંસા વચ્ચે મેળ ન મળે વિષે વાત નીકળી પડી. મહાભારતનો જગજાહેર પ્રસંગ ટાંકીને ગુરુવર્યે તેમને પૂછ્યું: "ભગવાન શ્રીકૃષ્ણે તો પાંડવોને જીતાડવા માટે-ન્યાયને વિજયી બનાવવા માટે-ધર્મરાજ યુધિષ્ઠિર પાસે અસત્ય જેવું બોલાવ્યું: 'નરો વા કુંજરો વા.' આપ સ્વરાજ્ય માટે થોડા અસત્યને ચલાવી લો ખરા?" તે કાળે લોકમાન્ય તિલક સંસારી માટે થોડું અસત્ય અથવા અપવાદ-રૂપ હિંસા પ્રત્યે કુણી નજરે જોવામાં માનતા. ગાંધીજી બંને બાબતોમાં સાફ હતા. અહિંસા કરતાં સત્ય તરફનો તેમનો આગ્રહ ઘણો વધારે-અસાધારણ-હતો. આદર્શોને વ્યવહાર ખાતર તેઓ નીચે ઉતારવા માગતા નહોતા. વ્યવહારને આદર્શ તરફ ચઢાવવા માગતા હતા. આ રીતે ગાંધીજીએ ઉપર જણાવેલ પ્રશ્નના જવાબમાં કહેલું કે, "હું મહાભારતનો કે ભગવાન કૃષ્ણના કૃત્યનો આલોચનકાર થવા માંગતો નથી, પણ મારી દૃષ્ટિએ સત્ય એ જ ઈશ્વર હોઈને સત્ય મારે મન પ્રથમ છે. સ્વરાજ્યના ભોગે પણ હું સત્યને જ પસંદ કરું!" ગાંધીજી પ્રત્યે તેમનું આકર્ષણ આ કારણે હતું અને તેમના હાથેથી તેમણે અનેક વાર ભિક્ષા વહોરી હતી."

મુનિ સંતબાલજી આગળ ચાલતાં પોતાના પત્રમાં જણાવે છે કે, "ગુરુવર્ય શ્રીમદ્ રાજચંદ્રનું સાહિત્ય વાંચતાં-વંચાવતાં; ગાંધી સાહિત્ય વાંચતાં-વંચાવતાં; સદ્‌ગત છોટાલાલ હરજીવન 'સુશીલ' પાસે શ્રી અરવિંદ-સાહિત્ય પણ વાંચતા-વંચાવતા. આમ આ ત્રણે મહાપુરુષોનાં લખાણમાં તેઓ બહુજ રસ ધરાવતા હતા. વળી થોડા સમય પહેલાં સ્વ. વાડીલાલ મોતીલાલ શાહનું સાહિત્ય છપાવવાની પ્રેરણા પણ તેમણે જ આપેલી. તેમનાં પ્રવચનોમાં વકતૃત્વ, સંગીતકળા, કથાકારિત્વ અને કાવ્યતત્ત્વનો ભારે રસમેળ જામતો. આ ઉંમરે છેવટ લગી તેમની અનોખી વાણી લોકોને તેઓ પીરસતાં ધરાતા નહિ; શ્રોતાઓ તેમને સાંભળતાં ધરાતા નહિ. આધુનિક વિજ્ઞાન વિષે તેઓ ઊંડી જિજ્ઞાસા ધરાવતા. જ્યાં જાય ત્યાં જૂની શિલ્પકળા, મંદિરોની કોતરણી, નદી-પર્વતની રમ્યતા વગેરે જોવા-નિહાળવાનું તેમને ખૂબ જ ગમતું. તેઓ પોતાની પાછળ વિપુલ લેખન-સાહિત્ય મૂકી ગયા છે. વળી તેઓ કવિ હોઈને કાવ્યો દ્વારા તેમણે સમાજને ઘણું આપ્યું છે. સાધુઓની પરિષદ હોય, હરિજનોની કે કોળીઓની પરિષદ હોય કે યુવકોની પરિષદ હોય-તેમને જ્યાં બોલાવવામાં આવે ત્યાં તેઓ જતાં અને એકત્ર થયેલી માનવમેદનીને જોઈને-આત્મ-પ્રિય ભાઈ બહેનોને જોઈને-તેઓ રાજી રાજી થઈ જતા અને સૌને રાજી રાજી કરી દેતા. આવો તેમનામાં અગાધ વાત્સલ્યભાવ હતો, એવો ભાવ કે જે કક્ષા પણ ભેદભાવને જાણતો નહોતો. અંત સુધી કાન આંખ અને અન્ય ઈન્દ્રિયો સાબુત હતી. શરીર પડછંદ, ભવ્ય લલાટ, અવાજ બુલંદ અને તેજોમયતા અખંડ હતી. આમ અંત સમય સુધી તેઓ સજાગ, સાવધાન હતા. આવું તેમનું ભવ્ય જીવન હતું અને એવું જ તેમનું ભવ્ય અવસાન હતું. તેમને મન કોઈ પરાયાં નહોતાં. ગમે તેવો કોઈએ અપરાધ કર્યો હોય, પણ તે અપરાધી તેમની સામે ગળગળો થાય તો તેઓ પણ તરત ગળગળા થઈ જતા. આવું મહા દિલ તેઓ પામ્યા હતા."

# પ્રકીર્ણ નોંધ

**સ્વપ્નોની બોલી અંગે**

સ્વપ્નોની બોલીની આવક દેવદ્રવ્યમાં લઈ જવી કે સાંધારણ ખાતામાં લઈ જવી એ પ્રશ્ન 'પ્રબુદ્ધ જીવન'ના આગળના અંકોમાં સારી પેઠે ચર્ચયેલો હોઈને સ્વપ્નોની બોલી એટલે શું એ 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોને સમજાવવાની જરૂર નથી. આના સંબંધમાં તા. ૧૬–૧૦–૬૪ના 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થયેલી પ્રકીર્ણ નોંધમાં જૈન શ્વે. મૂ. સમાજના ખ્યાતનામ આચાર્ય શ્રી આત્મારામજી મહારાજે, રાધનપુર ખાતે વિ. સં. ૧૯૪૩માં (ઈ. સ. ૧૮૯૭માં) પર્યુષણ પર્વ દરમિયાન સ્વપ્નાં ઉતારવાની પ્રથા શરૂ થતાં, તેમાં જે બોલી બોલવામાં આવે તેની આવક સાધારણ ખાતામાં લઈ જવાનું ફરમાવ્યાનો, એ સમયનાં ચોપડામાં સ્પષ્ટ ઉલ્લેખ પ્રગટ કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ તાજેતરમાં શ્રી સુબોધચંદ્ર નાનાલાલ શાહે તા. ૩–૬–૬૫ના પત્ર દ્વારા ચાલુ જાન્યુઆરી માસના 'શ્રી મહાવીર શાસન'માં પ્રગટ થયેલ એક લેખ તરફ મારું ધ્યાન ખેંચ્યું છે. તે લેખમાં વિ. સં. ૧૯૪૮માં (ઈ. સ. ૧૮૯૨માં) શ્રી જૈન ધર્મ પ્રસારક સભા તરફથી પ્રગટ થયેલ 'ઢુંઢક હિત શિક્ષા' અપર નામ 'ગપ્પદીપિકા સમીર' નામના પુસ્તકનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ પુસ્તકમાં સ્વ. આત્મારામજી મહારાજને કરવામાં આવેલા ૧૦૦ પ્રશ્નો અને તેમણે આપેલા ૧૦૦ ઉત્તરોનો સંગ્રહ છે: તેમાં એક પ્રશ્ન નીચે મુજબ છે:–

"સપને ઉતારણા, ઘી ચડાના, ફિર લિલામ કરના ઔર દો તીન રૂપૈયે મણ વેચના, સો કયા ભગવાનકા ઘી કૌડા હૈ સૌ લિખો."

તેનો જવાબ તેમણે નીચે મુજબ આપેલો:–

"સ્વપ્ન ઉતારણે, ઘી બોલના ઈત્યાદિક ધર્મકી પ્રભાવના ઔર જિન દ્રવ્ય કી વૃદ્ધિ કા હેતુ હૈં. ધર્મકી પ્રભાવના કરનેસેં પ્રાણી તીર્થંકર ગોત્ર બાંધતા હૈ. યહ કથન શ્રી જ્ઞાતા સૂત્ર મેં હૈ. ઔર જિન દ્રવ્યકી વૃદ્ધિ કરનેવાલા ભી તીર્થંકર ગોત્ર બાંધતા હૈ યહ કથન શ્રી સંબોધ સત્તારી શાસ્ત્રમેં હૈ. ઔર ઘી કે બોલને વાસ્તે જો ઘી લિખા હૈ તિસકા ઉત્તર જૈસે તુમારે આચારાંગ શાસ્ત્ર ભગવાન કી વાણી દો વા ચાર રૂપૈયોંકો વિકતી હૈ ઐસે ઘીકા ભી મોલ પડતા હૈ."

આ પ્રશ્નોત્તર જે પુસ્તકમાંથી લેવામાં આવ્યા છે તે પુસ્તક મારા જોવામાં આવ્યું નથી. તેનું અપરનામ 'ગપ્પદીપિકા સમીર' તેની વિશ્વસનીયતા માટે શંકા ઉપજાવે તેવું છે. આમ છતાં ઉપર જણાવેલ પ્રશ્નોત્તર કોઈની મનસ્વી કલ્પનાના નહિ, પણ ખરેખર આધાર રાખવા લાયક તથા પ્રમાણભૂત હોય તો, વિ. સં. ૧૯૪૩ની સાલનું વિધાન વિ. સં. ૧૯૪૮ની સાલના વિધાનથી એકદમ જુદું પડતું હોઈને આશ્ચર્ય પેદા કરે છે. પાંચ વર્ષના ગાળા દરમિયાન આ પ્રશ્ન અંગે આત્મારામજી મહારાજના અભિપ્રાયમાં ફેરફાર થયો હોય એમ માનવાને પણ કોઈ કારણ નથી. જે ભિન્ન ભિન્ન પુસ્તકોમાં આ વિધાન રહેલાં છે તે બન્નેના સંપાદક શ્રી વિજયવલ્લભસૂરિ છે જેઓ આજે હયાત નથી. તેમના સિવાય અન્ય કોઈ વ્યક્તિ આ પરસ્પરવિરોધી લાગતાં વિધાનોનો ખુલાસો કરી શકે તેમ નથી. પરિણામે મુંઝવણ તેના માટે ઉભી થાય છે, જે અમુક આચાર્યને અનુસરીને જ ચાલવાનો આગ્રહ રાખતા હોય. બાકી આવા પ્રશ્નનો વર્તમાન દેશકાળ અનુસાર સમ્યક્ વિચાર કરીને જે કોઈ નિર્ણય કરે છે તેને આચાર્યોનાં અભિપ્રાય–વિરોધો કદી પણ મુંઝવતા નથી. પૂર્વાચાર્યના પરસ્પર–વિરોધી લાગતાં વિધાનો તરફ જ્યારે મારું ધ્યાન ખેંચવામાં આવ્યું ત્યારે મને લાગ્યું કે, પ્રબુદ્ધ જીવનના વાચકોને પણ મારે તેની જાણ કરવી જોઈએ.

**ઉપધાનોનો રાફડો ફાટ્યો છે!**

જૈન શ્વે. મૂ. સમાજમાં આશરે ૪૫ દહાડા, ચાલે તેવું ઉપધાન વ્રત આજે ચોતરફ જેસલમેર ચાલી રહ્યું છે. આમાં મોટા ભાગે એક દિવસ ઉપવાસ અને બીજા દિવસે બેસણું (દિવસ દરમ્યાન બે વાર ભોજન) લેવાનું હોય છે. આ ભોજન માટે ભરચક મિષ્ટાન્નો અને ભાત ભાતની વાનીઓ તૈયાર કરવામાં આવે છે. ઉપધાનવ્રતીની તાકાત જળવાઈ રહે તે માટે દેશના ગમે તે ખૂણેથી સારા પ્રમાણમાં ચોખ્ખું ઘી મેળવવામાં આવે છે. આમ આ ઉપધાન વ્રતના ઉદ્યાપનમાં ત્યાગ અને ભોગનું એક સરખું તાંડવ ચાલે છે. આજે આપણા ચાલુ ખાનપાનમાંથી બદામ, પીસ્તા, એલચી, કેશર અને ચોખ્ખું ઘી પણ, તે તે ચીજના ભાવો ખૂબ વધી જવાના કારણે, લગભગ અદશ્ય થયેલ છે, પણ આ ઉપધાનના ભોજન માટે કોઈ પણ ચીજ મોંઘી હોતી જ નથી તેમ કોઈ ચીજનો દુકાળ સંભવતો નથી. ગમે તે ભાવે ગમે તે ચીજો સારા પ્રમાણમાં ધોળા કે કાળા બજારમાંથી મેળવવામાં આવે છે. તે માટેની ખરીદીને કોઈ કાયદો–કાનૂન નડતાં નથી. એક એક ઉપધાનમાં સાધારણ રીતે ૪૦૦–૫૦૦ ભાઈ–બહેનો જોડાય છે. એટલે એક એક ઉપધાન માટે ૩૦–૪૦ હજારનો ખર્ચ અંદાજવામાં આવે છે. અઢળક ધન કમાતા જૈનો માટે કાળા બજારનું નાણું ઠાલવવા માટે સ્વર્ગલોકનું દ્વાર ઉઘાડતું ઉપધાન વ્રતનું આ ઉદ્યાપન એક મહત્ત્વનું સાધન બન્યું છે. આ વર્ણનમાં કોઈ અત્યુક્તિ થતી નથી એ દર્શાવવા માટે ભાવનગરના જૈન સંઘ સાથે જોડાયેલા એક કિસ્સાની જાણકારી ઉપયોગી થઈ પડશે. એ કિસ્સો નીચે મુજબ છે:–

ભાવનગર ખાતે ચાતુર્માસ કરી રહેલા એક આચાર્યે કાર્તક મહિનામાં ઉપધાન તપની યોજના કરવા ત્યાંના સંઘના આગેવાનોને સૂચના કરી.સંઘના આગેવાનોએ એવા કશા ખર્ચમાં ઉતરવાની અનિચ્છા દર્શાવી. આચાર્યશ્રીએ કહ્યું કે "બધા ખર્ચની ગોઠવણ બહારથી થઈ રહેશે. માત્ર તમે ઉપધાન તપની ગોઠવણ કરવાનું માથે લ્યો." સંઘના આગેવાનોએ કહ્યું કે "આપની આ વાત અમને કબૂલ છે, પણ અમારી બે શરત છે: (૧) આ ઉપધાન પાછળ કશું કાળા બજારનું નાણું વપરાવું ન જોઈએ. (૨) ઉપધાનને લગતી ભોજન સામગ્રી વસાવવામાં સરકારી કોઈ પણ કાયદા કાનૂનનો ભંગ કરવામાં ન આવે. આ ઉપરાંત આ ઉપધાન વ્રતમાં ભાગ લેનારા ભાઈ–બહેનો શહેરની ગટર સાથે જોડાયેલું પાયખાનું કે મુતરડીનો ઉપયોગ કરી શકતા નથી. પરિણામે આવા મોટા સમુદાયના મળમૂત્ર વિસર્જનની ગોઠવણ કેમ કરવી તે એક મહત્ત્વનો સવાલ બની જાય છે. સાધારણ રીતે જ્યાં ઉપધાન કરાવવામાં આવે છે ત્યાં ચોતરફ વસતા લોકોને મળમૂત્રની દૂર્ગંધના ભોગ બનવું પડે છે. આ માટે પણ સંઘના આગેવાનો તૈયાર નહોતા. ઉપરની શરતો સાંભળીને આચાર્યશ્રીએ ભાવનગરમાં ઉપધાન કરાવવાનો આગ્રહ છોડી દીધો અને પછી તેને લગતી બધી ગોઠવણ શિહોર મુકામે કરવામાં આવી.

આ ઉપરથી ઉપધાન વ્રત ઉદ્યાપન સાથે કયા કયા પ્રકારના સામાજિક અનર્થો જોડાયલા છે તેનો ખ્યાલ આવશે. આ બધું જાણવા–સમજવા છતાં ઉપધાનની ઘેલછાએ શ્વે. મૂ. મૂર્તિપૂજક સમાજના આચાર્યોને તેમ શ્રાવક સમુદાયને ઘેલા બનાવી દીધા છે અને તે પાછળ લાખો રૂપિયાનું કેવળ પાણી થઈ રહ્યું છે.

**મુંબઈ ખાતે આચાર્ય પદવી-પ્રદાન પાછળ થનારો પુષ્કળ ધનનો ધુમાડો**

જૈન શ્વે. મૂ. સમાજમાં પચ્ચાસ વર્ષ પહેલાં આંગળીના વેઢે ગણાય તેટલા જ આચાર્ય હતા અને તેથી આચાર્યપદનું ખાસ મહત્ત્વ હતું. સાધારણ રીતે કોઈ સંઘાડામાં મોટો શિષ્યપરિવાર નિર્માણ થાય ત્યારે તે પરિવારના વડિલ ગુરુ પરિવારમાંના કોઈએક તેજસ્વી વિદ્વાન અને પ્રભાવશાળી શિષ્યને આચાર્ય બનાવતા. કદિ કદિ કોઈ શહેરનો સંઘ અમુક જૈન વયોવૃદ્ધ મુનિની વિશિષ્ટ યોગ્યતાનો ખ્યાલ કરીને તે મુનીને આચાર્ય પદવીથી વિભૂષિત કરતો.

સમય જતાં આચાર્ય બનેલા સાધુઓએ પોતાના શિષ્યોમાંથી એક યા અન્ય શિષ્યને આચાર્ય બનાવવાનું શરૂ કરી દીધું અને ઢગલાબંધ આચાર્યો નિર્માણ થયા. આજે જે રીતે આચાર્યો બનાવવામાં આવે છે તે રીતે થોડા સમય બાદ કોઈ આચાર્ય બન્યા સિવાયનો સાધુ જ નહિ રહે એવું અનુમાન કરવામાં આવે છે. આ રીતે આજના સમયમાં આચાર્યપદનું કોઈ ખાસ મહત્ત્વ જ રહ્યું નથી.

આમ છતાં તાજેતરમાં મુંબઈમાં ગોડીજીના ઉપાશ્રયે વસતા શ્રી વિજય અમૃતસૂરિ, જેઓ દીક્ષા છોડીને ભાગેલા નફટ શિષ્યોને ફરી ફરીને દીક્ષા આપવાની અનેક વદર ધૃષ્ટતા કરતા આવ્યા છે, એટલે કે જે આવ્યું તેને મુંડવા સિવાય મુંડન માટેની યોગ્યતા અંગે જેમની પાસે બીજું કોઈ ધોરણ નથી, તેઓ પોતાના પ્રશિષ્ય પંન્યાસ શ્રી ધુરંધરવિજયજીને આગામી ફેબ્રુઆરી માસની આઠમી તારીખે આચાર્ય બનાવવા ધારે છે. આ આચાર્યપદવી-પ્રદાનના અનુસંધાનમાં કલ્પનામાં ન આવે એવો એક ગંજાવર સમારંભ યોજવામાં આવ્યો છે. આ માટે મુંબઈના જૈન શ્વે. મૂ. સમાજના આગેવાન લેખાતા એવા ૩૧ ગૃહસ્થોની શ્રી આચાર્યપદ-પ્રદાન-સમિતિ નીમવામાં આવી છે અને તે સમિતિના શ્રી લક્ષ્મીચંદ દુર્લભજી, શ્રી ધીરજલાલ ટોકરશી શાહ, શ્રી મુકિતલાલ વીરવાડીઆ તથા મનસુખલાલ ઓધડભાઈ શાહ મંત્રીઓ છે, અને તેમાંના સ્વપરકલ્યાણસાધક શ્રી ધીરજલાલ ટોકરશી શાહ આ આખા સમારંભના પ્રમુખ આયોજક છે. ઉપર જણાવેલ સમિતિ નીચે ૧૧ પેટા સમિતિઓ નીમવામાં આવી છે. આવી આચાર્યપદવીનું પ્રદાન સાધારણ રીતે જે ઉપાશ્રયમાં પ્રસ્તુત સાધુ સમુદાય રહેતો હોય તે ઉપાશ્રયમાં જ કરવામાં આવે છે, પણ આ પ્રસંગની ઉજવણી માટે તેમ કરવાને બદલે આઝાદ મેદાનમાં એક ભવ્ય મંડપ બાંધવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ માટે દસ દિવસનો એ ભવ્ય કાર્યક્રમ વિચારાયો છે. આ પ્રસંગે 'આચાર્ય પરંપરા-દર્શન' નામની વિશિષ્ટ રચનાના છ ખંડો રચવામાં આવનાર છે અને ભગવાન મહાવીરની પાટે આવેલા આચાર્યોની ૨૫૦૦ વર્ષની પરંપરા મૂર્તિઓ અને ચિત્રો દ્વારા રજુ કરવામાં આવનાર છે. આ વિરાટ સમારંભ પાછળ પોણા લાખથી એક લાખ રૂપિયાનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. આ બધું જાણીને કોઈને પણ સહજ પ્રશ્ન થાય કે કોઈ એક આચાર્ય પોતાના કોઈ એક શિષ્ય કે પ્રશિષ્યને આચાર્ય બનાવે તે એવો તે કયો મોટો બનાવ છે કે જે માટે આઝાદ મેદાનમાં આટલી મોટી માંડ માંડવામાં આવે અને આટલા બધા દ્રવ્યનો વ્યય કરવામાં આવે? ઉપધાનો અંગે તેમ જ આવા આચાર્યપદવીપ્રદાન અંગે ખાનપાન, આડંબર, નાટારંભ અને ઝાકઝમાળ પાછળ આટલો મોટો ધનનો ધુમાડો થઈ રહ્યો છે અને તે શાણી લેખાતી-દરેક બાબતનો ગણતરીપૂર્વક વિચાર કરતી-જૈન કોમના હાથે-આ જોઈને અત્યન્ત વેદના થાય છે. શું આપણે સાદી સમજ, વ્યવહારકુશળતા, વિવેક શકિત બધું જ ગુમાવી બેઠા છીએ અને ન સમજી શકાય એવા કોઈ પાગલપણાએ આપણી બુદ્ધિને ઘેરી લીધી છે? એવો પ્રશ્ન થાય છે. આપણે વિશાળ સમાજની વચ્ચે બેઠા છીએ. વિશાળ સમાજના પ્રાજ્ઞ પુરુષો આપણે શું કરી રહ્યા છીએ તે જુએ છે, નિહાળે છે અને આપણી કિંમત આંકે છે. આવા અતિરેક સામે અવાજ સરખો પણ કોઈ ન ઉઠાવે-શું એવા સત્વહીન આપણે બની બેઠા છીએ? આ બધું એક પ્રકારનું વૈભવપ્રદર્શન સામાન્ય લોકોની આંખે ચઢતું જાય છે અને તેના ભારે પ્રતિકૂળ પ્રત્યાઘાતો પડતા જાય છે. આ રીતે વિચારીને પણ, આપણે આવા અર્થશૂન્ય જલસાઓથી બચીએ અને વિવેકની સમતુલા ઉપર આપણા ધાર્મિક જીવનને-સમગ્ર સામાજિક જીવનને-આધારિત કરીએ એજ પ્રાર્થના!

પરમાનંદ

# સાભાર સ્વીકાર

**સબરસ**: ભાગ ૧: લેખક તથા પ્રકાશક: ડૉ. કાંતિલાલ શાહ, "ઉપહાર" પાટાની પાસે, નવરંગપુરા, અમદાવાદ, ૯. કિંમત રૂા. ૧-૫૦

**ભગવાન બુદ્ધ**: લેખક: શ્રી શિવાજી ભાવે, પ્રકાશક: યજ્ઞ પ્રકાશન, હુઝરત પાગા. વડોદરા કિંમત રૂા. ૧-૫૦

**સ્ત્રી-પુરુષ સહજીવન**: લેખક: દાદા ધર્માધિકારી, પ્રકાશક: યજ્ઞ પ્રકાશન, હુઝરત પાગા, વડોદરા, કિંમત રૂા. ૧-૫૦.

**ઉરસિંધુનાં બિંદુ**: લેખક: ભક્તકવિ શ્રી શિવજી દેવશી, ગઢડાવાળા. પ્રકાશક: શિવસદન ગ્રંથમાળા કાર્યાલય, ગઢડા, કિંમત રૂા. ૧-૫૦.

**સનાતન ધર્મનું રેખાદર્શન**: લેખક: શ્રી શ્રીનિવાસ ભાસ્કર ગોડબોલે, પ્રકાશક: એસ.બી. દાંડેકર પ્રકાશન, દાંડેકર વાડો, દાંડિયા બજાર, વડોદરા કિંમત રૂા. ૦-૫૦.

**હિમાલયની પત્રયાત્રા**: લેખક: શ્રી કિશનસિંહ ચાવડા, પ્રકાશક: રવાણી પ્રકાશનગૃહ, ટિળક માર્ગ, અમદાવાદ ૧, કિંમત રૂા. ૪.

**અદ્યતન સોવિયેત સાહિત્ય**: સંપાદક તથા પ્રકાશક: શ્રી ભોગીલાલ ગાંધી, વિશ્વમાનવ, રામજીમંદિર પોળ, વડોદરા. કિંમત રૂા. ૫-૫૦

**લોકશાહી સમાજવાદ સ્વતંત્રતા**: મૂળ લેખક: શ્રી ચક્રવર્તી રાજગોપાલાચાર્ય, અનુવાદક તથા પ્રકાશક: શ્રી ભોગીલાલ ગાંધી, વિશ્વમાનવ, રામજી મંદિર પોળ, વડોદરા, કિંમત રૂા. ૪.

**ભારત ઈતિહાસ નોંધ**: (કાર્લ માર્ક્સ કૃત): અનુવાદક: શ્રી ભોગીલાલ ગાંધી, પ્રકાશક: ચેતન પ્રકાશન ગૃહ પ્રા. લિ., રામજીમંદિર પોળ, વડોદરા. કિંમત રૂા. ૪-૨૫.

**શત્રુંજયોદ્ધારક સમરસિંહ અને અન્ય કૃતિઓ**: લેખક: સ્વ. નાગકુમાર નાથાલાલ મકાતી, પ્રકાશક: શ્રી નાગકુમાર નાથાલાલ મકાતી સ્મારક ગ્રંથ પ્રકાશન સમિતિ, ઝવેરી ભુવન, હુઝરત પાગા, વડોદરા, કિંમત રૂા. ૨.

**અભિષેક**: (કાવ્ય સંગ્રહ) લેખક: શ્રી શાંતિલાલ મહેતા, ઠે. 'નવરચના' કાર્યાલય, જૂની સોસાયટી, લીંબડી, (સૌરાષ્ટ્ર) કિંમત રૂા. ૩.

**અલકનંદા**: (કાવ્ય સંગ્રહ): લેખક: શ્રી રજનીકાંત મહેતા, ૩૦૬, પ્રભુદાસ તળાવ, ભાવનગર, કિંમત રૂા. ૧-૫૦

**સહકારી સોપાન**: લેખિકા: શ્રી કમળાબહેન રતનચંદ ચુતરીઆ, પ્રકાશક: શ્રી અમદાવાદ જિલ્લા સહકારી મંડળ, ધનહાઉસ સામે, ભદ્ર, અમદાવાદ, કિંમત રૂા. ૧-૨૫.

**સેવાપ્રિય સોજપાળભાઈ**: લેખક: શ્રી ફૂલચંદ હરિચંદ દોશી, પ્રકાશક: શિવસદન ગ્રંથ માળા કાર્યાલય, ગઢડા (સૌરાષ્ટ્ર)

**વિશ્વવિહાર**: લેખક: તથા પ્રકાશક: શ્રી કાળુભાઈ બસીયા જગતપ્રવાસી ૧૯, નેપીયનસી રોડ, મુંબઈ ૬, કિંમત રૂા. ૨-૫૦.

**જૈન પદાર્થવિજ્ઞાનમાં પુદ્ગલ**: લેખક: શ્રી મોહનલાલ બાંઠિયા, પ્રકાશક: શ્રી જૈન શ્વેતાંબર તેરાપંથી મહાસભા ૩, પોર્ચુગીઝ ચર્ચ સ્ટ્રીટ, કલકત્તા-૧, કિંમત રૂા. ૧-૨૫.

**પ્રાચીન ભારતીય લોકધર્મ**: લેખક: શ્રી વાસુદેવશરણ અગ્રવાલ, પ્રકાશક: જ્ઞાનોદય ટ્રસ્ટ, અનેકાન્ત વિહાર, (શ્રેયસ કોલોની પાસે) અમદાવાદ ૯, મૂલ્ય રૂા. ૪.

**તિલકમણિ**: લેખક: જયભિખ્ખુ, પ્રકાશક: ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રસ્તો, અમદાવાદ, કિંમત રૂ. ૧-૫૦.

**જ્ઞાનસાર**: (પ્રથમ ખંડ) વિવેચનકર્તા: મુનિશ્રી ભદ્રગુપ્તવિજયજી, પ્રકાશક: શ્રી વિશ્વકલ્યાણ પ્રકાશન, હારીજ, ઉત્તર ગુજરાત.

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩, મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પાપલ પ્રેસ, ફોર્ટ, મુંબઈ.

REGD. No. B-4266.
વાર્ષિક લવાજમ રૂા. ૪
પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૬ : અંક ૧૯

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ફેબ્રુઆરી ૧, ૧૯૬૫, સોમવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૨૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## પ્રકીર્ણ નોંધ

**બાપુજીની ભવિષ્યવાણી**

'લોકજીવન'માં ગાંધીજીએ તા૦ ૨૪-૧-'૨૨ના રોજ લખેલા પત્રમાંનો નીચેનો ભાગ પ્રગટ કરવામાં આવ્યો છે :–

"સ્વરાજ આજે જ કે લાંબા વખત સુધી પણ ચાલુ રાજ્ય (અંગ્રેજી રાજ્ય) કરતાં બહુ સારૂં હોવાનું નથી. સ્વરાજ થયું એટલે લોકો એકદમ સુખી બની જવાના નથી, એટલું આપણે સૌએ જાણી રાખવું જોઈએ. સ્વતંત્ર થઈશું તેની સાથે જ ચૂંટણીમાં રહેલા બધા દોષો, અન્યાય, શ્રીમંતોની સત્તા ને જુલમ તેમ જ વહીવટની બિન-આવડત એ બધું આપણી ઉપર ચડી બેસવાનું અને આ જંજાળ કયાંથી આવી પડી એમ લાગવાનું. લોકો અફસોસની સાથે ગયા દહાડા યાદ કરશે કે આ કરતાં તો પહેલાં વધારે ન્યાય હતો. આ કરતાં વહીવટ સારો હતો, શાંતિ હતી અને અમલદારોમાં ઓછા વત્તા પ્રમાણમાં પ્રામાણિકતા પણ હતી. લાભ એટલો જ થયો હશે કે એક જાતિ તરીકે આપણા માથેથી અપમાન અને ગુલામીનું કલંક ઊતરશે. આખા દેશમાં કેળવણીનો પ્રચાર કરીએ તો જ આશા છે. તેનાથી લોકોમાં બચપણથી જ શુદ્ધ આચરણ, ઈશ્વરનો ડર અને પ્રેમ-ભાવના ખીલશે. સ્વરાજ સુખ આપનારું ત્યારે જ થશે, જ્યારે આપણે આ કાર્યમાં ફત્તેહમંદ થઈશું. નહિ તો સ્વરાજ એ ધનસત્તાના ઘોર અન્યાયો અને જુલમનો ભરેલો એક ઘોર નરક આવાસ જ હશે. ઓહો! જો દરેક માણસ સત્યનિષ્ટ હોય, ઈશ્વરથી ડરીને ચાલનાર હોય, બીજા ઉપર પ્રેમ રાખવાનું સુખ અનુભવી શકતો હોય, તો સંસાર કેટલો સારવાળો થઈ પડે! તેવું નથી તે છતાં આ આદર્શ સ્થિતિને પ્રત્યક્ષ કરવાની પાત્રતા બીજા દેશો કરતાં હિંદુસ્તાનમાં અધિક છે."

આ લખાણ આજથી ૪૨ વર્ષ પહેલાંનું છે, જ્યારે સ્વરાજનો ભારતના ક્ષિતિજ ઉપર ઉદય થયો નહોતો, પણ ભાવિના ગર્ભમાં આજનું સ્વરાજ ઘડાઈ રહ્યું હતું. આપણને મળેલા સ્વરાજના શિલ્પી ગાંધીજીને સ્વરાજ મળ્યા પછી આપણી શી દશા થશે એ વિષે જાણે કે પૂરી આગાહી થઈ હોય એવા આ લેખના શબ્દો છે. ૨૬ મી જાન્યુઆરીના સ્વાતંત્ર્યદિનના પ્રસંગે લોકોના દિલમાં ઉષ્મા અને આશા પેદા થાય એવું કાંઈક લખું એમ વિચાર્યા કરતા હતો, પણ આજની પરિસ્થિતિનું સાર્વત્રિક ચિત્ર એટલું બધું ગ્લાનિજનક લાગ્યું કે લેખિની આગળ ચાલી જ નહિ. આવી મનઃસ્થિતિમાં ગાંધીજીનું આ લખાણ નજર ઉપર આવ્યું એટલે સ્વાતંત્ર્યદિનના સંદેશા તરીકે ગાંધીજીનું આ લખાણ જ પ્રબુદ્ધ જીવનના વાચકો સમક્ષ ધરીને સંતોષ ચિંતવું છું.

ઉપરના લખાણને છેડે ગાંધીજીએ જણાવ્યું છે કે, "આ આદર્શ-સ્થિતિને પ્રત્યક્ષ કરવાની પાત્રતા બીજા દેશો કરતાં હિંદુસ્તાનમાં અધિક છે." આજે ગાંધીજી જીવતા હોત તો કદાચ તેઓ એમ કહેત કે, "આ પાત્રતા પણ હવે તો ભારતે ગુમાવી લાગે છે." આવી આપણી આજની શોચનીય દશા છે.

પ્રસ્તુત લખાણમાં અદ્યતન પરિસ્થિતિનું આબેહુબ ચિત્ર રજૂ થયું છે, અને તેમાંથી ઊંચે આવવું હોય તો આપણે શું કરવું જોઈએ, આપણે કેવા બનવું જોઈએ તેનું પણ આછું માર્ગદર્શન ગાંધીજીએ આપણને કરાવ્યું છે. આમ ગમગીનીભર્યા છતાં મંગળ દિવસે આપણી અંતરની પ્રાર્થના હો કે "ઈશ્વર અલ્લા તારૂં નામ, સૌને સન્મતિ દે ભગવાન!"

**ચર્ચીલ અને નેહરુ**

તા. ૨૮-૧-'૬૫ના ટાઈમ્સ ઑફ ઈન્ડિયામાં શ્રી જી. એલ. મહેતાના પ્રગટ થયેલા પત્રનો નીચે અનુવાદ આપવામાં આવે છે:–

"તે વિન્સ્ટન ચર્ચીલ હતા કે જેમણે છેલ્લા વિશ્વયુદ્ધ દરમિયાન જણાવેલું કે "બ્રિટિશ સલ્તનતનું વિસર્જન મારા પ્રમુખ સ્થાન નીચે કરવામાં આવે એ માટે હું કંઈ બ્રિટિશ સરકારનો મુખ્ય પ્રધાન નથી બન્યો." તે ચર્ચીલ જ હતા કે જેમણે ૧૯૩૫ના ગવર્મેન્ટ ઑફ ઈન્ડિયા ઍક્ટની સામે એકલા પંડે હાઉસ ઑફ કૉમન્સમાં બંધારણરચસરની જોસભેર લડત ચલાવી હતી. ૧૯૪૩ની સાલમાં કેરો ખાતે મળેલી શિખર પરિષદમાં, જ્યારે પ્રેસિડેન્ટ રૂઝવેલ્ટે ભારત અંગે કાંઈક ઉલ્લેખ કરેલો ત્યારે, મેડમ ચેંગ-કાઈ શેકના જણાવવા મુજબ, ચર્ચીલ ઉકળી ઉઠેલા. (સાથે સાથે એ જણાવવું જરૂરી છે કે ભારતનું બ્રિટિશ ગવર્મેન્ટ સાથે રાજકારણી સમાધાન કરવા માટે કોઈ પણ સમયે સ્ટેલીને આગ્રહ કર્યો હોય એમ જાણવામાં આવ્યું નથી.) ચર્ચીલે આ રીતે ભારતને સ્વરાજ આપવા સામે દઢતાપૂર્વક વિરોધ કર્યો હતો.

"આમ છતાં, જ્યારે ભારતના રાજકારણી સૂત્રધારની જવાબદારી સ્વીકાર્યા બાદ, પંડિત નહેરુ ૧૯૪૯ના નવેમ્બર માસમાં પહેલી વાર ઈંગ્લાંડ ગયા, ત્યારે એ જ ચર્ચીલ હતા કે જેમણે પોતાના નિવાસસ્થાનના આંગણામાં આગળ આવીને જવાહરલાલને આવકાર્યા હતા. ચર્ચીલ એ વખતે વિરોધ પક્ષના નેતા હતા. તેમણે નેહરુને કહેલું કે, "ભારતના પહેલા મુખ્ય પ્રધાનને હું - વિન્સ્ટન ચર્ચીલ - મારે ત્યાં આવકારૂં એ કોઈ વિચિત્ર ઘટના નથી લાગતી?" અને તેમનું સ્વાગત કર્યા બાદ, તેમણે આ મતલબનું કાંઈક જણાવેલું કે "આજે અમે વિરોધપક્ષમાં છીએ, પણ અમે સત્તા ઉપર બહુ થોડા સમયમાં આવીશું તેની અમને ખાત્રી છે. એમ થશે ત્યારે અમારા આવવા પહેલાં જે કાંઈ કરવામાં આવ્યું છે તેનો અમે જરૂર આદર કરીશું અને ભારતને કરવામાં આવેલી સત્તાસોંપણીની ઘટનાને અન્યથા કરવાનો અમે પ્રયત્ન કરીશું એવું અમારા અંગે કોઈએ લેશ પણ ભય સેવવાની જરૂર નથી." (આ હું યુનાઈટેડ સ્ટેટ્સની સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ જસ્ટીસ ફ્રાન્કફર્ટર સાથે થયેલી વાત ઉપરથી જણાવું છું.)

"૧૯૫૩ના જૂન માસમાં રાણીના રાજ્યાભિષેક પ્રસંગે હેરોના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ નેહરુ માટે ભોજન સમારંભ ગોઠવ્યો હતો. ચર્ચીલ બહુ જ કામનાં રોકાણોને લીધે અહીં પહોંચવામાં મોડા પડયા હતા. જ્યારે તેઓ આવી પહોંચ્યા અને નેહરુના માનમાં

ટોસ્ટ વિધિ થઈ ચૂકયો હતો એમ ચર્ચિલને જણાવવામાં આવ્યું ત્યારે એ ટોસ્ટવિધિ ફરીથી કરવાનો ચર્ચિલે આગ્રહ કર્યો હતો, અને આ ટોસ્ટની દરખાસ્ત ચર્ચિલે પોતે કરી હતી." (નેહરુએ આ બાબત ત્યાર બાદ તરતમાં જ સ્વીટ્ઝર્લેન્ડમાં આવેલા બર્ગનસ્ટૉક ખાતે મળેલી હિંદી એલચીખાતાંઓના વડાઓની સભામાં જણાવી હતી.)

"અને છેવટે ઑસ્ટ્રેલિયાના મુખ્ય પ્રધાન શ્રી મેન્ઝીઝ મને વૉશિંગ્ટનમાં મળેલા ત્યારે તેમણે નીચેનો બનાવ જણાવ્યો હતો. લંડન ખાતે એક ખાનગી ભોજન પ્રસંગે મેન્ઝીઝ અને ચર્ચિલ એકઠા થયા હતા અને એ દરમિયાન, કોઈએ નેહરુ વિષે કાંઈક ધસાતી ટીકા કરી. ચર્ચીલ આ સાંભળી ગયા અને તે અંગે પોતાની નાખુશી દર્શાવી. તેમણે એ વખતે કહેલું કે, "નહેરુ સાથે મને અનેક મતભેદો છે, એમ છતાં પણ, હું જાણું છું એવા બહુ થોડા માનવીઓમનાં નેહરુ એક છે કે જેમણે વૈર અને ભય ઉપર વિજય મેળવ્યો છે.

"આ ત્રણ બનાવો એક મહાન અંગ્રેજનું Ingrained Coustitutionalism–બંધારણને આધીન રહીને આચરવાનો આગ્રહ ધરાવતા માનસ–નું અને સાથે સાથે એવી મહાનુભાવતાનું આપણને દર્શન કરાવે છે કે જે બર્કના કહેવા મુજબ મોટા ભાગે Truest Wisdom – ઉત્કૃષ્ટ કોટિની પ્રજ્ઞા–નો જ એક પ્રકાર હોય છે."

**હિંદી સામે આ તોફાનો, આ શહીદી શા માટે?**

જ્યારે પ્રજાસત્તાક દિને હિન્દી ભાષા સંઘ સરકારની સત્તાવાર ભાષાના પદે આરૂઢ બની રહી છે ત્યારે દક્ષિણ ભારતમાં ખાસ કરીને મદ્રાસ બાજુએ તોફાનો થયાં છે અને હિન્દી ભાષાના કહેવાતા શાસન સામે ત્યાંના દ્રાવીડ મુન્નેત્ર કળગમ પક્ષ તરફથી હિંસક સામનો કરવામાં આવ્યો છે, એટલું જ નહિ પણ, બે સ્વયંસેવકોએ આ બાબતને જ આગળ ધરીને શરીર ઉપર પાસલેટ છાંટીને આત્મઘાત કર્યો છે. આ બધું જાણીને–સાંભળીને–ભારે આઘાત તેમજ આશ્ચર્ય થાય છે અને આ બધાં તોફાનો અને આ બધી શહીદી શેના માટે એવો પ્રશ્ન થાય છે.

આ બધાં પાછળ કોઈ સિદ્ધાન્તનો સવાલ હોત, કોઈ મહાન મૂલ્યની રક્ષાનો પ્રશ્ન હોત તો આપણે માની લેત કે તે ખાતર જે કાંઈ થયું છે તેમાં કાંઈક વ્યાજબીપણું હશે. પણ જે હિંદી ભાષાનો ભારતના અનેક અંગ–ઉપાંગોને જોડનાર એક કડી તરીકે વિચાર કરવામાં તેમ જ સ્વીકાર કરવામાં આવ્યો છે, અને જે દ્વારા એકતાનું અમૃત મેળવવાની આશા સેવાઈ રહી છે તે જ હિંદી સામે આવો ઉકળાટ, આવો ખળભળાટ આવી શહીદી પેદા થાય તો એમ જ સમજવું રહ્યું કે વિધિ આપણા માટે વક્ર બની રહેલ છે.

દક્ષિણ ભારતમાં એક પૂર્વગ્રહ પેદા થયો છે, કેટલાક સમયથી પોષાતો રહ્યો છે. સમગ્ર ભારતની અપેક્ષાએ દક્ષિણ ભારતે અંગ્રેજી ભાષા ઉપર પ્રભુત્વ પ્રાપ્ત કરવામાં વર્ષોથી પહેલ કરી છે અને તેને લીધે ભારતના ઉચ્ચ કક્ષાના રાજ્યાધિકારો ઉપર જ્યાં ત્યાં દક્ષિણ-ભારતના લોકો આજે સુપ્રતિષ્ઠિત બનેલા જોવામાં આવે છે. હવે જો હિંદી ભાષા ભારત સરકારની સત્તાવાર ભાષા બને તો હિંદી-ભાષીઓનું પ્રભુત્વ વધે અને પોતાને અંગ્રેજીભાષી લેખતા એવા મદ્રાસીઓનું પ્રભુત્વ ઘટે–આવી દહેશતે દક્ષિણ ભારતના ચિત્તને ઘેરી લીધું છે અને આ બધાં તોફાનો એ વિકૃત મનોદશાના આવીર્ભાવ છે. આનો અર્થ એ થાય છે કે અમારે અંગ્રેજી ભાષાની જહાંગીરી જોઈએ છીએ., હિંદી ભાષાની નહિ, કારણ કે અંગ્રેજી ભાષાની જહાંગીરી પાછળ અમારો સ્વાર્થ રહેલો છે. આથી વધારે મોટા દેશદ્રોહની કલ્પના થઈ શકતી નથી.

આ ભૂમિકા ઉપરથી જ્યારે હિંદી ભાષા સામેના સંઘર્ષનો વિચાર કરવામાં આવે છે ત્યારે ચિત્ત ભારે ગ્લાનિ અનુભવે છે અને દેશનું ભાવિ ભારે બિહામણું લાગે છે. આ બધું એમ સૂચવે છે કે આપણે હવે સમગ્ર ભારતનો વિચાર કરી શકતા જ નથી. જેવી રીતે અનાજની છતવાળાં રાજ્યો અનાજની અછત ધરાવતાં રાજ્યોને અનાજ આપવાની આનાકાની કરે છે તેવી રીતે હિંદી ભાષા સરકારની-રાજ્યની-સત્તાવાર ભાષા બને તે સમગ્ર ભારતની દૃષ્ટિએ ગમે તેટલું આવકારપાત્ર હોય તો પણ અમારા અદ્યતન સ્વાર્થ સાથે એ બંધબેસતું નથી તો અમને હિંદી ન ખપે તે ન જ ખપે–આવું હિંદીવિરોધી દક્ષિણવાસીઓનું માનસ દેખાય છે.

અને આ આંદોલનને ભારતના ભીષ્મપિતામહ જેવા શ્રી ચક્રવર્તી રાજગોપાલાચાર્યનો ટેકો છે, અનુમોદન છે એમ માલુમ પડે છે ત્યારે હવે એમ જ માનવું રહ્યું કે, વાડે વેલાને ગળવા માંડયો છે, સંગઠિત ભારતના દિવસો હવે ગણ્યાંગાંઠયાં રહ્યા છે, અરાજકતાની આંધી આવી રહી છે અને ભારત છિન્નભિન્ન થવાની કટોકટી તરફ ધસી રહ્યું છે. ઈશ્વર ભુલેલાંને સાચું ભાન કરાવે અને આ દુર્ગતિના ગર્તામાં ડૂબતા આપ સર્વને ઉગારે!

**ગુજરાતના કળાગુરુ શ્રી રવિશંકર મ. રાવળનું તથા શેઠ ગોરધનદાસ ભગવાનદાસનું ભારત સરકારે કરેલું બહુમાન**

જણાવતાં આનંદ થાય છે કે, દેશની વિશિષ્ટ સેવા અને જીવનના વિવિધ ક્ષેત્રોએ નોંધવા લાયક કામગીરી બજાવવા બદલ ભારતના ૧૫મા પ્રજાસત્તાક દિને રાષ્ટ્રપતિએ પદ્મવિભૂષણ, પદ્મભૂષણ અને પદ્મશ્રીના પુરસ્કારોની જે લહાણી કરી છે તેમાં આપણામાંના ઘણાને પરિચિત એવી બે વ્યક્તિઓનો સમાવેશ થાય છે. એક ગુજરાતના કળાગુરુ શ્રી રવિશંકર મ. રાવળ અને બીજા શેઠ ગોરધનદાસ ભગવાનદાસ. શ્રી રવિશંકર રાવળ માત્ર ઉચ્ચ કોટિના કળાકાર છે, એટલું જ નહિ પણ, તેમની દ્વારા ગુજરાતમાં ચિત્રકળાના ક્ષેત્રમાં નવનિર્માણનો યુગ સરજાયો છે અને તેમની પ્રેરણા અને માર્ગદર્શન નીચે અનેક કળાકારો પેદા થયા છે. આવી એક વિશિષ્ટ કોટિની વ્યક્તિને પદ્મશ્રીનો ઈલકાબ આપીને ભારત સરકારે ગુજરાતની ચિત્રકળાનું બહુમાન કર્યું છે. આવી જ રીતે મુંબઈના સર હરકીસનદાસ હૉસ્પિટલના સંચાલન સાથે જેમનું આજ સુધીનું જીવન અર્પિત થયેલું છે, અને તેના સર્વતોમુખી વિકાસ સાથે જેમનો અખંડ કર્મયોગ જોડાયેલો છે એવા શ્રી ગોરધનદાસભાઈને પણ પદ્મશ્રીથી નવાજીને ભારત સરકારે યોગ્ય વ્યક્તિની યોગ્ય રીતે કદર કરી છે. આ માટે આ બન્ને વ્યક્તિવિશેષને આપ સર્વનાં હાર્દિક અભિનન્દન ઘટે છે...

**જૈન કેળવણી મંડળનો પાંચ લાખનો લક્ષ્યાંક સિદ્ધ થવા બદલ અભિનંદન**

મુંબઈના જૈન કેળવણી મંડળ સંચાલિત શ્રી રતનબાઈ કેશવજી ખેતાણી સ્થાનકવાસી જૈન ગર્લ્સ હાઈસ્કૂલ માટે સ્વતંત્ર મકાન ઊભું કરવા માટે તા. ૨૪-૧-૬૫ના રોજ સન્મુખાનંદ હૉલમાં 'પિંજરનું પંખી' એ નામની નૃત્યનાટિકાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગના સંમેલનમાં મહારાષ્ટ્રના આરોગ્ય પ્રધાન શ્રી શાન્તિલાલ શાહ પ્રમુખસ્થાને બીરાજ્યા હતા. પ્રસ્તુત કેળવણી મંડળના કાર્યકર્તાઓના શુભ પ્રયાસથી સાડા ત્રણ લાખ એકઠા કરવામાં આવ્યા હતા, બીજા એક લાખનાં દાનો આ નૃત્યનાટિકા પ્રસંગે જાહેર કરવામાં આવ્યા હતાં અને બીજા સવા લાખનું દાન તરતમાં નક્કી થવાનો સંભવ છે એમ જણાવવામાં આવ્યું હતું. આમ શુભ પ્રયાસની આવી સ્તુત્ય સફળતા માટે જૈન કેળવણી મંડળના કાર્યકરોને અને ખાસ કરીને એ મંડળના મંત્રીશ્રીઓ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ તથા શ્રી દુર્લભજી કેશવજી ખેતાણીને અનેક ધન્યવાદ ઘટે છે. પરમાનંદ

## વિષયસૂચિ


| | પૃષ્ઠ |
|---|---|
| **પ્રકીર્ણ નોંધ:** બાપુજીની ભવિષ્યવાણી, ચર્ચિલ અને નહેરુ, હિંદી સામે આ તોફાનો? આ શહિદી શા માટે? ગુજરાતના કળાગુરુ શ્રી રવિશંકર મ. રાવળ તથા શેઠ ગોરધનદાસ ભગવાનદાસનું ભારત સરકારે કરેલું બહુમાન, જૈન કેળવણી મંડળનો પાંચ લાખનો લક્ષ્યાંક સિદ્ધ થવા બદલ અભિનંદન | પરમાનંદ ૨૧૭ |
| જૈન સમાજને ઉદ્દેશીને કરવામાં આવેલાં ત્રણ સૂચનો | આચાર્ય તુલસી ૨૧૯ |
| ઉદાત્ત વાણીનો અદ્‌ભુત નમૂનો | પ્રેસિડેન્ટ જૉન્સન ૨૨૦ |
| વિરલ માનવ વિભૂતિ સર વિરટન ચર્ચિલ | ટાઈમ્સ ઑફ ઈન્ડિયા ૨૨૧ |
| ભારતે બૉંબ બનાંવવો કે નહિ? | અલારટૅર બુશન ૨૨ |
| માયા? | ગીતા પરીખ ૨૨૪ |
| વૃદ્ધત્વ | ગીતા પરીખ ૨૨૪ |
| પશુ બલિ નિષેધ કાર્યની પ્રગતિ | મુનિ નેમિચંદ્ર ૨૨૧ |

# જૈનસમાજને ઉદ્દેશીને કરવામાં આવેલાં ત્રણ સૂચનો

(જૈન સમાજના એક અંગરૂપ તેરાપંથી સમુદાયના પ્રમુખ આચાર્ય તુલશી તરફથી ગત મહાવીર નિર્વાણ ઉત્સવ ઉપર જૈન સમાજને ઉદ્દેશીને ત્રણ સૂચનો કરવામાં આવ્યાં હતાં. તે કલકત્તાની શ્રી જૈન શ્વેતાંબર તેરાપંથી મહાસભાના જૈન સમન્વય વિભાગ તરફથી એક પત્રિકાના રૂપમાં પ્રસારિત કરવામાં આવેલ છે. આ પત્રિકાનો ઉદ્દેશ સમસ્ત જૈન સમાજમાં એકતાની ભાવના પ્રસ્થાપિત કરવાનો છે તથા ભગવાન મહાવીરની આગામી ૨૫૦૦મી નિર્વાણ શતાબ્દીના યથોચિત ગૌરવપૂર્ણ ઉદ્યાપન વિષે સમગ્ર જૈન સમાજને સક્રિયતા તરફ ગતિમાન કરવાનો છે. જૈન વિચારસરણીના વિકાસ અને વિસ્તાર માટે સમસ્ત જૈન સમાજમાં એકતા પ્રસ્થાપિત થવાની અને સામુદાયિક સંગઠન થવાની પરમ આવશ્યકતા છે. આ દૃષ્ટિએ આ પત્રિકામાં કરવામાં આવેલાં સૂચનો આવકારયોગ્ય તેમ જ વિચારવાયોગ્ય છે. આચાર્ય તુલશીએ સૂચવેલું–સાધુઓ તેમ જ શ્રાવકોનો સમાવેશ થાય તેવું સંગઠન નિર્માણ થવું હજુ બહુ મુશ્કેલ–અસંભવિત જેવું લાગે છે, પણ કાળની માગ છે વિઘટિત અંગોના એકત્રીકરણની, ભેદભાવને ગૌણ બનાવીને સમાન તત્ત્વોને આગળ લાવવાની. અને જે કાળની માંગ હોય તેનો ખ્યાલ રાખીને તદનુરૂપ પુરુષાર્થ દાખવવામાં આવે તો તે માંગને મૂર્ત રૂપ મળે જ એવો નિસર્ગનિયમ છે. આ નિયમને ધ્યાનમાં લઈને આચાર્ય તુલશીના આ પ્રસાદપૂર્ણ અનુરોધ ઉપર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરવા જૈન સમાજના આચાર્યોને તેમ જ આગેવાનોને નમ્ર પ્રાર્થના છે. **પરમાનંદ**)

### આજની ભૂમિકા અને જૈન સમાજની જવાબદારી

છેલ્લા બે દશકામાં જ આપણ સર્વેએ સામાજિક તથા રાષ્ટ્રીય સ્થિતિઓમાં એટલું મોટું પરિવર્તન જોઈ લીધું છે કે જેટલું પરિવર્તન આપણા પૂર્વજો શતાબ્દિઓ અથવા તો સહસ્રાબ્દિઓ દરમિયાન જોવા પામતા હતા. શાસનતંત્ર બદલાયું છે, અર્થતંત્ર બદલાયું છે, તેમ જ કેટલાંક સામાજિક મૂલ્યો પણ બદલાયાં છે. વર્તમાન સ્થિતિઓમાં એ વર્ગ તથા એ સમાજ માટે સ્વાભિમાનપૂર્વકનું જીવન જીવવાનું કઠણ બન્યું છે કે જે વર્ગ કે સમાજ માત્ર પોતાના પ્રાચીન ચીલા ઉપર અવલંબિત રહેવા માગે છે.

આજે મજૂર, કિસાન તેમ જ હરિજન – સર્વ કોઈ પોતાના સંગઠનબલ ઉપર આગળ વધી રહેલ છે, પોતાના આચારવિચાર તેમ જ રહેણીકરણીની પદ્ધતિઓ બદલી રહેલ છે, તેમ જ વિભિન્ન ક્ષેત્રોમાં પ્રભાવને પ્રાપ્ત કરી રહેલ છે. જૈન સમાજ તો સદાને માટે દૂરદર્શી સમાજ રહ્યો છે. દેશ-કાલ સાથે તેણે સદાને માટે સામંજસ્ય બેસાડ્યું છે. તે જેટલો અર્થપ્રધાન છે તેટલો જ બુદ્ધિપ્રધાન છે. તે સમાજના આચાર્ય તથા મુનિવર્ગ પણ યુગદૃષ્ટા રહ્યા છે. દેશકાલને અનુરૂપ અનુસૂચન તે હંમેશાને માટે સમાજને આપતો રહ્યો છે. વિવિધ વાદો તેમ જ વિવિધ ભૌતિક વિચારસરણીઓ વડે વ્યાકુલ એવા આ વર્તમાન યુગમાં તે યથાસમય યથોચિત માર્ગદર્શન સમાજને કરાવતો રહે એ અંગે તેની જવાબદારી સવિશેષ વધી જાય છે. વર્તમાન યુગમાં જીવવાની અને વિકાસોન્મુખ બની રહેવાની પહેલી શરત છે સંગઠન. જૈન સમાજ અનેક શાખા-ઉપશાખાઓમાં વહેંચાયેલો છે. વીસપંથ અને તેરાપંથ - આ બે ઉપશાખા દિગંબર સમાજની છે તથા મૂર્તિપૂજક, સ્થાનકવાસી તથા તેરાપંથ - આ ત્રણ ઉપશાખાઓ શ્વેતાંબર સમાજની છે. બીજી પણ કેટલીક અવાન્તર શાખાઓ હશે. આ બધી શાખા - પ્રશાખાઓમાં મૌલિક ભેદ બહુ ઓછો છે. જે ભેદ છે તેને વિશેષતઃ ઓછો કરવો તે આજે આપણ સર્વનું કર્તવ્ય છે. આ દિશાએ આગળ વધવા માટે વિ. સં. ૨૦૨૧ તથા વીર નિર્વાણ સંવત ૨૪૯૧ના વીર–નિર્વાણ–દીપાવલી પર્વ ઉપર સમગ્ર જૈન સમાજ સમક્ષ હું ત્રણ સૂચન પ્રસ્તુત કરું છું.

### (૧) સંવત્સરી–પર્વ

જૈન સમાજની ભાવાત્મક એકતા માટે એ અત્યન્ત અપેક્ષિત છે કે સમગ્ર જૈન સમાજનું સંવત્સરીપર્વ એક બને. આથી જૈન સમાજમાં એક નવો ઉલ્લાસ તેમ જ નવું બળ આવશે એવો વિશ્વાસ છે. ભૂતકાળનો ઈતિહાસ જોતાં આ કાર્ય કઠણ લાગે છે, પરંતુ વર્તમાનની અપેક્ષાઓ ધ્યાનમાં લઈને આપણે આ વિચારને સરલ બનાવી લેવો જોઈએ. આગ્રહ દરેક સમન્વયને કઠણ બનાવે છે અને ઉદારતા તેને સરલ બનાવે છે. શ્વેતાંબરોમાં સંવત્સરી સંબંધી મતભેદ ચોથ કે પાંચમ–બસ આટલામાં જ સમાઈ જાય છે. દિગંબરોમાં દશ લાક્ષણિક પર્વની આ પાંચમથી શરૂઆત થાય છે. શ્વેતાંબર પરંપરાઓ જે ચોથ કે પાંચમના વિકલ્પના ઠેકાણે માત્ર પાંચમના વિકલ્પને અપનાવી લે તો એ બે સમુદાય પરસ્પરમાં એક બની જાય અને સાથે સાથે દિગંબર સમાજને પણ તે એકસૂત્રતામાં જોડી દે. આ સ્થિતિમાં દિગંબર સમાજની પણ નૈતિક જવાબદારી બની જાય છે કે તે પોતાના દશ લાક્ષણિક પર્વના અન્તિમ દિનની માફક આદિ દિનને પણ આધ્યાત્મિક મહત્ત્વ આપીને જૈન એકતાની કડીને વધારે સુદૃઢ કરે.

આ પરિકલ્પનામાં ન કોઈ પરંપરામાં ન્યૂનતા આવે છે કે ન કોઈ પરંપરામાં વિશેષની અધિકતા આવે છે. થોડુંક દરેકને બદલવું પડે છે અને ઘણું વધારે સર્વનું સુરક્ષિત રહે છે. પ્રશ્ન રહે છે ચિરંતન પરંપરાઓમાં થોડો સરખો પણ ફેરફાર કરવાનો આપણને અધિકાર છે કે નહિ? આનો ઉત્તર સ્વયં પરંપરાઓ જ આપે છે. ઈતિહાસ આપણી સામે એવી અગણિત પરંપરાઓ રજુ કરે છે કે જે દેશ-કાલની સાથે નિર્માણ થઈ છે અને દેશ-કાલની સાથે બદલાતી રહી છે. શાસ્ત્રીય પરંપરાઓની પણ સમયે સમયે નવી વ્યાખ્યાઓ બનેલી છે. એકાન્તવાદિતાથી મુકત બનીને વિચાર કરવાથી એવા અનેક માર્ગો સહજમાં મળી શકે છે, કે જે શાસ્ત્ર અને પરંપરાથી અવિરોધી રહીને આપણને આગળ વધવાનો માર્ગ ચીંધી શકે છે.

### (૨) અખિલ ભારતીય જૈન પ્રતિનિધિમંડળ

સમગ્ર જૈન સમાજના પ્રતિનિધિત્વ માટે એક સુદૃઢ અખિલ ભારતીય જૈન પ્રતિનિધિ–સંગઠનની નીતાન્ત અપેક્ષા છે. સર્વ પ્રમુખ સંપ્રદાયો અથવા સંપ્રદાયોની પ્રતિનિધિ સંસ્થાઓ દ્વારા મોકલવામાં આવેલા પ્રતિનિધિઓ સંયુકત રૂપમાં જૈન ધર્મના સાર્વભૌમ હિતોના સંરક્ષણ તેમ જ વિકાસ વિષે વિચાર કરી શકે તથા તદનુકુલ પ્રવૃત્ત થઈ શકે - આ તે સંગઠનનું ધ્યેય બનો! સંયુકત રાષ્ટ્રસંઘ એ બાબતનું ઉદાહરણ છે કે પરંપરાવિરોધી રાષ્ટ્રો પણ એક સંગઠનમાં આવી શકે છે તથા માનવ હિતની અનેક પ્રવૃત્તિઓ સંયુકત રૂપથી ચલાવી શકે છે. જૈન શાખા - પ્રશાખાઓના તો મતભેદ પણ નગણ્ય છે. સ્યાદ્‌વાદ સર્વનો આધાર છે. જૈનત્વના સંરક્ષણ તથા વિકાસમાં સૌને રસ છે. આવી સ્થિતિમાં એ જરા પણ અસંભવ નથી લાગતું કે એવું સર્વમાન્ય સંગઠન જૈન સમાજ બનાવી શકે તેમ જ તેની ઉપયોગીતાનો લાભ ઉઠાવી શકે. અપેક્ષા છે થોડા પણ સક્રિય લોકોએ આગળ વધીને પગલું ભરવાની.

### (૩) ભગવાન મહાવીરની પચ્ચીસોમી નિર્વાણ-શતાબ્દી

એ સુવિદિત છે કે બરોબર ૧૦ વર્ષ બાદ મહાવીર - નિર્વાણને ૨૫૦૦ વર્ષ પૂરાં થઈ રહ્યાં છે. સર્વ જૈન પરંપરા આ વિષયને લગતી કાલ - ગણનામાં એકમત છે. જૈન ધર્મની પ્રભાવનાનો આ સુન્દર અવસર છે. બૌદ્ધોએ, સિંહલી-પરંપરાના ગ્રંથ 'મહાવંશ'ની

કાલ–ગણના અનુસાર થોડાંક જ વર્ષ પહેલાં બુદ્ધ નિર્વાણનાં ૨૫૦૦ વર્ષ ઉલ્લેખનીય સમારોહ વડે મનાવ્યાં - ઉજવ્યાં. સર્વ બૌદ્ધ-પરંપરાઓ 'મહાવંશ'ની આ કાલગણનામાં સહમત નહોતા, એમ છતાં પણ તેમણે સર્વેએ આ સમારોહને આન્તરરાષ્ટ્રીય રૂપ આપવામાં પૂરો સાથ આપ્યો. વિશ્વના ખુણા ખુણામાં એક સાથે ભગવાન બુદ્ધનો સંદેશો પ્રતિધ્વનિત થયો. જૈન સમાજની સામે પણ એવો જ અવસર છે. કાલગણનામાં જે રીતે સમસ્ત જૈન માન્યતાઓ એક છે તેવી રીતે જો સમગ્ર જૈન સમાજ સંગઠ્ઠિત બનીને મહાવીર - નિર્વાણ શતાબ્દી વિશેષત: ત્યાગ તથા તપ-સ્યાપૂર્વક મનાવે તો ખરેખર જ જૈન ધર્મને એક નવજીવન મળી શકે છે. તેનો ગૌરવપૂર્ણ ઈતિહાસ, તેનું સ્યાદ્‌વાદ-મૂલક દર્શન, તથા અહિંસા-મૂલક આચાર એક સાથે વિશ્વની સામે આવી શકે છે. ત્યાગ, તપસ્યા તથા ધર્મપ્રભાવના–મૂલક આયોજનો વડે જૈન સમાજ કૃતાર્થ બની શકે છે. અપેક્ષા છે વ્યવસ્થિત તથા યોજનાબદ્ધ ઉપક્રમની.

આ સમારોહની સફળતા માટે યથાસમય અખિલ ભારતીય જૈન પ્રતિનિધિ સંગઠ્ઠન ઊભું થવાની તથા આપણું સંવત્સરી પર્વ પણ ત્યાં સુધીમાં એક થવાની અપેક્ષા છે. આ સ્થિતિમાં આપણ સર્વેએ અવિલંબ આ દિશામાં દત્તચિત્ત થઈને ગતિમાન બનવું ઘટે છે.

સંક્ષેપમાં હું આ ત્રણ સૂચનો જૈન સમાજ સમક્ષ રજુ કરું છું. આશા છે કે, સર્વ શાખા-પ્રશાખાઓના આચાર્ય, ઉપાધ્યાય, મુનિ તથા પ્રતિનિધિ આ સંગઠ્ઠન ઉપર સહૃદયતાપૂર્વક વિચાર કરે. આ અપેક્ષાશીલ યુગમાં પણ જો જૈન સમાજ કશું કરી નહિ દેખાડે, તો આગામી પેઢી વર્તમાન પેઢીની અકર્મણ્યતા અંગે અનુતાપ અનુભવશે.

**જૈન શિખર સંમેલન**

આ સર્વપરિકલ્પનાઓને સાકાર રૂપ દેવા માટે સમગ્ર જૈન આચાર્યો તથા પ્રભાવશાળી મુનિઓનું એક શિખર - સંમેલન સત્વર આયોજિત કરવાની અપેક્ષા છે, જેમાં સર્વ સમુદાયના અગ્રણી શ્રાવકો પણ સંમિલિત બને એ ઉચિત લેખાશે. આ સંમેલન કયાં ભરાય, કયારે ભરાય, તેમ જ કેવી રીતે ભરાય - એ આખો પ્રશ્ન વિચારણીય છે. અપેક્ષા છે કે સર્વ મુનિવરો તેમ જ શ્રાવકો આ વિષય ઉપર વિચાર કરે તથા પોતપોતાના વિચારો પ્રસ્તુત કરે. આ પ્રકારનું શિખર - સંમેલન જો આપણે બધા મળીને યોજી શકીએ તો જૈન શાસન માટે ખરેખર તે એક સોનેરી ઘટના લેખાશે.

અનુવાદક : **પરપાનંદ** મૂળહિંદી : **આચાર્ય તુલસી**

# ઉદાત્ત વાણીનો અદ્‌ભુત નમૂનો

(યુનાઈટેડ સ્ટેટ્સના પ્રમુખપદારોહણપ્રસંગે પ્રેસિડન્ટ જૉન્સને તા. ૨૦-૧-૧૯૬૫ ના રોજે કરેલું મુદિત મંગલ મિતાક્ષરી પ્રવચન જે રીતે ટાઈમ્સ ઑફ ઈન્ડિયામાં પ્રગટ થયું છે તેનો અનુવાદ નીચે આપવામાં આવે છે. **તંત્રી**)

પ્રેસિડેન્ટ એલ. બી. જૉન્સને પ્રમુખપદને લગતી સોગંદ-વિધિ કરતાં " Progress without strife and change without hatred " – " ઘર્ષણ વિનાની પ્રગતિ અને દ્વેષમત્સર વિનાની ક્રાંતિ " સાધવાની પોતાની ધારણા વ્યકત કરી હતી અને 'The great society' 'એક મહાન સમાજ' – નિર્માણ કરવાની અભીપ્સા જાહેર કરી હતી. આગળ વધતાં તેમણે જણાવ્યું હતું કે " ન્યાયમયતા, સ્વતંત્રતા અને સંગઠ્ઠિત એકતાને પ્રાધાન્ય આપતા બંધારણ નીચે આપણે ઉન્નત, મહાન અને સર્વસમર્થ એવી પ્રજા નિર્માણ કરી છે, અને આપણા સ્વાતંત્ર્યને આપણે હર પ્રકારે સુરક્ષિત રાખ્યું છે. આમ છતાં પણ આપણી આ આબાદી અને રાષ્ટ્રીય મહત્તા હંમેશના માટે ટકી રહેશે એવી ઈશ્વરે આપણને કોઈ બાંહ્યધરી આપી નથી. તે તો આપણે આપણા શ્રમસ્વેદ વડે અને આધ્યાત્મિક તાકાત વડે જ ટકાવવાની છે. આમ કરે તેના ઉપર જ ઈશ્વરનો અનુગ્રહ ઊતરે છે. કોઈ પણ મહાન સમાજનું સ્વરૂપ ચોક્કસ ઢાંચાવાળું, ફેરફાર–વિરોધી, કીડીઓની હારમાળા જેવું - ગણવેશધારી સૈનિકો જેવું – જડપ્રાય માનવીઓના સમૂહ જેવું–હોય એમ હું માનતો નથી. મહાન સમાજ તો એ જ બની શકે કે જેમાં becoming ની – કંઈક નવીન બનવાની–સતત નવતર બનતા રહેવાની, પોતા ઉપર પ્રયોગો કરવાની, ભૂલો કરવાની, અથ-ડાવાની પછડાવાની અને ઊભા થઈને પાછા ચાલવાની, આત્મ-પુરુષાર્થ વડે પેઢીએ પેઢીએ આગળ વધવાની જેનામાં તમન્ના હોય, ચેતના હોય, પ્રાણમયતા હોય.

" જો આમાં આપણે નિષ્ફળ નીવડીશું, નાપાસ થઈશું તો અનેક સંકટો અને યાતનાઓ વેઠીને પ્રાપ્ત કરેલી લોકશાહી દ્વારા આપણને જે બોધપાઠ મળ્યો છે કે લોકશાહી માનવીની અથાક શ્રદ્ધા ઉપર જ ટકી શકે છે અને સ્વતંત્રતા જે કાંઈ આપે છે તેના કરતાં તેની માંગ - અપેક્ષા – હંમેશાં ઘણી વધારે મોટી હોય છે અને જેમના ઉપર ઈશ્વરની કૃપા હોય છે તેમની જ ઈશ્વર સૌથી વધારે કસોટી કરે છે – આ પ્રકારના બોધપાઠનું આપણે વિસ્મરણ કર્યું લેખાશે.

"અને જો આપણને સફળતા મળશે, જો આપણે કસોટીમાંથી પસાર થઈશું, તો તે આપણી પાસે જે કાંઈ છે તેને લીધે નહિ હોય, પણ આપણે જેવા હોઈશું તેને લીધે હશે, આપણા વિપુલ પરિગ્રહને લીધે નહિ, પણ આપણી જે જીવનમૂલ્યોમાં શ્રદ્ધા હશે તેને લીધે હશે.

"કારણ કે, આપણા ચાલુ જીવનની ધમાલ–ધાંધલ નીચે, અને જંગી પ્રવૃત્તિઓના ધોંધાટ અને ધમધમાટ નીચે આપણે એક શ્રદ્ધાપરાયણ સમાજ છીએ, આપણે સ્વાતંત્ર્યમાં, ન્યાયમાં, અને આપણાં સંગઠ્ઠનમાં ઊંડી શ્રદ્ધા ધરાવતા માનવીઓ છીએ, પ્રત્યેક માનવી કોઈ કાળે સ્વતંત્ર થવો જ જોઈએ એમ આપણે અંતરથી માનીએ છીએ અને આપણી જાતમાં આપણે પૂરી શ્રદ્ધા ધરાવીએ છીએ. આપણા દુશ્મનો – પ્રતિપક્ષીઓ–આ બાબતમાં જ આપણને સમજવામાં હંમેશાં ભૂલ કરતા રહ્યા છે. મારા જીવન દરમિયાન, મંદીના કાળમાં અને યુદ્ધના સમયમાં આપણે પરાજય પામીશું, આપણે ભાંગી પડીશું એની જ તેઓ રાહ જોતા રહ્યા છે. પણ દરેક કટોકટીના વખતે, જે તેમને દેખાતી નહોતી, જેની તેમને કલ્પના સરખી નહોતી તેવી શ્રદ્ધાની તાકાત અમેરિકામાં હૃદયના ઊંડાણમાંથી પ્રગટી ઉઠતી રહી છે અને તેથી જ આપણને વિજય પ્રાપ્ત થતો રહ્યો છે.

"અમેરિકાને જે જોઈએ છીએ તે આ છે, તેના શ્રદ્ધાપૂર્ણ પુરુષાર્થની આ અપેક્ષા છે: તે વણખેડાયેલું રણ ખેડવા માગે છે, વણઓળંગાયેલા પૂલ ઓળંગવા માગે છે, જેને કોઈ પહોંચી શકયું નથી તેવા તારાને તે આંબવા માંગે છે, વણખેડાયેલી જમીનમાં રહેલા સત્ત્વને બહાર ખેંચી લાવવા માંગે છે.

"આપણી દુનિયા ખતમ થઈ છે? આપણે તેને વિદાયની સલામ કરીએ છીએ. નવી દુનિયા આવી રહી છે? આપણે તેનું સ્વાગત કરીએ છીએ, – અને માનવીની આશાઓને – આકાંક્ષાઓને–સફળ બનાવે તે પ્રકારનો આપણે તેને જરૂર વળાંક આપીશું.

"મારાથી બનશે તેટલું અમેરિકાની પ્રજાને કલ્યાણકારી માર્ગ ઉપર દોરવા માટે હું કરી છૂટીશ. પણ તમારા દિલમાં જે પુરાણી આકાંક્ષાઓ અને કાળજુનાં સ્વપ્નો ભરેલાં છે તેની, અંતરના ઊંડાણમાં ઊતરીને ખોજ કરજો. તેમાંથી જ તમને સાચું માર્ગદર્શન મળી રહેશે. મારા પૂરતી તો, એ પ્રાચીન મહાપુરુષના શબ્દોને ટાંકીને, હું એટલી જ પ્રાર્થના કરીશ કે " હે ઈશ્વર, આ લોકોની – આ પ્રજાની–સમક્ષ હું આત્મવિશ્વાસપૂર્વક ઊભો રહી શકું, તેમની યત્કિંચિત્ સેવા કરી શકું એ માટે મને જ્ઞાન અને સાચી સમજણ આપજે, કારણ કે આ લોકો – આ પ્રજા–જે આટલી મહાન છે તેને યથાર્થ સમજવાનું, એ ઈશ્વરી અનુગ્રહ સિવાય, મારૂં શું ગજું છે?"

અનુવાદક : **પરમાનંદ** **પ્રેસીડેન્ટ જૉન્સન**

# વિરલ માનવવિભૂતિ સર વીન્સ્ટન ચર્ચીલ

(જાન્યુઆરીની ૨૪મી તારીખે સવારે ૮ વાગ્યે આપણી દુનિયામાંથી એક અસામાન્ય માનવીએ—મહામાનવે – નવ દિવસ બેભાન અવસ્થામાં ગાળીને ૯૦ વર્ષની પરિપકવ ઉંમરે આપણી વચ્ચેથી સદાને માટે વિદાય લીધી છે. સાધારણ રીતે ઈતિહાસ માનવીને ઘડે છે, અને કાળ માનવીને રમાડે છે. પણ આ માનવીએ ઈતિહાસને ઘડયો છે અને કાળ સામે ટક્કર ઝીલી છે અને પોતાના દેશ ઈંગ્લાંડને કાળના જડબામાંથી ખેંચી કાઢીને ઉગાર્યો છે. તેના સમગ્ર જીવનમાં જ્ઞાનયોગ અને કર્મયોગનું આપણને અદ્‌ભુત દર્શન થાય છે. તેની ગર્જનાએ સૂતેલા અનેકને જગાડયા છે અને જાગેલાને કર્મ તરફ ધક્કેલ્યા છે. બે મોટાં વિશ્વયુદ્ધોનો તે કેવળ સાક્ષી નથી, પણ સંચાલક છે. આવી માનવવિભૂતિનો પ્રબુદ્ધ જીવનના વાચકોને શી રીતે ખ્યાલ આપવો તે મૂંઝવણમાં તા. ૨૫ મીના ટાઈમ્સ ઑફ ઈન્ડિયાનો અગ્રલેખ મારા વાંચવામાં આવ્યો અને જ્યાં ત્યાંથી હકીકતો તારવીને સર વિન્સ્ટન ચર્ચીલનો પરિચય આપવા હું પ્રયત્ન કરું તેના બદલે પ્રસ્તુત અગ્રલેખનો અનુવાદ ધાર્યો હેતુ વધારે સારી રીતે સિદ્ધ કરશે એમ સમજીને તે અગ્રલેખનો નીચે અનુવાદ આપું છું.

**પરમાનંદ**)

સર વિન્સ્ટન ચર્ચીલનું અવસાન થતાં આપણી દુનિયાને એક સાચા બહાદુર વીર પુરુષની ખોટ પડી છે. બ્રિટન માટે આ ખોટ વધારે ગંભીર છે. તેની અત્યંત તીવ્ર અને નિરાશાપૂર્ણ ઘડિએ બ્રીટને માર્ગદર્શન માટે – દોરવણી માટે – તેમની તરફ નજર કરી અને તેમણે બ્રિટનને ઉગાર્યું–વિજય પ્રાપ્ત કરાવ્યો. જ્યારે આપણે તેમના સમગ્ર જીવન તરફ - ભૂતકાળ પ્રતિ–દૃષ્ટિ કરીએ છીએ ત્યારે માનવી પોતાની એક જિંદગી દરમિયાન કેટલું બધું સાધી શકે છે તેનો વિચાર–ખ્યાલ આપણને સ્તબ્ધ બનાવી દે છે. તેમણે જે કાંઈ કર્યું તે ભારે સરસ રીતે કર્યું. તેઓ કર્મયોગી હોવા સાથે શબ્દોના ભારે શોખક હતા. તેમનું કોઈ ચિંતનપરાયણ મન નહોતું. અને કદાચ આને લીધે જ તેઓ એક મહાન વાણી વિશારદ - શબ્દોના અસાધારણ સ્વામી - બની શકયા હતા. જે શબ્દોની ગર્જના વડે તેમણે બીજા વિશ્વવિગ્રહના પ્રારંભના ગમગીન દિવસોમાં બ્રિટનની પ્રજાને ઊંચે ઉઠવા – પોતાનું ખમીર દેખાડવા–લોકોને ઉત્તેજિત કર્યા હતા, ક્રિયાશીલ બનાવ્યા હતા તે શબ્દોની ગર્જનાનો સમાન્તર દાખલો શોધવો હોય તો આપણે સીસેરોના યુગને યાદ કરવાનો રહે છે. "આપણે કિનારા ઉપર લડીશું, ખેતરોમાં લડીશું ... પણ આપણે કદિ શરણે નહિ જ જઈએ." અને પછી, ફ્રાન્સના પતન બાદ, જ્યારે બ્રીટનને એકલાને જર્મનીની ગંજાવર તાકાતનો સામનો કરવાનો હતો ત્યારે "આપણે એવું શૌર્ય દેખાડીએ કે, જો બ્રિટિશ સલતનત અને તેનો રાષ્ટ્રસંઘ એક હજાર વર્ષ સુધી ટકવાનાં હોય તો, લોકો ત્યારે પણ કહેશે કે, 'આ આપણી સર્વોત્કૃષ્ટ ઘડિ હતી." તેમનાં ભાષણોનો સંગ્રહ જ માત્ર બાર પુસ્તકો રોકે છે. તેમનાં લખાણો પણ એક કર્મઠ માનવીનું અને જીવન માટે તેમની અસાધારણ તમન્ના અને નિષ્ઠાનું આપણને દર્શન કરાવે છે. શબ્દો તો સતત વહ્યા જ કરતા હતા અને તેમની ૮૪ વર્ષની ઉંમર થઈ તે દરમિયાન તેમણે આશરે ૩૦ પુસ્તકો લખ્યાં હતાં અને તેની અંદર બન્ને વિશ્વયુદ્ધનાં સંસ્મરણોનો, તેમના પિતા રેન્ડોલ્ફ ચર્ચીલના રાજકારણી ચરિત્રનો, માર્લબરોની સંપૂર્ણ જીવનકથાનો, અંગ્રેજી ભાષાભાષી લોકોના ઈતિહાસનો, અને એક આડ પ્રવૃત્તિ તરીકે ચિત્રકળા ઉપરનો એક પુસ્તકનો પણ સમાવેશ થાય છે. જે માનવીને ભવિષ્યની પેઢીઓ વીરોચિત પ્રતિભા ધરાવતા એક યુદ્ધકાલીન નેતા તરીકે યાદ કરવાની છે તે જ માનવી સાહિત્ય નિર્માણ માટે નૉબેલ પ્રાઈઝનો પણ વિજેતા હોય એ કાંઈ નાનીસુની ઘટના નથી.

એક રાજકારણી પુરુષ તરીકેની તેમની સિદ્ધિઓ દુનિયાને આંજી નાંખે તેવી હતી અને તેથી જ લગભગ અનિવાર્યપણે વિવાદજનક હતી. એક સૈનિક અને પત્રકાર તરીકેની ટૂંકી કારકિર્દી બાદ, આ સદીના પ્રારંભકાળમાં તેમણે હાઉસ ઑફ કોમન્સમાં - બ્રીટીશ પાર્લામેન્ટમાં–પ્રવેશ કર્યો હતો અને તેના સભાગૃહને પાંચ દશકાથી વધારે સમય સુધી જાગતું જીવતું ધબકતું રાખ્યું હતું. તેમના ૨૦ થી ૩૦ વર્ષ સુધીની ઉમર દરમિયાન તેમણે મી. એસ્કવીથની સરકારમાં કેબિનેટ રેંકનું - પ્રધાનમંડળના એક સભ્યનું – સ્થાન પ્રાપ્ત કર્યું હતું અને તેમને ૩૦ વર્ષ પૂરાં થયા પહેલાં, તેમણે હોમ સેક્રેટરી અને ફર્સ્ટ લૉર્ડ ઑફ ધી ઍડમીરેલીટીના પદ ઉપર આવીને સેવા કરી હતી. કૉન્ઝર્વેટીવ પાર્ટીની ભારત અંગેની નીતિ વધારે પડતી ઉદાર હતી એ કારણે કૉન્ઝર્વેટીવ શેડો કમિટીમાંથી તેમણે રાજીનામું આપેલું હોઈને. ૧૯૩૧ થી લગભગ દશ વર્ષ સુધી તેઓ પાર્લામેન્ટમાં પાછળની હરોળમાં રહેલા. પણ આ ૧૯૩૧ ની સાલ પહેલાં વિદેશ વ્યવહાર સિવાયના બધાં અગત્યનાં ખાતાંઓ તેમણે ભારે કુશળતા–પૂર્વક સંભાળેલાં. તદુપરાન્ત આ સાપેક્ષ નિષ્ક્રિયતા દરમિયાન પણ તેમણે પરદેશનીતિ ઉપર જ પોતાનું ધ્યાન કેન્દ્રિત કરેલું. નાઝી જર્મની દ્વારા દુનિયા ઉપર જે ભય - આફત ઝઝુમી રહી હતી તેનો તેમને બહુ વહેલાં ખ્યાલ આવ્યો હતો અને એ વખતની સરકારે જે appeasement policy – હીટલરનું મન મનાવતા રહેવાની નીતિ – અખત્યાર કરી હતી તેના તેઓ અત્યંત કડક વિરોધી ટીકાકાર હતા. પણ માથા ઉપર ઉભેલા જોખમો વિષેની તેમની ચેતવણીઓને અને collective security માટેની જૂથબંધી દ્વારા સહીસલામતીના આયોજન માટેની તેની દલીલોને હતાશ બનેલા રાજદ્વારી પુરુષના બળાપા સમાન લેખીને તેની સૌ કોઈએ ઉપેક્ષા કીધી હતી. પણ જ્યારે ઈંગ્લાંડ સામે જીવનમરણની કટોકટી ઊભી થઈ, સામે આવીને ઝઝુમી રહી ત્યારે બ્રીટનના લોકોએ અને રાજકારણી આગેવાનોએ એકાએક વિન્સ્ટન ચર્ચીલ સામે નજર કરી. તેમણે કહ્યું કે "મારે તો લોહી, મજૂરી, પસીનો અને આંસુઓ સિવાય બીજું કશું જ આપવાનું નથી." એમ છતાં પણ તેમણે બ્રિટનને વિજયની વરમાળ પહેરાવી હતી.

બીજો વિશ્વવિગ્રહ પૂરો થતાં, બ્રીટનની પ્રજા ફરી વાર એવી જ અંદરની સૂઝથી ચર્ચીલથી વિમુખ બની. આ પાછળ કાંઈ બ્રિટનના લોકોની કૃતઘ્નતા નહોતી, પણ એક પ્રકારનું શાણપણ અને સમજણ હતી કે જે નવા યુગમાં બ્રિટને અને દુનિયાએ પ્રવેશ કર્યો હતો તે નવા યુગની તત્કાળ માંગ હતી બ્રીટીશ સલ્તનતનું વિસર્જન કરવાની. આ માંગને પહોંચી વળવામાં તેમ જ સર્વ પ્રકારે બદલાયેલી પરિસ્થિતિમાં નવનિર્માણ કરવામાં વિજયનિર્માતા ચર્ચીલ પ્રકૃતિથી સ્થિતિચુસ્ત હોઈને પૂરતા સમર્થ નહિ નીવડે અથવા તો અનિચ્છાએ તેમને કાળબળ સાથે ઘસડાંવું પડશે. પરિણામે ૧૯૪૫ ની સાલમાં કૉન્ઝર્વેટીવ પક્ષ હારી ગયો તે સારા માટે થયું એમ કહેવામાં ચર્ચીલની મહત્તાની આપણે જરા પણ ઓછી કિંમત આંકતા નથી. પોતાની જાતને વફાદાર રહેવું એ મહાન માનવીની વિશિષ્ટતા છે. અને પોતાની રાહબરી નીચે બ્રીટીશ સલ્તનતનું વિસર્જન થાય અને એ રીતે પોતાના દિલમાં રહેલી ઊંડી માન્યતા સાથે ચર્ચીલ બાંધછોડ કરે એ શક્ય જ નહોતું. પણ આ કાર્ય બ્રીટનના પોતાના હિતની ખાતર કર્યા સિવાય ચાલે તેમ નહોતું, અને મતદાર સમુદાયે આ કાર્ય કરવાની જે પક્ષની તાકાત હતી તે મજૂર પક્ષને સોંપ્યું. છ વર્ષ બાદ ચર્ચીલ પાછાં સત્તા ઉપર આવ્યા ત્યારે બ્રીટનની શહેનશાહતનાં

યુગનો અંત આવ્યો હતો એ હકીકત સાથે ચર્ચીલે પોતાના મનનું સમાધાન સાધી લીધું હતું. આ ગાળા દરમિયાન ચર્ચીલે યુદ્ધ સમયના મહાન જોડાણમાં ભંગાણ પડતાં ઊભી થયેલી સમસ્યાઓ ઉપર પોતાનું ધ્યાન પરોવ્યું હતું. શીત યુદ્ધને ઉત્તેજના આપવાનો તેમના ઉપર આરોપ મૂકવામાં આવ્યો હતો, પણ સમય જતાં બહાર આવેલી બીનાઓ ચકાસતાં માલૂમ પડે છે કે આ આરોપ ખોટો હતો. તેમણે તો 'Cold War' 'Iron Curtain'–'શીત યુદ્ધ' 'લોખંડી પડદો'–એવા સૂચક અને વેધક શબ્દો જ નિર્માણ કર્યા હતા. આ શબ્દો સૂચવતી પરિસ્થિતિઓ તેમણે ઊભી કરી નહોતી. ૧૯૪૬ ની શરૂઆતમાં મિસૂરીના ફુલ્ટન ખાતે વિન્સ્ટન ચર્ચીલે ઐતિહાસિક પ્રવચન કરેલું. તે ઉપરથી કદાચ 'ટ્રુમેન ડૉકટ્રીન' (સામ્યવાદ જ્યાં છે ત્યાંથી તેને કોઈ પણ બાજુએ વધારે વિસ્તરવા દેવો નહિ) ને પ્રેરણા મળી હોય. પણ તે પ્રવચનમાં તેમણે સૂચવેલી સામ્યવાદી દેશો ફરતી અસામ્યવાદી દેશોની એક પ્રકારની કીલેબંધી રચવાની નીતિનો અર્થ અનિવાર્યપણે brinkmanship–યુદ્ધની તકેદારી - એવો થતો નથી અને તેમણે સૂચવેલી આ નીતિ ઘણા અંશે સફળ નીવડી હતી. તેમણે કલ્પેલી યોજના "a kind of united states of Europe "યુરોપનો સંયુકત રાષ્ટ્રસંઘ" ઊભો કરવાની અને સાથે સાથે અમેરિકા અને બ્રિટનનું જોડાણ ટકાવવાની અને વધારે ને વધારે પાકું કરવાની હતી. તેમના પાછળનાં વર્ષોમાં કદાચ તેમને માલૂમ પડયું હતું કે આ બન્ને હેતુઓ–ગમે તેટલા શુભ હોય તો પણ–સહેલાઈથી સમન્વિત બની શકે તેમ નહોતા. પણ તેમાં એક દષ્ટાનું દર્શન હતું–એક રાજકારણી વ્યકિત કે જે સાચી પ્રતિભા ધરાવતા રાજનીતિજ્ઞ સૂત્રધારમાં વિકાસ પામી હતી તેવી એક વ્યકિતનું દર્શન-સ્વપ્ન હતું. અને ૯૦ વર્ષની લાંબી જિંદગી બાદ મૃત્યુ એવા એક માનવીને ભેટયું છે કે જેણે પોતાનું જીવન પૂરા જોમ વડે જીવી જાણ્યું છે અને અનેક ક્ષેત્રોમાં મેળવેલી સિદ્ધિઓ વડે જેણે પોતાનું જીવન અતિ સમૃદ્ધ–અર્થસભર-બનાવ્યું છે. તો પછી એમાં કોઈ શક નથી કે જ્યાં સુધી ઈંગ્લાંડનું અસ્તિત્વ હશે ત્યાં સુધી આ ૯૦ વર્ષની લાંબી અવધિને ચર્ચીલના યુગ તરીકે યાદ રાખવામાં આવશે.

અનુવાદક : પરમાનંદ મૂળ અંગ્રેજી : 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા'

---

# ☆ ભારતે બૉંબ બનાવવો કે નહિ? ☆

## એક બ્રિટિશ નિષ્ણાત આ વિષે શું ધારે છે?

યુનાઈટેડ કિંગ્ડમનાં 'ધી ઈન્સ્ટીટયુટ ઑફ સ્ટ્રેટેજીક સ્ટડીઝ'ના ડિરેકટર શ્રી અલાસ્ટેર બુશને મુંબઈ ખાતે તા. ૬૮-૧-૬૫, સોમવારના રોજ ધી 'ઈન્ડિયન કાઉન્સિલ ઑફ વર્લ્ડ એફેર્સ' સમક્ષ, ચીને હવે જ્યારે ઍટમ બૉંબ બનાવ્યો છે એ કારણે ઊભી થયેલી નવી પરિસ્થિતિના ઉપલક્ષમાં, ભારતે પણ એ દિશાએ આગળ વધવું ઘટે કે નહિ એ વિવાદાસ્પદ બનેલી સમસ્યા ઉપર નવો પ્રકાશ પાડે એવી એક વિચારણા રજૂ કરી હતી. એ રજૂઆત દરમિયાન ભારતે એટમ બૉંબ બનાવવા માટે ન્યુ કલિયર કાર્યક્રમ હાથ ધરવો ન જોઈએ એ પ્રકારનો તેમણે અભિપ્રાય વ્યકત કર્યો હતો અને તેના સમર્થનમાં લશ્કરી, આર્થિક તેમ જ રાજકારણી એ ત્રણે દષ્ટિએ તેમણે પ્રસ્તુત પ્રશ્નની આલોચના કરી હતી.

લશ્કરી દષ્ટિએ તેમનું એમ કહેવું હતું કે ભારતે હવાઈ જહાજો બનાવવાની દિશાએ ભારે સ્તુતિપાત્ર પ્રગતિ સાધી છે. એમ છતાં પણ ૨૫૦૦ માઈલના અંતરને આવરી લે એવું મીસાઈલ–અણુઅસ્ત્ર–પેદા કરવાનું કાર્ય, પશ્ચિમના દેશોની ગમે તેટલી મદદ હોય તો પણ, ભારતની વૈજ્ઞાનિક અને ઈજનેરી સાધન–સામગ્રી ઉપર અતિવિકટ-અસાધારણ - બોજો નાંખશે. વળી કોઈ પણ પશ્ચિમનો દેશ સ્ટ્રેટેજીક પ્લાનીંગ ઉપર પોતાના સંયુકત કાબુનો આગ્રહ રાખ્યા સિવાય આવાં તૈયાર મીસાઈલો - અણુઅસ્ત્રો - ભારતને વેચાતા આપશે કે કેમ તે વિષે તેમણે શંકા દર્શાવી હતી. યુનાઈટેડ સ્ટેટ્સે ફ્રાન્સને આવાં અસ્ત્રો બીનશરતે પૂરાં પાડવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો છે એ હકીકત ભારે સૂચક છે. વળી તેમણે એ પણ જણાવ્યું હતું કે જ્યાં સુધી યુદ્ધની કટોકટી વખતે બરોબર ઉપયોગી થાય એ હદ સુધીનાં અણુબૉંબો પેદા કરવાની દિશાએ ભારત સારી પ્રગતિ સાધી ન શકે ત્યાં સુધી, માત્ર એક નામનો એટમ બૉંબ ભારત પેદા કરે તેથી ચીન ઉપર કશી પણ અટકાયતી અસર પડવાનો સંભવ નથી.

આર્થિક બાજુએ તેમણે અણુ બૉંબ બનાવવાને લગતા ફ્રાન્સના કાર્યક્રમના આંકડાઓ રજૂ કર્યા હતા. આ આંકડાઓ પૂરી વિગતોવાળા હોઈને અને આજના ભાવો ઉપરથી નક્કી કરવામાં આવેલા હોઈને ભારત માટે માર્ગદર્શક બની શકે છે. તેમના જણાવવા મુજબ, ધારો કે ભારત ન્યુ કલીઅર કાર્યક્રમ હાથ ધરવાનો વિચાર કરે તો આજના ભાવોના ધોરણે દર વર્ષે ૪૦૦ કરોડ રૂપિયાનો ભારતે ખર્ચ કરવો પડે. આ રકમ એટલે આજના ચાલુ સંરક્ષણ ખર્ચના ધોરણમાં ૪૩ ટકાનો વધારો કરવો પડે.

રાજકારણની દષ્ટિએ વિચારતાં તેમણે ભારત અંગે ત્રણ ગેરલાભો રજૂ કર્યા હતા.

સૌથી પ્રથમ: આ અણુબૉંબ બનાવવાની પ્રવૃત્તિ આગળ ન વધે એમાં યુનાઈટેડ સ્ટેટ્સ તથા બ્રીટનનો સ્વાર્થ રહેલો છે અને આ અંગે તે બન્ને દેશો સોવિયેટ યુનિયન સાથે કોલકરાર કરવા ઈચ્છે છે. આ હકીકતને ધ્યાનમાં લેતાં, જો ભારત અણુબૉંબનાં ઉત્પાદન તરફ આગળ વધવાનો નિર્ણય કરે તો તેનું પરિણામ ભારતને આ બન્ને દેશોથી અલગ થવામાં–જુદા પાડવામાં આવે. ભારત માટે આ એક ઘણો મોટો ગેરલાભ લેખાય.

વળી બીજો ગેરલાભ ન્યુ કલીઅર પ્રોગ્રામ સાધવા તરફ જો ભારત પોતાની સાધનસંપત્તિનો પ્રવાહ વહેતો કરે અને ચાલુ શસ્ત્રો તૈયાર કરવા તરફ ઓછું લક્ષ આપે તો તરત જ હિમાલય પ્રદેશમાં ચીન સ્વાભાવિક રીતે બીજો હુમલો કરવાને લલચાય એવો ઘણો સંભવ છે.

ત્રીજો ગેરલાભ એ થવાનો કે એશિયાના મધ્યભાગમાં આવેલા અણુશસ્ત્ર નહિ ધરાવતા દેશોની આગેવાની ગુમાવવાનું ભારતે જોખમ ખેડવું પડે અને જાપાન, યુનાઈટેડ આરબ રીપબ્લીક અને ઈઝરાઈલ સ્વયં અણુશસ્ત્રનું ઉત્પાદન કરવાને લલચાય, એ તરફ એ આગળ વધવાને આકર્ષાય.

શ્રી બુશને એ પણ સ્પષ્ટ કર્યું હતું કે જો અણુશસ્ત્રો નહિ બનાવાનો પોતાનો મક્કમ નિર્ણય આજના સંયોગોમાં ભારત બદલે તો ભારતને કોઈ દોષ દઈ નહિ શકે. તેમણે જણાવ્યું કે "ભારત સરકારની સૌથી પહેલી ફરજ ભારતના નાગરિકોને બચાવવાની–જરૂરી રક્ષણ આપવાની–છે. આખી દુનિયાનું શું થશે તે વિચારને. આ ફરજ આગળ તેણે ગૌણ બનાવવો જ રહ્યો."

શ્રી બુશને પોતાના વાર્તાલાપનો પ્રારંભ ચીની તાકાત અને રાજનીતિના વિગતવાર પૃથક્કરણ વડે કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે આ તેમના વિચારો નથી ઓફીશિયલ એટલે કે કોઈ સરકારના સત્તાવાર પ્રતિનિધિ તરીકેના કે નથી ચીની રાજકારણના કોઈ એક નિષ્ણાત તરીકેના. જે સંસ્થાના પોતે મુખ્ય અધિકારી છે તે સંસ્થા સંરક્ષણ અને

નિઃશસ્ત્રીકરણને લગતી વર્તમાન સમસ્યાઓનું સતત અવગાહન કરે છે અને ચાર ખંડમાંના ૨૦ દેશોનો તેને ટેકો છે.

ચીનની લશ્કરીવિષયક તાકાતને ગંભીરપણે અસર કરતી બાજુ એ છે કે, બીજા દેશોની આગળ વધેલી ટૅકનોલૉજી સાથે તેને લગભગ બિલકુલ સંપર્ક નથી. સ્ટ્રૅટેજીક મોબીલીટીનો અભાવ અને એમ્ફીબીયસ (જળવિષયક - સમુદ્રવિષયક) તાકાતની શૂન્યતા - આ બે તેની મોટી ત્રુટિઓ - નબળાઈઓ છે.

ચીને જે બૉંબ ફોડ્યો તે સંબંધમાં તેમનું એમ કહેવું છે કે એ બૉંબ પ્લુટોનિયમમાંથી નહિ પણ યુરેનિયમમાંથી બનાવવામાં આવ્યો હતો. એ હકીકત સૂચવે છે કે, શરૂઆતમાં જ ચીનને આ માટે ધાર્યા કરતાં ઘણી મોટી થાપણ રોકવી પડી હોવી જોઈએ. તદુપરાન્ત ચીન પાસે જે વિદ્યુત્ શકિત છે તેનો મોટો ભાગ આ તરફ તેને વાળવો પડ્યો હોવો જોઈએ અને ૧૯૫૫થી ૧૯૬૦ સુધીમાં રશિયાએ ચીનને પુષ્કળ મદદ કરી હોવી જોઈએ.

ચીન પક્ષે બૉંબના ઉપયોગ સંબંધે શ્રી બુશનનો એવો અભિપ્રાય હતો કે ચીન બૉંબર સ્ટેજ વટાવી જશે અને મીસાઈલો - આણુઅસ્ત્રો - બનાવવા ઉપર જ તેને પોતાનું ધ્યાન અને શકિત કેન્દ્રિત કરવાં પડશે. તેમને લાગે છે કે ૨૦૦૦ માઈલના અંતરને આવારી શકે એવા આધારભૂત મીસાઈલો તૈયાર કરતાં ચીનને છથી આઠ વર્ષ લાગશે અને ઈન્ટર - કૉન્ટીનેન્ટલ મીસાઈલ (ICBM) તૈયાર કરતાં કદાચ ૧૫ વર્ષ લાગે. જો સોવિયેટ મદદ જે હાલ બંધ કરવામાં આવી છે તે ચાલુ કરવામાં આવે તો આ સમયપત્રકની જરૂર સારા પ્રમાણમાં ટુંકાવી શકાય.

ચીની સરકારના ઈરાદાઓ વિષે શ્રી બુશને જણાવ્યું કે, ચીનની પરદેશનીતિ અંગે નીચે મુજબના ત્રણ હેતુઓ હોઈ શકે:-

(૧) ચીનના રાષ્ટ્રીય હિતોની જાળવણી કરવી જેની અંદર ચીનના અભિપ્રાય મુજબ જે પ્રદેશો મૂળ પોતાના હતા પણ હાલ તેણે ગુમાવેલા છે તે પાછા મેળવવાના હિતનો સમાવેશ કરવો ઘટે.

(૨) સામ્યવાદી મૂળ હેતુઓનું અનુપાલન: તેનો અર્થ એ છે કે મૂળ ક્રાન્તિકારી ખ્યાલો સાથે જોડાયેલ આન્તરરાષ્ટ્રીય સામ્યવાદને વળગી રહેવું અને રીવીઝીનીઝમનો - સામ્યવાદને ઢીલો કરતા જવાને લગતી વિચારસરણીનો-અને સહ-અસ્તિત્વની ભાવનાનો પ્રતિકાર કરવો.

(૩) શ્રેષ્ટ રાજ્યસત્તાઓનું દુનિયા ઉપર પ્રભુત્વ સ્થપાય એ પ્રકારના સોવિયેટ - અમેરિકન કૉલકરારોનો પ્રતિકાર કરવો.

શ્રી બુશનના અભિપ્રાય પ્રમાણે ચીની 'બૉંબ' ચીનનું સ્ટેટસ-પ્રભુત્વ - સૂચવનારૂં પ્રતીક છે. (ફ્રેંચ બૉંબ વિષે પણ આ જ ખ્યાલ છે.) તે દ્વારા ચીનનો અંન્તિમ આશય પોતાની સહીસલામતીને -Security ને-સુદઢ કરવાનો અને વચગાળે એશિઆના પાડોશી દેશો ઉપર પ્રભુત્વ જમાવવાના ચીનના પ્રયત્નોનો અવરોધ કરતા યુનાઈટેડ સ્ટેટ્સને અટકાવવાનો હોય એમ લાગે છે.

શ્રી બુશન જણાવે છે કે ચીનને ગોળીઓ છોડવાનો શોખ થયો છે અથવા તો આજની વ્યૂહરચનાના ખ્યાલો વિષે ચીન અનભિજ્ઞ છે, અથવા તો અધૂરી સમજણ ધરાવે છે એમ જો કોઈ માનતું હોય તો તે મોટી ભૂલ કરે છે. આવી ભ્રમણા સોવિયેટ પ્રચાર દ્વારા મોટા પ્રમાણમાં ફેલાવવામાં આવી છે. પોતાની કયાં નબળાઈ છે અને આણુશસ્ત્રો પોતાના દેશ ઉપર કેવી આફત ઉતારી શકે છે તે ચીન બરોબર જાણે છે. ન્યુકલીઅર યુદ્ધ અનિવાર્ય છે એમ તે માનતું નથી, પણ આવા યુદ્ધને કેમ અટકાવવું તે વિષે રશિયા સાથે તેનો મતભેદ છે.

નજીકના ભવિષ્યમાં ચીન પોતાના એશિયાઈ પડોશી રાજ્યોમાં કોઈ પણ હિસાબે ક્રાન્તિ પેદા કરવા માગે છે એમ પણ શ્રી બુશન માનતા નથી. કોઈ પણ ચાલુ પ્રકારના મોટા યુદ્ધમાં તે સંડોવાવા માગતું જ નથી. તે કે બોડિયાનીઝમ (આનો અર્થ શું થાય તેની મને ખબર નથી) ફેલાવવા માંગે છે અને સૌથી વધારે તેની એ અપેક્ષા છે કે, આઝાદ એશિયા ઉપરની ભારતીય નેતાગીરીને સતત પડકાર થતો રહેવો જોઈએ, તે બને તેટલી નાબૂદ થવી જોઈએ.

ભારત પોતાનો બૉંબ ઉત્પન્ન કરે - બનાવે - તેના વિકલ્પ તરીકે, શ્રી બુશન આણુશસ્ત્ર પ્રવૃત્તિ ફેલાતી અટકાવવાની ટ્રીટી - સંધિનું સૂચન કરે છે અને તેના એક અંગ તરીકે પાંચ સત્તાઓ બાંહ્યધરી આપે અથવા તો ભારતની અમેરિકા અથવા તો બ્રિટન સાથે કોઈ પણ પ્રકારની સમજુતી કરવામાં આવે એમ સૂચવે છે.

યુનાઈટેડ નેશન્સમાં-સંયુકત રાષ્ટ્ર સંઘમાં - ચીનના - પ્રવેશ અંગે પ્રશ્ન પૂછતાં શ્રી બુશને જણાવ્યું કે, જેટલું જલ્દિથી ચીનને આ સંઘમાં દાખલ કરવામાં આવે તેટલી જલ્દિથી આન્તરરાષ્ટ્રીય જીવનના અધિકારો અને તે અંગે જરૂરી નિયંત્રણોનું મહત્ત્વ ચીનના ધ્યાન ઉપર આવશે, તેની સમજણમાં ઉતરશે.

ચીનની વર્તમાન લશ્કરી તાકાતના અંદાજ વિષે પ્રશ્ન પૂછાતાં શ્રી બુશને જણાવ્યું કે, આજે ચીન પાસે કુલ ૨૭ લાખનું લશ્કર છે. આની અંદર ૧૧૫ ઈન્ફન્ટ્રી ડીવીઝન્સ છે, ચાર આર્મર્ડ અને એક અથવા બે હવાઈ ડીવીઝન્સ છે. તેની પાસે મીડીયમ આર્ટીલરી અને ટેકટીકલ મોબીલીટી ધરાવતાં સારાં અને સાદાં શસ્ત્રો છે. સ્ટ્રૅટેજીક મોબીલીટીનો અભાવ, તથા ટ્રક અને સડકો બનાવવાના સાધનોની ચીનને તંગી છે.

અનુવાદક : **પરમાનંદ** મૂળ અંગ્રેજી : **એલાસ્ટેર બુશન**

# સંઘ સમાચાર

## સંઘ તરફથી યોજાયેલો કચ્છનો પ્રવાસ

સંઘના સભ્યો માટે તા. ૬-૨-૬૫ થી તા. ૧૭-૨-'૬૫ સુધી એમ બાર દિવસ માટે યોજાયેલા કચ્છના પ્રવાસ અંગે ૪૦ ના બદલે ૪૪ ભાઈ - બહેનોનાં નામ નોંધાઈ ચૂકયાં છે. આ પ્રવાસમાં જોડાનારા ભાઈ-બહેનોએ જરૂરી બેડીંગ, કપડાંની પેટી, પાણીનો લોટો અને એક ટોર્ચ-બને તેટલો ઓછો અને હલકો સામાન-સાથે લેવાનો છે. સ્ટીમરમાં જમવા ખાવાની બધી સગવડ કરેલી હોઈને કોઈએ ભાતું સાથે લેવાનું નથી. આ જે સ્ટીમર 'સાબરમતી'માં સંઘની મંડળીએ પ્રવાસ કરવાનો છે તે સ્ટીમર ફેબ્રુઆરીની છઠ્ઠી તારીખ અને શનિવારે સવારના ભાગમાં ઉપડવાની છે, પણ તેના ઉપડવાનો સમય તથા તે સ્ટીમર કયા ડૉકમાંથી ઉપડવાની છે તેની ખબર માત્ર આગલે દિવસે શુક્રવારે બાર વાગ્યા સુધીમાં પડશે, તો ત્યાર બાદ પ્રવાસી ભાઈ - બહેનોએ સંઘના કાર્યાલયમાંથી અથવા તો ટે. નં. ૭૪૮૭૬ (પરમાનંદભાઈના ઘરનો નંબર) અથવા તો ટે. નં. ૩૩૪૯૪૫ અને ૩૨૬૭૯૭ (સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહના અનુક્રમે ઘર તથા પેઢીનાં નંબરો) ઉપરથી ખબર મેળવી લેવાની રહેશે.

આવો પ્રવાસ ગોઠવવો એ એક મોટી જવાબદારી છે. તે સફળ અને સુખરૂપ તો જ બને કે જો પ્રવાસી ભાઈ - બહેનો પોતાની સગવડને બદલે સાથી ભાઈ - બહેનોની સગવડનો વધારે ખ્યાલ રાખે અને એકમેકને અનુકૂળ થવાનો પ્રયત્ન કરતા રહે. આ બાબત તેઓ જરૂર ધ્યાનમાં રાખશે અને એ રીતે અમારી જવાબદારીને પહોંચી વળવામાં પૂરતો સાથ આપશે એવી આશા છે.

## 'હિમાલય સાથે જોડાયેલી મારી જીવનયાત્રા'

હિમાલયમાં આલ્મોરા ખાતે વર્ષોથી વસેલા જુના કૉંગ્રેસી કાર્યકર્તા તથા સર્વોદય કાર્યકર શ્રી શાંતિલાલ ત્રિવેદી તા. ૨૩-૨-૬૫ મંગળવાર, સાંજના ૬ વાગ્યે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલયમાં (૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩) 'હિમાલય સાથે જોડાયલી મારી જીવનયાત્રા' એ વિષય ઉપર જાહેર વાર્તાલાપ રજૂ કરશે. આ વાર્તાલાપનો લાભ લેવા તેમાં રસ ધરાવતા ભાઈ-બહેનોને નિમંત્રણ છે.

**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

# માયા?

(સત્ય ઘટના)

તાર આવ્યો જાણીને ચંપાબહેન દહેરેથી દોડી આવ્યાં. બ્હારગામથી એમના દીકરા સુરેશનો તાર હતો કે, રમાને બાબો આવ્યો છે. ત્રણ દીકરીઓ પર દીકરો આવ્યો અને આમ પોતાનો વંશવેલો વધ્યો જાણીને ચંપાબહેન ખુશખુશ થઈ ગયાં. ધર્મક્રિયાઓ ને વ્રત-ઉપવાસમાં સદાય ઉત્સુક એવાં ચંપાબહેને તરત ભગવાનને યાદ કર્યાં. એ ભગવાનનો પાડ માનતાં હતા ત્યાં સુરેશના બાપુએ બૂમ મારી,

"પણ સાંભળો, તમારે સુરત જવાનું છે. એ વ્હેલી તકે બોલાવે છે તમને."

"કેમ? કેમ મારે સુરત?"

"આ તારમાં એણે ઉમેર્યું છે કે, રમા અને છોકરાઓની સંભાળ માટે બાને તરત મોકલજો."

"શું વાત કરો છો? હું ત્યાં જઈને એનું ઘર સંભાળું? વહુની ચાકરી કરું?"

"હાસ્તો, એને બિચારાને એકલાને કેમ ફાવે?"

"ના રે બા!" આપણે તો નથી જવું?

"કેમ?"

"એ બધી માયા કંઈ ઓછી મારી સાથે આવવાની છે? ઉપર તો બધાં યે એકલાં જ જવાનું છે. માટે ધરમ કરીએ એ જ સાચું?"

બોલતાં બોલતાં ચંપાબહેન ઉપાશ્રયે ખેંચી ગયાં!

* * *

"કેમ, હમણાં શું ચાલે છે, કુસુમબહેન?" એક લગ્નમાં ઘણા વખતે કુસુમબહેન મળતાં મેં સહજ પૂછયું.

"હમણાં તો અમારા મહિલામંડળનું કામ કરું છું. એના ફાઈનલના વર્ગ લઉં છું ને 'સ્ટોર' ની વ્યવસ્થા કરું છું."

"ઓહો, ત્યારે તો ઘણો વખત એમાં જ જતો હશે. પૂરા સમયનું કામ છે કે?"

"ના, એવું કંઈ નહીં, જરૂર પડે ત્યારે જઈ આવું છું."

"સારું કામ છે, ખરું?"

"હાસ્તો, ભણ્યાં એટલે આટલું તો કરીએ જ ને!"

મને યાદ આવ્યું કે, કુસુમબહેન બી. એ. થયા છે. અમારા કૉલેજ-દિવસો પણ યાદ આવ્યા. ત્યારનો એમનો ઠસ્સો હજુ પણ એવો જ છે. કપડાં, ઘરેણાં જોતાં એમની આર્થિક સ્થિતિ પણ પોતાનું ગાણું સંભળાવે છે. હું વિચારમાં તણાતી હતી ત્યાં એમની બૂમે મને ખેંચી લીધી.

"અરે ઓ મયંક, ક્યાં ભાગી ગયો?"

એમનો પાંચ વર્ષનો મયંક લગ્નમંડપમાં ઘૂમી રહેલો.

"આ એક જ બાળક છે કે?" મારાથી પૂછાઈ ગયું.

"હા, એ બહુ હોંશિયાર છે હોં. આ વખતે બાળમંદિરમાં પહેલો આવ્યો."

"લાગે છે પણ મુકત, તમને વળગી નથી રહેતો, ખરું."

"હોવે! એ તો રહે જ છે મારાં ફોઈબાને ઘેર."

"એટલે"

"એ દસ મહિનાનો હતો ત્યારે એને મૂકીને હું કૉંગ્રેસ-અધિવેશનમાં ગયેલી. ત્યારથી મેં એને ફોઈબાને ઘેર મૂકી દીધો છે. ત્યાં જ મોટો થાય છે."

આશ્ચર્યથી હું મૂક જ હતી ત્યાં એમણે ઉમેર્યું ... "આટલી પ્રવૃત્તિઓ કરવી હોય પછી આવી માયા શું કામની?"

તરત જ મયંકના સુંદર રૂપાળા મોં પર માતૃપ્રેમની ઉણપ ચંદ્રના ડાઘ જેમ તરી આવી!

* * *

શું ભણતર, શું ધર્મ, શું માતૃત્ત્વ? ને શું માયા?

—આ બેઉ સત્ય ઘટનાઓ જાણ્યા પછી આ પ્રશ્નો મારા મનમાં ઘૂમરાયાં જ કરે છે. "ધર્મપ્રેમી" વૃદ્ધોમાંથી કે "કેરિયર" પ્રેમી જુવાનોમાંથી કોણ એનો જવાબ આપશે? **ગીતા પરીખ**

## વૃદ્ધત્વ

(છંદ: મિશ્રાવસન્ત)

('કુમાર'માંથી સાભાર ઉધ્ધૃત)

વૃદ્ધત્વની કેવી ભીની સુવાસ!
ધોવાઈને સ્વચ્છ ધરા થઈ ગઈ;
તૃષ્ણાતણી કો હળુ લ્હેરખીશી
રમી રહી શરદને નભ આછી વાદળી.
વૃદ્ધત્વની કેવી ભીની સુવાસ!

મોજાં તણાં ઉછળતાં ફીણ શ્વેત જેવો
નિર્દોષ ચ્હેરે સ્મિત — છંટકાર.

બે ધ્રૂજતા હાથ ઉકેલવા મથે
આયુષ્યની પોથીનું પાન પાન.
ને કંપતી તોય સુધીર ચાલે
જઈ રહ્યા પાય અગમ્ય દેશે.

રે કેશ કેશ મહિ દૃષ્ટિની શુભ્રતા શી
ડોકાય, મસ્તક બને અવ ભારમુકત.
આયુષ્યનાં વિષ — અમી સઘળાં પચાવી
દૃષ્ટિ વળી નિજમહિ અવ શી ઠરેલ.

જે કૌતુકે શિશુ દગે નિરખ્યું'તું વિશ્વ
એ કૌતુકે અવ અલૌકિક શોધતી દગ.
ઝંકાર આર્દ્ર કરતું ભવ - એકતારે
વૃદ્ધત્વનું ભાવુક ભવ્ય ગાન.

**ગીતા પરીખ**

*

## તૃતીય વિશ્વધર્મ સંમેલન

ફેબ્રુઆરી માસની ૨૬, ૨૭ તથા ૨૮ મીના રોજ દિલ્હી ખાતે લેડી ઈરવિન હૉસ્પિટલ સામે રામલીલા મૈદાનમાં 'વિશ્વ ધર્મ સંગમ' સંસ્થાના ઉપક્રમે ત્રીજું વિશ્વધર્મ સંમેલન ભરાવાનું છે. આના પ્રેરક મુનિ સુશીલકુમાર અને અધ્યક્ષ છે સન્ત શ્રી કૃપાલસિંહજી મહારાજ.

આ સંમેલન અંગે એક ભવ્ય સ્વાગત સમિતિ ઊભી કરવામાં આવી છે. પ્રથમ સંમેલન દિલ્હી ખાતે ૧૯૫૬માં ભરાયું હતું. બીજું સંમેલન કલકત્તા ખાતે ૧૯૬૦માં ભરાયું હતું. આ સંમેલનનો ઉદ્દેશ વિશ્વબંધુત્ત્વ દ્વારા વિશ્વશાન્તિ માટે અનુકૂળ વાતાવરણ પેદા કરવાનો છે. આ સંમેલનમાં દેશપરદેશથી અનેક પ્રતિનિધિઓ પધારવાની આશા રાખવામાં આવે છે. પ્રતિનિધિ માટેનું લવાજમ રૂા. ૫૦ રાખવામાં આવ્યું છે, અને વિશ્વબંધુત્વની અને સર્વધર્મસમભાવની ભાવનામાં શ્રદ્ધા રાખનાર કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા આ સંમેલનમાં ભાગ લઈ શકે છે. આ સંમેલનમાં ભાગ લેવા ઇચ્છનાર ભાઈ યા બહેને નીચેના ઠેકાણે પત્રવ્યવહાર કરવો:—

મહામંત્રી, વિશ્વધર્મસંગમ, ૧૨, લેડી હાર્ડિંગ રોડ, નવી દિલ્હી-૧

## પ્રબુદ્ધજીવન રજત જયંતી સમારોહના સંદર્ભમાં સંઘને થયેલી અર્થપ્રાપ્તિ

| | |
|---|---|
| ૨૮૯૬૯.૫૧ | અગાઉ જાહેર થઈ ગયેલી રકમો |
| ૧૦૧.૦૦ | શ્રી નાનચંદભાઈ શામજી |
| ૧૦૦.૦૦ | શ્રી ગગુભાઈ પુનશી સાંગોઈ |
| ૨૫.૦૦ | શ્રી જમનાદાસ જે. શાહ |
| ૫.૦૦ | શ્રી પ્રભુદાસ જ. ધોળકીયા |
| ૨૯૨૦૦.૫૧ | |

# પશુબલિ નિષેધ કાર્યની પ્રગતિ

[ મુનિ સંતબાલજીએ ગયા વર્ષનું ચાતુર્માસ કરવા કલકત્તામાં પ્રવેશ કર્યો ત્યારથી તેમણે કલકત્તાના સુપ્રસિદ્ધ કાલી માતાના મંદિર સમક્ષ વર્ષોથી અપાઇ રહેલાં નિર્દોષ પશુઓનાં બલિદાનની પ્રથા અટકાવવા માટે—બાબુદ કરવા માટે—એક ભગીરથ પ્રયત્ન શરૂ કર્યો છે. વર્ષોની ટેવના પરિણામે સામાન્ય લોકો માંસાહારને જલ્દિ ન છોડે એ સમજી શકાય એવું છે, પણ આ પશુહિંસાને ધર્મ સાથે જોડવામાં આવે તે સર્વ જીવોને સમાન ભાવે જોવા–લેખવાનો વિચાર જેના પાયામાં રહેલો છે એવા ધર્મતત્ત્વનો તો કેવળ દ્રોહ કરવા બરોબર છે—આ સત્ય સાદું સીધું હોવા છતાં લાંબા કાળથી ચાલતી પશુબલિપ્રથાથી ટેવાયલી બંગાળી પ્રજાના દિલમાં ઉતરતું નથી. તો આ ધાર્મિક લેખાતી માન્યતામાં રહેલી અધર્મમયતા તેમના ધ્યાન ઉપર લાવવા માટે મુનિ સન્તબાલજીએ ઉપાડેલી પ્રવૃત્તિ આજ સુધીમાં ક્યાં સુધી પહોંચી છે તેનો આપણી બાજુના લોકોને ખ્યાલ આવે તે હેતુથી જરૂરી વિગતોપૂર્વકનું લખાણ મોકલી આપવા મેં તેમને વિનંતિ કરેલી. તેના પરિણામે મુનિ સંતબાલજીના સહકાર્યકર્તા મુનિ નેમિચંદ્રજીએ લખી મોકલેલી નોંધ નીચે પ્રગટ કરવામાં આવે છે. **પરમાનંદ** ]

### આ કાર્ય ઉપાડવા પહેલાંની પરિસ્થિતિ

બંગાલમાં લગભગ ૭૦૦ વરસથી કાલીમાતા કે દુર્ગામાતા આગળ ધર્મને નામે પશુબલિ આપવાની ક્રૂર પ્રથા ચાલુ થઇ છે એમ કહેવાય છે. ત્યાર પછી એને અટકાવવા માટે અનેક મહાનુભાવો તરફથી પ્રયત્નો થયા છે. આજથી લગભગ ૪૦૦ વર્ષ પહેલાં ચૈતન્ય મહાપ્રભુ થયા હતા. તેમણે ભક્તિમાર્ગના પ્રચાર દ્વારા બંગાળમાં પ્રવર્તતા માંસાહાર અને પશુબલિનો વિરોધ કરી લોકોને વૈષ્ણવી સાત્ત્વિક ભક્તિ તરફ વાળ્યાં હતાં. ત્યાર પછી રાજા રામમોહનરાયે પણ તે જમાનામાં પ્રચલિત કુપ્રથાઓનો વિરોધ કરી બ્રહ્મોસમાજ દ્વારા નિરંજન નિરાકાર ભગવદ્‌ભક્તિનો પ્રચાર કર્યો હતો. રવીન્દ્રનાથ ઠાકુર તો પશુબલિના કટ્ટર વિરોધી હતા. તેમણે 'વિસર્જન' અને 'રાજર્ષિ' નાટકો દ્વારા બંગાલી પ્રજાને જગન્માતા કાલીદેવી આગળ પશુબલિ પ્રથાથી દૂર રહેવાની પ્રેરણા આપી હતી. ગિરીશ ઘોષે 'બુદ્ધદેવ' નામનું એક નાટક લખ્યું છે, જેમાં પશુબલિ સામે તીવ્ર વિરોધ દર્શાવ્યો છે. પોતાના કુટુંબમાં પણ પશુબલિદાન તેમણે બંધ કર્યું છે. એમનાં નાટકો જોઈને ઘણા વિચારક બંગાલીજનોએ પશુબલિ પ્રથા બંધ કરી છે. શ્રી વનમાળીભાઈ આર્યસમાજીએ લગભગ ૩૦-૩૨ વરસથી પશુબલિ અને માંસાહાર વગેરે છોડાવવા માટે ઠેર–ઠેર પોસ્ટરો, સૂત્રોચ્ચારણ વગેરે દ્વારા, ખાસ કરીને કાલીઘાટ ઉપર, પ્રયત્ન કર્યો છે. કેટલાક પંડાઓને સમજાવ્યા પણ છે. ત્યાર પછી શ્રી રામચન્દ્ર શર્માએ પશુબલિ નિવારણ નિમિત્તે કાલીઘાટ ઉપર ૩૨ ઉપવાસ પણ કર્યા છે; તેની ભારે અસર થઇ હતી. રવિન્દ્રનાથ ઠાકુરે પણ તેમને અભિનંદન આપ્યાં હતાં. શ્રી પ્રબુદ્ધનાથ ચેટરજી વગેરેએ સનાતનધર્મસભા દ્વારા પ્રકાશિત પશુબલિનિરોધપત્રકો ઉપર બંગાલીજનોની સહીઓ પણ શરૂ કરાવી હતી. શ્રી ધર્મચન્દ્રજી સરાવગીના પિતા બૈજનાથજીએ પણ કાલીટેંપલ કમિટીના પંડાઓને આ બંધ કરવા માટે સમજાવવાનો પ્રયત્ન કર્યો હતો. અને મહાત્મા ગાંધીજીના દીનબંધુ એંડ્રયુ જ ઉપરના પત્રમાં કલકત્તામાં થતા પશુબલિદાન અંગે પ્રકટ કરેલ તેમની અન્તર્વ્યથા જણાઇ આવે છે. છેલ્લે છેલ્લે એનિમલ વેલફેર બોર્ડના ચેરમેન શ્રીમતી રુકિમણીદેવી એરુંડેલે પશુબલિ નિવારણ માટે પ્રયત્ન કરીને દક્ષિણભારતના ચાર સ્થળે તે પ્રથા કાયદાથી બંધ કરાવેલ છે અને કલકત્તામાં પણ બંધ કરાવવા માટે પ્રયત્ન કરેલ છે. આ અંગે સરકારે તપાસ કમિટી નીમી હતી. તેના રિપોર્ટમાં કાયદાથી આ પશુબલિ બંધ કરવાની ભલામણ કરેલ છે, પરંતુ કોઈ કારણસર તે વખતે આ બંધ ન થયું. મુંબઈની જીવદયા મંડળીએ પણ પ્રયત્નમાં સહયોગ આપેલ છે.

આ રીતે કાર્ય ઉપાડ્યા પહેલાં જે જે બળોએ કામ કર્યું છે તેના પરિણામે એમ માનવામાં આવે છે કે ૯૦ ટકા લોકો પશુબલિ કરવામાં હૃદયથી ઇચ્છતા નથી. પરંતુ તે લોકોનું સંકલન નથી; એટલે જાહેર રીતે તેઓ આ પ્રથાનો વિરોધ કરતા નથી. દિલ્હી ચાતુર્માસમાં જ મ. ગાંધીજીના પ્રેરક પત્રને લીધે કલકત્તામાં કાલીમંદિરે થતા પશુવધને અટકાવવા માટે પૂ. મુનિશ્રી સંતબાલજીને વિચાર આવેલો અને આગ્રામાં પણ તે વખતે વિરાજતા કવિરત્ન ઉપાધ્યાયશ્રી અમરચંદ્રજી સાથે આ અંગે વિચારવિમર્શ થયેલ. તેથી તેમને ખાત્રી થઇ કે આ પ્રશ્ન લોકો કહે છે એટલો જટિલ નથી; વિવેક અને ધૈર્યથી ઉપાડવો જોઇએ.

### કાર્યની શરૂઆત

ચાતુર્માસ માટે ભવાનીપુર (કલકત્તા) આવવાની સાથે પૂ. મુનિશ્રી સંતબાલજીએ આ પ્રશ્ન ઉપાડ્યો અને પોતાના મંગલ પ્રવેશના પ્રવચનમાં જ તેને મોખરાનું સ્થાન આપ્યું.

અનિષ્ટ જેટલું ઊંડું હોય, તેને કાઢવા માટે તેટલી જ ધીરજ, ખંત, ઊંડાણ અને વિવેકથી પ્રયત્ન કરવો જોઇએ. એ દૃષ્ટિએ આ પ્રશ્નમાં ચારે બાજુથી કામ થવું જોઇએ અને તે પણ પદ્ધતિસર થવું જોઇએ એમ લાગ્યું. પહેલાં તો એ માટે જુદા જુદા લોકોનો સંપર્ક સાધીને આ વસ્તુનો ઊંડો પરિચય અને એના નિવારણ માટે ક્યા ક્યા પગલાં લેવાં ઘટે એ અંગે વિચારવિમર્શ કરવામાં આવ્યો. એમાં મુખ્યત્વે રામાપ્રસાદ મુખરજી, ચારુચન્દ્ર ભંડારી, શ્રી ભક્તિવિલાસતીર્થ, આચાર્ય પ્રાણકિશોર ગોસ્વામી, શારદામઠનાં બે સંન્યાસિનીઓ, જ્યોતિષચન્દ્ર ઘોષ, સ્વામી રંગનાથાનન્દ, શ્રી મોહનલાલ લલ્લુચંદ શાહ, શ્રી ગુલાબચંદભાઈ મેઘાણી, લીલાધરભાઈ કામાણી, પ્રાણજીવન ગાંધી, રસિકભાઈ દોશી વગેરેનાં નામો ઉલ્લેખનીય છે. સૌનો સૂર લગભગ એવો જ હતો કે સર્વપ્રથમ બંગાલી લોકોનો વધારેમાં વધારે સંપર્ક કરવો જોઇએ.

### પહેલું પગલું

સંપર્કના ક્રમને સક્રિય રીતે વેગ આપવા માટે કલકત્તાના બધા જૈન સંપ્રદાયોના ખાસ ખાસ આગેવાનોની એક સભા તા. ૪-૮-૬૪ના રોજ બોલાવવામાં આવી, જેમાં આ કામ માટે એક સમિતિ રચવાનું અને જુદાં જુદાં કાર્યોનું વિભાજન કરી જે તે યોગ્ય કાર્યકરોને તે કામો સોંપવાનું વિચારવામાં આવ્યું, તેમ જ બંગાલીજનોનો નિકટ સંપર્ક સધાય એવી પ્રવૃત્તિઓ હાથ ધરવાનું નક્કી કરવામાં આવ્યું. આને માટે એમ પણ વિચારાયું કે કાલીઘાટ વિભાગમાં કોઈ સ્થળ મળી જાય તો ત્યાં માતૃસમાજની એક શાખા ખોલવામાં આવે અને તે સાથે માતાની સાચી ઉપાસના શી રીતે થાય એ વસ્તુ ધીમે ધીમે બંગાલી બહેનોને સમજાવવામાં આવે તો ધાર્યું કાર્ય વધારે સરળ થાય. ફરી પાછી તા. ૯-૮-૬૪ના રોજ સવારે જૈન ભવનમાં અહિંસાપ્રેમી સર્વ ધર્મોના ખાસ ખાસ લોકોની એક સભા રાખવામાં આવી, જેમાં શ્રી માનકરજી પણ હાજર હતા. 'પશુબલિનિષેધક સમિતિ' આ કામને આગળ ધપાવવા માટે રચાઈ, બપોરે કેટલાક બંગાલી ભાઈઓની એક મીટિંગ પણ આ કામ અંગે વિચારવિમર્શ કરવા બોલાવવામાં આવી હતી. તેમાં એમ વિચારાયું કે સંપર્ક સર્વતોમુખી હોવો જોઇએ. (૧) એક બાજુ વિચારક અને સુધારક બંગાલીજનોનો સંપર્ક, (૨) બીજી બાજુથી પંડિત લોકોનો સંપર્ક, (૩) ત્રીજી બાજુથી રાજકીય કે અર્ધરાજકીય પક્ષના લોકોનો સંપર્ક અને (૪) આમજનતાનો સંપર્ક. આ બધાના સંપર્ક માટે આચાર્ય પ્રાણકિશોર ગોસ્વામી દ્વારા જે પંડિતો, વિચારકો અને રાજકીય

કક્ષાના લોકોનાં નામો સૂચવવામાં આવ્યાં. તેમનો સંપર્ક કાર્યકરો દ્વારા સાધવામાં આવ્યો. પૂ. મુનિશ્રી સંતબાલજી સાથે તેમની મુલાકાત કરાવવામાં આવી. વિચારકોમાં ગૌડીયમઠના સંન્યાસી શ્રી ભક્તિવિલાસતીર્થ પોતે ન આવી શક્યા, પ્રણ તેમણે પોતાની આ કામમાં સહાનુભૂતિ બતાવી. આચાર્ય પ્રાણકિશોર ગોસ્વામીએ પોતાનાથી બનતો સહયોગ આપવાની ઇચ્છા દર્શાવી. જ્યોતિ બાબુ ઘોષે આ કાર્યમાં પૂરતો સહયોગ આપવાનું સ્વીકાર્યું. જાણીતાં વિદુષી બહેનો શ્રીમતી ચિત્રિતાદેવી ગુપ્તે અને શ્રીમતી પુષ્પાદેવીએ પશુબલિ નિષેધના કામમાં રસપૂર્વક ભાગ લેવાનું મંજૂર કર્યું. સુકમલ કાંતિ-ઘોષ (પત્રકાર), ઘટક્બાબુ (પત્રકાર), સ્વામી આનંદ, અને ભરત-મહારાજ (રામકૃષ્ણ મિશનના સંન્યાસી) કાલીમંદિરના પુરોહિત શ્રી શાન્તિ કુમાર ભટ્ટાચાર્ય વગેરેએ આ કામમાં સહાનુભૂતિ બતાવી. પંડિતોમાં ડૉ. ગૌરીનાથ શાસ્ત્રીએ પોતે આવીને આ અંગે વિચારવિમર્શ કર્યા પછી પંડિતોની સભાનું આયોજન કરવાનું સૂચવ્યું. પં. વસંતકુમાર ચટ્ટોપાધ્યાયે પશુબલિનો સાચો અર્થ અને ક્રમે-ક્રમ સાત્ત્વિક બલિના વિધાનનું સમર્થન કર્યું. આર્યસમાજી પંડિતોએ પણ આ કામમાં સહયોગ આપવા કહ્યું. પં. ભગવાનદત્તજી જોશીએ પણ પશુબલિ-નિષેધના કામમાં પોતાને રસ છે એમ જણાવ્યું. આંતરાજકીય કક્ષાના લોકોમાં કલકત્તાના શેરીફ શ્રી મોહનકુમાર મુખરજીએ તથા કલકત્તા કોરપોરેશનના મેયર શ્રી ચિતરંજન ચેટરજીએ પોતે કાલીભક્ત હોવા છતાં સાત્ત્વિક બલિનું જ પ્રચલન ઘણા વર્ષોથી કરેલ છે, અને આ કાર્યમાં બનતો સહયોગ આપવાનું જણાવ્યું છે. બંગાલી આમ-જનતાના સંપર્ક માટે પૂ. મહારાજશ્રીએ બંગાલી અને હિંદીમાં એક અપીલ બહાર પાડી, તેની સાથે એક 'સંમતિપત્રક' પણ જોડવામાં આવ્યું, એ વાંચીને કેટલાક બંગાલીજનો મહારાજશ્રી પાસે પ્રેરાઈને આવ્યા. અને તેમણે કહ્યું કે અમે ઘણાં વર્ષોથી બહુ હિમ્મતપૂર્વક અમારા કુટુંબમાં પશુબલિ બંધ કરેલ છે, તેથી અમારું કાંઈ અમંગળ થયું નથી. એમાં મુખ્યત્વે શ્રી ધીરેન્દ્રનાથ લાહા અને રણજીતકુમાર ભટ્ટાચાર્યના નામો ઉલ્લેખનીય છે. તેમણે એમ પણ કહ્યું કે, અમારા આ સાહસથી પ્રેરાઈને ૧૦-૧૨ કુટુંબોએ આ કુપ્રથા બંધ કરી છે.

### બીજું પગલું

આ રીતે આમજનતાના સંપર્ક માટે જુદી જુદી વ્યકિતઓ દ્વારા છપાયેલ પશુબલિનિષેધક પત્રક ઉપર સહીઓ કરાવવાનું કામ ચાલતું હતું. પરંતુ આ વિચારને લોકોને હૈયે પહોંચાડવા માટે એક અહિંસાસંમેલન યોજવાનું નક્કી થયું. એનું ઉદ્‌ઘાટન એનીમલ વેલફેર બોર્ડના ચેરમેન શ્રીમતી રુકિમણીદેવી અરુંડેલના હસ્તે થયું. એના પ્રમુખ થયા કલકત્તા કોર્પોરેશનના મેયર શ્રી ચિત્તરંજન ચેટરજી. સ્વાગતાધ્યક્ષ શ્રી સુકમલકાંતિ ઘોષ હતા. વિશેષ અતિથિ તરીકે શ્રી કેશવચંદ્ર બસુ (સ્પીકર), શ્રી જયન્તીલાલ માનકર, શ્રી ગુલામરસૂલ કુરેશી (ભા. ન. કાં. પ્રા. સંઘના પ્રમુખ) હતા. આ અહિંસા સમ્મેલનમાં બે ઠરાવો સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા; જેમાંથી એક ઠરાવ કલકત્તામાં પશુબલિની કુપ્રથા વહેલી તકે બંધ કરવા અંગેનો હતો. બધા જ વકતાઓએ ભારત જેવી ધર્મપ્રધાન ભૂમિમાંથી પશુબલિ સદંતર બંધ થવા ઉપર ખૂબ ભાર મૂકયો હતો. અહિંસાસંમેલનના પ્રત્યાઘાતો બહુ જ સારા પડયા. બંગાલી લોકોમાં અને ખાસ કરીને કાલીમાતાના ભકતો અને પંડાઓમાં વિચારચેતના આવી.

### ત્રીજું પગલું

આ પછી પશુબલિનિષેધક સમિતિની મીટિંગોમાં એમ નક્કી થયું કે, (૧) દુર્ગાપૂજા અને કાલીપૂજા ઉપર અહીંઆ ખૂબ જ પ્રમાણમાં પશુબલિ અપાય છે, તેને અટકાવવા માટે પ્રેરણાદાયક પોસ્ટરો ચોડા-વીને લોકલાગણી પેદા કરવી. (૨) સિનેમા સ્લાઈડો, પશુબલિનાં કરુણદશ્ય બતાવતી ફિલ્મો અથવા 'વિસર્જન' જેવાં નાટકો બતાવીને લોકોને પશુબલિનિષેધ માટે અભિમુખ કરવા. (૩) લોકોને સાત્ત્વિક પૂજાની પ્રેરણા મળે એ માટે બંગાળના તથા દેશના હૈયાત અને બિનહૈયાત ઉચ્ચ ગણાતા વિચારકો અને સુધારકોના અભિપ્રાયોની એક પુસ્તિકા બહાર પાડવી, તેમ જ શાકતસમ્પ્રદાયના તેમ જ વૈદિક ગ્રંથોમાંથી પશુબલિનિષેધના સમર્થનમાં પ્રમાણો તારવીને તે સાથે યુકિત, તર્ક, અને યુગદષ્ટિપૂર્વક એક લેખ તૈયાર કરવો, જેથી પંડિતોને આપણી વાત ગળે ઉતરાવી શકાય. (૪) દુર્ગાપૂજાના દિવ-સોમાં જ્યાં જ્યાં ખાનગી રીતે પશુબલિ અપાતું હોય ત્યાં પણ તે લોકોની પાસે સમિતિ દ્વારા એક ડેપ્યુટેશને જઈને સમજાવવાનો પ્રયત્ન કરવો (૫) કાલીઘાટ ઉપર પૂજાના દિવસોમાં સમિતિના કેટલાંક ભાઈ-બહેનોએ સાત્ત્વિક પૂજાના પ્રતીકરૂપે ફળાદિ લઈને માતાની આગળ ધરાવવા, જેથી બંગાલી લોકોને આપણી લાગણીનો ખ્યાલ આવે. આમ ઉપર્યુકત વાતોને અમલમાં લાવવા માટે કલાકાર પાસે દુર્ગા-પૂજા અને કાલીપૂજાના જુદાં જુદાં બે પોસ્ટરો તૈયાર કરાવ્યાં. એક જ પોસ્ટરમાં સાત્ત્વિક પૂજા અને તામસી પૂજા નાં બન્ને ચિત્રો ચિતરાવવામાં આવ્યા અને એ પોસ્ટરો પણ ખાસ ખાસ લત્તાઓમાં ચોડવામાં આવ્યાં. પંડિતોની સભામાં રજુ કરવા માટેનો લેખ હિંદીમાં તૈયાર કર્યો છે, બંગાલીમાં તેનું ભાષાંતર થાય છે. ત્યાર પછી બન્ને પુસ્તિકાઓ છપાવવામાં આવશે. પંડિતસભાનું આયોજન પણ ટૂંક સમયમાં નકકી થવાની વકી છે.

દુર્ગાપૂજા વખતે કેટલેક ઠેકાણે ભવાનીપુર વિભાગમાં ખાનગી પશુબલિ થવાનું છે એમ સાંભળી શ્રી જ્યોતિબાબુએ કરેલ ભલામણ પ્રમાણે કેટલાક વિચારક અને પશુબલિમાં નહિ માનનાર બંગાલી લોકોને સમિતિના સભ્યો મળ્યા અને છેવટે પશુબલિ આપનાર કુટુંબના આગેવાનોને મળ્યા. તેમને સમજાવવાનો પ્રયાસ કર્યો. પરંતુ તેમણે પહેલેથી નકકી કરેલ હોઈ આપણી વાત સ્વીકારી નહિ. પૂજાના દિવસે કાલીઘાટ ઉપર કાલીમંદિરે સાત્ત્વિક પૂજાના પ્રતીક રૂપે ફળાદિ ધરાવવા માટે સમિતિનાં કેટલાંક ભાઈબહેનો ગયાં હતાં અને એની પૂજારીઓ ઉપર સારી અસર થઈ હતી. જે ભાઈબહેનો ત્યાં ગયાં હતાં, તેમણે જોયું કે સાત્ત્વિક પૂજાના પ્રતીકરૂપે ફળ-પુષ્પાદિ ધરાવનાર લોકોની પણ મોટી લાઈનો લાગી છે. આમ પશુબલિના વિરોધમાં આમપ્રજામાં લાગણી પેદા કરવા માટે જુદા જુદા ઉપાયો કરવામાં આવ્યા છે.

### ચોથું પગલું

આમ એક બાજુથી આમજનતાને કેળવવા માટેના પ્રયત્નો કરવામાં આવ્યા છે. બીજી બાજુથી હસ્તાક્ષરપત્રક પર સહીઓ લેવાનું કામ વેપારીઓ, કારખાનેદારો અને બહેનોને સોંપવામાં આવ્યું છે. આ રીતે કમમાં કમ ૫ હજાર બંગાલીજનોની સહીઓ મેળવી શકાય તો આપણે કોરપોરેશન ઉપર પણ દબાણ લાવી શકીએ, અને પછી સરકાર ઉપર પણ જનમતનું દબાણ લાવી શકીએ. ત્રીજી બાજુથી કાલીમંદિરના પ્રબંધકોની સેવાયત્તકમિટીના હોદ્દેદારોને પણ આ અંગે સમિતિ તરફથી પત્ર લખાયો હતો અને કાલીમંદિરના પૂજારીને સમિતિના ભાઈઓ આ અંગે રૂબરૂ મળવા ગયા હતા. ત્યારબાદ સમિતિના સભ્યો સેવાયતકમિટીના મંત્રીને મળવા ગયા હતા અને તેમણે કહ્યું છે કે, અમારી મીટિંગ મળશે ત્યારે તેમાં પશુબલિનો પ્રશ્ન જરૂર રજુ કરીશું. આશા છે કે એ લોકો આના ઉપર ગંભીરતાથી વિચારશે. સેવાયતકમિટીના લોકો પંડિતોના મંતવ્ય ઉપર પણ આધાર રાખે છે, તેથી પંડિતોનો આપણા વિચા-રને અનુકૂળ અભિપ્રાય થઈ જાય, એ માટે પેલો લેખ પંડિતોની સભામાં રજુ કરાશે. આ પણ એક સારી તક છે; જો લોકમત અનુકૂળ થઈ જાય તો ઝડપથી આ કાર્ય સફળતાપૂર્વક પાર પડી શકે. તે ઉપરાંત એક એવી પણ યોજના છે કે આમપ્રજામાં જે વહેમ અને ભય પ્રવર્તે છે, તે દૂર કરવા અને અનુકૂલ હવા ફેલાવવા માટે એક મેળાવડો યોજીને તેમાં પશુબલિ જેમણે બંધ કર્યું છે તેમને સત્કારવામાં આવે, અને પશુબલિનિષેધ-સમર્થક બંગીય વિદ્વાનોનાં ભાષણો કરાવવામાં આવે.

આમ ચારે બાજુથી શાન્ત ગતિએ અને અહિંસક રીતે પશુ-બલિ નિષેધ આંદોલન ચાલી રહ્યું છે. **મુનિ નેમિચન્દ્ર**

માલિક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઇ-૩, મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઇ.

REGD. No. B-4266.
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૬ : અંક ૨૦

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ફેબ્રુઆરી ૧૬, ૧૯૬૫, મંગળવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૨૦ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

## પ્રકીર્ણ નોંધ

**આચાર્યપદવી–પ્રદાન સમારોહ–ઉદ્‌ઘાટન**

મુંબઈ ખાતે ગોડીજીના ઉપાશ્રયમાં કેટલાક સમયથી વસતા શ્રી વિજય અમૃતસૂરિના પ્રશિષ્ય પન્યાસ ધુરંધરવિજયજીને આચાર્ય-પદવી આપવાના અનુસંધાનમાં તા. ૩૧-૧-૬૫ થી તા. ૯-૨-૬૫ સુધી એમ દસ દિવસનો એક જંગી કાર્યક્રમ મુંબઈના જૈન શ્વે. મૂ. સંપ્રદાયના કેટલીક આગેવાન વ્યક્તિઓ તરફથી યોજવામાં આવ્યો હતો, અને તે માટે આઝાદ મેદાનમાં એક શાનદાર મંડપ ઊભો કરવામાં આવ્યો હતો.

અહીં એ જાણી લેવાની જરૂર છે કે જૈન શ્વે. મૂ. સમાજમાં આચાર્યપદવી–પ્રદાન અંગે એક પ્રકારની અરાજકતા પ્રવર્તે છે. કોઈ પણ આચાર્યને ઈચ્છા થાય કે પોતાના અમુક શિષ્યને આચાર્ય બનાવવા છે તો તે આચાર્ય કોઈ પણ ગામ કે શહેરના સંઘનો સાથ મેળવીને પોતાની ઈચ્છા પાર પાડી શકે છે. કોઈ પણ શિષ્યને આચાર્ય બનાવવા માટે ગુણ કે જ્ઞાનવિષયક તેની ખાસ વિશેષ યોગ્યતા તેમ જ જૈનોના બહોળા સમુદાયની અનુમતી હોવી જોઈએ, એવું કોઈ સ્થાપિત ધોરણ છે જ નહિ. આ કારણે જૈન શ્વે. મૂ. સમુદાયમાં આચાર્યપદવી ધારણ કરી રહેલા આજે સંખ્યાબંધ સાધુઓ વિદ્યમાન છે અને આચાર્ય પદવી–પ્રદાન જૈન શ્વે. મૂ. સમાજમાં એક રોજ-બ-રોજની ચાલુ ઘટના બની ગઈ છે.

આવા એક આચાર્યપદવી–પ્રદાનના પ્રસંગને ભારે મોટું રૂપ આપીને ઉપર જણાવ્યા મુજબ દશ દિવસનો એક જંગી કાર્યક્રમ યોજવામાં આવેલો, અને તે પાછળ લાખ-સવા લાખના ખર્ચનો અંદાજ આંકવામાં આવેલો. આ પ્રકારના સમારોહના વિરોધમાં આચાર્યપદવી-પ્રદાન અંગે પ્રારંભમાં નીમાયેલી સમિતિમાંથી શેઠ માણેકલાલ ચુનીલાલ, શેઠ રમણલાલ નગીનદાસ પરીખ, શેઠ જયંતી-લાલ રાયચંદ, શેઠ નાનચંદ રાયચંદ, શેઠ બાવચંદ રામચંદ, શેઠ શાંતિલાલ ઠાકરસી વગેરે કેટલાક આગેવાનોએ રાજીનામાં આપીને પ્રસ્તુત મહોત્સવમાં ભાગ લેવાની અનિચ્છા પ્રદર્શિત કરી હતી. આ સમગ્ર પરિસ્થિતિની પૂરી જાણકારી પ્રાપ્ત થવા છતાં ગુજરાતના સર્વોચ્ચ નેતા અને ભારતના અગ્રગણ્ય કોંગ્રેસી આગેવાન માન્યવર શ્રી મોરારજીભાઈએ આ સમારોહનું તા. ૧-૨-૬૫ના રોજ ઉદ્‌ઘાટન કર્યું હતું; અને આ પ્રસંગે કરવામાં આવેલા પ્રવચન દરમિયાન તેમણે જણાવ્યું હતું કે, "આ બધા સંપ્રદાયો માટે મને માન છે; માત્ર રાજકારણના સાંપ્રદાયિક સમારંભોમાં અથવા તો જેની રાજકારણ ઉપર અસર થાય છે તેવા સમારંભોમાં જતો નથી. બાકી ધર્મભાવના અને શુભ-નિષ્ઠા તથા નિઃસ્વાર્થભાવે યોજાતા સમારંભોમાં જવામાં કે આવા સમારંભો યોજવામાં કશું ખોટું નથી..... ધર્મભાવનાથી થતા બધા ઉત્સવો માનવજાત માટે શ્રેયસ્કર છે. મને આશા છે કે આજનો સમારંભ તેમાં ભાગ લેનારાઓને વધારે ને વધારે ધર્માભિમુખ બનાવવામાં અને ધર્મનું આચારણ કરતા બનાવવામાં ઉપયોગી નીવડશે."

આ રીતે આચાર્યપદ-પ્રદાન જેવા કેવળ સાંપ્રદાયિક સમા-રોહનું ઉદ્‌ઘાટન કરતા અને જે પાછળ પ્રમાણ વિનાનો અને આચાર્ય-પદવી-પ્રદાનના સંદર્ભમાં બિલકુલ બિનજરૂરી દ્રવ્યવ્યય થવાનો હતો તેવા ધાર્મિક મહોત્સવને પ્રમાણપત્ર આપતા મોરારજીભાઈને જોઈજાણીને અનેક લોકોને ભારે આશ્ચર્ય થયું છે. જેની રાજ્યરચના સમાજવાદને વરેલી છે અને જેની ઈમારત બિનસાંપ્રદાયિક ઢાંચા ઉપર ઊભી કરવામાં આવી છે તે રાજ્યના પુરસ્કર્તા લેખાતા મોરારજીભાઈને આવા આચાર્યપદ–પ્રદાન સાથે શો સંબંધ હોઈ શકે તે કલ્પનામાં આવતું નથી. આ એ જ મોરારજીભાઈ છે કે જેમણે 'તમારી આ પ્રવૃત્તિ સાંપ્રદાયિક છે,' 'તમારો આ પ્રસંગ સાંપ્રદાયિક છે, 'તમારું આ મંડળ સાંપ્રદાયિક છે,' એમ કહીને તે પ્રવૃત્તિ, પ્રસંગ કે મંડળને સહકાર કે સાથ આપવાની અનેકવાર અનિચ્છા વ્યક્ત કરી છે, જેમણે લગ્નની ખર્ચાળ કંકોત્રી જેવી સામાન્ય ઉડાઉગીરીને પણ તુચ્છકારી નાખતાં જરા પણ આંચકો કે ખચકાટ અનુભવ્યો નથી, આવા મોરારજીભાઈ આજે આવા બિન-જરૂરી અને અતિ ખર્ચાળ સમારંભને ધર્મના નામે અભિનંદે છે, આવકારે છે એ જોઈને કાળગંગા અવળી વહેવા લાગી છે કે શું એવો કોઈને પણ પ્રશ્ન થયા વિના રહેતો નથી.

વળી આ સમારંભમાં મુંબઈના કેટલાક આગેવાન કોંગ્રેસીઓને ઉમળકાભર્યો ભાગ લેતા જોઈને એટલું જ આશ્ચર્ય અનુભવાય છે. એક વખત એવો હતો કે જ્યાં સાંપ્રદાયિકતા ત્યાં કોંગ્રેસ નહિ, અને જ્યાં કોંગ્રેસ ત્યાં સાંપ્રદાયિકતા નહિ. આજે કોઈ કોંગ્રેસી આગેવાનને સાંપ્રદાયિક આગેવાની ધારણ કરતાં નથી શરમ કે સંકોચ. જાણે કે કોંગ્રેસે અને સાંપ્રદાયિકતાએ કદમમાં કદમ મિલાવીને ચાલ-વાનું શરૂ કરી દીધું હોય. સંપ્રદાયોની પકડમાંથી તેના નામે થતા અવિવેકભર્યા ઉડાઉ સમારંભોમાંથી, વૈચારિક સંકીર્ણતામાંથી, ધાર્મિક વહેમો અને અભિનિવેશમાંથી પ્રજાજનોને મુકત કરવા અને વ્યકિત-લક્ષીને બદલે તેમને સમાજલક્ષી બનાવવા એ કોંગ્રેસનું વર્ષોજૂનું એક સામાજિક ધ્યેય રહ્યું છે. આજે આ ધ્યેયને બાજુએ મૂકીને તથા સ્થિતિચુસ્ત તેમ જ પ્રત્યાઘાતી બળોને સીધો કે આડકતરો ટેકો આપીને તેમની ચાહના મેળવવા તરફ કોંગ્રેસીઓ ઢળી રહેલા માલૂમ પડે છે. વૈચારિક ક્ષેત્રે આ આપણી અધોગતિ દુઃખદ અને અશુભ ભાવિની દ્યોતક છે.

મોરારજીભાઈએ ઉપર જણાવેલ પ્રસંગ ઉપરના પોતાના પ્રવચનમાં ધર્મ અંગે ભાતભાતની સુફિયાણી વાતો સંભળાવી છે. તેઓ પોતાના પ્રવચનના પ્રારંભમાં જ જણાવે છે કે, "હું એક જ ધર્મમાં માનું છું અને તે છે માનવ–ધર્મ; બીજા બધા માત્ર સાંપ્રદાયો છે. આ ધર્મનો માર્ગ તે સત્યનો માર્ગ છે. પરંતુ સમર્પણ વિના સત્ય સિદ્ધ થતું નથી. આ રીતે સાચા ધર્મની સંપ્રદાય સાથે સંગતિ હોઈ ન શકે." એમ સૂચવીને સંપ્રદાયાતીત એવા ધર્મને તેઓ આગળ ધરે છે. પણ આગળ ચાલતાં તેઓ જણાવે છે કે, "બધા સંપ્રદાયો

માટે તેમને માન છે, અને તેને લગ્નના સમારંભો યોજવામાં આવે તેમાં તેમને કશું ખોટું દેખાતું નથી અને ધર્મભાવનાથી થતા બધા ઉત્સવો તેમના મતે માનવજાત માટે શ્રેયસ્કર છે." આમ ધર્મ અને સંપ્રદાય જાણે કે પર્યાયવાચી શબ્દો હોય એવું ચુકિયાણીભર્યું વિવરણ તેમણે કર્યું છે. વિશાળ ભાવનાના અંચળા નીચે તેમણે સાંપ્રદાયિક સંકીર્ણતાને પોષી છે, તેનું સમર્થન કર્યું છે. તદુપરાંત ધર્મના નામ ઉપર દેશભરમાં વ્યાપેલી અંધશ્રદ્ધા, અજ્ઞાન અને વહેમથી ભરેલી માન્યતાઓને, ક્રિયાકાંડોને, વૈભવના પ્રદર્શનરૂપ ધાર્મિક જલસાઓ અને જમણવારોને, તથા સમાજની વાસ્તવિક ભીંસ, મુંઝવણ, અકળામણની ઉપેક્ષા કરીને યોજાતા ઉપધાનોને અને ઉત્સવોને મોરારજીભાઈએ પોતાના પ્રવચનોમાં અતિ વ્યાપક વિધાનો કરીને આંધળું ઉત્તેજન આપ્યું છે. કોઈ પણ સમારંભ હોય, જલસો હોય, તે પાછળ ગમે તેટલો દ્રવ્યવ્યય થવાનો હોય, તેનું સ્વરૂપ બીજી રીતે ગમે તેટલું વિકૃત હોય કે સમાજશ્રેય સાથે વિસંગત હોય, પણ તે સાથે જો 'ધાર્મિક' શબ્દ લગાડી શકાતો હોય, તો તેને મોરારજીભાઈનાં હાર્દિક અભિનંદન છે, અનુમોદન છે એવી તેમના પ્રવચન ઉપરથી આપણા મન ઉપર છાપ પડે છે.

આવી બાબતોમાં એક વખતના કડક મોરારજીભાઈ આજે ઋજુ બની રહ્યા લાગે છે. એક વખતના સંપ્રદાયવિરોધી મોરારજીભાઈ આજે સંપ્રદાય-સમર્થક બની રહ્યા જણાય છે. એક વખતના સાદાઈ, કરકસર અને પવિત્રતાના આગ્રહી મોરારજીભાઈ આજે ઉડાઉગીરીભર્યા અવિવેકપૂર્ણ ધાર્મિક સમારંભોના અનુમોદક બન્યા માલૂમ પડે છે. પણ સાથે સાથે એ પણ જણાવવું રહ્યું કે, એક વખત પ્લેટફોર્મ તેમને શોધતું હતું, અને તેઓ જલદીથી હાથ લાગતા નહોતા; આજે તેઓ પ્લેટફોર્મને શોધે છે, અને જ્યાં જુઓ ત્યાં મોરારજીભાઈ નજરે પડે છે. એક વખત પ્રતિષ્ઠા તેમને શોધતી હતી, આજે તેઓ જાણે કે પ્રતિષ્ઠાને શોધતા ફરે છે. એક વખત લોકપ્રિયતા તેમની પાછળ દોડતી હતી, આજે તેઓ જાણે કે લોકપ્રિયતાને ઝંખી રહ્યા છે.

ઉપર જણાવેલ સમારોહના સંદર્ભમાં એમ પણ બન્યું હોય કે, શ્રી મોરારજીભાઈ મોટા ભાગે દેશના એક ખૂણેથી બીજે ખૂણે ફરતા હોઈ મુંબઈ ખાતેના પોતાના કૉંગ્રેસી સાથીઓની ભલામણથી પ્રસ્તુત સમારોહ-ઉદ્‌ઘાટનને લગતું નિમંત્રણ તેમની વિગતોમાં ઊતર્યા સિવાય તેમણે સ્વીકાર્યું હોય, અને અહીં આવ્યા બાદ સમારોહની વિગતો અને તત્સંબંધી પરિસ્થિતિની જાણ થતાં નિમંત્રણ સ્વીકારવામાં ઉતાવળ થઈ છે, ભૂલ થઈ છે એમ તેમને લાગ્યું હોય. આમ છતાં પણ એક વખત નિમંત્રણ સ્વીકાર્યા પછી પાછા હઠે તો તે મોરારજીભાઈ નહિ, અને પછી તો પ્રસ્તુત ઉદ્‌ઘાટનમાં રહેલા અનૌચિત્યને ઢાંકવા ખાતર તેનું તેમણે જોરશોરથી સમર્થન કરવું જ રહ્યું. આવો ભાવ ઉદ્‌ઘાટન-પ્રસંગે કરવામાં આવેલા તેમના કેટલાક અતિરેકભર્યા વિધાનોમાં પ્રગટ થતો લાગે છે.

દેશના આ કોટિના આગેવાનોમાં એક બીજી દૃષ્ટિ-એક બીજી વૃત્તિ નજરે પડે છે. આપણે ત્યાં લોકશાહી આવી છે, પક્ષનું રાજ્ય આવ્યું છે, ગાળે ગાળે પક્ષને ચૂંટણીઓ લડવાની હોય જ છે, અને તે માટે પોતાનાં વાજાં ચાલુ વગાડવાનાં રહે છે. આ માટે પક્ષને પુષ્કળ ધન જોઈતું હોય છે. અને આ જવાબદારી પક્ષના આગેવાનોએ જ સંભાળવાની હોય છે. વળી આવા ઉચ્ચ કક્ષાના આગેવાનોના માથે અનેક સંસ્થાઓ ચલાવવાની જવાબદારી પણ હોય જ છે. તે માટે પણ ધન, ધન અને ધન જ જોઈએ. આ માટે આ આગેવાનોને ધનવાનોના સાથ અને ધનવાન કોમો સાથે મીઠા સંબંધો કેળવવા જ રહ્યા. આ માટે કોઈ ને કોઈ બાબતમાં ધનવાન વ્યક્તિઓને તેમ જ ધનવાન લેખાતી કોમી સંસ્થાઓને રાજી રાખવાની રહી. "અમારા આ ધાર્મિક અવસરને આપ શોભાવો, આપની સાર્વજનિક-પારમાર્થિક જવાબદારીઓને અમે સંભાળી લઈશું"-જાણે કે આવી સ્પષ્ટ-અસ્પષ્ટ સમજૂતી ન હોય એમ, પરસ્પર અનુમોદક વૃત્તિએ, દ્રવ્ય સાપેક્ષ દૃષ્ટિએ ધાર્મિક એટલે કે, સાંપ્રદાયિક બાબતોમાં આપણા ઉચ્ચ કક્ષાના આગેવાનોને દાક્ષિણ્ય દાખવતા બનાવ્યા છે, અને કેવળ સંપ્રદાયલક્ષી ધર્માચાર્યો (જેમને સમાજવાદ કે સર્વોદયવાદ સાથે કશી પણ નિસ્બત હોતી નથી) ને ભાવભર્યું અભિવંદન કરતા કર્યા છે. આ પ્રક્રિયામાં કાળાબજાર-ધોળાબજારનો વિવેક ભાગ્યે જ ટકી શકે છે. આ બાબત માત્ર કૉંગ્રેસી આગેવાનોને જ લાગુ પડે છે એમ નથી, અન્ય રાજકારણી પક્ષનેતાઓને તેમ જ સર્વોદયવાદી નેતાઓને પણ ઓછાવધતા અંશે લાગુ પડે જ છે. આમ ન હોત તો માન્યવર મોરારજીભાઈ જેવી ઉચ્ચ કક્ષાની ગાંધીવાદી અને સંપ્રદાયનિરપેક્ષ રાજ્યરચનાને વરેલી વ્યક્તિ કોઈ એક સામાન્ય કોટિના આચાર્ય પોતાના એક શિષ્યને પોતાની પાટ ઉપર બેસાડે એવા કેવળ નજીવા સાંપ્રદાયિક અવસરના ઉદ્‌ઘાટન માટે મુંબઈ ખાતે પધારે એવી તેમના વિષે કોઈએ સ્વપ્નમાં પણ કલ્પના કરી ન હોત.

અહીં એ જણાવવાની જરૂર ન જ હોય કે, મોરારજીભાઈના આ ધર્મલક્ષી પ્રવચનથી જૈન સમાજનો સ્થિતિચુસ્ત શ્રાવક તેમ જ સાધુસમુદાય ખૂબ જ રાજી રાજી થઈ ગયો છે, તેમની ધર્મપ્રીતિ ઉપર મુગ્ધ બની ગયો છે, અને તેમનામાં એક મહાન ધર્માત્માનું દર્શન કરી રહ્યો છે. આ છે તેમના ઉદ્‌ઘાટન-પરિશ્રમની ફલશ્રુતિ.

## શેઠ વાડીલાલ લલ્લુભાઈ મહેતા સામે ભરવામાં આવેલું શિસ્તભંગનું પગલું

તા૦ ૨૭-૧-૫૫ના રોજ અમદાવાદ જિલ્લા શહેર સમિતિના ભૂતપૂર્વ પ્રમુખ અને ગુજરાત રાજ્ય સ્ટેટ કોરપોરેશનના પ્રમુખ શેઠ વાડીલાલ લલ્લુભાઈ મહેતાને અંગ્રેજીના પ્રશ્ન અંગે સ્વીકારવામાં આવેલી કૉંગ્રેસ નીતિ સામે તેમણે જે રીતે પ્રતિકુળ આંદોલન ચલાવ્યું છે તે અંગે ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિએ ક્રિયાશીલ સભ્ય તરીકે તેમ જ સામાન્ય સભ્ય તરીકે દૂર-suspend કર્યા છે. આ સંબંધમાં પસાર કરવામાં આવેલા ઠરાવમાં એવી મતલબનું જણાવવામાં આવ્યું છે કે, અમદાવાદ મ્યુનિસિપાલિટીની આગામી ચૂંટણીમાં પાંચમા ધોરણથી અંગ્રેજી શીખવવું જોઈએ એવો મત ધરાવતા ઉમેદવારોને જ મત આપજો એમ જણાવીને આઠમા ધોરણથી અંગ્રેજી શીખવવાનો મત ધરાવતા કૉંગ્રેસી ઉમેદવારોને મત ન આપશો એવા સૂચનનો તેમણે નિર્દેશ કર્યો છે, અને એ રીતે શ્રી વાડીભાઈએ કૉંગ્રેસ સામે શિસ્તભંગ કર્યો છે; અને તે કારણે ગુજરાતની કૉંગ્રેસને આ પગલું ભરવાની ફરજ પડી છે.

ટેકનીકલી-ઔપચારિક રીતે જોતાં-વિચારતાં શેઠ વાડીભાઈ સામે આ જે પગલું ભરવામાં આવ્યું છે તે સામે કદાચ વાંધો ઉઠાવી ન શકાય, પણ જે અંગ્રેજીના પ્રશ્નને આટલું બધું ગંભીર રૂપ આપવામાં આવ્યું છે અને તેને કૉંગ્રેસની અફર નીતિનો એક પ્રશ્ન બનાવવામાં આવ્યો છે તે ભારે ખેદ ઉપજાવે તેમ છે. આનું પરિણામ વાડીભાઈ જેવી એક મહત્ત્વની વ્યક્તિને કૉંગ્રેસથી અલગ કરવામાં તો આવ્યું જ છે, પણ એ સાથે સાથે બીજા પ્રદેશોની કૉંગ્રેસ સમિતિઓમાં જેમ dissident group-અન્તર્ગત વિરોધી જુથો ઊભાં થયાં છે તેવી જ સ્થિતિ ગુજરાતમાં પણ એકાએક ઊભી થઈ રહી છે. આનું પરિણામ જતે દહાડે ગુજરાતની કૉંગ્રેસને છિન્નભિન્ન કરવામાં જ આવે. તો પ્રશ્ન એ થાય છે કે પાંચમાથી કે આઠમાથી અંગ્રેજીનો પ્રશ્ન શું એટલો બધો મહત્ત્વનો છે કે તે કારણે પ્રાદેશિક કૉંગ્રેસે પોતાના અસ્તિત્વને જોખમાવવા સુધી જવું પડે? અન્ય સર્વ પ્રદેશોમાં મોટા ભાગે પાંચમાથી અંગ્રેજી શીખવવાનો પ્રબંધ પ્રવર્તમાન છે તો ગુજરાતનાં કૉંગ્રેસી આગેવાનો આ બાબતનો વ્યવહારુ રીતે વિચાર કરીને શું માર્ગ કાઢી ન શકે? અને કૉંગ્રેસને શીર્ણવિશીર્ણ બનતી જતી અટકાવી ન શકે? શાણું લેખાતું ગુજરાત આજે શાણપણનું દેવાળું કાઢી રહ્યું છે, કેન્દ્રમાં પોતાનું વર્ચસ્વ ગુમાવી રહ્યું છે અને અન્ય પ્રદેશોનું, આ ભાષાના કારણે હાંસીપાત્ર બની રહ્યું છે. આ બાબત શાણા કૉંગ્રેસી ગુજરાતીઓના ધ્યાન ઉપર કેમ આવતી નહિ હોય?

## માનવી કેટલો ભોળો છે?

માનવી કેટલો ભોળો અને અબુઝ છે, અને ચમત્કારનો રંગ આપીને જે કાંઈ કહેવામાં આવે છે તે સહજપણે સ્વીકારી લે છે, તે સંબંધે તા. ૧-૨-૬૫ના ટાઈમ્સ ઑફ ઈન્ડિયામાં પ્રગટ થયેલો નીચેનો લેખ સારો પ્રકાશ પાડે છે:

"ખરો શિક્ષિત માનવી તે ગણાય કે જે હંમેશાં શીખવાને તૈયાર હોય. આ ધોરણે વિચાર કરતાં મોટા ભાગના લોકો સાચા શિક્ષણનો કદી પણ લાભ પામે એવી આશા નથી, કારણકે કશું પણ શીખવાને અનુત્સુક હોવામાં તેમ જ જે કાંઈ સાંભળ્યું તે માની લેવામાં ઘણો ઓછો શ્રમ રહેલો છે; આ કારણે દુનિયામાં ભોળા અબુઝ અને વહેમી લોકોની સંખ્યા વધતી જ રહે છે. અમૃતસરમાં તાજેતરમાં બનેલી એક ઘટના આ બાબતને વધારે સારી રીતે પુરસ્કાર કરે છે. એમ જાણવા મળે છે કે ત્યાં વસતા એક માણસને સ્વપ્ન આવ્યું. (સંભવ છે કે તેમણે રાત્રે વધારે પડતું ખાધું હશે.) એ સ્વપ્નમાં તેને એક સાધુ દેખાયો, અને તેણે તેને અમુક સૂચનાઓ આપી. બીજે દિવસે તે એક કબ્રસ્તાનમાં ગયો, અને ત્યાંથી એક હાડપિંજર જેવા મડદાને ખોદી કાઢીને એક મંદિર પાસેની અમુક જગ્યા ઉપર તેને તેણે ઊભું કર્યું. ત્યાર પછી સંખ્યાબંધ લોકો આ હાડપિંજરનાં દર્શન કરવા આવવા લાગ્યા અને ફળફૂલ તેમ જ નાણું ધરવા લાગ્યા. આ પ્રક્રિયા પ્રમાણ બહાર વધતી ચાલે તે પહેલાં કેટલાક બીજા લોકોએ અને અમુક સાધુઓએ આ વિચિત્ર પૂજા-ઉપાસના સામે વાંધો ઉઠાવ્યો. કાયદા-કાનૂન વચ્ચે પડયા અને સદ્‌ભાગ્યે સ્પષ્ટપણે જાહેર કરવામાં આવ્યું કે પોલીસની રજા વિના આમ મડદું ઉઠાવી લાવીને ઊભું કરવું તે ગેરકાયદેસર છે. પછી એ મડદું જ્યાં હતું ત્યાં પાછું દાટવામાં આવ્યું. આ તો દેશમાં વ્યાપી રહેલા વહેમ અને અંધશ્રદ્ધા પ્રેરિત માન્યતાઓના પરિણામરૂપ બનતી સેંકડો ઘટનાઓમાંની એક છે.

"બાર વર્ષ પહેલાં કુર્ગની કોઈ એક છોકરી વિષે એવી વિચિત્ર વાત વહેતી થઈ હતી કે, કેટલાય મહિનાથી તેણે નથી કશું અન્ન લીધું કે પાણી પીધું. આ વાત ખૂબ ચાલી. તેની આસપાસ ગૂઢતા ફેલાવા લાગી, અને પાર વિનાના લોકો તેના દર્શને આવવા લાગ્યા, પણ આખરે અઢાર મહિના બાદ તે છોકરીને હૉસ્પિટલમાં ખસેડવામાં આવી અને તકેદારીપૂર્વકની તપાસ નીચે રાખવામાં આવી ત્યારે પુરવાર થયું કે, તે તદ્દન નોર્મલ—અન્ય છોકરીઓ જેવી જ એ એક છોકરી હતી અને તે જે દાવો કરતી હતી તે તદ્દન ખોટો હતો. એટલે કે છૂપી રીતે તેને અન્ન-જળ પૂરાં પાડવામાં આવતાં હતાં. એવા સંખ્યાબંધ લોકો છે કે જેઓ ભૂતપિશાચ અને ડાકણમાં માનતા હોય છે, અને હાથમાં ચળ આવે તો શુભ શુકન માને છે, છીંક આવે તો અપશુકન માને છે, ૧૩ની સંખ્યાને અપશુકનિયાળ ગણે છે તેમ જ ઘરના છાપરા ઉપર બકરું ચડેલું જોવામાં આવે તો તેને અશુભસૂચક લેખે છે. જે-તે માની લેવાની લોકોની આ ટેવને નાબૂદ કરવી અને સત્યપરિક્ષણ તરફ તેમને વાળવા એ કામ કાયદાનું તથા કેળવણીનું હોવું ઘટે."

## ઘંટાકર્ણનું તૂત

મારા પરમ સ્નેહી શ્રી ખીમજીભાઈ ભૂજપુરિયા ઉપર નીચેનાં લખાણવાળાં ત્રણ પોસ્ટકાર્ડ આવ્યાં.

"શ્રી ઘંટાકરણ મહાવીરાય નમ:
શ્રી ઘંટાકરણ મહાવીરાય નમ:
શ્રી ઘંટાકરણ મહાવીરાય નમ:
શ્રી ઘંટાકરણ મહાવીરાય નમ:
શ્રી ઘંટાકરણ મહાવીરાય નમ:
શ્રી ઘંટાકરણ મહાવીરાય નમ:
શ્રી ઘંટાકરણ મહાવીરાય નમ:
શ્રી ઘંટાકરણ મહાવીરાય નમ:
શ્રી ઘંટાકરણ મહાવીરાય નમ:
શ્રી ઘંટાકરણ મહાવીરાય નમ:
શ્રી ઘંટાકરણ દાદાની મહેર હજો!"

"આ વેલ તોડશો નહિ. વેલ તોડનારને પૈસેટકે તથા સુખ-શાંતિમાં નુકસાન થશે. આ વેલની નવ કોપી જુદે જુદે ઠેકાણે લખી મોકલાવશો. મોકલાવ્યા પછી રૂ. ૨૫,૦૦૦નો ફાયદો થશે. ફાયદો થાય તો રૂ. ૧૫ સુધી દાદાના દરબારમાં મોકલાવશો."

એ જ લિ: સેવક

ખીમજીભાઈની ઈચ્છા હતી કે મારે આ વિષે 'પ્રબુદ્ધ જીવન'માં કંઈક લખવું. આવું એક કાર્ડ મારી ઉપર પણ થોડા દિવસ પહેલાં આવેલું. સાંઈબાબા વિષે આપણા લોકોમાં ખૂબ માનતા ચાલે છે. અને આવાં કાર્ડોની પરંપરા પણ પ્રચલિત છે. હવે આવી કાર્ડ-પરંપરાનું તૂત ઘંટાકર્ણની ઉપાસના સાથે શરૂ થયું છે. આનો આશય ભય દેખાડીને તથા મોટા દ્રવ્યલાભની આશા આપીને ભોળા લોકોને ઘંટાકર્ણની ઉપાસના તરફ ખેંચવાનો હોય છે. ભોળા લોકો લોભે લોભે તેમ જ ભયપ્રેરિત બનીને આવી બેવકૂફી ભરી કાર્ડની વેચ ચાલુ રાખે છે, અને પોસ્ટ—ઑફિસને આવા વહેમો ચાલુ થતાં ઠીક ઠીક કમાણી થાય છે.

આ ઘંટાકર્ણ કોણ છે? એમ કહેવાય છે કે વિજાપુર બાજુના જૈનો ત્યાંના કોઈ ઓલિયા પીરની માનતા બહુ માનતા હતા. તે તરફથી બીજી બાજુએ વાળવા માટે તે પ્રદેશમાં વિશેષ વિચરતા સ્વ. જૈનાચાર્ય શ્રી બુદ્ધિસાગરજી મહારાજે જૈન કથાનકમાં આવતા આ ઘંટાકર્ણને નવું મહત્ત્વ આપ્યું અને મહુડી ગામમાં તેની પ્રતિષ્ઠા કરી. ત્યાર બાદ તેને લગતા ચમત્કારની વાતો ચોતરફ ખૂબ ફેલાવા લાગી અને અનેક જૈનો અને જૈનેતરો પણ તેમને સુખડી ધરવાની માનતા માનવા લાગ્યા. આજે ઢગલાબંધ લોકો મહુડી જાય છે, અને ઘંટાકર્ણદેવને પુષ્કળ સુખડી ધરાવે છે. કોઈ પણ અગવડ આફત કે સંકટ આવે તો લોકો ઘંટાકર્ણની માનતા માને છે, અને તે ટળે તો તેને ઘંટાકર્ણની કૃપા માને છે. ઘંટાકર્ણને લગતા ચમત્કારની સાચી-ખોટી વાતો ચોતરફ ફેલાતી રહે છે, અને ભોળા લોકો ગતાનુગતિક ભાવે આ ભ્રમણામાં ખેંચાયે જાય છે. આખરે માનવીનાં સુખદુ:ખ તેનાં કર્મનાં ફળ છે, અને તે હળવાભારે કરવામાં કોઈ દેવ-દેવી સહાય કરી શકતા જ નથી અને કહેવાતા ચમત્કારોને કોઈ વાસ્તવિક પાયો હોતો જ નથી. આ સાચી જૈનદૃષ્ટિ છે. પરંતુ માનવી એટલો બધો ભોળો અને અબુઝ છે કે આ બધું તે સાચું માની લે છે અને જ્યાંથી કશું જ પ્રાપ્ત થઈ ન શકે ત્યાંથી દ્રવ્યલાભ, કુટુંબલાભ, કીર્તિલાભ, સત્તાલાભ મેળવવાની આશા રાખે છે. આમ વિજાપુર બાજુએ ચાલતી પીરની માનતા ટળી અને ઘંટાકર્ણની માનતા વહેતી થઈ, પણ માનવીમાં રહેલી અજ્ઞાનપ્રેરિત વહેમની વૃત્તિ અને ચમત્કારની ભૂખ તો ચાલુ જ રહી, અને માનવી ઓલમાંથી ચૂલમાં પડયો. આજે સારા અને શિષ્ટ ગણાતા લોકો જેમ સાંઈબાબાના નામ પાછળ ગાંડા છે, તેમ ઘંટાકર્ણ વિષે ઘેલા બનેલા જોવામાં આવે છે. પણ તેમણે સમજવું જોઈએ કે, આ બંને વૃત્તિ અને પ્રવૃત્તિને કોઈ સત્ય સાથે—કોઈ પરમ તત્ત્વ સાથે સંબંધ નથી. આ નરી અંધ-શ્રદ્ધા ઉપર આધારિત છે. જેને સત્યાસત્ય પારખવાની બુદ્ધિ પ્રાપ્ત થઈ છે, તેણે આ બાબતનો ઊંડાણથી વિચાર કરવો જોઈએ, અને જે કાંઈ સાંભળવામાં આવે તેને સાચું માનીને આંધીતહીં દોડવું ન જોઈએ, પણ તથ્ય લાગે તે સ્વીકારીને તેને અનુસરવાનો આગ્રહ રાખવો જોઈએ. આવી માન્યતાઓ અને વહેમો પાછળ પુષ્કળ દ્રવ્યનું પાણી થાય છે, અને નવી નવી ભ્રમણાઓની પરંપરાઓ પેદા થાય છે. વળી તે કારણે અનેક લોકો ખુવાર થાય છે. પાયા-વિનાની આશાના મૃગજળ પાછળ ભોળી જનતા ખેંચાય છે અને આખરે હતાશ બની પછડાય છે. આમાંથી ઊગરવું અને આસપાસનાને ઉગારવા એ બુદ્ધિશાળી માનવીસમાજનું પરમ કર્તવ્ય છે.

પરમાનંદ

# સંઘ-સમાચાર

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની એક મિટીંગ તા. ૫-૨-'૬૫ના રોજ સાંજે સાડા છ વાગે સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપદે સંઘની ઓફિસમાં મળી હતી, જે વખતે નીચેનો ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો:

"મુંબઈના જૈન શ્વે. મૂ. સંપ્રદાયના અમુક વર્ગ તરફથી આચાર્ય વિજયઅમૃતસૂરિના પ્રશિષ્ય પંન્યાસ ધુરંધરવિજયજીને આચાર્યપદ આપવાના એક સામાન્ય પ્રસંગને ઘણું મોટું રૂપ આપીને આઝાદ મેદાન ખાતે તા. ૩૧-૧-'૬૫થી તા. ૯-૨-'૬૫ સુધી એમ દસ દિવસનો જે ગંજાવર સમારોહ યોજવામાં આવ્યો છે અને તે પાછળ લાખથી સવા લાખ રૂપિયાનો જે દ્રવ્યવ્યય થઈ રહ્યો છે તે સામે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પોતાનો સખત વિરોધ જાહેર કરે છે.

"આ સમારોહનું ઉદ્‌ઘાટન શ્રી મોરારજીભાઈ દેસાઈને હાથે થયું તે જાણી આ સભા ખેદ અને આશ્ચર્ય અનુભવે છે. આવા સાંપ્રદાયિક અને અતિ ખર્ચાળ સમારોહને ધાર્મિક સમારંભ લેખાવી ધર્મની મોટી વાતો કરી તેનો અને તે પ્રસંગે પોતાની હાજરીનો શ્રી મોરારજીભાઈએ બચાવ કર્યો છે અને તેને અનુમોદન આપ્યું છે, એથી તેમણે માત્ર અંધશ્રદ્ધા અને અજ્ઞાનપૂર્ણ વહેમોને પોષ્યા છે, એટલું જ નહિ પણ પ્રત્યાઘાતી માનસને પ્રોત્સાહન આપ્યું છે. આવા કેવળ સાંપ્રદાયિક આડંબરભર્યા સમારંભમાં અગ્રભાગ લઈને તેમણે સમાજહિત વિરોધી સાંપ્રદાયિક પ્રવૃત્તિઓને અણઘટતું ઉત્તેજન આપ્યું છે. આ પ્રત્યે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ઊંડો ખેદ અને અણગમાની લાગણી પ્રદર્શિત કરે છે."

## 'હિમાલય સાથે જોડાયેલી મારી જીવનયાત્રા'

હિમાલયમાં આલ્મોરા ખાતે વર્ષોથી વસેલા જૂના કૉંગ્રેસી કાર્યકર્તા તથા સર્વોદય કાર્યકર શ્રી શાંતિલાલ ત્રિવેદી તા. ૨૩-૨-૬૫ મંગળવાર, સાંજના ૬ વાગ્યે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલયમાં (૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩) 'હિમાલય સાથે જોડાયેલી મારી જીવનયાત્રા' એ વિષય ઉપર જાહેર વાર્તાલાપ રજૂ કરશે. આ વાર્તાલાપનો લાભ લેવા તેમાં રસ ધરાવતાં ભાઈ-બહેનોને નિમંત્રણ છે.

**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

## તૃતીય વિશ્વધર્મ સંમેલન

ફેબ્રુઆરી માસની ૨૬, ૨૭ તથા ૨૮મીના રોજ દિલ્હી ખાતે લેડી ઈરવિન હૉસ્પિટલ સામે રામલીલા મેદાનમાં 'વિશ્વધર્મ સંગમ' સંસ્થાના ઉપક્રમે ત્રીજું વિશ્વધર્મ સંમેલન ભરાવાનું છે. આના પ્રેરક મુનિ સુશીલકુમાર અને અધ્યક્ષ છે સંત શ્રી કૃપાલસિંહજી મહારાજ.

આ સંમેલન અંગે એક ભવ્ય સ્વાગત સમિતિ ઊભી કરવામાં આવી છે. પ્રથમ સંમેલન દિલ્હી ખાતે ૧૯૫૭માં ભરાયું હતું. બીજું સંમેલન કલકત્તા ખાતે ૧૯૬૦માં ભરાયું હતું. આ સંમેલનનો ઉદ્દેશ વિશ્વબંધુત્વ દ્વારા વિશ્વશાંતિ માટે અનુકૂળ વાતાવરણ પેદા કરવાનો છે. આ સંમેલનમાં દેશ-પરદેશથી અનેક પ્રતિનિધિઓ પધારવાની આશા રાખવામાં આવે છે. પ્રતિનિધિ માટેનું લવાજમ રૂા. ૫૦ રાખવામાં આવ્યું છે અને વિશ્વબંધુત્વની અને સર્વધર્મ સમભાવની ભાવનામાં શ્રદ્ધા રાખનાર કોઈ પણ વ્યકિત કે સંસ્થા આ સંમેલનમાં ભાગ લઈ શકે છે. આ સંમેલનમાં ભાગ લેવા ઈચ્છનાર ભાઈ યા બહેને નીચેના ઠેકાણે પત્રવ્યવહાર કરવો.:

મહામંત્રી, વિશ્વધર્મસંગમ, ૧૨-લેડી હાર્ડિંગ રોડ, નવી દિલ્હી-૧.

# સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ-ઉત્સવ

**સંસ્થાના પ્રમુખ શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહ સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહના સહાયકો અને શુભેચ્છકોને સંસ્થાના લાભાર્થે યોજવામાં આવેલ નાટક અંગે નીચે આપેલ પરિપત્રદ્વારા અનુરોધ કરે છે કે,**

આપ જાણો છો એ મુજબ મુંબઈમાં આવેલ 'શ્રી સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ' છેલ્લાં સુડતાલીસ વર્ષથી જૈનસમાજના કોઈ પણ વિદ્યાર્થીને, મુંબઈ રહી ઉચ્ચ અભ્યાસ કરવા માટે રહેવાની સગવડ આપે છે. ચાલુ વર્ષથી યોગ્ય વિદ્યાર્થીને દર વર્ષે વધુમાં વધુ પાંચસો રૂપિયા સુધી લોન-સ્કોલરશીપ આપવાની પણ યોજના કરવામાં આવી છે. શરૂઆતનાં વર્ષોમાં પ્રિન્સેસ સ્ટ્રીટ ખાતે ૩૮ વિદ્યાર્થીઓને રહેવાની સગવડ અપાતી હતી. છેલ્લાં બાર વર્ષથી 'શિવ' ખાતે નવું મકાન બંધાતાં ત્યાં વધુ ૭૪ વિદ્યાર્થીઓને રહેવાની સગવડ કરવામાં આવી છે. આમ હોવા છતાં, મુંબઈ શહેરના વિસ્તરવાની સાથે તેમ જ મુંબઈમાં ઉચ્ચ અભ્યાસ માટે વિશિષ્ટ પ્રકારની કેળવણીની સંસ્થાઓ હોવાને કારણે મહારાષ્ટ્ર અને ગુજરાતમાંથી જ નહિ, પરંતુ રાજસ્થાન, મધ્યપ્રદેશ, મદ્રાસ તેમ જ આફ્રિકાથી પણ આ વિદ્યાર્થીગૃહમાં પ્રવેશ મેળવવા માટે દર વર્ષે માંગણીઓ આવ્યા કરે છે. આથી શ્રી સંયુકત જૈન વિદ્યાર્થીગૃહની કાર્યવાહક સમિતિએ 'શિવ' ખાતેના અત્યારનાં નવા મકાનની બાજુમાં આવેલી પોતાની ખાલી જગા પર બીજું નવું મકાન બાંધવાનો નિર્ણય કર્યો છે, અને આ કાર્યને વેગ આપવા માટે સંસ્થાની કાર્યવાહક સમિતિએ 'શ્રી સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ ઉત્સવ-સમિતિ'ની નિમણૂક કરી છે. આ સમિતિએ તા. ૧૫-૩-'૬૫ ને સોમવારે સાંજે સાત વાગે 'બિરલા માતુશ્રી સભાગૃહ'માં **'પિંજરનું પંખી'** નાટક રજૂ કરવાનું નક્કી કર્યું છે.

આ સંસ્થાએ ઉપાડેલ કાર્ય સરળ બને એ માટે અમે આપની પાસે 'ફૂલ નહિ તો ફૂલની પાંખડી'રૂપે આપનો નીચેની રીતે સહકાર માગીએ છીએ:—

૧. નાટકની વધુમાં વધુ ટિકિટ ખરીદીને.

૨. 'ઉત્સવદિને' પ્રકટ થનાર પુસ્તિકામાં જાહેરખબર આપીને.

૩. આર્થિક સહાય કરીને.

ટિકિટ તથા જાહેર-ખબરના ભાવ આ સાથે આપ્યા છે.

આશા છે કે, આપ અમારા કાર્યક્રમમાં સહકાર આપી, અમે જે કાર્ય ઉપાડ્યું છે એને સરળ બનાવશો.

ટિકિટના દર

રૂા. ૨૫૦, રૂા. ૧૦૦, રૂા. ૫૦ અને રૂા. ૨૫

જાહેરખબરના દર

સુવેનિર: સાઈઝ ૧૦"×૭ ૧/૨"

| | |
|---|---|
| ગ્લેઈઝ્ડ આર્ટ-પેપર આખું પાનું | રૂા. ૧૦૦૦ |
| આખું પાનું | રૂા. ૫૦૦ |
| અડધું પાનું | રૂા. ૨૫૦ |
| પા પાનું | રૂા. ૧૨૫ |

પત્રવ્યવહાર તથા વધુ માહિતી માટે સરનામાં:—

૧. શ્રી રમણિકલાલ મણિલાલ શાહ—મંત્રી
મેસર્સ આર. એમ. શાહની કું.
૮૧, નાગદેવી ક્રોસ લેન,
મુંબઈ-૩ ફોન નં. ૩૨૪૧૦૨

૨. શ્રી. ધીરજલાલ ધનજીભાઈ શાહ—મંત્રી
મેસર્સ બી. ત્રિકમલાલની કું. પ્રાઈવેટ લિ.
૧૯૬, પ્રિન્સેસ સ્ટ્રીટ,
મુંબઈ-૨ ફોન નં. ૩૯૧૧૯

# 'નેફાના અનુભવો અને અહિંસક સંરક્ષણ વિચાર'

તા૦ ૨૧-૧-૬૫ના રોજ સાંજના સમયે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલયમાં નેફાના અનુભવો અને Non-violent Defence: અહિંસક સંરક્ષણ-એ વિષય ઉપર અનુક્રમે શ્રી કુસુમતાઈ નારગોળકર અને શ્રી વસન્તરાવ નારગોળકરનાં વ્યાખ્યાનો રાખવામાં આવ્યાં હતાં. આ વ્યાખ્યાનો આપનાર દંપતીનો પરિચય આપતાં અને આ વ્યાખ્યાનો કેવી રીતે ગોઠવાયાં તેનો ખ્યાલ આપતાં સંઘના ઉપપ્રમુખ તરીકે શ્રી પરમાનંદભાઈએ જણાવ્યું કે:-

"તા૦ ૨૪-૧૨-૬૪ના રોજ વહેલી સવારે તેઓ શાન્તાકુઝ ખાતે સારસ્વત કોલોનીમાં રહેતા તેમના એક સંબંધી શ્રી. બી. એસ. બેટ્ટાબિટને ત્યાં ઊતર્યા હતા. હું તેમને મળવા શાન્તાકુઝ ગયો. ત્યાં વિમલાબહેને લેવા માટે આવેલા દાદા ધર્માધિકારી પણ મળ્યા. હું તેમની સાથે વાતો કરતો હતો એ દરમિયાન દાદા તથા વિમલાબહેનને મળવા માટે એક યુગલ આવી ચડ્યું. તેમને મેં પહેલીવાર જ જોયેલાં. દાદાએ મારી તેમની સાથે ઓળખાણ કરાવી. તેમનાં નામ શ્રી વસન્તરાવ નારગોળકર તથા કુસુમતાઈ નારગોળકર. તેઓ કેટલાક સમયથી દહાણુ પાસે આવેલા આદિવાસી વિભાગમાં કામ કરી રહ્યાં છે. કેનાડ નામનું ગામ તેમનું કાર્યકેન્દ્ર છે. ૧૯૬૨ના ઓક્ટોબરમાં ભારતની ઉત્તર સરહદ ઉપર નેફા વિભાગમાં ચીની આક્રમણ થયું; ત્યારબાદ ૧૯૬૩ની સાલમાં તેઓ બન્ને નેફા વિભાગમાં ફરેલાં અને ત્યાંના લોકો વચ્ચે જઈને રહેલાં. આને લગતા તેમના અનુભવો તે જ દિવસે સાંજે ન્યુ મરીન લાઈન્સ ઉપર આવેલા થિયોસોફી હૉલમાં ગોઠવવામાં આવેલી એક સભામાં તેઓ રજૂ કરવાનાં હતાં. તે વિષે મને કૌતુક થયું, અને ત્યાં હું પહોંચ્યો. અને મેં જે સાંભળ્યું તેથી હું ખૂબ પ્રભાવિત થયો. મને એમ થયું કે આ જ વિષય ઉપર સંઘના કાર્યાલયમાં તેમનું એક વ્યાખ્યાન રાખવું. આ ઈચ્છાથી તેમનો મેં વિશેષ પરિચય સાધ્યો, અને પરિણામે આજનાં વ્યાખ્યાનો ગોઠવવામાં આવ્યાં છે. આ બંને પતિપત્ની મુંબઈ યુનિવર્સિટીના સ્નાતક છે-ઘણું ખરું કુસુમતાઈ એમ. એ. છે, અને સર્વોદય વિચારણાને વરેલાં છે, અને આદિવાસી લોકોના ઉદ્ધારકાર્યમાં તેઓ ખૂબ રસ લઈ રહ્યાં છે. તેમની સેવાને આ દંપતીનું જીવન સમર્પિત છે. તેઓ વિનોબાજી, શંકરરાવ દેવ, તથા દાદા ધર્માધિકારીના નિકટવર્તી પરિચયમાં છે. આવાં સંસ્કારી સેવાપરાયણ દંપતીને આપણા સંઘ તરફથી આવકારતાં હું ધન્યતા અનુભવું છું. નક્કી કરેલા ક્રમ મુજબ નેફાના અનુભવો શ્રી કુસુમતાઈ રજૂ કરશે અને ત્યારબાદ શ્રી વસંતરાવ 'Non-Violent Defence'-'અહિંસક સંરક્ષણ' એ વિષય ઉપર બોલશે. આ બંને દંપતીનું આપણા સંઘ તરફથી હું ભાવપૂર્વક સ્વાગત કરું છું."

ત્યારબાદ શ્રી કુસુમતાઈએ હિંદીમાં લગભગ એક કલાક જેટલો સમય રોકીને નેફામાં તેમનું જવાનું શી રીતે શક્ય બન્યું અને ત્યાંના લોકો તેમ જ સૈનિકો અંગે તેમને શા શા અનુભવ થયા તેને લગતી અનેક રોચક તેમ જ પ્રેરક વિગતો રજૂ કરી. ત્યાં જવાનો તેમનો આશય ત્યાંની ભવ્ય નિસર્ગતાનાં દર્શન કરવાનો કે હિમાલયનું સૃષ્ટિસૌંદર્ય માણવાનો હતો જ નહિ. ચીનીઓનું પહેલું આક્રમણ ૧૯૬૨ની ૨૦મી ઑક્ટોબરે થયું અને ૨૧મી નવેમ્બરે તેઓ પાછા ફર્યા અને ૧૩મી ડિસેમ્બરે તેમણે 'સીઝફાયર-શસ્ત્રવિરામ' જાહેર કર્યો. એ દરમિયાન વેડછી ખાતે ૧૯ નવેમ્બરથી ૨૨ નવેમ્બર સુધી સર્વોદય-સંમેલન મળ્યું હતું, અને ૨૫મી ડિસેમ્બરે તે વખતના ભારતના મહામંત્રી જવાહરલાલ નેહરુ પશ્ચિમ બંગાળમાં આવેલા નવગ્રામ ખાતે વિનોબાજીને મળ્યા હતા. એ વખતે ચીની સરકાર ગમે ત્યારે બીજો હુમલો કરે તેવો સંભવ હતો. તે દરમિયાન ભારત સરકાર માટે મોટો પ્રશ્ન સંભવિત ચીની હુમલાને પહોંચી વળવા અંગે મોટા પાયા ઉપર લશ્કરી તૈયારી કરવાનો હતો, અને સાથે સાથે તે પ્રદેશમાં વસતા લોકોની moral-નૈતિક ધૃતિટકાવવાનો પણ એટલો જ મહત્ત્વનો પ્રશ્ન હતો. આ સ્થાનિક-પ્રાદેશિક-લોકો જેઓ એક પ્રકારના આદિવાસીઓ જ છે તેમનાં ચિત્તની શું સ્થિતિ છે, અને તેમને હિંમત આપવાની દિશાએ આપણે અહિંસાનિષ્ઠાવાળા કંઈ કરી શકીએ તેમ છીએ કે નહિ, અને અસહકાર જેવા અહિંસક પ્રતિકાર તરફ તેમને વાળી શકાય કે નહિ તેનો નજરે જોઈને ક્યાસ કાઢવાની શ્રી વસંતરાવ નારગોળકરના દિલમાં ઈચ્છા ઉદ્‌ભવી. આ હેતુથી તેઓ ૧૯૬૩ના જાન્યુઆરીની ૨૪મી તારીખે શિલોંગ ગયા, અને આસામના રાજ્યપાલને મળ્યા. પછી તેમની અનુમતીપૂર્વક તથા તેમણે નેફા વિભાગમાં ફરવા માટેની જરૂરી સગવડ પૂરી પાડી તેના પરિણામે ૧૫મી ફેબ્રુઆરી સુધી તેઓ એ પ્રદેશમાં એકલાં ફર્યાં, અને કેટલાક ઠેકાણે ત્યાં વસતા લોકો તેમને ભારે ભયભીત અને એકદમ નિરાશ બની ગયેલા માલૂમ પડ્યા. આ લોકોને ટટ્ટાર કરવા-ભયમુક્ત કરવા અને ચીનાઓ ફરીથી આવી ચઢે તો તેમણે શું કરવું, તેમણે કેમ વર્તવું એ વિષે સાચું માર્ગદર્શન આપવાની તેમને ઘણી જરૂર લાગી અને તે માટે તેમને પોતાની પત્ની સાથે તે વિભાગમાં ત્રણ-ચાર મહિના સ્થિર થઈને રહેવાની આવશ્યકતા ભાસી. આ માટે સંમતિ અને સગવડ મેળવવા માટે નેફાના કમિશનર સાથે તેમનો બે-ત્રણ મહિના પત્રવ્યવહાર ચાલ્યો. સ્થાનિક પ્રજાજનોને હિંમત આપે એવી વ્યક્તિઓની તો સરકારને પણ ખૂબ જ જરૂર હતી, પણ જ્યાં હિંસક પ્રતિકાર સિવાય બીજો કોઈ વિચારને અવકાશ જ હોઈ ન શકે ત્યાં આ અહિંસાવાદીઓને ફરવા-હરવાની રજા શી રીતે આપી શકાય? એટલે અહિંસા તથા ગ્રામદાન ઉપર તેમણે કશું પણ બોલવું નહિ, એ શરતે તેમને ત્યાં રહેવાફરવાની રજા આપવાની નેફાના કમિશનરે તૈયારી દેખાડી. પણ 'આ તો રામાયણની કથા કરો, પણ રામસીતાનાં નામ ન લ્યો' એના જેવી શરત ગણાય. આવી શરત તેઓ સ્વીકારી જ કેમ શકે? શ્રી નારગોળકર દંપતી ત્યાંના લોકોને નિર્ભય બનાવવા ઈચ્છતાં હતાં, અહિંસક પ્રતિકાર તરફ તેમને વાળવા ઈચ્છતાં હતાં, ચીના ચઢી આવે તો તેમની સાથે સંપૂર્ણ અસહકાર કરીને તેમનું જીવન અશક્ય બનાવી દેવાનું કહેવા માગતાં હતાં. અહિંસાના અનુસંધાનમાં તેમની આ દૃષ્ટિ હતી. અલબત્ત, તેઓ લશ્કરી કોઈ પણ હિલચાલમાં વચ્ચે પડવા કે તેમાં કોઈ પણ પ્રકારનો વિક્ષેપ નાખવા જરા પણ ઈચ્છતા નહોતા. પણ નેફાના કમિશનર તો 'અહિંસા' શબ્દથી ભડકતા હતા. આ કારણે નેફાના કમિશનર સાથે બે-ત્રણ મહિના સુધી ચાલેલા પત્રવ્યવહારમાં સફળતા ન મળતાં શ્રી વસંતરાવે ૧૯૬૩ના જૂન માસમાં નેહરુ ઉપર એક પત્ર લખ્યો. અને તેમાં નેફામાં જઈને પોતે શું કરવા માગે છે તેનો ખ્યાલ આપ્યો. આ પત્ર મળતાં વેંત નેહરુએ આ દંપતીને તરત જ દિલ્હી મળવા બોલાવ્યાં. ૧૦ જુલાઈએ તેઓ નહેરુને મળ્યાં. 'ત્યાં જઈને તમો કરશો શું?' નેહરુનો આ પહેલો પ્રશ્ન હતો. શ્રી વસંતરાવે પોતાના ખ્યાલો રજૂ કરતાં જણાવ્યું કે, 'લશ્કરી દૃષ્ટિએ પણ તે વિભાગમાં વસતા લોકો નિર્ભય બને અને ધારો કે ફરી વખત ચીની હુમલો થાય તો લોકો નાસભાગ ન કરે એ એટલું જ જરૂરી છે. અમારે કોઈ પણ લશ્કરી પ્રવૃત્તિમાં વિક્ષેપ નાખવો નથી, પણ હતાશ બનેલા લોકોને ટટ્ટાર કરવા છે, તેમને નિર્ભય બનાવવા છે, અને ચીનાઓ આવી ચઢે તો તેમની સાથે સંપૂર્ણ અસહકાર કરવાનો સંદેશો આપવો છે. આમાં ભારત સરકારને કે લશ્કરી અધિકારીઓને વાંધો લેવા જેવું શું હોઈ શકે?' તેમની આ રજૂઆતથી નેહરુ પ્રભાવિત બન્યા. નેહરુને હિંસક પ્રતિકારનો માર્ગ સ્વીકારવો પડ્યો હતો પણ તેમના દિલમાં આ માટે અત્યંત દુઃખ હતું અને તેમનું વલણ તો અહિંસા તરફી જ હતું. અને તેથી વસંતરાવ જેવા આવું કંઈક

કરી દેખાડે તે તેમને ગમતી વાત હતી. તેમની ચર્ચાવાર્તાના પરિણામે 'તમારે શું કરવું શું ન કરવું તે તમારી વિવેકબુદ્ધિ ઉપર હું છોડું છું' એમ જણાવીને આશીર્વાદ સાથે નેફા વિભાગમાં જવાની તેમણે આ બંનેને પરવાનગી આપી અને ત્યાં રહેવાકરવા માટે બધી સગવડો આપવાની નેફા વિભાગના કમિશનરને તરત જ સૂચનાઓ પાઠવવામાં આવી. નેહરુની આ મહાનુભાવતાથી તેઓ અત્યંત મુગ્ધ બન્યાં, અને તેમના અત્યંત અનુકૂળ વલણથી ભારે પ્રોત્સાહિત બનીને આ બંને-દંપતી ગૌહત્તી જવા ઊપડ્યાં લશ્કરી અનુકૂળતા પ્રાપ્ત કરીને નેફાના લોકો વચ્ચે જઈને વસ્યાં અને ૧૯૬૩ના ડિસેમ્બર સુધી ત્યાં રહ્યાં. ત્યાંનાં તેમના નિવાસ દરમિયાન એક સ્થળેથી બીજા સ્થળે, એક વિભાગમાંથી બીજા વિભાગમાં અવારનવાર ચીન-ભારતની સીમારેખા સુધી નાનામોટા પહાડોના આરોહ-અવરોહણપૂર્વક તેઓ ફર્યાં. ખૂબ વિચર્યાં. તેમણે નાનીમોટી પદયાત્રાઓ કરી અને અવારનવાર ત્યાંના લોકોની વચ્ચે તેઓ દિવસોના દિવસો સુધી રહ્યા. આ રીતે ત્યાંના લોકોમાં તેમણે આત્મિય ભાવ અને વિશ્વાસ પ્રગટાવ્યો. આ તો એક સાહસ હતું. એ સાહસ સાથે પહાડી પરિભ્રમણની પાર વિનાની હાડમારીઓ જોડાયેલી જ હતી. એ વખતે બીજા ચીની હુમલાનો ગમે ત્યારે સંભવ હતો. શરૂઆતમાં તેઓ ત્યાં શા માટે આવ્યા છે એમ ત્યાંના લોકો પૂછે અને 'તમારા સંકટમાં અમે ભાગ લેવા આવ્યા છીએ,' એમ જવાબ આપવામાં આવે ત્યારે એ જવાબ તેમના ગળે ઊતરે જ નહિ. 'હુમલો થશે તો તમે તો હેલી-કોપ્ટરમાં બેસીને ભાગી જશો' એમ જ તેઓ કહેતા અને માનતા. આ લોકોને ફરી ફરીને પ્રતીતિ કરાવવી પડતી કે ચીની લોકો ફરીથી હુમલો કરશે તોપણ તેઓ તેમની વચ્ચે જ રહેશે અને મરવાનું હશે તો તેમની સાથે જ મરશે. જ્યારે ઠીક સમય સુધી આ દંપતીને ગમે તેટલી કઠિનાઈનો સામનો કરીને તેમની સાથે રહેતાં જોયાં અને તેમનાં જેવું જીવન જીવતાં જોયાં ત્યારે જ બંને વચ્ચેનો અંતરપટ ખસી ગયો અને તેમની શુભ નિષ્ઠા અને આત્મિયતા અંગે ત્યાંના લોકોમાં પાકી પ્રતીતિ પેદા થઈ.

આ લોકો વસ્તુતઃ ભારતવાસી છે, એમ છતાં તેમનામાં આજ સુધી ભારતીય અસ્મિતા ઊભી થઈ નથી. તેમના ઉપર કોણ રાજ્ય કરે છે તેનું પણ તેમને પૂરું ભાન નથી. કેટલાક લોકોએ સમજ્યા વિના ચીનાઓને પણ મદદ કરેલી. ચીનાઓ આવ્યા અને ગયા પણ આ લોકોને તેમણે ખાસ રંજાડ્યા નહોતા એમ તેમની વાતો ઉપરથી લાગ્યું. ઊલટું તેમને તો આપણા સૈનિકોના વર્તન વિષે ફરિયાદ કરવાપણું હતું. આપણને તેઓ સફેદપોશ-White collared-લોકો ગણે છે. આપણા વિષે તેમને હજુ વિશ્વાસ નથી. આવ્યો હતો તેવો હુમલો ફરીથી આવશે તો આપણે તેમને છોડીને ભાગી જઈશું એવી તેમના દિલમાં હજુ પણ આશંકા છે. જો તેમને આપણા બનાવવા હોય તો આ આશંકા આપણે દૂર કરવી જ રહી. આ લોકો unsophisticated-ભલાભોળા પ્રેમાળ છે. પ્રેમને તેઓ સહજ વશ છે. તેઓ માંસાહારી છે, મદ્ય પીતા હોય છે. આ સંબંધમાં તેમના વિષે એવી એક માન્યતા પ્રસારવામાં આવી છે કે તેમની સાથે એકરૂપ થવું હોય તો તેમનાં આ ખાનપાન આપણે સ્વીકારવાં જોઈએ, નહિ તો આપણામાં ઊંચાપણાનું ઘમંડ છે, એમ આ લોકો માની લે છે અને આપણાથી અલગ રહે છે, અતડા રહે છે, પણ આ બંનેના અનુભવે આ માન્યતા તદ્દન ખોટી પાડી છે. આ બંને ચુસ્ત નિરામિષાહારી હતા, અને મદ્યપાન પણ તેમના માટે એટલું જ નિષિદ્ધ હતું. આમ છતાં પણ ત્યાંના લોકોને મળવા-હળવામાં અને તેમની સાથે એકરૂપ થવામાં આ ખાનપાન-ભેદ જરા પણ અન્તરાયરૂપ બન્યો નહોતો.

એ બાજુએ કામ કરી રહેલ શાંતિસૈનિકોનું થાણું જમાવીને બેઠેલા બ્રીગે. અમતુસલામ તેમની સાથે ઘણે ઠેકાણે ફર્યા હતા. કેટલાક વિભાગોમાં તેમણે પદયાત્રા પણ સાથે કરેલી. ચીની આક્રમણ દરમિયાન જે સ્થળોનાં નામ અવારનવાર છાપાંઓમાં આવ્યાં હતાં, તેમાંનાં મહત્ત્વનાં કેટલાંક મથકોની તેમણે મુલાકાત લીધી હતી. ૧૫૫૦૦ ફીટની ઊંચાઈ એ આવેલા બૂમલાંગ વટાવીને પણ તેઓ આગળ ગયેલાં. જ્યાં જ્યાં સૈન્યો ખૂમી રહ્યા હતા ત્યાં ત્યાં આ બંને દંપતી વિનોબાજીનાં ગીતાપ્રવચનો લઈને ઘૂમતાં રહ્યાં હતાં-આવી કેટલીયે વાતો કુસુમતાઈએ સંભળાવી, અને શ્રોતા ભાઈબહેનો તેમની આ સાહસકથા, ત્યાંના લોકો વિષેનો વિધાયક અભિપ્રાય અને અહિંસક વિચારણાનો તેમણે જે પ્રચાર કર્યો તે વડે ખૂબ પ્રભાવિત બન્યાં હતાં.

ત્યારબાદ વખત ઘણો થઈ જવાથી, 'Non-Violent Defence-અહિંસક સંરક્ષણ'ના વિષય ઉપર જે કાંઈ કહેવાનું હતું તેને ટૂંકાવીને શ્રી વસંતરાવે જણાવ્યું કે, 'હિંસક લડાઈ આજે out of date-કાલબાહ્ય વસ્તુ બની ગઈ છે. આજની દુનિયામાં હિંસાથી આપણું રક્ષણ થવાનું નથી. હવે જો હિંસક યુદ્ધ થાય તો તેમાં એક પક્ષ જીતે અને અન્ય પક્ષ હારે એવા કોઈ પરિણામની શક્યતા જ નથી. તેનું પરિણામ સાર્વત્રિક વિનાશમાં જ આવે. હિંસક સ્પર્ધામાં આપણે કોઈ પણ કાળે ચીનની બરોબરી કરી શકવાના નથી. તે વસ્તીમાં, સૈન્ય પ્રમાણમાં અને સંપત્તિમાં આપણાથી ખૂબ જ આગળ જ રહેવાનું છે. હિંસક સ્પર્ધાના માર્ગે જતાં આપણને બ્રિટન અને અમેરિકાનો આશ્રય લીધા વિના ચાલે તેમ નથી અને કોઈ પણ કટોકટીમાં રશિયા ચીન પડખે જ ઊભું રહે- blood will be thicker than water-એટલે આપણે બચાવ માટે બ્રિટન અમેરિકા સામે જ જોવું પડે અને તેનું પરિણામ પરાવલંબનમાં જ આવે. ગાંધીજી હતા ત્યારે અહિંસા શ્રેષ્ઠ શસ્ત્ર છે એમ કહેવાતું હતું. આજે જમાનો બદલાયો છે. હવે અહિંસા શ્રેષ્ઠ નહિ પણ એક જ શસ્ત્ર રહ્યું છે. આજ સુધીના અનુભવે પૂરવાર કર્યું છે કે કોઈ પણ સવાલ હિંસાથી ઉકલતો જ નથી. તે દ્વારા એક પ્રશ્ન ઉકેલવા જતાં બીજો સવાલ ઊભો થાય જ છે. ગાંધીજીએ આપણને અહિંસક વિચારસરણીનો વારસો આપ્યો છે. તેને વિકસાવીશું તો આપણે દુનિયાના માર્ગદર્શક-pioneers બનીશું, નહિ તો beggarsની સ્થિતિમાં-યાચકોની અવદશામાં મૂકાઈ જઈશું.

'હિંસા કે અહિંસાને માર્ગે બલિદાનો તો આપવાના જ છે. હિંસક પ્રતિકારથી આપણે ટેવાયેલા છીએ અને તે માટે આપવાં પડતાં બલિદાનો આપણને સ્વાભાવિક લાગે છે. અહિંસક પ્રતિકાર આપણા માટે નવો વિચાર છે. એટલે તે માટે આપાતાં બલિદાનો અસ્વાભાવિક અને વધારે પડતાં લાગે છે. પણ આ જ બાબતનો બીજી રીતે વિચાર કરો. બે પક્ષ હિંસક લડાઈમાં ઊતરે છે અને ગમે તેટલી ખુવારી થાય છે, તોપણ આ યુદ્ધમાં નહિ સંડોવાયેલા દેશોનાં પેટનું પાણી પણ હલતું નથી. પણ ધારો કે એક મોટા સૈન્ય સામે દસ હજાર નિઃશસ્ત્રી શાંતિ સૈનિકો ઉઘાડી છાતીએ દુશ્મનોની ગોળીઓ ઝીલવા મરણશરણ બને તો આખી દુનિયા હલી ઊઠે, તેનું અંતઃકરણ એકદમ ખળભળી ઊઠે અને તે પ્રક્ષોભમાંથી હિંસા છોડીને અહિંસાના માર્ગે ચાલવાની આ દુનિયા માટે એક નવી તેમ જ નક્કર ભૂમિકા ઊભી થાય.

'આ ઉપરાંત શસ્ત્રસ્પર્ધાની દોટમાં આપણે આગળ ને આગળ દોડતા જઈએ તો પછી આખરે એટમબોમ પેદા કર્યા વિના આપણો છુટકો ન રહે અને તેના આર્થિક બોજા નીચે આખો દેશ-ખાસ કરીને ગરીબ જનતા સદંતર કચડાઈ જાય. આ રીતે આજની પરિસ્થિતિનો બધી બાજુએથી વિચાર કરતાં હિંસક માર્ગ છોડ્યા સિવાય અને શસ્ત્રસંન્યાસ સ્વીકાર્યા સિવાય તથા અહિંસક સંરક્ષણ તેમ જ પ્રતિકારનો માર્ગ વિચાર્યા સિવાય આપણી પાસે બીજો કોઈ વિકલ્પ રહેતો જ નથી.'

આ બંને વક્તાઓનો આભાર માનતાં સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે જણાવ્યું કે 'એમાં કોઈ શક નથી કે આજનાં વિવેચનો સાંભળીને આપણા સર્વે એ ખૂબ જ પ્રસન્નતા અનુભવી છે. આમાં પણ ભાઈ વસંતરાવે અહિંસક સંરક્ષણને લગતી ટૂંકાણમાં પણ જે વિચારધારા રજૂ કરી તેનો પ્રતિવાદ કદાચ કરી શકાય, પણ કુસુમબહેને નેફાના પ્રવાસ અને નિવાસને લગતી જે રોમાંચક કથા કહી અને તે કહેતાં કહેતાં તે બંને જે દિલમાં રહેલી અહિંસાનિષ્ઠાને જે રીતે અભિવ્યક્ત કરી તે સાંભળીને આપણે સર્વે ખૂબ જ મુગ્ધ બન્યા છીએ, એમ કહું તો તેમાં હું જરા પણ અતિશયોક્તિ કરતો નથી. ગાંધી અને વિનોબા-યુગે આવાં દંપતી-યુગલો પેદા કર્યાં છે તે ખરેખર આપણાં પરમ સૌભાગ્ય અને ગૌરવનું દ્યોતક છે. આપણા સંઘ વતી તેમનો હાર્દિક આભાર માનું છું.'

આભાર-નિવેદન બાદ સભા વિસર્જન કરવામાં આવી.

સંકલન કરનાર: પરમાનંદ

# ☆ ગુરુદેવ ટાગોર ☆

[ગત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં આપાયલા વ્યાખ્યાનની નોંધ]

૧૯૪૦ની શ્રાવણ માસની એ સંધ્યા હતી. વરસાદની ઝરમર વરચે કોકવાર સૂર્યનાં કિરણો હસતાં હતાં, અને પાછાં અલોપ થતાં હતાં, એ સાંજે હું એક પુસ્તક વાંચતી હતી. પુસ્તકનું નામ હતું Home and the World. લેખક હતા શ્રી રવીન્દ્રનાથ ટાગોર. એ નામની મોહિની મન પર હતી તેથી જ મહાપ્રયાસે એ પુસ્તક વાંચતી હતી. અંગ્રેજી શીખવાની શરૂઆત કર્યે બેત્રણ વર્ષ થયાં હતાં. ઍંડરસનની વાર્તાઓ સરળતાથી વાંચી શકાય એટલો જ કાબૂ એ ભાષા પર હતો, છતાં આ સાહસ ખેડયું હતું; પણ એમાંથી જેટલું સમજાતું હતું એટલું સુંદર હતું. લાગણીશીલ કિશોર મનને હલાવી જાય એવું હૃદયસ્પર્શી હતું. વાંચતા વાંચતા એકદમ થયું: આમ જ દોડતી જઈ ગુરુદેવને ખોળે માથું મૂકી ખૂબ રડી લઉં અને પછી એમને પૂછું કે, સ્ત્રીનું મન આટલી હદ સુધી શીદ જાણી ગયા?

આ વિચારધારા ભંગ પામી પેપરવાળા પોરિયાની બૂમાબૂમથી. સ્થાનિક પત્રનો વધારો વેચાતો હતો. એમાં સમાચાર હતાં ગુરુદેવની ચિરવિદાયના! મારાં સ્વજનને ગુમાવ્યા હોય એવું અસહ્ય દુઃખ મેં અનુભવ્યું. મને છાની રાખતા માએ સમજાવી: "તારી સામે એમનું સાહિત્ય તો છે ને, એમાંથી તું જરૂર એમને મળી શકશે." ત્યારથી ગુરુદેવનું સાહિત્ય જેટલું અને જ્યાંથી મળે ત્યાંથી લઈ વાંચી કાઢવાની એક ઘેલછા મનમાં જાગી. જેમ જેમ એ વાંચતી ગઈ, થોડું ઘણું સમજવા લાગ્યું તેમ તેમ એ ઘેલછા ભક્તિમાં પરિણમી, અને એક સુંદર વિશાળ જીવનદૃષ્ટિનો લાભ મને ગુરુદેવની પ્રસાદીરૂપે મળ્યો.

'શિશુ' અને 'Crescent Moon' કોઈની મદદ વગર હું વાંચી શકી. નિર્દોષ બાલ્યનો આનંદ માણી શકી, અને સાથે સાથે કુદરત સાથે મનના તાર મેળવતાં શીખી.

ગુરુદેવનું વ્યક્તિત્વ મહર્ષિ જેવું હતું. એમના વિચારો જડ, રુક્ષ, ના સમજાય, પણ પૂજ્ય માનવા પડે એવા તો નહીં હોય ને, એ ભય શરૂઆતમાં હતો, પણ એ ક્યાં જતો રહ્યો અને એ વિચારધારા સાથે મારો જીવનપ્રવાહ ક્યાં ભળી ગયો એ ખબર પણ ના પડી.

વિશ્વનિયંતા પર ગુરુદેવ દઢ શ્રદ્ધા રાખે છે, અપાર ભક્તિ કરે છે, એની દરેકેદરેક કૃતિ એમને ભવ્ય, દિવ્ય અને સુંદર દેખાય છે. અણુએ અણુમાં બ્રહ્મતત્ત્વ વસે છે, વિકસે છે. ત્યાં ક્ષુદ્રતા = દીનતા ક્યાંથી હોય? ખીલતી કળીની સૌરભમાં જે સૌંદર્યનો સાક્ષાત્કાર થાય એ જ સૌંદર્યનો આવિષ્કાર ફાટી નીકળતાં જ્વાળામુખીમાં પણ થાય. જ્યાં રુદ્ર રૂપની જરૂર હોય ત્યાં એ રૂપે પ્રભુ પ્રકટ થાય—તપ્ત ભૂમિ પર એ કરુણા-ધારાનો વર્ષાવ કરે... રાજવૈભવ ધારણ કરી દૈન્ય દૂર કરે અને રુદ્રરૂપે વાસનાનો વિનાશ કરે—કુદરતમાં અને જીવનમાં પણ.

જીવનનો વિચાર પ્રભુના અધિષ્ઠાન વગર ના થાય. જીવનનો આદિ અને અંત એ જ મહાન શક્તિમાં છે. તુલસીદાસ, જયદેવ, ચૈતન્ય, મીરાં, નરસિંહ મહેતા જેવા સંતોએ એ શક્તિને એક કેન્દ્ર માની એની ભક્તિમાં જીવન વિતાવ્યું; ત્યારે વીતરાગ બુદ્ધ, ઈશુ-ખ્રિસ્ત, મહમદ અને મહાવીર જેવા દૃષ્ટાઓએ પ્રભુને સર્વવ્યાપી અનાદિ અનંતરૂપે નિહાળ્યા. ભગવાન મહાવીરને હરિયાળા પાંદડાંમાં વિકાસ પામતો જીવ દેખાયો ત્યારે ખ્રિસ્તને દીનદુખિયારાનાં આંસુ વરચે એનાં દર્શન થયાં. નાઈટિંગેલ જેવી દયાની દેવીએ ઋગ્વેદની વેદનામાં ૐકાર રૂપ ભાળ્યું; માદામ ક્યુરીએ વિજ્ઞાનની સાધનામાં તપ કર્યું અને માર્કસે પીડિતોની આંખોમાં બુઝાએલી આત્મવિશ્વાસની જ્યોતિ પ્રકટાવી પ્રભુની પૂજા કરી. ગાંધીજીએ એ જ જીવનદૃષ્ટિ વ્યવહારમાં આણી અને ગુરુદેવે કવિની વાણીમાં, સ્વરની બંદીશમાં—ચિત્રની રેખામાં એ વ્યકત કરી. ભક્તિ અને ધર્મથી જીવન જડ અથવા નિષ્ક્રિય નથી બનતું, પણ નિર્મળ અને સ્વસ્થ થાય છે અને જીવનકાળમાં મહાન કાર્ય કરી જાય છે, એ આ બંને મહાપુરુષોએ પોતે કરી બતાવ્યું, જીવી બતાવ્યું.

ધર્મ જીવનના પ્રવાહ જેવો વહેતો છે, બદલાતો છે. એની પાછળ પ્રાચીન સંસ્કારઘનના ગગનચુંબી શિખરો છે—એનાં આચરણથી વર્તમાન આનંદમય બને છે અને એની દિશા ઉજ્જ્વળ ભવિષ્ય તરફ છે. એટલે જ ગુરુદેવ કહે છે કે, 'મંદિરમાં પ્રભુ નથી વિરાજતા. એ તો છે ત્યાં શ્રમિકોના પ્રસ્વેદબિંદુમાં.' આ ક્રાન્તિકારી તત્ત્વ કોઈ મહાકાવ્યની માફક સહજ સુંદર રીતે ગુરુદેવ કહી દે છે—જીવી જાય છે. એમને એ સિદ્ધ કરવા માટે કોઈ રકતપાતની કે ક્રાન્તિની જરૂર નથી દેખાતી.

ભકતોએ સંસારથી વિમુખ થઈ મુકિત મેળવવી જોઈએ એમ મનાય છે, પણ ગુરુદેવ પૂછે છે:

'મુકિત? શામાંથી મુકત થવું છે? અરે, એ પોતે તો આણુએ આણુ સાથે સંલગ્ન છે તો આપણે ક્યાંથી છૂટવાના? મુકિત મેળવવાની તે સંસારમાંથી કે કર્મમાંથી નહીં પણ પોતાના અહંમાંથી મેળવવાની છે. એ અંચળો ઉતારી આપણે 'એની' સામે ઊભાં રહીશું, એનામાં સમાઈ જઈશું, એનાં દરેક કાર્યમાં સમભાગી થઈ અનંત આનંદમાં વિલીન થઈશું.' આ છે ગુરુદેવનો જીવનમંત્ર. જ્યાં કુદરતી કાયદાનો ભંગ થતો હોય, જ્યાં પ્રભુની અવજ્ઞા થતી હોય ત્યાં એમનો પુણ્યપ્રકોપ પણ પ્રકટ થતો આપણે જોયો છે. રાષ્ટ્ર-ગીતના આ રચયિતાએ પોતાની 'સર'ની પદવીનો ત્યાગ કર્યો હતો. શિક્ષણની ખામીઓ દૂર કરી નવશિક્ષાના શ્રીગણેશ કર્યા ત્યારે, નવકાવ્ય, નવનાટય ને નવચિત્રકલાનો આરંભ કર્યો ત્યારે, કોઈ પણ ચીલો સ્વીકાર્યા વગર આગળ વધતી એ તેજોરેખા ખાંડાની ધાર જેવી ચમકી જાય છે.

સુદીર્ઘ જીવનને અંતે 'શેષલેખા'માં એ જીવનનો સરવાળો એમણે કાઢયો. કેવું હતું એ જીવન? પરમાત્માની સુંદર કળાકૃતિ—આ માનવ-દેહ—એ પ્રભુનું મંદિર એ નિરામય નિષ્કલંક દેહમાં પ્રકટેલી પ્રાણજ્યોતિ લઈ જીવનના અનંત પ્રવાહ ઉપર નાવડી-ની જેમ તરે છે. સતત ગતિમાન એ અખંડ પ્રવાહને તીરે ગગનચુંબી વૃક્ષો છે, એમને આધારે ઝોલતી લતાઓ છે, નીચે પથરાયેલી હરિયાળી છે, સૌરભના ઘટ વેરતી પુષ્પરાણી છે, અને હસતા તૃણપુષ્પો છે, ચપળ મૃગો છે અને ગીચ અરણ્યોમાં વિકરાળ વનકેસરીઓ અને મસ્ત ગજેન્દ્રો પણ છે, ગગનચુંબી ગિરિમાળા છે, એની પાછળ સાત તાળી રમતાં ચંદ્ર-સૂર્યો અને નક્ષત્રમાળાઓ છે, અનંત આકાશમાં શીતળ જળથી ભરેલી મેઘમાલા છે, અને તેજોરાશી સૌદામિની પણ છે. બધું દેખાય છે, અનુભવાય છે, પણ એ સર્વ જોતો જોતો જીવ પ્રવાહ સાથે આગળ જાય છે—એ કથામાં એ બંધાતો નથી; એ માત્ર સાક્ષી જ છે. અને જ્યારે એનો પ્રવાસ પૂર્ણ થાય છે ત્યારે એ હોડી કિનારા પર આવે છે; જીવન સંપૂર્ણ થાય છે, સફળ થાય છે, જીવ સરજનહારના દરબારમાં જાય છે ને ત્યાં એ કહે છે,' પ્રભુ! તેં મને આ દેહ આપ્યો. મેં એનું જતન કરી એને નિર્મળ, નિરામય રાખ્યો. તેં મારામાં જે જ્યોતિ પ્રકટાવી એ મેં સતેજ રાખી. અને જે સૂર મૂકી મારું વાજિંત્ર તેં મારા હાથમાં મૂક્યું એ શેં ભાવથી બજાવ્યું. બીજું મારી પાસે જે કાંઈ હતું તે મેં બધું જ સંસારને આપી દીધું અને આ ખાલી થયેલી ઝોળીમાં લાવ્યો છું માત્ર થોડો સ્નેહ અને ક્ષમા!'

એનું એ ભવ્ય જીવન, અને એ જીવનની પરિસમાપ્તિ—એ ચિરવિદાય. ગુરુદેવનું સાહિત્ય હાથમાં આવ્યા પછી—વાંચ્યા પછી—એ વિદાય માટે દુઃખ કરવાનું ના રહ્યું. ઊલટાનું હું વિનમ્રભાવે એમની પ્રાર્થના કરતી આવી છું કે એક દિવસ મારી હોડી પણ કિનારા પર આવશે, ત્યાં પ્રભુના દરબારમાં હું પ્રથમ આપને શોધી કાઢીશ અને પગે લાગીને કહીશ કે પ્રભુએ જે નાનું સરખું વાજિંત્ર મને આપ્યું હતું એ મેં પણ, તમે કહ્યું હતું તે પ્રમાણે વગાડવાનો પ્રયત્ન કર્યો છે. આપની વીણાના તારમાં જે સ્વર ગૂંજતા હતા એનો પ્રતિધ્વનિ આ નાના કરતાલમાંથી પણ નીકળતો હતો. સ્વરમાધુરીના નિધાન મારાં રંકના અનંત પ્રણામ તમારે ચરણે. જીવનનો આનંદ અને મૃત્યુની ભવ્યતા તમે મને બતાવી. આણુએ આણુમાં પ્રભુનાં દર્શન કરાવ્યાં. ઓ મારા ગુરુદેવ! પ્રથમ પૂજા તમારી હશે. બલિહારી ગુરુ આપકી જિન્હે ગોવિંદ દિયા બતાય!

**મૃણાલિની દેસાઈ**

# શ્રી. વિમલાબહેન ઠક્કરનો વાર્તાલાપ

[ શ્રીમતી વિમલાબહેન ઠક્કર જેમને 'પ્રબુદ્ધ જીવન'નાં વાચકો સારી રીતે જાણે છે તેઓ યુરોપ ખાતે છ મહિના પ્રવાસ કરીને ગયા ડિસેમ્બર માસની ૨૪મી તારીખે ભારત ખાતે પાછાં ફર્યાં. જાન્યુઆરીની ચોથી તારીખે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે લેબર્નમ રોડ ઉપર આવેલ શ્રી લીલાવતીબહેન દેવીદાસના નિવાસ-સ્થાન ઉપર તેમનો વાર્તાલાપ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે શ્રી વિમળાબહેનની વિચારસરણી અને પ્રવૃત્તિમાં રસ ધરાવતાં ભાઈ-બહેનો સારી સંખ્યામાં ઉપસ્થિત થયાં હતાં. શરૂઆતમાં સંઘના ઉપપ્રમુખ શ્રી પરમાનંદભાઈએ વિમળાબહેનને આવકારતાં જણાવ્યું કે, "શ્રી વિમળાબહેન છ મહિના યુરોપમાં પ્રવાસ કરીને અહીં આવેલ છે તો ત્યાંના લોકો વિષે, ત્યાંના જીવન વિષે તેમના મન ઉપર જે કાંઈ છાપ પડી હોય તેમાંથી તેમને ઠીક લાગે તે આપણને જણાવે એવી મારી તેમને વિનંતિ છે. વળી, અહિંસાના વિચારમાં આપણે અમુક રીતે વિશિષ્ટ રસ ધરાવીએ છીએ તો તે વિચારનો યુરોપ બાજુ ધ્યાન ખેંચે તેવો કોઈ વિકાસ થયો છે કે નહિ, યુરોપની સુવિખ્યાત લેખાતી અનેક વ્યકિતઓનાં નામ આપણે સાંભળીએ છીએ તો તેમાંથી કોઈનો તેમને પરિચય થયો છે કે નહિ તે જાણવાની પણ આપણી ઈન્તેજારી છે." આ તેમની વિનંતિને માન આપીને શ્રી વિમળાબહેને જે જે મુદ્દાઓનું વિવરણ કર્યું હતું તેને ભાઈ વિજય-કુમાર રતિલાલે ટેઈપ-રેકર્ડ કરેલું અને તે ઉપરથી તેમણે નકલ ઉતારી આપી. આ વાર્તાલાપ હિંદીમાં હતો. તેને જરૂર લાગી ત્યાં ટૂંકાવીને શ્રી મેનાબહેન નરોત્તમદાસે ગુજરાતી લખાણ તૈયાર કરી આપ્યું. આ ભાવાનુવાદ નીચે પ્રગટ કરતાં ભાઈ વિજયકુમાર તથા મેના-બહેનનો, તેમણે લીધેલી તકલીફ માટે મારે આભાર માનવો રહ્યો.

—પરમાનંદ ]

જે વિષયોમાં આપને રુચિ છે અને જે વિષે જાણવાની આપને ઈન્તેજારી છે તે વિષયોની એક લાંબી સૂચિ શ્રી પરમાનંદ-ભાઈએ મને આપી છે. તે સાથે હું ઈચ્છું તેટલા જ વિષયો ઉપર બોલવાની મને છૂટ પણ આપી છે. આજના પ્રસંગને આપે વાર્તાલાપ નામ આપ્યું છે તે યથોચિત છે. ભાષણ, વ્યાખ્યાન કે પ્રવચનોના માધ્યમનો ભારતવર્ષમાં આજે કોઈ ઉપયોગ નથી એમ હું ૧૯૫૩ની સાલથી કહેતી આવી છું, પરંતુ વ્યકિત વ્યકિત વચ્ચે જ્યાં પરસ્પરનો સંબંધ છે, ત્યાં વાર્તાલાપ દ્વારા વિચારોની આપ-લે કરવામાં હું માનું છું.

પહેલો પ્રશ્ન એ છે કે હું દશ માસ પરદેશમાં રહી ત્યાં મેં શું જોયું ? નેહરુજીના અવસાન બાદ તરત જ જૂન માસમાં મારું યુરોપ જવાનું થયું. કેરોમાં હું બે દિવસ રોકાઈ. તે દરમિયાન ત્યાં બે-એક સભાઓ અને પ્રેસ-કોન્ફરન્સ યોજાઈ. પ્રેસ-કોન્ફરન્સમાં લગભગ દરેક જણના મનમાં એક જ પ્રશ્ન ઘોળાતો હોય એવી છાપ ઊઠી કે, "નેહરુના અવસાન બાદ ભારતની વિદેશનીતિનું સ્વરૂપ કેવું રહેશે ?" તટસ્થતાની નીતિને ભારત અડગતાથી વળગી રહેશે એ વિશેની શ્રદ્ધા ઈજિપ્ત, મધ્ય પૂર્વ વગેરે દેશોમાં મેં બહુ ઓછી જોઈ. ત્યારે મને ખ્યાલ આવ્યો કે નેહરુનું સ્થાન માત્ર એક દેશના વડા પ્રધાન જેટલું જ નહોતું, પણ ભારતની વિદેશનીતિ અને સભ્યતાના પ્રતિક તરીકે તેઓ હતા. નેહરુ વિશે ઉત્કટ શ્રદ્ધા પણ મેં તેમનામાં જોઈ.

જે આંતરરાષ્ટ્રીય પરિષદમાં ભાગ લેવા હું સ્વીટ્ઝર્લેન્ડ ગઈ હતી અને જ્યાં હું દોઢ મહિનો રહી હતી તેમાં દક્ષિણ અમેરિકા, ઉત્તર અમેરિકા, આફ્રિકા, ઑસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, ગ્રેટ બ્રિટન, યુગોસ્લાવિયા, પોલેન્ડ, રશિયા અને ચીનને છોડીને લગભગ દુનિ-યાના દરેક દેશે ભાગ લીધો હતો. આ બધા દેશોની ત્રણ અલગ અલગ સભાઓ થઈ. દરેકે મારી સામે આ પ્રશ્ન મૂક્યો: "ભૌતિક સુખસગવડોથી અમે ધરાઈ ગયા છીએ. જે જોઈતું હોય તે અમને આસાનીથી મળી રહે છે. છોકરો ચોવીસ વર્ષનો થયો કે કોઈ પણ કાર-ખાનામાં તેને કામ મળી જ જવાનું છે. અઠવાડિયાના આઠથી દસ પાઉંડ કમાઈ લેવા તે તો ડાબા હાથનો ખેલ છે. પરંતુ આ સુખ-સગવડોને લીધે યુવકયુવતીઓનું શિક્ષણ તરફથી મન પાછું હટતું જાય છે. શિક્ષણ પ્રત્યે ઉદાસીન વૃત્તિ કેળવાતી જાય છે. આ એક અમારો વિકટ કોયડો છે."

અને આ હકીકત માત્ર અમુક દેશો પૂરતી નથી. પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ—ત્રણે દિશાના દેશોમાં આ જ સમસ્યા છે. Incentive for Education – શિક્ષણ અંગેની પ્રેરણા – એ પણ એક સમસ્યા હોઈ શકે એવી તો મને કલ્પના પણ નહોતી. જુદા જુદા દેશોના લગભગ અઢીસો શિક્ષકો ત્યાં આવ્યા હતા. તેમની એક પરિષદ યોજાઈ હતી. તેઓએ પણ એ જ કહ્યું કે ૨૦ થી ૨૨ વર્ષની ઉંમર પછી વિદ્યાની બાબતમાં વિદ્યાર્થીની રુચિ હટતી જાય છે. રશિયા અને ચીનમાં હજી આ Incentive for Education – શિક્ષણ અંગેની પ્રેરણા જીવતી છે, પણ લોકશાહી દેશોમાં વિદ્યાર્થીઓમાંથી શિક્ષણની ભાવના ઓછી થતી જાય છે.

બીજી વાત એ નવયુવાનોએ મને એ કહી કે, "રાજનૈતિક પક્ષ કે વિચારણા તરફની અમારી શ્રદ્ધા ઘટતી જાય છે." રાજ-કારણમાંથી શ્રદ્ધા હટતી જાય, અને વિદ્યાભ્યાસની રુચિ પણ ઘટતી જાય એ એક ગંભીર પરિસ્થિતિ છે. ત્યારે નવયુવાનોએ શું કરવાનું રહ્યું ? તેમનામાં જે શકિત-તાકાત ભરી છે તેનો ઉપયોગ તેઓ શામાં કરે ? આ યુવાનો લગ્ન કર્યા વિના માતૃત્વ અને પિતૃત્વપદ ધારણ કરે છે. લગ્ન વિના માતાપિતા થવું અને તે પણ શાળાના વિદ્યાર્થીઓએ, એ એક ગહન કોયડો ઈંગ્લેન્ડ, ફ્રાંસ, સ્વીડન અને સ્વીટ્ઝર્લેન્ડની સામે ઉપસ્થિત થયો છે. આનું સૌથી થોડું પ્રમાણ સ્વીટ્ઝર્લેન્ડમાં અને સૌથી વધુ પ્રમાણ ફ્રાન્સ અને ઈંગ્લેન્ડમાં છે. દર વર્ષે ઈંગ્લેન્ડમાં કુંવારાં માતાપિતાનાં સંતાનોની સંખ્યા ચાલીસ હજાર જેટલી હોય છે. આ બિચારાં અનાથ ગણાય છે, અને સરકારે આવાં બાળકો માટે ઊભી કરેલી સંસ્થાઓમાં તેઓ પોષાય છે. આ બાળકોનો શું અપરાધ કે તેઓ ભાઈ-બહેન કે કુટુંબજીવનથી વંચિત રહે ? સ્વીટ્ઝર્લેન્ડના શિક્ષકોએ જ્યારે આ સવાલ મને પૂછ્યો ત્યારે મેં કહ્યું : "સમસ્ત જીવનથી અલગ પાડીને આ સવાલનો વિચાર ન થઈ શકે. જીવન વિષે તમારો શું દૃષ્ટિકોણ છે, જીવનનું શું મૂલ્યાંકન છે, તમારી ભાવનાઓ શું છે વગેરે અનેક પાસાંઓનો વિચાર કરવો પડે." આ વિષે ઘણી વાતો થઈ પણ તેમાં વધારે ઊંડા ઊતરવાનો અહીં સમય નથી.

છ માસમાં મેં પાંચ-છ દેશોનો પ્રવાસ કર્યો, અને દરેક સ્થળે મેં એક વાત જોઈ કે શાકાહારનું મહત્ત્વ ત્યાં ખૂબ વધી રહ્યું છે. ૧૯૬૧ માં પણ મેં આ બાબત જોઈ હતી, પણ ૧૯૬૪ માં એનું મહત્ત્વ ઘણું વધારે વધી ગયેલું મેં જોયું. જે છવ્વીસસો વ્યકિતઓ સ્વીટ્ઝર્લેન્ડની પરિષદમાં મને મળી તેમાં બહુમતી શાકાહારીઓની હતી, અને હાથછડના ચોખાનો ચારગણો ભાવ વધારે હોય તોપણ તેઓ તેનો ખાસ આગ્રહ રાખતા હતા; કેમકે તેમનું માનવું હતું કે હાથછડના ચોખા મન અને બુદ્ધિની શકિતમાં ખૂબ વધારો કરે છે. તેમાં પણ પૂર્ણિમાના દિવસે જે ચોખાની વાવણી કરી હોય તેને તો તેઓ અમૃતસમાન સમજે છે. વળી, જે ખેતરમાં કુદરતી ખાતરથી અનાજ પાકયું હોય તે અનાજને આધ્યા-ત્મિક સાધના માટે અત્યંત અનુકૂળ માને છે. આવા અનાજની ખાસ અલગ દુકાનો હોય છે અને લોકો ત્યાંથી જ તે ખરીદવાનો આગ્રહ રાખે છે. આ ચીજ મેં ઈંગ્લેન્ડ, જર્મની અને હોલેન્ડમાં જોઈ. ઈંગ્લેન્ડ તો તેનાથી પણ આગળ ગયું છે. તે ગાયનાં દૂધને

પણ Animal Product-માંસાહારની કોટિનો ગણે છે. તેમણે ઝાડમાંથી દૂધ મળે તેવાં વૃક્ષોની શોધ કરી છે, અને ડૉ. મોટો નામના નૈસર્ગોપચારી ડૉકટરે આવાં વૃક્ષો વાવવાનું શરૂ કરી દીધું છે. મને લાગે છે કે મુંબઈ જૈન યુવક સંઘ અથવા તો સંઘનો કોઈ સભ્ય જૈન-દર્શનમાં શાકાહાર સંબંધે જે હકીકત હોય તેની શોધ કરી વૈજ્ઞાનિક સંકલન કરી, વૈજ્ઞાનિક શૈલીએ યુરોપીય પ્રજા સમક્ષ મૂકે તો એ એક બહુ મહત્ત્વની વાત બને.

બીજી વસ્તુ મેં ત્યાં એ જોઈ કે અધ્યાત્મના નામે ચમત્કાર અને અતીન્દ્રિય શકિત ઉપરનું આકર્ષણ ઘણું વધી ગયું છે. અનેક ગુરુઓનાં નામે અનેક આશ્રમો સ્થપાયા છે. હું કેટલા ગણાવું? તે પણ થોડાઘણા વિષે મેં જે સાંભળ્યું તે કહું છું.

ફ્રાંસમાં સ્વામી રામદાસનો આશ્રમ છે. તેમાં સ્વામી રામદાસ, શ્રી રામ અને વિષ્ણુ ભગવાનની મૂર્તિઓ છે, અને ફ્રેન્ચ-ભકતો રીતસરનાં આરતી-પૂજા વગેરે કરે છે.

ફ્રાંસમાં આનંદમયી માની ઘણી મૂર્તિઓ છે; મંદિરો છે. ત્યાં સંસ્કૃત શ્લોક બોલાય છે, ભજનો ગવાય છે, શંખ ફૂંકાય છે. બંગાળી ઘરોમાં આપણને જોવા મળે છે તે બધું જ ત્યાં જોવા મળે છે. કેટલીક વ્યકિતઓ મને મળવા આવી તેઓએ કહ્યું કે તેઓ રેહાનાબેનનાં શિષ્યો છે. રેહાનાબેનને તો હું જાણું છું, પણ તેમની આવી એક વિશિષ્ટ રીતે ગણના થતી હશે તે તો મેં ત્યાં જ જાણ્યું. રેહાનાબેન 'નયા યોગ'ની દીક્ષા આપે છે એમ તેમણે કહ્યું.

પેરીસથી પંદર માઈલ દૂર રામકૃષ્ણ-મિશનનો એક વિશાળ આશ્રમ છે. આવો આશ્રમ પશ્ચિમ યુરોપભરમાં કયાંય બીજે નથી. યુવક-યુવતીઓ માટે અલગ આશ્રમો છે. ત્યાં યુરોપભરના વિદ્યાર્થીઓ આવે છે અને ઉપનિષદોનું અધ્યયન કરે છે. સંસ્કૃતમાં પ્રશ્ન પૂછનારા યુવક-યુવતીઓ પણ ત્યાં મને મળ્યાં.

કોઈ મહેશ યોગી છે. તેના શિષ્યો ફ્રાંસ અને ઈંગ્લેન્ડમાં છે. શ્રી અરવિંદનો શિષ્ય-સમુદાય પણ છે. બુદ્ધના શિષ્યો છે. મહાબોધિ સોસાયટી તરફથી એક વિશાળ આશ્રમ બંધાઈ રહ્યો છે. બહારના ઘોંઘાટથી ધ્યાનમાં ખલેલ ન પડે તે માટે બે મોટા underground Hall-ભૂગર્ભમાં મોટા ઓરડાઓ ઈંગ્લેન્ડમાં હમણાં બંધાઈ રહ્યા છે. ઘણા લોકો સભાઓમાં આવતા અને મને પ્રશ્નો પૂછતાં. હું જ્યારે એમને કહેતી કે અતીન્દ્રિય શકિતને અધ્યાત્મ સાથે કંઈ સંબંધ નથી, ત્યારે તેમને નવાઈ લાગતી. મારે એમને સમજાવવું પડતું કે મનુષ્યના અચેતન મનમાં કેટલાયે unverbalised-જેને ભાષા આપવામાં આવી નથી એવા વિચારો પડયા હોય છે. જ્યારે મન તદ્દન શાંત થઈ જાય છે ત્યારે તે અચેતન મનમાં પડેલા વિચારો ઉપર આવે છે, તેને આપણે અનુભૂતિ એવું નામ આપી શકીએ. આવી કોઈ અનુભૂતિ થાય તેની મતલબ એ કે અનુભૂતિને અનુભવનારું બીજું કોઈ મોજૂદ છે અને તે આપણું મન છે. વળી, આ બધું Psychic-મનોગત છે; અધ્યાત્મ સાથે તેને કોઈ સંબંધ નથી. પણ આ ચમત્કાર-ભૂખ્યા લોકોનાં દિલમાં મારી આ વાત ઊતરતી નહિ. ટૂંકમાં જેને જેની શ્રદ્ધા બેસી ગઈ તે પ્રમાણે જ તે ચાલે. આધ્યાત્મિક અને બ્રહ્મજિજ્ઞાસાના નામે આવી અનેક વાતો યુરોપમાં બહુ વધી ગઈ છે. શુદ્ધ બ્રહ્મ-જિજ્ઞાસા કે શુદ્ધ આધ્યાત્મિક જિજ્ઞાસા મને કયાંય જોવા ન મળી.

બીજી એક ચીજ મને યુરોપમાં જોવા મળી તે એ કે ત્યાંની પ્રજાના દિલમાં Racial Consciousness-જાતિગત સભાનતા ઊંડા મૂળ ઘાલી બેઠી છે. અહિં બેઠા આપણને એની કલ્પના પણ ન આવી શકે. તાજેતરનો જ એક પ્રસંગ આપું. કોંગોમાં બળવો થયો ત્યારે કતંગામાં કેટલાક ગોરાઓ ફસાઈ ગયા હતા. તેમને બચાવી લેવા માટે અમેરિકાએ વિમાની ટુકડી મોકલી. આ ટુકડી સંકટમાં ફસાયેલાઓને બચાવવા ગઈ છે એમ કહેવામાં આવ્યું (Humanist Operation). પણ ત્યાં જઈને તેણે કર્યું શું? વીસથી પચીસ ગોરાઓને મારી નાખવામાં આવ્યા હતા તેનો બદલો લેવા પચીસ વિદ્રોહીઓને પકડીને એક દોરડાથી બાંધવામાં આવ્યા. પછી તેમના ઉપર પેટ્રોલ છાંટી જીવતા સળગાવી દેવામાં આવ્યા. આટલેથી જ તેઓ અટકયા નહિ, પાંચ હજાર વિદ્રોહીઓને મશીનગનથી મારી નાખવામાં આવ્યા. ગામના ગામ સળગાવી મૂકવામાં આવ્યા. આ કંઈ માંત્ર ઊડતી સાંભળેલી વાત નથી. મેં આ બાબતમાં પૂરી તપાસ કરી છે ને પછી જ કહું છું. મેં જ્યારે કહ્યું કે, "પચીસ ગોરાઓ મર્યા એ દ્રોહ તો થયો પણ તમે જે આ કત્લેઆમ ચલાવી તેનું શું?" ત્યારે મને કહેવામાં આવ્યું કે, "અમે તો Civilised Country-સંસ્કૃત રાષ્ટ્ર છીએ. તેઓ તો જંગલી છે. પચાસ સાઠ હજાર મરે તોપણ શું!" આવી હત્યાઓ થવા છતાં અમેરિકામાં કોઈના પેટનું પાણી પણ હલ્યું નથી.

ઈંગ્લેન્ડમાં મેં એક બીજી વાત જોઈ. દરેક વર્તમાનપત્રમાં નીચેની હકીકત મારા વાંચવામાં આવતી: "કાશ્મીર ઉપર ભારતનો કોઈ અધિકાર નથી. બળજબરીથી તે એને દબાવી બેઠું છે." "નાગા લોકો પર ભારત સરકાર અન્યાય કરી રહી છે." "નેપાળ, ભૂતાન, અને સિક્કિમનું Federation of Himalayan States-હિમાલયના પ્રદેશોનું સમવાયી તંત્ર થવું જોઈએ. ભારત સરકારથી તે સુરક્ષિત નહિ રહી શકે."

આ ઉપરથી આપણને ખ્યાલ આવી શકે છે કે, ઈંગ્લેન્ડમાં હવાં કેવા પ્રકારની ફેલાઈ રહી છે. ભારતીય જન પ્રત્યે જે આદર અને ઈજજત હતા તે આજે ઈંગ્લેન્ડમાં જોવામાં આવતાં નથી. તેનાં બે કારણો છે. એક તો જે વિદ્યાર્થીઓ ત્યાં જાય છે તેઓ પોતાની જવાબદારી સમજતા નથી. બીજું, ત્યાં અત્યારે બે લાખ કરતાંયે વધારે ભારતીય જન છે. પચાસ હજારથી ઉપરાંત પાકિસ્તાનીઓ છે. બન્નેના અલગ-અલગ વસવાટ થઈ ગયા છે. આ લોકો સભ્યતા શું ચીજ છે તે જાણતા નથી. રસ્તાં ગંદા કરવા, મકાન સ્વચ્છ ન રાખવું વગેરે. ચાર જણને રહેવા માટે ત્રણ કે ચાર રૂમનો એક બ્લોક લેવો; પછી એક કે બે રૂમમાં બધાંએ સમાઈ જવું, બીજા બે રૂમ જુદા જુદા દસ બાર માણસોને સૂવાબેસવા ભાડે આપવા. આ રીત ઈંગ્લેન્ડમાં અનૈતિક ગણાય છે. ચાર જણ માટે બ્લોક લીધો હોય તો તેમાં ચાર જ જણ રહી શકે. બીજાંને બ્લોક ભાડે આપવો એ અસભ્યતા છે, તિરસ્કૃત કાર્ય છે. શાળામાં જો પાંત્રીસથી ચાલીસ ટકા ભારતીય વિદ્યાર્થીઓ થઈ જાય તો અભ્યાસનું ધોરણ નીચું ઊતરી જાય છે; કેમકે ભારતીય ઘરમાં કોઈ પાઠ કરાવનાર હોય નહિં. હિન્દુસ્તાનમાં જેમ બાળક ઘરમાં હેરાન કરે છે માટે મોકલી દો શાળામાં એવું ચાલે છે તે પ્રમાણે ઈંગ્લેન્ડમાં ન ચાલી શકે. ત્યાંની કોર્પોરેશને મને કહ્યું કે તમારી એમ્બેસી-એલચી ખાતું એટલું ધ્યાન કેમ નથી રાખતી કે જે લોકો અહીં આવે તેઓને પૂર્વ તૈયારીરૂપે કંઈક તાલીમ આપીને પછી અહીં મોકલે! બહેનો અંગ્રેજી જાણે નહીં અને દુકાન ઉપર જઈને ઊભી રહે. મને આ આપો ને તે આપો, અને ભાવમાં રકઝક કરે.

હમણાં બ્રિટન ખાતે ભારતના હાઈકમિશનર ડૉ. જીવરાજ-મહેતાએ 'સોશ્યલ વેલ્ફેર' નામે એક વિભાગ ખોલ્યો છે; જ્યાં આ પ્રકારની તાલીમ આપવાનો કંઈક પ્રબંધ તેઓ કરવાના છે. હું કોઈને માટે ખાસ કંઈ કહેવા માગતી નથી, પણ કોઈ પણ દેશમાં કોઈને 'ઈન્ડિયન એમ્બેસી'થી સંતોષ નથી.

તો આમ ભારતીય પ્રજા પ્રત્યે ત્યાં માન અને શ્રદ્ધા ઘટતા જાય છે. અધ્યાત્મની બાબતમાં પણ એવું જ છે; કેમકે ત્યાં જે આવે છે તે વૈજ્ઞાનિક છે. તે આપણી સાથે એવી તર્કબાજી કરે છે કે

આપણને જવાબ આપવો મુશ્કેલ થઈ જાય. આમ મેં રાજનીતિ વિષે થોડું કહ્યું; જનતાની જીવનપદ્ધતિ માટે અને માનસ વિષે કહ્યું; અધ્યાત્મ વિષે અહીંથી જનારાઓ શું કરી રહ્યા છે તે કહ્યું.

જે જે મને યાદ આવ્યું તે મેં તમારી સમક્ષ રજૂ કર્યું છે. માનું છું કે તમને પર્યાપ્ત જાણકારી મળી છે. હા, પરમાનંદભાઈનો એક પ્રશ્ન મને યાદ આવે છે. યુરોપમાં અહિંસાના વિચારનો કેવો વિકાસ થઈ રહ્યો છે? આના જવાબમાં હું એટલું કહી શકું છું કે એ લોકો સમજી ગયા છે કે આપણે જેને અહિંસા કહીએ છીએ તે કોઈ આદર્શરૂપે નથી, પણ વિજ્ઞાનના વિકાસના કારણે દુનિયા એટલી નાની થઈ ગઈ છે કે ભિન્ન વિચારોવાળા અને ભિન્ન પદ્ધતિવાળા લોકોને આ દુનિયામાં રહેવું છે – એક સાથે જીવવું છે તો જેને આપણે અહિંસા કહીએ છીએ તે તેઓએ સ્વીકારવી જ પડશે. ચેતન મન એ સ્વીકારવાને તૈયાર છે, પણ અચેતન મનમાં જે સંસ્કારો પડ્યા છે એ કેટલાક સંસ્કારોનું આપણને ભાન રહે છે; અને કેટલાયે એવા સંસ્કારો પડ્યા હોય છે કે જેનું આપણને ભાન હોતું નથી. એટલે ક્યાંથી ખબર પડે કે આંતરમનમાં રહેલા એ સંસ્કારો હિંસા કરાવે છે, દ્વેષ કરાવે છે, ને અહંકાર જગાડે છે? તો અચેતન મનમાં શું પડ્યું છે તેનો અનુભવ કેવી રીતે કરવો, મનમાં પરિવર્તન કેવી રીતે લાવવું તે બાબતમાં તેઓ જાગૃત છે. એમની જાણકારી આંતરમન સુધી પહોંચી છે. તેઓ સમજી ગયા છે કે આંતરમનમાં જે પડ્યું છે તે જ હિંસા વગેરે કરાવે છે.

તેમનો બીજો પણ પ્રશ્ન હતો કે યુરોપની કોઈ સુવિખ્યાત વ્યક્તિઓ સાથે મારો મેળાપ થયો હતો કે નહિ? તેના જવાબમાં જણાવવાનું કે, ના, હું કોઈ મોટા માણસને મળી નથી. હું નાના માણસોને મળું છું, ને ગરીબો સાથે રહું છું. નથી કોઈ સ્થાન જોવા ગઈ કે નથી કોઈ મોટી વ્યક્તિઓને મળી. જે લોક મળવા આવતા હતા તેમને મળતી હતી અને જ્યાં પ્રવચન માટે લઈ જતા હતા ત્યાં પ્રવચન માટે જતી હતી.

આજનો આખો કાર્યક્રમ શ્રી પરમાનંદભાઈએ યોજ્યો છે. એમનો અને મારો નિકટનો સંબંધ છે. આભાર માનવા જાઉં તો શેખી કરી લાગે, પણ તેઓ મારા પર જે સ્નેહ રાખે છે તેથી હું કૃતજ્ઞ છું. આપ બધા અહીં આવ્યા અને મારી વાતોમાં આટલી દિલચશ્પી લીધી તે માટે હું તમારી બધાંની પણ ખૂબ આભારી છું.

અનુવાદક: **મેનાબેન નરોત્તમદાસ** મૂળ હિંદી: **વિમળાબેન ઠકાર**

## વિશ્વમાતાને મન્દિરે...

જીવનસાગર તીરે, હાલો બન્ધુ ધીરે ધીરે ...
ઘોર નિરાશામાં તું છે આશા,
ગાઢ અન્ધારે જ્યોતિ-પતાકા,
લહરી વાયે ધીરે, હાલો બન્ધુ ધીરે ધીરે... જીવન૦ ૧
આંધિ આવે, ઘૂમરી આવે,
વંટોળિયામાં નાવ ચકરાયે,
ધીરજ ધરીએ જીરે, હાલો બન્ધુ ધીરે ધીરે...જીવન૦ ૨
ક્ષણે ક્ષણે તારી અગ્નિપરીક્ષા,
પલેપલે તારી કૃપાદીક્ષા,
ફેરે મન્દ સમીરે, હાલો બન્ધુ ધીરે ધીરે... જીવન૦ ૩
સૃષ્ટિમાં સત્ શોતવું ભારે,
અંતરમાં સત્ ખોજવું ભારે,
ભળ્યું પારાવારે, હાલો બન્ધુ ધીરે ધીરે... જીવન૦ ૪
ભીતર-બાહર જ્યોતિ જાગે,
પ્રેમવીણા ઘટઘટમાં બાજે,
વિશ્વમાતાના મન્દિરે, હાલો બન્ધુ ધીરે ધીરે...જીવન૦ ૫

પશ્ચિમભારત સર્વોદય પદયાત્રા: સેવાગ્રામ (વર્ધા) **હરીશ વ્યાસ**

## 'તમારી અમીરી અને અમારી ગરીબી બંનેને એ રક્ષે છે...'

આદિવાસીઓના એક ગામમાં જવાનો પ્રસંગ આવ્યો. એમની પાસે કોઈ જગ્યા નહોતી. ઘરમાં એક જ ઓરડો હતો. એમાં બારી નહોતી. ત્યાં જ રસોઈ થતી. આખા ઘરમાં ધુમાડો થતો. કેટલાંક મરઘાં હતાં, બચ્ચાં પણ આમતેમ રમતાં હતાં. એમણે વિચાર્યું કે મને ત્યાં સુવડાવવો બરાબર નહિ ગણાય. પાસે એક ઝૂંપડી હતી. ત્યાં ખાટલી ઢાળી દીધી. મેં પૂછ્યું: 'આ જગ્યા તમારી પાસે થી રીતે આવી?' તે મારું અપમાન કરવા નહોતો માગતો કે મારી હાંસી કરવા નહોતો માગતો, પણ એણે ખરી હકીકત કહી દીધી કે, 'અમે આમાં ભૂંડ રાખીએ છીએ. અમારી પાસે બીજી જગ્યા નહોતી. આજે અમે આ જગાને સાફ કરી દીધી છે.'

મેં કહ્યું: 'ખેર, સાફ કરી એ તો સારું જ કર્યું.' થોડી વારે મને લાગ્યું કે, આ અહીં ભૂંડ રાખતો હતો; રાતે કોઈ આમાં ઘૂસી આવે તો શું થાય? મેં પૂછ્યું: 'આમાં બારણું નથી?'

એ બોલ્યો: 'એમાં બારણાંની જરૂર નથી.'

'કેમ? આસપાસ કોઈ ચોર નથી?'

'ચોર તો ઘણાય છે.'

'તો તારા ઘરમાં બારણું કેમ નથી?'

એ બોલ્યો: 'અમે એવા ભાગ્યવાન થાના કે અમારા ઘરમાં ચોર આવે?'

* * *

હવે આ સાવ અભણ માણસ બોલી રહ્યો છે. એ કહી રહ્યો છે કે અમારું એવું ભાગ્ય નથી! કેમ? ભાગ્ય શા સારું જોઈએ? તો કહે છે કે, 'અમારી પાસે એક જ ચીજ છે: ગરીબી, અને એને ચોરનાર કોઈ નથી.'

મેં કહ્યું: 'તો તમારે પોલીસ અને ફોજની જરૂર નહિ પડતી હોય.'

એ જવાબ દે છે કે, 'પોલીસ ને ફોજની અમારે શી જરૂર?'

'પોલીસવાળા તારે ત્યાં કદી આવતા નથી?'

તે કહે છે: 'આવે છે.'

'ક્યારે આવે છે?'

'તમારી ઘડિયાળ ગૂમ થઈ જાય, ખોવાઈ જાય, ત્યારે શોધવા સારુ અમારા ઘરમાં આવે છે.'

'પોલીસ અને ફોજ શાને સારું છે?'

બોલ્યો: 'તમારી અમીરીને ટકાવવા અને અમારી ગરીબીને ટકાવવા. બંનેનું એ રક્ષણ કરે છે.' **દાદા ધર્માધિકારી**

## વિષયસૂચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| પ્રકીર્ણ નોંધ: આચાર્ય–પદવીપ્રદાન સમારંભ–ઉદ્‌ઘાટન : શેઠ વાડીલાલ લલ્લુભાઈ મહેતા સામે ભરવામાં આવેલું શિસ્તભંગનું પગલું: માનવી કેટલો ભોળો છે? ઘંટાકર્ણનું તૂત | પરમાનંદ | ૨૨૭ |
| સંઘ–સમાચાર: સંયુક્ત જૈન વિદ્યાર્થી–ગૃહનો ઉત્સવ: | | ૨૩૦ |
| નેફાના અનુભવો અને અહિંસક સંરક્ષણ વિચાર | કુસુમતાઈ નારગોળકર અને વસંતરાવ નારગોળકર | ૨૩૧ |
| ગુરુદેવ ટાગોર | મૃણાલિની દેસાઈ | ૨૩૩ |
| વિમળાબહેન ઠકારનો વાર્તાલાપ | | ૨૩૪ |
| વિશ્વમાતાના મન્દિરે... | હરીશ વ્યાસ | ૨૩૬ |
| 'તમારી અમીરી અને અમારી ગરીબી બંનેને એ રક્ષે છે...' | દાદા ધર્માધિકારી | ૨૩૬ |


માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩, મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પાપલ પ્રેસ, ફોર્ટ, મુંબઈ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૬ : અંક ૨૧

# પ્રબુદ્ધ જીવન

મુંબઈ, માર્ચ ૧, ૧૯૬૫, સોમવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૨૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## બિનસાંપ્રદાયિકતાની ભાવના

[તા. ૧૬મી જાન્યુઆરી ૧૯૬૫ના રોજ, ઓસ્માનિયા યુનિવર્સિટીના પદવીદાન પ્રસંગે કેન્દ્ર સરકારના શિક્ષણખાતાના સચિવ **શ્રી એમ. સી.** છાગલાએ આપેલ પ્રવચનમાંથી કેટલીક મહત્ત્વની કંડિકાઓ]

જો કે ઓસ્માનિયા યુનિવર્સિટીની સ્થાપનાનો ઉદ્દેશ, ઉર્દૂ પર્શિયન અને અરેબિક સંસ્કૃતિને ઉત્તેજન આપવાનો હતો, પરંતુ આજે આ સંસ્થા ઉચ્ચ અભ્યાસ માટે સ્થાપાયેલી એક સંસ્થા મિશ્ર સંસ્કૃતિના સમાજને કઈ રીતે સહાયભૂત થઈ શકે એનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડે છે. આ દેશમાં મુસ્લિમોના આગમનને કારણે ઉદ્‌ભવેલ ઉર્દૂ સંસ્કૃતિ, તેલુગુ ભાષા દ્વારા પ્રાચીન આર્ય સંસ્કૃતિ અને ઈન્ગ્લેન્ડ સાથેના આપણા દીર્ઘ સંબંધને કારણે તેમ જ યુનાઈટેડ સ્ટેટ્સ સાથેના તાજા સંબંધોને લીધે આપણી શૈક્ષણિક પ્રવૃત્તિમાં મહત્ત્વનું સ્થાન પામી ચૂકેલ પાશ્ચાત્ય સંસ્કૃતિ— આ ત્રણ સંસ્કૃતિનું આ સંસ્થા પ્રતિનિધિત્વ ધરાવે છે.

વળી, આપણા રાજબંધારણમાં સ્વીકારાયેલા ઉચ્ચ આદર્શોમાંના એક આદર્શ બિનસાંપ્રદાયિકતાના આદર્શનું ઓસ્માનિયા યુનિવર્સિટી એક ઉત્કૃષ્ટ દૃષ્ટાંત છે. રાજકીય વિજ્ઞાન અને વિશ્વ-વિચારસરણીને મારી દૃષ્ટિએ આ એક આપણું મહત્ત્વનું પ્રદાન છે. આપણું જ બંધારણ એવું છે જે એક પણ ધર્મને રાજ્યધર્મ તરીકે સ્વીકારતું નથી; એ બંધારણ કોઈ પણ વ્યક્તિનો કોઈ પણ ધર્મ હોવા છતાં દરેકને સરખું નાગરિકત્વ આપે છે; પોતાના ધર્મના આચરણ માટે સંપૂર્ણ સ્વાતંત્ર્ય આપે છે; અન્યની સાથે પોતાના વિકાસ માટે સમાન તક આપે છે, અને એના મૂળભૂત હક્કોની ખાતરી આપે છે. આ ઉપરાંત પોતાના હક્કોની સહીસલામતી અને સંરક્ષણ માટે કાયદાનો આશ્રય લેવાની પણ છૂટ આપે છે.

આ બિનસાંપ્રદાયિકતાના સિદ્ધાંત અંગે જરા વધુ છણાવટ કરું, કારણ કે એ વિષે અવારનવાર ગેરસમજ પ્રવર્તે છે. ધર્મશ્રદ્ધાળુઓએ આ સિદ્ધાંતની યોગ્યતાને અવારનવાર પડકારી છે, અને એની તાકાતને તોડવા યત્ન કર્યો છે. જ્યારે આ પ્રકારના બંધારણથી રાજ્ય ચાલી રહ્યું હોય ત્યારે 'વધુમતી' અને 'લઘુમતી' ઉપર શાથી ભાર મુકાય છે એની મને સમજ પડતી નથી. આપણા દેશના ભાગલા કરવા માટે અને તેના પર સહેલાઈથી રાજ્ય થઈ શકે એ માટે અંગ્રેજોએ 'લઘુમતી' એવો શબ્દ યોજી કાઢ્યો હતો. રાષ્ટ્રીય પ્રવૃત્તિને વિકસતી જોઈ લોર્ડ મોરલીએ આ સૂત્ર ઉચ્ચાર્યું હતું : "Rally the minorities" – "લઘુમતીઓને સંગઠિત કરો." એક શહેરીને બીજા શહેરીથી અલગ કરવા માટે અલગ અલગ મતદાર વિભાગો સર્જીને તેમ જ દરેક ક્ષેત્રે કુશળતાપૂર્વક કોમી ધોરણે પ્રતિનિધિત્વ આપીને આપણા રાજકર્તા અંગ્રેજોએ ખંધાઈપૂર્વકનું એવું આયોજન કર્યું કે અંતે આ આયોજને લઘુમતીઓને ફાયદો કરવાને બદલે વધુ નુકસાન કર્યું છે. આ કોમી પ્રતિનિધિત્વને કારણે યોગ્યતાનું મૂલ્યાંકન ઓછું આંકાયું. અમુક જગાઓ માટે પોતાની અયોગ્યતા હોવા છતાં એને માટે લઘુમતી કોમમાં મહત્ત્વાકાંક્ષાઓ પ્રકટી, અને વધુમતી કોમમાં સહજ ભાવે જ અસંતોષ પ્રગટ્યો, કે પોતાનામાં યોગ્યતા હોવા છતાં માત્ર લઘુમતી કોમના સંપ્રદાય કરતાં પોતાનો સંપ્રદાય જુદો હોઈ એમને અમુક જગાઓએ પસંદ કરવામાં આવતા નથી. આ નીતિનું સ્વાભાવિક પરિણામ તે આપણા દેશના વિભાજનમાં પરિણમ્યું, એક રાષ્ટ્ર અને એક પ્રજાના બે ભાગલા પડ્યા.

એક જ રાષ્ટ્રમાં રહેતી વિભિન્ન કોમો વચ્ચે એખલાસપણું સ્થાપવા માટે બિનસાંપ્રદાયિકતા એ બંધારણીય આયોજન કે એક તરકીબ કરતાં પણ વિશિષ્ટ કોટિનો સિદ્ધાંત છે. આપણા રાષ્ટ્રમાં તો એ અનાદિ કાળથી આપણે સેવી રહેલા આદર્શો, મૂલ્યો અને વિચારણા પર રચાયેલ છે. થોડાંક અંધકારમય વર્ષોને બાદ કરતાં આપણો સળંગ ઈતિહાસ આપણા દેશના 'સહિષ્ણુતા'ના ગુણની સાક્ષી પૂરશે. માનવ-વ્યક્તિત્વ અને ઈશ્વરની નજરે દરેક આત્માનો સ્વીકાર એ તત્ત્વ પર આ 'સહિષ્ણુતા'નો વિચાર નિર્ભર છે. કોઈ પણ ધર્મનો કાયદેસર રીતે સ્વીકાર નહિ કરીને, એ સિદ્ધાંતનો સ્વીકાર કરવામાં આવ્યો છે કે, દરેક ધર્મનાં નૈતિક મૂલ્યો એકસરખાં જ છે, પરંતુ અંતિમ ધ્યેયે પહોંચવા માટેના રસ્તા જ માત્ર જુદા છે. આ સિદ્ધાંત વ્યક્તિ વ્યક્તિ વચ્ચે ભિન્નતા દર્શાવવાનો અને વ્યક્તિને અલગ અલગ શ્રેણીમાં મૂકવાનો અસ્વીકાર કરે છે. આથી દરેક વ્યક્તિનું એની પોતાની શક્તિઓ મુજબ મૂલ્યાંકન થાય છે.

આ ઉપરથી ચોક્કસપણે એ પ્રતિપાદન થઈ શકે કે જ્યાંસુધી જાહેર જીવનને લાગેવળગે છે ત્યાંસુધી ધર્મે એમાં જરા પણ ભાગ ભજવવો જોઈએ નહિ. ધર્મ એ અંગત વસ્તુ હોવી જોઈએ. અને પોતાના આત્માની મુક્તિ પોતે કઈ રીતે મેળવી શકશે એ દરેક વ્યક્તિએ નક્કી કરવું જોઈએ. આથી મારે સ્પષ્ટપણે કહેવું જોઈએ કે, જ્યારે લોકો લઘુમતીના હક્કો અને સલામતીઓની વાત કરે છે, ત્યારે મને પોતાને ભ્રમ થાય છે. બંધારણની દૃષ્ટિએ વિચાર કરીએ તો આવાં મંતવ્યનો કંઈ જ અર્થ નથી. હિંદી નાગરિક તરીકેના આપણને હક્કો અને લાભો મળેલા છે. અને તે દરેકને માટે એકસરખા છે. આથી દેશના કોઈ પણ એક ભાગને એવું કહેવાનો અધિકાર નથી કે, એમના તરફ વિશિષ્ટ પ્રકારનો વર્તાવ હોવો જરૂરી છે, અને એમને વિશિષ્ટ હક્કો અને લાભો મળવા જોઈએ.

હિંદુસ્તાનના મુસ્લિમોને પણ હું બે શબ્દો કહેવા ઈચ્છું છું. પાંચ કરોડ માણસો એમ કહે છે કે, ઈન્ડોનેશિયા અને પાકિસ્તાનને બાદ કરતાં આપણો જ એવો દેશ છે કે જ્યાં ઈસ્લામના અનુયાયીઓ મોટી સંખ્યામાં છે. હિંદુસ્તાનના ભાગલા પડ્યા એ પહેલાં મુસ્લિમોના અમુક વિભાગે, સર્વાંશે નહિ પણ મહદ્‌ અંશે મુસ્લિમ વસતિ હોય એવા અલગ રાષ્ટ્રની માગણી કરી. આવા અલગ રાષ્ટ્રના સર્જન માટે એઓએ 'બે રાષ્ટ્ર'ના સિદ્ધાંતની રજૂઆત કરી. સાથે સાથે કહેવામાં આવ્યું કે હિંદુ અને મુસ્લિમ એ બંને અલગ અલગ વ્યક્તિત્વ ધરાવે છે; તેઓ કદી સાથે કાર્ય કરી શકે નહિ, સાથે રહી શકે નહિ. આથી કોમી ધોરણે હિંદુસ્તાનનું વિભાજન જરૂરી છે. હિંદુ-

સ્તાને આ જૂઠા અને પ્રપંચી દાવાનો કયારેય સ્વીકાર કર્યો નહિ, કારણ કે જો તેનો સ્વીકાર કરવામાં આવે તો એના 'બિનસાંપ્રદાયિકતા'ના સિદ્ધાંતનો અંત આવે, અને આ દેશમાં મુસ્લિમો પરદેશી બની જાય. આથી જે મુસ્લિમોએ પાકિસ્તાન જવાનો ઈન્કાર કરી પોતાના પૂર્વજોના દેશમાં રહેવાનું પસંદ કર્યું છે તેઓએ આ દાવાને પડકારવો જોઈએ અને પોતાની જન્મભૂમિ તરફની અડગ વફાદારી વ્યકત કરવી જોઈએ.

અવારનવાર કેટલાક મુસ્લિમો સાથે વાત થતાં, મેં એમનામાં ભય અને વિવશતાની લાગણી જોયેલ છે. મને લાગે છે કે આ પ્રકારની લાગણી અયોગ્ય છે. હવે એ સમય આવી પહોંચ્યો છે કે તેઓ આ લઘુતાગ્રંથિને ખંખેરી નાખે અને આ દેશ જેટલો તેમના હિંદુભાઈઓનો છે, એટલો જ એમનો છે. બીજા નાગરિકો જે રીતે આ દેશના ભવ્ય ભૂતકાળ માટે અને વર્તમાન સિદ્ધિઓ માટે ગૌરવ અનુભવે છે એ રીતે ગૌરવ અનુભવે; પરંતુ એ સાથે એ પણ અગત્યનું છે કે, એમણે કદી જુદાઈની લાગણી બતાવવી જોઈએ નહિ, તેમજ અલગ કોમી સંસ્થાઓ સ્થાપવી જોઈએ નહિ. રાષ્ટ્રીય જીવનના મુખ્ય પ્રવાહમાં એઓએ ભળી જવું જોઈએ, અને આપણા દેશને મજબૂત, શકિતશાળી અને સમૃદ્ધ કરવા માટે આપણે જે મહાન અને ભવ્ય સાહસ આદર્યું છે એમાં સૌની સાથે ભાગીદાર બનવું જોઈએ. એઓએ ગૌરવપૂર્વક યાદ રાખવું જોઈએ કે, હિંદુસ્તાનની સંસ્કૃતિમાં પોતે પણ મહત્ત્વનો ફાળો આપ્યો છે. તેઓએ માત્ર મુસ્લિમ-સંસ્કૃતિમાં નહિ રાચતાં, આર્યસંસ્કૃતિમાં રાચવું જોઈએ. મુસ્લિમ હુમલાઓથી જ તેમની સંસ્કૃતિ નથી શરૂ થની; પણ જ્યારથી આર્યોએ આપણી સરહદો ઓળંગીને વિશ્વના ઈતિહાસમાં નવું પ્રકરણ શરૂ કર્યું છે, ત્યારથી આપણી સંસ્કૃતિ શરૂ થાય છે.

મુસ્લિમોને એવું લાગ્યા કરે છે કે, તેઓના રાષ્ટ્રપ્રેમ તરફ શંકાની નજરે જોવામાં આવે છે. અને જાહેરમાં નહિ તો પરોક્ષ રીતે પોતાના દેશ કરતાં પાકિસ્તાન તરફ વધુ મૈત્રીભર્યું વલણ હોય એવો એમના પર આક્ષેપ મૂકવામાં આવે છે. આવા આક્ષેપોનો કે શંકાઓનો તુરત જ પ્રતિકાર થવો જોઈએ. જ્યાંસુધી મુસ્લિમોને લાગેવળગે છે ત્યાંસુધી પાકિસ્તાન એ ચીન, ઈન્ડોનેશિયા અથવા આરબ રાજ્યો જેવું પરદેશી રાજ્ય છે. આ બધાં દેશોમાં મુસ્લિમોની સારી એવી સંખ્યા છે, પણ એનો અર્થ એવો નથી કે એ પરદેશી રાજ્યો નથી. સમાન નાગરિકત્વનો જે અર્થ છે, એ અર્થ ધર્મ કદી આપી શકે નહિ. જો એમ બને તો મિશ્ર સાંપ્રદાયિક સમાજરચના અશકય બને, અને જુદી જુદી કોમોના વસવાટ માટે જુદા જુદા રાષ્ટ્રોનું વિભાજન કરવું પડે.

આ એક સત્ય હકીકત છે કે અન્ય રાષ્ટ્રો કરતાં પાકિસ્તાનનું અલગ રીતે સર્જન થયું. લગભગ વીસ વર્ષ પહેલાં પાકિસ્તાન અને હિંદુસ્તાન એક રાષ્ટ્ર હતાં. વળી પાકિસ્તાનની પ્રજા કૌટુંબિક, આનુવંશિક, તેમ જ ભાષાકીય દૃષ્ટિએ હિન્દુસ્તાનની પ્રજાની સમકક્ષ જ છે. આ બે રાષ્ટ્રો વચ્ચે સારા સંબંધો સ્થાપિત કરવા માટે આ સબળ કારણો છે. અને આપણે સૌએ અહીં રહેતા મુસ્લિમોએ જ નહિ સારાય દેશે એ માટે યત્ન કરવો જરૂરી છે. તમે જાણો છો એ મુજબ આપણા મુખ્ય પ્રધાન શ્રી લાલ બહાદુર શાસ્ત્રીએ મુખ્ય જવાબદારી સ્વીકારી ત્યારે સૌ પ્રથમ પ્રમુખ અય્યુબખાન અને પાકિસ્તાન તરફ શાંતિ માટે હાથ લંબાવ્યો હતો. એનો પ્રત્યુત્તર અત્યંત નિરાશાજનક મળ્યો હતો. ગઈ કાલની જેમ આજે પણ પાકિસ્તાન તરફથી ભારતવર્ષ માટે જુઠ્ઠો અને ગલીચ પ્રચાર ચાલી જ રહ્યો છે. એ યાદ રાખવું જરૂરી છે કે આંતરરાષ્ટ્રીય કલહની જેમ આંતરરાષ્ટ્રીય મૈત્રી સાહજિકપણે સ્થપાતી નથી; એને માટે જરૂરી બની રહે છે પાયાના મતભેદો અથવા પરસ્પર માન્ય એવી સમાધાની તરા સમજુતી.

પણ સાથે સાથે આપણે એ બાબત સ્પષ્ટ રહેવાની જરૂર છે કે પાકિસ્તાન સાથે મૈત્રી માટેની આપણી અધિક ઈચ્છા હોવા છતાં, એ મૈત્રી આપણા દેશના સાર્વભૌમત્વ અથવા એકતાના ભોગે તો કદી હોઈ શકે નહિ. મારું એ દૃઢ મંતવ્ય છે કે કાશ્મીરના પ્રશ્ન ઉપરનું આપણું સ્પષ્ટ અને અફર વલણ જો પાકિસ્તાન સમજે તો પાકિસ્તાન સાથેના આપણા સંબંધો સુધરવાને અને કંઈક સમજ પર આવવાને ઘણો અવકાશ છે. બીજા કોઈ પણ પ્રશ્ન પર વિચારણાનો અવકાશ છે, કાશ્મીરના પ્રશ્ન પર તો નહિ જ. જો કાશ્મીર એ હિંદુસ્તાનનો અંતર્ગત ભાગ હોય—અને નિર્વિવાદપણે એ છે જ—તો કોઈ પણ સરકાર શાંતિ અથવા મૈત્રી ખરીદવાને નિમિત્તે પોતાના દેશના કોઈ પણ ભાગ અંગે સોદો કરી શકે નહિ. એક વખત કાશ્મીરનો પ્રશ્ન હલ થઈ જાય અને એક વખત પાકિસ્તાન સમજે કે હિંદુસ્તાન પાયાના મુદ્દા પર કદી બાંધછોડ નહિ કરે કે તરત જ પાકિસ્તાન સાથેના બીજા ઘણા પ્રશ્નો માટે સમાધાન શકય બનશે. જે બે પડોશી દેશો વચ્ચે અનેકગણું સામ્ય છે એ બે દેશો પોતાની પ્રજાનું ભાવિ સુધારવા માટે અનેક શકય ઉપાયો દ્વારા સહકાર ન સાધી શકે એવું માનવાને કોઈ કારણ નથી જ. એ દ્વારા એવું વાતાવરણ પણ સર્જાઈ શકે કે યુનાઈટેડ સ્ટેટ્સ અને કેનેડાની સરહદના સંરક્ષણની જેમ હિંદ-પાકિસ્તાનની સરહદના સંરક્ષણની પણ જરૂર ના રહે, અને હજી ગઈ કાલ સુધી જે બે પડોશી રાષ્ટ્રો શત્રુવટભરી પરિસ્થિતિમાં હતાં, એ બંને રાષ્ટ્રો શાંતિ અને આંતરરાષ્ટ્રીય સમજ કઈ રીતે સ્થાપી શકાય એનું જવલંત દૃષ્ટાંત વિશ્વને પૂરું પાડી શકે.

આથી હું આ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને હિંદીપણું કેળવવા વિનંતિ કરું છું. ઘણી વાર સમગ્ર રાષ્ટ્રને આપણે જે સર્વ કંઈ સમર્પિત કરવું જોઈએ તે સર્વ કંઈ આપણે આપણી કોમ, સમાજ અથવા પ્રાંતને સમર્પીએ છીએ. જે રાષ્ટ્ર આપણી એકનિષ્ઠા અને સમર્પણ માગી રહેલ છે એ જ રાષ્ટ્રના એ પ્રાંત ભાષા કે કોમ માત્ર એક ભાગ છે એ ભૂલી જઈ ઘણી વાર આપણે પ્રાંતીય, ભાષાકીય અને કોમી લાગણીઓમાં અટવાઈ જઈએ છીએ. કેળવણી આપણને કઈ રીતેજીવવું અને કઈ રીતે સાથે રહેવું જોઈએ એ શીખવે છે. આથી રાષ્ટ્રીય અને ભાવાત્મક એકતા, જેની આપણા રાષ્ટ્રને આજે ખૂબ અગત્ય છે એ કેળવણી મારફત જ સાધી શકાશે. આ માટે સૌથી વધુ મહત્ત્વની વાત યોગ્ય ઈતિહાસની અને ઈતિહાસના અધ્યાપનની છે.

આટલો ભવ્ય ભૂતકાળ આપણી પાસે હોવા છતાં, દુઃખની અને નિરાશાની એ વાત છે કે, આપણે બહુ જ ગણ્યાગાંઠયા વિદ્વાન ઈતિહાસકારો સર્જી શકયા છીએ. આનું એક કારણ આપણી માયાવાદને લગતી માન્યતા છે, જે કાળને—સમયને-કશું મહત્વ આપતી નથી અને જે વિશ્વને 'માયા' તરીકે ઓળખાવે છે. પરંતુ આપણે આપણી પ્રાચીન માન્યતાઓને આધુનિક આવશ્યકતાઓ સાથે બંધબેસતી કરવી જોઈએ. અને આજે એ જ મહત્ત્વની વસ્તુ છે. કોઈ પણ રાષ્ટ્રની પ્રગતિ, કોઈ પણ રાષ્ટ્રનો ઔદ્યોગિક અને આર્થિક વિકાસ અને કયા કદમે એ રાષ્ટ્ર પોતાના હેતુઓ સિદ્ધ કરે છે એ માપવાનું આપણે માટે કોઈ પણ સાધન હોય તો તે 'સમય' જ છે. એ સમય દ્વારા જ કોઈ પણ દેશના ભૂતકાળનું આપણે મૂલ્યાંકન કરી શકીએ છીએ, તેમ જ એ દેશની સંસ્કૃતિના વિકાસને અને સંસ્કૃતિના વિકાસમાં કયાં પરિબળોએ કાર્ય કર્યું છે એને અવલોકી શકીએ છીએ.

આથી ઈતિહાસનું અધ્યયન—માત્ર લડાઈઓ અને યુદ્ધોની નોંધો માટે જ નહિ સાંપ્રદાયિક અને કોમી મતભેદોની જાણ માટે જ નહિ, પરદેશી હુમલાખોરોએ આપણા દેશ પર કેટલા વિજયો મેળવ્યા માત્ર એ જાણવા માટે જ નહિ પરંતુ એ જાણવા સમજવા માટે હોવું જોઈએ, કે અનાદિ કાળથી ભિન્ન ભિન્ન આ પ્રજા કઈ રીતે સહિષ્ણુતા અને મૈત્રી કેળવીને એક સાથે રહી છે, અને હિંદુસ્તાને હુમલાખોરોની સંસ્કૃતિને કઈ રીતે અપનાવી છે. અને પોતાની સંસ્કૃતિના એક ભાગ તરીકે અંતર્ગત કરી લીધી છે. વળી ઈતિહાસનાં પૃષ્ઠો પર હિંદુસ્તાનના મહાન સપુતોએ જે યશગાથા પાથરી છે તેઓની કથા આ ઈતિહાસમાં તેજસ્વી જીવનગાથા સમી બનવી જોઈએ. આ પ્રકારના ઈતિહાસના અધ્યયનથી આપણા રાષ્ટ્રની પાયાની એકતાનું મહત્ત્વ સમજાશે, એટલું જ નહિ પણ, અનેક વિભિન્નતામાં એકતાનું દર્શન થશે.

અનુવાદક :
શ્રી ધીરજલાલ ધનજીભાઈ શાહ

મૂળ અંગ્રેજી
શ્રી એમ. સી. છાગલા

# અનેકોના ભામાશા ગયા!

[તા. ૨૭-૧૨-૬૪ના રોજ જેમનું અવસાન થયું હતું તે ચિરસ્મરણીય સ્વ. નાથાલાલ પારેખનું નીચે આપવામાં આવેલ સ્મરણચિત્ર તા. ૯-૧-૬૫ના રોજ મને મળેલું, પણ અન્ય લેખસામગ્રીના દબાણ નીચે આ લેખ પ્રગટ કરી શકાયો નહોતો. આ લેખના લેખક શ્રી હરિવલ્લભ પરીખ વડોદરા જિલ્લામાં રંગપુર ખાતે સ્થાપવામાં આવેલા આનંદનિકેતન આશ્રમ દ્વારા તે બાજુ વસતા આદિવાસીઓના ઉદ્ધારકાર્યમાં વર્ષોથી નિમગ્ન છે. પ્રસ્તુત સ્મરણનોંધ સ્વ. નાથાલાલભાઈ પોતાની આસપાસ કેવી સુવાસ મૂકતા ગયા છે તેની સૂચક છે. પરમાનંદ]

સાધુ-સંત, સમાજસેવક અને સાયન્ટીસ્ટ (વિજ્ઞાનિક) કોઈ પણ પ્રકારની પક્ષીય અસરથી મુકત હોય તો જ એની પ્રવૃત્તિ અને પ્રયોગો માનવતાનું અમિસિંચન કરી શકે. આવા વિચારો સાથે અત્રે લોકાધારે ગુજરાતના ઉંડાણમાં મધ્યભારતની સરહદે આવેલા આદિવાસી વિસ્તારમાં આજથી ૧૬ વર્ષ પહેલાં-પ્રવૃત્તિ શરૂ કરી. કાળક્રમે એ વધતી ચાલી. સાથે સાથે આર્થિક જવાબાદારી પણ વધવા લાગી ને સંસ્થા ઉપર બોજો થયો. રાષ્ટ્રીય જુવાળની સાથે સાથે અને કદાચ એનાથી પહેલાં પણ મુંબઈનગરી 'આપનારી' નગરી તરીકે મશહુર હતી. બાપુજી, ગુરુદેવ ટાગોર કે સુભાષબાબુ સૌના ખોળા એણે ભર્યા છે. અમે એજ આશાએ એક વખત મુંબઈ ગયા. સૌ પૂછે: 'મુંબઈમાં તમારૂં મંડળ કયું? તમને સત્તાધારી પક્ષના કયા નેતાની ઓળખાણ છે?' વિગેરે.

મુંબઈ બહાર કામ કરતી અનેક સંસ્થાઓને મુંબઈમાં પોતાના મંડળો છે, પોતાના પ્રાંતના કે જિલ્લાના. અમારા આદિવાસીઓના કોણ વેપારી મુંબઈમાં હોય કે જે એનું મંડળ કાઢે?

૧૯૫૧માં એક વખત અમારી સંસ્થામાં કામ કરતી એક બેને મને કહ્યું કે, 'મેં મારા એક સંબંધીને સંસ્થાનું સાહિત્ય આપ્યું છે. તેઓએ વાંચ્યું, એમને ગમ્યું, ને મને કહ્યું છે કે, જ્યારે હરિવલ્લભભાઈ મુંબઈ આવે ત્યારે મને જરૂર મળે. ૧૯૫૨માં પ્રથમવાર હું મળવા ગયો. પ્રથમ મુલાકાતમાં જ આત્મિયતા બંધાણી. એમણે કહ્યું 'મારી સેવાની જ્યારે તમને જરૂર પડે ત્યારે તમે લઈ શકશો, આ હતા ઉદારતા, કરુણ અને નમ્રતાની મૂર્તિસમા શ્રી નાથાલાલભાઈ પારેખ.

૧૯૫૩માં મને રેલ અકસ્માત થયો. આગ્રહપૂર્વક પત્રો લખ્યા. મને મુંબઈ આવવા આરામ-ઉપચાર માટે. છેવટે તાર આવ્યો કે, 'તમે નહીં આવો તો હું જાતે તેડવા આવીશ.' હું પ્રેમના આદેશનો ઈન્કાર ન કરી શકયો. બે માસ મને પોતાને ત્યાં રાખીને કુટુંબીજનની જેમ સારવાર કરી. આશ્રમમાં પહોંચ્યા પછી પણ બે માસ સુધી મુંબઈથી ફ્રૂટના પારસલો મોકલતાં રહ્યાં. આ બધું એક એવી વ્યકિત માટે કે જેની પાસેથી કોઈ પ્રકારનો લાભ ભવિષ્યમાં મળવાનો નથી. આ હતી એમની ફળરહીત, આસકિત રહીત પ્રવૃત્તિ. ગીતાનો અકર્મ કર્મયોગ!

૧૯૫૪માં ફંડ માટે મુંબઈ ગયો ત્યારે શહેરમાં ફંડ કરવાનો મને કોઈ અનુભવ નહીં. માગવાની આવડત કે વૃત્તિ નહીં. શું થશે એની ચિન્તામાં હતો. શ્રી નાથાલાલભાઈએ મારી ચિન્તા માથે લઈ મને ચિન્તામુકત બનાવ્યો. મેં એમને કહ્યું, હું તો કૉંગ્રેસની જરૂર પડે ત્યારે આકરી ટીકા પણ કરું છું. કેટલાક કૉંગ્રેસી આગેવાનોને એ ગમતી નહીં હોય. વળી તમે તો કૉંગ્રેસમાં છો તમને કોઈક કહેશે તો?" શ્રી નાથાલાલભાઈએ સરળભાવે સીધો જવાબ આપ્યો: 'મારે મન સેવા કરે તે સેવક. સાચા સેવકોની સેવા કરવાનો મોકો મને મળે તે હું કેમ ગુમાવું. તમારું કામ માનવધર્મનું સાચું કામ છે. આ કામમાં મદદ કરતાં મને કોઈ રોકી નહીં શકે." બન્યું પણ એવું જ. બેએક પ્રસંગે ખૂબ જવાબદાર કક્ષાના આગેવાને શ્રી નાથાલાલભાઈને અમારા કામમાં મદદ કરવા માટે કટાક્ષમાં પૂછ્યું. શ્રી નાથાલાલભાઈએ જવાબ આપ્યો કે, મને તમારા ઉંડા રાજકારણની ખબર ન પડે. હું તો નજરે જોઉં છું કે, ભરજુવાની હોમીને આવા ઉંડાણના જંગલમાં વસીને લોકોને માણસ બનાવનાર એક વ્યકિતને હું મદદ કરી રહ્યો છું અને કરતો રહીશ.'

કેટલાક વર્ષો પછી જોગાનુજોગ એવું બન્યું કે એક જાહેરસભામાં હું મુખ્ય વકતા હતો. પેલા રાજકીય આગેવાન સભાના પ્રમુખ હતા. અને શ્રી નાથાલાલભાઈ પણ અમારી સાથે સભામાં હાજર હતા. સભાને અંતે પ્રમુખશ્રીએ મારી ખૂબ પ્રશંસા કરી. ત્યારે હસતા હસતા શ્રી નાથાલાલભાઈએ તેમને કહ્યું, 'તમે તો એમની પ્રશંસામાં અમારેથી પણ આગળ વધી ગયા.'

કોઈને વિદેશ જવું હોય, કોઈને શાળા-કૉલેજની ફીની જરૂર હોય, કોઈ બિમારીના કારણે દવા માટે આવે; સૌને શ્રી નાથાલાલભાઈ સહારો આપતા. અમારી તો એક સંસ્થા. પણ આવી તો અનેક સંસ્થાઓ માટે રાતદિવસ ચિન્તા તેઓ કરતા. અનેકોને દાન આપ્યા હશે–અપાવ્યા હશે. પણ એનો પ્રચાર કે અભિમાનનો છાંટોય જોવા મળે નહીં. એમની ખૂબી એ હતી કે નાનામાં નાનો માણસ પણ એમને સરળતાથી મળી શકતો.

૧૯૬૨માં હું મુંબઈ ફરવા માટે ગયો હતો. અમારા સ્નેહીઓએ ફાળાની રકમ મેળવવાની યોજનાપૂર્વક વહેંચણી કરેલી. શ્રી નાથાલાલભાઈએ ૧૫,૦૦૦ રૂપિયાની જવાબદારી લીધી. મને બે દિવસ સાથે લઈ ગયા. જ્યાં જઈએ ત્યાં લોકો પહેલાં એમ પૂછે: 'બોલો નાથાલાલભાઈ અમારે કેટલી રકમ આપવાની છે.' નાથાલાલભાઈ રકમ કહે એટલે ચેક તૈયાર થવાનો એક ઑર્ડર નીકળે. આપનાર એમ પણ પહેલાં ન પૂછે કે, કોના માટે કયા કામે! પણ નાથાલાલભાઈ પાછળથી બધું જ સમજાવે. લોકોમાં-આપનારાઓમાં વિશ્વાસ એવો કે, નાથાલાલભાઈ સારા કામ માટે જ આવ્યા હશે.

મુંબઈમાં અનેક ગર્ભશ્રીમંતો છે. શ્રી નાથાલાલભાઈ કરતાં વધારે મિલકતવાળા અનેક શ્રીમંતો છે. પણ જે શ્રીમંતદિલ નાથાલાલભાઈનું હતું, તેવું દિલ અન્યત્ર મળવું દુર્લભ છે.

હજી તો હમણાં જ ૧૩ દિવસ ઉપર હું મુંબઈ ગયો ત્યારે એમને ત્યાં મેં ફોન કર્યો, તબિયતના ખબર માટે. મારો ફોન જાતે જ લીધો. અવાજ સાંભળતાં મેં ફોન બંધ કર્યો. હું જાતે જ મળવા ગયો. અમારા બન્નેના સામાન્ય સ્નેહી એવા શ્રી પ્રાણલાલભાઈ દેસાઈ સાથે હું ત્યાં પહોંચ્યો. અડધોએક કલાક વાતો ચાલી. આખો વખત વાતોમાં કઈ સંસ્થા માટે કેટલું થયું છે અને કેટલું કરવાનું છે તે જ વાતોનો વિષય. વેપારી, ઉદ્યોગપતિ અને વિધાન પરિષદના સભ્ય હોવા છતાં વેપાર ઉદ્યોગ કે રાજકારણની વાતોના બદલે માનવધર્મની જ, પ્રેમ અને કરૂણાની વાતો. એ જ એમનું રટણ! મેં' સંસ્થા અંગે કે ફાળા અંગે એક શબ્દ પણ ન ઉચ્ચાર્યો. પણ અમે ઉઠવા લાગ્યા ત્યારે પોતે જ શ્રી પ્રાણલાલભાઈને કહેવા લાગ્યા: 'હરિવલ્લભભાઈના દવાખાના માટે 'જીપ'નું કામ તુરત કરી દેવું જોઈએ. એમની પ્રવૃત્તિ ખૂબ વધી રહી છે. ખૂબ પગે રખડે છે. વળી પેલી કેનેડિયન બેન દવાખાનામાં સેવા કરવા આવેલી છે. માટે આપણે જલ્દી 'જીપ'ની ગોઠવણ કરી આપવી જોઈએ. શ્રી પ્રાણલાલભાઈને ઉત્સાહ આપતાં પોતે કહ્યું: 'મારી પાસે રૂ. ૧૫૦૦ આનંદનિકેતન આશ્રમ માટે આવેલ પડયા છે. એક હજાર મારા તરફથી આજે લખી લો. પણ હવે જલ્દી એમનું આટલું કામ તમે પતાવી આપો. ન તો મેં માગણી કરી હતી કે ન પ્રાણલાલભાઈએ વાત ઉચ્ચારી હતી. આ હતી એમના દિલની વિશાળતા. આવા તો હજારો અનુભવ હજારો લોકોને થયા હશે. તેઓ અનેક સંસ્થાઓના પ્રાણસમા હતા. ધન અને સજ્જનતાનો, ઉદારતા અને નમ્રતાનો આવો સમન્વય ભાગ્યેજ જોવા મળે!

શ્રી નાથાલાલભાઈના મૃત્યુના સમાચારે અનેકોના હૈયામાં હલચલ મચાવી હશે. એમને પ્રભુ ચીર શાન્તિ આપો, એવા પ્રાર્થનામય ઉદ્‌ગારો હજારો હૈયામાંથી નીકળ્યા હશે. અમારા જેવી અનેક વ્યકિતઓ અને સંસ્થાઓ માટે એ 'ભામાશા' હતા.

સૌજન્યતાપૂર્ણ ઉદારતા, ધર્મપ્રધાન કરૂણા અને માનવતાભરી નમ્રતાની એ ત્રિમૂર્તિને કોટી કોટી નમસ્કાર હો!!

હરિવલ્લભ પરીખ

# ❋ જાગતા રહેજો ❋

(શ્રી કાંતિલાલ બરોડિયા રચિત રૂપક આકાશવાણીના મુંબઈ કેન્દ્ર ઉપરથી તા. ૧૫-૧-'૬૫ના રોજ પ્રસારિત કરવામાં આવેલું જે આકાશવાણી મુંબઈ કેન્દ્રની અનુમતિપૂર્વક નીચે પ્રગટ કરવામાં આવે છે . **તંત્રી**)

**આરતી :** "ઉગની ઉષાને એ ધાણ
જાગો જાગો જગના પ્રાણ–જાગો"

**મહેશ :** વાહ તેં તો સરસ ગાયું. મોટેથી ગાને !

**આરતી :** તમે તમારે છાપામાં મોં ઘાલીને બેસી રહોને ! તમને સાંભળવાનો કયાં વખત છે ? હવે ચાલો... ચા કયારની યે થઈ ગઈ છે.

**મહેશ :** તારે ને મારે આ જ વાંધો છે ને ! છાપું આવ્યું એટલે ધ્યાનથી વાંચવાની શું મજા આવે તે તું શું જાણે ?... ખાખરાની ખિસકોલી...

**આરતી :** જાણે અમે વાંચતા જ નહીં હોઈએ–

**મહેશ :** હવે વાંચ્યા ! વાંચ્યા ! તમે તો વાંચો સિનેમા નાટકની જાહેર ખબરો ને ફેન્સી કાપડ ને સાડીઓની જાતો ને સ્ટોરોના નામો–બીજું શું ?

**આરતી :** એ તો છાપામાં આવે તે બધું જ વંચાય–હા, વળી–

**મહેશ :** આરતી–ઓ આરતી ! જો જો...અસ્સલ તારે માટે જ છે. (મોટેથી) **ઘણી વખત પત્નીના કારણે, તેમની અર્ધાળ ટેવોના કારણે, માણસ લાંચરૂશ્વતખોર બને છે. આવા લોકો પોતાની આવક પ્રમાણે ખર્ચ નથી કરતા : વૈભવ પાછળ ગાંડા ન થતાં પતિના અને બાળકોનાં ચારિત્ર્ય અંગે ગૌરવ અનુભવવા, તેમણે...**

**આરતી :** હવે લેક્ચરબાજી ચલાવવી છે કે ચા-નાસ્તો પતાવવાં છે–

**મહેશ :** અરે, તેના વગર ચાલે ! લાવ જલદી લાવ,

**આરતી :** (ગંભીરતાથી) તમે ખરેખર માનો છો કે સ્ત્રીઓને કારણે પુરુષોને લાંચ આપવી પડે છે ?

**મહેશ :** (ટોળમાં) એમાં શંકા છે ? તારો જ દાખલો લે ને, બીજાનો શું કામ ? તું ગયા ઊનાળામાં આપણા ઓધવજી કાકાની સરલાના લગ્નપ્રસંગે જામનગર ગઈ હતી.

**આરતી :** તેનું અત્યારે શું છે ? દસ રૂપિયા વધુ આપીને સેકન્ડની ટિકિટ ન લીધી તે ન જ લીધી, પણ પાંચ રૂપિયામાં ઉપરનું પાટિયું થર્ડ ક્લાસમાં મળતું હતું તે પણ તમે ન લીધું.

**મહેશ :** તે કેમ લેવાય ? એ કાયદાની વિરુદ્ધ છે.

**આરતી :** તમે તો પૂંછડું પકડયું એ પકડયું.

**મહેશ :** સિદ્ધાંતનું પૂંછડું પકડી રાખવું સારું છે, હોં કે આરતી !

**આરતી :** પણ તે માટે સહન તો મારે જ કરવું પડયું ને ? ઓ માડી રે ! સ્ત્રીઓના ડબ્બામાં હું તે વખતે ભીંસાભીંસમાં ને ચારેકોર સામાનથી જકડાઈને એવી તો ગઈ હતી, કે જિંદગી સુધી મને યાદ રહેશે–

**મહેશ :** પણ લાંચરૂશ્વત ન આપી તે પણ આપણે માટે સારું જ છે ને ?–

**આરતી :** શું ધૂળ સારું છે ! આખી દુનિયા આપે છે ને કામ કઢાવે છે. તમે જ કોણ જાણે–

**મહેશ :** વેદીઆ છીએ ! એમને ?

**આરતી :** હા, હા; એક વાર નહીં સાડી સત્તર વાર–આમાંને આમાં તો તમે કેવી સારી નોકરી ખોઈ તે ભૂલી ગયા ? તે નોકરી હોત તો આપણે કેવી ઊંચી પાયરીએ હોત–બંગલો, મોટર, નોકરચાકર,–લીલાલહેર હોત.

**મહેશ :** આરતી, તું પહેલાં કરતાં ખરેખર ખૂબ બદલાતી જતી લાગે છે !

**આરતી :** કોણ નથી બદલાયું !–હા. તમારા જેવા રડયાખડયા સિવાય. લીએઝન ઑફિસર તરીકે તે મોટી કંપનીમાં ફક્ત તમારે અવારનવાર દિલ્હી જઈને આયાત પરવાનાઓ સિફતથી લાવવાના હતા–

**મહેશ :** (ગુસ્સાથી) આરતી, આરતી, પાછી એ જ વાત. એ કાળમુખી વાત જ બંધ કર. એમાં પૈસા તો મળત, પણ એવા આણહકના પૈસા પર આપણે જીવવું છે, કે હકના પૈસા પર સંતોષથી જીવવું છે ?

**આરતી :** ચાલો, જે થયું તે. ગતં ન શોચયામિ. હવે તો છૂટયા ને ?

**મહેશ :** કેમ ?

**આરતી :** કેમ શું ? હવે તમે પંતુજી થયા–એટલે બધી કડાકૂટમાંથી છૂટયા–

**મહેશ :** પંતુજી–તું પ્રોફેસરને પંતુજી કહે છે ?

**આરતી :** હવે પંતુજી–પંતુજી ને પંતુજી. સ્કૂલમાંના નાના ને કૉલેજમાંનાં મોટા. પણ હું પૂછતી હતી કે, અહીં તો બધું બરાબર–તમારી સિદ્ધાંતની ગાડીએ–ચાલે છે ને !

**મહેશ :** ગાડી ! ગામ હોય ત્યાં ગંદવાડ હોય જ; ને સિદ્ધાંતની આકરી કસોટી તો આજે ડગલે ને પગલે થાય છે. કૉલેજમાં એડમીશન્સ માટે ડોનેશન્સ લેવાય છે. આરતી, લાંચ–રૂશ્વત, કાળાંબજાર, નફાખોરી, સંઘરાખોરી, લાગવગશાહી જેવાં દૂષણોએ હમણાં આપણે ત્યાં માઝા મૂકવા માંડી છે. આ દૂષણો સામે જો આંગળી ઊંચી નહિ કરીએ, તેમને નહીં પડકારીએ, તેમની સામે જાગતા નહીં રહીએ તો–તો–

**આરતી :** તો શું ?

**મહેશ :** આ દૂષણો આપણા સમાજ–જીવનને કોરી ખાશે–આપણી આઝાદી ને આબાદી બંનેને ભયમાં મૂકશે–સમાજવાદી સમાજરચના એક મશ્કરી બની જશે–પણ તારા જેવી ખાખરાની ખિસકોલી સાકરનો સ્વાદ શું જાણે !

**આરતી :** હાં, તમે સાકર બોલ્યા ને ઠીક યાદ આવ્યું. આપણે હવે ખાંડનું શું કરીશું ? ખાંડ તો રેશનમાં તદ્દન લોટ જેવી ને હલકી આવે છે. ઘરમાં ખાંડનો વપરાશ પણ કેટલો બધો વધ્યો છે ! આવતે અઠવાડિયે અરૂણાનો જન્મદિવસ છે. બધાં સગાંવહાલાં ને ફ્રેન્ડઝસર્કલનું મોં મીઠું કરાવવું પડશે ને !

**મહેશ :** તારી વાત સાચી છે, પણ આરતી ! કાળાબજારમાંથી ખાંડ લાવવી નથી તે ચોક્કસ. તે સિવાય વ્યવસ્થા ન થાય તો ખાંડ બંધ–પાર્ટી બંધ.

**આરતી :** બસ, બોલ્યા બંધ...જરા વિચાર તો કરો...મારે વ્યવહાર ચલાવવો કેવી રીતે ? તમે તો બેઠા બેઠા બરા ઑર્ડરો છોડયા કરો–"આરતી, મારા ચાર ફ્રેંડઝ જમવા આવવાના છે, તૈયારી કરજે."

**મહેશ :** જો આરતી ! આપણી પાસે પરસેવાના પૈસા છે. હરામના નથી. આ ભીષણ મોંઘવારીમાં ઘરનું માંડમાંડ પૂરું થાય છે. આવક-જાવકના બે ટાંટિયા માંડ માંડ મળે છે, ત્યાં આવા પૈસા કયાંથી ને કેમ કરીને ખર્ચાય ? હવે તો અરૂણા ને ઉદય મોટા થતા જાય છે, તેમના ને આપણા ભવિષ્યનો પણ વિચાર કરવો પડશે ને ? હવે તો ઉલ્ટાનું કાંઈ બચાવવું જોઈએ કે ઉડાડવું જોઈએ ?

**આરતી :** બસ ત્યારે. કરો લીલાલહેર ! ખાંડને બદલે ગોળની ચા પીજો. હા પણ, સાંભળો ! સરકાર લાલ ઘઉં ને સફેદ ઘઉં રેશનિંગમાં ફરજિયાત આપે છે. તે જ આપણે આવા છે કે પછી–ફરસાણ માટે તેલ –

**મહેશ :** જો આરતી! પાછું તેનું તે જ. તને ખબર છે કે ઈંગ્લેન્ડ, જર્મની, ફ્રાંસ, રશિયા બધા દેશોમાં વિશ્વયુદ્ધના સમયમાં વપરાશની ચીજોની ભારે અછત હતી. ત્યાં કડક રેશનિંગ ને બીજા કાયદાકાનૂનો અમલમાં હતા. પોતાના રેશનિંગ-માંથી જ લોકો વાપરે. કાળા બજારમાંથી લાવવાનું કોઈને ગમે નહીં, સૂઝે નહીં, ને કોઈ લાવે નહીં. દેશના નિયમો પાળવામાં તેઓ પોતાનું સ્વમાન અને ગૌરવ સમજતાં.

**આરતી :** તમને દલીલોમાં તો ભગવાન પહોંચે. આ તમારા મિત્રો ને મારી બહેનપણીઓ તો જૂઓ. તમારો ભાસ્કર–પાંચ પાંચ મોટરો છે. આ તમારો રમણિક–એક લાખ રૂપિયાનો ઓનરશીપ ફ્લેટ લીધો. પેલો તમારો ભોગીલાલ–દસ વર્ષ પહેલાં કેવો ભૂખડીબારસ જેવો હતો ને આજે તેની પાસે સહેજે વીસ–પચ્ચીસ લાખનો દલ્લો થઈ ગયો છે. તેની પત્ની રસિકાના દરદાગીના ને ઝવેરાત જોઈ હું તો છક જ થઈ ગઈ–

**મહેશ :** એ બધા થયા કાળા–ધોળા તથા ઉંધુંચત્તું કરીને. આપણને એ ન ફાવે. ન આવડે... ભગવાને જેટલું આપ્યું છે એટલું ભોગવવા દે તો પણ બસ છે.

**આરતી :** બસ ત્યારે થઈ જાવ બાવા...ને અમને પણ સાથે બાવા બનાવો. આપણી સામે રહેતી રંજન–રોજ રોજ નવી નવી સાડીઓ લટકાવે છે ને જાતે કાર ડ્રાઈવ પણ કરે છે. પેલી કુસુમ ને તેનો પતિ પ્રિયકાંત–દર છ મહિને કાંઈ ને કાંઈ બહાને યુરોપ, અમેરિકા ને પરદેશમાં ફરી આવે છે ને પરદેશમાં પૈસા સંઘરે છે. આ તમારા કાકાનો છોકરો વિપિન–ચાર ચાર તો કારખાના તેના ચાલે છે છે ને ધૂમ પૈસા પેદા કરે છે. તેના ઘરનું આલીશાન ફરનીચર, રેડિયોગ્રામ, ટ્રાન્ઝીસ્ટર, ટેપ-રેકોર્ડર, ફ્રીજ, એર-કન્ડીશન્ડ બેડરૂમ...

**મહેશ :** તને શું જવાબ આપું. આરતી! કાળા બજારના નાણાં, કરચોરી, દાણચોરી, લાંચરૂશ્વત એ બધાથી ઘણા લોકો જેતજોતામાં તાલેવંત થઈ ગયા છે તે હું જાણું છું. તું જાણે છે ને સરકાર પણ જાણે છે. એક બાજુ એક નાનો વર્ગ અમનચમનમાં ધૂમ નાણાં વેડફે છે ત્યારે મોટા ભાગની શહેરની તથા ગામડાની સામાન્ય જનતા અછત અને મોંઘવારીની ઘંટીના બે પડ વચ્ચે ભીંસાય છે. જો આપણે જાગતા ન રહીએ તો આ બધું આપણને ભરખી જશે.

**આરતી :** હવે તો લોકો બધી ચીજોનો સંઘરો કરે છે ને વેપારીઓ દવાઓમાં પણ ઘણી ભેળસેળ કરે છે.

**મહેશ :** કેમ તને પેલી ગમ્મતની વાતની ખબર નથી આરતી? એક માણસે ઝેર ખાધું, પણ તે ભેળસેળવાળું હતું તેથી તે જીવી ગયો. ને બીજાએ શકિતનાં ઈન્જેકશન લીધાં ને તેના ઝેરથી તે મરી ગયો. (હસે છે.)

**આરતી :** ચાલો–છોડો... બધું વેદ-પુરાણ...આવતે અઠવાડિયે સરસમાં સરસ ફિલ્મનો પ્રીમીઅર શો છે. આપણે તેની ચાર ટિકિટો મંગાવી લઈએ.

**મહેશ :** ચોક્કસ...આપણી પાસે તે માટે પૈસા છે જ, પણ આરતી, ટિકિટો કાળાબજારની નહીં હોં કે!

**આરતી :** ત્યારે તો મળી રહી. જોતા રહેજો. હા, ને જ્યારે જઈએ ત્યારે ઉદય માટે બેબી ફૂડ્સના પાંચ-છ ડબ્બા લાવવાના છે. સંધરાખોરીથી તેમાં પણ ભાવો વધતા જાય છે.

**મહેશ :** તાત્કાલિક જરૂરિયાત હોય તો પાંચ-છ ડબ્બા લાવ, નહિ તો તું પણ સંધરાખોર બની જઈશ. (હસે છે.)

**આરતી :** સ્ત્રી સ્વભાવે જ સંધરાખોર છે. (બંને હસે છે.)

**અરૂણા :** (આવીને) : મમ્મી! ઓ મમ્મી!

**મહેશ :** અરે અરૂણા! આટલી જલદી પાછી! કમાલ કરી–રેશનકાર્ડ રિન્યુ કરાવ્યું!

**અરૂણા :** પપ્પા! ત્યાં તો લાઈન જ લાઈન. મમ્મી, કાર્ડના ફોર્મ આપવાની એક લાઈન બે ફર્લાંગ લાંબી, કાર્ડના ફોર્મ લેવાની બીજી લાઈન વાંકીચૂંકી ને ખૂબ લાંબે સુધી, કાર્ડ રિન્યૂ કરાવવાની ત્રીજી લાઈન, ચોક્કસ માહિતી વિના અટવાતા લોકોની વળી ચોથી લાઈન–એટલે હું તો પાછી આવી. એક જણે મને કહ્યું કે એક રૂપિયો આપો તો હમણાં કામ કરી આપું–પણ મને એ ન ગમ્યું. એટલે પાછી આવી.

**આરતી :** લો, દીકરી મારી –ઉલે હાથ દઈને પાછી આવી–

**અરૂણા :** પણ મમ્મી! મારાથી કોઈ ખોટું કામ ન થાય.

**આરતી :** લો તમારી દીકરી પણ તમારા ગાડામાં બેઠી.

**મહેશ :** બેટા! તેં ઠીક કર્યું. તારી મમ્મી ભલે ગમે તેમ બોલે. આપણે તો આપણું ગાડું ભલું.

**અરૂણા :** (ખચકાતી-ખચકાતી) હા,...પણ પપ્પા! એક વાત તો કહેવાની જ રહી ગઈ. મારી બહેનપણી ભારતી છે ને તેનો મોટો ભાઈ કશ્યપ આ વખતે ઈન્ટરસાયન્સમાં બેઠો છે. મમ્મી, એ લોકો ખૂબ પૈસાવાળા છે.

**આરતી :** જલદી કહેને, શું વાત છે?

**અરૂણા :** એ કહેતી હતી કે તારા પપ્પા મેથેમેટિક્સમાં મોડરેટર હોય છે. તે કશ્યપને ગમે તેમ કરીને પાસ કરાવી આપે તો પાંચસો સાડાપાંચસોની બે સાડી તે મમ્મીને ભેટ આપશે એમ એના કાકા કહેતા હતા.

**આરતી :** (ગુસ્સાથી) અરૂણા, અરૂણા! આવી વાત તું તારા પપ્પાને કહેતાં શરમાતી નથી. શરમની વાત છે. આવી વાત માટે તારે પોતે જ તેને તમાચો મારવો જોઈતો હતો. તે આપ-ણને શું સમજી બેઠા છે? આપણે ભલે મધ્યમ વર્ગના હોઈએ પણ આપણે લાજ-આબરૂ છે. અરૂણા–તારા પપ્પાની માફી માંગ.–માંગ જોઉં–

**અરૂણા :** (રડતે અવાજે) : ભૂલી ગઈ...પપ્પા...ભૂલી ગઈ.

**મહેશ :** (ગંભીરતાથી) આરતી, એમાં અરૂણાનો કે તારો શું વાંક? હું નહોતો કહેતો કે આજના જમાનાના પ્રચંડ ધસમસતા પૂરમાં સ્થિર ઊભા રહેવા માટે પણ ખૂબ પ્રયત્ન કરવો પડે છે. મિનિટે મિનિટે, કલાકે કલાકે, આંચકા આપીને આપણી જાતને જ આપણે "જાગતા રહેજો" કહેવું પડે છે. આજે આ આલબેલ એ જ ભગવાનનું સાચું નામ. નીતિને રસ્તે પડતા આખડતા ચાલતા રહેવું એ જ સાચી ભકિત. અરૂણા, બહેન, તારી બહેનપણીને કહેજે કે તમારા રૂપિયા તમારી પાસે ગાંઠે જ બાંધી રાખજો: વોલ્ટના લોકરમાં કે એકાઉન્ટ નંબર બેની તિજોરીમાં કે પછી 'બાથરૂમની છૂપી છતમાં દાટી રાખજો. અમારે એની જરૂર નથી. એન્ફોર્સમેન્ટખાતાવાળાને કોઈ દિવસ કામ લાગશે.

**આરતી :** હા બેટા, ખરી વાત છે.

**મહેશ :** અને જો, મમ્મી તો શું પણ–તારે પણ સાડી જોઈતી હોય તો બહેન, તું લઈ આવજે. બહુ મોંઘી નહીં, સસ્તી, આપણી પાસે સસ્તી સાડી માટે પૈસા છે જ. ઘરના ને કુટુંબના વધતા જતા ખર્ચને પહોંચીવળવા, જોઈએ તો હું બે ટ્યુશનો વધુ કરીશ.

**આરતી :** હું પણ ગ્રેજ્યુએટ છું. હું પણ સારી સર્વિસ શોધી કાઢીશ ને આપણી આવકમાં વધારો કરીશ. પણ અનીતિનો પૈસો, હરામની દૌલત આજથી આપણને ન ખપે, કોઈ દિવસ ન ખપે.

**મહેશ :** આરતી, શાબાશ,–તેં તો છાપાનું વિધાન ખોટું પૂરવાર કર્યું હોં. તારી પાસેથી આ જ આશા રાખી હતી.

**અરૂણા :** વાહ–આ તો જાગતા રહેજો નો પડઘો પડયો.

**આરતી :** હા. આપણે સૌને માટે એ સારો છે. જાગતા રહેજો–સમાજને ને દેશને જીવતો રાખવા માટે–સદાય જાગતા રહેજો–જાગતા રહેજો.

**શાન્તિલાલ બરોડિયા**

# વર્ષો પહેલાં શિકાગોમાં ઉપસ્થિત થયેલા એક સંન્યાસી

[ ૧૯૬૩ના સપ્ટેમ્બર માસમાં 'સ્પાન'માં પ્રગટ થયેલા શ્રી ભાબાની ભટ્ટાચાર્યે લખેલા અંગ્રેજી લેખનો નીચે અનુવાદ આપવામાં આવે છે. આ અનુવાદ કરનાર બહેન શારદા ગોરડિયાએ 'કાકાસાહેબ કાલેલકર' એ વિષય ઉપર થીસીસ-મહાનિબંધ-લખીને મુંબઈ યુનિવર્સિટી તરફથી 'ડૉકટર ઓફ લીટરેચર'- ડી. લીટ.ની ડીગ્રી તાજેતરમાં પ્રાપ્ત કરી છે. આ જ બહેને કરેલો મૂળ હિન્દી લેખનો ગુજરાતી અનુવાદ 'સ્મૃતિશેષ દિલીપભાઈ' તા. ૧-૧-૬૫ના 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થયો હતો. નીચેનો અનુવાદ જ બહેન શારદાના ભાષાપ્રભુત્વનો સારો પરિચય આપે તેમ છે. તંત્રી ]

૧૮૯૩ના સપ્ટેમ્બરની ૧૧મી તારીખને ભારત અને પાશ્ચાત્ય દેશો વચ્ચેના–ખાસ કરીને ભારત અને અમેરિકા વચ્ચેના–સાંસ્કૃતિક સંબંધોના નવા તબક્કાની શરૂઆત દર્શાવનાર ઐતિહાસિક દિન તરીકે નિરૂપી શકાય. તે દિવસે શિકાગોની વિશ્વધર્મ પરિષદનું સર્વ-પ્રથમ અધિવેશન ભરાનાર હતું કે જેમાં દુનિયાના બધા ભાગોમાંથી પ્રતિષ્ઠિત પ્રતિનિધિઓ હાજર થયા હતા. એ પ્રતિનિધિઓમાં એક પ્રતિનિધિ ૩૦ વર્ષના સ્વામી વિવેકાનંદ હતા.

તેમના પોતાના દેશમાં લગભગ અજાણ્યા એવા સ્વામી વિવેકાનંદ આ મહાપરિષદમાં કેવી રીતે પહોંચ્યા તે તો એક લાંબી કથા છે. કલકત્તાની કૉલેજનું વિદ્યાર્થી જીવન પુરું થયા બાદ તેમણે કેટલોક સમય અત્યંત કઠણ એવું સંન્યસ્ત જીવન સ્વીકાર્યું, જેમાં તેમણે પોતાની સર્વ દુન્યવી વસ્તુઓ–પોતાનું નામ સુદ્ધાં–છોડી દીધું અને ત્યારબાદ એ ભગવાવસ્ત્રધારી ભિક્ષુક માત્ર યોગીના કપડાં અને દંડ તથા માત્ર બે પુસ્તકો- 'ગીતા' અને થોમસ એ કેમ્પીસની 'ધી ઈમીટેશન ઓફ ક્રાઈસ્ટ' સિવાય કંઈ પણ પોતાની પાસે રાખ્યા વગર, ભારતભરના પરિભ્રમણ ઉપર-ઘણીવાર પગપાળા જ-નીકળી પડયા. થોડાક આપવાદરૂપ સ્થિરવાસના ગાળાઓ સિવાય સતત પાંચ વર્ષ સુધી, જેમના જીવન સાથે તેમણે પૂરી આત્મીયતા કેળવી હતી તેવા પોતાના દેશબંધુઓના ભાગે આવેલી યાતના અને દારિદ્રયનો તીવ્ર સ્વરૂપમાં તેમણે અનુભવ કર્યો. પરિભ્રમણના અન્ત ભાગમાં જ્યારે તેઓ ભારતના દક્ષિણ છેડે હતા ત્યારે તેમણે શિકાગોમાં તુરતમાં જ ભરાનાર વિશ્વધર્મપરિષદ વિષે સાંભળ્યું, અને બે હેતુઓથી તેમાં ભાગ લેવાનું તેમણે અદમ્ય આકર્ષણ અનુભવ્યું-એક એ કે તેઓ પશ્ચિમ સમક્ષ ભારતના આધ્યાત્મિક વારસાના ખજાનાને રજૂ કરવા માગતા હતા અને બીજું ભારતની આમજનતાના આર્થિક જીવન-ધોરણને ઊંચે આણવામાં સહાય કરવા અમેરિકન લોકોને અનુરોધ કરવાની તેઓ ઈચ્છા ધરાવતા હતા. દક્ષિણમાંના તેમના નવા પ્રશંસકોને તેમનો આ સાહસિક અદ્‌ભુત વિચાર આકર્ષક લાગ્યો અને તેમણે તેમના માટે પેસેજની વ્યવસ્થા કરવા તૈયારી કરી. અને ભારતનાં ગામડાંઓમાં જેવી અકિંચન અવસ્થામાં તેમણે પરિભ્રમણ કરેલું તેવી જ અવસ્થામાં એ ભગવાવસ્ત્રધારીએ અમેરિકા પ્રતિ પ્રયાણ કર્યું.

જ્યારે તેઓ એ અજાણ્યા મુલકમાં પહોંચ્યા (ભારતનો કિનારો છોડતાં પહેલાં જ તેમણે 'વિવેકાનંદ' નામ ધારણ કરેલું) ત્યારે તેમની સમક્ષ અનુલંઘનીય અવરોધો ઉપસ્થિત થયા. પૈસાને અભાવે તેઓ લગભગ ભૂખમરાની દશાએ પહોંચ્યા. સૌથી મોટી વિષમતા તો એ હતી કે તેમની પાસે કોઈ પણ પ્રકારના કાયદેસર ઓળખપત્રો ન હોવાથી પ્રસ્તુત પરિષદમાં તેમને વ્યાખ્યાતા તરીકે સ્વીકારવામાં આવે એવો સંભવ નહોતો. તેમણે આ સર્વ મુશ્કેલીઓનો સામનો કર્યો અને પોતાના માર્ગમાંથી તેને હટાવી કાઢી. તે પરિષદની ઉદ્‌ઘાટનસભામાં તેમણે એ હિન્દુધર્મના પ્રતિનિધિ તરીકે મંચ ઉપર પોતાની બેઠક લીધી કે જે હિન્દુધર્મ એટલે કેવળ વહેમો અને અજ્ઞાનનો ભંડાર એથી વિશેષ કોઈ જાણકારી અમેરિકન પ્રજા હિન્દુધર્મ વિષે ધરાવતી ન હતી.

એ સાચું છે કે ત્યાં હેન્રી ડેવિડ થૉરો અને રાલ્ફ વોલ્ડો ઈમરસન હાજર હતા અને થૉરોએ ગીતાના ભાષાંતરો વાંચ્યા હતાં અને તેમનાં પોતાનાં લખાણોમાં પણ તે પુસ્તકની તેમણે પ્રશંસા કરી હતી. 'એક્સ ઓરિએન્ટે લક્સ' -'પૂર્વ દિશા બેથી પ્રકાશ' એ એમનો જાહેર કરાયેલો મુદ્રાલેખ હતો. ઈમરસને પોતાની વિચાર-સરણીમાં હિન્દુ વલણ પ્રગટ કર્યું હતું. તેમનું પ્રસિદ્ધ કાવ્ય 'બ્રહ્મ' વેદાન્તના ખ્યાલથી ભરપૂર હતું. તેની એ જ વિચારધારાને પરિણામે હાર્વર્ડ યુનિવર્સિટીએ પ્રવચન માટે તેમને આમંત્ર્યા હતા. 'ધી ડાયલ' નામક તેમના ત્રિમાસિકમાં પ્રાચીન ભારતીય પુરતકોના ફકરાઓના અનુવાદ પ્રગટ કરવામાં આવતા. આમ છતાં ૧૯મી સદીના મધ્ય ગાળામાં ન્યુ ઈંગ્લેન્ડમાં પેદા થયેલો ભારતીય તત્ત્વજ્ઞાનને લગતો રસ એક નાનકડા વિદ્વાનમંડળ પૂરતો જ મર્યાદિત હતો અને તે પછીના દસકાઓમાં તો તે રસ પણ લગભગ નિઃશેષ થઈ ગયો હતો.

જો કે તે પૂરેપૂરો વિલીન થઈ ગયો નહોતો. તેમાં અપવાદરૂપ શ્રી વૉલ્ટ વ્હીટમેન હતા. આ મહાન કવિ ભારતીય વિચારસરણીના સીધા સંપર્કમાં આવી શક્યા નહોતા. તેમને ઈમરસન પાસેથી પ્રેરણા મળી હતી. પરંતુ વેદાન્ત અંગેના જે નિર્ણયો પર તેઓ પહોંચ્યા હતા તે અંદરની સૂઝથી તેમને પ્રાપ્ત થયા હતા એમ કહી શકાય. 'લીવ્ઝ ઓફ ગ્રાસ' ઉપરની ઈમરસનની નર્મયુક્ત સમીક્ષામાં "તે 'ભગવદ્‌ગીતા' અને 'ન્યુયોર્ક હેરોલ્ડ'નું મિશ્રણ છે." એમ જણાવવામાં આવ્યું હતું. વ્હીટમેને લખેલ કેટલીક પંક્તિઓ થોડા જ સમયમાં આગાહીરૂપે પૂરવાર થનાર હતી–

આપણી પાસે, મારા શહેરીજનો,
આવે છે.....અનેક ભાષાઓનો માળો,
કાવ્યોનો પ્રેરણાસ્રોત પુરાતન જાતિ,
'બ્રહ્મ'ની જાતિ આવે છે.
અને વળી,
ભૂતકાળ પણ તારામાં ભરેલો છે,
તું જ મહાન સંગાથીઓ સહ વિચરે છે.
તારી સંગે આજે આદરયોગ્ય શ્રમણધર્મી ઓશિયા સફર કરે છે.

વૉલ્ટ વ્હીટમેન સને ૧૮૯૨માં મૃત્યુ પામ્યા. તેની પછીના વર્ષે જ વિશ્વધર્મપરિષદના સભામંચ પર ભારતનો ભિક્ષુક–સંન્યાસી બેઠો હતો. ભભકભર્યા અને ઐશ્વર્યપૂર્ણ એ સ્થળ પર, અજાણ્યા-શ્રોતાસમુદાય સમક્ષ મુંઝવણ–અકળામણ શું કહેવાય, તેનો આ સંન્યાસીએ પહેલી જ વાર અનુભવ કર્યો. તેમણે પાછળથી નોંધ્યું છે કે તેઓ ખૂબ જ વિહ્‌વળ બની ગયા હતા. 'શું અહીંઆ આવવાનું મારું પગલું ઉતાવળિયું નથી? અને હું અહિં આ રીતે આવીને મારા દેશને હીણપત નહિં પહોંચાડું ને?' આવા વિચાર તેમને સતાવવા લાગ્યા. તેમણે લખાણ કે નોંધો તૈયાર કરવાની મહેનત પણ લીધી નહોતી. વળી તેઓ એવી ભાષામાં બોલવાના હતા જે તેમની પોતાની માતૃભાષા નહોતી. તેઓ એવા શ્રોતાઓને સંબોધવાના હતા જેઓ તેમના વિષે કશું જ જાણતા નહોતા. ત્યાં ઉપસ્થિત થયેલા અન્ય પ્રતિષ્ઠિત વક્તાઓનો વાકપ્રવાહ આંજી નાખે તેવો હતો. પોતે ઉભી કરેલી જાળમાં પોતે જ ફસાઈ ગયા હોય એવો અનુભવ વિવેકાનંદે કર્યો. તે દિવસની સભાની આખર સુધી તેમણે તેમની અગ્નિપરિક્ષાને ઠેલ્યે રાખી. આથી ત્યાં એવી માન્યતા ફેલાવા

લાગી કે આ વિચિત્ર વસ્ત્રપરિધાન કરેલ હિન્દુ કશું જ બોલશે નહિ.

આખરે તેઓ બોલવા ઊભા થયા. એ તો સુવિદિત છે કે એ શ્રોતાસમુદાયને તેમણે જે સંવેદનભર્યા શબ્દોથી સંબોધિત કર્યા. 'Sisters and Brothers of America'—'અમેરિકાની ભગિનીઓ અને બંધુઓ'—એ સંબોધને એવી જાદુઈ અસર કરી કે હજારો સ્ત્રીઓએ અને પુરુષોએ એકદમ ઊભા થઈ જઈને કેટલીક ક્ષણો સુધી તેમને તાળીઓના નાદથી વધાવ્યે રાખ્યા. તે થોડી ક્ષણોમાં વિવેકાનંદે આત્મવિશ્વાસ પ્રાપ્ત કરી લીધો. તેમના વ્યક્તિત્વમાં વણાયેલા અદમ્ય આત્મગૌરવ અને આત્મશક્તિમાં ફરી કદી ક્ષોભ કે ઝાંખપ નજરે પડ્યાં નહીં.

એ ભવ્ય સંબોધન, પાછળથી જે આવવાનું હતું તેનો પ્રારંભ માત્ર હતો. કદાચ એમ કહી શકાય કે માત્ર એક ટૂંકા વકતવ્ય દ્વારા એક માણસ સંપૂર્ણ અપરિચિત દુનિયામાં એકદમ પરિચિત બની જાય એવો બનાવ ઈતિહાસમાં અદ્વિતીય હતો. એ યાદ રાખવું ઘટે કે ખૂબ જ જાહેરાત પામેલ એ વિશ્વધર્મપરિષદમાં અમેરિકાના અને યુરોપના અગ્રગણ્ય સંખ્યાબંધ ખબરપત્રીઓ હાજર હતા.

શિકાગોમાં તેમણે કરેલું એ પ્રવચન માત્ર ૫૦૦ શબ્દોમાં મર્યાદિત હતું. વિવેકાનંદે જગતના અતિપ્રાચીન સાધુસંસ્થા વતી અને સર્વ ધર્મની જનતા વતી પરિષદનો આભાર માન્યો. તેમણે કહ્યું કે "જે ધર્મે સહિષ્ણુતા અને અખિલ વિશ્વની એકતાનો બોધ દુનિયાને આપ્યો છે તે ધર્મનો અનુયાયી હોવામાં હું ગૌરવ અનુભવું છું. અમે સમગ્ર વિશ્વ પ્રત્યેની સહિષ્ણુતામાં માનીએ છીએ, એટલું જ નહિ પણ સર્વ ધર્મોને સત્યરૂપે સ્વીકારીએ છીએ." તેમણે જણાવ્યું કે પોતે એવા લોકોના પ્રતિનિધિ છે જેમણે અનેક રાષ્ટ્રોના પીડિતો અને નિર્વાસિતોને આશ્રય આપ્યો છે. રોમનોએ તેમના પવિત્ર દેવળનો તોડી પાડ્યું ત્યારે ભારત આવનાર યહુદીઓ, પર્શિયાના જરથોસ્તીઓ અને બીજા અનેકને ભારતમાં આશ્રય મળ્યો છે. સંપ્રદાયવાદે અને ધર્મઝનૂને દુનિયાને હિંસાથી ભરી દીધી છે અને વારંવાર માનવલોહીથી તરબોળ કરી નાખી છે. આવું ન બન્યું હોત તો માનવસમાજે આજના કરતાં વધારે પ્રગતિ સાધી હોત. આમ છતાં તેમણે એવી આશા વ્યકત કરી કે સર્વ ઝનૂનવાદોનો મૃત્યુઘંટ વાગી ચૂક્યો છે અને તલવાર કે કલમથી થતા સર્વ ત્રાસોનો હવે અંત આવી ગયો છે. તેમણે ૩૦૦૦ વર્ષજૂની વેદની ઋચાઓ જેનું તેઓ બાલપણથી રટણ કરતા હતા તેમાંથી કેટલીક પંકિતઓનો અનુવાદ રજૂ કર્યો—

"જેમ જુદાં જુદાં સ્થળેથી નીકળતાં અનેક નદીઓનાં વહેણ અંતે મહાસાગરમાં મળીને સમાઈ જાય છે તેમ, ઓ પ્રભુ! જુદાં જુદાં માનસિક વલણથી સ્વીકારાયેલા ધર્મમાર્ગો ગમે તેવા ભિન્ન હોય, સરલ યા સંકુલ હોય, તો પણ આખરે તો એ બધા તારા પ્રત્યે જ લઈ જાય છે."

તેમણે ગીતાના શબ્દોનું પણ પુનરુચ્ચારણ કર્યું: "ગમે તે સ્વરૂપમાં જે કોઈ મારી પાસે આવે છે તે મને પામે છે; મને પામવાને મથતા સર્વ મનુષ્યોના જુદા જુદા માર્ગો અંતે મારી ભણી વળે છે."

ચાર દિવસ પછી ફરી એકવાર તેમણે પરિષદને ટૂંકમાં સંબોધી. 'આપણે શા માટે જૂદા પડીએ છીએ?' એ એમનો વિષય હતો. તેમણે કહ્યું કે 'દેડકાની જેમ સર્વ ધર્મના મનુષ્યો એમ જ માને છે કે, સમગ્ર જગત તેમના નાનકડા કૂવામાં જ સમાઈ જાય છે.' ૧૯મી સપ્ટેમ્બરે તેમણે હિન્દુધર્મ પર એક લાંબો નિબંધ વાંચ્યો, જે હિન્દુ ધર્મ પરની એક વિશદ સમીક્ષા સમાન હતો. એને બીજે દિવસે તેમણે અનુરોધ કર્યો—એમના વકતવ્યનો મુદ્દો હતો - ભારતને ધર્મની આવશ્યકતા નથી, તાત્કાલિક જરૂરિયાત છે રોટીની. "ભૂખ્યાને ધર્મપ્રદાન કરવું એ તેનું અપમાન છે."

સત્તર દિવસની આ પરિષદ દરમિયાન તેઓ બાર વખત બોલ્યા. પરિષદના છેલ્લા દિવસના પ્રવચનમાં તેમણે આગળનાં પ્રવચનો દરમિયાન ભારપૂર્વક દર્શાવેલાં મન્તવ્યોનો સારાંશ આપ્યો — કોઈ ખ્રિસ્તીએ હિન્દુ કે બૌદ્ધ બનવાનું નથી, કોઈ હિન્દુએ કે બૌદ્ધ કે ખ્રિસ્તી બનવાનું નથી. દરેકે એકબીજાના તત્ત્વને સમજવાનું છે અને તે સાથે જ પોતાનું મૂળ સ્વરૂપ જાળવી રાખવાનું છે. પોતાના વિકાસના નિયમ અનુસાર જ દરેકે વિકાસ સાધવાનો છે.

વિન્સેન્ટ શીને યોગ્ય આલોચના કરી છે કે, મુખ્યત્વે કરીને તે વખતના સર્વ ધર્મના પ્રવકતાઓ ઉપર પડેલા તેમના આશ્ચર્યજનક પ્રભાવનું કારણ તેમણે પ્રબોધેલી શાંત વિશ્વબંધુત્વની ભાવના—'Calm Universalism' હતું.

પરાયી ભૂમિમાં પસાર કરાયેલા કટોકટીના એ દિવસો ભૂતકાળની યાદ બની ગઈ હતી. અમેરિકાના પ્રવચનપ્રવાસે જ્યારે તેઓ નીકળ્યા ત્યારે તેમની ફેલાતી જતી નામના એ તેમના માટે ભયસ્થાન રૂપ બનતી જતી હતી. આ નામના - કીર્તિ - તેમના પર કૂદકે ને ભૂસકે ન્યોચ્છાવર થવા લાગી. એ અવિરામ કાર્યના લગભગ બાર મહિના દરમ્યાન તેમણે અમેરિકાના લગભગ દરેક શહેરની મુલાકાત લીધી. પછી તેઓ જાહેરાતના ઢંઢેરાથી કંટાળી ગયા અને તેમણે શાંત અને સ્થાયી કાર્યરંભનો નિશ્ચય કર્યો. તેમના સંદેશનું હાર્દ ગ્રહણ કરવા આતુર એવા સ્ત્રીપુરુષોનું ટોળું તેમની આસપાસ જમા થયું જ હતું. તેમણે તેમને ન્યુ યૉર્કમાં શિક્ષણના નિયમિત વર્ગો શરૂ કરવાની અરજ કરી. આમ અમેરિકાને પહેલી જ વાર જીવંત શકિતરૂપે વેદાન્ત મળ્યું.

જો કે આ ખાનગી વર્ગોને સ્વામીજી પોતાનો પૂરેપૂરો સમય આપી શકયા નહીં. જાહેર પ્રવચન માટેની આગ્રહભરી વિનંતીને તેઓ અવગણી શકતા નહીં. કેટલીકવાર તો અઠવાડિયાના બારથી યે વધુ પ્રવચનો તેમણે આપ્યા હશે. (દરેક વિચાર લાગણીપ્રેરક હતો, દરેક શબ્દમાં શ્રદ્ધાનો રણકાર હતો, દરેક પ્રવચન અસ્ખલિત વાક્પ્રવાહ હતો.)

૧૮૯૫ના ઉનાળામાં એક અનુયાયીએ તેમના આદેશાનુસાર સેંટ લૉરેન્સ નદીમાંના સૌથી વિશાળ ટાપુ—થાઉઝન્ડ આઈલૅન્ડ પાર્ક પર એક મોટો આશ્રમ ઊભો કર્યો. આ જળ અને જંગલોની વચ્ચેના સુંદર સ્થળમાં ભારતીય આશ્રમની પદ્ધતિનું એક કેન્દ્ર સ્થાપવામાં આવ્યું. તેનાથી અનેક વિખ્યાત અમેરિકનો આકર્ષાયા, જેમાંના એક ફિલસૂફ વિલિયમ જેમ્સ હતા.

આશ્રમમાં રહેનારા કેટલાક શિષ્યો તેમના અનુભવોનો અહેવાલ મૂકી ગયા છે. આ સ્થળે વિવેકાનંદે પરોક્ષ રીતે આપેલ શિખવચનો પાછળથી 'ઈન્સ્પાયર્ડ ટોકસ'ના મથાળા હેઠળ પુસ્તકરૂપે પ્રસિદ્ધ થયા હતા.

પછી તેમણે ઈંગ્લેન્ડની મુલાકાત લેવા અમેરિકા છોડ્યું. તેમની ગેરહાજરી દરમિયાન અમેરિકન શિષ્યોએ વેદાન્તના અધ્યયનનું કાર્ય ચાલુ રાખ્યું. ત્રણ મહિના પછી પાછા આવીને તેમણે સંગઠનના કાર્ય તરફ પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું. શિષ્યમંડળ વધતું જતું હતું. પરંતુ સ્વામીની કીર્તિ શિષ્યમંડળની બહાર પણ ફેલાવા લાગી હતી. "માત્ર ઉત્સુકતાથી પ્રેરાઈને અમે ગયા અને શ્રોતાવર્ગમાં માત્ર દસેક મીનીટ ઊભા રહ્યા હોઈશું ત્યાં અમે અનુભવ્યું કે, અમે કોઈક દુર્લભ, વ્યાપક, અદ્‌ભુત વાતાવરણમાં પહોંચી ગયા છીએ અને પ્રવચનના અંત સુધી અમે સ્તબ્ધ બની એકરવાસે સાંભળી રહ્યા. જ્યારે તે પૂરું થયું ત્યારે અમે નવું ધૈર્ય, નવી આશા, નવું જોમ અને નવી શ્રદ્ધા મેળવીને બહાર નીકળ્યા." આ પ્રકારના કવિચિત્રો એલા વ્હીલર વીલ્કોકસના ઉદ્‌ગારો ભારે સૂચક પ્રત્યાઘાતને રજુ કરે છે.

વિવેકાનંદના પ્રવચનોમાં હાર્વર્ડ યુનિવર્સિટીના ફિલસૂફી વિભા-

ગના સ્નાતક વિદ્યાર્થીઓ સમક્ષ આપેલ 'વેદાન્તની ફિલસૂફી' નામક પ્રવચન સૌથી વધુ લાક્ષણિક છે. પ્રવચન પછીની પ્રશ્નોત્તરીનો મળતો અહેવાલ શ્રોતાઓની ઉચ્ચ મનોભૂમિનો ખ્યાલ આપે છે. નીચે આપેલ પ્રશ્નો જેવા પ્રશ્નો વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીના સભ્યો દ્વારા પૂછવામાં આવ્યા હતા.

"ગ્રીકની સ્ટોઈક (નિર્વેદ-પ્રધાન) ફિલસૂફી પર આપની હિન્દુ ફિલસૂફીએ કેવી અસર કરી છે? ... પશ્ચિમના વિજ્ઞાન સાથે આ વિચારણાનો કયાં વિરોધ છે?"

"વિશ્વની ઉત્પત્તિ વિષે અદ્વૈતવાદી શું માને છે? અદ્વૈત ફિલસૂફી દ્વૈતનો વિરોધ કરે છે કે? ... વ્યકિતવાદ અને નીતિશાસ્ત્ર વિષે વેદાન્ત શો ખુલાસો કરે છે?"

"તમે એમ માનો છો કે, અમો પશ્ચિમના લોકોની માન્યતા અસામાજિક છે અને તેને લીધે અમે અનેકાંતવાદી (Pluralistic) બન્યા છીએ અને પૂર્વના લોકો અમારી કરતાં વધારે સામાજિક સહાનુભૂતિ ધરાવે છે?"

"સાકાર ઈશ્વર (Personal God) માયા સાથે સંકળાયેલા છે? એવી ખાસ પ્રક્રિયા શી છે જેના વડે પરમ તત્ત્વને ઓળખી શકાય?"

હાર્વર્ડ ઉપરની સ્વામીજીના પ્રવચનોની અસરનો ખ્યાલ આ હકીકત ઉપરથી આવી શકે છે કે, તેમણે પ્રવચન આપ્યું પછી તુરત જ યુનિવર્સિટીએ તેમને પૌર્વાત્ય ફિલસૂફીના અધ્યાપકપદે નીમવાની તૈયારી બતાવી હતી, જો કે, તેમણે એ માગણીનો વિનયપૂર્વક અસ્વીકાર કર્યો હતો.

વિવેકાનંદની અમેરિકાની પહેલી મુલાકાત લગભગ સાડા ત્રણ વર્ષની હતી. પછીથી, ભારતીય ઈતિહાસ પર મહાન રાષ્ટ્રભકતોમાંના એક તરીકે તેમનું સ્થાન અંકિત થઈ ગયા બાદ, તેમણે ફરીથી અમેરિકાની મુલાકાત લીધી હતી. એ નોંધપાત્ર છે કે, તેમના સંન્યાસી-જીવનનો પા થી વધારે ભાગ એ જ દેશમાં વ્યતીત થયો હતો.

અનુવાદક: **ડા. શારદા ગોરડિયા**, મૂળ અંગ્રેજી: **ભાભાની ભટ્ટાચાર્ય**

## અંધકાર અને પ્રકાશ

As plato wisely remarked, we can easily forgive a child who is afraid of the dark; the real tragedy is when men are afraid of the light, Science can and will show the light, provided man can face up to it,"

**ભાવાર્થ:** "પ્લેટોએ ઉચિત રીતે જણાવ્યું હતું તેમ, અંધારાથી બીતા બાળકને આપણે સહજપણે માફી કરી શકીએ છીએ, પણ માનવી પ્રકાશથી બીતો માલુમ પડે છે એમાં ખરી કરુણતા રહેલી છે. જો માણસ પ્રકાશને અભિમુખ બની શકે તો વિજ્ઞાન તેને પ્રકાશ આપી શકે છે અને આપતું રહેવાનું છે."

## વિષયસૂચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| બિનસાંપ્રદાયિકતાની ભાવના | શ્રી એમ. સી. છાગલા | ૨૩૭ |
| અનેકના ભામાશા ગયા! | હરિવલ્લભ પરીખ | ૨૩૯ |
| જાગતા રહેજો | કાન્તિલાલ બરોડિયા | ૨૪૦ |
| વર્ષો પહેલાં શિકાગોમાં ઉપસ્થિત થયેલા એક સંન્યાસી | શ્રી. ભાભાની ભટ્ટાચાર્ય | ૨૪૬ |
| મૃત્યુદંડ | જટુભાઈ મહેતા | ૨૪૬ |


# સંઘ સમાચાર

## વલસાડ પર્યટન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યો માટે અતુલ પ્રોડકટસને લક્ષમાં રાખીને યોજાયલા વલસાડના પર્યટનમાં ૪૧ મોટાં અને ૫ નાનાં એમ કુલ ૪૬ ભાઈ બહેનો જોડાયાં હતાં. આ આખી મંડળી સવારે ૬-૩૧ વાગ્યે ઉપડતી ગુજરાત એકસપ્રેસમાં વલસાડ જવા માટે ઉપડી હતી. બધાં આનંદકલ્લોલ કરતાં સવા દશ લગભગ વલસાડ પહોંચ્યાં. સ્ટેશન ઉપર સૌ વિમલાબહેન (શેઠ કસ્તુરભાઈ લાલભાઈના મોટા પુત્ર શ્રી સિદ્ધાર્થભાઈ જેઓ અતુલ પ્રોડકટસનો વહીવટ સંભાળે છે તેમનાં પત્ની અને મુંબઈનાં જાણીતા શ્રીમાન ઝવેરી શેઠ ભોગીલાલ લહેરચંદનાં પુત્રી) અને શ્રી ધનજીભાઈ, જાદવજીભાઈ વગેરે વલસાડના જૈન સમાજના આગેવાન ભાઈઓ અમને લેવા માટે આવ્યા હતા. તેમના ભાવભર્યા આવકાર સાથે વલસાડની રેલ્વે લાઈનની બીજી બાજુએ આવેલા અતુલ પ્રોડકટસને લગતા નગર-વિભાગમાં જ્યાં-(Guest House)-અતિથિગૃહ - છે ત્યાં અમે પહોંચ્યા. અહિં શ્રી સિદ્ધાર્થભાઈએ અમને આવકાર આપ્યો; ચા-નાસ્તા વડે અમારું સ્વાગત કરવામાં આવ્યું અને પછી અમને અતુલ પ્રોડકટસના કારખાના વિભાગમાં જ્યાં રંગો બનાવવાની ભિન્ન ભિન્ન રાસાયણિક પ્રક્રિયાઓ ચાલે છે ત્યાં ફેરવવામાં આવ્યાં. આ બધું અમારામાંના ઘણા ખરા માટે નવું દર્શન હતું. સૌથી પહેલાં એક મોટા વ્યાખ્યાનગૃહમાં અમને લઈ જવામાં આવ્યા અને રંગો બનાવવા અંગેની ભિન્ન ભિન્ન પ્રક્રિયાની અમને સમજણ આપવામાં આવી. પછી અમારી મંડળીને બે જુથમાં વિભાજિત કરીને રંગ બનાવટની પ્રક્રિયાઓ પ્રત્યક્ષ દેખાડવામાં તેમ જ સમજાવવામાં આવી. આ બધું પૂરું થયા પછી અમને કેન્ટીનમાં-ભોજનશાળામાં-લઈ જવામાં આવ્યા જ્યાં અમારું દૂધપાક-પૂરીનાં ભોજન વડે આતિથ્ય કરવામાં આવ્યું.

ત્યાર બાદ કલાકેક આરામ લીધા બાદ આ આખી રચનાનો બીજો ભાગ જેને લેડરલીના નામથી ઓળખવામાં આવે છે અને જ્યાં જુદી જુદી દવાઓ તથા ઈન્જેકશનો બનાવવામાં આવે છે ત્યાં અમને ફેરવવામાં આવ્યા. આ બધી પ્રક્રિયાઓ વધારે ટેકનીકલ હતી. અને તેથી અમારી જેવા આ વિષયના તદ્દન અનભિજ્ઞ ભાઈ-બહેનો માટે આ બધું સમજવું બહુ મુશ્કેલ હતું એમ છતાં કાંઈક નવું જોયું, નવું જાણ્યું એવો સંતોષ ફેકટરીના આ વિભાગમાં ફરતાં અમે સૌએ અનુભવ્યો.

આમ આ બન્ને કારખાનાંઓમાં ફરીને સાંજના ચાપાણી માટે પાછા ગ્રેસ્ટ હાઉસ ઉપર આવ્યા. આ વખતે ફેકટરીના મુખ્ય મુખ્ય અધિકારીઓ સાથે અમારો પરિચય કરાવવામાં આવ્યો. ચાપાણી પતાવીને અતુલ પ્રોડકટસની નગર રચના જોવા નીકળ્યા. અહિં આશરે ૩૦૦૦ લોકો વસે છે. તેમના વસવાટ માટે, શિક્ષણ માટે, વૈદ્યકીય ઉપચાર માટે, રમતગમત માટે તથા મનોરંજન માટે આ વિશાળ વિસ્તારમાં કેવો પ્રબંધ કરવામાં આવ્યો છે તેનો અમને ખ્યાલ આવ્યો. અને આ આખી રચના જોઈને અમારું મન ખૂબ પ્રભાવિત બન્યું. સાંજના સમયે અતુલ પ્રોડકટસના મુખ્ય આયોજક શ્રી બી. કે. મજુમદાર સાથે અમારું મિલન ગોઠવવામાં આવ્યું હતું. તેમની સાથેના વાર્તાલાપ દ્વારા અતુલ પ્રોડકટસનો ઉદ્ભવ કેમ થયો, અને તેનો કેમ ઉત્તરોત્તર વિકાસ થયો અને જ્યાં કેવળ જંગલ હતું ત્યાં લગભગ ૧૦૦૦૦ વૃક્ષો વાવીને એક મોટું ઉપવન કેવી રીતે તૈયાર કરવામાં આવ્યું તેને લગતી અમને પુષ્કળ માહિતી આપવામાં આવી. ત્યારબાદ સાયં ભોજન માટે અમે ભોજનશાળામાં ગયા અને ભોજનો પત્યા બાદ પ્રવાસમંડળીના આગેવાન તરીકે શ્રી પરમાનંદભાઈએ

શ્રી વિમળાબહેન અને સિદ્ધાર્થભાઈનો ખૂબ ખૂબ આભાર માન્યો. આ દંપતીને મળવાનું આ નિમિત્તે પહેલી જ વાર બન્યું હતું. બંને જોવા ફરવામાં તેઓ બન્ને લગભગ અમારી સાથે જ રહ્યાં હતાં. આ સમય દરમિયાન તેમના સૌજન્યનો, મીલનસાર સ્વભાવનો, અમને સમજાવવા પાછળ રહેલી તેમની અખૂટ ધીરજ અને મમતાનો જે અનુભવ થયો તે અમારા માટે ચિરસ્મરણીય રહેશે. જૈન સમાજના એક આગેવાન તરીકે શ્રી કસ્તુરભાઈને અમે વર્ષોથી જાણતા હતા. એક ઉદ્યોગપતિ તરીકેના તેમના આયોજનકૌશલ્યનો અહિ અમને પ્રત્યક્ષ અનુભવ થયો અને તેમના વિષેના અમારા આદરમાં સવિશેષ વધારો થયો.

રાત્રીના આશરે નવ વાગ્યે તેમની વિદાય લઈને અમે વલસાડ આવ્યાં. વલસાડ ગામમાં એક ન્યાતની વાડીમાં અમારા રહેવા ખાવા વગેરેની સગવડ કરવામાં આવી હતી. આ બધી સગવડ માટે ગુલાલવાડીમાં જેમની પેઢી છે તે શેઠ દલીચંદ પુરૂષોત્તમ તથા તેમના મોટા ભાઈ શ્રી ધનજીભાઈ જેઓ વલસાડમાં વસે છે તેમના અમે ખૂબ ઋણી છીએ. આ વાડીમાં અમે રાત્રી સુખરૂપ ગાળી. સવારે ચા-નાસ્તો, સ્નાન વગેરે પતાવીને તીથલના સમુદ્રકિનારે બસમાં બેસીને ફરવા ગયાં. ત્યાં બે કલાક ગાળ્યા. ધનજીભાઈના નિવાસસ્થાન ઉપર આવ્યા. ત્યાં અમારૂં શેરડીના રસથી સ્વાગત કરવામાં આવ્યું. પછી અમારા ઉતારાની જગ્યાએ ગયા. ભોજન કર્યું. ત્યાંના આગેવાન ભાઈઓ સાથે કલાકેક વાર્તાલાપમાં ગાળ્યો. થોડો સમય આરામ કર્યો અને બપોરના સાડા ત્રણ લગભગની સૌરાષ્ટ્ર એક્સપ્રેસમાં બેસીને રાત્રીના આઠ વાગ્યા લગભગ અમે મુંબઈ આવી પહોંચ્યા. આ રીતે અમારો વલસાડનો બે દિવસનો પ્રવાસ પૂરો થયો. આ પ્રવાસ દરમિયાન અમે નહોતા જાણતા એવું ઘણું નવું જાણ્યું તેમ જ અનેક વ્યકિતઓની માયામમતાનો મીઠો અનુભવ કર્યો. આ રીતે આમારો આ પ્રવાસ ચિરસ્મરણીય બની ગયો.

## કચ્છ–પ્રવાસ

સંઘ દ્વારા યોજાયલા કચ્છ-પ્રવાસના કાર્યક્રમ મુજબ તા. ૬-૨-૬૫ ના રોજ મુંબઈથી ૨૦ ભાઈઓ, ૧૫ બહેનો અને ૨ બાળકો એમ ૩૮ ભાઈઓ બહેનોની મંડળી સ્ટીમર 'સાબરમતી'માં રવાના થઇ હતી અને બીજે દિવસે બપોરના ભાગમાં માંડવી પહોંચી હતી. આ મંડળીમાં માંડવીથી બીજાં આઠ ભાઈ-બહેનો ઉમેરાયાં હતાં. કચ્છની અંદરના પરિભ્રમણ માટે સ્ટેટ ટ્રાન્સપોર્ટની એક બસ અને એક મોટી ટેકસી નકકી કરવામાં આવી હતી. બસ દ્વારા બરોબર આશરે ૫૫૦ માઈલનો પ્રવાસ કરવામાં આવ્યો હતો અને નાના મોટાં અનેક સ્થળો જોયાં હતાં, અને તા. ૧૬ મી મંગળવારના રોજ માંડવી બંદરેથી સ્ટીમર 'સરસ્વતી'માં રવાના થઈને તા. ૧૭મી બુધવારે ૧૧ વાગ્યે પ્રવાસમંડળી મુંબઈ પાછી ફરી હતી. આ પ્રવાસની વિગતવાર નોંધ હવે પછીના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવામાં આવશે.

## આલ્મોરાવાસી શ્રી શાન્તિલાલ ત્રિવેદીનું વ્યાખ્યાન

તા. ૨૩-૨-૬૫ ના રોજ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે સંઘના કાર્યાલયમાં 'હિમાલય સાથે જોડાયલી મારી જીવનયાત્રા' એ વિષય ઉપર છેલ્લાં ૩૭ વર્ષથી આલ્મોરામાં વસી રહેલા અને આઝાદીજંગના ખ્યાતનામ નેતા અને ત્યાર બાદ રચનાત્મક ક્ષેત્રના એક અગ્રગણ્ય કાર્યકર્તા શ્રી શાન્તિલાલ ત્રિવેદીનું વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. તેમનો પરિચય આપતાં શ્રી પરમાનંદભાઈએ જણાવ્યું કે, "૧૯૫૮ની સાલમાં કુટુંબ સાથે નૈનીતાલ જવાનું બન્યું અને ત્યાંથી અમે આલ્મોરા ગયા ત્યારે શાન્તિભાઈને પ્રત્યક્ષ મળવાનું બન્યું હતું. તે પહેલાં ત્યાંના એક વર્ષો જુના કાર્યકર્તા તરીકે તેમની ખ્યાતિ મારા સાંભળવામાં આવી હતી. તેઓ બહુ નાની ઉમરથી ભાવનાશાળી જીવન જીવતા રહ્યા છે. તેઓ રાજકોટના મૂળ વતની છે. ૧૯૨૧ની સાલમાં તેઓ સત્યાગ્રહઆશ્રમમાં જોડાયા હતા. ત્યાર બાદ થોડાં વર્ષ તેમણે શ્રી શિવજી દેવશીના મઢડા આશ્રમમાં ગાળ્યાં હતાં અને તેમના દિલમાં હિમાલય જવાની તાલાવેલી છે એ બાબત ખ્યાલમાં રાખીને બાપુજીના ભત્રીજા શ્રી પ્રભુદાસ ગાંધી તબિયતના કારણે આલ્મોરા રહેતા હતા, તેમની સંભાળ લેવા માટે બાપુજીએ શાંન્તિભાઈને આલ્મોરા મોકલ્યા હતા. પછી તો ૧૯૨૯માં બાપુજી કુમાઉ જિલ્લાના પ્રવાસે નીકળ્યા અને કૌસાની આલ્મોરા વગેરે સ્થળોએ ગયેલા ત્યારે તેમનો તે બાજનો પ્રવાસનો આખો કાર્યક્રમ શાન્તિભાઈએ જ ગોઠવેલો. પછી સત્યાગ્રહની લડતમાં તેઓ તથા તેમનાં પત્ની ભકિતબહેન જોડાયાં, એટલું જ નહિ પણ, શાન્તિભાઈએ આગેવાનીભર્યો ભાગ ભજવ્યો. ૧૯૩૧માં તેઓ એકલા કૈલાસની યાત્રાએ ગયા. પછીના વર્ષોમાં કૉંગ્રેસનું જ કાર્ય તેઓ કરતા રહ્યા. ૧૯૪૨માં વળી પાછા તેમણે આઝાદી જંગમાં ઝંપલાવ્યું. અને તેમના કહેવા મુજબ ફાંસીએ ચડતાં બચી ગયા. પછી તો આઝાદી આવી અને આગળ જતાં દેશમાં સર્વોદયનું આન્દોલન ચાલ્યું ત્યારે તેમાં પણ તેમણે તે પ્રદેશમાં રહીને શકય તેટલું કાર્ય કરેલું. આપણા દેશનેતાઓ નેહરુ, ગોવિંદવલ્લભ પન્ત, કટજુ, વગેરે અવારનવાર આલ્મોરા જતા અને રહેતા હોઈને શાન્તિભાઈ તેમના સારા પરિચયમાં આવેલા. આજે હવે તેઓ કૉંગ્રેસના સભ્ય રહ્યા નથી અને બીજી કોઈ સંસ્થાની જવાબદારીના ભારથી મુકત છે એમ છતાં તેમની સેવાનિષ્ઠા એકસરખી જીવન્ત અને સક્રિય છે અને તેમના આ સર્વ સેવાકાર્યમાં તેમનાં પત્ની સૌ. ભકિતબહેનનો એકસરખો સહયોગ રહ્યો છે. આવી એક સુયોગ્ય દંપતીને આજે આપણા સંઘ તરફથી આવકાર આપતાં હું ખૂબ આનંદ અનુભવું છું. ત્યાર બાદ શ્રી શાન્તિલાલ ત્રિવેદીએ હિમાલયના ચિર-નિવાસ સાથે જોડાયેલાં અનેક સ્મરણો રજુ કર્યાં અને ઉપસ્થિત ભાઈ–બહેનો તેમના જોશીલા પ્રવચનથી અત્યન્ત પ્રભાવિત બન્યા.

## રજીસ્ટ્રેશન ઓફ ન્યુસપેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૬'ના અન્વયે

**'પ્રબુદ્ધ જીવન' સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.**

| | | |
|---|---|---|
| ૧. | પ્રસિદ્ધિ સ્થળ : | ૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ - ૩. |
| ૨. | પ્રસિદ્ધિ ક્રમ : | દરેક મહિનાની પહેલી અને સોળમી તારીખ. |
| ૩. | મુદ્રકનું નામ : | શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયા |
| | કયા દેશના : | ભારતીય |
| | ઠેકાણું : | ૪૫/૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ, -૩. |
| ૪. | પ્રકાશકનું નામ : | ઉપર મુજબ |
| | કયા દેશના : | |
| | ઠેકાણું : | |
| ૫. | તંત્રીનું નામ : | ઉપર મુજબ |
| | કયા દેશના : | |
| | ઠેકાણું : | |
| ૬. | સામયિકના માલિકનું નામ : | શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૪૫/૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩. |

હું પરમાનંદ કુંવરજી કાપડિયા આથી જાહેર કરૂં છું કે, ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરોબર છે.

તા. ૧-૩-૬૫. **પરમાનંદ કુંવરજી કાપડિયા–તંત્રી**

# મૃત્યુદંડ

મૃત્યુદંડ–ફાંસીની સજા બ્રિટનની લોકસભાએ રદ કરવાનો કાયદો પસાર કર્યો છે. બિલ બીજા વાચનમાંથી પસાર થયું છે. હવે તે ઔપચારિક રીતે રાજ્યસભા–હાઉસ ઑફ લૉર્ડઝ–માં પસાર થશે.

યુરોપના બે સિવાયના બીજા દેશોમાંથી મૃત્યુની સજા રદ કરવામાં આવી છે. પણ ભારતમાં તે ચાલુ છે. ભારતની લોકસભામાં મૃત્યુદંડ રદ કરવાના એકાકી પ્રયાસો નિષ્ફળ ગયા છે. બહુમતી કૉંગ્રેસ પક્ષે આ અગત્યના પ્રશ્નનો કદી ગંભીરતાથી વિચાર કર્યો નથી.

સજા શા માટે છે? સજાનો એક હેતુ ગુનો કરનારને એ ભાન કરાવવાનો છે કે એણે ખોટું કર્યું છે. હવે પછી એણે ભવિષ્યમાં એવું નહિ કરવું જોઈએ.

સજાનો બીજો હેતુ ગુનેગારોને ભય પમાડવાનો છે, જેથી બીજાઓ એવો ગુન્હો ન કરે.

સજાનો ત્રીજો હેતુ ગુનો કરનારને નહિ, પણ બીજાઓ ભય પામીને એવો ગુનો ન કરે, એ ડહાપણ મેળવવાનો છે. પરંતુ શું મૃત્યુનો ડર બધાને ડારી શકે છે, અને ગુના કરતાં અટકાવી શકે છે? ખૂન કરનારને ફાંસીની સજા થાય છે. એ વાત જાહેર છતાં ખૂનના ગુનાઓ શું ઘટવા પામ્યા છે? ખૂન કરનારના માનસનો જો અભ્યાસ કરવામાં આવે તો સ્પષ્ટ જણાશે કે મોટા ભાગના ખૂનો આવેશમાં થતાં હોય છે. એવો પ્રસંગ બન્યો હોય છે, જેમાંથી ક્રોધ કે ભય જન્મે છે અને તેના આવેશમાં વ્યકિત કોઈનું ખૂન કરી બેસે છે. બધા જ ખુનીઓ ક્રૂર, નિર્દય નથી હોતા, કેટલાક તો સજ્જન અને ડરપોક હોય છે, તેઓ પણ આવેશ કે ભયને લીધે ખૂન કરી બેસે છે. ઠંડે કલેજે યોજનાપૂર્વક, અગાઉથી વિચારીને કરાયેલા ખૂનો અલ્પ સંખ્યામાં હોય છે.

કોઈ ચોરી કરવા મકાનમાં પ્રવેશે છે. મકાનમાલિક જાગી જાય છે, ચોરને ભય લાગે છે કે તે પકડાઈ જશે, ઓળખાઈ જશે. તેમાંથી બચવા ભયને કારણે તે મકાનમાલિકનું ખૂન કરી બેસે છે. તે ખૂની નહોતો, કેવળ ચોર હતો.

મિત્ર મિત્રનું અપમાન કરે છે, ગુસ્સો આવે છે ને મિત્રને મારી બેસે છે.

ભાઈ કે પુત્ર ખોટું કરીને આવે છે. ભાઈ કે પિતાને ખોટા સામે ક્રોધ આવે છે. મારો ભાઈ આવો દુષ્ટ! મારો પુત્ર આવો દુષ્ટ! ભાઈ કે પિતા તેને મારી બેસે છે, ને ખૂન થઈ જાય છે.

બહેનની ચાલચલગત સારી નથી, એવો ભાઈને વહેમ આવે છે. ભાઈ ઉશ્કેરાઈ જાય છે અને બહેનનું ખૂન કરી બેસે છે.

વિધવા સંતાનને જન્મ આપે છે. તેને સમાજનો ભય લાગે છે. તે કુમળા બાળકનું ખૂન કરી બેસે છે. માતા ખૂની બને છે.!

આ દરેક જાણે છે કે ખૂનની સજા ફાંસી છે, અને તે ખૂન કરી બેસે છે. પોતાના કાર્યનું શું પરિણામ આવશે તે વિચારવા તે થોભતો નથી. આમ ફાંસીની સજા ખૂનોને રોકી શકતી નથી.

પિતા વૃદ્ધ થતો જાય છે, પણ પુત્રને મિલકત સોંપતો નથી, કે મરતો પણ નથી. મિલકતના લોભમાં પુત્ર પિતાનું ખૂન કરી બેસે છે.

સ્ત્રી કોઈના પ્રેમમાં છે. પતિને તેની જાણ થાય છે. સ્ત્રી અને તેનો પ્રેમી મૂંઝાય છે. હવે તેમની પ્રેમચેષ્ટા લાંબો વખત ચાલી શકવા સંભવ નથી એમ લાગે છે. બંને મળીને પતિનું ખૂન કરે છે.

ખૂનનાં કારણ કામ, ક્રોધ, લોભ અને ભય છે. ખૂનો અટકાવવા માટે તેના કારણો કામ, ક્રોધ, લોભ, ભય ઘટવા–નાશ પામવા જોઈએ. કેવળ મૃત્યુદંડના ભયથી ખૂન અટકી શકતાં નથી. એ માટે સાચું શિક્ષણ, ધાર્મિકતા, સાત્ત્વિકતા જરૂરી છે.

ખૂન કરનારને પાછળથી પશ્ચાતાપ નથી થતો શું? ફાંસીની સજા થયા પહેલાં, પકડાયા પહેલાં, ન પકડાયા છતાં, પકડાવાનો નથી એવી ખાતરી છતાં તેને પશ્ચાતાપ થાય છે. અરે, ખૂન કર્યા પછી, બીજી જ પળે તેને પશ્ચાતાપ થાય છે. આ પશ્ચાતાપનો કોઈ અર્થ નથી શું?

ખૂન કરનારને હૃદયનો સાચો પશ્ચાતાપ થાય, એના સંસ્કાર જાગી ઊઠે, એ જાતે જઈને અદાલતમાં હાજર થાય અને ગુનો કબૂલ કરી સજાની માગણી કરે–એને ફાંસીની સજા અને એક ડાકુ જીવનભર વર્ષો સુધી ચોરી, લૂંટ અને મારામારી અને સંખ્યાબંધ કરપીણ ખૂનો કરે એને પણ ફાંસી જ કે બીજું કંઈ? આ ન્યાય છે?

માનવીને બીજા માનવીના મૃત્યુદંડનો અધિકાર કોણે આપ્યો? જે જીવન આપી શકતો નથી, એ જીવનને ખૂંચવી પણ શકતો નથી. ભલે તે રાજકર્તા હોય કે રાજ્યે નીમેલ ન્યાયાધીશ હોય.

જેનું ખૂન થયું ગણવામાં આવતું હોય તેના કહેવાતા ખૂન થયા પછી અને કહેવાતા ખૂનીને ફાંસી અપાઈ ગયા પછી એવા માણસો જીવતા મળી આવ્યાના અને અદાલતમાં હાજર થયાના પણ દાખલા બન્યા છે.

ખૂનનો ગુનો સાબિત થયા પછી અને તેને ફાંસીની સજા થયા પછી, ખૂની કોઈ બીજો હતો એમ માલૂમ પડે છે, તે પકડાય છે, તેના પુરાવા મળે છે અને નિર્દોષને ફાંસી અપાઈ ચૂકી હોય છે. પાછા ફરવાનો માર્ગ ત્યારે બંધ થઈ ગયો હોય છે.

ન્યાયાધીશ પણ આખરે તો એક સામાન્ય બુદ્ધિનો માનવી છે. સત્યને પામવાના તેના પ્રયત્નો તેની સામાન્ય બુદ્ધિ સિવાય તો આખરે કંઈ જ નથી. આવા એક માનવીને બીજા માનવીના જીવનની જવાબદારી સોંપી શકાય નહિ, મૃત્યુદંડનો અધિકાર તેને આપી શકાય નહિ.

ભારત જેવા આધ્યાત્મિક દેશમાંથી મૃત્યુદંડ હવે જવો જ જોઈએ. ભૌતિક સમૃદ્ધિ સિવાય બીજી રીતે ઊતરતા ગણાતા પશ્ચિમના દેશો મૃત્યુદંડને કાયદાપોથીમાંથી રદ કરી રહ્યા છે ત્યારે, ભારત સરકારે અને લોકસભાના સભ્યોએ વિચારવું જોઈએ.

વિચારકો, લેખકો, કવિઓ, શિક્ષકો અને સમાજશાસ્ત્રીઓએ મૃત્યુદંડને ભારતની કાયદાપોથીમાંથી રદ કરાવવા આંદોલન–પ્રચાર કરવા જોઈએ.

ડૉ. રાધાકૃષ્ણન્ જેવા ફિલસૂફ જ્યારે રાષ્ટ્રપ્રમુખપદે હોય ત્યારે તેમણે રાજકર્તાઓને પ્રેરણા આપવી જોઈએ; રાજકર્તાઓએ તેમની પાસેથી પ્રેરણા મેળવવી જોઈએ.

માનવી તરફથી માનવીને થતો મૃત્યુદંડનો ઘોર અન્યાય હવે દૂર થવો જોઈએ. માનવીએ દેવ હોવાનો દંભ છોડીને માનવી બનવું જોઈએ.

[નોંધ: મૃત્યુદંડની સજા હિંદી ફોજદારી ધારામાંથી નાબૂદ કરવી જોઈએ કે કેમ, અને તેનાં શા કારણો છે, તે જાણવા ભારત સરકારે નીમેલા 'લૉ કમિશને' એક પ્રશ્નપત્ર તાજેતરમાં બહાર પાડેલ છે. હરકોઈ નાગરિક આ પ્રશ્નપત્ર 'ઙ, જોરબાગ, નવી દિલ્હી' એ સરનામેથી મંગાવી, તે ભરીને પોતાનો અભિપ્રાય તેને મોકલી શકે છે.]

જટુભાઈ મહેતા

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩, મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઈ.

REGD. No. B-4266.
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૬ : અંક ૨૨

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, માર્ચ ૧૬, ૧૯૬૫, મંગળવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૨૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## ☆ સમેતશિખરના પહાડ અંગે ☆

### બિહાર સરકાર અને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી વચ્ચે થયેલું કરારનામું

(મૂળ અંગ્રેજીનો અનુવાદ)

(૧) પ્રથમ વિભાગના પક્ષકાર તરીકે બિહારના રાજ્યપાલ અને દ્વિતીય વિભાગના પક્ષકાર તરીકે જૈન શ્વે. મૂ. કોમનું પ્રતિનિધિત્વ ધરાવતી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી તે પેઢીના પ્રમુખ શેઠ કસ્તુરભાઈ લાલભાઈ – એમ બે પક્ષકારો વચ્ચે ઈ૦ સ૦ ૧૯૬૫ ના ફેબ્રુઆરી માસના પહેલા અઠવાડીઆ દરમિયાન થયેલ કરારનામાની વિગતો નીચે મુજબ છે:

### ભૂમિકા

(૨) પારસનાથના પહાડ ઉપર અથવા તો સમેતશિખરજી ઉપર ૨૪ જૈન તીર્થંકરોમાંના ૨૦ તીર્થંકરોએ, અનેક ગણધરોએ તથા અસંખ્ય જૈન સંતપુરુષોએ કેવળજ્ઞાન અથવા તો નિર્વાણ પ્રાપ્ત કરેલું હોઈને આ પહાડને બીજા વિભાગના પક્ષ તરફથી પવિત્રમાં પવિત્ર તીર્થ તરીકે ગણવામાં આવે છે.

(૩) અને આખા પારસનાથ પહાડને અને તેના દરેક પથ્થરને અને તેની તસુએ તસુ જમીનને બીજા વિભાગના પક્ષ તરફથી પવિત્ર લેખવામાં અને ધાર્મિક ઉપાસના અને પૂજાના વિષય તરીકે ગણવામાં આવે છે અને આખો પહાડ એક મંદિર અથવા દેવાલય સમાન છે તેથી –

(૪) અને આ પહાડ જૈન ધર્મનું યાત્રાસ્થાન અને પવિત્ર કેન્દ્ર છે અને બીજા વિભાગનો પક્ષ પહાડની આસપાસ બાર કોસી પરિક્રમા કરીને આ પહાડ ઉપરનાં અસંખ્ય પવિત્ર છતાં દુર્ગમ સ્થળોની ઉપાસના કર્યાનો સંતોષ અનુભવે છે તેથી–

(૫) અને આ પવિત્ર પહાડ આત્મશુદ્ધિનું સાધન છે અને તેમના તીર્થંકરોએ ઉપદેશેલા અને આચરેલા વિશ્વવ્યાપી પ્રેમના સંદેશ સાથે સદીઓથી સંકળાયેલ છે અને તેમના માટે આધ્યાત્મિક પ્રેરણાનું નિમિત્ત છે તેથી –

(૬) અને બીજા વિભાગનો પક્ષ સ્મરણ ન પહોંચે એટલા પુરાણા કાળથી (From times immemorial) આ પારસનાથના પહાડની સંપૂર્ણ માલિકીનો દાવો કરે છે અને આમ છતાં પણ, પહાલગંજના રાજાના કુટુંબ સાથેની ચાલ્યા કરતી કેટલીક અથડામણોના કારણે તેમ જ તેમના માલિકી હક્ક વિષેનાં શંકાનાં વાદળોને હંમેશાને માટે દૂર કરવા માટે, તથા ભકિતના સ્થાન તરીકે આ પહાડ સુરક્ષિત રહે અને ટકી રહે તે માટે તથા કોમના ધાર્મિક અને પરોપકારલક્ષી હેતુઓ પોષાતા રહે એ માટે બીજા વિભાગના પક્ષકારે પહાલગંજના રાજાના કુટુંબના જે કાંઈ હક્ક અધિકાર હતા તે ૧૯૧૮ ના માર્ચની ૯ મી તારીખના વેચાણખત દ્વારા તથા ૧૯૧૯ ના ફેબ્રુઆરીની ૨૬ મી તારીખના વેચાણખત દ્વારા ઘણી મોટી કિંમત ચૂકવીને ખરીદી લીધેલા છે તેથી –

(૭) દેશના આ વિભાગ ઉપર અંગ્રેજી હકુમતની સ્થાપના થઈ ત્યારથી બીજા વિભાગના પક્ષકારો તેમની ધાર્મિક લાગણી દુભાય એવા હેતુ માટે આ પહાડોના કોઈ પણ ભાગનો ઉપયોગ થતો અટકાવવામાં સફળ થતા રહ્યા છે અને આ પહાડ સાથે સંબંધ ધરાવતી– બીજા વિભાગની – ધાર્મિક લાગણીઓનો સરકાર પૂરી સહાનુભૂતિપૂર્વક આદર કરતી રહી છે તેથી –

(૮) અને ૧૮૯૦ ની ૨૫ મી જૂનની ૨૮૦ નંબરની ઓરિજીનલ ડિક્રી – કોર્ટના મૂળ હુકમ–સામેની અપીલમાં કલકત્તાની હાઈકોર્ટે ૧૮૯૨ની સાલમાં એવો ચુકાદો આપ્યો છે કે આ આખો પહાડ અને તેનો દરેક પથ્થર પવિત્ર છે અને બીજા વિભાગના પક્ષકારો માટે પૂજા અને ઉપાસનાનું નિમિત્ત છે તેથી –

(૯) અને ૧૯૫૦ ના બિહાર લૅન્ડ રીફૉર્મ્સ એકટ (બિહારની જમીન સુધારણાના કાયદા) ની કલમ નીચે ૧૯૫૩ ની બીજી મેના રોજ કાઢવામાં આવેલા નોટિફિકેશન નંબર ૯૫૫ LR માં આ પહાડ ઉપરના જંગલનો સમાવેશ કરવામાં આવ્યો છે તેથી –

(૧૦) અને પોતાની કોમની વતી બીજા વિભાગના પક્ષકારોએ, નોટીફાઈડ મિલ્કત અંગે પોતાના ધાર્મિક હક્કો અને ક્રિયાઓ સુરક્ષિત રહે એ માટે, પહેલા વિભાગના પક્ષ સમક્ષ લેખિત રજૂઆતો કરી છે તેથી –

(૧૧) અને પહેલા વિભાગના પક્ષકાર બીજા વિભાગના પક્ષકારોને તેમના ધાર્મિક હક્કો અને ક્રિયાકાંડોની બજવણી કરવામાં પૂરી સહુલિયત રહે અને તેમની ધાર્મિક સંસ્થા ઉપરનો કાબૂ અબાધિત રહે એ માટે ઊંડી ચિંતા ધરાવે છે તેથી –

(૧૨) અને ઉપર જણાવેલી હકીકતોના આધારે, રાજ્ય સરકારને સંતોષ થયો છે કે બીજા વિભાગના પક્ષકારોના દાવાઓ સ્વીકારવા માટે પૂરતાં કારણો છે અને પહાડ ઉપરનાં જંગલો ખીલવવાની બિહાર સરકારની ચિંતા સાથે આ દાવાઓના સ્વીકારને કોઈ અંશમાં વિરોધ નથી અને તેથી બિહાર સરકારે નીચે મુજબ કબૂલ કર્યું છે:–

### કરારનામાની વિગતો

તો હવે બન્ને પક્ષો પરસ્પર નીચે મુજબ કબૂલે છે કે:–

(૧) કલકત્તાની હાઈ કોર્ટે જે હક્કો બીજા પક્ષના હોવાનું જાહેર કર્યું છે અને ત્યાર બાદ જે હક્કો તેમણે પ્રાપ્ત કર્યા છે તે સર્વ હક્કોનો પહેલો પક્ષકાર આથી સ્વીકાર કરે છે અને તેને માન આપવા બંધાય છે અને બાંહ્યધરી આપે છે કે બીજા વિભાગના પક્ષના આ

હક્કોનું ઉલ્લંઘન થાય એવી કશી પણ દરમિયાનગિરિ પ્રથમ પક્ષકાર કરશે નહિ અથવા એવું કશું અન્યને કરવા દેશે નહિ.

(૨) પહેલો પક્ષ આથી જણાવે છે કે આ પહાડ ઉપર આવેલાં મંદિરો અથવા દેરીઓ, ધર્મશાળાઓ વગેરેનો ૧૯૫૩ ના બીજી મેના નોટિફિકેશનમાં સમાવેશ થશે નહિ અને બીજો પક્ષ તેમનાં મંદિરો અને દેરીઓ અને ધાર્મિક સ્થાનો ઉપર સંપૂર્ણ કાબૂ ધરાવશે, અને પહેલા પક્ષ તરફથી કોઈ પણ પ્રકારની રૂકાવટ સિવાય તેમની પૂજા અને ઉપાસના પહેલાં માફક કરતો રહેશે.

(૩) બન્ને પક્ષો આથી કબૂલ કરે છે કે જંગલોનો વહીવટ બિહાર રાજ્યના જંગલખાતાની એજન્સી મારફત પ્રસ્તુત કાયદા-કાનૂનને અનુસરીને એવી રીતે કરવામાં આવશે કે જેથી બીજા વિભા-ગના પક્ષને પોતાની પૂજા ઉપાસના કરવામાં જરા પણ ખલેલ પહોંચે નહિ, અથવા તો તેમની ધાર્મિક માન્યતા, લાગણી કે તેમની માલેકીના હક્કને જરા પણ હાનિ પહોંચે નહિ. બન્ને પક્ષ વચ્ચે નક્કી કરવામાં આવે છે કે આ જંગલની જે ચોખ્ખી આવક થાય તે આવક ૪૦ ટકા અને ૬૦ ટકાના પ્રમાણમાં અનુક્રમે પહેલા પક્ષ અને બીજા પક્ષ વચ્ચે દર વર્ષે વહેંચી લેવામાં આવશે.

(૪) બન્ને પક્ષો આથી કબૂલ કરે છે કે અહીં જે સમાધાન કરવામાં આવે છે અને રેકર્ડ કરવામાં આવે છે તે ધ્યાનમાં લઈને ૧૯૫૦ નાં બિહાર લેન્ડ રીફૉર્મ્સ ઍકટની કલમોમાં સૂચવવામાં આવેલ છે તેવા કોઈ વળતરનો પ્રશ્ન હવે ઊભો રહેશે નહિ.

(૫) બન્ને પક્ષો તરફથી વિશેષમાં એમ પણ નક્કી કરવામાં આવે છે કે જંગલના વહીવટ અને વિકાસને લગતી બાબતોમાં સલાહ આપવા માટે એક એડવાઈઝરી કમિટી ઊભી કરવામાં આવશે. આ કમિટી બીજો પક્ષ જેનાં નામો આપે તેવા શ્વેતાંબર મૂર્તિ-પૂજક જૈન કોમના બે પ્રતિનિધિઓ અને બિહાર સરકાર દ્વારા સૂચ-વવામાં આવનાર બે પ્રતિનિધિઓની બનશે. શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન કોમની વતી બીજો પક્ષ ત્રણ નામોની યાદી રજૂ કરશે જેમાંના એકની બિહાર સરકાર ચેરમેન–પ્રમુખ તરીકે નિમણૂંક કરશે.

(૬) જંગલોનો એવી રીતે વહીવટ કરવામાં આવશે કે અત્યારે જે મંદિરો છે તે અને તેની આસપાસના અડધા માઈલનો પ્રદેશ જંગલખાતાના વહીવટથી હંમેશાને માટે મુકત રહેશે. જંગલખાતાના વહીવટ નીચેના પહાડી વિભાગમાં કોઈ પણ મકાન કે બાંધકામ કરવા દેવામાં આવશે નહિ, પણ જો બીજો પક્ષ કોઈ પણ વખતે જંગલખાતાના વહીવટ નીચેના પહાડમાં કોઈ ધાર્મિક હેતુ માટે અથવા તો યાત્રાળુઓની સગવડ માટે કાંઈ પણ બાંધકામ કરવાનું વિચારશે તો જંગલ ખાતું કે રાજ્ય સરકાર તરફથી તે સામે કોઈ પણ જાતનો વાંધો ઉઠાવવામાં નહિ આવે, એટલું જ નહિ પણ, આ માટે લેખિત વિનંતિ કરવામાં આવતાં ૧૫ દિવસની અંદર જંગલ ખાતું તથા બિહાર સરકાર તરફથી સર્વ પ્રકારની સગવડ આપવામાં આવશે.

(૭) શિકાર, શૂટીંગ, માછલી પકડવી. પશુઓ કે પક્ષીઓની હિંસા કરવી, અથવા તો આ પહાડ ઉપર કે આસપાસ આમિષ-આહાર લેવો–આ બધી બાબતોની સખ્ત બંધી કરવામાં આવશે.

(૮) જંગલના વહીવટ અને વિકાસમાં અહિંસાના સિદ્ધાંતનો ભંગ થાય એવી કોઈ પણ દવાનો ઉપયોગ કરવામાં ન આવે એ બાબતની પૂરી સંભાળ રાખવામાં આવશે.

(૯) સરકારના જંગલ ખાતાના અધિકારીઓ અને તેમનો સ્ટાફ જૈન કોમની લાગણીઓનો દરેક બાબતમાં પૂરો આદર કરશે અને આ પહાડ ઉપર પૂજા, ધર્મધ્યાન કે ક્રિયાકાંડ કરવામાં યાત્રાળુ-ઓને કશી પણ દખલ કે અગવડ પહોંચાડવામાં નહીં આવે.

(૧૦) ધાર્મિક કાર્યો કરવા માટે જંગલમાંથી લાકડાંની કે જંગ-લની કોઈ પણ પેદાશની હેરફેર કરવાની શેઠ આણંદજી કલ્યાણજીને પૂરી છૂટ રહેશે.

અનુવાદક : **પરમાનંદ**

# સમેતશિખરજીનું સુખદ સમાધાન, પણ–

બિહાર સરકારે ૧૯૫૩ની બીજી મેના રોજ ૧૯૫૦ના બિહાર લેન્ડ રીફૉર્મ્સ એકટ નીચે સમેતશિખરના પહાડનો કબજો લેવાને લગતું એક નોટીફિકેશન બહાર પાડ્યું હતું. એમ છતાં, આ સંબંધમાં શેઠ આણંદજી કલ્યાણજી અને બિહાર સરકાર વચ્ચે પત્રવ્યવહાર અને વાટાઘાટો ચાલતી હોઈને કેટલાંય વર્ષો સુધી સરકાર તરફથી કોઈ સક્રિય પગલું લેવામાં આવ્યું નહોતું, અને જેને 'સ્ટેટસ કો' કહે છે એવી સ્થગિત સ્થિતિ ચાલ્યા કરતી હતી. આમ છતાં, તા. ૨-૪-૬૪ ના રોજ બિહાર સરકારે બિહાર લેન્ડ રીફૉર્મ્સ એકટ નીચે એક અણ-ધાર્યું નોટીફિકેશન કાઢીને સમેતશિખરના આખા પહાડનો એકાએક કબજો લઈ લીધો અને તે કારણે વસ્તુતઃ આખા જૈન સમુદાયમાં ભારે મોટો પ્રક્ષોભ પેદા થયો. આ સંબંધમાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ અને મુંબઈ ખાતે નિમાયલી શ્રી સમેતશિખર તીર્થરક્ષા સમિતિએ બિહાર સરકારના મુખ્ય પ્રધાન સાથે જોરદાર વાટાઘાટો ચલાવી અને તેના પરિણામે ગત ફેબ્રુઆરી માસના પહેલા અઠવાડિયાઆમાં જે કરારનામું થયું છે (આની વિગતો આ અંકમાં અન્યત્ર આપવામાં આવી છે.) તેણે મૂળ સ્થિતિમાં કેટલોક પાયાનો ફેરફાર કર્યો છે. આ પહાડના જંગલનો વહીવટ કરવા માટે શ્વેતાંબર મૂ. સમાજના પ્રતિનિધિઓ અને બિહાર સરકારના પ્રતિ-નિધિઓનું એક એડવાઈઝરી બોર્ડ ઊભું કરવાનું નકકી કરવામાં આવ્યું છે અને તીર્થની પવિત્રતા સર્વ પ્રકારે જળવાય એવી બિહાર સરકાર તરફથી બાંહેધરી આપવામાં આવી છે અને પોતાના જમીનદારીહકના બદલામાં પહાડની આવકમાંથી ૧૦૦ ના ૬૦ ટકા આવક લેવાનું આણંદજી કલ્યાણજીની પેઢીએ સ્વીકાર્યું છે. તદુપરાન્ત જ્યાં જ્યાં મંદિર, દેરી કે ધર્મશાળા હોય તેની આસપાસ-ના અડધા માઈલના વિસ્તારને બિહાર લેન્ડ રીફૉર્મ્સ એકટ કે ફોરેસ્ટ એકટથી મુકત કર્યો છે. હવે જો આ તીર્થ માત્ર શ્વેતાંબર મૂર્તિ-પૂજક સમુદાયનું હોત અને તેમાં જૈન સમાજના એટલા જ મહત્ત્વના અન્ય સમુદાય - દિગંબર મૂર્તિપૂજક વિભાગનું કોઈ પણ હિત નિહિત ન હોત તો આજના સંયોગમાં આ જે સમાધાની થઈ છે તે સર્વ પ્રકારે અભિનન્દનયોગ્ય લેખાત અને આવી સમાધાની સાધવા માટે એક બાજુએ બિહાર સરકારના મુખ્ય પ્રધાન શ્રી કૃષ્ણવલ્લભ સહાય, તથા તા. ૧-૩-૬૫ના 'વિશ્ર્વવાત્સલ્ય' માં સ્પષ્ટ ઉલ્લેખ કરીને જણાવવામાં આવ્યું છે તે મુજબ કેન્દ્રના રેલવે પ્રધાન શ્રી એસ. કે. પાટીલ તથા કૉંગ્રેસી આગેવાન શ્રી કે. કે. શાહ કે જેમની દર-મિયાનગીરીએ આ સમાધાની સિદ્ધ કરવામાં ઘણો મહત્ત્વનો ભાગ ભજવ્યો છે અને બીજી બાજુએ મુંબઈની સમેત શિખર તીર્થ રક્ષા સમિતિ વતી વાટાઘાટો ચલાવવામાં જેમણે અપાર પરિશ્રમ ઉઠાવ્યો છે અને અપૂર્વ કુશળતા દાખવી છે, એવા શેઠ રમણલાલ દલસુખભાઈ ઝોફ અને શેઠ આણંજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ શેઠ કસ્તુરભાઈ લાલભાઈ સૌ કોઈના હાર્દિક ધન્યવાદને પાત્ર લેખાત.

પણ આ પ્રશ્નના સંદર્ભમાં એ હકીકતની ઉપેક્ષા થઈ શકે એમ છે જ નહિ કે સમેત શિખરજીના તીર્થનું મહત્ત્વ જેટલું શ્વે. મૂ. વિભાગ માટે છે તેટલું જ મહત્ત્વ દિગંબર વિભાગ માટે છે. આ તીર્થની પવિત્રતા માટે બન્ને સમુદાય એક સરખો આગ્રહ ધરાવે છે. આ તીર્થની યાત્રાએ દર વર્ષે શ્વેતાંબર મૂર્તિપૂજકો જેમ હજારોની સંખ્યામાં જાય છે અને પોતાને કૃતકૃત્ય માને છે તેવી જ રીતે દિગંબર જૈનો હજારોની સંખ્યામાં આ તીર્થની યાત્રા કરીને ધન્યતા અનુભવે છે. જૈનોના ૨૪ તીર્થંકરોમાંથી ૨૦ તીર્થંકરોની અને ભગવાન મહાવીરના પ્રથમ ગણધર ગૌતમ સ્વામીની નિર્વાણ-ભૂમિ તરીકે આ તીર્થ અંગે બન્ને સમુદાયને મન એક સરખું મહત્ત્વ અને ભકિતભાવ છે.

અને એ હકીકતની પણ ઉપેક્ષા થઈ શકે તેમ નથી કે આ વાટાઘાટોમાં અગત્યનો ભાગ ભજવનાર મુંબઈની શ્રી સમેત શિખર તીર્થરક્ષા સમિતિએ સમેત શિખર અંગે જે આન્દોલન ચલાવ્યું છે તે માત્ર જૈન શ્વે. મૂ. વિભાગના નામે નહિ પણ આખી જૈન કોમના નામે ચલાવ્યું છે.

અને આ તીર્થનો બિહાર સરકારે કબજો લીધો અને તે સામે શ્વે. મૂ. સમાજે વાંધો ઊઠાવ્યો અને આ ઝગડાના નિકાલની વાટાઘાટો શરૂ થઈ તે તબક્કે દિગંબર સમાજ વતી શેઠ આણંદજી કલ્યાણજી જેટલી પ્રતિષ્ઠા ધરાવતી ભારતવર્ષીય દિગંબર જૈન તીર્થક્ષેત્ર કમિટી તરફથી પણ, આ તીર્થમાં દિગંબર જૈનોનું કેટલું હિત રહેલું છે તેની રજુઆત કરીને, આ તીર્થના ભાવી અંગે જે કાંઈ વાટાઘાટો ચલાવવામાં આવે અને જે કાંઈ નિકાલ આવે તેમાં, દિગંબર જૈનોના પ્રતિનિધિઓનો અવાજ અને સ્થાન હોવું જોઈએ એ મતલબનાં અધિકૃત નિવેદનો બિહાર સરકાર સમક્ષ રજુ કરવામાં આવ્યાં હતાં અને દિગંબર તીર્થક્ષેત્ર કમિટીના મહામંત્રી શ્રી ચંદુલાલ કસ્તુરચંદ તેમના એક પરિપત્રમાં જણાવે છે તે મુજબ થોડા મહિના પહેલાં દિગંબર સમાજનું એક પ્રતિનિધિમંડળ બિહાર સરકારના મુખ્ય મંત્રી તથા રેવન્યુ મંત્રીને મળ્યું હતું અને તેમણે પૂર્ણરૂપમાં આશ્વાસન આપ્યું હતું કે, જ્યારે પણ આ પહાડ સંબંધમાં કોઈ પણ પ્રકારનું સમાધાન કરવામાં આવશે ત્યારે દિગંબર પ્રતિનિધિઓને પણ બોલાવવામાં આવશે અને સાથે સાથે એમ પણ આશ્વાસન આપ્યું હતું કે, પરામર્શ સમિતિમાં દિગંબર તથા શ્વેતાંબર સમાજના પ્રતિનિધિઓને સમાન સંખ્યામાં સામેલ કરવામાં આવશે.

આ બધું છતાં જે કાંઈ સમાધાન કરવામાં આવેલ છે તે માત્ર બિહાર સરકાર અને શ્વેતાંબર સમાજ વચ્ચે કરવામાં આવેલ છે અને તેમાં દિગંબર સમાજ વિષે કોઈ પણ સ્થળે ઉલ્લેખ સરખો પણ કરવામાં આવ્યો નથી. આ હકીકતે દિગંબર સમાજમાં તીવ્ર અસંતોષ પેદા કર્યો છે અને તે અસંતોષ ઉગ્ર આંદોલનનું સ્વરૂપ ધારણ કરે અને જૈનોના આ બે પ્રમુખ સમુદાયો વચ્ચે સંઘર્ષ અને બેદિલી પેદા કરે એવો સંભવ છે.

આ મુદ્દાનો 'ટેકનીકલી' - કાનુની પરિભાષામાં - એવો જવાબ આપી શકાય કે આ પ્રશ્ન માત્ર બિહાર સરકાર અને શ્વે. મૂ. સમાજનું પ્રતિનિધિત્વ ધરાવતી શેઠ આણંદજી કલ્યાણજી વચ્ચેનો—કેવળ પેઢીની જમીનદારીને લગતો—હતો અને તેમાં દિગંબર સમાજના કોઈ હક્ક કે દાવા માટે અવકાશ જ ન હતો. આ આખા પ્રકરણને બારીકીથી નિહાળીએ છીએ તો એમ માલુમ પડે છે કે બિહાર લૅન્ડ રીફૉર્મ્સ ઍક્ટ નીચે તા. ૨-૫-૫૩ના નોટીફિકેશનથી જ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીની સમેતશિખરના પહાડ અંગેની જમીનદારી ખતરામાં પડી હતી, અથવા તો 'ટેકનીકલી' ખતમ થઈ હતી અને તેથી આના બદલામાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને શું વળતર આપવું અથવા તો તેનું સમાધાન થાય એ રીતે પહાડના જંગલોને લગતી સંયુકત વહીવટી રચનાને કેવો આકાર આપવો અને પહાડના જંગલોમાંથી થતી આવકની કેવી રીતે ફાળવણી કરવી એ જ માત્ર બિહાર સરકાર સામે પ્રશ્ન હતો. પ્રસ્તુત કરારનામું માત્ર આટલી મર્યાદા સ્વીકારીને કરવામાં આવ્યું હોત તો દિગંબર સમાજના હકક—અણહકકનો કોઈ ખાસ પ્રશ્ન જ ઊભો ન થાત. પણ આ કરારનામું જમીનદારીમાંથી થતી આવકના પ્રશ્ન ઉપરાંત તીર્થને લગતી અનેક સર્વસામાન્ય બાબતોને સ્પર્શે છે, જેમાં દિગંબર સમાજનું એટલું જ હિત સમાયલું છે. વસ્તુતઃ બિહાર સરકારે ૧૯૫૩ની સાલમાં નોટીફિકેશન કાઢયું, અને ૧૯૬૪ એપ્રીલ માસની બીજી તારીખે આખા પહાડનો કબજો લીધો ત્યાર બાદ સમેતશિખર તીર્થ અંગે એક સદન્તર નવી જ પરિસ્થિતિ ઊભી થઈ હતી અને તે અંગેની વાટાઘાટોના પરિણામે બિહાર સરકાર તથા માત્ર શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી અને શ્વે. મૂ. સમાજ વચ્ચે જ નહિ પણ આખા જૈન સમાજ વચ્ચે એક નવી જ Relationship — સંબંધભૂમિકા — નિર્માણ થઈ હતી. આવી પરિસ્થિતિમાં સમેત શિખર તીર્થ સાથે શ્વેતાંબર સમાજ જેટલો નિકટનો સંબંધ ધરાવતા દિગંબર સમાજની અવગણના થઈ શકેજ નહિ. આમ છતાં આ જે કરારનામું કરવામાં આવ્યું છે તે કેવળ એકપક્ષી એટલે કે દિગંબર સમાજને સદન્તર બાજુએ રાખીને થયું છે, અને તેની કલમો એક પછી એક વાંચતા એવી છાપ ઊભી થાય છે કે, આ તીર્થ માત્ર શ્વેતાંબર સમાજનું જ છે અને બિહાર સરકારે આ બાબતને જ હકીકતરૂપે સ્વીકારી છે, જે વાસ્તવિકતાથી તદન વિરુદ્ધ છે.

તદુપરાંત બન્ને સમાજ વચ્ચે પોતપોતાના હકકો વિષે આજ સુધી સરકારી કોર્ટો દ્વારા પ્રીવીકાઉન્સીલ સુધી લડતો લડવામાં આવી છે અને પ્રત્યેક સમાજના પૂજા ઉપાસનાના તેમ જ અન્ય કોટિના હકકો અંગે મહત્ત્વના ચુકાદાઓ આપવામાં આવ્યા છે. આ ચુકાદાઓનો પણ પ્રસ્તુત કરારનામામાં જરૂરી નિર્દેશ થવો જોઈતો હતો, કે જેથી ભવિષ્યમાં માત્ર આ કરારનામાને આગળ ધરીને એક યા બીજા પક્ષને - ખાસ કરીને દિગંબર સમાજને - પ્રાપ્ત થયેલા ધાર્મિક હકકોનો કોઈ ઈનકાર કરી ન શકે.

આમ, સમેતશિખર તીર્થ અંગે ઉપસ્થિત થયેલા પ્રશ્નનું, જૈન સમાજના બન્ને પ્રમુખ વિભાગોને અનુલક્ષીને યોગ્ય નિરાકરણ સાધવાની જવાબદારી ખાસ કરીને બિહારની કૉંગ્રેસ સરકારની અને આ સમાધાનમાં નિમિત્તભૂત થનાર શિખરસ્થ કૉંગ્રેસી આગેવાનોની હતી. તેઓ જે કાંઈ કરે તે ન્યાયવૃત્તિ અને તટસ્થતાપૂર્વકનું હોવું ઘટે. પ્રસ્તુત સમાધાનમાં તેમના પક્ષે આ ન્યાયવૃત્તિનો અને તટસ્થતાનો જાણતાં કે અજાણતાં લોપ થયો હોય એમ લાગે છે.

પરિણામે બિહાર સરકાર અને શ્વેતાંબર મૂર્તિપૂજક સમુદાય પૂરતો આ પ્રશ્નનો અન્તિમ નિકાલ આવ્યો છે એમ માની લઈએ તો પણ બિહાર સરકાર અને દિગંબર સમાજ વચ્ચે તેમ જ શ્વેતાંબર તથા દિગંબર સમાજ વચ્ચે સંઘર્ષનું એક નવું દુઃખદ નિમિત્ત ઊભું થયું છે. જેઓ જૈન સમાજના ભિન્ન ભિન્ન ફિરકાઓમાં એકતા સ્થપાય, સુદૃઢ થાય એમ અન્તરથી ઈચ્છી રહ્યા છે અને તે દિશાએ વર્ષોથી પ્રયત્ન કરી રહ્યા છે તેમના માટે આ સમાધાન નવી ચિન્તાનો વિષય બન્યો છે.

આ બાબત અંગે વિશેષમાં એમ જાણવા મળે છે કે, બિહાર સરકારને જે બે સભ્યોની, સમેતશિખરના પહાડના વહીવટ અંગે નિમાનાર સલાહકાર સમિતિમાં, નિમણુક કરવાની છે તેમાંનો એક દિગંબર સમાજનો પ્રતિનિધિ હશે એવો તે સરકારે ઠરાવ કર્યો છે અને તેના અન્વયે એક દિગંબર પ્રતિનિધિની નિમણુંક કરવા દિગંબર જૈન તીર્થક્ષેત્ર સમિતિને લેખીત રીતે જણાવવામાં આવ્યું છે. દિગંબર સમાજને જાણે કે પોતાના હાથે અન્યાય થયો હોય તેનું પ્રમાર્જન કરવા માટે બિહાર સરકારને આવું પગલું ભરવાની જરૂર ભાસી હોય એમ લાગે છે. પણ આ જોગવાઈ માત્ર સરકારી ઠરાવ રૂપે રહે એ યોગ્ય નથી, કારણ કે એ ઠરાવને બિહાર સરકાર ગમે ત્યારે ફેરવી કે ઉથાપી શકે છે. જરૂર છે આ જોગવાઈને મૂળ કરારનામામાં અન્તર્ગત કરવાની અને આશા રાખીએ કે, બિહાર સરકાર શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીની અનુમતિ મેળવીને એ જોગવાઈને મૂળ કરાર નામામાં ઉમેરશે.

જે કરારનામાને જૈન શ્વે. મૂ. સમાજમાં ચારે દિશાએથી પોતાની એક મહાન સિદ્ધિ તરીકે વધાવી લેવામાં આવ્યું છે તે કરારનામા ઉપર આવી ટીકાટીપ્પણી કરતાં હું ઘણું દુઃખ અનુભવું છું. હકીકત એમ છે કે ૧૯૧૮ની સાલમાં પહાલગંજના રાજા પાસેથી આ પહાડને લગતી જમીનદારી દિગંબર સમાજ માટે ખરીદી લેવાનો પ્રયત્ન પહેલા સર હુકમીચંદ મારફત કરવામાં આવ્યો હતો અને તે અંગે બન્ને વચ્ચે વાટાઘાટો ચાલતી હતી અને એ માટે રૂા. ૫૦૦૦૦ ની રકમ પણ earnest mony — બહાનાની રકમ — તરીકે આપવામાં આવી હતી, પણ એ દરમિયાન શ્વેતાંબર મૂ. સમાજના આગેવાનો જઈ પહોંચ્યા, દિગંબરો સાથે થતો સોદો અટકાવ્યો અને ઘણી મોટી રકમ આપીને શ્વેતાંબર મૂ. સમાજ માટે સમેતશિખરનો પહાડ ખરીદી લીધો. આ હકીકત ઉપરથી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજમાં એક વિભ્રમ પેદા થયો છે કે, આ પહાડ વેચાણ લીધો એટલે તે ઉપરના બધા હકક માત્ર પોતાને જ મળી ગયા છે અને અન્ય

કોઈ સમુદાયને તે સાથે કશી લેવાદેવા છેજ નહિ. આ વિભ્રમનું વિશ્લેષણ કરવા માટે કોઈ ખાનગી મિલકતના વેચાણમાં અને આવું કોઈ તીર્થ કે જેની સુરક્ષા અને પવિત્રતા માટે બે ભિન્ન સમુદાયો એક સરખો આગ્રહ ધરાવતા હોય અને જે ઉભય–માન્ય હોય તેવા તીર્થના વેચાણમાં રહેલો મહત્ત્વનો ભેદ સમજવો જરૂરી છે. કોઈ પણ ઘર કે ખેતર વેચાતું લેવામાં આવે તો તે ખરીદનારને તેના ઉપર સર્વ સુવાંગ અધિકાર મળે છે, પણ જ્યારે કોઈ ઉભયમાન્ય તીર્થના વેચાણનો પ્રશ્ન હોય ત્યારે, મૂળ જમીનદાર અને ઉભયમાંના એક વર્ગ સાથે ગમે તેવું વેચાણખત થયું હોય તો પણ, તે વર્ગને તે તીર્થ અંગે સર્વથા અબાધિત એવો અધિકાર મળી ન જ શકે; તેને જે કાંઈ હક્ક કે અધિકાર મળે તે અન્યના પરંપરાગત હક્ક અને અધિકારને અધીન રહીને જ મળી શકે. દા. ત. આજની પરિસ્થિતિમાં પણ સમેતશિખરના પહાડ ઉપર સંપૂર્ણ માલેકીનો દાવો કરનાર આણંદજી કલ્યાણજીની પેઢી કોઈ પણ દિગંબર યાત્રિકને પહાડ ઉપર પોતાની રીતે પૂજાઉપાસના કરતો અટકાવી શકે તેમ છે જ નહિ. આ સાદી સીધી વાત સમજવામાં આવે અને સાથે સાથે સમેતશિખર તીર્થની બાબતમાં જેટલું ધાર્મિક હિત શ્વેતાંબર મૂ. સમાજનું છે એટલું જ ધાર્મિક હિત દિગંબર સમાજનું રહેલું છે એ હકીકતનો જો મુક્ત મને સ્વીકાર કરવામાં આવે તો સમેતશિખર અંગે કરવામાં આવેલાં કરારનામા સામે દિગંબર સમાજમાં ઊભા થયેલા પ્રચંડ વિરોધનું કારણ સહેલાઈથી સમજી શકાશે અને આ બાબતમાં દિગંબર સમાજના મનનું સમાધાન કરવું કેટલું જરૂરી છે તેનો ખ્યાલ આવશે.

આપણે આશા રાખીએ તથા નમ્રભાવે અને એમ છતાં આગ્રહપૂર્વક શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી અને તેના વર્તમાન સૂત્રધાર શેઠ કસ્તુરભાઈ લાલભાઈને અનુરોધ કરીએ કે પ્રસ્તુત કરારનામાના પરિણામે જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગના પ્રતિનિધિત્વ ધરાવતી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને અને તેના પ્રમુખ શેઠ કસ્તુરભાઈ લાલભાઈને સમેતશિખરની બાબતમાં અસાધારણ વર્ચસ પ્રાપ્ત થયું છે તો તેઓ માત્ર શ્વે. મૂ. સમાજના સ્વાર્થનો તેમ જ હિતનો વિચાર ન કરતાં સમગ્ર જૈન સમાજની દૃષ્ટિએ આ બાબતનો વિચાર કરે અને આજના સમયમાં જૈન સમાજના આ બે પ્રમુખ વિભાગોમાં એકતા સ્થપાવાની તેમ જ સુદૃઢ થવાની કેટલી જરૂર છે તેનો પૂરો ખ્યાલ કરે અને સમેતશિખર તીર્થ પૂરતી દિગંબર સમાજની સ્થિતિ વારસાવંચિત ઓશિયાળા સાવકા ભાઈ જેવી છે– જો ૧૯૧૮ની સાલમાં દિગંબર સમાજ સાથે કરવામાં આવેલો સોદો કાયમ રહ્યો હોત તો શ્વે. મૂ. સમાજની સ્થિતિ પણ કદાચ આવી જ હોત–તે સ્થિતિનું નિવારણ કરીને મોટો ભાઈ નાનાભાઈને બાજુએ બેસાડે તેમ દિગંબર સમાજના સ્વમાનને અનુરૂપ સ્થાન નવી રચનામાં આપવાની ઉદારતા અને સમયસૂચકતા દાખવે.

પરમાનંદ

## અતુલ પ્રૉડક્ટ્સ વિષે પૂરક માહિતી

('પ્રબુદ્ધ જીવન'ના ગતાંકમાં કરવામાં આવેલ વલસાડ પર્યટનના વર્ણનમાં વલસાડની બાજુએ આવેલ અતુલ પ્રૉડક્ટસ વિષે કેટલીક માહિતી આપવામાં આવી છે. તે લખાયા બાદ શ્રી વિમલાબહેન સિદ્ધાર્થ લાલભાઈ તરફથી અતુલ પ્રોડક્ટ્સની વસાહત વિષે કેટલીક પૂરક માહિતી પૂરું પાડતું લખાણ મળ્યું છે. આ લખાણ ઉપયોગી અને રસપ્રદ લાગવાથી નીચે સાભાર પ્રગટ કરવામાં આવે છે. તંત્રી)

વલસાડની પાસે પારનેરાની ટેકરી છે, અને તેના ઉપર ગુજરાતના સુલતાનોના સમયનો એક કિલ્લો છે. ટેકરીની પાસેથી પાર નદી વહે છે, અતુલ ગામ પારનેરાની તળેટીમાં વસાવાયું છે અને ટેકરી અને નદીની વચ્ચે છે.

આમ તો અતુલ ગામ જેને ઔદ્યોગિક વસાહત કહી શકાય તેવું ગામ છે. પહેલાં એ જમીનોમાં ઘાસીયાં હતાં અને ખેતી ભાગ્યે જ થતી હતી. જ્યારે અતુલ કંપનીને જમીનની જરૂર પડી, ત્યારે પારનેરાની તળેટીની આ જમીન ઘણા મોટા વિસ્તારમાં પસંદ કરવામાં આવી. આ જમીન પસંદ કરવાનાં બે-ત્રણ કારણો હતાં. એક તો મોટા ભાગની જમીન પડતર જમીન હતી. બીજું, જમીનથી દરિયો માત્ર દોઢ માઈલ દૂર હતો, અને ભરતીનાં પાણી છેક જમીન સુધી આવતાં હતાં. ત્રીજું, પાર નદીમાં બંધ બાંધી શકાય એવી સગવડ હતી.

આજે તો અતુલ કંપનીએ પાર નદી ઉપર ૮૦૦ ફૂટ લાંબો, અને સરેરાશ ૨૫ ફૂટ ઊંચો એવો બંધ બાંધી દીધો છે. બંધ એવી જગ્યાએ બાંધ્યો છે કે એની એક તરફ ભરતીનું પાણી અથડાય. બંધ બાંધવાથી પાર નદીમાં એક માઈલ લાંબું એવું નાનું સરોવર બની ગયું છે. નદી ડુંગરાળ છે અને એના કિનારા ઊંચા છે. અતુલ ગામ આ સરોવરને કિનારે ઊંચાણવાળા ભાગમાં વસાવેલું છે. ગામને તેમ જ કારખાનાને આ સરોવરમાંથી પાણી મળી રહે છે. અને કારખાનાનું ગંદુ પાણી ભરતીમાં વહી જાય છે.

અતુલ ગામ ત્રણ મુખ્ય ભાગોમાં વહેંચાયેલું છે. (૧) કારખાનાનો વિભાગ (૨) વસાહતનો વિભાગ (૩) રમત ગમત તેમ જ બીજી સામાજિક પ્રવૃત્તિનો વિભાગ. કારખાનાના વિભાગમાં પચાસ સાઠ જુદાં જુદાં મોટાં મકાનો છે, અને એકંદરે કારખાનાના વિભાગમાં લગભગ રૂા. ૨૦ કરોડની ઉપરનું રોકાણ છે. મકાનો છૂટા છૂટાં બાંધેલાં છે, અને દરેકની વચ્ચે ઓછામાં ઓછું ૧૦૦ ફૂટનું અંતર છે. દરેક મકાનની આસપાસ મોટા પાકા રસ્તા છે, અને એ રસ્તા ઉપર જાતજાતનાં ઝાડ રોપેલાં છે. તેથી કારખાના વિભાગમાં પણ એવું ન લાગે કે કેવળ તોતિંગ મકાનો જ છે. ઊલટું, એવું લાગે કે કારખાનાને એક બગીચામાં બેસાડેલું છે. સામાન્ય ઔદ્યોગિક વસાહતમાં રહેવાનાં મકાનો મોટા શહેરોનાં માળાઓ જેવાં હોય છે જેમાં એક મકાનમાં સહેજે પંદર વીસ કુટુંબો રહે. અને એવા માળાઓની હારની હાર બાંધેલી હોય છે. એટલે એ વિભાગમાં દાખલ થતાં કોઈ શહેરમાં દાખલ થયાં હોઈએ એવું લાગે છે. અતુલમાં આવું નથી. દરેક એક અથવા બે કુટુંબો માટે છુટાં અને બેઠા ઘાટનાં મકાનો છે. અને કોઈ પણ કોલોનીમાં બસોથી વધારે કુટુંબોની સગવડ નથી. વળી, જુદી જુદી કોલોની વચ્ચે પણ ખાસું એવું અંતર રાખવામાં આવેલું છે, જેથી એક કોલોની બીજી કોલોનીથી સ્વતંત્ર લાગે. દરેક કોલોનીમાં રમતગમતને માટે ખુલ્લી જમીન છે. પણ મુખ્ય વાત એ છે કે દરેક કોલોનીમાં પુષ્કળ ઝાડ ઉગાડવામાં આવ્યાં છે; તેમ જ એક કોલોની અને બીજી કોલોની વચ્ચેની જમીન પણ પુષ્કળ ઝાડોથી ભરી દેવામાં આવી છે. આ કારણસર વસાહતમાં લગભગ ૩૦૦૦ માણસો રહેતાં હોવા છતાં વસતિ દેખાતી નથી, અને ફૂલઝાડથી ભરપુર એવા એક રમણીય ગામમાં આવ્યા હોઈએ એવું લાગે છે. આગળ જણાવ્યું તેમ મકાનો બેઠા ઘાટનાં અને છૂટાંછવાયાં છે; તેમાં પાણીના નળ, વીજળી, તેમ જ ફ્લશના જાજરૂની સગવડ છે, એટલે કે એક નાનું સરખું ગામ જેવું દેખાવા છતાં તેમાં શહેરની બધી સગવડો છે. મહેમાનો માટે ગેસ્ટ હાઉસ છે. રમતગમત વિગેરેનો વિભાગ ગામની વચ્ચોવચ્ચ છે, તેમાં ૩૦૦૦ માણસો બેસી શકે એવું પાકું ઓપન એર થિયેટર છે. ચોમાસા સિવાયની ઋતુઓમાં ત્યાં દર શનિવારે ફિલ્મ બતાવવામાં આવે છે, અથવા નૃત્ય કે નાટક જેવા બીજા પ્રયોગો રાખવામાં આવે છે. ઓપન એર થિયેટરની પાસે ક્રિકેટ ગ્રાઉન્ડ, ફૂટબોલ ગ્રાઉન્ડ, બેડમીંગટન કોર્ટ, ટેનીસ કોર્ટ–એવી બીજી જગ્યાઓ છે. આજ વિભાગમાં બાળમંદિર, પ્રાથમિક શાળા અને માધ્યમિક શાળા તથા ઊર્મિમંડળ પણ છે. કંપનીએ નદીને કિનારે એક શિવ મંદિર પણ બાંધ્યું છે. આ બધી જ જગ્યાઓની આસપાસ પુષ્કળ ઝાડપાન છે. અડસટે કહી શકાય કે કંપનીએ લગભગ ૬૦,૦૦૦ સાઠ હજાર નવાં ઝાડો રોપ્યાં છે.

કંપનીના કારખાનામાં મુખ્યત્વે રંગ અને દવાઓ બને છે. જે રંગો બને છે તે સુતરાઉ, ઉની, રેશમી વિગેરે કાપડ ઉદ્યોગમાં, શણ ઉદ્યોગમાં અને ચામડાના ઉદ્યોગમાં વપરાય છે. દવાઓમાં એકેમાઈસીન, ઓરીયોમાઈસીન સલ્ફાથાયેઝોલ, સલ્ફાફ્રડાયેઝીન, કોરેમીન-વિ. દવાઓ બને છે. કારખાનાની શરૂઆત ૧૯૫૨માં થઈ. તે વખતે ભારતમાં રંગોનું ઉત્પાદન નહોતું થતું. તેથી એક અમેરિકન કંપનીની મદદથી થોડા રંગોના ઉત્પાદનની શરૂઆત કરી. ત્યાર પછી આઈ. સી. આઈ., સીબા અને લેડરલી જેવી જગવિખ્યાત કંપનીઓ જોડે કરારો કરી, ઉત્પાદનમાં તેમ જ રોકાણમાં વધારો કર્યો. શરૂઆતમાં રોકાણ લગભગ બે કરોડનું હતું, તે આજે વધીને રૂા. ૨૦ કરોડ ઉપરનું થયું છે.

# સુકી ધરતીનાં મીઠાં સ્મરણો

### પૂર્વ આયોજન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યો તથા તેમનાં કુટુંબીજનો માટે એક વાર કચ્છનો પ્રવાસ ગોઠવવાની ઈચ્છા બે ત્રણ વર્ષથી મનમાં રમી રહી હતી, પણ આવો પ્રવાસ ગોઠવવા માટે જે અનેક પ્રકારની સગવડો અને અનુકૂળતાઓ જોઈએ તે નજર સામે દેખાતી નહોતી. ગયે વર્ષે મનથી લગભગ નકકી કરેલું કે સભ્યોને કચ્છ લઈ જવા, પણ મિત્રોનું એમ કહેવું થયું કે, આ વર્ષે કચ્છમાં પાણીનો દુકાળ છે, એટલે આવો પ્રવાસ ગોઠવવામાં જ્યાં ત્યાં ખાસ કરીને પાણીની અગવડ પડવાનો સંભવ છે. વળી વર્ષ સારું હોય અને જઈએ તો વાતાવરણ પણ સવિશેષ આવકારદાયક લાગે. કચ્છના પ્રવાસવિચાર સાથે મનમાં એમ પણ હતું કે પાલણપુર - ડીસા બાજુએ થઈને રેલ્વે દ્વારા હવે કચ્છ જવાનું સરળ થયું છે, પણ તે માર્ગે જવાને બદલે, ધારી અનુકૂળતા મળે તો બધા યાત્રિકોને સમુદ્રમાર્ગે સ્ટીમરમાં કચ્છ લઈ જવા અને પાછા લાવવા. એટલે કચ્છના કાર્યક્રમ સાથે સ્ટીમરમાં જરૂરી સગવડ મળી રહે એવો પ્રબંધ પણ વિચારવાનો હતો. સદભાગ્યે આ વર્ષે કચ્છનો પ્રવાસ ધાર્યા મુજબ ગોઠવી શકાય એવી બધી અનુકૂળતાઓ આ વખતે અમને પ્રાપ્ત થઈ. સ્ટીમરમાં ફર્સ્ટ કે સેકન્ડ ક્લાસમાં જવું હોય તો બહુ વિચારવાનું રહેતું જ નહોતું, પણ અમારે સંઘના સભ્યોને બને તેટલા ઓછા ખર્ચે કચ્છનો પ્રવાસ કરાવવો હતો. એટલે સ્ટીમરમાં પણ થર્ડ ક્લાસ–ત્રીજા વર્ગ – થી અન્ય વર્ગનો વિચાર જ થઈ શકે તેમ નહોતું. અને સ્ટીમરમાં થર્ડ ક્લાસના પેસેન્જરોને વેઠવી પડતી હાલાકી અને ગીરદીનો અમને પૂરો ખ્યાલ હતો. તેથી થર્ડ ક્લાસ વિભાગમાં અમારા આશરે ૪૦ પ્રવાસીઓ માટે કોઈ અલાયદી જગ્યા મળે તો જ સ્ટીમરમાં જવા આવવાનું ગોઠવવું એમ અમે વિચાર્યું. આ અંગે સીન્ધીઆ સ્ટીમ નેવીગેશનના મુખ્ય અધિકારીઓને અમે મળ્યા અને તેઓ ત્રીજા વર્ગના પ્રવાસીઓના દળને 'ટુરીસ્ટ' તરીકે અલાયદી જગ્યા આપી શકે છે એમ તેમણે અમને જણાવ્યું અને અમે જો સ્ટીમર મારફત કચ્છનો પ્રવાસ ગોઠવીએ તો આવી સગવડ આપવાની તેમણે ખાત્રી આપી. હવે કચ્છમાં કયાં કયાં જવું, રાત્રીના કયાં કયાં વાસો કરવો–આની તેમ જ સ્થળે સ્થળે ચાપાણી તેમજ ભોજનની વ્યવસ્થા ગોઠવવાની રહી. વળી કચ્છના પ્રવાસ માટે સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસનો પણ પ્રબંધ કરવાનો રહ્યો. આ માટે કચ્છી વીશા ઓશવાલ પ્રીન્ટીંગ પ્રેસના માલીક શ્રી દામજીભાઈ વેલજી શાહ, જેઓ અમારા સંઘની કાર્યવાહક સમિતિના વર્ષોથી સભ્ય છે તેમણે આ બધી વ્યવસ્થા કરવાનું ભારે ઉમળકાથી માથે લીધું અને તે માટે પારવિનાનો પરિશ્રમ ઊઠાવ્યો. આ સંબંધમાં રાયણમાં તેમના પિત્રાઈ ભાઈ શ્રી મગનભાઈ રહે છે, જેઓ કચ્છના એક અગ્રગણ્ય પ્રજાસેવક છે અને રાયણની સહકારી મંડળીના પ્રમુખ છે. તેમની સાથે તેમણે બે મહિના પહેલાંથી પત્રવ્યવહાર શરૂ કર્યો. તેમણે માંડવીના આગેવાન કૉંગ્રેસી કાર્યકર્તા શ્રી ઝુમખલાલ મહેતા સાથે મળીને અમારા પ્રવાસનો આખો કાર્યક્રમ ઘડયો. જ્યાં જ્યાં અમને ફેરવવાના હતા ત્યાં ત્યાં પત્રથી અથવા જાતે જઈને તેમણે જરૂરી ગોઠવણ કરી લીધી. તદુપરાંત મુંબઈથી કયારે નીકળવું અને પાછા ફરવું તે અંગે ઋતુના હવામાનનો પણ અમારે વિચાર કરવાનો હતો. સમુદ્રના પ્રવાસ માટે જ્યારે ટાઢ ઘટવા માંડી હોય અને ગરમી શરૂ થઈ ન હોય, અને દરિયો મોટા ભાગે શાન્ત અને સ્થિર હોય–એવો ફેબ્રુઆરી મહિનો સર્વશ્રેષ્ટ ગણાતો હોઈને ફેબ્રુઆરી માસમાં જ પ્રવાસ ગોઠવવાનું અમે નકકી કરેલું, પણ સાથે અજવાળિયું હોય તો પ્રવાસ વધારે સુખદાયી અને પ્રસન્નતાપ્રેરક બને એમ વિચારીને ફેબ્રુઆરીની છઠ્ઠી તારીખ (માહ શુદ ૫) થી ફેબ્રુઆરીની ૧૭મી તારીખ (મહા વદ ૧ એટલે દરિયામાં પૂનમ જેટલો જ ઠાઠ હોય) એમ અમે ૧૨ દિવસનો પ્રવાસ નકકી કર્યો.

કચ્છના પ્રવાસની વિગતોને છેવટનો આકાર આપવા માટે અમારા ઉપડવાને ૧૫ દિવસ પહેલાં શ્રી મગનભાઈ બેત્રણ દિવસ માટે મુંબઈ આવી ગયા અને આખો કાર્યક્રમ પાકો કરી ગયા અને અમને સર્વ પ્રકારે નચિન્ત કરી ગયા. વળી પ્રવાસીઓ પાસેથી આ ૧૨ દિવસના પ્રવાસ માટે શું રકમ લેવી તે પણ તેમની સાથે વિચારવાનું હતું. આમાં સ્ટીમરની જવા આવવાની ટીકીટ અને સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસનો ખર્ચ એ સૌથી મોટી બાબતો હતી. ખાવાપીવાનો તથા બીજો પરચુરણ ખર્ચ પણ કાંઈ ઓછો ન જ આવે પણ, કચ્છના મિત્રો અને ત્યાંના પ્રજાજનોની જાણીતી આતિથ્ય પરંપરાને ધ્યાનમાં લેતાં, આ ખર્ચ પ્રમાણમાં હળવો રહેશે એમ સમજીને વ્યકિતદીઠ રૂા. ૧૨૫ લેવાનું અને જરૂર પડે તો પાછળથી વધારે રકમ માંગી લેવાનું ઠરાવ્યું.

આ પૂર્વ આયોજનના ફલક ઉપર આપણે કચ્છનો પ્રવાસ શરૂ કરીએ. આ પ્રવાસનું વર્ણન ડાયરીના આકારમાં અમારા સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે તૈયાર કર્યું છે. લાંબુ લખવાનો કદાચ આ તેમનો પહેલો પ્રયાસ છે, એમ છતાં આશા છે કે, પ્રબુદ્ધ જીવનના વાચકો આ વર્ણનમાં પરિપકવ લેખિનીની રોચકતાનો અનુભવ કરશે.

પરમાનંદ

## સુકી ધરતીનાં મીઠાં સ્મરણો

**"શિયાળે સોરઠ ભલો, ઉનાળે ગુજરાત,**
**ચોમાસે વાગડ ભલો, કચ્છડો બારે માસ"**

સ્ટીમર : સાબરમતી, શનિવાર, તા. ૬–૨–૬૫

'સાબરમતી' સ્ટીમરમાં અમારો સંઘ કચ્છનાં પ્રવાસે જઈ રહ્યો છે. આ સંઘમાં ૧૯ ભાઈઓ, ૧૪ બહેનો અને ૨ બાળકો મુંબઈથી જોડાયા છે. અમારી આ યાત્રાનો ઉદેશ કચ્છનું દર્શન કરવાનો છે. માત્ર તીર્થયાત્રા અમારું લક્ષ નથી.

'સાબરમતી'માં જગ્યા લેવા સભ્યો સવારના ૮/૩૦ વાગે આવી ગયા હતા, - પણ 'સાબરમતી'એ સૌની સાધના માગી. લગભગ દશેક વાગે અમને અંદર પ્રવેશ મળ્યો અને ૧૧/૩૦ વાગ્યાનો ઉપડવાનો સમય હતો એને બદલે લગભગ એક વાગે સાબરમતીએ એનો પડાવ ઉપાડયો...અને જ્યારે પ્રયાણ શરૂ થયું ત્યારે એની ગતિ ખૂબ જ મંદ હતી, પ્રિયજનોનો વિયોગ જાણે એને પણ નો'તો ગમતો. પ્રિન્સેસ ડોકમાંથી સ્ટીમરને બહાર નીકળવાનો દરવાજો ખૂલ્યો અને ખૂબ જ સંભાળીને સાબરમતી બહાર પડી....

સમુદ્રની સહેલગાહ હવે શરૂ થતી હતી...

...પહેલી જ વાર સ્ટીમરમાં પ્રવાસ કરનાર ભાઈબહેનોને મન આ નવી જ દુનિયાનો અનુભવ થતો હતો ... અને તેઓ ડેકના કઠોડા પાસે ઊભા રહી મુંઝવણ અનુભવતા હતા કે ચકકર તો નહિ આવેને? મઝા આવશે કે નહિ? રાતનાં ઊંઘ તો આવી જશેને ?

હવે અમે બધા શાંત સમુદ્રની જેમ શાંત થયા અને ભોજન લેવા એક પંગતે બેસી ગયા. કેન્ટીન પાસે જ અમારી જગ્યા હતી એટલે કેન્ટીનમાંથી સર્વીસ સારી રીતે થતી હતી. સૌ ભાઈબહેનો આનંદથી જમ્યા પછી કેટલાંક આરામ કરવા લાગ્યાં, કેટલાંક ઉપરની ડેકમાં જઈ સમુદ્ર અને આકાશનું દર્શન કરવા લાગ્યાં. ૩-૦ વાગે મુંબઈનો કિનારો દેખાતો બંધ થયો–અને હવે, અમારે આકાશ અને પાણી સિવાય કશું જ જોવાનું ન હતું ... હા, સફેદ પંખીઓનું-'સી-ગલ્સ'નું-એક ટોળું અમારી સ્ટીમર આસપાસ ઘુમરી ખાધા કરતું હતું. હિલોળા લેતાં પાણી ઉપર આ સફેદ પારેવાઓએ હિલોળાં લેતાં લેતાં અમને જાણે કે, આશીર્વાદ આપ્યા "शुभास्ते पन्थाः सन्तु ."

..... અમે કેટલાક મિત્રો પહેલાં વર્ગની કેબીનો જોઈ આવ્યા. અમારા યજમાન દામજીભાઈનાં પત્ની દેવકાંબહેન અને એમની અપંગ પુત્રી રેખા તથા અમારાં પૂજનીય મેનાબેન આ કેબીનમાં હતાં. તેમને મળ્યાં, તેમની તબિયતની પુછપરછ કરી.

સાંજના ૪ વાગ્યા–ચાહનો સમય થયો. ચાહ વિના તો કેમ ચેન પડે? ... ચાહ સાથે બટેટાવડા પણ પીરસાયા ...

હવે સમુદ્ર થોડોક અસ્વસ્થ થતો લાગતો હતો - સ્ટીમરને આમ તેમ ઝોલા ખવરાવતો હતો. શરૂઆતનો મંદ પવન હવે ઠંડીનો અનુભવ કરાવતો હતો. પાણીનો રંગ શરૂઆતમાં આછો લીલો હતો, હવે તે શ્યામલ બનતો લાગતો હતો. આકાશમાં સૂર્યદેવ ક્ષિતિજની

કોરને સ્પર્શી રહ્યા હતા. સંધ્યારાણીએ ગુલાબી ઓઢણી ઓઢી લીધી હતી, અને એક મસ્ત વાતાવરણ સૌ અનુભવવા લાગ્યા હતા. સૂર્યદેવ ....એ જાય છે ... જાય છે ...અને ગયા. હજુ એનું તેજ ચાલુ જ હતું, પણ થોડી જ ક્ષણોમાં એ પણ વિલીન થયું અને આકાશમાં અંધકાર વ્યાપી ગયો. ડેકની બહાર નજર નાખતાં સર્વત્ર પાણી જ પાણી, અને ક્ષિતિજ પણ હવે તો દેખાતું નહોતું. આકાશ સ્વચ્છ હતું, પણ તારાઓ હજુ દૃષ્ટિગોચર થવા લાગ્યા નહોતા. પણ થોડીવારમાં પશ્ચિમ આકાશમાં શુદ્ધ પાંચમની ચંદ્રપાંખડી ચમકવા લાગી અને તારાઓ પણ દેખાવા લાગ્યા. અને એક બહેને કહ્યું, 'આજે વસંતપંચમી છે.' ખરે જ ઋતુરાજ વસંતનો અનુભવ વાયુમંડળ કરાવતો હતો. ક્ષિતિજ પર દીવા દેખાય ત્યારે ત્યાં કિનારો છે-કોઈ શહેર છે-એવું અનુમાન થતું.

... રાતે બધાં થાકયા પાકયા સૂઈ ગયાં. અને જોતજોતામાં સવાર પડી. અને પૂર્વાકાશમાં ઉદય પામેલા સૂર્યબિંબે આખા સાગરપટ ઉપર મધુર પ્રકાશ રેલાવી દીધો. અમારી બાજુએ રહેલ હોસ્પિટલની કેબીન અને બાથરૂમ અમારા ઉપયોગ માટે ખાસ આપવામાં આવેલા, એટલે પ્રાતઃકર્મ પતાવવામાં ખૂબ સગવડ રહી.

**મોટી રાયણ**, રવિવાર, તા. ૭–૨–૬૫

સ્ટીમર સાબરમતી જે માંડવી ૧૧ વાગે પહોંચવાની હતી તે મુંબઈથી મોડી ઉપડવાને કારણે લગભગ ૨ વાગે માંડવી પહોંચી પણ સ્ટીમર તો માંડવીના કિનારાથી દૂર દૂર ઊભી રહે છે - કિનારે પહોંચવા જેટલું પાણી ન હોવાને કારણે.

માંડવી આવી ગયું જાણી અમને આનંદ થયો. પણ હવે અમારી કસોટી હતી. મછવાઓને સાબરમતીએ આવ્હાન કરી દીધું - "હે માંડવીના મચ્છવાઓ પધારો! મુંબઈનાં મહેમાનો તમારી રાહ જુએ છે તેમને લઈ જાઓ. અમે અમારી ફરજ બજાવી લીધી છે. તમે હવે તમારી ફરજ બજાવો."

અને મચ્છવાઓ માંડવીને કિનારેથી છૂટયા. અંદર સંખ્યાબંધ લાલ વસ્ત્રધારી મજૂરો નજરે પડતા હતા. પહેલા મચ્છવામાં પોલીસો અને અધિકારીઓ હતા .... મચ્છવાઓએ સ્ટીમરને સ્પર્શ કર્યો કે તુરત જ મજૂરો જાણે સ્ટીમર ઉપર તૂટી પડયા - જાણે લૂંટારાઓ લૂંટ કરવા ન આવ્યા હોય–અમારી અસહાય દશા જોઈને ! સામાનની હેરફેરની ધમાધમ ચાલી. સામાનો ઊંચકાવા લાગ્યા "હે જૂમા-અચિતો" "ખબરદાર" - શબ્દો સંભળાવા લાગ્યા ... અમારો સામાન મછવામાં ગોઠવાઈ ગયો, હવે અમારે ગોઠવાવાનું હતું. મછવા હિલોળા લેતા હતા. તેમાં સરળતાથી ઊતરવું ગોઠવવું સહેલ નહોતું. મજૂરોની સહાયથી મછવામાં અમે માંડમાંડ પગ માંડી શકતા. અમારામાંથી કંઈક તો મછવામાં પડયા પણ ખરા–પણ એ તો ચાલતા શીખતું બાળક પડે એ રીતે.

હવે અમે માંડવીના કિનારે આવી પહોંચ્યા. નિયત કાર્યક્રમ મુજબ અમારે માંડવીમાં નહિ રોકાતાં માંડવીથી પાંચેક માઈલ દૂર આવેલા રાયણ પહોંચવાનું હતું. કચ્છમાં બે રાયણ હોઈને આ ગામને 'મોટી રાયણ' ના નામથી ઓળખવામાં આવતું હતું. આ ગામ અમારા કચ્છના પ્રવાસના આયોજક શ્રી દામજીભાઈનું હતું અને પહેલી રાત ત્યાં ગાળવાની હતી. અમારું સ્વાગત તો માંડવીથી મછવામાં બેસીને સ્ટીમર ઉપર આવેલા અને શ્રી દામજીભાઈનાં સ્વજનો શ્રી મગનભાઈ, શ્રી કાનજીભાઈ, શ્રી ઝવેરચંદભાઈએ સ્ટીમરમાં જ કર્યું હતું. માંડવીથી રાયણ જવા માટે તેમણે ૧૧ વેલ અથવા તો નાની બળદ ગાડીઓ રોકેલી હતી. આ વેલમાં બેસવા માટે તકિયા અને ચાકળા હતા અને ઉપરના ઢાંકણ માટે ચાર દાંડી ઉપર માથે સુંદર રંગબેરંગી વેલબુટ્ટાવાળા ચંદરવા બાંધેલા હતા. અમે બધાં ત્રણ ત્રણની સંખ્યામાં આ વેલોમાં ગોઠવાયાં અને જાણે કે, ગામને પાદર જાન આવી હોય એમ પંદર શણગારેલી વેલોનો વરઘોડો નીકળ્યો અને માંડવી વટાવી એકાદ કલાકમાં અમે રાયણ પહોંચ્યા. રસ્તામાં બળદગાડીઓ વચ્ચે ભારે હરિફાઈ ચાલતી હતી અને અમારાં કપડાં ધૂળથી ઢંકાઈ જતાં હતાં. આમ તો રાયણ પહોંચવા માટે એકાદ બસ કે ટેકસીઓની ગોઠવણ થઈ શકત, પણ અમને એકવાર કચ્છની આ બળદગાડીના પ્રવાસનો અનુભવ કરાવવો એવી દામજીભાઈની ખાસ ઈચ્છા હતી. આ કોઈ લગ્નની જાન નહોતી એમ છતાં, પણ આ વેલોની હારમાળાએ અમારાં જાનૈયાનો ઉત્સાહ અને ઉમંગ પેદા કર્યો હતો. અમારાં દિલ ઉલ્લાસથી ઊભરાતાં હતાં.

રાયણ પહોંચ્યા એટલે ગામભાગોળે કોઈના સામૈયાની તૈયારી ચાલતી જોવામાં આવી. આગળ ગ્રામજનોનું ટોળું હતું, પાછળ બહેનો ટોળે મળીને એકઠી થઈ હતી. એક કુંવારી બહેનના માથા ઉપર 'ગાગર બેડીયું" (જર્મન સીલ્વરની નાની પાણી ભરેલી હાંડી અને તે ઉપર નાળીયેર મૂકેલું હોય તેને 'ગાગર બેડીયું' કહે છે. આ વડે આવનાર મહેમાનનું સ્વાગત કરવામાં આવે છે) હતું. શરૂઆતમાં અમને લાગ્યું કે, ગામમાં કોઈ જાન આવવાની હશે એના સામૈયાની આ ધમાલ હશે–પણ ના, આ તો અમારી મંડળીનું જ સામૈયું હતું. બહેનો ગીતો ગાતી હતી અને ગામના આગેવાનો "પધારો" – "જે જે" કરી અમને આવકાર આપતા હતા. શરણાઈ અને ઢોલ વાતાવરણને સંગીતમય બનાવતા હતા. અને એક અનેરા ઉત્સવનું વાતાવરણ આજે મોટી રાયણમાં અનુભવાતું હતું.

અમારા નેતા શ્રી પરમાનંદભાઈને હાર પહેરાવવામાં આવ્યો. પરમાણંદભાઈએ સસ્મિત વદને સૌનાં વંદન ઝીલ્યાં - 'વરઘોડો' આગળ ચાલ્યો, શરણાઈ અને ઢોલ એકમેકની સ્પર્ધા કરતાં હતાં. ગામની ધૂળ પણ આજે ગુલાલ થઈને સૌને આવકારી રહી હતી.

ગામમાં એક દેરાસર હતું. ત્યાં અમને ઊભા રાખવામાં આવ્યા અને સૌથી પ્રથમ કર્તવ્ય 'પ્રભુ દર્શન'નું હોવું જોઈએ એમ સમજી સૌ સભ્યો દેરાસરમાં ગયા અને દર્શન કર્યા. દેરાસરથી સીધા અમને અમારે ઉતારે લઈ જવામાં આવ્યા. રાયણના જૈન મિત્ર મંડળ દ્વારા ચાલતી પાઠશાળામાંનાં વ્યાયામશાળાના હોલમાં અમારો ઉતારો હતો. અમે ઉતારે ગોઠવાયા. થાક અને ભૂખ બંને લાગ્યા હતા. હાથપગ ધોઈ સૌ ભોજન લેવા બાજુએ આવેલ શ્રી કાનજીભાઈનાં મકાનની જગ્યામાં ગયા. કકડીને ભૂખ લાગેલી હોઈને દૂધપાક પૂરીના મિષ્ટ ભોજનને સંપૂર્ણ ન્યાય અપાયો ....

જમીને ઉતારે આવ્યા-રાત પડવાની તૈયારી હતી. પવન મંદ મંદ વાતો હતો. સૌ હસતા - ગપ્પાં મારતા - એકમેકનો પરિચય સાધી નજદિક આવી રહ્યા હતા. રાતના આઠ થયા - અને અમારા મનોરંજન માટે સંગીતનો કાર્યક્રમ અમારા ઉતારે જ રાખવામાં આવ્યો હતો. શાળાના શિક્ષક શ્રી ત્રંબકલાલ જોષીએ 'જય જય ગરવી ગુજરાત' ને શાસ્ત્રીય ઢબે તંબુરા ઉપર ગાયું અને ત્યાર પછી કેટલાંક ભજનો અમને સંભળાવ્યાં. અને સંગીતનો કાર્યક્રમ 'ભૈરવી' થી પૂરો થયો ત્યારે શ્રી પરમાનંદભાઈએ શ્રી જોષીને કચ્છનાં 'સંગીતરત્ન' નું બિરુદ આપ્યું.

અંપૂર્ણ

**ચીમનલાલ જે. શાહ**

## મુંબઈ જીવદયા મંડળીનું ધર્માદા હોમીયોપેથીક દવાખાનું

ઉપરોકત દવાખાનાની શુભ શરૂઆત તા. ૧ માર્ચ ૧૯૬૫થી દયામંદિર ખાતેના બીજા મજલા પરનાં મંડળીનાં કાર્યાલયમાં કરવામાં આવી છે. જેનું ઉદ્‌ઘાટન જાણીતા સેવાભાવી શ્રી મગનલાલ પી. દોશીને શુભ હસ્તે થયું છે. દવાખાનામાં રવિવાર સિવાયના અન્ય દિવસોમાં બપોરના ૩થી ૫ સુધી જાણીતા અનુભવી હોમીયોપેથીક ડૉકટર પરશુરામ એ. મહાત્રે અને ડૉ. મહેશ માન્કર એલ. સી. ઈ. એચ. માનદ સેવા આપશે અને દર્દીઓને ચીવટથી તપાસી તેમને મફત દવા આપવામાં આવશે. જાહેર પ્રજાને વિનંતિ છે કે, આ દવાખાનાનો લાભ મેળવે. દવાખાનાનું સ્થળ દયામંદિર, ૨જે મજલે, ૧૨૩/૧૨૫, મુંબાદેવી રોડ, મુંબઈ–૩. દવાખાનાનો સમય રવિવાર સિવાય બપોરના ૩થી ૫ સુધી રહેશે.

## તોયે–

છો આંખના તારક ઝંખવાયે,
ને અંતરે હામ રહે ન લેશ,
છો મૈત્રી, છો પ્રેમ બધુંય ભાંગે,
આપત્તિઓ છો વિધિ લાખ સર્જે
ને પંથ રુંધે ઘન અંધકાર
નિસર્ગ આખી–
ક્રોધભરી ભીંસ ભલે તને દે–
તોયે ન આત્મા મુજ, તું ભૂલીશ
કે 'દેવી તું'–આગળ જા, ધપ્યે જા!
ના ઉત્તરે, દક્ષિણમાં ન, કિન્તુ
જા ફકત આદર્શ ભણી સદા તું!

મૂળ અંગ્રેજી : સ્વામી વિવેકાનંદ

અનુવાદિકા : શ્રી ગીતાબહેન પરીખ

## ❋ ભગિનીસમાજ સુવર્ણમહોત્સવ ❋

(મુંબઈની અગ્રગણ્ય સ્ત્રીસંસ્થા ભગિની સમાજની સ્થાપના શ્રી ગોપાલકૃષ્ણ ગોખલેના શિષ્ય શ્રી કરસનદાસ ચિતલિયાએ ૧૯૧૬ના ફેબ્રુઆરી માસની ૧૯મીના રોજ સ્વ. ગોખલેની પ્રથમ પુણ્યતિથિએ કરી હતી. આ રીતે ગણતાં ૧૯૬૬ની સાલમાં ભગિનીસમાજ ૫૦ વર્ષ પૂરાં કરશે. આ હકીકતને ધ્યાનમાં લઈને ૧૯૬૫ના ફેબ્રુઆરી માસથી ૧૯૬૬ના ફેબ્રુઆરી માસ સુધીમાં જુદા જુદા કાર્યક્રમોનું આયોજન કરીને ભગિનીસમાજની સુવર્ણ જયંતી ઉજવવાનું તેના સંચાલકોએ નક્કી કર્યું છે. તેના પ્રારંભમાં ગયા ફેબ્રુઆરી માસની ૧૯મી તારીખે 'ગોખલે દિન' ઉજવવામાં આવ્યો હતો અને સુવર્ણ-મહોત્સવનું મહારાષ્ટ્રના રાજ્યપાલ ડૉ. ચેરિયન અને શ્રીમતી ચેરિયનના હાથે પાટકર હૉલમાં ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડૉ. હૃદયનાથ કુંજરૂ, શ્રી પાગે તથા શ્રી ગગનવિહારી લ. મહેતાએ અનેક અંગત સ્મરણો રજૂ કરીને સ્વ. ગોખલેના જીવન ઉપર સારો પ્રકાશ પાડ્યો હતો. તદુપરાંત આ પ્રસંગ ઉપર ભગિનીસમાજની આજ સુધીની સિદ્ધિઓનાં સોપાનોનો પરિચય આપતો એક સુંદર સુવર્ણ મહોત્સવ ગ્રંથ પણ બહાર પાડવામાં આવ્યો હતો.

ભગિની સમાજ મુંબઈની સતત વિકસતી અને સદા વિસ્તરતી —આમ તો સાર્વજનિક એમ છતાં પણ મુંબઈના સુધારલક્ષી ગુજરાતી સમાજની બહેનોની—પ્રતિનિધિસંસ્થા છે. તેને સ્વ. જાઈજી પીટીટ અને સ્વ. લેડી લક્ષ્મીબાઈ જગમોહનદાસ અને વયોવૃદ્ધ શારદાબહેન મહેતા તથા સ્વ. અવન્તિકાબહેન ગોખલેથી માંડીને સૌ. જયશ્રીબહેન રાયજી, શ્રી લીલાવતીબહેન બેંકર, સ્વ. ઊર્મિલાબહેન મહેતા, શ્રી બચુબહેન લોટવાળા, સ્વ. ચંચળબહેન ધીયા, સૌ. તારાબહેન માણેકલાલ પ્રેમચંદ જેવી નિષ્ઠાવાન કાર્યકર્તાઓની એક સરખી પરંપરા પ્રાપ્ત થઈ છે અને તેની વિચારસરણી અને પ્રવૃત્તિ જૂનવાણી વિચારોને પડકારતી સતત પ્રગતિશીલ રહી છે. જુના કાર્યકર્તાઓ વિદ્યમાન હોય એવામાં નવા કાર્યકર્તાઓની હરોળ ઊભી થતી રહી છે. વળી, તેની સેવાપ્રવૃત્તિ નવાં નવાં ક્ષેત્રો શોધતી અને સાધતી જાય છે. સમયનો પ્રવાહ ભગિની સમાજનાં સદ્‌ભાગ્યે તેમાં નવાં પ્રાણ, નવી શકિત, નવી ચેતના પૂરતો રહ્યો છે અને તેથી તેની આજ સુધીની કારકીર્દિ ઉત્તરોત્તર વધારે ને વધારે ઉજ્જ્વળ બનતી રહી છે. તેના મુખપત્રરૂપે 'ભગિની સમાજ પત્રિકા' વર્ષોથી નવા વિચારનું વિતરણ કરી રહી છે. આ ભગિની સમાજનું વર્તમાન સ્વરૂપ અને કાર્યવિસ્તાર શું છે તેનો પ્રબુદ્ધજીવનના વાચકોને ખ્યાલ આવે તે માટે એક ટૂંકી નોંધ મેં સૌ. સૌદામિનીબહેન પાસે માંગી અને તેમણે લખી આપી જે સાભાર નીચે રજુ કરું છું.

સુવર્ણ મહોત્સવ અંગે બાર મહિનાના ગાળામાં એક ભારે મહત્ત્વાકાંક્ષી કાર્યક્રમ ભગિની સમાજ તરફથી વિચારવામાં આવ્યો છે. તેમાં શ્રી પ્રેમકોરબાઈ લોટવાળા ભગિની ગૃહ (ગોખલે રોડ, દાદર)નું ઉદ્‌ઘાટન (૨૭મી ફેબ્રુઆરી), "બદલાતી સમાજવ્યવસ્થાની કુટુંબજીવન ઉપર અસર" એ વિષય ઉપર પરિસંવાદ (ત્રીજી એપ્રિલ), મનોરંજન કાર્યક્રમ (ઑગસ્ટ માસમાં), ગાંધી જયંતી (૨૨મી સપ્ટેમ્બર), નવરાત્ર ગરબા (ઓકટોબરમાં), ભગિની સમાજ માંડવી કેન્દ્રનો રજત મહોત્સવ (૬ નવેમ્બર), મહિલા પ્રગતિદર્શન અને બાલ-કલ્યાણ પ્રદર્શન (નવેમ્બર માસ), રમતગમત સ્પૉર્ટસ (૨૧ નવેમ્બર), શૈક્ષણિક પ્રદર્શન તથા મનોરંજન કાર્યક્રમ ઉદવાડા કેન્દ્ર (૧૧, ૧૨ ડિસેમ્બર), બોટ ક્લબ (જાન્યુઆરી), તાજમહાલ હોટલમાં બૉલ રૂમ ડાન્સ * (ફેબ્રુઆરી), ગોખલે જયંતી (૧૯ ફેબ્રુઆરી)—આવા અનેક પ્રબંધોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ બધા કાર્યક્રમો ધાર્યા મુજબ સફળ બને અને સાથે સાથે ભગિની સમાજને વિપુલ પ્રમાણમાં આર્થિક સિંચન થાય કે જેથી તેનું કાર્યક્ષેત્ર વધારે ને વધારે વિસ્તરતું જાય એવી આપણી ભગિની સમાજ પ્રત્યે હાર્દિક શુભેચ્છા અને શકય તેટલો સહકાર હો! **પરમાનંદ)**

* આ આખા કાર્યક્રમમાં પશ્ચિમની નકલરૂપ આ બૉલરૂમ ડાન્સનું શું સ્થાન અને કયું ઔચિત્ય તે સમજાતું નથી. **તંત્રી.**

### ભગિની સમાજ

ભગિની સમાજની સ્થાપના પૂજ્ય ગોખલેજીના સ્મારક તરીકે એમની પ્રથમ પુણ્યતિથિને દિવસે ૧૯૧૬માં થઈ. તે વખતથી તે ૧૯૩૨ સુધી સમાજની કમિટી પર બહેનો તથા ભાઈઓ કામ કરતાં હતાં. ભગિની સમાજના આદ્ય સ્થાપક અને કાર્યકર્તા (સર્વન્ટસ ઑફ ઈન્ડિયા સોસાયટીના સભ્ય) શ્રીયુત કરસનદાસ ચિતલિયા હતા, અને સહુથી પહેલાં પ્રમુખ શ્રીમતી જાઈજી પીટીટ હતાં.

ભગિનીસમાજનો ઉદ્દેશ સર્વ કોમ અને જાતિના બહેનોની ઉન્નતિ કરવાનો છે. એ ધ્યેયાનુસાર આ સમાજ સર્વ કોમના સ્ત્રીઓ તથા બાળકોની સામાજિક, આર્થિક, શારીરિક અને શૈક્ષણિક ઉન્નતિ માટે કામ કરી રહી છે.

૧૯૩૨માં ભગિની સમાજની સંસ્થા બહેનોને સોંપાઈ ત્યારે તેની મર્યાદિત પ્રવૃત્તિઓ હતી. સભ્યો ફકત ત્રણસો હતા અને મકાન પણ પોતાનું નહોતું. અત્યારે ભગિની સમાજ હસ્તક ત્રણ મકાનો છે. સમાજના ત્રણ હજાર સભ્યો છે તે ઉપરાંત પેટ્રનો, ડોનર અને આજીવન સભ્યો છે.

૧૯૧૫ની સાલમાં શ્રી કરસનદાસ ચીતલીયાએ શ્રીમતી ઈચ્છાદેવી મહારાણીશંકર શર્મા નામનાં આર્યસમાજી બહેનને મુંબઈના સ્ત્રીવર્ગ આગળ ભાષણ કરવાનું આમંત્રણ આપ્યું. શ્રી ચીતલીયાએ મુંબઈમાં તે વખતે જે એક-બે સ્ત્રીમંડળો હયાત હતાં તેમને પોતાના મંડળમાં શ્રીમતી ઈચ્છાદેવીનું ભાષણ ગોઠવવાની વિનંતિ કરી. એ સ્ત્રીમંડળોએ ભાષણ ગોઠવવાની ના પાડી કારણ કે શ્રીમતી ઈચ્છાદેવી આર્યસમાજી હતાં અને આર્યસમાજી લોકો ન્યાતજાતના બંધનમાં માનતા નથી. આ વાતથી શ્રી ચીતલીયાને ઘણું દુઃખ લાગ્યું. અને ન્યાતજાતથી પર એવું એક સ્ત્રીમંડળ કહાડવાનું બીડું એમણે ઝડપ્યું. થોડા જ વખતમાં ભગિની સમાજની સ્થાપના થઈ.

પ્રગતિમય ઉદાત્ત વિચારો અને સ્ત્રી ઉન્નતિના કાર્યની ધગશને લઈને ભગિની સમાજે આજ સુધીમાં ખૂબ સરસ પ્રગતિ કરી છે. છેલ્લાં ત્રીસ વર્ષમાં સમાજનું કાર્યક્ષેત્ર ઘણું વ્યાપક બન્યું છે. સ્ત્રીઓ તથા બાળકોના હિતની જુદાજુદા પ્રકારની પ્રવૃત્તિઓ ભગિની સમાજે હાથ ધરી છે. ભગિની સમાજની આજે વીશ જુદી જુદી પ્રવૃત્તિઓ છે. મુંબઈમાં ખેતવાડીમાં મગનલાલ ધીયા બીલ્ડીંગમાં સમાજની મુખ્ય ઑફિસ છે અને એ મકાનમાં રમતગમત માટે કલબ, શિક્ષણવર્ગ, પુસ્તકાલય તથા બાલમંદિર ચાલે છે. તે ઉપરાંત સમાજનાં બીજાં ત્રણ કેન્દ્ર શહેરમાં છે: એક તારદેવમાં, બીજું ભુલેશ્વરમાં અને ત્રીજું માંડવીમાં. વળી હરિજન સેવા મંદિર ભાયખલા પાસે છે. સમાજ તરફથી છ સાત બાલમંદિરો ચાલે છે. એનો લાભ મધ્યમવર્ગના બાળકો લઈ શકે તેટલી ફી રાખવામાં આવી છે. તે ઉપરાંત દરેક કેન્દ્રમાં ઉદ્યોગમંદિર, શિક્ષણમંદિર તથા પુસ્તકાલય ચાલે છે. વળી બાળ-ક્રીડાંગણ અને ભગિનીગૃહ પણ ચાલે છે અને આરોગ્ય સમિતિ દ્વારા કુટુંબનિયોજનનું કામ ચાલે છે. ભગિની સમાજ શિક્ષણ માટે શિષ્યવૃત્તિઓ આપે છે. ભગિની સમાજનું ધ્યેય સ્ત્રીઓની સર્વાંગી ઉન્નતિ કરવાનું છે. તેને માટે પ્રગતિમાન વિચાર ધરાવતી 'ભગિની સમાજ પત્રિકા' દર મહીને બહાર પડે છે.

ભગિની સમાજે પોતાનું કાર્યક્ષેત્ર મુંબઈ શહેર પુરતું જ મર્યાદિત નથી રાખ્યું, પરંતુ મુંબઈથી દૂર ઉદવાડા જેવા નાના ગામમાં આદિવાસી

બહેનોને શિક્ષણ માટે કેન્દ્ર શરૂ કર્યું છે. શિક્ષણ વિના ઉન્નતિ નથી એ દૃષ્ટિએ કેળવણીનો પ્રચાર આદિવાસી જેવી પછાત કોમમાં કરવા માટે ઉદવાડામાં બાળવર્ગથી માંડી માધ્યમિક શિક્ષણની જોગવાઈ કરવામાં આવી છે. વળી શિક્ષિકાઓ તૈયાર કરવા માટે એક અધ્યાપન શાળા પણ કહાડી છે. આજુબાજુનાં ગામડાંની આદિવાસી બાળાઓ શિક્ષણનો લાભ લઈ શકે માટે એક કન્યા છાત્રાલયની વ્યવસ્થા કરી છે. લગભગ વીસ વરસ પર શરૂ કરેલા વિદ્યાર્થીનીગૃહમાં આજે સો ઉપર કન્યાઓ રહે છે. ઉદવાડામાં એક મગનલાલ ધીયા કન્યા હાઈસ્કૂલ છે, અને ત્રણ ગામડામાં કૃષ્ણાબાઈ ડાગા સંસ્કાર કેન્દ્ર છે. નટવરલાલ દેસાઈ કન્યાશાળા અને ચંચળબહેન ધીયા કન્યા નિવાસ પણ ઉદવાડામાં છે. એક આશ્રમશાળા ખડકી ગામમાં છે. તેનું શિક્ષણ ગાંધીજીની બુનિયાદી તાલીમને આધારે અપાય છે.

ભગિની સમાજના સદ્‌ભાગ્યે કેટલાક કાર્યકર્તાઓએ પોતાનું સર્વસ્વ સમાજને ચરણે ધરી દીધું છે. સમાજે મુંબઈ શહેરમાં જ નહિ પણ ગુજરાતનાં ગામડામાં સેવાની સુવાસ ફેલાવી છે.

આમ જાતજાતની પ્રવૃત્તિઓ ચલાવવાથી આજે ભગિની સમાજ ગૌરવપૂર્વક સુવર્ણજયંતી ઉજવવાની અધિકારી બનેલ છે. દિનપ્રતિદિન આ સમાજ પ્રગતિ કરે, એનું સેવાનું ક્ષેત્ર વધારે વિશાળ થતું જાય અને ભારતની સ્ત્રીઓને અવનત દશામાંથી બહાર કાઢી જગત સમક્ષ ઉન્નત શિરે ઉભી રહેતાં શીખવવામાં ભગિની સમાજ સંપૂર્ણ રીતે સફળ થાય એમ હું ઈચ્છું છું.

સૌદામિની મહેતા

# પ્રકીર્ણ નોંધ

## વિલે પારલેનું નવું જિનમંદિર

આગ્રાના સુપ્રસિદ્ધ તાજમહાલનો બે દૃષ્ટિએ વિચાર થઈ શકે છે. એક સામાજિક ઔચિત્ય અને ઉપયોગીતાની દૃષ્ટિએ અને બીજી કેવળ કળાનિર્માણની દૃષ્ટિએ. પહેલી દૃષ્ટિએ વિચાર કરતાં મનમાં ઘણા સવાલો પેદા થાય છે: આટલું બધું દ્રવ્ય નિર્માણ કરીને આવો મોટો તાજમહાલ ઊભો કરવામાં આવ્યો અને તે એક બાદશાહના સીધા યા આડકતરા અહંમને પોષવા માટે કે અહિં મારી બેગમને દાટવામાં આવી હતી અને તેની બાજુએ મારું મૃત્યુ થશે ત્યારે મારા શબને દફનાવવામાં આવશે અને એ રીતે અમારી આવી સુંદર જોડીને અને અમારી આવી બાદશાહીને લોકો સૈકાઓ સુધી સંભારતા રહેશે અને અમારા ઉપર પ્રશંસાના શબ્દો વરસાવતા રહેશે—આ કેવળ અહંની તૃપ્તિ સાથે જોડાયેલો વિલાસ છે, તેને લોકકલ્યાણ સાથે કશો સંબંધ નથી અને આ બધું ઊભું કર્યું હજારો મજુરોને માત્ર પેટિયું આપીને અને તેમની કમરને ભાંગી નાખીને અને તેનાં સ્થાપત્યકાર વિષે વળી એવી કિંવદન્તી વહેતી ચાલે છે કે, જગતમાં આનો બીજો જોટો તે પેદા ન કરી શકે - એવો જ બીજો નકશો ન આલેખી શકે ! તે માટે તેનો અંગુઠો કે આંગળા બાદશાહે કપાવી નાંખ્યા. આ રીતે વિચારતાં તાજમહાલ એ અનર્ગળ દ્રવ્યનો નર્યો વ્યય લાગે છે અને તેનું ઔચિત્ય શંકાસ્પદ બને છે. વળી આટલું જ દ્રવ્ય ખરચીને જનતાનો આર્થિક ઉદ્ધાર થાય એવાં સામાજિક કલ્યાણનાં કાર્યો તેણે કર્યા હોત તો કેવું સારું થાત? —આવો પણ સવાલ થાય છે. પણ આ બધું subjeetive thinking છે, માનવસમાજ અંગેના પોતાના મનના ચોક્કસ વલણો સાથે જોડાયેલો દૃષ્ટિકોણ છે. એ જ તાજમહાલને જોવાનો બીજો પણ દૃષ્ટિકોણ છે તેની આગળપાછળની બાબતોને લગતા ખ્યાલોને બાજુએ રાખીને તાજમહાલને તટસ્થ રીતે —objectively— જોવાનો. તે જે કાંઈ છે તે કેવો છે? સ્થાપત્યની દૃષ્ટિએ તેનું નિર્માણ કેવું છે? અને તે શેનું પ્રતીક છે? આ રીતે વિચારતાં અને તાજમહાલને નિહાળતાં તેના સ્થાપત્ય વિષે, ખંડ ખંડની રચના વિષે, તેના સમગ્ર ઉઠાવ વિષે, તે જે સ્થાન ઉપર ઊભો કરવામાં આવ્યો છે તે યમુનાનો કિનારો અને આજુબાજુના પ્રદેશની ભવ્યતા વિષે વિચાર કરતાં આપણું દિલ અહોભાવથી અને પ્રસન્નતાથી ભરાઈ જાય છે અને આ તાજમહાલ એક બાદશાહની પોતાની બેગમ વિશે અસાધારણ પ્રેમનિષ્ઠાનું-મહોબતનું—એક પ્રતીક છે એ રીતે વિચારતાં શાહજહાન બાદશાહ વિષે આપણું દિલ ઊંડો આદર અનુભવવા માંડે છે. આ કારણે તાજમહાલ અનેકને પ્રેરણારૂપ બન્યો છે અને કંઈ કાળ સુધી પ્રેરણારૂપ બનતો રહેવાનો છે. ઈજીપ્તની પીરામીડ, દિલ્હીનો કુતૂબમિનાર, મદુરાનું મિનાક્ષી મંદિર, અજન્ટા કે એલોરાની ગુફાઓ આવાં દુનિયાના કળાધામો વિષે ઉપર જણાવ્યું તે મુજબ બે રીતે વિચાર થઈ શકે છે. તે વિષે કેવળ એકાંગી દૃષ્ટિ ઉચિત નથી.

તાજેતરમાં વીલેપારલેમાં પશ્ચિમ બાજુએ એક નવું જૈન મંદિર ઊભું કરવામાં આવ્યું છે. તે પાછળ અઢી ત્રણ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે, તેમાં વીલેપારલે જૈન શ્વે. મૂ. સંઘના પ્રમુખ અને મારા પુરાણા મિત્ર શ્રી રતિલાલ મણિલાલ નાણાવટીએ એક લાખ રૂપિયાની રકમ આપી છે. આ મંદિરની મૂર્તિઓની પ્રતિષ્ઠાના પ્રસંગ ઉપર યોજવામાં આવેલા મહોત્સવ પાછળ હજારો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો. હવે આજના સંયોગોમાં આટલું બધું દ્રવ્ય ખરચીને આવું જિનાલય ઊભું કરવાની ખરેખર જરૂર હતી કે નહિ, તેના પ્રતિષ્ઠામહોત્સવ પાછળ આટલો બધો ખર્ચ કરવાની આવશ્યકતા હતી કે નહિ, તે પાછળ આટલો બધો ઠાઠમાઠ કરવામાં આવ્યો તે પણ જરૂરી હતો કે નહિ? આના સ્થાને વધારે સાદો આકાર અને સાદી યોજના શું વિચારી ન શકાત? વળી, તેના વિકલ્પે સામાજિક દૃષ્ટિએ વધારે ઉપયોગી કાર્યોનો વિચાર શક્ય હતો કે નહિ - આ બધા વિચારો જે કોઈ વ્યકિત સમાજના હિતાહિતનો વિચાર કરે છે તેને આવ્યા વિના ન જ રહે, પણ આખરે આ બધું તો થવાનું હતું તે થઈ ગયું. એટલે ઉપરના વિચારો બાજુએ રાખીને આખરે જે મંદિર ઊભું કરવામાં આવ્યું છે તે કળા અને સ્થાપત્યની દૃષ્ટિએ કેવું છે તેનો વિચાર પણ એટલો જ પ્રસ્તુત બને છે. આપણે આ નવા મંદિરનો આ રીતે વિચાર કરીએ તો કબુલ કરવું પડશે કે, આ મંદિરની રચના કોઈને પણ મુગ્ધ કરે તેવી છે. થોડા દિવસ પહેલાં સાંજના વખતે વીલે પારલે જવાનું બનતાં તે મંદિર જોવાની—નિહાળવાની મને તક મળી, અને ખરેખર ઊંડી પ્રસન્નતા અનુભવી. મંદિરના રંગમંડપમાં જે કોતરકામથી ભરેલો ઘુમ્મટ છે તે આબેહુબ આબુના મંદિરોના ઘુમ્મટની યાદ આપે છે. નીચે જે આરસની બિછાત છે તેની ડીઝાઈન પણ એટલી જ સુરૂચિપૂર્ણ છે. ગર્ભાગારમાં મૂર્તિઓનો ખડકલો ન કરતાં જરૂર પૂરતી જ મૂર્તિઓ પ્રતિષ્ઠિત કરવામાં આવી છે અને મંદિરની બન્ને બાજુએ એક એક ઉપમંદિર જેવું છે. તેમાંના એકમાં ૧૦૦૦ વર્ષ જુની પણ બહુ ઘાટીલી અને ભાવવાહી જિનમૂર્તિ મૂકવામાં આવી છે અને બીજી બાજુના ઉપમંદિરમાં, આ મંદિરના શિલારોપણ પ્રસંગની સંભામાં બોલતાં આપણા મંદિરો માટે ચક્ષુટીલાં ચોડેલી મૂર્તિઓ બનાવવામાં આવે છે તેને બદલે મૂર્તિના ધ્યાનસ્થ રૂપ સાથે બંધ બેસે એવી રીતે ધ્યાનસ્થ અર્ધનિમીલિત ચક્ષુઓ મૂળ પાષાણદેહમાં કોતરવામાં આવ્યા હોય એવી મૂર્તિઓ જ તૈયાર કરીને આ નવા મંદિરમાં પ્રતિષ્ઠિત કરવાનો મેં અનુરોધ કર્યો હતો તે લક્ષમાં રાખીને, શ્રી રતિભાઈએ એ પ્રકારની એક સપ્રમાણ, નમણી અને ભાવપ્રેરક મૂર્તિ ખાસ તૈયાર કરાવીને પ્રતિષ્ઠિત કરી છે અને આ બન્ને ઉપમંદિરોની મૂર્તિઓ સફેદ આરસની અને સરખા કદની હોઈને એકમેકની જોડી જેવી લાગે છે. જિનમૂર્તિના નિર્માણ અંગેની પ્રચલિત શ્વેતાંબર પરંપરાનો અંશતઃ ત્યાગ કરીને શ્રી રતિભાઈએ આ જે નવું પ્રસ્થાન કર્યું છે તે માટે તેમ જ કળાના એક ઉત્તમ નમૂના જેવું મંદિર, તે પાછળ પાર વિનાનો પરિશ્રમ ઉઠાવીને, ઊભું કર્યું છે તે માટે તેઓ અભિનંદનના અને અન્ય સર્વ માટે અનુકરણના અધિકારી બને છે.

આ મંદિરનું આવું સુરૂચિપૂર્ણ નિર્માણ સવિશેષ ઉલ્લેખનીય એટલા માટે બને છે કે, નવાં મંદિરો પાછળ જૈન સમાજ લાખો

રૂપિયાનો ખર્ચ કરતી આવી છે, પણ ઘણી વાર આવાં મંદિરોની રચનામાં અને પ્રશોભનોમાં તથા રંગરોગાનમાં અને તેમાં કરાવવામાં આવતાં ચિત્રામણોમાં નવા જુનાનો એવો શંભુમેળો કરવામાં આવે છે અને શોભા નિમિત્તે એકઠી કરવામાં આવેલી અનેક ચીજવસ્તુઓનો એવો ખડકલો કરવામાં આવે છે, અથવા તો તત્કાળ ભારે ભપકો લાગે અને આંખો અંજાઈ જાય પણ થોડા સમયમાં એ બધું ઝાંખું પડવા માંડે, જર્જરિત થવા લાગે એવો ઠાઠ ઊભો કરવામાં આવે છે કે આ બધું જોઈને આપણું દિલ એક પ્રકારનો ત્રાસ અનુભવે છે અને એવો પ્રશ્ન થાય છે કે, મંદિર પાછળ તેમ જ તેના શોભા શણગાર પાછળ કશી પણ સમજણ કે વિવેક વિના પૈસો વેરી જવો અને એક સુરુચિપૂર્ણ કળાપૂર્ણ વસ્તુ નિર્માણ કરવી—આ બન્ને જુદી જ બાબતો છે - આ સાદી વાત જૈન સમાજના ધનવાનોને કોણ સમજાવે ?

મુંબઈ બહાર વલી બાજુએ જતાં રસ્તામાં ભગવાન બુદ્ધનું મંદિર આવે છે. ત્યાં હું મંદિર તેમ જ ભગવાન બુદ્ધની ભાવવાહી મૂર્તિનાં દર્શન કરવા કદિ કદિ જાઉં છું અને આલ્હાદ અનુભવું છું. વીલે પારલેનું આ નવું મંદિર જોઈને અને તેમાં એક ખૂણાના ઉપમંદિરમાં પ્રતિષ્ઠિત કરવામાં આવેલી નવા આકારની મૂર્તિ પૂરતું નવું પ્રસ્થાન નિહાળીને હું આનંદપ્રભાવિત બન્યો. આ આનંદસ્મરણને શબ્દાંકિત કરવા માટે આ નોંધ લખવા હું પ્રેરાયો છું.

**'બાપુની ભવિષ્યવાણી ?'**

તા. ૧-૨-૬૫ના પ્રબુદ્ધ જીવનમાં 'બાપુની ભવિષ્યવાણી' એ મથાળા નીચે તા. ૨૪-૧-૨૨ નો ગાંધીજીનો એક પત્ર પ્રગટ કરવામાં આવ્યો હતો, જેમાં સ્વરાજ્ય મળ્યા બાદ આપણી કેવી દુઃસ્થિતિ થશે તેનો ખ્યાલ આપવામાં આવ્યો હતો, અને "સ્વતંત્ર થઈશું એ સાથે જ ચૂંટણીમાં રહેલા બધા દોષો, અન્યાય, શ્રીમંતોની સત્તા ને જુલમ તેમ જ વહીવટની બીનઆવડત એ બધું આપણી ઉપર ચડી બેસવાનું અને આ જંજાળ કયાંથી આવી પડી એમ લાગવાનું. લોકો અફસોસની સાથે ગયા દહાડા યાદ કરશે કે આ કરતાં તો પહેલાં વધારે ન્યાય હતો, આ કરતાં વહીવટ સારો હતો, શાંતિ હતી, અમલદારોમાં ઓછાવત્તા પ્રમાણમાં પ્રમાણિકતા હતી" વગેરે આજની પરિસ્થિતિના યથા સ્વરૂપે દ્યોતક અવાં વિધાનો કરવામાં આવ્યાં હતાં. આ પત્ર મેં જાન્યુઆરીના 'કુમાર' માંથી અને 'કુમાર' ના તંત્રીએ પહેલો જાન્યુઆરીના 'લોકજીવન' માંથી લીધો હતો. પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થયેલ આ પત્ર વાંચીને તેની પ્રમાણભૂતતા વિષે સ્વામી આનંદે, તેમની સાથે એ અરસામાં થયેલી વાતચીત દરમિયાન, મજબૂત શંકા વ્યકત કરી હતી. તેમના કહેવા મુજબ બાપુજીનો લખેલો આવો કોઈ પત્ર તેમના જોવામાં કદિ પણ આવ્યો નથી અને ૧૯૨૨ ની સાલ કે જ્યારે સ્વરાજ્ય ક્ષિતિજ ઉપર દેખાતું નહોતું ત્યારે બાપુજી સ્વરાજ્ય પછીના ભાવિ અંગે આવી કલ્પના કરે તે તેમના માન્યામાં આવતું નહોતું અને તેથી આ અંગે વિશેષ તપાસ કરવાનું તેમણે મને સૂચવ્યું હતું અને તેથી લોકજીવનનાં સંપાદક મંડળમાંના એક શ્રી મગનભાઈ દેસાઈને મેં આ વિષે લખ્યું હતું, તેમના જણાવવા મુજબ "આ પત્ર પોરબંદરવાળા શ્રી રામનારાયણના પાઠકે (કહે છે કે તેમની નોંધપોથીમાં) તે લેખરૂપે બહાર આપ્યો છે. વિશેષ કાંઈ તે કહી શકે એમ લાગતું નથી. એ સંજોગમાં એ વિષે શંકાને સ્થાન રહે ખરું." ગાંધીજીના સાથી શ્રી છગનલાલ જોષીના જણાવવા મુજબ આ પત્રની ખાતરીદારી માટે કોઈ આધાર હોય એમ લાગતું નથી. આ પરિસ્થિતિમાં પ્રસ્તુત પત્રને આપણે બનાવટી જ માનવો રહ્યો અને તેથી તેને કશું પણ વજન આપવું ન ઘટે અને આવા પત્રને પ્રગટ કરીને મહત્ત્વ આપવા બદલ મારે પણ દિલગીરી વ્યકત કરવી રહી.

**પરમાનંદ**

## સાભાર સ્વીકાર

**શ્રી આનંદઘનજીનાં પદો ભાગ ૧ તથા ૨**, વિવેચક : સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા, પ્રકાશક, શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ગોવાળિયા ટેન્ક રોડ, મુંબઈ ૨૬, પહેલા ભાગની કિંમત રૂા. ૭-૫૦, બીજા ભાગની કિંમત રૂા. ૧૦.

**મનોમંથન :** મૂળ અંગ્રેજી શ્રીમતી એન મરો લિંડબર્ગ; અનુવાદિકા : સૌ. સૌદામિની મહેતા; પ્રકાશક : વોરા એન્ડ કંપની, ૩ રાઉન્ડ બિલ્ડીંગ, મુંબઈ ૨, કિંમત રૂા. ૧-૫૦.

**સમાજ દર્પણ :** લેખક : સુમન્ત મહેતા, સંપાદક : બહેન રત્ના પ્રભુદાસ પટવારી, પ્રકાશક, શ્રી ગુર્જર ગ્રન્થ રત્ન માળા, ગાંધી રસ્તો, અમદાવાદ -૧. કિંમત રૂા. ૮.

**'ઈલિયડ' :** હોમર કૃત મહાકાવ્યનું નાટય રૂપાંતર, રચયિતા : શ્રી લીના મંગળદાસ, શ્રેયસ પ્રકાશન, શારદા સોસાયટી થઈને, અમદાવાદ - ૭. કિંમત રૂા. ૩-૫૦.

**આચાર્યશ્રી કાળીદાસ દવે અમૃત મહોત્સવ અભિનંદન ગ્રન્થ :** પ્રકાશક : અભિનંદનગ્રન્થ સમિતિ, ગર્લ્સ ઓન હાઈસ્કૂલ, અમદાવાદ - ૧. કિંમત રૂા. ૭.

**ગ્રામછાવણીમાં એક દિવસ :** મૂળ લેખક : શ્રી એલેકઝાન્ડર સોલઝેનિત્સિન, અનુવાદક : સૌ. સુભદ્રા ગાંધી; પ્રકાશક : શ્રી ભોગીલાલ ગાંધી, વિશ્વમાનવ, રામજી મંદિર પોળ, વડોદરા, કિંમત રૂા. ૧-૫૦.

**રાષ્ટ્ર ઔર રાજ્ય :** લેખક : જૈનેન્દ્રકુમાર, પ્રકાશક, પૂર્વોદય પ્રકાશન, દિલ્હી ૬.

**જવાહરલાલનો વિચાર વારસો :** સંપાદક : શ્રી મહેન્દ્ર મેઘાણી, પ્રકાશક : લોકમિલાપ કાર્યાલય, કોરટ રસ્તે, ભાવનગર, સૌરાષ્ટ્ર, કિંમત રૂા. ૨.૦૦.

**વિનોબાનાં ગીતાપ્રવચનો : પ્રેમાનંદી ઢાળમાં :** અનુવાદક : શ્રી ગોકુળભાઈ દોલતરામ ભટ્ટ, પ્રકાશક : મુંબઈ ઉપનગર સેવા મંડળ, ગાંધીચોક રાષ્ટ્રીયશાળા રોડ, વિલેપારલે, મુંબઈ ૭, કિંમત રૂા. ૨-૫૦.

**નહેરુ શું કહી ગયા ?** સંપાદક : શ્રી યશવંત દોશી, પ્રકાશક : પરિચય ટ્રસ્ટ પ્રકાશન, ૧૯/૨૧, હમામ સ્ટ્રીટ, મુંબઈ—૧ કિંમત રૂા. ૬.૦૦.

**Economic Trends and Indications Parts III IV, V, :** લેખક : શ્રી ભીખાભાઈ કપાસી, બી ૫ પંડારા રોડ, ન્યુ દિલ્હી, — ૧. ત્રીજા ભાગની કિંમત રૂા. ૧૦-૦૦. ચોથા ભાગની કિંમત રૂા. ૫-૦૦ તથા પાંચમા ભાગની કિંમત રૂા. ૭.૫૦.

**દસવેઆલિયં (દશ વૈકાલિક સૂત્ર)** ભાગ બીજો, વાચના—પ્રમુખ આચાર્ય તુલસી, સંયોજક : શ્રીચંદ રામપુરીઆ, પ્રકાશક : શ્રી જૈન શ્વેતાંબર તેરાપંથી સભા, ૩, પોર્ચુગીઝ ચર્ચ, કલકત્તા ૧, કિંમત રૂા. ૨૫.

**જૈન દર્શન પરિષદ :** (સમન્વય મંચ) પ્રકાશક : ઉપર મુજબ

**જૈન ભારતી મર્યાદા મહોત્સવ અંક.** પ્રકાશક : ઉપર મુજબ કિંમત રૂા. ૨.૦૦.

## વિષયસૂચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| સમેતશિખરના પહાડ અંગે બિહાર સરકાર અને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી વચ્ચે થયેલું કરારનામું | | ૨૪૭ |
| સમેતશિખરનું સુખદ સમાધાન, પણ— | પરમાનંદ | ૨૪૮ |
| અતુલ પ્રોડકટ્સ વિષે પૂરક માહિતી | | ૨૫૦ |
| સૂકી ધરતીનાં મીઠાં સ્મરણો- | ચીમનલાલ જે. શાહ | ૨૫૧ |
| ભગિનીસમાજ સુવર્ણ મહોત્સવ | સૌદામિની મહેતા | ૨૫૩ |
| **પ્રકીર્ણ નોંધ :** વિલે પારલેનું નવું જીનમંદિર, 'બાપુની ભવિષ્યવાણી ? | પરમાનંદ | ૨૫૪ |
| ઓવરેસ્ટનો અમેરિકન વિજેતા | પરમાનંદ | ૨૫૬ |

# એવરેસ્ટનો અમેરિકન વિજેતા

આ એવરેસ્ટના અમેરિકન વિજેતા શ્રી ડાયહરેનફર્થનું તાજેતરમાં ભારત ખાતે આગમન થતાં તા. ૨૪-૨-'૬૫ના રોજ મુંબઈ ખાતે સિધીયા હાઉસમાં ક્લાઈમ્બર્સ ક્લબ તરફથી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી ડાયહરેનફર્થે ૧૯૬૩માં કરવામાં આવેલાં એવરેસ્ટનાં સફળ આરોહણનાં કેટલાંક સ્મરણો અને અનુભવો રજૂ કર્યાં હતાં. અને એ સાહસપૂર્ણ આરોહણને લગતાં સંખ્યાબંધ રંગીન ચિત્રો–સ્લાઈડો દેખાડી હતી. આ પ્રસંગે હાજર રહેવાનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયું હતું અને તે રંગીન ચિત્રો–ફોટોગ્રાફો–જોઈને એવરેસ્ટને અનેક બાજુએથી પ્રત્યક્ષ કર્યનો અવર્ણનીય આનંદ મેં અનુભવ્યો હતો. આ મહાન પર્વતારોહકનો તા. ૨૮-૨-'૬૫ના 'જન્મભૂમિ-પ્રવાસી'માં સોહમે નીચે મુજબ પરિચય આપ્યો હતો:–

તેનસિંગ અને લેમ્બર્ટ જ્યારે ૧૯૫૨માં એવરેસ્ટની ટોચથી માત્ર ૮૦૦ ફીટ નીચે રહીને પરાજય પામી પાછા ફર્યા હતા ત્યારે એ સ્વીઝ ટુકડીમાં એકમાત્ર અમેરિકન હતો. દાયકાઓ પહેલાં કિશોરવયે તેણે પોતાના પિતાને એવરેસ્ટ પરથી પરાજિત બનીને, નિરાશ થઈને પાછા ફરેલા જોયા હતા. આજે તેના આ બે બહાદુર સાથીઓ શૂન્યમનસ્ક બનીને લથડતા પગે પાછા આવ્યા. શું આ અજેય અને ઉત્તુંગ હિમાચ્છાદિત શિખરના મસ્તક પર કોઈ માનવી પગ નહિ મૂકી શકે?

આ યુવાનનું નામ નોરમન ડાઈહરેનફર્થ. જન્મથી સ્વીટ્‌ઝર્લેન્ડના નાગરિક, પણ પછી તેઓ અમેરિકાના નાગરિક બન્યા. એવરેસ્ટ પર ૧૯૫૨માં પરાજય મળ્યા પછી બરોબર એક વર્ષ અને એક દિવસ પછી હિલેરી અને તેનસિંગ જગતના આ સર્વોચ્ચ શિખરની ટોચ પર પહોંચી ગયા. પણ ડાઈહરેનફર્થનું સ્વપ્ન બીજાં દસ વર્ષ સુધી સ્વપ્ન જ રહ્યું.

૧૯૬૩ના મે માં ડાયહરેનફર્થ અમેરિકન પર્વતખેડુઓની એક ટુકડીને એવરેસ્ટ પર ચડાઈ કરવા લઈ ગયા. એમાં તેમણે એટલી બધી સફળતા મેળવી કે કોઈ તરંગી પણ આવી સફળતા મેળવવાના તરંગ ન સેવે. એ કાફલામાંથી એક નહિ, બે નહિ, પણ ત્રણ ટુકડીઓ જુદે જુદે સમયે એવરેસ્ટ પર ચડી ગઈ! ટોચ ઉપર ચડવાનો પશ્ચિમનો માર્ગ બહુ વિકટ અને અશકય ગણાતો હતો. બે બહાદુરો એ માર્ગે પણ ચડી ગયા! એથી પણ વધુ પરાક્રમ તો એ હતું કે તેઓ એવરેસ્ટ ઓળંગીને દક્ષિણ બાજુથી ઊતર્યા. એવરેસ્ટના ઈતિહાસમાં પહેલી જ વાર આ આરોહકો દ્વારા વૈજ્ઞાનિક નિરીક્ષણ અને સંશોધન થઈ શકયું.

એવરેસ્ટ પાસે પરાજય પામેલા ૩૬ વર્ષના પિતાએ યુવાન પુત્રના આવા યશસ્વી વિજયથી કેટલો હર્ષ અનુભવ્યો હશે! ડાયહરેનફર્થ કહે છે કે મારા પિતાએ જાણે પુત્રરૂપે પુનર્જન્મ લઈને આ ઝંખના સિદ્ધ કરી હોય એવો તેમને આનંદ થયો.

જગતમાં મોટામાં મોટું સાહસ કર્યા પછી એ સાહસવીરે શું કરવું? તેનસિંગ દાર્જીલીંગમાં નવા પર્વતારોહકોને તાલીમ આપે છે જેથી તેમાંથી કોઈ એથી ય વધુ પરાક્રમી પાકે. હિલેરીએ દક્ષિણ ધ્રુવ ખંડના એક છેડેથી બીજે છેડે પહોંચીને નવો વિક્રમ સ્થાપ્યો. પણ પછી શું? ડાયહરેનફર્થ કહે છે કે અલ્પ સમય માટે આવી સિદ્ધિની ટોચે રહી આવ્યા પછી હવે નીચે આવીને મને બધું ખાલી ખાલી લાગે છે. હું વૃદ્ધ હોત તો આવી સિદ્ધિ પછી નિવૃત્ત થઈ જાત. પરંતુ ૪૬ વર્ષની વયે મારે નિવૃત્ત તો નથી જ થવું.

જાતિથી જર્મન, જન્મથી સ્વીઝ અને પસંદગીથી અમેરિકન ડાઈહરેનફર્થ હમણાં ભારત આવ્યા અને ગયે અઠવાડિયે મુંબઈમાં હતા. એમના વ્યકિતત્વને ઘણાં પાસાં છે. તેઓ પ્રવાસી છે, લેખક છે, શોધક છે, વકતા છે, પર્વતખેડુ છે, અને ફિલ્મનિર્માતા ફોટોગ્રાફર છે. અરધો ડઝન વાર એવરેસ્ટ ઉપર ચડાઈ કરીને તેમણે આ સગરમાથા (સ્વર્ગના મસ્તક) વિષે ઘણું જ્ઞાન મેળવ્યું છે અને તેના વિષે ઘણી ફિલ્મો ઊતારી છે.

પ્રાણવાયુની કોઠી સાથે લીધા વિના તેમણે વધુમાં વધુ ઊંચે ધવલગિરિ પર આરોહણ કર્યું છે. કેટલાક સાહસ–પ્રવાસોની દસ્તાવેજી ફિલ્મો માટે તેમને ચંદ્રકો મળ્યા છે.

ડાઈહરેનફર્થ હિમાલયને ભૂલી શકે તેમ નથી તેમ તેનો વિયોગ પણ સહન કરી શકે તેમ નથી. હિમાલયનું આકર્ષણ એનું અદમ્ય છે. આથી તેઓ ૧૯૬૬-'૬૭ના શિયાળામાં હિમમાનવની શોધમાં હિમાલય જવાના છે. બે-ત્રણ માણસોની નાની નાની ટુકડીઓમાં વહેંચાઈને તેમનો કાફલો હિમમાનવની શોધ કરશે. તેમની પાસે એર-ગન હશે, જેમાંથી તેઓ હિમમાનવ પર એવા રસાયણવાળી ગોળીઓ છોડી શકે કે જે તેને મારી ન નાખે, ઘાયલ પણ ન કરે, પણ બેશુદ્ધ બનાવી દે. પછી તેની પુષ્કળ તસવીરો લઈ લેવી. પણ તેને પકડીને લઈ ન જવો, કારણ કે તેમ કરવાથી તે મરી જાય. ડાઈહરેનફર્થ અહિંસામાં માને છે. આ ટુકડીમાં હિલેરીના અને તેનસિંગના સરદાર સર જૉન હન્ટ પણ હશે.

આપણે આ યુવાન અને યશસ્વી પર્વતખેડુને એક વખત ફરીથી આપણા દેશમાં જોવા આતુર રહેશું. અને તેને ખરેખર હિમમાનવનો ભેટો થાય તો કેવું સારું!–પછી ભલે તે રીંછ હોય, વાનર હોય કે ગમે તે હોય.

એ જ પર્વતારોહકનો પરિચય આપતાં તા. ૨૮-૨-'૬૫નું ટાઈમ્સ ઑફ ઈન્ડિયા જણાવે છે કે:–

એક નિષ્ઠાવાન પર્વતારોહકને મન કોઈ એક પર્વતશિખર ઉપર પહોંચવાનો આનંદ પૃથ્વીના મથાળા ઉપર ઊભા રહેવા જેટલો હોય છે. ૨૦ અમેરિકનોની ટુકડી જેણે ૧૯૬૩ની સાલમાં એવરેસ્ટ પર્વત ઉપર આરોહણ કર્યું હતું તે ટુકડીના નેતા શ્રી નોર્મન જી. ડાયહરેનફર્થે આ સંબંધમાં એવા ઉદ્‌ગાર કાઢેલા કે, "તે આત્માને સંતૃપ્ત કરનારો અનુભવ છે, એક પ્રકારની યાત્રા છે, તે અનંતતા તરફ દ્રષ્ટિ દોડાવવા બરોબર છે."

અને એમ છતાં, આ અતિ સાહસિક પર્વતારોહક કે જે હિમાલય આરોહકોની ઉત્તરોત્તર છ ટુકડીઓના સભ્ય બનેલ છે, જેણે અલાસ્કા પર્વતનાં, રોકી માઉન્ટન્સના અને દક્ષિણ અમેરિકાનાં નામી શિખરો સર કર્યાં છે, તે આ પર્વતારોહણના વિષય પરત્વે અતિ નમ્રતાનો, એક પ્રકારની સ્તબ્ધતાનો અભિગમ ધરાવે છે. આ અંગેના પોતાનાં સંવેદનને તે આ રીતે રજૂ કરે છે: "અમે પર્વતો સર નથી કરતાં, અમે અમારી જાતને સર કરીએ છીએ, અમારી જાત ઉપર વિજય પ્રાપ્ત કરીએ છીએ. અમે માત્ર પર્વતો પ્રતિ અવનતભાવે ગતિમાન બનીએ છીએ."

સફળ પર્વતારોહણનું રહસ્ય શેમાં રહેલું છે? ડાયહરેનફર્થ જણાવે છે કે: "જૂથબંધીમાં અને એકમેકને ટેકો આપવાની તત્પરતામાં. અન્ય સાથીઓની પૂરી મદદ અને સહકાર વિના કોઈ પણ ઊંચાં શિખરે પહોંચવાનું શકય જ નથી. કોઈ એકલ અટૂલો માનવી પર્વતારોહણ કરી શકતો જ નથી."

**પરમાનંદ**

માલિક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ–૩, મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્‌સ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઇ.

REGD. No. B-4266.
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૬ : અંક ૨૩

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, એપ્રિલ ૧, ૧૯૬૫, ગુરૂવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૨૦ પૈસા



તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## સુકી ધરતીનાં મીઠાં સ્મરણો

(ગતાંકથી ચાલુ)

**રાયણથી રવાના, સોમવાર, તા. ૮-૨-૬૫.**

સવારે અમે ઉઠયા એવામાં અમને ખબર મળી કે શ્રી દામજીભાઈ જે અમારા આ કચ્છના પ્રવાસના મુખ્ય સૂત્રધાર અને આયોજક હતા અને જેઓ રાત્રિના પોતાના નિવાસસ્થાન ઉપર રહ્યા હતા તેમને રાત્રિ દરમિયાન એકાએક ઝાડા અને ઉલટી થઈ ગયા હતા. અને તે કારણે આજે શરૂ થતા પ્રવાસમાં તેઓ જોડાઈ શકશે કે કેમ તે શંકાસ્પદ બન્યું હતું. 'અતિ સ્નેહ: પાપશંકી' એ ન્યાયે, મુંબઈમાં છેલ્લા બે-ચાર મહિનાથી ઝાડા-ઉલટીનો એક વિચિત્ર પ્રકારનો ઉપદ્રવ ચાલી રહ્યો હતો તો દામજીભાઈને આવી તો કોઈ ઉપાધિ નહિ હોય એમ મન શંકા સેવતું હતું. આગળના બે દિવસના સ્ટીમરના પ્રવાસ દરમિયાન ખાવાપીવામાં ઠીક પ્રમાણમાં અનિયમિતતા થઈ હતી તેનું પણ આ પરિણામ હોય એમ બનવાજોગ હતું. ડાકતરી ઉપચાર તો રાત્રિ દરમિયાન જે કાંઈ સુઝયા તે ચાલી રહ્યા હતા. પણ તેની કોઈ ખાસ અસર જોવામાં આવતી નહોતી. પરમાનંદભાઈ તથા હું તેમને મળવા ગયા અને આ પરિસ્થિતિમાં તેઓ અમારી સાથે ચાલે એ કોઈ પણ રીતે ઠીક નહિ લાગતાં તેઓ બે-ત્રણ દિવસ રાયણમાં રહે અને ઠીક થાય ત્યારે અમે જ્યાં હોઈએ ત્યાં તેઓ અમારી સાથે જોડાય એમ અમે નક્કી કર્યું અને ત્યાર બાદ અમે રાયણથી ઉપડવાની તૈયારી કરવામાં પડયા. અમારો જ્યાં ઉતારો હતો ત્યાં ચાપાણી તથા નિત્યકર્મ પતાવીને અમારા માટે નક્કી કરવામાં આવેલી સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસ ગામની ભાગોળે આવીને ઊભી હતી ત્યાં સામાન સાથે અમે બધાં પહોંચી ગયાં; અને ઉપડવાની તૈયારી કરતા હતા એટલામાં દામજીભાઈ પોતાના કુટુંબ સાથે આવી પહોંચ્યાં. તેમને જોઈને અમને ભારે આશ્ચર્ય થયું. "શું આટલી વારમાં તમે સારા થઈ ગયા?" એવા અમારા પ્રશ્નના જવાબમાં તેમણે જણાવ્યું કે, "ગઈ કાલે સ્ટીમરમાંથી મછવામાં ઉતરતાં આંતરડા ઉપર આંચકો આવ્યો હશે એમ ધારીને મેં 'ચેચુટી' કરાવી અને તેથી હવે મને બહુ સારું લાગે છે અને આગળ ચાલવામાં વાંધો નહિ આવે એમ હું ધારું છું." આ રીતે અમારી બસ સાથે એક બીજી મોટી ખાનગી ટેકસી રોકવામાં આવી જ હતી. તેમાં તેઓ અન્ય કુટુંબીજનોને લઈને અમારી સાથે ચાલ્યા અને પછી સદ્‌ભાગ્યે કશી અડચણ ન આવી. આમ અમારા પ્રવાસની શરૂઆતમાં જ અમને ખૂબ મુંઝવે એવી આણધારી આફત આવી અને સારા નસીબે ઓસરી ગઈ અને રાયણથી અમારું મંગળ પ્રસ્થાન શરૂ થયું અને અમારા નિયત કાર્યક્રમ મુજબ જ્યાં અમારે બપોરનું ભોજન લેવાનું હતું તે ડૂમરા ગામ તરફ અમે રવાના થયા પણ અમે ડૂમરા પહોંચીએ તે પહેલાં અમારે ઉત્તરોત્તર ત્રણ સ્થળોએ રોકાવાનું હતું.

### નવાવાસ

સૌથી પહેલાં અમે દુર્ગાપુર જેને હાલ 'નવાવાસ'ના નામથી ઓળખવામાં આવે છે અને જે રાયણથી બે-ત્રણ માઈલ દૂર છે ત્યાં 'શ્રી હીરજી ભોજરાજ કચ્છી વિશા જૈન બાર્ડિંગ' જોવા માટે રોકાયા.

આ બોર્ડિંગમાં ૧૨૪ છાત્રો રહે છે. આ સંસ્થા ૩૦ વર્ષ જૂની છે. ગૃહપતિ રેવાશંકર ત્રિવેદીએ બોર્ડિંગની વિધવિધ પ્રવૃત્તિ બતાવી. દરેક વર્ગમાં સ્વાધ્યાયની સગવડ હોય છે. આ સંસ્થાના પ્રમુખ શ્રી જીવરાજ ભાણજી છે. આ સંસ્થામાં ૭૫ વિદ્યાર્થીઓને મફત રાખવામાં આવે છે. ૨૫ વિદ્યાર્થીઓની ૫) રૂપિયા ફી લેવામાં આવે છે. ૧૦ વિદ્યાર્થીઓની રૂા. ૧૦) ફી લેવામાં આવે છે. બાકીના ૧૫ અને ૨૦માં છે. વિદ્યાર્થીઓ આજુબાજુના ગામડામાંથી આવે છે. આ સંસ્થાની વિશિષ્ટ પ્રવૃત્તિ છે સમૂહ સફાઈ. એક ઓરડામાં સફાઈનાં બધાં સાધનો રાખવામાં આવે છે અને દરેક વિદ્યાર્થીઓ સમૂહ સફાઈ કરી સંસ્થાને સ્વચ્છ રાખે છે. જમવાના ઓરડામાં થાળી, વાટકા, ખ્યાલાં દરેક વિદ્યાર્થીના નંબર પ્રમાણે લાકડાના ઘોડામાં ગોઠવાયેલાં રહે છે. ચિત્રકળામાં પણ આ બોર્ડિંગની પ્રશંસનીય પ્રગતિ દેખાતી હતી. અહિં વાચનાલયમાં અમે 'પ્રબુદ્ધ-જીવન' જોયું.

### મેરાઉ

દુર્ગાપુરથી બસ ઉપડી અને 'મેરાઉ' ગામ ઊભી રહી.

અહિં પણ ગામના લોકોએ અમારું ભાવભર્યું સ્વાગત કર્યું. ત્યાર બાદ અમને એક સંસ્થામાં લઈ જવામાં આવ્યા. આ સંસ્થાનું નામ છે "શ્રી આર્યરક્ષિત જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ". આ સંસ્થા આચાર્ય શ્રી ગુણસાગર સૂરીની પ્રેરણાથી આજથી ચાર વર્ષ પહેલાં સ્થાપવામાં આવી હતી. તેનો ઉદ્દેશ "(૧) શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન ભાઈઓ તથા બહેનોમાં જૈન ધર્મના તત્ત્વજ્ઞાન, આચાર, શ્રદ્ધા અને ધાર્મિક જીવનનાં તત્ત્વો ટકાવી અને તેનું જ્ઞાન આપવા યોગ્ય ધાર્મિક શિક્ષકો-પંડિતો તૈયાર કરવા, પ્રાચીન જૈન શાસ્ત્રોના જુદા જુદા વિષયોના જ્ઞાતા ઉત્પન્ન કરવા તેમ જ સાધુ-સાધ્વીઓને પણ ધાર્મિક શિક્ષણ આપવું, તથા (૨) શ્રી મૂર્તિપૂજક જૈન જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટે વિદ્યાપીઠમાં રહેવાની, જમવાની અને તેમનો બૌદ્ધિક, સાંસ્કૃતિક તેમ જ અન્ય પ્રકારે સર્વાંગી વિકાસ સધાય તથા તેઓ ચારિત્ર્યશીલ અને ધર્મની ભાવનાવાળા બને તેવું ધાર્મિક શિક્ષણ આપવાની ગોઠવણ કરવી"—આ પ્રકારનો છે. તેનું ઉદ્‌ઘાટન કચ્છના જાણીતા આગેવાન શેઠ રામજી રવજી લાલનના પ્રમુખપણા નીચે કચ્છના કોંગ્રેસી અગ્રગણ્ય નેતા શ્રી ભવાનજી અરજણ ખીમજીના શુભ હસ્તે તા. ૧૬-૬-૬૧ના રોજ કરવામાં આવ્યું હતું

અને તેની શરૂઆત ૧૩ વિદ્યાર્થીઓથી કરવામાં આવી હતી. આજે આ સંસ્થામાં પાંચ શિક્ષકો અને ૧૩૨ છાત્રો છે જેમાં, ૧૬ સ્થાનિક છે. આ સંસ્થામાં એક બાજુએ નાનું સરખું એક જિનાલય પણ છે. આ સંસ્થામાં રોકાયેલા મુખ્ય પંડિતજીએ અમને બધે ફેરવ્યા અને સંસ્થાની પ્રવૃત્તિ અંગે જરૂરી સમજૂતી આપી. કચ્છ જેવા આપણાથી અલાયદા જેવા લાગતા દેશમાં એક ખૂણે તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠની કલ્પના સાથે આવી એક શિક્ષણસંસ્થા હોય – એ હકીકત જ આપણને આનંદ અને ગૌરવ આપે તેવી છે. મેં તો આ સંસ્થાનું નામ જ, આ બાજુએ આવતાં, પહેલી વાર જ સાંભળ્યું અને સંસ્થા જોઈને ઊંડી પ્રસન્નતા અનુભવી.

આ તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ અંગે વિશેષમાં જણાવવાનું કે આ વિદ્યાપીઠમાં જૈન ધાર્મિક અભ્યાસ કરાવવા ઉપરાંત વારાણસેય (બનારસનું) સંસ્કૃત વિશ્વવિદ્યાલય, મુંબઈનું ભારતીય વિદ્યાભવન અને અમદાવાદની બૃહદ્ ગુજરાત સંસ્કૃત પરિષદ સંચાલિત પ્રથમા, પૂર્વ મધ્યમા, ઉત્તર મધ્યમા, શાસ્ત્રી અને આચાર્ય સુધીની પરીક્ષાઓ માટેનો અભ્યાસ કરાવવાની વ્યવસ્થા શરૂ કરવામાં આવી છે. આ પરીક્ષાઓને અનુક્રમે આઠમું ધોરણ, મેટ્રીક, ઈન્ટર, બી. એ, અને એમ. એ.ની સમકક્ષ તરીકે સરકારે માન્ય કરેલ છે. આ ઉપરાંત આ વિદ્યાપીઠને હિન્દી ભાષાના અભ્યાસ અંગે વર્ધાની રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિના 'કોવિદ' સુધીનો અભ્યાસ કરાવવા માટેના કેન્દ્ર તરીકે સ્વીકારવામાં આવેલ છે. આ સંસ્થામાં પાંચમું ધોરણ પસાર કરેલા જૈન વિદ્યાર્થીને દાખલ કરવામાં આવે છે અને કશું પણ વળતર લીધા સિવાય ભોજન પુસ્તકો વગેરેની સગવડ આપવામાં આવે છે.

'મેરાઉ' ગામ અમારી મંડળીમાંનાં શ્રી જેઠાલાલભાઈનું ગામ હતું અને એમની ખાસ વિનંતિથી જ અમારું અહિંનું રોકાણ વિચારાયું હતું. તેમનાં ઘેર ચાહ–મઠના ખાખરા – ચીકી – સેવગાંઠિયા અને ગળ્યા સાટાનો નાસ્તો કરાવવામાં આવ્યો. શ્રી જેઠાલાલભાઈના દાદા ૯૮ વર્ષના છે. પિતાશ્રી પણ હયાત છે. એમનાં અમે દર્શન કર્યાં.

## ગોધરો


મેરાઉથી બસ ઊપડી. વચમાં તળાવ તથા શીતળા માતાનું મંદિર આવ્યું, પણ તે અમે ચાલુ બસમાં જ જોયું અને અમારી બસ 'ગોધરો' ગામ આવીને ઊભી. અહિં પણ ત્યાંના જૈન ભાઈ બહેનોએ અમારું સામૈયું કર્યું. અમને ગામમાં વાજતેગાજતે ફેરવીને જૈન મંદિરે લઈ ગયા. ત્યાં અમે દર્શન કર્યાં અને પછી બાજુએ આવેલી ભોજનશાળામાં અમારું ભારે ઉમળકાભર્યું આતિથ્ય થયું. ત્યાર બાદ ગામની કેટલીક સંસ્થાઓ જોવા અમે નીકળ્યા. 'ગોધરો' માં કલ્યાણજી ઠાકરશી સંચાલિત કન્યા છાત્રાલય ચાલે છે. અહિં ૬૫ બહેનો રહે છે. ગૃહમાતા પાનબાઈ ઠક્કર છે.

અહિં શ્રી ધનજીભાઈ કેશવજીએ સુંદર હાઈસ્કૂલ બંધાવી છે જેમાં સહશિક્ષણ અપાય છે અને વિશાળ જગ્યા છે. શ્રી ભેદા સર્વોદય કેન્દ્ર પણ અહિં જ છે. જેમાં સુંદર સૂત્ર લખ્યું છે: "બહુજન હિતાય – બહુજન સુખાય." અહિં શ્રી કેશવજી લખમશી ભેદા સાર્વજનિક દવાખાનું પણ છે. શ્રી ભાણજી કેશવજી ભેદા વિદ્યાલય પણ છે. દવાખાનામાં પ્રસૂતિગૃહ અને પ્રતીક્ષાગૃહ પણ છે. બાલ સંસ્કાર કુટિર, વિશ્રામ કુટિર પણ આ જગ્યામાં ઊભી કરવામાં આવી છે. આ બધી સખાવતો શ્રી ભાણજી કેશવજી ભેદા અને તેમનાં કુટુંબીજનોની છે અને એનું ઉદ્ઘાટન મુંબઈ દ્વિભાષી રાજ્યનાં મુખ્ય પ્રધાન શ્રી યશવંતરાવ ચવ્હાણે તા. ૯-૨-૧૯૫૮ નાં રોજ કરેલું. આ સખાવતોના કમ્પાઉન્ડનું પ્રવેશદ્વાર કલાત્મક છે. સાંચીના સ્તુપની યાદ દેવરાવે છે. આ બધું જોઈને અમારી સ્વારી ડૂમરા તરફ ઊપડી.

* * *

## ડૂમરા

બસમાંથી લાયજા, માયક, દેઢીયા, સાંભરાઈ અને હાલાપર ગામ જોયા. આમાનાં ઘણાખરા ગામોમાં દેરાસર છે. હવે લગભગ ૧-૦ વાગવા આવ્યો હતો અને 'ડૂમરા' દેખાયું. ડૂમરામાં કલ્યાણજી ઠાકરસી એન્ડ સન્સ - કચ્છી વિશા ઓશવાળ- જૈન બાળાશ્રમ છે. શ્રી હંસરાજભાઈએ પરમાનંદભાઈને સુતરની આંટી પહેરાવી સ્વાગત કર્યું. વિદ્યાર્થીઓએ બૅન્ડ વગાડી સલામી આપી. આ બાળાશ્રમમાં ૧૫૮ વિદ્યાર્થીઓ છે અને આ સંસ્થાનું ઉદ્ઘાટન ડૉ. જીવરાજ-મહેતાને હાથે થયું છે. અહિં અમે મિષ્ટાન્નનું ભોજન કર્યું. થોડો સમય આરામ કર્યો અને ગામની એક મોટી હૉસ્પિટલ જોવા ઊપડ્યા. આ હાસ્પિટલ શ્રી રતનશી મુલજીએ રૂા. ૩ લાખનાં ખર્ચે બંધાવી સરકારને અર્પણ કરી છે. પરંતુ દુઃખની વાત એ છે કે અહિં એક પણ ડૉકટર નથી અને હૉસ્પિટલ ખુદ નિરાધાર જેવી, નિર્જીવ-ઊભી છે. અહિંના કાર્યકરોનું કહેવું છે કે આપણા રાજદ્વારી પક્ષની




આ કચ્છના નકશામાં આપેલી માંડવીથી શરૂ થતી ☆–☆–☆–☆ આ પ્રકારની રેખા અમારા પ્રવાસની રેખા સૂચવે છે. કચ્છ માંડવી, અબડાસા, લખપત, નખત્રાણા, ભૂજ, બન્ની, અંજાર, ભચાઉ અને રાપર એમ ૯ તાલુકામાં વહેંચાયલું છે. તેમાંના ભચાઉ અને રાપરને વાગડ કહે છે. આ વાગડ સિવાયના બાકીના ભાગને અમારા પ્રવાસમાં આવરી લેવામાં આવ્યો હતો. પ્રવાસવર્ણન સાથે નકશો જોતાં રહેતાં અમારા પ્રવાસસ્થળોની માહિતી મળી શકશે.

આ એક જાણબૂજ બેદરકારી છે–Deliberate Negligence–છે.

હુમરામાં ચંદ્ર પ્રભુ સાગરનું દેરાસર છે. આ દેરાસરની કારીગરી અને સ્થાપત્ય ભારે આકર્ષક છે. આ મંદિરનાં દર્શન કરીને અમે જખૌ તરફ રવાના થયા.

* * *

જખૌ જતાં અમે 'કોઠારા' રોકાયા. કોઠારામાં શાંતિનાથજી મહારાજનું દેરાસર છે. આ દેરાસર ઘણું જ મોટું અને સુંદર છે. આ દેરાસર જોઈને બધાંને ખૂબ આનંદ થયો.

* * *

કોઠારા પહેલા સૂથરી ગામ આવે છે પરંતુ સમયસર જખૌ પહોંચાશે નહિ એમ વિચારીને અમારાં કાર્યક્રમમાં અહિં રોકાવાનું હોવા છતાં અમારે તે પડતું મૂકવું પડેલું. કોઠારા પછી અમે નળીયા ગયા.

## નળીયા

અહિં અમને તાલુકા વિકાસ અધિકારી વિગેરેનો પરિચય કરાવવામાં આવ્યો–અમારું આતિથ્ય કરવા માટે મુંબઈથી ખાસ કચ્છ આવેલ મુંબઈના જાણીતા સમાજસેવિકા માનબાઈ પણ અહિં અમને મળ્યા–તાલુકા પંચાયતનાં પ્રમુખ શ્રી જેઠાલાલભાઈએ સૌનો સત્કાર કર્યો અને સૌને ચાહ-બિસ્કીટ આપવામાં આવ્યા. સંઘના સભ્યોનો વ્યકિતગત પરિચય મેં સૌને કરાવ્યો. ત્યારબાદ શ્રી પરમાનંદભાઈએ જૈન યુવક સંઘનો ઈતિહાસ ટૂંકમાં કહ્યો અને સંઘની વિવિધ પ્રવૃત્તિઓનો ખ્યાલ આપ્યો. અને ત્યાર પછી શ્રી વિનોદરાય વોરાએ કચ્છનો જવલંત ઈતિહાસ એમની રસાળ શૈલીમાં કહી સંભળાવ્યો, જેનો સાર નીચે મુજબ હતો :

"કચ્છનો પ્રદેશ ખેતી પ્રધાન દેશ છે. ઘણીવાર દુષ્કાળની અસર નીચે આવી જાય છે. આથી અહિના લોકોએ બહારનું ક્ષેત્ર શોધ્યું છે. અહિં પંચતીર્થી છે. અમારા દેશને અવ્યવસ્થિત રાજકીય માનસમાંથી પસાર થવું પડયું છે. સૌથી પ્રથમ કચ્છી પ્રજાકીય પરિષદ સ્વ. ગુસફ મહેરઅલીના પ્રમુખપદે મળેલી. એ પરિષદનો છેલ્લો કાળ હતો. પછી અમારો દેશ ગાંધીજીની અસર નીચે આવ્યો. ૧૯૪૭ પછી ૧૯૪૮માં વ્યવસ્થિત રીતે કોંગ્રેસ અહિં આવી. આજે અમે ગુજરાતની અંદર જિલ્લા તરીકે જ છીએ. અમારે ત્યાં ૨૩-૨૪ હાઈસ્કૂલો છે. ૩ થી ૪ એકેડેમીક હાઈસ્કૂલ છે. આજે કચ્છ થોડું બહાર આવતું જાય છે. અમે Development Stageમાંથી પસાર થઈ રહ્યા છીએ. અહિં લોકોનાં દિલમાં પ્રેમ છે. ગામડાનું ખડતલ જીવન અહિં છે. પંચાયત રાજ્ય દ્વારા ગામડે ગામડે શાળા પહોંચી ગઈ ગઈ છે. અમારે ત્યાં નાની બચત યોજના ગુજરાતમાં સારો લક્ષ્યાંક લઈ જાય છે. શૂરાઓ, સંતો અને સતીઓનું આ ધામ છે.

'કચ્છના કલાકારો' પુસ્તક, જેના લેખક દુલેરાય કરાણી છે–આ પુસ્તક વાંચી જવા આપને ભલામણ છે. કચ્છની ભાષાને લિપિ નથી, પણ ભાષાની અંદર પ્રેમનો ઘોધ છે. ભાષામાં નાન્યતર જાતિ નથી. ભાષામાં જ્યાં સુધી એક અક્ષરમાં સમજાવી શકાય ત્યાં સુધી બે અક્ષરો ન વાપરવા એવો ભાષાનો ભાવ છે. દાખલા તરીકે પુત્રવધૂને 'નોં' ગાયને 'ગો' અને દોહવાને 'દો' કહે છે. અહિં ભરતકામ ઘણું સારું થાય છે. ઊનનો વેપાર પણ સારો છે. કચ્છનો માણસ સાદો છે. રોટલો-છાશ ખાનારો છે. અહિં રેતી છે. દરિયો છે, વાડી છે, હવા છે, અને ભૂજિયો ડુંગર પણ છે. અહિં હિંદુ મુસલમાનનો પ્રશ્ન જ નથી. દેશમાં કોમી હુલ્લડો થયા છે, પણ અમે કોમી હુલ્લડ કર્યા નથી. બલકે, અહિં મુસલમાનો શીતળામાતાને માને છે. અને હિંદુઓ હાજીપીર જાય છે અને તાબૂતમાં ફાળો પણ આપે છે. ગુજરાત-સૌરાષ્ટ્ર કરતાં મુસલમાનની ટકાવારી અમારે ત્યાં વધારે છે. કહેવાય છે અમારે ત્યાં એક મુસલમાન ફોજદાર થઈ ગયો અને તેણે મુસલમાન સંસ્કૃતિ અહિં આવતી રોકી–આને અમારા ઈતિહાસને પાને 'કચ્છનોં કોમવેલ' કહ્યો છે. નળીયા–ગામ, અબડાસા તાલુકાનું મુખ્ય ગામ છે. અમારે ત્યાં ખેડૂતો જાગ્યા છે–આયર કોમ પણ જાગી છે. જાડેજા ભાઈઓ પણ આગળ આવી રહ્યા છે. આ ગામમાં શ્રી પાંડુરંગ શાસ્ત્રીએ "તત્ત્વ–ભાવના" નામની સંસ્થા ચાલુ કરી છે. આ સંસ્થા સાંસ્કૃતિક વિચારો ગામમાં ફેલાવે છે."

...અંતમાં આભારવિધિ થઈ, રાત પડી ગઈ હતી. સૌ જખૌ તરફ જવા રવાના થયાં.

જખૌ–એટલે કચ્છનો પશ્ચિમ વિભાગનો છેડો. આ એક બંદર પણ છે. અહિંથી મીઠું પરદેશમાં ચઢે છે. અમે ગયા ત્યારે જાપાનની એક સ્ટીમર મીઠું લેવા આવી હતી. જખૌ સોલ્વટ વર્કસનાં શ્રી ઝવેરભાઈએ સૌને શીરા-પૂરીનું ભોજન કરાવ્યું. અને ભોજન બાદ જખૌ ગામ જે જખૌ બંદરથી દસ-બાર માઈલ દૂર છે ત્યાં અમારી મંડળીને લઈ જવામાં આવી. ઠંડી વાતી હતી–સર્વત્ર અંધકાર હતો. ગામમાં ઈલેકટ્રીક બત્તી ન હતી. ઝવેરકાકાની જીપ સાથે હતી એટલે સામાન ફેરવવામાં ઠીક મદદરૂપ થઈ. રાતે બધા ગોદડાં ઓઢીને સૂઈ ગયા. સવારે ઊઠીને નિત્યકર્મ પતાવ્યા બાદ, ત્યાં ભગવાન મહાવીર સ્વામીનું એક ભારે ભવ્ય મંદિર છે ત્યાં બધે ફરીને દર્શન કર્યાં અને પછી ઝવેરકાકાને ઘેર ગયા. ત્યાં તેમણે કચ્છનો જે ખાસ નાસ્તો કહેવાય-રોટલો, ઘરની ભેંસનું ચોકખું ઘી, છાશ અને ચા–નો પેટ ભરીને નાસ્તો કરાવીને અમને ખૂબ સંતુષ્ઠ કર્યા અને ત્યાર બાદ અહિંથી અમારી સવારી નારાયણ સરોવર તરફ ઊપડી.

બહેન માનબાઈ જેઓ નળિયાથી અમારી સાથે હતા અને જેમણે જખૌના સૉલ્ટ વર્કર્સ ઉપર અમારા રાત્રિ ભોજનની વ્યવસ્થા કરી હતી અને જખૌમાં પણ અમારા માટે જેમણે શ્રી ઝવેરકાકા સાથે મળીને બધી ગોઠવણ કરી હતી તેઓ જખૌથી અમારાથી છૂટા પડયા. તે બહેનની આટલી બધી માયાળુ લાગણી માટે તેમનો અમે જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે.

અપૂર્ણ

ચીમનલાલ જે. શાહ

## આજે લોકો શું ચાહે છે?

પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થયેલી ઉપધાન અને આચાર્ય પદવી–પ્રદાન સમારંભની વિગતો વાંચીને ધર્મશાસ્ત્રવિશારદ શ્રી સૂરજચંદ્ર ડાંગી મોટી સાદડીથી પોતાના એક પત્રમાં લખે છે કે, "આજે લોકો 'પ્રસિદ્ધિ' ચાહે છે, 'સિદ્ધિ' નથી ચાહતા, 'પ્રદર્શન'ની પાછળ છે, 'દર્શન'ની પાછળ નહિ, આજે 'નમો સિદ્ધાણં'ના સ્થાન ઉપર 'નમો પ્રસિદ્ધાણં' બોલવું વધારે ઠીક થશે."

આ ટીકા આજની પરિસ્થિતિને, હું ધારું છું કે, યથાર્થપણે રજૂ કરે છે.

પરમાનંદ

## શ્રી કિસનસિંહ ચાવડાનો વાર્તાલાપ

**શ્રી. મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે તા. ૬-૪-૬૫ મંગળવારના રોજ સાંજના ૬-૧૫ વાગ્યે નીચે જણાવેલ સ્થળે જાણીતા ચિંતક અને વિવેચક શ્રી કિસનસિંહ ચાવડાનો વાર્તાલાપ ગોઠવવામાં આવ્યો છે. આ વાર્તાલાપમાં રસ ધરાવતા ભાઈબહેનો ભાગ લઈ શકે છે.**

**સ્થળ: શ્રી રસિકલાલ મોહનલાલ ઝવેરીનું નિવાસ સ્થાન.**
**કુલચંદ નિવાસ, ૩ માળે, ચોપાટી સી ફેઇસ.**

## શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહનું વ્યાખ્યાન

**શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે સંઘના કાર્યાલયમાં તા. ૧૦-૪-૬૫ શનિવારના રોજ સાંજના ૬-૧૫ વાગ્યે "રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય રાજકારણની સમિક્ષા"એ વિષય ઉપર શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ જાહેર વ્યાખ્યાન આપશે.**

**મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ**

# સન્નિષ્ઠ સાહિત્યકાર : ધૂમકેતુ

'ધૂમકેતુ'એ સૌની વિદાય લીધી—ગયા મહિને: હંમેશને માટે વિદાય લીધી; કોઈને જરાસરખી પણ ગંધ આવવા દીધા સિવાય. કહેવાય છે કે 'ધૂમકેતુ'નો તારો ખરે છે ત્યારે કોઈ ને કોઈ નુકસાન થાય જ છે: સાહિત્યક્ષેત્રના આ સુપ્રસિદ્ધ 'ધૂમકેતુ'ના ખરી જવાથી—અવસાનથી સાહિત્યને હજુ પણ એક દસકા સુધી સેવા આપી શકે એવા સન્નિષ્ઠ સાહિત્યકારની ખોટ પડી છે.

છેલ્લાં ત્રીસ વર્ષનો એઓની સાથેનો મારો અને પછી અમારો—'ચા—ઘર'નો પરિચય. એમાં લગભગ પંદર વર્ષ તો એવાં કે જેમાં ભાગ્યે જ કોઈ રવિવારે સવારે અને સપ્તાહના કોઈ એકાદ વારે ન મળ્યા હોઈએ એવું ન જ બને. અને એ પંદર વર્ષના ગાળા દરમિયાન ધૂમકેતુની સર્જનપ્રવૃત્તિ વિષે દષ્ટા થવા હું ભાગ્યશાળી બન્યો એ મારે માટે જિંદગીનું એક અદ્‌ભુત સંસ્મરણ કહી શકાય. ટૂંકી વાર્તા હોય કે નવલકથા હોય, જીવનચરિત્રનો પ્રસંગ હોય કે ઈતિહાસનો પંથ હોય—કેડી હોય યા પગદંડી હોય—એ સર્વ ક્ષેત્રે જ્યારે જ્યારે એમની કલમ પર સરસ્વતી બેસતી ત્યારે ત્યારે મેં એઓમાં નિહાળ્યાં છે એકનિષ્ઠા અને ખુમારી.

એમની પાસે કલાકોના કલાક ગાળવા એ પણ અમારે માટે—'ચા-ઘર' માટે—શ્રી ઝવેરચંદ મેઘાણી, શ્રી ગુણવંતરાય આચાર્ય, શ્રી અનંતરાય રાવળ, શ્રી મધુસુદન મોદી, શ્રી મનુભાઈ જોધાણી, હું અને ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય—એ સૌ માટે એક લહાવો હતો. કદીક ચીડવીએ તો એમનો પુણ્યપ્રકોપ અમારી મહત્ત્વાકાંક્ષાઓને ઉત્તેજતો. એમની સાથે ચર્ચામાં—ટોળટપ્પામાં—ઈતિહાસ-સંશોધનમાં કે વાર્તાના મુદ્દા અંગે કલાકોના કલાકો ગાળો; તમે થાકો જ નહિ; એઓ પણ થાકે નહિ. ચર્ચામાં કદીક વિદ્યાર્થી, કદીક અભ્યાસી, કદીક જિજ્ઞાસુ તો કદીક એક દષ્ટા સમા ભાસે. આમ તો તેઓ છેક સુધી વિદ્યાર્થી રહ્યા અને વિદ્યાર્થી તરીકે વિદાય થયા.

સાહિત્યના કેટકેટલાં વિધવિધ ક્ષેત્રો એમણે ખેડ્યાં છે એમના જીવનપ્રવાસ દરમિયાન ? ટૂંકી વાર્તાઓ, નવલકથાઓ, નાટિકાઓ, ચિંતનાત્મક નિબંધો, પ્રવાસ-વર્ણનો, વિવેચન, હાસ્યરસ, જીવનચરિત્રો, આત્મકથા, પ્રૌઢ માટેની પણ બાળ પુસ્તિકાઓ—અનેક ક્ષેત્રે એઓ વિહર્યા—વિચર્યા, અને સર્વ ક્ષેત્રને પોતાની 'હવા'થી સભર કરવા યત્નશીલ બન્યા; એમ કહો કે આ સર્વ પ્રકારોની એમણે શાંત ઉપાસના કરી. અને ભાવનાપ્રધાન ધૂમકેતુએ પોતાના જીવન સાથે વણી લીધેલા મહત્ત્વનાં મૂલ્યાંકનોથી એ સર્વ ક્ષેત્રોને અલંકૃત કરવા તેઓ સજાગ રહ્યા. પ્રતિજ્ઞા લઈ કલમને ખોળે એઓએ મસ્તક મૂક્યું નહોતું, પણ મસ્તક મૂક્યું હતું એમ કહીએ તો જરાય અતિશયોક્તિ નથી અને કલમને ખોળે મૂકેલ એ મસ્તકને એમણે છેક સુધી ગૌરવભેર ઉન્નત રાખ્યું છે. ટૂંકી વાર્તાઓના ક્ષેત્રે એ ગુજરાતી સાહિત્યમાં અગ્રિમ—અર્વાચીનોમાં આદ્ય બન્યા; આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પ્રતિભાસંપન્ન ગણાયા. જે વખતે પંડિતયુગ ટોચે હતો ત્યારે ધૂમકેતુએ સમાજના નીચલા સ્તરના માનવીઓને, પાત્રોને પોતાનાં મુખ્ય પાત્રો બનાવી સાહિત્યક્ષેત્રે 'તણખા' વેર્યા; એ તણખાઓમાંથી આજે અનેક તણખાઓ પ્રગટયા છે. નવલકથાના ક્ષેત્રે એમનું પ્રદાન વિપુલ છે. અલબત્ત, ટૂંકી વાર્તા જેટલું સબળ અને સમૃદ્ધ નહિ. પરંતુ નવલકથામાંનાય એમનાં પાત્રો ધૂમકેતુની ભાવના, આદર્શો યા વ્યકિતત્વ એક યા અન્ય પ્રકારે દર્શાવ્યા સિવાય રહેતા નથી. ચૌલુક્ય અને ગુપ્તયુગની નવલગ્રંથાવલિનાં પુસ્તકો ઈતિહાસ માટેની એમની સન્નિષ્ઠાનાં સાક્ષી છે. વર્ષો પહેલાં 'ઈતિહાસ-સંમેલન' સમયે એઓએ કહેલું : 'નવલકથામાં ઈતિહાસનું પ્રમાણ જોઈએ—ખીચડીમાં મીઠું જોઈએ એટલું, એ પ્રમાણ એઓએ જીવનનાં અંત સુધી જાળવી રાખ્યું. નવલકથાની મૂળ વસ્તુને, ઐતિહાસિક પાત્રને કે તત્કાલીન રીતરિવાજને એ એટલા જ વફાદાર રહ્યા. ઝીણામાં ઝીણી ઐતિહાસિક હકીકત માટે એ એટલી ચીવટ રાખતા કે દિવસોના દિવસો ગળી જાય તોય શું ? ત્યાંસુધી અજંપો એમને સતાવ્યા જ કરે. તાગ મેળવ્યે જ જંપે. અભ્યાસનિષ્ઠા પણ એઓની જ. 'હેમચંદ્રાચાર્ય'નું જીવન લખવા એઓ તૈયાર નહોતા એ સમયે—ઈ. સ. ૧૯૩૭ આસપાસ—સારી એવી રકમ પુરસ્કાર તરીકે મળે તોપણ તેઓની ના પડી હતી; મહામહેનતે 'હા' પડાવી શકયા, અને વર્ષને અંતે—એમના અવિરત પરિશ્રમ પછી ગુજરાતને પોતાના એક જ્યોતિર્ધરનું સુંદર જીવન મળ્યું: અને સાથે સાથે એ સમયના ઈતિહાસનિષ્ઠ ધૂમકેતુની ગુજરાત વિષેની જીવનદષ્ટિ પણ બદલાઈ. ત્યારથી 'ગુજરાત' વિષે કંઈક ધસાતું બોલી જતા ધૂમકેતુ ગુજરાતની અસ્મિતા માટે સજાગ બન્યા. એમાંથી જ ચૌલુક્ય નવલગ્રંથાવલિ અને ત્યારબાદ ગુપ્તયુગ નવલગ્રંથાવલિનો જન્મ થયો.

ગુજરાતી સાહિત્યને એમણે વિપુલ આપ્યું છે; પણ એનાથી એમણે જીવનમાં કયારેય સંતોષ માન્યો નથી. જોકે ગુજરાતે એમને પૂરતો ન્યાય નથી કર્યો એનો એમને ઊંડે ઊંડે અસંતોષ હતો—કયારેક વ્યકત પણ થતો; પરંતુ જનતાનો—લોકોનો પોતાના તરફ—પોતાનાં પુસ્તકો પ્રત્યે આદર જોઈ એઓ સંતોષ અનુભવતા. આ સાથે એક મહત્ત્વની એક વાતના અમે સૌ સાક્ષી છીએ કે જ્યારે જ્યારે એમણે અસંતોષ અનુભવ્યો છે ત્યારે ત્યારે એમણે પોતાની જે અનોખી વિશિષ્ટતા હતી એ કદી નથી ખોઈ. અમે ત્યારે એમને વધુ ખુમારીથી વિચારતા જોયા છે. એ તો કહેતા : 'યુનિવર્સિટી, સરકાર કે સંસ્થાઓ શું સન્માનવાની હતી ? ત્યાં પણ બેસી ગયા છે વામણા નેતાઓ. સાચું સન્માન તો પ્રજા કરી રહી છે સાહિત્યકારોનું.'

નર્મદ વિષે વાંચ્યું હતું, સાંભળ્યું હતું આ પ્રકારની ખુમારી માટે; સ્વર્ગસ્થ નાનાલાલ કવિ સંબંધમાં એમની ઉત્તરાવસ્થામાં નિહાળ્યું હતું સગી આંખે; પણ ધૂમકેતુ વિષે તો પંદર પંદર વર્ષ સુધી સતત્ અને ત્યાર પછી પણ આ સત્ય જોયું અને અનુભવ્યું. કોઈને નમતું આપે નહિ—સિદ્ધાંત માટે; પોતાના મંતવ્ય માટે પણ. જીવ્યા ત્યાંસુધી જેમ એમણે પોતાના લેખનમાં ભાવનાશીલતા, રંગદર્શીપણું, સૌંદર્યદષ્ટિ વગેરે જાળવી રાખ્યાં, એમ લેખનમાં અને જીવનમાં ખુમારી પણ ટકાવી રાખી. જ્યારે એ કહેતા : 'બારમી સદીના સમગ્ર ગુજરાત પર નજર નાખો : હેમચંદ્રાચાર્યની પ્રતિભા સારાય ગુજરાતને છાઈ રહી હોય એમ જણાશે.' ધૂમકેતુ વિષે પણ કહી શકીએ : 'સાહિત્યનાં પ્રાય : સર્વક્ષેત્ર અને મુખ્યત્વે ટૂંકી વાર્તાનું કલાક્ષેત્ર એમની પ્રતિભાથી આજે છવાઈ ગયું છે.'

આ ખુમારીની સાથે એમણે જીવનભર સાહિત્યની જે 'શાંત ઉપાસના' કરી એમાં કયાંય વાડાબંધી પ્રવેશવા દીધી નથી. અમારા 'ચા-ઘર'ની ચર્ચામાં કે કોઈ પણ સ્થળે એ પોતાની રીતે અનોખી હવા જ ઊભી કરી દેતા. 'ચા-ઘર' મંડળ એક સમયે 'વાડા'માં ગણાઈ ગયું હતું : પરંતુ મારે કહેવું જોઈએ કે ધૂમકેતુએ કે અમારામાંના કોઈએ 'ચા-ઘર'માં કદી વાડાબંધી થવા દીધી નહોતી. સત્યનો અમે સૌ આનંદપૂર્વક સ્વીકાર કરી લેતા : પોતાને ન ગમી હોય એવી વસ્તુનો છડેચોક વિરોધ પણ કરી શકતા—ધૂમકેતુના શબ્દોમાં કહીએ તો 'પછી ભલેને સામે મોટો ચમરબંધીનાં હોય !' એ રીતે એઓ સ્પષ્ટભાષી હતા.

છેલ્લે, મહિના સવા મહિના ઉપર જ્યારે એમને મળ્યો મારાં સંપાદિત' 'વિમલપ્રબંધ' માટે અને ગુજરાત સાહિત્ય સભા સાઠ વર્ષ પૂરાં કરે છે એના હીરક-મહોત્સવની ઉજવણીની રૂપરેખા સાથે એમના સહકાર માટે, ત્યારે એમની એક ઈચ્છા હતી : હવે તો એ છેલ્લી જ ઈચ્છા હતી એમ કહી શકાય : 'ગુજરાતનો અણિશુદ્ધ ઈતિહાસ વહેલામાં વહેલી તકે લખવાની.' અમારો સૌનો—શ્રી ગુણવંતરાય આચાર્ય, શ્રી મધુસૂદન મોદી, ડૉ. ભોગીલાલ સાંડેસરા, ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી—વગેરેનો સહકાર મેળવીને. એઓની એ મનીષા મનમાં જ રહી ગઈ. એ મનીષા પૂરી કરવાની તક વિદ્યમાન ઈતિહાસવિદો પૂર્ણ કરે એ જ ધૂમકેતુને સાચું તર્પણ કહી શકાય.

**ધીરજલાલ ધનજીભાઈ શાહ**

# ઉદ્યોગમાં ટ્રસ્ટીશીપના સિદ્ધાન્તનો અભિનવ પ્રયોગ કરનાર
# ઉદ્યોગપતિ શ્રી અર્નેસ્ટ બાડર

[આ પરિચય સર્વોદય પ્રેસ સર્વીસ તરફથી મળેલ શ્રી અમૃત મોદીના લખાણને તથા તા. ૭-૩-'૬૫ના જન્મભૂમિ–પ્રવાસીમાં પ્રગટ થયેલ 'સોહમ્'ના લખાણને સંકલિત કરીને તૈયાર કરવામાં આવ્યો છે. તંત્રી]

સર્વોતોમુખી–પ્રતિભા-સંપન્ન ગાંધીજીએ સમાજ–જીવનના વિવિધ ક્ષેત્રે કંઈ ને કંઈ પ્રદાન કર્યું છે. "સમાન વહેંચણીના સિદ્ધાંતના મૂળમાં, ધનિકો પાસે જે વધારાનું ધન છે તેના ટ્રસ્ટીપણાનો વિચાર નિઃસંદેહપણે સમાયેલો છે. જમીન અને સંપત્તિ તેની છે, જે મહેનત કરે છે." એમ કહીને બાપુએ સંપત્તિ અને ઉદ્યોગના ક્ષેત્રે ટ્રસ્ટીશીપનો વિચાર રજૂ કર્યો ત્યારથી એટલે કે ૧૯૩૭થી આ વિચાર આપણે ત્યાં વાગોળાઈ રહ્યો છે. જો કે પ્રત્યક્ષ સ્વરૂપમાં ખાસ કરીને હજી એ વિચાર આપણી આગળ આવ્યો નથી. પરંતુ કોઈ પણ મૂળભૂત વિચાર સ્થળ કે કાળના બંધનમાં રહેતો નથી. વહેલો કે મોડો, અહીં કે તહીં, એનો પ્રાદુર્ભાવ થાય છે જ.

વિનોબાજીએ જમીનના સવાલ પરત્વે ગ્રામ્ય વિસ્તારમાં ટ્રસ્ટીશીપના વિચારનો સફળ પ્રયોગ કર્યો ગણાય, પણ વ્યાપાર અને ઉદ્યોગના ક્ષેત્રે ટ્રસ્ટીશીપ કઈ રીતે અમલી બની શકે તે આપણે ત્યાં હજી વિચારણાનો વિષય રહ્યો છે, ત્યારે યુરોપના થોડાક ઉદ્યોગપતિઓ એ દિશામાં આગળ આવ્યા છે તે આપણે માટે સૂચક હકીકત છે. ઈંગ્લેન્ડ, જર્મની અને ડેન્માર્કમાં કેટલાક ઉદ્યોગપતિઓએ સ્વેચ્છાપૂર્વક પોતાના ઉદ્યોગની માલિકી સમાજને–ઉદ્યોગમાં કામ કરતા કર્મચારીઓને–સોંપી દઈને અભિનવ પ્રયોગ આદર્યો છે. સ્કોટ-બાડર કોમનવેલ્થ, રોબર્ટ વેસ્ટ કંપની, ફાર્મર ઍન્ડ સન્સ, જૉન લુઈ પાર્ટનરશીપ, કાર્લ જાઈસ ફાઉન્ડેશન જેવી વિદેશી પેઢીઓએ સ્વેચ્છાપૂર્વક પોતાની માલિકીનું વિસર્જન કરીને તેનું સમાજમાં વિતરણ કર્યું છે, જેમાંની જૉન લુઈ પાર્ટનરશીપમાં તો તેર હજાર જેટલા કર્મચારીઓ કામ કરે છે. ૧૯૫૮ના એપ્રિલમાં શ્રી જયપ્રકાશ નારાયણ ચાર માસ માટે યુરોપના પ્રવાસે ગયા હતા, ત્યારે ઉપરોક્ત કંપનીઓનો પ્રયોગ જોઈ, ખૂબ પ્રભાવિત થયા હતા. જયપ્રકાશજી કહે છે: "મેં એમનાં કારખાનાં જોયાં, એ લોકો સાથે મેં વાતચીત કરી, એમના મજૂરોને મળ્યો, તો મેં જોયું કે માલિકોએ પોતાની નેવું-પંચાણું ટકા માલિકીનું વિસર્જન કરીને સમાજમાં વિતરણ કરી દીધું છે. હું એનાથી બહુ પ્રભાવિત થયો. કેવી નૂતન પ્રેરણા છે કે જે સારા સંસારમાં કામ કરી રહી છે!"

સ્કોટ-બાડર કોમનવેલ્થવાળા આ પ્રયોગના મુખ્ય પ્રણેતા શ્રી. અર્નેસ્ટ બાડર સર્વ સેવા સંઘના આમંત્રણથી ૨૫મી ફેબ્રુઆરીએ બીજીવાર ભારતની મુલાકાતે આવ્યા હતા. અગાઉ ૧૯૫૯ના જાન્યુઆરીમાં આવેલા ત્યારે મુંબઈ, બેંગલોર, મદ્રાસ, દિલ્હી, કલકત્તા વગેરે શહેરોમાં ફર્યા હતા તેમ જ વિનોબાજીને તેમણે પોતાના પ્રયોગની રસપ્રદ વિગતો સમજાવી હતી.

અર્નેસ્ટ બાડરનો જન્મ ઈ. સ. ૧૮૯૦માં સ્વીટ્ઝર્લેન્ડમાં થયો હતો. સાત ભાંડુમાં તેઓ સૌથી નાના હતા. ૧૪ વર્ષની વયે તેમણે કારકુની શરૂ કરી. પણ બાવીશી વટાવ્યા બાદ તેઓ ઉદ્યોગના માર્ગે વળ્યા. તેઓ નસીબ અજમાવવા લંડન આવ્યા. ત્યાં તેઓ કુમારી સ્કૉટ સાથે પરણ્યા અને પછી તેઓ બ્રિટિશ નાગરિક બની ગયા. પણ સંયોગવશાત્ તેઓ ધંધામાં પડ્યા. સ્વીટ્ઝર્લેન્ડથી સેલ્યુલૉઈડ મંગાવે અને ઈંગ્લાંડમાં વેચે. પેઢીનું નામ ઈ. સ્કૉટ બાડર રાખેલું. બીજો વિગ્રહ શરૂ થયો તે દાયકામાં તેઓ પોતે ઘણી ચીજો બનાવતા હતા.

પણ આરંભકાળમાં જ એ કંપની મુશ્કેલીમાં આવી પડી. ૧૯૪૧ના માર્ચમાં લંડન પર બૉમ્બમારો થયો ત્યારે એમનું કારખાનું તારાજ થઈ ગયું. પણ શ્રી બાડર હિમત હાર્યા નહીં. અને પ્લાસ્ટિકના કામમાં ઝંપલાવ્યું. તેમાં કુદરતે સાથ આપ્યો અને વૉલેસ્ટન ખાતે તેમનું વૈજ્ઞાનિક સીન્થેટીક કારખાનું ઝડપથી વિકસવા લાગ્યું.

૧૯૫૧ સુધી આ સ્કૉટ–બાડર કંપની બાડર કુટુંબની ખાનગી માલિકીની હતી. પણ માનવતાવાદી શ્રી. બાડર પોતાના કર્મચારીઓને મનથી ભાગીદાર માનતા હતા. તેઓ સમજતા હતા કે, ઉદ્યોગ-વેપાર પર વ્યક્તિગત માલિકી ન હોવી ઘટે, કેમ કે એ સમાજની દેણ છે. એમનામાં વસેલી આ માનવતા અને માન્યતા એમના કારખાનાના વહીવટમાં વ્યક્ત થઈ, અને ૧૯૫૧માં તેમણે ક્રાંતિકારી પગલું ભર્યું. શું હતું એ પગલું? કારખાનાના નેવું ટકા શેરનું એમણે ટ્રસ્ટ કર્યું, કારખાનાના બધા કર્મચારીઓને જવાબદાર ભાગીદાર બનાવ્યા અને ત્રણ બાબતમાં તેમને ભેળવ્યા: (૧) સંચાલનની જવાબદારી (૨) નફાની વહેંચણી અને (૩) ખોટ આવે તો તેની વહેંચણી. પોતાની આ અંગેની ભૂમિકા બતાવતાં શ્રી. બાડર કહે છે:

"કોઈ પણ ઔદ્યોગિક સાહસમાં નફો અનેક કારણોસર થાય છે. ઉદ્યોગમાં થતો નફો ઉદ્યોગમાં કામ કરતા બધા જ લોકોના સામટા પુરુષાર્થનું ફળ હોય છે. જો વાહન–વ્યવહાર અને જાહેર સંસ્થાઓની સગવડ ન હોય, લોકોની ખરીદવાની અને વાપરવાની શક્તિના કારણે ખડાં થતાં બજારો ન હોય, આયાતો પરની જકાતો દ્વારા મળતું સંરક્ષણ ન હોય, તાલીમબદ્ધ મજૂરો અને શિક્ષિત તંત્રવાહકો વગેરે હોય નહિ, તો કોઈ પણ કારખાનું હસ્તી ધરાવી શકે નહિ કે નફો કરી શકે નહિ. તેથી કોઈ કહે કે ઉદ્યોગ ચલાવવા માટેનો જરૂરી ખર્ચ બાદ કરતાં જે બચત રહે તે કોઈ એકની નહિ, તે અનેક તત્ત્વોને આભારી છે અને તેથી એ મેળવવામાં જેનો જેનો હિસ્સો હોય તે સૌ વચ્ચે તેની વહેંચણી થવી જોઈએ, તો એનું કહેવું યોગ્ય ગણાશે.

"એનો અર્થ એ થયો કે આપણે એક પ્રકારની સહમાલિકીની સ્થાપના કરવી પડશે. ઉદ્યોગોની માલિકી સમાજની હોય અને સહકારી ધોરણે ચાલતી હોય એવી રચના કરવી પડશે; આને માટે આજના શેરહોલ્ડરોએ પોતાની સત્તા તથા વિશિષ્ટ હક્કોને પોતાની મેળે જતાં કરવાં પડશે; તથા કામદારોએ પોતપોતાના ઉદ્યોગની કાર્યનીતિ, કાર્યકુશળતા, તથા એકંદર ફાયદા માટેની જવાબદારીમાં પોતાનો પૂરે પૂરો હિસ્સો સ્વીકારવો પડશે. આવાં સ્વયં સંચાલિત વ્યાપારી સમાજમાં શેરહોલ્ડરોને ચાલુ નાણાંના દર મુજબ પોતાની મૂડી પર યોગ્ય નફો આપવામાં આવશે; વ્યવસ્થાપકો અર્થાત્ ઉદ્યોગના નેતાઓને પોતાના પુરુષાર્થ બદલ યોગ્ય પુરસ્કાર મળશે; અને જેમણે અવિરતપણે પોતાનું સર્વોત્તમ આપ્યું છે એવા મજૂરો અને નોકરોને તેમ જ સારા યે સમાજને ઉદ્યોગની નાણાંકીય સફળતામાં પોતપોતાનો યોગ્ય હિસ્સો મળી રહેશે."

હવે શ્રી. બાડરના કારખાનાની થોડીક વિગતો જોઈએ. જ્યારે તેમણે પોતાના કારખાનાની માલિકી કામદારોમાં વહેંચી દીધી ત્યારે એની અસ્કયામતો ૧૫ લાખ રૂપિયાની હતી. તે વધીને ૧૯૫૯માં ૪૫ લાખ રૂપિયા જેટલી કિંમતની થઈ ગઈ હતી. એટલે આઠ વર્ષમાં ત્રણ ગણી! કારીગરો જવાબદાર ભાગીદાર થયા. પરિણામે સંતોષ વધ્યો, આનંદ વહેંચાયો, અને એ કારણે ઉત્પાદનના આંકમાં યે સતત વધારો થતો રહ્યો, જો કે પરસ્પરની નિકટતા અને પારીવારિક સંબંધો જળવાઈ રહે તે માટે શ્રી બાડર માને છે કે કારખાનાનો વ્યાસ ઘણો મોટો ન હોવો જોઈએ. માટે એમનું કારખાનું ૨૭૫ જેટલા કામદારોનું મહત્તમ કદનું છે. માનવમાત્ર જોડે મૈત્રીપૂર્ણ વ્યવહાર રાખવાની ઈચ્છાથી એ કંપની લડાઈ માટેનો સામાન પેદા નહીં કરવાની માન્યતા

ધરાવે છે. સામાજિક તથા અન્ય કલ્યાણકારી કામોમાં તેમ જ દુનિયાના અવિકસિત દેશોમાં મદદ પહોંચાડવાનું કામ પણ આ કંપની કરે છે. કંપનીના બંધારણની નીચેની કલમો ધ્યાન ખેંચે વેવી છે.

(૧) કંપનીના સભ્યો જુગાર કે વ્યાજ જેવી આવક કરે તે કંપનીની ભાવના જોડે સુસંગત નથી.

(૨) સૌ સભ્યોએ સમાજ સેવાની વૃત્તિ રાખવી જોઈએ.

(૩) કંપનીની મીટીંગોની શરૂઆત ટૂંકા મૌનથી કરવી.

પોતાના આ પ્રયોગનો અનુભવ બતાવતાં શ્રી બાડર કહે છે: "આ પ્રયોગના આઠ વર્ષના ગાળામાં અમે અમારા કારીગરો ઉપરાંત આજુબાજુના સમાજની સહાનુભૂતિ પ્રાપ્ત કરી છે. સામાજિક તથા અન્ય કલ્યાણકારી કામો પાછળ આઠ લાખ રૂપિયા ખર્ચ્યા છે. કારખાનાની સ્થિતિ સદ્ધર છે, અને ઈન્ગ્લેન્ડમાં કે દુનિયામાં કોઈ મોટી ઉથલપાથલ ન થાય તો અમારા કારખાનાની સ્થિતિ કોઈપણ મૂડીવાદી કે સહકારી કારખાનાંની સ્થિતિ કરતાં વધારે મજબૂત છે. આ અમારો નાનકડો પ્રયોગ છે; પણ ગાંધીજીના વિચાર પાછળ જે અહિંસાનો વિચાર છે તે જ અમારું પણ બળ છે. અમે અમારા પ્રશ્નો અહિંસક રીતે ઉકેલવા મથીએ છીએ."

છેલ્લાં ૧૪ વર્ષથી સહ-માલિકીનો આ સફળ પ્રયોગ ટ્રસ્ટીશિપની દિશામાં વિચારનારા સહુને માટે પ્રેરક છે. આજે આપણે ત્યાં જાહેર સાહસ અને ખાનગી સાહસનાં સૂત્રો ચાલી રહ્યાં છે. ત્યારે દુનિયામાં આવા ત્રીજા ઉદ્યોગ-માર્ગનો પણ આરંભ થઈ ચુક્યો છે, જે સહકાર, સમાજવાદ અને ટ્રસ્ટીશિપની ભાવનાને આવરી લે છે. દુનિયામાં ચાલતાં આવાં કામોની ગતિ જાણ્યેઅજાણ્યે સમાજને સર્વોદયના માર્ગે લઈ જશે એ આશાનું ચિહ્ન છે.

**પૂરક નોંધ:** બ્રિટનનો કંપની ધારો એવો હતો કે તેમાં આ નવા સાહસને બંધબેસતું કરવામાં મુશ્કેલી હતી. આથી તેની સાથે મેળ મેળવવા ત્રણ સંસ્થા રચવામાં આવી. (૧) વેપારી કંપની માટે બોર્ડ ઑફ ડિરેક્ટર્સ, (૨) કાઉન્સિલ ઑફ મેનેજમેન્ટ ઑફ કૉમનવેલ્થ અને (૩) ટ્રસ્ટીમંડળ.

માલિક અને મજૂરોની ભાગીદારી કેમ ચાલે છે એ પણ સમજવા જેવું છે. સ્કોટ બેડર ઍન્ડ કંપની લિમિટેડ વેપાર કરે છે. તે વર્ષે કરોડ રૂપિયાથી કયાંય વધારે કિંમતના માલની હેરફેર કરે છે. બેડરનો પુત્ર ગોડફ્રિક મેનેજિંગ ડિરેક્ટર છે, બેડર પોતે ચેરમેન છે. ગોડફ્રિક ચેરમેન થઈ ગયા પછી બોર્ડ ઑફ ડિરેક્ટર્સ નવો ચેરમેન પસંદ કરશે. બાપ-દીકરો આજીવન ડિરેક્ટર છે. બે ડિરેક્ટરોની ચૂંટણી કોમનવેલ્થ કરે છે. પાંચ ડિરેક્ટરોને ચેરમેન નીમે છે, પણ ટ્રસ્ટીઓ તે નિમણૂંકને બહાલી આપે ત્યારે જ નીમી શકાય. સર્વોચ્ચ સત્તા કાઉન્સિલ ઑફ રેફરન્સ પાસે છે. માલિક-મજૂરોનો સરખો અવાજ.

નફાની વહેંચણીમાં ઓછામાં ઓછો ૬૦ ટકા નફો સંસ્થાના વિકાસમાં જાય છે. ૨૦ ટકા સુધી બોનસમાં જાય છે. બોનસનો ૧/૩ ભાગ સૌને સરખો મળે છે અને ૨/૩ પગાર પ્રમાણે મળે છે. બાકીનો નફો શેરોના વ્યાજ તરીકે વહેંચાય છે. શેરહોલ્ડરો બહારના માણસો નથી હોતા. ૧૯૫૧ના બંધારણ પ્રમાણે વેપારી કંપનીમાં ૯/૧૦ શેર કોમનવેલ્થ પાસે અને ૧/૧૦ બેડર કુટુંબ પાસે હતા. હવે બધા શેર કોમનવેલ્થ પાસે છે અને ખાસ મતાધિકાર ટ્રસ્ટીમંડળ પાસે છે.

બેડર દરેક માણસ સાથે વ્યક્તિગત સંસર્ગમાં રહે છે. આથી દરેક માણસ સાથે તેમનો સંબંધ કુટુંબ જેવો છે. બેડર કહે છે કે, વેપારહુન્નર ઉદ્યોગમાં મેં લોકશાહી દાખલ કરી છે; સ્વીટ્ઝર્લેન્ડમાં લોકશાહી ઈ. સ. ૧૨૪૧માં શરૂ થઈ હતી!

ગાંધીજીના ભારતમાં ગાંધીજીના આદર્શને કોઈએ વ્યવહારમાં નથી મૂક્યો, પણ બેડરે વ્યવહારમાં મૂક્યો છે.

## જોતી નથી!

વારી જાઉં આંખ, તારા આ અજબ ચાતુર્ય પર:
જે ગમે ના જોવું, તે તું કોઈ દિ' જોતી નથી!
સેંકડો જોજનથી શોધે કોકની ભૂલ-કાંકરી:
તું ફકત તારા જ પાપોનો ડુંગર જોતી નથી!
વિશ્વને એકેક ખૂણે ઘૂમતી તારી નજર:
શું ન જોતી તું? ફકત એક જાતને જોતી નથી!

કરસન માણેક

## માનવને સત્તાના સ્થાને મૂકનાર
# ભગવાન મહાવીર

પ્રાગૈતિહાસિક કાળ સુધીના જે અંકોડા ઈતિહાસે શોધી કાઢયા છે તેમજ વેદાદિ ધર્મશાસ્ત્રોમાંથી પણ જેના વિકાસનો ઈતિહાસ તારવી શકાય છે, એ બધા ઉપરથી જણાય છે કે આદિ માનવ જંગલી હોઈ શરૂ શરૂમાં અંતઃપ્રેરણાને વશ વર્તીને એ પોતાનું જીવન વ્યતીત કરતો અને પોતાનાથી બળવાનને જોઈને એ એનાથી ડરતો. પાછળથી એની બુદ્ધિ સમજમાં જેમ જેમ વિકાસ થવા લાગ્યો તેમ તેમ તેણે ઝાડ, નાગ, પશુપક્ષીઓથી માંડી કુદરતી ઘટનાઓ, ઉષા-અગ્નિ-વાયુ તથા સૂર્ય ચંદ્ર જેવાં તત્ત્વો, આકાશી દેવો ને એમ દેવદેવીઓનાં સર્જન-અસ્ત તથા પરિવર્તન પછી ઈશ્વર, બ્રહ્મ અને પરબ્રહ્મની ઉપાસના સુધી તેણે પ્રગતિ સાધી છે.

આમ માનવે જ દેવો અને ઈશ્વરનું સર્જન કર્યું છે, તેમજ જંગલી-જીવનમાંથી ઉત્તરોત્તર વિકાસ સાધી આજની દુનિયાનું ઘડતર પણ ઓણે જ કર્યું છે. આમ છતાં બીજી બાજુ વિકાસના દરેક તબક્કે પોતાના ઈષ્ટ દેવોનું મહત્ત્વ વધારવા એની આજુબાજુ યજ્ઞો, ઉપાસનાના પ્રકારો, એની વિધિઓ અને એ વિધિ કરાવનારા ઋત્વિજો વગેરેનું પણ સર્જન કર્યું છે. પરિણામે એમાંથી વર્ણો, ઉચ્ચનીચના ભેદો, સ્ત્રીઓ અને શૂદ્રો પરના જૂલ્મો, પશુઓની બલિ તથા સમાજને ગૂંગળાવનારા એવા વિધિનિષેધોની પણ ભરમાર પેદા થઈ છે અને એનું વ્યાજબીપણું ઠેરવવા દેવોને નામે મંત્રો-તંત્રો-ચમત્કારો-અંધશ્રદ્ધાઓ અને વહેમો તથા પાખંડોને પોષણ પણ મળ્યા કર્યું છે, એટલું જ નહીં, ઈશ્વર અને ધર્મશાસ્ત્રોનો એને ટેકો છે એવા વચનો પણ એમાં ઊમેરવામાં આવ્યાં છે.

આમ જે માનવે આવી ભવ્ય પ્રગતિ સાધી હતી એ માનવ જ પોતે હવે પોતાની પેદા કરેલી જાળમાં અટવાઈ ગયો હતો. ગૂંગળામણનો એને પાર નહોતો ત્યારે ભગવાન મહાવીરે જગત સમક્ષ ઉદ્‌ઘોષણા કરી કે, પુરિસા તુમમેવ તુમં મિત્તં કિં બહિયા મિત્તમિચ્છસિ ?

(આચા. શ્રુ. ૧. અ. ૩. ઉ. ૩)

હે માનવ! તું જ એક માત્ર તારો મિત્ર છે. તારા સુખ દુઃખનો —તારી સૃષ્ટિનો કર્તા-હર્તા-ભોક્તા પણ તું જ છે. તારો અભ્યુદય કોઈની પણ પ્રાર્થના-યાચના પર અવલંબતો નથી. વર્તમાન અને ભાવિ ઘડવું એ તારા પોતાના જ હાથની વાત છે. તું ધારે તો વિશ્વનાં વહેણોને પણ બદલી શકે છે, એટલું જ નહીં, તું પોતે ઈશ્વર પણ બની શકે છે. તો પછી શા માટે અન્યત્ર બહાર ભીખ માંગતો ફરે છે? જે દેવ- દેવીઓ કે ઈશ્વરની પાછળ તું દોડધામ કર્યા કરે છે એનો સર્જક પણ તું જ હતો એ ય તું ભૂલી જાય છે. માટે તું તારા પોતાના જ પગ પર ઊભો રહેતાં શીખ. પ્રબળ પુરુષાર્થ અને વિશુદ્ધ જીવન એ જ માત્ર વિશ્વના વિજયની ચાવી છે. એ જે પ્રાપ્ત કરે છે એને પછી 'देवावि तं नमंसति' દેવો પણ નમન કરે છે. માટે હે માનવ! તું તારી પોતાની શક્તિઓને ભૂલી સુખની ખોટી કલ્પનાઓ એ દેવોને ખુશ કરવા મથી રહ્યો છે. પણ તું જાણતો નથી કે 'कम्मवस्सा जीवा:' દેવો સુધાંત પણ કર્મના અવિચલ નિયમને વશ હોઈ કોઈનું પણ એ કલ્યાણ અકલ્યાણ કરી શકતા નથી. જે કંઈ શુભ-અશુભ પ્રાપ્ત થાય છે એ કેવળ પોતાના જ કર્મોનું ફળ છે, અને એ કર્મો પણ તારા પુરુષાર્થનો જ પરિપાક હોઈ તું પોતે જ એક સ્વતંત્ર શક્તિ છે.

આમ આજથી ૨૫૦૦ વર્ષ પહેલા માનવને વિશ્વસત્તાના કેંદ્રસ્થાને મૂકી મહાવીરે માનવનું મહત્ત્વ ખૂબ વધારી દીધું હતું. એટલું જ નહિ, ગૂંગળામણ અનુભવતા જગતને આ રીતે પોતાનો આત્મવિકાસ સાધી ઈશ્વરપદ પ્રાપ્ત કરવા સુધીનો માર્ગ પણ મોકળો કરી આપ્યો હતો.

આ નૂતન અને ભવ્ય આદર્શ એ કાળના લોકોને ખૂબ ગમી જવાથી મહાવીર અને બુદ્ધ જેવી વ્યક્તિઓ માનવ હોવા છતાં

પણ એમની હયાતિમાં જ ઈશ્વરપદ પામી પૂજાવા લાગી હતી. એમના નામે મૂર્તિઓ અને મંદિરો પણ નિર્માણ થવા લાગ્યાં હતાં.

આમ માનવનું મહત્ત્વ વધી જવાથી પરોક્ષ રહેલા આકાશી દેવો અને ઈશ્વરનું આકર્ષણ ઓછું પડવા લાગ્યું હતું. આ જોઈ વૈદિકોએ ઈશ્વરને માનવરૂપ આપી નીચે ઊતાર્યો, રામ-કૃષ્ણના અવતારોરૂપે એને માનવ વચ્ચે હળતો મળતો કર્યો. એમના જીવનની સમશ્યાઓને હલ કરતો, આપત્તિઓમાં મદદ કરતો, દુષ્ટોનું દમન કરતો અને સાધુપુરુષોનું રક્ષણ કરતો એવો એને ચિતરી નવું જ આકર્ષણ જન્માવવા માંડ્યું. તીર્થંકરો અને બુદ્ધો વીતરાગ પુરુષો હોઈ ચારિત્ર્યના આદર્શનો એક નમૂનો પૂરો પાડતા હતા. પુરુષાર્થના બળે માનવ નીચેથી આગળ વધી ઈશ્વર પણ બની શકે છે એવી એમાંથી પ્રેરણા મળતી હોઈ એનો આદર્શ ભવ્ય પણ હતો. પણ સામાન્ય માનવને સહાય કરે, આલંબન આપે, દુઃખમાં સંકટમાં હાથ પકડે તેમ જ ભક્તોના હિત ખાતર એ રીઝી જાય તો એમનું કલ્યાણ પણ કરે-આવું એમાં આશ્વાસન અને આલંબનની પૂરતી વ્યવસ્થા હોઈ અવતારોએ ધીમે ધીમે લોકપ્રિયતા પ્રાપ્ત કરવા માંડી. પવિત્ર જીવન અને વિશુદ્ધ ચારિત્ર્યના આદર્શોને અમુક જ વ્યક્તિઓ ધ્યેય તરીકે સ્વીકારી શકે છે. બાકી સામાન્ય આમજનતાને તો લૌકિક સુખોની જ કામના હોઈ એમને દેવદેવીઓ કે ઈશ્વરની કૃપા-યાચના કે પ્રાર્થનામાં જ આશ્વાસન સાંપડતું હોય છે. આલંબનમાં એક પ્રકારની નિશ્ચિંતતા હોઈ એમાં જ એને સમાધાન લાગે છે.

આમ અવતારવાદે આકર્ષણ જમાવવાથી એની અસર જૈન ધર્મ પર તો ખાસ ન પડી, પણ બૌદ્ધોએ તો એ અવતારવાદનો જ ઉપયોગ કરી સામાન્ય જનતાને સાથે ખેંચવા પ્રયત્ન કર્યો. હીનયાન-બૌદ્ધપંથનો આદર્શ નિર્વાણપ્રાપ્તિનો હતો, પણ આ નવા મહાયાન-બૌદ્ધપંથમાં 'બુદ્ધ તુષિત સ્વર્ગમાં-સર્વકામનાથી પર રહી ત્યાં બિરાજે છે, જ્યાંથી એ ફરી ફરી એક પણ જીવ જગતમાં રહેશે ત્યાં સુધી વિશ્વકલ્યાણ અર્થે અવતાર ધારણ કર્યા કરશે' એવી કલ્પના ઊભરવામાં આવી.

આ કલ્પનાને કારણે મહાયાન પંથને વિસ્તરવાનો માર્ગ ખુલ્લો થયો હતો. પણ જીવનશુદ્ધિ-ત્યાગ અને તપનો એનો આદર્શ વૈદિકોએ અપનાવી લીધાથી વૈદિકો સામે ટકવા જેવું એની પાસે કોઈ સ્વતંત્ર મૌલિક તત્ત્વ હવે રહ્યું નહોતું, ઉપરથી ચારિત્ર્ય અને જીવનશુદ્ધિની અપેક્ષાએ ચાલ્યા આવતા જે ચમત્કારો અને પરાવલંબનના વહેમો સામે એનો પડકાર હતો એ જ રોગમાં તાંત્રિક-પ્રયોગોને નામે એ ફસાઈ પડ્યો હતો જેથી ભારતમાંથી એનો પગ ઊખડી ગયો.

જૈનધર્મના તત્ત્વજ્ઞાનનો પાયો એટલો મજબૂત હતો કે એમાં અવતારવાદનો પ્રવેશ થઈ શકે તેમ જ નહોતો. નીચામાં નીચી કક્ષાથી માંડી પુરુષાર્થના બળે હરકોઈ વ્યક્તિ તીર્થંકર યા ઈશ્વર પણ બની શકે છે એવો ભવ્ય એનો આદર્શ હતો. આમ છતાં 'તીર્થંકરો જન્મથી જ ભગવાન હતા, જ્ઞાન સાથે લઈને જ એ અવતર્યા હતા, જેથી એમના જન્મકાળે ત્રણે લોકમાં ઉદ્યોત થતો અને દેવો-ઇંદ્રો એમનો મહોત્સવ કરતા' એવી અવતારવાદને મળતી કલ્પના આવ્યા વિના રહી શકી નહીં. કારણકે તીર્થંકરવાદમાં માનવને મહામાનવ બનવાની સુવિધા હતી, જ્યારે અવતારવાદમાં મહામાનવ કે ઈશ્વર જન્મથી જ ભગવાન તરીકે અવતરે છે એ વિચારને પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું.

આનું બીજું પરિણામ એ પણ આવ્યું કે જૈનધર્મ એ પુરુષાર્થવાદી-સ્વાવલંબી ધર્મ છે, કર્મવાદ એનો અવિચળ સિદ્ધાન્ત છે, કોઈની પણ સહાય-પ્રાર્થના કે ખુશામત એને મંજૂર નથી, એ કેવળ વીર પુરુષોનો જ ધર્મ બની શકે છે, પણ એમ છતાં સામાન્ય જનતાને સુખ-દુઃખમાં બીજાની સહાય જોઈએ છે, આશ્વાસન જોઈએ છે તેમ જ હૃદય ઠોળવાનું એ પાત્ર પણ ઈચ્છે છે. એથી પ્રાર્થના-યાચનાવાળો ભક્તિમાર્ગ એને ફાવટવાળો લાગે છે. આ કારણે વૈદિકોના જેવો જ ભક્તિમાર્ગ અપનાવવો પડ્યો. પણ તીર્થંકર ભગવાન તો કેવળ વીતરાગ હતા. એથી ભક્તની માગણીને સંતોષે, એને મદદ કરે અને એની વહારે દોડી આવે એવા દેવોની એને જરૂર લાગી, જેથી એણે કોઈ એકાદ દેવની તો કયારેક બીજા દેવની એમ જુદા જુદા તીર્થંકર દેવોના અધિષ્ટાયક દેવ તરીકે સ્થાપના કરી સંતોષ મેળવ્યો. તેમજ નવગ્રહ અને દશદિગ્પાલાદિ જેવા અનેક દેવદેવીઓની કલ્પના ઊભી કરી એ ખૂટતું તત્ત્વ ભરવા માંડ્યું. ઉપરાંત એક જ દેવને નામે ઊભા થયેલા ભિન્ન ભિન્ન મંદિરો અને તીર્થોમાં ચમત્કારસિદ્ધિની આયોજના કરી ચોક્કસ દિવસે યાત્રા કરવાનું મહત્ત્વ વધારી દઈને તીર્થોનું આકર્ષણ વધારવા માંડ્યું. પણ એમ કરવા જતાં એ ચમત્કાર-રૂપકોમાં જ બહુધા અટવાઈ ગયો.

આમ પુરુષાર્થ અને જીવનશુદ્ધિના ધર્મની જગ્યાએ દેવ-દેવીઓ અને ચમત્કારોને સ્થાન આપવું પડ્યું હોવા છતાં બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વરાદિ દેવો તથા ઈશ્વર-બ્રહ્મ અર્થાત્ વિશ્વવ્યાપક વિરાટ તત્ત્વ પાસે એકાદ અધિષ્ટાયક દેવનું સ્થાન બહુ જ નાનું રહ્યું અને મૌલિક સિદ્ધાંત જેવું જૈનત્વનું સ્વતંત્ર તત્ત્વ તો હવે કંઈ રહ્યું જ નહોતું. કારણ કે વર્ણવ્યવસ્થા, સ્પર્શાસ્પર્શના ભેદો, જનોઈ, હવનહોમ તથા લગ્નાદિ વ્યવહારોમાં બ્રાહ્મણોનું આધિપત્ય વગેરે વૈદિક વ્યવહારો એણે અપનાવી લીધા હતા, જ્યારે દક્ષિણના લિંગાયત-વારકરી તથા અલ્વાર સંતોએ ભક્તિમાર્ગને વર્ણાશ્રમ ધર્મથી પર વ્યાપક ક્ષેત્રે વહેતો કર્યો હતો. આ કારણે રામાનુજાદિ વૈષ્ણવ અને મણિવાચક્કરાદિ શૈવસંતોએ પોતાના ધર્મોનું મહત્વ સ્થાપી અનેક જૈન નૃપતિઓને પોતાના પંથમાં દીક્ષિત કર્યા. અને યથા રાજા તથા પ્રજાની જેમ ત્યારથી જૈનધર્મના એકધારાં વળતાં પાણી થવા માંડ્યાં. આમ છતાં બૌદ્ધોની અપેક્ષાએ એ ભારતમાં ટકી રહ્યો છે એ એની વિશેષતા છે, અને એ છે લોકમાનસને સમજી-દેવદેવીઓ, ચમત્કારો, પૂજાપ્રતિષ્ઠાઓ, વરઘોડાઓ તથા ઠાઠમાઠભર્યા ઉત્સવોની યોજના દ્વારા ધર્મને વ્યવહારરૂપ આપવાની એ કાળના પૂર્વાચાર્યોએ બતાવેલી માનસશાસ્ત્રીય દૃષ્ટિ. આમ લોકજીવનમાં ઉલ્લાસનું તત્ત્વ ભરવા છતાં બીજી બાજુ ત્યાગ-તપશ્ચર્યાનો શુષ્ક અને કડક મૂળમાર્ગ એમણે મરવા નથી દીધો. ત્યાગ અને ભોગ, ઉલ્લાસ અને વૈરાગ્ય તથા પુરુષાર્થ અને પ્રાર્થનાનો સુંદર સમન્વય એ જ એની એક આગવી વિશેષતા બની છે.

સત્ય હંમેશાં નવા નવા સ્વાંગો ધરી પ્રગટતું જ રહે છે. એથી એક કાળે જે તત્વની અભિરુચિ પ્રગટે છે એનો બીજા કાળે અરુચિભાવ પણ જાગે છે. એથી આજના આ વૈજ્ઞાનિક યુગમાં પૂર્વગ્રહથી મુકત બની હરેક વસ્તુમાં સ્વતંત્ર વિચારણા અને ખોજનું મહત્ત્વ વધવા લાગ્યું છે. ઘડીએ ઘડીએ ઈશ્વરને વચ્ચે લાવવાની વાત ગ્લાનિજનક બનવા લાગી છે. કેટલાક દેશોમાં તો આ કારણે ઈશ્વર પ્રત્યેનો વિરોધ પણ પેદા થવા લાગ્યો છે. માનવ આજે પ્રગતિ સાધી ચંદ્ર-મંગળ જેવા ગ્રહો સુધી પહોંચવાની વેતરણમાં પણ પડ્યો છે, ત્યારે આકાશી દેવો અને સ્વર્ગ-નર્કની કલ્પના આજના બુદ્ધિશાળી જગતને બાલીશ લાગવા માંડી છે અને એને પરિણામે સમજુ લોકોમાં ચમત્કારો, વહેમો-અંધશ્રદ્ધાઓ પાછળનું તત્ત્વ શોધવાની ભૂખ જાગી છે, ત્યારે પવિત્ર જીવન અને કેવળ પુરુષાર્થના બળે સ્વતંત્ર સંશોધન એ આજના યુવાનનો પ્રિય વિષય બનવા લાગ્યો છે. આ કારણે અહિંસા, અપરિગ્રહ, અનેકાંત અને તપનો અર્થાત્ જીવનને ઘડવાનો માર્ગ ફરી જગતને આકર્ષી શકે તેમ છે. કારણ કે જગતની પલટાતી પરિસ્થિતિને કારણે છેલ્લાં ૪૦ વર્ષમાં લોકોને એનું મહત્ત્વ સમજાવા લાગ્યું છે.

આથી જૈનધર્મના મૂળ માર્ગને વિકસાવવા માટે આજની પરિસ્થિતિ જ વધારે અનુકુળ છે એમ મને લાગે છે. એથી એ માટે જો સવેળા આપણે જાગીએ ને એ દિશામાં કામ કરતા થઈએ તો એ દ્વારા આજની દુનિયાની એક મોટી સેવા થઈ શકશે એમ મને નમ્રપણે વિચાર કરતાં લાગે છે.

**રતિલાલ મફાભાઈ શાહ**

# અહિંસક પ્રતિકાર

## પૂર્વ ભૂમિકા

યુનાઈટેડ સ્ટેટ્સમાં પ્રવર્તી રહેલ હબસી લોકો અને ગોરા લોકો વચ્ચેનો જાતિભેદ નાબૂદ કરવાની વર્ષોથી ઝુંબેશ ચલાવનાર રેવરન્ડ ડૉ. માર્ટીન લ્યુથર કીંગે ૧૯૬૪ની સાલના પ્રારંભમાં અમેરિકાની હાવર્ડ યુનિવર્સિટી સમક્ષ આપેલ 'ગાંધી મેમોરિયલ લેક્ચર'–ગાંધી સ્મૃતિ નિમિત્તે ગોઠવાયેલું વ્યાખ્યાન –'સ્પાન'ના ૧૯૬૪ના મે માસના અંકમાં પ્રગટ થયું હતું. આ અતિ તેજસ્વી વ્યાખ્યાનનો બહેન શારદા ગોરડિયાએ કરી આપેલ અનુવાદ નીચે આપવામાં આવે છે. એ સુવિદિત છે કે આ ડૉ. માર્ટીન લ્યુથર કીંગને થોડા સમય પહેલાં નોબેલ પ્રાઈઝ અર્પણ કરવામાં આવ્યું હતું. તાજેતરમાં હબસીઓના સમાન હક્કની તરફદારી કરતી કેટલીક વિશિષ્ટ વ્યક્તિઓ સાથે રાજ્યની પોલિસે અમાનુષી અને જંગલી વર્તાવ કરેલો તે સામે વિરોધ દાખવવા માટે અને હબસીઓની નાગરિક સમાનતાનું સમર્થન કરવા માટે, દાંડીકુચને મળતી એક શાંતિકુચનું તેમણે આયોજન કર્યું હતું. આ શાંતિકુચ આલ્બામા જિલ્લામાં આવેલા સેલમાથી મૉન્ટગોમેરી સુધીની, પાંચ દિવસમાં (તા. ૨૨ માર્ચથી ૨૬ માર્ચ સુધી) ૫૦ માઈલ માટેની ગોઠવવામાં આવી હતી અને આ કૂચમાં આશરે ૫૦૦૦ સ્ત્રી-પુરુષો જોડાયાં હતાં. આમાં મોટા ભાગે હબસીઓ અને કેટલાક ગોરાઓ પણ સામેલ થયા હતા. આ શાંતિકૂચના માર્ગ ઉપર શાંતિવાદી હબસીઓ ઉપર ગોરાઓએ જ્યાં ત્યાં ગાળોનો વરસાદ વરસાવેલો અને તરેહ તરેહનાં અપમાનો કરેલાં. પણ આ બધું આ શાંતિવાદીઓએ મૂંગા મોઢે–કશો પણ પ્રતિકાર કર્યા સિવાય–સહન કરી લીધું હતું. અહિંસક પ્રતિકારને મૂર્તરૂપ આપતી આ સફળ સમૂહકૂચે ચોતરફ ભારે વિસ્મય અને આદરની લાગણી પેદા કરી છે.

ગાંધીજીએ ભારતને ઘણું ઘણું આપ્યું છે: ખાદીવિચાર, મદ્યનિષેધ, ગ્રામોદ્યોગ, ગોસેવાની ભાવના, કોમી એકતા, સ્વદેશી, અસ્પૃશ્યતા–નિવારણ વગેરે, પણ આ બધું ભારતની વિશિષ્ટ પરિસ્થિતિના સંદર્ભમાં જેટલું પ્રસ્તુત હતું તેટલું અન્યત્ર નહોતું. આ ઉપરાંત તેમણે જે સત્યાગ્રહનો, અસહકારનો અથવા તો અહિંસક પ્રતિકારનો વિચાર આપ્યો તેણે તો વિશ્વવિચારનું રૂપ ધારણ કર્યું છે અને દુનિયાભરમાં જ્યાં જ્યાં અન્યાય પ્રવર્તે છે, અસમાનતા પ્રવર્તે છે, સત્તારૂઢ વર્ગનું સત્તાવિહીન વર્ગ ઉપર આક્રમણ થતું હોય છે, ત્યાં ત્યાં આ અહિંસક પ્રતિકારનો વિચાર પ્રસ્તુત બને છે અને એ રીતે કોઈ પણ સામાજિક, ધાર્મિક કે રાજકારણી અન્યાયનો સામનો આજ સુધી માત્ર હિંસક પ્રતિકારથી કરવામાં આવતો હતો ત્યાં ત્યાં તેની જગ્યાએ અહિંસક પ્રતિકારનો વિચાર હવે આગળ ધરવામાં આવે છે. ડૉ. માર્ટીન લ્યુથર કીંગે, પોતાના જાતિબાંધુઓ ઉપર માત્ર રંગદ્વેષના કારણે યુનાઈટેડ સ્ટેટ્સમાં વસતા કેટલાક ગોરા લોકો તરફથી અન્યાયભર્યો, અસમાનતા દાખવતો અને કદી કદી માનવતાની બધી મર્યાદાને વટાવી જતો જે અન્યાય અને જુલમ ગુજારવામાં આવે છે તેનું નિવારણ કરવા માટે ગાંધીજીની આ અહિંસક પ્રતિકારની વિચારસરણીને સંપૂર્ણ અંશમાં અપનાવી છે. તેમના શબ્દે શબ્દે, જાણે કે, ગાંધીજી બોલી રહ્યા હોય તેવો આપણને ભાસ થાય છે. જાણે કે ગાંધીજીએ માર્ટીન લ્યુથર કીંગમાં નવો અવતાર લીધો હોય એવા ઓજસનું તેમની વાણીમાં આપણને પાવક દર્શન થાય છે. આવા ભવ્ય પ્રવચનના પઠન પાઠન દ્વારા, જેની આવશ્યકતા આજે જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં અને હરઘડીએ ઊભી થયા જ કરે છે એવા અહિંસક પ્રતિકાર માટેનું બળ અને પ્રેરણા આપણે પ્રાપ્ત કરીએ! એ શુભેચ્છા! એ પ્રાર્થના!

**પરમાનંદ**

## અહિંસક પ્રતિકાર

આપણે આપણા દેશમાં વર્ણભેદ અંગે ઊભી થયેલી કટોકટીનો સામનો કરી રહ્યા છીએ. મુકિતનાં બળો અને માલિકીભાવનાં બળો વચ્ચેની અથડામણથી આ સમસ્યા વિકટ બની છે. જાહેર સ્કૂલોમાં રહેલા અલગતાવાદને ગેરકાયદે ઠરાવતા સુપ્રીમ કોર્ટના ચુકાદાના વિરોધરૂપે આ સમસ્યા સૌથી વધુ વ્યકત થઈ છે; કેટલીકવાર આ વિરોધે ભયંકર રૂપ ધારણ કર્યું છે. આમ છતાં પણ વર્ણભેદને અપનાવતો અને ઉચ્ચનીચના ભેદોને કાયમ રાખતો જૂનો આદર્શ નાબૂદ થયો છે અને અમેરિકન સમાજ વર્ણભેદનાબૂદી, એકરૂપતા અને માનવ-માનવ વચ્ચે સમાનતા સ્વીકારતી વિચારધારાની આસપાસ પોતાનું પુર્નનિર્માણ કરવા મથી રહ્યો છે. આ આપણા યુગની કટોકટી છે.

જ્યારે જ્યારે સમાજમાં કટોકટી ઊભી થાય છે ત્યારે ત્યારે એ કટોકટીને પરિણામે ઉત્પન્ન થયેલ સમસ્યાનો ઉકેલ સાધવાના અને એ રીતે પ્રત્યાઘાતી બળોની પકડમાંથી ઊંચે ઊઠવાના પ્રયત્નો હંમેશ થતા જ હોય છે. વળી જેઓ કચડાઈ રહ્યાં હોય છે યા જેઓ અન્યની જુલમી હકુમતના ભોગ બન્યા હોય છે તેઓ તો આ સમસ્યાનો ઉકેલ લાવવાનો પ્રયત્ન કરવાના જ. આ કચડાયેલા વર્ગને તેમના ઉપર કરવામાં આવતા જુલમ–અન્યાયમાંથી મુકત થવા માટેના ત્રણ માર્ગો છે:–

એક માર્ગ છે તાબેદારીનો–શરણાગતિનો. કેટલાક લોકોનું માનવું એવું છે કે આ કચડામણનો એકમાત્ર ઉપાય તેને નસીબ સમજી તાબે થઈ જવામાં છે. કેટલાક એવા હોય છે જેઓ શરણે થઈને પરિસ્થિતિ અનુસાર અનુકૂળ બની જાય છે. તેઓ માને છે કે જૂની પ્રથાને નવી પ્રણાલિમાં ફેરવવા માટેની અગ્નિપરીક્ષામાંથી પસાર થવા કરતાં એ પરિસ્થિતિને અનુકૂળ બની જીવવું બહેતર છે. થોડાં વર્ષો પહેલાં એટલાન્ટામાં નિગ્રો જાતિનો એક માણસ રહેતો હતો. તે સીતાર વગાડતો અને ગાયનો ગાતો. એક દિવસ તે એક ગાયન ગાતો સંભળાયો જેનો ભાવાર્થ કંઈક આ પ્રમાણે હતો:- 'એટલા તો નીચા થાઓ કે પછી નીચાણ જેવું કંઈ રહે જ નહિ.' હું ધારું છું કે તેણે મુકિતની–એક પ્રકારના મૃત્યુની મુકિતની–દશા પ્રાપ્ત કરી લીધી હતી. તેણે પ્રતિકાર કરવાનું જ છોડી દીધું હતું.

આ છે શરણાગતિની રીત, પરંતુ તે સાચો માર્ગ નથી. કેટલીકવાર તે સહેલો માર્ગ હોઈ શકે, પણ નથી તે નૈતિક માર્ગ; તેમ નથી બહાદુરીનો માર્ગ; તે તો બીકણનો–ભીરુનો માર્ગ છે. જે ઘડીએ એક વ્યકિત તે અન્યાયી પ્રથામાં એક ભાગીદાર બને છે, અને એ અન્યાયી અન્યાયી પ્રથા સાથે બાંધછોડ કરે છે તે જ ઘડીએ તે વ્યકિત પ્રથાની જડ નાખવામાં પણ કેટલેક અંશે જવાબદાર બને છે.

બીજો માર્ગ એ છે કે જેમાં કચડાયેલા લોકો તેમની દબામણીની સામે થાય છે. એટલે કે તેઓ હિંસક પ્રતિકારપૂર્વક અને ઉદ્દામ તિરસ્કારપૂર્વક સામનો કરવા કટિબદ્ધ થાય છે. હવે, આપણે આ રીતથી તો સારી રીતે પરિચિત છીએ જ. આપણે હિંસા વિષે જાણીએ છીએ અને હું એમ તો કહેતો જ નથી કે હિંસા વડે કદી કોઈ કામ થયું નથી. જે ઈતિહાસ શીખે છે તે તુરત જ જોઈ શકશે કે હિંસા દ્વારા જ કેટલાયે દેશોએ પોતાની સ્વતંત્રતા હાંસલ કરી છે. હિંસાએ કેટલીયે વાર તાત્કાલિક વિજયો પ્રાપ્ત કર્યા છે. આમ છતાં હું એટલું તો કહેતો જ રહીશ કે હિંસાથી તત્પુરતો વિજય પ્રાપ્ત થાય છે એ ખરું; પણ એથી સ્થાયી શાંતિ પ્રાપ્ત થતી નથી અને અંતે તેનાથી કેટલીયે નવી સામાજિક સમસ્યાઓ પેદા થાય છે. લાંબે ગાળે, વર્ણવિષયક–જાતિવિષયક અન્યાય સામેની

લડતમાં તો હિંસા અવ્યવહારુ છે, તેમ જ અનૈતિક અથવા તો નીતિવિરોધી પણ છે જ. તે અનેક કારણોસર અવ્યવહારુ છે; તેમાંનું મોટામાં મોટું કારણ એ છે કે આપણા ઘણાએ હરીફો આપણે હિંસાત્મક ચળવળ ચલાવીએ એવું જ ઈચ્છતા હોય છે કે જેથી હુલ્લડ દબાવી દેવાના ઓઠા હેઠળ તેઓ અનેક નિર્દોષ મનુષ્યોનો સંહાર કરી શકે છે.

મને બરાબર યાદ છે કે આલ્બામામાં બરમીંગહામમાં જે જાહેર સલામતીનો રખેવાળ હતો તે કમિશનર કોનોર જેને સૌ 'આખલા'ના નામથી ઓળખતું હતું તે જ્યારે નિગ્રો કોમની બાજુ પરથી કોઈ પથ્થર ફેંકતું ત્યારે ખૂબ રાજી થતો; પણ જ્યારે આપણે અહિંસક બની રહેતા ત્યારે તે હંમેશાં નારાજ થતો. તે હિંસા સામે કામ કેમ લેવું તે જાણતો, પણ અહિંસાનો સામનો કરવાનું તે જાણતો નહોતો.

વળી હિંસા અવ્યવહારુ છે, કારણ કે આંખની સામે આંખ લેવાની જૂની ફિલસૂફીનું પરિણામ સર્વ કોઈને આંધળા બનાવે છે. આમ આ રીત સદંતર ખોટી છે. વળી આ રીત નીતિવિરોધી પણ છે. તે નીતિની વિરુદ્ધ એટલા માટે છે કે તે એક દૂષિત ચક્ર છે જે સર્વ કોઈના વિનાશમાં પરિણમે છે. તે રીત ખોટી છે, કારણ કે તે રીત પ્રતિપક્ષીમાં પલટો લાવવાને બદલે તેને નાબૂદ કરવા તરફ જ ઢળે છે. તે રીત ખોટી છે, કારણ કે તેથી વિવિધ વલણો વચ્ચે સમન્વય સાધવાને બદલે અમુક એક જ વલણને પ્રતિષ્ઠિત કરવા માગે છે.

આમ, આપણી બરમીંગહામમાં વસતી તેમ જ અન્ય સ્થળોએ વસતી કોમોએ જે સહન કર્યું છે તે દુ:ખદ બીનાઓ સ્વીકારવા છતાં, હું હજી પણ માનું છું કે, સ્વતંત્રતા અને ન્યાય માટેની લડતમાં નિગ્રો માટે અહિંસા જ એક માત્ર અમોઘ શસ્ત્ર છે. જો આપણી લડતમાં હિંસા વાપરવા માટેની લાલચને આપણે તાબે થઈશું તો આપણી હવે પછીની પેઢીને લાંબા કાળ સુધી તીવ્ર કડવાશભર્યા ઘૂંટડા ભરવા પડશે.

એક ત્રીજી રીત પણ છે અને એ છે અહિંસક પ્રતિકારની, રીત. હું માનું છું કે આજના પરિવર્તનના તંગદિલીભર્યા સમયમાં આપણને આ જ રીત સાચી માર્ગદર્શક બનશે. આપણે જૂની પરિસ્થિતિમાંથી નવી પરિસ્થિતિમાં પ્રવેશ કરી રહ્યા છીએ. નવા યુગના જન્મકાળની અનિવાર્ય પ્રસૂતિવેદના અને અનિવાર્ય દુ:ખો આપણે સહન કરવાં પડશે. પરંતુ હું માનું છું કે નવા યુગના આદર્શો, ધ્યેયો અને સિદ્ધાંતોની સ્થાપના કરવા માટે અહિંસા જ એકમાત્ર રીત છે.

હવે આપણે આ ફિલસુફી અને તેમાં રહેલ પાયાના વિચારને સમજીએ. અહિંસા વિષે આપણે અનેકવાર વાતો કરીએ છીએ અને સાંભળીએ છીએ, છતાં ઘણીયે વાર આપણે તેના હાર્દને સમજવામાં ગોથું ખાઈ જઈએ છીએ. પહેલું તો મારે એ જણાવવાનું છે કે અહિંસાની ફિલસુફી એવી અપેક્ષા રાખે છે કે આપણે યોજીએ છીએ તે સાધનો પણ આપણે મેળવવા માગતા સાધ્યો જેટલાં જ પવિત્ર હોવાં જોઈએ, સાધન અને સાધ્યનો સુમેળ હોવો જ જોઈએ. સાધન અને સાધ્ય અવિભાજ્ય છે. સાધન એ બની રહેલ આદર્શનું પ્રતિનિધિ છે. અને ઈતિહાસના લાંબા ગાળામાં ખંડનાત્મક સાધન કદીયે મંડનાત્મક પરિણામ લાવી શકે નહિ. નીતિવિરોધી સાધન વડે કદી નીતિની સ્થાપના થાય નહિ અને તેથી જ અહિંસા–વિચાર એમ પ્રતિપાદિત કરે છે કે સાધન અને સાધ્ય બંને વચ્ચે સુમેળ હોવો જ જોઈએ. અહિંસા એ નૈતિક સાધનો દ્વારા સાત્વિક પરિણામની અવિરામ ખોજ છે.

અહિંસા વિષે ધ્યાનમાં લેવાયોગ્ય બીજી બાબત એ છે કે પ્રતિપક્ષીને દુ:ખ પહોંચાડવાનું ધ્યેય કદી કોઈનું પણ હોઈ શકે નહિ. ભારતીય વિચારણામાં તેઓ આ વિચારને 'અહિંસા'–કોઈને દુ:ખ ન પહોંચાડવું'–એવું નામ આપે છે.

અહિંસક શિસ્ત અને અહિંસક ફિલસૂફીના પાયામાં આ વસ્તુ રહેલી છે, અને એને બે બાજુ છે.

પહેલી એ કે તમે બાહ્ય શારીરિક હિંસા કરવાથી દૂર રહો. અહિંસક આંદોલનમાં ભાગ લેવા તૈયાર થનાર દરેકને આપણે એક બાબત એ કહીએ છીએ કે તમારે શારીરિક બળની સામે થવાનું નથી, તેનો સામનો કરવાનો નથી. તમને મારવામાં આવે તો પણ તમારે તે બળની સામે બળનો ઉપયોગ કરવાનો નથી. તમારે સામનો કર્યા વગર માર ખાવા માટે તૈયાર રહેવું જોઈશે. આ રીતે અહિંસા એમ સૂચવે છે કે બાહ્ય શારીરિક હિંસામાં સામેલ થવાનો–તેની હરીફાઈમાં ઊતરવાનો–તમારે સ્પષ્ટ ઈન્કાર કરવો. એમાંથી સાથે સાથે એ પણ ફલિત થાય છે કે તમારે તમારા શત્રુને ધિક્કારવાની ના પાડવાના ધ્યેય તરફ સતત પ્રગતિ કરવાની રહે છે. તમારે સતત એ દિશા તરફ પ્રગતિ કરવાની છે કે જ્યાં તમે આખરે તમારા શત્રુને અંતરથી ચાહતા થાઓ.

ઘણાયે લોકો આ પ્રકારની વિચારણા અંગે મુંઝવણ અનુભવે છે. તેઓ મને વારંવાર પૂછે છે: 'તમારા શત્રુને ચાહો' એમ તમે કહો છો ત્યારે તમે શું કહેવા માગો છો? એક દિવસ પ્રવચન પછી એક જણે મને પૂછ્યું, 'હું અહિંસાની પદ્ધતિ સુધી વિચારી શકું છું અને હું જોઈ શકું છું કે તે ઉત્તમ યુકિત અને ઉત્તમ સાધન છે એ તમારી વાત સાચી છે, પણ જ્યારે તમે આ ચાહવાની વાત કરો છો ત્યારે તે મારી સમજમાં નથી આવતું.'

તો તમારે સમજવું જોઈએ અને સ્વીકારવું જોઈએ કે આ 'પ્રેમવાદ' અહિંસાના કેન્દ્રસ્થાને બિરાજે છે. પ્રેમ એ અહિંસાની ઉત્કૃષ્ટતમ અભિવ્યકિત છે, જો કે ઘણાયે લોકો આ 'પ્રેમ' વિષે ગેરસમજણ ધરાવે છે. તેઓ એવું માને છે કે જ્યારે તમે પ્રેમની વાત કરો છો ત્યારે તમે વ્યકિતગત હોય એ પ્રકારની એક લાગણીની – વ્યકિતગત સ્નેહભર્યા સંવેદનની–વાત કરો છો. પણ આમ કહેવું અથવા અપેક્ષા રાખવી એ નરી મૂર્ખતા છે એમ કબૂલ કરવામાં હું સૌથી આગળ આવીશ. તમારા સત્તાધારી પ્રતિપક્ષીઓને લાગણીપૂર્વક ચાહો એમ કચડાયેલાઓને કહેવું એ તદ્દન વાહિયાત વાત છે; એમ કરવું મુશ્કેલ એ લગભગ અશકય છે.

આથી જ્યારે હું આ 'પ્રેમવાદ' વિષે શું કહેવા માગું છું તે સમજાવવાનો પ્રયત્ન કરું છું ત્યારે હું ગ્રીક ભાષા તરફ વળું છું. ગ્રીક ભાષામાં 'Agape' કરીને એક શબ્દ છે.

'Agape' શબ્દ સૌન્દર્યયુકત કે રોમાંચપ્રેરક પ્રેમ કરતાં કંઈક વધુ ગહન છે. તે મિત્રતાથી પણ કંઈક વધુ અર્થસૂચન કરે છે.' Agape ' એટલે સર્વ માનવીઓ અંગે સમજણભરી, સર્જનાત્મક સર્વોદયલક્ષી અને સદ્‌ભાવભરી, કલ્યાણકારી વિચારણા છે. તે એ જાતનો પ્રેમપ્રવાહ છે જે બદલાની આશા રાખતો નથી. ધર્મશાસ્ત્રકારો કહે છે તે મુજબ એ મનુષ્યના હૃદયમાં કામ કરતો ઈશ્વરનો પ્રેમ છે. જ્યારે મનુષ્ય આ કક્ષા ઉપરથી પ્રેમ કરવા સમર્થ બને છે ત્યારે તે દરેક માણસ પ્રત્યે સમભાવપૂર્વકનો પ્રેમ અનુભવે છે. તે માણસ તેને ગમે છે એટલા માટે નહિ, તેનો માર્ગ તેને આકર્ષક લાગે છે એટલા માટે નહિ, પણ ઈશ્વર તેને પ્રેમ કરે છે એટલા માટે તે પણ તેના પ્રત્યે સદ્‌ભાવ – પ્રેમ દાખવે છે. તે એવી કક્ષાએ પહોંચે છે જ્યાં તે મનુષ્યના અનિષ્ટ કાર્યને વખોડવા છતાં તે અનિષ્ટ કાર્યના કરનારને ચાહે છે.

આ હંમેશનું એક ધ્યેય છે અને આ ધ્યેયસિદ્ધિને શકય બનાવવા માટે જો કોઈ યોગ્ય સંઘર્ષપદ્ધતિ રજૂ કરવામાં આવે તો તે ખૂબ જ ઈચ્છવાયોગ્ય છે, કેમકે હવે આપણે જોઈશું કે ધિક્કાર એક ભારે ભયાનક વસ્તુ છે. તે ધિક્કાર કરનારને માટે પણ ધિક્કારિત વ્યકિત જેટલો જ હાનિકારક છે. એ ખરેખર અદ્‌ભુત છે કે અન્યાયી દોષયુકત પ્રથાની સામે નિશ્ચયાત્મક વૃત્તિથી ખડા થવું અને છતાં પ્રતિપક્ષી પ્રત્યે સદ્‌ભાવ દાખવવો, આવી કોઈ સંઘર્ષપદ્ધતિ પ્રાપ્ત થવી એને હું એક મોટું સદ્‌ભાગ્ય લેખું છું. આથી તમે ભેદનીતિને ધિક્કારવા છતાં અને તમારી સઘળી શકિતથી તેની સામે થવા છતાં તમે ભાનભૂલેલી વ્યકિત માટે સમજદારીપૂર્વકની સદ્‌ભાવયુકત ચાહના જાળવી શકવાની કક્ષાએ પહોંચો છો. –અપૂર્ણ

અનુવાદિકા : ડૉ. શારદાબહેન ચોરડિયા,

મૂળ અંગ્રેજી : ડૉ. માર્ટીન લ્યુથર કીંગ

# સંઘ સમાચાર

## કચ્છના પ્રવાસ અંગે

તા. ૨૩-૩-'૬૫ મંગળવારના રોજ મળેલી મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની સભામાં સંઘ-આયોજિત બાર દિવસના કચ્છના સફળ પ્રવાસના ખર્ચ વગેરેને લગતી વિગતો રજૂ કરતાં સંઘના ઉપપ્રમુખ શ્રી પરમાનંદભાઈએ જણાવ્યું કે "આ પ્રવાસની સફળતાનો સર્વ યશ આપણી કાર્યવાહક સમિતિના સભ્ય શ્રી દામજી વેલજી શાહ અને કચ્છમાં વસતા તેમના પિત્રાઈ ભાઈ શ્રી મગનભાઈને ઘટે છે. તેમણે આખો કાર્યક્રમ ગોઠવ્યો અને પારવિનાની જહેમત ઊઠાવી, જેના પરિણામે કચ્છના ઘણા મોટા ભાગમાં અમે કશી પણ અગવડ ભોગવ્યા વિના ફરી શક્યા અને બાદશાહી મહેમાન માફક અમારું સ્થળે સ્થળે સ્વાગત અને આતિથ્ય થયું અને રૂા. ૧૨૫ જેટલી નાની રકમમાં અમારો પ્રવાસ પૂરો કરી શક્યા. આ માટે આપણો સંઘ તે બંને ભાઈઓનો ખૂબ ઋણી છે અને તેમનો આપણે જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે."

## સમેતશિખર અંગે ઠરાવ

ત્યાર બાદ સમેતશિખરના પહાડ અને તીર્થ સંબંધમાં બિહાર સરકાર અને જૈન શ્વે. મૂ. સમાજ વચ્ચે થયેલા કરારનામા અંગે કેટલીક ચર્ચા કર્યા બાદ નીચે મુજબનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો:-

"શ્રી સમેતશિખરજી સંબંધે બિહાર સરકાર તથા શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી વચ્ચે તાજેતરમાં જે કરારનામું થયું છે તેમાં તીર્થની પવિત્રતા અને જૈન ધર્મના સિદ્ધાંતોના-ખાસ કરીને અહિંસાના સિદ્ધાંતના-પાલનનો જે પ્રબંધ કરવામાં આવ્યો છે તેને મુંબઈ જૈન યુવક સંઘ આવકારે છે.

"આ તીર્થ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન તથા દિગંબર જૈન-એ બન્ને સમુદાય માટે એકસરખું આદરણીય છે અને તે તીર્થની પૂજા-ઉપાસનાનો બંને સમુદાયને હક્ક છે. આ જોતાં આ કરારનામામાં દિગંબર સમાજના અધિકારોનો કોઈ પણ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી તેથી દિગંબર સમુદાયને જે દુઃખ અને આઘાત થયો છે અને બંને સમાજ વચ્ચે જે એક સંઘર્ષનું કારણ ઊભું થયું છે તેને મુંબઈ જૈન યુવક સંઘ ભારે ચિંતાની નજરે જુએ છે.

જૈન સમાજના આ બે પ્રમુખ સમુદાય વચ્ચે ચાલતાં કેટલાક તીર્થોના ઝગડાઓ પરત્વે, સંભાળપૂર્વક તટસ્થતા જાળવી રાખવી અને જ્યાં અને જ્યારે શક્ય હોય ત્યાં અને ત્યારે આ ઝગડાઓની સ્થાયી પતાવટ કરવાની દિશાએ પોતાની શક્તિ અને લાગવગનો ઉપયોગ કરવો-આ પ્રકારના મુંબઈ જૈન યુવક સંઘે પોતાનાં બંધારણમાં સ્વીકારેલા ધોરણ અનુસાર, બંને સમાજની પ્રતિનિધિ સંસ્થાઓ અને આગેવાનો પરસ્પર વાટાઘાટ કરીને જૈન સમાજની એકતા અને સંગઠ્ઠનને જરા પણ ક્ષતિ ન પહોંચે તેવું માનભર્યું સમાધાન વિનાવિલંબે કરવામાં આવે અને એ રીતે આ ઉહાપોહને વધારે ઉગ્ર બનતો અટકાવવામાં આવે એવો શ્રી મુંબઈ જૈન યુવક સંઘ બંને સમુદાયને અને તેમની પ્રતિનિધિ સંસ્થાઓને આગ્રહપૂર્વક વિનંતી કરે છે, અને આ મહત્ત્વના કાર્યમાં પૂરો સહકાર આપવા તથા બંને સમુદાય વચ્ચે સુમેળનું વાતાવરણ ઉત્પન્ન કરવા જૈન સમાજની અન્ય સંસ્થાઓને તેમ જ આગેવાનોને અનુરોધ કરે છે.

## સંઘના સભ્યોનાં વાર્ષિક લવાજમો વિષે

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોને માલુમ હશે કે ગત વર્ષથી સંઘનું વહીવટી વર્ષ કાર્તકથી આસોને બદલે કાર્તકથી ડીસેમ્બર સુધી લંબાવવામાં આવ્યું છે અને હવે પછી સંઘનું વહીવટી વર્ષ જાન્યુઆરીથી ડીસેમ્બર સુધીનું ગણવું એમ નક્કી કરવામાં આવ્યું છે. આ સંબંધમાં જણાવવાનું કે કેટલાક સભ્યોના ગયા વર્ષના લવાજમો હજુ સુધી વસુલ આવ્યા નથી અને આ જાન્યુઆરીથી શરૂ થતા નવા વર્ષનાં લવાજમો તો બહુજ ઓછા સભ્યોના ભરાયાં છે. આ સંબંધમાં બધા સભ્યોને કાર્ડ દ્વારા યાદી આપવામાં આવનાર છે. તો સંઘના જે સભ્યોના ગયા વર્ષના લવાજમો બાકી હોય તેમને બન્ને વર્ષનું લવાજમ રૂા. ૧૦ તથા બાકીના સભ્યોને ચાલુ વર્ષનું લવાજમ રૂ. ૫ સંઘના કાર્યાલયમાં સત્વર ભરી જવા વિનંતિ છે. **મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

## શ્રી સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ: મકાનફંડ-સમારંભ

તા. ૧૫-૩-'૬૫ સોમવારના રોજ મુંબઈ ખાતે બિરલા માતુશ્રી સભાગારમાં મકાન ફંડ માટે યોજાયેલો સાંસ્કૃતિક સમારંભ સફળતાપૂર્વક ઊજવાઈ ગયો. આ પ્રસંગના અનુસંધાનમાં એક સુંદર 'મંગળ ગ્રંથ'-સૉવેનીર-પ્રગટ કરવામાં આવ્યો હતો અને તેની અંદર જે સંસ્થાને અસ્તિત્વમાં આવ્યાને આજે ૪૭ વર્ષ થવા આવ્યા છે તેનો આજ સુધીનો ટુંકો ઈતિહાસ, સંસ્થાના આદ્યસ્થાપક સ્વ. વાડીલાલ મોતીલાલ શાહનો તથા સ્વ. મણિલાલ મોહકમચંદ શાહનો તેમ જ પ્રસ્તુત સમારંભના પ્રમુખ શેઠ કપુરચંદ નેમચંદ મહેતા તથા અતિથિવિશેષ શ્રી દીપચંદ એસ. ગાર્ડીનો પરિચય આપવામાં આવ્યો હતો તથા સંસ્થાની આજ સુધીની પ્રવૃત્તિને લગતી જરૂરી માહિતી અન્તર્ગત કરવામાં આવી હતી અને તે ઉપરાંત જાહેરખબરો જે આજે આવી સંસ્થાના ફંડ માટેની આવકનું અનિવાર્ય સાધન બની બેઠેલ છે તે સૂકી અને કંટાળો આપતી જાહેરખબરોને પણ જાતજાતનાં પદો, શ્લોકો અને સુવાક્યો વડે નવપલ્લવિત કરવામાં આવી હતી.

આ સમારંભ પ્રસંગે કલાભવન તરફથી 'પિંજરનું પંખી' એ નામની નૃત્યનાટિકા રજૂ કરવામાં આવી હતી. આ નાટિકામાં જાણીતા ભક્તકવિ બિલ્વમંગળ અથવા તો સુરદાસના ચરિત્રનું નિરુપણ કરવામાં આવ્યું હતું.

આ સમારંભને લગતા સંમેલનમાં સંસ્થાના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે સંયુક્ત જૈન વિદ્યાર્થી ગૃહનો પ્રેક્ષકગણને પરિચય કરાવ્યો હતો, મકાનફંડમાં આશરે રૂા. ૧,૧૦૦૦૦ની આવક થઈ હોવાનું જાહેર કર્યું હતું અને સાથે સાથે નજીકના ભવિષ્યમાં ઉચ્ચ શિક્ષણ લેતી જૈન વિદ્યાર્થિનીઓ માટે એક કન્યા છાત્રાલય ઊભું કરવાના સંસ્થાની કાર્યવાહક સમિતિએ લીધેલા નિર્ણયની જાહેરાત કરી હતી. અને તદુપરાન્ત આ મકાન ફંડ એકઠું કરવા અંગે સંસ્થાના બે મંત્રીઓ શ્રી રમણીકલાલ મણિલાલ શાહે તથા શ્રી ધીરજલાલ ધનજીભાઈ શાહે જે અથાક પરિશ્રમ લીધો હતો તે માટે તેમનો ખાસ આભાર માન્યો હતો.

સમારંભના પ્રમુખ શ્રી કપુરચંદ મહેતાએ પ્રાસંગિક વિવેચન કરતાં આ સંસ્થામાં કશા પણ ભેદભાવ સિવાય જૈન સમાજના બધા જ ફિરકાઓના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે એ બાબત અંગે પોતાની ઊંડી પ્રસન્નતા વ્યક્ત કરી હતી, અને પરિમિત પ્રવેશ આપતા અન્ય જૈન છાત્રાલયો આજના સમયને ઓળખીને જેમ બને તેમ જલ્દિથી આ બાબતનું અનુકરણ કરે એવો તેના સંચાલકોને તેમણે અનુરોધ કર્યો હતો. સમારંભના અતિથિવિશેષ શ્રી ગાર્ડીએ પણ ટુંકું વિવેચન કરીને શ્રી કપુરચંદ મહેતાના વક્તવ્યનું સમર્થન કર્યું હતું.

ત્યાર બાદ સંસ્થાના મંત્રી શ્રી ધીરજલાલ ધનજીભાઈ શાહે આભારવિધિ કરતાં સમારંભના પ્રમુખ શ્રી કપુરચંદ નેમચંદ મહેતાનો તથા અતિથિવિશેષ શ્રી દીપચંદ એસ. ગાર્ડીનો આભાર માન્યો હતો અને આ સમારંભની ટિકિટો વેચવામાં તેમ જ જાહેરખબરો મેળવી આપવામાં તથા મકાનફંડમાં રકમો ભરાવવામાં સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ તેમ જ ચાલુ વિદ્યાર્થીઓએ ઘણો મહત્ત્વનો સાથ આપ્યો હતો તે અંગે પોતાનો ઊંડો સંતોષ વ્યક્ત કર્યો હતો તેમ જ તેમનો ખાસ આભાર માન્યો હતો.

## વિષયસૂચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| સુકી ધરતીનાં મીઠાં સ્મરણો | ચીમનલાલ જે. શાહ | ૨૫૭ |
| સન્નિષ્ટ સાહિત્યકાર: ધૂમકેતુ | ધીરજલાલ ધનજીભાઈ શાહ | ૨૬૦ |
| ઉદ્યોગપતિ શ્રી અર્નેસ્ટ બાડર | | ૨૬૧ |
| જોતી નથી (કવિતા) | કરસનદાસ માણેક | ૨૬૨ |
| માનવને સત્તાના સ્થાને મૂકનાર: ભગવાન મહાવીર | રતિલાલ મફાભાઈ શાહ | ૨૬૨ |
| અહિંસક પ્રતિકાર | ડૉ. માર્ટીન લ્યુથર કીંગ | ૨૬૪ |


માલિક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ-૩, મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઇ.

REGD. No. B-4266.
વાર્ષિક લવાજમ રૂા. ૪
'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૬ : અંક ૨૪

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, એપ્રિલ ૧૬, ૧૯૬૫, શુક્રવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૨૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## શ્રી કિસનસિંહ ચાવડાનો વાર્તાલાપ

તા. ૬-૪-૬૫ મંગળવારના રોજ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે જાણીતા સાહિત્યકાર, વિવેચક અને સાધક શ્રી કિસનસિંહ ચાવડાનો ચોપાટી ઉપર આવેલ શ્રી રસિકલાલ મોહનલાલ ઝવેરીના નિવાસસ્થાન ઉપર વાર્તાલાપ ગોઠવવામાં આવ્યો હતો. મીલનસ્થળ જિજ્ઞાસુ ભાઈબહેનોથી ભરાઈ ગયું હતું. શ્રી કિસનસિંહને સંઘ તરફથી આવકાર આપતા સંઘના ઉપપ્રમુખ તરીકે મેં જણાવ્યું કે, "ભાઈ કિસનસિંહ આ રીતે આપણી વચ્ચે ઘણા લાંબા વખતે આવે છે. વર્ષો પહેલાં તેઓ આપણી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં ઘણું ખરું શ્રી અરવિન્દનો પરિચય આપવા માટે આવ્યા હતા. તેમને આપ-માનાં કેટલાક કદાચ પ્રત્યક્ષ ઓળખતા નહિ હો, પણ તેમનાં લખા-ણોથી તમારામાંના ભાગ્યે જ કોઈ અપરિચિત હશે. 'અમાસના તારા' તેમનો બહુ જાણીતો અને અત્યન્ત લોકપ્રિય લેખસંગ્રહ છે. 'સંસ્કૃતિ'-માં તેમનાં લખાણો અવારનવાર જોવામાં આવે છે. તાજેતરમાં 'હિમા-લયની પત્રયાત્રા' એ નામનો તેમનો પત્રસંગ્રહ પ્રગટ થયો છે. તેની એક નકલ તેમણે મારી ઉપર મોકલેલી અને તે વાંચતાં હિમાલયના અનેક સ્મરણો મનમાં ઉપસી આવ્યાં. તેઓ કેટલાક સમયથી હિમાલયના કુમાઉં પ્રદેશમાં આલ્મોરાથી વીસેક માઈલ દૂર આવેલા મીરતોલામાં વસતા સ્વામી કૃષ્ણપ્રેમના સાન્નિધ્યમાં રહે છે. ત્યાંના નિવાસ દર-મિયાન હિમાલયનાં જે અદ્‌ભુત દૃશ્યો તેમના જોવામાં આવ્યાં તેમાંના કેટલાકનું આબેહૂબ આલેખન ભાઈ ઉમાશંકર ઉપરનાં પત્રોમાં તેમણે કરેલું અને એ પત્રો સંસ્કૃતિમાં છપાયેલા. 'હિમાલયની પત્ર-યાત્રા' આ પત્રોનો સંગ્રહ છે. આ પત્રો તેમની ઉચ્ચ કોટિની સંવેદન-શીલતા, કલ્પનાસભરતા તથા નિરૂપણકુશળતાનો સુમધુર પરિચય કરાવે છે. ભાષા ઉપર તેમનું અદ્‌ભુત સ્વામિત્વ છે. શબ્દોના તેઓ સ્વામી છે. આજે તેમનો વાર્તાલાપ તો રાખ્યો છે, પણ તેમણે અહિં શું કહેવાનું છે તે વિષે મારે તેમની સાથે આગળથી કોઈ ખાસ વાત થઈ નથી. તેમનું જીવન એક રીતે કહીએ તો ખંડ ખંડ વિભાજિત ચિરયાત્રા જેવું છે. આ યાત્રામાં જે અનુભવોનો ભંડાર ભર્યો છે, જે વૈવિધ્યનો સંભાર છે તેવો ભાગ્યે જ અન્ય કોઈના જીવનમાં જોવામાં આવશે. વર્ષોજૂનો તેમની સાથે મારો સંબંધ છે. તેમનું વિદ્યાર્થીજીવન લગભગ પુરું થયું ત્યારથી અમારા સંબંધની શરૂઆત થઈ છે. અર્થ અને કામની કુશળ સાધના સાથે ધર્મ તરફ–અધ્યાત્મ તરફ–તેમનામાં ગાઢ આકર્ષણ રહ્યું છે. તે આકર્ષણ તેમને શાન્તિનિકેતન તરફ, અરવિંદ આશ્રમ તરફ, ગાંધીજી તરફ એમ કંઈ કંઈ સ્થાવર તથા જંગમ તીર્થો તરફ ખેંચતું રહ્યું છે. એ જ આક-ર્ષણે આજે તેમને સ્વામી કૃષ્ણપ્રેમના સાન્નિધ્યમાં સ્થિર કર્યા છે. ચંચળતા તેમ જ ઉર્ધ્વાભિમુખતા–આ તેમની પ્રકૃતિના વિશિષ્ટ ગુણો અથવા તો સ્વરૂપો છે. આ કારણે તેમણે આપણને શું કહેવું તે નક્કી કરવાનો તેમનો અધિકાર છે, પણ તેઓ જે કહેશે તે આપણા માટે રસપ્રદ તેમ જ ઉદ્‌બોધક બનવાનું જ છે એમાં મને કોઈ સંદેહ નથી. અમારા સંઘ તરફથી તેમને હાર્દિક આવકાર આપું છું અને અમારા પ્રતિ તેમની વાણીને વહેતી કરવા વિનંતિ કરું છું."

ત્યાર બાદ ભાઈ કિસનસિંહનો વાણીપ્રવાહ લગભગ દોઢ કલાક સુધી અસ્ખલિતપણે વહેતો રહ્યો અને તેમના વક્તવ્ય સાથે શ્રોતા ભાઈ બહેનોએ અદ્‌ભુત તદ્‌રૂપતાનો અનુભવ કર્યો. આ તેમનાં વાર્તાલાપને શબ્દમાં ઉતારીને પ્રબુદ્ધ જીવનના વાચકો સમક્ષ યથા-સ્વરૂપે રજુ કરવાનું લગભગ અશક્ય છે. માનવી માત્રમાં કંઈ થવાની વૃત્તિ રહેલી છે. આ વૃત્તિ તે જે સ્થિતિમાં હોય તેમાં પૂરો સંતોષ માનીને બેસી રહેવા દેતી નથી. તે વૃત્તિ તેને અનેક અગમ્ય પ્રદે-શોમાં લઈ જાય છે, તેની પાસે તરેહ તરેહના સાહસો અને પ્રયોગો કરાવે છે. આ કાંઈક થવાની પ્રક્રિયા વર્ષો સુધી ચાલ્યા જ કરે છે. ભાઈ કિસનસિંહના કહેવા મુજબ આ વૃત્તિ તેમનામાં પણ સતત ઘોળાતી રહી છે; તેમને એક સ્થળેથી બીજા સ્થળે, એક વ્યક્તિથી બીજી વ્યક્તિ તરફ, એક જીવનચર્યાથી અન્ય પ્રકારની જીવનચર્યા તરફ લઈ ગઈ છે; આ મૂળવૃત્તિ–પ્રેરિત ચાલી રહેલી જીવનયાત્રા દરમિયાન, પ્રકૃતિથી તેઓ emotional–લાગણીપ્રધાન–હોઈને કંઈક ઘસડાઈ ન જવાય, કંઈક ભરાઈ ન પડાય એવી સાવધાનીપૂર્વક, વિચારપૂત જીવન જીવતા રહેવાનો તેમનો હંમેશાં આગ્રહ રહ્યો છે.

આગળ ચાલતાં તેમણે મૃત્યુબિછાને સૂતેલા રાવણે રામચંદ્રજીને લક્ષ્મણ દ્વારા મોકલેલા સંદેશાનો ઉલ્લેખ કર્યો. રાવણના વણપુર્યા ત્રણ મનોરથો હતા: યમરાજને મારવો, સ્વર્ગ સુધીનાં પગથિયાં બાંધવા અને રત્નાકર સાગરને મીઠો કરવો. અને આ તેના ત્રણ અધુરા મનોરથો પૂરા કરાવાની રાવણે રામચંદ્રજીને પ્રાર્થના કરી. આ ત્રણ પ્રતીકોનો ભાઈ કિસનસિંહે લાક્ષણિક અર્થ એમ સજાવ્યો કે, (૧) યમને મારવો એટલે મૃત્યુના ભયને જીતવો, (૨) સ્વર્ગની સીડી રચવી એટલે માનવી જીવનને સ્વર્ગમય બનાવવું. (૩) ખારા સમુદ્રને મીઠો કરવો એટલે માનવીના ખારા જીવનમાં માધુરી પેદા કરવી.

આગળ જતાં બુદ્ધિની મર્યાદા ઉપર તેમણે વિવેચન કરતાં જણાવ્યું કે, સર્વસામાન્ય જ્ઞાનનું સાધન માનવીની બુદ્ધિ છે, એમ છતાં બુદ્ધિની પણ અનેક મર્યાદાઓ છે; એવા ઘણા પ્રદેશો છે કે જેને માનવીની બુદ્ધિ વીંધી શકતી નથી. સમગ્ર માનવીનું બુદ્ધિ એક અંગ છે, એક અંશ છે. આ એક અંશ સમગ્રને કેમ ઓળખી શકે? સમ-ગ્રને કેમ જાણી શકે? આ માટે બુદ્ધિથી પર એવી અંદરની સૂઝ-પ્રજ્ઞા–intuition–ના ઉગમની જરૂર છે. આ માટે આધ્યાત્મિક સાધના અપેક્ષિત છે. સમગ્રના પ્રગટીકરણ માટે head, heart and hands–બુદ્ધિ, હૃદય, અને શારીરિક શ્રમના સમન્વિત શિક્ષણની જરૂર છે. આ ત્રણ પરિમાણ ઉપર જ ચોથી દૃષ્ટિ ખુલી શકે છે.

તેમના કહેવા મુજબ માનવીનું સર્જન કરીને સર્જનહારે પોતાના રૂપનું દર્શન કરાવ્યું છે. જે વસ્તુ અહિં છે તે ઉપર છે; ઉપર છે તે

જ અહિં છે. અહિં નથી તે કયાંય નથી. તેમણે વિશેષમાં જણાવ્યું કે, ધર્મક્ષેત્ર તેમ જ કુરુક્ષેત્ર માનવીની અંદર છે. મુસલમાનો જેને કાફર કહે છે તે પણ કોઈ બહારનો કાફર નથી; તે પણ અંદર જ બેઠો છે.

ત્યાર બાદ ૨૧ વર્ષ પહેલાં તેઓ અરવિંદ આશ્રમમાં બે ત્રણ વર્ષ રહેલાં અને માતાજીના નિકટ સંપર્કમાં આવેલાં તેનાં કેટલાંક સ્મરણો તેમણે રજુ કર્યા અને ત્યાંથી પોતાને જે કાંઈ પ્રાપ્ત થયું તે સમજાવવાનો તેમણે પ્રયત્ન કર્યો.

થોડાં વર્ષ પહેલાં તેઓ લંડનમાં એક બુકસેલરની દુકાનમાં ગયા અને શ્રી કૃષ્ણપ્રેમનું Yoga of Bhogvad Geeta–'ભગવદ્ ગીતાનો યોગ'–નું પુસ્તક જોયું અને તેનો Prologue–તેનું પૂર્વકથન–તેમના વાંચવામાં આવ્યું. પછી તે ગ્રંથ તેમ જ yoga of Kathopanishad–કઠોપનિષદનો યોગ એ બન્ને ગ્રંથો ઘેર લઈ જઈને તેઓ વાંચી ગયા અને સ્વામી કૃષ્ણપ્રેમની વાણીથી અત્યન્ત પ્રભાવિત થયા. જેને તેઓ શોધતા હતા તે મળી ગયા એવી તેમને અનુભૂતિ થઈ. ત્યાર બાદ કૃષ્ણપ્રેમને મળવાનું રટણ તેમના દિલમાં શરૂ થયું અને ભારત પાછા ફર્યા બાદ સમય જતાં તેઓ મીરતોલા પહોંચી ગયા અને તેમના સાન્નિધ્યમાં ઉપસ્થિત થતાં, "આજ મારી જન્મભૂમિ છે, આજ મારા માબાપ છે. હવે તો એક જ ઈચ્છા છે. અહિં જ જીવવું છે, અહિં જ મરવું છે." આવા સંવેદને તેમના ચિત્તને ઘેરી લીધું અને અહિં આ રીતે તેમણે અભૂતપૂર્વ સમાધાન મેળવ્યું. આ પ્રથમ પરિચયની કેટલીક વિગતો તેમણે રજુ કરી એટલે આ કૃષ્ણપ્રેમ કોણ એવો પ્રશ્ન કરવામાં આવ્યો.

આનો જવાબ આપતાં જણાવ્યું કે "કૃષ્ણપ્રેમ મૂળ કેમ્બ્રીજના ગ્રેજ્યુએટ, તેમનું સંસારી નામ રોનાલ્ડ નીકસન; પ્રથમ વિશ્વવિગ્રહમાં તેણે એર પાઈલટ તરીકે કામ કરેલું અને મરતા બચેલા. ત્યાર બાદ તેઓ કેમ્બ્રીજમાં અધ્યાપનનું કામ કરતા હતા; પૌર્વાત્ય તેમજ પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનના તેઓ ઊંડા અભ્યાસી હતા; ૧૯૨૧ની સાલમાં લખનૌ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. ચક્રવર્તી અને તેમનાં પત્ની યશોદા મા ઈંગ્લાંડ ગયેલાં, તેમના સમાગમમાં નીકસન આવ્યા અને લખનૌ યુનિવર્સિટીમાં પ્રાધ્યાપકની જગ્યાએ તેમની નિમણૂક થતાં તેઓ લખનૌ આવીને સ્થિર થયા. ચક્રવર્તી કુટુંબ સાથે તેઓ એકરૂપ બની ગયા. સમય જતાં યશોદા મા સંન્યાસિની થયાં અને આલ્મોરા આવીને રહ્યાં અને તેમના પુત્ર સમાન નિકસને તેમની પાસે દીક્ષા લીધી, વૈષ્ણવ સંપ્રદાયના તેઓ સાધુ બન્યા અને 'કૃષ્ણપ્રેમ વૈરાગી' નામ તેમણે ધારણ કર્યું. ૧૯૨૯ની સાલમાં ગાંધીજી આલ્મોરા ગયેલા ત્યારે આ બન્નેને તેઓ મળેલા. સમય જતાં આલ્મોરા છોડીને તેઓ મીરતોલા આવ્યા. અહિં તેમણે મંદિર બંધાવ્યું તેમ જ એક નાનો સરખો આશ્રમ ઊભો કર્યો. આ સ્થળને લોકો 'ઉત્તર વૃન્દાવન'ના નામથી ઓળખવા લાગ્યા. ૧૯૪૬માં યશોદા માઈ નિર્વાણ પામ્યાં. હાલ કૃષ્ણપ્રેમ બીજા એક યુરોપીયન સંન્યાસી 'માધવાશિષ' સાથે રહે છે. આ સ્થળ ગાઢ એકાન્તમાં સરૂ અને દેવદાર વૃક્ષની ઘીચ ઝાડી વચ્ચે ૭૦૦૦ ફીટની ઊંચાઈએ આવેલું છે." આ રીતે ભાઈ કિસનસિંહે સ્વામી કૃષ્ણપ્રેમનો પરિચય આપ્યો અને તેમના પ્રત્યક્ષ દર્શનની ઉપસ્થિત ભાઈબહેનોના દિલમાં ઝંખના પેદા કરી.

આમ ભાઈ કિસનસિંહનો મુકત અને પ્રસાદપૂર્ણ વાર્તાલાપ સાંભળવામાં દોઢ કલાક જેટલો સમય કેમ પસાર થઈ ગયો તેની અમને ખબર ન પડી. તેમનો આભાર માનતાં મેં જણાવ્યું કે, "જાણે કે કોઈ મોટા ધર્મગ્રંથનું આપણે પરિશીલન કર્યું હોય, જાણે કે અગમનિગમના પ્રદેશોમાં ભાઈ કિસનસિંહ સાથે આપણે પરિભ્રમણ કર્યું હોય, જાણે કે અનુભવ અને ચિન્તનના અનેક ગિરિશિખરો ઉપર આપણે ઉડ્યન કર્યું હોય એવી ઊંડી પ્રસન્નતાનો આજે આપણે ભાઈ કિસનસિંહને સાંભળીને અનુભવ કરી રહ્યા છીએ. આ માટે ભાઈ કિસનસિંહના આપણે ખરેખર ખૂબ ઋણી અને ઉપકૃત છીએ. આજે આપણા સંબંધની પુનઃ શરૂઆત થઈ છે તો એ સંબંધનો તંતુ લંબાતો રહે અને પ્રબુદ્ધ જીવન દ્વારા તેમનાં લખાણો વાંચવાનો આપણને લાભ મળતો રહે એવી વિનંતિ તેમને કરું તો તે અસ્થાને નહિ લેખાય." આ આભારનિવેદન સાથે આ ચિરસ્મરણીય મીલન વિસર્જિત થયું. **પરમાનંદ**

# સુકી ધરતીનાં મીઠાં સ્મરણો : ૩

[ગયા અંકમાં આ મથાળાની લેખમાળાના બીજા હપ્તામાં ૨૫૮મા પાને બીજી કોલમ ઉપર પહેલા પારિગ્રાફના છેડે 'પાનબાઈ ઠક્કર' છપાયું છે તેના સ્થાને 'પાઈબાઈ ઠાકરશી' વાંચવું; બીજા પારિગ્રાફમાં શરૂઆતમાં 'શ્રી ધનજીભાઈ કેશવજી' ના સ્થાને 'શ્રી ભાણજીભાઈ કેશવજી' વાંચવું; અને ત્રીજા પારિગ્રાફની શરૂઆતમાં 'માયક'ને બદલે 'બાયક' વાંચવું.–તંત્રી]

**મંગળવાર, તા. ૯-૩-'૬૫**

કચ્છના અબડાસા તાલુકામાં આવેલા પાંચ સ્થળો : કોઠારા, સુથરી, જખૌ, નળીઆ અને તેરા–આ પાંચ સ્થળોને સમુચ્ચયે જૈનોની પંચતીર્થી કહેવાય છે, કારણ કે દરેક સ્થળે એક એકથી જાણે કે ચડિયાતાં એવા ભવ્ય જિનાલયો આવેલાં છે. આમાંથી સુથરી ગઈ કાલના કાર્યક્રમમાં હોવા છતાં અમારે પડતું મુકવું પડેલું. તેરા આમારી પ્રવાસરેખાથી વધારે પડતું બાજુએ હતું એટલે ત્યાં જવાનું શકય નહોતું. કોઠારાના જિનાલયના અમે ગઈ કાલે સાંજના દર્શન કર્યા હતાં. જખૌ આવતાં નળીઆ થોડો સમય રોકાયેલાં, પણ મોડું થવાથી નળીઆ ગામમાં જઈ શકયા નહોતા. જખૌના ભવ્ય મંદિરનાં આજ સવારે દર્શન કર્યા અને ત્યાંથી ઉપડીને નારાયણ સરોવરનાં રસ્તે જતાં નળીઆ અમે ફરી વાર રોકાયાં અને શેઠ નરસી નાથાના ભવ્ય દેરાસરનાં દર્શન કર્યા. ત્યાર બાદ જે સંસ્થાનો ગઈ કાલે કચ્છનો પરિચય આપતા શ્રી વિનોદરાય વોરાએ ઉલ્લેખ કર્યો હતો તે પાંડુરંગ શાસ્ત્રી–સ્થાપિત 'તત્ત્વભાવના' નામની સંસ્થાની મુલાકાતે અમે ગયા. આ સંસ્થા ગામની બહાર થોડે દૂર એક શાંત એકાંત સ્થળે આવી છે. અહિં રહેતા વિદ્યાર્થીઓને વર્ષના નવ મહિના ગીતાનો સ્વાધ્યાય કરાવવામાં આવે છે અને ત્રણ મહિના તેમને ગામડામાં મોકલવામાં આવે છે. આ સંસ્થામાં આજે ૨૮ વિદ્યાર્થીઓ ધાર્મિક તાલીમ પામે છે.

### નારાયણ સરોવર

અહીંથી લગભગ ૧૧ વાગ્યે અમે નારાયણ સરોવર તરફ જવા ઉપડયા. તે બાજુનો પ્રદેશ ટેકરાળ છે. ઢાળ ઢોળાવવાળી અને આમ તેમ વળાંક લેતી આણસરખી સડક ઉપર બસમાં બેઠા હોવા છતાં આમ તેમ અફળાતા બે કલાક બાદ અમે નારાયણ સરોવર પહોંચ્યાં. અહીં ધર્મશાળામાં આગળથી કરેલી ગોઠવણ મુજબ અમારા માટે શાક-પુરી–દૂધનું ભોજન તૈયાર હતું. વસ્તુતઃ અહીં કોઈ ચીજવસ્તુ મળતી નથી. એટલે લાંબે ગામડામાંથી આગલા દિવસે સીધું સામાન અહિં ભેગું કરીને આજની રસોઈ બનાવવામાં આવી હતી. જખૌથી સવારના નીકળેલા, નળીઆમાં સારી રીતે ફરેલા અને બે અઢી કલાક બસમાં અથડાતા અફળાતા અહીં પહોંચેલા, એટલે કકડીને ભૂખ લાગી હતી. એટલે પતરાળાં પથરાયાં અને ગરમાગરમ ભોજનને સૌ કોઈએ સારો ન્યાય આપ્યો. પછી દોઢેક કલાક બધાએ આરામ લીધો અને ત્યાર બાદ ચા-પાણી પતાવીને સાંજના ચાર વાગ્યે લગભગ અમે નારાયણ સરોવર તથા તે સાથે જોડાયેલા નર-નારાયણના મંદિરનાં દર્શન કરવા માટે તૈયાર થઈને બહાર નીકળ્યાં.

આ સ્થળ તેમ જ એકાદ માઈલ ઉપર આવેલું કોટેશ્વર મહાદેવ–બંને કચ્છના વાયવ્ય ખૂણે અરબી સમુદ્રના કિનારે આવેલ છે. આ બાજુ ઝાડપાન ઓછા હોવાથી પ્રદેશ ખૂબ રૂક્ષ લાગે છે. નારાયણ સરોવરને વૈષ્ણવો–બ્રાહ્મણો એક મોટું તીર્થ લેખે છે. અનેક લોકો આ પવિત્ર લેખાતા સ્થળની યાત્રાએ આવે છે. શ્રદ્ધાળુ હિંદુઓના દિલમાં આ તીર્થનો મહિમા ઘણો મોટો છે. સમુદ્રતટની સમીપમાં ઊંચાણમાં એક નર-નારાયણનું મંદિર છે અને તેની બાજુએ એક નાનુંસરખું સરોવર છે. આ સરોવરના પાણીને બહુ પવિત્ર લેખવામાં આવે છે અને અહિં આવતા શ્રદ્ધાળુ લોકો નાની મોટી બરણી કે લોટીમાં આ સરોવરનું પાણી ભરીને સીલ કરીને લઈ જાય છે અને કોઈ સ્વજનના અંત સમયે તેના મોંમાં ગંગાજળની માફક આ સંચિત જળનાં બે-ચાર ટીપાં મૂકીને તેને સદ્‌ગતિ સાધી આપ્યાનો સંતોષ અનુભવે છે. અમે મંદિરનો ગઢ ઓળંગીને મંદિરમાં ગયાં, પણ ભગવાનના દર્શનનો સમય ૫–૩૦નો હતો અને

અમારાથી અહીં તેટલો સમય ખોટી થઈ શકાય તેમ નહોતું, કારણ કે અહીંથી અમારે કોટેશ્વર મહાદેવ જવું હતું અને ત્યાંથી બસના ત્રણ-ચાર કલાકના માર્ગ ઉપર આવેલ માતાના મઢે પહોંચવું હતું. આમ હોવાથી ભગવાનનાં દર્શનથી અમે વંચિત રહ્યાં. એમ છતાં આસપાસ બધે ફર્યા, મંદિરને અડીને પથરાયેલું નારાયણ સરોવર જોયું. સરોવરનાં પાણી બંધિયાર હોઈને ગંદા હતાં, છતાં એમાં ભકતજનોને ભાવથી અને આનંદથી અમે ન્હાતાંધોતાં જોયાં, અને શ્રાદ્ધાની-અંધશ્રાદ્ધાની-લોકમાનસ ઉપર કેટલી મજબૂત પકડ છે તેનો વિચાર આવતાં આશ્ચર્ય તેમ જ ખિન્નતા અનુભવી.

સંભવ છે કે આ સરોવર એક વખત ઘણું વિશાળ હશે. કહેવાય છે કે આ સરોવર સિંધુ નદી અને અરબ્બી સમુદ્રના સંગમ ઉપર આવ્યું હતું, પણ સમયના વહેવા સાથે જાતજાતના ભૌગોલિક ફેરફારોના પરિણામે આજે તો આ સરોવર સરોવર પણ નથી રહ્યું, પણ ચોમાસા દરમિયાન આસપાસનાં વહેણોનાં પાણીથી ભરાતું લાગતું નાનું સરખું તળાવ બની ગયું છે. આમ છતાં પણ આ સરોવરને એક યાત્રાનું ધામ ગણવામાં આવે છે અને દેશના ખૂણે-ખૂણેથી યાત્રાળુઓ અહિં આવીને જીવનની ધન્યતા અનુભવે છે.

શ્રી રામસિંહજી રાઠોડે કચ્છને લગતી વિપુલ માહિતી આપતો 'કચ્છનું સંસ્કૃતિ દર્શન' એ નામનો એક સચિત્ર અને અભ્યાસપૂર્ણ ગ્રંથ લખ્યો છે. તે ગ્રંથમાં નારાયણ સરોવરનું પૌરાણિક તેમ ઐતિહાસિક મહત્ત્વ દાખવતી કેટલીક વિગતો આપી છે તેમાંથી અહિં નીચે થોડી તારવણી આપું છું. આશા રાખું છું કે નારાયણ સરોવરની મહત્તા સમજવા માટે આ તારવણી ઉપયોગી થશે.

હિંદુ ધર્મશાસ્ત્રોએ ભારતમાં પાંચ પવિત્ર સરોવરો ગણાવ્યાં છે. ઉત્તરે કૈલાસ, દક્ષિણમાં પંપા, પૂર્વે ભૂવનેશ્વરમાં બિંદુ, પશ્ચિમે નારાયણ અને મધ્યમાં પુષ્કર. શ્રીમદ્‌ભાગવત્‌માં નારાયણ સરોવરનો મહિમા આ રીતે ગાયો છે :

तत्र नारायणसरस्, तीर्थं सिन्धुसमुद्रयोः।
संगमो यत्र सुमहन्, मुनि सिद्धनिषेवितम् ।।

દક્ષપ્રજાપતિએ દશ હજાર પુત્રો ઉત્પન્ન કર્યા. હર્યશ્વ નામના આ ભાઈઓને દક્ષે પ્રજા ઉત્પન્ન કરવાની પ્રેરણા આપી ત્યારે તેઓએ પશ્ચિમ દિશામાં પ્રમાણ કર્યું. પશ્ચિમે જ્યાં મુનિઓ અને સિદ્ધોએ સેવેલો એવો સિંધુ નદી અને સમુદ્રનો સંગમ થાય છે ત્યાં તેમણે નારાયણતીર્થમાં તપ આદર્યું.

સિંધુનાં મુખો દિવસે દિવસે પશ્ચિમ તરફ ખસતાં ગયાં છે. એ સમયે સિંધુનું એક મુખ્ય મુખ કચ્છની કોરી નાળમાં હતું. ઈ. સ. પૂર્વે ૩૨૫માં સિકંદરે સિંધનું એ પૂર્વમુખ તપાસ્યું ત્યારે ત્યાં "ક્ષીરસાગર કાંઠે આવેલા મીઠા મેરામણ જેવા આ મહાસરોવરને તીરે આવ્યા"નો ઉલ્લેખ તેણે પ્રવાસનોંધમાં કર્યો છે. શ્રીમદ્‌ ભાગવતમાં નારાયણ સરોવરના ઉલ્લેખ સહિતની ઉપર કહી તે કથા તે પછીના રચાયલા બ્રહ્મવૈવર્તમાં પણ આવેલી છે અને વાયુ, વિષ્ણુ વગેરે અન્ય પુરાણોમાં પણ તે કહેલી છે. ભાગવતનો રચનાકાળ નવમા શતક લગભગનો મનાય છે. જેને તીરે વિષ્ણુના આદિનારાયણ સ્વરૂપનું અનાદિકાળથી પૂજન થાય છે એ નારાયણ સરોવર તો એ રચાયા પૂર્વે કયારનું યે તેની પ્રસિધ્ધિની ટોચે પહોંચ્યું હશે. હજારેક વર્ષ પહેલાં જ્યારે સિન્ધુનું વહન ખસતું ખસતું વિશેષ પશ્ચિમમાં ગયું ત્યારે આ સરોવરને પણ અસર થઈ. તે ફીટયું હશે. અને પછી તો બગડતે બગડતે તે આજના જેવું માત્ર સ્થાનિકનાં નાળાંઓથી ભરાતું નાનું એક સરાણ જેવું સ્મરણાવશેષ રહ્યું લાગે છે.

### કોટેશ્વર મહાદેવ

આ નારાયણ સરોવરને નમન કરીને અમે અહિંથી એકાદ માઈલ દૂર આવેલા કોટેશ્વર મહાદેવના અલૌકિક સ્થળે પહોંચ્યા. કચ્છની વાયવ્ય દિશાના ખુણે ઊંચાણમાં આવેલા સ્થળ ઉપર આ મંદિર બાંધવામાં આવ્યું છે અને આ મંદિરમાં પ્રવેશ કરતાં કોઈ જૂના તીર્થધામમાં આપણે આવી ચડયા હોઈએ એવો ભાસ થાય છે. મંદિરના ગર્ભાદ્વારમાં શંકરનું વિશાળ કદનું લિંગ છે. વચ્ચેના મંડપમાં કળાના ઉત્તમ નમુના રૂપ પીત્તળનો એક વિશાળકાય ચોઠીયો છે. જમીનની અણી દરિયામાં જાય તેને ભૂશિર કહે છે. આવી ભૂશિરના પહોળા ભાગ ઉપર ઊંચાણમાં આ મંદિર આવેલું હોઈને આ મંદિરમાંથી સમુદ્રનું ભારે અદ્‌ભુત દશ્ય નજરે પડે છે. ભૂશિરને છેડે પણ એક નાનું સરખું દેવાલય દૃષ્ટિગોચર થાય છે અને દૂર દૂર સિંધની ભૂમિને પણ દૃષ્ટિ સ્પર્શે છે. સાંજનો સમય હતો; સૂર્યનો હળવો બનતો જતો તડકો મધુર લાગતો હતો અને સામે દેખાતું વિરાટ દૃશ્ય આંખોને તેમ જ મનને ભરી દેતું હતું. અહિં મંદિરના એક ખુણે ઊભા રહીને જોયા જ કરીએ એવી ઉત્સુકતા અને પ્રસન્નતા ચિત્ત અનુભવી રહ્યું હતું. આ કોટેશ્વર મહાદેવની સ્થાપના સાથે દશ માથાવાળા રાવણની એક ભારે રોચક કથા જોડાયલી છે. એ કથા વાસ્તવિક છે એમ સમજીને નહિ પણ આ ધર્મસ્થાનકની ગરિમાને એ કથા કલ્પના-પ્રત્યક્ષ કરે છે અને સાથે સાથે એક પરમ જીવનસત્ય રજૂ કરે છે એમ સમજીને કચ્છનું સંસ્કૃતિદર્શનમાંથી નીચે ઉધ્ધૃત કરવાને હું લલચાઉ છું. કચ્છના એક પશ્ચિમ કાંઠે-પાકિસ્તાનની તદ્દન નજીક અને કરાંચીની બરોબર સામે 'કોરી નાળ'ના નાકા ઉપર આવેલું હિંદનું એક માત્ર બંદર કોટેશ્વર વિશિષ્ટ ભૌગોલિક સ્થાન ધરાવે છે એ ઘણાના ખ્યાલ બહાર હશે. આજે આવું મહત્ત્વનું સ્થાન ધરાવતું એ સ્થાન લોકોમાં એક પુરાણોકત ધામ ગણાય છે. એની માહાત્મ્યકથા એવી કહેવાય છે કે, દશાનન રાવણે કૈલાસમાં તપ આદર્યું, રાવણની ભકિતથી પ્રસન્ન થઈ કૈલાસપતિ શિવે તેને મોં માગ્યો વર માગવા કહ્યું. રાવણે તો "સદા શિવભકિત કરતો રહું" એટલું જ ઈચ્છયું, છતાં શિવે પ્રસન્નતાથી પોતાની આધ્યાત્મિક શકિતના પ્રતિષ્ઠા કરેલું લિંગ તેને આપ્યું. આવી સબળ શંકરશકિત મેળવી રાવણ અજરામર બની જશે એ ભયના માર્યા દેવો કંપી ઊઠયા અને રાવણ પાસેથી કોઈ પણ રીતે એ લિંગ પડાવી લેવાનો છળ રચ્યો.

રાવણને માર્ગે બ્રહ્મા ગાયનું રૂપ લઈને એક કીચડભર્યા ખાડામાં પડી તડફડવા લાગ્યા. અન્ય દેવતાઓએ દોરડાંથી ખેંચી ગાયને ઉગારતા હોવાનો દેખાવ કર્યો. દેવોની બેહાલ સ્થિતિ અને ગાયની દયામણી હાલત જોઈ રાવણને અનુકંપા થઈ. તેના જમણા હાથમાં લિંગ હોઈ, તે માત્ર ડાબા હાથે દોરડું ખેંચવા લાગ્યો. આ પ્રયત્નમાં નિષ્ફળ જતાં રાવણ ડોળ કરનારમાં ખપ્યો અને હાંસીપાત્ર બન્યો. આથી તેનું હૃદય ઉકળી ઉઠયું અને જમણા હાથમાંનું લિંગ ધરતી પર રાખી બન્ને હાથે ગાયને ખાડામાંથી ખેંચી કાઢી. દરમિયાનમાં ધરતી પર મુકાયેલું લિંગ દૈવીશકિતથી તેને કોટિ લિંગોરૂપે દેખાયું ! રાવણને લગતી આ કથામાંથી નીતરતું જીવનસત્ય આ મુજબ છે. રાવણે અપૂર્વ ભકિત દ્વારા મહાદેવને પ્રસન્ન કરીને શિવલિંગ પ્રાપ્ત કર્યું અને અજરામર બની ગયાની નિશ્ચિન્તતા અનુભવી, પણ વિધિનિર્માણને કોઈ પણ માનવીનું આવું કોઈ અજરામરત્વ કાદે સંમત હોતું નથી. અને પોતાને બધા બાજુએથી સહીસલામત– secure-માનનાર માનવીના હાથે જ વિધાતા એવી ભૂલ કરાવે છે કે તેનું અજરામરત્વ–Complete security and immunity from old age and death–તેના હાથમાંથી સરી જાય છે. આ ઉપરથી 'હું હવે બધી રીતે secure છું', સહીસલામત છું એવું માનવીનું અભિમાન એ કેવળ ભ્રમ અને અજ્ઞાન છે અને જન્મના ક્રમમાં જરા અને મૃત્યુ એ જ સત્ય અને વાસ્તવિકતા છે અને દીનતા, નમ્રતા એ જ સાચી જીવનવૃત્તિ છે– આવો બોધ ઉપરની પુરાણકથામાંથી આપણને પ્રાપ્ત થાય છે.

લિંગમાંથી પોતાનું મૂળ આણેલું લિંગ કયું તે પિછાનવાનો રાવણને કોયડો થઈ પડયો. છેવટે તેમાંનું એક લિંગ પોતાનું માની લેતાં બીજા લિંગસ્વરૂપો અદશ્ય બની ગયાં. પણ રાવણનું માનેલું લિંગ ત્યાં જ ધરતી સાથે જડાઈને સ્થાપિત થઈ ગયું. આ રીતે લિંગને પોતાથી અલગ કરીને ધરતી પર મૂકતાં રાવણે મેળવેલી અજરામર શકિત ગુમાવી. રુદ્રનો રોષ ન ઉતરે તે માટે બધા દેવોએ

મળી ત્યાં કોટિલિંગેશ્વરની પ્રતિષ્ઠા કરી. ત્યારથી કચ્છનું કોટિલિંગેશ્વર કોટેશ્વરના નામથી પ્રસિદ્ધ થઈ યાત્રાનું મહાધામ બન્યું.

આ પુરાણોલ્લેખ પછી સ્યુઆન-ચુઆંગ Hiuan Tsang (જેને સામાન્ય રીતે હ્યુએનત્સંગ કહે છે તે) નામના જાણીતા ચીની મુસાફરની પ્રાચીન પ્રવાસપોથીમાં કોરીનાળનાં કાંઠે આવેલા કોટેશ્વર બંદરનો નિર્દેશ કરવામાં આવ્યો છે. એમાં સિંધુનાં મુખ પાસે, મહાર્ણવને કાંઠે, આશરે પાંચેક માઈલનાં ઘેરાવામાં આવેલું, કહી આ બંદરનું નામ, 'કાઈત-શ-ફયલ' એવું ચીનીમાં અપભ્રંશ પામેલું નામ શ્યુઆન-ચુઆઙ આપે છે. તેમાં પાંચ હજાર સાધુ-ઓના એંશી મઠો હોવાનું તે લખે છે. આ વસાહતના મધ્ય ભાગે શિલ્પસમૃદ્ધ મહેશ મંદિર અને બીજા બાર દેવાલયો હોવાનો નિર્દેશ પણ તે કરે છે અને ત્યાં ભભૂતિ ચોળી રહેતા શૈવમાર્ગીઓ પૂજન-અર્ચન કરતા એમ જણાવે છે.

આ મંદિરના પોઠીયા વિષે તથા જીર્ણોદ્ધાર વિષે એમ જાણવા મળે છે કે રાઓળશ્રી દેશળજી મોટાએ (૧૭૧૮-૧૭૪૧) કોટેશ્વર મહાદેવનો મોટો મજાનો પિત્તળનો પોઠિયો બનાવ્યો, ત્યારે તેમની રાણી મહાકુંવરે નીલકંઠ મહાદેવનો જીર્ણોદ્ધાર કરાવ્યો. ઉપરાંત ત્યાં અન્ય સમારકામ સુંદરજી શેઠ અને જેઠા શિવજીએ પણ કરાવેલાં છે.

આ સ્થાન-પુરાણી ભવ્યતા સાચવતું કોટેશ્વરનું ઊંચું દેવા-લય-દરિયામાંથી દૂર દેખાઈ સાગરખેડુઓના હૈયાને હામ આપે છે, જમાનાનાં ઝેર ગળે ઉતારી મહાકાળ નીલકંઠ, કોટેશ્વરના ધર્મ-સાગરના ઓટ પછી આવવાની ભરતીની પ્રતીક્ષા કરતા, સમુદ્રના નીલવારિથી વીંટળાતા જે ખખડધજ શિવાલયમાં ધ્યાનરત છે એ ફૂંડા ઉપર પહોંચતાં ત્યાંની પુરાતન પવિત્રતાનો ભાવ હૃદયમાં ધબકે છે. આ નીલકંઠના ફરકે પહેલાં તપસ્વીઓ અને યાત્રીઓ ભરેલાં વહાણો ઠલવાતાં, તપસ્વીઓ ઝંખે છે એવી એ ભૂમિ આજે નિર્જન બની છે. પણ જ્યાં સિંધુના મીઠાં મહેરામણનો મોહક સમુદ્ર-સંગમ થતો એ કોટેશ્વરની 'કોરીનાળ'નું કુદરતી સૌંદર્ય તો હજુયે આજે પણ શાંતિની દીક્ષા દેતું દિવ્ય દર્શન આપી મનને પ્રસન્ન કરે છે.

### માતાનો મઢ

કોટેશ્વરને કોટિ કોટિ વંદન કરી અમારો સંઘ માતાના મઢ તરફ ઉપડયો; જ્યાં અમારું રાત્રિભોજન અને રાત્રિ-રોકાણ હતું. રાતે ૮-૦૦ વાગે અમે માતાના મઢમાં પહોંચી ગયા-ગામમાં ઈલે-કટ્રીક બત્તી ન હતી. દરવાજામાંથી અમારી બસ પસાર ન થઈ શકી એટલે ગામની ભાગોળે દરવાજા બહાર અમે બસ ઊભી કરી-અહીં પહોંચતાં પહેલાં અમારી બસ થોડીક ભૂલી પડી હતી. પરંતુ ત્યાં સામેથી જ અમારી પાયલોટ કારમાં બેઠેલા મગનભાઈ અમારી શોધખોળ કરતા આવી લાગ્યા અને અમને માતાના મઢમાં પહોંચાડયા.

માતાનાં મઢ એ રાજ્યની કુળદેવીનું ગામ છે. અહીં મહંત-જાગીરદાર રહે છે. મંદિર પણ છે. અહીં જાગીરદારને ત્યાં અમે ખીચડી રોટલાને ન્યાય આપ્યો. ઠંડી ઠીક-ઠીક હતી. ભોજન બાદ કેટલાક ભાઈ-બહેનો, ગામમાં નટનો ખેલ ચાલતો હતો તે જોવા ગયા. કંટાલાક સૂઈ ગયા.

**બુધવાર-તા. ૧૦-૨-૬૫**

માતાના મઢનાં મંદિરમાં વહેલી પ્રભાતે ચોઘડીયા - શરણાઈ - નગારા વાગ્યા. આ સ્થળ પવિત્ર છે અને અહિંનું પ્રભાત મંગલ પ્રભાત છે એવું અનુભવાયું. સવારે બધાએ નાહી લીધું. ચાહ પીધી. સાથે લાવેલા નાસ્તાને ન્યાય આપ્યો અને હીંગળાજ માતાના મંદિર-માં તથા આશાપુરાનાં મંદિરમાં દર્શન કરી સૌએ બસમાં જગ્યા લીધી. આશાપુરાનો ધૂપ વખણાય છે એવું કહેતાં કેટલાકે ધૂપ લીધો પણ પાછળથી આ ધૂપે એમના કપડા જ કાળા કાળા કર્યા અને એ કાળા કોલસાને ફેંકી દીધા.

### નખત્રાણા

અમારે માતાના મઢથી નખત્રાણા જવાનું હતું. નખત્રાણા મોટું શહેર લાગ્યું - હવે અમારો ગામડાનો પ્રવાસ થોડો ઘણો પૂરો થયો હતો - શહેર આવે એટલે ડામરનાં પહોળા પાકા રસ્તા આવે. સુંદર માળવાળા મકાનો આવે. એટલે ચાર દિવસથી જોવા નહોતા મળતાં એવાં મકાનો હવે જોવાં મળ્યાં - આથી આનંદ થયો. નખત્રાણામાં કચ્છ કડવા પાટીદાર સમાજની બોર્ડિંગમાં અમારે ભોજન લેવાનું હતું. અમે લગભગ ૧૧ વાગે પહોંચી ગયા હતા.

અહિં નખત્રાણામાં અમારું સ્વાગત અહિંના જાણીતા કૉંગ્રેસ કાર્યકર શ્રી જુગતરામભાઈ રાવળે કર્યું. અહિંની બોર્ડિંગના ગૃહપતિ શ્રી હીરજીભાઈ ઠક્કર હતા. સમય હતો એટલે નખત્રાણા ગામમાં ગયા. ત્યાં ખાદીભંડાર જોયો. દેરાસરમાં પણ ગયા. ત્યાં દિવાલો પર પટનાં સુંદર ચિત્રો દોરવામાં આવ્યા હતા. બજારમાંથી એક મિત્રે પોપૈયો લીધો. અમે બોર્ડિંગમાં પાછા ફર્યા. અહિં અમારા મિત્રે પોપૈયો ભાંગ્યો અને એની લહાણ કરી. છાલ બોર્ડિંગના કમ્પાઉન્ડમાં નાખી. અમારા અજિતભાઈ આથી ચીઢાઈ ગયા - અને છાલ એમની જ પાસે ઉપડાવી ડબ્બામાં નંખાવી સ્વચ્છતાનો તેમને પાઠ શીખડાવ્યો. એક પંગતે લાડવાનું મિષ્ટાન્ન જમ્યા - લાડવા તો એટલા સ્વાદિષ્ટ હતા કે દાઢે લાગી ગયા.

ભોજન બાદ વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ રાખવામાં આવ્યો. શરૂઆતમાં શ્રી હીરજીભાઈએ કહ્યું કે, "જેઓ યાત્રા કરી આવે તેમનાં દર્શન કરવા એ પણ એક પુણ્યનું કામ છે." શ્રી. પરમાનંદભાઈએ અમારી યાત્રાનો ઉદ્દેશ સમજાવ્યો. શ્રી તનસુખભાઈએ કચ્છનો પ્રવાસ મીઠો રહ્યો છે એમ કહ્યું. મેં આભારદર્શન કર્યું.

### ભૂજ તરફ

હવે ૩-૦ વાગ્યા હતાં. સૌ બસમાં બેઠા. બસે ભૂજ ભણી પ્રયાણ કર્યું, જ્યાં અમારું રાત્રિભોજન - અને રાત્રિ રોકાણ હતું.

રસ્તામાં અમે 'જખદેવ' ના દર્શન કર્યા. અહિં એક ૧૦૦૦ વરસ પહેલાની પુરાણકથા એવી છે કે લાખા ફૂલાણીનો ભત્રીજો પુવરો ક્રૂર હતો અને સવાર નામની કોમને ખૂબ સતાવતો હતો-અને કોઈ બહારનાએ આવી આ પુવરા ઉપર તીર છોડયું અને પુંવરાનું મૃત્યુ થયું. બહારના કોઈ સફેદ માણસે પુંવરાને માર્યો એટલે તેને જખદેવ કહેવામાં આવે છે. અહિં સફેદ ઘોડાઓ ઉપર અસ્વાર હોય એ જાતના સાંખ્યાબંધ પૂતળાઓ મૂકવામાં આવ્યા છે. અહિં પુંઅરેશ્વર મંદિર પણ છે. આ શિવમંદિરનું શિલ્પસ્થાપત્ય ૧૦૦૦ વર્ષ પહેલાનાં શિલ્પસ્થાપત્યનો ખ્યાલ આપે છે. કહેવાય છે કે પુંવરા-એ પોતાની રાણી રાજંને ખૂશ કરવા આ શિવમંદિર બંધાવ્યું હતું.

વચમાં દેશલપર ગામડું આવ્યું - ત્યાં છાપરીમાં બધાએ ચાહ પીધી.

સાંજે ૬-૦ નો સમય થયો - મોટું શહેર દેખાવા લાગ્યું. આ જ હતું કચ્છની રાજધાની ભુજ. ડોસાજીની ધર્મશાળા પાસે કચ્છ-મિત્રના વ્યવસ્થાપક જમનાદાસભાઈ, 'જન્મભૂમિ'વાળા સદાવ્રતી-ભાઈ અને કચ્છમિત્રનાં તંત્રી શ્રી ઝુમખલાલ મહેતા હાજર હતાં. ધર્મશાળામાં સૌ ગોઠવાયા. હાથપગ ધોઈ ગામમાં વાણીયાની ભોજન-શાળામાં અમારે માટે ભોજનની વ્યવસ્થા થઈ હતી. - ત્યાં રોટલી દાળભાત શાક ખાવાની બધાને મજા આવી - રોટલી આજે ઘણા દિવસે મળતી હતી એટલે ભોજન વધારે મીઠું લાગ્યું.

અપૂર્ણ.

**ચીમનલાલ જેઠાલાલ શાહ**

## વિષયસૂચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| શ્રી કિસનસિંહ ચાવડાનો વાર્તાલાપ | પરમાનંદ | ૨૬૭ |
| સુકી ધરતીનાં મીઠાં સ્મરણો: ૩ | ચીમનલાલ જેઠાલાલ શાહ | ૨૬૮ |
| જૈન સમાજ અને આચાર્ય રજનીશજી | પરમાનંદ | ૨૭૧ |
| ભાષાવિષયક કટોકટી | ડૉ. કનૈયાલાલ મા. મુનશી | ૨૭૨ |
| ભાષા વિષયક કૉંગ્રેસ કારોબારીનો પ્રસ્તાવ | પરમાનંદ | ૨૭૪ |
| **પ્રકીર્ણ નોંધ:** ભાવનગરના લોકપ્રિય નરેશનો અકાળ સ્વર્ગવાસ, ગાંધીજી વિષે ભાવનગર નરેશનો યાદગાર પત્ર, ઉપધાન સમારંભ અંગે થોડો ખુલાસો, આપણા અધ:પતનની પરાકાષ્ટા. | પરમાનંદી | ૨૭૪ |
| અહિંસક પ્રતિકાર | ડૉ. શારદાબહેન ગોરડીઆ | ૨૭૭ |

# જૈન સમાજ અને આચાર્ય રજનીશજી

દર વર્ષે મહાવીર જયંતી આવે છે અને જાય છે. આ પવિત્ર દિવસે મુંબઈ તેમ જ અન્યત્ર અનેક સભાસમારંભો યોજાય છે અને એ મહાપ્રભુની જન્મજયન્તી અનેક રીતે ઊજવાય છે.

મહાવીર જયન્તીના સંદર્ભમાં મુંબઈ શહેર ખાતે યોજાતા બીજા સમારંભો ઉપરાંત દર વર્ષે જૈન સમાજના ચાર ફિરકાઓની પ્રતિનિધિ સંસ્થાઓ અને ભારત જૈન મહામંડળ—આમ સૌ જૈનો સાથે મળીને સામુદાયિક આકારમાં કેટલાંએક વર્ષોથી મહાવીર જયન્તી ઊજવતા રહ્યા છે. છેલ્લાં ચારેક વર્ષથી જૈન શ્વે. મૂ. સંપ્રદાયના પ્રસિદ્ધ વ્યાખ્યાતા મુનિ ચંદ્રપ્રભસાગરજી ઉર્ફે ચિત્રભાનુનું પ્રવચન તેમ જ આ પ્રસંગે ખાસ નિમંત્રણ આપીને બોલાવવામાં આવતા જબલપુર નિવાસી આચાર્ય રજનીશજીનું પ્રવચન આ જયન્તી સમારોહનાં વિશિષ્ટ આકર્ષણો બન્યાં છે. કમનસીબે આ વખતના પ્રસ્તુત જયન્તી સમારોહમાં આચાર્ય રજનીશજી ઉપસ્થિત થયા નહોતા અને તેમની ગેરહાજરી એકદમ તરી આવતી હતી; અને આ વખતે રજનીશજી કેમ નહિ? એવો પ્રશ્ન અનેકના મોઢા ઉપર ફરકી રહ્યો હતો.

આ પ્રસંગે રજનીશજી અન્યત્ર રોકાયલા હોય કે તેમની તબિયત નાદુરસ્ત હોય અને એ કારણે તેમની અનુપસ્થિતિ હોય તો તેમાં વિસ્મય પામવા કે વિચારવા જેવું કશું જ રહેતું નથી. પણ આ વખતની તેમની અનુપસ્થિતિનું આવું કોઈ કારણ નહોતું. તેમને મુંબઈની ઉપર જણાવેલ જવાબદાર સંસ્થાઓ વતી નિમંત્રણ આપાઈ ચુક્યું હતું અને તેનો સ્વીકાર પણ રજનીશજી તરફથી આવી ગયો હતો. ત્યાર બાદ વચ્ચેના ગાળામાં એક વિશેષ વ્યક્તિ તરફથી એવું કહેણ આવ્યું કે રજનીશજીના આજ સુધીમાં પ્રગટ થયેલા વાર્તાલાપો અને લખાણોમાં જૈન ધર્મના એક યા બીજા સંપ્રદાયની ચાલુ પરંપરાઓ અને માન્યતાઓ સાથે બંધબેસતાં ન આવે એવાં વિધાનો કે પ્રકરણો છુટા છવાયાં જોવામાં આવે છે તો મહાવીર જયન્તી જેવા સામુદાયિક સમારંભમાં આવી વ્યક્તિને બોલાવવામાં આવે તે, જૈન સમાજની સામાન્ય મનોદશાનો ખ્યાલ કરતાં, તેમને ઉચિત લાગતું નથી અને સાથે સાથે તે વિશેષ વ્યક્તિના અનુયાયીઓ તરફથી એમ પણ જણાવવામાં આવ્યું કે, આમ છતાં પણ જો તેમને જયન્તી પ્રસંગ ઉપર બોલાવવાનો આગ્રહ રાખવામાં આવશે તો આવા જયન્તી સમારોહમાં ભાગ લેવાનું તેમના માટે મુશ્કેલ-લગભગ અશક્ય-બનશે. આવું કહેણ જૂનવાણી વિચારના લેખાતા અને સ્થિતિચુસ્ત માનસ ધરાવતા કોઈ ધર્માચાર્ય તરફથી, દા.ત. વિજયરામચંદ્રસૂરિ જેવા તરફથી આવ્યું હોત તો તેમાં આશ્ચર્ય પામવાને કોઈ કારણ ન રહેત, કારણ કે રજનીશજી એક મુક્તવિચારક છે, તેઓ કોઈ એક સાંપ્રદાયિક વિચારસરણીના ઉપાસક કે પ્રચારક નથી અને તેથી તેમના વૈચારિક વ્યોમવિહારને જે કોઈ સાંપ્રદાયિક ઘેરણે નિહાળે, ચકાસે અને તેને તેમાંથી અનેક વાંધાપડતાં વિધાનો જડી આવે તો તેમાં જરા પણ નવાઈ પામવા જેવું ન જ ગણાય. પણ રજનીશજીનાં અમુક વિધાનો સામે આવો વાંધો ઉઠાવનાર, મળેલી માહીતી મુજબ, અન્ય કોઈ જૈન મુનિ કે આચાર્ય નહિ, પણ મુનિશ્રી ચંદ્રપ્રભસાગર અથવા તો ચિત્રભાનુ છે કે જેમના અસાંપ્રદાયિક લેખાતા ચિન્તન અને વિચારોની વિશાળતાના કારણે માત્ર જૈનો જ નહિ પણ સંખ્યાબંધ જૈનેતરો પણ તેમના વિષે આદરમુગ્ધતા અનુભવે છે, અને જેમના માત્ર ભારતમાં જ નહિ પણ પશ્ચિમના દેશોમાં વસતા અનેક પ્રશંસકો હોવાનું કહેવામાં આવે છે અને જેમનો મનોરથ શક્ય હોય તો, યુરોપ અમેરિકામાં જતે જઈને જૈન ધર્મનો સંદેશો ફેલાવવાનો છે. આવા વિદ્વાન અને વિચક્ષણ લેખાતા મુનિ ચિત્રભાનુ આચાર્ય રજનીશજીની વિચારપ્રતિભાને યથાસ્વરૂપે ઓખળી ન શકે અને. રજનીશજી જે કાંઈ બોલ્યા હોય કે તેમણે જે કાંઈ લખ્યું હોય તેને સંપ્રદાયના સાંકડા માપતોલથી તોલે એ ન સમજી શકાય તેવું, ન કલ્પી શકાય તેવું છે. આમ છતાં હકીકતમાં આમ બન્યું છે. પરિણામે જેમને નિમંત્રણ આપવામાં આવ્યું હતું અને જેમની સ્વીકૃતિ પણ આવી ગઈ હતી તેવા રજનીશજીને હવે ના કેમ લખાય એવો સવાલ જયન્તી સમારોહના આયોજકો સમક્ષ એક બાજુએ ઊભો થયો અને બીજી બાજુએ એવી વિષમ પરિસ્થિતિ ઊભી થઈ કે જો રજનીશજીને આ સમારોહમાં લાવવાનો આગ્રહ રાખવામાં આવે તો, પ્રસ્તુત વિવાદે એટલું બધું તીવ્ર રૂપ પકડવા માંડ્યું હતું કે, આ જયન્તી સમારોહમાં એક મોટો સમુદાય - કદાચ જૈન - શ્વે. મૂ. કૉન્ફરન્સ પણ—ભાગ ન લેવાના નિર્ણય ઉપર આવે. તેનું પરિણામ એ આવે કે, જૈનોના બધા ફિરકાઓ સાથે મળીને આ જયન્તી વર્ષોથી આજ સુધી ઊજવતા આવ્યા હતા તેમાં ભંગાણ પડે અને એક વાર ભંગાણ પડયા પછી કોને ખબર છે કે ક્યારે સંધાય? આખરે લાંબા વાટાઘાટોના પરિણામે એવો નિર્ણય કરવામાં આવ્યો કે આ જયન્તી સમારોહ પૂરતી રજનીશજીને ના લખી મોકલવી અને તેમના વિના પણ બધાંએ સાથે મળીને આ જયન્તી ઉજવવી. આ જયન્તી સમારોહમાં રજનીશજી ઉપસ્થિત થઈ ન શકયા તેનું કારણ ઉપર જણાવેલી હકીકતોમાં રહેલું છે.

આચાર્ય રજનીશજી પક્ષે એમ કહેવાનું પ્રાપ્ત થાય છે કે તેઓ માત્ર દાર્શનિક પંડિત નથી. તેઓ તો એક મૌલિક વિચારક અને ચિન્તક છે અને આવો મૌલિક વિચારક અને ચિન્તક કોઈ એક ચોક્કસ સંપ્રદાયની વિચારસરણીની પરિપાટીનું બંધન સ્વીકારીને પોતાના વિચારો પ્રગટ કરે યા દર્શાવે એ શક્ય જ નથી. તેને કોઈ સમાજ કે સંપ્રદાય બાંધી શકતો નથી. જો કે જન્મે તેઓ જૈન છે અને એ કારણે જૈન સમાજ તેમના વિષે ગૌરવ ચિન્તવી શકે છે, આમ છતાં પણ આવો માનવી પછી એક સંપ્રદાયનો, કોમનો કે એક રાષ્ટ્રનો રહેતો નથી. તે એક વિશ્વમાનવમાં પરિણત થાય છે અને તેનું ચિન્તન વૈશ્વિક—વિશ્વવ્યાપી બને છે. આચાર્ય રજનીશજીમાં ખલીલ જીબ્રાન કે કૃષ્ણમૂર્તિની પ્રતિભાની ઝાંખી થાય છે. આવી વ્યક્તિના કોઈ કથન કે ઉદ્‌ગારમાં, ચાલુ ચોગઠાબંધી વિચારસરણી સાથે બંધબેસતું ન હોય એવું અવારનવાર જોવા તેમ જ સાંભળવામાં આવવાનું. આમ છતાં તેમના વિચારો તેમજ વલણોનો સમગ્રપણે કઈ બાજનો ઝોક છે તે ઉપરથી જ તેમને આવા મહાવીર જયન્તી જેવા પ્રસંગે બોલાવવાના ઔચિત્ય - અનૌચિત્યનો નિર્ણય કરવો ઘટે. તેઓ પોતાના વિચારોનું નિરૂપણ કરતાં આત્માની સત્તાનો સ્વીકાર કરે છે કે અસ્વીકાર? તેઓ શ્રોતાઓને અધ્યાત્મ તરફ લઈ જાય છે કે ભૌતિકતા તરફ? તેમનાં જીવનમૂલ્યો ઊર્ધ્વગામી છે કે, અધોગામી? તેઓ અન્તર્લક્ષી જ્ઞાન તરફ શ્રોતાઓને દોરે છે કે બહિર્લક્ષી વિજ્ઞાન તરફ? અને છેવટે ભગવાન મહાવીરના જીવનનું તેઓ અન્યથી જુદું અર્થઘટન—Interpretation—કરતા હોય, પણ ભ. મહાવીર વિષે તેમને આદર પૂજ્યભાવ છે કે અન્યથાભાવ છે? આ બધાના ઉત્તરો એક જ બાજુના મળતા હોય તો જૈનદર્શનની વિચારસરણીને પણ આના સ્થાને બીજું શું અપેક્ષિત હોઈ શકે? અને જો આમ છે તો પછી તેમના વિસ્તીર્ણ કથનમાંથી છૂટાંછવાયા પ્રકરણો આગળ ધરીને તેમની વિશિષ્ટ પ્રજ્ઞાના લાભથી જૈન સમાજને વંચિત કરવો એ તો પોતાની સાંપ્રદાયિક સંકીર્ણતાને જ આગળ ધરવા બરોબર છે. એથી નુકસાન જૈન સમાજને છે, તેમને નથી. વર્ષોથી ચાલી આવતી સાંપ્રદાયિક વિચારસરણીના બંધિયાર ચોગઠામાં રૂંધાયેલા જૈન સમાજને વૈચારિક ક્ષેત્રે નવી તાજગી મેળવવા માટે, નવી હવા, નવી રોશની પ્રાપ્ત કરવા માટે આપણામાંના જ એક એવા આચાર્ય રજનીશજી જેવી વ્યક્તિની કેટલી બધી ઉપયોગીતા છે? સાંપ્રદાયિક સંકીર્ણતાને વશ થઈને આવો લાભ જતો કરવો એ તો કેવળ કૂપમંડૂક સદશ આચરણ કર્યું કહેવાય.

અને જે મુનિવરે રજનીશજી સામે આવો વાંધો ઉઠાવ્યો તે તો મુકત ચિન્તનના ઉમેદવાર ગણાય છે. તેઓ કાંઈ બંધિયાર પાણીના પૂજારી નથી. તેમનાં પ્રવચનોમાં સ્વતંત્ર વિચારની સરવાણીઓ કદિ કદિ ફૂટતી જોવામાં આવે છે. તો જે શસ્ત્ર આજે રજનીશજી સામે ઉગામવામાં આવ્યું છે તે જ શસ્ત્ર, તેમની વાણીમાંથી બે પાંચ વાક્યોને તારવીને, આવતી કાલે તેમની સામે પણ કોઈ નહિ ઉગામે એમ કેમ કહેવાય? તેમનું સ્થાન રજનીશજી પાસે બેસવાનું છે; તેમના સાન્નિધ્યમાં રહીને મુકત વિચારણા અને અન્તસ્ સાક્ષાત્કારના પાઠો શિખવાનું છે. આને બદલે તેમના વિચારોની ટીકા ટીપ્પણી કરવાનું જો તેઓ ચાલુ રાખશે તો નુકસાન તે મુનિવરને થવાનું છે, નાના તે મુનિવર દેખાવાના છે; રજનીશજીની મહત્તાને કશી આંચ આવવાની નથી; તેમની મંગળમય વિચાર જ્યોતિને કશી ઝાંખપ લાગવાની નથી.

પરમાનંદ

# ભાષાવિષયક કટોકટી

(તા૦ ૧૬-૩-૬૫ના રોજ મુંબઈની રોટરી ક્લબ સમક્ષ માન્યવર ડૉ૦ કનૈયાલાલ માણેકલાલ મુનશીએ આપેલું વ્યાખ્યાન.)

તાજેતરમાં, ભાષાના પ્રશ્નને અસાધારણ મહત્ત્વ ધારણ કર્યું છે. દેશ માટે મોટામાં મોટી કટોકટી પેદા કરી છે. આ વિષેના મારા દુ:ખને હું શબ્દોમાં વર્ણવી શકતો નથી, કારણ કે આ કટોકટીથી એક રાષ્ટ્ર તરીકેનું–એક પ્રજાઘટક તરીકેનું–આપણું અસ્તિત્ત્વ જોખમાઈ રહ્યું છે.

ભાષાવ્યવહારના અખિલ ભારતીય વાહન તરીકે હિંદીના પ્રશ્ન સાથે કેટલાય દશકાથી હું ગાઢપણે સંકળાયલો છું.

અંગ્રેજોની હકુમતના પ્રારંભ પહેલાના સમયમાં, ઉત્તર ભારતમાં સર્વત્ર, પાયાની ઈન્ડો-આર્યન ભાષાનાં વિવિધ રૂપો જેવાં કે વ્રજ, ખરી બોલી, ભોજપુરી, રાજસ્થાની, અવધ, મૈથીલી વગેરે સ્વરૂપો, ભારતભરના સન્તો અને કવિઓ જે એક સમાન માધ્યમનો ઉપયોગ કરી રહ્યા હતા તેમાં, ધીમે ધીમે લીન બની રહ્યાં હતાં. સંસ્કૃત ભાષા તથા તેના કેટલાક લાક્ષણિક શબ્દ-પ્રયોગો દ્વારા તેમાં ખૂબ પૂરવણી થતી રહી હતી, અને ઉન્નત વિચારો અને જટિલ મન્તવ્યો રજૂ કરવા માટે આવશ્યક નિરૂપણશકિત તેમાં વિકસી રહી હતી.

૮૦ વર્ષ પહેલાં, જ્યારે રાષ્ટ્રીય ભાવનાના આવેગને વાચા મળવા માંડી, ત્યારે આ અપ્રાદેશિક ભાષામાંથી રાષ્ટ્રીય માધ્યમ ઉભું કરવા માટે સંસ્કૃત ભાષા જાણનાર તથા અંગ્રેજી ભાષા જાણનારા લોકોમાં એક નવી તાલાવેલી જાગી હતી. આર્યસમાજના સ્થાપક સ્વામી દયાનંદ સરસ્વતી સૌથી પહેલા પુરુષ હતા કે જેમણે દેશના ઘણા મોટા ભાગમાં પોતાનો સંદેશો પહોંચાડવા માટે હિંદીનો ઉપયોગ કર્યો હતો. ૧૯મી સદીના અન્ત પહેલાં, દેશના ઘણા રાષ્ટ્રવાદી આગેવાનોએ આન્તરપ્રાન્તીય સંપર્કો ઊભા કરવા માટે લોકસ્વીકાર્ય બને એવા રાષ્ટ્રીય માધ્યમની આવશ્યકતાનો સ્વીકાર કર્યો હતો. ૧૯૦૫ની સાલ જ્યારે હું કોલેજમાં હતો ત્યારે, મારી ડાયરીમાં કેટલાંક લક્ષ્યો સિદ્ધ કરવાની દિશાએ કાર્ય કરવાની મેં લીધેલી પ્રતિજ્ઞાની નોંધ કરી હતી. આમાંનું એક લક્ષ્ય હતું, "અંગ્રેજી શિષ્ટ વર્ગ માટે, હિંદી લોકસમુદાય માટે." આમાં કશું મૌલિક નહોતું, પણ નવા રાષ્ટ્રવાદની પ્રેરણાનું આમાં પ્રતિબિંબ હતું.

આ જ અરસામાં હિંદીને લોકવ્યાપક બનાવવા માટે તેમ જ વિકસાવવા માટે હિંદી સાહિત્ય સંમેલનની સ્થાપના કરવામાં આવી હતી.

વડોદરાના ગાયકવાડ સ્વ. સયાજીરાવ જેમણે પોતાના રાજ્યની ભાષા તરીકે ગુજરાતીનો સ્વીકાર કર્યો હતો, અને એ દિવસોમાં જેઓ આગેવાન રાષ્ટ્રવાદી નેતાઓમાંના એક ગણાતા હતા તેમણે આ સંમેલનના પ્રમુખસ્થાનેથી હિંદીને રાષ્ટ્રભાષા તરીકે વેગ આપવાનો અને લોકસ્વીકાર્ય બનાવવાનો અનુરોધ કર્યો હતો.

જો હું ભૂલતો ન હોઉં તો, ૧૯૧૮ની સાલમાં ગાંધીજી એ હિંદી સાહિત્ય સંમેલનના પ્રમુખ ચુંટાયા હતા. આગળ જતાં તેમણે દેશભરમાં હિંદીનો ફેલાવો કરવા માટે રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિની સ્થાપના કરી હતી. દેશભરના સર્વ આગેવાનોએ તેમની દોરવણીનો સ્વીકાર કર્યો હતો અને મહારાષ્ટ્ર, ગુજરાત તથા હિંદી નહિ બોલતા એવા પ્રદેશોનાં હજારો સ્ત્રી-પુરુષોએ તેમની પ્રેરણા નીચે હિંદીનો અભ્યાસ કર્યો હતો. ગાંધીજીની આગેવાની નીચે, દક્ષિણ હિંદી પ્રચાર સભા મારફત, તામીલ, તેલુગુ, કન્નડ, અને મલયાલમ્ બોલતાં હજારો સ્ત્રી-પુરુષોએ હિંદીનો અભ્યાસ કર્યો છે.

૧૯૩૮ની સાલમાં, ગાંધીજીના આગ્રહથી હિંદી સાહિત્ય સંમેલનમાં હું જોડાયો હતો. ત્યાર બાદ, હિંદી ભાષાને લગતી સભાઓ સાથે હું ગાઢપણે સંકળાયલો રહ્યો છું અને ખાસ કરીને ૧૯૪૪ પછી કે જ્યારે હિંદી સાહિત્ય સંમેલનના પ્રમુખ તરીકે મારી વરણી થઈ હતી ત્યારથી તેના વિકાસ અને ફેલાવામાં હું એકસરખો રસ લઈ રહ્યો છું.

છેલ્લાં ૫૦ વર્ષ દરમિયાન, હિંદી ભાષા સંસ્કૃત ભાષાના શબ્દો અને પ્રયોગો સતત અપનાવતી રહી છે અને તેની અભિ-વ્યકિતની તાકાતમાં–નિરૂપણશકિતમાં–ખૂબ જ વિકાસ થયો છે. બંગાળી, મરાઠી, ગુજરાતી, તેલુગુ, કન્નડ અને મલયાલમ્નો સંસ્કૃત ભાષાના પ્રભાવ નીચે વિકાસ થતો રહેલો હોઈને, દેશની બીજી કોઈ ભાષા કરતાં હિંદી સાથે આ ભાષાઓ વધારે નિકટતા ધરાવતી થઈ છે.

જ્યારે બંધારણ સભાએ અંગ્રેજી ઉપરાંત રાજ્યવહીવટને અનુલક્ષીને અન્ય કોઈ ભાષા નક્કી કરવા ઉપર પોતાની વિચારણા કેન્દ્રિત કરી ત્યારે પસંદગી માત્ર હિંદી ઉપર જ ઊતરી હતી. કોઈ અમુક પક્ષે કે સમુદાયે બંધારણસભા ઉપર આ હિંદીની પસંદગી કોઈપણ અંશમાં લાદી નહોતી. એક માત્ર રાષ્ટ્રીય માધ્યમ તરીકે તેનો વિકાસ થયો હતો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.

બંધારણ સભામાં આ પ્રશ્ન ચર્ચાતો હતો તેની દરેક કક્ષાએ, આ બાબતને લગતી જે જે દરખાસ્તો એક પછી એક રજૂ કરવામાં આવતી હતી તે દરખાસ્તોની ચર્ચા વિચારણામાં મેં મારા મિત્ર સ્વ. ગોપાલસ્વામી આયંગર સાથે સક્રિય ભાગ લીધો હતો.

આ બધી દરખાસ્તો આંધ્રના સર્વશ્રી પટ્ટાભિ સીતારામૈયા, સિંધના કિરપલાણી, બંગાળના શ્યામપ્રસાદ મુકરજી, પંજાબના બક્ષી ટેકચંદ, મહારાષ્ટ્રના કાકાસાહેબ ગાડગીલ, મદ્રાસના અલ્લાદી કૃષ્ણસ્વામી આયર અને જુદા જુદા પ્રદેશના ઘણા ખરા નેતાઓના સહકાર અને સમર્થનપૂર્વક અને સરદાર પટેલ તથા પંડિત જવાહરલાલ નહેરુની દોરવણી નીચે એક પછી એક ચર્ચવામાં આવી હતી.

વહીવટી ભાષા તરીકે બે લિપિ (દેવનાગરી તથા ઉર્દૂ) પૂર્વકની હિંદુસ્તાની ભાષાનો કે દેવનાગરી લિપિ પૂર્વકની હિંદીને સ્વીકારવી એ અંગે વિવાદ ઊભો થયો હતો. આધુનિક સમાજની જટિલ બાબ-તોને વ્યકત કરવામાં હિંદુસ્તાની એક બજારૂ ભાષા હોઈને અસમર્થ છે એમ સ્વીકારીને હિન્દુસ્તાનીનો અસ્વીકાર કરવામાં આવ્યો હતો. દક્ષિણ ભારતના પ્રતિનિધિ તરીકે, શ્રી. ટી. ટી. કૃષ્ણમાચારીએ હિંદીનો સ્વીકાર કરવા સાથે મક્કમપણે એવો અભિપ્રાય રજૂ કર્યો હતો કે જ્યાં સુધી દક્ષિણ ભારત અંગ્રેજીના સ્થાને હિંદીને સ્વીકારે નહિ ત્યાં સુધી વહીવટી ભાષા તરીકે અંગ્રેજીને બંધ કરવામાં ન આવે. હિંદી ભાષાભાષી સભ્યોમાંનો એક વર્ગ અંગ્રેજીને તરત જ રૂખસદ આપવાનો આગ્રહ ધરાવતો હતો. તેમના આ અભિપ્રાયને બહુ-મતીનો જરા પણ ટેકો મળી શકયો નહોતો.

શ્રી. ટી. ટી. કૃષ્ણમાચારીએ અને શ્રી. કે. સંન્થાનમે આપણે જે અંગ્રેજી સંખ્યાંક વાપરીએ છીએ પણ જે મૂળ અરબ્બી ભાષાના છે અને જેનો દક્ષિણ ભારતમાં, સંસ્કૃત પુસ્તકોમાં પણ, ઉપયોગ કરવામાં આવે છે તે સંખ્યાંકોનો દેવનાગરી સંખ્યાંકોના સ્થાને ઉપયોગ કરવા માટે આગ્રહ દાખવ્યો હતો અને આ અરબ્બી સંખ્યાંકોનો ઘણી મોટી બહુમતીથી સ્વીકાર કરવામાં આવ્યો હતો.

૧૯૪૭ની સાલ કે જ્યારે આ વિવાદ તેની ટોચે પહોંચ્યો હતો ત્યારથી, મેં એવો આગ્રહ કરવાનું સાહસ કર્યું છે કે સમગ્ર ભારતના ભાષામાધ્યમ તરીકે અંગ્રેજી અત્યંત આવશ્યક છે અને જો તેનો ત્યાગ કરવામાં આવશે તો દેશના ભાગલા પાડવાનું જોખમ ઊભું થશે અને દુનિયાનું દર્શન કરાવતી બારી બંધ થઈ જશે. આ મારો અભિપ્રાય આજે પણ એટલો જ કાયમ છે. તેની ખાતર હું લડયો છું અને તેને ઉડાડી નાખવાના જે કાંઈ પ્રયાસો કરવામાં આવે છે તે સામે હું આજે પણ ઝૂઝતો રહ્યો છું.

છેવટની કક્ષાએ, બંધારણ સભાના સભ્યોનો કોઈ પણ વર્ગ અંગ્રેજી ઉપરાંત વહીવટી વ્યવહારના અખિલ ભારતીય માધ્યમ તરીકે હિન્દીને સ્વીકારવાની વિરૂધ્ધ નહોતો. કેટલાક છાપાઓમાં એમ જણા-વવામાં આવ્યું છે કે કોંગ્રેસ પક્ષમાં હિંદીનો એક મતની બહુમતીથી

સ્વીકાર કરવામાં આવ્યો હતો. આ જાણીને મને ભારે આશ્ચર્ય થાય છે. જે સમાધાનનો ખરડો રજૂ કરવામાં આવ્યો હતો તેની એક પછી એક પેટા કલમો ઉપર મતો લેવામાં આવ્યા હતા અને કોઈ કલમ ઓછી બહુમતીથી તો કોઈ કલમ વધારે બહુમતીથી પસાર થઈ હતી, પણ છેવટે, બંધારણનો ૧૭મો ભાગ કોંગ્રેસ પક્ષ તરફથી સર્વાનુમતે સ્વીકારવામાં આવ્યો હતો અને બંધારણ સભાની બેઠકમાં માત્ર શ્રી પુરુષોત્તમદાસ ટેન્ડને મત આપ્યો નહોતો, કારણ કે અંગ્રેજી તેમજ અરેબિક સંખ્યાંકો ચાલુ રાખવા સામે તેમનો સૈધ્ધાંતિક અથવા તો અન્તઃકરણપૂર્વકનો વાંધો હતો.

એક છાપામાં ડૉ. રાજેન્દ્રપ્રસાદને આ બધા કજિયાના મૂળ તરીકે આલેખવામાં આવ્યા છે–એમ જણાવીને કે તેમણે જ આખા દેશ ઉપર હિંદી લાદી છે. આ વાંચીને મને ભારે દુઃખ થયું છે. જે દેશનેતાઓએ દેશના ચરણે પોતાના સમગ્ર જીવનની આહૂતિ આપી છે તેમાંના પણ ઉમદા કોટિની એક એવી વ્યકિતની સ્મૃતિને કલંક લગાડવા માટે આથી વધારે દુષ્ટ આક્ષેપ કલ્પી શકાતો નથી.

આ પછી પંદર વર્ષનો સમય પસાર થયો. મધ્યવર્તી સરકારે આ પરિવર્તનની દિશાએ દેશને તૈયાર કરવા માટે કશું જ કર્યું નહિ. હવે જો અંગ્રેજી ચાલુ રાખવા માટે કાનૂની જોગવાઈ કરવામાં ન આવે તો ૧૯૬૫ના જાન્યુઆરીની ૨૬મી તારીખથી અંગ્રેજીનો વહીવટી ભાષા તરીકે ઉપયોગ બંધ કરવો પડે–આવી પરિસ્થિતિ મધ્યવર્તી સરકાર સામે આવીને ઊભી રહી, 'English may be used' 'અંગ્રેજી કદાચ વાપરી શકાશે.–આ શબ્દોથી શું સમજવું એ પ્રશ્નની આસપાસ વિવાદ ઊભો થયો. હિંદી ભાષી ન હોય એવા રાજ્યોની આશંકાઓ દૂર કરવા માટે, પંડિતજીએ ખાત્રી આપી કે જ્યાં સુધી હિંદીભાષી ન હોય એવાં રાજ્યો અંગ્રેજીના સ્થાને હિંદીના ફેરફાર પ્રત્યે અનુકૂળ ન બને ત્યાં સુધી વહીવટી ભાષા તરીકે અંગ્રેજી બંધ કરવામાં નહિ આવે અને આ ખાતરીનું આજના મહાઅમાત્ય લાલબહાદુર શાસ્ત્રીએ પણ સંપૂર્ણ રીતે સમર્થન કર્યું છે. કશી પણ જાનહાનિ કર્યા સિવાય અથવા તો કારણ વિનાની ભાંગ-ફોડ કર્યા સિવાય, આ ખાત્રીનું પુનરાવર્તન થઈ શકતું હતું અને તેને કાનૂની સ્વરૂપ આપી શકાતું હતું. રાષ્ટ્રપતિ રાધાકૃષ્ણને યોગ્ય રીતે, ઉચિત રીતે જણાવ્યું હતું કે, "આવી ઘટનાની શકયતા ચિન્તવવા માટે, તે માટે પહેલાંથી તૈયાર રહેવા માટે અને તેને બનતી અટકાવવા માટે રાજકારણી દૂરંદેશીપણું શાણપણ અપેક્ષિત હતું પણ આની જ ખામી હતી."

મદ્રાસના એક જાણીતા ધારાશાસ્ત્રી મિત્રે મને કહ્યું કે, "જે ભાષાને કોઈ વાંચી કે સમજી ન શકે એવી ભાષામાં લખાયલા તારો, મનીઓર્ડરો, રેલવે ટીકીટો, રસીદો વગેરે કોઈ એક સવારે મદ્રાસ આવી પહોંચેલ જોઈને તામીલનાડવાસીઓ સ્તબ્ધ બની ગયા હતાં." અલબત્ત, આ ખૂબ અકળાવી નાખે તેવું બન્યું હતું, પણ તે ખાતર મોટા પાયા ઉપરની હિંસા અખત્યાર કરવાને કોઈ કારણ નહોતું. હિંદીભાષી લોકો તરફથી અહિંદીભાષી લોકો ઉપર હિન્દી લાદવામાં આવી છે એમ કહેવું તે સત્યને છુપાવવા જેવું અને અસત્ય સુચવવા જેવું છે.

મેં આગળ જણાવ્યું તેમ, સ્વામી દયાનંદ સરસ્વતી જેઓ જન્મથી ગુજરાતી હતા, જેમણે મથુરામાં શિક્ષણ લીધું હતું અને પંજાબને પોતાના વતન તરીકે જેમણે અપનાવ્યું હતું, તેમણે દેશભરમાં પોતાના ધર્મકાર્યના માધ્યમ તરીકે હિંદીનો જ ઉપયોગ કર્યો હતો. રાષ્ટ્રીય પ્રયત્નની પોણી સદીએ હિંદીને અખિલ હિંદનું ભાષામાધ્યમ બનાવ્યું છે. દાખલા તરીકે મુંબઈમાં, છેલ્લાં ૪૦ વર્ષથી, જાહેર વ્યાખ્યાન મંચ ઉપરથી ગુજરાતીઓ મહારાષ્ટ્રીઓ સમક્ષ અને મહારાષ્ટ્રીઓ ગુજરાતીઓ સમક્ષ હિંદીમાં ભાષણો આપે છે. આ ક્રાંતિ સ્વાભાવિક છે, કારણ કે, એવી રીતે બોલતા, ભાષણો આપતા વકતાઓ બન્ને ભાષાઓમાં રહેલા સમાન સાંસ્કૃતિક તત્વોનો ઉપયોગ કરી રહ્યા છે.

એમ કહેવામાં આવે છે કે દેશની અન્ય ભાષાઓની અપેક્ષાએ હિંદી ઓછી વિકસેલી ભાષા છે. સંયુકત પ્રદેશમાં હું પાંચ વર્ષ હતો તે દરમિયાન, ભિન્ન ભિન્ન કક્ષા ઉપરથી અને સમૃધ્ધ અભિવ્યકિત પૂર્વકની હિંદી બોલાતી મેં સાંભળી છે. હિંદી ભાષાને નીરાલા અને સુમિત્રાનંદ પંત જેવા કવિઓ પ્રાપ્ત થયા છે, જેઓ, ગુરુદેવ ટાગોરને બાદ કરતાં, બીજા કોઈ પણ ભારતીય ભાષાના કવિઓ જેટલા જ મહાન છે. હિંદી નવલકથાકાર પ્રેમચંદ ભારતની બીજી ભાષાઓના ઉત્કૃષ્ઠ નવલકથાકારોની સરખામણીમાં ગૌરવપૂર્વક ઊભા રહી શકે તેમ છે. સંયુકત પ્રદેશની યુનિવર્સિટીઓના ચેન્સેલર તરીકે મને ખબર છે કે, માનવતાલક્ષી વિષયોના ઉચ્ચ અભ્યાસ માટે તેમ જ રાજકારણ તથા સમાજલક્ષી વિજ્ઞાનને લગતા વિષયો માટે સંખ્યાબંધ પ્રમાણભૂત પાઠયપુસ્તકો હિંદીમાં લખાયાં છે. ભારતની બીજી કોઈ પણ ભાષાથી જરા પણ ઉતરતી નહિ એવી સમૃધ્ધ expressitveness–નિરૂપણશકિત–હિંદીએ પ્રાપ્ત કરી છે. સંસ્કૃતમાંથી પુષ્કળ શબ્દો પોતામાં દાખલ કરીને તેણે પોતાના શબ્દકોષને ભારતની બીજી ભાષાઓ કરતાં વધારે સમૃધ્ધ બનાવ્યો છે.

હવે ભાષાને અંગે ચાલી રહેલા વિવાદનો વિચાર કરીએ. નહેરુએ આપેલી formulaને– ખાતરી પત્રને–કાનૂની આકાર આપવાની જરૂર હોય તો એમ કરવામાં આવશે એમ ભારતના મુખ્ય પ્રધાને આપણને ફરી ફરીને ખાતરી આપી છે. આખા દેશના સમજુ લોકોએ આવી કાનૂની જોગવાઈને આ વિષયના ઉત્તમ સમાધાન તરીકે લેખવું જોઈએ. જો આ ઉશ્કેરણીનો હેતુ બંધારણના ૧૭મા વિભાગને ઉડાડી દેવાનો હોય તો આવી માંગણી તદ્દન ગેરવ્યાજબી છે; કારણ કે, જો આવી માંગણી સ્વીકારવામાં આવે તો, તેનું પરિણામ દેશમાં ભાષાકીય અરાજકતા પેદા કરવામાં આવે. આવી માગણી અવ્યવહારૂ પણ છે; દેશ તેને કદિ પણ સ્વીકારી શકે નહિ.

એમ સૂચવવામાં આવે છે કે અખિલ હિંદની નોકરીઓ ભાષાના ધોરણે ફાળવવી જોઈએ. જો આ સૂચનોનો સ્વીકાર કરવામાં આવે તો, અખિલ હિંદની નોકરીઓનું માળખું કે જેણે બ્રિટિશ હકુમત દરમિયાન અને ત્યાર પછી પણ ભારતને એકત્ર રાખ્યું છે તે આખું માળખું ભાંગીને ભુક્કો થઈ જશે.

દક્ષિણ ભારતમાં જોવામાં આવેલો હિંસાપૂર્ણ આવિષ્કાર દેશના જીવનમાં અતિશય મહત્વની સમશ્યા ઊભી કરે છે. કોઈ પણ એક રાજ્યની પ્રજા, દેશના બાકીના વિભાગને નમતું આપવાની ફરજ પડે એ હેતુથી, અરાજક તત્વોને છૂટો દોર આપે તે શું ચલાવી શકાય ખરું? મારા પચ્ચીસ વર્ષના અનુભવ દરમિયાન, મદ્રાસમાં જાહેર મિલકત તથા જાહેર ઓફીસો ઉપર અને પોન્ડિચેરીમાં અરવિંદ આશ્રમ જેવી પવિત્ર ભૂમિ ઉપર કરવામાં આવેલાં મોટા પાયા ઉપર અને હેતુવિનાના હિંસક આક્રમણો અને હુમલાઓ પહેલાં મેં કદી પણ જોયા નથી. જાહેર અશાન્તિ કેમ ઊભી કરવામાં આવે છે, તેને કેમ દોરવામાં અને ટકાવવામાં આવે છે તેનો જેને ખ્યાલ છે, અનુભવ છે, તે ક્ષણભર પણ માની ન શકે કે ચાલુ ઢબ મુજબ ઊભો થયેલો આ હિંસક આવિષ્કાર કશા પણ પૂર્વ આયોજન સિવાય એકાએક પેદા થયો હતો.

આ ઉત્તર–દક્ષિણના ઝગડાને આપણે મૂળમાંથી નાબૂદ કરવો જોઈએ. **આપણે અંગ્રેજીને વળગી રહેવું જોઈએ. આપણે નિષ્ઠાપૂર્વક હિંદીને આગળ વધારવા માટે પ્રયત્ન કરવો જોઈએ.** આપણા લોકોની જંગલી વૃત્તિઓને જેણે ચેતાવી છે, સળગાવી છે એવી આ કટોકટીમાંથી બચવા માટે દ્વિભાષીપણું એ જ માત્ર એક માર્ગ છે.

ભારતના સદ્‌ભાગ્યે, પીઢ અને અનેક કસોટીઓમાંથી પાર ઊતરેલા દેશભકતો છે કે જેઓ ગાંધીજીની નીચે અગ્નિપરીક્ષામાંથી પસાર થયા છે, અને જેઓ આજે આપણી વચ્ચે છે. તેમની એક અને અવિભાજ્ય એવી ભારતમાતા પ્રત્યેની ભકિત આજે એટલી જ બળવાન છે, પ્રાણવાન છે. જો આજે આ બાબતનો નિર્ણય અધ્ધર રાખવામાં આવશે અને આ પેઢી એમને એમ વિદાય થઈ જશે તો, સમસ્યા ઘણી વધારે જટિલ અને ગહન બનશે.

જો મારો અવાજ ઉત્તરના મારા મિત્રોને તેમ જ દક્ષિણના મારા મિત્રોને પહોંચી શકે–અને આવા મારા અનેક મિત્રો છે–તો તેમને અન્તિમ માર્ગને છોડીને મધ્યમ માર્ગ સૂચવતી Nehru–formulaને– નહેરુએ સૂચવેલા મધ્યમ માર્ગને–કાનૂની રૂપ આપવા માંગતી મધ્યવર્તી સરકારની પડખે ઊભા રહેવા મારો આગ્રહપૂર્વક અનુરોધ છે.

અનુવાદક: પરમાનંદ

મૂળ અંગ્રેજી: ડૉ. કનૈયાલાલ મા. મુનશી

# ભાષાવિષયક કૉંગ્રેસ કારોબારીનો પ્રસ્તાવ

દેશમાં ઉભી થયેલી વહીવટી ભાષામાધ્યમની સમસ્યા ઉકેલવાની દિશાએ કૉંગ્રેસની કારોબારીએ જે વિગતવાર પ્રસ્તાવ દેશ સમક્ષ રજુ કર્યો છે તેને ટેકો આપવાનો મહામના શ્રી મુનશીએ આ અંકમાં અન્યત્ર આપેલા પોતાના વ્યાખ્યાનમાં અનુરોધ કર્યો છે. એમ છતાં એ પ્રસ્તાવમાં રહેલા બે વિવાદાસ્પદ મુદ્દાઓ—(૧) ઑલ ઈન્ડીઆ સર્વીસીઝને લગતી પરીક્ષાઓ અંગ્રેજીમાં, હિંદીમાં તેમ જ પ્રાદેશિક ભાષાઓમાં લેવાનો પ્રબંધ કરવો અને (૨) આ અખિલ ભારતીય ધોરણે નક્કી થતી સરકારી નોકરીઓ પ્રદેશવાર ફાળવવાની કોઈ યોજના કરવી—આ બે મુદ્દાઓમાંના બીજા મુદ્દાનો એટલે કે સરકારી નોકરીઓની પ્રદેશવાર ફાળવણીને લગતા મુદ્દાનો, એમ સૂચવીને તેમણે વિરોધ કર્યો છે કે, આમ કરવાથી અખિલ હિંદ ધોરણે ઉભું કરવામાં આવેલું નોકરીઓનું સુશ્લિષ્ટ માળખું કે જેણે અંગ્રેજીના હકુમત દરમિયાન અને ત્યાર પછી પણ ભારતને એકત્ર રાખ્યું છે તે ભાંગીને ભુક્કો થઈ જશે. આ તેમનો વિરોધ તદ્દન વ્યાજબી અને વખતસરનો છે. પણ સાથે સાથે પહેલો મુદ્દો કે આ ઑલ ઈન્ડીઆ સર્વીસીઝની પરીક્ષાઓ માત્ર અંગ્રેજીમાં તથા હિંદીમાં જ નહિ પણ પ્રાદેશિક ભાષાઓમાં પણ લેવી—આ મુદ્દાનો પણ મુનશીએ એટલો જ વિરોધ કરવો જોઈતો હતો—એ કારણે કે આવા પ્રબંધના પરિણામે આ પરીક્ષાઓનું જે ધોરણ ભારતવ્યાપી માધ્યમના કારણે આજ સુધી એક સરખું જળવાઈ રહ્યું છે તે ધોરણે જળવાઈ શકશે જ નહિ, જાળવવાનું શક્ય જ નહિ રહે, એટલું જ નહિ પણ તેમાં પ્રાદેશિક સ્પર્ધા અને લાગવગનું અનિષ્ટ તત્ત્વ સારા પ્રમાણમાં પ્રવેશ કરશે અને તેમાં પસાર થતા ઉમેદવારોનો દૃષ્ટિકોણ ભાગ્યે જ ભારતલક્ષી હોવાનો. આમ છતાં શ્રી મુનશીએ પોતાના વ્યાખ્યાનમાં આ અત્યન્ત વાંધાપડતા મુદ્દાનો કોઈ વિશેષ ઉલ્લેખ કર્યો નથી. સંભવ છે કે તે બાબત અજાણતા તેમની નજર બહાર રહી ગઈ હોય.

વસ્તુતઃ દેશમાં વહીવટી ભાષામાધ્યમ આજે અંગ્રેજી છે તેના સ્થાને હિંદીને લાવવાના બંધારણીય નિયમને અમુક અંશે તત્કાળ અમલી બનાવવાના પ્રયત્ન સામે દક્ષિણ ભારતમાં જે ઝંઝાવાત પેદા થયો અને દેશના અન્ય ભાગોમાં જે ચિત્રવિચિત્ર આઘાતપ્રત્યાઘાતો પેદા થયા તેમાંથી દેશને ઊંચો લાવવાના હેતુથી અને સર્વમાન્ય બને એવી કોઈ ભૂમિકા ઉભી કરવાના ખ્યાલથી કૉંગ્રેસ કારોબારીના પ્રસ્તુત ઠરાવમાં ઉપર જણાવેલી બે અનિષ્ટ ભલામણો સામેલ કરવામાં આવી છે અને આ ઠરાવ જે આકારમાં છે તે આકારમાં પસાર કરવાથી અને હજુ પણ જે પ્રકારની માગ ચાલુ છે તે માગને વશ થઈને તે પ્રસ્તાવને કાનૂની પ્રતિષ્ઠા આપવાથી દેશમાં તત્કાળ શાન્તિ સ્થપાશે પણ ખરી. આમ છતાં પણ આ પ્રસ્તાવમાં દેશની એકતાના વિચ્છેદનાં જે બીજો રહેલાં છે તેને તિલાંજલિ આપવામાં નહિ આવે તો આ પ્રસ્તાવ લાંબા ગાળે દેશ માટે ભારે ખતરનાક નીવડવાનો સંભવ છે, અને એકતાલક્ષી સુયોજનને બદલે ભેદલક્ષી વિભાજન તરફ દેશને ધસડી જાય એવી સંભાવના નજરે પડે છે.

બાજું શ્રી મુનશી પોતાના ભાષણના અન્ત ભાગમાં જણાવે છે કે "We must keep to English, We must work for Hindi in good faith" "આપણે અંગ્રેજીને વળગી રહેવું જોઈએ, આપણે નિષ્ઠાપૂર્વક હિંદીને આગળ વધારવા માટે પ્રયત્ન કરવો જોઈએ." આ તેમના સચોટ વિધાનનો ધ્વનિ એ છે કે વહીવટી ભાષા માટે અંગ્રેજી તો આપણે કાયમને માટે ચાલુ રાખવાનું જ છે. આ તેમનો વિચાર ઉચિત નથી, દેશના વિશિષ્ઠ સંયોગોના પરિણામે અને આઝાદી બાદના પ્રારંભના વર્ષો દરમિયાન આપણા શાસકોની આ બાબતને લગતી અતિ ઢીલી વૃત્તિને લીધે આપણી ઉપર અંગ્રેજી ભાષાની પકડ એક સરખી કાયમ રહી છે અને હજુ પણ તે પકડ કેટલોક સમય ચાલુ રહેવા સંભવ છે. આમ આજની પરિસ્થિતિમાં આપણા દેશમાં વહીવટની કડી ભાષા તરીકે અંગ્રેજીનું ચાલુ રહેવું એને આપણે અનિવાર્ય અનિષ્ટ ગણીને તેમાંથી વહેલામાં વહેલી તકે મુકત બનવાનું આપણું ધ્યેય હોવું જોઈએ. દેશનો વહીવટ કાયમને માટે અંગ્રેજીમાં ચાલે અને તે જ કારણે દેશના સામાન્ય લોકો રાજ્યવહીવટ સાથે સમરસ થઈ ન શકે એ કોઈ પણ સંયોગમાં ઈચ્છવાયોગ્ય નથી. આપણું આખરી ધ્યેય તો દેશની સર્વસામાન્ય બનવાની યોગ્યતા ધરાવતી હિંદીને જ વહીવટની કડી ભાષા બનાવવા તરફ હોવું જોઈએ, અને અંગ્રેજી નજીકના કોઈ પણ એક તબકકે વહીવટમાંથી સદાને માટે જવું જ જોઈએ. એટલે શ્રી મુનશીએ આપેલા સૂત્રના સ્થાને "અનિવાર્ય હોય ત્યાં સુધી જ અંગ્રેજી, પણ આખરે હિંદી, હિંદી અને હિંદી' એવું સૂત્ર આપણ સર્વેએ એક દિલથી અપનાવવું ઘટે છે.

પ્રાદેશિક ભાષાઓને સાર્વત્રિક પ્રાધાન્ય આપતા આપણા કેટલાક સાહિત્યકારો હિંદી વિષે ભારે અવમાનના સેવતા જોવામાં આવે છે, અને "હિંદી તે કંઈ ભાષા છે?" આવા તુચ્છકારપૂર્વક હિંદી વિષે બોલતા ચાલતા સાંભળવામાં આવે છે. આવા સ્વભાષાનિવેશી સાહિત્યકારોને શ્રી મુનશીએ હિંદી ભાષાની વધતી જતી શબ્દની અને અભિવ્યકિતની સમૃદ્ધિનો ખ્યાલ આપીને તેની સર્વમાન્ય માધ્યમ બનવાની યોગ્યતા અંગે સચોટ જવાબ આપ્યો છે. આની પરિપૂર્તિમાં એટલું જ જણાવવાનું કે ભારતની એક યા બીજી ભાષા હિંદી કરતાં ભલેને વધારે વિકાસ પામી હોય અને વધારે બહોળું સાહિત્ય ધરાવતી હોય તો પણ ભારતના અનેક સંન્યાસીઓ ભારતના એક છેડેથી બીજા છેડા સુધી હિંદી માધ્યમ દ્વારા કંઈ કાળથી સુખરૂપ વિચરતા રહ્યા છે; આજના સીનેમાએ હિંદીને સવિશેષ ભારતવ્યાપી બનાવી છે, અને એમ છતાં પણ આજની હિંદી નબળી સબળી ગમે તેવી હોય, પણ જો ભારતને એકત્ર, સુગ્રથિત અને સંગઠિત રાખવું હોય અને તેને જુદા જુદા સ્વતંત્ર રાજ્યોમાં વિભાજિત થવા દેવું ન હોય અને આ માટે ભારતવ્યાપી કોઈ ભાષામાધ્યમ અપેક્ષિત હોય તો ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રે કે આન્તર્દેશીય રાજ્યવહીવટના ક્ષેત્રે બહુજનસ્વીકાર્ય બને એવી ભાષા માત્ર હિંદી જ છે. આ વસ્તુસ્થિતિને આપણે હકીકતરૂપે સ્વીકારવી જોઈએ અને ભાવનાપૂર્વક અપનાવવી જોઈએ.

**પરમાનંદ**

# પ્રકીર્ણ નોંધ

## ભાવનગરના લોકપ્રિય નરેશનો અકાળ સ્વર્ગવાસ

એપ્રિલ માસની બીજી તારીખે ભાવનગરના લોકપ્રિય નરેશ શ્રી. કૃષ્ણકુમારસિંહજીનું હૃદયરોગના અકાએક હુમલાના પરિણામે ૫૩ વર્ષની નાની ઉમ્મરે અવસાન થયું. આજે રાજાઓ નામના રાજા રહ્યા છે અને ભૂતકાળના રાજાઓના જીવન—મરણની હવે કોઈ નોંધ પણ લેતું નથી. એમ છતાં આ રાજવીનું ભાવનગર રાજ્યના પ્રજાજનોનાં દિલમાં એવું કોઈ સ્થાન હતું કે તેના અવસાને અનેકના દિલમાં તીવ્ર વ્યથાનો આઘાત પેદા કર્યો છે.

૧૯૪૭ના ઓગસ્ટ માસની ૧૫મી તારીખે સરકારી લેખાતું ભારત સ્વતંત્ર થયું અને તે સાથે દેશી રાજાઓના અને રાજ્યોના ભાવીનો પ્રશ્ન ઊભો થયો. સરકારી જાહેરાતે આ રાજાઓને ભારતમાં જોડાવું કે પાકિસ્તાનમાં જોડાવું કે સ્વતંત્ર બનવું—એ ત્રણે વિકલ્પો ઊભા કર્યા હતા. પરિણામે કોઈ ભારતમાં જોડાવાનું,

અને કોઈ પાકીસ્તાન સાથે પોતાનું નસીબ જોડવાનું વિચારતું હતું અને કેટલાંક સ્વતંત્ર જુથો ઊભાં કરવાની ખટપટ કરતાં હતાં. હજુ કોઈના માથે કશું પણ દબાણ ઊભું કરવામાં આવ્યું નહોતું. આવા સમયે ભાવનગર નરેશને સત્તાધીશ મટીને પોતાની પ્રજાને સંપૂર્ણ અર્થમાં જવાબદાર રાજ્યતંત્ર સોંપી દેવાનો સ્વયંસ્ફુરિત વિચાર આવ્યો અને તેનો તુર્તજ તેમણે અમલ કર્યો અને પછી સૌરાષ્ટ્રનું એકમ રચવાનો વિચાર લઈને સરદાર વલ્લભભાઈ ભાવનગર આવ્યા ત્યારે તેવું એકમ ઊભું થઈ શકતું હોય તો તેમાં પોતાના રાજ્યને જોડી દેવાની સર્વપ્રથમ સંમતિ ભાવનગર નરેશે આપી.

આ દિવસોમાં જામનગરના હાલના જામસાહેબ આડોઅવળો વિચાર કરી રહ્યા છે, અને જાતજાતની વાટાઘાટો ચલાવે છે એવી વાતો વાતાવરણમાં વહેતી રહી હતી, પણ એ પણ વિચક્ષણ પુરૂષ હતા. તેમણે પણ કાળબળ પારખી લીધું, તેની સામે ચાલવામાં લાભ નથી એ સમજી લીધું, અને સૌરાષ્ટ્રના નવા રચાતા એકમના પહેલા રાજપ્રમુખ તેમને બનાવી સરદાર વલ્લભભાઈ પટેલે તેમને જીતી લીધા, વશ કરી લીધા. આમ રાજ્યત્યાગ તો બન્ને રાજવીએ કર્યો. એમ છતાં પ્રત્યેકના રાજ્યત્યાગની ગુણવત્તામાં કેટલો મોટો ફરક રહેલો છે? આમ સૌરાષ્ટ્રના બે અગ્રગણ્ય રાજવીઓની અનુકુળતા સધાયા બાદ અન્ય રાજવીઓ માટે બીજો કોઈ વિકલ્પ જ ન રહ્યો અને સૌરાષ્ટ્રનું એકમ જાણે કે આંખના પલકારામાં સરજાઈ ગયું. આ સરળતાથી સંધાયલું શુભ પરિણામ ભાવનગરે કરેલી સત્તાવિસર્જનની પહેલને આભારી છે એમ સર્વ કોઈએ કબુલ કરવું રહ્યું.

સૌરાષ્ટ્રનું એકમ નિર્માણ થવા સાથે દરેક રાજવીની અંગત મિલકત નક્કી કરવાનો પ્રશ્ન ઊભો થયો. આ નક્કી કરવાની જેને જવાબદારી સોંપવામાં આવી હતી તે પંચને સરદાર વલ્લભભાઈની ખાસ ભલામણ એ હતી કે, ભાવનગર મહારાજા અંગે જે કોઈ મિલકત તેમની અંગત લેખી શકાય તેવી હોય તે બધી મિલકત પૂરી તપાસ કરીને તેમને સુપ્રત કરી દેવી, કારણ કે, 'મારે આ જોઈએ છીએ.' એમ તેઓ કદી કહેશે નહિ, જ્યારે જામસાહેબ જે કાંઈ માંગે તે બધું તેમના નામે ચડાવી દેવું, કારણ કે, આજના સંયોગોમાં તેમને જરા પણ નાખુશ કર્યા પાલવે તેમ નથી. તે બે જીતાયે બધું જીતાઈ ગયું છે." એ તો જાણીતી વાત છે કે, ભાવનગર નરેશનું સાલીયાણું નક્કી કરવાનું તેમણે ગાંધીજીને સોંપી દીધું હતું.

આમ માનવીઓમાં જેમ કોઈ માનવીરત્ન જોવામાં આવે છે તેમ રાજવીઓમાં ભાવનગર નરેશ એક ખરા રાજવીરત્ન હતા. રાજાઓના વહીવટ સાથે પ્રજાદમન મોટા ભાગે જોડાયલું રહેતું. માત્ર ભાવનગર રાજ્યની કોઈ એક એવી પરંપરા હતી કે, જે પ્રજાદમનની કાલિમાથી કદિ પણ કલંકિત થઈ નહોતી. ભાવનગરની ગાદીએ જે કોઈ રાજા આવ્યા તેમણે પ્રજાને સુખી, સંતોષી અને આબાદ જોવામાં જ પોતાના અસ્તિત્વની ઈતિકર્તવ્યતા માની હતી. પ્રજા હવે રાજ્યતંત્રની જવાબદારીમાં ભાગ ઈચ્છે છે એમ માલુમ પડતાં આ કૃષ્ણકુમારસિંહજીના પિતા સ્વ. મહારાજા ભાવસિંહજીએ પ્રજાપ્રતિનિધિ સભા ઊભી કરી હતી અને તેમાં રાજ્યના બજેટ ઉપર પણ મુકત ચર્ચા કરવાની છૂટ આપવામાં આવી હતી. આ મહારાજાએ તો પોતાનું રાજ્ય પ્રજાને સોંપી દેવા સુધીની પહેલ કરી હતી. સત્તાનો ઉપયોગ તેમણે ભોગવટા માટે નહિ પણ ત્યાગ માટે–સત્તાના વિસર્જન માટે–કર્યો હતો. त्यक्तेन भुंजीथा આ ઉપનિષદના બોધને તેમણે ચરિતાર્થ કરી બતાવ્યો હતો. આ તેમની આગવી વિશેષતા હતી.

આ રાજવીનું અંગત જીવન સાદું, નિર્મળ અને ભોગોપભોગની લિપ્સાથી સર્વથા મુકત હતું. ઊંડી નિષ્ઠાથી ભરેલું અને વાત્સલ્યપૂર્ણ તેમનું ગૃહસ્થ જીવન હતું. અતિ પરિમિત તેમની વાણી હતી. કોઈ વ્યસન તેમને સ્પર્શ્યું નહોતું. શિકારનો તેમને કોઈ શોખ નહોતો. માનવતાથી સદા પુલકિત તેમનું હૃદય હતું. દંભ, દેખાવ કે આડંબરને તેમના જીવનમાં કોઈ સ્થાન નહોતું. આવા રાજવી આપણી વચ્ચેથી વિદાય થતાં માત્ર ભાવનગરે, સૌરાષ્ટ્રે કે ગુજરાતે નહિ પણ સમગ્ર ભારતે જેની જલ્દિ જોડ ન મળે એવું એક અણમોલ માનવીરત્ન ગુમાવ્યું છે. તેના આત્માને શાશ્વત શાન્તિ પ્રાપ્ત થાઓ!

**ગાંધીજી વિશે ભાવનગર નરેશનો યાદગાર પત્ર**

ઉપરની નોંધ સાથે ભાવનગર મહારાજાને ગાંધીજીનાં સંસ્મરણો લક્ષમાં રાખીને કાંઈક લખી મોકલવાની શ્રી મનુબહેન ગાંધી તરફથી માગણી કરવામાં આવેલી. તેના જવાબમાં તેમણે ૧૯૫૭ના ડિસેંબર માસ દરમિયાન એક પત્ર લખી મોકલેલો. તે પત્ર ભાવનગર મહારાજાના દિલની સરળતા, ઉદાત્તતા અને નમ્રતાનો દ્યોતક હોઈને અહિં નીચે ઉધ્ધૃત કરતાં ઊંડો સંતોષ અનુભવું છું. તે પત્ર નીચે મુજબ છે:–

"જ્યારે કુમારી મનુબહેને મને લખ્યું કે, પૂજ્ય મહાત્માજી વિષે મારે થોડું લખી મોકલવું ત્યારે પહેલાં તો મને વિવેકપૂર્વક ના પાડવાનો વિચાર આવ્યો હતો, કેમકે મને થતું હતું કે જે મહાપુરુષ માટે અત્યાર સુધી પુષ્કળ કહેવાઈ ચૂક્યું છે, જેમના વિષે કેટલાયે સિદ્ધહસ્ત લેખકોએ અનેક પુસ્તકો રચ્યાં છે, તેમના માટે મારા જેવો જેને લખવાનો વ્યવસાય નથી તે શું લખી આપે? પરન્તુ મનુબહેનનો આગ્રહ એવો હતો કે, તેને માન્ય રાખ્યા વગર છૂટકો નહોતો અને તેથી આજે બે શબ્દો લખવા બેઠો છું.

"મને યાદ છે ત્યાં સુધી તે ૧૯૩૫ની સાલ હતી, જ્યારે ગાંધીજી હરિજન ફાળાના અંગે ભાવનગર પધાર્યા હતા. આ વખતે મને રાજ્યની સત્તા સોંપાયાને માંડ ચારપાંચ વર્ષ થયાં હતાં. મને ગાંધીજીનાં દર્શન કરવાનું મન થયું અને મેં સર પ્રભાશંકર પટ્ટણીને વાત કરી. પટ્ટણીસાહેબે કહ્યું, "એ તો બહુ જ સરસ વિચાર છે, આપ ગાંધીજીને તેમના ઉતારે જરૂર મળવા પધારો. હું ગાંધીજીને પૂછી સમય નક્કી કરી લઈશ." તે જ સાંજે તેમણે પાછા આવીને મને કહ્યું કે, "મહાત્માજી કહે છે કે, હું ભાવનગર આવ્યો છું, એટલે મહારાજાએ મને નહીં પણ મારે મહારાજાને મળવા આવવું જોઈએ. માટે હું જ મળવા આવીશ."

"આ અગાઉ મને ગાંધીજીનો ખાસ પરિચય નહતો, એટલે તેમનો આવો વિવેકભર્યો જવાબ સાંભળી ઘડીભર તો હું સ્તબ્ધ બની ગયો અને પછી તો બીજે દિવસે જ્યારે હું તેમને લાલ બંગલે મળ્યો, તેમની આંખમાં તરવરી રહેલું સૌમ્ય તેજ મેં જોયું, તેમના હાસ્યની નિખાલસતા અનુભવી ત્યારે મારું હૃદય તેમનું ભક્ત બની ગયું. મારી ઉમ્મર જોઈ, મારો બિનઅનુભવ પારખી તેમણે તેમની મીઠી પણ સચોટ ભાષામાં મને શિખામણના બે શબ્દો કહ્યા. જેમ જેમ તેમના શબ્દો એક પછી એક મારા કાને પડતા ગયા તેમ તેમ મને ખાતરી થતી ગઈ કે, દેશનું નાવ જો કોઈ કિનારે લાવી શકશે તો મારી સમક્ષ બિરાજેલી આ પ્રભાવશાળી વ્યકિત જ લાવી શકશે. તે વખતે મને પ્રતીતિ થઈ ગઈ કે માનવજાતને ઊંચી લાવવા સેંકડો વર્ષે એકાદવાર આ દુનિયા પર આવી ચડતા કોઈ મહાપુરુષના સાન્નિધ્યમાં બેસવાનું મને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે. તે દિવસનો અનુભવ આજે આટલા વર્ષે પણ મારા અંતરમાં એવો ને એવો જ તાજો છે.

"તે પછી તો વર્ષો ઉપર વર્ષો વીતવા લાગ્યાં અને ભાવનગરનું રાજ્ય ચલાવવામાં હું એટલો પરોવાઈ ગયો કે ઈચ્છા છતાં ગાંધીજીના વધુ નિકટ પરિચયમાં આવવાનું મારાથી બન્યું નહીં. છેવટે ૧૯૪૭ની સાલ આવી લાગી અને તેની સાથોસાથ દેશમાં રાજકીય ફેરફારો પણ થવા માંડ્યા. આ સમયે મહિનાઓથી મારા અંતરમાં એક મોટું મંથન ચાલી રહ્યું હતું. મારે રાજ્યની સત્તા મારી પ્રજાના હાથમાં સોંપી દેવી હતી. પરંતુ તે ક્યારે સોંપવી, કઈ રીતે સોંપવી, કોને સોંપવી તેનો વિચાર રાતદિવસ કરતો હતો, છતાં તેનો ઉકેલ સૂઝતો નહોતો. મારા મનમાં આ ગડમથલ ચાલતી હતી તેવામાં એક દિવસ અચાનક મને ૧૯૩૫નો મારો અનુભવ અને

ગાંધીજીની શિખામણ સાંભરી આવી. તરત જ નિશ્ચય કરી હું દિલ્હી પહોંચ્યો અને પૂજ્ય મહાત્માજીને મળી તેમની પાસે મારું અંતર ખોલી દીધું. મારી વાત સાંભળી તેમને ખૂબ જ પ્રસન્નતા થઈ અને સરદાર પટેલને મળી ચર્ચા કરવા તેમણે સલાહ આપી. તે પછી તો હું ગાંધીજીને વારંવાર મળવા જતો અને સરદાર સાથેની ચર્ચાની વિગતથી તેમને વાકેફ રાખ્યા કરતો. આ બધાના પરિણામ રૂપે છેવટે ભાવનગર રાજ્યે ગાંધીજીના આશીર્વાદ સાથે લોકશાહીના માર્ગે પહેલ કરી.

"ભાવનગર પાછા ફરતાં પહેલાં હું તેમની રજા લેવા ગયો ત્યારે મહાત્માજીએ મને પૂછ્યું કે, "તમારી સત્તા પ્રજાને સોંપો તો છો, પણ તમારા પોતાના સાલિયાણાનું શું?" મેં ઉત્તર આપ્યો, "આપની ઉપર પરમ શ્રદ્ધા રાખી, જ્યારે મારી લાખોની પ્રજાનું ભાવિ આપના હાથમાં સોંપી ચૂક્યો છું, તો પછી મારા એકલાના ભાવિને આપ જેવા મહાપુરુષની શુભનિષ્ઠાને સોંપી દેતાં અચકાવાનો મને શું અધિકાર છે? મારા સાલિયાણાનો પ્રશ્ન આપના ચરણમાં જ ધરી દઉં છું. આપને ઠીક પડે તેમ ઉકેલજો. આપના હાથે મારું કદી પણ અશ્રેય નહીં થાય.

"આ સાંભળી મહાત્માજી ખૂબ હસી પડ્યા અને તેમની લાક્ષણિક શૈલીમાં મને અંતરથી આશીર્વાદ આપ્યા. તે વખતે મને ખબર નહોતી કે આ મારી છેલ્લી મુલાકાત હતી. પરંતુ તેમના આશિષના શબ્દો હજૂ પણ મારા કાનમાં ગૂંજી રહ્યા છે અને તે પવિત્ર સ્મરણને હું મારું પરમ ધન માની મારા હૃદયમાં સંઘરી રહ્યો છું."

૧૯૩૭માં હરિજનફાળા માટે ગાંધીજી ભાવનગર આવ્યા અને ભાવનગર મહારાજાને મળ્યા તે પ્રસંગ મેં પણ સર પ્રભાશંકર પટ્ટણીના મોઢેથી સાંભળેલો. તેમાં મારી યાદ મુજબની એક વિગત ઉમેરવાની રહે છે. ગાંધીજીથી અત્યન્ત પ્રભાવિત બનીને મહારાજાએ બાળસરળભાવે ગાંધીજીને એમ કહેલું કે, "હવે આપ સાબરમતીના સત્યાગ્રહ આશ્રમમાં પાછા જવાના નથી તો, અમારે ત્યાં આપ આવીને કેમ ન રહો? અમે આપને બધી સગવડ આપીશું અને આપ અમારે ત્યાં આવીને વસો તો અમારી પ્રજાને કેટલો બધો લાભ થાય? તો આપ હવે પછી અહિં આવીને વસવાનો વિચાર કરો એવી મારી વિનંતિ છે." ગાંધીજી આ યુવાન મહારાજાની મુગ્ધતાભરી વાણી સાંભળીને ખૂબ હસી પડ્યા. તેમના મનમાં થયું કે, બીજા રાજાઓ મને આફત ગણીને તેમને ત્યાં જતો હોઉં તો મને ટાળવાનું–મારાથી દૂર રહેવાનું–વિચારે છે, આ રાજા તો મને પોતાને ત્યાં આવીને રહેવાનું કહે છે. બાપુજીએ જવાબ આપ્યો કે, "આપ આવી ઈચ્છા પ્રગટ કરો છો એથી મને ઘણો આનંદ થાય છે, પણ મારી જેવો તો આપનાથી દૂર હોય એ જ સારું છે. હું અહિં આવીને રહું અને કોઈ પણ ઠેકાણે કોઈ અન્યાય થતો જોઉં તો મારાથી શાન્ત બેસી રહેવાય નહિ; મારાથી કાંઈ એવું થઈ બેસે કે જેને લીધે હું તમારે ત્યાં ઉપાધિરૂપ બની બેસું. માટે હું તો જ્યાં છું ત્યાં જ ઠીક છું." આ બે વ્યક્તિઓ વચ્ચેનો આ મીઠો વાર્તાલાપ બન્નેની આગવી મહત્તાનો ભારે સૂચક છે.

**ઉપધાન સમારંભ અંગે થોડો ખુલાસો**

તા. ૧૬-૧-૬૫ના પ્રબુદ્ધ જીવનમાં 'ઉપધાનનો તો રાફડો ફાટ્યો છે.' એ મથાળા નીચે એક નોંધ પ્રગટ થઈ હતી અને ત્યારબાદ મુંબઈ-સમાચારમાં પણ તે પુનર્મુદ્રિત થઈ હતી અને તે નોંધ ઉપર ત્યાર બાદ અનુકૂળ તેમ જ પ્રતિકૂળ અનેક ચર્ચાપત્રો પ્રગટ થયાં હતાં, આ સર્વ ચર્ચાપત્રોના ઉત્તરરૂપે મારો એક નાનો સરખો ખુલાસો તા. ૩૦-૩-૬૫ના મુંબઈ સમાચારમાં પ્રગટ થયો હતો જે અહિં પણ આપવો ઉચિત લાગે છે. આ ખુલાસો નીચે મુજબ હતો:-

(૧) ઉપધાન સમારંભ અંગેનો કાર્યક્રમ જણાવતા એક દિવસ ઉપવાસ અને એક દિવસ બેસાણું એવો જે ક્રમ મારા લખાણમાં જણાવવામાં આવ્યો છે તેમાં, બેસણાને બદલે એકાસણું એમ મારે લખવું જોઈતું હતું. અજાણતાં પણ આવી ભૂલ થવા માટે હું દિલગીર છું.

(૨) આમ એકાસણાના ભોજન માટે તરેહ તરેહનાં મિષ્ટાન્નો અને ભાતભાતની વાનીઓ કરવામાં આવે છે એનો કોઈ પણ ચર્ચાપત્રમાં ઈન્કાર કરવામાં આવ્યો હોય એમ મારા જોવામાં આવ્યું નથી. જો પ્રસ્તુત તપશ્ચર્યા પાછળ સ્વાદવૃત્તિ ઉપર સંયમ કેળવવાનો આશય હોય તો, ભોજનના દિવસે જે કાંઈ ખોરાક આપવામાં આવે તે એકદમ સાદો અને સાત્ત્વિક હોવો જોઈએ, જ્યારે ઉપધાન સાથે જોડાયેલા એકાસણાની અંદર પીરસવામાં આવતું ભોજન માદક અને સ્વાદવૃત્તિને ઉત્તેજક હોય છે. આ ભોજનપદ્ધતિ તપની ભાવનાની અત્યંત વિરોધી છે.

(૩) એક સ્વતંત્ર ધાર્મિક તપશ્ચર્યા તરીકે કદિ કોઈ સ્થળે ઉપધાનનું આયોજન કરવામાં આવે તો તે સામે કશો પણ વાંધો ઉઠાવવા જેવું નથી. પણ આજે તો જ્યાં જ્યાં શ્વેતાંબર મૂર્તિપૂજક સાધુઓ સ્થિર થઈને રહ્યા હોય છે ત્યાં ત્યાં મોટા ભાગે અને ઘણા મોટા પાયા ઉપર ઉપધાન સમારંભો ગોઠવવામાં આવે છે અને તે પાછળ હજારો નહિ, બલકે, લાખો રૂપિયાનો વ્યય કરવામાં આવે છે અને સમાજનું સ્થાયી હિત થાય એવું તેનું કોઈ પરિણામ જોવામાં આવતું નથી. આ દૃષ્ટિએ આજે ચાલી રહેલા ઢગલાબંધ ઉપધાનોનો સખ્ત વિરોધ થવો જોઈએ એમ મારું માનવું છે.

**આપણા અધઃપતનની પરાકાષ્ઠા**

તા. ૮-૪-૬૫ના 'મુંબઈ-સમાચાર' ના અગ્રલેખમાંની 'મદ્યનિષેધ' સાથે સંબંધ ધરાવતી નીચેની નોંધ આપણે કયાં જઈ રહ્યા છીએ તે અંગે આપણું સચોટ ધ્યાન ખેંચે છે:

"આઝાદીની લડત દરમિયાન પ્રથમ ચૌદ અને પછીથી અઢાર મુદ્દાનો કાર્યક્રમ ગાંધીજીએ આપ્યો હતો, એ રચનાત્મક કાર્યક્રમમાં દારૂબંધીને મહત્ત્વનું સ્થાન અપાયું હતું અને એ કાર્યક્રમ-દારૂબંધીનો અમલ કરવા માટે સત્યાગ્રહ કરીને અનેક સ્ત્રીપુરુષોએ પોતાનાં માથાં ભંગાવ્યાં હતાં અને કારાવાસ પણ વેઠ્યો હતો. આઝાદી પછી દારૂબંધીને આપણા બંધારણમાં આદેશાત્મક સિદ્ધાંતોમાં સ્થાન મળ્યું અને કેટલાંક રાજ્યોએ દારૂબંધીનો કાર્યક્રમ અપનાવ્યો પણ ખરો.

"આ સંજોગોમાં બીજાઓ ગમે તેમ કરે પણ કૉંગ્રેસજનોથી તો દારૂબંધીની નીતિની વિરુદ્ધનું વર્તન થઈ જ ન શકે. કૉંગ્રેસજન માટે આવી કલ્પના પણ આવી ન શકે. છતાં પૂનામાં આ ગુડી પડવાના દિવસે જે કાંઈ બન્યું છે તે 'વિવેક ભ્રષ્टાનાં ભવતિ વિનિપાતः शतमुखः' એ ઉક્તિની યાદ તાજી કરાવે છે. કૉંગ્રેસજનો પણ વિવેકભ્રષ્ટ થઈને દારૂ વેચવાનો ધંધો શરૂ કરવા લાગે એના જેવો બીજો વિનિપાત, એના જેવું બીજું પતન, ક્યું હોઈ શકે? પૂનાના સમાચાર જણાવે છે તેમ, ગુડી પડવા-મહારાષ્ટ્રમાં એ દિવસ નૂતનવર્ષારંભના દિવસ તરીકે ઊજવાય છે-એ પૂનાના આગેવાન કૉંગ્રેસી, ધારાસભ્ય અને માજી નગરપતિ શ્રી બાબુરાવ સણસના સૌથી મોટા પુત્રની માલિકીની દારૂની દુકાનનું ઠાઠમાઠથી ઉદ્ઘાટન થયું. એને માટેના સમારંભમાં પૂના વિભાગના કમીશનર શ્રી. એસ. વી. ચવ્હાણે હાજરી આપી. પૂના જિલ્લા પરિષદના પ્રમુખ શ્રી શંકરરાવ ઉરસળ, વિધાન પરિષદના કૉંગ્રેસી સભ્ય શ્રી તેલંગ, પૂનાના માજી કૉંગ્રેસ નગરપતિ શ્રી. શિવાજીરાવ ભેહરે અને બીજા સાંખ્યાબંધ કૉંગ્રેસીઓએ પણ હાજરી આપી અને એક મરાઠી દૈનિક જણાવે છે તે જો સાચું હોય તો 'છેવટે ચા પાનને બદલે મદ્યપાનના કાર્યક્રમ પછી સમારંભ પૂરો થયો'. આ વાંચતા કોઈને પણ ખેદ થયા વિના નહિ રહે. 'નશાબંધીથી નવજીવન' નો પ્રજાને બોધ આપનારા કૉંગ્રેસીનો જ દારૂની દુકાન માંડવા લાગે એના જેવો બીજો અધઃપતન ક્યો હોઈ શકે?"

આ નોંધમાં એટલું જ ઉમેરવાનું રહે છે કે, જ્યાં વાડ વેલાને ગળવા માંડે ત્યાં કોઈ પણ ક્ષેત્ર સુરક્ષિત રહી ન જ શકે. જેમના માથે રાજ્યબંધારણને એક યા બીજી રીતે ટેકવવાની જવાબદારી છે તે જ લોકો જો આમ મદ્યનિષેધના કાયદાની છડે ચોક અવમાનના કરે તો પછી મદ્યનિષેધનો કશો અર્થ નહિ રહે અને બંધારણ પણ ધીમે ધીમે હાંસીપાત્ર બનવાનું. ગાંધીજીનું ભારત આ દશાએ પહોંચશે એવી વીશ વર્ષ પહેલાં કોઈને કલ્પના પણ આવત ખરી?

**પરમાનંદ**

# ☆ અહિંસક પ્રતિકાર ☆

(ગતાંકથી ચાલુ)

અહિંસામાં એક બીજી વસ્તુ પણ ગર્ભિત છે. તે કહે છે કે યાતના એક પ્રબળ સામાજિક શકિત બની શકે છે અને હિંસક પ્રતિકાર પણ આ જ મુદ્દો આગળ ધરે છે. એ રીતે આ બન્ને પદ્ધત્તિઓમાં એક પ્રકારનું સામ્ય હોવાનું માલૂમ પડે છે. આ દૃષ્ટિબિંદુ પર યુદ્ધ અને હિંસાની શકિતઓ અહિંસા સાથે સહમત થાય છે. હિંસા અને અહિંસા બંને એમ સૂચવે છે કે યાતના એક અમોઘ સામાજિક શકિત બની શકે છે. પરંતુ બંને વચ્ચે ભેદ એ છે કે હિંસા એમ કહે છે કે જ્યારે તમે બીજાને યાતનાનો ભોગ બનાવો છો ત્યારે તે અમોઘ સામાજિક શકિત બની શકે છે; ત્યારે અહિંસા એમ કહે છે કે જ્યારે તમે પોતાની જાત ઉપર યાતનાને નોતરો છો ત્યારે યાતના એક અમોઘ સામાજિક શકિત બની શકે. તે પાછળ એ પ્રતીતિ રહેલી છે કે Unmerited suffering is always redemptive – કોઈપણ દોષ કે અપકૃત્યના બદલારૂપે નહિ પણ કોઈ શુભ પરિણામના હેતુપૂર્વક સ્વેચ્છાએ નોતરેલી યાતના સમગ્રના કલ્યાણમાં પરિણમે છે.

આમ અહિંસાના અનુયાયી તેના પ્રતીપક્ષીને કહેશે: અમે અમારી યાતના સહન કરવાની શકિત વડે તમારી યાતના પહોંચાડવાની શકિતનો સામનો કરીશું. અમે તમારી ભૌતિક શકિતનો અમારી આધ્યાત્મિક શકિત વડે સામનો કરીશું. અમારી પ્રત્યે તમારે જે કરવું હોય તે કરો; એમ છતાં પણ અમે તમને ચાહીશું. અમે અમારા અન્તરથી તમારા અન્યાયી કાયદાનો અમલ કરી શકીએ એમ નથી, તેથી અમને જેલમાં પૂરો, અને એ ગમે તેટલી કઠિન હોય તો પણ અમે જેલમાં જઈશું અને છતાં અમે તમને ચાહીશું. અમે તમને પ્રેમ જ કરીશું, પણ ખાત્રી રાખજો કે અમારી સહનશકિત વડે અમે તમને આખરે થકવી નાખીશું અને એક દિવસ અમે અમારી સ્વતંત્રતા મેળવીશું; અમે તમારા હૃદયને અને અંતરાત્માને અનુરોધ કરીશું, અપીલ કરીશું, વિનવીશું અને એ પ્રક્રિયા દ્વારા અમે તમને જીતીશું અને આ રીતે અમારી જીત બમણી જીત હશે.

આ છે અહિંસાનો ઊંડો અર્થ અને એ જ એવું તત્ત્વ છે જે પ્રતિપક્ષીને આખરે પરાસ્ત કરે છે. તે તેની નૈતિક દીવાલોને તોડી નાંખે છે, તેના સ્વત્વને પાંગળું બનાવે છે અને સાથોસાથ તેના અંતરાત્મા ઉપર ગંભીર અસર નીપજાવે છે, અને આનો પ્રતિકાર કરવાનું તે જાણતો નથી.

જો તે તમને મારે નહિ તો તે વિસ્મયજનક છે. જો તમને જેલમાં ન પૂરે તો તે પણ આશ્ચર્યકારક છે. પરંતુ જો તે તમને જેલમાં પૂરે તો તમે તે જેલને સ્વતંત્રતા અને માનવ પ્રતિષ્ઠાનું સ્વર્ગ બનાવી શકો છો. જો તમને તે મારી નાખવાનો પ્રયત્ન કરે તો પણ તમે એટલું આંતરિક સમાધાન કેળવજો કે એવું કંઈક અમૂલ્ય, કંઈક પ્રિયતમ, કંઈક સનાતન સત્ય છે જેને માટે પ્રાણની આહુતિ અનિવાર્ય છે. જેને માટે જિંદગી ન્યોચ્છાવર કરી શકાય એવું ધ્યેય જો માણસે ન મેળવ્યું હોય તો તે જીવવાને લાયક જ નથી. જો ત્રીસ વરસની ઉંમરની વ્યકિતએ, જેને માટે તે મરવા તૈયાર હોય એવું કોઈક મહાન સત્ય, એવો કોઈક મહાન સિદ્ધાંત, મહાન આદર્શ ન શોધ્યો હોય તો તે જીવતો છતાં મૃતવત્ છે. જો તેને પડકાર આપવામાં આવે અને તે ડરીને, પોતાના ઘર પર બોંબ પડશે એવા ભયથી, પોતાને ગોળી મારવામાં આવશે એવી બીકથી કે પોતે નોકરી ખોશે એવી આશંકાથી તે પડકારનો સામનો નહિ કરે તો તે ભલેને ૮૦ વરસ સુધી જીવે, પણ તે ત્રીસ વરસની ઉંમરથી માંડીને ૮૦ વર્ષ સુધી જીવતાં છતાં મરી ગયેલો જ છે અને ૮૦ વરસની ઉંમરે તેના શ્વાસનું બંધ થવું એ તો માત્ર એના આત્માના પૂર્વે થયેલ મૃત્યુની જાહેરાત માત્ર છે. અહિંસાની આ દૃષ્ટિ છે. અને તેને માલૂમ છે કે સ્વેચ્છાપ્રાપ્ત યાતના એક અમોઘ સામાજિક શકિત છે.

બીજી પણ એક વસ્તુ હું અહીં રજૂ કરી દેવા માગું છું. અને તે એ કે અહિંસાની ફિલસૂફીમાં માનવસ્વભાવને વિષે આશાવાદી તત્ત્વ રહેલું છે. અહિંસા જણાવે છે કે માનવસ્વભાવમાં Goodness – સારાપણા – ની આશ્ચર્યજનક શકયતાઓ રહેલી છે. હવે હું આશા રાખું છું કે આ મુદ્દા અંગે ગેરસમજ નહીં થાય, કેમકે ઘણાખરા અહિંસાના અને શાંતિવાદના પૂજારીઓ માનવસ્વભાવ વિષે વધુ પડતી છીછરી સમજણ ધરાવતા હોય છે અને સાથે સાથે વધારેપડતા લાગણીપ્રધાન હોય છે. તેઓ માનવસ્વભાવમાં રહેલ વૃત્તિઓના સ્વરૂપને સાચી રીતે પિછાની શકતા નથી. આપણે બધા જ એ વસ્તુ સ્વીકારીશું કે માનવસ્વભાવમાં પરસ્પરવિરોધી એવી વૃત્તિઓનું દ્વન્દ્વ રહેલું છે. આપણા સર્વમાં એ દ્વિમુખી તત્ત્વ રહેલું છે, જે પ્લેટોનું વચન પૂરવાર કરે છે કે માનવપ્રતિભા બે જોરાવર ઘોડાવાળા રથ જેવી છે, જે બંને ઘોડાઓ સામસામી દિશાએ જવા મથે છે. આપણામાં એવું કંઈક રહેલું છે કે જે આપણને સંત ઓગસ્ટાઈન જે તેના 'એકરાર'માં કહે છે તેની સાથે ઉદ્‌ગારવા પ્રેરે છે – "પ્રભુ મને પવિત્ર બનાવો – પણ હમણાં નહિ." માનવસ્વભાવમાં ઉચ્ચ અને અવનત વચ્ચે – ધર્મ અને અધર્મ વચ્ચે આ સંઘર્ષ અને સંગ્રામ ચાલી રહ્યો હોય છે.

પણ આ વસ્તુ સમજી લીધા પછી અને આ વાસ્તવિક રૂપે વ્યકત કર્યા પછી, આપણે એ પણ સ્વીકારવું જ જોઈએ કે જેવી રીતે માણસમાં ખરાબ કરવાની વૃત્તિ છે તેમ સારું કરવા માટેની પણ વૃત્તિ છે જ. જો હિટલર માણસને અંધકાર તરફ અને ઊંડી ખીણ ભણી દોરી શકે છે તો એક ગાંધી માણસને અહિંસા અને કલ્યાણના ઊંચા શિખર ભણી લઈ જઈ શકે છે. આપણે માનવસ્વભાવની આ બંને શકયતાઓને પિછાનવી જોઈએ. અહિંસાની શિસ્ત આ જ માન્યતાના આધારે કહે છે કે દુષ્ટમાં દુષ્ટ મનુષ્ય – જૂની પ્રથા સાથે પોતાની સર્વ શકિતથી જોડાયેલ મનુષ્ય પણ – બદલાઈ શકે છે.

વળી અહિંસા એક બીજી વસ્તુ પણ સૂચવે છે. એ કહે છે કે ખરાબ સાથે સહકાર કરવા પોતે તૈયાર છે એવી છાપ ઊભી થાય એ હદ સુધી માનવીએ પોતાની જાતને કદી જવા દેવી ન જોઈએ. આમાંથી સીધા પગલાંની છતાં અહિંસક એવી લડત ફલિત થાય છે. આ છે કાયદાના સવિનયભંગનો પ્રશ્ન.

અંતિમ વિશ્લેષણના પરિણામે સવિનયભંગનો અર્થ આ છે. ઈષ્ટ સાથે સહકાર કરવો એ જેટલો નૈતિક ધર્મ છે તેટલો જ અનિષ્ટ સાથે અસહકાર કરવો એ અનિવાર્ય ધર્મ બને છે. આ જ બાબત હેનરી ડેવિડ થૉરોએ એના સભ્ય સવિનયભંગ ઉપરના નિબંધમાં સચોટ રીતે જણાવી છે.

હું જાણું છું કે આપણી લડતમાં આ જ મુદ્દાની સૌથી વધુ ટીકા થાય છે; અને હું એ ટીકા સમજી શકું છું, કારણ કે આપણે લોકોને કાયદો પાળવાનો અનુરોધ કરીએ છીએ અને છતાં કેટલીક બાબતોમાં આપણે તેનો ભંગ કરીએ છીએ. આખા દેશના સર્વ કોઈ લોકોને આપણે જણાવીએ છીએ કે દરેકે સુપ્રીમ કોર્ટના ૧૯૫૪ ના ચૂકાદાનું પાલન કરવું જોઈએ, અને એમ છતાં કેટલાક દિવસો અગાઉ જ આલ્બામામાંના બરમીંગ્હામમાં આપણે સ્થાનિક કાયદાઓનો ભંગ કર્યો હતો. અને પછી રાજ્યની કોર્ટે વચગાળાનો એક

વટહુકમ કાઢયો અને આપણે તેનો ભંગ કર્યો. આ સર્વનો મેળ તમે કેવી રીતે બેસાડશો?

આ બધા વ્યાજબી સવાલો છે, અને મને લાગે છે કે તેનો ઉત્તર આપવો જ જોઈએ. જે લોકો આ સવાલો પૂછે છે તેમણે જાણવું જોઈએ કે કાયદાઓ બે પ્રકારના હોય છે. ન્યાયી કાયદાઓ અને અન્યાયી કાયદાઓ. હું એમ કહેવામાં સૌથી મોખરે છું કે માણસે ન્યાયી કાયદાઓ પાળવા જ જોઈએ અને ન્યાયી કાયદાઓનો અમલ કરવાની આપણી નાગરિક ફરજ ઉપરાંત નૈતિક ફરજ પણ છે.

અને હું એ પણ કહેતો જ રહીશ કે જો કાયદો અન્યાયી હોય તો તેનો ભંગ કરવો એ પણ આપણી નૈતિક અને આધ્યાત્મિક જવાબદારી છે.

હવે કોઈ પૂછશે કે આ બે વચ્ચે શું ભેદ છે? તો હું કહીશ કે એક તો અન્યાયી કાયદો વિશ્વના નૈતિક કાયદાનો વિરોધી હોય છે. ઈશ્વરના કાયદાઓ સાથે તે કાયદો વિસંવાદી હોય છે. જે કાયદો માનવપ્રતિભાને હીન બનાવે તેવો કોઈ પણ કાયદો અન્યાયી કાયદો છે. અને જે કાયદો માનવને ઊર્ધ્વગામી બનાવે છે તે ન્યાયી કાયદો છે. જાતિભેદ – અલગતાવાદ – અન્યાયી છે અને અલગતાવાદને ટેકો આપનાર કાયદાઓ અન્યાયી છે કેમકે જાતિભેદ – અલગતાવાદ – પોતે જ અનૈતિક છે.

સંત થોમસ એકવીનાસના શબ્દોમાં કહીએ તો જાતિભેદ-અલગતાવાદ – ખોટો છે, કારણ કે તે કુદરતી કાયદાની, સનાતન કાયદાની, વિશ્વના નૈતિક કાયદાની વિરુદ્ધમાં માણસે બનાવેલા કાયદાઓ પર આધારિત છે.

જાતિભેદ ખોટો છે, કેમકે તે અન્યાય અને અનીતિ વચ્ચેના અયોગ્ય સહયોગ દ્વારા ઊભી કરવામાં આવેલી પદ્ધતિમાંથી પેદા થયેલ છે.

જાતિભેદ ખરાબ પ્રથા છે અને તેથી જાતિભેદને ટેકો આપતો કાયદો તે જ ક્ષણે અન્યાય અને અનિષ્ટ કાયદો બને છે.

જ્યારે કોઈ મને કહે છે: "આ બધું મારે માટે અર્થવિનાનું છે. હું નૈતિક નિયમો જેવી સૂક્ષ્મ વસ્તુઓમાં માનતો નથી અને હું ધાર્મિક નથી." ત્યારે હું તેમને મીસીસીપી રાજ્યમાંના કાયદાઓ વિષે કહું છું. અન્યાયી કાયદો એટલે એવો કાયદો કે જે બહુમતીએ લઘુમતી પર ઠોકી બેસાડયો હોય; જ્યાં લઘુમતીને કાયદો ઘડવામાં કશો પણ અધિકાર ન હોય કેમકે તેને મત આપવાનો અધિકાર જ આપવામાં ન આવ્યો હોય. તો પછી મીસીસીપી રાજ્યમાંનો કોઈપણ કાયદો ન્યાયી છે તેવી દલીલ કોણ કરી શકે તેમ છે?

પહેલું તો એ કે એ જાતનો કાયદો ઘડનાર અધિકારીઓ લોકશાહી રીતે ચૂંટાયા નહોતા. મીસીસીપીમાં માત્ર ૨૦,૦૦૦ નિગ્રો (રાજ્યમાંના ૯,૮૬,૦૦૦ નિગ્રોમાંથી)ને જ મત આપવાનો અધિકાર છે. તેનો અર્થ એ કે આમસભા જ લોકશાહીની રીતે ચૂંટાયેલી નથી, અને તેથી તેઓએ ઘડેલા કાયદા સ્વત: અન્યાયી પુરવાર થાય છે.

આમ કહેવામાં હું અંધાધૂંધીની તરફેણ નથી કરતો. હું કાયદાઓનો સામનો કરવાની કે કાયદાઓને બાજુ પર રાખીને ચાલવાની હિમાયત નથી કરતો. અપણામાંના ઘણાં – જાતિભેદને ટેકો આપનારા લોકો – આવું કરે છે. આપણે એની તરફેણ કરતા જ નથી. આ જાતના વર્તનથી કોઈપણ પરિણામ નહિ આવે.

આપણે એવું કહીએ છીએ કે કાયદાઓનો ભંગ ખુલ્લી રીતે, હસતાં-હસતાં, પ્રેમથી અને સજા ભોગવવાની પૂરેપૂરી તૈયારી સાથે કરવો જોઈએ. હું નમ્રતાપૂર્વક જણાવવા માગું છું કે કોઈ પણ વ્યક્તિ જેને આમુક એક કાયદો અન્યાયી છે એવું એનો અંતરાત્મા કહે અને તે કાયદામાંના અન્યાય પ્રત્યે સમાજના અંતરાત્માને જાગૃત કરવા તે તે કાયદાનો ભંગ કરીને જરૂર પડયે જેલમાં રહીને સજા ભોગવવા તૈયાર હોય તો તે વ્યક્તિ તે જ ઘડીએ એમ કરીને કાનૂન પ્રત્યે – ચાલુ કાયદા પ્રત્યે–ઊંચામાં ઊંચો આદર દાખવે છે.

હું એટલું જ જણાવવા માગું છું કે અહિંસાની આ પદ્ધતિમાં એક શકિત રહેલી છે. હું જાણું છું કે કેટલાક એ વિષે નિરાશ થયા છે અને એવું માનવા લાગ્યા છે કે આ પદ્ધતિમાં કશી જ અસરકારકતા નથી. કેટલાકો તાજેતરમાં બનેલ બનાવોથી ગુસ્સે થઈ ગયા છે એ પણ હું જાણું છું. તેઓ એવા નિર્ણય પર આવ્યાં છે કે આ અથડામણમાં–આ સંઘર્ષમાં અહિંસક શિસ્તની કોઈ અસર કે પ્રરતુતતાય હવે રહી નથી.

પરંતુ હું આ થોડાં વર્ષોમાં આપણે મેળવેલા લાભો તરફ નજર કરવા આપને પ્રાર્થના કરું છું. અને એ મોટા લાભો અહિંસાની સીધા પગલાંની અસર દ્વારા જ મળેલા છે. હું ચોક્કસપણે માનું છું કે જો આપણે મોટા પાયા પર હિંસાનો આશરો લીધો હોત તો આ લાભો આપણે મેળવી શકયા ન જ હોત.

અહિંસાની લડત દ્વારા જ આપણે દક્ષિણના ૩૦૦ થી વધુ શહેરોમાં વીશીઓમાંથી જાતિભેદ દૂર કરવામા સફળ થયા છોએ, અને આ બાબત એક પણ કોર્ટ – કેસ વગર આપણે સિદ્ધ કરી શકયા છીએ. અગાઉ ૧૯૫૫ અને ૧૯૫૬માં આલ્બામામાંના મોન્ટગોમેરીમાં કરવામાં આવેલ બસ – બહિષ્કાર અને Freedom-rides ને લીધે જાહેર વાહનવહેવારના સર્વ ક્ષેત્રોમાં આપણે અલગતાવાદને નાબૂદ કરી શકયા છોએ.

પણ આપણો મોટામાં મોટો વિજય તો એ છે કે આપણે એક મોટો પ્રશ્ન – નાગરિક અધિકારને લગતો પ્રશ્ન – ઊભો કરી શકયા છીએ. નાગરિક – અધિકારના પ્રશ્નને એક એવું રૂપ–આકાર–ધારણ કર્યો છે કે તેની કોઈ પણ ઉપેક્ષા કરી શકે નહિ. હવે તમે નાગરિક અધિકારોની બાબતમાં તટસ્થ રહી શકો એમ છે જ નહિ. કાં તો તમે એની તરફેણમાં છો અથવા એનો વિરુદ્ધમા છો. અને આ ખરેખર અર્થસૂચક છે.

નાગરિક અધિકાર હવે એક એવો પ્રશ્ન છે જેને કોઈ અવગણી શકે તેમ છે જ નહિ. અને એથી આપણને લાગવું જોઈએ કે આપણે પીછેહઠ નહિ પણ પ્રગતિ કરી રહ્યા છીએ. હા, આપણે આપણા પ્રતિપક્ષીઓ વિષે પહેલાં અજાણ હતા; પણ આ પ્રતિપક્ષીઓ સમગ્રપણે ત્યાં જ હતા અને આપણે હવે એમને ખુલ્લામાં લાવ્યા છીએ કે જ્યાં સર્વ કોઈ તેમને ઓળખી શકે અને આખો સમાજ તેનો સામનો કરી શકે અને તેમની પકડમાંથી મુકત બને.

તો હું હજીયે એવી પ્રતીતિ ધરાવું છું કે અહિંસામાં અક અમોઘ શકિત રહેલી છે અને આપણે જાતિભેદની કરુણતાનો અંત ન લાવીએ અને જેમાં અલગતાવાદ નાબૂદ થયો હોય અને સર્વ અંગોનું સંવાદી સંગઠન થયું હોય એવા સમાજના નિર્માણ તરફ પગલાં માંડતા ન થઈએ ત્યાં સુધી આ માર્ગ, આ પદ્ધતિ, આ ફિલસૂફીને અનુસરવા, અમલી બનાવવા માટે આપણે કટિબદ્ધ થવું જોઈએ. **સમાપ્ત**

અનુવાદિકા: ડૉ. શારદાબહેન ગોરડિયા

મૂળ અંગ્રેજી: ડૉ. માર્ટીન લ્યુથર કીંગ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩, મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઈ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૭ : અંક ૧

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, મે ૧, ૧૯૬૫, શનિવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૨૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## ☆ લોકમતનો ઐતિહાસિક ચુકાદો ☆

[અમદાવાદ ખાતે ગયા મહિના દરમિયાન કરવામાં આવેલી મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં કૉંગ્રેસને જે આઘાતકારી અને કલ્પી ન શકાય તેવી હાર મળી તે ઉપર કંઈક સ્વતંત્ર નોંધ લખવાને બદલે તા. ૧૦-૪-૬૫ના 'સંદેશ'ના અગ્રલેખમાં આ પ્રશ્ન ઉપર જે જોરદાર રજૂઆત કરવામાં આવી છે તેને અહિં ઉદ્‌ધૃત કરવી વધારે ઉચિત લાગે છે. આ અગ્રલેખના લેખક શ્રી. કપિલભાઈ મહેતાને આવી સચોટ રજુઆત કરવા માટે હાર્દિક ધન્યવાદ ઘટે છે. તંત્રી]

અમદાવાદ મ્યુ. કોર્પોરેશનની ચૂંટણીનાં અભૂતપૂર્વ પરિણામોએ આ વખતે આ શહેરમાં વીસમી સદીનો નવો ઈતિહાસ સર્જ્યો છે. આ પરિણામો કૉંગ્રેસ પક્ષ માટે, મજૂર મહાજન માટે અને કૉંગ્રેસ સંસ્થાના અનુયાયીઓ અને તેમના પ્રત્યે સહાનુભૂતિ ધરાવનારા સર્વ માટે અત્યંત તીવ્ર આંચકારૂપ જરૂર છે, પરંતુ એ આખરે લોકશાહીની પ્રક્રિયાનું પરિણામ છે અને પારાવાર યાતનાઓ વેઠતી જનતાનો આર્તનાદ સંભળાવતો અચૂક ચુકાદો છે એમાં કોઈ શંકા નથી. જનતાની લોકશાહી ક્રાંતિ સિવાય એને બીજી કોઈ રીતે મૂલવવાની ભૂલ થઈ શકે જ નહિ. તેથી જનતાનાં ૩૭૬૦૦૦ થી વધુ મતપત્રકોમાંથી જંગી બહુમતી મેળવીને ચૂંટાનારા તમામ લોક-પ્રતિનિધિઓને અમે અભિનંદન આપીએ છીએ અને મ્યુ. કૉંગ્રેસ પક્ષના કથા જ વાંક વિના, તેમજ મ્યુનિસિપલ વહીવટના ખૂબ યશોજ્જ્વલ ઈતિહાસ છતાં, ઉખ્ખુટી મેયરશ્રી સુધ્ધાં કૉંગ્રેસ પક્ષના મોવડીઓને પણ જે કારમો પરાજય સાંપડ્યો છે એમના પ્રત્યે, ગુજરાતની કૉંગ્રેસના મોવડીઓની હઠાગ્રહી અને લોક-વિમુખ નીતિના શહીદ બનવા માટે દિલસોજી વ્યક્ત કરીએ છીએ.

ગુજરાતના પાટનગર અમદાવાદમાં સ્વ. સરદાર વલ્લભભાઈ પટેલના નેતૃત્વ હેઠળ કૉંગ્રેસ પક્ષે અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં ૧૯૨૧થી નવું જીવન પ્રગટાવ્યું હતું અને ૧૯૨૪માં બહુમતીમાં ચૂંટાઈ દેશભરમાં અપ્રતિમ પ્રતિષ્ઠા અપાવી હતી ત્યાં જ, ૪૧ વર્ષે કૉંગ્રેસ પક્ષને અને તેના અંતર્ગત મજૂર મહાજનને પણ નામોશીભર્યો જાકારો મળ્યો છે. તા. ૩૦મી જાન્યુઆરી ૧૯૨૪ના દિવસે જે શહેરમાં ૩૮ ચૂંટાયેલી બેઠકોમાંથી ૩૪ બેઠકો કબજે કરીને સ્વ. સરદાર વલ્લભભાઈ પ્રમુખ બન્યા એ જ મ્યુનિસિપાલિટીની તે પછીની બધી જ ચૂંટણીઓમાં (૧૯૫૭નો અપવાદ બાદ કરતાં) કૉંગ્રેસ પક્ષને જંગી બહુમતી મળતી જ આવી છે અને જનતાએ અમદાવાદ શહેરની સુખાકારી અને વિકાસ માટેના કૉંગ્રેસના પ્રયાસોને હંમેશાં વધાવ્યા છે. છતાં આ વખતે ચૂંટણીમાં કૉંગ્રેસ પક્ષ ૭૮ બેઠકો માટે પૂરા ૭૮ ઉમેદવાર ઊભા કરનાર એકમાત્ર પક્ષ હોવા છતાં ભયંકર પરાજય વેઠીને મ્યુ. વહીવટના સત્તાસ્થાનેથી દૂર થશે એ અવશ્ય ઐતિહાસિક બનાવ છે. ભારતભરનાં મ્યુ. કોર્પોરેશનોમાં ગુજરાતના પાટનગરમાં, મહાત્મા ગાંધીજીની અને સ્વ. સરદાર વલ્લભભાઈ પટેલની કર્મભૂમિમાં જ કૉંગ્રેસને લોકમતની અદાલતમાં આવી આકરી સજા થઈ છે એ દુર્દૈવ છે. કોઈ પણ કોર્પોરેશનમાં નથી એટલી નાની લઘુમતી કૉંગ્રેસ પક્ષને અહીં પહેલી જ વાર મળી છે. જનતાનો આ ચુકાદો છે, લોકશાહી ચૂંટણીમાં મતપેટીઓ દ્વારા અપાયેલો છે, એટલે એ ચુકાદો સાર્વભૌમ લોકઅદાલતનો હોઈને તેને માથે ચઢાવવાની નમ્રતા કૉંગ્રેસે દેખાડવી જ જોઈશે. એ ચુકાદાનો આદર કરવો જોઈશે. પરંતુ લોકમત કૉંગ્રેસ પ્રત્યે આટલો બધો કઠોર બનીને મ્યુ. વહીવટમાંથી કૉંગ્રેસ પક્ષને ૪૧ વરસે હાંકી કાઢવાની હદે કેમ પહોંચ્યો એ પ્રશ્ન જ સહુથી મહત્ત્વનો છે. ચૂંટણીનો સમસમતો તમાચો કૉંગ્રેસ બોધપાઠ તરીકે સ્વીકારીને પ્રાયશ્ચિત તરફ વળે એ જ ઉચિત છે.

લોકમતને ઠોકરે મારવાની ઉદ્દંડતા કૉંગ્રેસે જે જે પ્રશ્નોમાં બતાવી હોય તેની આ સજા છે એ તો નિર્વિવાદ છે. લોકશાહી એ સ્વરાજ્યનો પ્રાણ છે અને લોકશાહીને વરેલી કૉંગ્રેસ માટે લોકશાહી ચૂંટણીનો નિર્ણય વિરુધ્ધમાં ઊતરે ત્યારે જ એની લોકશાહી-નિષ્ઠાની કસોટી થવાની છે. સ્વરાજની લડતના મહાન અને પ્રાતઃસ્મરણીય નેતાઓએ જનતાના હૃદયસિંહાસન પર સ્થાન મેળવ્યું હતું, એટલે બીજા સત્તાનાં સિંહાસનોને તેઓ જનતાના પ્રેમની તાકાતથી ડોલાવી અને ઊખેડી શક્યા હતા અને ભારતને સ્વરાજ્ય મળ્યું હતું. જનતાના હૈયામાં છલકતા એ પ્રેમની તાકાતથી જ કૉંગ્રેસ આજ સુધી સ્વરાજનું સંચાલન પણ કરતી રહી છે. એ જ રીતે સ્વરાજ્ય નહોતું મળ્યું ત્યારે સ્થાનિક સ્વરાજ્યમાં પણ લોકહિત માટે ઝૂઝનારા અને સતત પરિશ્રમ કરનારા કૉંગ્રેસી આગેવાનોએ સતત વિશ્વાસ જીતીને મ્યુનિસિપલ વહીવટ ચલાવ્યો હતો. આજ સુધી અમદાવાદ મ્યુ. કોર્પોરેશનનો વહીવટ યશસ્વી રીતે ચાલ્યો છે, શહેરની રોનક ખૂબ વધી છે, લોકોપયોગી કામો ખૂબ થયાં છે, રસ્તા, દીવા-બત્તી, સફાઈ, કેળવણી, આરોગ્ય અને શહેરનો વિકાસ બધાં કામો સુંદર રીતે થયાં છે. એની પાછળ કૉંગ્રેસ પક્ષની એકધારી સેવા જ મુખ્ય છે. આજે પણ મ્યુ. કૉંગ્રેસ પક્ષ પ્રત્યે કોઈ રોષ નથી. મ્યુ. વહીવટમાં થોડીક ટીકાઓ સિવાય કોઈ મૂળભૂત ગંભીર ક્ષતિઓ કોઈએ દેખાડી નથી કે તેના પાયા પર ચૂંટણી લડાઈ નથી. જનતાએ કૉંગ્રેસ પક્ષને મ્યુ. ચૂંટણીમાં આટલો સખ્ત પરાજય આપ્યો એ વ્યક્તિગત રીતે કોઈ ઉમેદવારને નહિ, પણ ગુજરાત કૉંગ્રેસ અને ગુજરાત કૉંગ્રેસના સકંજામાં રહેલી ગુજરાત સરકાર સામેના તીવ્ર રોષને કારણે સંસ્થાને જાકારો આપ્યો છે એ હકીકતની અવગણના થઈ શકે તેમ નથી.

ગુજરાત સરકારની અંગ્રેજી શિક્ષણ અંગેની નીતિ સામેના લોકવિરોધની અવગણનાનો આમાં સચોટ અને અચૂક જવાબ

છે એમ કહી શકાય. પરંતુ પાંચમા–આઠમાનો પ્રશ્ન બીજા અનેક અસંતોષોમાં થયેલા છેલ્લા ઉમેરારૂપ ગણાય. જનતાને જીવનની જે પારાવાર યાતનાઓ વેઠવી પડે છે, મોંઘવારીની ભયંકર ભૂતાવળ નાચી રહી છે, તેથી જીવનનું હીર નિચોવાઈ રહ્યું છે, અનાજ, ગોળ, તેલ વગેરેની કૃત્રિમ તંગીને લીધે અને સરકારના અધૂરાં, અધકચરાં પગલાંને લીધે જે મુશ્કેલીઓ અને ત્રાસમાં ઉમેરો થયો છે તેથી જનતામાં જે ઊંડો અસંતોષ વ્યાપી રહ્યો છે એના ઉપર, 'દાઝ્યા ઉપરના ડામ' જેવી મુખ્ય પ્રધાનની અંગ્રેજી અંગેની જાહેરાતે મ્યુ. કૉંગ્રેસ પક્ષનું ભાવિ નક્કી કરી નાખ્યું એમ હવે લાગે છે. પાંચમા ધોરણથી અંગ્રેજી ભણાવવાની મરજિયાત છૂટ આપીને એસ. એસ. સી. પરીક્ષા એક જ કક્ષાએ લેવાની જાહેરાત અને તે સાથે જ ૫–૬–૭ ધોરણોને પ્રાથમિક કક્ષાનાં ગણવાની નીતિની વિનાકારણ અત્યારે થયેલી જાહેરાતથી અમદાવાદ શહેરના મધ્યમવર્ગમાં જબરો રોષ ફાટી નીકળ્યો. "ભટ્ટના કિલ્લા પાછળ બેઠેલાને ખ્યાલ ન આવે" એવી આ પ્રશ્ન અંગે અમે તે વખતે કરેલી ટકોર સાચી નીવડી છે. કૉંગ્રેસના મ્યુ. વહીવટ સામે નહિ પણ કૉંગ્રેસના લોકમતની દરકાર નહિ કરવાના અથવા ગોળગોળ જાહેરાતોથી ટંગડી ઊંચી રાખી લોકોને મૂર્ખ બનાવવાના પ્રયાસ લોકો ન સમજે એવા ભોટ હવે રહ્યા નથી એ જ આ મતપેટીઓએ દેખાડી આપ્યું છે !

અલબત્ત મોંઘવારી, ઝોનબંધીને લીધે અનાજની મુશ્કેલી, તેલની નફાખોરી અને ગોળની તંગી વગેરે પ્રશ્નોને મ્યુનિસિપલ કોરપોરેશન સાથે કશી સીધી નિસ્બત નથી, તેમ એ એકલી ગુજરાત સરકારના હાથની વાત પણ નથી; છતાં લોકોને આશ્વાસન આપવાનો પ્રયત્ન કરવાનું, વિશ્વાસમાં લેવાનું, બની શકતી રાહત મળે તેમ કરવાનું તો કૉંગ્રેસના હાથમાં હતું જ. લોકપ્રેમ ખોઈ બેઠેલી કૉંગ્રેસ લોકોની વિશાળ સભાઓ ભરી શકે નહિ, તો લોકો વચ્ચે જઈને તો કામ કરી જ શકે...છતાં તેમ થયું નહિ એનો ડંખ જનતા કેમ ભૂલે ? અમદાવાદ શહેરમાંથી મજૂર મહાજનના અગ્રણી શ્રી. વસાવડાને હરાવીને શ્રી. ઈન્દુલાલ યાજ્ઞિક લોકસભામાં ચૂંટાઈ આવ્યા હોવા છતાં ડો. જીવરાજ મહેતાના પ્રધાનમંડળના સમયમાં, ૧૯૬૧ની ચૂંટણીમાં મજૂર મહાજનના ગઢ સમા પરાં વિસ્તારની ૩૧ બેઠકોમાંથી કૉંગ્રેસ ૨૯ બેઠકો જીતી શકી હતી અને શહેર વિસ્તારમાં ૨૧ બેઠકો મેળવી હતી એ બતાવે છે કે કૉંગ્રેસ મ્યુ. કોરપોરેશનનો વહીવટ કરે તે તો જનતાને મંજૂર હતું જ. ગઈ ચૂંટણીમાં ૭૨ માંથી ૫૦ બેઠકો કૉંગ્રેસને મળી હતી અને જનતા સમિતિને ૯ તથા પ્રજા સમાજવાદીઓને ૮ બેઠકો મળી હતી. કુલ મતદાનમાંથી ૪૩.૮ ટકા મત કૉંગ્રેસને મળ્યા હતા અને જનતા સમિતિને ૨૧.૪ ટકા અને પ્રજા સમાજવાદીઓને ૧૪.૩ ટકા મળ્યા હતા. પણ ૧૯૬૧ પછી જે જે બનાવો બન્યા, કૉંગ્રેસની આંતરિક જૂથબંધીના ભવાડા જોવા મળ્યા, ડો. જીવરાજના પ્રધાનમંડળને એમના જ સાથીઓએ ઉથલાવી પાડ્યું. પ્રદેશ સમિતિ અને શહેર સમિતિ વચ્ચેના મતભેદો અને અસહકાર, પ્રદેશ સમિતિના દેખાવના નહિ પણ ખરા નેતાઓ અને મજૂર મહાજનના મોવડીઓ વચ્ચેનો અંદર ખાનગી–ખૂણે ચડભડતો ખટરાગ, પાંચમા–આઠમાના મતભેદો અને ગુલાંટો, એ વાટાઘાટો દરમ્યાન પ્રદેશ સમિતિની પકડ પાસે છતી થઈ ગયેલી મુખ્ય પ્રધાનની લાચાર સ્થિતિ–એ બધાની અસરોનો સરવાળો આ ચૂંટણીમાં કૉંગ્રેસને અભૂતપૂર્વ અને નામોશીભર્યો પરાજય અપાવનારો નીવડ્યો છે.

જનતા પરિષદને પોતાને જ ૪૨ બેઠકો જેટલી સ્પષ્ટ બહુમતી મળી ગઈ અને કૉંગ્રેસ ૭૮માંથી ૧૩ બેઠકો કરતાં વધુ આગળ વધી જ ન શકી, અને જનતા પરિષદના અજાણ્યા ઉમેદવારો મજૂર વિસ્તારમાં પણ પ્રચંડ મોટું મતદાન મેળવી કૉંગ્રેસી અને મજૂર મહાજનના મોવડીઓને હરાવી શક્યા એ ચમત્કાર જનતાએ સર્જી બતાવ્યો છે; પણ સામ્યવાદી વર્ચસ્વવાળી જનતા પરિષદને સત્તામાં મૂકવાનો નિર્ણય જનતાએ કર્યો હતો એવા ભ્રમમાં કોઈએ રહેવા જેવું નથી. સામ્યવાદીઓ ચૂંટાયા છે, જેલમાં અટકાયતી તરીકે રહેલા ડાબેરી (પેકિંગપંથી) સામ્યવાદીઓ પણ મોખરે રહીને ચૂંટાઈ આવ્યા છે એ બધી હકીકત સાચી હોવા છતાં અમદાવાદ શહેર સામ્યવાદ પસંદ કરવા તરફ વળ્યું હોવાનો આક્ષેપ કરવામાં ગંભીર ભૂલ થશે. આ પરિણામમાં કેવળ કૉંગ્રેસ તરફનો રોષ જ જોવો જોઈએ. કૉંગ્રેસને ઉથલાવી વહીવટ સંભાળી શકે તેટલા ઉમેદવારો એકલા જનતા પરિષદે જ ઊભા રાખ્યા હતા તેથી અને લોકનેતા શ્રી. ઈન્દુલાલ યાજ્ઞિકના પ્રભાવને કારણે જનતા પરિષદને આટલી બહુમતી મળી છે. એ બધામાં ઘણાય સામ્યવાદીઓ નથી. ગૃહસ્થ વ્યવસાયીઓ છે, કૉંગ્રેસ–વિરોધીઓ છે, સુશિક્ષિત ડોકટરો, વકીલો અને કારીગરો છે. લોકશાહીમાં મુખ્ય વિરોધ પક્ષ વિકલ્પ સરકાર રચી શકે તેવો શકિતશાળી હોય એ સ્થિતિ આદર્શ ગણાય, પરંતુ ભારતમાં હજી તે સ્થિતિ નથી. અમદાવાદમાં જનતા પરિષદને ચૂંટીને જનતાએ તેમને બેજવાબદાર ટીકાખોર પક્ષમાંથી એકાએક વહીવટ માટે જવાબદાર પક્ષ બનાવી મૂક્યો છે. શ્રી. યાજ્ઞિકના ઉદ્‌ગારોમાં એ જવાબદારીના ભાનનો રણકો થોડો સંભળાયો છે. કૉંગ્રેસ પક્ષ અને પ્રજાસમાજવાદી પક્ષ મળીને આ વખતે ગઈ મ્યુ. બોર્ડના વિરોધપક્ષની સંખ્યા જેટલી સંખ્યા કરી શક્યા છતાં નવા વહીવટમાં તેઓ સહકાર આપે, શહેરના એકંદર હિતમાં વર્તે અને ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ પણ જનતાના આ સજ્જડ તમાચાની કળ વળે ત્યારથી નમ્રતાપૂર્વક લોકશાહીમાંની નિષ્ઠા બતાવી લોકમતને અને લોકોના પ્રેમને લાયક બનવા ફરીથી સેવાભાવે લોકસંપર્ક સાધવાની દોરવણી આપે, કોઈ પણ જાતના કાવાદાવા, ઈર્ષ્યાભર્યા કે કિન્નાખોર વિરોધથી સહુ દૂર રહે, સરકાર પણ લોકોના ચૂંટાયેલા જ પ્રતિનિધિઓ આ નવા વહીટદારો છે એમ સમજીને યોગ્ય વર્તન રાખે તથા જનતા પરિષદના મોવડીઓ શહેરનું એકંદર હિત અને આજ સુધીની પ્રણાલિ લક્ષમાં રાખીને ખેલદિલીથી વહીવટ સંભાળે તો વાતાવરણનો ઉશ્કેરાટ અને ગ્લાનિ ઓછાં થશે.

જનતા પરિષદ માટે વહીવટની જવાબદારી નવી છે, પણ એમનામાં શકિત નથી એવું માની લેવાય નહિ. લોકોએ તેમને ચૂંટીને તેમને પણ કસોટીએ ચઢાવ્યા છે. શહેરના આગેવાન નાગરિકોની સલાહમસલતથી તેઓ વહીવટ કરે અને સરકાર સાથે પણ જાણી જોઈને અથડામણ ઊભી કરવાની ચળથી દૂર રહે તો તેમને પણ શહેરની સક્રિય સેવા કરવાની તક મળી છે તેનો તેઓ પોતાના લાભમાં જ સદુપયોગ કરી શકશે. **તંત્રી, સંદેશ.**

## સમેતશિખર–કરારનામા અંગે શ્રી સોહનલાલજી દુગડનું નિવેદન

કલકત્તા ખાતે પ્રગટ થતા તા. ૨૧-૩-૬૫ ના દૈનિક 'વિશ્વ મિત્ર'માં જૈનોના સમેતશિખર તીર્થ સંબંધે બિહાર સરકાર અને શ્વે. મૂ. જૈન સમુદાયનું પ્રતિનિધિત્વ ધરાવતી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી સાથે તાજેતરમાં થયેલા કરારનામા અંગે પોતાની પ્રતિક્રિયા રજુ કરતું એક નિવેદન ભારત જૈન મહામંડળના અધ્યક્ષ કલકત્તા નિવાસી શેઠ સોહનલાલજી દુગડ તરફથી પ્રગટ કરવામાં આવ્યું હતું. તે હિંદી નિવેદનનો નીચે મુજબ અનુવાદ છે :–

"બિહાર સરકારે પ્રસ્તુત પવિત્ર જૈન તીર્થસ્થળ સંબંધમાં શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સમાજ સાથે કરારનામું કરતી વખતે જૈન સમાજના અધિકારોને શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સમાજ ઉપર છોડવાને બદલે બન્ને સમાજના પ્રતિનિધિઓ સાથે કરારનામું કરવું જોઈતું હતું. બિહાર સરકારના મુખ્ય મંત્રી તથા રેવન્યુ મંત્રી તરફથી દિગંબર જૈન સમાજના પ્રતિનિધિઓને એવું આશ્વાસન પણ આપવામાં આવ્યું હતું. બિહાર સરકારે એ ધ્યાનમાં રાખવું જોઈતું હતું કે ભારતવર્ષમાં જેટલી વસ્તી શ્વેતાંબર મૂર્તિપૂજકોની છે તેટલી વસ્તી દિગંબર જૈન સમાજની છે. આમ હોવાથી બન્ને સમાજ વચ્ચે સદ્‌ભાવના એટલે કે પ્રેમભાવ ટકી રહે એવો પ્રયત્ન બિહાર સરકારે કરવો જોઈએ."

# 'પ્રબુદ્ધ જીવન'નો ૨૭મા વર્ષમાં પ્રવેશ

આ અંકથી પ્રબુદ્ધ જીવન ૨૭માં વર્ષમાં પ્રવેશ કરે છે. ગયા નવેમ્બર માસમાં 'પ્રબુદ્ધ જીવન' ની રજત જયંતી ઉજવાઈ ગઈ તે પ્રસંગે 'પ્રબુદ્ધ જીવન' અંગે કહેવા યોગ્ય સર્વ કાંઈ કહેવાઈ ગયું છે. આ ઉપરાંત 'પ્રબુદ્ધ જીવને' કેટલો બધો લોકાદર પ્રાપ્ત કર્યો છે તેનો પણ તે વખતના 'પ્રબુદ્ધ જીવન'ના અંકોમાં પ્રગટ થયેલા શિષ્ટ – વિશિષ્ટ અનેક વ્યક્તિઓના સંદેશાઓ ઉપરથી 'પ્રબુદ્ધ જીવનના' વાચકોને પૂરતો ખ્યાલ અપાઈ ચૂકયો છે. આમ હોવાથી આ નૂતન વર્ષ પ્રવેશ પ્રસંગે કંઈ ખાસ નવું–ખાસ વિશેષ–કહેવાનું પ્રાપ્ત થતું નથી.

'પ્રબુદ્ધ જીવન' રજત જયંતી પ્રસંગ નિમિત્તે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ફાળામાં રૂ. ૨૯૩૬૮-૫૧ની આવક થઈ અને સૌરાષ્ટ્ર ટ્રસ્ટે દર વર્ષે રૂ. ૧૫૦૦ ની મદદ આપવાની ઉદારતા દાખવી. આથી 'પ્રબુદ્ધ જીવન' અંગેની આર્થિક ચિન્તા ઠીક પ્રમાણમાં હળવી બની છે. આથી ઉત્તેજિત થઈને તા૦ ૨૦-૪-૬૫ ના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિએ આજ સુધી 'પ્રબુદ્ધ જીવન' ન્યુસ પ્રીન્ટ પેપર ઉપર છપાતું હતું તેના સ્થાને જેને વ્હાઈટ પ્રીન્ટીંગ પેપર કહે છે તેવા સફેદ સારા કાગળ ઉપર આ અંકથી પ્રબુદ્ધ જીવન છાપવાનો નિર્ણય કર્યો છે. આના પરિણામે છાપણીના કાગળનો દર વર્ષે જે ખર્ચ આવે છે તેમાં આશરે રૂા. ૬૦૦ નો ખર્ચ વધારે આવશે એવી ગણતરી છે.

'મહાપ્રસ્થાનેરપથપર' એ મથાળા નીચે બદ્રીનાથ કેદારનાથની યાત્રાના બંગાળી ભાષામાં લખાયલા શ્રી પ્રબોધ સંન્યાલના વર્ણનનો હિંદી અનુવાદ કેટલાક સમય પહેલાં મારા વાંચવામાં આવતાં હું તે વડે અત્યંત મુગ્ધ થયો હતો અને મૂળ બંગાળીનો કોઈ મિત્ર ગુજરાતી અનુવાદ કરી આપે તો કરાવીને 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોને તે પ્રસાદપૂર્ણ વર્ણનનો લાભ આપવો એવી ઈચ્છા હું મનમાં સેવી રહ્યો હતો. સદ્‌ભાગ્યે જાણીતા સાહિત્યકાર અધ્યાપક શ્રી ચંદ્રકાન્ત મહેતાએ તે પુસ્તકનો અનુવાદ કરી આપ્યો છે. આ અનુવાદ મારી પાસે લગભગ દશ મહિનાથી પડેલો છે. પણ પ્રબુદ્ધ જીવનનાં બીજા રોકાણો અંગે તે હજુ સુધી હાથમાં લઈ શકાયો નથી. આ નવા વર્ષના પહેલા અંકથી તે શરૂ કરવાનો વિચાર હતો, પણ વચ્ચે કચ્છના પ્રવાસનું વર્ણન અણધાર્યું આવી પડયું. તે હજી ત્રણેક હપ્તા સુધી ચાલશે એવી ગણતરી છે. તે પૂરું થયા બાદ ઉપર જણાવેલ ભવ્ય અને અત્યંત હૃદયંગમ વર્ણન લેખમાળાના આકારમાં 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ કરવામાં આવશે.

છેલ્લા બારેક માસથી જૈન સમાજને લગતી બાબતો અંગે પ્રબુદ્ધ જીવનમાં છૂટાં છવાયાં લખાણો પ્રગટ થઈ રહ્યાં છે, અને આ લખાણોને લીધે, જણાવતાં આનંદ થાય છે કે, જૈન સમાજમાં તરેહ તરેહનો ક્ષોભ અને વિચારસંઘર્ષ પેદા થઈ રહેલ છે અને તે રીતે 'પ્રબુદ્ધ જીવન'નું અસ્તિત્વ વધારે સાર્થક બની રહ્યું છે. તેથી આ નીતિ હવે પછી પણ ચાલુ રાખવામાં આવશે.

'પ્રબુદ્ધ જીવન' જે સત્યનિષ્ઠાપૂર્વક ચલાવવામાં આવે છે તે સત્યનિષ્ઠાને વળગી રહેવા માટે અપેક્ષિત નિડરતા અને વિવેકદૃષ્ટિ એકસરખી જળવાઈ રહે અને 'પ્રબુદ્ધ જીવન'દ્વારા લોકજાગૃતિ સધાતી રહે એવી અંતરની પ્રાર્થના છે. **તંત્રી, 'પ્રબુદ્ધ જીવન'.**

### 'પ્રબુદ્ધ જીવન' રજતજયંતી સમારોહના સંદર્ભમાં થયેલી અર્થપ્રાપ્તિ

| | | |
|---|---|---|
| ૨૯૨૦૦–૫૧ | અગાઉ જાહેર થઈ ગયેલી રકમો | |
| ૧૦૧–૦૦ | શ્રી પાનાચંદ ડુંગરસીભાઈ તુરખીઆ | |
| ૩૦–૦૦ | ,, મંગળજી ઝવેરચંદ મહેતા | |
| ૨૫–૦૦ | ,, અગરચંદજી નહાટા | |
| ૧૧–૦૦ | ,, શાંતિલાલ સી. શાહ | |
| ૧–૦૦ | ,, ઈન્દુલાલ મણિલાલ શાહ | |
| ૨૯૩૬૮–૫૧ | | |

## વિષયસૂચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| લોકમતનો ઐતિહાસિક ચુકાદો | તંત્રી, સંદેશ. | ૧ |
| 'પ્રબુદ્ધ જીવન'નો ૨૭મા વર્ષમાં પ્રવેશ | તંત્રી, પ્રબુદ્ધ જીવન | ૩ |
| "જવાહરલાલ અનિવાર્ય નથી" | ચાણાક્ય | ૩ |
| રાષ્ટ્રીય તેમજ આન્તરરાષ્ટ્રીય રાજકારણ | ચીમનલાલ ચકુભાઈ શાહ | ૫ |
| "હિમાલય સાથે જોડાયેલી મારી જીવનયાત્રા" | શાંતિલાલ ત્રિવેદી | ૭ |
| સુકી ધરતીના મીઠાં સ્મરણો | ચીમનલાલ જે. શાહ | ૮ |


# "જવાહરલાલ અનિવાર્ય નથી."

[ ૧૯૩૬માં પંડિત જવાહરલાલને ત્રીજી વાર કોંગ્રેસના પ્રમુખ બનાવવાની વાતો ચાલતી હતી. એ વખતે તે બાબતનો વિરોધ કરતો એક લેખ 'મોડર્ન રીવ્યુ'માં 'ચાણાક્ય'ના ઉપનામથી પ્રગટ થયો હતો. એ લેખમાં, જવાહરલાલને કોંગ્રેસની ગાદી ઉપર સતત સત્તારૂઢ કર્યા કરવાથી દેશ માટે કેટલું જોખમ છે, તેનો ખ્યાલ આપવામાં આવ્યો હતો. રખેને સતત સત્તાનો ભોગ બનવાથી તેમનું મગજ બહેકી ન જાય, અને ભારતના સરમુખત્યાર બની બેસવા ન લલચાય–આવા ભયસ્થાન તરફ પ્રસ્તુત લેખ દ્વારા પ્રજાજનોને ચેતવવામાં આવ્યા હતા. આ લેખે અનેક લોકોનું ખૂબ ધ્યાન ખેંચ્યું હતું અને જે જવાહરલાલ એ દિવસોમાં લોકપ્રિયતાનાં એક પછી એક શિખર વટાવીને આગળ વધી રહ્યા હતા તેમના સામે–તેમને કોંગ્રેસના ત્રીજી વાર પ્રમુખ બનાવવા સામે–લખનાર આ 'ચાણાક્ય' તે કોણ છે એ બાબતની ભારે ચકચાર ઊભી થઈ હતી. કહેવાય છે કે 'મોડર્ન રીવ્યુ' ના તંત્રીને પણ આ ચાણાક્ય કોણ છે તેની ખબર નહોતી. સમય જતાં જાણીતા અમેરિકન લેખક શ્રી જોન ગંથરે પહેલી વાર બહાર પાડયું કે આ લેખના લેખક અન્ય કોઈ નહિ, પણ પંડિત જવાહરલાલ પોતે જ હતા. આમ પોતાની ટીકા કરનાર જવાહરલાલ પોતે જ હતા એ જાણીને લોકોના આશ્ચર્યના પાર રહ્યો ન હતો.

આ લેખ આ રીતે ભારે માર્મિક છે. આ લેખમાં જવાહરલાલ પોતે પોતાને વિશે શું ધારતા હતા એને લગતું કોઈ અંગત વિવરણ નથી, પણ તેમને દૂરથી જોનારા વિવેચકો અને ટીકાકારો તેમના વિશે કેવા ખ્યાલો ધરાવતા હતા, કેવા તર્કવિતર્કો કરતા હતા એ બાબતનું તેમને પૂરું ભાન હતું, એ વિષે તેઓ પૂરા સજાગ હતા એ બાબતનું આ લેખમાં ભારે માર્મિક સૂચન છે. આ દૃષ્ટિએ તેમનાં અન્ય લખાણો કરતાં આ લખાણનું વિશિષ્ટ મહત્ત્વ છે. આ લેખ મૂળ અંગ્રેજીમાં હતો. તેનો અનુવાદ 'ગ્રંથ'ના ઑગસ્ટ માસમાં પ્રગટ થયેલો તે અહીં સાભાર ઉદ્‌ધૃત કરવામાં આવે છે. **પરમાનંદ** ]

## 'જવાહરલાલ અનિવાર્ય નથી.'

લોકોના ટોળાએ પોકાર કર્યો: 'જવાહરલાલ કી જય!' જવાહરે ઝડપથી પસાર થતાં એક તરફ નજર ફેંકી, એમનો હાથ જયનાદનો જવાબ વાળવા ઊંચો થયો, એમનો ફિક્કો ચહેરો સ્મિતથી ચમકી ઊઠયો.

એ સ્મિત અદશ્ય થઈ ગયું અને વળી પાછી એ ચહેરા પર કડકાઈ અને ગમગીની પથરાઈ રહી. એમણે કરેલું સ્મિત અને સ્મિત સાથે જોડાયલો શિષ્ટાચાર બાહ્ય વિવેકમાંથી પ્રગટયો હોય એવી લગભગ પ્રતીતિ થઈ હતી. જે ટોળાના તે લાડીલા નેતા બન્યા હતા તેને પલભર રીઝવવાની, તેની શુભેચ્છાઓ પામવાની આ વ્યાપારી તરકીબ તો નહિ હોય?

એમના મુખને ફરી વાર નીરખ્યો. એક લાંબુ સરઘસ છે, હજારો લોકો તેમની મોટરની આસપાસ ટોળે વળ્યા છે અને ભાનસાન ખોઈ હર્ષનાદો પોકારવામાં લીન થઈ ગયા છે. જવાહરલાલ સમતુલા જાળવી મોટરની બેઠક પર ટટ્ટાર ઊભા છે. તેઓ ઊંચા લાગે છે. દેવની જેમ તેઓ શાંત છે અને વિશાળ જનસમૂહથી અવિચલ છે. એકાએક તેમના ચહેરા પર પૂર્વવત્ સ્મિત ફરકે છે, ઉલ્લાસજનક હાસ્ય વિલસે છે, ગાંભીર્ય ઓસરતું જણાય છે અને જનસમૂહ પણ હાસ્યનું કોઈ કારણ જાણ્યા વિના હાસ્ય ફરકાવે છે. હવે તેઓ દેવતા સમાન નથી, બલ્કે માનવ બની જાય છે અને આસપાસ વીંટી વળેલા હજારો લોકો સાથે આત્મીયતાનો ભાવ પ્રગટ કરે છે. જનસમૂહમાં આનંદ પ્રસરે છે, મિત્રભાવ પ્રગટે છે. લોકો તેમને હૃદયમાં સમાવી લે છે. પરંતુ સ્મિત લુપ્ત થાય છે અને ફરી પાછો ફિક્કો અને ગંભીર ચહેરો દેખાય છે.

એમનો ઉમળકો અંતરમાંથી ઉદ્‌ભવેલો હતો કે જાહેર કાર્યકરે વિચારપૂર્વક અપનાવેલી એ કોઈ યુક્તિ હતી? કદાચ બન્ને હોઈ શકે. લાંબી આદતે હવે આવું સ્વરૂપ ધારણ કર્યું હોય. જેમાં અદાનો આભાસ

ન હોય એ અદા સૌથી વિશેષ પ્રભાવશાળી છે અને બહારના પાઉડર કે મેકઅપ વગર અભિનય શી રીતે કરવો એ જવાહર બહુ સારી રીતે જાણે છે. કેળવાયેલી બેદરકારીથી એ જાહેર તખ્તા પર લોકો સમક્ષ ખોટો અભિનય કરીને એમનાં મન હરી જાય છે, પરંતુ એથી દેશનું શું ભલું થાય? એમના આ અભિનય પાછળ કયો હેતુ, કઈ ભાવના છુપાયેલાં છે?

દરેક દૃષ્ટિએ આ પ્રશ્નો રસપ્રદ છે, કારણ કે જવાહરલાલનું વ્યકિતત્વ જ એવું છે કે તે આપણું ધ્યાન ખેંચ્યા વિના ન રહે. પરંતુ આપણા આ પ્રશ્નો મહત્ત્વના પણ છે, કારણ કે જવાહરલાલ વર્તમાન ભારત અને સંભવત: ભાવિ ભારત સાથે સંકળાયેલા છે. ભારતનું ઘણું ભલું કે ઘણું બૂરું કરવાની શકિત તેમનામાં છે, તેથી આપણે આ પ્રશ્નોના ઉત્તર શોધવા જોઈએ.

બે વર્ષથી તેઓ કૉંગ્રેસ પ્રમુખ છે. કેટલાક લોકો એમ માને છે કે તેઓ કાર્યવાહક-સમિતિના મોવડી માત્ર છે અને બીજાઓના દબાણને વશ વર્તી ચાલનારા છે. તેમ છતાં તેઓ પોતાની પ્રતિષ્ઠા અને વગ જનતામાં અને વિવિધ જૂથોમાં સતત વધારતા રહ્યા છે. તેઓ ખેડૂત અને કામદાર, મુસ્લિમ અને ખ્રિસ્તી, પારસી અને યહૂદી દરેક સાથે હળે ભળે છે. તેમની સાથે તેઓ કોઈ ભિન્ન વાણી ઉચ્ચારે છે અને તેમને પોતાનાં કરી લેવા સદાય પ્રયત્ન કરે છે. આ ઉંમરે પણ આશ્ચર્યજનક સ્ફૂર્તિથી તેમણે ભારતના વિશાળ પ્રદેશનો પ્રવાસ ખેડયો છે અને પ્રત્યેક સ્થળે તેમને અસાધારણ આવકાર મળ્યો છે. દૂર ઉત્તરેથી તે છેક કન્યાકુમારી સુધી એ વિજેતા સીઝરની જેમ ઘુમી વળ્યા છે. અનેક દંતકથાઓ તેમની પાછળ પ્રસરી રહી છે. આમાં માત્ર એમના ચિત્તને આહ્લાદ આપતો કોઈ તરંગ હશે કે એની પાછળ સત્તા હાથ ધરવાની કશી આંકાક્ષા રહી હશે? ટોળાંઓમાં ઘૂમવાની તેમની મનોવૃત્તિનો હેતુ શો હોઈ શકે? તેમણે તેમની આત્મકથામાં જે સત્તાલાલસાનો ઉલ્લેખ કર્યો છે તે જ તેમને એક જનસમૂહમાંથી બીજા જનસમૂહ વચ્ચે ફરવા પ્રેરતી નહીં હોય? એ સત્તાલાલસા તેમને મનોમન બોલાવતી નહીં હોય કે 'મેં મારા તરફ આ માનવસમુદાયને ખેંચ્યો છે અને આકાશના તારાઓમાં મારી સત્તાલાલસા અંકિત કરી દીધી છે."

પરંતુ એ તરંગ સત્તાકાંક્ષામાં પલટાઈ જાય તો? જવાહરમાં મહાન અને કલ્યાણકારક પ્રવૃત્તિ કરવાની ગજબનાક શકિત ભલે હોય, છતાં એવા પુરુષો લોકશાસનમાં જોખમકારક ગણાય. એ પોતાની જાતને લોકશાહીના ખુરસ્કર્તા કે સમાજવાદી તરીકે ઓળખાવે છે, અને અલબત્ત સાચેસાચ એ એવા છે પણ ખરા, તથાપિ એક સહજ વળ ચડતાં જ એ સરમુખત્યાર પણ થઈ બેસે, ધીમી ગતિએ ચાલતી લોકશાહીને એક બાજુ મૂકી દે અને છતાંય તેઓ લોકશાહી અને સમાજવાદનાં સૂત્રો ઉચ્ચારે, પરંતુ આપણે જાણીએ છીએ કે આમ જ ફાસીવાદ ફાલ્યો અને નકામા કચરાની જેમ ફેંકાઈ ગયો.

જવાહરલાલ ફાસિસ્ટ બની શકે તેમ નથી. ફાસીવાદની ખરબચડી, કઢંગી રીતરસમો એ ભાગ્યે જ જીરવી શકે. એમનો ચહેરો અને એમની વાણી પણ એની સાખ પૂરે તેમ છે. એ જાણે કહે છે :

"જાહેર સ્થળોમાં કૌટુંમ્બિક મુખાકૃતિઓ જેટલી સુંદર અને આકર્ષક લાગે છે તેટલી કૌટુંમ્બિક સ્થળોમાં જાહેર મુખાકૃતિઓ સુંદર અને આકર્ષક લાગતી નથી."

ફાસીવાદી મુખાકૃતિ એ જાહેરમાં દેખાડવાનું મહોરું છે. પણ તે જાહેરમાં કે ખાનગીમાં કયાંય પ્રસન્નકર જણાતું નથી. જવાહરલાલની મુખાકૃતિમાં તેમ જ તેમની વાણીમાં નિશ્ચિતપણે આત્મીયતાનું તત્ત્વ છે. લોકસમૂહમાં અને જાહેર સભાઓમાં પણ તેઓ આત્મીયતાપૂર્વક બોલે છે એમાં જરાય શંકા નથી. એમ જણાય છે કે જુદી જુદી વ્યકિતઓ સાથે જાણે સ્વજનની જેમ તેઓ વાત કરે છે. આપણે તેમનો અવાજ સાંભળીએ છીએ અથવા તેમનો લાગણીવશ ચહેરો જોઈએ છીએ ત્યારે આપણને પ્રશ્ન થાય છે કે એ સ્વર પાછળ અને મુખાકૃતિ પાછળ શું શું છુપાયેલું હશે, કયા વિચારો અને કામનાઓ, ગ્રંથીઓ અને નિગ્રહો તેની પાછળ રહેલાં હશે અને કેવા આવેગોનો નિગ્રહ કરીને તેમાંથી તેમણે શકિત પ્રાપ્ત કરી હશે? જાહેરમાં બોલતી વેળાએ વિચારોનો ક્રમ તેમને પકડી રાખે છે, પરંતુ બીજા પ્રસંગોએ તેમનો દેખાવ તેમને દગો દેતો હોય તેમ લાગે છે, કારણ કે તેમનું મન વિવિધ ક્ષેત્રોમાં અને વિવિધ તરંગોમાં ભમે છે અને ઘડીભર તે પોતાની સામે બેઠેલા માણસને ભૂલીને પોતાના મન સાથે ગોષ્ઠિ કરે છે. પોતાની વિકટ અને ઝંઝાવાતભરી જીવન-યાત્રામાં ખોઈ બેઠેલા માનવસંપર્કનો તેઓ વિચાર કરી રહ્યા છે. શું તેઓ તેને માટે ઝંખી રહ્યા છે કે પછી તેઓ સ્વનિર્મિત ભવિષ્યનું અને સંઘર્ષો તથા વિજયોનું સ્વપ્ન નિહાળી રહ્યા છે? તેમણે જાણવું જોઈએ કે તેમણે પસંદ કરેલા માર્ગમાં વિશ્રાંતિ નથી અને તે માર્ગે વિજય મળે તો પણ ભાર વધવાનો છે. લોરેન્સે આરબોને કહ્યું હતું તેમ "બળવાખોરો માટે વિશ્રાંતિગૃહો ન હોઈ શકે, તેમને આનંદ ન મળી શકે."

તેમના નસીબે આનંદ નહિ હોય, પણ નસીબ સાનુકૂળ હશે તો કદાચ એથીય મોટી વસ્તુ તેમને પ્રાપ્ત થઈ શકશે અને તે જીવનના ઉદ્દેશની સિદ્ધિ.

જવાહરલાલ ફાસીવાદી ન બની શકે અને તેમ છતાં તેમને સરમુખત્યાર બનાવે તેવાં ઘણાં લક્ષણો તેમનામાં છે: અતિશય લોકપ્રિયતા, સુદૃઢ મનોબળ, તાકાત, જુસ્સો, ગર્વ, સંગઠનશકિત, યોગ્યતા, કડકાઈ, લોકસમૂહ પ્રત્યે તેમનો પ્રેમ હોવા છતાં બીજાઓ પ્રત્યેની તેમની થોડીક અસહિષ્ણુતા અને નિર્બળ તથા આણઘડ પ્રત્યે તેમનો કંઈક તિરસ્કાર. એમના મિજાજના ચમકારા સુખ્યાત છે. ધાર્યું કરવા માટે, આણમમતું ફગાવી દેવા માટે અને નવું સર્જવા બાટે ઊછળતો તેમનો મનોભાવ લોકશાહીની ધીમી પ્રક્રિયાને લાંબો સમય ભાગ્યે જ સહી શકશે. તેઓ તેમની ઈચ્છા મુજબ કામ થાય છે કે નહીં તેની તકેદારી રાખશે. સામાન્ય સંજોગોમાં તેઓ કેવળ સફળ અને કાર્યક્ષમ વહીવટકર્તા બની રહેશે, પરંતુ આ ક્રાંતિકારી યુગમાં સીઝર હંમેશાં બારણાં ઠોકી રહ્યો હોય છે. જવાહરલાલ સીઝર બનવાની કલ્પના કરે એવી શકયતા નથી શું?

આમાં ભારત અને જવાહરલાલ માટે જોખમ રહેલું છે. કારણ, ભારત સીઝરવાદ દ્વારા સ્વાતંત્ર્ય સિદ્ધ કરી શકશે નહીં. કલ્યાણકારી કાર્યક્રમ એકહથ્થુ સત્તા હેઠળ તે સમૃદ્ધ થઈ શકશે, છતાં તે કુંઠિત રહેશે અને તેની પ્રજાની મુકિતમાં વિલંબ થશે.

બે વર્ષથી જવાહરલાલ પ્રમુખ તરીકે ચૂંટાયા છે અને એમણે પોતાનું મહત્ત્વ એવું બતાવ્યું છે કે ઘણા એમને ત્રીજી વખત પ્રમુખ તરીકે ચૂંટવાની વાતો કરે છે. પણ ત્રીજી વાર એ ચૂંટાયા તો તેના જેવી હિન્દની બીજી કુસેવા થવાની નથી. એથી મહાસભાના ભોગે એક માણસની પૂજા થયા કરશે. એથી જવાહરની બુરાઈઓને આપણે મોટું ઉત્તેજન આપીશું. એમની અભિમાનવૃત્તિ વધારીશું, એ એમ જ માનતા થઈ જશે કે ફકત એ જ હિન્દના પ્રશ્નોનો ઉકેલ લાવી શકે તેમ છે. આપણે એ યાદ રાખવું જોઈએ કે એ બહારથી મહાસભાના મોટા હોદ્દા તરફ નિર્લેપ વૃત્તિ દર્શાવતા હોય છતાં, છેલ્લાં સત્તર વર્ષથી એમણે મહાસભાના મહત્ત્વના હોદ્દા પોતાની પાસે રાખ્યા છે. આપણે હવે બનાવી આપવું જોઈએ કે જવાહરલાલ અનિવાર્ય નથી, અને તેથી તેમને ત્રીજી વાર પ્રમુખ તરીકે ચૂંટવાનું હિન્દને પરવડે તેમ નથી.

આ માટે એક વ્યકિતગત કારણ પણ છે. તેઓ ભલે હિમતભરી વાતો કરે છે, છતાં સ્પષ્ટપણે શ્રમિત અને શિથિલ બની ગયા છે. જો તેઓ પ્રમુખ તરીકે ચાલુ રહેશે તો તેઓ વધુ શિથિલ થઈ જશે. તેઓ આરામ લઈ શકશે નહિ, કારણ એક વાર વાઘ પર સવારી કર્યા પછી તેના પરથી ઉતરી શકાતું નથી. ભારે બોજ અને જવાબદારીમાં તેમની માનસિક શકિતઓ ક્ષીણ થતી આપણે અટકાવીએ અને તેમને બહેકી જતા રોકીએ. ભવિષ્યમાં તેમની પાસેથી સારા કાર્યની અપેક્ષા રાખવાનો આપણે અધિકાર છે. આપણે એ ભાવિને કલુષિત ન કરીએ અને વધુ પ્રસંશા કરીને કે વધુ મહત્તા આંપીને તેમને પણ મોઢે ન ચડાવીએ. તેમની પતરાજી ખરેખાત ભયંકર છે. તેને અંકુશમાં રાખવી જોઈશે. આપણે સીઝરો જોઈતા નથી.

ચાણાકય

# રાષ્ટ્રીય તેમ જ આન્તરરાષ્ટ્રીય રાજકારણ

(તા. ૨૧-૧૧-૬૪ના રોજ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે રાષ્ટ્રીય તેમ જ આન્તરરાષ્ટ્રીય રાજકારણની સમીક્ષા, શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે સંઘના કાર્યાલયમાં યોજવામાં આવેલી જાહેર સભામાં કરી હતી. ત્યાર બાદ આજ સુધીના ગાળાના રાષ્ટ્રીય તેમ જ આન્તરરાષ્ટ્રીય રાજકારણની, તા. ૧૦-૪-૬૫ શનિવારના રોજ સંઘના ઉપક્રમે સંઘના કાર્યાલયમાં યોજાયેલી જાહેર સભામાં, શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે સવિસ્તર સમીક્ષા કરી હતી, જેની સંક્ષિપ્ત નોંધ નીચે આપવામાં આવે છે. *તંત્રી* )

## રાષ્ટ્રીય ક્ષેત્રે

પ્રથમ આપણે રાષ્ટ્રીય ક્ષેત્રે છેલ્લા પાંચ મહિનાઓ દરમિયાન બનેલી ઘટનાઓની આલોચના કરીએ. સમગ્રપણે જોતાં રાજકારણી પરિસ્થિતિ કથળતી રહી છે.

### ભાષાકીય તોફાનો

આમાં સૌથી વધારે ધ્યાન ખેંચે છે ગયા ફેબ્રુઆરી માસનાં પ્રારંભમાં મદ્રાસ બાજુએ તામીલનાડમાં હિંદી-અંગ્રેજીના પ્રશ્ન ઉપર થયેલાં તોફાનો. આ તોફાનો ગંભીર અને અત્યન્ત દુ:ખદ હતાં.

આપણું નવું બંધારણ ઘડાયું ત્યારે ખરી રીતે તો દક્ષિણ ભારતના અભિપ્રાયને માન આપીને કડીભાષા તરીકે અંગ્રેજીનાં સ્થાને હિંદીને પ્રતિષ્ઠિત કરવા માટે ૧૫ વર્ષના લાંબા ગાળાની ગોઠવણ કરવામાં આવી હતી. આ ગાળાનો ભારત સરકારે હિંદીને વિકસાવવા અને વેગ આપવા પાછળ ઉપયોગ કર્યો હોત તો આજે આ સમસ્યા જ ઊભી થઈ ન હોત. પરિણામે આજ સુધીમાં હિંદી અંગે જે વાતાવરણ પેદા થવું જોઈતું હતું તે થયું જ નહિ અને દક્ષિણ ભારતમાં હિંદી સામે અને ઉત્તર ભારતના લોકો સામે પ્રતિકુળ પ્રચાર વધતો જ રહ્યો. પરિણામે ૧૫ વર્ષ બાદ પણ હિંદી દક્ષિણ ભારતને સ્વીકાર્ય નહિ બને એવી આગાહી મળી ચૂકી હતી અને આ વાસ્તવિકતાનો ખ્યાલ કરીને, અંગ્રેજી એક 'Associate Language' તરીકે–સાથે ચાલતી વહીવટી ભાષા તરીકે–અનિશ્ચિત મુદત સુધી ચાલુ રહેશે એવી જાહેરાત પણ સ્વ. નહેરુએ કરી હતી. આ જોતાં મદ્રાસ બાજુનાં તોફાનોને કોઈ સંગીન કારણ હતું જ નહિ. અને ઝીણવટથી જોતાં વિચારતાં એમ લાગે છે કે આ તોફાનો ભાષાના કારણ કરતાં રાજકારણને લીધે વધુ હતાં. તેનું સ્વરૂપ પણ રાજકારણી હતું. આ તોફાનોમાં સામ્યવાદીઓએ ભાગ લીધો હતો, પણ કોંગ્રેસીઓ પણ કાંઈ ઓછા જવાબદાર નહોતા.

આપણા મહાઅમાત્ય લાલબહાદુર શાસ્ત્રીએ પોતાના ફેબ્રુઆરી માસના વાયુપ્રવચનમાં નહેરુની બાંહ્યધરીનું વધુ મક્કમ રીતે, વધારે સ્પષ્ટ રીતે સમર્થન કર્યું હતું. આથી પણ પ્રજાને પૂરો સંતોષ થયો નથી એમ માલુમ પડતાં કોંગ્રેસ કારોબારીએ આ પ્રશ્ન અંગે મધ્યમ માર્ગ દાખવતો એક વિગતવાર ઠરાવ તૈયાર કરીને લોકો સમક્ષ મૂકયો છે અને તેને રાજ્યના મુખ્ય પ્રધાનોની પરિષદે ટેકો આપ્યો છે. હવે તે કાનૂની આકારપૂર્વક પાર્લામેન્ટમાં રજૂ કરવામાં આવનાર છે. ત્યાં શું પરિણામ આવે છે તે જોવાનું છે.

### વહીવટી ભાષા અંગેના વિકલ્પો

આજે એક એવો અભિપ્રાય વ્યકત થઈ રહ્યો છે કે 'English ever, Hindi never'- 'અંગ્રેજી સદાને માટે, હિંદી કદિ પણ નહિ'. આ અભિપ્રાયના પુરસ્કર્તા રાજાજી છે. કોઈ વિદેશી ભાષા રાષ્ટ્રની હંમેશાને માટે વહીવટી ભાષા–કડી ભાષા–બની રહે એવું કોઈ પણ ઠેકાણે બન્યું નથી; કોઈ પણ દેશ માટે ઈષ્ટ નથી. આમ કરવાનું એક જ પરિણામ આવે કે દેશના ગણ્યાગાંઠયા અંગ્રેજી ભણેલા વર્ગના હાથમાં જ વહીવટી કારભાર સીમિત બની જાય અને સામાન્ય પ્રજા તે સાથે કદિ પણ એકરસ બની ન જ શકે. આમ અંગ્રેજીને હંમેશાને માટે Official Languge–વહીવટી ભાષા–બનાવવાની હિમાયત કરનાર રાજાજી માટે 'દેશદ્રોહી' શબ્દ આકરો લાગતો હોય તો તેઓ દેશહિતચિંતક તો નથી જ એમ મારે સ્પષ્ટપણે કહેવું જોઈએ. કારણ કે આના જેવી સ્વત્વ-હાનિ, માનહાનિ, સંસ્કારહાનિ બીજી કોઈ હું કલ્પી શકતો નથી.

બીજો વિકલ્પ વહીવટને હંમેશાને માટે દ્વિભાષી–Bilingual–બનાવવાનો આગળ ધરવામાં આવે છે. આ પણ એટલો જ કમનસીબ વિકલ્પ મને લાગે છે. તે ખરચાળ છે, મુશ્કેલીભર્યો છે; અવ્યવહારૂ છે.

હળવામાં હળવો વિકલ્પ જે કદાચ સ્વીકારવામાં આવશે તે એ છે કે અહિંદીભાષી એટલે કે દક્ષિણ ભારતનાં રાજ્યોને સ્વીકાર્ય ન બને ત્યાં સુધી અંગ્રેજીને Associate Language–વહીવટ પૂરતી ઈતર ભાષા–તરીકે ચાલુ રાખવી.

### અંગ્રેજીનું આકર્ષણ શા માટે ?

આ આખા ભાષાપ્રકરણની ઉજળી બાજુ મહારાષ્ટ્ર અને ગુજરાતે હિંદીનો સ્વીકાર કર્યો તે છે. શાસ્ત્રીજી હંમેશાને માટે દ્વિભાષીપણું સ્વીકારશે એમ હું માનતો નથી. આજે અંગ્રેજીને મહત્ત્વ બે કારણે આપવામાં આવે છે. : (૧) આપણે અંગ્રેજી દ્વારા દુનિયાની જ્ઞાનસમૃદ્ધિના ભાગીદાર બની શકીએ છીએ અને જગત સાથેનો સંબંધ જાળવી શકીએ છીએ. પણ આ કારણને હું બહુ વજન આપી શકતો નથી. અંગ્રેજીનાં અભાવે ચીન, જપાન, રશિયા દુનિયાની જ્ઞાનસમૃદ્ધિથી વંચિત રહ્યા હોય એમ હું માનતો નથી. આજે તો એક ભાષાનું સાહિત્ય અન્ય ભાષાઓમાં બહુ જલ્દિથી સંક્રાન્ત થવા માંડયું છે. આપણે ત્યાંના કેટલાક સાહિત્યકારો દાખલા તરીકે ઉમાશંકર જેવા હિંદી કરતાં અંગ્રેજી ભાષા વધારે સારી અને વધારે પસંદ કરવા લાયક છે એવો અભિપ્રાય દર્શાવતા હોય છે. તે સાંભળીને મને દુ:ખ અને આશ્ચર્ય થાય છે. (૨) અંગ્રેજીનું બીજું આકર્ષણ જીવનમાં આગળ વધવા માટે, વ્યાપારધંધા માટે અંગ્રેજીની સવિશેષ ઉપયોગીતા છે. જ્યાં સુધી વહીવટ અને ધંધા ઉદ્યોગના ક્ષેત્રમાં અંગ્રેજીનું એકચક્રી રાજ્ય છે ત્યાં સુધી આ બીજું આકર્ષણ ઘટવાનું નથી. અંગ્રેજીને એ સ્થાનેથી હઠાવવી હોય તો તેને સૌ પ્રથમ વહીવટના ક્ષેત્રમાંથી હઠાવવી જોઈએ. તેમ થશે તો જ અંગ્રેજીનો મોહ અને પ્રતિષ્ઠા ઘટશે. અંગ્રેજી સાહિત્ય અલબત્ત અતિ સમૃદ્ધ છે. જેને તેનો લાભ લેવો હોય તે જરૂર લાભ લે, પણ તે કારણે અંગ્રેજીને વધારે મહત્ત્વ આપવામાં આવે તે ખોટું અને અહિતકર છે.

### હિંદીનું સ્થાન

મારા અભિપ્રાય પ્રમાણે દેશના રાજ્યોની ભાષાકીય ધોરણે પુનરચના કરવામાં આવી એ નહેરુની ઘણી મોટી ભૂલ હતી. એવી જ અરાજકતા શૈક્ષણિક ક્ષેત્રે–ખાસ કરીને ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રે–પ્રાદેશિક ભાષાને શિક્ષણ માધ્યમ તરીકે સ્વીકારવાના કારણે પેદા થઈ રહી છે. આપણા દેશની એકતા અને અખંડિતતા જાળવવા માટે એક વાર જે સ્થાન અંગ્રેજીનું હતું તે સ્થાન હિંદીએ લેવું જોઈએ. આ માટે હિંદી પૂરી વિકસિત ભાષા નથી એમ કહ્યા કરવું એ ઉચિત નથી. આજે જે પ્રકારની હિંદી ભાષા પ્રચલિત છે તે અધરી છે. તેને હળવી કરવી પડવાની. એમ છતાં કેટલાક અંગ્રેજીનાં હિંદી પર્યાય શબ્દો, આપણે તેથી ટેવાયેલા નહિ હોઈને, શરૂઆતમાં અધરા લાગવાના જ. પણ તેથી ટેવાતા તે શબ્દો આપોઆપ વહેતા થઈ જશે. સમગ્ર ભારતની દષ્ટિએ આપણે કદાચ નવી હિંદી ઊભી કરવી પડશે અથવા તો ગાંધીજી કહેતા હતા તે મુજબની હિંદુસ્તાની જીવતી કરવી પડશે.

રાજ્યની કક્ષાએ પ્રાદેશિક ભાષાનો ઉપયોગ વ્યાપક બને તેમે હું અયોગ્ય લેખતો નથી. પણ કડીભાષા હિંદી હોવી જોઈએ અને

મોખરાના અધિકારીઓએ દ્વિભાષી બનવું જ પડશે. વળી બધા કાયદાઓનો પ્રમાણભૂત શબ્દાકાર–authorised texts–હિંદીમાં હોવો જોઈએ. અત્યારના બંધારણ મુજબ પાર્લામેન્ટ નક્કી ન કરે ત્યાં સુધી સુપ્રીમ કોર્ટની ભાષા અંગ્રેજી જ રહેવાની, પણ હાઈકોર્ટમાં પ્રેસીડેન્ટની સંમતિથી પ્રાદેશીક ભાષા દાખલ કરી શકાય, પણ હું આશા રાખું છું કે આવું કોઈ રાજ્યમાં નહિ બને અને હાઈકોર્ટમાં અંગ્રેજીને સ્થાને હિન્દી જ આવશે.

ગુજરાતમાં પાંચમાથી અંગ્રેજી કે આઠમાથી અંગ્રેજી–આ પ્રશ્ન ઉપર જે વિવાદ ચાલ્યો તેને એક રીતે હું ભારે કમનસીબ લેખું છું. કોઈ મધ્યમ કે છેડાનો માર્ગ સ્વીકારીને આ વિવાદને આટલો બધો આગળ વધવા દેવો જોઈતો નહોતો. તાજેતરમાં પ્રજામતને વશ થઈને ગુજરાતની સરકારે થોડું નમતું મૂક્યું છે તે પૂરતું નથી અને એ નમતું મૂકતાં પ્રાથમિક-માધ્યમિક શિક્ષણની નવી ગુંચો પેદા કરી છે. આ વિવાદ મને તો અર્થહીન લાગ્યો છે. વળી આવા વિવાદનું વખતસર સમાધાન કરવામાં ન આવે તો પ્રજામત કેટલો બહેકી જાય છે તે આપણે તાજેતરમાં બહાર પડેલા ત્યાંની મ્યુનિસિપાલિટીની ચૂંટણીના પરિણામમાં જોયું છે. જ્યાં કોંગ્રેસ વર્ષો સુધી સર્વોપરિ હતી ત્યાં કોંગ્રેસ કેટલી બધી નાની લઘુમતીમાં આવી ગઈ છે?

## આપણી સરહદો

આપણા દેશની સરહદો અંગે જે સ્થિતિ હતી તે કેટલાક દરજ્જે વધારે કથળી છે, ચીન-પાકીસ્તાન વચ્ચે ભારત વિરુદ્ધ એક પ્રકારનું કાવતરું રચાઈ રહ્યું છે અને તેનો પ્રધાન ઉદ્દેશ છે બધી સરહદો ઉપર નાના મોટાં છમકલાં કરતા રહીને તેને સળગતી રાખવી અને ભારતના સૈન્યને ચોતરફ રોકાયલું રાખવું, જેના પરિણામે ભારતને પારવિનાનો ખર્ચ થયા કરે અને વિકાસકાર્યોને ખૂબ ધક્કો લાગે. હું નથી માનતો કે તત્કાળ કોઈ મોટા પાયાનું કોઈ પણ બાજુએથી ભારત ઉપર આક્રમણ શરૂ થાય. કારણ કે પાકીસ્તાનને અમેરિકાની મદદ સિવાય ચાલે તેમ નથી અને અમેરિકાની અનુમતિ સિવાય પાકીસ્તાન ભારતને પ્રત્યક્ષ યુદ્ધ તરફ ધસડી જતું પગલું ભરી શકે તેમ નથી અને આજના સંયોગમાં અમેરિકા આવી અનુમતિ કદિ આપે જ નહિ. આજના વિકસતા રાજકારણમાં જનરલ અયુબખાનનું સ્થાન વધારે આગળ આવતું જાય છે અને એશિયાના આગેવાન રાજપુરુષોમાં ઈજિપ્તના નાસરની જેમ અયુબખાન પણ વધારે ને વધારે મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કરતા જાય છે.

## આપણી આર્થિક પરિસ્થિતિ

આપણે ત્યાં મોંઘવારીનો આંક વધતો જ જાય છે, અનાજના ભાવો કંઈક ઊતર્યા છે, અને પાક બહુ સારો થયો છે, એમ છતાં પણ પરિસ્થિતિ વિષમ બનતી જાય છે; ખેતીના વિકાસ ઉપર જોઈએ તેટલું ધ્યાન અપાતું નથી. કેન્દ્રને રાજ્યોનો પૂરતો સહકાર નથી અને રાજ્યોમાં પરસ્પર સહકાર છે જ નહિ.

આ વખતનું બજેટ ઈન્ફ્લેશનને–ફુગાવાને–હળવો કરે તેવું હતું. પૂર્વના બજેટ કરતાં વધારે સારું હતું. નવા કરો નાખવામાં આવ્યા નથી. અંગત કરવેરામાં પણ ઠીક ઠીક રાહત આપવામાં આવી છે. આમ છતાં પણ તેની અસર ફુગાવા ઉપર, તેમ જ મોંઘવારી ઉપર જોઈએ તેટલી થઈ નથી. સંભવ છે કે બીજાં પગલાંઓ પણ લેવામાં આવે–જેથી ફુગાવાનું દબાણ ઓછું થાય. મધ્યસ્થ પ્રધાનમંડળમાં એકતા aunity of purpose–દેખાતી નથી. લાલબહાદુર શાસ્ત્રી કેટલાંક નિર્ણયાત્મક પગલાં લઈ શકતા નથી. આમ વહીવટી ક્ષેત્રે પરિસ્થિતિ સંતોષજનક નથી.

## શેખ અબદુલ્લા

મારી દૃષ્ટિએ શેખ અબદુલ્લાને પાસપોર્ટ આપ્યો તેમાં કંઈ અયોગ્ય ન હતું. પણ તેમણે પાસપોર્ટની અરજીમાં 'Indian' ન લખતાં 'કાશ્મીરી મુસ્લીમ' લખ્યું અને એ બાબતનું દુર્લક્ષ કરવામાં આવ્યું તે ખરેખર એક ગંભીર ભૂલ ગણાય. એમણે અન્ય દેશોમાં જે પ્રવચનો કર્યાં તે ગણધાર્યાં નહોતાં. કાશ્મીર પ્રશ્ન ઉપર તેનાં પ્રવચનોની કોઈ ગંભીર અસર પડે એમ હું માનતા નથી, કારણ કે કાશ્મીરના પ્રશ્ન અંગે દરેક દેશની નીતિ અને વલણ ઠીક ઠીક સમયથી ઘડાઈ ચૂકેલ છે–નક્કી થઈ ગયેલ છે. મને લાગે છે કે શેખ અબદુલ્લાએ જે કાંઈ ઠીક-અઠીક કર્યું તેને વધારે પડતું મહત્ત્વ આપવામાં આવ્યું છે.

## ઉપસંહાર

રાષ્ટ્રીય રાજકારણનો ઉપસંહાર કરતાં જણાવવાનું કે બીજા દેશોની અંદર જેવી પરિસ્થિતિ અને જેવા રાજકીય નેતાઓ છે તેવી જ સ્થિતિ આપણી છે. હાલ તુરત બીજા જવાહરલાલ ક્ષિતિજ ઉપર દેખાતા નથી. આપણે આથી ટેવાઈ જવું પડશે. કોંગ્રેસની કેન્દ્રમાં છે તેના કરતા રાજ્યોમાં વધારે વિષમ પરિસ્થિતિ છે. એક જ પક્ષ બહુ લાંબા સમય સુધી સત્તાસ્થાન ઉપર રહે એમ હું ન ઈચ્છું. તેનાં જ માંઠાં પરિણામો આપણે ભોગવી રહ્યા છીએ–અહિં હું અમદાવાદની સુધરાઈનો વિચાર કરું છું. સતત ૩૦ વર્ષ સુધી કોંગ્રેસે સત્તા ભોગવી. આજે એકદમ ફેંકાઈ ગઈ. આવતાં વર્ષો કોંગ્રેસ તેમ જ દેશ માટે ભારે કટોકટીનાં હશે. પ્રજામાનસ આજે grumbling posturesથી ઘેરાઈ ગયું છે–દરેક બાબતમાં ફરિયાદ, ગણગણાટ અને પાર વિનાનો ઉકળાટ–આમાંથી, જો પ્રજાએ આગળ વધવું હોય તો ઊંચા ઉઠયે જ છૂટકો છે.

# આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રે

'વિયેટ નામ' અંગે અમેરિકાએ જે નીતિ ધારણ કરી છે તે કોઈ રીતે યોગ્ય નથી. આનો બળજબરી અને બોંબવર્ષાથી નહિ, પણ સુલેહશાંતિભરી વાટાઘાટો વડે જ નિકાલ થવો જોઈએ. દક્ષિણ વિયેટ નામને સામ્યવાદથી બચાવવા માટે અમેરિકા આ બધું કરી રહેલ છે એવો અમેરિકાનો દાવો છે. આ રીતે વિચારતાં સામ્યવાદ–પ્રભાવિત ઉત્તર વિયેટ નામ દક્ષિણ વિયેટ નામ ઉપર આક્રમણ કરતું હોય અને અમેરિકા દક્ષિણ વિયેટ નામની સરકારના નિમંત્રણથી તેની મદદે જતું હોય તો તે સમજી શકાય તેમ છે. પણ અહિં તો દક્ષિણ વિયેટ નામમાં સિવિલ વૉર-અન્તર્ગત યુદ્ધ–જેવી પરિસ્થિતિ છે અને દક્ષિણ વિયેટ નામની રાજધાની સાઈગોનમાં છાશવારે સત્તાધીશો બદલાતા રહે છે. આવી પરિસ્થિતિમાં વગરમાગ્યે અમેરિકા સાઈગોનને મદદ કરવાના નામે દખલગીરી કરતું હોય અને પ્રજાના એક વિભાગને બીજા વિભાગની સામે લડવાની ફરજ પાડતું હોય તો આવી અમેરિકન નીતિનો કોઈ બચાવ થઈ શકે તેમ નથી. અત્યારે પરસ્પર વાટાઘાટોની વાતો ચાલે છે, પણ એકમેકના વલણ ઉપરથી પતાવટની હજુ કોઈ આશા દેખાતી નથી.

સાઉથ-ઈસ્ટ એશિયામાં આપણું વર્ચસ્ પહેલાં જેવું હાલ રહ્યું નથી. હાલ ચીનથી આ બધા દેશો ખૂબ પ્રભાવિત હોય એમ લાગે છે.

સીલોનમાં જે નવી સરકાર આવી તે ભારતવિરોધી નથી એ રીતે ત્યાંનો પ્રશ્ન કાંઈક હળવો થયો ગણાય. નાગાલેન્ડમાં કંઈ સમાધાન થવાની આશા હોય એમ દેખાતું નથી. પીસ મિશને કામ તો બહુ સારું કર્યું છે, પણ પરિસ્થિતિમાં કશો સુધારો દેખાતો નથી. આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રે એકંદરે તંગદિલી હાલ ઠીક પ્રમાણમાં હળવી બની હોય એમ લાગે છે. જે દેશોના ભાગલા પડયા છે–જેમકે પૂર્વ જર્મની, પશ્ચિમ જર્મની, ઉત્તર દક્ષિણ કોરિયા, સાઉથ વિયેટનામ–અને નૉર્થ વિયેટનામ–આ બધા દેશો સંધાય–એક થાય એવાં કોઈ ચિહ્નો દેખાતાં નથી. નાસર ખરેખર ઘણો સમર્થ રાજપુરુષ છે. તેને લીધે ઈજિપ્ત ઘણું ઊંચે આવ્યું છે. આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રે ટીટો અને નાસર–આ બે સમર્થ રાજધુરંધરો આપણા મિત્રો રહ્યા છે. તે સિવાય આપણી પ્રતિષ્ઠા અને વર્ચસ્વ ઘટતા રહ્યાં છે. રશિયાનું વલણ એકંદર મદદરૂપ છે.

સંપાદક: પરમાનંદ ચીમનલાલ ચકુભાઈ શાહ

# "હિમાલય સાથે જોડાયલી મારી જીવનયાત્રા"

("આલ્મોરાનિવાસી શ્રી શાંતિલાલ ત્રિવેદીનું મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે તા૦ ૨૩-૨-'૬૫ના રોજ સંઘના કાર્યાલયમાં ઉપર આપેલા વિષય ઉપર વ્યાખ્યાન રાખવામાં આવેલું. તેની ટૂંકી નોંધ તા. ૧-૩-૬૫ના પ્રબુદ્ધ જીવનમાં આપી હતી. વ્યાખ્યાતાએ એ જ વિષય ઉપર જરા વિસ્તૃત નોંધ લખી મોકલી છે, જે નીચે આપવામાં આવે છે. એ વીરકથા વાંચીને આલ્મોરા જેવા એક દૂરના ખૂણે વર્ષોથી વસીને આપણા એક ગુજરાતી બંધુએ આઝાદીલક્ષી કેવાં પરાક્રમો કર્યાં છે તેનો ખ્યાલ આવશે. *તંત્રી*)

"स्थावराणाम् हिमालय :" શ્રી કૃષ્ણે ગીતામાં ગાયું છે. એવા હિમાલય પ્રતિ હર ભારતવાસીનું હૃદય સ્વાભાવિક રીતે આકર્ષિત થાય છે. બાળપણથી જ હિમાલય–દર્શનની અભિલાષા રહી હતી. સન ૨૧માં સાબરમતી સત્યાગ્રહ આશ્રમમાં સંમીલિત થયા પછી એ ભાવના દિન પ્રતિ દિન ઉત્કટ થતી ગઈ.

વિશ્વવંદ્ય રાષ્ટ્રપિતા બાપુ એ સમયે સીમિત ક્ષેત્રમાં 'બાપુ' કહેવાતા. એમને ખબર હતી કે મને હિમાલય પ્રતિ આકર્ષણ છે. કારણ કે ગુજરાત - સૌરાષ્ટ્રમાં રહેતાં ગિરનાર - શેત્રુંજય - આબુ આદિ પર્વતોની યાત્રા હર સમય થતી રહેતી. બાપુની પ્રેરણા અને આશીર્વાદથી સન ૨૮ ઑગસ્ટમાં અલ્મોડા આવ્યો. હિમાલયમાં આવતાં વર્ષોનો પવિત્ર સંકલ્પ સિદ્ધ થયો.

અખિલ ભારતીય દરિદ્રનારાયણ–ખાદીકાર્ય અર્થસંગ્રહ માટે બાપુએ સન ૨૯માં ભારતની યાત્રા કરી ત્યારે તેમના માટે અલ્મોડામાં યાત્રા અને આરામનો કાર્યક્રમ મેં બનાવ્યો હતો. નૈનીતાલ-ભવાલી-રાણીખેત-તાડીખેત-અલ્મોડા આદિ સ્થાનોમાં જઈ કૌશાની ડાકબંગલે લગભગ પંદર દિવસનો પ્રોગ્રામ ગોઠવ્યો હતો.

કૌશાનીથી હિમાલયનું અદ્‌ભુત અને દિવ્ય દર્શન થાય છે. બાપુએ એ વખતે ગીતાના અનાસકિત યોગના પુસ્તકની ભૂમિકા લખી પૂર્ણાહૂતિ કરી પૂર્ણત: સંપન્ન કરેલું, તેમાં, નિમ્ન પ્રકારના અંતિમ શબ્દો છે.

**"તા. ૨૪ જુન ૨૯–કૌસાની, હિમાલય, જેઠ વદી ૨, ૧૯૮૬**
**મોહનદાસ કરમચંદ ગાંધી"**

કૌસાનીના દૃશ્ય વિષે બાપુએ લખ્યું છે કે, "સ્વીટઝર્લાંડથી સોગણું સૌંદર્ય અહિં ભર્યું છે, તો પણ ભારતવાસી વિદેશના પહાડોમાં ખાવા માટે જાય છે?"

બાપુને બાગેશ્વર નામક પ્રાચીન તીર્થસ્થાન સરયુ-ગોમતીના સંગમ સ્થળ પર લઈ જઈ "સ્વરાજ્યમંદિર" નો શિલાન્યાસ તેમના હસ્તક કરાવ્યો.

સ્વતંત્રતા સંગ્રામ સન ૩૦માં બાપુએ શરૂ કર્યો. હિમાલયનાં પહાડોમાં પણ પડઘો પડયો. દાંડી માર્ચ શરૂ કર્યા પછી દિલમાં અશાન્તિ થઈ કે "બાપુએ મને કેમ ન બોલાવ્યો?" પત્ર લખ્યો. ઉત્તરમાં ગિરફતાર થતાં પહેલાં જ થોડીવારે તા. ૫મી મે ૧૯૩૦માં કરાડી ગામથી લખ્યું, - "ત્યાં પણ સ્વરાજનું કાર્ય થાય છે. શું કાઠિયાવાડ કે શું પહાડ–બધું ભારતવર્ષ છે." - આમ બાપુનાં આશીર્વાદ મળી ગયા, અને ભારતમાતાની પૂજા કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. અલ્મોડા મ્યુ. બોર્ડે રાષ્ટ્રધ્વજ ફરકાવવાનો પ્રસ્તાવ પસાર કર્યો, પરંતુ સરકારના અવરોધથી મ્યુ. સદસ્યો તેનું પાલન ન કરી શકયા, ત્યારે રાષ્ટ્રધ્વજના સન્માન અર્થે મેં સત્યાગ્રહ કર્યો. જીલ્લાનો ડિકટેટર હોવાથી સંચાલન મારે કરવું પડેલું. ૮૦ મીલીટરી ગુરખા સીપાહીઓ મશીનગન લઈને આવી પહોંચ્યા. અંગ્રેજ કલેકટરે બે મિનિટમાં વિખરાઈ જવાનો હુકમ આપ્યો. ૧૫૦ સ્વયંસેવકોમાંથી પાંચ સાત રહ્યા. કારણ બંદુકની ગોળી ચલાવવાનો હુકમ આપવામાં આવ્યો હતો. અંતે ગોળી ન ચાલી, પણ મીલીટરીના લાઠીચાર્જથી બે હાડકાં તૂટયા. એ પછી સત્યાગ્રહનાં વિજય માટે અલ્ટીમેટમ એક મહીના બાદ અપાયું. અને અંતે મ્યુનિસિપલ ઑફિસ પર રાષ્ટ્રધ્વજ લહેરાવા માંડયો. રાષ્ટ્રધ્વજનો વિજય થયો. અહિંસાત્મક સત્યાગ્રહ સફળ થયો. "અમર રહો સ્વતંત્ર ભારતનો રાષ્ટ્રધ્વજ!"

"पंगुं लंघयते गिरिम्" નો સ્વયં અનુભવ સન ૩૧માં થયો. છાતીનું તથા પગનું હાડકું તૂટયું તો સન ૩૦ના સત્યાગ્રહમાં; પણ પછી બીજે જ વરસે કૈલાસયાત્રાએ પ્રસ્થાન કર્યું. કૈલાસ માનસરોવરનાં દર્શન તિબેટમાં કર્યા. સેંકડો માઈલની યાત્રા - દશ - પંદર - અને વીસ હજાર ફૂટની ઊંચાઈ પરનાં હિમાલય પહાડોમાં આનંદથી યાત્રા થઈ. એ સિવાય પહાડોમાં રચનાત્મક કાર્યોમાં–સંસ્થાના કાર્ય તથા રાષ્ટ્રીય કાર્ય અર્થે પંદર હજાર માઈલથી વધારે પૈદલ પર્યટન કરવાનું સૌભાગ્ય મને સાંપડયું એ ઈશ્વરકૃપા.

સ્વરાજ્યનું લક્ષ રાખતાં રાષ્ટ્રીય તથા રચનાત્મક કાર્ય - નિષ્કામ કર્મયોગ–સતત થતો રહ્યો. પૈદલ પર્યટન ઉપરાંત લગભગ પચ્ચીસ વિવિધ સંસ્થાઓ જનસેવા અર્થે સ્થાપિત કરી. તેમાં આંશિક અથવા પૂર્ણત: સક્રિય સહયોગ આપતો રહ્યો. આ સંસ્થાઓ માટે લગભગ દશ લાખ રૂપીયાનું દાન (ફંડ) એકત્ર કર્યું. આ બધું ભારતમાતાની–જનતાની સેવા અર્થે–જીવનસાધના કરતાં આત્મસંતોષ પ્રાપ્ત કરતો રહ્યો.

સ્વતંત્રતા આંદોલન સન ૪૨માં શરૂ થતાં કૌસાની પાસેના શ્રી ગાંધી આશ્રમ ચનૌદા ઉપર બ્રિટીશ સરકારનો ખુની પંજો પડયો. એકી સાથે બધા કાર્યકર્તાઓ ગિરફતાર થયા. સરકારે લગભગ એક લાખ રૂપિયાનો માલ જપ્ત કરી હરરાજ કરી દીધો. અને મારા માટે ફાંસીની સજા પણ નિશ્ચિત થયેલી, પરંતુ રામ રાખે એને કોણ ચાખે? ફાંસીથી બચ્યો, પણ પંદર મહિના બરેલી સેન્ટ્રલ જેલમાં નજરબંધ રહ્યો, પછી મુકત થયો. અલ્મોડા જીલ્લામાં સ્વરાજ્ય–સંદેશ આપતાં બીજી વાર પચાસ દિવસની જેલ ભોગવી, ફરી છૂટયો, ત્યાં અંગ્રેજ કલેકટરે જીલ્લાથી હદપારનો ઑર્ડર આપ્યો. એટલે કાશ્મીર ગયો. રાષ્ટ્રીય સેવાનો અવસર નહિ મળે એમ મિત્રોના આગ્રહથી કાશ્મીર પાંચ મહિના રહી પાછા એજ જીલ્લામાં હદપારનો ઑર્ડર રહેવા છતાં પ્રવેશ કર્યો. પરંતુ હવે બ્રિટીશ સરકારના વર્તાવમાં નરમી આવી હતી. રાષ્ટ્રીય જનતાને સ્વતંત્રતા આપવાનો અંદરુની વિચાર હોવાથી સમાધાનની વાતો ચાલતી હતી. એ સમયે ઉત્તર પ્રદેશના ગવર્નર, યુ.પી. સરકાર તથા અલ્મોડાના કલેકટર ઉપર રૂા. ૯૯,૯૯૯–૯–૯નો દાવો કોર્ટમાં દાખલ કરી દીધો. તેના ઉપર રૂા. ૨૬૬૦–૬–૦નાં સ્ટેમ્પ–કોર્ટફી લાગેલી. ચનૌદા ગાંધીઆશ્રમનો માલ તો સરકારે હરરાજ કરેલો જ. એટલે હવે રૂપિયા લેવાની વાત થઈ. અંતે રાષ્ટ્રીય સરકાર સ્થાપિત થઈ. શ્રી ગોવિંદવલ્લભ પંત મુખ્યમંત્રી, શ્રી કીડવાઈ હોમ મિનિસ્ટર, તથા ડૉ. કાટજૂ લૉ–મિનિસ્ટર બન્યા. પંચાયતનામું થતાં એક લાખ રૂપિયા મળી ગયા. ફરી શ્રી ગાંધી આશ્રમ ઉપર તિરંગો રાષ્ટ્રધ્વજ ફરકાવી સ્વરાજ્યનું કાર્ય જોરશોરથી શરૂ કર્યું.

ભારત રાષ્ટ્ર તા. ૧૫ ઑગસ્ટ સન ૪૭માં સ્વતંત્ર થયો. એમાં અજ્ઞાત–જ્ઞાત એવા અનેક નિ:સ્વાર્થ દેશભકતોનાં ત્યાગ અને બલિદાનની તપશ્ચર્યા છે. આમ સ્વરાજ્ય પ્રાપ્ત થયું. બાપુનાં આશીર્વાદ સફળ થયાં.

હિમાલયમાં આવીને જીવનમાં સંક્ષિપ્ત પણ ઉજ્જવળ ઈતિહાસનું સર્જન થયું. એમાં ઈશ્વરની કૃપા. એક સાધારણ માનવ સ્વયંસેવક રીતે પવિત્ર ભાવનાનાં બળે, આત્મબળ - અને આત્મશાન્તિનો અનુભવ સતત થયાં કરે છે. સ્વરાજ્ય પછી તેનો સ્વાર્થ માટે ઉપયોગ ન કરવાનું આત્મબળ પરમાત્માએ આપ્યું છે. તેનું રહસ્ય એ છે કે મારા જીવનમાં આધ્યાત્મિક ધાર્મિક ભાવના પ્રથમથી સંચિત થયેલી; રાષ્ટ્રીયતા તો પછી જ આવી. હિમાલયમાં અનેક સંત, મહાત્મા–પવિત્રાત્માઓનાં દર્શન - સત્સંગ - તથા આશીર્વાદ મેળવવાનાં અવસર મળ્યા કર્યા છે. સતત નિષ્કામ કર્મયોગદ્વારા આત્મશુદ્ધિ થતાં આત્મશાન્તિનો અનુભવ થાય એમાં જ જીવન જીવવાની સફળતા સમજું છું.

"સ્વરાજ્ય" તો પ્રાપ્ત થયું. એને "સુરાજ્ય" બનાવવા તથા "સર્વોદય" સિદ્ધ કરવાનો હવે તો અનાસકત રીતે શાન્ત પ્રયત્ન કરતો રહું છું. સેવા શોધવા ન જતાં જે કંઈ યત્‌કિંચિત કાર્ય સ્વાભાવિક પ્રવાહપતિત રીતે આવી પડે તે કાર્ય અનાસકત–નિષ્કામ ભાવનાથી કરતા રહેવું એવી વૃત્તિ હું અનુભવું છું. અને એ રીતે જીવનને શાન્ત બનાવી લીધું છે.

**શાન્તિલાલ**

# સૂકી ધરતીનાં મીઠાં સ્મરણો

**બુધવાર, તા. ૧૦-૨-૬૫**

**મિલન સમારંભ**

'કચ્છ મિત્ર' ના કાર્યાલયમાં રાત્રિના આઠ વાગ્યે અમારા શ્રી પરમાનંદભાઈનું 'કચ્છ મિત્ર' ના કાર્યકરો સાથે મિલન ગોઠવવામાં આવ્યું હતું. શ્રી પરમાનંદભાઈ મુંબઈના સૌરાષ્ટ્ર ટ્રસ્ટના એક ટ્રસ્ટી છે અને 'કચ્છ મિત્ર'સૌરાષ્ટ્ર ટ્રસ્ટ તરફથી પ્રગટ કરવામાં આવતા સામયિકોમાંનું કચ્છ-ભુજમાંથી પ્રગટ થતું એક દૈનિક પત્ર છે. તે કાર્યાલયના મેનેજર શ્રી જમનાદાસ પી. શાહ છે, અને જો કે કચ્છ મિત્રના તંત્રી કચ્છના જાણીતા કૉંગ્રેસી આગેવાન શ્રી ઝુમખલાલ મહેતા છે, પણ કચ્છમિત્રનું સંપાદનકાર્ય મોટા ભાગે ભાઈ નવીન અંજારિયા સંભાળે છે. ઉપર જણાવેલ મિલન પ્રસંગે આ બન્ને ભાઈઓએ તેમ જ અન્ય કાર્યકરોએ, અમે કચ્છ મિત્રના કાર્યાલય ઉપર પહોંચ્યા એટલે, અમને આવકાર આપ્યો. આ પ્રસંગે, મુંબઈનું દ્વિભાષી રાજ્ય હતું ત્યારે જેઓ નાયબપ્રધાન હતા એવા કચ્છના કૉંગ્રેસી પ્રમુખ આગેવાન શ્રી પ્રેમજી ભવાનજી ઠક્કર પણ ઉપસ્થિત થતા હતા. પ્રારંભમાં શ્રી જમનાદાસભાઈએ પરમાનંદભાઈનું પુષ્પ-હારથી સ્વાગત કર્યું અને તેમનો ઉપસ્થિત કાર્યકરોને પરિચય આપ્યો. ત્યાર બાદ શ્રી પરમાનંદભાઈએ કચ્છ મિત્રના સંપાદક તેમજ અન્ય કાર્યકરોને ઉદ્દેશીને બોલતાં જણાવ્યું કે "આ નિમિત્તે તમો બધા ભાઈઓની વચ્ચે આવવાનું બનતાં અમે ઘણો આનંદ અનુ-ભવીએ છીએ. આ કચ્છનો પ્રવાસ યોજવા પાછળ કચ્છની રળિ-યામણી ભૂમિનાં દર્શન કરવા અને સાથે સાથે જ્યાં જ્યાં શક્ય હોય ત્યાં ત્યાં કચ્છના ભાઈઓને મળવું, તેમને નજીકથી જોવા - જાણવા, અને એ રીતે કચ્છી પ્રજા અને મુંબઈ બાજુએ વસતા અમે લોકો વચ્ચે જે કાંઈક અલાયદાપણાનો ભાવ વર્તે છે તે દૂર કરવો, અને તેમની સાથે આત્મીયતા અનુભવતા થવું—આવો અમારો ઉદ્દેશ છે. અમો જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં અમારો જે આદરસત્કાર થતો રહ્યો છે અને અમે જે ઉમળકાનો અનુભવ કર્યો છે તેના પરિણામે અમારો ઉદ્દેશ સારા પ્રમાણમાં સફળ થઇ રહ્યો છે એમ અમને લાગે છે."

ત્યાર બાદ 'કચ્છ મિત્ર' જેવા કૉંગ્રેસતરફી સામયિકનું આજની લોકશાહીને વરેલા ભારતમાં શું કર્તવ્ય હોવું જોઈએ એ બાબતનો ઉલ્લેખ કરતાં શ્રી પરમાનંદભાઈ એ જણાવ્યું કે "અલબત્ત, કોઈ પણ પક્ષની તરફેણ કરવાનો કોઈ પણ વર્તમાનપત્રને અધિકાર છે, પરંતુ તેવી તરફેણ કરતાં સત્યની રક્ષા કરવાની તેણે પૂરી કાળજી રાખવી ઘટે. પક્ષના હિત ખાતર પક્ષના સ્વજને સત્યને સન્મુખ રાખીને પક્ષના કાર્યની અને પ્રવૃત્તિની જ્યારે પણ જરૂર જણાય ત્યારે ટીકા કરતા રહેવું જોઈએ. 'કચ્છ મિત્ર' કે અન્ય વર્તમાનપત્રો તો જ લોકોના સાચા મિત્ર તરીકેની ફરજ બજાવી શકે."

તેમણે ઉમેર્યું કે "કચ્છ મિત્ર જેવા સામયિક પત્રો પક્ષ નિરપેક્ષ બનીને પોતાનું કાર્ય ચલાવે એવી આશા વધારે પડતી ગણાય. આવા પાત્રોને આજના રાજ-કારણી પક્ષોમાંના કોઈ એક પક્ષ સાથે સંબંધ હોય અને તેનું વલણ એ રીતે પક્ષતરફી હોય એમાં કશું ખોટું નથી. પણ તેનો અર્થ એમ ન જ થઈ શકે કે પક્ષના દરેકેકાર્યનું તેણે સમર્થન જ કરવું જોઈએ. પક્ષના હિત ખાતર પણ જ્યા જ્યાં પક્ષની ભૂલ થતી દેખાય, લોક-કલ્યાણની હાનિ થતી જણાય, ત્યાં ત્યાં આવા સામયિકની ફરજ છે કે તેણે લોકોને તેમ જ પક્ષને પણ સ્પષ્ટ માર્ગદર્શન કરાવવું જોઈએ, યોગ્ય વિવેક અને સંયમપૂર્વક અને એમ છતાં નિડરપણે પોતાના અભિપ્રાયો દર્શાવતા રહેવું જોઈએ. જો પક્ષ-નિષ્ઠા સત્યના ભોગે દાખવવામાં આવે તો તે પત્ર લોકોનું મટી જાય છે અને પક્ષનું દાસ બની જાય છે. આ બાબત આવા પત્રના સંચા-લકોએ હંમેશા ધ્યાનમાં રાખવી જોઈએ. અમારા સૌરાષ્ટ્ર ટ્રસ્ટની આ જ નીતિ છે એમ હું માનું છું."

ત્યાર બાદ શ્રી પ્રેમજીભાઈએ પરમાનંદભાઈ જોડે અમે સૌ કચ્છ દર્શને આવ્યા છીએ એ જાણીને પોતાનો આનંદ વ્યક્ત કર્યો અને જણાવ્યું કે, "અમારા દેશમાં પ્રવાસજૂથો આવે છે ત્યારે ચોક્કસ પૂર્વગ્રહપૂર્વક આવે છે. કેટલાકનો તો માત્ર એવો જ ખ્યાલ હોય છે કે કચ્છ એટલે રણ, પણ આપ ભાઈઓ આટલું ફર્યા છો અને હજુ કેટલોક ભાગ ફરવાના છો એ ઉપરથી આપને પ્રતીતિ થશે કે ન અહિં કેવળ રેતી છે, ન અહિં કેવળ અહિંથી તહીં ઊંટો ફર્યા કરે છે. અહિં આવનારાઓના મનમાંથી પહેલાં તો આ ખ્યાલ દૂર થવો જોઈએ. અમારી ભૂમિમાં તમને વિવિધતા દેખાશે, સપાટ પ્રદેશ, ટેકરાળ પ્રદેશ, નદી, નાળાં અને સરોવર અને ત્રણે બાજુએ વીંટળાઈ વળેલો મહાસાગર.. અહિંનો બન્ની પ્રદેશ Pure pasture land ૬૩૪ માઈલનો છે. અહિં એક વખત શ્રીમતી પુષ્પાબેહેન મહેતા આવેલાં અને આ પ્રદેશ જ્યારે એમને મેં બતાવ્યો ત્યારે તેમણે કહ્યું કે," "અમારે ત્યાં એક ગોકુલ છે, જ્યારે તમારે ત્યાં પાંચ-સાત ગોકુલો એક સાથે છે. આ પ્રદેશમાં મોટે ભાગે માલધારીઓ તમે જોશો. તેમનો ધંધો પશુ - ઉત્પાદન અને પશુધનનો છે. આ દેશ ઈન્સાનિયત અને મહોબ્બતનો દેશ છે. અહિંનું આશ્ચર્ય એ છે કે અહિંની વસ્તી વધતી જ નથી. પાંચ લાખ સ્થાનિક છે જ્યારે આઠ લાખ મુંબઈ વિગેરે મોટા શહેરોમાં વસે છે. અમારે ત્યાં પશુ-પાલન વ્યવસાય ખેતી કરતા મોટો હોઈ બાજરી કરતાં દૂધનો ફાળો મોટો છે. ગામડામાં આજીવિકાનાં કોઈ સાધનો નથી."

..... ત્યાર પછી કેટલીક પ્રશ્નોત્તરી થઈ જેના જવાબમાં તેઓએ કહ્યું:

"કંડલા - ડીસા રેલવેનું ૧૯૫૨માં સંધાણ થયું. પહેલાં ૨૩૦ માઈલનાં રસ્તા હતા તે આજે ૧૨૩૦ માઈલનાં રસ્તાઓ થયા છે. Better roads કરતાં અમે More roads-નો ખ્યાલ રાખ્યો છે - અને આ ન કર્યું હોત તો તમે નારાયણસરોવર પર એક જ દિવસે ન પહોંચત.

"૧૦૮ નાના ડેમો બંધાઈ રહ્યા છે. ૧૧૦ પાતાલિક કૂવાનો કાર્યક્રમ છે. ૧૯૪૮માં અમારે ત્યાં ૩ હાઈસ્કૂલો હતી, આજે ૨૩ થી ૨૪ હાઈસ્કૂલો છે. અમારું કચ્છ આમ ધીમે ધીમે ઉપર આવી રહ્યું છે. મીઠું એ અમારી Basic Industry છે ખનીજનું સંશોધન ચાલે છે ગાંધીધામમાં જે ઉદ્યોગો છે તેમાં free trade zone છે. અને અહિંનું ઉત્પાદન પરદેશમાં જ મોકલવામાં આવે છે જેની સામે એમને લાઈસેન્સ મળે છે."

આ તો પ્રેમજીભાઈના વકતવ્યની ટૂંકી નોંધ છે, પણ તેમણે કચ્છની અનેક વિશેષતાઓ અને લાક્ષણિકતાઓનો અમને પૂરા વિસ્તારથી પરિચય કરાવ્યો. અને બે દિવસ પહેલાં નલિયા ખાતે શ્રી. વિનોદરાય વોરાએ આમારી સમક્ષ કચ્છ સંબંધે જે



'કચ્છમિત્ર' કાર્યાલયના મેનેજર શ્રી જમનાદાસ પી. શાહ શ્રી પરમાનંદભાઇનું પુષ્પહારથી સન્માન કરે છે.

માહિતીપૂર્ણ વિવરણ કર્યું હતું તેમાં પ્રેમજીભાઈના વિવેચને મહત્ત્વપૂર્ણ પુરવણી કરી અને તેથી અમે સૌ ખૂબ પ્રભાવિત બન્યા. તેમનો તેમ જ 'કચ્છમિત્ર'ના કાર્યકરોનો હાર્દિક આભાર માનતાં કચ્છના નૂતના જતાં ગામડા તરફ મેં તેમનું ધ્યાન ખેંચ્યું અને તેમને નાના ઉદ્યોગો દ્વારા સજીવન કરવા અનુરોધ કર્યો.

## કલમમંડળની સભામાં

ત્યાર બાદ એ જ મકાનમાં બીજે માળે શ્રી પરમાનંદભાઈને અનુલક્ષીને સ્થાનિક કલમ મંડળ તરફથી એક સભા યોજવામાં આવી હતી ત્યાં અમે ગયા. પ્રારંભમાં શ્રી પ્રાણગિરિ ગોસ્વામીએ કચ્છની શૌર્યગાથાઓને વણી લેતું સ્વરચિત કચ્છી કાવ્ય સંભળાવીને સૌનાં દિલનું રંજન કર્યું. ત્યાર બાદ કલમ મંડળના પ્રમુખ અને જાણીતા સાહિત્યકાર શ્રી રસિકલાલ જોષીએ હાથે કાંતેલા સુતરની આંટીથી શ્રી પરમાનંદભાઈનું સ્વાગત કર્યું અને તેમની ઉજ્જવળ સાહિત્યસેવા અને કારકિર્દીનો આછો પરિચય આપ્યો.

ત્યાર બાદ શ્રી પરમાનંદભાઈએ એકત્ર થયેલા સાહિત્ય રસિક મિત્રોને ઉદ્દેશીને સાહિત્ય સર્જન અંગેના પોતાના વિચારો રજુ કર્યા. તેમણે જણાવ્યું કે "મારે મન લેખન અક શિલ્પનું નિર્માણ છે. એક શિલ્પકાર ટાંકણાં મારી મારીને અથાગ પરિશ્રમ પછી જેમ એક સુંદર કળામૂર્તિ તૈયાર કરે છે તેમ સાહિત્યકારે પણ ઊંડા ચિંતન અને પૂરેપૂરી સાધના કરીને સાહિત્ય સર્જન કરવું જોઈએ અને એ રીતે સર્જાયેલું સાહિત્ય જ ચિરંજીવ સાહિત્ય બની શકે છે."

પોતે કઈ રીતે લખે છે તેનો ખ્યાલ આપતાં તેમણે જણાવ્યું કે, "અક્ષરની ઉપાસના સાથે મારું જીવન જોડાયેલું છે, પરંતુ હું મને પોતાને સાહિત્યકાર માનતો નથી. 'પ્રબુદ્ધ જીવન'ના સંપાદન સાથે હું ૨૬ વર્ષથી જોડાયેલો છું, છતાં હું હંમેશા મને પોતાને વિદ્યાર્થી જ લેખું છું. નવું નવું જાણવાની, સમજવાની તીવ્ર આકાંક્ષા હું હંમેશાં સેવતો રહ્યો છું. જીવનને સીધું સ્વતઃ સમજવાનો મારો પ્રયત્ન રહ્યો છે. વિચારને મનની અંદર પૂરેપૂરો આકાર મળે પછી જ તેને શબ્દબદ્ધ કરવો એવો મેં આગ્રહ સેવ્યો છે. જે વિષય કે વસ્તુ પરત્વે મનમાં urge—અન્તઃપ્રેરણા - અનુભવાય નહિ તે વિષય ઉપર હું કદાપિ લખતો નથી. જે કોઈ વસ્તુ મનમાં આવે છે તે ઘણી વખત લાંબા સમય સુધી મનમાં ઘોળાયા કરે છે અને પછી જ્યારે વસ્તુવિચારને સ્પષ્ટ આકાર મળે છે ત્યારે લેખિની કાગળ ઉપર આપોઆપ સરકવા લાગે છે અને પછી તો જ્યાં સુધી તે વિચારને પૂરો શબ્દાકાર અપાય નહિ ત્યાં સુધી હું એક પ્રકારની બેચેની અનુભવું છું. પહેલાં વિચાર પાછળ મન દોડે છે; પછી વિચાર મનને મજબુતપણે પકડે છે અને જ્યાં સુધી તે પૂરેપૂરો શબ્દમૂર્ત ન થાય ત્યાં સુધી તેની પકડ છુટતી નથી. કોઈ પણ લખાણ તૈયાર કરવા પાછળ કેટલો સમય જાય છે તેનો કોઈ હિસાબ રહેતો નથી, પણ વિચારને અપાયેલો શબ્દાકાર મનને પૂરો સંતોષ ન આપે ત્યાં સુધી તેને મઠારવાનું ચાલ્યા જ કરે છે. આ લેખનપ્રવૃત્તિ મારા માટે 'સ્વાન્તઃ સુખાય' રહી છે. તે દ્વારા આત્માની અભિવ્યક્તિનો આનંદ હું અનુભવું છું."

એમણે વિશેષમાં જણાવ્યું કે "જેને સાર લેખક બનવું હોય, જેને ઉચ્ચ કક્ષાનું સાહિત્યસર્જન કરવું હોય, તેણે સાહિત્યની પૂરેપૂરી ઉપાસના કરવી જોઈએ. સાહિત્યના ક્ષેત્રમાં સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે અખંડ ચિંતન, વાચન અને પરિશ્રમ સિવાય કોઈ સાદો સીધો રાજમાર્ગ છે જ નહિ."

આજના સાહિત્યક્ષેત્રે જે કેટલાક છીછરા પ્રવાહો વહેતા થયા છે તેનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું કે "સમાજમાં ભોગવિલાસ અને ભૌતિકવાદ તરફ વધતા જતા મોહનું પણ કદાચ એ પરિણામ હોઈ શકે છે. એમ છતાં લોકોને હલકી કોટિનું સાહિત્ય જોઈએ છીએ એટલે એ પ્રકારનું સાહિત્ય પીરસતા રહેવું એ તો સાહિત્યશક્તિનો કેવળ વ્યભિચાર છે. આવી વૃત્તિ અને પ્રવૃત્તિ સાચા સાહિત્યકારને ન શોભે. ઊંચી કક્ષાનું અને સાત્વિક સાહિત્યનું નિર્માણ કરવું એ જ સાચા સાહિત્યકારનો ધર્મ છે."

આભારનિવેદન સાથે આ સભા પૂરી થઈ અને રાત્રીના ૧૧ વાગ્યા લગભગ અમે સૌ અમારા નિવાસસ્થાને આવ્યાં અને રાત્રી સુખરૂપ નિદ્રામાં પસાર કરી.

**ગુરૂવાર, તા. ૧૧-૨-૬૫**

## ખાવડા

સવારે સૌને નાસ્તામાં ભૂજના પ્રખ્યાત પકવાન્ન ચાહની સાથે આપવામાં આવ્યા. તે પતાવીને સૌએ બસમાં સ્થાન લીધું. શ્રી મગનભાઈએ આગલી રાતે જ સૂચના આપી હતી "કોઈએ ના'વાનું નથી. કેમકે તમે પાછા ફરશો ત્યારે ધૂળ ધૂળથી ભરાઈ ગયા હશો અને આવીને ના'વું જ પડશે." એટલે અમે ફકત નાસ્તો કરીને જ બસમાં બેઠા. આજે અમારે ભુજની ઉત્તરે આવેલા બન્ની - ખાવડા તરફ જવાનું હતું. અમારી સાથે 'કચ્છમિત્ર'વાળા જમનાદાસભાઈ અને 'જન્મભૂમિ'ના ખબરપત્રી નરભેરામ સદાવ્રતી પણ જોડાયા હતા. 'ખાવડા' એ બન્ની પ્રદેશનું છેલ્લું ગામ છે. અહિંથી પાંચ સાત માઈલ છોડીને રણ શરૂ થાય છે. રણ અમને દેખાતું હતું. આઘેથી બરફનો પર્વત અમે જોતા હોઈએ એવું લાગતું હતું. આજે તાપ અનુભવાતો હતો. 'ખાવડા' ના લુહાણા ભાઈઓએ અમારું સ્વાગત કર્યું. ખાવડા ૧૭૦૦ ની વસ્તીવાળું ગામ છે. લુહાણા ભાઈઓ થોડો ઘણો વેપાર કરે છે. જીવનની જરૂરિયાતો મોટે ભાગે ભુજથી લાવે છે. ભણતર સાત ધોરણ સુધીનું છે. ગ્રામસેવક શ્રી હિમાંશુ જોષીએ અહિંની પરિસ્થિતિનો ખ્યાલ આપ્યો. અહિં પાણીનું એક મોટું ટાંકું બાંધવામાં આવ્યું છે જે ૧૫૦૦ ફૂટ દૂરના કૂવામાંથી મીઠું પાણી ખેંચી લાવે છે અને આ પાણી સ્થાનિક લોકોને મળે છે. અહિંથી થોડે જ દૂર છાડબેટ છે જ્યાં આપણું સૈન્ય - સરહદનું રક્ષણ કરે છે. છાડબેટ ૧૯૫૬માં પાકિસ્તાને લઈ લીધેલો પણ પાછળથી આપણે મેળવી લીધેલો. અહિં અમે ગામમાંથી મેસુબ લીધો. મેસુબ અહિંનો વખણાય છે.

અહિંથી ઉપડવાની તૈયારી કરતા હતા એવામાં કેટલાક ઊંટવાળા આવી ચઢયા. આ ઊંટો ઉપર શણગારેલી બેઠકો હતી. આ ઊંટવાળાઓએ અમને ઊંટની સવારી માણવા નિમંત્રણ આપ્યું. એટલે અમારામાંના ઘણા ખરાં ભાઈ-બહેનોએ કદાચ જીંદગીમાં પહેલીવાર પાંચ પાંચ દશદશ મીનીટો માટે આ ઊંટોની સવારીનો લાભ લીધો. લગભગ મધ્યાહ્નનો સમય હતો. અહિંથી હજુ ૧૪ માઈલ પાછા જઈને અમારે ભોજન કરવાનું હતું, એમ છતાં અમે ન ઊંટોને છોડીએ; ન અમને ઊંટો છોડે. માંડ માંડ બૂમો પાડીને બધાંને બસમાં બેસાડયાં. આ રીતે આ ઊંટોની સવારી અમારા મનમાં મધુર સ્મરણો રૂપે જડાઈ ગઈ.

## બન્ની પ્રદેશ: ભિન્ડીયારા

જો કે અમે ભૂજથી નીકળ્યા ત્યારે બન્ની પ્રદેશમાં થઈને કચ્છના ઉત્તર સીમાડા પર આવેલા ખાવડા ગામે ગયા હતા, પણ અમારો કાર્યક્રમ આ બન્ની પ્રદેશમાં આવેલા ભિન્ડીયારા ગામમાં પાછા ફરતાં રોકાવાનો હતો. આ ભિન્ડીયારા, ખાવડાથી ૧૪ માઈલ લગભગ એના એ જ માર્ગ ઉપર પણ જરાક બાજુએ આવેલું છે. અહિં વસતા માલધારી લોકો જેઓ જાતના મુસલમાન છે, તેમને મળવાનું પ્રેમજીભાઈએ અમારા માટે ગોઠવ્યું હતું. અહિં અમારા માટે વન ભોજનનો પ્રબંધ કરવામાં આવ્યો હતો.

શ્રી પ્રેમજીભાઈએ એમના વકતવ્યમાં જણાવ્યું હતું તેમ આ બન્ની પ્રદેશ કચ્છના ઉત્તર ભાગમાં આવ્યો છે. તેને અડકીને કચ્છનું રણ પથરાયેલું છે. આ પ્રદેશ ૬૨૪ ચોરસ માઈલનું ક્ષેત્રફળ ધરાવે છે અને આ આખો ચરિયાણ પ્રદેશ છે. ભારતભરમાં આવડો મોટો ચરિયાણ પ્રદેશ અન્યત્ર કોઈપણ રાજ્યમાં નથી. અહિં મોટા ભાગે માલધારીઓ વસે છે, અને કેવળ પશુઉછેરનો તેમનો વ્યવસાય છે. આ પ્રદેશમાં વૃક્ષો બહુ જ ઓછાં છે અને જમીન ઉપર મોટા ભાગે ઘાસ ઉગે છે જેના ઉપર અહિં વસતા ઢોરોનું પોષણ થાય છે.

અમે ભિન્ડીયારા પહોંચ્યા એટલે ત્યાં એકઠા થયેલા માલધારી લોકોએ અમારું સ્વાગત કર્યું અને ઝાડના છાંયડા નીચે અમારા માટે બીછાવેલા ખાટલા નાંખી રાખ્યા હતા જ્યાં તેમણે અમને બહુ ભાવપૂર્વક બેસાડયા અને પછી તેઓ અમારી સામે ટોળું મળીને જમીન ઉપર બેઠા. આ માલધારી ભાઈઓનો પોશાક રંગીન અને વૈવિધ્યથી સુન્દર લાગતો હતો. માથે મોટી પાઘડીઓ, મોઢા ઉપર મોટી મોટી દાઢી અને

મૂછ તેમની મર્દાનગીનું પ્રદર્શન કરાવતી હતી. તેમના મોં ઉપર ભવ્યતા હતી, પ્રસન્નતા હતી, પણ સાથે સાથે આજે ભોગવવી પડતી તરેહ તરેહની હાડમારીઓ – અનાજની અછત અને ચીજવસ્તુની મોંઘવારીના કારણે તેમના મોં ઉપર મુંઝવણ અને વેદનાની રેખાઓ પણ દૃષ્ટિગોચર થતી હતી.

આ માલધારીઓનો નાયક Spokesman – થોડુંક ભણેલો લાગ્યો. એ બધાંની કાંઈક એવી સમજણ લાગી કે અમે કૉંગ્રેસવાળા એટલે કે સત્તાવાળા છીએ એટલે તે બધાની વતી તેમના એ નાયકે તેમની અગવડોની – તેમની ફરિયાદોની–એક યાદી કરી રાખી હતી જે તેણે વાંચવા અને અમને સમજાવવા માંડી. આ યાદી નીચે મુજબ હતી.

(૧) અમને એક અઠવાડીઆમાં ૧ જણ દીઠ બે કીલો ઘઉં ઓછા પડે છે તો તેમાં વ્યાજબી વધારો કરાવી આપો.

(૨) અમને ધંધો રોજગારી નહિ જેવા છે તો તે માટે સરકારે કાંઈક ગોઠવણ કરવી જોઈએ.

(૩) ભુજથી ખાવડા જતી આવતી બસ સર્વીસ ફરી ફરીને આ બાજુએ આવે છે તો તે સીધી કરાવી આપો કે જેથી અમને ભુજ જવું–આવવું સહેલું પડે.

(૪) ચૈત્ર–વૈશાખ માટે અમારા ઢોરને દાણાદૂણી મળે એવો પ્રબંધ કરાવી આપો, કારણ કે તે દિવસોમાં કોઈ ઠેકાણે ઘાસ હોતું નથી.

(૫) આ બાજુ કોઈ દવાખાનું નથી. આ ગામ નાકાનું છે તો અહિં એક દવાખાનાની ખાસ ગોઠવણ થવી જોઈએ. ફરતું દવાખાનું અઠવાડિયામાં બે વાર આવે છે, તેથી અમને બહુ જ ઓછી રાહત મળે છે.


(૬) આ વરસે આ બાજુ દુષ્કાળ છે, તેથી આ વરસનો સીઝનનો ગોચર ટેકસ માફ થવો જોઈએ.

(૭) આ બાજુનો રસ્તો પાકો કરાવી આપો.

(૮) સૌરાષ્ટ્ર બાજુના રબારી લોકો હજારોની સંખ્યામાં ગાડર અને ઢોરને લઈને આ બાજુએ આવે છે અને અમારાં ઢોરો માટેનો ચારો ચરી જાય છે અને અમારા ઢોરોને ઘાસચારાની ભારે તંગી અનુભવવી પડે છે તો કોઈ પણ રીતે આની અટકાયત કરાવો.

(૯) વરૂઓ અમારાં જાનવરને મારી નાંખે છે તો તેનો ઉપાય કરાવો.

તેમની આ બધી વાતોને અમે પૂરી શાન્તિ અને સહાનુભૂતિથી સાંભળી. અમે કોઈ સરકારી માણસો નથી એમ અમે તેમને જણાવ્યું. આમ છતાં તેમના માટે અમારાથી બનતું કરવા તેમને અમે આશા આપી.



ખાવડામાં પરમાનંદભાઈ ઊંટ ઉપર બેઠા છે અને ઉપડવાની તૈયારી કરે છે તેનું દૃ૫ા

તેમના કદાવર શરીરો જોતાં તેમને જણ દીઠ મળતા અઠવાડિયાના બે કીલો ઘઉં જરૂર ઓછા પડતા હશે એ તેમની ફરિયાદમાં અમને પણ વજુદ લાગ્યું અને એમ છતાં 'નિયમ એ-નિયમ' એવી જડતાને વરેલી આપણી સરકાર અથવા તો આપણું સ્થાનિક ખોરાકી ખાતું તેમનો કશો જ વિચાર નહિ કરતું હોય એ વિચારથી ઊંડી ખિન્નતા અનુભવી. તેમાંના એક ભાઈએ આગળ આવીને અમને કહ્યું કે, "અમારે ત્યાં અનાજ પાકતું નથી, આપણી સરકારે અમને ખાવાનું તો પૂરું પાડવું જોઈએને?" આ તેના ઉદ્‌ગારમાં ઊંડી રૂંધામણ, આંતરડીનો કકળાટ અમે અનુભવ્યો. ગુજરાત સરકારે આ બાબતનો જરૂર વિચાર કરવો જોઈએ એમ અમને લાગ્યું. આ આખી કોમ મુસલમાન હોવા છતાં તેમની વફાદારી ભારત પ્રત્યે છે એમ તેમણે ફરી ફરીને જણાવ્યું. આ વફાદારીની વધારે પડતી કસોટી કરવી ન ઘટે - ખાસ કરીને આજના સંયોગોમાં–આવું સંવેદન અમે અનુભવ્યું.

અમારી બાજુએ જ તેમનાં નિવાસસ્થાનો હતાં. આનો ઘાટ અમુક અંશે કુબા જેવો હોય છે. તેને અહિં 'ભુંગા' કહે છે. આ બહારથી માટીનાં બનાવેલાં હોય છે. અંદર જાણે કે એક નાનું મંદિર કે ચર્ચ હોય એવી તેની સજાવટ હોય છે. ખાસ કરીને તેનો ઘુમ્મટ વિભાગ બહુ શણગારેલો હોય છે. આવા બે ભુંગામાં અમારા માટે જમવા બેસવાની સગવડ વિચારવામાં આવી હતી. ઉપર જણાવેલ માલધારી ભાઈઓ સાથે અમારી લગભગ એક કલાક ચર્ચા ચાલી. ત્યાર બાદ અમે સૌ ભોજન માટે બે ભુંગામાં ગોઠવાઈ ગયા. એક ભુંગું તો અંદરથી નવરંગથી કલાત્મક રીતે ચિત્રેલું હતું–અંદર ભરતકામનાં ગાલીચા અને ચંદરવા પણ હતા. ભૂજથી બંધાવેલ પુરી–શાક અને ખાવડાનો મેસુબ, એ ભોજનથી અમે તૃપ્તિ અનુભવી. સૌ હસતા જાય, વાતો કરતા જાય અને જમતા જાય...આજનું અહિંનું વાતાવરણ કોઈ અનોખું જ હતું. ભુંગામાંથી બહાર નીકળ્યા તો એક માલધારી શરણાઈ વગાડતો હતો અને એ એટલી સુંદર વગાડતો હતો કે તે સાંભળીને બીરમીલાં ખાનની યાદ આવતી હતી. બધા રંગમાં આવી ગયા. તાનમાં આવી ગયા, અને શરણાઈના સૂર સાથે સૌ તાલ દેવા માંડયા. પછી તો ઝાડને છાંયડે ગરબો શરૂ થયો. ગરબામાં બહેનોની સાથે ભાઈઓ પણ જોડાયા - આવડે કે ન આવડે - નાચવું એ જ આનંદની મસ્તી હતી. સ્થૂલકાય ભગુભાઈ અને તનસુખભાઈ પણ ગરબામાં જોડાયા. પરમાનંદભાઈ અને દામજીભાઈને તો છોડાય જ કેમ? સૌના સ્મિતભર્યા મુખો અને નાચગાન જોઈ સુશીલાબહેન બોલી ઊઠયાં "આજના જેવો આનંદ કદિ આવ્યો નથી!"

* * *

ભિન્ડીયારાથી સાંજે ૪-૦૦ વાગે ચાહ પીને મુસ્લીમભાઈઓની વિદાય લીધી. રસ્તામાં 'ડેમ' આવ્યો-રૂદ્રમાતાનો બંધ–તે જોવા અમે ઉતર્યા. Landscape સુંદર હતો, પણ પાણી બહુ ઓછું હતું. કચ્છમાં કોઈ પણ પ્રશ્ન હોય તો તે પાણીનો જ છે.

સાંજે ૫-૩૦ વાગે ભૂજ પહોંચી ગયા–નાહ્યા–ધોયા અને ભોજનશાળાએ ભોજન લેવા પહોંચી ગયા. ભોજન બાદ બજારમાં ચક્કર મારી, ઉતારે આવી સૂઈ ગયા.

અપૂર્ણ

ચીમનલાલ જેઠાલાલ શાહ

માલિક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ–૩, મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ્ મેન્યુઅલ પ્રેસ કોટ, મુંબઇ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૭ : અંક ૨

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, મે ૧૬, ૧૯૬૫, રવિવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૨૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## ☆ ભગવાન મહાવીરનો સાધના - પથ ☆

મહાવીર પર બે શબ્દો બોલવાના છે એ જાણીને મને આનંદ થયો. મહાવીર વર્ષો પહેલાં થઈ ગયા હોવા છતાં એમનો સંદેશ હજી એટલો જ નિત્યનૂતન છે. જે સત્ય હોય છે તે સનાતન જ હોય છે. સત્ય હંમેશા અપરિવર્તનશીલ અને શાશ્વત હોય છે. એવા સત્યને જેઓ જાણે છે અને જેઓ સત્યમય જીવન જીવે છે તે વ્યકિત પણ સનાતન બની જાય છે. એનું મૃત્યુ થવા છતાં તેઓ મરી જતા નથી, પણ તેઓ મૃત્યુ પછી પણ હમેશાં આપણી વચ્ચે જ વસ્યા કરે છે.

જીવનના દીવા જલે છે અને બુઝાય છે. કાળની રેતી પર કેટલાક અક્ષરો ઊઠયા પહેલાં જ વિલીન થઈ જતા હોય છે. પરંતુ કેટલીક જ્યોતિર્મય વ્યકિતઓ માનવચિત્ત પર પોતાના ચિહનો સદાને માટે અંકિત કરી જતી હોય છે. એવી અમર વ્યકિતઓની પરંપરામાં મહાવીરનું નામ ખૂબ જ અગ્રસ્થાને છે. એમણે જે મેળવ્યું તે આજે પણ આપણને માર્ગદર્શન આપે છે; અને ચેતનાની જે ઊંચાઈએ એમણે એમનો આવાસ બનાવ્યો તે આજે પણ આપણને સાદ કરી રહી છે.

મનુષ્ય એક સેતુ સમાન છે. તે પડાવ નહીં પણ યાત્રા છે. પશુમાંથી પ્રભુ બનવાની અભીપ્સાનું નામ જ મનુષ્ય છે. જે વ્યકિત આ અભીપ્સાથી આંદોલિત નથી થતી, તે માત્ર કહેવા પૂરતો જ મનુષ્ય છે, એનો વાસ્તવિક મનુષ્ય જન્મ તો હજી થયો જ નથી, તે હજી સુધી ગર્ભમાં જ છે. જ્યારે તેનામાં દિવ્યની તૃષા જાગશે ત્યારે જ તેનો જન્મ થશે અને ત્યારે જ તે ઉત્તરદાયિત્વ તેનામાં ઉપર આવશે, જે એક મનુષ્યનું અને માત્ર મનુષ્યનું જ સૌભાગ્ય છે. એ ઉત્તરદાયિત્વ છે સત્યને જાણવું અને પ્રાપ્ત કરવું.

મહાવીરે એક દિવસ પોતાની જાતને એવા ઉત્તરદાયિત્વથી અત્યન્ત પ્રભાવિત થયેલી નિહાળી. એમના પ્રાણ જીવનસત્ય જાણવાને માટે વ્યાકુળ બની ગયા અને એમણે પોતાની સમગ્ર શકિત અને સંકલ્પને એકઠા કરીને અજ્ઞાત દિશામાં પગરણ માંડયાં. તેમને માત્ર કોરા વિચારથી સંતોષ ન થયો, અને જેને સંતોષ થઈ જાય એની તરસ જ મિથ્યા છે એમ સમજી લેવું. વાસ્તવિક તૃષા તો સરોવરને પ્રાપ્ત કરીને જ તૃપ્ત થાય છે. સત્યનો વિચાર નહીં પણ સાક્ષાત્કાર જ એવી તૃપ્તિ આપી શકે છે. સત્ય વિચારવા માટે નહીં પણ જાણવા અને જીવવા માટે છે. પ્રાણના પ્રાણની જેમ સત્યને મેળવવાનું છે. તત્ત્વચિન્તન અને તત્ત્વદર્શનમાં આ જ ફરક છે. એક માત્ર વિચાર જ કરે છે, જ્યારે બીજો દર્શન કરે છે. એક ચક્ષુહીન વ્યકિત પ્રકાશ વિષે વિચાર કર્યા કરે તો તેથી શું મેળવશે? તેને બદલે તે આંખોનો ઉપચાર કરાવે એ જ બહેતર છે. આંખ હશે તો પ્રકાશનું દર્શન કરશે. જે પ્રકાશાનુભવ વિષે સત્ય છે તે જ સત્યાનુભૂતિ વિષે પણ છે.

મહાવીર માત્ર વિચારક નહોતા, દષ્ટા હતા. એમણે સત્યનો માત્ર વિચાર ન કર્યો, પણ એનાં દર્શન કર્યાં. વિચારવામાં તો માત્ર મસ્તક જ એકાગ્રતા સાધે છે. જ્યારે સત્યના દર્શન માટે તો સંપૂર્ણ ચેતનાની ક્રાંતિ કરવી આવશ્યક છે, એને માટે તો સમગ્ર વ્યકિતત્વને જ બદલાવવું પડે છે. એ જ આમૂલ પરિવર્તન છે. એવી જ સમગ્ર અને ઊંડા પરિવર્તનથી વ્યકિત સ્વયંને અને સ્વયં સમસ્ત સત્તાને જાણવામાં સફળ બને છે.

સામાન્ય રીતે આપણે સંપૂર્ણપણે સજાગ નથી હોતા અને આપણને આપણી પૂરી સત્તા અને ચેતનાનું ભાન નથી હોતું. આપણે ચેતનાના એક અતિ અલ્પાંશથી જ પરિચિત છીએ અને બાકીની ચેતના અંધકારમય છે. આપણી ચેતનાનો જે મોટો અંશ અચેતન અને અંધકારમય છે તેને સચેતન અને પ્રકાશિત બનાવવાથી જ તે ચક્ષુ માટે દર્શનગમ્ય બને છે, જેનાથી સત્યનો સાક્ષાત્કાર થાય છે. વ્યકિત સ્વયં જ પૂર્ણ ચેતનમય અને અપ્રમત્ત બનીને આંતરચક્ષુ પ્રાપ્ત કરે છે જેના વડે સત્યનું દ્વાર ખૂલે છે.

મહાવીર સ્વયંને જ જાણવા માગતા હતા, કેમકે પ્રજ્ઞાની એ જાગૃતાવસ્થા દ્વારા જ દુ:ખ અને જીવનના બંધનોમાંથી છૂટકારો મળવાનો સંભવ હતો. એમણે એ જ્ઞાનને માટે ખૂબ જ શ્રમ લીધો અને સાધના કરી. બાહ્ય સર્વ એમણે છોડી દીધું, જેથી તેઓ સ્વયંને પ્રાપ્ત કરી શકે. તેઓ ઉત્કટ તપશ્ચર્યામાંથી પસાર થયા અને જ્યાં સુધી એમને પરમ જીવનની પ્રાપ્તિ ન થઈ ત્યાં સુધી તેઓ થાકયા વગર સ્વયં અજ્ઞાન અને અંધકારની સામે ઝૂઝયા. એમના જેવો મહાતપસ્વી મેળવવો બહુ જ મુશ્કેલ છે.

**મહાવીરની સાધનાનો મૂળ આધાર શું હતો?**

એમણે પોતાની સત્યની ખોજમાં કોઈ સત્યને પ્રથમથી જ માની લીધું નહોતું. એમની દષ્ટિ એક અંધવિશ્વાસીની નહોતી. તેઓ તો વૈજ્ઞાનિક શોધક હતા. તેઓ પોતાનું કાર્ય એક માત્ર સત્ય, કે જે અસંદિગ્ધ છે, તેના આધાર પર જ કરે એ સ્વાભાવિક છે. એટલું સાચું છે કે સ્વયંની સત્તા "હું છું" અસંદિગ્ધ છે. એનો અસ્વીકાર કરવો અશકય છે, કારણ કે તેના અસ્વીકારમાં પણ એની ઉપસ્થિતિ નિશ્ચિત થઈ જાય છે. "હું નથી" એમ કહેવામાં પણ 'મારું હોવું' જ સિદ્ધ થાય છે, કેમકે જો હું નથી તો આમ કહેશે પણ કોણ?

આમ "હું છું"એ સિદ્ધ છે. 'હું કોણ છું' એ જ સિદ્ધ કરવાનું છે.

'હું કોણ છું' એ જાણવા માટે મહાવીરે ત્રણ મિથ્યા તાદાત્મ્ય તોડવાનું કહ્યું છે. 'હું કોણ છું' અને 'હું શું છું' એ જાણતાં પહેલાં મારે એ જાણવું જરૂરી છે કે 'હું શું નથી.' આપણું પહેલું તાદાત્મ્ય આ શરીરની સાથે છે, બીજું વિચારની સાથે અને ત્રીજું ભાવની સાથે છે. આ ત્રણેને તોડવા એ જ તપશ્ચર્યા છે. જેમ જેમ આ તાદાત્મ્ય તૂટે છે તેમ તેમ આપણા ચિત્તની અચેતન કક્ષા ચેતનમય બનતી જાય છે અને આપણી ભીતર અંધકારની જગ્યાએ પ્રકાશનો જન્મ થાય છે.

શરીરની પ્રત્યેક ક્રિયા અને સ્થિતિમાં એવું યાદ રાખવું કે હું શરીર નથી, તો આ સ્મરણ ક્રમશ: ચેતનાને શરીરથી મુકત કરે છે.

વિચારના સતત પ્રવાહમાં એવું યાદ રાખવું કે હું વિચાર

નથી, તો તે ક્રમશ: ચેતનાને વિચારથી મુક્ત કરે છે.

ભાવના સૂક્ષ્મ તરંગો વચ્ચે એવું સ્મરણ કરવું કે હું ભાવ નથી, તો તે ક્રમશ: ચેતનાને ભાવથી મુક્ત બનાવે છે.

શરીર, વિચાર અને ભાવનું તટસ્થ નિરીક્ષણ અને જાણકારી ચેતનાને એમના પરના વિજયમાં સફળ બનાવે છે. ચેતના જ્યારે એમનાથી મુક્ત બને ત્યારે જ આ અવસ્થા સ્વયંમાં પ્રતિષ્ઠિત થાય છે, જેને સમાધિ કહેવામાં આવે છે. સમાધિમાં સત્યનું દર્શન થાય છે. સત્ય સંપૂર્ણ જીવનને જ બદલી નાખે છે અને વ્યક્તિનો બીજો જ જન્મ થાય છે. એ જ ભાગવત જન્મની શરૂઆત છે. વાસનામાંથી મુક્તિ અને કરુણામાં પ્રતિષ્ઠા એ જ સત્યાનુભવ છે. મહાવીરે એને અહિંસા કહી છે. અહિંસા એટલે પ્રેમ, અહિંસા એટલે સ્વયં અને સમસ્તની વચ્ચેનો એકાત્મભાવ. જે સ્વયંને જાણી લે છે તે એ પણ જાણી લે છે કે જે આત્મા એનામાં છે એ જ સમસ્તમાં છે. આથી સ્વાભાવિક રીતે જ એનામાંથી સર્વ તરફ પ્રેમ અને કરુણાનો પ્રવાહ વહેવા લાગે છે. આ સ્થિતિએ જીવન પોતા માટે નહિ પણ બધાને ખાતર બની જાય છે. વ્યક્તિ સ્વયંને જાણીને સ્વથી મુક્ત બની જાય છે.

જ્ઞાન અહંને ઓગાળી નાંખે છે અને નિરહંકારિતા ફલિત થાય છે. આ પ્રકારની ચર્યા જ બ્રહ્મચર્ય છે. મનુષ્યમાં ભાગવતચેતનાનો અનુભવ થાય છે અને આત્મા જ પરમાત્મારૂપ બની જાય છે. પરમાત્મા બનવું એ જ પ્રત્યેકની અંતર્નિહિત સંભાવના હોય છે.

આ જાગૃતિને પરિણામે અપરિગ્રહ, અનેકાંત, અચૌર્ય, અહિંસા, અકામ અને વીતરાગત્વ પ્રાપ્ત થાય છે. સમાધિની કુંપળ પર આ ફૂલો સહજપણે જ ઊગી નીકળે છે. જે સમાધિ મેળવે છે તેને આ સર્વ પણ પ્રાપ્ત થાય છે.

મહાવીરે આ સમાધિયોગ સાધીને સ્વયં અમૃત સત્ય પ્રાપ્ત કર્યું. સ્વયં તે પ્રાપ્ત કરીને એમણે એ સંદેશ બીજાને આપ્યો. આ રીતે તેઓ તીર્થંકર બન્યા. પછી એમના તીર્થથી અનેક આત્માઓએ યાત્રા કરી અને અનંત જીવન પ્રાપ્ત કર્યું. એમની આ મહાકરુણાને માટે વિશ્વ હંમેશાં એમનું ઋણી રહેશે, કારણ કે આ જ કરુણાથી પ્રેરાઈને એમણે આ સત્યપથનું માર્ગદર્શન કરાવ્યું. એમના પ્રેમથી નિર્મિલેા એ પથ આજે પણ અંધકારમાં ભટકતા યાત્રીઓને માટે તારણહાર છે.

આપણે અને આપણી સદીએ ક્ષુદ્રમાં વિરાટને ખોઈ નાંખ્યો છે. આપણે સામાયિકમાં શાશ્વતને ભૂલી ગયા છીએ. મહાવીર જેવા સત્પુરુષોના સ્મરણથી જ્યાં સુધી જીવનનો પરમ અર્થ અને અભિપ્રાય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ચેન ન લેવા દે તેવી તૃષા આપણામાં ફરી જાગે એવી પ્રભુ પાસે મારી પ્રાર્થના છે. સત્ય અને સ્વયંને જાણવાનો અને જીવવાનો સંકલ્પ આપનામાં જાગે એવી મારી કામના છે.

(ભોપાલથી પ્રસારિત રેડીઓ વાર્તાલાપનો ગુજરાતી અનુવાદ)

અનુવાદિકા : કુ. શારદાબહેન ગોરડિયા, પી એચ્. ડી.

મૂળ હિંદી : આચાર્ય રજનીશજી

# આપણે વાસ્તવવાદી બનીએ !

બિઆરબેટ આપણે છોડવું પડયું. લડાઈ થોડી વધુ લંબાય તો છાડબેટ, વિગાકોટ, સરદારચોકી ને કરીમશાહી પણ કદાચ છોડવાં પડે. પણ આમાં આશ્ચર્ય પામવા જેવું કે આઘાત લગાડવા જેવું કાંઈ નથી. ખરું જોતાં તો પરિસ્થિતિને કુનેહપૂર્વક હાથ ધરી હોત તો કાંઈ આઘાત કે આશ્ચર્ય બહુ લાગત પણ નહીં. પરંતુ આપણે તેમ કરી શકતા નથી. આવી પરિસ્થિતિ ઊભી થાય છે ત્યારે તેને પલાણવાને બદલે આ પરિસ્થિતિને આપણા માથે ચઢી જવા દઈએ છીએ. જો આવે વખતે કંઈક વાસ્તવવાદી બનીને જરા દક્ષતાપૂર્વક વર્તતા હોત તો થોડો પ્રદેશ ગુમાવવાની સાથોસાથ માનસિક હતાશા ન ખમવી પડત.

વાસ્તવિક હકીકત દીવા જેવી સ્પષ્ટ છે. સામાન્ય રીતે યુદ્ધની પરિસ્થિતિ ન પ્રવર્તતી હોય ત્યારે સરહદ પર લશ્કર હોતું નથી. માત્ર નાનાં નાનાં પોલીસ થાણાં મારફત સરહદની સામાન્ય દેખભાળ રખાતી હોય છે. વળી નેફાના પહાડો ને કચ્છના રણ જેવા વિકટ પ્રદેશોમાં ઝડપથી લશ્કર અને લશ્કરી સામગ્રી પહોંચાડવાનું શકય નથી બનતું. એટલે સામેથી જ્યારે એકાએક છાપો આવી પડે, ત્યારે બહાદરીપૂર્વક તેનો સામનો કરીને આક્રમણના ધસારાને બને તેટલો ખાળતાં ખાળતાં પાછળ હઠવા સિવાય બીજો કોઈ ઉપાય નથી રહેતો. આ વાસ્તવિકતાનો નિખાલસતાથી જો પ્રજાને યથાર્થ ખ્યાલ આપાતો હોત તો તે પ્રજાનું નૈતિક ખમીર અને ધૈર્ય ટકાવવામાં કરાગત નીવડત.

પરંતુ આને બદલે આપણે ત્યાં તો સાવ અવાસ્તવિક ને કંઈક બાલિશ ભૂમિકા જ અપનાવાય છે. જેવી આવી કોઈ પરિસ્થિતિ ઊભી થાય કે પેલું 'તસુએ તસુ જમીન...' નું રાષ્ટ્રગીત ઘાંટા પાડીને ગવાવા માંડે છે. યુદ્ધમોરચાના પણ એકપક્ષી ને અંધારપટ-ભર્યા અહેવાલો આપવામાં આવે છે. જાહેર હિતમાં બધું ગુપ્ત રાખવાનો હાઉ પણ વધુપડતો સવાર થઈ બેસે છે. એટલે પછી અમુક પ્રદેશ છોડવાની નક્કર વાસ્તવિકતા જ્યારે આપણી સામે આવી પડે છે, ત્યારે તેને પચાવવી જરી અઘરી પડે છે.

આવું જ આવી પરિસ્થિતિ તરફ જોવાના દૃષ્ટિકોણ તેમ જ તેના આકલન બાબત થાય છે. જાણે સંપૂર્ણ યુદ્ધ જાહેર થઈ ગયું હોય એવા માનસિક જવરમાં આપણે સપડાઈ જઈએ છીએ અને તેથી પરિસ્થિતિનું તેના યથાર્થ સ્વરૂપમાં આકલન કરી શકતા નથી. મૂળ વાત સમજવાની એ છે કે આવાં છમકલાં આજે રાજનીતિની વ્યૂહરચનાના એક અંગરૂપ બની ગયાં છે. આવા સંઘર્ષો આજે ઊભા કરાય છે તે યુદ્ધ લડવા માટે ને પ્રદેશો સર કરવા માટે નહીં, પણ મુખ્યત્વે રાજકીય શેતરંજના એક પાસા તરીકે. એટલે આપણે તેને આ યથાર્થ સ્વરૂપમાં જોઈને તેનો યોગ્ય જવાબ વાળવાને બદલે યુદ્ધજવરમાં સપડાઈ જઈએ તો નાહકનો ખટાટોપ વહોરી લઈએ અને પ્રશ્નને આંટીમાં નાંખી દઈએ.

આ સંઘર્ષ ઊભો કરવામાં ચીનની જેમ પાકિસ્તાનનો આશય પણ મુખ્યત્વે દુનિયાની નજરમાં આપણને હીણા દેખાડવાનો, એશિયા-આફ્રિકાના દેશોમાં 'મોટાભાઈ' ના સ્થાનેથી આપણને પદભ્રષ્ટ કરવાનો, આપણી શાંતિ ને પ્રગતિમાં વિઘ્ન નાખવાનો, તથા તેની સાથેના આપણા પ્રશ્નોના રાજકીય ઉકેલ માટે આપણા પર દબાણ લાવવાનો છે. આ આશય સમજીને કુનેહપૂર્વક આ પ્રશ્ન હાથ ધરીએ, તો જ તેમાં ફાવીએ.

આવી કુનેહ ને દૂરંદેશીની આજે અત્યંત જરૂર છે. નહીં તો ચીન - પાકિસ્તાન સાથેના આપણા સંબંધો એટલા બધા ગૂંચવાઈ જશે કે તે આપણા માટે કાયમનું એક શિરદર્દ બની રહેશે અને આપણું રાષ્ટ્રજીવન સાવ ખોરવાઈ જશે. વળી, પાકિસ્તાન સાથેના સંબંધ વધુ વણસશે તો બંને દેશોમાં હિંદુ-મુસ્લિમ લઘુમતીનો પ્રશ્ન પણ અત્યંત વિકરાળ સ્વરૂપ ધારણ કરશે, એ ન ભૂલવું જોઈએ. એટલે મક્કમ જરૂર રહીએ પણ સાથે સાથે કુનેહપૂર્વક ગાડાને ઘોંચમાં પડી જતું અટકાવીએ, તથા કંઈક Sweet resonableness વાપરી આપણા પડોશીઓ સાથે રાજકીય સમજૂતી પર આવવું છે એવી સ્પષ્ટ સમજણ સાથે પગલાં ભરીએ.

વળી, આ આક્રમણના સંદર્ભમાં એક બીજી બાબત તરફ પણ આપણું ધ્યાન જવું જોઈએ, અને તે એ કે આપણે દેશના ઘણા વિસ્તારો પ્રત્યે સાવ બેકાળજી રહીએ છીએ. આવું કાંઈ થાય નહીં ત્યાં સુધી એ પ્રદેશો તરફ બિલકુલ આપણું ધ્યાન જતું જ નથી. આ આપણા આળસની અને પરાક્રમહીનતાની નિશાની છે. આજે તો દુનિયામાં કેવા કેવા દુર્ગમ પ્રદેશોને માણસ પોતાના ભગીરથ પુરુષાર્થ વડે પળોટી - પલાણીને વસવાટલાયક બનાવે છે! ત્યારે આપણને આળસમાં ને આળસમાં આવું કાંઈ સૂઝતું જ નથી. હવે આજે વાતો થાય છે કે પાકિસ્તાનને આ રણમાં રસ છે, કેમકે તેમાંથી તેલ નીકળવાની શકયતા છે. પણ તો આટલો વખત આપણે કો સૂતા રહ્યા? આપણે એ ન ભૂલવું જોઈએ કે હવે મોડોવહેલો જમાનો એવો આવી રહ્યો છે, જ્યારે રાષ્ટ્રીય સીમાડાઓનું મહત્ત્વ દિનપ્રતિદિન ઘટતું જશે તથા એ પ્રદેશ તેમ જ એ પ્રજા જ પોતાના ગણાશે, જેમને પોતાના કરવા માટે આપણે કાંઈક ત્યાગ ને પુરુષાર્થ કર્યો હશે. એટલે નેફા ને કચ્છના બોધપાઠ પછી આપણે દેશમાંના આવા પ્રદેશો ને પ્રજા પ્રત્યેની આપણી ઉપેક્ષા છોડીએ તો ઘણું!

આ બધી બાબતો અંગે આજે આપણું ચિંતન ચાલવું જોઈએ. આમાં રોષ, રીસ, હતાશા, પોપટિયું દેશાભિમાન કે યુદ્ધજવર કામના નથી. ઊલટાનું એ બધું નિવારી શકીશું તો જ કંઈક સ્વસ્થ ચિંતન કરી શકીશું. અને પરિસ્થિતિને પહોંચીવળવા દૃઢ પગલાં ભરી શકીશું અને તો જ પરિસ્થિતિ આપણા માથે નહીં ચઢી બેસે, પણ આપણે પરિસ્થિતિને પલાણીશું.

'ભૂમિપુત્ર'માંથી સાભાર ઉધ્ધૃત

અભિપ્રેત

# પ્રકીર્ણ નોંધ

## નવા બે જે. પી. સભ્યોને અભિનંદન, ધન્યવાદ!

પહેલી મે ૧૯૬૫ના મહારાષ્ટ્ર દિનનિમિત્તે મુંબઈ રાજ્ય તરફથી નવા જે. પી.ની જે યાદી તાજેતરમાં બહાર પાડવામાં આવી છે તેમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘના બે સભ્યોનો સમાવેશ થાય છે: (૧) શ્રી દામજી વેલજી શાહ તથા (૨) શ્રી ધીરૂભાઈ ગુલાબચંદ કાપડિયા. શ્રી દામજીભાઈ સંઘની કાર્યવાહક સમિતિના વર્ષો–જૂના સભ્ય છે, વીશા પ્રીન્ટરીના તથા મુકેશ મેડીકલ સ્ટોર્સના ભાગીદાર, કાગદી મરચન્ટસ એસોસીએશનના ઉપપ્રમુખ તથા એક જાહેર સામાજિક કાર્યકર છે.



શ્રી. દામજી વેલજી શાહ

સંઘદ્વારા ગયા ફેબ્રુઆરી માસમાં યોજાયલો કચ્છનો પ્રવાસ, જેનું વર્ણન કટકે કટકે પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થઈ રહ્યું છે તેની સફળતા શ્રી દામજીભાઈના અસાધારણ ઉત્સાહ, ઉમળકા અને આણીશુદ્ધ એવા આયોજનને આભારી છે.



શ્રી ધીરૂભાઈ ગુલાબચંદ કાપડીઆ

અને બીજા જે. પી. શ્રી ધીરૂભાઈ મુંબઈના પ્રોગ્રેસીવ ગ્રુપના બહુ જૂના કાર્યકર્તા, ભૂતપૂર્વ મંત્રી અને ત્યાર બાદ પ્રમુખ, ઈન્ડિયન મરચન્ટ્સ ચેંબર એન્ડ બુરોની કમીટીના સભ્ય, અને ઈમકસ ઈન્ડિયા કોર્પોરેશનના માલિક છે, મુંબઈ શહેરના તેઓ એક અગ્રગણ્ય નાગરિક છે. આ બન્ને સભ્યોનું મુંબઈ સરકારે આ રીતે બહુમાન કર્યું અને એક નાગરિક તરીકેની તેમને નવી જ જવાબદારી સોંપી તે માટે મુંબઈ જૈન યુવક સંઘના તેમને હાર્દિક અભિનંદન છે. આ કારણે તેમના હાથે મુંબઈ શહેરની તથા સમાજની વધારે ને વધારે સેવા થતી રહેશે એવી આશા પ્રદર્શિત કરવામાં આવે છે.

## જ્યોતિષશાસ્ત્ર અને મોરારજીભાઈ

તાજેતરમાં પ્રગટ થયેલા માન્યવર શ્રી મોરારજીભાઈના એક લેખમાં જ્યોતિષશાસ્ત્ર અંગે પોતાનું શું વલણ છે એ બાબતનું વિવરણ કરતાં તેઓ જણાવે કે :–

"જ્યોતિષ વિષે મારી કમજોરી હોવાની પાયા વગરની વાતની ચર્ચા કરીએ. કર્મ બ્રહ્માંડનું નિયંત્રણ કરે છે એ વાતમાં મને ઊંડી શ્રદ્ધા છે અને આથી જ્યોતિષને એક વિજ્ઞાન તરીકે હું માનું છું. પરંતુ હું એટલી હદ સુધી દાવો કરવા માગતો નથી કે જ્યોતિષનો વ્યવસાય કરતા લોકો સંપૂર્ણ સાચી ભવિષ્યવાણી કરી શકે છે. ચોક્કસ આગાહી કરવી ખરેખર શકય છે, પરંતુ વિસ્મય પમાડે તેવા મનોરંજન સિવાય તેની કોઈ કિંમત હશે કે કેમ તે વિષે મને શંકા છે.

"વ્યકિતનું પ્રારબ્ધ એ તેણે ગતજન્મમાં કરેલા કર્મોનો કુલ સરવાળો છે. કર્મના આ ગતિશીલ કાનૂનમાં જો તમે માનતા હો તો તમારે એ વાતનો સ્વીકાર કરવો પડશે કે માનવીનું ભાવિ આપરિવર્તનશીલ અને અનિવાર્ય છે. આધુનિક પદાર્થવિજ્ઞાન પણ જણાવે છે કે આઘાત અને પ્રત્યાઘાતો સરખા અને પરસ્પરવિરોધી છે. દુનિયામાં કોઈ વસ્તુનો નાશ થતો નથી પરંતુ એના સ્વરૂપમાં કે મૂલ્યમાં જ પરિવર્તન થાય છે, આથી કોઈ સમર્થ જ્યોતિષી પણ કોઈ વ્યકિતનું ભાવિ અગાઉથી ભાખી શકે એ વાત તાર્કિક લાગે છે.

"આમ છતાં પ્રશ્ન એ છે કે આવતી કાલે શું બનવાનું છે તેનું અગાઉથી જ્ઞાન હોવાનો કોઈ અર્થ છે ખરો? અનિષ્ટની આગાહીથી વ્યકિતમાં માત્ર અકારણ ભય જ ઊભો થાય છે, અને તેની શકિતઓ શિથિલ થઈ જાય છે. ખ્યાલમાં રાખો કે આ વ્યવસાયમાં રહેલા ટીડા જોષીઓ વારંવાર ખોટી આગાહીઓ કરે છે અને વહેમ પેદા કરે છે.

"આથી આ બાબતમાં મેં મારે માટે એક સખ્ત નિયમ બનાવ્યો છે કે ભાવિ વિષે કોઈ જ્યોતિષીને મારે કોઈ પણ પ્રશ્ન પૂછવો નહીં કે મારા વિષે કોઈ આગાહી કરવા કહેવું નહીં અને ગમે તે સંજોગોમાં પૈસા કે પ્રમાણપત્રો જેવી દાન–દક્ષિણા આપવી નહીં.

"અલબત્ત, જ્યોતિષનું જ્ઞાન ધરાવવાનો દાવો કરતી કોઈ પણ વ્યકિતને મળવાનો હું ઈન્કાર કરતો નથી, પરંતુ જ્યારે તેઓ જે કહેતા હોય તે સાંભળતી વખતે હું તેમની પાસેથી કોઈ મુહૂર્તોની માગણી કરતો નથી. અનિષ્ટોને નિવારવા માટે હું તેમની પાસેથી 'ઈલાજો' માગતો નથી. હકીકતમાં મારાં આચરણો નક્કી કરવા માટે હું તેમની આગાહીની મારી જાત પર જરા સરખી પણ અસર પડવા દેતો નથી. મારી દૃષ્ટિએ જ્યોતિષમાં શ્રદ્ધા ધરાવતા કોઈને માટે પણ આ યોગ્ય માર્ગદર્શન પૂરું પાડે છે.

"આમ છતાં, જ્યોતિષીઓને હું મારા અંગત સલાહકારો તરીકે રાખું છું તે નિંદનીય અફવાનો હું દૃઢતાથી ઈન્કાર કરવા માગું છું."

આ નિવેદનમાં શ્રી મોરારજીભાઈ જે કાંઈ જણાવે છે તેની પ્રામાણિકતા વિષે આપણે જરૂર અન્યથા ન વિચારીએ, એમ છતાં મોરારજીભાઈ આપણા દેશના એક અગ્રગણ્ય રાજપુરુષ છે; તેઓ શું કરે છે, અને કેમ વર્તે છે તે ઉપરથી અનેક લોકો માર્ગદર્શન-જીવનદર્શન- મેળવે છે અને શ્રી મોરારજીભાઈને ત્યાં અવારનવાર જોષીઓ આવે જાય છે અને તેમની હસ્તરેખા અને કુંડલી ઉપરથી તેમની સાથે ચર્ચાવાર્તા કરે છે એ હકીકત છે. એ સાથે એ પણ હકીકત છે કે જોષીઓનું કોઈને પણ ત્યાં જવું આવવું તે તેના ભૂતકાળની કે વર્તમાનકાળની જાણકારી આપવા માટે નથી હોતું, કારણ કે તે તો સૌ કોઈ જાણતું જ હોય છે, પણ ભવિષ્ય કે જે વિષે આપણે સૌ અંધારામાં છીએ તે વિષે પ્રકાશ પાડવાના હેતુથી જ જોષીઓનું તેને ત્યાં આવવું જવું થતું હોય છે. જ્યોતિષશાસ્ત્ર પણ એક સાયન્સ છે, વિજ્ઞાન છે આમ કહેવા–વિચારવાની આજે ફેશન ચાલે છે, પણ જ્યોતિષશાસ્ત્ર ખરેખર એક વિજ્ઞાન છે, સાયન્સ છે, કે Pseudo Religion માફક Pseudo Science–અધકચરું વિજ્ઞાન છે એ એક સવાલ છે. વળી જ્યોતિષશાસ્ત્ર વૈજ્ઞાનિક દૃષ્ટિએ કેટલું આધાર રાખવા લાયક છે એ પ્રશ્નની તાત્ત્વિક ચર્ચા જોષીઓ અને આવા મહાનુભાવોના મીલન વખતે થતી હોય એવું મેં તો ભાગ્યે જ જાણ્યું છે. જેમ કોઈ હજામ પોતાના વ્યવસાય અંગે આપણા ઘરમાં પ્રવેશ કરે એટલે તેણે હજામત કરવા માટે અને આપણે હજામત કરાવવા માટે તૈયાર થવાનું હોય છે, તેમ જોશી આવે એટલે ઉપલબ્ધ સામગ્રી દ્વારા કયો ગ્રહ કયા ઘરમાં છે અને કયા ગ્રહનો કયા ઘરમાંથી ઉદય યા અસ્ત સંભવિત છે અને તેની આપણા ભાવિ જીવન ઉપર શી અસર સંભવે છે તે જ વિષય

જોશી અને તેને 'પેટ્રોનેજ' આપતા મહાનુભાવો વચ્ચે પ્રસ્તુત બને છે. ભવિષ્ય અંગે તે જે કાંઈ કહે તેની પોતાના મન ઉપર કશી અસર થતી નથી એમ કહેવામાં આવે છે, એમ છતાં પણ આમ બનવું માનસશાસ્ત્રની દૃષ્ટિએ અશકય જેવું લાગે છે. વળી જેમ ગંજીપો રમવું, રમતગમતમાં ભાગ લેવો, નાટક જોવા જવું–એ કેવળ મનોરંજન અર્થે હોય છે તેમ જ્યોતિષ આપણા જીવનના મર્મભાગને સ્પર્શતું હોઈને, જોષીનું આપણે ત્યાં આવવું જવું કેવળ મનોરંજન અર્થે હોઈ ન જ શકે. શરૂઆતમાં એ પ્રકારનું હોય તો પણ સમય જતાં એ ગંભીર રૂપ ધારણ કર્યા વિના રહેતું નથી. અલબત્ત, જ્યોતિષ અંગેની નબળાઈથી આપણા દેશના બહુ ઓછા લોકો મુકત હોય છે. શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશી એટલા જ જ્યોતિષપ્રિય અને જોષીપ્રિય છે. શ્રી ગુલઝારીલાલ નંદા પણ આ નબળાઈથી તેમ જ મંતરજંતર-હોમહવાનથી મુકત નથી. અને જ્યાં એક યા બીજા પ્રકારના ઐશ્વર્યની આકાંક્ષા છે ત્યાં જ્યોતિષને સુલભ પ્રવેશ હોય જ છે. આ જ્યોતિષમાં અમુક અંશે તથ્ય હોય તો પણ આ જ્યોતિષ અંગેની નબળાઈએ આપણા દેશને પારાવાર નુકસાન કર્યું છે, તેણે પ્રજાજીવનમાં વહેમોની જડ ઊંડી નાખી છે, અને પુરુષાર્થને હણ્યો છે. કહેવાય છે કે છેલ્લા પાણીપતના યુદ્ધ વખતે મુહૂર્ત મોડું આવતું હતું એ કારણે સમયસર હુમલો કરવામાં પેશ્વાએ ઢીલ કરી અને પાણીપતનું યુદ્ધ હારી બેઠા. આવો અનર્થ જેનાથી થઈ રહ્યો છે, આવાં અનેક પાણીપતો જે જ્યોતિષો ઉપરની અંધશ્રદ્ધાના કારણે આપણી ભોળી જનતા જીવનના અનેક ક્ષેત્રોમાં હારતી આવી છે તે જ્યોતિષની પકડમાંથી જેમ બને તેમ જલ્દિથી આપણો દેશ છૂટે અને આત્મશકિત ઉપર નિર્ભર બનીને જીવનના સર્વ ક્ષેત્રોમાં વીરોચિત પુરુષાર્થ ખેડતો થાય એવી આપણી અપેક્ષા છે. પણ જ્યાં સુધી મોરારજીભાઈ જેવા સદ્‌અસદ્ વિવેકનો દાવો ધરાવતા મહાનુભાવોના દરવાજા જોષીઓ માટે ખુલ્લા છે અને તેમના તરફથી તેમને પ્રતિષ્ઠા મળતી રહે છે, ત્યાં સુધી આવી અપેક્ષા–આવી આશા- આપણે ત્યાં પાંગરવી મુશ્કેલ છે.

વિશેષમાં શ્રી મોરારજીભાઈ કર્મના સિદ્ધાન્તમાં શ્રદ્ધા હોવાનો દાવો કરે છે તો પ્રશ્ન થાય છે કે કર્મના સિદ્ધાન્તમાં શ્રદ્ધા હોવાનો દાવો કરનારને જ્યોતિષ પ્રત્યે કે જોષી પ્રત્યે આકર્ષણ શી રીતે હોઈ શકે? એક વખત આપણે એમ માની લીધું કે આપણા વર્તમાન સર્વ સુખ દુઃખ, ઈષ્ટ અનિષ્ટ, ઉત્કર્ષ અપકર્ષ- જીવન સાથે જોડાયેલી સર્વ બાબતોનો–આધાર આ જન્મનાં તેમ જ પૂર્વજન્મનાં કર્મો જ છે અને આપણું ભાવી પણ તે ભૂતકાળનાં કર્મો અને વર્તમાન પુરુષાર્થ ઉપર જ આધારિત છે, તેને કોઈ બાહ્ય શકિત કે અમુક રાશિમાં અમુક ગ્રહોની ઉપસ્થિતિ કે અનુપસ્થિતિ સાથે સંબંધ નથી ત્યાર પછી જ્યોતિષને આપણા જીવનમાં અવકાશ જ કયાં રહે છે? જન્મકુંડલીના વિશ્લેષણની જરૂર જ કયાં રહે છે? પોતાના ભાવિનો ઘડનાર પોતે જ છે, ગ્રહોના અહીં તહીં હોવા સાથે આપણા ભાવિને કોઈ સંબંધ જ નથી–કર્મસિદ્ધાન્તનાં આ વિચારનો જ્યોતિષ સાથે શ્રી મોરારજીભાઈ શી રીતે મેળ બેસાડે છે તે સમજાતું નથી.

## સર્વધર્મ અહિંસા સંમેલન

મુનિશ્રી ચિત્રભાનુની પ્રેરણાથી યોજવામાં આવેલ સર્વધર્મ અહિંસા સંમેલન મુંબઈ-ચોપાટી ખાતે ગયા એપ્રિલ માસની ૨૫મી તારીખે ભરવામાં આવ્યું હતું, જેમાં અનેક ધર્મોની આગેવાન વ્યકિતઓએ સંમેલનને ઉદ્‌બોધન કર્યું હતું. આ સંમેલનમાં ૨૦૦૦૦ ભાઈ–બહેનોએ ભાગ લીધો હતો.

જે ભારત સરકાર તેના અહિંસાના ધ્યેય માટે જાણીતી છે અને એમ છતાં સ્વરાજ્યપ્રાપ્તિ બાદ એ ધ્યેયથી ધીમે ધીમે જે સરકાર દૂર જતી રહી છે અને જે સરકાર ૧૦૦થી વધારે સંખ્યામાં મોટા યાંત્રિક કતલખાનાંઓ દેશના જુદા જુદા ભાગમાં ઉભાં કરીને પશુઓનું નિર્દય શોષણ કરતી યોજનાઓ હાથ ધરી રહી છે એવી ભારત સરકારની નીતિ અને યોજના સામે વિરોધ દાખવવા માટે આ સંમેલન ખાસ કરીને યોજવામાં આવ્યું હતું.

આ સંમેલનમાં મુનિશ્રી ચિત્રભાનુ, પૂજ્યશ્રી ઓંકારાનંદ મહારાજ, પૂજ્ય શ્રી દીક્ષિતજી મહારાજ, રેવન્ડ ફાધર વીલિયમ્સ, મહાસતી ચંદનકુંવરજી, શ્રી જી. ડી. સોમાણી, મેજર એસ. આર. બામજી, તેમ જ અન્ય વકતાઓએ પ્રસંગોચિત પ્રવચનો કરીને ઉપર જણાવેલ યોજનાઓને અમલમાં મૂકવાના પરિણામે થનાર એક મોટા ભયંકર આર્થિક અનર્થ તરફ ભારત સરકારનું ધ્યાન ખેંચ્યું હતું. આ પ્રવચનો બાદ નીચે મુજબનો પ્રસ્તાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો :–

### સંમેલને પસાર કરેલો પ્રસ્તાવ

પૂજ્ય મુનિશ્રી ચિત્રભાનુ મહારાજની પ્રેરણા નીચે યોજવામાં આવેલ અને ભિન્ન ભિન્ન ધર્મના આગેવાન ધર્માચાર્યોની શુભ હાજરી નીચે ભરવામાં આવેલ આ સર્વ ધર્મ અહિંસા સંમેલન સર્વાનુમતે ઠરાવ કરે છે કે :–

"ભારતની સંસ્કૃતિ અધ્યાત્મલક્ષી તેમ જ અહિંસાપરાયણ હોઈને, આ દેશના લોકોએ અહિંસા અને સત્યને પોતાના આદર્શ તરીકે કંઈ કાળથી સ્વીકારેલ છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી સત્ય અને અહિંસા વડે જ સ્વરાજ્ય પ્રાપ્ત કરવામાં સફળ બન્યા છે. ભારતના શાસક પક્ષ કૉંગ્રેસે આ માન્યતાને અનુસરીને રાષ્ટ્રધ્વજ ઉપર અહિંસાના પ્રતીક તરીકે અશોક ચક્રને અંકિત કર્યો છે, અને એકતા અને વિશ્વશાન્તિના નિશ્ચિત ઉપાય તરીકે દુનિયાભરના રાષ્ટ્રોમાં પંચશિલ અને અહિંસાવિચારનો પ્રચાર કરી રહી છે.

આ બધું હોવા છતાં, ભારત સરકારે છેલ્લાં ૧૭ વર્ષ દરમિયાન પરદેશી હુંડિયામણ કમાવાના ખ્યાલથી ઔદ્યોગિક હેતુઓસર પશુઓનું ઘાતકી શોષણ કરતી અનેક યોજનાઓ હાથ ધરી છે અને 'ફૂડ એન્ડ એગ્રીકલ્ચરલ ઑર્ગેનીઝેશન' તથા 'વર્લ્ડ હેલ્થ ઑર્ગેનીઝેશન'ની સલાહ અને સહમંત્રણા નીચે ૧૦૦થી વધારે જંગી યાંત્રિક કતલખાનાંની યોજનાને તાજેતરમાં નક્કર આકાર આપીને આ અસંતોષમાં ખૂબ જ વધારો કર્યો છે. આ યોજનાના પરિણામે મારેલાં પશુઓનું માંસ, જીભ, આંતરડાં અને બીજી પેદાશની નીકાસને વધારે વેગ આપવા માટે ઘણા મોટા પાયા ઉપર પશુઓની કતલ કરવાનું જરૂરી બનવાનું છે.

ભારત સરકારની આ હિંસા-પ્રચુર નીતિ અને યોજના ભારતીય સંસ્કૃતિની વિરુદ્ધ હોઈને તેમ જ આ દેશના લોકોના ઘણા મોટા ભાગની રાષ્ટ્રીય તેમ જ આધ્યાત્મિક ભાવનાને તીવ્ર આઘાત પહોંચાડનારી હોઈને, આ સંમેલન આ નવા આયોજન અંગે ઊંડા દુઃખ અને દર્દની લાગણી અનુભવે છે અને ભારત સરકાર તથા રાજ્ય સરકારને અનુરોધ કરે છે કે (૧) યાંત્રિક અને ઔદ્યોગિક ધોરણે યોજવા ધારેલ કતલખાનાં ઉભા થતાં એકદમ અટકાવવામાં આવે, (૨) અન્યત્ર કતલ કરવા માટે મોકલવામાં આવતાં પશુઓની નિકાસ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવે, (૩) મારેલા જાનવરનું માંસ, જીભ, આંતરડા અને બીજી પેદાશની નિકાસ બંધ કરવામાં આવે, (૪) આ દેશમાં ગૌવધનો સદન્તર પ્રતિબંધ ફરમાવવામાં આવે, કારણ કે આવી ઘાતકી હિંસક યોજનાઓ નૈતિક દૃષ્ટિએ અધર્મમય છે, રાજકારણી દૃષ્ટિએ ગેરવ્યવહારપણભરી છે, આર્થિક દૃષ્ટિએ ઘાતક છે, વૈજ્ઞાનિક દૃષ્ટિએ પ્રત્યાઘાતી છે અને રાષ્ટ્રીય દૃષ્ટિએ શરમજનક છે.

આ અંગે જાહેર મત કેળવવા માટે, તથા દેશનાં આધ્યાત્મિક તેમ જ કરુણાપરાયણ બળોને સંગઠિત કરવાના હેતુથી, આ સંમેલન આ પ્રસ્તાવનો હેતુ સિદ્ધ કરવાની દિશાએ જરૂરી પગલાં ભરવા માટે ભિન્ન ભિન્ન ધર્મના આગેવાન ધર્માધિકારીઓ, તત્વચિન્તકો તથા વૈચારિક નેતાઓની બનેલી 'સર્વધર્મ અહિંસા સમિતિ' ઉભી કરવા મુનિશ્રી ચિત્રભાનુને વિનંતિ કરે છે. આ સંમેલન આ સમિતિને શકય તેટલો સહકાર આપવા વિવિધ ધર્મોના આગેવાનોને અને આમજનતાને આગ્રહપૂર્વક અનુરોધ કરે છે."

પરમાનંદ

# ભાષાનું કોકડું

['પ્રબુદ્ધ જીવન'માં ભાષાની સમસ્યાને અંગે આજ સુધી પ્રગટ થયેલા લખાણ કરતાં આ લખાણનો] ઝોક એકદમ જુદો છે, 'પ્રબુદ્ધ જીવન' કોઈ એક જ વિચારણાને વરેલું પત્ર નથી. 'પ્રબુદ્ધ જીવન'ના વાચકો એક વિષયની જદી જુદી બાજુઓ સમજે અને એક જ પ્રશ્નને જુદા જુદા દૃષ્ટિકોણથી જોતા તપાસતા શિખે એ હેતુ 'પ્રબુદ્ધ જીવન'ના સંપાદન પાછળ રહેલો છે અને આ દૃષ્ટિને લક્ષમાં રાખીને આ લખાણને પ્રબુદ્ધ જીવનમાં સ્થાન આપવામાં આવ્યું છે. સારાસારગ્રાહી વાચકો ક્ષીરનીરવિવેકપૂર્વક આ લેખમાં જે સારરૂપ હશે એ તારવી લેશે એવી અપેક્ષા રાખીને આ લખાણના વિવાદાસ્પદ મુદ્દા ઉપર કશું ટીકાટિપ્પણ કરવાની જરૂર વિચારી નથી. તંત્રી.]

પ્રબુદ્ધ જીવનના તા. ૧લી ફેબ્રુઆરી ૧૯૬૫ના અંકની પ્રકીર્ણ નોંધમાં હિન્દી ભાષા સામેના તોફાનોનો ઉલ્લેખ છે. દક્ષિણ ભારતનો હિન્દી સામેનો વિરોધ તો જાણીતો જ હતો અને પંડિત જવાહરલાલ નહેરુએ ખાતરી આપી હતી કે કોઈ પણ પ્રાન્ત ઉપર એની મરજી વિરુદ્ધ હિન્દી નહિ લાદવામાં આવે, છતાં એ ખાતરીને કોરે મૂકી દેવામાં આવી. ત્યાર પછી દક્ષિણ હિન્દમાં એની વિરુદ્ધ આન્દોલનો થયાં. એમાંથી જે તોફાનો થયાં એ શોચનીય છે. એક તોફાની તત્ત્વ દેશમાં એવું છે કે કોઈ પણ ચળવળનો લાભ લઈ દેશમાં અંધાધુંધી ફેલાવવાનો પ્રયત્ન કરે છે. એવું ન હોય તે શ્રી અરવિન્દ આશ્રમને આ આન્દોલનો સાથે કશી પણ નિસબત ન હોવા છતાં એની ઉપર શા માટે હુમલા થાય! પણ એ સુખની વાત છે કે હાલ સરકાર એ તત્ત્વથી સારી રીતે સજાગ બની છે.

એક પ્રકીર્ણ નોંધમાં હિન્દીના ભિષ્મપિતામહ શ્રી રાજગોપાલાચારીનો આ આન્દોલનમાં ટેકો છે એનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આજે એ ભિષ્મપિતામહની કોણ વાત સાંભળે છે? કેટલા પત્રકારો એમના લખાણો વાંચે છે? કેટલીવાર એમની વાતો પહેલા નથી સાંભળી પણ પછી ન છૂટકે સ્વીકારી છે? આ ભીષ્મપિતામહ હાથ ઊંચા કરી કરીને કહે છે પણ કોઈ એની વાત સાંભળતું નથી કે "ધર્મથી જ અર્થ અને કામની પ્રાપ્તિ થાય છે છતાં આ ધર્મને આપણે ભૂલી જઈએ છીએ." આ ધર્મ તે લેબલવાળો ધર્મ નથી. પણ વિશુદ્ધ સત્યનો ધર્મ છે. અર્થસ્થ પુરુષોદાસ: એ ઉક્તિ આ ભિષ્મપિતામહને લાગુ પડતી નથી.

શ્રી મુનશીના ભાષા પરના વિચારો સાથે પણ પ્રબુદ્ધ જીવનના તંત્રીલેખો એકમત નથી. આજે દેશને એકતાની જરૂર છે. અંગ્રેજી રાજ્ય દરમિયાન દેશમાં જે એકતા સ્થપાઈ હતી તે આજે છિન્નભિન્ન થવા માંડી છે. આ પરિણામ અંગ્રેજી ભાષાના શિક્ષણથી તો નથી જ આવ્યું. પણ એ આપણી સંકુચિત વૃત્તિનું પરિણામ છે. મહારાષ્ટ્ર અને ગુજરાત છૂટા પ્રાન્તો થયા ત્યારે બે રાષ્ટ્રો સ્વતંત્ર થયા એ ભાવના ઉત્પન્ન થઈ. એ દિવસને આજે 'મહારાષ્ટ્ર દિન' તરીકે ઉજવાય છે. અમેરિકા અને ઓસ્ટ્રેલીયા આપણને ઘઉં મોકલે અને એને માટે કેટલીક સગવડતા આપે પણ પંજાબ કે મધ્યપ્રદેશ ઘઉં અને ચોખા દેશના અછતવાળા પ્રાન્તોને ન મોકલાવે. આ વૃત્તિ શું અંગ્રેજી ભાષાના ઉપયોગથી થઈ છે? અથવા સૌ હિન્દી બોલવા માંડશે તો આ વૃત્તિ આપોઆપ નષ્ટ થશે?

આપણી મુશ્કેલી તો એ છે કે દરેક પ્રાન્ત પોતપોતાની પ્રાદેશિક ભાષાદ્વારા જ પૂરી કેળવણી એટલે કોલેજની કેળવણી સુધા આપવાનાં આગ્રહી છે. એનું પરિણામ તો એ આવે કે ઉચ્ચ કક્ષાની કેળવણીમાં જુદા જુદા પ્રાન્તોના વિદ્વાન આચાર્યોનો સંપર્ક પ્રાન્ત પ્રાન્ત વચ્ચે શક્ય નહિ બને. એનો અર્થ એ તો સ્પષ્ટ છે કે જેટલા પ્રાન્ત એટલી ભાષાઓ અને એટલા દેશના ભાગલા.

ઉર્દુ એ ઉત્તરપ્રદેશમાં આશરે બે ક્રોડ લોકોની માતૃભાષા છે. એ ઉર્દુને ઉત્તરપ્રદેશની વિધાન સભામાં સ્થાન નથી. કારણ એ આપવામાં આવે છે કે ઉર્દુ તો માત્ર હિન્દીનો જ એક પ્રકાર છે, તેથી એને માન્ય રાખવી જરૂર નથી. ઉર્દુ બંધારણમાં માન્ય રાખેલી ચૌદ ભાષામાંની એક છે. આન્ધ્ર પ્રદેશની વિધાન સભામાં તેલુગુ સાથે ઉર્દુને માન્ય રાખવામાં આવેલ છે. આન્ધ્રમાં ઉર્દુ બોલનારાઓ ઉત્તર પ્રદેશમાં છે એના કરતાં ઓછા છે. ઉર્દુ જો હિન્દીનો એક પ્રકાર જ હોય તો એને દેશના બંધારણમાં શા માટે સ્થાન આપવામાં આવ્યું છે એ સહેજે પ્રશ્ન ઊભો થાય.

ડૉ. ફરીદ ઉત્તર પ્રદેશની વિધાન સભાના એક સભ્ય છે. વિધાન સભામાં એને ઉર્દુમાં બોલવા દેવામાં આવતા નથી માટે જ્યાં સુધી ઉર્દુને ત્યાંની વિધાન સભામાં સ્થાન ન મળે ત્યાં સુધી વિધાન સભામાંથી ગેરહાજર રહેવાનું એમણે નક્કી કર્યું છે.

હિન્દી એટલે સંસ્કૃતપ્રચુર ભાષા. એમાં કોઈ ફારસી શબ્દ ન આવે એવો આગ્રહ હોય છે. 'ફના' જેવો શબ્દ હિન્દીમાં વપરાય એ પસંદ કરવામાં નથી આવતું. ગુજરાતીમાં 'ફના' શબ્દ ભાષામાં જેમ લાવવાને માટે વપરાય છે, પણ હિન્દીમાં નહિ. ઉર્દુ બોલનારા ઘણાય હિન્દી સમજી શકતા નથી.

આવી અસહિષ્ણુતા જ્યાં છે ત્યાં બીજા પ્રાદેશિકોને વિશ્વાસ ન રહે અને હિન્દીભાષીઓ આખા હિન્દુસ્તાન ઉપર ભાષાના ઓઠા નીચે પોતાનું વર્ચસ્વ જમાવવાનો પ્રયાસ કરે એવી શંકા થાય તો એમાં નવાઈ નથી. એવી શંકા માટે બીજા કારણો પણ મળ્યા હોય એવો સંભવ છે.

હિન્દી ભાષા ખરું જોતાં એવી રીતે વિકાસ પામવી જોઈએ કે એ લોકપ્રિય થાય અને હિન્દુસ્તાની કહેવાય. હિન્દીનો આગ્રહ જો આજે છોડી દેવાયો હોત તો સર્વમાન્ય થાય એવી ભાષા આપોઆપ વિકાસ પામી હોત. સીનેમાઓ દ્વારા એ કાર્ય થઈ જ રહ્યું હતું. પણ આજે જેવી હિન્દીનો આગ્રહ છે તે સર્વમાન્ય થવી મુશ્કેલ લાગે છે.

મહારાષ્ટ્રમાં રહેનાર ગુજરાતીને પોતાની સ્વભાષા ગુજરાતી, પ્રાન્તની ભાષા મરાઠી, હિન્દી માન્ય થાય તો કરી ભાષા, હિન્દુસ્તાનની બધી ભાષાઓનું ઉત્પત્તિ સ્થાન છે માટે સંસ્કૃત, અને આ પૃથ્વી ઉપર લગભગ સર્વમાન્ય થઈ છે તે અંગ્રેજી એમ પાંચ ભાષા શીખવી પડે. એટલે ભવિષ્યની પ્રજા ભાષાશાસ્ત્રીઓની થાય એવો સંભવ ખરો. પણ આપણને શું જોઈએ છે? ભાષાશાસ્ત્રીઓ કે વિજ્ઞાનીઓ, ટેકનીશીયનો ને અર્થશાસ્ત્રીઓ? આ બધું શીખવાને આપણી જુદી જુદી ભાષામાં કેટલી સગવડતા છે? પરદેશમાં જુદા જુદા વિષયો શિખવા જવા માટે કઈ ભાષા કામ લાગવાની છે? આજે આ પૃથ્વી ઉપર અંગ્રેજી લગભગ સર્વમાન્ય ભાષા જેવી બની છે, તે કોઈએ બળજબરીથી ઠોકી બેસાડી નથી. પણ એ એની અંદરના રહેલા ગુણોને લીધે એણે સ્થાન પ્રાપ્ત કર્યું છે. આજે પણ એ ભાષામાં સરસ સાહિત્ય બહાર પડે છે. વિજ્ઞાન, અર્થશાસ્ત્ર, એનજીનીયરીંગ તેમજ તત્ત્વજ્ઞાનના પુસ્તકો એ ભાષામાં બહાર પડયે જ જાય છે.

આ લોકશાહીના જમાનામાં એ કહેવું ચાલે એમ નથી કે થોડાએ જ વિજ્ઞાન વિગેરેમાં ઊંચી કેળવણી લેવી જોઈએ. સૌને પોતાનો દીકરો પરદેશ જાય અને ત્યાંથી ભૌતિક વિદ્યાઓનું જ્ઞાન મેળવી લાવે એવી આકાંક્ષા રહી છે. એમાં કોણ જાય અને કોણ ન જાય એવી પસંદગીને સ્થાન કોઈ આપી શકે એમ નથી. 'દુનિયા અત્યંત ઝડપી વાહનોને લીધે ટૂંકી થતી જાય છે અને દેશ દેશ વચ્ચેનો સંપર્ક વધતો જાય છે. એ સંપર્કથી ન પઢેત્ યાવની ભાષા કહીને અંગ્રેજીથી વંચિત રહેવું પાલવે એમ નથી.

ભાષાનો પ્રશ્ન જટીલ બન્યો છે. એનો ઉકેલ આજે કરવાની જરૂર લાગતી નથી અને અંગ્રેજી ભાષા, મુનશીજી કહે છે તેમ વહીવટી ભાષા તરીકે રહે એમાં વાંધા જેવું નથી. આપણે કઈ ભાષા બોલીએ છીએ એ અગત્યનું નથી, પણ દેશ સમસ્ત તરફ વફાદારીની તથા એકતાની ભાષા બોલાય એ જરૂરી છે. બધાનાં દિલ ઉદાર હોય એ જરૂરી છે. એ કંઈ અંગ્રેજી ભાષા ભૂલી જવાથી આવશે એવું તો નથી જ. ભાષામાં લાગણીવશતા ઉપયોગી નથી પણ ખડતલ સમજશક્તિની જરૂર છે.

વિઠ્ઠલદાસ પુરષોત્તમ દેસાઈ

# પ્રકૃતિની વિકૃતિ

જ્યારે આપણે અંધારી રાત્રે આકાશમાં ટમટમતા લાખો અસંખ્ય તારા અને આકાશગંગા જોઈને સૃષ્ટિની અદ્‌ભુત લીલાનો વિચાર કરીએ છીએ ત્યારે આ કુદરત (ઈશ્વર)ની કરામતથી મુગ્ધ થઈ જવાય છે.

તેવી જ રીતે આપણે જ્યારે આ પૃથ્વી પર સરજાયેલાં અસંખ્ય પ્રાણીઓનાં જુદાં જુદાં અંગો જેનાથી એ પ્રાણીઓ ખાય છે, પચાવે છે, શ્વાસ લે છે, પોતાના શરીરમાં એકઠા થતા કચરાનો ત્યાગ કરે છે, જુએ છે, સાંભળે છે અને તેવી જ રીતે બીજી અનેક ક્રિયાઓ કરે છે, અને અમુક પ્રકારની ક્રિયાઓ વડે પ્રજનન કરે છે, ત્યારે પણ કુદરતની કરામત જોઈ જાણીને આશ્ચર્યચકિત થઈ જવાય છે.

આ સૃષ્ટિ કે કુદરતનું સંચાલન અનેક નિયમોને અનુસરીને નિયમિત રીતે ચાલ્યા જ કરે છે એ વાત સાચી, પણ ક્રોડો મનુષ્યો એ હકીકત જાણતા નથી કે આકાશમાં પણ તારાઓ કે ગ્રહો ક્વચિત્ અફળાઈ પડે છે અને આપણે તારાઓને ખરતા જોઈએ છીએ.

એવી જ રીતે અનેક જાતના માણસોના ઘડતરમાં કુદરતની ભૂલ થાય છે અને કોઈ કોઈ વાર બે માથાંના પશુઓ કે ચાર ને બદલે વધારે પગનાં પ્રાણીઓ જન્મે છે, આવા પ્રાણીઓને અંગ્રેજી ભાષામાં (રાક્ષસ) કહે છે. કોઈ છોકરું જન્મે છે તેનો ઉપલો હોઠ અને ક્વચિત્ છેક તાળવું પણ ફાટેલું હોય છે. કેટલાંક છોકરાંઓ બન્ને હાથ અગર પગ વિનાનાં જન્મે છે. દરેક હાથે કે પગે પાંચ પાંચ આંગળાઓને બદલે છ આંગળીઓ હોય છે. આવી અનેક પ્રકારની વિચિત્રતા આપણા જોવામાં આવે છે. અર્થાત્ કુદરતના અદ્‌ભૂત નિયમન તથા સંચાલનમાં કોઈ વાર ક્વચિત્ ભૂલ થઈ જાય છે.

આપણે એ હકીકત જાણીએ છીએ કે અમુક મનુષ્યો (સ્ત્રી કે પુરુષ) જન્મથી જ નપુંસક હોય છે અને કેટલીક વ્યકિતઓની જનનેન્દ્રિયો ખીલી હોતી નથી. બીજા કેટલાક મનુષ્યો એવા હોય છે કે જે પુરુષ છે કે સ્ત્રી તેનો સ્પષ્ટ નિર્ણય કુદરતે કર્યો હોતો નથી, અને જન્મે છોકરો જન્મેલું બાળક મોટું થઈને છોકરી થઈ જાય છે, અગર જન્મે છોકરી જન્મેલું બાળક વર્ષો પછી પુરુષ તરીકે વિકસે છે. આવા બનાવો અગર કિસ્સાઓને વિષે આ લેખ વિજ્ઞાનની દૃષ્ટિએ લખાયો છે.

## પુરુષની સ્ત્રી

હવે આપણે જાતીય વિકૃતિનાં દૃષ્ટાંતો જોઈએ. એક અમેરિકન જુવાનિયાની આ સત્ય કથા ઘણી વિચિત્ર અને જાણવા જેવી છે. અમેરિકાના પશ્ચિમ સમુદ્રકાંઠાના જાણીતા પ્રાંત કેલિફોર્નિયાનો એ વતની હતો. એનું નામ હતું એડવર્ડ પ્રાઈસ રિચર્ડસ. એનું વજન ૧૧૮ રતલ હતું, જે ૨૯ વર્ષના અમેરિકન જુવાન માટે જરા ઓછું કહેવાય. છાતીની પહોળાઈ સરેરાશ ૩૦ ઈંચ હતી. એ પણ ઓછી કહેવાય. થાપાની પહોળાઈ જુવાનોના કરતાં જરા વધારે હતી. દરેક જુવાનની જેમ એ દરરોજ મૂછ દાઢી મૂંડતો હતો. આ યુગના ઘણા અમેરિકનોની જેમ એના વાળ ખરવા લાગ્યા હતા અને એને માથે ટાલ પડવાની શરૂઆત થઈ હતી. એ પોતાના ધંધામાં રોકાયેલો રહેતો હતો.

આશરે બે વર્ષ પહેલાં એણે પોતાના શરીરમાં તેમજ પોતાના માનસમાં સમજી ન શકાય તેવું પરિવર્તન થતું જોયું. અનેક સ્ત્રીઓ જરા મરદાની દેખાય છે તેના જેવો એ બની ગયો. આવી મરદાની સ્ત્રીઓનાં હાડકાં કાંઈક મોટાં હોય છે, થાપાનો ભાગ બીજી સ્ત્રીઓના કરતાં સાંકડો હોય છે, અને તેની ચાલ પણ જરા મરદાની હોય છે. તેના જેવો આ જુવાન રિચર્ડસ બની ગયો.

ટૂંકમાં આ એડવર્ડ પ્રાઈસ રિચર્ડઝ સ્ત્રી જેવો થઈ જતો હતો. એની ગભરામણ આપણાથી સંપૂર્ણપણે સમજી શકાય તેવી નહોતી. કોઈ પણ વ્યકિતનું આવું પરિવર્તન થતું હશે તેનો એને ખ્યાલ સરખો નહોતો. આવાં પરિવર્તનો વિષે સામાન્ય માણસો સાંભળે છે કે વાંચે છે તેના કરતાં વધારે થાય છે, પણ લાજ તથા બીકના કારણે આવી હકીકતો છૂપી રાખવામાં આવે છે.

બીજા વિશ્વયુદ્ધમાં જ્યારે અમેરિકાએ ઝંપલાવ્યું ત્યારે યુદ્ધમાં મોકલવા લાયક પુરુષોની વૈદ્યકીય તપાસ કરવામાં આવી. એ સૈનિક થવા માટે તદ્દન નાલાયક છે એવું સર્ટિફિકેટ લશ્કરી દાકતરે એને આપ્યું. આવી રીતે એ દાકતરોની વિગતવાર તપાસમાંથી બચી ગયો. જો આમ ન થયું હોત તો એની વિચિત્ર અને કઢંગી સ્થિતિની જાહેરાત થઈ જાત.

આ પ્રસંગ ઉભો થયો અને એના જાતીય અંગોમાં પરિવર્તનો થવા લાગ્યાં ત્યાર પહેલાં, રિચર્ડઝ લોરેન વિલ્કોકસ નામની એક યુવતીની સાથે પરણ્યો હતો. આ લગ્ન પ્રસંગે એના શરીર તથા મન પર જે ભારે અસર થઈ તેના કારણે જ એના આખા શરીરમાં ઝડપી ફેરફારો થયા અને તેની જાતીય ઈન્દ્રિય સંકોચાઈને અદૃશ્ય થઈ ગઈ! આ પરિવર્તન થયું હતું ત્યારે રિચર્ડઝને ઘણી જ મુંઝવણ થતી હતી, અને તે લગભગ ગાંડા જેવો થઈ ગયો હતો. એના સારા નસીબે જે સ્ત્રીની (લોરેઈન) જોડે એ પરણ્યો હતો તેણે એના તરફ અડગ સહાનુભૂતિ બતાવી અને એને મદદ કરવાનું સતત ચાલુ રાખ્યું.

દાકતરી તપાસ વખતે એવી હકીકત જણાઈ આવી કે એ જ્યારે પાંચેક વર્ષનો છોકરો હતો ત્યારે એને સ્પાઈનલ મેનેન્જાઈટીસ (એટલે કરોડરજ્જુની અંદરના જંતુનો રોગ) લાગુ પડયો હતો. દાકતરોનું એવું અનુમાન હવે છે કે વખતે એ માંદગીને લીધે શરીરમાં પુરુષ તથા સ્ત્રીનાં જે જાતીય તત્ત્વો (હૉરમોન્સ) દરેક સ્ત્રી પુરુષમાં હોય છે તેનું પ્રમાણ એનામાંથી છટકી ગયું હશે અને રિચર્ડઝના શરીરમાં સ્ત્રી હૉરમોન્સનું બળ વધી ગયું હશે, અને એના શરીરમાં પરિવર્તનની આછી શરૂઆત થવા લાગી હશે. પછી જ્યારે એને લોરેઈન સાથે પરણીને જે વિચિત્ર અને કડવા અનુભવો થયા હશે, ત્યારથી એ પરિવર્તન વધારે ઝડપી બન્યું અને એના શારીરિક અંગો સ્ત્રીના જેવા બનવા લાગ્યા.

ઉપર જણાવ્યું છે તે પ્રમાણે લોરેઈન વિલ્કોકસ ને રિચર્ડઝ પરસ્પર પ્રેમમાં પડયાં હતા અને જ્યારે લોરેઈનને સમજ પડી કે રિચર્ડઝ પોતાને જાતીય સંતોષ આપી શકે એવો પુરુષ નથી ત્યારે તેનો માનસિક આઘાત ખરેખર ભયંકર હતો. હવે એણે તોફાન કરવું કે ગાળો દેવી કે રડારોળ કરવી કે શું કરવું તેની સમજણ પડી નહીં. પણ છેવટે તેણે નિર્ણય કરી લીધો કે રિચર્ડઝે એને છેતરી નથી, પણ ખરી સ્થિતિનું તેને પોતાને જ બરાબર ભાન નહોતું અને ઘણી ઘણી પીડા અને મસલતો તથા ચિંતન પછી લોરેઈને નક્કી કર્યું કે "પડયું પાનું નિભાવી લેવું" એ જ સુખશાંતિનો ઉત્તમ માર્ગ છે. એટલે એ બન્નેએ પતિ-પત્ની તરીકે જ રહેવાનું ચાલુ રાખ્યું.

આ હકીકત પ્રસિદ્ધ થઈ અને છપાઈ તેના બે વર્ષ પહેલાં એડવર્ડ પ્રાઈસ રિચર્ડઝે લોસ-એન્જેલોસની કોર્ટમાં મેજીસ્ટ્રેટની પાસે લેખિત એકરાર કરીને પોતાનું નામ, પહેરવેશ તથા પોતે સ્ત્રી છે તેવું જાહેર કરવાની પરવાનગી માગી. આ કેસ રજૂ કરવા માટે તેણે અને લોરેઈને સારો વકીલ રાખ્યો હતો.

રિચર્ડઝની વૈદ્યકીય પરીક્ષા અનેક દાકતરોએ કર્યા પછી દાકતરોનું સર્ટિફિકેટ પણ રજુ કરેલું. ન્યાયાધીશે આ બધી હકીકતો કાળજીપૂર્વક સાંભળ્યા પછી એવો ચૂકાદો આપ્યો કે રિચ-

ર્ડ્સના શરીરમાં પરિવર્તન થયું છે તે પુરવાર થઈ ગયું છે, પણ આ પરિવર્તન કાયમી છે એવી ખાતરી કોર્ટને થતી નથી, તેથી તેને બાર્બરાનું નામ ધારણ કરવાની કે સ્ત્રીના કપડાં પહેરવાની કે એનું સ્ટેટસ એટલે પુરુષને બદલે સ્ત્રી તરીકે નોંધાવવાની કોર્ટે પરવાનગી આપી નહીં.

અમેરિકામાં કોઈ પણ પુરુષ સ્ત્રીનાં કપડાં પહેરીને જાહેરમાં ફરે તો તેને ગુનાહિત કૃત્ય ગણવામાં આવે છે. અને તે માટે સજા ફટકારવામાં આવે છે. રિચર્ડ્સને હવે પુરુષનાં કપડાં પહેરવાં ગમતાં નહોતાં અને જો સ્ત્રીનાં કપડાં પહેરે તો પોલીસ એને પકડે તેવી બીક હતી. જ્યારે વસતીગણતરી (સેન્સસ) થાય ત્યારે એણે કઈ જાતિ લખાવવી એ બીજો પ્રશ્ન હતો. આખો કેસ ચાલ્યો તેમાં એની પત્ની લોરેઈન તરફથી એને સંપૂર્ણ મદદ મળી હતી. આ હકીકત છપાઈ ત્યાં સુધી એ બન્ને પતિ પત્ની તરીકે રહેતાં હતાં.

(આ હકીકત 'એશિયાટિક ડાઈજેસ્ટ' નામના માસિકના ૧૯૪૨ના મે મહિનાના અંકમાં પ્રસિદ્ધ થઈ છે.)

## સ્ત્રીનો પુરુષ

હવે આપણે ઉપલા કેસથી તદ્દન જુદા પ્રકારના પરિવર્તનની હકીકતો જોઈએ.

સ્કૉટલેન્ડના એક બેરન–મોટા જમીનદાર–લૉર્ડ ફૉર્બસ સેમ્પીલની બહેન એલિઝાબેથ જન્મથી "છોકરી" જન્મી હતી. યુવાવસ્થામાં પ્રવેશી ત્યારે તેનું કદ બેઠું અને કાંઈક ટૂંકું હતું. ભુખરા (ગ્રે) રંગના વાળ હતા. અને જરા ભુરાશ પડતી આંખો. છેક નાનપણથી જ એને કસરત તથા મૈદાની રમતોનો શોખ હતો. એ ઘોડેસ્વારી કરતી, માછલાં પકડતી અને એને સારી નિશાનબાજીથી શિકાર કરવાનો શોખ હતો. એને છોકરીનાં કપડાં પહેરવાનો સખત અણગમો હતો.

જન્મ વખતે એ છોકરી જેવી હશે, પણ એનો વિકાસ છોકરા જેવો જ થયો. કદ જરા ઓછું હતું. હાથ મરદના જેવા હતા, પણ નાના નાજુક હતા. એને ખાત્રી થઈ હતી કે એ સ્ત્રી નથી, પણ પુરુષ છે. એની બધી વૃત્તિઓ–લાગણીઓ પુરુષના જેવી હતી, પણ એણે લોકલાજના કારણે પુરુષ હોવાનું જાહેર કર્યું હતું નહીં.

માધ્યમિક શિક્ષણ પૂરું કર્યા પછી એણે એબર્ડીન યુનિવર્સિટીમાં વૈદ્યકિય અભ્યાસ કરીને ડૉક્ટરની પદવી મેળવી અને એ શહેરમાં જ પ્રેકટિસ શરૂ કરી. અને તેની સાથે જ એણે પોતાનો પહેરવેશ તથા નામ બદલી નાખ્યાં. હવે એનું નામ ઈવેન સેમ્પીલ છે. આ બધો ફેરફાર કરવાનું મુખ્ય કારણ તો એ છે કે તે એક યુવતી સાથે પ્રેમમાં પડયો હતો.

એને પુરુષ ઈન્દ્રિયને બહાર કાઢવા માટે ઑપરેશન કરાવવું પડયું નહોતું, પણ એણે પુરુષત્વ વધારવા માટેની હૉરમોનની દવા લીધેલી ખરી. હવે એ સંપૂર્ણપણે પુરુષ થઈ ગયો છે અને જે હેવાલ મારી પાસે છે તે વખતે એ પોતાના લગ્નના ઉત્સાહમાં હતો. પોતાના મોટા ભાઈ લૉર્ડ સેમ્પીલને છોકરા નથી, એટલે સ્કોટલેન્ડના કાયદા પ્રમાણે એના ભાઈના અવસાન પછી એ લૉર્ડ બનશે અને બધી જમીનદારી તથા મહેલ (કેસલ) નો માલિક બનશે. (મારી પાસે એની છબી છે.) વખતે એને કોર્ટમાં જઈને હુકમ તો મેળવવાનો રહેશે જ.

## ત્રીજો કિસ્સો

જ્યૉર્જ જૉર્ગન્સન નામનો એક અમેરિકન જુવાન હતો. એનો બાપ ન્યુયૉર્કમાં સુથારનો ધંધો કરતો હતો. જ્યૉર્જે માધ્યમિક શિક્ષણ પૂરું કર્યું તે અરસામાં બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું અને અમેરિકાએ તેમાં ઝંપલાવ્યું. જ્યૉર્જ પણ લશ્કરમાં જોડાયો અને બે વર્ષ પછી એ છૂટો થઈ ગયો. જ્યારે એ સૈન્યમાં સર્વ કોઈ સૈનિકની જેમ રોજ-બ-રોજનું કામ કરતો હતો ત્યારે એણે જોયું કે એની જાતીય ઈન્દ્રિયોમાં સમજાય નહીં એવા ફેરફાર થયા કરે છે. યુદ્ધ પૂરું થયું હતું, તેથી જ્યૉર્જે ન્યુયૉર્કની એક મૅડિકલ કૉલેજમાં દાકતરી અભ્યાસ શરૂ કર્યો અને એણે મનુષ્યની (સ્ત્રી પુરુષના) જાતીય ગ્રન્થિનો અને હોરમોનનો ખાસ અભ્યાસ કર્યો.

એક પ્રસંગે એ કૅલિફોર્નિયાની મુસાફરીએ ગયો હતો. ત્યાં એક દાકતરે એને માહિતી આપી કે ડેન્માર્કના પાટનગર કોપનહેગનમાં એક 'સીરમ' (રસી) ઈન્સ્ટીટયૂટ છે, અને તેનો ડૉકટર હામ્બુર્ગર આ વિષયનો કાબેલ નિષ્ણાત ગણાય છે. સારા નસીબે કેલિફોર્નિયામાં જ એને એક સન્નારી મળી, જેણે એને ડેન્માર્ક લઈ જવાની તૈયારી બતાવી. જ્યૉર્જ ત્યાં ગયો.

એને બે હજાર જેટલાં ઈન્જેકશનો હોરમોનનાં આપ્યાં અને એના પર પાંચ છ મોટાં ઑપરેશન થયાં. ડેન્માર્કથી જ એણે પોતાનાં મા બાપને જણાવી દીધું કે એની ચિકિત્સા સફળ નીવડી છે, અને કુદરતે ભૂલ કરીને એને પુરુષ ગણ્યો હતો પણ હવે એ સ્ત્રી બની ગયો છે અને પોતાનું નામ બદલીને ક્રિસ્ટિન રાખ્યું છે. વયે એ ૨૬–૨૮ વર્ષની છે અને ગોરી તથા દેખાવડી જણાય છે. (સ્ત્રી તરીકે અને પુરુષ તરીકેની એની છબી મારી પાસે છે).

આવા બનાવો ઘણા ઓછા જાણવામાં આવે છે. મારા પોતાના અનુભવોમાં મેં થોડી સ્ત્રીઓને તપાસી છે, કે જેનામાં કાંઈ ને કાંઈ વિકૃતિ પકડાઈ આવી છે. કોઈને ગર્ભસ્થાન લગભગ હોય જ નહીં અને એક બ્રાહ્મણની રૂપાળી (૧૬ વર્ષની) છોકરીને યોનિની ઉપરનાં બીજા જાતીય અવયવો (ગર્ભસ્થાન) હતા જ નહીં. મેં તેને મુંબઈની હૉસ્પિટલમાં તપાસ માટે મોકલેલી, અને મારી પરીક્ષા સાચી નીકળી હતી.

થોડા વખત પહેલાં એક સારા કુટુંબની સુંદર દેખાતી બ્રાહ્મણ સ્ત્રી અમને મળવા આવેલી. એ યુરોપમાં રહેતી હતી અને ત્યાં પોતાના પતિ સાથે રહીને સાથે સાથે નોકરી પણ કરતી હતી. ઠીક સારું ભણેલી ચબરાક અને ચાલાક હતી. જે રીતે એ મારા મકાનનાં પગથિયાં ચઢી તે જોઈને તથા તેની વાતો અને વર્તનથી તરત મને વિચાર આવ્યો કે આ એક સામાન્ય સ્ત્રી નથી. પછી મેં તેના વિશે માહિતી કાઢતાં એટલું જાણવા મળ્યું કે એને કદી ઋતુસ્રાવ થયો નહોતો અને છોકરાં તો થાય જ શી રીતે? એની વૃત્તિઓ પુરુષોના જેવી જ હતી. આ સિવાય વિશેષ માહિતી મળી નહીં.

ઉપર લખેલી બધી વિકૃતિઓને માટે એટલી મહત્ત્વની બાબત સમજી લેવાની જરૂર છે કે દરેક મનુષ્યમાં મૂળભૂત અંગો અને અવયવો લગભગ એક સરખાં હોય છે. પુરુષોમાં સ્ત્રીઓની જેવાં અંગો વિકાસ ન પામતાં નાનાં અને ખીલ્યાં વિનાના (પુરુષોમાં સ્તન અને તેની ડિંટડીના જેવાં) રહી જાય છે. તેવી જ રીતે સ્ત્રીઓમાં પણ પુરુષોના જેવા અંગો હોય છે કે જે વિકાસ ન પામતા અવિકસિત રહી જાય છે.

સ્ત્રી તેમ જ પુરુષ બન્નેનાં જાતીય અંગોમાંથી અંતસ્રાવ ઉત્પન્ન થાય છે. પુરુષોના અને સ્ત્રીઓના જનનાંગ વૃષણ અને અંડપિંડ (ઓવરી) એ બન્ને અંગોમાં ગર્ભ રહેવા માટે જે પદાર્થ ઉત્પન્ન થાય છે તે ઉપરાંત તેમાંથી અંતસ્રાવ (હોરમોન) પણ પેદા થાય છે. પુરુષોના અંતસ્રાવને એન્ડ્રોજન (androgen) અને સ્ત્રીઓના અંતસ્રાવને એસ્ટ્રોજન (estrogen) કહે છે. સ્ત્રી પુરુષોના શરીરના વિશેષ (સેકન્ડરી) ચિહ્નો વિકસાવવા માટે આ અંતસ્રાવ અત્યંત મહત્ત્વનો ભાગ ભજવે છે. (પુરુષને મૂછ, દાઢીના વાળ વગેરે અને સ્ત્રીઓને સ્તન વગેરે માટે) જ્યારે કોઈ રોગ કે માનસિક આઘાતને લીધે અંતસ્રાવમાં વધઘટ થઈ જાય છે ત્યારે સ્ત્રી–પુરુષોનાં અંગોમાં ફેરફાર થઈ જાય છે.

## એક વિદ્વાન નિષ્ણાતની નોંધ

ઉપર લખેલાં કારણો વિશે મને પોતાને શંકા ઉત્પન્ન થવાના કારણે મેં ગુજરાત કૉલેજના બાયોલૉજી એટલે જીવવિદ્યાના પ્રોફેસર શ્રી ગિરીન્દ્ર પંડયાને (ઓળખાણ વિના) પુછાવ્યું અને એમણે મને જે નોંધ લખી મોકલી છે તે અક્ષરશ: અહીં રજૂ કરું છું:–

"આવા જણાવેલા કિસ્સાની બાબતમાં વૈજ્ઞાનિક દૃષ્ટિએ જોતાં જણાશે કે તેમાં જાતિનું પરિવર્તન ખરી રીતે થતું નથી. આના કારણમાં એમ જણાવી શકાય કે મનુષ્યમાં લિંગભેદ તો ગર્ભવિકાસના ત્રીજા તબક્કામાં એટલે સ્ત્રીના અંડકોષ (egg-cell) અને

શુક્રકોષના (Sperm-cell) મિલન વખતે જ નક્કી થઈ જાય છે.

"અંડકોષના ફલનમાં જો બે એકસ લિંગસૂત્રો (2X–sex chromosomes) સાથે આવે તો ગર્ભનો વિકાસ સ્ત્રીમાં પરિણમે છે; અને એકસ વાઈ લિંગસૂત્રો (X–y–sex-chromosomes) સાથે આવે તો ગર્ભનો વિકાસ પુરુષમાં પરિણમે છે. જો કોઈ પણ કારણસર ઉપર જણાવેલાં લિંગસૂત્રોની સંખ્યામાં ફેરફાર થાય તો શરીરની અંદર આવેલી જનનેન્દ્રિયોનું નિર્માણ થવામાં ફેરફાર થઈ શકે અને ગર્ભમાં કદાચ બન્ને પ્રકારની અંદરની જનનેન્દ્રિયો એટલે કે વૃષણ (testis) અને અંડપિંડ (બીજાશય–ovary) નું એકી સાથે નિર્માણ થવા પામે છે. બન્ને પ્રકારની જનનેન્દ્રિયો ધરાવતી આવી વ્યકિતને ટ્રિલિંગી (hermaphrodite) કહેવામાં આવે છે. વળી આવી ટ્રિલિંગ વ્યકિતઓ કાર્યક્ષમ શુક્રકોષો અને અંડકોષોને ઉત્પન્ન કરી શકે છે. પણ આવા પ્રકારનું ટ્રિલિંગીપણું મનુષ્યની બાબતમાં ભાગ્યે જ જોવા મળે છે.

"શરૂઆતમાં વર્ણવેલા કિસ્સાઓમાં શરીરની અંદર આવેલી જનનેન્દ્રિયો (એટલે કે વૃષણ અથવા અંડપિંડ) અપૂર્ણ વિકાસ પામેલી છે; જ્યારે બન્ને પ્રકારની–સ્ત્રી અને પુરુષની બાહ્ય જનને–ન્દ્રિયો (પુરુષમાં શિશ્ન અને વૃષણ કોથળી અને સ્ત્રીમાં યોનિહોષ્ટો અને યોનિમાર્ગ) બન્ને દેખાય છે. અને તે પણ સામાન્ય હોય તેના કરતાં કદમાં નાની હોય છે, વળી આવા દાખલાઓમાં તેમના દ્વિતીય જાતીય લક્ષણો (સેકંડરી–sexual characters) જેવાં કે દાઢી, મૂછ, સ્તન, અવાજ વગેરે પણ વચલા વળનાં (ન તો પુરે-પૂરાં પુરુષનાં કે ન તો પૂરેપૂરાં સ્ત્રીનાં) હોય છે.

પહેલા કિસ્સામાં રિચર્ડ્‌ઝની શરૂઆતની જિંદગીમાં તેને અલ્પ વિકસિત પુરુષની બાહ્ય જનનેન્દ્રિયો સ્પષ્ટ રીતે હતી. એટલે તેની ગણના પુરુષમાં કરવામાં આવી. કદાચ તેના અંડપિંડ (ovary) પણ અસલની જગ્યાએથી સ્થાનભ્રષ્ટ થઈ નીચે ઊતરી આવ્યા હોય તો તેઓ વૃષણ તરીકે ગણાવાનો સંભવ છે.

"આવી જાતનાં લક્ષણો હોવાનું કારણ તેને પાંચ વર્ષની વયે થયેલા સ્પાઈનલ મેનેન્જાઈટીસને લીધે હોર્મોન્સના પ્રમાણમાં થયેલો ફેરફાર હતો. અમુક ઉંમર પછી તેનામાં જાતીય પરિવર્તન થતું જોવામાં આવ્યું એનું કારણ માત્ર એ છે કે તે વખતે તેના અંડ-પિંડમાંથી અને શરીરમાં આવેલી બીજી અંતસ્રાવી ગ્રન્થિઓ (ductless glands)માંથી એસ્ટ્રોજન હોર્મોન્સ (estrogen hormones) નો સ્રાવ વિશેષ પ્રમાણમાં થવાથી તેનામાં પુરુષનાં બાહ્ય જાતીય લક્ષણો દબાઈ ગયાં અને સ્ત્રીનાં સર્વ જાતીય લક્ષણો વધારે સ્પષ્ટ થવા માંડયાં, જેથી તે પુરુષમાંથી સ્ત્રીના સ્વરૂપમાં ફેરવાતો હોય એવું જણાયું.

બીજો એલિઝાબેથનો સ્ત્રીમાંથી પુરુષમાં પરિવર્તન પામવાનો પહેલાં કરતાં વિરુદ્ધનો કિસ્સો છે, જ્યારે ત્રીજો કિસ્સો પહેલા જેવો જ છે; જેનાં કારણો પણ ઉપર જણાવ્યા પ્રમાણે છે."

અંતમાં ફરીથી સ્પષ્ટ કરવાની જરૂર છે કે મનુષ્યમાં એક વખત જાતિનું નિર્માણ થયા પછી તેને કોઈ પણ કાળે વિરુદ્ધ જાતિમાં ફેરવી શકાતી નથી પણ રોગિષ્ટ સ્થિતિમાં અથવા બીજાં કોઈ પણ **જનીની** કારણો (jenetic--reasons)ને લીધે માત્ર તેની જાતિનાં બાહ્ય લક્ષણોમાં જો કાંઈ વિરુદ્ધપણું જણાતું હોય તો ફકત તેમાં જ (gonadotrophic hormones) સ્રાવનું યોગ્ય પ્રમાણ જાળવવાથી પરિવર્તન થઈ શકે છે. વળી સ્ત્રીમાં સ્તનનો અને ગર્ભા-શયનો વિકાસ એવા વિશિષ્ટ પ્રકારનો છે કે તેને લીધે પણ જાતીય પરિવર્તન અશકય બને છે. લેખનાં પ્રારંભમાં જણાવ્યું છે તે પ્રમાણે, કુદરતની યોજના અને નિયમોમાં કવચિત કોઈ વાર ભૂલ થઈ જાય છે. તે હકીકત ઉપરના કિસ્સાઓમાં પુરવાર થઈ ગઈ છે. ૪૦૦-૫૦૦ વર્ષ પહેલાં એક ફારસી કવિ ઉમ્મર ખય્યામે માટલાંની એક દુકાનમાં એક બેડોળ માટલાંને કહેતા સાંભળેલું કે 'શું – ઈશ્વરનો હાથ હાલી ગયો હશે?'

આ પ્રશ્નનો ઉત્તર હકારમાં છે.

('સમાજદર્પણ' માંથી સાભાર ઉદ્‌ધૃત) **ડૉ. સુમન્ત મહેતા**

# સુકી ધરતીનાં મીઠાં સ્મરણો - ૫

શુક્રવાર, તા. ૧૨–૨–૬૫

## ગાંધીધામ ભણી

આજે સવારે અમને અહિંના 'કચ્છ મિત્ર' કાર્યાલયના મેને-જર શ્રી જમનાદાસ પ્રેમચંદ શાહને ત્યાં ચાહ - નાસ્તા માટે નિમંત્રણ હતું. એટલે સવારનું નિત્યકર્મ પતાવીને અમારી નજીકમાં આવેલા તેમના નિવાસસ્થાન ઉપર અમે સૌ ગયા અને તેમના મકાનની અગાસીમાં બધાં એકઠાં થયાં. આકાશમાં સૂર્ય ઊંચે ચઢી રહ્યો હતો અને તેનો તડકો તથા પ્રકાશ ચોતરફ ફેલાઈ રહ્યો હતો. આમ છતાં શિયાળાની ઠંડી હજુ ચાલુ હતી અને તેથી આ તડકો મધુર લાગતો હતો. જમનાદાસભાઈ સાથે અમારો તો કશો સંબંધ હતો જ નહિ. પરમાનંદભાઈ સૌરાષ્ટ્ર ટ્રસ્ટના, એક ટ્રસ્ટી અને અહિંનું 'કચ્છ મિત્ર' સૌરાષ્ટ્ર ટ્રસ્ટ સંચાલિત એક દૈનિક પત્ર એ નાતે પર-માનંદભાઈનો તેમની સાથે અમુક સંબંધ ગણાય. એમ છતાં તેમણે અમને બધાંને ખૂબ ભાવથી પોતાને ત્યાં બોલાવ્યા અને તાજા જલેબી ગાંઠિયાનો અમને નાસ્તો કરાવ્યો જે અમો સર્વ પ્રત્યેના તેમના દિલના ઉમળકાનું સૂચક હતું. આ પ્રસંગ ઉપર 'કચ્છ મિત્ર' સાથે જોડાયેલા ફોટોગ્રાફરને પણ તેમણે બોલાવેલા અને અમારી આખી મંડ-ળીની છબી લેવડાવેલી, જેનો બ્લોક આ લેખના છેડે છપાયેલો છે. તેમનાં વૃદ્ધ માતુશ્રી આશરે ૮૦ વર્ષનાં તે ભાવનગરનાં હોઈને પરમાનંદભાઈના પિતાશ્રીને અને તેમના કુટુંબને સારી રીતે જાણતાં હતાં. તેમણે પણ અમને બહુ વાત્સલ્યથી આવકાર્યા અને એક કુટુંબ જેવો સૌને અનુભવ થયો.

અહીં ચાહ - નાસ્તો પતાવતાં લગભગ આઠ વાગવા આવ્યા હતા. અગિયાર વાગ્યા લગભગ અમારે ગાંધીધામ તરફ રવાના થવાનું હતું. ભુજમાં રાત તો બે ગાળી, પણ ભુજ તળમાં તો અમે કાંઈ જોયું જ નહોતું. અને ભુજમાં ખરીદી કરવા જેવું પણ ઘણું હતું. સૂડી, ચપ્પુ, કાંસાનાં વાસણો, બાંધણી વગેરે. આ માટે સમય બહુ ઓછો હતો. એમ છતાં મારી જેવા કેટલાંક ભાઈ - બહેનો ભૂજની બજારમાં ખરીદી કરવા ઉપડયા. બીજા કેટલાક ભૂજમાં જોવા લાયક સ્થળો જોવા ઉપડયા. આમ બે ત્રણ કલાક જોતજોતામાં પસાર થઈ ગયા પણ ખરીદનારા ખરીદીથી ધરાયા નહિ અને જોવા લાયક સ્થળો જોનારાને કેટલુંય બાકી રહી ગયું. આખરે નક્કી કરેલા કાર્ય-ક્રમ મુજબ અમારી સવારી લગભગ ૧૧-૩૦ વાગ્યે ભુજથી ગાંધીધામ તરફ રવાના થઈ.

ભુજથી ગાંધીધામ ૩૮ માઈલ દૂર હતું. રસ્તામાં અંજાર આવ્યું. અમારા કાર્યક્રમમાં અહિં રોકાવાનું નહોતું. એ બાબતનું અમારા મનમાં જરા દુઃખ રહી ગયું. કારણ કે અંજાર કચ્છનું એક મુખ્ય નગર છે, વળી થોડાં વર્ષ પહેલાં ત્યાં ધરતીકંપ થયેલો તે કારણે અંજાર તારાજ થઈ ગયેલું અને પાછું ભારત સરકારની વિપુલ મદદ વડે, નવું રૂપ ધારણ કરેલ અંજાર અમે જોયું. આ અંજારમાંથી પસાર થતાં જ્યાં ત્યાં નવા મકાનો નજરે પડે છે અને કેટલાક મકાનોમાં ધરતી-કંપની ચીરાડો પણ દેખાય છે. આ રીતે અંજાર શહેર જુના–નવાના વિચિત્ર મિશ્રણ જેવું લાગે છે. અંજાર બીજી રીતે પણ જાણીતું છે. અહિં દંતકથા પ્રસિદ્ધ જેસલ - તોરલની સમાધિ છે. આ સમાધિ નજરે જોવાની અમારામાંના ઘણાના મનમાં તીવ્ર ઈચ્છા હતી પણ તે ઈચ્છા મનની મનમાં રહી ગઈ. ધીમે ધીમે ચાલતી બસમાં બેઠાં બેઠાં અમે અંજાર પસાર કર્યું અને બસની બારીઓમાંથી જોવાય તેટલું જોઈને સંતોષ માન્યો.

અંજાર વટાવ્યા બાદ રતનાલ નામનું રેલ્વે સ્ટેશન આવ્યું. આ અંગે અમને એમ જણાવવામાં આવ્યું કે આ સ્ટેશનથી સ્વ. પંડિત નેહરુને નવું વસાવવામાં આવેલ ગામ 'જવાહરનગર' નું ઉદ્‌ઘાટન કરવા માટે લઈ જવામાં આવ્યા હતા. ત્યાં જતાં રસ્તામાં પંડિતજી જીપ ગાડીમાંથી ઉથલી પડયા હતા અને તે જ્યાં પડેલા તે જગ્યા ઉપર એમની સ્મૃતિ કાયમ કરવા માટે એક નાનું સ્મારક ઊભું કરવામાં આવ્યું છે અને એ સ્મારકમાં માત્ર બે જ

અક્ષરો કોતરવામાં આવ્યા છે. આ અક્ષરો છે 'ખમ્મા'. ખરેખર આ બે અક્ષરોમાં પંડિતજી પ્રત્યેની પ્રજાજનોની ઊંડા સ્નેહની લાગણી વ્યકત થાય છે.

## ગાંધીધામ

અમે આદિપુર વટાવીને ગાંધીધામ પહોંચ્યા ત્યારે લગભગ એક વાગવા આવ્યો હતો. કચ્છની આ વિશાળ વસાહત તદ્દન નવી છે અને તે ત્રણ વિભાગમાં વહેંચાયલી છે અને ઘણા મોટા ક્ષેત્ર-ફળને આવરે છે: (૧) કોઈ પણ શહેરના પરા જેવું આદિપુર જે ખાનગી રહેઠાણોનું મથક છે, (૨) ગાંધીધામ જે વ્યાપાર વ્યવસાયનું મથક છે, (૩) કંડલા બંદર અને કંડલા ફ્રી ટ્રેડ ઝોન જ્યાં નવું બંદર ઊભું કરવામાં આવ્યું છે અને તેની નજીકનો પ્રદેશ નવા ઉદ્યોગો અંગે કારખાનાંઓ ઊભા કરવા માટે અલાયદો નક્કી કરવામાં આવ્યો છે.

અમારા ઉતરવાની વ્યવસ્થા ગાંધીધામમાં આવેલા ચેમ્બર ઑફ કૉમર્સના મકાનમાં – ખાસ કરીને તાડપત્રી અને ચંદરવાથી ઢાંકેલી અગાસીમાં–કરવામાં આવી હતી. આજ સુધી અમે જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં અમારા રહેવા ખાવા વગેરેની વ્યવસ્થા જાણે કે બાદશાહી આકારની હતી. અહિં એવી કોઈ સગવડ સુલભ નહોતી. ગાંધીધામમાં થોડાંક જૈન કુટુંબો વસેલાં છે. તેમના આગેવાન શ્રી નાગશી ધારશી શેઠિયા અને અન્ય જૈન બંધુઓએ અમે ચેમ્બર ઑફ કૉમર્સના મકાન પાસે પહોંચ્યા એટલે, અમને આવકાર આપ્યો. ત્યાર બાદ અગાસી ઉપર સામાન ચઢાવીને અમે જરાક સ્થિર થયા અને પછી થોડે દૂર આવેલી એક મારવાડીની લૉજમાં જઈને ભોજનકાર્ય પતાવ્યું અને પાછા અમારા નિવાસસ્થાને આવીને થોડો સમય આરામ કર્યો.

ગાંધીધામની રચના એક અદ્યતન નગર જેવી છે. મોટા પહોળા રસ્તાઓ, દુકાનો અને એકસપૉર્ટ - ઈમ્પૉર્ટની ઑફિસો, હૉટેલો અને સિનેમાઓ. આ શહેર પચરંગી દેખાય છે. આ શહેર સિંધના નિર્વાસિતોને વસાવવાના હેતુથી ઊભું કરવામાં આવ્યું છે પણ કંડલાને ફ્રી ટ્રેડ પૉર્ટ બનાવવામાં આવેલું હોઈને તે બંદરના વિકાસ સાથે ગાંધીધામનો પણ વિકાસ થવાનો એ આશાએ ભારતના અન્ય ભાગની અનેક પેઢીઓએ અહિં થાણાં નાંખ્યાં છે અને એ રીતે ગાંધી-ધામ જીવતું, જાગતું અને નવા પ્રાણથી ધબકતું નગર લાગે છે. કચ્છના આજ સુધી જોયેલાં શહેરો અને ગામડાંથી ગાંધીધામની ભાત જુદા જ પ્રકારની માલૂમ પડે છે.

ગાંધીધામ અંગે અમને જણાવવામાં આવ્યું કે ગાંધીધામના વિકાસમાં ભાઈ પ્રતાપ દયાળનો સૌથી વધારે ફાળો છે. અમીર કુટું-બમાં ઉછરેલા આ ગૃહસ્થે રાત-દિવસ સતત મહેનત કરીને ગાંધીધામના બાંધકામમાં–વિકાસમાં પોતાનો પ્રાણ પૂર્યો હતો. ગાંધીધામની વસ્તી તેમને 'અજો' અને 'અદો' તરીકે બીરદાવતી હતી. પણ ગ્રહોના કોઈ ક્રૂર બળોના ભાઈ પ્રતાપ આજે ભોગ બની ગયા છે; અને શારીરિક યાતના ભોગવી રહ્યા છે. આમ છતાં ગાંધીધામ માટે કંડલા માટે, કચ્છ માટે તેમણે જે કોઈ કર્યું છે તે કદિ કોઈ ભૂલી શકે તેમ નથી.

આ ગાંધીધામમાં રાત્રિ ગાળીને બીજે દિવસે સવારે ભદ્રેશ્વર જવું–આવો કાર્યક્રમ અમે વિચારેલો હતો. પણ અહિંની ટાંચી સગવડ જોતાં ભદ્રેશ્વર જે અહીંથી ૨૦ માઈલ દૂર હતું ત્યાં રાત્રે જ પહોંચી જવું એવો અમે નિર્ણય કર્યો અને તે અંગેની ગોઠવણ કરવા માટે અમારા કચ્છના આખા પ્રવાસનો જેમણે પ્રબંધ કર્યો હતો તે શ્રી મગન-ભાઈને અમારી સાથેની મોટરમાં ભદ્રેશ્વર ભણી રવાના કર્યા.

## કંડલા

બપોરના ત્રણ વાગવા આવ્યા હતા. હવે અમારે કંડલા બંદર જોવા જવાનું હતું. આ અંગે આગળથી કરેલી ગોઠવણ મુજબ ગાંધીધામમાં રહેતા ભાઈશ્રી પ્રભુલાલ સંઘવી અમને કંડલા બંદર દેખાડવા માટે તથા ફ્રી ટ્રેડ ઝોનનો ખ્યાલ આપવા માટે આવી પહોંચ્યા હતા. બંદર ઉપર પહોંચ્યા એટલે અમારી રાહ જોતા પોર્ટ ઑફિસર શ્રી ગુપ્તા અમને મળ્યા અને એક મોટા હૉલમાં લઈ ગયા અને ત્યાં મૂકેલા ચાર્ટસ્ - નકશાઓ–તથા કંડલાની બહું નાના સ્કેલ ઉપરની રચના દાખવતા એક પટ દ્વારા તેમણે એમને કંડલા બંદરની ભવ્ય રચનાનો ખ્યાલ આપ્યો.

ત્યાર બાદ ત્રણ કે ચાર માળ ઉપર જ્યાં રડારની ગોઠવણ છે ત્યાં અમને લઈ જવામાં આવ્યા અને રડારની રચના અમને પ્રત્યક્ષ દેખાડી તથા સમજાવી. આ અમારામાંના લગભગ સર્વ કોઈ માટે પહેલો જ અનુભવ હતો. રડાર વિષે કાંઈક વાંચેલું ખરું, પણ તેના રહસ્યનો આજે જ ખરો ખ્યાલ આવ્યો. આ રડારની કેબીનમાં ટેલિ-વિઝનના ઘેરાણે આસપાસના અમુક વિસ્તારમાં કઈ સ્ટીમર ક્યાં ઊભી છે અને કઈ દિશાએ જઈ રહી છે તેનો ખ્યાલ આવે છે. આ જાતે જોવાથી જ બરોબર સમજી શકાય તેમ છે.

ત્યાર બાદ તેઓ અમને કંડલા બંદરમાં જે ડૉકસ ઉપર સ્ટીમરોલાંગરે છે તે વિભાગ તરફ લઈ ગયા. કચ્છના અખાતમાં કંડલાની ખાડીના પશ્ચિમ કિનારા ઉપર આ બંદર આવ્યું છે. આજે અહિં ચાર બર્થ ઉભા કરવામાં આવ્યા છે. બર્થ એટલે એક સ્ટીમરને ઉભી રહેવા પૂરતો બાંધેલો કીનારો. અહિં મોટી મોટી સ્ટીમરો ભરતીના વખતે આવીને ઉભી રહે એટલું પાણીનું ઊંડાણ છે. આ બંદરના માસ્ટર પ્લાનમાં આવા કુલ ૩૦ બર્થ ઉભા કરવાનું વિચા-રાયું છે. જેમ વ્યાપાર અને સ્ટીમરોની અવરજવર વધતી જશે તેમ નવા નવા બર્થ ઉભા કરવામાં આવશે. આજે ૧૫ લાખ ટન માલની વાર્ષિક હેરફેર થાય છે, અને મોટા ભાગે અહિં સરકારી માલની આયાત-નિકાસ થાય છે. સામાન્ય વ્યાપારીઓનો માલ હજુ અહિં બહુ ઓછો ઊતરે છે. આજે કંડલાને ભારતના બીજા ભાગ સાથે પાલણપુર મારફત જોડતી મીટરગૅજ રેલ્વેલાઈન છે. વિરમગામ ધ્રાંગધ્રા મારફત કંડલાને જોડનારી બ્રૉડગૅજની લાઈન નાંખવાનુ શરૂ થયું છે, પણ તેની પ્રગતિ બહુ ધીમી છે. આ લાઈન નંખાયા બાદ કંડલાનું આખા ભારત સાથે જોડાણ થશે અને પરિણામે કંડલા મારફતનો વ્યાપાર વ્યવહાર બહોળા પ્રમાણમાં વધશે એવી આશા રાખવામાં આવે છે. અમે આ બર્થની બાજુએ પસાર થતાં એક મોટી સ્ટીમરમાંથી કીનારા ઉપર જળપ્રવા-હની માફક ઠલવાતા ઘઉંનો મોટો ટેકરો જોયો. સ્ટીમરમાંથી ઘઉં કીનારા ઉપર ઠલવાતા હતા અને ઑટોમેટીક યંત્રથી કોથળામાં ભરાતા જતા હતા અને કોથળા પણ એ જ પ્રમાણે શિવાતા જતા હતા. આવી જ રીતે અહિં કેરોસીન, પેટ્રોલ વગેરે પણ મોટા પ્રમાણમાં ઉતારવામાં તેમ જ સંગ્રહવામાં આવે છે. આમ કંડલા બંદરનું નિર્માણ ભારત સરકારની એક મોટી સિદ્ધિ છે. જે જોઈને અમે સૌ ગૌરવાન્વિત બન્યા.

## 'કંડલા ફ્રી ટ્રેડ ઝોન'

આ કંડલા બંદરની વિશેષતા તે સાથે જોડાયલા ફ્રી ટ્રેડ ઝોનના કારણે છે. આ ફ્રી ટ્રેડ ઝોન આપણા દેશ માટે તદ્દન નવો વિચાર અને નવું સાહસ છે. ફ્રી ટ્રેડ ઝોન એટલે બંદર પાસેનો એક એવો વિસ્તાર કે જેને કસ્ટમની જગાત કે આયાત - નિકાસનાં બંધનો લાગુ પડતાં નથી. અહિં જે કાંઈ કાચો માલ ઉતરે તે ઉપર કોઈ જગાત લેવામાં ન આવે અને એ જ કાચો માલ અહિં જ સ્ટોર થાય, તેમાંથી નવો માલ પેદા થાય, તે પાછો પેક થાય અને પરદેશ પાછો ચઢે તેને કોઈ એકસાઈઝ ડ્યુટી કે નિકાસને લગતી જગાત લાગુ ન પડે. આ રીતે સીધી પડતરનો પરદેશ જતો માલ દુનિયાની બજારોની હરીફાઈમાં ઊભો રહી શકે. – આ છે ફ્રી ટ્રેડ ઝોન પાછળનો આશય. આ ઝોનમાં નખાતા ઉદ્યોગ અંગે બે શરત બંધનકર્તા છે. (૧) અહિં બનાવવામાં આવતી વસ્તુની દેશમાં અન્યત્ર ઉત્પન્ન થતી એ જ વસ્તુ સાથે અઘટિત હરિફાઈ–unfair competition-થવી ન જોઈએ. (૨) અહિં ઉદ્યોગનું સાહસ ખેડનારે પોતાની પેદાશની ઓછામાં ઓછી ૫૦ ટકા ભારત બહાર નિકાસ કરવાની બાંહેધરી આપવી જોઈએ. આ વ્યવસાય અંગે દેશમાં જાતજાતના કાગળિયા કરવા પડે છે–આ કાગળિયા કરવાપણું–documentation–અહિં ઓછામાં ઓછું કરવું પડે એવો પ્રબંધ કરવામાં આવ્યો

છે. અહિં એક જ બાબતની ચોકી કરવાની-જાપ્તો રાખવાની રહેશે અને તે એ કે પરદેશમાં નિકાસ કરવા માટે પેદા કરવામાં આવેલો માલ ચોરી છૂપીથી દેશમાં દાખલ થવા ન પામે. આ પ્રકારનો ફ્રી ટ્રેડ ઝોન કંડલા બંદર અને ગાંધી ધામ વચ્ચે ૩૨૦ એકરનો નક્કી કરવામાં આવ્યો છે. ચીનના કિનારે હોંગકોંગ આવું ફ્રી પૉર્ટ છે. ઘણું ખરું શેંઘાઈ અને સિંગાપોર પણ આવા ફ્રી પૉર્ટ છે. અમે આ ફ્રી ટ્રેડ ઝોન જોયો. આ ૩૨૦ એકરના ઝોનના ત્રણ ભાગ કરવામાં આવ્યા છે. (૧) નાના કદના ઉદ્યોગો માટેના વિભાગના ૧૦૩ પ્લૉટ કરવામાં આવ્યા છે, જેમાંના ૨૨ પ્લાટ આ ઝોનના ઉદ્‌ઘાટન સમયે જ નોંધાઈ ગયા છે. (૨) મધ્યમ કદના ઉદ્યોગો માટેના વિભાગના ૮૬ પ્લૉટમાંથી ૨૬ પ્લૉટ નોંધાઈ ચૂકયા છે. (૩) મોટા ઉદ્યોગ માટેના વિભાગના પ્લૉટમાં હજુ સુધી એકે પ્લૉટ નોંધાયા નથી. પણ સમય જતાં અને સરકારની નીતિ વધારે ચોક્કસ થતાં આ પ્લોટો પણ ધીમે ધીમે નોંધાઈ જશે એવી આશા રહે છે. આ કંડલા પૉર્ટનો પૂરો ઉપયોગ થાય એટલા માટે આ ફ્રી ટ્રેડ ઝોન ઉભો કરવામાં આવ્યો છે. આ ઝોન ઉપર આવતાં પહેલાં અમે થર્મલ સ્ટીમ પાવર સ્ટેશન પણ જોયું કે જ્યાંથી આખા કચ્છને વીજળી પુરી પાડવામાં આવે છે. આ ફ્રી ટ્રેડ ઝોન ઉપર હજુ બહુ ઓછા કારખાનાં ઉભા કરવામાં આવ્યા છે, પણ આવતા દશ વર્ષમાં બ્રૉડ ગૅજ રેલ્વેલાઈનના સગવડ ઉભી થવા બાદ આ વિભાગ પૂર બહારમાં ખીલી ઉઠશે અને ચીનના કિનારે હોંગ-કોંગનું જે સ્થાન છે તેમ ભારતના કિનારે કંડલા આંતરરાષ્ટ્રીય વ્યાપાર ઉદ્યોગનું એક મોટું મથક બની જશે અને કચ્છ પણ કંડલા બંદર તથા ફ્રી ટ્રેડ ઝોનનું નિર્માણ થવાને કારણે ખૂબ આબાદ થશે એવી આશા સેવવામાં આવે છે. ફ્રી ટ્રેડ ઝોનની આ વિગતો અહિંના અધિકારી સાથે વાતો કરતાં અમારા જાણવામાં આવી.


### પાછા ગાંધીધામ અને ભદ્રેશ્વર તરફ પ્રયાણ

આમ કંડલા ફ્રી ટ્રેડેડ ઝોનમાં ભવિષ્યમાં એક મોટા આદ્યોગિક શહેર જોવાના સ્વપ્ન સાથે અમે ગાંધીધામ તરફ પાછા ફર્યા ત્યારે સૂર્ય આથમવાની તૈયારીમાં હતો અને હવે દિવસનો ઉકળાટ શમી ગયો હતો તથા ઠંડો પવન આહ્‌લાદક લાગતો હતો. પાછા અમે ગાંધીધામ અમારા ઊતારે પહોંચ્યા ત્યારે રાત પડી ગઈ હતી, ખૂબ થાક લાગ્યો હતો. થાકની સાથે ભૂખ પણ લાગી હતી એટલે સવારવાળી મારવાડી લૉજમાં સૌ ખીચડી ભેગા થયા. રાતનો અમારો મુકામ ભદ્રેશ્વરમાં હતો એટલે ગાંધીધામનાં નવા મિત્રોની અમે વિદાય લીધી – પણ તે પહેલાં તેમની સાથે અગાશીમાં એક મિલન ગોઠવવામાં આવ્યું અને ચર્ચા કરતાં અમે જાણી શકયા કે ગાંધીધામમાં એક જૈન મિત્રમંડળ ચાલે છે અને અહીં જૈનોની વસ્તી લગભગ પાંચસોની છે. ગાંધીધામની વસ્તી પચાસ હજારની છે. પ્રજા પંચરંગી છે. અહિંના જૈનોમાં સંપ્રદાયનાં કોઈ ભેદભાવ નથી. અહિં એક દેરાસર અને ઉપાશ્રય પણ છે. અહિંના જૈનો સ્થાનકવાસી સાધુ આવ્યા હોય તો તેમનું વ્યાખ્યાન સાંભળવા જાય અને દેરાવાસી સાધુ આવ્યા હોય તો તેમનું ય વ્યાખ્યાન સાંભળવા જાય – સમારંભો પણ સાથે જ ઉજવાય. મિત્રમંડળ એક પુસ્તકાલય પણ ચલાવે છે.

ઠંડા પીણાને ન્યાય આપી, અમે અગાશીમાંથી અમારા બીસ્તરા પોટલા ઉતાર્યા અને બસના છાપરામાં ચઢાવ્યા ત્યારે અમે સૈનિકની અદાથી કામ કરતા હોઈએ એવું અભિમાન લીધું – અને જાણે કોઈ ગઢ જીતીને જતા હોઈએ એ રીતે બસમાં અમે અમારું સ્થાન લીધું. ભદ્રેશ્વરની કલ્પના કરતાં, ઝોકા ખાતાં, ચારે ય બાજુ ઘોર અંધારાનું દર્શન કરતાં - ભદ્રેશ્વર તીર્થનાં દરવાજામાં પ્રવેશ્યા ત્યારે રાતના ૧૧ વાગી ગયા હતાં. સારું હતું કે સુંદર ગાદલા - તકીઆ - રજાઈ પાથરીને અમારા માટે તૈયાર રાખવામાં આવ્યા હતા, એટલે જતાં વેંત અમે નિદ્રાદેવીને શરણે થઈ ગયા. આકાશમાં શુદ નવમીનો ચંદ્ર ભૂતળ ઉપર પોતાનું ધવલ તેજ વરસાવી રહ્યો હતો પણ તે જોવા-માણવાનો કોઈનામાં અત્યારે ઉત્સાહ નહોતો.

અપૂર્ણ

ચીમનલાલ જેઠાલાલ શાહ



શ્રી જમનાદાસભાઇનાં મકાનની અગાસીમાં પર્યટક-મંડળીનાં સભ્યો

માલિક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઇ-૩, મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, ક્રૉટ. મુંબઇ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૭ : અંક ૩

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, જુન ૧, ૧૯૬૫, મંગળવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૨૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## પયગમ્બર જરથુશ્ત્ર

પારસીઓનો જરથુશ્ત્રી ધર્મ હજારો વર્ષ જૂનો છે. ભગવાન ઈસા મસીહ અને ભગવાન બુદ્ધની પણ પહેલાં ઈરાનમાં અશો જરથુશ્ત્ર થઈ ગયા જેમણે માજદેયશ્ની ધર્મનો પ્રચાર કર્યો. એ જ ધર્મને જરથુશ્ત્રના નામ ઉપરથી જરથુશ્ત્રી ધર્મ કહે છે. જેમ આર્યોના વૈદિક ધર્મની મૂળ ભાષા વૈદિક સંસ્કૃત છે, તેમ પારસીઓના જરથુશ્ત્રી ધર્મની મૂળ ભાષા અવસ્તા છે. આ અવસ્તા અને વૈદિક સંસ્કૃત ભાષા બંને એકબીજીને એટલી બધી મળતી આવે છે અને બન્નેના અગ્નિ આદિ પૂજ્ય દેવોમાં એટલું બધું સામ્ય છે કે તેથી એમ માનવામાં આવે છે કે કોઈ એક કાળે હિન્દુસ્તાનના આર્યો અને ઈરાનના આર્યો ઉત્તર અને મધ્ય એશિયામાં કોઈ સ્થાન પર એક સાથે રહેતા હોવા જોઈએ.

વૈદિક સંસ્કૃત ભાષામાંથી વૈદિક પ્રાકૃત, તેમાંથી આધુનિક સંસ્કૃત, તેમાંથી પ્રાકૃત, અપભ્રંશ, પાલી, માગધી, શૌરસેની, હિન્દી, ગુજરાતી, મરાઠી, બંગલા વગેરે ભાષાઓ જન્મી. અવસ્તા પછી પહેલવી અને તેમાંથી આધુનિક ફારસી ભાષા નીકળી છે, જેના ઉપર અરબીની પણ અસર પડી છે. પાઝન્દ એ તે ભાષા છે કે જેમાંથી અરબી વગેરે ભાષાઓના શબ્દો ચૂંટી અવસ્તાના શબ્દોમાં લીધા છે.

અશો જરથુશ્ત્રનો મુખ્ય ઉપદેશ " ગાથા" (ગાથાનો અર્થ ગીત ) અવસ્તા ભાષામાં છે. જરથુશ્ત્રી ધર્મના આચાર અને ક્રિયાકાંડના શાસ્ત્ર વંદીદાદ વગેરે પણ અવસ્તા ભાષામાં છે. આ જરથુશ્ત્રી ધર્મ ઈસ્વીસનની સાતમી સદી સુધી ઈરાન અને તેની આસપાસના પ્રદેશોમાં સારી રીતે પ્રચારમાં હતો.

બીજી બાજુ અરબસ્તાનમાં ઈસ્વીસનની સાતમી સદીમાં હઝરત મોહમ્મદ પેગંબરના ઈસ્લામ ધર્મનો ફેલાવો વધ્યો. આ પ્રચારે આગળ ચાલતાં રાજકીય અને ધાર્મિક આક્રમણનું રૂપ લીધું. પરિણામ એ આવ્યું કે જ્યારે ઈસ્લામના પ્રચારકોએ ઈરાન ઉપર આક્રમણ કર્યું અને ઈરાનને જીતી લીધું ત્યારે કેટલાંક જરથુશ્ત્ર ધર્માવલંબી કુટુંબો પોતાના બચેલા ધર્મપુસ્તકો સાથે લઈ નાવમાં બેસી દક્ષિણ ગુજરાતના સુરત જિલ્લાના પશ્ચિમ કિનારે અરબી સમુદ્રના સંજાણ બંદરે ઈસ્વીસનની આઠમી શતાબ્દીમાં આવ્યા, અને ત્યાંના રાજા યાદવરાણાનો આશ્રય સ્વીકાર્યો. તેઓએ ગુજરાતની ગુજરાતી ભાષા અપનાવી અને સ્વાભાવિક છે કે ગુજરાતના સામાજિક રીતરીવાજો પણ તેઓએ અપનાવ્યા. આ લોકો ઈરાનના પર્શ-પારસ પ્રાંતના હતા એટલે તેઓ પારસી કહેવાયા. પારસમાં એમની મૂળ ભાષા પર્શિયન-ફારશિ હતી. આ પારસી કોમ મોટે ભાગે દક્ષિણ ગુજરાત અને મુંબઈમાં જોવા મળે છે.

ગીતાજીમાં શ્રીકૃષ્ણે કહ્યું છે કે "જ્યારે જ્યારે ધર્મ ગ્લાનિ પામે છે અને અધર્મનું જોર વધે છે ત્યારે ધર્મની સંસ્થાપના માટે યુગે યુગે હું જન્મ લઉં છું."[૧]

અરબસ્તાનમાં જ્યારે સમાજનું નૈતિક સંગઠન ઢીલું થઈ ગયું હતું અને અનાચાર વધી ગયો હતો ત્યારે હજરત મોહમ્મદ પેગંબર ત્યાં જન્મ્યા. જેરૂસલમની આસપાસ પણ યહૂદીઓની જ્યારે એવી હાલત હતી ત્યારે ત્યાં ભગવાન ઈશુએ જન્મ લીધો. ભારતમાં ધર્મના નામે જ્યારે યજ્ઞયાગાદિમાં પશુહિંસા વધી ગઈ અને સમાજમાં શિથિલતા આવી ગઈ ત્યારે ભગવાન મહાવીર, ભગવાન બુદ્ધ, અને શંકરાચાર્યે જન્મ લીધો. ઈરાનમાં જાદુમંતર અને મેલી વિદ્યાનું જોર વધી ગયું અને શુદ્ધ ધર્મને લોક ભૂલવા લાગ્યા ત્યારે પયગમ્બર જરથુશ્ત્રે જન્મ લીધો.

આ વિભૂતિઓ દુનિયામાં આવી અને તેમણે પોતાનું કાર્ય પણ કર્યું. પણ એમનાં કાર્યો સરળતાથી પાર નથી પડ્યાં. એમને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો. જેમની સેવા કરવા તેઓ આવ્યા તેઓએ જ તેમને વધારે મુશ્કેલીમાં મૂક્યા. મોહમ્મદ પેગમ્બરને મક્કાથી મદિના હિજરત કરવી પડી. ઈસામસીહને કોસ ઉપર ચઢાવ્યા. મહાત્મા ગાંધીજીનો દાખલો તાજો જ છે, એમને ગોળી મારવામાં આવી. અશો જરથુશ્ત્ર પણ જ્યારે પ્રાર્થનામાં બેઠા હતા ત્યારે એમની પીઠમાં છુરી ભોંકવામાં આવી અને એ શહીદ થયા.

અશો જરથુશ્ત્ર [૨] એવા જમાનામાં જન્મ્યા હતા કે જ્યારે ઈરાનનો રાજા અને પ્રજા બન્ને શુદ્ધ ધર્મને ભૂલી અથવા તજી દઈ જાદુમંતર અને ઝાડફૂંકની પાછળ પડ્યા હતા. અનેક દેવ-

---

૧. यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदऽत्मानं सृजाम्यहम् ।।
परित्राणाय साधूनाम् विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ।।

૨. "અશો" શબ્દ મૂળ અવસ્તા ભાષાનો "અષો" શબ્દ છે. આ "અષો" શબ્દ ઋ અથવા ઋત પરથી અર્+ત્ત ની સંધી થઈને 'અષ' બન્યું છે. ઋ=ઋષી જેનો અર્થ upright નેક, સાચું, પવિત્ર એવો થાય છે.

જેમ હરિશ્ચન્દ્રની આગળ "સત્યવાદી" શબ્દ મૂકવામાં આવે છે તેમ જરથુશ્ત્રની આગળ અશો (અષો) શબ્દ મૂકવામાં આવે છે.

જરથુશ્ત્ર શબ્દના અર્થ બાબતમાં જુદા જુદા અભિપ્રાયો છે. એક વિચાર એવો છે કે જર=સોનેરી+થ્વિશ્=પ્રકાશમાન+સ્તર=તારા, એટલે જરથુશ્ત્ર=સોનેરી પ્રકાશમય તારો.

બીજો અભિપ્રાય એવો છે કે જરથ=પીળું+ઉષ્ટ્ર=ઊંટ એટલે જરથુશ્ત્ર=પીળું ઊંટ. પૌરૂશસ્ય=પૌરૂષ+અસ્પ, પૌરૂષ=અનેક, અસ્પ=અશ્વ. જેની પાસે અનેક પીળા ઊંટ છે તે જરથુશ્ત્ર, અને જેની પાસે અનેક ઘોડા છે તે પૌરૂષસ્પ. પ્રાચીનકાળમાં જેની પાસે ગાય, ઊંટ, ઘોડા વધારે હોય તે વધારે ધનવાન ગણાતું. ગોપાળકૃષ્ણ સુપ્રસિદ્ધ જ છે.

દેવીઓની પૂજા થતી હતી. જરથુશ્ત્રનો જન્મ ઈરાની પંચાંગનો પહેલો મહિનો ફરવરદીનના છઠ્ઠા દિવસે ખોરદાદ [૩] ના દિવસે થયો હતો. તે દિવસે ઋતુ ખુશનુમા હતી. એના પિતાનું નામ પૌરૂશસ્પ અને માતાનું નામ દુગ્ધો હતું. કહેવાય છે કે એમની માતા દુગ્ધો જ્યારે પંદર વર્ષની કુમારી હતી ત્યારે એના શરીરમાંથી એક પ્રકારની તેજસ્વી જ્યોતિ નીકળવા લાગી. વહેમી લોકો અને મેલીવિદ્યાના ધર્મગુરુઓએ માની લીધું કે આ તો અપશુકન છે. એમણે દુગ્ધોના પિતા ફહિમઉર્વને સલાહ આપી કે તેના કટુંબ અને દેશ ઉપર પડનારી આફતમાંથી બચવા માટે દુગ્ધોને મારી નાખવી. ફહિમઉર્વ ઈરાનમાં તહેરાનના અગ્નિખૂણામાં આવેલા "રઘ" (જેને "રએ" પણ કહે છે) શહેરમાં રહેતો હતો. એ શહેર આજે તો ખંડેરની હાલતમાં છે. ફહિમઉર્વે પોતાની દિકરીને મારી ન નાંખતાં દૂર અરાક ભૂમિ ઉપર મોકલી દીધી. એ જમીનનો માલિક ઉમરાવ પઈતિરસ્પ હતો, અને તેનું ઘર પહાડમાંથી નીકળતી દરેજી નદીના કિનારા ઉપર હતું. પઈતિરસ્પના પુત્ર પૌરૂષસ્પ સાથે દુગ્ધોના વિવાહ થયા અને એનાથી જરથુશ્ત્રનો જન્મ થયો. (મર્હુમ પારસી વિદ્વાન ડૉ. સર જીવણજી મોદીના અભિપ્રાય પ્રમાણે ઈસ્વીસન પૂર્વે સાતમી શતાબ્દીમાં આજરબૈજાનમાં ઉરૂમિયા સરોવરના કિનારા ઉપર આવેલા ઉરૂમિયા શહેરથી બાર માઈલ દૂર આવેલા આમવી ગામમાં જરથુશ્ત્રનો જન્મ થયો હતો. પરન્તુ પારસીઓમાં સર્વસાધારણ અભિપ્રાય એ છે કે ઈસ્વીસન પૂર્વે છ હજારની સાલમાં રએ શહેરમાં જરથુસ્ત્રનો જન્મ થયો હતો. ગ્રીક સાહિત્યમાં પણ એ જ હકીકત આપેલી છે. જરથુશ્ત્રના પછી જરથુશ્ત્રી ધર્મનો જે સર્વોચ્ચ ધર્મોપદેશક હોય તે જરથુશ્ત્ર તેમ કહેવાતો. પાછળથી "તેમ" શબ્દ ઊડી ગયો અને માત્ર જરથુશ્ત્ર રહી ગયો. જેમ આદ્ય શંકરાચાર્યની ગાદી ઉપર જે આવે તે શંકરાચાર્ય કહેવાય છે, તેવી રીતે અનેક જરથુશ્ત્ર થઈ ગયા એવો પણ એક અભિપ્રાય છે.)

સામાન્ય રીતે બાળક જન્મે છે કે તરત રડવાનું શરૂ કરે છે, પણ કહેવાય છે કે જરથુશ્ત્ર જન્મ્યા ત્યારે તે હસતા હતા.

જેમ શ્રીકૃષ્ણની બાળલીલાઓની અનેક ચમત્કારી દંતકથાઓ પ્રચલિત છે તેમ જરથુશ્ત્રની બાબતમાં પણ છે. જરથુશ્ત્રનો જન્મ થતાં જ દુષ્ટજનો ડરી ગયા. એમનો ધર્મગુરુ જાદુગર દરાસરોબ હતો.

(૧) દુષ્ટજનોએ લાકડાં સળગાવ્યા અને તેમાં બાળ જરથુશ્ત્રને સુવડાવી દીધા. પણ જેમ પ્રલ્હાદને લાલચોળ તપાવેલા લોહસ્તંભ સાથે ભેટાડયો પણ તેનો એક વાળ પણ વાંકો નહોતો થયો તેમ બાળક જરથુશ્ત્ર પણ આગમાં લોટવા લાગ્યો, જાણે ગુલાબની શય્યા.

(૨) વળી એક વખત દુષ્ટો બાળ જરથુશ્ત્રને તેની મા પાસેથી ચોરીછૂપીથી ઉઠાવી ગયા અને ગોરજ સમયે ગાયોને પાછા વળવા ટાણે રસ્તા ઉપર મૂકી દીધો, જેથી ગાયોના પગ નીચે કચડાઈ તે મરી જાય. પણ એક સફેદ ગાયે એ બાળકની રક્ષા કરી. એણે પોતાના ચાર પગો વચ્ચે એ બાળકને સુરક્ષિત રાખ્યું અને બધી ગાયો ચાલી ગઈ ત્યાં સુધી તે એ પ્રમાણે જ ઊભી રહી. દુગ્ધો બા[illegible]તે શોધતી ત્યાં આવી પહોંચી અને તેણે બાળકને ઉઠાવી લીધું.

(૩) એ જ પ્રમાણે એક વખત દુષ્ટોએ બાળક જરથુશ્ત્રને ઘોડાઓને આવવા જવાના માર્ગમાં વચ્ચે મૂકી દીધો. ત્યારે ગાયની જેમ એક ઘોડાએ એનું રક્ષણ કર્યું.

(૪) વળી એકવાર બાળક જરથુશ્ત્રને જંગલમાં લઈ ગયા, અને ત્યાં જંગલી પશુઓના બચ્ચાંઓને મારી નાખી તેની વચમાં તેને સુવડાવી દીધો. એવી મતલબથી કે જ્યારે એ પશુઓ આવશે ત્યારે પોતાનાં બચ્ચાંઓને મારી નાંખેલા જોઈ ગુસ્સે થઈ બાળક જરથુશ્ત્રને પણ મારી નાખશે. પણ એ પશુઓના પગ ત્યાંથી થોડે જ દૂર જમીન ઉપર ચોંટી ગયા, આગળ વધી ન શક્યા. જરથુશ્ત્રના માતાપિતા તેને શોધતા શોધતા ત્યાં આવી પહોંચ્યા અને બાળકને ઉઠાવી લીધું. આ સમય દરમિયાન બે બકરીઓએ પોતાનું દૂધ એ બાળકને પીવડાવ્યું હતું.

(૫) એક વખત દરાસરોબ સીધો જરથુશ્ત્રના પારણા પાસે પહોંચ્યો અને તેને મારી નાખવા માટે ખંજર લઈ હાથ ઊંચો કર્યો, પરંતુ એનો હાથ કાયમને માટે એમ અક્કડ જ રહી ગયો. આના લીધે તે પછી તે જમતો ત્યારે બકરાંની જેમ ખાતો હતો.

(૬) એક વખત બાળક જરથુશ્ત્ર માંદો પડયો તો માતાપિતાઓ મુખ્ય ધર્મગુરુની સલાહ લીધી. ધર્મગુરુને થયું આ સારો મોકો મળી ગયો છે, અને તેનો અંત લાવવાની ઈચ્છાથી તે દવા તૈયાર કરી જરથુશ્ત્રની પાસે ગયો. જરથુશ્ત્રે દવામાં ભેળવેલું ઝેર પારખી લીધું અને દવા ફગાવી દીધી.

(જરથુશ્ત્રી ધર્મના કેટલાક વિદ્વાનો આ બધી ચમત્કારકથાઓને રૂપક કથાઓ માને છે અને તેની પાછળ રહેલા ગૂઢ રહસ્યને સમજાવવાની કોશીષ કરે છે. એમના કહેવાનો સાર એ છે કે જરથુશ્ત્ર દૈવી સંપદનું પ્રતિક છે અને વિરોધીઓ આસુરી-સંપદના પ્રતિક છે. દૈવી વૃત્તિ અને આસુરી વૃત્તિઓ વચ્ચે હમેશાં ઝઘડા ચાલ્યા કરે છે અને અંતે દૈવી વૃત્તિનો વિજય થાય છે. ગૌ-ગાયનો અર્થ પૃથ્વી પણ થાય છે. પૃથ્વી ગાયનું સ્વરૂપ ધારણ કરી ભગવાન પાસે મદદ માટે જાય છે. બીજા પણ ગૌ ના અનેક અર્થ થાય છે. ગૌ રૂપી પૃથ્વી માતા બધાનું રક્ષણ કરે છે, બધાને પાળે પોષે છે. જંગલી પશુ એ કામ, ક્રોધ, લોભ વગેરે દુષ્ટ વૃત્તિઓનું પ્રતીક છે. )

જરથુશ્ત્રના જીવનની બીજી પણ અનેક ચમત્કારી ઘટનાઓ વર્ણવવામાં આવે છે.

જ્યારે જરથુશ્ત્ર સાત વર્ષના થયા ત્યારે તેમને બુરજીન કુરૂસ નામે એક વિદ્વાન પાસે ભણાવવાનું શરૂ કરવામાં આવ્યું. જ્યારે તે પંદર વર્ષના થયા ત્યારે તેમના પિતા પૌરૂષસ્પે પોતાની મિલકત બધા બાળકોને વહેંચી દેવાનો નિર્ણય કર્યો. જ્યારે જરથુશ્ત્રને પોતાની પસંદગી જણાવવાનું કહેવામાં આવ્યું ત્યારે તેમણે ઘરમાં જે એક પવિત્ર કમરબંધ હતો તેને જ પસંદ કર્યો અને બીજી બધી વસ્તુઓનો ઈન્કાર કર્યો. એને એમ લાગ્યું કે આ કમરબંધ પોતાની પાસે હશે તો પોતાને ખુદાનું કામ કરવાની શકિત પ્રાપ્ત થશે.[૪]

પંદર વરસની ઉંમર સુધી જરથુશ્ત્ર પિતાના ઘરમાં રહ્યા. ત્યાં સુધીમાં એમનો જે અભ્યાસ થવાનો હતો તે થઈ ગયો. પછી તો જેમ બુદ્ધ, ઈશુ, મોહમ્મદ વગેરેના જીવનમાં બન્યુ હતું તેમ એમના જીવનમાં પણ થયું. વધારે જ્ઞાન પ્રાપ્ત કરવા અને ભગવાનનો સાક્ષાત્કાર કરવાની ઈચ્છાથી એમણે પિતાનું ઘર તજ્યું અને મહાન તત્વજ્ઞ માગી (મધવન્) પાસે વધારે જ્ઞાન પ્રાપ્ત કરવા માટે પંદર વર્ષ તે રહ્યા. ત્રીસ વરસની ઉંમર પછી ઉશીદરેન પહાડ ઉપર એકાન્તમાં મનન કરવા માટે તેઓ ગયા. ત્યાં ધ્યાન મનનાદિમાં એમણે દસ વર્ષ ગાળ્યા અને જ્ઞાન પ્રાપ્ત કર્યું. ચાલીસ વર્ષની ઉમરે તે ત્યાંથી પાછા ફર્યા. ગીતામાં શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું છે કે "दिव्यं ददामि ते चक्षुः पश्य मे योगमैश्वरम्।"

૩. ખોરદાદને માટે અવસ્તાની શબ્દ હઉર્વતાત છે. હઉર્વ= સર્વ + તાત = ત્વ, અથવા સર્વત્વ, સંપૂર્ણત્વ, સર્વોચ્ચ શિખરે પહોંચેલું.

૪. આ ધ્યાનમાં રાખવાની વાત છે કે પારસીઓમાં નવજોતનો એટલે કે જનોઈની જેમ કમર પર કસ્તી પહેરવાનો સંસ્કાર થાય છે. કસ્તીનો સંસ્કાર કરવાની ઉમર સાતથી પંદર વર્ષ સુધીની કહેવામાં આવી છે. પંદર વર્ષ પહેલાં આ સંસ્કાર થઈ જવો જોઈએ. આ કમરબંધ-કસ્તી–નો રિવાજ જરથુશ્ત્રની પણ પહેલાંથી ચાલ્યો આવે છે. જરથુશ્ત્રી ધર્મમાં જીવનને યુદ્ધની ઉપમા આપવામાં આવી છે, એટલે આ કમરબંધ એ એક યોદ્ધાનું પ્રતિક છે.

ઈશ્વરના વિરાટ સ્વરૂપનું, મહાન વિભૂતિનું દર્શન સામાન્ય ચર્મ-ચક્ષુથી નથી થતું. તેને માટે દિવ્ય ચક્ષુની આવશ્યકતા છે.

અશો જરથુશ્ત્રે પણ ઈશ્વરદર્શન દિવ્યદૃષ્ટિ-અન્તરદૃષ્ટિથી કર્યું. એટલે કે તે જ્યારે અંતર્મુખ થયા ત્યારે તેને ઈશ્વર અને આ સૃષ્ટિનું ખરું રહસ્ય સમજાયું.

એક દંતકથા છે કે જરથુશ્ત્રના પિતા પૌરૂશસ્પે તે સમયના રિવાજ પ્રમાણે એક વખત ધર્મગુરુઓને જમવા નોતર્યા. દુરાસરોબ અને બોરાત્રોકેશ એ બે વડા ધર્મગુરુ કહેવાતા હતા તે પણ આવ્યા હતા. બધાએ ભોજન કર્યું. તે પછી પૌરૂશસ્પે બોરાત્રોકેશને પોતાની જાદુઈ કરામતો બતાવવાની પ્રાર્થના કરી. જરથુશ્ત્ર પણ તે વખતે ત્યાં હાજર હતા. તેમને આ સાંભળીને ઘણું દુ:ખ થયું. તે તરત જ ઉભા થઈ ગયા અને ઉચ્ચ સ્વરે પોતાના પિતાને કહ્યું, "આ દુષ્ટોના જાદુઈ ખેલ દેખાડવાની કોઈ આવશ્યકતા નથી. સદ્‌ગુણ, પવિત્રતા અને સદાચારથી જ મનુષ્ય સાચું સુખ પામી શકે છે."

આ સાંભળીને બોરાત્રોકેશ એકદમ ક્રોધાયમાન થઈ ગયો, કેમકે એમાં તેને પોતાનું અપમાન લાગ્યું. તેણે જરથુશ્ત્રને સારી રીતે ધમકાવ્યા. પણ જરથુશ્ત્ર આ ઢોંગી ગુરુઓને બરાબર જાણતા હતા. એટલે તેમણે કહ્યું: "તમારું જીવન દંભી વ્યવહારથી ભરેલું છે અને મારા ઉપર તમારી કંઈ અસર પડવાની નથી. આપના વિષયમાં હું તો હંમેશાં જે સાચું હશે તે જ કહીશ. અને ઈશ્વર-કૃપાથી તમારો સામનો કરીશ, તમને હરાવીશ."

જરથુસ્ત્રના આવા નીડર વચનથી આખી સભા સ્તબ્ધ થઈ ગઈ. ઢોંગી ગુરુ ઊઠીને ચાલ્યા ગયા.

જરથુશ્ત્ર બ્રહ્મચારી હતા કે તેમણે લગ્ન કર્યા હતા તે બાબતમાં એકે ચોક્કસ અભિપ્રાય નથી. એમણે કયારે વિવાહ કર્યા તેની પણ કોઈ ચોક્કસ જાણકારી નથી. ઉપર કહેવાઈ ગયું છે તેમ જરથુશ્ત્ર નામના અનેક સાધુઓ થઈ ગયા. એટલે કેટલાક લોક એમ માને છે કે આદ્ય જરથુશ્ત્ર તો માગી સંપ્રદાયના હતા. અને માગી તો હંમેશા બ્રહ્મચારી હોય એટલે આદ્ય જરથુશ્ત્ર બ્રહ્મચારી હતા. જે લોકો જરથુશ્ત્રે વિવાહ કર્યો હતો એમ માને છે તેમના અભિપ્રાય પ્રમાણે અને અવસ્તા ગ્રંથોમાં આવતા ઉલ્લેખો અનુ-સાર જરથુશ્ત્રે લગ્ન કર્યા હતા અને એમની પત્નીનું નામ હવોવી હતું. એને ત્રણ પુત્રીઓ હતી. ફ્રેની, થરીતી અને પૌરૂચિશ્તી. ઈશદ્‌વસ્ત્ર, ઉર્વતદનર અને ખ્વારશેદચર આ ત્રણને અવસ્તા સાહિત્યમાં જરથુશ્ત્રી પુત્ર કહેવામાં આવે છે. કેટલાક લોકોનું અનુમાન છે કે એ ત્રણે જરથુશ્ત્રના જ પુત્રો હતા, જ્યારે કેટલાક લોકોનું એમ માનવું છે કે તેઓ જરથુસ્ત્રી ગુરુપુત્રો એટલે જરથુશ્ત્રી ધર્મા-વલંબી હશે.

જરથુશ્ત્રે પોતાની તૈયારી માટે પિતાનું ઘર છોડયું હતું. પહાડના એકાંતવાસના વસવાટથી પાછા ફર્યા પછી એમણે પોતાના વિચારોનો પ્રચાર શરૂ કર્યો. સાથે તેના કેટલાક અનુયાયીઓ પણ હતા. બાર વર્ષ સુધી એમણે ઘેર ઘેર જઈ દેશ-વિદેશોમાં ઘૂમી નવા ધર્મનો પ્રચાર કર્યો. એમનો પહેલો શિષ્ય એમનો ભત્રીજો મઈદિયોમાહ થયો. પ્રચારકાર્યમાં એમને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડયો. વર્ષો સુધી મહેનત કરવા છતાં ધારેલી સફળતા મળતી ન લાગી ત્યારે એમને વિચાર આવ્યો કે જો કોઈ રાજા જરથુશ્ત્રી ધર્મ સ્વીકારે તો એના નિમિત્તે પ્રજામાં પણ પ્રચાર કરવો સહેલો પડે. આને માટે બલ્ખ-બેકટ્રીયામાં રાજા ગુસ્તાસ્પ [૫] રાજ્ય કરતો હતો ત્યાં તે પહોંચ્યા. ગુસ્તાસ્પે રાજસભામાં સારું સ્વાગત કર્યું. જરથુશ્ત્રે એને આશિર્વાદ આપ્યા અને જ્ઞાનચર્ચા કરી, પ્રશ્નોના સંતોષકારક ઉત્તર આપ્યા. ત્રણ દિવસ સુધી પ્રશ્નોત્તરી થઈ. સભાના બધા વિદ્વાનોના સવાલના સંતોષ-કારક ખુલાસા મેળવ્યા પછી ગુસ્તાસ્પે જરથુસ્ત્ર ધર્મ અંગીકાર કર્યો, અને તેને પયગમ્બર માન્યા. પોતાના મહેલની પાસે જ જર-થુશ્ત્રને રહેવાને મકાન આપ્યું. ગુસ્તાસ્પની પ્રજાએ પણ જરથુસ્ત્રી ધર્મ સ્વીકાર્યો. આ ફરવરદીન મહિનાનું પહેલું સપ્તાહ એટલે કે નવા વરસનું પહેલું સપ્તાહ હતું, નવા વરસનો પ્રથમ દિવસ હતો.

૫. ગુસ્તાસ્પનો અવસ્તા શબ્દ વિશ્તાસ્પ છે.

જરથુશ્ત્ર પોતાની સાથે આતશ અને અવસ્તા ભાષાના પુસ્તકો લઈ ગયા હતા. જરથુશ્ત્રનો માનમર્તબો વધતો જતો દેખી બીજા જાદુમંતર કરવાવાળા દરબારીઓના દિલમાં અદેખાઈ ઉત્પન્ન થઈ. તેઓ કોઈ પણ રીતે રાજદરબારમાંથી જરથુશ્ત્રનો પગ કાઢવાના ઉપાયો શોધવા લાગ્યા. જરથુશ્ત્રના ઘરની કુંચી ચોકીદાર પાસે રહેતી હતી. એક વખત જરથુશ્ત્રની ગેરહાજરીમાં તે દુષ્ટો તેને ઘેર ગયા, ચાવી માગીને ઘર ખોલ્યું અને તેના સામાનમાં મરણ પામેલા મનુષ્યોના વાળ, હાડકાં, વગેરે છુપાવીને મૂકી દીધાં, અને ચાવી ચોકીદારને પાછી આપી ચાલી ગયા. ચોકીદારને એ વાત કોઈને પણ કહેવાની સખ્ત મનાઈ કરવામાં આવી. પછી એ દુષ્ટ દરબારીઓએ રાજા ગુસ્તાસ્પને જઈને કહ્યું કે જરથુશ્ત્ર તો મેલી વિદ્યા સાધે છે અને આપને પોતાના વશમાં રાખવાના એ બધા તેના પ્રયત્નો છે. રાજાએ એ વાત માનવાની ના પાડી. પણ જ્યારે દરબારીઓએ જરથુશ્ત્રના ઘરની તપાસ કર-વાનું કહ્યું ત્યારે લાચારીથી રાજાને તેમ કરવું પડયું. અને તપાસમાં જ્યારે વાળ, હાડકાં, ખોપરી વગેરે નીકળ્યું ત્યારે રાજાને ગુસ્સો આવી ગયો. જરથુશ્ત્ર ઉપર મેલી વિદ્યા સાધવાનો આરોપ મૂકવામાં આવ્યો અને તેમને કેદ કર્યા. આ પછી રાજાનો કાળો ઘોડો (અસ્પે સિયાહ) બિમાર પડી ગયો, અને તેના પગ જાણે પેટમાં પેસી ગયા હોય એવો થઈ ગયો. રાજાને આ ઘોડો બહુ વહાલો હતો અને તેના ઉપર સ્વારી કરીને તે હંમેશાં લડાઈઓ જીતતો હતો. ઘોડાની બીમારીના સમાચાર રાજ્યમાં ફેલાઈ ગયા પણ કોઈ તેને સારો કરી શકયું નહિ. રાજા બહુ ચિંતાતુર રહેવા લાગ્યો. જરથુશ્ત્રને કાને આ વાત આવી. તેણે રાજાને કહેવડાવ્યું કે જે ધર્મનો પ્રચાર હું કરું છું તે ધર્મનો પ્રચાર કરવાનું વચન જો તું આપે તો ઘોડો સારો થઈ જાય. રાજાએ વચન આપ્યું અને ઘોડાનો એક પગ સારો થઈ ગયો. જરથુશ્ત્રે પાછું કહે-વડાવ્યું કે જો તારો પુત્ર આસ્ફંદિયાર મારા ધર્મનો પ્રચાર કરવાનું વચન આપે તો બીજો પગ સારો થાય. દિકરાએ વચન આપ્યું અને બીજો પગ સારો થયો. ફરીને તેણે કહેવડાવ્યું કે જો તારી રાણી પણ મારા ધર્મનો પ્રચાર કરવાનું વચન આપે તો ત્રીજો પગ સારો થાય. રાણીએ વચન આપ્યું અને ત્રીજો પગ સારો થયો. અંતમાં જરથુશ્ત્રે કહેવડાવ્યું કે જો મારા ઘરનો ચોકીદાર સાચી વાત બતાવશે કે મારા ઘરમાં હાડકાં, વાળ, ખોપરી વગેરે કયાંથી આવ્યું તો ચોથો પગ સારો થઈ જશે. રાજાએ ચોકીદારને તે સાચી વાત કહી દે તો ગુન્હો માફ કરવાનું વચન આપ્યું. એટલે ચોકીદારે સાચી વાત કહેતાં જણાવ્યું કે, "આપના દુષ્ટ દરબારીઓએ મારી પાસેથી ચાવી લઈને એ બધી ચીજો મૂકી હતી." અને ઘોડાનો ચોથો પગ સારો થઈ ગયો. [બીજા ચમ-ત્કારોની જેમ આ બનાવને પણ કેટલાક વિદ્વાનો એક રૂપક તરીકે જ ઘટાવે છે. ગુસ્તાસ્પનો મન રૂપી ઘોડો ચાર ગુણો વોહુમન, (ભલાઈ) અષવહિસ્ત, (પવિત્રતા) ક્ષથ્રવીર્ય, (પુરુષાર્થ) સ્પેન્તા, અર્મઈતિ (સદ્‌અસદ્‌ વિવેકજ્ઞાનમાં નબળા પડી ગયા હતા તે જરથુશ્ત્રના ઉપદેશથી ફરીને દઢ થઈ ગયા.] રાજા અને બીજા પ્રજાજનોને સાચી વાતનો ખુલાસો મળી ગયો એટલે પયગમ્બર જરથુશ્ત્ર ઉપરનો આદર ઘણો વધી ગયો. દુષ્ટ દરબારીઓને શિક્ષા કરવામાં આવી.

આમ માજદેયસ્ની જરથુશ્ત્ર ધર્મનો પ્રચાર ખૂબ વધી ગયો. પણ રાજા ગુસ્તાસ્પના શત્રુઓ પણ જોર કરવા લાગ્યા. તેના ઉપર તુરાની લોકોનું આક્રમણ થવા લાગ્યું અને અંતમાં ગુસ્તાસ્પની ગેર-હાજરીમાં તેના રાજ્ય ઉપર આક્રમણ થયું જેમાં તેના કેટલાએ કુટું-બીઓ મૃત્યુ પામ્યા. જરથુશ્ત્ર આતશબહેરામમાં પ્રાર્થના કરી રહ્યા હતા ત્યારે તૂર બરાતૂર નામના એક માણસે એમની પીઠમાં પ્રાણઘાતક ઘાવ કર્યા. પયગમ્બર સાહેબે આ નશ્વર દેહ છોડયો. કહેવાય છે કે તે વખતે એમના હાથમાં જપમાલા હતી તે, તે હત્યારા ઉપર જઈ પડી અને તેનો પણ દેહાન્ત થયો. પયગમ્બર સાહેબનો દેહાન્ત થયો ત્યારે એમની ઉંમર ૭૭ વર્ષ અને ૪૦ દિવસની હતી. પયગમ્બર અશો જરથુશ્ત્રના જીવનની સંપૂર્ણ હકીકત વર્ણવવાનો આ પુસ્તકનો વિષય નથી. અહીં તો એમના જીવનની થોડી ઝાંખી જ કરાવી છે.

**અમૃતલાલ નાણાવટી**

(સભા તરફથી પ્રસિદ્ધ થનાર "પારસીઓના તહેવાર અને સંસ્કાર" નામના પુસ્તકનું એક પ્રકરણ.)

# સવાર

રોજ ઊંઠું ને નવી સવાર
અહો કશો નિત નવ સંચાર!
...રોજ.

એ જ પૃથ્વીની ગતિ એ જ ને
એ જ દિશ ઊગમણી,
પ્રભાતના આભે છલકાયે
એ જ રંગ - ઊજવણી;
પણ ઝીલનારે અંતર જાગે
નિત કેરો અભિનવ ઉદ્‌ગાર
...રોજ.

શિશુ - સુકોમળ હાસ્ય સરીખો
પીઉં પ્રથમ પ્રકાશ,
પંખીગણને સૂરે સૂરે
ઊડે ઉર – ઉલ્લાસ;
ઝાકળને જળ નાહી નવોશો
નિત્ય ધરતી અવતાર
રોજ ઊઠું ને નવી સવાર,
નવ - પરિચિતશી એ જ જીંદગી
પ્રભાતને ઉષ્મા આણુસાર
...રોજ.

ગીતા પરીખ

સવાર પડે ને કુદરત હસતી મલકતી જાણે હાક મારતી લાગે - જીવન જીવે તો મારા જેવું જીવ, સાદાઈનું, નિર્દોષતાનું, સાવ નિસર્ગીય. અસલી ગ્રીકોને હતી તેટલી મુગ્ધતા મને પ્રભામંડળ પરત્વે છે. સવારે વહેલો ઊઠી જાઉં, સરોવરમાં કાયા બોળી કાઢું. એક પ્રકારે તારા-સ્નાન જ, ધર્માજ્ઞા અનુસારનું. અને સાચ્ચે, એના જેવી ઉત્તમ બીજી તે કઈ ચીજ હોય? કહે છે કે ચીનના ચીંગથાંગ રાજાની સ્નાનકૂંડી પર નીચેનું સૂત્ર કોતરેલું હતું: "રોજેરોજ નવો અવતાર ધારણ કરતો જા. આજે કર, કાલે કર, રોજ કર, હંમેશાં કર." મને તો આ વાત બરાબર સમજાય છે. સવાર પડે કે હંમેશ જૂના જમાનાનું સ્મરણ નવેસર તાજું થાય છે. મળસ્કે, બ્રહ્મમુહૂર્તે એક મચ્છર મારા ખંડમાં આમતેમ ફરે, જાણે ગેબી રીતે, અગમ્ય રીતે, અદશ્ય ભાવે ફરે અને ગુણગુણ ગુણગુણ કરે, તે જાણે અસલના યુગનું એકાદું રણ-શિંગું કોઈ મહાવીરના ગુણગાનની સુરાવલિ કાઢી રહ્યું હોય તેવો ભાસ આપે. જાણે હોમરના આત્માની શાંતિ અર્થે શ્લોકો ભણાતા હોય તેવી સુરાવલિ, હોમરનાં બંને મહાકાવ્યો ઈલિયડ ને ઓડીસીના સંમિશ્રણ સમી, પોતાના હર્ષશોકને વાચા આપતી! એમાં કંઈક દૈવી નાદ ગુંજતો લાગતો અને તે બહુરત્ના વસુંધરા - બહુફલા વસુંધરા - એવી સતત યાદ આપ્યા જ કરતો હોય, મનાઈહુકમ મળે ત્યાં સુધી અવિરત! દિવસભરનો સર્વોત્તમ કાળ તે બ્રાહ્મપ્રહર - મળસ્કું. જાગી જવાનો ખરો કાળ જ એ. એ વેળા આપણામાં ઓછામાં ઓછું ઘેન હોય, ઓછામાં ઓછું ઊંઘરેટાપણું હોય. આપણી કાયામાનું કોઈક તત્ત્વ રાતને દહાડો - સમગ્રભાવે ધોર્યા કરતું હોય છે તે એ વેળા જાગતું હોય છે. જે દિવસે આપણને આપણો આત્મા નિદ્રા-મુક્ત ન કરે, આપણો નોકર જ આપણને ઢંઢોળીને જગાડે, એ દિવસ નકામો નિરુપયોગી, એળે ગયો સમજવો. અંદરના અવાજે પ્રગટાવેલી આગલા દિવસ કરતાં નવી જ તાકાતને નવી જ મહેચ્છાઓ, અને સાથે સાથે કોઈક સ્વર્ગીય સંગીતની તરંગલીલાઓ આપણને ન જગાડે, કોઈક નવી, અપૂર્વ પરિમલ હવાને ભરી દેતી આપણને ન ઢંઢોળે - તો તો ખલાસ! અને એ જ છે અંધકારનું સાર્થકત્વ-એની વરદ મહત્તા, એનું પ્રાબલ્ય - પ્રકાશ જેવું જ, જરાય ઊતરતું નહિ. આગલા, ને બગાડેલા દિવસ કરતાં પછીનો દિવસ ખરેખર વધારે પવિત્ર, વધારે ચેતનભર્યો, વધારે પ્રકાશમય ઊગે જ છે - એવું ન માનનારો માનવી જીવનથી હારેલો સમજવો, અધોગામી અને તપોમય પંથે પડેલો માનવો. ઇંદ્રિયયુક્ત સુખભોગને અંતે માનવીનો આત્મા, અગર કહો તો એનાં અંગોપાંગ, રોજ રોજ નવું જીવન પામ્યા જ કરે છે, નવી તાકાત મેળવ્યા જ કરે છે, અને એની પ્રજ્ઞા જીવનને ઊર્ધ્વગામી બનાવવા મથ્યા જ કરે છે. બધા જ સ્મરણીય બનાવો, મળસ્કે અને પ્રભાતની હવામાં જ બને છે એમ પણ હું તો કહી નાખું. વેદમાં કહ્યું છે: "પ્રજ્ઞા જાગે રોજ પ્રભાતે, જાગે સૌ ચતુરાઈ." શું કલા, કે શું કવિતા, કે માનવીની પ્રત્યેક ઊર્ધ્વગામી, સ્મરણીય, સુંદર પ્રવૃત્તિ એ ટાણે જ જન્મ ધરે છે. બધા જ કવિઓ ને બધા જ સુભટ્ટો, મેમ્નનની પેઠે, પ્રભામંડળનાં જ સંતાન છે અને સૂર્યોદયકાળે જ પોતાની સુરાવલિ રેલે છે. અને જેની પ્રવૃત્તિ સૂર્યની હોડે ગતિ કર્યા કરે છે, તેને તો સમગ્ર દિવસ બ્રાહ્મકાળ જેવો જ બની રહે છે. ઘડિયાળો ભલેને ગમે તેવી ટક ટક કરે, માણસો ભલેને ગમે તે રીતે વર્તે કે બોલે - બધું ગૌણ છે. હું જાગી જાઉં-મારા અંતરમાં અજવાળાં થાય એટલે સવાર પડી ગયેલી સમજવાની. નિદ્રાને નિવારવ.ના યત્ન એનું નામ જ નૈતિક સુધારણા. કોઈ પણ માણસ દિવસભરની પ્રવૃત્તિનો બરાબર હિસાબ કે અહેવાલ આપી નથી શકતો, તેનું કારણ જ એ, કે માળો આખો દિ ઉંધ્યા કરતો હોય છે. એમ તો, ગણતરીબાજ તો પાકો હોય. નિદ્રાનો ગલબો ન હોત, તો તો કંઈક કરી પણ બતાવ્યું હોત. એમ તો લાખો માણસો, સ્થૂળ શ્રમ કરવાજોગા તો જાગ્રત જ હોય છે. પણ લાખમાં એકાદો જ સાચી, જ્ઞાનમય પ્રવૃત્તિ કરવાજોગો સજાગ હોય, અને કરોડમાં એકાદો એટલો જાગ્રત હોય કે સાચી કવિત્વમય, દૈવી પ્રવૃત્તિને આત્મસાત્ કરે. જાગવું* એટલે જ ચેતના. ને સાચું કહું? હજુ મેં ખરેખર જાગતો હોય એવો એકે માણસ દીઠો નથી. તેવો મળ્યો પણ હોત, તો હું તેને શી રીતે મોં બતાવી શકત? તેની સાથે મારાથી આંખે આંખ મેળવાત કેમ કરીને?

જાગતા રહેવાની અને ફરી ફરીને જાગ્યા કરવાની કળા આપણે શીખવી ઘટે; અને તે સ્થૂળ સાધનો વડે નહિ, પણ પ્રભાતની ચિર-તન અપેક્ષા વડે. રાતના ઘોર અંધારામાં, અને પૂરેપૂરી સુષુપ્તિમાં પણ એ પ્રભાત આપણો સંગાથ નથી તજતું. માનવી માત્ર ખરેખરા પુરુષ પ્રયત્ન વડે જીવનને ઉન્નત બનાવી જ શકે છે એ હું જાણું છું, અને એ ભાન જ મને સતત સંકોર્યા કરે છે–નિરંતર ચેતન આપ્યા કરે એવી સમજદારી એ એક જ છે. એકાદું ચિત્ર દોરવું, કે એકાદ પ્રતિમા કંડારવી–એ રીતે સૌંદર્યની સાધના કરવી એ સિદ્ધિ ઠીક છે, સારી છે. પણ જે વાતાવરણ અને સૃષ્ટિ આપણે આસપાસ નિહાળીએ છીએ તેનું નકશીકામ, તેનું ચિત્રકામ સિદ્ધ કરવાની આવડત એ તો અતિ મહાન ઋદ્ધિ છે; અને બરાબર વિચારીએ, તો એ તાકાત આપણામાં રહેલી જ છે. 'દિવસ'ને ય, ઉજાળવો'–એ જ સર્વોત્તમ કામ છે. સર્વોચ્ચ આત્મનિરીક્ષણ અને ઝીણવટભરી ચકાસણી, આત્માની ઉચ્ચ કક્ષાની કસોટીમાં પાર ઉતરે - એવે પ્રકારે માનવીએ પોતાનું જીવન ગોઠવવું ઘટે - જીવનની નાનામાં નાની ઘટના પણ એ જ ધોરણે રચવી ઘટે. એમ આપણે ન કરીએ અગર નીચી પાયરીએ ઊતરીએ, તો આત્માનો અવાજ આપણને કર્તવ્યશીલતાનો સીધો મારગ બતાવી શકે. ધીરુ

* या निशा सर्व भूतानाम् तस्याम् जाग्रति संयमी।
यस्याम् जाग्रति भूतानी सा निशा पश्यतो मुने : ॥

આ ગીતાશ્લોક (બીજો અધ્યાય) જ અહીં વિગતવાર, પદ્યમાં માનસ સમજે એ પ્રકારે આપેલો છે. અનુવાદક.

## વિષયસૂચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| પયગમ્બર જરથુશ્ત્ર | અમૃતલાલ નાણાવટી | ૨૧ |
| સવાર | ગીતા પરીખ અને ધીરુ | ૨૪ |
| આચાર્યશ્રી રજનીશજીના સાન્નિધ્યમાં | શ્રી કાંતિદેવી | ૨૫ |
| વિલાયતમાં દયાધર્મ | વાલજી ગોવિંદજી દેસાઈ | ૨૬ |
| સમેતશિખરનો પ્રશ્ન | પરમાનંદ | ૨૭ |
| બે અવલોકન | | ૨૮ |
| સુકી ધરતીનાં મીઠાં સ્મરણો | ચીમનલાલ જેઠાલાલ શાહ | ૨૮ |

# આચાર્યશ્રી રજનીશજીના સાન્નિધ્યમાં

રાત ખૂબ અંધારી છે. અમે બધા ચૂપ બેઠા છીએ. આચાર્યશ્રીની સાથે ચૂપચાપ બેસવામાં પણ એક અનુભવ અને આનંદ સમાયેલો છે. એમની સમીપમાં ઘણી યે વાર એવો અનુભવ થાય છે કે જાણે મૌનમાં પણ તેઓ કંઈક કહે છે. એમને આ વિષે પૂછ્યું પણ હતું–તેઓ હસવા લાગ્યા અને પછી બોલ્યા, "સત્યને ઉચ્ચારવા માટે કોઈપણ શબ્દ સમર્થ નથી. એ તો મૌન દ્વારા જ કહી શકાય છે. કદાચ મૌન થવાની આપણને સમજણ પ્રાપ્ત થાય તો રહસ્યના અનંત દ્વાર ખૂલી જાય છે. મનુષ્યની એ જ મોટી પીડા છે કે તે મૌન રહેવાનું–બનવાનું–ભૂલી ગયો છે. આ ભૂલને કારણે જ પ્રકૃતિ સાથેનો એનો સમસ્ત સંબંધ વિચ્છિન્ન થઈ ગયો છે. પ્રકૃતિની પાસે તો મૌન સિવાય અન્ય કોઈ ભાષા નથી અને જે એ ભાષાને ભૂલી જાય તે સ્વાભાવિક રીતે પ્રકૃતિથી દૂર થઈ જવાનો. અને પ્રકૃતિથી દૂર થઈ જવું એ જ તો મોટી પીડા છે.

પછી તેઓ ચૂપ થઈ ગયા. એમની સાથે અમે પણ ચૂપ બની ગયા. રાત્રીના પ્રભાવથી અમે પ્રભાવિત બનવા લાગ્યા. હવા બારીબારણાને હલાવી રહી છે અને તમરાંનું સંગીત સંભળાઈ રહ્યું છે. અમે સજાગ છીએ અને મૌન છીએ. અમે એ મૌનમાં પોતાને પીગળી જતા અનુભવીરહે છીએ. ભીતરમાં કંઈક વિલીન થઈ જતું લાગે છે. એ મૌન અમને બાષ્પીભૂત કરી રહ્યું છે. ત્યાં તેઓ બોલ્યા, "હુંપણાનો ભાવ જ્યારે ગલિત થાય છે ત્યારે જ મૌન પ્રાપ્ત થાય છે. એ વિલીન થાય પછી જ પ્રકૃતિ સાથે મિલન અને સંવાદ શક્ય બને છે."

કોઈએ પૂછ્યું.– "મૌન કેવી રીતે થવાય?" એમણે ઉત્તરમાં કહ્યું : "બસ થઈ જાઓ. બહુ મોટી વિધિ અને નિયમોની જરૂર નથી. ચારે તરફ જે થઈ રહ્યું છે તે સજાગ બનીને જુઓ, જે સંભળાઈ રહ્યું છે તે સાક્ષીભાવથી સાંભળો. સંવેદનો પ્રતિ પૂરતા સભાન થાઓ, પરન્તુ પ્રતિક્રિયા ન થવા દો. પ્રતિક્રિયાવિહીન શૂન્ય જાગૃતિથી મૌન સહજપણે નિષ્પન્ન થાય છે."

થોડીવાર પછી તેઓ કહેવા લાગ્યા, "માત્ર વાણીના વણઉપયોગને જ હું મૌન નથી કહેતો. વાણીનો નહિ પણ વિચારનો સવાલ છે. વાણી તો ગૌણ છે, તેનું મૂળ કેન્દ્ર તો વિચાર છે. મનમાં વિચાર ચાલતા હોય અને વાણી બંધ હોય તો પણ એ મૌન નથી. જ્યારે મનમાં વિચારોની તાંત્રિક પરંપરા ન હોય તો ભલેને વાણીથી પ્રયુકત હોય તો પણ તે મૌન છે. જેવી રીતે કોઈ ભોજન ન કરે પણ ભોજનના ભોગનો જ વિચાર કર્યા કરે તો તેને હું ઉપવાસ નહીં કહું. અને એવું પણ બને કે કોઈ ભોજન લે પણ એમાં ભોગવૃત્તિ કે ભોગેચ્છા ન હોય તો તે ઉપવાસ જ છે. આમ અસલ વાત હમેશાં આંતરિક જ છે ઔપચારિક નહીં."

હું સાંભળું છું કે 'મૂળ વસ્તુ તો હમેશાં આંતરિક જ છે, ઔપચારિક નહીં, અને મને એમની અનેક આંતરસૂઝોનું સ્મરણ થઈ આવે છે. એમના જીવનદર્શનમાં આ સૂઝ ખૂબ જ આધારભૂત થઈ છે. એમનો ભાર હંમેશા વૃત્તિઓ પર જ હોય છે, બાહ્યાંગ નહીં. વળી બાહ્ય વર્તન-પરિવર્તનને બદલે એમનો આગ્રહ હંમેશા અંતરની કાંતિને વિષે જ હોય છે. ઔપચારિકતા વધી જતાં સમસ્ત ધર્મો નષ્ટ થઈ ગયા છે. અસારની એ ભીડમાં જ સારતત્ત્વ ખોવાઈ જાય છે અને એક દિવસ આપણને ભાન થાય છે કે આપણા હાથમાં કેવળ રાખ જ રહી છે, જ્યારે અગ્નિ તો ક્યારનો ય તિરોહિત થઈ ગયો છે.

એક અપરિચિત વ્યકિત આવી. એમણે કેટલાંક ફૂલો આચાર્યશ્રીને ભેટ આપ્યા. તે ફૂલો સુંદર છે. આચાર્યશ્રીએ કહ્યું કે, "ફૂલો કેટલાં સુંદર છે? પરંતુ મિત્ર, તમે એને તોડીને સારું કામ નથી કર્યું. જે સૌંદર્યને પ્રેમ કરે તે ફૂલોને ડાળીઓ પરથી તોડવામાં અસમર્થ બને. તોડવાથી જીવંત મૃત થઈ ગયા અને જીવંતને મૃત કરવાથી વધુ અસુંદર બીજું કંઈ જ નથી. હિંસા મોટામાં મોટી કુરુપતા છે, અને અહિંસા સર્વથી મોટું સૌંદર્ય છે." કોઈએ પૂછ્યું, "આપણે ફૂલોને પ્રેમ કરીએ છીએ, એટલા માટે તો તેને તોડીએ છીએ."

તેઓ બોલ્યા, "પ્રેમ અને ફૂલોને તોડવાની ક્રિયામાં વિરોધ છે. ફૂલો વિષે પ્રેમ હોય તો કોઈ એને તોડી જ કેમ શકે? એને તોડવાની ક્રિયા પ્રેમનું નહિ પણ ક્રૂરતાનું પ્રતિક છે. એ તો આપણી અધિકારલિપ્સા છે. જે કંઈ આપણને સુંદર લાગે છે એના માલિક બનવાની આપણે ઈચ્છા રાખીએ છીએ. પછી ભલેને એ અધિકાર પ્રાપ્ત કરવામાં એ અભિપ્સિત વસ્તુ જ નષ્ટ થઈ જાય. આ વસ્તુ માત્ર ફૂલોની બાબતમાં જ નહીં, પણ આપણા સમસ્ત જીવનવ્યવહારમાં પણ એટલી જ સત્ય છે. માનવીય સંબંધોમાં પણ આપણે એમ જ કરીએ છીએ. જેમને આપણે પ્રેમ કરીએ છીએ એમની સાથે પણ આપણે આવી જ ક્રૂરતા આચરીએ છીએ. ત્યાં પણ અધિકાર મેળવવાનો અને એનું આરોપણ કરવાનો જ પ્રયાસ થાય છે. ત્યાં પણ ફૂલો તોડી નાખવામાં આવે છે અને જીવનની ડાળીઓ આ લેવા–ઝાપટવામાં જ અકાળે નષ્ટ થઈ જાય છે."

કેટલોક સમય વ્યતીત થયા પછી એમણે કહ્યું, "જ્યાં પ્રેમ છે ત્યાં અધિકાર અને બંધન નથી હોતાં. પ્રેમ તોડતો નથી પણ જોડે છે. પ્રેમ મારતો નથી, પણ જીવાડે છે વળી પ્રેમ બાંધતો નથી, પણ મુકત કરે છે. ફૂલો માટે જો પ્રેમ હોય તો સ્વયં ફૂલો જેવા બની જાઓ. પરંતુ એમને તોડીને એમના માલિક ન બનો. પ્રેમ માત્ર આપવાનું જ જાણે છે. માંગવાની ભાષા એને અપરિચિત છે. છીનવી લેવાની ભાષાનો તો ત્યાં સવાલ જ કયાં રહ્યો? અને યાદ રાખો કે આ બધું હું સંપૂર્ણ જીવન વિષે કહી રહ્યો છું. જે આ સત્યને નથી પિછાનતો તે પ્રેમના ઓઠા હેઠળ પોતાની ક્રૂરતા અને હિંસાને જ પોષતો હોય છે. એના એ કહેવાતા પ્રેમમાં એની ઘૃણા જ છૂપાયેલી હોય છે અને એમના સૌંદર્યની વ્યાખ્યામાં ઊંડે ઊંડે કુરુપતા જ સમાયેલી હોય છે."

આ સાંભળીને અમે વિચારમાં પડી ગયા. એમણે અમારા કેટલાક ઊંડા ઘાને સ્પર્શ કર્યો.

તેઓ હસ્યા અને બોલ્યા, "વિચારો નહીં; જુઓ. વિચારવાથી મનુષ્ય સચ્ચાઈથી દૂર ચાલ્યો જાય છે. વિચાર એ તો પોતાનાથી જ દૂર થવાની, પોતાની જાતથી જ બચવાની તરકીબ છે. સારું તો એ જ છે કે હું જે કહી રહ્યો છું એની સચ્ચાઈનો જાતે જ અનુભવ કરો. પોતાના પ્રેમને ઉઘાડો અને જુઓ કે મેં જે કહ્યું તે સાચું છે કે નહિ?"

એકવાર અમે સાથે મુસાફરી કરતા હતા. જે મુસાફરોનું સ્ટેશન આવતું તેઓ પોતાના ઊતરવાના સ્થાન પહેલાં જ ગાડીમાંથી ઊતરવા માટે પોતાનો સામાન તૈયાર કરી લેતા હતા. આચાર્યશ્રીએ કહ્યું, "જુઓ, આ સાધારણ યાત્રામાં પણ યાત્રીઓ કેટલા સજાગ છે? પરંતુ જીવનની મહાયાત્રામાં આપણી સજાગતા જરા પણ હોતી નથી. ન તો ગન્તવ્ય સ્થાનની ખબર હોય છે કે ન કોઈ પૂર્વતૈયારીનો! મૃત્યુ જ્યારે આપણને જીવનથી અલગ કરે છે ત્યારે આપણે સ્તબ્ધ થઈ જઈએ છીએ. એ વખતે આપણને ભાન થાય છે કે મૃત્યુ પણ છે અને એને માટે આપણે પૂર્વતૈયારી કરવાની આવશ્યકતા હતી."

મેં પૂછ્યું., "અમે પૂર્વતૈયારીરૂપે શું કરીએ?"

તેઓ બોલ્યા, "પ્રથમ તો એ જ જાણવાની અને યાદ રાખવાની જરૂર છે કે જીવન એક યાત્રા છે. આપણે કોઈક બિંદુથી ચાલી રહ્યા છીએ અને કોઈક અમુક બિંદુએ પહોંચવાનું છે. આપણું હોવું એ જ તો વિકાસ છે, આપણે પૂર્ણ છીએ નહિ પણ પૂર્ણ થવાનું છે. પૂર્ણતાને માટે ન તો કોઈ વિકાસ છે ન તો કોઈ યાત્રા છે. બધો જ વિકાસ અને બધી જ યાત્રા સંપૂર્ણતાને માટે છે. આપણે યાત્રામાં છીએ એ જાણકારીનો અર્થ જ એ છે કે આપણે અપૂર્ણ છીએ. આપણી આ અપૂર્ણતાને ધ્યાનમાં રાખીએ. આપણી આ અપૂર્ણતાઓનો વિચાર કરવાથી અપૂર્ણતાનું ભાન જાગ્રત થાય છે અને અપૂર્ણતાનું એ ભાન પૂર્ણતાની અભીપ્સાને ઉત્પન્ન કરે છે. જે જાણે છે કે તે અપૂર્ણ છે તે પૂર્ણ થવાની આકાંક્ષાથી વ્યાકુળ બને છે. જે અનુભવ કરે છે કે તે અસ્વસ્થ છે, તે સ્વાભાવિકપણે જ

સ્વસ્થતા મેળવવા માટે કામના કરવા લાગે છે. અંધકારનો અનુભવ થતાં જ પ્રકાશની તૃષા જન્મે છે."

એક સહયાત્રીએ પૂછ્યું, "જો અપૂર્ણતાનો અનુભવ થવા લાગે તો એથી શું થાય?"

એમણે એ યાત્રીની સામે જોયું અને કહ્યું કે, "જ્યારે કોઈને તૃષાનો અનુભવ થાય છે ત્યારે શું થાય છે? શું તરત જ પાણીની શોધ નથી બની જતી? એવી જ રીતે અપૂર્ણતાનો અનુભવ પૂર્ણતાની તૃષા અને ખોજ બની જાય છે. તે સમયે જીવનમાં ગન્તવ્ય આવે છે અને આપણે નિશ્ચિત જગ્યાએ પહોંચવાનો પ્રારંભ કરીએ છીએ. ગન્તવ્યશૂન્ય જીવન ભોગ છે, જ્યારે ગન્તવ્યયુકત જીવન યોગ બની જાય છે. ભોગનું જીવન એ સરોવરનું જીવન છે. તે કયાંય જતું નથી. તે માત્ર સૂકાઈ જાય છે અને સમાપ્ત થઈ જાય છે. યોગમય જીવન સરિતાનું જીવન છે. તે સાગરની તરફ સતત ગતિ કરે છે. સરિતા બનો અને સાગરની તરફ પ્રયાણ કરો. કેવળ એ જ રીતે સાર્થકતા પ્રાપ્ત થશે. સરોવર પોતાનામાં જ જીવે છે. તે યાત્રા નથી. એને કયાંય પહોંચવાનું કે કંઈ જ બનવાનું નથી. સરિતા પોતાનામાં જ નથી જીવતી. એ તો પોતાના અતિક્રમણને માટે જીવે છે. તે પોતાનાથી પાર જવા માટે જીવે છે, તે પોતાનાથી અતૃપ્ત છે, અને પોતાની સીમાઓની પાર જઈ અસીમ બનવાની એને આકાંક્ષા છે. એવી જ આકાંક્ષાઓ મનુષ્યમાં સ્વયંની અપૂર્ણતાની જાણકારીમાંથી ઉત્પન્ન થાય છે. અપૂર્ણતાનો અનુભવ કરવો એ મનુષ્યનું સૌથી મોટું સૌભાગ્ય છે, કેમકે એની દ્વારા જ પૂર્ણતાની તરફ પ્રથમ પગલું ભરી શકાય છે."

સવાર થઈ ગઈ છે. અમે એક નદી કિનારા પર છીએ. માછીમારો માછલીઓ પકડી રહ્યા છે. કેટલીક પકડાઈ ગયેલી માછલીઓ જમીન પર તરફડે છે. આચાર્યશ્રીએ કહ્યું કે, "જેવી રીતે પાણીની બહાર માછલીઓ તરફડિયાં મારે છે તેવી જ રીતે મનુષ્ય પરમાત્માને માટે બહાર તરફડિયાં મારે છે."

પછી અમે પાછા ફરતા હતા. કોઈએ પૂછ્યું, "આપણાં દુ:ખોનું કારણ શું છે? તેઓ બોલ્યા, "'દુ:ખો' ન કહો, 'દુ:ખ' નું બોલો. કેમકે વસ્તુત: અનેક દુ:ખો નથી, પણ એક જ દુ:ખ છે. પરમાત્માની બહાર હોવું એ જ આપણો એક માત્ર સંતાપ છે. આ વસ્તુનું આપણને ધ્યાન નથી રહેતું. દુ:ખોની ભીડમાં આપણે મૂળ 'દુ:ખ'ને ભૂલી જઈએ છીએ. અને પછી 'દુ:ખ'માંથી જ અનેક દુ:ખો ઉત્પન્ન થાય છે. પરમાત્માથી દૂર હોવું એ જ મૂળ દુ:ખ છે. બાકીના બધા દુ:ખો તો એની જ સંતતિ છે. જેમ કોઈ મનુષ્ય વૃક્ષના મૂળને કાપ્યા વગર માત્ર એની શાખાપ્રશાખાઓને જ કાપતો રહે અને આશા રાખે કે વૃક્ષ નાશ પામી જશે, એવી જ ભૂલ દુ:ખને ભૂલીને દુ:ખોને દૂર કરવાનો પ્રયાસ કરનાર વ્યકિત પણ કરે છે."

હું સાંભળતી હતી. મને લાગ્યું કે આ નાના નાના વાકયસમુચ્ચયોમાં પણ કેટલું તથ્ય સમાયું છે! શું સાચે જ આપણે પાણીની બહાર પડેલ માછલીઓની જેમ તરફડિયાં મારી રહ્યા નથી? અને આ વિચારની એ જ ક્ષણે મેં આખા જગતને માછલીની માફક તરફડિયા મારતું જોયું.

તેઓ મને વિચારમાં પડેલી જોઈ બોલ્યા, "વિચાર શું કરવાનો છે? મનુષ્ય એવી માછલી છે જે સાગરના જળથી વિયુકત બનીને બહાર રેતી પર તરફડે છે તો એ માછીમાર પણ એ જ છે કે જે એને આ રીતે તરફડાવે છે. માણસ માછલી પણ છે અને માછીમાર પણ છે. આપણે જ આપણાં દુ:ખ અને બંધનનું કારણ છીએ. આ જ આપણી સ્વતંત્રતા અને મુકિતની આશા અને સંભાવના છે. આપણે જે દિવસે નિશ્ચય કરીએ તે જ દિવસે પરમાત્મા સાથે ફરી જોડાઈ શકીએ છીએ. આપણે જ સંકલ્પથી દૂર છીએ અને આપણે જ સંકલ્પની નિકટ જઈ શકીએ છીએ. મનુષ્યની પરતંત્રતામાં જ એની સ્વતંત્રતા છૂપાયેલી પડી છે.

અનુવાદક: મૂળ હિંદી:

**કુ. શારદાબહેન ગોરડિયા,** **સુ. શ્રી કાંતિદેવી**

પી. એચ. ડી.

('જૈન જગત' માંથી સાભાર ઉધ્ધૃત અને અનુવાદિત)

# વિલાયતમાં દયાધર્મ

આ શીર્ષક વાંચીને કેટલાકને એમ થાય કે વિલાયત કેવું ને દયાધર્મ કેવો. પણ વાત એમ છે કે વિલાયતમાં જેટલો ધર્મ પળાય છે તેટલો ચેતનવંત છે, એટલે તેમાંથી નવી ડાળી ફૂટતી જાય છે, પણ આપણો જૈનનો દયાધર્મ મુવા વાંકે જીવે છે, એટલે છેલ્લાં સો-બસો વર્ષમાં કોઈ જૈને દયાધર્મ વિષે કાંઈ નવો વિચાર કે નવી પ્રવૃત્તિ કરી હોય એમ જણાતું નથી.

વંશપરંપરાએ જે લોકો શાકાહારી છે એવા જૈન તથા હિન્દુના ઘરમાં માંસાહારે પ્રવેશ કર્યો છે એ સૌ જાણે છે, પણ આને લીધે કોઈ સાધુ કે શ્રાવકનો જીવ બળ્યો હોય, ને એણે આ અવળા પ્રવાહને રોકવાનો પ્રયત્ન કર્યો હોય તો આપણને ખબર નથી.

એક મુંબઈની જીવદયામંડળી 'શાકાહાર વિ. માંસાહાર' વિષે વિદ્યાર્થીઓ પાસે નિબંધ લખાવે છે ને એને ઈનામ આપે છે તે બહુ સારી વાત છે, પણ એને પ્રેરણા વિલાયતથી મળેલ છે.

જનાવર ઉપર કઈક જાતના જુલમ થાય છે, પણ એ જુલમ કરનારાને રોકવા પ્રયત્ન કરવો જોઈએ ને એવો પ્રયત્ન ન કરીએ તો એ જુલમને રૂડો જાણ્યો ગણાય એનું આપણને ભાન નથી. પણ વિલાયતમાં જનાવર પ્રત્યેની ક્રૂરતા રોકનારી રોયલ સોસાયટી (આર. એસ. પી. સી. એ.)ની સ્થાપના ૧૮૨૪ માં જૂનની સોળમીએ થઈ એને આજ લગભગ દોઢસો વર્ષ થઈ ગયાં.

આ સોસાયટીને દેણાં બહુ થઈ ગયાં, એટલે એના સ્થાપક તથા માનધની મંત્રી રેવરંડ આર્થર બ્રૂ મને જેઈલમાં લઈ ગયા અને બીજા જણને મંત્રીપદ આપ્યું હતું.

સોસાયટીમાં એક લોર્ડ આર્સ્કિન હતા એણે એક દિવસ જોયું તો એક દુષ્ટ માણસ ઘોડાને મારતો હતો, તેને એ કહે, 'કેમ ઘોડાને મારો છો?'

'ઘોડો મારો છે, એને મારે જે કરવું હોય તે કરું,' દુષ્ટ બોલ્યો.

'ઠીક છે,' લોર્ડ આર્સ્કિન કહે. 'અને મારું જે હોય તેને મારે જે કરવું હોય તે કરું. આ સોટી મારી છે.'

એમ કહીને આર્સ્કિને દુષ્ટને સોટી મારી.

લગભગ નેવું વર્ષ પહેલાં અમેરિકામાં ન્યૂયૉર્ક શહેરમાં બે ગલઢા ઘોડા ટ્રામગાડી ખેંચતા હતા, પણ ગાડી કેમે ય હાલે નહિ, કેમ કે તેમાં છડિયાં બહુ ભર્યાં હતાં. ગાડીવાળાએ ઘોડાને ચાબૂક માર્યા. ઘોડાએ જોર કર્યું પણ તો ય ગાડી ચસી નહિ. ઘોડા ઉપર પાછા ચાબુક પડ્યા ત્યાં તો એક ઊંચો પહડછંદ પુરુષ ત્યાં આવી ચડ્યો. એને ગાડી ઉપર ચડવું નહોતું, પણ એ કહે, 'વધારાનાં છડિયાં ગાડી ઉપરથી ઉતરી જાય, આટલો ભાર ઘોડા ન તાણી શકે.'

ગાડીવાળા કે છડિયાં કોઈએ એની વાત માની નહિ. એટલે એ એક એક છડિયાને ઝાલીને નીચે ઉતારવા મંડયો. એક જણે ગાળ કાઢી ને હાથ ઉગામ્યો એને આ પુરુષે ઉપાડીને બરફ ઉપર ફગવી દીધો. એટલે લોકોએ હેનરી બર્ગ, ગાંડા બર્ગ, 'અદકપાંસળિયા' બર્ગને ધન્યવાદ આપતાં ત્રણવાર મુક્તકંઠે હિપ હિપ હુરેનો જયઘોષ કર્યો.

હેનરી બર્ગને અબ્રાહમ લિંકને રશિયા એલચી લેખે મોકલ્યા હતા. ત્યાં એણે એક જણને ગધેડાને ફટકારતો જોયો, એટલે એણે તરત વાંધો લીધો. તે દિવસે એને પોતાના કર્તવ્યની કલ્પના આવી, અને અમેરિકા પાછા ગયા પછી એણે જનાવર પ્રત્યે ક્રૂરતા-નિવારિણી અમેરિકન સોસાયટીની સ્થાપના કરી. આમાં જૉન જેકબ એસ્ટર, જેઈમ્સ જે. રૂઝવેલ્ટ, સી. વી. એસ. રૂઝવેલ્ટ વગેરે એના સાથી હતા; એની સહાયતાથી હેનરી બર્ગે ક્રૂરતા-નિવારણનો કાયદો ન્યૂયૉર્ક રાજ્યની વિધાનસભા આગળ મંજૂર કરાવ્યો.

(ક્રમશ:) **દેસાઇ વાલજી ગોવિન્દજી**

# સમેતશિખરનો પ્રશ્ન

તા. ૧૨-૫-૬૫ના સંદેશમાં નીચે મુજબ સમાચાર પ્રગટ થયા છે:– શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના અગ્રણી શેઠશ્રી કસ્તુરભાઈએ આજે સમેતશીખરજી અંગે દિગંબર જૈન ભાઈઓ તરફથી જે આંદોલન અને દેખાવો નવી દિલ્હીમાં થઈ રહ્યા છે તે અંગે આણંદજી કલ્યાણજીની પેઢીનું મંતવ્ય વ્યકત કરતા અખબારી પરિષદમાં નીચે મુજબ જણાવ્યું હતું:–

"આ કરાર અંગે દિગંબર જૈનોનો વિરોધ શો છે તેની અમને જાણ નથી, જો તેઓ આ અંગે કોઈ વાતચીત કે ચર્ચા કરવા માંગતા હોય તો તેમ કરવા અમે તૈયાર છીએ પણ અમને એવું કાંઈ જણાવ્યું નથી. બિહાર સરકારને જણાવ્યું હોય તો તેની માહિતી નથી. ઉલટું આ કરાર થયા ત્યારે કેટલાક દિગંબર જૈન ભાઈઓએ અભિનંદનના તાર કરેલા હતા."

આ વિરોધ કરી દેવસ્થાનોની આવક મેળવવાનો દિગંબરોનો હેતુ હોઈ શકે ખરો? એવા પ્રશ્નના જવાબમાં તેમણે જણાવ્યું કે, "હરગીઝ નહિ, આવો તેમનો હેતુ હોઈ શકે જ નહિ."

તેમણે એમ પણ જણાવ્યું કે, "જે સમિતિ નિમાઈ છે તેમાં પાંચ સભ્યો છે. ૩ સભ્યો આણંદજી કલ્યાણજીની પેઢીના અને ૨ સભ્યો બિહાર સરકારના. એ બે સભ્યોમાં બિહાર સરકાર દિગંબર જૈનોનો પ્રતિનિધિ નીમે એવી વાત હતી."

તેમણે સમેતશિખર અંગેના નિવેદનમાં એમ પણ જણાવ્યું કે, "આ પહાડ આણંદજી કલ્યાણજીની પેઢીએ રૂા. ૩૫ લાખમાં ખરીદ્યો હતો અને માસિક રૂા. ૫૦૦ ભાડું પણ આપતા હતા. આથી ફોરેસ્ટ એકટ પસાર થતાં બિહાર સરકારે જંગલની જમીનો કબજે કરી, પણ પારસનાથ ટેકરીના જંગલો જરૂરી હતા. કેમકે એ સ્થળની પવિત્રતા જાળવવા પેઢીએ આ જગ્યા ખરીદી હતી. આ જંગલની વ્યવસ્થા માટે પાંચ સભ્યોની કમિટિ નિમાઈ છે. આવકના ૬૦ ટકા પેઢીને અને ૪૦ ટકા બિહાર સરકારને મળનાર છે."

અંતમાં તેમણે જણાવ્યું કે, "આ નવા કરાર દિગંબર ભાઈઓના કોઈ હક્ક ઉપર તરાપ મારતા નથી, અને તેનો કોઈ પણ હક્ક આ કરારથી ઓછો થતો નથી."

સમેતશિખર અંગેના એકરારનામાનો પ્રશ્ન એવો કોઈ વિચિત્ર છે કે તે અંગે શ્વેતાંબર વિભાગના લોકોને એમ લાગે છે કે સમેતશિખરનો પ્રશ્ન બિહાર સરકાર અને જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સમુદાયનું પ્રતિનિધિત્વ ધરાવતી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી વચ્ચેનો - કેવળ પહાડની જમીનદારીનો જ છે અને તેમાં દિગંબર જૈન સમુદાયને દખલગીરી કરવાને કોઈ સ્થાન કે અવકાશ જ નથી, જ્યારે દિગંબર જૈન સમુદાયને એમ લાગે છે કે સમેતશિખર તીર્થ એ ઉભયમાન્ય તીર્થ છે અને તેથી તે તીર્થને લગતા હકકોનો જ્યાં જ્યાં ઉલ્લેખ કરવાનો હોય ત્યાં ત્યાં માત્ર શ્વેતાંબર મૂર્તિપૂજક જ નહિ પણ દિગંબર સમુદાયનો પણ સાથે સાથે ઉલ્લેખ થવો જ જોઈએ, જ્યારે પ્રસ્તુત એકરારનામામાં, જાણે કે દિગંબર સમાજને આ તીર્થ સાથે કશી લેવાદેવા ન હોય એ રીતે, દિગંબર સમુદાયનો કશો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી, અને આ રીતે તીર્થ અંગેના દિગંબર સમુદાયના હકકોનો આડકતરો ઈનકાર કરવામાં આવ્યો છે. આ હકીકતને દિગંબર સમાજ પોતાને એક મહાન અન્યાય સમાન લેખે છે. અને આવું એકરારનામું એના એ રૂપમાં ચાલુ રહે તો ભવિષ્યમાં કોઈ પણ સમયે દિગંબરોના તીર્થને લગતા હકકોનો શ્વેતાંબર સમુદાય સદન્તર ઈનકાર કરી શકે એવી પરિસ્થિતિ ઊભી થાય એવો તેઓ ભય સેવે છે. આના જવાબમાં શેઠ કસ્તુરભાઈ જણાવે છે કે તેમને આજ સુધીમાં જે કાંઈ હકકો મળ્યા હોય તે અબાધિત રહે છે અને એમ જણાવીને તેઓ એમ સૂચવે છે કે, આ બાબત અંગે દિગંબર પક્ષે કશું કરવા વિચારવાપણું રહેતું નથી. અને સાથે સાથે એમ આશ્વાસન આપે છે કે તેમને આ સંબંધમાં જે કાંઈ કહેવાનું હોય તે તેઓ જણાવે અને તે ઉપર યોગ્ય ધ્યાન આપવામાં આવશે.

શ્રી કસ્તુરભાઈના નિવેદનનાં જવાબમાં ભારતવર્ષીય દિગમ્બર જૈન તીર્થક્ષેત્ર સમિતિના મંત્રી શ્રી ચંદુલાલ કસ્તુરચંદે એક નિવેદન બહાર પાડયું છે જે નીચે મુજબ છે:–

"પાર્શ્વનાથ ટેકરીઓના સંબંધમાં શેઠ આણંદજી કલ્યાણજી અને બિહાર સરકાર વચ્ચે થયેલા કરાર સંબંધમાં શેઠ કસ્તુરભાઈ લાલભાઈએ બોલાવેલી પત્રકાર પરિષદનો અહેવાલ મેં જોયો છે.

"અનાદિ કાળથી દિગંબર જૈનો આ પવિત્ર તીર્થ ઉપર સમાન હક્ક અને પૂજા કરવાના ખાસ અધિકારો ભોગવતા આવ્યા છે, જેના ઉપર પ્રીવિ કાઉન્સીલના ચૂકાદાઓની પણ મહોર મળી છે. શેઠ આણંદજી કલ્યાણજીએ હમણા કરેલો કરાર આ હક્કની સંપૂર્ણ અવગણના કરે છે, અને આ તીર્થ ઉપર જાણે માત્ર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનોનો જ હક્ક હોય એ પાયા ઉપર એ કરારો ઘડવામાં આવ્યા છે. બિહાર સરકારે દિગંબર જૈનોને ખાત્રી આપેલી કે દિગંબર જૈનોની સંમતિ મેળવ્યા વિના કોઈ કરારો કરવામાં નહિ આવે, આમ છતાં બિહાર સરકારે શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનો સાથે એકપક્ષી કરાર કર્યા છે. આ જાણીને દિગંબર જૈનો આશ્ચર્યમાં ડૂબી ગયા છે અને તેમને સખત આઘાત થયો છે.

"દિગંબર જૈનોને મુંબઈ અને કલકત્તાના આગેવાન કાયદાના નિષ્ણાત સલાહકારો તરફથી સલાહ મળી છે કે આ કરાર દિગંબર જૈનોના હક્કો ઉપર ગંભીર તરાપ મારે છે, અને જો આ કરારને એના એ સ્વરૂપમાં કાયમ રહેવા દેવામાં આવે તો ભવિષ્યમાં કદાચ એવી પરિસ્થિતિ સર્જાય કે ન્યાયાલયોના અનેક ચૂકાદાઓથી સ્થાપિત અને પ્રમાણભુત થયેલા દિગંબરોના હક્કો ભયમાં મૂકાઈ જશે.

"દિગંબર જૈનોમાં ઉહાપોહ જાગ્યો છે તેનાં કારણો સ્પષ્ટ હોવા છતાં શેઠ કસ્તુરભાઈ તે કેમ નથી સમજી શકતા એ એક આશ્ચર્ય છે. શેઠ કસ્તુરભાઈ કહે છે કે, "આમાં દિગંબર જૈનોના હકક કયાં જોખમાયા છે તે તેઓ મને સમજાવે.' અવિધિસર (Informaly) અમોએ આ બાબત તેમને જણાવી છે અને તેમના પ્રત્યાઘાતોની રાહ જોઈએ છીએ. દિગંબર જૈનો ન્યાયી અને વ્યાજબી સમાધાન માટે હંમેશા આતુર રહ્યા છે. આમ છતાં મારે કહેવું જોઈએ કે જો આ પ્રશ્નનો યોગ્ય અને ન્યાયી નિવેડો લાવવામાં નહિ આવે તો જે હકકો અમે આદિકાળથી ભોગવતા આવ્યા છીએ તે હકકો જાળવી રાખવા અને તેના રક્ષણ માટે જે કંઈ શકય પગલાં લેવાની જરૂર જણાશે તે લીધા સિવાય બીજો કોઈ અમારે માટે માર્ગ રહેશે નહિ."

આ નિવેદન ઉપરથી જણાય છે કે, દિગમ્બરભાઈઓ તરફથી તેઓ શું માગે છે તેની જાણ શેઠશ્રી કસ્તુરભાઈને કરવામાં આવી છે અને તેમના જવાબની રાહ જોવાય છે. અને તેઓ ન્યાયી અને વ્યાજબી સમાધાન માટે આતુર છે.

આપણે આશા રાખીએ કે સમેતશિખર તીર્થ અંગે ઊભયપક્ષની માન્યતાનો અને તેમાંથી ફલિત થતા ઊભયના સમાન હકકોનો પ્રામાણિકપણે સ્વીકાર કરવામાં આવે અને શ્વેતાંબર કે દિગંબરોના અલગ અલગ હકકો ઉપર નહિ પણ જૈન સમાજની એકતા અને સંગઠ્ઠન ઉપર ખરો ભાર મૂકવામાં આવે અને તે ખાતર જરૂરી હોય તેટલું જતું કરવાની પ્રત્યેક પક્ષ તૈયારી દાખવે. આપણે આશા રાખીએ કે આવી ઉદારતાપૂર્વક આ પ્રશ્નને હાથ ધરવામાં આવે કે જેથી સર્વ સંઘર્ષ ટળી જાય અને સમાધાન સહજ શકય બને.

પરમાનંદ

# બે અવલોકન

## "સમાજ દર્પણ"

(લેખક : ડૉ. સુમન્ત મહેતા, સંપાદક બહેન રન્ના પ્રભુદાસ પટવારી, પ્રકાશક : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રસ્તો, અમદાવાદ; કિંમત રૂ. ૮)

ગુજરાતના ચિન્તક, લેખક તેમજ એક અગ્રગણ્ય સમાજસેવક ડૉ. સુમન્ત મહેતાને આજે કોણ નથી જાણતું ? તેમનો જન્મ ૧૮૭૬ની સાલમાં થયો એ હિસાબે આજે તેમની ઉંમર ૮૯ વર્ષની થવા આવી. તેમણે ૪૪ વર્ષની ઉંમરે વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડની નોકરી છોડી ત્યાર પછી તો આજ સુધીના જીવનનો ઘણો મોટો ભાગ એકધારી સમાજસેવા પાછળ જ તેમણે વ્યતીત કર્યો. વૃદ્ધાવસ્થાનું સવિશેષ આક્રમણ થતાં પાછળનાં વર્ષો તેમણે લગભગ નિવૃત્ત બનીને અમદાવાદમાં ગાળેલાં. છેલ્લાં બે ત્રણ વર્ષથી ડૉ. સુમન્ત તથા સૌ. શારદાબહેન અમદાવાદનું ઘર સંકેલીને પોતાના એક યા બીજા પુત્ર સાથે નાગપુર અથવા તો મુંબઈ રહે છે.

'સમાજદર્પણ', છેલ્લાં ૬૦ વર્ષ દરમિયાન ભિન્ન ભિન્ન વિષયો ઉપર ડૉ. સુમન્તે લખેલાં સંખ્યાબંધ લેખો અને ટીપ્પણોમાંથી બહેન રન્નાબહેન પ્રભુદાસ પટવારીએ તારવેલા અને સરખા કરેલા લેખોનો સંગ્રહ છે. આ લેખસંગ્રહ દ્વારા કેટલીક અવનવી ઐતિહાસિક વિગતો અને અનેક વિશિષ્ટ વ્યક્તિઓનાં રેખાચિત્રો તેમ જ અંગત જીવનના ચિત્રવિચિત્ર અનુભવ આપણને જાણવા મળે છે. પરદેશમાં રહીને જેમણે ભારતની આઝાદીને લક્ષમાં રાખીને પ્રચારલક્ષી કાર્ય કર્યું હતું પણ આજે જેમનું સ્મરણ દૂરના ભૂતકાળમાં લુપ્તપ્રાય બની ગયું છે. તેવા વીરેન્દ્ર ચટ્ટોપાધ્યાય, સરદારસિંહજી રાણા, શ્યામજી કૃષ્ણવર્મા, મેડામ કામા જેવી વ્યક્તિઓ, તે તે વ્યક્તિઓને લગતા લેખો દ્વારા જાણે કે, આપણી સામે ફરીને જીવતી થાય છે અને આધુનિક કાળ દરમિયાન લુપ્ત થયેલી વ્યક્તિઓ રામનારાયણ પાઠક, કે. ટી. શાહ, બળવન્તરાય કલ્યાણજી ઠાકોર અને એવી બીજી અનેક વ્યક્તિઓનાં સ્મરણો એકદમ તાજાં થાય છે. આ લેખો દ્વારા લેખકના લાંબા અર્થસભર જીવનની પણ ઝાંખી થાય છે અને તેમના વિષે આપણું દિલ આદરપ્રભાવિત બને છે. આવો ઉપયોગી લેખસંગ્રહ ગુજરાતી સમાજ આગળ રજુ કરવા માટે બહેન રન્નાને હાર્દિક ધન્યવાદ ઘટે છે.

## "જીવન-સંભારણા"

(લેખિકા : શ્રી શારદાબહેન મહેતા; પ્રાપ્તિસ્થાન : પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ. વડોદરા, કિંમત રૂ. ૨-૫૦)

સ્વ. ગોકુલદાસ રાયચુરાના તંત્રીપણા નીચે પ્રગટ થતા ગુજરાતી માસિક 'શારદા' માં આજથી લગભગ ૩૦ વર્ષ પહેલાં સૌ. શારદાબહેને લખેલાં પોતાનાં બાલ્યકાળથી માંડીને લગભગ ૧૯૩૩-૩૪ સુધીના આત્મજીવનનાં સ્મરણો ક્રમશ: પ્રગટ થયાં હતાં. તે સ્મરણપ્રકરણોને આ પુસ્તકમાં સંગ્રહિત કરવામાં આવ્યા છે. આ રીતે ગુજરાતના સામાજિક તેમ જ શૈક્ષણિક જીવનના ઘડતરમાં જેમને અતિ મહત્ત્વનો ફાળો છે તેવાં શ્રી શારદાબહેનની જીવનકથા-અનુભવકથા આ પુસ્તકમાંથી આપણને જાણવા મળે છે.

શારદાબહેનનો જન્મ ૧૮૮૨નો સાલમાં થયો. આજે તેમની ઉમ્મર ૮૩ વર્ષની છે. તેમનાં મોટાં બહેન વિદ્યાબહેન ૧૮૯૩ની સાલમાં ગુજરાતી બેનોમાં સૌથી પહેલાં મેટ્રીક થયાં હતાં. તે પહેલાં તેમનું જાણીતા સમાજસુધારક અને સાક્ષર શ્રી રમણભાઈ મહીપતરામ સાથે લગ્ન થયું હતું. શારદાબહેન ૧૮૯૭માં મેટ્રીક થયાં હતાં અને ૧૮૯૮માં તેમનું ડૉ. સુમન્ત મહેતા સાથે લગ્ન થયું હતું. વિદ્યાબહેનનું વિદ્યાર્થીજીવન ગૃહસ્થાશ્રમ અને બાળઉછેરનાં અનિવાર્ય રોકાણોના કારણે ચુંથાતું રહ્યું હતું અને પરિણામે વિદ્યાબહેન તથા શારદાબહેન એક સાથે ૧૯૦૧ની સાલમાં ગુજરાતી બહેનોમાં સૌથી પહેલાં મુંબઈ યુનિવર્સિટીના ગ્રેજ્યુએટ થયાં હતાં અને એ કારણે આ બહેનો ઉપર સૌરાષ્ટ્ર-ગુજરાતમાંથી પારવિનાનાં અભિનંદનો અને ધન્યવાદનો વરસાદ વરસ્યો હતો.

આ પુસ્તકમાં, જ્યારે આપણા દેશમાં કન્યાકેળવણીનો પ્રારંભ થયો હતો અને કન્યાઓને આગળ ભણાવવા સામે ભારે વિરોધ પ્રવર્તતો હતો એ દિવસોની સામાજિક પરિસ્થિતિનું તેમ જ ત્યાર બાદ બનતી આવેલી અનેક સામાજિક ઘટનાઓનું તેમ જ તેના ઘડતરમાં ડૉ. સુમન્તના સહયોગમાં શારદાબહેને જે મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો તેનું ભારે પ્રેરક વર્ણન વાંચવા મળે છે. આ રીતે આ પુસ્તકમાંથી બન્નેના સહજીવનની પણ અનેક રસપ્રદ વિગતો આપણને સુલભ બને છે. આખું પુસ્તક વાંચતાં આપણી સામે એક ભવ્ય સન્નારીનું અત્યન્ત સુભગ અને પ્રભાવશાળી ચિત્ર ખડું થાય છે. આજની અને હવે પછીની પેઢીને સતત પ્રેરણા મળ્યા કરે એવો તેમનો અપૂર્વ સેવાયોગ અને વિરલ તપશ્ચર્યા છે.

આ પુસ્તક ઈ. સ. ૧૯૩૮ની સાલનું પ્રકાશન છે અને તેમાં લગભગ ૧૯૩૩ ની સાલ સુધીની જીવનકથા નિરુપાયલી છે. ત્યાર પછીનાં વર્ષો ભારતના ઈતિહાસમાં એટલા જ બલકે વધારે મહત્ત્વનાં પસાર થયાં છે અને તે ઈતિહાસના આ બન્ને-શારદાબહેન અને ડૉ. સુમન્ત-સાક્ષી છે. આ ગાળાનાં સ્મરણો પણ તેમના હાથે લખાયાં હોત તો કેવું સારું થાત એવો વિચાર સહજપણે મનમાં આવે છે, પણ હવે તેઓ એટલાં બધાં જર્જરિત થઈ ગયા છે કે, તેમના વિષે આવી આશાને બહુ સ્થાન નથી. સંસ્કારતીર્થ જેવાં આ વયોવૃદ્ધ યુગલને આપણા વંદન હો, તેમનું અવશેષ જીવન આતંક વિનાનું નિરામય સુખશાન્તિભર્યું બની રહો એવી આપણી પ્રાર્થના હો! જેમને સૌરાષ્ટ્ર ગુજરાતના આજ સુધીના સામાજિક ઈતિહાસમાં રસ છે તેમના માટે આ પુસ્તક અતિ ઉપયોગી અને માર્ગદર્શક છે.

# સુકી ધરતીનાં મીઠાં સ્મરણો—૬

શનિવાર, તા. ૧૩-૨-૬૫

## ભદ્રેશ્વર,

(સુકી ધરતીનાં મીઠાં સ્મરણો' ની લેખમાળાના છેલ્લા હપ્તાની છેવટની પંક્તિઓમાં 'શુદ નવમીનો ચંદ્ર' એમ છપાયું છે તેના સ્થાને 'શુદ બારસનો ચંદ્ર' એમ વાંચવું. તંત્રી)

ગઈ કાલે રાત્રે ૧૧ વાગ્યા લગભગ અમે ભદ્રેશ્વરના તીર્થમાં પ્રવેશ કર્યો ત્યારે એક તો અમે ખૂબ થાકેલા હતા અને બીજું રાત્રીનો અંધકાર ચોતરફ પથરાયલો હતો. એટલે પ્રવેશદ્વાર આગળ મુકાયલી પેટ્રોમેક્સના અજવાળા દ્વારા એટલું જ જોઈ શક્યા હતા કે અમે કોઈ ભવ્ય સ્થાનમાં દાખલ થયા છીએ. પણ જ્યારે સવારે ઊઠ્યા અને જે મેડીબંધ મકાનમાં અમને ઉતારો આપવામાં આવ્યો હતો તેમાંથી બહાર ચોગાનમાં આવ્યા અને દેવવિમાન જેવા ભવ્ય મંદિર સમક્ષ અમે આવીને ઊભા રહ્યા ત્યારે આ તીર્થની—આ ભવ્ય જિનાલયની—અલૌકિકતાનો અમને ખ્યાલ આવ્યો અને આ પ્રાચીન તીર્થના આ રીતે દર્શન થવા બદલ અમે જીવનની ધન્યતા અનુભવી.

ખરી રીતે ભદ્રેશ્વર નામે બાજુએ આવેલા એક નાના સરખા ગામડાનું છે અને આ તીર્થનું નામ 'વસહી' છે. પણ બહારના લોકો આ તીર્થને મોટા ભાગે ભદ્રેશ્વર નામથી ઓળખે છે એટલે આપણે પણ આ તીર્થનો 'ભદ્રેશ્વર' નામથી ઉલ્લેખ કરીશું.

આ ભદ્રેશ્વર કચ્છના મુદ્રા તાલુકાની સરહદ ઉપર અને દરિયા કિનારેથી બે માઈલ દૂર આવ્યું છે. આ તીર્થનો ઈતિહાસ ઘણો જૂનો છે અને દંતકથા તો એમ કહે છે કે વિક્રમ સંવત પહેલાં લગભગ પાંચ સદી પૂર્વે અને ચરમ તીર્થંકર ભગવાન મહાવીરના નિર્વાણ પછી તેર વર્ષે ભદ્રાવતી નગરીના તે વખતના રાજા સિદ્ધસેનની સહાનુભૂતિ અને સહાયથી ભદ્રાવતીના શ્રી દેવચંદ્ર શ્રાવકે ભૂમિશોધન કરી આ તીર્થનું શિલારોપણ કર્યું હતું. અને ભગવાન મહાવીરના નિર્વાણ પછી ૪૫ વર્ષે કપિલ કેવળીએ ભગવાન પાર્શ્વનાથની મૂર્તિની અહિં પ્રતિષ્ઠા કરી હતી. આ પ્રતિષ્ઠામહોત્સવ

વખતે જૈન કથાઓમાં જેમનું નામ અગ્રસ્થાને છે એવા આજન્મ બ્રહ્મચારી વિજય શેઠ અને વિજયા શેઠાણીએ અહિં દીક્ષાવ્રત અંગીકાર કર્યું હતું. આ કેવળ દંતકથા છે. તેને ઐતિહાસિક આધાર નથી. એમ છતાં આ તીર્થના ગૌરવમાં તીર્થ સાથે જોડાયલી આ દંતકથા ખૂબ વધારો કરે છે.

ભદ્રેશ્વરનું પહેલાનું નામ ભદ્રાવતી હતું. સંવત ૭૯૮ની સાલમાં તે નામ ફેરવીને ભદ્રેશ્વર કરવામાં આવ્યું. આ પહેલાની ભદ્રાવતી અને પછીનું ભદ્રેશ્વર બહુ પુરાણી નગરી છે અને તે અંગે ઉપર જણાવેલ દંતકથાના કાળથી માંડીને આજ સુધીના ઈતિહાસકાળમાં છુટાછવાયા જ્યાં ત્યાં ઉલ્લેખો જોવામાં આવે છે, પણ સમયાન્તરે તેરમી સદીમાં થયેલા મહાન પરોપકારી જગડૂશાહના સમયથી ભદ્રેશ્વર વસહિના મંદિરનો કડિબંધ ઈતિહાસ ઉપલબ્ધ છે. તેમણે, સંવત ૧૩૧૫માં જે ભયંકર દુષ્કાળ પડયો ત્યારે રાજા તથા તેના સારાયે મુલકને અન્નવસ્ત્ર પૂરાં પાડયાં હતાં. વાઘેલાઓ પાસેથી જગડૂશાહે વોરાવટને લીધે ભદ્રેશ્વર પોતાને કબજે રાખ્યું એ સમયે તેમણે આ દેરાસરનો જીર્ણોદ્ધાર કરાવ્યો એમ કહેવાય છે અને તે સમયથી "જગડૂશાહના વસહિનાં દહેરાં" એ નામથી જાણીતાં છે. શત્રુંજય તીર્થનો જીર્ણોદ્ધાર કરનાર પણ આ જગડૂશાહ જ છે.

સમય જતાં આ તીર્થનો અવારનવાર જીર્ણોદ્ધાર અને રીપેરકામ થતું રહ્યું છે અને તેમાં સુધારાવધારા પણ થતા રહ્યા છે. માંડવીના યતિ ખેતવિજયજી, ભુજપુરના યતિ સુમતિસાગરજી, કચ્છના મહારાવ દેશળજી બાવા તથા માંડવીનાં મોઠીબહેનનાં નામ વિ. સં. ૧૯૨૧ થી ૧૯૫૦ દરમિયાન કરવામાં આવેલા નવમા જિર્ણોદ્ધાર સાથે જોડાયેલાં છે.

આ તીર્થ અઢી લાખ ચોરસ ફીટ જેટલી જગ્યા રોકે છે. આને બાવન જિનાલય તરીકે ઓળખવામાં આવે છે, કારણ કે વચ્ચે મુખ્ય મંદિર છે જેમાં મૂળનાયકના સ્થાને ભગવાન મહાવીર સ્વામીની ભાવવાહી પ્રતિમા છે અને તેની આસપાસ બાવન દેરીઓ છે. આમાંની પચ્ચીસમી દેરી અથવા જિનાલયમાં ઉપર જણાવેલ ભગવાન પાર્શ્વનાથની શ્યામ આરસની ભવ્ય પ્રતિમા બિરાજે છે. આ સમગ્ર જિનાલયમાં રંગમંડપ, પૂજામંડપ તથા પ્રાર્થનામંડપ છે. દર વર્ષે ફાગણ શુદ ૩-૪-૫ ના દિવસે અહીં તીર્થની વર્ષગાંઠ નિમિત્તે મોટો મેળો ભરાય છે.

આ ભદ્રેશ્વર અથવા વસહી તીર્થના મંદિરનું સ્વ. રામસિંહજી કા. રાઠોડ રચિત 'કચ્છનું સંસ્કૃતિદર્શન' એ ગ્રંથમાં આપેલું વર્ણન મંદિરની ભવ્ય રચના સમજવામાં ઉપયોગી થશે એમ સમજીને નીચે ઉદ્‌ધૃત કરવું ઉચિત ધાર્યું છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે:–

"વસહીના દેરાસરમાં મૂળ દરવાજામાંથી પ્રવેશતાં સામે જ ચોકમાં મંદિરને ફરતી 'નવી ફેશન'ની આંખ આંજી નાખે એવા આકરા રંગોમાં રંગેલા પ્રવેશ દ્વારો સહિતની નાની દિવાલ દેખાય છે. આ પ્રવેશદ્વાર પરનાં, વિવિધ વાજિંત્રો વગાડતા જૂથનાં પૂતળાં અને ત્યાંથી આગળ આરસના સુન્દર શિલાતળ પરથી ચાલતાં મુખ્ય મંદિર પરના દ્વાર પર બેસાડેલાં એવાં જ બસ્ટો (અર્ધ-પ્રતિમાઓ) તેમ જ ચિનાઈ માટીની આધુનિક લાદીઓ–ટાઈલ્સ–જેના ઉપર ચોડવામાં એવી છે એવી ભીંતો જોતાં એક પ્રકારની સૂગ ચડે છે અને અક્ષમ્ય અવી વર્ણસંકરતા જોતાં ગ્લાનિ થાય છે તથા આપણી રસવૃત્તિને આઘાત પહોંચે છે. (આ સંબંધમાં એમ જણાવવામાં આવે છે કે, તે સમયના ત્યાંના કાર્યકરોના તથા સહાનુભૂતિ દેખાડીને મંદિરને જોવા આવેલા કેપ્ટન મેકમર્ડો અને મિસિસ મેકમર્ડોનાં બસ્ટો–અર્ધ-પ્રતિમાઓ છે.) અને હવે આવ્યા તો મંદિરનો અંદરનો ભાગ પણ જરા જોઈ ત્યાંથી પાછા વળવાની ઈચ્છા થાય છે. પણ મુખ્ય મંદિરના પ્રવેશદ્વારમાં આવતાં સ્તબ્ધ થઈ આપણે થોભી જઈએ છીએ. અહિં જ આપણને મંદિરની ભવ્યતા અને ઉત્તમ માંડણીનું ભાન થાય છે. અહીંથી નાની દેરીઓની ભમતી અને પછીના ખુલ્લા ચોકની વચ્ચે આવેલા મુખ્ય જિનમંદિરના ગભારામાંની, સ્થંભોની એકની અંદર એક એમ ગોઠવાઈ રહેલી બનતી દેખાતી બારીઓ ( Arches - કમાનો) વચ્ચે, ઉપરના ઊંડાણમાં, ચોવીશમાં તીર્થંકર મહાતીર્થ મહાવીર સ્વામીની કરુણાળુ મૂર્તિ જણાય છે. જેમનામાં શ્રદ્ધા છે, ભકિત છે, તેમને ઉન્નત ભાવમય બનાવી, અને બીજાઓને પણ મલીનતામાંથી જીવનની ઉચ્ચ ભૂમિકા પર જવા માર્મિક સૂચન કરતી, એ સોપાનશ્રેણી પર થઈ ઊંચે ચડવા પ્રેરતી મહાપ્રભુની પ્રતિમા અજબ આકર્ષણ કરે છે. અહીંથી સડસડાટ ઊંચે ચડી મુખ્ય મંદિરમાં આપણે પહોંચીએ છીએ એટલે ત્યાંનું નિર્મળ વાતાવરણ આલ્હાદક લાગે છે; અને ત્યાંની શોભા તથા આકર્ષણ સાત્વિક ભાવો પ્રેરે છે. મંદિરની પ્રદક્ષિણા કરતાં 'નવી ફેશન'ના 'રીપેર'થી બચેલા થોડા સ્તંભો પરની અસ્તવ્યસ્ત રહેલી કોતરણી અને મંદિરની ફરતી થોડી શિલ્પસમૃદ્ધિમાંની યક્ષિણીઓ અને પુતળીઓ, તથા કંદોરા પરની કિનારીઓ પરની માનવી અને પ્રાણીની આકૃતિઓ ભાવમય તથા પ્રેરક લાગે છે. સ્તંભોની હારમાળાની યોજના, મુખ્ય મંદિરની ફરતો થોડો ખુલ્લો ચોક, નાની દેરીઓ અને તેની પડાળીઓ તથા મુખ્ય મંદિર સામેના પ્રવેશદ્વાર પરનો પ્રાર્થનામંડપ–આ સર્વ દ્વારા મંદિરના આયોજનની ઉત્કૃષ્ટતા સમજાય છે. બીજા માળના આ પ્રાર્થનામંડપમાંથી, સામે ગભારામાં સપ્રમાણ ગોઠવાઈ સંપૂર્ણપણે દેખાતી મુખ્ય મંદિરમાંની મૂર્તિનાં દર્શન જેવી રીતે તળિયેથી જ થાય છે તેવી જ રીતે અહિં પ્રવેશદ્વાર પરના બીજા માળ ઉપરથી પણ થાય છે. અહીંના સ્થાપત્યની આ વિશિષ્ટતા છે.

"આ મંદિરની માંડણી આબુ ઉપરનાં દેલવાડાનાં જૈન મંદિરો સાથે સરખાવાય છે. આ મંદિરમાં જુદે જુદે સ્થળે સ્તંભો વગેરે પર સંવત ૧૨૨૩–૩૨–૩૫ તથા સંવત ૧૩૨૩ અને ૧૩૫૮ ના શિલાલેખો આવેલા છે. એ ઘણા ખરા ઘસાઈ ગયેલા છે, અને તેમનો અર્થ બરાબર કળી શકાતો નથી. પણ જુદી જુદી વ્યકિતઓએ અર્પણ કરેલા ભાગોના એ સ્મરણલેખો હોય એવું જણાય છે. દહેરાની પાછલી પરસાળમાં એક લાંબો શિલાલેખ છે. તેમાંથી 'સંવત ૧૧૩૪ના વૈશાખ શુદી પૂર્ણિમા' એટલું ઉકેલી શકાય છે અને બીજું એવું થોડું વંચાય છે કે, શ્રીમાળ ગચ્છના કોઈ જૈને દહેરું સમરાવ્યું તથા કંઈ ભેટ કરી હતી. મંદિરમાંની પાર્શ્વનાથ અને શાંતિનાથની મૂર્તિઓ ઉપર સં. ૧૨૩૨ ની સાલો નોંધેલી છે." ભદ્રેશ્વર તીર્થને લગતી આ વિગતો તેની પ્રાચીનતા, ભવ્યતા તથા ઐતિહાસિકતા સમજવા માટે ઉપયોગી થશે એમ સમજીને આ વર્ણનમાં અન્તર્ગત કરી છે.

અહિં અમારે આખો દિવસ અને રાત રહેવાનું હતું. એટલે પ્રાતઃકાર્ય અમે શાન્તિથી પતાવ્યું, ચા નાસ્તો કર્યો, સ્નાનાદિ ક્રિયા પતાવીને અમે મંદિરમાં દર્શન કરવા માટે ગયા. કેટલાંક ભાઈબહેનો પૂજા કરવામાં જોડાયા. આ મંદિરના ખૂણે ખૂણે અમે ફરીવળ્યા અને તેની સમગ્ર રચના જોઈને અમે આનંદમગ્ન બન્યા. મુખ્ય મંદિરના ઘુમ્મટમાં નેમનાથનું ચરિત્ર અજંટાની શૈલીથી આલેખવામાં આવ્યું છે. મંદિરમાં પ્રવેશતાં બન્ને બાજુએ તેમ જ પ્રાર્થનામંડપમાં ભગવાન મહાવીરના જીવનપ્રસંગો અને શત્રુંજય, ગીરનાર, પાવાપુરી, સમેતશિખર, હસ્તિનાપુર, તાલધ્વજગિરિ, રાણકપુર, તારંગા, વગેરે તીર્થોના આરસ ઉપર ઉપસાવેલા સચિત્ર પટો નિહાળતાં અમે અત્યન્ત આનંદપ્રભાવિત બન્યા. આમ બે અઢી કલાક અમે આ મંદિરને બારીકાઈથી નિહાળવા પાછળ ગાળ્યા.

આ તીર્થનો વહીવટ કરનાર પેઢીનું નામ શેઠ વર્ધમાન કલ્યાણજી છે. અહીં કચ્છના જુદા જુદા ગામના સંઘોની તેમ જ જૈન સમાજની સામુદાયિક ધર્મશાળાઓ છે. અહિં એક મોટી સુવ્યવસ્થિત ભોજનશાળા ચાલે છે. અહિં વાચનાલય તેમ જ પુસ્તકાલય પણ છે.

અમે દેવદર્શન કરી ભોજનશાળામાં જમ્યા અને પછી થોડીવાર આરામ કર્યો. પછી સાંજકના ભદ્રેશ્વરનો આજુબાજુનો વિસ્તાર જોવા ગયા. તીર્થના વ્યવસ્થાપક શ્રી શશિકાંતભાઈ અમારી સાથે હતા એટલે તેમની પાસેથી અમને ભદ્રેશ્વરનો ઈતિહાસ જાણવા મળ્યો.

મંદિરથી થોડે જ દૂર ૬,૫૦૦ ગેલન પાણી રહી શકે એવી ટાંકી જોઈ. આ ટાંકી રૂા. ૪૦ હજારને ખર્ચે કરાવવામાં આવી છે. ટાંકી નીચે કુવો છે. અને મશીનથી પાણીને ટાંકીમાં ચઢાવવામાં આવે છે. આ ટાંકી સ્વ. વોરા લક્ષ્મીચંદ માણેકચંદ મુંદ્રાવાલાના સ્મરણાર્થે તેમનાં ધર્મપત્નીએ યાત્રાળુઓની પાણીની સગવડ માટે બનાવરાવી છે.

આ કુવાની થોડે જ દૂર જગડુશાહે બંધાવેલ કૂવો નજરે પડે છે. કૂવાના અવશેષો આજેય દેખાય છે. ૨૦ ફૂટની સળંગ પત્થરની શીલાઓ આજે પણ જોવા મળે છે.

ભદ્રેશ્વર તીર્થની ડાબી બાજુએ એક જૂનું ખંડેર જોયું. ખંડેર અંદર ઘણું ઉતરી ગયું છે. આ ખંડેરને આપણા આચાર્યો મંદિર તરીકે ઓળખાવે છે. જ્યારે ઘણા લોકો આને જગડુશાહનો મહેલ પણ કહે છે. ખંડેરની પડખે એક પ્રાચીન દુદાવાવ પણ જોઈ.

ભદ્રેશ્વરમાં સાંજનું ભોજન સૂર્યાસ્ત પહેલાં લેવાનું હોય છે. એટલે નિયમને આધિન થઈ સાયંભોજન કર્યું. ફરવાનું તો હજુ ચાલુ જ હતું એટલે અમે કેટલાક ભદ્રેશ્વર ગામ જોવા ગયા. ગામ નાનું હતું. કેટલાંય મકાનો બીસ્માર હાલતમાં હતાં. ગામમાં બે મોટા મકાનો ધ્યાન ખેંચતા હતા. આમાંનું એક કોઈ ભાટીયા ગૃહસ્થનું છે, જ્યારે બીજું નામદાર આગાખાનને તેમના

અનુયાયીઓ માટે બંધાવેલ છે.


આજે આ ગામમાં મુસ્લિમ કોમમાં એક લગ્ન હતાં. નવદંપતીને વળાવવામાં આવતા હતા. અમે આ જોવા ઊભા રહ્યા. કન્યાએ લાજ કાઢી હતી અને એ ધ્રુસ્કે ધ્રુસ્કે રડતી હતી. વરરાજાએ માથે પાઘડી અને હાથમાં તલવાર ધારણ કરી હતી. જાણે કોઈ રજપુતનાં લગ્ન ન હોય એવો વેશપરિધાન આ મુસ્લિમ વરરાજાનો હતો. વરઘોડાની આગળ એક છોકરો આજુ-બાજુ લાઈનમાં ઊભા રહેલા સૌને બીડી વહેંચતો હતો. આપણે ત્યાં સત્કારસમારંભ પ્રસંગે જેમ આઈસક્રીમ આપી આપણે સંતોષ અનુભવીએ—આનંદ અનુભવીએ—એટલો જ સંતોષ અને આનંદ આ છોકરાના મોઢા ઉપર દેખાતો હતો. આમ અમે ભદ્રેશ્વર ગામમાં એક મુસ્લિમ યુગલના લગ્ન—સત્કાર—સમારંભમાં જઈ આવ્યાનાં આનંદ સાથે અમારા ઉતારા ભણી પાછા ફર્યા.

અમે પાછા ફર્યા એ દરમિયાન સૂર્યાસ્ત થઈ ચૂક્યો હતો અને રાત્રીનું સામ્રાજ્ય ચોતરફ સ્થપાઈ ચૂક્યું હતું. આકાશમાં શુદ્ધ તેરસનો ચંદ્રમા ચોતરફ પોતાનું વિપુલ તેજ પૃથ્વી ઉપર પાથરી રહ્યો હતો. મંદિરમાં ખુણેખુણે હાંડીઓમાં દીવા પ્રગટાવવામાં આવ્યા હતા અને તેના શીતલ પ્રકાશમાં મંદિરે કોઈ નવું જ રૂપ ધારણ કર્યું હતું. પ્રાર્થનામંડપમાં ભાવના શરૂ થઈ ચૂકી હતી. અમે બધાં મંદિરમાં ગયાં અને સમૂહભાવનામાં જોડાયાં. અમે પહોંચ્યા ત્યારે મંદિરનો ભોજક હારમોનિયમ વગાડી રહ્યો હતો તથા અન્ય કોઈ ભાઈ તબલા ઉપર પોતાના હાથ અજમાવી રહ્યા હતા અને ભદ્રેશ્વરના મેનેજર શશિકાન્તભાઈનાં પત્ની, ચાલુ નિયમ મુજબ, મધુર કંઠ વડે ભજન ગાઈ રહ્યાં હતાં. અમારી મંડળીના કસ્તુરભાઈ આ ગાયક-મંડળીમાં જોડાયા અને તેમણે પણ ગાવા—ગવરાવવાનું શરૂ કર્યું. [યાત્રાળુ ભાઈ—બહેનો પ્રાર્થનામંડપમાં ઊભરાતા ગયા અને ગાનતાન અને તબલાથી પ્રાર્થનામંડપ ગાજવા લાગ્યો. કોઈ પદ્, ભજન, કે સ્તવન પુરું થાય અને ઝાંઝ-કલબલિયા વગાડવાનું શરૂ થાય અને તબલાના તાલ સાથે તેની હરીફાઈ ચાલે અને તેની રમઝટમાં બધાં ડોલવા-ઝુલવા લાગે. અમારા કસ્તુરભાઈ પણ પુરા તાનમાં આવી ગયા. પહેલાં તેમણે તબલા ઉપરની અને પછી હારમોનિયમ ઉપરની પોતાની કુશળતાનો ખ્યાલ આપ્યો. સાથે સાથે તેઓ એક પછી એક ભજન ગાતા જાય અને ગવરાવતા જાય, અને પાછી કલબલિયાની રમઝટ ચાલે. ગાવામાં અમારામાંના નીરૂબહેન અને બીજી બહેનો પણ જોડાઈ. વાતાવરણ, ભક્તિ અને સંગીત વડે તરબોળ બની ગયું. સમય સડ-સડાટ વહેવા લાગ્યો. રાત્રીના આઠ, સાડા આઠ, નવ વાગ્યા, નવથી પણ આગળ ચાલ્યું, એટલે ત્યાંનો નિયામક જે હોઈ હશે તેણે 'હવે આરતીનો સમય થઈ ગયો છે' એમ જાહેર કરીને આ જામેલો જલસો હવે બંધ કરવાનું સૂચન કર્યું. ગાનતાન બંધ થયાં. આરતી અને મંગળ દીવાના ઘીની બોલી શરૂ થઈ. ભક્તિ રસના મસ્ત વાતાવરણમાં આ ઘીની બોલી ખૂબ બેસુરી લાગી. પણ આ તો હંમેશનો વ્યવહાર રહ્યો. ઘીની બોલી એ મંદિરની આવકનું મોટું સાધન—એ તો બોલાવી જ જોઈએ. સૌથી વધારે ઘી બોલનારે આરતી અને મંગળ દીવો ઉતાર્યા. મંદિરના દીવા ઓલવાવા લાગ્યા. અમે બધાં મંદિરમાંથી બહાર નીકળ્યાં અને અમારા નિવાસસ્થાનના મોટા હૉલમાં એકઠાં થયાં. ભાવનાની આટલી બધી મસ્તી અનુભવ્યા બાદ તરતજ આરામ કરવાનું—સુવાનું—બને જ કેમ? અમારી મંડળી એક ભાઈઓનાં અને બીજા બહેનોનાં એમ બે જૂથમાં વહેંચાઈ ગઈ, અને અન્તકડીની રમત શરૂ થઈ. ભાઈઓ—બહેનો વચ્ચે ભારે હરીફાઈ મંડાણી. એકની સામે બીજી, બીજી સામે ત્રીજી એમ કાવ્યપંકિતઓની અતૂટ ધારા વહેવા લાગી. એમાં વળી કોઈ તો લલકારીને ગાવા માંડે, કોઈ સીનેમાનાં ગીતો સંભળાવે, મીરાનાં પદો અને કબીરના દુહાઓ પણ રજુ થાય. સોરઠી દુહાઓ પણ ટપકી પડે. આમ કોઈ કોઈથી ગાંજે નહિ. હવે તો બાર બાગ્યા. સવારે વહેલા ઊઠી તૈયાર થઈને આગળ ચાલવાનું હતું, એટલે હવે આ રમતને 'ડ્રૉ'માં લઈ જવા સિવાય બીજો વિકલ્પ ન રહ્યો. રાત્રીનો બાકીનો સમય અમે ગાઢ નિદ્રામાં પસાર કર્યો.

સવારના ઊઠ્યા. નિત્યકર્મ તથા નાસ્તો પતાવ્યો. કેટલાંક સ્નાન કરીને મંદિરમાં પૂજા કરવા ગયાં. બાકીના પણ બધાં મંદિરમાં ગયાં અને સૌએ મંદિરને ફરી ફરીને નિહાળી લીધું. મંદિરની રચના-સ્થાપત્ય એટલું બધું મનોહર છે કે તેને ફરી ફરીને જોતાં, નિહાળતાં આંખો થાકતી નહોતી અને મન કંટાળતું નહોતું.

નીકળતી વખતે, અહિંની ભોજનશાળાનો અમે પૂરો લાભ લીધો હતો તેથી, તે ખાતામાં અમારી મંડળી તરફથી અમારે ઠીક ઠીક રકમ ભરવી જોઈએ એમ અમને લાગ્યું. અહીં જણાવવું જરૂરી છે કે, આ પ્રવાસ દરમિયાન જે જે સંસ્થાઓનો અમે લાભ લીધો હોય ત્યાં ત્યાં અમારે કાંઈને કાંઈ રકમ આપવી જોઈએ, એમ વિચારીને અમારી અંદર અંદર આશરે રૂ. ૧૧૨૧નો ફાળો અમે એકઠો કર્યો હતો. આ ફાળામાંથી અન્યત્ર અમે કાંઈ ને કાંઈ રકમ આપતા આવ્યા હતા અને અહિં પણ અમે ૨૫૧ ભોજનશાળામાં અને ૫૧ સ્ટાફ—ફંડમાં નોંધાવ્યા.

આ રીતે ભદ્રેશ્વર તીર્થમાં બે રાત અને એક દિવસ ગાળીને તા. ૧૪ મીને સવારે આશરે નવ વાગ્યે ભુજપુર તરફ આગળ ચાલ્યા. આખા પ્રવાસ દરમિયાન ભદ્રેશ્વર તીર્થમાં અમે સૌથી વધારે આનંદ, પ્રસન્નતા અનુભવી અને તેમાં પણ આગળની રાત્રે મંદિરની અંદર ભાવનામાં જે સમય ગાળ્યો તેની અમો સર્વના ચિત્ત ઉપર જ લિદ્દ ન ભૂંસાય એવી છાપ પડી ગઈ. આ રીતે ભદ્રેશ્વર તીર્થની યાત્રા અમારા માટે ચિરસ્મરણીય બની ગઈ. ભદ્રેશ્વર તીર્થને પુનઃ પુનઃ પ્રણામ કરીને અમે આગળ પ્રયાણ કર્યું.



卐 卐 卐 ભદ્રેશ્વર તીર્થનું ભવ્ય જિનાલય 卐 卐 卐

❋ અપૂર્ણ

ચીમનલાલ જેઠાલાલ શાહ

માલક: શ્રી મુંબઇ જૈન યુવકસંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ-૩, મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઇ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૭ : અંક ૪

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, જુન ૧૬, ૧૯૬૫, બુધવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૨૦ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

## નાગપ્રદેશની સમસ્યા

(તા. ૧૯-૨-૬૫ના ટાઈમ્સ ઑફ ઈન્ડિયામાં શ્રી એમ. આર. મસાણીનો ઉપર જણાવેલ વિષય ઉપર વેધક પ્રકાશ પાડતો એક લેખ પ્રગટ થયો હતો. ત્યાર બાદ આજે પણ ત્યાં એની એ પરિસ્થિતિ પ્રવર્તે છે અને ત્યાંના ભુગર્ભ આગેવાનો સાથેની વાટાઘાટો હજુ પણ ચાલી રહી છે. વાસ્તવિકતાથી અજાણ લોકોને આ લાંબી વાટાઘાટો સમજાતી નથી અને લશ્કરી ઉપાયો વડે ત્યાં ચાલતી બળવાખોરીને દબાવી દેવામાં કેમ આવતી નથી એવો પ્રશ્ન તેઓ પૂછતા હોય છે. તેવા લોકોને આ આખી સમસ્યા કેટલી નાજુક છે તેનો ખ્યાલ આવે અને નાગપ્રદેશની વાસ્તવિક પરિસ્થિતિની કાંઈક ઝાંખી થાય એ હેતુથી પ્રસ્તુત લેખને ટૂંકાવીને તેનો સાર નીચે આપવામાં આવે છે. **તંત્રી.**)

સત્ય અને અસત્ય વચ્ચેના સંઘર્ષ કરતાં એક સત્યનો અન્ય સત્ય સાથેનો સંઘર્ષ વધુ કરુણ હોય છે. નાગપ્રદેશની સમસ્યા બે સત્યો વચ્ચેનાં સંઘર્ષ જેવી છે.

એક તરફ "નાગ ફેડરલ રિપબ્લિક" તરીકે પોતાને ઓળખાવતા ભૂગર્ભવાસીઓ દ્વારા સંપૂર્ણ સ્વતંત્રતાની માગણી કરવામાં આવે છે. તેઓ જણાવે છે કે તેમનો પ્રદેશ એક સ્વતંત્ર રાષ્ટ્ર છે. તેઓ ભારતની નજીક રહેવા માગે છે, પણ ભારતનો ભાગ બનવા તૈયાર નથી. તેઓ કહે છે કે બ્રિટનથી આયર્લેન્ડ સ્વતંત્ર રાષ્ટ્રરૂપે રહી શકે છે તો ભારતથી તેઓ સ્વતંત્ર શા માટે ન રહી શકે? વળી તેઓ એવો દાવો કરે છે કે જો જ્યારે અંગ્રેજો ભારત છોડી ગયા ત્યારે નાગપ્રદેશ ભારતનો ભાગ નહોતો, પણ સીધા બ્રિટિશ શાસન તળે હતો અને ૧૯૪૭ની સત્તાબદલીની સાંજે ગાંધીજીએ તેમને ખાતરી આપી હતી કે ભારત તેમને સ્વતંત્ર રહેવા દેવામાં જ સંતોષ માનશે. વળી તેઓ કેટલીક વાર અતિશયોક્તિ કરીને પણ કટુતાપૂર્વક જણાવે છે કે, "થોડાક સુખશાન્તિના ગાળા બાદ કરતાં છેલ્લાં દસ વર્ષ દરમિયાન ભારતીય સશસ્ત્ર દળોએ ગેરિલા યુદ્ધપદ્ધતિ સાથે સંકળાયેલ ક્રૂરતાથી તેમની પ્રજાને હેરાનપરેશાન કરી નાંખી છે, અને તેમના ગામો અને દેવળોનો નાશ કર્યો છે. તેઓ ભારતના મિત્ર બનવા તૈયાર છે, પણ ભારતના આશ્રિત બનવા તૈયાર નથી."

આપણે આપણા પક્ષે એવી દલીલ કરીએ છીએ કે "ભારત એક વિશાળ કુટુંબ સમાન છે, જેમાં ભિન્ન ભિન્ન જાતિઓ, ધર્મો અને સંસ્કૃતિના લોકો એકબીજા સાથે ખભેખભા મિલાવીને ભારતીય એકમના સ્વતંત્ર નાગરિકો તરીકે જીવે છે, અને ભારતીય બંધારણ તેના સર્વ ભારતીય નાગરિકોને તેમના મૂળભૂત હકકોના રક્ષણની ખાતરી આપે છે. વળી નાગપ્રદેશની બાબતમાં તો ભારતનું બંધારણ મહારાષ્ટ્ર, ગુજરાત કે બિહાર ભોગવે છે તેથી ઘણી વધારે માત્રામાં સ્વશાસનનો અધિકાર આપે છે. તેમનો પ્રદેશ આર્થિક દૃષ્ટિએ સ્વાવલંબી રાજ્ય નથી, તેને ઘણા વધારે પ્રમાણમાં ભારતીય છૂટછાટો પર આધાર રાખવો પડે છે. તે ઉપરાંત તેઓ એવા પડોશી દેશો વડે ઘેરાયેલા છે, જેમાંના ઘણા—ખાસ કરીને સામ્યવાદી ચીન—તેમની સ્વતંત્રતાને માન આપે એવા વિશ્વસનીય નથી. આમ ભારતને પોતાની સલામતી અને સંરક્ષણ ખાતર નાગપ્રદેશની આવશ્યકતા છે તો નાગપ્રદેશને પણ એટલી જ જરૂર તેના પોતાના જીવન માટે ભારતના ટેકાની છે. ગત કમનસીબ દસ વર્ષો દરમિયાન બંને પક્ષે જે કંઈ બન્યું છે તે બદલ અમે દિલગીર છીએ. આપણે બંને વેરઝેર ભૂલી જઈને એકબીજાને માફ કરીએ. આપણે હવે ભવિષ્ય તરફ મીટ માંડીએ, ભૂતકાળ તરફ નહિ."

સને ૧૯૬૪ ની ૬ઠ્ઠી સપ્ટેમ્બરના રોજથી બંને પક્ષે અમલમાં આવેલ સંધિવિરામને પરિણામે ભિન્ન ભિન્ન રાજકીય પક્ષોના અને નિરનિરાળી વિચારધારાઓ ધરાવનારા પાલમિન્ટના સભ્યોમાંના પંદર સભ્યોનું એક જૂથ નાગપ્રદેશની મુલાકાત લે એવો સંભવ ઊભો થયો અને શ્રી જયપ્રકાશ નારાયણના આ સૂચનને પ્રો. રંગાએ નક્કર સ્વરૂપ આપ્યું જેનો વડા પ્રધાને સ્વીકાર કર્યો અને એ સૂચન અનુસાર કેટલાક સભ્યોએ ફેબ્રુઆરીની પમીથી ૧૧મી સુધી નાગપ્રદેશની મુલાકાત લીધી.

આપણામાંના ઘણાંને નાગલોકો બાબતમાં ખૂબ જ ભૂલભરેલા ખ્યાલો છે. નાગલોકો આદિવાસીઓ છે જ નહિ. આસામ અને નાગપ્રદેશના શકિતશાળી છતાં નમ્ર ગર્વનર શ્રી વિષ્ણુસહાય તેમને 'પ્રેમાળ લોકો' રૂપે ઓળખાવે છે. તેમની ગ્રામવ્યવસ્થા ઉચ્ચ કોટિની લોકશાહી છે. નાગલોકોમાંનો દસ ટકા ભાગ અંગ્રેજી બોલે છે. તેઓ શિસ્તપ્રિય પ્રજા છે. તેમના મુખ્ય પ્રધાન શ્રી શિલુ આઓ અને તેમના અનુયાયીઓ સમર્થ અને દેશદાઝવાળા માણસો છે. 'નાગા ફીડરલ ગવર્મેન્ટ' ના આગેવાનો કે જેમને અમે મળ્યા તેઓ પણ એટલા જ કુશળ છે. સૌ કોઈ કબુલ કરે છે કે, ભારત જેવા વિશાળ કુટુંબમાં નાગાલોકો જરૂર ખૂબ ઉપયોગી સભ્યો બનશે. તેમને ભારતના રાજ્ય સંઘમાં—યુનિયનમાં—જોડાયેલા રાખવા માટે જે કાંઈ જરૂરનું હશે તે સર્વ કાંઈ કરવામાં આવશે, પણ રાષ્ટ્રીય અસ્મિતા, કૌટુંબિક અસ્મિતા માફક, અંદરથી ઉગવી જોઈએ; બહારથી લાદી શકાતી નથી.

નાગપ્રદેશમાંના ટૂંકા વસવાટ દરમિયાન અમે તે રાજ્યમાંના દરેક પક્ષનો સંપર્ક સાધવાનો પ્રયાસ કર્યો. અમે ત્યાંના ગવર્નર અને નાગાલૅન્ડ સ્ટેટ કેબીનેટના સભ્યોને મળ્યા તેમ જ નાગ ફેડરલ ગવર્મેન્ટના નેતાઓને પણ મળ્યા, ત્યાંના સ્થાનિક અધિકારીઓને તેમ જ ભારતીય લશ્કરી અધિકારીઓને અને બાપ્ટીસ્ટ ચર્ચના આગેવાનોને પણ મળ્યા. અમે શ્રી જયપ્રકાશ નારાયણનો અને રેવરન્ડ સ્કોટનો તેમ જ નાગાલૅન્ડના પ્રધાનોનો અને નાગ ફેડરલ રિપબ્લિકના લશ્કરી નેતાઓનો પણ સંપર્ક સાધ્યો. ત્યાંના મુખ્ય વિરોધ-પક્ષ ડેમોક્રેટીક

પાર્ટીના આગેવાનોને પણ અમે મળ્યા અને તેમને જે કહેવું હતું તે પૂર્ણ સહાનુભૂતિથી સાંભળ્યું.

હું માનું છું કે, અમારી આ મુલાકાતે ઉપયોગી હેતુ સિદ્ધ કર્યો છે. ખરી રીતે તો આ પ્રકારની મુલાકાત ઘણા સમય અગાઉ યોજાવી જોઈતી હતી. અમારામાંની દરેક વ્યકિત આ સમસ્યા વિષે ઊંડી સમજદારી અને સ્પષ્ટ ચિત્ર સાથે પાછી ફરી છે. દેશના આ ભાગે અત્યાર સુધી ભોગવેલ અટુલાપણું અને ઉપેક્ષા પછી પણ આપણામાંના થોડા લોકોએ પણ તેમની મુલાકાત લેવાની તસ્દી લીધી અને તેમની વચ્ચે જઈને રહ્યા એથી ત્યાંની આમજનતા તેમ જ ભુગર્ભવાસીઓ પર સારો એવો પ્રભાવ પડયો છે. એટલું ચોક્કસ છે કે, આ રીતે ભારતીયજનો નાગપ્રદેશની વારંવાર મુલાકાત લે અને તેમના જીવનવ્યવહારમાં રસ લે એ ખૂબ જ આવશ્યક છે. એ જ પ્રમાણે નાગાલોકો પણ ભારતીય જીવનના કેન્દ્રરૂપ સ્થાનોની મુલાકાત લે અને જેની સાથે તેઓ જોડાયેલા છે એનાથી થોડા વધુ પરિચિત બને–એ પણ એટલું જ આવશ્યક છે.

એ હકીકત છે કે, આ દસ વર્ષ બાદ પહેલી જ વાર નાગપ્રદેશની એ રમણીય ટેકરીઓ પર શાંતિ સ્થપાઈ છે. લોકો છૂટથી હરીફરી શકે છે, મુકત મને બોલી શકે છે અને મુકત હવાનો આસ્વાદ માણી શકે છે. વસ્તીના ઘણાં મોટા ભાગને તેમના ગામ પર એક યા બીજા પક્ષ તરફથી આક્રમણ કરવામાં આવશે એવો ભય કે આશંકા સુદ્ધાં રહ્યાં નથી. જેને જેને અમે મળ્યા તે દરેક વ્યકિત આ શાંતિને આશીર્વાદરૂપ માને છે અને દરેક એવું ઈચ્છે છે કે, આ શાંતિનો ઉચ્છેદ થાય એવું કંઈ ન બને.

જેમ જેમ અઠવાડિયાઓ અને મહિનાઓ પસાર થાય છે તેમ તેમ ત્યાં સ્થપાયલી શાંતિ રાહતની લાગણી ફેલાવે છે. આથી ગ્રામ-વસ્તીના અભિપ્રાયની સ્પષ્ટ રજૂઆત થઈ રહી છે અને 'નાગ ફેડરલ ગવર્મેન્ટ' ની માગણીઓ અને તકાદાની વિરુદ્ધનું તેમનું વલણ સ્પષ્ટ આકારમાં પ્રગટ થઈ રહ્યું છે. અત્યારે જ્યારે ભારતીય લશ્કર કંઈ જ કામગીરી બજાવતું નથી ત્યારે ગામડાંઓ રાજ્યવહીવટ તરફ ઢળે છે અને ભૂગર્ભવાસીઓ સામે રક્ષણ મેળવવા માટે ભારતીય લશ્કર પ્રત્યે નજર નાખી રહ્યા છે. આમ ભૂગર્ભવાસીઓનો પ્રભાવ ઓછો થઈ રહ્યો છે. સ્વતંત્રતાની વિરુદ્ધમાં શાંતિની તરફેણ થવા લાગી છે. ઘણી જગ્યાએ જાહેર સભાઓ યોજીને શાંતિ–મિશનની સૂચનાઓને ટેકો આપતા અને શાંતિ ચાલુ રાખવાની અરજ કરતા ઠરાવો પસાર કરવામાં આવ્યાં છે.

સામાન્ય રીતે સર્વમાન્ય એવી પીસ–મીશનની આ સૂચનાઓ શી છે? શ્રી જયપ્રકાશ વગેરેનું બનેલું પીસ–મિશન એ વસ્તુ પર ભાર મૂકે છે કે નાગલોકોને તેમનું ભાવિ નકકી કરવાનો હકક છે. આ સમસ્યાનો ન્યાયી અને વ્યવહારુ ઉકેલ એ છે કે નાગલોકો સ્વેચ્છાપૂર્વક ભારતીય સંઘમાં જોડાય અને નાગપ્રદેશના રાજ્ય State of Nagaland – અને ભારતીય સંઘસરકાર Union Government – વચ્ચેના સંબંધોમાં જરૂરી સુધારાઓ કરવામાં આવે. આ ઉકેલમાં દેખીતો કોઈ જ વિરોધ ન હોઈ શકે. આખરે તો બંધારણમાં આજ સુધીમાં સત્તર સુધારાઓ થયા છે, જેમાંના કેટલાક તો ભારતીય લોકોની સ્વતંત્રતાને મર્યાદિત કરવામાં કારણભૂત છે. આમાંનો જ એક તેરમો સુધારો છે જે નાગલોકોના ખાસ રક્ષણની જોગવાઈ કરે છે. તો પછી નાગપ્રદેશના લોકોને સંઘના એક સુખી અને સ્વેચ્છાથી ભાગ બનાવે એવા એક સુધારા માટે શા માટે કોઈ પણ પ્રકારનો વિરોધ હોઈ શકે? અનેકવાર આપણને જણાવવામાં આવ્યું છે કે, આમાં માત્ર એક જ શબ્દ આડે આવે છે અને તે છે બંધારણ–Constitution.

એટલું સાચું છે કે હાલને તબકકે 'નાગ ફેડરલ રિપબ્લિક' આ ઉકેલ સ્વીકારવા તૈયાર નથી. આમ છતાં તેણે તેનો સદંતર અસ્વીકાર નથી કર્યો એ પણ સૂચક છે. તેમણે મતાધિકારની માગણી આગળ ધરી છે. પરંતુ પોતે કયે માર્ગે જવું એ લોકોએ જ નકકી કરવું જોઈએ એ હકીકતના સ્વીકારથી તેમનું ભારતવિરોધી મક્કમ વલણ કંઈક અંશે હવે સમાધાનતરફી વલણ દર્શાવતું થયું છે. એવું પણ બને કે શાંતિ–મિશનની સૂચનાઓ ભૂગર્ભવાસીઓ સ્વીકારવા તૈયાર થાય એ વસ્તુ થોડો સમય માગી લે. એક દસકા સુધી એક-સરખા પડતા રહેલા ઘા એક જ રાતમાં રુઝાઈ ન જાય. કોરિયામાં શાંતિ સ્થાપવા માટે પનમનજોન મધ્યેની વાટાઘાટો કેટલાંક વર્ષો સુધી ચાલી હતી. આખરમાં સફળ બનેલ ઑસ્ટ્રિયન સંધિની વાટા-ઘાટો પણ લગભગ વરસ સુધી ચાલી હતી. આમ એ બંને પ્રશ્નોનો શાંતિમય ઉકેલ આણી શકાયો તો લગભગ ચૌદેક વર્ષથી ચાલી રહેલ નાગપ્રદેશમાંની દુશ્મનાવટભરી ચળવળો માટેની સંધિ કરવા માટે જરૂરી સમય શા માટે ન આપવો? ૧૯૬૭ની સામાન્ય ચૂંટણી સુધી આ ચર્ચાવિચારણા ચલાવવી, જેથી એ સમયે ભૂગર્ભવાસીઓ પણ, રાજ્યમાં બહુમતિ લોકોનો ટેકો તેમને મળે છે કે નહિ તે જોવા માટે, તેમનો એકાદ ઉમેદવાર ઊભો રાખવા પ્રેરાય. ત્યાં સુધી નાગપ્રદેશ પર ભારતનો ધ્વજ શાંતિપૂર્વક લહરાયા કરવાનો જ છે. સશસ્ત્ર સૈનિકોના અનામત દળને પાછા ખેંચી લઈને અને નાગપ્રદેશ સલામતી નિયમન ધારાના–Nagaland Security Regulation–ના અનુસંધાનમાં શાંતિ જાળવીને, ૬ ઠ્ઠી સપ્ટેમ્બર ૧૯૬૪થી પહેલી જ વાર નાગપ્રદેશમાંની સીવીલ ગવર્મેન્ટે પોતાનો અમલ ખરા અર્થમાં શરૂ કર્યો છે. ચૌદ વર્ષો બાદ, જેમાંના દસ વર્ષ તો ગોળીબારમાં જ ગુજર્યા છે, નાગ-પ્રદેશના લોકોમાં ભારત સરકારના હેતુઓમાં વિશ્વાસ પ્રસ્થાપિત કરવા માટે ધારાધોરણ અનુસાર સીવીલ એડમીનીસ્ટ્રેશનને વહીવટ કરવા દેવાની માગણી શું વધારે પડતી છે?

જેમનું કાર્ય આપણા દેશના દુશ્મનો સામે લડવાનું છે એવા આપણા સશસ્ત્ર દળને, જેમને આપણે ભારતીય નાગરિક તરીકે ગણીએ છીએ તેવા નાગલોકોને તેઓ ગમે તેટલા અનિચ્છનીય રીતે વર્તતા હોય તો પણ, ઠાર કરવાનું જણાવવામાં આવે એ શું યોગ્ય છે? અને વળી આ બાબતની બીજા બે પડોશી પ્રદેશો જેનો બધોજ આર્થિક વ્યવહાર પાકિસ્તાન સાથે છે એવા 'મિઝો હીલ્સ' અને જેની સરહદનો મોટો ભાગ ચીનની સરહદ સાથે જોડાયેલો છે એવા નેફાવિસ્તાર પર શી અસર થાય? મીઝો અને નેફાના લોકો પોતાના નાગબંધુઓની આ દશા શું મુંગા મોઢે સ્વીકારી લેશે? વળી આ કૃત્યથી એવું પણ બને કે આ લોકો પોતાની આ જાતની આફતને ટાળવા માટે પરદેશી સહાય કે કુમક મેળવવા સિવાય બીજો કોઈ જ રસ્તો નથી એવું માનવા લાગે.

આમ આ વસ્તુ તરફ કોઈ પણ દૃષ્ટિબિંદુથી જોતાં યુદ્ધવિશારદ શ્રી વિન્સ્ટન ચર્ચીલના શબ્દો યાદ આવે એ સ્વાભાવિક છે કે 'Jaw. Jaw is better than war, war' "પંજો ઉગામી રાખવો અને લોકોને વાટાઘાટ તરફ વાળવા એ જ વધારે ઈચ્છવાયોગ્ય છે; યુદ્ધ યુદ્ધ હરગીજ નહિ.

સંક્ષેપપૂર્વક અનુવાદ કરનાર:
કુ. શારદાબહેન ગોરડીયા
બી. એચ. ડી.

મૂળ અંગ્રેજી:
શ્રી એમ. આર, મસાણી

## વિષયસૂચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| નાગપ્રદેશની સમસ્યા | શ્રી. એમ આર. મસાણી | ૩૧ |
| Thus Shall We Pray | Swami Shivananda | ૩૩ |
| હો પ્રાર્થના આપણી આમ | અ. ગીતા પરીખ | ૩૩ |
| પ્રકીર્ણ નોંધ: જૈન. શ્વે. કોન્ફરન્સ ઉદ્યોગગૃહ અને બંધારણની ૩૨ મી કલમનો અક્ષમ્ય દુરૂપયોગ, ભાષા અંગે કૉંગ્રેસ કારોબારીનો ઠરાવ, મહેમદાવાદના કૉંગ્રેસી મીલનની ફલશ્રુતિ. | પરમાનંદ | ૩૪ |
| અમર સંદેશ | રતુભાઈ દેસાઈ | ૩૭ |
| અવનિ - અમૃત | ગીતા પરીખ | ૩૭ |
| સુકી ધરતીનાં મીઠાં સ્મરણ-૭ | ચીમનલાલ જેઠાલાલ શાહ | ૩૮ |

## THUS SHALL WE PRAY

(Extract from 'Shiv-Jyoti')

(1)

Grant me O Master, by Thy grace
To follow all the good and pure,
To be content with simple things;
To use my fellows not as means but ends,
To serve them in thought, word and deed;
Never to utter a word of hate or shame.
To cast away all selfishness and pride;
To speak no ill to others;
To have a mind at peace,
Set free from care, and let astray from Thee
Neither by happiness nor by woe;
Set Thou my feet upon this path,
And keep me steadfast in it,
Thus only shall I please Thee, serve Thee right.

*Saint Tulsidas*

(2)

Lord, make me an instrument of Thy Peace,
Where there is hatred, let me sow love;
Where there is injury, pardon;
Where there is doubt, faith;
Where there is despair, hope;
Where there is darkness, light;
Where there is sadness, joy;
O Divine Master, grant that I may not so much seek
to be consoled, as to console,
to be understood, as to understand; to be loved,
as to love; for it is in giving that we receive,
it is in pardoning that we are pardoned, and it
is in dying that we are born to Eternal Life

*St.Francis of Assisi*

(3)

This is my prayer to thee, my Lord:-
strike, strike at the root of penury in my heart,
Give me strength lightly to bear my joys and sorrows,
Give me strength never to disown the poor or bend
my knees before insolent might,
Give me the strength to raise my mind above daily
trifles,
And give me the strength to surrender my strength
to Thy will with love

*Rabindranath Tagore*

(4)

Grant me, O Adorable Lord, strength and grace
To serve the humanity selflessly and untiringly
To slay egoism, lust and pride,
To forgive those who hurt me,
To bear insult and injury calmly,
To have ever a peaceful mind,
To remember thee at all times,
To cultivate universal love and endurance,
To have devotion to Thy Lotus-Feet.

*Swami Shivananda*

## હો પ્રાર્થના આપણી આમ...

(અનુવાદક : ગીતા પરીખ)

(છંદ મિશ્રાવસંતતિલકા)

(૧)

હે નાથ! તાહરી કૃપા વરસાવ જેથી-
હું સૌ પવિત્ર શુભ તત્વનું લક્ષ્ય રાખું,
સાદાઈમાં જ પરિતૃપ્ત રહી શકું હું,
ને અન્યને નહિ કરું મુજ સ્વાર્થ-સાધન,
સેવા કરું સહુની હું મન-વાણી- કર્મથી,
ધિક્કાર કે શરમનો નહિ શબ્દ બોલું,
ને સ્વાર્થ-ગર્વ સઘળો કરું છિન્નભિન્ન,
વાણી ન ઉચ્ચરું કટુ, મન સ્વસ્થ રાખું,
નિશ્ચિત રાખી મન, હું તુજથી ન થાઉં
દુઃખે સુખે જરીય દૂર, ચળું ન લેશ;
આ પંથનો અડગ યાત્રી મને કરી દે,
તારી કૃપા લહીશ આમ જ હું કરીને
ભક્તિભર્યા હૃદયથી તવ સાચી સેવા.

સન્તકવિ તુલસીદાસ

(૨)

હે દેવ, તું કર મને તવ શાંતિકેરું
કો નમ્ર સાધન : જ્યહિ ફિટકાર હો ત્યાં
હું વાવવા, પ્રભુ, મને ઉર પ્રેમ-બીજ,
ને ઘા પડે ત્યહિ ક્ષમાતણી આર્દ્ર ભાવના,
શ્રદ્ધા કરું જલતી વહેમભરેલ હૈયે,
આશા જગાવું જ્યહિ અંતર હો હતાશ,
અંધારમાં જલવું તેજભર્યો પ્રદીપ,
આનંદ હું છલકતો કરું વેદનામાં;
હે દિવ્ય દેવ! મુજમાં બળ એવું દે કે
શાતા દઈ શકું હું, સાંત્વન ઝંખું ના હું,
ને સૌ મને સમજતા- ચહું એ ન કિન્તુ
હું સર્વને સમજું, પામું હું પ્રેમ એવું
ના થાયું કિન્તુ વરસાવી શકું હું પ્રેમ.
છે ત્યાગમાં જ સહુ પ્રાપ્તિ, અને સહુને
અર્પી ક્ષમા લહી શકાય ક્ષમા જ જાતે,
ને મૃત્યુમાંહિ મળતો
શો જન્મ અમૃત અનંત જ જીંદગીમાં!

સેન્ટ ફ્રાન્સીસ ઑફ એસીસી

(૩)

છે પ્રાર્થના રટણ આ મુજ, દેવ મારા :-
તું તોડફોડ મુજ અંતરની દરિદ્રતા,
દે શક્તિ તું-સહી શકું સમતાથી જેથી
હું હર્ષ-શોક સઘળાં હળવાં કરીને,
દે શક્તિ-જેથી નહિ રંકજનો પરાયાં
માનું હું કે લળી પડું
ગર્વિષ્ટ શક્તિ-ચરણે નહિ હું કદાપિ,
દે શક્તિ-ઉર્ધ્વ કરવા મન માહરાને
આ રોજરોજતણી ક્ષુદ્ર મથામણોથી,
ને શક્તિ દે-
તારી મહેચ્છામહિ પ્રેમભાવે
શમાવી દેવા મુજ સર્વ શક્તિ!

રવીન્દ્રનાથ ટાગોર

(૪)

હે સ્તુત્ય દેવ! મુજને બળ દે, કરુણા
દે જેથી હું કરી શકું અવિરામ જેમે
નિઃસ્વાર્થ અંતરથી માનવતાની સેવા,
વિચ્છેદ જેથી કરું હું મનના 'અહમ્'નો,
સૌ કામના લય કરું, અભિમાન તોડું,
આપું ક્ષમા દુભવનાર જ માહરાને
ને શાંતિથી સહી શકું અપમાનહાનિ,
રાખી શકું મન હું સ્વસ્થ સદાય શાંત,
તારું ધરું સ્મરણ અંતરમાંહિ નિત્યે,
હું વિશ્વપ્રેમ જગવું, ધૃતિ સર્વ હૈયે
તારા અહો ચરણપદ્મની ભક્તિ કાજે.

સ્વામી શિવાનંદ

# પ્રકીર્ણ નોંધ

## જૈન શ્વે. કૉન્ફરન્સ ઉદ્યોગગૃહ અને બંધારણની ૩૨મી કલમનો અક્ષમ્ય દુરૂપયોગ

મુંબઈ ખાતેનું જૈન શ્વે. કૉન્ફરન્સ ઉદ્યોગગૃહ અનેક બહેનોને તેમ જ ભાઈઓને રોજી અથવા ટૂંકી આવક કરાવનારી સંસ્થા તરીકે બહુ જાણીતું છે. એ સંસ્થા તરફથી આશરે દોઢ વર્ષ પહેલાં બહાર પડેલા રીપોર્ટના આધારે આ ઉદ્યોગગૃહ કેવી રીતે અસ્તિત્વમાં આવ્યું અને તેનું કાર્ય ઉત્તરોત્તર કેમ વિકસતું ગયું તેનો ખ્યાલ તા. ૧૬-૫-૬૪ ના 'પ્રબુદ્ધ જીવન' માં પ્રગટ થએલી એક નોંધ દ્વારા આપવામાં આવ્યો હતો. તેમાં આ ઉદ્યોગગૃહે સાધેલી અસાધારણ પ્રગતિ અનેક કાર્યકર્તાઓના સહકારનું પ્રશંસાપાત્ર પરિણામ છે એમ જણાવવામાં આવેલું અને સાથેસાથે તે પ્રગતિનો મુખ્ય યશ જેમણે ઉદ્યોગગૃહના પ્રારંભથી તેને આગળ વધારવામાં પોતાના સમય તથા શક્તિનો પાર વિનાનો ભોગ આપ્યો હતો તેવાં શ્રી લીલાવતીબહેન દેવીદાસસના ફાળે જાય છે એમ પણ જણાવવામાં આવ્યું હતું. લગભગ તે સમયથી જ ઉદ્યોગગૃહના મુખ્ય કાર્યકર્તાઓ વચ્ચે કમનસીબે અણબનાવની શરૂઆત થઈ હતી. સમય જતાં આ વધતા જતા વિખવાદના પરિણામે ઉદ્યોગગૃહની કાર્યવાહીને ઘણો ધક્કો લાગ્યો છે. ઉદ્યોગગૃહ તરફથી રેડીમેડ શીલાઈ ખાતું ઉઘાડવા માટે શ્રી રસિકલાલ પ્રભાશંકર તરફથી આજથી બે વર્ષ પહેલાં રૂા. ૨૧૦૦૦ નું દાન આપવામાં આવેલું. તે ખાતું એક વર્ષ ચલાવીને બંધ કરવામાં આવ્યું છે. પાપડના લુવા રોજના ૧૦૦૦૦ વણાતા, ૧૦૦ કીલો ઘઉંના આટાના ખાખરા તૈયાર કરવામાં આવતા, રોજનો વકરો રૂા. ૧૦૦૦થી ૧૧૦૦નો થતો, માસિક સરેરાશ રૂા. ૨૨૦૦ થી ૨૩૦૦ નો વધારો રહેતો અને ૩૦૦ થી ૩૫૦ બહેનો કામ કરતી, તે બધામાં આજે લગભગ ૫૦ ટકા જેટલી ઓટ આવી છે. સંસ્થામાં કામ કરનારા માણસો છાશવારે બદલાતા જાય છે અને ઉદ્યોગગૃહની જે એક વખત રોનક હતી તેમાં ઝાંખપ આવતી જાય છે. કાર્યકર્તાઓમાં જ્યારે વિખવાદ પેદા થાય અને અધિકારીઓમાં ફેરબદલી થવા માંડે ત્યારે આ બધું બને તે સ્વાભાવિક છે. આ બધું ખરેખર શોચનીય અને વિચારણીય છે. પણ અહિં જે મુદ્દો હું ચર્ચવા માંગું છું તે તો જે લીલાવતીબહેન આ ઉદ્યોગગૃહના પ્રાણરૂપ ગણાતા હતા તેમને સંસ્થામાંથી કેવી ખોટી રીતે તદ્દન અલગ કરવામાં આવ્યા છે તેને લગતો છે.

આ ઉદ્યોગગૃહના મુખ્ય કાર્યકર્તાઓમાં શ્રી લીલાવતીબહેન દેવીદાસ જેઓ સંસ્થાના વર્ષોથી મંત્રી હતા તે ઉપરાંત નીચેનાં નામો ગણાવી શકાય. થાણાવાસી શ્રી રતિલાલ ઉજમશી શાહ જેઓ ઉદ્યોગગૃહના વર્ષોથી પ્રમુખ છે, શ્રી શાન્તિલાલ મગનલાલ શાહ જેઓ વર્ષોથી મંત્રી હતા, શ્રી મહીપતરાય જાદવજી શાહ જેઓ આજે મંત્રી છે, શ્રી હીરાલાલ જૂઠાભાઈ શાહ, શ્રી જસુમતીબહેન કાપડિયા અને શ્રી રજનીકાન્ત વરધીલાલ પરીખ જે ત્રણે વ્યક્તિઓ કાર્યવાહક સમિતિના સભ્યો છે. આ ઉપરાંત શેઠ શ્રી કાન્તિલાલ ઈશ્વરલાલ જેઓ કાર્યવાહક સમિતિના સભ્ય છે અને જેમને મુરબ્બી સમાન ગણીને અન્ય કાર્યકર્તાઓ તેમની સલાહપૂર્વક સંસ્થાનો વહીવટ ચલાવે છે.

ઉપર જણાવ્યું તે મુજબ ઉદ્યોગગૃહના કાર્યકર્તાઓ વચ્ચેનો મનમેળ તુટતો ગયો અને ખાસ કરીને સંસ્થાના પ્રમુખ શ્રી. રતિભાઈ અને લીલાવતીબહેન વચ્ચે અણબનાવ વધતો ગયો. આ બન્ને વચ્ચે મેળ ઊભો કરવા માટે જૈન મહિલાસમાજના પ્રમુખ શ્રી તારાબહેન માણેકલાલ પ્રેમચંદના નિવાસસ્થાને આ બન્નેને અલગ અલગ લઈ જઈને તેમ જ આ બન્નેને એકઠા કરીને મેં ઠીક ઠીક પ્રયત્ન કરેલો, પણ કમનસીબે ધાર્યો મેળ ઊભો કરી શકાયો નહિ, એટલું જ નહિ પણ, સાથે મળીને ઉદ્યોગગૃહનું કામ કરવાનું બન્ને માટે મુશ્કેલ બની ગયું. સમય જતાં નવા બંધારણ અનુસાર કરવામાં આવેલી ચૂંટણીમાં જુના બન્ને મંત્રીઓ જેમાંના એક શ્રી લીલાવતીબહેન હતાં તેમને મંત્રી તરીકે ચૂંટવામાં ન આવ્યા. વધતી જતી ખટપટના પરિણામે થોડા સમય પહેલા શ્રી હીરાલાલ જૂઠાભાઈ શાહે અને શ્રી જસુમતીબહેન કાપડિયાએ રાજીનામું આપ્યું. આ રાજીનામા અંગે નિર્ણય કરવા માટે એપ્રિલ માસના પહેલા અઠવાડિયા દરમિયાન કાર્યવાહક સમિતિની જે સભા બોલાવવામાં આવી હતી તે સભાનું, લીલાવતીબહેન કાર્યવાહક સમિતિના સભ્ય હોવા છતાં, તેમને નિમંત્રણ મોકલવામાં ન આવ્યું. આ સભામાં પોતાનું નિમંત્રણ મોકલવામાં આવ્યું નથી એ વિષે પૂછવામાં આવતાં ઉદ્યોગગૃહના પ્રમુખ શ્રી રતિભાઈએ શ્રી લીલાવતીબહેનને જણાવ્યું કે, તાજેતરમાં માર્ચ માસની આખર તારીખે પૂરા થયેલા સંસ્થાના વર્ષ દરમિયાન તેમનું લવાજમ ભરાયું નહિ હોવાથી તેમને નવા બંધારણ અનુસાર સંસ્થાના સભ્ય તરીકે રદ ગણવામાં આવ્યા છે." સંસ્થાની કાર્યવાહક સમિતિની એ જ સભામાં શ્રી હીરાલાલ જૂઠાભાઈ શાહ અને શ્રી જસુમતીબહેન કાપડિયાનાં રાજીનામાં, સાધારણ રીતે બને છે તે મુજબ પાછા ખેંચી લેવાની તેમને વિનંતિ કરવાને બદલે, તત્કાળ સ્વીકારી લેવામાં આવ્યાં. કાર્યકર્તાઓ વચ્ચે ચાલી રહેલા અને વધતા જતા ધર્ષણની આ ઘટનાઓ દ્યોતક છે.

હવે શ્રી લીલાવતીબહેનને સંસ્થાના સભ્ય તરીકે બંધારણ અનુસાર રદ થયાનું પ્રમુખશ્રી તરફથી જે જણાવવામાં આવ્યું તે બંધારણ અંગેની શું સ્થિતિ છે તેનો આપણે વિચાર કરીએ. ઉદ્યોગગૃહમાં ચાલતા ક્લેશને લગતી વિગતો, તેનો ઉકેલ શોધવામાં અમે મદદરૂપ થઈએ એવા આશયથી, એક બાજુએ શ્રી લીલાવતીબહેન તરફથી તેમ જ બીજી બાજુએ શ્રી રતિલાલ ઊજમશી શાહ તથા શ્રી મહીપતરાય જાદવજી તરફથી શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ તથા મારી સમક્ષ એકાદ વર્ષ પહેલાં રજૂ કરવામાં આવી. અમે તેમનું જૂનું બંધારણ માંગ્યું, જોયું અને બહુ જ અવ્યવસ્થિત લાગ્યું, તેથી અમોએ આખું બંધારણ નવેસરથી ઘડવાની, તે મુજબ બને તેટલા નવા સભ્યો ઉમેરવાની અને તદનુસાર નવી ચૂંટણી કરવાની તેમને અમે સૂચના કરી. નવું બંધારણ ઘડવાનું કામ મારા માથે આવ્યું. મેં તે ઘડી આપ્યું અને તે બહુ થોડા ફેરફાર સાથે તેમની કમિટીએ મંજૂર કર્યું.

આ બંધારણની ૩૨ મી કલમ મારા મૂળ મુત્સદ્દા મુજબ નીચે પ્રમાણે હતી :-

૩૨. કોઈ સભ્ય સભ્યપદ ઉપરથી ક્યા સંયોગોમાં રદ થવાને પાત્ર ગણાશે?

(૧) જે સભ્યનું વાર્ષિક લવાજમ તે વરસની આખર સુધી નહિ ભરાયું હોય.

(૨) કાર્યવાહક સમિતિને કોઈ પણ સભ્યની વર્તણુક સંસ્થાના હિતની વિરુદ્ધ જણાશે તો તેવી વ્યકિતને કાર્યવાહક સમિતિ તે સભામાં હાજર રહેલા ૨/૩ સભ્યોની બહુમતીથી તે સભ્યને સભ્યપદેથી રદ કરી શકશે અને આ માટે કારણ જણાવવાનું કાર્યવાહક સમિતિને બંધનકર્તા રહેશે નહિ.

આવો નિયમ અમારા મુંબઈ જૈન યુવક સંઘના બંધારણમાં છે અને અન્ય સંસ્થાઓમાં પણ સંસ્થાના હિતની દૃષ્ટિએ આ પ્રકારનો નિયમ મોટા ભાગે હોય જ છે. પણ કોઈ પણ સભ્યનું લવાજમ વખતસર ન ભરાયાને લગતો નિયમ તેની ઉપર એકાએક લાગુ પાડવામાં આવતો નથી. આવા કીસ્સાઓ જ્યારે ઊભા થાય

ત્યારે તેનો કાર્યવાહક સમિતિ પુરી ગંભીરતાથી વિચાર કરે છે અને તેવા સભ્યને લવાજમ ભરી જવા માટે બેત્રણ વાર યાદ આપવામાં આવે છે અને એમ છતાં પણ જેનું વાર્ષિક લવાજમ ભરવામાં ન જ આવે તેવા સભ્યને નિરૂપાયે કાર્યવાહક સમિતિ રદ કરે છે.

શ્રી લીલાવતીબહેનનું લવાજમ ૧૯૬૫ના માર્ચની આખર સુધીમાં ભરાયું નહોતું અને પછીના અઠવાડિયામાં જ ઉદ્યોગગૃહની કાર્યવાહક સમિતિની સભા બોલાવવામાં આવે છે, અને તેમાં, લીલાવતીબહેન ઉદ્યોગગૃહના સભ્ય તરીકે રદ થઈ ચૂક્યા છે એમ સ્વીકારીને તેમને નિમંત્રણ મોકલવામાં આવ્યું નથી એમ સંસ્થાના પ્રમુખ તેમને જણાવે છે, અને તેમની સાથે ચર્ચા કરતાં તેઓ પોતાના બચાવમાં સંસ્થાના ટાઈપ કરેલા બંધારણના ૩૨મા નિયમનું પૂર્વવાક્ય નીચેના શબ્દોમાં હોવાનું રજૂ કરે છે:–

**"કોઈ સભ્યને સભ્યપદ ઉપરથી કયા સંયોગોમાં રદ થયાને પાત્ર ગણાશે ?"**

જ્યારે મારા મૂળ લખી આપેલા બંધારણના પ્રસ્તુત નિયમનું પૂર્વવાક્ય નીચે મુજબનું હતું:–

**"કોઈ સભ્ય સભ્યપદ ઉપરથી કયા સંયોગોમાં રદ થવાને પાત્ર ગણાશે ?"**

આ બન્ને વાક્યોમાં રહેલો શબ્દોનો તફાવત ખાસ ધ્યાનમાં લેવા જેવો છે. એકમાં 'સભ્યને' શબ્દ છે, જ્યારે બીજામાં 'સભ્ય' શબ્દ છે. એકમાં 'થયાને પાત્ર' છે, જ્યારે બીજામાં 'થવાને પાત્ર છે.' વ્યાકરણની રીતે વિચારતાં 'સભ્યને' ખોટું જ છે; વાક્યના કર્તા તરીકે 'સભ્ય' શબ્દ જ ત્યાં હોવો જોઈએ. આવી જ રીતે અન્ય બંધારણોમાં હોય છે તેમ અહિં પણ 'રદ થયાને પાત્ર' નહિ પણ 'રદ થવાને પાત્ર' જ હોવું જોઈએ. આ બન્ને ભૂલો નકલો ઉતારનાર ટાઈપ કરનારની ગફલતનું પરિણામ છે. મૂળ સાથે નકલને સરખાવી હોત તો આવી ભૂલ રહેવા પામત નહિ. આમ છતાં આ ભૂલભરેલી કલમને પ્રમાણભૂત ગણીને સંસ્થાના પ્રમુખશ્રીએ સંસ્થાનું વર્ષ પૂરું થવા દરમિયાન લવાજમ નહિ ભરવાના કારણે શ્રી લીલાવતીબહેનને સંસ્થાના સભ્ય તરીકે રદબાતલ ગણી નાખ્યા છે. પ્રસ્તુત નિયમના પૂર્વવાક્યના શબ્દો, ઉદ્યોગગૃહના પ્રમુખ સૂચવે છે તે મુજબના હોય તો પણ, સંસ્થાના પ્રમુખને કોઈ પણ સભ્યને સંસ્થામાંથી રદબાતલ ગણી લેવાનો અને તે મુજબ વર્તવાનો અધિકાર હોઈ ન શકે. આવું કોઈ પણ પગલું ભરતાં પહેલાં, સાધારણ સભ્યતાની દૃષ્ટિએ અપેક્ષિત હતું કે, તેમણે કાર્યવાહક સમિતિ આગળ લીલાવતીબહેનની બાબત રીતસર રજૂ કરવી જોઈતી હતી અને કાર્યવાહક સમિતિ જે નિર્ણય લે તે મુજબ તેનો અમલ કરવો જોઈતો હતો. અને આ બાબત કોઈ એક સાધારણ વ્યક્તિને લગતી નહોતી. જેમની સાથે વર્ષો સુધી બેસીને પોતે ઉદ્યોગગૃહને વિકસાવ્યું છે અને જેમની એક સામાજિક કાર્યકર્તા તરીકે જૈન સમાજમાં ઘણી મોટી પ્રતિષ્ઠા છે એવાં લીલાવતીબહેનને લગતી આ બાબત છે. લીલાવતીબહેનને સંસ્થામાંથી સદાને માટે દૂર કેમ કરી શકાય તેની જાણે કે રાહ જોવાતી હોય અને વખતસર લવાજમ ન ભરાયાની તક સામે દેખાણી કે ઝડપી લેવામાં આવી હોય એવું કઢંગુ આ વર્તન દેખાય છે. કાર્યકર્તાઓ વચ્ચેની અંગત અથડામણ કઈ હદ સુધી જાય છે એનું આ એક સૂચક દૃષ્ટાન્ત છે. એક પ્રતિષ્ઠાપાત્ર સભ્ય સામે બંધારણનો આથી વધારે મોટો દુરૂપયોગ કલ્પી શકાતો નથી.

આ પ્રકરણ આ રીતે અહિં રજૂ કરતાં હું બહુ દુ:ખ અનુભવું છું, કારણ કે આ પ્રકરણમાં સંડોવાયેલ પ્રત્યેક વ્યકિત સાથે મારો અંગત સ્નેહસંબંધ છે. લીલાવતીબહેન સામે લેવાયેલ આ પગલાના અનૌચિત્ય તરફ શ્રી કાન્તિલાલ ઈશ્વરલાલને જાતે મળીને મેં ધ્યાન ખેંચ્યું હતું. ત્યાર બાદ સંસ્થાના મંત્રી તથા પ્રમુખશ્રીનું પણ મેં આ બાબત તરફ ધ્યાન ખેંચ્યું હતું, પણ ભૂલ સુધારી લેવા માટે કોઈ જરા પણ ગતિમાન થવા ઈચ્છતું નથી એમ સ્પષ્ટપણે લાગવાથી આ બાબત જાહેર જનતા સમક્ષ રજુ કરવાનું મને જરૂરી લાગ્યું છે. આશા રાખું છું કે જે સમાજ સાથે આ ઉદ્યોગગૃહને સીધો સંબંધ છે તે જૈન સમાજના અગ્રેસરો શ્રી લીલાવતી બહેનને કરવામાં આવેલા આ અન્યાયભર્યા અપમાનનું પરિમાર્જન કરવા તત્પર થશે, એટલું જ નહિ પણ, કેવળ મનસ્વીપણે ચાલી રહેલા ઉદ્યોગગૃહના વહીવટને વ્યવસ્થિત આકાર આપીને સમાજોપયોગી આ સંસ્થાને વધારે ને વધારે જર્જરિત થતી અટકાવશે.

## ભાષા અંગે કૉંગ્રેસ કારોબારીનો ઠરાવ

કૉંગ્રેસની કારોબારીમાં લાંબી ચર્ચા વિચારણાના પરિણામે તા. ૨-૬-૬૫ના રોજ દેશની ભાષાનીતિ અંગે નીચે મુજબની ભૂમિકા આથવા તો પાયો સૂચવતો ઠરાવ નક્કી કરવામાં આવેલ છે :–

"૧. પ્રજાશિક્ષણ અંગે વિચારવામાં આવેલી પ્રાદેશિક ભાષા, અંગ્રેજી અને હિંદી (અને જ્યાં હિંદી પ્રાદેશિક ભાષા હોય ત્યાં ભારતની ૧૪ મુખ્ય ભાષાઓમાંની કોઈ પણ એક ભાષા) - આવી ત્રિભાષી યોજના પોતાના શૈક્ષણિક અભ્યાસક્રમમાં દાખલ કરવાનું, યુનિવર્સિટીની કક્ષા સુધી તેને વિસ્તારવાનું અને તેને કડક રીતે લાગુ પાડવાનું દરેક રાજ્ય માટે ફરજિયાત બનશે.

૨. યુનિયન પબલીક સર્વીસીઝ કમીશન (યુ. પી. એસ. સી.) ની પરીક્ષાઓ અંગ્રેજીમાં, હિંદીમાં અને બંધારણના આઠમા શીડ્યુલમાં જણાવવામાં આવેલી બીજી રાષ્ટ્રીય ભાષાઓમાં લેવામાં આવશે. આ પ્રબંધને જેમ બને તેમ જલ્દિથી–expeditiously–અમલી બનાવવા માટે સર્વ પ્રકારનાં પગલાં હાથ ધરવામાં આવશે.

૩. યુ. પી. એસ. સી. ની પરીક્ષાઓમાં હિંદી તથા અંગ્રેજીમાં ફરજિયાત પ્રશ્નપત્રો મૂકવામાં આવશે અને જે ઉમેદવારનું યુ. પી. એસ. સી. ની પરીક્ષાઓ માટે હિંદી માધ્યમ હશે તેના માટે શિડ્યુલમાંની કોઈ પણ એક ભાષાનો પ્રશ્નપત્ર મૂકવામાં આવશે.

૪. ઉપરના હેતુઓ બર લાવવા માટે:–

(ક) દરેક રાજ્યની પ્રાદેશિક ભાષા જેમ બને તેમ જલ્દિથી રાજ્યવહીવટનું માધ્યમ બનશે તેમ જ યુનિવર્સિટીનું પણ શિક્ષણમાધ્યમ બનશે.

(ખ) હિંદી શિખવવાનું ધોરણ શાળાકક્ષાના શિક્ષણમાં તેમ જ યુનિવર્સિટી કક્ષાના શિક્ષણમાં ઉત્તરોત્તર વધારે ને વધારે ઊંચું બનાવવામાં આવશે.

(ગ) અંગ્રેજી, જેણે અતિ મહત્ત્વનો ભાગ ભજવવાનો છે એવી એક ભાષા તરીકે શિખવવાનું ચાલુ રાખવામાં આવશે.

૫. કેન્દ્રની સરકારની નક્કર વહીવટી ભાષા બની શકે અને આખા દેશ માટે કડીભાષા બની શકે તે માટે હિંદીના વિકાસ માટે અને તેના વધતા જતા ઉપયોગ માટે એક શ્રેણીબદ્ધ કાર્યક્રમ તૈયાર કરવામાં આવશે તેમ જ તેનો તત્કાલ અમલ કરવામાં આવશે.

૬. બીજી રાષ્ટ્રીય ભાષાઓના વિકાસ માટે પણ ચોક્કસ કાર્યક્રમ તૈયાર કરવામાં તેમ જ તેનો અમલ કરવામાં આવશે."

કૉંગ્રેસકારોબારીના આ ઠરાવને તેમાં જરૂરી સુધારા વધારા કરીને એક ખરડાનું રૂપ આપવામાં આવશે અને પાર્લામેન્ટની આગામી બેઠકમાં કેન્દ્ર સરકાર તરફથી તેને એક બીલના આકારમાં રજુ કરવામાં આવશે. દેશની એકતા અને સુલેહશાંતિને ડોળી નાખનારા ભાષાના પ્રશ્ન અંગેનો ઉપરનો ઠરાવ રાજ્યના મુખ્ય પ્રધાનોને દિલ્હીમાં એકઠા કરીને તેમ જ તેમની સાથે સારા પ્રમાણમાં ચર્ચા-મસલત કર્યા પછી કરવામાં આવ્યો છે. જો કે આ ઠરાવ સાથે સંબંધ ધરાવતી અનેક મહત્ત્વની બાબતો હજુ સ્પષ્ટ કરવાની બાકી રહે છે.

તો પણ હવે આ પ્રશ્ન અંગે જે કાંઈ કાનૂની જોગવાઈ કરવામાં આવશે તે ઉપર આપેલા ઠરાવના ઢાંચામાં રહીને કરવામાં આવશે.

કૉંગ્રેસની કારોબારી એટલે ડાહ્યા અને અનુભવી દેશનેતાઓની મંડળી. દેશની નાડ તેઓ સમજે છે એટલું બીજા ઓછું સમજે છે એમ આપણે કહી શકીએ. વળી રાજ્યના બધા મુખ્ય પ્રધાનોએ આ ઠરાવને અનુમતિ આપી છે એટલે આ ઠરાવનું વજન ઘણું વધી જાય છે. આમ છતાં પણ આ ઠરાવમાં રહેલી બે મુખ્ય બાબતો (૧) યુનિયન પબ્લિક સર્વીસીઝ કમિશનની પરીક્ષાઓ અંગ્રેજી તથા હિંદી ઉપરાંત પ્રાદેશિક ભાષાઓમાં લેવાશે. (૨) યુનિવર્સિટીનું શિક્ષણ વહેલામાં વહેલી તકે પ્રાદેશિક ભાષાઓમાં આપવામાં આવશે—આ બન્ને બાબતોના અમલમાં પારવિનાનાં ભયસ્થાનો રહેલાં છે એ તરફ દેશના વિચારક વર્ગનું ધ્યાન ખેંચવાનું અનિવાર્ય થઈ પડે છે. યુનિયન પબ્લીક સર્વિસીઝની યોજના અખિલ ભારતીય ધોરણે કરવા—વિચારવામાં આવી છે, અને તે દ્વારા રાજ્યોને તેમ જ કેન્દ્ર સરકારને ઉચ્ચ કોટિના રાજ્યાધિકારીઓ પૂરા પાડવા એ તે યોજના પાછળ હેતુ રહેલો છે. એ પરીક્ષાનું માધ્યમ આજ સુધી અંગ્રેજી રહ્યું છે. સમયની માગ પ્રમાણે તે માધ્યમ અંગ્રેજી અથવા હિંદી બને તેમાં કશું જોખમ નથી. કારણ કે તેમ કરતાં તે પરીક્ષાનું ધોરણ એક સરખું જાળવી રાખવામાં કોઈ અગવડ કે અડચણ આવવા સંભવ નથી. પણ તેનું સ્થાન દેશની પ્રાદેશિક ભાષાઓ લે તે સાથે આવી ઉચ્ચ કક્ષાની પરીક્ષાનું ધોરણ એક સરખું જાળવવાનું શક્ય જ નહિ રહે, એટલું જ નહિ પણ, તે પરીક્ષામાં પ્રાન્તવાદ દાખલ થશે, રાજ્યે રાજ્યે ટકાવારી દાખલ કરવાનું અનિવાર્ય બનશે, પરિણામે પરીક્ષાનું અખિલ ભારતીયત્વ નષ્ટ થશે અને અધિકારીઓનો એક રાજ્યમાંથી અન્ય રાજ્યમાં આજે ચાલી રહેલો વિનિમય વધારે ને વધારે મુશ્કેલ બનતો જશે અને દેશને વિભાજિત કરતું એક નવું અનિષ્ટ ઊભું થશે. યુનિવર્સિટીના શિક્ષણમાં માધ્યમ તરીકે પ્રાદેશિક ભાષાને દાખલ કરવા જતાં તત્કાળ તો પાઠ્ય પુસ્તકોના અભાવનો સામનો કરવો પડશે, ઉચ્ચ શિક્ષણની એકવાક્યતા જેની રક્ષા અંગ્રેજી અથવા તો હિંદી માધ્યમ દ્વારા જ શક્ય છે તે નષ્ટ પામશે, અધ્યાપકો તેમ જ વિદ્યાર્થીઓના વિનિમયને કોઈ અવકાશ જ નહિ રહે અને આજે ગુજરાતના વિદ્યાર્થીની જે દશા થઈ રહી છે—નહિ ઘરનો અને નહિ ઘાટનો—આવી ક્રમબદ્ધતી રાજ્ય રાજ્યના વિદ્યાર્થીઓની પેદા થવાનો સંભવ છે. આ રીતે કૉંગ્રેસ કારોબારીએ દેશ સમક્ષ રજૂ કરેલો ઠરાવ ભારે ચિન્તા કરાવે તેવો છે અને પુનઃ પુનઃ વિચારણા અને સંશોધનની અપેક્ષા રાખે છે.

## મહેમદાવાદના કૉંગ્રેસી મીલનની ફલશ્રુતિ

ગયા મે માસની તા. ૨૬ તથા ૨૭મીએ બે દિવસ દરમિયાન મહેમદાવાદ ખાતે ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિની કારોબારી અને સામાન્ય સભાની બેઠકો મળી ગઈ. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં કૉંગ્રેસને મળેલા સખ્ત પરાજય અંગે ઊભી થયેલી પરિસ્થિતિનો વિચાર કરવા માટે આ બેઠકમાં ગુજરાતના અગ્રણી કૉંગ્રેસી કાર્યકર્તાઓ એકઠા થયા હતા. ગુજરાતના સર્વોચ્ચ નેતા શ્રી મોરારજી દેસાઈએ આ બધી બેઠકોમાં હાજરી આપી હતી તેમ જ હવે શું કરવું, કેમ આગળ વધવું તે અંગે માર્ગદર્શન પણ આપ્યું હતું. આ સંમેલનનો આશય ગુજરાત કૉંગ્રેસમાં ઊભી થયેલી જૂથબંધી કેમ દૂર કરવી અને અદર અંદર તૂટતી જતી એકતાને ફરીથી કેમ સાંધવી અને વહીવટી તંત્રને કેમ વધારે કાર્યક્ષમ બનાવવું તે અંગે વિચાર કરવાનો અને પરસ્પર એકદિલી સાધીને મક્કમ પગલાંઓનો નિરધાર કરવાનો હતો. આ બેઠકો દરમિયાન તીખાં તમતમતાં અને ફીક્કા મોળાં એવાં ભાતભાતનાં પ્રવચનો થયાં, સામસામે આક્ષેપો અને પ્રતિઆક્ષેપો થયા અને આજની ભારતની વિકટ પરિસ્થિતિમાં સમાજવાદી સમાજરચનાના આદર્શ સાથે કૉંગ્રેસ સંગઠનને કાર્યસાધક અને અસરકારક બનાવવાના લક્ષપૂર્વક દશ કલમનો એક લાંબો ઠરાવ પણ કરવામાં આવ્યો. આ પ્રસંગે શ્રી મોરારજીભાઈએ ઘણા મુદ્દાઓને સ્પર્શતું અને અમુક પ્રકારની નિખાલસતા દાખવતું પ્રવચન પણ કર્યું. તેમના ઉપર આરોપાતી કિન્નાખોરીનો તેમણે સદન્તર ઈન્કાર કર્યો અને તેમના કોઈ પગલામાં કિન્નાખોરી હોવાનું કોઈ પુરવાર કરે તો તેનું પ્રાયશ્ચિત કરવા પોતે તૈયારી દાખવી. આ બેઠકોની વિગતો તે દિવસોના સામયિકોમાં પ્રગટ થઈ ચૂકી છે. મહેમદાવાદની આ બેઠકોનો આશય ભૂતકાળના વેરઝેર ભૂલી જઈને કૉંગ્રેસીઓ વચ્ચે એકદિલી સ્થાપવાનો હતો અને તે અંગે કરવામાં આવેલા ઠરાવ પાછળ પણ એ જ ભાવના રહેલી છે. આમ છતાં પણ આવો કોઈ હેતુ નક્કર પ્રમાણમાં સધાયો હોય એમ ગુજરાતનું વાતાવરણ જોતાં લાગતું નથી. મોરારજીભાઈના પ્રવચનનો ઝોક "મારામાં નથી કોઈ કિન્નાખોરી, મેં નથી કોઈ જૂથબંધીને ઉત્તેજન આપ્યું. કિન્નાખોરી હોય તો તમારામાંના કોઈકમાં છે; જૂથબંધીનાં તત્ત્વો હો તો તે પણ તમારામાંના કોઈકમાં પડેલાં છે. હું સર્વથા શુદ્ધ છું; ત્રુટી, અશુદ્ધિ તમારી છે." આવો કોઈ અર્થ તારવે તો તે તદ્દન ખોટો છે એમ કહી ન શકાય. જ્યારે કોઈ પણ સંસ્થાના તંત્રમાં વિકૃતિ પેસે છે, મતભેદો ઊભા થાય છે, કિન્નાખોરી દાખવતી ઘટનાઓ બનવા પામે છે, અને જૂથબંધી પ્રવેશ પામે છે ત્યારે આવી અનિષ્ટ પરિસ્થિતિના નિર્માણમાં સંસ્થાના અંગભૂત સર્વ કોઈ સભ્યોની ઓછી વધતી સીધી યા આડકતરી જવાબદારી હોય જ છે, અને આવી પરિસ્થિતિ ઊભી કરવામાં સાથીઓએ જે ભાગ ભજવ્યો હોય છે તેની જવાબદારી નેતાને શિરે જ રહે છે. જો આ વિચારસરણી બરોબર હોય તો 'હું શુદ્ધ અને તમે અશુદ્ધ' આમ વિચારવાને બદલે, 'Holier than thou' એવું વલણ દાખવવાને બદલે, "આવો ભાઈઓ, આપણે બધા મનનો મેલ દૂર કરીને, દિલના હળવા બનીને, કર્તવ્યમાર્ગનું સંશોધન કરીએ. જે સંસ્થાએ આપણને આઝાદી અપાવી છે તે સંસ્થા આજે દિન પ્રતિદિન નબળી પડતી જાય છે. તે માટે આપણે સૌ એકસરખા જવાબદાર છીએ. તમારી નબળાઈ એ મારી નબળાઈ છે અને મારી નબળાઈ એ તમારી છે અને હું કે તમે કોઈ પણ માનવીસહજ એક યા બીજી નબળાઈથી મુકત નથી. આપણે ત્યાં જૂથબંધી દાખલ થઈ છે, કિન્નાખોરીનો આપણી ઉપર આક્ષેપ કરવામાં આવે છે. આ બાબતમાં એક યા બીજા સામે આંગળી કરવાને બદલે આનાં જે મૂળ હોય તે આપણે સાથે મળીને છેદી નાંખીએ. આપણે એક વખત કેવળ સેવાલક્ષી હતા. આઝાદી આવ્યા બાદ આપણે સત્તાલક્ષી બન્યા છીએ; ખડતલ જીવનના સ્થાને સુંવાળું જીવન આપણે અપનાવ્યું છે અને ત્યાગને બદલે આપણે ભોગ તરફ વળ્યા છીએ. આ બધી નબળાઈઓ આપણે ખંખેરી નાખીએ અને દેશની સેવામાં, રાષ્ટ્રના ઉદ્ધારકાર્યમાં આપણે બધાં એકાગ્ર બનીએ. જે કાંઈ ખોટું થયું છે તેનું આપણે બધા મળીને પ્રાયશ્ચિત કરીએ." આવી કોઈ અન્તરલક્ષી અને ઊર્ધ્વગામી ભૂમિકા ઊભી કરવામાં આવી હોત, જૈન પરિભાષામાં કહું તો અન્તર્મુખતાપૂર્વકનું આવું કોઈ સાંવત્સરિક પ્રતિક્રમણ વિચારાયું હોત, એકમેકના દોષ માટે ખરા દિલથી ક્ષમાભાવની આપલે થઈ હોત તો જુદી જ પરિસ્થિતિ સરજાઈ હોત અને કલેશનાં બધાં વાદળો વિખરાઈ ગયા હોત અને કૉંગ્રેસ માટે ઉજળા અને આશાસ્પદ ભાવીનું નિર્માણ થયું હોત. પણ હજુ આ અન્તર્મુખતાનું દર્શન થતું નથી. અહંતા અને તોછડાઈ વડે ગુજરાતનું રાજકારણ દૂષિત બની રહ્યું છે. આમ જનતાને રાજકારણી નેતાઓમાં આત્મીયતાનો અનુભવ થતો નથી. ગાંધી એક વાસ્તવિકતા મટીને દૂર દૂરના ભૂતકાળમાં અગોચર થતા જાય છે. જ્યાં વર્તમાન આવું હોય ત્યાં ભાવી ચિન્તાજનક બને એ સ્વાભાવિક છે.

પરમાનંદ

# અમર સંદેશ

(પંડિત જવાહરલાલ નહેરુની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે ગુરુવાર, તા. ૨૭-૫-૬૫ને દિને વિલેપારલે ખાતે, સરલા સર્જન સભાખંડમાં, શ્રી ઉછરંગરાય ન. ઢેબરના અધ્યક્ષપદ નીચે યોજાયેલી સર્વપક્ષીય જાહેર સભામાં અર્પિત કરેલ અંજલિ-લેખ)

હું પંચતત્ત્વનું પૂતળું છું,
ને 'અમૃતસ્ય પુત્ર' પણ છું.
અમરધામની યાત્રાને ટાણે,
હું મારાં પંચતત્ત્વોનું વિસર્જન કરીશ:
ને ત્યારે તમે અશ્રુ ઢાળશો મા,
કે શોકથી વિહ્વલ બનશો મા.
મારે કાજે રોશો મા,
કે મારા પર પુષ્પની અંજલિઓ ઢોળશો મા;
મારા દેહ સમીપ દીપ પ્રગટાવશો મા,
કે ધૂપદાની ધરશો મા:
મારી અસ્થિયાત્રા કાઢશો મા,
કે મારો જયધ્વનિ કરશો મા:
મારા વિલય બાદ મારી પ્રતિમાની પૂજા કરશો નહીં,
કે મારી મૂર્તિઓ બનાવી
આરતી ઉતારશો નહીં:
સભાગૃહોમાં એકત્ર થઈ મારી પ્રશસ્તિ રચશો મા;
કે મંદિર, મસ્જિદ કે ગિરજાઘરમાં
મારા આત્માની શાંતિ અને સાન્ત્વના કાજે
પ્રાર્થના પણ કરશો મા:
કારણ, મારી યાત્રા તે જ મારી પ્રાર્થના હતી.
હંસની પાંખોનો અવિરત ઉડ્ડયન પ્રયાસ
તે જ મારી શાંતિ હતી.
ધરતીના કણ કણ સાથેનું મારું આલિંગન
અને માનવોના મન મન સાથેનું મારું સ્પંદન
તે જ મારી સાન્ત્વના હતી.
અમરલોકના દેવોનો દૂત બની
હું મર્ત્યલોકમાં ઊતર્યો હતો.
અને આજે, મર્ત્યલોકનો પૂર્ણ માનવ બની,
હું દેવલોક તરફ ચાલી નીસર્યો છું.
પ્રત્યેક મર્ત્ય અંશમાં અમર્ત્યતાની
ઊંડી ઝંખના અને અભીપ્સા નિહિત છે.
મારી અમરતા અને શાશ્વતતા,
તે તો મારાં સૂક્ષ્મ ચિંતન અને દર્શન છે:
હું મરીને જીવવા ચાહું છું:
પરંતુ તે મારાં ચિત્રો, મૂર્તિઓ, સ્તૂપો કે
સ્મારકો દ્વારા નહીં:
તમારા પ્રસ્તાવો, પ્રશસ્તિઓ કે કવિતાદ્વારા પણ નહીં.
મરીને કે અદશ્ય થઈને પણ
હું તમને છોડવા ઈચ્છતો નથી.
હું તો તમારી સમસ્ત સૃષ્ટિમાં
ઓતપ્રોત થઈ જવા ચાહું છું.
તમને વળગીને જ રહેવા માગું છું.
અને તમારા આત્મહંસોની ધવલ પાંખોની
ગતિ થવા ઝંખું છું:
મારી સિદ્ધિઓનાં શિખરો પર,
કે ભૂલોની ભૂલભૂલામણીમાં,
તમે અટવાશો નહીં.
અને કદિ તમે અટવાઓ તો,
મારા વિચારોના વાયુમંડલમાં અટવાજો:
હું તો કેવલ મારા અણવ્યક્ત વિચારો દ્વારા,
અમૂર્ત શબ્દોદ્વારા અને અસ્પષ્ટ ભાવના દ્વારા જ
અમર અને અક્ષરજીવન ચાહું છું.

શિલાલેખો કે સ્મરણસ્તૂપો પર નહીં,
કિંતુ તમારા હૃદયની ધમણીમાં, તમારી નસનસમાં
અને તમારા પ્રત્યેક રક્તબિંદુ દ્વારા
ભવિષ્યમાં જન્મનાર નૂતન પેઢીઓમાં
અવતીર્ણ થવા તલસું છું:

અને તેથી,

તમે મને અમર કરવા ચાહો તો,
અને કિંચિત સત્કારવા યે ચાહો તો,

અને કદિ મને પોતીકો બનાવવા ઈચ્છો તો,

મારા વિચાર, ચિંતન, મનન, દર્શન,
સ્વપ્ન અને કલ્પન દ્વારા જ
મને અમર કરજો!

રતુભાઈ દેસાઈ

# અવનિ-અમૃત

(ઑલ ઈન્ડિયા રેડિયો-અમદાવાદના સૌજન્યથી)

(છંદ-વસંતતિલકા)

શું દેવના મુગટના સહુ રત્ન ખૂટ્યાં
કે લઈ ગયા અમ 'જવાહર' લાડીલાને?
સ્વર્ગે ગયા, પણ તમારું લિખું ઠરે ત્યાં?
કે મૃત્યુ બાદ રટતા અહીં જન્મ લેવા?

કંગાલ કો પીડિતની ભણી મીટ માંડતી
આંખો સહે ઝળકતી ત્યહિં સ્વર્ગ-શોભા?
દેવાંગનાનું સુરિલું ગીત સાંભળો કે
કો આર્ત આહ્ સુણીને તલસો ધરાને?

આ દેશ માત્ર નહિ, વિશ્વ બધું ય વ્હાલું-
વ્હાલું હતું, પણ ઘડિક મહિં વિસારી
સર્વે દઈ અગમ પંથ લઈ લીધો શેં?
શું આ પથે કંઈ નવું સત લાધવાનું?

શું દેશ - વિશ્વ નહિ કેવળ, કિન્તુ દેવે
સર્જેલ સૌ - જનમ - મૃત્યુ પ્રદેશ - એયે
સૌ ચાહવા
કોઈ વિશાળતમ પ્રેમપથે વળ્યા છો?

જ્યોતિ હતા, અવ થયા રખિયા છતાંયે
ના તેજ આપનું જરી પણ ઝંખવાયું!
રાતું ગુલાબ ખરતું ગયું તોય એની
મીઠી સુવાસ - લહરી કદી ના વિલાઈ!

જે જીંદગી અવિરત શ્રમથી સીંચાઈ
એના તપે મરણને નવજન્મ દીધો!
રે મૃત્યુ થાય બડભાગી ગ્રહી તમોને
પામ્યું સ્વયમ્ અવનિ-અમૃત શું અમૂલ્ય!

ગીતા પરીખ

## ભૂલ-સુધાર

પ્રબુદ્ધ જીવનના ગયા અંકમાં 'સવાર' એ મથાળા નીચેના કાવ્યની ૧૪મી પંક્તિ 'નિત્ય ધરતી અવતાર' છે તેના સ્થાને 'નિત્ય ધરા ધરતી અવતાર' એમ વાંચવું.

# ❋ સુકી ધરતીનાં મીઠાં સ્મરણો–૭ ❋

રવિવાર, તા. ૧૪–૨–૬૫

## મુંદરા

અમારા નિયત કાર્યક્રમ મુજબ હવે અમારે બપોરના ભોજન માટે ભુજપુર રોકાવાનું હતું, રસ્તામાં મુંદરા આવવું હતું, પણ ત્યાં રોકાવાનું અમારા કાર્યક્રમમાં નહોતું. આમ છતાં મુંદરા કચ્છનું એક બહુ જૂનું ગામ અને જાણીતું નગર છે, ત્યાં પણ ભવ્ય જિનમંદિરો છે. એટલે મુંદરા આવ્યું અને અમે બસ થોભાવી અને ત્યાંનાં મંદિરોનાં દર્શનાર્થે અમારી મંડળીએ મુંદરામાં પ્રવેશ કર્યો, એવામાં ત્યાંના આગેવાન જૈન ભાઈઓ મળ્યા અને તેમણે અમને હાર્દિક આવકાર આપ્યો. અહિંનું મુખ્ય મંદિર ભગવાન પાર્શ્વનાથનું છે. આ તેમ જ અન્ય મંદિરોનાં દર્શન કરી, તેનું ભવ્ય સ્થાપત્ય નિહાળી અમે ઊંડી પ્રસન્નતા અનુભવી.

મુંદરામાં એ સમયે કચ્છના પ્રાથમિક શિક્ષણને લગતી એક શિબિર ચાલતી હતી. તે શિબિરના આયોજકોને અમારા–ખાસ કરીને પરમાનંદભાઈના–આગમનની ખબર પડતાં, તેમને અમારા દામજીભાઈ સાથે તે ભાઈઓ તે શિબિરમાં લઈ ગયા. હું તેમની સાથે નહોતો ગયો પણ પરમાનંદભાઈ મારફત જાણ્યું કે, ત્યાંની તેમની અચાનક થયેલી ઉપસ્થિતિ અંગે શિબિરના પ્રમુખશ્રીએ ખૂબ આનંદ પ્રદર્શિત કર્યો અને તેમને એ પ્રસંગે કાંઈક બોલવાનો આગ્રહ થતાં પરમાનંદભાઈએ એ શિબિર અંગે ઉપસ્થિત થયેલાં અને પ્રાથમિક શિક્ષણ સાથે જોડાયલા કચ્છના શિક્ષક ભાઈઓ તથા બહેનોને આમ અચાનક મળવાનું બનતાં પોતાને થયેલો આનંદ વ્યકત કર્યો અને વિશેષમાં જણાવ્યું કે, "શિક્ષણ અને તેમાં પણ પ્રાથમિક શિક્ષણ મારા કોઈ અનુભવ કે અભ્યાસનો વિષય નથી. એમ છતાં આપણા દેશના ઉત્કર્ષ અને આબાદી સાથે પ્રજાશિક્ષણને સૌથી વધારે નિકટનો સંબંધ છે. અને એમાં પણ પ્રાથમિક શિક્ષણ એ તો પાયાનું શિક્ષણ છે. આજે ભાષા અને શિક્ષણ અંગે આપણા દેશમાં તરેહતરેહના મતભેદો પ્રવર્તે છે. આપણા ગુજરાતમાં અંગ્રેજી ભાષાનું શિક્ષણ આઠમા ધોરણથી શરૂ કરવું કે પાંચમાં ધોરણથી શરૂ કરવું એ મુદ્દો મોટા વિવાદનો વિષય બન્યો છે, પણ સદ્‌ભાગ્યે પ્રાથમિક શિક્ષણ અંગે આવો કોઈ ભાષાવિષયક મતભેદ નથી. તે તો બાળકની જે જન્મભાષા હોય અથવા તો પ્રાદેશિક ભાષા હોય તેમાં જ અપાવું જોઈએ એવો સર્વસ્વીકૃત વિચાર છે. આ પ્રાથમિક શિક્ષણ દ્વારા બાળકની કેળવણીનો પાયો નંખાય છે અને એ શિક્ષણનાં વર્ષો દરમિયાન જે બીજો વવાય છે, જે સંસ્કારોનું સીંચન કરવામાં આવે છે તેનો ભાવી જીવન ઘડવામાં અતિ મહત્ત્વનો ફાળો હોય છે. આ રીતે તમો શિક્ષક ભાઈબહેનોની જવાબદારી પ્રજાઘડતરની દૃષ્ટિએ ઘણી મોટી છે. આ જવાબદારીની ગંભીરતા તમે પુરા અર્થમાં સમજો અને તમારી નીચે આવતાં બાળકો ભવિષ્યમાં ઉત્તમ કોટિના નાગરિક બને એવી તેમને તાલીમ આપો, તેમનામાં એવા ઉદાત્ત સંસ્કારો સીંચો અને તેમને સતત પ્રાણદાયી બને એવી શિક્ષણદીક્ષા આપો એવી મારી તમને પ્રાર્થના છે."

આ રીતે પરમાનંદભાઈ પ્રાથમિક શિક્ષણ શિબિરમાં પાછળ રોકાયલા, પણ બાકીનાં ભાઈ-બહેનો તો બસમાં આરૂઢ થઈને ભુજપુર સાડાઅગિયાર વાગ્યા લગભગ પહોંચી ગયાં હતાં. અડધાએક કલાકમાં પાછળ રાખેલી મોટરમાં પરમાનંદભાઈ પણ અન્ય સાથીઓ સાથે ભુજપુર આવી પહોંચ્યા.

## ભુજપુર: પ્રજ્ઞાચક્ષુ પં. આણંદજીભાઈ

આ ભુજપુર, અમારા સંઘના હજુ ગયા વર્ષે પ્રમુખસ્થાનેથી નિવૃત્ત થયેલા અને મારા મુરબ્બી શ્રી ખીમજીભાઈ માડણ ભુજપુરીઆનું ગામ, એટલે કે તેઓ ત્યાંના મૂળ વતની અને મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોની કુટુંબ મંડળી ભુજપુર ગામ આવે એટલે ખીમજીભાઈના આનંદનો કોઈ પાર નહિ. તેમની નાદુરસ્ત તબિયતના કારણે તેઓ આ પ્રવાસમાં અમારી સાથે જોડાઈ શકેલા નહિ પણ તેમનું દિલ તો અમારી સાથે જ હતું. અહિંની ભોજનવ્યવસ્થા તેમના તરફથી કરવામાં આવી હતી.

ભુજપુર અમે પહોંચ્યા એટલે અહિંના જૈન ભાઈઓએ અને તેમના આગેવાન પ્રજ્ઞાચક્ષુ શ્રી આણંદજીભાઈએ અમારૂં ભાવભર્યું સ્વાગત કર્યું અને એક શાળાના મકાનમાં અમને ઉતાર્યા. ભોજન તૈયાર થવાને થોડી વાર હતી એટલે અહીંના આગેવાન ગૃહસ્થો સાથે પરિચય સાધવામાં અમે રોકાયા. વયોવૃદ્ધ શ્રી આણંદજીભાઈ આ બાજુના એક બહુ જૂના, જાણીતા અને એક અનુભવી કાર્યકર છે. ભદ્રેશ્વર તીર્થના તેઓ એક વહીવટદાર છે.–સામાજિક તેમ જ રાજકીય પ્રવૃત્તિઓમાં વર્ષોથી તેઓ સક્રિય રસ લઈ રહ્યા છે. પરમાનંદભાઈને પણ તેઓ પરોક્ષ રીતે ઠીક ઠીક જાણતા હતા. વર્ષો પહેલાં કદાચ તેઓ અમદાવાદ કે મુંબઈ બાજુએ તેમને મળેલા પણ ખરા. એટલે તેમની બન્ને વચ્ચે તો સમાન વયના નિકટ મિત્રો મળે એ રીતે ચર્ચાવાર્તા વહેતી થઈ. 'પ્રબુદ્ધ જીવન'નાં તેઓ ગ્રાહક હોઈને તેમાં પ્રગટ થયેલા વિવાદાસ્પદ પ્રશ્નો યાદ કરી કરીને પરમાનંદભાઈને તેઓ એક પછી એક પ્રશ્ન પૂછતા જાય અને પરમાનંદભાઈ તેનું વિવરણ કરતા જાય. ચર્ચા દરમિયાન આણંદજીભાઈએ જણાવ્યું કે, "હું પ્રબુદ્ધ જીવન નિયમિત રીતે વાચું છું. તમે થોડા સમય પહેલાં ઉપધાન વિષે લખ્યું હતું તે આમ તો બરાબર હતું, પણ ઉપધાનમાં એક દિવસ ઉપવાસ અને બીજે દિવસ બેસાણું એવો ક્રમ તમે જણાવ્યો હતો તે બરોબર નથી. બેસણાને બદલે એકાસણું જોઈએ." પરમાનંદભાઈએ પોતાની ભૂલ કબૂલ કરતાં તરત જ જણાવ્યું કે, "તમારી વાત બરોબર છે, એમ લખવામાં મારી ભુલ થઈ હતી." આમ તેમણે અનેક બાબતો ચર્ચી અને ભૂતકાળનાં અનેક સ્મરણોની આપલે કરી. આણંદજીભાઈ સાથે અમારો આમ તો પહેલો જ પરિચય હતો પણ પાછળથી તેમના પુરુષાર્થ અને પરાક્રમની અનેક વાતો સાંભળી અને તેમના પ્રાણવાન વ્યકિતત્વની અમને કાંઈક ઝાંખી થઈ. પંડિત સુખલાલજીની માફક તેમણે પણ નાનપણમાં જ આંખો ગુમાવેલી, પણ તેથી હતાશ ન થતાં પોતાનું ચિત્ત તેમણે ધાર્મિક અધ્યયન તરફ વાળ્યું અને જૈન ધર્મગ્રંથોની સારી જાણકારી તેમણે પ્રાપ્ત કરી. આને લીધે જ તેઓ 'પંડિત આણંદજી' ના નામથી જાણીતા છે. આમ છતાં તેમણે ધર્મશાસ્ત્રોના અધ્યયનથી સંતોષ માન્યો નથી. તેમની કુશાગ્ર બુદ્ધિએ અનેક વિષયોમાં રસ કેળવ્યો છે. સ્થાનિક જાહેર જીવનમાં તેઓ હંમેશા અગ્રસ્થાને રહ્યા છે. કૉંગ્રેસના રાજકારણથી પણ તેઓ સારી રીતે રંગાયલા છે. આંખે દેખતા નથી એમ છતાં ચોતરફ શું ચાલે છે તે તરફ તેમનું પૂરું ધ્યાન અને તકેદારી હોય છે. ખટપટની સામે ખટપટ ટકરાવી શકે તેવા એક તેઓ મુત્સદી હોવાનું મનાય છે. જેની સાથે તેમને સંબંધ હોય એવી સાર્વજનિક પ્રવૃત્તિઓમાં પોતાના ધાર્યા મુજબ જ થવું જોઈએ એવો આગ્રહ તેઓ સેવતા હોય છે. આ બધું તેમના પરિચિત મિત્રો દ્વારા અમારા જાણવામાં આવ્યું અને તેમના વ્યકિતત્વ વિષે અમારૂં દિલ આદર–સભર બન્યું.

આખરે ભોજન માટે સાદ પડયો અને બાજુએ આવેલી ધર્મશાળામાં અમે ગયા અને ભોજનસ્થાન ઉપર જમનારા સૌ પંકિતબંધ ગોઠવાઈ ગયા. આવા સામુદાયિક જમણમાં સાધારણ રીતે લાંબી પાટલી ઉપર વ્યકિતદીઠ એક મોટી થાળી અને પ્રવાહી દ્રવ્ય માટે એક બે વાડકા મૂકવાની પદ્ધતિ હોય છે, એને બદલે અહિં જમનાર

વ્યક્તિ દીઠ કાંસાની ત્રણ નાની થાળી અથવા તો કચોળામાં પીરસવાનો રીવાજ અમારા જોવામાં આવ્યો. અમારી મંડળીનાં ભાઈ-બહેનો અને એથી વધારે સંખ્યામાં ગામનાં ભાઈ-બહેનો–બધાંએ સાથે મળીને આનંદપૂર્વક શીરાપુરીનું ભોજન કર્યું. ભોજન બાદ થોડો સમય આરામ લેવાની ઈચ્છા તો થઈ પણ તે માટે સમય નહોતો. બપોરના બે વાગ્યા હતા, હવે પછીના રૂકાવટના સ્થળે, બીદડા અમારે ત્રણ વાગ્યે પહોંચવું જ જોઈએ, કારણ કે ત્યાંનો જૈન સમુદાય એ સમય આસપાસ અમને મળવાને એકઠો થવાનો હતો.

## બીદડા: અધ્યાત્મનિષ્ઠ શ્રી વેલજીભાઈ

આમ ભુજપુરથી સૌ ભાઈઓની રજા લઈ અમે ઉપડ્યા અને બીદડા ત્રણ વાગ્યા લગભગ પહોંચ્યા. બીદડામાં તાલુકા સરપંચ શ્રી કલ્યાણજીભાઈએ અમારા સંઘને આવકાર આપ્યો. અહિંના જૈન ઉપાશ્રયમાં ગામ તરફથી અમારું જાહેર સન્માન ગોઠવવામાં આવ્યું હતું ત્યાં અમારી મંડળીને લઈ જવામાં આવી, પણ અમે જ્યારે ભુજપુરથી આ બાજુ આવવા નીકળેલા ત્યારે આણંદજીભાઈએ બીદડામાં વસતા અધ્યાત્મલક્ષી શ્રી વેલજીભાઈને મળવાનું પરમાનંદભાઈને ખાસ કહેલું. એટલે પરમાનંદભાઈ, હું, દામજીભાઈ વગેરે ચાર પાંચ સાથીઓ સાથેની મોટરમાં બેસીને બીદડા ગામની એક બાજુએ જરા દૂર એકાન્તમાં આવેલા તેમના નિવાસસ્થાને પહોંચ્યા. અહીં અમે પ્રવેશ કર્યો અને વેલજીભાઈને ખબર આપી એટલે તેઓ એકદમ મેડી ઉપરથી નીચે આવ્યા અને પરમાનંદભાઈ સાથે હાથમાં હાથ મેળવીને તેમણે જણાવ્યું કે, "અક્ષરદેહથી તમારો મને લાંબા સમયથી પરિચય હતો, પણ પ્રત્યક્ષ પરિચય નહોતો તે આજે થયો અને તેથી હું ખૂબ આનંદ અનુભવું છું." આવા તેમના ઉમળકાભર્યા આવકારથી પ્રભાવિત બનીને અમે તેમના અભ્યાસખંડમાં દાખલ થયા અને એકમેકની નજીક ખુરશી ઉપર ગોઠવાયા. આ અભ્યાસખંડમાં વ્યવસ્થિત રીતે રાખવામાં આવેલી ચોપડીઓના કબાટો ચોતરફ નજરે પડતા હતા, અને 'Blessed are the pure in heart,' 'One in All–All in One' એવાં સૂત્રો પણ લટકાવેલાં નજરે પડતાં હતાં. વેલજીભાઈની આજે ૬૫ વર્ષની ઉમ્મર છે અને કેટલાંક સમયથી નિવૃત્તિ સ્વીકારીને અહિં સ્વાધ્યાયમાં તેઓ પોતાનો સમય પસાર કરે છે. પોતાના નિવાસસ્થાનને તેમણે એક આશ્રામનું રૂપ આપ્યું છે અને તેથી જ આ સ્થળ 'સાધનાશ્રામ'ના નામથી ઓળખાય છે. શ્રી વેલજીભાઈએ યુવાવસ્થામાં કચ્છના રાવના જુલ્મ અને આપખુદી સામે સારી ઝુંબેશ ચલાવેલી અને પ્રજાજનોને જાગૃત કરવામાં, તેમને ઉન્નતિના માર્ગે લઈ જવામાં પોતાની શકિતનો સારો ભોગ આપેલો. ધીમે ધીમે તેઓ તત્ત્વસાહિત્ય તરફ વળતા ગયા. ખાસ કરીને શ્રી અરવિંદના તત્ત્વજ્ઞાન વિષે તેમનામાં ઊંડી અભિરુચિ પેદા થઈ અને શ્રી અરવિંદે ચીંધેલા માર્ગે તેમણે સારો આત્મવિકાસ સાધ્યો. તેમણે પોંડીચેરી ખાતે આવેલા અરવિંદ આશ્રામમાં પણ ઠીક સમય ગાળેલો. આમ તેમની સાધના અને ચિન્તન ઉપર શ્રી અરવિંદના તત્ત્વજ્ઞાનની ખૂબ જ અસર પડી છે. પણ આજે તેમનું વાંચન મનન કેવળ અરવિંદ સાહિત્ય કે તેમના તત્ત્વદર્શનથી સીમિત નથી. તેમના આ આશ્રામમાં તેમણે પૌર્વાત્ય તેમ જ પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનના વિષયને લગતું અતિ સમૃદ્ધ પુસ્તકાલય વસાવ્યું છે અને તત્ત્વરુચિ ધરાવતા સાધકો–અલબત્ત મર્યાદિત સંખ્યામાં–તેમની સાથે રહે છે, રહી શકે છે. તેમને મળતાં અને તેમની સાથે વાર્તાલાપ કરતાં અમે બધાંએ ખૂબ જ પ્રસન્નતા અનુભવી. કચ્છના આ ખુણે સાંસારિક બધી ઉપાધિઓ અને આળપંપાળથી મુકત બનીને આવો એક ચિન્તક રહે છે અને જ્ઞાનોપાસના સાથે આત્મસાધના કરે છે એ જોઈ જાણીને અમે ભારે વિસ્મય અનુભવ્યું. તેમનો અભ્યાસ તો ત્રણ અંગ્રેજી સુધીનો છે, પણ સતત વાંચન તેમ જ જ્ઞાનોપાસના દ્વારા તેમણે અંગ્રેજી ભાષા ઉપર સારું પ્રભુત્વ મેળવ્યું છે. આ આશ્રામમાં આજે સાત આઠ ભાઈ–બહેનો રહે છે. ધ્યાન, પ્રાર્થના, અભ્યાસ, જ્ઞાનચર્ચા–એ જ અહિંની મુખ્ય પ્રવૃત્તિ છે. બહારની દુનિયાની વાતોથી અહિંનું શાન્ત વાતાવરણ ક્ષુબ્ધ ન બને તેથી, તેમના કહેવા મુજબ, અહીં સમાચારપત્રો પણ મંગાવવામાં આવતાં નથી.

વેલજીભાઈ સાથે અમે અડધોએક કલાક ગાળ્યો. તેમને મળતાં અને તેમના આશ્રામનું વાતાવરણ અનુભવતાં અમને બે ઘડિ એમ થયું કે, આજ અહિં જ રહી જઈએ અને સાંજ તથા રાત્રી તેમની સાથે તત્ત્વચર્ચામાં માણીએ. પણ એમ મનસ્વીપણે વર્તવાનું અમારા માટે શકય નહોતું. ઉપાશ્રયમાં ગામલોકો–સંખ્યાબંધ ભાઈ બહેનો–અમારી રાહ જોઈને બેઠા હતા. એટલે અહિં વધારે ખોટી થવાનું અમારા માટે શકય જ નહોતું. પરિણામે વેલજીભાઈ સાથેની વાતો અધૂરી રાખીને અમે તેમની રજા લીધી અને ત્યાંથી રવાના થયા. વેલજીભાઈએ અમને–ખાસ કરીને પરમાનંદભાઈને–જ્યારે પણ મન થાય ત્યારે તેમની સાથે આશ્રામમાં એકાદ અઠવાડિયું ગાળવા આમંત્રણ આપ્યું અને એ આમંત્રણનો– "જ્યારે પણ હવે ફરીથી કચ્છ આવવાનું બનશે ત્યારે આપની સાથે થોડો સમય ગાળવાનો નિરધાર કરીને આવીશ–" એમ જણાવીને પરમાનંદભાઈએ સાભાર સ્વીકાર કર્યો.

## શ્રી પરમાનંદભાઈનું પ્રાસંગિક પ્રવચન

અમે મારતી મોટરે ઉપાશ્રયમાં પહોંચ્યા. ઉપાશ્રયનો આખો ખંડ ગામલોકોથી– મોટા ભાગે જૈન ભાઈબહેનો અને બાળકોથી–ચીકાર ભરાઈ ગયો હતો. એક ખુણે જૈન શ્વે. મૂ. સંપ્રદાયના મુનિશ્રી પાટ ઉપર બીરાજ્યા હતા. મધ્યભાગમાં અમે જ્યાં બેઠાં હતા ત્યાં એક બાજુએ શ્વે. મૂ. સંપ્રદાયની પાંચ સાત સાધ્વીઓ અમને કુતુહલપૂર્વક નિહાળતી પોતપોતાના આસન ઉપર બેઠી હતી. અમે તો આ માનવમંડળી જોઈને ચકિત જ થઈ ગયા. અમારા પ્રવાસ દરમિયાન અમારું સ્વાગત કરવા માટે આટલી મોટી માનવમંડળી આજ સુધી અન્યત્ર અમે જોઈ ન હતી. આ મંડળીમાંના આગેવાન તાલુકા સરપંચ શ્રી કલ્યાણજીભાઈએ અમારું મધુર શબ્દોમાં સ્વાગત કર્યું અને શ્રી પરમાનંદભાઈનો ટૂંકો પરિચય રજુ કર્યો. શ્રી પરમાનંદભાઈએ અમારી પ્રવાસી મંડળીનું આવું ભવ્ય સ્વાગત કરવા બદલ બીદડાવાસી ભાઈ બહેનોનો ખૂબ ખૂબ આભાર માન્યો, મુંબઈ જૈન યુવક સંઘની વિવિધ પ્રવૃત્તિઓનો ટૂંકાણમાં ખ્યાલ આપ્યો, અને આગળ ચાલતાં જણાવ્યું કે, "ભદ્રેશ્વર તીર્થમાં એક દિવસ અને બે રાત ગાળીને, અમે આ બાજુ આવ્યા છીએ. એટલે અમારું દિલ ભદ્રેશ્વરની ભવ્યતાનાં સ્મરણોથી ભરેલું છે અને આંખો સામે હજુ ભદ્રેશ્વર જ દેખાયા કરે છે. એટલે અહિં આ પ્રસંગે ભદ્રેશ્વર અંગે મારા મનમાં ઉઠતા વિચારો અથવા તો તરંગો રજુ કરવાની મનમાં ઈચ્છા થઈ આવે છે. આ ભદ્રેશ્વર તીર્થ આપણા જૈન પૂર્વજોએ આપણને આપેલો કેવો અમૂલ્ય વારસો છે? તેમણે આપણા માટે કેવું ભવ્ય સ્થાન નિર્માણ કર્યું છે કે જ્યાં આવીને અને બે પાંચ દિવસ રહીને ચાલુ જીવનની આધિ વ્યાધિ અને ઉપાધિ આપણે ભૂલી જઈ શકીએ અને ચાલુ વ્યવસાયી જીવનમાં જે દુર્લભ છે એવો શુદ્ધ નિર્મળ આનંદ અને મનની સ્વસ્થતા પ્રાપ્ત કરી શકીએ? ભદ્રેશ્વરના મંદિરમાં મેં ઠીક ઠીક સમય પસાર કર્યો અને એક પ્રકારનો સતત આનંદરોમાંચ અનુભવ્યો, તેના એક ખૂણેથી બીજે ખૂણે એમ ચારે બાજુએથી એ મંદિર મેં બારીકાઈથી નિહાળ્યું. જાણે કે કોઈ ઊંડી ગુફામાં પ્રવેશ કરતા હોઈએ એમ એક કમાનની પાછળ બીજી અને તેની પાછળ ત્રીજી કમાન અને તે પાછળ ચોથી કમાન અને દૂરદૂર મૂળ–નાયક મહાવીર સ્વામીની ભાવવાહી મૂર્તિનાં આપણને દર્શન થાય–એવું ગૂઢતાભર્યું તેનું પ્રવેશનિર્માણ છે. રાત્રીના સમયે કે જ્યારે ખૂણેખૂણે પ્રગટાવેલા હાંડીના દીવાના આછા અને સ્થિર–અસ્થિર પ્રકાશમાં ભમતીની અને રંગમંડપની ફરસબંધી ચમકયા કરતી હોય છે અને આસપાસ જે કાંઈ હોય તેને પ્રતિબિંબિત કરતી હોય છે ત્યારે આ ગૂઢતાની આપણા મન ઉપર કોઈ જુદી જ છાપ પડે છે. જાણે કે કોઈ ગંધર્વલોકની દુનિયામાં વિચરતા હોઈએ એવો ભાવ આપણા મન ઉપર ઊઠે છે.

"આપણને આપણા જૈન પૂર્વજો તરફથી મળેલા વારસામાં આવાં અનેક તીર્થોનો સમાવેશ થાય છે અને પ્રત્યેક સ્થળ અપૂર્વ શાન્તિ

અને સૌન્દર્યનું ધામ છે. મેં આપણાં લગભગ બધાં જ તીર્થો જોયાં છે, જાણ્યા છે અને માણ્યા છે, અને તેની ભવ્યતાથી મારૂં દિલ હંમેશા ખૂબ પ્રભાવિત રહ્યું છે. આપણા આ વારસાનું ગૌરવ બરાબર સમજીએ અને તેને સુરક્ષિત રાખવાની આપણી જવાબદારી પણ સ્વીકારીએ. આ તીર્થો આમ જૈનોનાં જ છે એમ માનવાનું કોઈ કારણ નથી. એ તો સાર્વજનિક ધર્મક્ષેત્રો છે અને તેનો લાભ સૌ કોઈ લઈ શકે છે. જૈન મંદિરોનાં–જૈન તીર્થોનાં–દ્વાર સૌ કોઈના માટે ખુલ્લાં હોય છે અને જીવનમાં ધાર્મિક સ્થિરતા–આધ્યાત્મિક પ્રેરણા મેળવવા માટે આ તીર્થો ઉપર જૈન જૈનેતર અનેક લોકો યાત્રાએ આવે જાય છે અને જીવનની ધન્યતા અનુભવે છે.

"વ્યાપક ચિન્તન તરફ ઢળતા જતા મારા દિલ ઉપર, આ રીતે, એક જૈન તરીકેની અસ્મિતા આરૂઢ થઈ અને જૈન ધર્મના પ્રવર્ત્તક ભગવાન મહાવીર અને તેના અનુગામી સાધુ સન્તો, ધર્મશાસ્ત્રોના રચયિતા ધર્માચાર્યો, અનેક ભવ્ય જૈનો મંદિરો અને તીર્થોના નિર્માતા ભદ્રપુરુષો, અનેકાન્ત–વિશિષ્ટ એવી જૈન વિચારસરણી અને તે સાથે જોડાયલી અહિંસા, સંયમ અને તપથી સંકલિત એવી જીવન્ત જીવનપરંપરા–આ સર્વનું મારા ઉપર કેટલું ઋણ છે, મને ઘડવામાં આ બધાનો કેટલો મોટો ફાળો છે–આ વિચારે મારા ચિત્તને આવરી લીધું અને એક જૈન તરીકેની મેં ધન્યતા અનુભવી. આમ ભદ્રેશ્વરતીર્થની યાત્રા કરતાં મેં અનુભવેલું સંવેદન આપની સમક્ષ આ રીતે રજૂ કરતાં મનનું હળવાપણું અને ચિત્તની પ્રસન્નતા અનુભવું છું. આમ હૃદયના ભાવપૂર્વક એકઠા થયેલા તમો ભાઈ-બહેનોનાં–સામે બેઠેલા મુનિશ્રી અને બાજુએ બેઠેલા સાધ્વીગણનાં–દર્શનથી હું એક પ્રકારની કૃતાર્થતા અનુભવું છું."

આ પ્રસંગે અમારામાંના શ્રી તનસુખભાઈએ તથા મેં પણ પ્રસંગોચિત બે શબ્દો કહ્યા અને સભા વિસર્જિત થઈ અને પછી બાજુએ અમારા માટે ચાપાણી તથા વિપુલ નાસ્તાની વ્યવસ્થા હતી તેને ન્યાય આપીને અમે બીદડાની વિદાય લીધી અને અમારી બસ માંડવી તરફ હંકારી મુકી.

અપૂર્ણ **ચીમનલાલ જેઠાલાલ શાહ**

## આચાર્ય રજનીશજીનો મુંબઈનો કાર્યક્રમ

ભારતના વિખ્યાત દાર્શનિક આચાર્ય શ્રી રજનીશજીનો મુંબઈનો આગામી કાર્યક્રમ નીચેની વિગતે યોજવામાં આવેલ છે, તેમાં સમિત્ર-પરિવાર હાજરી આપવા નિમંત્રણ છે.

શુક્રવાર તા. ૧૮ સવારે ૮-૩૦: ભારતીય વિદ્યાભવન, વેદાંત સત્સંગ મંડળના ઉપક્રમે જાહેર પ્રવચન. પ્રમુખ શ્રી ટી. એસ. ભારદે, અધ્યક્ષ વિધાનસભા.

શનિવાર તા. ૧૯ સવારે ૮-૩૦: પ્રેમકૂટિર, ૧૭૭, મરીનડ્રાઈવ, નરીમાન પોઈન્ટ. વેદાંત સત્સંગ મંડળના ઉપક્રમે ધ્યાન-સાધના અંગે પ્રવચનો.

શનિવાર તા. ૧૯ સાંજના ૪-૦૦: સરદાર વલ્લભભાઈ પટેલ સભાગૃહ, કૉંગ્રેસ હાઉસ, ડી વોર્ડ કૉંગ્રેસ મહિલા વિભાગના ઉપક્રમે બહેનોની જાહેર સભામાં પ્રવચન.

શનિવાર તા. ૧૯ રાત્રે ૮-૩૦: અહિંસા હોલ, ૧૪-એ રસ્તો ખાર, પંજાબ જૈન ભ્રાત્રી સભાના ઉપક્રમે જાહેર પ્રવચન.

રવિવાર તા ૨૦ સવારે ૯-૦૦: સુંદરબાઈ હોલ, ક્વીન્સ રોડ, જીવનજાગૃતિ કેન્દ્રના ઉપક્રમે જાહેર પ્રવચન, પ્રમુખ: શ્રી ઉછરંગરાય ઢેબર, અધ્યક્ષ ખાદી કમિશન.

ફોન: કેર/ જીવનજાગૃતિ કેન્દ્ર
૨૨૩૩૧ ૫૦૧, કાલબાદેવી રોડ, મુંબઈ-૨

આચાર્ય રજનીશજીનાં પ્રગટ થયેલાં પુસ્તકો (૧) 'સાધના પથ' - હિંદી - ગુજરાતી (૨) 'ક્રાન્તિબીજ' - હિંદી. ઉપર જણાવેલ સભાસ્થાનો અથવા જીવનજાગૃતિ કેન્દ્રના કાર્યાલય પરથી મળી શકશે.

# સંઘ સમાચાર

## નવા જે. પી. સભ્યોનું સંઘ તરફથી યોજાયેલું સન્માન સંમેલન

ગયા મે માસમાં પ્રગટ થયેલી જે. પી. ને લગતી મુંબઈ સરકારની યાદીમાં સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય શ્રી દામજીભાઈ વેલજી શાહ તથા સંઘના સભ્ય શ્રી ધીરુભાઈ ગુલાબચંદ કાપડિયાના શુભ નામ જાહેર કરવામાં આવ્યાં છે. તે બન્ને સભ્યોનું અભિનન્દન કરવા માટે તા. ૧૯-૬-૬૫ શનિવારના રોજ સાંજના ૬-૧૫ વાગ્યે મસ્જીદ બંદર રોડ ઉપર આવેલ ધી ગ્રેઈન રાઈસ એન્ડ ઓઈલ સીડ્ઝ મરચન્ટસ એસોસીએશનના હોલમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી સન્માન સંમેલન યોજવામાં આવ્યું છે. આ પ્રસંગમાં ભાગ લેવા સંઘના સર્વ સભ્યોને હાર્દિક નિમંત્રણ આપવામાં આવે છે.

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા ચાલુ જૂન માસની ૨૬ મી તારીખ શનિવારે સાંજના પાંચ વાગ્યે સંઘના કાર્યાલયમાં મળશે, જે વખતે નીચે મુજબ કાર્ય હાથ ધરવામાં આવશે:–

(૧) ગત વર્ષનો સંઘનો વૃત્તાંત તથા સંઘ તેમ જ વાચનાલય અને પુસ્તકાલયના ઓડીટ થયેલા હિસાબોને મંજૂરી આપવી.

(૨) નવા વર્ષનું અંદાજપત્ર મંજૂર કરવું.

(૩) સંઘના અધિકારીઓ તેમ જ કાર્યવાહક સમિતિના ૧૧ સભ્યોની ચૂંટણી કરવી.

(૪) સંઘ તથા વાચનાલય અને પુસ્તકાલયના ઓડીટરોની નીમણુંક કરવી.

વાર્ષિક સભાના ઉપર જણાવેલા સમયે વખતસર ઉપસ્થિત થવા સર્વે સભ્યોને વિનંતિ છે.

## વાર્ષિક લવાજમ અંગે નમ્ર વિજ્ઞપ્તિ

સંઘનું વર્ષ હવે જાન્યુઆરીથી ડિસેંબર સુધીનું રાખવામાં આવેલ છે એટલે સને ૧૯૬૫ના ચાલુ વર્ષનાં લવાજમો શક્ય તેટલાં વહેલાં મોકલી આપવા દરેક સભ્યને વિનંતિ કરવામાં આવે છે. મોટા ભાગના સભ્યો ચાલુ વર્ષનું લવાજમ વર્ષના ઉત્તરાર્ધમાં લગભગ વર્ષાન્તે ભરતાં હોય છે અને એ કારણે વર્ષ પૂરું થયા પછી પણ ઘણા મોટા ભાગના સભ્યોનાં લવાજમો બાકી રહી જાય છે.

ચાલુ વર્ષના પાંચ માસ પસાર થઈ ગયા હોવા છતાં હજુ મોટા ભાગના સભ્યોનાં લવાજમો બાકી છે. અવારનવાર યાદીઓ મોકલવા છતાં આમ બને છે અને છેવટે બાકી લવાજમોવાળા સભ્યોને ગુમાવવા પડે છે અને તેમના લવાજમો નહિ આવવાથી એટલી આર્થિક ખોટ પણ સંઘને સહન કરવી પડે છે.

તો ઉપરની હકીકત ધ્યાનમાં રાખીને આ વર્ષે, વર્ષની શરૂઆતમાં જ, જે સભ્યોનું લવાજમ હજી સુધી ન ભરાયું હોય તેમને પોતાનું લવાજમ સત્વર મોકલી આપવા આગ્રહપૂર્વક વિનંતિ કરવામાં આવે છે. **રમણીકલાલ મણિલાલ શાહ**
**ચીમનલાલ જેઠાલાલ શાહ**
મંત્રીઓ

## ભૂલ-સુધાર

પ્રબુદ્ધ જીવનનો ગયા અંકનો 'પયગંબર જરથુસ્ત્ર' એ મથાળાનો લેખ 'મંગળ પ્રભાત'માંથી ઉદ્‌ધૃત કર્યો હોવાનું જણાવવું ભુલથી રહી ગયું છે.

તંત્રી: 'પ્રબુદ્ધ જીવન'

માલક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩, મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ. ફોર્ટ. મુંબઈ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૭ : અંક ૫

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, જુલાઇ ૧, ૧૯૬૫, ગુરૂવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૨૦ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

## ☆ ભારતીયોની તાર્કિકતા ☆

(શ્રી મુંબઈ જૈન યુવક સંઘ આયોજિત ગયા વર્ષની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં ડૉ. એસ્તેર સોલોમને આપેલા સંશોધનાત્મક અને વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાનના ત્રણ વિભાગ કરીને પહેલો વિભાગ નીચે આપવામાં આવ્યો છે. તર્કવિજ્ઞાન સાથે સંકળાયલા આ વ્યાખ્યાનમાં જ્યાં ત્યાં તર્કશાસ્ત્રના પારિભાષિક શબ્દો આવે છે. તર્કશાસ્ત્રની પરિભાષાથી અનભિજ્ઞ વાચકોને આ વ્યાખ્યાન સમજવું થોડું મુશ્કેલ પડશે. એમ છતાં ધીરજપૂર્વક આ વ્યાખ્યાનનું પુનઃ પુનઃ પાઠન કરવાથી વાચક આ વ્યાખ્યાનનું હાર્દ જરૂર પકડી શકશે અને જાણે કે પોતાને નવો પ્રકાશ પ્રાપ્ત થયો હોય એવા આનંદની અનુભૂતિ પ્રાપ્ત કરશે. પરમાનંદ)

સં ગચ્છધ્વં સં વદધ્વં સં વો મનાંસિ જાનતામ્। ઋગ્વેદ ૧૦–૧૯૧–૨

દુનિયાની બે પ્રજાએ ચર્ચા, સંવાદ, સંભાષા પ્રત્યે ખાસ વલણ બતાવ્યું છે-- ગ્રીક પ્રજા અને ભારતીય પ્રજા. ગ્રીક લોકોના નબીરાઓને કેળવવા અને તેમને વક્તૃત્વ–કળા શીખવવા શિક્ષકો રાખવામાં આવતા–આ રીતે Sophists વક્તૃત્વના શિક્ષકો તરીકે આગળ આવ્યા. પણ ચર્ચા કરતાં શીખતાં શીખવતાં અમુક પ્રશ્નોની ચર્ચા કરવી પડે, અમુક નિયમો સ્વીકારવા પડે, એમ કરતાં કેટલાક તાત્ત્વિક મુદ્દા સ્પષ્ટ બનતા જાય. Sophistsમાંથી સોક્રેટીસ ઉદ્‌ભવ્યા અને ન્યાયની વ્યવસ્થિત શરૂઆત થઈ. પ્લેટોના સંવાદો–Dialogues; વાદ કે સંવાદના ઉત્તમ નમૂના છે. આપણે જોઈશું કે ભારતીયો પણ તર્કમાં પાછા પડે તેવા નહોતા, એમેય કોઈ પણ પ્રજામાં બુદ્ધિશાળી વર્ગ સાંભળેલી કે વાંચેલી વાતો સ્વીકારી લેવા તૈયાર હોતો નથી અને ભારતીયો તેમાં અપવાદરૂપ નથી, પછી ભલે એવી માન્યતા હોય કે ભારતના લોકો મૂળથી અંધશ્રદ્ધાળુ છે. પાણીમાં અગ્નિની શક્યતાની વાત હોય કે પરમાત્માના અસ્તિત્વની–માણસ તેને વિષે તપાસ કરવા, તર્કથી વિચાર કરવા પ્રેરાય છે. પ્રાચીન કાળથી જ ભારતીય પ્રજાએ દેવોના સ્વરૂપની કે યજ્ઞવિધિના ક્રમની કે શબ્દના સ્વરૂપની અને અર્થની કે આત્મા કે પરમાત્માના અસ્તિત્વ વિષે કે પુનર્જન્મ વિષે ચર્ચા-વિચારણા કર્યા જ કરી છે. સત્યાન્વેષણની આ તાલાવેલી અને જગત્‌ના તત્ત્વોની વ્યવસ્થા કરવાની ઝંખના વેદનાં સૂક્તોમાં સ્પષ્ટ દેખાય છે, અને જાતજાતના પ્રશ્નો, કોયડા અને કથનોનું રૂપ લેતી જણાય છે. જગત્‌ની ઉત્પત્તિ વિષે પણ વેદકાળના લોકો પ્રશ્ન કરતા થઈ ગયા હતા. જગતની ઉત્પત્તિ ક્યારે અને કેવી રીતે થઈ? જગતનો સૃષ્ટા કોણ ? વગેરે પ્રશ્નો વારંવાર પૂછવામાં આવે છે. આમાંથી એકેશ્વરવાદ (પુરુષ વગેરેની કલ્પનામાં) અને અદ્વૈત વિચારોનો ઉદ્‌ભવ થતો પણ દેખાય છે. નાસદીય સૂક્તમાં કવિ કે ઋષિ જગત્‌ની ઉત્પત્તિ વિષે મીમાંસા કરે છે. જગતને ઉત્પન્ન કરનાર પરમ તત્ત્વને માટે કોઈ વ્યાવહારિક ભાષાપ્રયોગ શક્ય લાગતો નથી, કારણ કે તે સત્‌ અને અસત્‌થી પર છે; છતાં કોઈ તત્ત્વ તો છે જ જે શ્વાસ લે છે પણ પ્રાણની મદદથી નહીં, વગેરે. આમ કવિ જગદુત્પત્તિની પ્રક્રિયા સમજાવવાનો પ્રયત્ન કરે છે. પછી તેને વિચાર આવે છે કે જગત્‌ની ઉત્પત્તિ વિષે કોને માહિતી હોઈ શકે? કદાચ દેવોને હોય કે પછી તેમને પણ નહીં, કારણ કે તે લોકો પણ પાછળથી જન્મ્યા. જગત્‌ની ઉત્પત્તિ થઈ છે ખરી કે પછી થઈ જ નથી? અજ્ઞેયવાદ Agnosticisun નાં બીજ આ સૂક્તમાં જોઈ શકાય છે. તે યુગમાં જે ચર્ચા–વિચારણા ચાલતી હશે તેનો થોડો અંશ વેદનાં સૂક્તોમાં જળવાઈ રહ્યો છે, છતાં જે પ્રકારે આ ચિંતનોની રજુઆત થઈ છે તેમાં તર્ક કે દલીલને અવકાશ નથી. એટલે આ ચિંતકો કેવી રીતે પોતાના નિર્ણય ઉપર પહોંચ્યા તેનો ખ્યાલ આવતો નથી.

બીજી બાજુએ બ્રાહ્મણ ગ્રંથો વૈદક સૂક્તો અને વિધિઓ ઉપર ભાષ્ય રૂપે છે. તેમાં બધું જ સમજાવવાનો પ્રયત્ન છે–શબ્દનો અર્થ અને અમુક છંદમાં અમુક સંખ્યામાં અક્ષર શા માટે છે વગેરે. નૈતિક નિયમો અને યજ્ઞવિધાનની પ્રશંસાર્થે કથાઓ આપેલી છે, કલ્યાણ અંગિરસ્‌ ખોટું બોલ્યો અને તેણે પોતાની મૂળ અવસ્થા ગુમાવી. તે કોઢિયો બની ગયો (તાણ્ડ્ય મહાબ્રાહ્મણ ૧૨-૧૧). અહીં અસત્યવચન અને મૂળ અવસ્થા ગુમાવવી–તે બે વચ્ચે સંબંધ જોડવાનો પ્રયત્ન છે. તે જ રીતે શિશુ આંગિરસે પોતાનાં વડીલોને પુત્રકાઃ તરીકે ઉદ્દેશ્યા અને તેથી તે લોકો ચીઢાઈ ગયા. પણ દેવોએ એવો ચુકાદો આપ્યો કે જે મંત્રકૃત છે તે પિતા છે (તાણ્ડ્ય મહાબ્રાહ્મણ ૧૩. ૩.). આ બધામાં એક પ્રકારનો તર્ક છે જે એ જમાનાના લોકોને સંતોષ આપી શકતો અને જેમાંનો કેટલોક તો હજુ પણ સ્વીકાર્ય છે (દા. ત. ગૌરવ અને મહત્તાનો આધાર વય પર નહીં પણ ગુણ પર છે.) ધાર્મિક ક્રિયાઓમાં પત્નીની જરૂર સમજાવતાં કહ્યું છે "અર્ધો હ વા એષઃ આત્મનો યજ્જાયા। તસ્માદ્યાવજ્જાયાં ન વિન્દતે નૈવ તાવત્ પ્રજાયતે ઽસર્વો હિ તાવદ્ ભવત્યથ યદૈવ જાયાં વિન્દતે ઽપ્રજાયતે તર્હિ હિ સર્વો ભવતિ।" –શતપથ બ્રાહ્મણ ૫. ૨. ૧. ૧૦ (પત્ની પુરુષનો અર્ધો ભાગ છે, જ્યાં સુધી પુરુષ પરણે નહીં અને પુત્રને જન્મ આપે નહીં ત્યાં સુધી એ અર્ધો હોય છે, પરણે અને પુત્રનો પિતા બને પછી જ તે પૂર્ણ બને છે) જાતજાતના પ્રશ્નોનો ઉકેલ બ્રાહ્મણ ગ્રંથોમાં દલીલો આપીને કરવામાં આવ્યો છે, દા. ત. પત્ની મરી જાય તો માણસે અગ્નિહોત્ર કેવી રીતે કરવો? યજમાને હવિનો ભાગ ખાવાનો હોય છે તે ક્ષત્રિય યજમાને કેવી રીતે ખાવો વગેરે વગેરે. અને કેટલીક જગ્યાએ આવા પ્રશ્નો વિષે ભિન્ન ભિન્ન મતોનો પણ ઉલ્લેખ છે, અને ક્યારેક ઉભયતઃ પાશા રજ્જુ (Dilemma)

ની રજુઆત કરી છે, જેમાં બેમાંથી કોઈ પણ વિકલ્પ સ્વીકારતાં મુશ્કેલી જણાય.

ઉપનિષદોમાં કહ્યું છે કે જનક કે અશ્વપતિ કૈકેય જેવા રાજાના દરબારમાં ચિંતકોને એકઠા કરી તેમની પાસે ચર્ચા કરાવવામાં આવતી. ગાર્ગીએ યાજ્ઞવલ્ક્યને એટલા પ્રશ્નો પૂછયા કે યાજ્ઞવલ્ક્યે કહ્યું કે હવે ન પૂછીશ. તારું માથું કયાંક પડી ન જાય—એટલે માથું ફાટી જાય તેવા અને તેટલો વિચાર તે કરતી હતી. ઉપનિષદમાં આવી ચર્ચા-વિચારણાનાં અનેક ઉદાહરણ મળી આવે છે. નારદ અને સનત્કુમારની કથામાં કહ્યું છે કે નારદે વાકોવાક્ય વગેરે વિદ્યાઓનો અભ્યાસ કર્યો છે. વાકોવાક્ય એટલે સંવાદ કે પ્રશ્ન અને ઉત્તર, અથવા સંભાષા (Dialectic).

બૌદ્ધ પિટકોમાં બુદ્ધ અને તેમના શિષ્યો વચ્ચેની, અને બુદ્ધ તથા તેમના શિષ્યો અને પરમતના ચિંતકો વચ્ચેની ચર્ચાનાં અનેક ઉદાહરણો મળે છે. બ્રહ્મજાલસુત્તમાં અનેક મતોનો ઉલ્લેખ છે અને એ જ રીતે જૈન આગમોમાં પણ અનેક મતના પુરસ્કર્તાનો ઉલ્લેખ મળે છે. મજ્ઝિમનિકાયના ચૂલસચ્ચકસુતમાં સચ્ચક એવું અભિમાન કરે છે કે "મારી સામે ટકી શકે તેવો કોઈ શ્રમણ કે બ્રાહ્મણ હું જોતો નથી. મને જોતાં જ તેમને પરસેવો છૂટે છે. અરે મારી સામે તો મકાનોના જડ થાંભલા પણ ધ્રૂજી ઊઠે તો જીવતા જાગતા માણસનું તો પૂછવું જ શું?" આ સચ્ચક પણ બુદ્ધની સામે ટકી શક્યો નહીં. પિટકોમાં ઘણી જગ્યાએ વર્ણ કે જ્ઞાતિ પર પ્રહારો મળે છે. મજ્ઝિમ નિકાયના અસ્સલાયન સુત્તમાં બુદ્ધ પૂછે છે કે બ્રાહ્મણે પ્રગટાવેલો અગ્નિ શું વધારે તેજ હોય છે અને શું વધારે ઉપયોગી હોય છે? એ જ રીતે વાસેટ્ઠસુત્તમાં કહ્યું છે કે બે વિદ્યાર્થીઓ જેમણે ઘણી વિદ્યાઓનો અભ્યાસ કરેલો તેમની વચ્ચે મતભેદ થયો કે માણસ જન્મથી બ્રાહ્મણ છે કે ચારિત્ર્યથી. તેઓ બુદ્ધ પાસે આવ્યા; બુધ્ધે તેમને સમજાવ્યું કે ગાયને ભેંસથી અલગ પાડતાં લિંગ-ચિહનો છે, પણ એક જ્ઞાતિને બીજી જ્ઞાતિથી અલગ પાડતાં ચિહન કોઈ દેખાતાં નથી. કથાવત્થુમાં ચર્ચા કે શાસ્ત્રાર્થની પદ્ધતિનાં ઉદાહરણ આપવામાં આવ્યાં છે. બુદ્ધના સમયમાં એવા કેટલાક તાર્કિક શ્રમણો હતા જે તર્કથી એમ સિદ્ધ કરી આપતા કે પાપ, પુણ્ય જેવું કશું નથી. માણસને મારવામાં કશું પાપ નથી, કારણ કે મરનાર માત્ર તેના શરીરનાં ઘટક તત્વોને અલગ કરી દે છે. એવા પણ કેટલાક તાર્કિકો હતા કે જે કોઈ મતમાં બંધાઈ જવા તૈયાર નહોતા અને એટલે તેમનું ખંડન કરવું સહેલું નહોતું. તેઓ અમરાવિક્ષેપકો કહેવાતા, કારણ કે આમરા માછલીની જેમ તેઓ પકડમાંથી સરકી જઈ શકતા. આવા તર્કથી કદાચ જનસમાજના વિચારો પર વિપરીત અસર થાય એ બીકથી બુદ્ધે વાદને ઉત્તેજન ન આપવાનું નક્કી કર્યું. છતાં પિટકોમાં વાદના ઘણા દાખલા મળી આવે છે અને બૌદ્ધ સંપ્રદાયમાં તો બુદ્ધના વચનો પર ચર્ચા-વિચારણાને પરિણામે અનેક મતો અસ્તિત્વમાં આવ્યા એ જાણીતી વાત છે. બુદ્ધ પોતે પણ કહેતા કે હું કહું છું માટે નહીં, પણ તમને ઠીક લાગે તો જ કોઈપણ વાત સ્વીકારજો. બૌદ્ધ વર્તુળોમાં ન્યાયનો ઘણો વિકાસ થયો છે એ હકીકત છે.

જૈન આગમો વાદ કે ચર્ચાના પ્રસંગોથી ખીચોખીચ ભરેલા છે. અંગો ઉપરાંત 'પૂર્વ' નામના ગ્રંથો હતા જે પાછળથી નષ્ટ થઈ ગયા, પણ આ ગ્રંથોની વિષયસૂચિ સમવાયાંગ અને નન્દીસૂત્રમાં જળવાઈ રહી છે. તેના પરથી ખ્યાલ આવે છે કે આ પૂર્વોમાં જૈન અને જૈનેત્તર સંપ્રદાયની દષ્ટિનું વિવેચન હશે, અને મહાવીર અને અન્ય તીર્થિકો વચ્ચેના સંવાદો વર્ણવેલા હશે. સૂત્રકૃતાંગમાં આર્ય અદ્દા અને ગોશાળ વગેરે વચ્ચેના સંવાદોના અહેવાલો છે. ઉત્તરાધ્યયનનો કેશી અને ગૌતમનો સંવાદ જાણીતો છે, જેમાં પાર્શ્વ અને મહાવીરના સિદ્ધાન્તોનો ચર્ચા દ્વારા સમન્વય કર્યો છે. આમ જૈન વર્તુલોમાં વાદ કે સંવાદનું મહત્ત્વ ઘણું હશે એમ જણાય છે. બૃહત (૬૦૩૫ થી) કલ્પભાષ્યમાં એમ પણ કહ્યું છે કે પ્રત્યેક તીર્થંકરની સાથે વાદી રહેતા અને વાદીઓને બીજા સાધુને વજર્ય તેવી સગવડ, ખોરાક, વસ્ત્ર વગેરેની પરવાનગી આપવામાં આવતી, જેથી તેમની બુદ્ધિ ખીલે અને તેઓ સારી છાપ પાડી શકે. આ બધું કર્યા પછી નામનું પ્રાયશ્ચિત કરવાનું રહેતું. શાસ્ત્રાર્થ અને વાદ ઉપર કોઈ પણ વિચારસરણીનો કેટલો આધાર છે તેનો ખ્યાલ આના પરથી આવી શકે છે. સ્થાનાંગસૂત્રમાં વાદ સંબંધી ઘણી માહિતી મળે છે. તેમાં વાદમાં પ્રતિવાદીને હરાવવામાં કે પરાજયમાંથી બચાવવા ઉપયોગી થઈ પડે તેવી યુક્તિઓ વર્ણવી છે (સ્થાનાંગ સૂત્ર- ૫૧૨), તેમજ વાદદોષ ગણાવ્યા છે (સૂ. ૭૪૩). એ જ રીતે કથા આપી હેતુના પ્રકાર બતાવ્યા છે (સૂ. ૩૩૮). બૌદ્ધ પિટક અને જૈન આગમોમાં કેવા પ્રશ્ન પૂછાય છે અને તેના કેવા ઉત્તર આપી શકાય તેનું પણ વિવેચન મળે છે. (સ્થાનાંગ સૂત્ર ૫૩૪). સ્થાનાંગસૂત્રમાં વાદ સંબંધી ઘણી સામગ્રી છે; પણ તેની પરિભાષા ન્યાયસૂત્ર વગેરે ગ્રંથોથી જૂદી પડે છે. તેથી તે બીજી જ પરંપરાને અનુસરતું હોવું જોઈએ. વિશેષાવશ્યકમાંની મહાવીર અને ગણધરોની ચર્ચા જાણીતી છે. તેમાં ભિન્ન ભિન્ન મુદ્દાઓની મીમાંસા મળે છે—આત્મા, પુનર્જન્મ, જગતનું સાત્યત્ય વગેરે.

મહાભારત વગેરે ગ્રંથોમાં લોકોને ચેતવ્યા છે કે એકલો તર્ક ન વાપરશો કે જેથી તમે વેદ કે આગમના ઉપદેશનો વિરોધ કરી બેસો અને વેદને નહીં માન્ય એવા મતો સ્વીકારતા થઈ જાઓ. મહાભારતના આદિપર્વમાં (૬૪.૩૩–૩૭) કહ્યું છે કે કાસ્યપનો આશ્રમ ન્યાયમાં કુશળ એવા ઋષિઓથી ગુંજતો હતો. સભાપર્વમાં (૨.૫.૧) નારદમુનિને ન્યાયવિશારદ અને ન્યાયવાકયના ગુણદોષ જાણનાર તરીકે વર્ણવ્યા છે. જનક રાજાની પાસે સુલભા નામની સંન્યાસિની ચર્ચા કરવા આવે છે એ વાત પ્રસિદ્ધ છે (જુઓ શાન્તિપર્વ, ૩૦૮). જનક રાજા તેને જાસૂસ માની ઠપકો આપે છે, પણ સુલભા સ્વસ્થતાપૂર્વક વાણીના ગુણ વર્ણવે છે. અહીં વ્યવસ્થિત વચનનાં ઘણાં લક્ષણ વર્ણવેલાં મળે છે. સૌક્ષ્મ્ય, સંખ્યા (વિવેકજ્ઞાન), ક્રમ, નિર્ણય અને પ્રયોજન એ વચનનાં આવશ્યક ગુણો છે. વળી વચનમાં અસંગતિ કે આધિક્ય કે ન્યૂનતા કે વ્યાકરણદોષ કે સંસ્કારનો અભાવ વગેરે ન હોવાં જોઈએ. ગુણ-દોષનું લાંબું વિવેચન સુલભાએ કર્યું અને એ દષ્ટિએ પોતાના વચનની પરીક્ષા કરવાનું જનક રાજાને કહ્યું, જેથી તેને ખાતરી થઈ જાય. ઉત્તમ વચન—ખાસ કરીને વાદમાં પ્રયોજાતું વચન—અને તેનાં લક્ષણોની ચર્ચા એ સમયે થતી હશે તેનું પ્રતિબિંબ અહીં મળે છે. ગુણ-દોષનું આ વિવેચન નૈયાયિકોનાં નિગ્રહસ્થાનનાં વિવેચન સાથે સરખાવવા જેવું છે.

દર્શનયુગ પહેલાંના સાહિત્યમાં પણ વાદ વિશે સામગ્રી મળે છે તે બતાવે છે કે ભારતીયોને વાદનો શોખ હતો. જે વાદો વાસ્તવમાં થતા તેમને આધારે નૈયાયિકોએ પોતાના ગ્રંથોમાં વાદના પ્રકાર નિરૂપ્યા, તેમનો ભેદ બતાવ્યો વગેરે. વાસ્તવમાં આ બધું વિવેચન પ્રચલિત વાદોના વર્ગીકરણમાંથી નીપજેલું છે અને પછી લોકો આ શાસ્ત્રીય વર્ગીકરણને આધારે વાદનો પ્રકાર નક્કી કરવા લાગ્યા. લોકોને ઉત્તરોત્તર વાદની ઉપયોગિતા પણ વધારે ને વધારે સમજાતી ગઈ. ચરકસંહિતાના વિમાનસ્થાન અધ્યાય ૮માં જ્ઞાનપ્રાપ્તિ અને અધ્યયન—અધ્યાપનના પ્રકારો બતાવ્યા છે, અને તેના અનુસંધાનમાં સંભાષા કે કથાનું વિસ્તૃત વિવેચન કર્યું છે. એ જ વિદ્યા જાણનાર સાથે માણસ સંભાષા કરે તો તેનો જ્ઞાન પ્રાપ્ત કરવાનો ઉત્સાહ વધે છે, એકાગ્રતાથી પરિશ્રમ કરવાની ટેવ વધે છે, કુશળતા અને વકતૃત્વ શકિત ખીલે છે, સંશયો દૂર થાય છે અને સ્પર્ધા અને ધગશનું વાતાવરણ જામે છે. કેટલીક વાર કોઈ ગુરુએ આનંદમાં આવી કેટલાંક રહસ્ય કોઈ અન્તેવાસીને બતાવ્યાં હોય તે પણ સંભાષાના ઉત્સાહમાં કયારેક બહાર આવે છે. માટે બુદ્ધિશાળી લોકો તદ્વિદો સાથેની સંભાષાને ઉત્તેજન આપવાનો પ્રયત્ન કરે છે. સંભાષા બે પ્રકારની હોય છે—સંધાય મિત્રતાપૂર્વકની, અને વિગૃહ્ય સંભાષા. જેમાં જિગીષા—જયેચ્છા—અને ઈર્ષ્યાનું પ્રમાણ ઘણું હોય છે. પ્રતિવાદી વિદ્વાન, અક્રોધી, ચર્ચા કરી શકે તેવો, દુરા-

ગ્રહ નહીં ધરાવનાર, ઈર્ષ્યા-રહિત હોય ત્યારે સંધાય-સંભાષા સંભવે છે. આવા પ્રતિવાદીની સાથે સંભાષા કે ચર્ચા કરતાં પરાજયની બીક રાખવી નહીં, અને તેને પરાજિત કરવામાં આનંદ ન માનવો, પણ સ્વસ્થતાપૂર્વક પ્રશ્ન પૂછવા અને ઉત્તરો આપવા. પણ જો વિગૃહ્ય સંભાષામાં ભાગ લેવાનો હોય તો પોતાની અને પ્રતિવાદીની શક્તિ અને યોગ્યતાનો વિચાર કરવો જોઈએ. પ્રતિવાદી પ્રવર કે પ્રત્યવર કે સમ હોઈ શકે, તેમ જ પરિષદ જેની સમક્ષ આ સંભાષા થાય છે તે પણ જ્ઞાનવતી હોય છે કે મૂઢ હોય. આ પ્રત્યેક સંજોગોમાં વાદીએ કઈ રીતે વર્તવું જેથી સારી છાપ પાડી શકે અને પ્રતિવાદીને હરાવી શકે કે મુંઝવી શકે કે તેને પ્રતિકુલ તેવી છાપ ઊભી કરી શકે, તેને માટે વ્યવહારુ સૂચન આપેલાં છે. લાંબા લાંબાં વાકયનો પ્રયોગ કરીને કે અનેક અર્થવાળા શબ્દનો પ્રયોગ કરીને કે તેની મશ્કરી ઉડાવીને કે તેની ભીરુતા ખુલ્લી પાડીને પ્રતિવાદીને હરાવી શકાય તે બતાવ્યું છે. સાથોસાથ સલાહ આપી છે કે વિગૃહ્ય સંભાષામાં પણ કોઈએ ઔચિત્યનો ભંગ ન કરવો અને ન્યાયવચનનો જવાબ ન્યાયપૂર્વક આપવો, કલહથી હંમેશાં બચતા રહેવું. સંભાષા સંબંધી ૪૪ પદાર્થો– ન્યાયવાકય, પ્રતિજ્ઞા વગેરે–નું વિવેચન ચરકસંહિતામાં છે. સંભાષા અંગે ચરકસંહિતામાં જે પરંપરાનું પ્રતિબિંબ છે તે ન્યાયસૂત્રકારની પરંપરા કરતાં ભિન્ન અને બૌદ્ધ ઉપાયહાધ્ય જેવા ગ્રંથોની પરંપરાને વધારે મળતી જણાય છે.

ચરકસંહિતામાં ન્યાયનું આટલું મહત્ત્વ હોય તેનું આપણને આશ્ચર્ય થાય, પણ પોતાના પ્રમેયો જાણવા અને ચર્ચવાનાં સાધનોનું વિવેચન સામાન્ય રીતે બધાં જ શાસ્ત્રો કરે છે. વળી ભિષજો–વૈદ્યોની સભા મળતી હશે ત્યારે અથવા તો કોઈ ધનિક દર્દીના રોગનિદાન અંગે સંભાષા કરવાના પ્રસંગ આવતા હશે, જે વખતે પોતાનું કૌશલ બતાવવા અને પોતાના અભિપ્રાયની સ્થાપના કરવા માટે આ સંભાષા અંગેનાં સૂચનો તેમને ઉપયોગી થઈ પડતાં હશે. સામાન્ય રીતે પ્રત્યેક શાસ્ત્રને પોતાનું પ્રમાણશાસ્ત્ર હોય છે. આ પરથી ખ્યાલ આવે છે કે સંભાષાવિધિ કે ચર્ચાનો કેટલો રિવાજ હતો. પ્રાચીન કાળમાં વાદ કેટલા જીવન્ત હશે અને તેના સામાજિક રાજકીય વગેરે પરિણામો હોતા હશે એવું ઘણા ઉદાહરણ પરથી સમજાય છે. બીજી બાજુએ, સત્યાન્વેષણ અને પ્રાપ્તજ્ઞાનનાં સંરક્ષણ, પરિશોધન અને પરિપાક માટે પણ સંભાષા જરૂરી મનાતી. શ્રવણ, મનન અને નિદિધ્યાસનની ભલામણ પરથી જોઈ શકાય છે કે વેદવાકયની પરીક્ષા અને સમર્થન આવશ્યક મનાતાં હતાં. બુદ્ધે તો પોતાના શિષ્યોને કહ્યું હતું કે હું કહું છું તેથી સાચું ન માની લેવું; તમે પોતાને માટે દીપ સમાન બનો અને પોતે પરીક્ષા કરો, પછી જ સ્વીકારો. આ વાત દરેક શાસ્ત્રકારે અને ચિંતકે સ્વીકારી છે. સામાન્ય રીતે એમ મનાય છે કે ભારતીય દર્શનોનો આધાર વેદ કે શબ્દપ્રમાણ ઉપર જ છે, પણ દર્શનના ગ્રંથોનો અભ્યાસ કરતાં જણાય છે કે તર્કથી સિદ્ધાંતોની સ્થાપના થયેલી છે. તર્ક ઉપકારક ન હોત તો વેદ કે બુદ્ધના ઉપદેશ પરથી આટલા ભિન્ન મતો અસ્તિત્વમાં આવત નહીં. અને એમ પણ વ્યાવહારિક પ્રમાણોથી અગ્રાહ્ય તત્વોમાં જ શબ્દ પ્રમાણ અન્તિમ મનાય છે.

ન્યાયસૂત્રે સંભાષા માટે 'કથા' શબ્દ વાપર્યો છે. કથ્ 'કહેવું, સંભાષણ કરવું' એ ધાતુ પરથી આ શબ્દ બનેલો છે. માનવ બીજા માનવ સાથે હોય ત્યારે તેને પોતાનો મત વ્યકત કરવાની તક મળે છે, તેને તેમ કરવાની ઈચ્છા થાય છે. સામાજિક કે ધાર્મિક પ્રસંગોએ લોકો ભેગા મળતા હોય છે. ભારતમાં લોકો વીરપુરુષો અને સંતો વિષે વાતો સાંભળવા પણ એકઠા થાય છે. આમ કથા શબ્દનો આર્થ જીવનચરિત્ર થયો. દા. ત. રામકથા. અને જે રીતે એ જીવનચરિત્ર કહેવામાં કે વાંચવામાં આવે છે તેને પણ કથા કહેવા લાગ્યા. વળી માણસ ભેગા મળે ત્યારે વિચારોની આપ લે કરે છે, ચર્ચા કરે છે; આમ વાદ કે શાસ્ત્રાર્થને માટે પણ 'કથા' શબ્દ વપરાતો થયો. અને દર્શન અને ન્યાયની પરિભાષામાં 'કથા' શબ્દ ચર્ચા કે વાદના અર્થમાં જળવાઈ રહ્યો છે. (જુઓ તાત્પર્ય ટીકા ૧.૨. ૧. પૃ. ૩૧૩ –કાશી સંસ્કૃત સીરીઝ).

અપૂર્ણ

ઓસ્તેર સોલોમન

# પરિવર્તન–અભિમુખ આચાર્ય તુલસી

બાલોતરા મર્યાદા મહોત્સવ શતાબ્દી સમારોહના અવસર ઉપર આણુવ્રત્ત પ્રેરણા--દિવસના ઉપલક્ષમાં તેરાપંથી સંપ્રદાયના આચાર્ય તુલસીએ એક વિસ્તૃત્ત સંદેશો મોકલ્યો હતો. આ સંદેશામાં પરિવર્તનની પ્રક્રિયા અને આવશ્યકતા ઉપર તેમણે ખૂબ ભાર મૂકયો હતો. એક જૈન આચાર્ય પરિવર્તનના વિચારને આટલી પુષ્ટી આપે તે જરૂર આવકારપાત્ર ગણાય. તેમાં રહેલો મુખ્ય વિચાર 'પ્રબુદ્ધ જીવન'ના વાચકો સુધી પહોંચે એ હેતુથી તેમના એ સંદેશ–પ્રવચનમાંથી અગત્યનો ભાગ તારવીને તેમ જ ટૂંકાવીને નીચે આપવામાં આવે છે.

## પરિવર્તન

"આણુવ્રતની વાત એવી દરેક વ્યકિત કરી શકે છે કે જેને તેને લગતા આદર્શોમાં નિષ્ઠા હોય. આમ હોવાથી હું દરેક નિષ્ઠાશીલ વ્યકિતને સાંભળવા સમજવા ઈચ્છું છું, પછી તે કોઈ રાજનીતિજ્ઞ હોય અથવા તો કોઈ ધર્માચાર્ય. હું જ માત્ર નહિ, અમારો આખો સમાજ તેવી વ્યકિતની વાત સાંભળવા–સમજવા ઈચ્છે છે. થોડાંક વર્ષો પહેલાં આ સ્થિતિ નહોતી. પણ આજે હું પ્રતિવર્ષ જોઈ રહ્યો છું કે લોકોના વિચારમાં તેમ જ વ્યવહારમાં પરિવર્તન ચાલી રહ્યું છે. આ પરિવર્તનને હું સુખદ માનું છું. હું જડતાનો પક્ષપાતી નથી. મેં પોતે અનેક અપેક્ષિત પરિવર્તન કર્યા છે અને ભવિષ્યમાં એવાં જ પરિવર્તન નિર્માણ કરવાની ઈચ્છા ધરાવું છું. એટલું અવશ્ય છે કે પરિવર્તન પણ મને એ જ માન્ય છે કે જે મૂળની સુરક્ષા સાથે કરવામાં આવતું હોય.

"હું સાધના અને જડતા વચ્ચે કોઈ સંબંધ જોતો નથી. સાધનાને તેજસ્વી બનાવવા માટે હું એ આવશ્યક સમજું છું કે, તેમાં નવા નવા ઉન્મેષ પ્રગટ થતા રહે. આ બાબત ધ્યાનમાં રાખવા સાથે, હું મારા સાધુ--સમુદાયમાં નવા નવા પ્રયોગ કરતો રહું છું. આ વર્ષે પણ જ્યારે પંચ--દિવસીય પ્રણિધાન કક્ષાની પ્રશિક્ષણ--શિબિર ચાલી, ત્યારે મેં જોયું કે, સાધુ--સાધ્વીઓ તેમાં ભારે રસ લઈ રહ્યાં છે. તેમાં પ્રત્યેક આવશ્યક પરિવર્તનની ક્ષમતા છે એ જોઈને હું આનંદનો અનુભવ કરું છું. પ્રશિક્ષણ શિબિરની સાથે સાથે સેવા તથા સાધનાને મહત્ત્વ આપવા માટે મેં બે વિશિષ્ટ કાર્યક્રમ સૌની સમક્ષ પ્રસ્તુત કર્યા હતા. આજે એ અત્યંત આવશ્યક છે કે સાધુસમાજ માત્ર ઊઠવા, બેસવા તથા બોલવાની સભ્યતા સુધી જ સીમિત ન રહે, પણ જીવનને ઊર્ધ્વગામી બનાવે તેવી પ્રત્યેક પ્રવૃત્તિમાં ઉત્સાહપૂર્વક તત્પરતા દાખવે. સાધના અન્ય માટે ત્યારે જ પ્રેરક બની શકે છે કે જ્યારે સાધકના જીવનમાંથી સાધનાના તેજસ્ફુલિંગ પ્રસ્ફુરિત થતા રહે.

"કેટલાક લોકો ધર્મને કેવળ પરલોકની વાત સમજે છે, પણ મારા ચિંતનમાં એ ધર્મ જ નથી કે જે આપણા વર્તમાન જીવનને તેજસ્વી ન બનાવે. ઉમાસ્વાતિ વાચકે તો ત્યાં સુધી કહ્યું છે કે

निर्जित–मद–मदनानाँ, वाक्काय–मनोविकार-रहितानाम् ।
विनिवृत्त–पराशानामिहैव, मोक्षः सुविहितानाम् ॥

"જેમણે આંતરિક શત્રુઓ ઉપર વિજય પ્રાપ્ત કરી લીધો છે તેમનો મોક્ષ આ જન્મમાં જ થઈ જાય છે."

"મેં એક વાર એક મોટી સભામાં કહ્યું હતું કે, હું આપણા સમાજના લોકોને રૂઢિગ્રસ્ત જોવા ઈચ્છતો નથી. જે ધર્મ આપણા જીવનમાં પરિવર્તન કરી શકતો નથી, તે ધર્મ અધૂરો છે.

હમણાં આ બાજુ હું આવી રહ્યો હતો એવામાં એક પત્રકારે મને પૂછયું કે, "આપ ધર્માચાર્ય છો કે સુધારક છો કે રાજનીતિજ્ઞ?" મેં જવાબ આપ્યો કે, "હું ધર્માચાર્ય તો છું જ. સાથે સાથે હું

સુધારક તથા રાજનીતિજ્ઞ પણ છું, પણ હું રાજનેતા નથી. હું દરેક નીતિની જાણકારી મેળવવી જરૂરી તથા ઉપયોગી સમજું છું. તે વિના આપણો વિચાર વ્યાપક બની શકતો નથી. રાજનીતિને પણ હું બુરી માનતો નથી, કારણ કે જો તે ઉચિત આદર્શો ઉપર ચાલતી હોય તો તે દ્વારા નૈતિક જીવન માટે સુદૃઢ ભૂમિકા ઊભી થાય છે. આમ હોવાથી હું રાજનીતિથી પરિચિત રહેવાનું આવશ્યક માનું છું. હું માત્ર મારી જ વાત કરતો નથી. અમારા સંઘને પણ તેનું જ્ઞાન કરાવતો રહું છું.

"ધર્મને ઘણા ખરા લોકો અમુક નિયમોમાં બાંધી રાખતા હોય છે. પણ મારા વિચાર અનુસાર ધર્મ એ જ છે કે જે જીવનમાં પવિત્રતા લાવે. બિકાનેરથી એક કટ્ટર સામ્યવાદી મારી પાસે આવ્યા. તેમણે મને અનેક બાબતો પૂછી. પછી તેમણે કહ્યું કે, "આ બધું તો બરોબર છે, પણ આપ આ બાબતોને ધર્મના નામથી ન જોડો." મેં કહ્યું "તમે તેને ધર્મ કહો કે બીજા નામથી ઓળખો એમાં મને શું આપત્તિ છે? પણ તમને હું આટલું અવશ્ય કહી દેવા માગું છું કે આ રીતે 'ધર્મ'ના નામથી ચીડાવું એ શું એક પ્રકારનો અભિનિવેશ નથી?"

"કેટલાક લોકોનું એવું અનુમાન છે કે હું મારા અનુયાયીઓમાં પરિવર્તન લાવી શક્યો નથી. પણ આમ વિચારવું સર્વથા યોગ્ય નથી. પરિતર્તન અવશ્ય આવ્યું છે. સંભવ છે કે અપેક્ષિત પરિવર્તન આજ સુધીમાં નિર્માણ થયું ન હોય. કિન્તુ હું તેથી નિરાશ થતો નથી. કારણ કે એ તો સૌ કોઈ સારી રીતે જાણે છે કે વ્યકિતના વિચારો બદલવાનું કામ કેટલું કઠણ છે. તો પછી એક સમાજની વિચાર-શૃંખલાને, તેના રીત-રિવાજોને, એક લાંબા સમયથી ચાલી આવતી રૂઢ પરંપરાઓને બદલવાનું તો ખૂબ જ કઠણ હોય એ સ્વાભાવિક છે. મારવાડી સમાજ કેટલો રૂઢિગ્રસ્ત છે એ સમજાવવાની આવશ્યકતા છે જ નહિ. આમ કહીને હું એ સમાજનો અનાદર કરવા નથી માંગતો. કારણ કે એમાં ઘણાં સારા લોકો પણ છે, વિદ્વાન છે, વિચારક પણ છે. કિન્તુ પરંપરાઓથી બંધાયલા સમાજમાં પરિવર્તન કરવું કેટલું દુ:સાધ્ય હોય છે એ તો એ ક્ષેત્રમાં કામ કરવાવાળી વ્યકિત જ જાણી શકે છે. કિન્તુ હું સદા આશાવન્ત છું. જેટલું આપણે ઈચ્છીએ તેટલું પરિવર્તન આવ્યું કે નહિ એ બીજી વાત છે. પણ એ હું અવશ્ય સમજું છું કે મારો પોતાનો આત્મ-ધર્મ સમજીને મારે તો એ સમાજમાં જ કામ કરવાનું છે. સુધરેલા સમાજમાં તો અનેક લોક કામ કરે જ છે. પણ આવા સમાજમાં કંઈ કામ થાય તેને હું વધારે આવશ્યક સમજું છું.

"ગાંધીજીએ દેશમાં એક નવી પ્રેરણા આપી હતી. તેમના વ્યકિત્વથી અનેક લોકો પ્રભાવિત થયા હતા. આજે તેઓ જ્યારે આપણી વચ્ચે નથી, ત્યારે, મને ખબર નથી કે, કેટલા લોકો તેમના આદર્શોનું અનુગમન કરી રહ્યા છે. હું આમાં ગાંધીજીનો કોઈ દોષ જોતો નથી. હું તો એ દેખાડવા ઈચ્છું છું કે નિર્માણનું કાર્ય કેટલું દુષ્કર હોય છે. પણ આની મતલબ એ નથી કે હું રેતીમાં ઘી ઢોળી રહ્યો છું. મેં અને મારા સંઘે જે થોડું ઘણું કામ કર્યું છે તેનું પરિણામ નજર સામે દેખાઈ રહ્યું છે. અણુવ્રત-આંદોલન, નયા-મોડ, ઉપાસક-સંઘ વગેરે પ્રયોગો દ્વારા હજારો વ્યકિતઓમાં મારી જાણ મુજબ ઠીક ઠીક પરિવર્તન પેદા થયું છે."

(તા. ૬-૫-૬૫ના જૈન ભારતીમાંથી સાભાર ઉદ્‌ધૃત)

## અહિંસા

આ પરિવર્તન-વિચારણાનું સમર્થક એવું એક મહત્ત્વનું પગલું આચાર્ય તુલસીએ તેરાપંથી સંપ્રદાય સાથે જોડાયલી અહિંસા તત્વને લાગતી-પરંપરાગત માન્યતાને નવો વળાંક આપીને પોતે જાતે ભર્યું છે તેની અહિં નોંધ લેવામાં આવે તો તે અસ્થાને નહિ ગણાય.

તેરાપંથ સંપ્રદાયના સંસ્થાપક આચાર્ય ભિખ્ખુને વિદેહ થયાને આજે લગભગ ૧૬૫ વર્ષ થયાં છે. તેઓ મૂળ જે સંપ્રદાયના હતા તે સ્થાનકવાસી સંપ્રદાયની માન્યતા અનુસાર અહિંસાના વિચાર સાથે દાનદયાની ભાવનાને જોડવામાં આવતી હતી. આ જોડાણને તેમણે સખ્ત વિરોધ કર્યો હતો અને 'અહિંસા' શબ્દથી માત્ર નિષેધાત્મક વિચારણા જ સૂચિત છે અને એ જ સાચી અને શુદ્ધ વિચારણા છે એ માન્યતા ઉપર ભાર મૂકીને પોતાના બાર શિષ્યો સાથે તેઓ સ્થાનકવાસી સંપ્રદાયથી અલગ થયા હતા અને આ કારણે તેમણે સ્થાપેલો સંપ્રદાય તેરાપંથી સંપ્રદાયના નામે ઓળખાવા લાગ્યો હતો. આચાર્ય તુલસી તેમની નવમી પાટે આચાર્ય છે. તેઓ ભારે સમયજ્ઞ છે અને પોતાના અનુયાયી મારવાડી સમાજમાં સમયાનુરૂપ ફેરફારો કરાવવા આતુરતા ધરાવે છે, જે તેમના ઉપરના સંદેશ-પ્રવચનથી સ્પષ્ટ થાય છે. તેમણે આશરે છ મહિના પહેલાં તા. ૧૭-૧-૬૫ના 'જૈન ભારતી'માં અહિંસાની નવી જ વ્યાખ્યા આપી છે, જે નીચે મુજબ છે:--

"અહિંસાવાદી સેંકડો બલ્કે હજારો વર્ષોથી અહિંસા ઉપર વિચાર કરતા રહ્યા છે, તેનું અનુશીલન કરતા રહ્યા છે, એમ છતાં પણ એ વિષય પુરાણો બની જતો નથી. આપણે ત્યાં કહેવત છે કે રામાયણ ગમે તેટલી વાર વાંચવામાં આવે, તો પણ તે નવીન અને નવીન જ હોય એમ પ્રતીત થાય છે. એવી જ વાત અહિંસાના વિષયમાં છે. કારણ એ છે કે અહિંસા જીવનદર્શનનું તત્વ છે. તેની વ્યાપકતા સામાયિકે પ્રાદેશિક નથી, પરંતુ સર્વકાલિક તેમ જ સર્વદેશીય છે.

"જૈન આગમોમાં અહિંસાના ૬૦ નામ આપવામાં આવ્યા છે. મૈત્રી, સમતા, બંધુતા, અભય, શુદ્ધ પ્રેમ-આ સર્વ અહિંસાનાં જ નામ છે. જો કે વ્યુત્પતિ અનુસાર અહિંસાનો અર્થ નિષેધાત્મક નીકળે છે, એમ છતાં પણ, તેની પરિભાષામાં જેટલો વ્યાપક નકારાત્મક અર્થ પ્રતિષ્ઠિત છે, તેટલો જ વ્યાપક હકારાત્મક અર્થ છે. જેવી રીતે કોઈને મારવું નહિ, સતાવવું નહિ એ અહિંસાની પરિભાષામાં જેટલું અભિધેય છે તેવી જ રીતે સર્વની સાથે મૈત્રી તેમજ બંધુતાનો વર્તાવ રાખવો એ તેની પરિભાષામાં તેટલું જ વાચ્ય છે. આને લીધે જ અહિંસા વિધેયાત્મક તેમ જ નિષેધાત્મક બન્ને બાજુઓનું એક સમાન દૃષ્ટિ વડે અવલોકન કરે છે. અહિંસાને કેવળ નિષેધાત્મક રૂપમાં સમજવી એ વાસ્તવમાં તેની એકાંગી વ્યાખ્યા છે."

આમ પોતાના સંપ્રદાયની પાયાની માન્યતાને સમયાનુકૂળ નવો ઓપ આપીને આચાર્ય તુલસીએ તેરાપંથી સંપ્રદાય અને સ્થાનકવાસી સંપ્રદાય વચ્ચેનું માન્યતા-અંતર નહિવત્ કર્યું છે, તેમ જ જૈનોના ભિન્ન ભિન્ન સંપ્રદાયો વચ્ચે નવી સમન્વય-ભૂમિકા ઊભી કરી છે. આ નવા પ્રસ્થાન માટે આચાર્ય તુલસીને ધન્યવાદ ઘટે છે. આશા રાખીએ કે આ સમન્વયની પ્રક્રિયા ચોતરફથી ચાલુ રાખવામાં આવશે અને જ્યાં અલગતાનું સંવેદન છે ત્યાં એકતાનું-એક સમગ્ર ઘટકનું-સંવેદન સરજાશે.

પરમાનંદ

## વિષયસૂચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| ભારતીયોની તાર્કિકતા | એસ્તેર સોલોમન | ૪૧ |
| પરિવર્તન - અભિમુખ આચાર્ય તુલસી | પરમાનંદ | ૪૩ |
| પ્રકીર્ણ નોંધ : ઉદાર ચિત્ત શ્રી રામજી હંસરાજ કમાણીનું દુ:ખદ અવસાન, આચાર્ય રજનીશજી વિષે આટલું બધું આકર્ષણ કેમ? સમેતશિખરની સમસ્યા : એક પરામર્શ, જૈન શ્વે. કૉન્ફરન્સ ઉદ્યોગ ગૃહ અંગે મળેલું ચર્ચાપત્ર. | પરમાનંદ | ૪૫ |
| સુકી ધરતીનાં મીઠાં સ્મરણો - ૮ | ચીમનલાલ જેઠાલાલ શાહ | ૪૭ |
| વિલાયતમાં દયા ધર્મ | વાલજી ગોવિંદજી દેસાઈ | ૪૯ |
| નવા જે. પી. સભ્યોનું સન્માન | | ૫૦ |

# પ્રકીર્ણ નોંધ

## ઉદારચિત્ત શ્રી રામજી હંસરાજ કમાણીનું દુઃખદ અવસાન

તા. ૨૭-૬-૬૫ની વહેલી સવારે શ્રીમાન રામજીભાઈ હંસરાજ કમાણીનું હૃદયરોગના એકાએક હુમલાના પરિણામે મુંબઈ ખાતે તેમના નિવાસસ્થાને ૭૭ વર્ષની ઉંમરે આણકલ્યું અવસાન થયું છે. માત્ર એક નામી ઉદ્યોગપતિ તરીકેની નહિ, પણ વિશાળ સમાજના એક ઉદાર મહાજન તરીકેની ઉજ્જ્વળ તેમ જ લાંબી કારકિર્દી ધરાવતી આવી વિશિષ્ટ વ્યક્તિ પોતાની જીવનલીલા એકાએક સંકેલી લે તેની ખોટ અને દુઃખ તેમના સમાગમમાં આવનાર આપણી જેવા અનેક લોકોને લાગે તે સ્વાભાવિક છે. તેમનો સૌરાષ્ટ્રમાં આવેલા ધારી ગામમાં ઈ. સ. ૧૮૮૮ ના ફેબ્રુઆરીની ૨૧મી તારીખે જૈન કુટુંબમાં જન્મ થયો હતો. તેમણે વ્યવસાયી જીવનનો પ્રારંભ કલકત્તામાં એલ્યુમિનિયમનાં ઠામવાસણોના એક સામાન્ય ફેરીઆ તરીકે કર્યો હતો અને આ પ્રકારની શૂન્યવત સ્થિતિમાંથી તેઓ ધીમે ધીમે ઊંચે આવ્યા હતા અને અપ્રતિમ પુરુષાર્થ, ઉદ્યોગપરાયણતા અને આયોજનકુશળતા વડે ભારતના અગ્રગણ્ય ઉદ્યોગપતિઓમાંના એક તરીકે તેમણે નામના પ્રાપ્ત કરી હતી. કલકત્તાની એલ્યુમિનિયમના વ્યવસાય સાથે વર્ષોથી જોડાયલી જુની અને જાણીતી મેસર્સ જીવણલાલ એન્ડ કંપનીના આદ્યસ્થાપકોમાંના તેઓ એક હતા. ૧૯૪૦માં તેઓ નૉન-ફેરસ મેટલના (લોઢા સિવાયની ધાતુના) ઉદ્યોગ તરફ વળ્યા અને ૧૯૪૦ થી ૧૯૪૫ દરમિયાન કલકત્તાની ડબલ્યુ લેસલી એન્ડ કંપની તેમણે ખરીદી અને જયપુર મેટલ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, કમાણી મેટલ્સ એન્ડ એલૉયઝ લિમિટેડ અને કમાણી એન્જીનીયરીંગ કોરપોરેશનની તેમણે સ્થાપના કરી. તેઓ ઈન્ડિયન નૉનફેરસ મેટલ મેન્યુફેક્ચર્સ એસોસિએશનના ફાઉન્ડર પ્રેસીડેન્ટ - સ્થાપક પ્રમુખ હતા.

જ્યારે ગાંધીજીએ આપણા દેશમાં ૧૯૨૯ની સાલમાં સવિનય કાનૂન ભંગની લડત શરૂ કરી ત્યારે રામજીભાઈ કલકત્તા છોડી સૌરાષ્ટ્રમાં આવ્યા હતા અને તેમણે ગાંધીજીને તેમની લડતમાં ઘણો સાથ આપ્યો હતો અને કાઠિયાવાડમાં ચાલી રહેલ ચરખાની અને ખાદીની પ્રવૃત્તિને ઘણો વેગ આપ્યો હતો. એ સમયની કૉંગ્રેસની રચનાત્મક પ્રવૃત્તિ પાછળ પોતાની ધન તથા શક્તિનો તેમણે ઘણો ભોગ આપ્યો હતો અને સૌરાષ્ટ્રમાં ચલાળા ખાતે એક મોટું ખાદી કેન્દ્ર તેમણે ઊભું કર્યું હતું. તેમની દેશસેવાની કદર તરીકે વડોદરાના ગાયકવાડે ૧૯૩૬ની સાલમાં 'રાજ્યરત્ન' નો ઈલ્કાબ તેમને એનાયત કર્યો હતો.

તેમણે ત્રણ પબ્લીક ટ્રસ્ટ ઊભાં કર્યા હતાં અને તે દ્વારા મોટી મોટી સખાવતો કરીને અનેક શિક્ષણસંસ્થાઓ તથા સેવા પ્રવૃત્તિઓ નિર્માણ કરી હતી. આમાં અમરેલી ખાતે ઊભી કરવામાં આવેલી બે કૉલેજોનો સમાવેશ થાય છે.

અહિં જણાવવું અસ્થાને નહિ ગણાય કે સ્વ. રામજીભાઈ મારા મુરબ્બી સ્નેહીના સ્થાને હતા. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા સંચાલિત 'પ્રબુદ્ધ જીવન' ના તેઓ ખાસ ચાહક હતા અને પર્યુષણ વ્યાખ્યાનમાળાના પ્રશંસક હતા. તાજેતરમાં 'પ્રબુદ્ધ જીવન'ના રજત જયન્તી પ્રસંગે કરવામાં આવેલા ફાળામાં તેમના તરફથી રૂા. ૧૦૦૦ નું દાન મળ્યું હતું.

શ્રી રામજીભાઈ સાહસપ્રિય અને પુરુષાર્થપરાયણ હોઈને તેમના જીવનમાં નાના મોટા ધક્કા આવવા છતાં ઉદ્યોગના ક્ષેત્રે તેઓ ઉત્તરોત્તર નવાં સીમાચિહ્નો સર કરી રહ્યા હતા અને એક વખત ડગમગતા કમાણી ગ્રુપ ઑફ ઈન્ડસ્ટ્રીઝને અતિ આબાદ સ્થિતિમાં તેઓ લઈ આવ્યા હતા. આમ પૂરી જાહોજલાલી, બહોળો સુખી કુટુંબપરિવાર, લગભગ તેમની ઉંમર નજીકનાં ધર્મપરાયણ પત્ની—આ સર્વ વચ્ચેથી લગભગ એકધારું આરોગ્ય અને લાંબું આયુષ્ય ભોગવીને પરિપક્વ વયે અને છેક છેલ્લા દિવસ સુધી ફરતા હરતા, કોઈ પણ પ્રકારની માંદગી ભોગવ્યા સિવાય, તેમણે આપણી વચ્ચેથી વિદાય લીધી છે. આવી વ્યક્તિનું મૃત્યુ થતાં 'તેઓ ભાગ્યશાળી થઈ ગયા' એવા શબ્દો વડે, આપણો સમાજ તેના મૃત્યુને રડવાને બદલે બિરદાવે છે. કોઈ વિરલ વ્યક્તિને જ આવું સુભગ મૃત્યુ હોય. આવા મૃત્યુ પાછળ શોક-વિલાપ કરવાનો ન હોય. આવા મૃત્યુને ધન્ય મૃત્યુ ગણીને તેને પ્રસન્નતાપૂર્વક આવકારવાનું હોય, ઉજવવાનું હોય. આવા મૃત્યુ પાછળ આવી આપણી પરાપૂર્વની ભાવના રહેલી છે. આપણે રામજીભાઈને અન્તરની અંજલિ આપીએ અને તેમના યશસ્વી જીવનમાંથી સાહસની, પુરુષાર્થની, દાનવૃત્તિની, સૌજન્યની પ્રેરણા મેળવીએ!

## આચાર્ય રજનીશજી વિષે આટલું બધું આકર્ષણ કેમ?

તાજેતરમાં તેઓ જૂન માસની ૧૭, ૧૮ તથા ૧૯મી તારીખે મુંબઈ આવેલા અને તે દરમિયાન જુદા જુદા સ્થળોએ અને જુદી જુદી સંસ્થાઓના ઉપક્રમે તેમણે છ વ્યાખ્યાનો આપ્યાં હતાં અને તેનો લાભ લોકોએ ઘણી મોટી સંખ્યામાં લીધો હતો.

મુંબઈ શહેરમાં અનેક વિશિષ્ટ વિચારકો, પ્રચારકો, ધર્માચાર્યો તથા સાધુસંન્યાસીઓ આવતા જતા હોય છે અને તેમનાં વ્યાખ્યાનો તેમ જ પ્રવચનો મુંબઈ શહેરમાં ચાલતાં જ હોય છે. આ વ્યાખ્યાતાઓની હારમાળામાં રજનીશજી એક નવા આગન્તુક જેવા છે. તેમના પ્રત્યે એટલે કે તેમનાં પ્રવચનો પ્રત્યે લોકો આટલા બધા શા માટે આકર્ષાય છે? આના જવાબમાં તેમનું ભાષાપ્રભુત્વ, વિશદ નિરૂપણ, દૃષ્ટાન્ત—પ્રદાન—કુશળતા, દર્શનશાસ્ત્રોનું ઊંડું અધ્યયન—આવાં અનેક કારણો ગણાવી શકાય. પણ આવી વિશેષતાઓ તો વિશિષ્ટ કોટિના અન્ય વ્યાખ્યાતાઓમાં પણ નજરે પડે છે. તો આ બધાથી રજનીશજી જુદા શી રીતે પડે છે?

આપણે સદીઓ—જૂની સભ્યતા અને સંસ્કૃતિના વારસદાર છીએ, એટલે કે એ બન્નેના સંસ્કારોથી આપણું સમગ્ર જીવન અત્યન્ત મુદ્રિત-પ્રભાવિત હોય છે. આને લીધે આપણી માન્યતા-ધાર્મિક, સામાજિક તેમ જ સાંપ્રદાયિક—અમુક ઢાળામાં ઢળેલી હોય છે. તદનુસાર આપણે વિચારીએ છીએ, બોલીએ છીએ તેમ જ વર્તીએ છીએ. મોટા ભાગના વ્યાખ્યાતાઓનાં પ્રવચનો આ આપણા પરંપરાગત વલણોને પ્રતિબિંબિત કરતાં હોય છે, પુષ્ટ કરતા હોય છે અને તેથી તેવાં પ્રવચનો સાધારણતઃ આપણને ઠીક ઠીક ગમતાં હોય છે. પણ તેમાં મોટા ભાગે કોઈ મૌલિકતા કે નવીનતા હોતી નથી. પરિણામે વિચારો અને વલણોના બંધિયાર વાતાવરણથી સતત ઘેરાયલા હોઈને, આપણને એક પ્રકારની રુંધામણ લાગે છે, એક પ્રકારનો અંધકાર ભાસે છે, અને આપણું ચિત્ત કોઈ નવી હવાને, નવા પ્રકાશને ઝંખતું હોય છે. આચાર્ય શ્રી રજનીશજીની વાણી આ નવી હવા, નવો પ્રકાશ પૂરો પાડતી હોય એમ લાગે છે. આ રીતે તેઓ આગળના અને આજના પ્રવક્તાઓથી જુદા પડે છે. આ પ્રવક્તાઓ મોટા ભાગે પરંપરા—પૂજક હોય છે, રજનીશજી પરંપરાભંજક છે. આ પ્રવક્તાઓ શાસ્ત્રસમર્થક હોય છે; રજનીશજી સત્યાન્વેશીને શાસ્ત્રોને બાજુએ મૂકીને ચાલવા સૂચવે છે. આ પ્રવક્તાઓ મૂર્તિપૂજક હોય છે; રજનીશજી મૂર્તિભંજક—Iconoclast—છે. (મૂર્તિ એટલે કાષ્ટ કે પથ્થરની બનાવેલી દેવમૂર્તિઓ નહિ, પણ માનવીમનમાં જડાયલી વિચારમૂર્તિઓ—વિચારગ્રંથિઓ સમજવાની છે.) આ રીતે તેઓ આપણા ચિત્તમાં સ્થિર થયેલાં ધાર્મિક મૂલ્યોને અસ્થિર બનાવે છે, ધર્મગ્રંથ અને ધર્મગુરુઓની પકડમાંથી છટવાનું તેઓ ફરમાવે છે અને સત્યની ખોજને સ્વપ્રતિષ્ઠિત બનાવવા આવ્હાન કરે છે. શ્રોતાઓને આ કાંઈક નવું, પહેલાં સાંભળ્યું હતું તે કરતાં કાંઈક જુદું ભાસે છે અને પોતાની આધ્યાત્મિક તૃષા તેમના શબ્દો દ્વારા છીપતી હોય તેવો તેઓ અનુભવે કરે છે. તેઓ ચિરકાળ—સ્વીકૃત જૂનાં મૂલ્યોને પડકારે છે અને નવાં મૂલ્યો આગળ ધરે

છે. પ્રવર્તમાન વિચારોની વલણોની કાયાપલટ એ તેમની માગ છે. આ રીતે તેમને સમજવા અને તદનુસાર પોતાના વિચાર, વાણી અને વર્તનને પલટવા—એમાં જ તેમના વ્યાખ્યાનશ્રવણની સાર્થકતા રહેલી છે.

## સમેતશિખરની સમસ્યા: એક પરામર્શ

સમેતશિખરની સમસ્યા અંગે આચાર્ય તુલસી જણાવે છે કે:

"તીર્થરાજ સમેતશિખર જૈન જગતનું પવિત્ર ઐતિહાસિક સ્થાન છે. તે અનેક તીર્થંકરો તથા મુનિઓની સાધનાભૂમિ તથા નિર્વાણભૂમિ છે. એવી માન્યતા છે કે વીશ તીર્થંકરોએ આ પુણ્યભૂમિ દ્વારા નિર્વાણ પ્રાપ્ત કરેલ છે.

"જે તપોભૂમિદ્વારા વીતરાગતા પ્રવાહિત થઈ હતી, એ જ ભૂમિના કારણે રાગદ્વેષ વધે એ ચિન્તનીય છે. સમેતશિખરના વિષયમાં કેટલાએક મહિનાથી શ્વેતાંબર-દિગંબર સમાજમાં સંઘર્ષ ચાલી રહ્યો છે તેથી મનમાં ક્ષોભ થાય છે. એક બાજુ આપણે એવો પ્રયત્ન કરી રહ્યા છીએ કે સર્વ જૈન સંપ્રદાયોમાં સદ્‌ભાવના તથા મૈત્રી વધે અને બીજી બાજુએ માલૂમ પડે છે કે જૈન જગતના બે પ્રમુખ સંપ્રદાયોમાં તંગદિલી વધી રહી છે.

"જૈન લોકો આ બાબતમાં વિશ્વાસ ધરાવે છે કે જ્યાં તંગદિલી વધે છે ત્યાં આપણે સત્યથી દૂર જતા હોઈએ છીએ. હું જોઉં છું કે આ તંગદિલીમાં લોકો વાસ્તવિકતાથી દૂર જઈ રહ્યા છે. આજના વૈજ્ઞાનિક જગતમાં સમસ્યા ઉકેલવાની અનેક પદ્ધતિ વિકસિત થઈ છે. વિરોધી વિચારધારાવાળા રાષ્ટ્રો પણ સંયુકત રાષ્ટ્ર સંઘના મંચ ઉપર પોતપોતાના વિવાદોનો ઉકેલ લાવવાનો પ્રયત્ન કરતા હોય છે. રાજનૈતિક લોકો જો એક સામાન્ય મંચ ઉપર બેસીને પોતાના મતભેદોને દૂર કરવાનો પ્રયત્ન કરતા હોય તો એવું કયું કારણ છે કે ધાર્મિક લોકો એ મુજબ નથી કરી શકતા? હું વર્તમાન પરિસ્થિતિના સંદર્ભમાં ફરીથી મારો વિચાર રજૂ કરવા ઈચ્છું છું કે જૈન જગતની પ્રમુખ વ્યકિતઓ એક એવા સામાન્ય મંચની — મિલનભૂમિની—વાત વિચારે કે જે આંતરિક વિવાદોને ઉકેલવામાં તથા બહારની સમસ્યાઓનો સામનો કરવામાં શકિતશાળી બને.

"સર્વ જૈન સંપ્રદાયોના પ્રતિનિધિ-સંગઠનનો ઉપાય મેં એ માટે દર્શાવ્યો હતો કે નાના નાના પ્રશ્નો મહાન સંગઠનમાં વિઘ્ન પેદા કરી ન શકે.

"અનેકાન્ત દૃષ્ટિને સિદ્ધાંતરૂપમાં માન્ય નહિ કરવાવાળા લોકો પણ સમજાવટની નીતિમાં વિશ્વાસ કરવા લાગ્યા છે. જૈન લોકો માટે તો એ એક સામાન્ય સિદ્ધાંત છે. કોરો સિદ્ધાંત જ નથી, આચાર-વ્યવહારમાં પણ તેને સ્થાન આપવામાં આવ્યું છે. તેમના માટે સમજાવટની નીતિ વિવાદ પતાવવા માટે મુખ્ય પદ્ધતિ હોવી ઘટે. આજનું હિન્દુસ્તાન પહેલાંથી જ સંકટકાલીન સ્થિતિમાંથી પસાર થઈ રહ્યું છે. આજના વખતમાં કોઈ પણ સમજદાર વ્યકિત અથવા તો સંસ્થા માટે એ ઉચિત નથી કે તે કોઈ નવું સંકટ ઊભું કરે. હું જૈન સમાજને એ પરામર્શ આપવાનો પોતાનો વિશેષ અધિકાર માનું છું કે વસ્તુતઃ સમસ્યાને એ રીતે ઉકેલે કે જેથી કોઈ પક્ષની ઊંચી નીચીનો, નાનપ—મોટપનો પ્રશ્ન ન ઊઠે, બન્નેની સમાનતા તથા સ્વતંત્રતાની રક્ષા થાય.

"સમગ્ર જૈન શાસનના ભલા માટે આમ કરવું તે હું નીતાન્ત આવશ્યક માનું છું. હું વિશ્વાસ રાખું છું કે જૈન શાસનની અખંડતાનું સ્વપ્ન ચિન્તવવાવાળા સર્વ લોક મારી ભાવનાને સાથ આપશે."

આપણે આશા રાખીએ કે આચાર્ય તુલસીના આ પરામર્શનો ગંભીરપણે વિચાર કરીને શ્વેતાંબર તથા દિગંબર પક્ષના આગેવાનો સમેતશિખરના પ્રશ્નનો જરૂરી વાટાઘાટો અને સમજાવટ દ્વારા સુખદ નિકાલ લાવે અને પરસ્પરના સદ્‌ભાવને પ્રતિષ્ઠિત કરે.

## જૈન શ્વે. કૉન્ફરન્સ ઉદ્યોગગૃહ અંગે મળેલું ચર્ચાપત્ર

તા. ૧૬-૬-૬૫ના પ્રબુદ્ધ જીવનમાં 'જૈન શ્વે. કૉન્ફરન્સ ઉદ્યોગગૃહ અને બંધારણની ૩૨ મી કલમનો અક્ષમ્ય દુરૂપયોગ' એ મથાળા નીચે પ્રગટ થયેલ નોંધના અનુસંધાનમાં એ સંસ્થાની કાર્યવાહીમાંથી થોડા સમય પહેલાં નિવૃત્ત થયેલા શ્રી હીરાલાલ જુઠાભાઈ શાહ તરફથી એક પત્ર મળ્યો છે તેમાં ઉપર જણાવેલ મારી નોંધમાં રહેલ એક હકીકતદોષ તરફ ધ્યાન ખેંચતા તેમ જ ઉદ્યોગગૃહની કાર્યવાહીમાંથી તેમણે ગયા એપ્રિલ માસના પ્રારંભમાં આપેલા રાજીનામા સંબંધે ખુલાસો કરતાં તેઓ જણાવે છે કે:—

"સદરહુ નોંધમાં આ પ્રમાણે લખાયું છે: 'સમય જતાં નવા બંધારણ અનુસાર કરવામાં આવેલી ચૂંટણીમાં જૂના બન્ને મંત્રીઓ જેમાંના શ્રી લીલાવતીબહેન એક હતા તેમને મંત્રી તરીકે ચૂંટવામાં ન આવ્યા. વધતી જતી ખટપટના પરિણામે થોડા સમય પહેલાં શ્રી હીરાલાલ જૂઠાભાઈ શાહે અને શ્રી જસુમતીબહેન કાપડિયાએ રાજીનામું આપ્યું.' આ લખાણથી એમ સમજાય કે શ્રી લીલાવતીબહેનને મંત્રીપદે ન લીધા તેથી ખટપટ ઊભી થઈ અને તે ખટપટના પરિણામે બે કમિટીસભ્યોએ રાજીનામાં આપ્યાં.

"બંધારણ અનુસાર નવી કમિટીની ચૂંટણી તા. ૧૩-૬-૬૪ના દિને થઈ અને હોદ્દેદારોની વરણી તા. ૧૬-૬-૬૪ની કારોબારી સમિતિમાં થઈ. આ સભામાં જૂના મંત્રીઓના સ્થાને નવા મંત્રી આવ્યા, જ્યારે મારું રાજીનામું તા. ૧૦-૪-૬૫ના રોજ અપાયું છે. આ બે વચ્ચે દશ મહિનાનો સમય ગયો. એ રીતે આ નોંધમાં જે લખાયું છે કે વધતી જતી ખટપટને અંગે એટલે કે કમિટીસભ્યો અને હોદ્દેદારો સાથેના મતભેદો કે ખટપટના કારણે મારું રાજીનામું હોવાનું સમજાવવાનો ખોટો પ્રયાસ કરવામાં આવ્યો છે, જ્યારે ખરી રીતે મારે ઉદ્યોગગૃહની કમિટી સાથે કે હોદ્દેદારો સાથે કે ગૃહની કાર્યવાહી સાથે કોઈ પણ મતભેદ કે અસંતોષ હતો જ નહિ. પરંતુ મારા રાજીનામાનું ખરું કારણ તદ્દન જુદું જ છે અને તે અંગત છે જેથી તમને જણાવી શકતો નથી."

આના જવાબમાં જણાવવાનું કે શ્રી લીલાવતીબહેન જે ચૂંટણીના પરિણામે મંત્રીપદથી નિવૃત્ત થયા તે ચૂંટણી નવા બંધારણ અનુસાર તાજેતરમાં કરવામાં આવેલી ચૂંટણી નહોતી, પણ આશરે બાર મહિના પહેલાં જૂના બંધારણ નીચે કરવામાં આવેલી ચૂંટણી હતી એમ શ્રી હીરાલાલ શાહ જણાવે છે તે બરોબર છે અને આ રીતે મને મળેલી અધુરી માહિતીના પરિણામે મારા લખાણમાં હકીકતદોષ આવી ગયો છે અને એમ થતાં, શ્રી હીરાલાલ શાહ જણાવે છે તે મુજબ, શ્રી લીલાવતીબહેનના મંત્રી તરીકે નિવૃત્ત થવાની ઘટના સાથે શ્રી હીરાલાલ શાહના રાજીનામાને કોઈ જોડે એ સ્વાભાવિક છે, જ્યારે વસ્તુતઃ એ બે ઘટનાઓ વચ્ચે કોઈ તત્કાળ સીધો સંબંધ નથી. આ હકીકતદોષ માટે હું ખરેખર દિલગીર છું.

આમ છતાં એ હકીકત છે કે છેલ્લાં દોઢ બે વર્ષથી ઉદ્યોગગૃહના પ્રમુખ કાર્યકર્તાઓ વચ્ચે સંઘર્ષ અને આંતરિક વીખવાદ ચાલી રહ્યો હતો અને ઉત્તરોત્તર વધતો જતો હતો. તેના અંતિમ તબકકે શ્રી જસુમતીબહેન સાથે શ્રી હીરાલાલ શાહે રાજીનામુ આપ્યું હતું. આ રાજીનામાને ઉદ્યોગગૃહમાં ચાલી રહેલા અને ઉત્તરોત્તર ઉગ્ર બનતા જતા સંઘર્ષ સાથે કશો જ સંબંધ નથી એમ શ્રી હીરાલાલ શાહ જણાવે છે તે આજની પરિસ્થિતિના સંદર્ભમાં એકદમ ગળે ઉતરે તેવું નથી. આ રાજીનામાનું ખરું કારણ તદ્દન જુદું છે અને તે અંગત છે જેથી તેઓ મને જણાવી નથી શકતા એમ શ્રી હીરાલાલ શાહ જણાવે છે, તેમના રાજીનામા સાથે વહી રહેલી વાતોના સંદર્ભમાં આ 'અંગત' શબ્દ બહુ મોભમ છે અને તે અંગેના તર્કો શમાવવાને બદલે ઉલટાનું ઉત્તેજિત કરે છે. ઉદ્યોગગૃહના પ્રમુખ શ્રી રતિલાલ ઉજમશી શાહ તરફથી મળેલા એક પત્રમાં ઉદ્યોગગૃહ સાથે જોડાયેલી સઘળી બાબતોની પૂરી જાચ કરવામાં આવે અને તે માટે જૈન આગેવાનોની એક તપાસ સમિતિ નીમવામાં આવે એવી ઈચ્છા દર્શાવવામાં આવી છે. આશા રાખીએ કે એ જાચ—તપાસ દ્વારા ઉદ્યોગગૃહ અંગે ચાલી રહેલી સાચી ખોટી અનેક વાતોનું નિરાકરણ થઈ જશે અને આજ ઊઠેલો વાવંટોળ શમી જશે.

પરમાનંદ

# ☆ સુકી ધરતીનાં મીઠાં સ્મરણો—૮ ☆

રવિવાર તા. ૧૪-૨-૬૫

## માંડવી

હવે અમે ગામડામાંથી શહેરમાં આવી ગયા હતા.

માંડવી અમારા પ્રવાસનું છેલ્લું સોપાન હતું. માંડવીમાં અગ્રગણ્ય કોંગ્રેસી કાર્યકર શ્રી ઝુમખલાલ મહેતાએ અમારું સ્વાગત કર્યું.

અમે સૌથી પ્રથમ ત્યાંની ટી. બી. ક્લીનિકની મુલાકાતે ગયા. પાલીતાણાવાસી ડો. છોટાલાલ મહેતાએ તથા ડો. નૌશીર દસ્તુરે આ આખીય Well-equipped Clinic અમને બતાવી. ૧૯૪૯ની ૨૬મી જૂને શરૂ થયેલ આ ક્લીનિકમાં શરૂઆતમાં ૪ બેડ હતા અને આજે ૪૭ બેડ છે. નાના સરખા પાકા બાંધેલા ૪૭ બ્લોકોમાં ૪૭ બેડ છે. અહિં દરદી તથા તેની સાથે રહેનાર એક જણને બધી સગવડ આપવામાં આવે છે. દરદી સાથે રહેનાર એના સગાને રેશન એના હાથે દળવાનું હોય છે. ક્લીનીકમાં એક પ્રાર્થનાહોલ છે જ્યાં દરદીઓ પ્રાર્થના માટે રોજ ભેગા થાય છે. દરદીઓની પુનર્વસવાટ યોજના--એ એક ખરેખર સુંદર વિચાર અમે અહિં જોયો.

પછી અમે શેઠ ખીમજી રામદાસ કન્યા વિદ્યાલયની મુલાકાત લીધી. શ્રી. પુરુષોત્તમ ધનજી વેદ, ડો. નૌશીર દસ્તુર ઉપરાંત ત્યાંના નિયામક શ્રી. જોષી અને પ્રિન્સિપાલ ઈન્દુબહેન જોષીએ અમને બધે ફેરવ્યા અને સંસ્થાની માહિતી પુરી પાડી.

કન્યાકેળવણીના ક્ષેત્રે આ સંસ્થાએ સાધેલી સંગીન પ્રગતિ ખરેખર પ્રશંસનીય લાગી. વિદ્યાલયમાં શરૂઆતમાં ૪૦ કન્યાઓ અને ૪ શિક્ષકો હતા. આજે ૬૩૦ કન્યાઓ અને ૨૪ શિક્ષકો છે. અહિં શ્રીમતી ઈન્દિરા ગાંધીની પ્રેરણાથી કન્યાઓ માટે ખાસ નવી હોસ્ટેલ પણ બાંધવામાં આવી છે, જેનું આયોજન ઘણું જ સુંદર છે.

આ હોસ્ટેલમાં ૪૫ કન્યાઓને રાખી શકાય એવી સગવડ છે પણ અત્યારે આ હોસ્ટેલમાં માત્ર ૧૬ કન્યાઓ આવીને રહી છે. હોસ્ટેલમાં રહેવાની ફીનું ધોરણ કદાચ ત્યાંના લોકોને જરા આકરું પડતું હશે, આથી જ હોસ્ટેલમાં બહુ ઓછી સંખ્યામાં કન્યાઓ રહેવા આવતી હોય એમ બનવાજોગ છે. અહીં રહેતી અને છઠ્ઠા ધોરણમાં ભણતી બેબી નિરંજનાએ અંગ્રેજી-હીંદી-મરાઠી અને ગુજરાતી ભાષામાં દેશસેવાની પ્રતિજ્ઞા સંભળાવી અમને આશ્ચર્યમુગ્ધ કર્યા. જે નવી હોસ્ટેલ થઈ છે તે ૧ લાખ અને ૧૦ હજારને ખર્ચે બંધાઈ છે, જેમાં સરકારે ૬૬ હજાર રૂપિયા આપ્યા છે. કન્યાવિદ્યાલયની સાથે જ જોડાયેલા રાજાના મહેલનો ઉપયોગ શાળાનાં ધોરણો ચલાવવામાં થાય છે. આ પણ સમયની એક બલિહારી કહેવાય ને ?

હવે અમે માંડવીનાં સ્વ. મુનિ શુભવિજયજીના પુરુષાર્થથી નિર્માણ કરવામાં આવેલ પ્રખ્યાત જૈન આશ્રમમાં આવી પહોંચ્યા હતા. અહીં શેઠશ્રી હીરાલાલ ભુલાણીએ તેમ જ અન્ય આગેવાનોએ અમને આવકાર આપ્યો. આ આશ્રમની સ્થાપના સં. ૨૦૦૪ના વર્ષમાં કરવામાં આવી છે. આ આશ્રમને બીજું નામ "ધરડા--આશ્રમ" પણ આપી શકાય--કારણ આ આશ્રમમાં શરીરે અશકત અને જેની કોઈ સારસંભાળ રાખી ન શકે એવાં ભાઈ બહેનોને રાખવામાં આવે છે. અને અહીં દાખલ થનારની ઉમર લગભગ ૫૦ વરસની આસપાસની હોય છે. અમે ગયા ત્યારે આશ્રમમાં ૮૦ બહેનો અને ૪૦ ભાઈઓ હતાં. તેમની પાસે કશો જ ઉદ્યમ ન મળે તેથી એમને જોતાં આપણને લાગે કે આ લોકો મરવાને વાંકે જીવે છે. આ સંસ્થાની ત્રુટિ અમને એ લાગી કે અહિં જેમની પાસેથી કામ લઈ શકાય એવા લોકો પાસેથી પણ કશું જ કામ લેવામાં આવતું નથી. આશ્રમનો માસિક ખર્ચ રૂા. ૬૫૦૦ નો છે. પાંચ લાખનું સ્થાયી ફંડ છે, વ્યાજની રકમ અને બાકીની રકમ દાનો દ્વારા મેળવી આ સંસ્થાનો નિભાવ થાય છે. આશ્રમની અંદર એક સુંદર જિનાલય છે. પ્રવેશદ્વાર ઉપર આરસનાં બે બળદો છે. વિશાળ જગ્યામાં આવેલા આ આશ્રમનું વાતાવરણ ઘણું જ સુંદર અને સ્વચ્છ લાગ્યું.

આશ્રમમાં અમારે માટે સાથેભોજન કરવાનું હતું. અહિં અમારા માટે બાદશાહી કહી શકાય એવું ભોજન તૈયાર કરવામાં આવ્યું હતું. પરંતુ ભુજપુર અને ત્યારબાદ બીદડામાં અમે ઠીક ઠીક ખાધેલું હોઈને આ ભવ્ય ભોજનને અમે યોગ્ય ન્યાય આપી ન શક્યા.

રાત પડી ગઈ હતી. અમારે હવે જ્યાંથી પ્રવાસ શરૂ કર્યો તે રાયણ ગામે પહોંચવાનું હતું. રાયણમાં શાળાના બાળકોનો મનોરંજન કાર્યક્રમ હજુ અમારે જોવાનો હતો. પણ માંડવી જિલ્લા કોંગ્રેસ સમિતિનાં પ્રમુખ અને માંડવીના આગેવાન કાર્યકરોએ પરમાનંદભાઈ સાથે વાર્તાલાપ ગોઠવ્યો હતો. આ વાર્તાલાપમાં બધા સભ્યોને રોકવા ઠીક ન લાગતાં પરમાનંદભાઈ, દામજીભાઈ મગનભાઈ અને હું રોકાયા. બાકી બધાં રાયણ તરફ રવાના થયા.

માંડવી જિલ્લા કોંગ્રેસ સમિતિના કાર્યાલયમાં ગોઠવાયલા વાર્તાલાપમાં શ્રી પરમાનંદભાઈએ વર્તમાન રાજદ્વારી પરિસ્થિતિ અંગે કેટલાક વિચારો રજૂ કર્યા, એ દિવસોમાં અંગ્રેજી-હિંદીના પ્રશ્ન ઉપર દક્ષિણ ભારતમાં ચાલી રહેલા તોફાનો અંગે ઊંડો ખેદ દર્શાવ્યો, અને ગુજરાતમાં પણ અંગ્રેજીનું શિક્ષણ આઠમાંથી શરૂ કરવું કે પાંચમાંથી શરૂ કરવું એ મુદ્દા ઉપર ઝગડાઓ ચાલ્યા કરે અને કોંગ્રેસ તેનો કોઈ ઉકેલ ન લાવી શકે અને પરિણામે કોંગ્રેસ આવા પ્રમાણમાં નજીવા મુદ્દા ઉપર જર્જરિત થતી જાય એ વિષે પોતાનું આશ્ચર્ય તેમ જ દુઃખ વ્યકત કર્યું. સ્થાનિક કોંગ્રેસી કાર્યકરોએ પરમાનંદભાઈએ જે કાંઈ કહ્યું તેથી જુદા ન પડતાં તેમના વિચારોનું અનુમોદન કર્યું અને આજે દેશમાં જે કાંઈ ચાલી રહ્યું છે તે વિષે ઊંડી ચિન્તાની લાગણી વ્યકત કરી. આમ પરસ્પર વિચારોની સારી આપલે થઈ. ત્યાર બાદ અલ્પાહાર વડે તેમણે અમારું આતિથ્ય કર્યું અને અહિંના અગ્રગણ્ય કાર્યકર ડૉ. દસ્તુરે આભારનિવેદન કર્યું. આ ડૉ. દસ્તુર મૂળ નવસારીના છે અને અહિં આવીને વસ્યા છે અને તેમણે કચ્છના જૈન ગ્રેજ્યુએટ બહેન નલિનીબહેન સાથે લગ્ન કર્યું છે. કચ્છમાં આવા એક સંસ્કારી પારસી-ગુજરાતી યુગલને આ નિમિત્તે મળવાનું બનતાં અમે સવિશેષ આનંદ અનુભવ્યો.

## પાછા રાયણમાં

આ વાર્તાલાપ—મિલન પતાવીને અમે માંડવીથી રાયણ જવા ઉપડયા. રાયણ પહોંચ્યા ત્યારે રાત્રીના દસ વાગ્યા હતા. આમ ભદ્રેશ્વરથી સવારના નીકળેલા અને સ્થળે સ્થળે રોકાતા અને અનેક લોકોને મળતા હળતા થાકેલા પાકેલા અમે અહિં આવ્યા હતા અને શરીર આરામ અને નિદ્રાને ઝંખતું હતું, પણ અહિં પણ હજુ અમારા માનમાં યોજવામાં આવેલા પાઠશાળાના વિદ્યાર્થીઓના મનોરંજનકાર્યક્રમમાં હાજરી આપવાની હતી, ભાગ લેવાનો હતો. રાયણમાં જ્યાં અમારો ઉતારો હતો તે પાઠશાળાની બાજુએ આવેલા ચોગાનમાં જ પાઠશાળાના કાર્યકર શિક્ષક ભાઈબહેનોએ જાતમહેનતથી એક સ્ટેજ ઊભું કર્યું હતું. સ્ટેજના પડદા, વેશપરિધાન બધું કાંઈક કાચું લાગે, પણ તે પાછળ જે ઉત્સાહ અને પરિશ્રમ હતો તે ભારે પ્રશંસનીય હતો. અમારી સમક્ષ રજૂ કરવામાં આવેલ નાટક, રાસ, ગરબા વગેરેના રસપ્રચૂર કાર્યક્રમમાં બાલવિદ્યાર્થીઓનો અસાધારણ

ઉત્સાહ તરી આવતો હતો. અમારી આંખોમાં ઊંઘનું ઘેન ભરાયેલું હતું. અમારામાંના કેટલાક તો પથારીવશ થઈ ગયા હતા. પરમાનંદભાઈ પણ ઝોકાં ખાતા હતા. તેમને જોઈને અમને એક રીતે દયા આવતી હતી, કારણ કે આખો કાર્યક્રમ પુરો થાય ત્યાર બાદ તેમણે અમારા નેતા તરીકે આ કાર્યક્રમ યોજનાર સંસ્થાનો અને કાર્યક્રમમાં ભાગ લેનાર બાળ-વિદ્યાર્થીઓનો આભાર માનવાનો હતો. એટલે તેમને તો આખર સુધી ફરજિયાત બેસી રહેવાનું જ હતું. ઠંડી પણ ઠીક પ્રમાણમાં હતી પણ તેનું તો સાલ ઓઢીને નિવારણ થઈ શકતું હતું. આખરે મધરાતે કાર્યક્રમ પૂરો થયો અને પરમાનંદભાઈએ સ્ટેજ ઉપર જઈને બાળવિદ્યાર્થીઓને ધન્યવાદ આપ્યા અને રાયણ જેવા દેશના એક ખુણે આવેલી પાઠશાળા આવા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજી શકે છે તે આપણો દેશ કેટલો આગળ વધી રહ્યો છે તેનું સૂચક છે એમ જણાવીને તે વિષે પોતાનો આનંદ પ્રગટ કર્યો. અને અમારી પ્રવાસમંડળીના માનમાં આવો મનોરંજન કાર્યક્રમ યોજવા બદલ પાઠશાળાના કાર્યવાહકો અને શિક્ષક ભાઈઓનો હાર્દિક આભાર માન્યો.

પછી તો જાણે કે કોઈ બંધનમાંથી છૂટયા હોઈએ એમ આખા દિવસના કાર્યક્રમોની હારમાળામાંથી મુક્તિ મેળવીને અમે સૌ ગાઢ નિદ્રાને આધીન થયા અને જોતજોતામાં પડેલી સવારે અને પૂર્વાકાશમાં ઉદય પામેલા સૂર્યે અમને બીછાનું છોડવાની ફરજ પાડી.

**સોમવાર તા. ૧૫-૨-૬૫**

## રાયણમાં અંતિમ દિવસ

અમે અમારા કચ્છનો પ્રવાસ રાયણથી શરૂ કર્યો હતો. પ્રવાસનો આજનો છેલ્લો દિવસ રાયણમાં જ શાન્તિથી આરામમાં પસાર કરવાનો અને અહિંના લોકોને મળવાહળવામાં જ કાઢવાનો હતો.

સવારનું નિત્યકર્મ અને ચા-નાસ્તો ધીમે ધીમે પતાવ્યા બાદ સૌથી પહેલો કાર્યક્રમ અહિંની ગ્રામ પંચાયતને મુલાકાત આપવાનો હતો. કચ્છનો અમારો પ્રવાસ ગોઠવવામાં જેમણે અસાધારણ જહેમત ઉઠાવી હતી તે શ્રી મગનભાઈ અહિંના મૂળ વતની અને અહિં ચાલતી સહકારી મંડળીના તેઓ ચેરમેન છે. તેમણે આ સહકારી મંડળીની પ્રવૃત્તિનો અમને પૂરો ખ્યાલ આપ્યો.

ક વર્ગની આ એકજ મંડળી છે. સભ્યસંખ્યા ૪૫૫ની છે. મંડળીને હસ્તક ૩ ગામો છે. ત્યાર બાદ અમે પંચાયતની ઓફિસમાં ગયા. પંચાયતની ભાવિ યોજનાઓમાં, આરોગ્યકેન્દ્ર, મહિલા ગૃહઉદ્યોગ, કામદાર મંડળ, જાહેર પબ્લિક વર્ગ–પાકા જાજરૂઓ–ઓપન એર થીયેટર–ટેલીફોન વ્યવસ્થા અને કુટુંબ નિયોજન–છે. ગ્રામ પંચાયતના સરપંચ શ્રી શામજીભાઈ ઉર્ફે જખુભાએ સૌ સભ્યોનું સ્વાગત કર્યું અને રાયણને અમો મહાનુભાવોના દર્શનથી પાવન થયેલું સદ્‌ભાગી માન્યું... ત્યારબાદ શ્રી મગનભાઈએ પંચાયતની સમજ આપી કહ્યું "અમારી ગ્રામપંચાયતે લાખો રૂપિયાનાં કામ સરકારનાં અને પ્રજાના સહકારથી કર્યાં છે. અહિં જ્યાં આપણે બેઠા છીએ તે એક ધર્મશાળા હતી. આજે આ સુંદર અતિથિગૃહ છે. અમે બાલમંદિર ચલાવીએ છીએ. બાળકોને દૂધ પણ આપીએ છીએ. સંસ્કારકેન્દ્ર પણ ચલાવીએ છીએ. અમે ગામનાં હિતની વાતોમાં રાજદ્વારી વાતો ભૂલી જઈએ છીએ."

શ્રી પરમાનંદભાઈએ પંચાયત રાજ્ય અને ગ્રામ સહકારી મંડળી ઉપર બોલતાં અંતે કહ્યું "હું ઈચ્છું કે તમે આ રાયણ ગામને એક આદર્શ ગામડું Model Village–બનાવો."

ત્યારબાદ અમારી મંડળીના તનસુખભાઈએ તેમની સ્વરચિત શાયરીમાં દામજીભાઈને અભિનંદન આપ્યાં, પરમાનંદભાઈને બાગબાન તરીકે ઓળખાવ્યા અને ગ્રામ પંચાયતની સુંદર કાર્યવાહી માટે આનંદ વ્યક્ત કર્યો.

મેં પણ જણાવ્યું કે 'મારું કામ આભાર પ્રદર્શિત કરવાનું છે. પણ એ માટે મારી પાસે કોઈ શબ્દો નથી. આમ છતાંય સૌથી વિશેષ આભાર મારે દામજીભાઈનાં પત્ની-દેવકાબેનનો માનવાનો છે. અગર એમની સંમતિ અને સાથ ન હોત તો દામજીભાઈ પણ આ સાહસ ઉઠાવી ન શકત. આ સિવાય અમારી આખી યાત્રામાં બધી જ વ્યવસ્થા ઉપાડી લેનાર કર્મયોગી શ્રી મગનભાઈનો જેટલો આભાર માનું એટલો ઓછો છે. આ સિવાય જ્યાં જ્યાં અમે ગયા ત્યાં ત્યાં અમને પ્રેમનો જ અનુભવ થયો છે. આ યાત્રાનો અમારો અનુભવ ખૂબ સુખદ તેમ જ મીઠો છે. સ્મરણો હંમેશને માટે રહે એવો અમારો પ્રવાસ થયો છે. અહિંના મિત્રમંડળનો પણ હું અમારા સંઘવતી આભાર માનું છું."

આ પછી લીંબુનું પાણી સૌને આપવામાં આવ્યું. એનું પાન કરી અમારી મંડળી ઝવેરચંદભાઈનું મકાન જોવા ચાલી. રસ્તામાં મિત્રમંડળ મારફત ચાલતા દવાખાનાની મુલાકાત પણ લીધી. આ દવાખાનાને માસિક રૂા. ૫૦૦) નો ખર્ચ આવે છે. ડૉક્ટર દરરોજ સાંજે નિયમિત આવે છે. દવાના દશ પૈસા લેવામાં આવે છે.

ત્યારબાદ અમે ઝવેરચંદભાઈના ઘેર ગયા.

ઝવેરચંદભાઈનું મકાન વિશાળ તેમ જ સ્વચ્છ હતું. રસોડામાં મગનચૂલો જોવામાં સૌને રસ પડયો. આ ચૂલાથી ઘરમાં ધૂમાડો થતો નથી. દિવાલ કાળી થતી નથી અને રસોઈને જોઈતી ગરમી મળી રહે છે. ઝવેરચંદભાઈનાં પત્ની અને બાળકો અહિં રહે છે – તેમનાં પત્નીને ગામડાનું જીવન ગમે છે. મુંબઈ શહેરનું ધમાલિયું જીવન ગમતું નથી – ઝવેરચંદભાઈની એક બેબી મુંબઈ રહે છે. તેમનાં પત્નીએ અસલ કચ્છી પોશાક – ઓઢણી – ઓઢી હતી. દામજીભાઈનાં કુટુંબમાં લાજનો બીલકુલ રિવાજ નથી. જેઠ – મોટેરા–નાનાં વહુઓ સાથે છૂટથી બોલે છે...અહિં પણ ફ્રૂટ અને ઠંડાપીણાને ન્યાય આપવો પડયો.

ઝવેરચંદભાઈનાં ઘરેથી દામજીભાઈનાં ઘરે ગયા. આ એમનું મકાન તાજેતરમાં જ બંધાયેલું હતું એટલે બોમ્બે ઢબનું હતું – ત્યાં થોડો સમય રોકાઈ તેમની સામે આવેલું તેમનાં મોટા ભાઈ ગાંગજીભાઈનું મકાન જોયું. ત્યાંથી અમે શ્રી કાનજીભાઈની જગ્યાએ જમવા ગયા. ભોજન જમીને ઉતારે આરામ કરવા ગયા.

* * *

૩ વાગ્યા અને મગનભાઈ તેડવા આવ્યા. વાડીએ શેરડીનો રસ પીવા જવાનું હતું. કેટલાક બહેનો અને એક ભાઈ માંડવી શૉપીંગ કરવા ગયા – બાકીના વાડી તરફ ચાલવા લાગ્યા – એ પહેલાં રસ્તામાં મગનભાઈનાં મકાનની પણ મુલાકાત લીધી.

મગનભાઈનાં પત્ની પંચાયતનાં સભ્ય છે અને અન્ય સામાજિક પ્રવૃત્તિમાં પણ રસ લે છે.

* * *

દોઢ બે માઈલની અમારી પદયાત્રા પછી અમે ધનજીભાઈની વાડીએ પહોંચ્યા. ત્યાં અમે ખેડૂત-જીવનનું અદ્‌ભુત દશ્ય જોયું. પાંચ ભાઈઓનું કુટુંબ એક જ રસોડે રહે – ઘરમાં વડીલની ઉંમર ૧૦૨ વર્ષની. તેમને પાંચ છોકરા અને દરેકનાં ઘરે પણ પાંચ છોકરા. ઘરમાં પાંચ છ ઘોડિયા દેખાતાં હતાં. ખેતર – વાડી-ગાય ભેંસ–બળદો આ બધું જોઈને કોઈ એક ચિત્રપટ ઉપર આંકાયલું ચિત્ર જોતા હોઈએ એવું લાગતું હતું.

શેરડીઓ પીલાઈ. પેટ ભરી ભરીને રસ પીવરાવવામાં આવ્યો. અમારા તનસુખભાઈ અને ભગુભાઈ વચ્ચે શેરડીનાં લગભગ બે ફૂટ લાંબા સાંઠાની સ્પર્ધા થઈ. તનસુખભાઈ આખો સાંઠો ચુસી જવામાં પહેલાં આવ્યા અને ભગુભાઈએ હાર કબૂલ કરી. અલબત્ત ત્યાર

પછી તનસુખભાઈને એમનાં દાંત સાફ કરવામાં થોડીક તકલીફ પડી– પણ આ બધું જોવામાં અમને ખૂબ મઝા આવી.

અહીંથી પાછા વળતાં ફરી એક બીજી વાડીની મૂલાકાતે ગયા. ત્યાં ખાટલાઓ – ઢોલીઆઓ ઢાળવામાં આવ્યાં હતાં. ચંદરવાઓ બીછાવવામાં આવ્યાં હતાં. સુંદર સ્વચ્છ કપ-રકાબીમાં એલચીની સુવાસવાળી ચાહ લાવવામાં આવી. ચાહની જગ્યા તો નહોતી તો પણ અરધો અરધો કપ લેવો પડયો–આ વાડી ધનજીભાઈઈના વડીલ પુત્રની હતી.

* * *

હવે વાતોના ગપ્પા મારતાં મારતાં, રસ્તામાં આવતાં ઝાડને, છોડને, પાકને, ઓળખતાં ઓળખતાં રસ્તો કપાઈ ગયો અને અમે ઉતારે આવી પહોંચ્યા. જમવાની ઈચ્છા ન હતી. છતાં રોટલા-ખીચડી રાહ જોતા હતા એટલે થોડોક ન્યાય એને પણ આપવો પડયો.

* * *

હવે કચ્છમાં અમારી છેલ્લી રાત આવી ગઈ હતી. એ રાત લંબાય તો કેવું સારું – આ ખ્યાલથી આખર જલસો તો કરી જ લેવો એ માટે પ્રથમ દિને સંગીતકાર જોષીએ જે સંગીતમસ્તીનો અનુભવ કરાવ્યો હતો તે સંગીતમસ્તી માણવા અમે જોષીને બોલાવ્યા – તેઓ એમની મંડળી સાથે આવી ગયા – રાતના ૯ વાગે જલસો શરૂ થયો. શાસ્ત્રીય રાગો એક પછી એક છૂટવા લાગ્યા.

મીરાંના ભજનો પણ ગવાયા–હવે ૯, ૯॥, ૧૦ વાગવા આવ્યા પણ માંડવી ગયેલી ૩ બહેનો અને એક ભાઈની મંડળી હજુ પાછી ફરી ન હતી – તેની ચિંતા અમને જરા અસ્વસ્થ બનાવતી હતી, પણ થોડીવારમાં તેઓ આવી ગયા અને ચિંતાનું વાદળ ખસી ગયું. અને અંતે દુર્ગા રાગ ગવાયો.

* * *

અંતિમ આભારવિધિ કરતાં રાયણ ગામને નીચે મુજબની ભેટ પર્યટન મંડળી તરફથી કરવામાં આવી :

| | |
|---|---|
| રૂા. ૨૫૧.૦૦ | પાઠશાળાને |
| રૂા. ૧૦૧.૦૦ | ગ્રામપંચાયતને |
| રૂા. ૧૦૧.૦૦ | સંગીતકાર જોષી – અને પાર્ટીને |
| રૂા. ૫૧.૦૦ | મહાજનને. |
| રૂા. ૫૧.૦૦ | મનોરંજનમાં ભાગ લેનાર બાળ કલાકારોને |

અપૂર્ણ ચીમનલાલ જેઠાલાલ શાહ

# વિલાયતમાં દયાધર્મ

## ૨

ક્રૂરતાનિવારણનો કાયદો ધારાસભા પાસે મંજૂર કરાવીને, હેન્રી બર્ગ શેરીમાં નિકળ્યો, તો એક ઘોડાગાડીવાળો ઘોડાને ચાબખા મારતો હતો. એને એણે કહ્યું, 'આમ ચાબખા હવે ન મરાય, મારે તો ગુનો ગણાય.'

બર્ગ એક દિવસ બસમાં બેસીને જાય છે ત્યાં એક ખાટકી વાહનની કોરથી લટકતાં ને પીડાને લીધે આંખ ફાડતાં ઘેટાં ને વાછડાંને ગાડામાં ભરી લઈ જતો હતો તેને એણે જોયો, બર્ગ બસમાંથી ઉતરી પડયો ને એણે ખાટકીને પકડયો, પણ તે કોરટમાં છૂટી ગયો.

વળી એ જ્યાં માથું ફાટી જાય એવી દુર્ગંધ પ્રસરેલી હતી એવાં કતલખાનામાં જાય ને કતલ કરનારાની ક્રૂરતાનો વિરોધ કરે; એટલે કોકે કતલ કરેલા ઢોરનાં આંતરડાં એના માથે માર્યાં, મોઢા ઉપરથી લોહી લૂછ લઈને એ દવાવાળાની દુકાને ગયો ને કપડાં ઉપર પડેલા ડાઘ કઢાવી નાખ્યા. જનાવર પ્રત્યે ક્રૂરતા કરવા માટે અમેરિકામાં પહેલી શિક્ષા એણે એપ્રિલ માસમાં કરાવી.

જીવતા કાચબાના પગ વીંધી દોરીથી બાંધીને એને વહાણમાં નાંખીને લઈ જાય છે એમ બર્ગે જોયું એટલે એણે વહાણના મુખી તથા બીજા ખારવાને પકડાવ્યા, કોરટે બર્ગના વિરુદ્ધ ફેંસલો આપ્યો, પણ આગાસિઝ નામે વિજ્ઞાનીએ બર્ગનું ઉપરાણું લીધું.

કુકડાંનાં પીંછા એ જીવતાં હોય ત્યાં ખેંચી કાઢતા એનો અને દૂધવાળા દૂઝતાં ઢોર પર જુલમ કરતા એનો પણ બર્ગે વિરોધ કર્યો.

બર્ગે કાયદો કરાવ્યો ને લોકોની સહાનુભૂતિ પ્રાપ્ત કરી, પણ પૈસાનું કામ પડે તેનું શું થાય? બર્ગની આગળ જે ધન હતું તે પૂરું પડે એમ નહોતું. વધારે પૈસા ક્યાંથી મળે એની ચિન્તામાં એ વ્યગ્ર થઈ ગયો, ત્યાં ન્યૂ યોર્કની ઈસ્પિતાલથી એને એક સંદેશો આવ્યો, 'એક ભાઈ માંદા છે એને તમે કૃપા કરીને મળી જાઓ' બર્ગ ન્યૂ યોર્ક ગયો ને ત્યાં મો. બોનાર્ડને મળ્યો. બોનાર્ડ કહે, 'બર્ગભાઈ, તમારી વર્તમાનપત્રોમાં નિન્દા થાય છે તે હું જોઉં છું. જંગલી જનાવર ઉપર પાર વિનાનો જુલમ થાય છે તેનો હું સાક્ષી છું, એટલે તમારા કામ માટે થોડાક પૈસા મારે તમને આપવા છે તેનો સ્વીકાર કરો.' આ પછી થોડાક દિવસે બર્ગને ૧,૧૫,૦૦૦ ડૉલરનો ચેક મળ્યો. આના દાતા બોનાર્ડનો પાડ માનવા બર્ગ ઈસ્પિતાલે ગયો, ત્યાં તો એ મરી ગયો હતો.

આ પછી બર્ગને ઘણી આર્થિક સહાયતા મળી. આજકાલ ન્યુ યોર્ક શહેરની સોસાયટી જ એક વર્ષમાં ૨,૫૦,૦૦૦ જનાવરની ભાળ કાઢે છે, એને પાંજરાપોળમાં લઈ જાય છે. ગોરહમની શેરીઓ ઉપરથી રોજ ૪૫૦ ભૂલાં પડેલાં, માંદાં તથા ઘવાયેલાં જનાવરને સંભાળે છે અને એને ચોરી, ભૂખતરસ, ટાઢ, રોગ તથા અકસ્માતથી બચાવે છે. સોસાયટીની ઈસ્પિતાલમાં ન્યુ યોર્કનાં જનાવર વર્ષે ૬૩,૦૦૦ દિવસ સારવાર પામે છે. જે માણસ જેલમાં કે ઓચિંતો ઈસ્પિતાલમાં જાય એના પાળેલા પ્રાણી તથા ભારવાહી જનાવર પણ સોસાયટીને ભળાવાય છે.

જનાવરની રક્ષાને નિમિત્તે ન્યુ યોર્કની સોસાયટી એક વર્ષમાં ૬૦૦૦ પાળેલાં પશુપક્ષીની દુકાન, ૫૦૦૦ કૂકડાની માર્કીટ, અને તબેલાનું નિરીક્ષણ કરે છે, ને જનાવર પ્રત્યે ક્રૂરતાનાં કેસની તપાસ કરે છે. ગોરહમની સોસાયટી ૪૫ અવેડામાં ઘોડા માટે પાણી ભરાવે છે ને ઉનાળામાં ૪૩ તાત્કાલિક અવેડા ભરાવે છે. એણે વિવિધ સેવાને નિમિત્તે ૧૯૪૦ માં પાંચ લાખ ડૉલરનું ખર્ચ કર્યું હતું.

ન્યુ યોર્કમાં છે એવી સોસાયટીઓ યુનાઈટેડ સ્ટેટસમાં ૬૬૪ છે. તેમાં વર્ષે કેટલાય નવલાખ ડૉલર વપરાય છે ને કેટલાય નવ લાખ કલાકની મહેનત થાય છે. આ બધા એક હેન્રી બર્ગની દયા, સ્થિરતા ને દીર્ઘદૃષ્ટિનો પ્રતાપ છે.

બર્ગ ૧૮૬૪માં રશિયાથી અમેરિકા પાછો આવ્યો ત્યારથી તે ૧૮૮૮માં એનો દેહ પડયો ત્યાં લગી એણે ક્રુરતાનિવારણનું જ કામ કર્યું. એ કહેતો કે માણસ જનાવર ઉપર જુલમ કરે તેમાં જનાવર દુ:ખી થાય એ તો છે જ, પણ માણસ માણસ નથી રહેતો, ને પશુથી યે અધમ બની જાય છે.

જેમ જનાવર ઉપર તેમ જ છોકરાં ઉપર પણ જુલમ થાય છે તેની પણ બર્ગને મન ચિન્તા હતી. મેરી એલન નામે છોકરીને એનાં પાલક માબાપ મારતાં હતાં તે શ્રીમતી વીલર જોઈ ગયાં, ને એ બર્ગ આગળ ગયાં. બર્ગે મેરીનાં માબાપ ઉપર કેસ માંડયો ને એને શિક્ષા કરાવી, પછી મેરી નામે વકીલ તથા જૉન ડી. રાઈટ નામે ડાક્ટર સાથે મળીને બર્ગે બાળદયાની અરજી ઘડી. આ અરજીરૂપી બીજમાંથી જગતમાં પહેલી બાળક પ્રત્યે ક્રૂરતા-નિવારિણી ન્યુ યોર્કની સોસાયટીની સ્થાપના થઈ.

* હેન્રી બર્ગ વિષે કહેવાય છે કે એણે ભલાઈનો નવો પ્રકાર શોધી કાઢયો.

(ક્રમશ:)

દેસાઈ વાલજી ગોવિંદજી

* ડૉનાલ્ડ કલરોસ પીટી-કૃત 'લાઈવ્સ ઑફ ડેરિટની' (પ્રકાશક: અમેરિકન લાઈબ્રેરી) ઉપરથી.

# નવા જે. પી. સભ્યોનું સન્માન

તા. ૧૯-૬-૬૫, શનિવારના રોજ શ્રી. મુંબઈ જૈન યુવક સંઘ તરફથી નવા જે. પી. બનેલા સંઘના સભ્યો શ્રી દામજીભાઈ વેલજી શાહ તથા શ્રી ધીરૂભાઈ ગુલાબચંદ કાપડિયાનું સન્માન કરવા માટે શ્રી ગ્રેઈન રાઈસ, એન્ડ ઑઈલસીડસ મરચન્ટસ એસોસીએશનના હૉલમાં સન્માન સંમેલન યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંઘના સભ્યોએ સારી સંખ્યામાં હાજરી આપી હતી, અને શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ પ્રમુખસ્થાને બિરાજ્યા હતા. પ્રારંભમાં શ્રી પરમાનંદભાઈએ જણાવ્યું કે "શ્રી દામજીભાઈ આપણને એટલા બધા પરિચિત છે કે તેમનો કોઈ ખાસ પરિચય આપવાની જરૂર જ નથી. આપણી કાર્યવાહક સમિતિમાં ઘણા વર્ષથી તેઓ ચૂંટાતા આવ્યા છે. વીશા પ્રીન્ટરી તથા મુકેશ મેડીકલ સ્ટોર્સના તેઓ ભાગીદાર છે અને કાગદી મરચન્ટસ એસોસીએશનના તેઓ ઉપપ્રમુખ છે. સંઘ તરફથી યોજાયેલ કચ્છનો પ્રવાસ આટલો બધો સુખરૂપ અને સફળ નીવડ્યો તે પાછળ તેમનો અસાધારણ પરિશ્રમ અને ઊંડા દિલનો ઉમળકો છે, વિરલ સૌજન્ય અને દિલની ઉદારતા એ એમના વિશિષ્ટ ગુણો છે.

"અને ધીરૂભાઈ મારા પિત્રાઈ ભાઈ છે એટલે તેનો પરિચય આપતાં હું થોડો સંકોચ અનુભવું છું. તે મુંબઈ યુનિવર્સિટીનો ગ્રેજ્યુએટ છે. વિદ્યાર્થી તરીકેની કારકીર્દી સાધારણ, પણ મુંબઈમાં વ્યાપાર વ્યવસાયમાં સ્થિર થયા બાદ મુંબઈના જાહેર જીવનમાં તેનો સતત ઉત્કર્ષ થતો રહ્યો છે. તેની કારકીર્દીનો પ્રારંભ મુંબઈના પ્રોગ્રેસિવ ગ્રુપથી થયો છે. શરૂઆતમાં અમુક સમય સુધી સાધારણ સભ્ય, પછી તે કાર્યવાહક સમિતિમાં ચૂંટાયો; પછી મંત્રી અને પછી બે વર્ષ સુધી પ્રોગ્રેસિવ ગ્રુપનો તે પ્રમુખ બન્યો. તે દરમિયાન તે ખૂબ આગળ આવ્યો અને પ્રોગ્રેસીવ ગ્રૂપની પ્રતિષ્ઠા પણ તેને લીધે ખૂબ વધી. આજે તે ઈન્ડિયન મરચન્ટસ ચેમ્બરની કમિટીનો સભ્ય છે અને મુંબઈના જાહેર જીવનમાં તેણે અગ્રસ્થાન પ્રાપ્ત કર્યું છે. અહીં મારે જણાવવું જોઈએ કે આ સર્વ ઉત્કર્ષ જેમ અન્યની બાબતમાં હોય છે તેમ કોઈ કૌટુંબિક લાગવગને આભારી નથી પણ કેવળ તેના પુરુષાર્થને અને પોતાની જાતને આગળ ને આગળ ધક્કે લવાની તેની પોતાની આગવી સુઝને આભારી છે. મીલનસાર સ્વભાવ, કોઈને પણ ઉપયોગી થવાની તત્પરતા અને સરળ પ્રકૃતિ—આ તેના વ્યક્તિત્વની વિશેષતા છે.

"જે. પી. ની પદવી એ કેવળ માન-સન્માનની પદવી નથી, પણ તે સાથે મુંબઈના એક વિશિષ્ટ કોટિના નાગરિક તરીકેની જવાબદારી રહેલી છે. આપણે આશા રાખીએ કે આપણા આ બન્ને મિત્રો માટે આ જે. પી. પદ્વીની પ્રાપ્તિ તેમના ઉત્તરોત્તર થઈ રહેલા ઉત્કર્ષનું સૂચક એવા એક સીમા ચિહ્નરૂપ બને અને તેમની ભાવી કારકીર્દી વિશેષ અને વિશેષ ઉજ્જવલ બનતી રહે અને તેમના હાથે જનસેવાનાં અનેક કાર્યો સધાતાં રહે".

ત્યાર બાદ સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જેઠાલાલ શાહે—"ઘર આંગણે જે. પી. મિત્રો પ્રાપ્ત થતાં વ્યાપાર તેમ જ વ્યવહારના પ્રસંગોએ જે. પી.ની સહીઓ મેળવવાની જે મુશ્કેલી પડે છે તે દૂર થશે અને તેવા કામ માટે હવે આપણા માટે ખૂબ સરળતા થશે—અલબત્ત આપણે તેમને ખાત્રી આપીએ કે તેમને આપણે કારણ વિના અને ખોટી રીતે કદિ પણ પજવીશું નહિ—આમ જણાવીને પોતાનો આનંદ વ્યક્ત કર્યો અને નવા જે. પી. મિત્રોને તેમણે અભિનંદન આપ્યા.

ત્યાર બાદ શ્રી ચંપકભાઈએ, બન્ને સભ્યોનો પોતાની લાક્ષણિક રીતે પરિચય આપ્યો. બોમ્બે મ્યુનિસિપલ સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી જીવરાજ ભાણજી શાહે જે. પી. ના પદ સાથે રહેલી જવાબદારીઓ તરફ બન્ને મિત્રોનું ખાસ ધ્યાન ખેંચ્યું. શ્રી લીલાવતીબહેન દેવીદાસે તથા શ્રી ખેતશીભાઈએ પ્રાસંગિક વિવેચન કર્યાં અને પોતાનો આનંદ વ્યક્ત કરતાં હાર્દિક અભિનંદન આપ્યાં. પ્રોગ્રેસિવ ગ્રુપના આજના પ્રમુખ શ્રી ગિરીશ ચિતળિયાએ શ્રી ધીરૂભાઈને ઉદ્દેશીને બોલતાં જણાવ્યું કે, "પ્રોગ્રેસિવ ગ્રુપમાં ભાઈ ધીરૂભાઈ સાથે મેં વર્ષોથી કામ કર્યું છે. તેઓ મારા મુરબ્બી છે અને પ્રોગ્રેસિવ ગ્રુપમાં હું આજે આ સ્થાન ઉપર આવ્યો છું એ તેમની દોરવણીને અને માર્ગદર્શનને આભારી છે અને તેથી ધીરુભાઈ જે. પી. થયા તે અંગે તમો જેટલો આનંદ અનુભવો છો તેટલો જ હું આનંદ અનુભવું છું."

ત્યાર બાદ પ્રમુખશ્રીએ બન્ને જે. પી. સભ્યોને પુષ્પહાર પહેરાવતા જણાવ્યું કે "કેટલીક વાર પદવીથી પદવી પ્રાપ્ત કરનાર વ્યક્તિનું ગૌરવ વધે છે તો કેટલીક વાર વ્યક્તિથી પદવીનું ગૌરવ વધે છે. આજે આપણે એવી વ્યક્તિઓનું બહુમાન કરી રહ્યા છીએ કે તેમના વડે જે. પી. પદનું ગૌરવ વધ્યું છે એમ આપણે વિનાસંકોચ કહી શકીએ છીએ.

"આ જે. પી. ની સંસ્થા અંગ્રેજી હકુમતનો વારસો છે, અને એ સંસ્થા બ્રિટનમાં ઘણા સમય પહેલાંથી અસ્તિત્વ ધરાવે છે. દેશમાં સુલેહશાંતિ જાળવવા માટે લશ્કર રાખવામાં આવે છે; અને પોલીસ રાખવામાં આવે છે પણ આ બન્ને દળો કેવળ દંડથી કામ લે છે. આના પૂરક અંગ તરીકે જે. પી. અને ઑનરરી મેજિસ્ટ્રેટના પદ ઉપર પ્રતિષ્ઠાપાત્ર નાગરિકોની સરકાર નિમણુંક કરે છે અને તેમનું કામ નાગરિક શાન્તિ જાળવવામાં મદદરૂપ થવાનું લેખાયું છે. જે. પી.-માંથી કેટલાકના માથે ઑનરરી મેજિસ્ટ્રેટની જવાબદારી નાખવામાં આવે છે અને તેઓ નાના ગુન્હાઓનો ન્યાય ચૂકવવાનું કામ કરે છે. આ ઉપરાંત અમુક લખાણ અમુક વ્યક્તિનું કરેલું છે અને એ રીતે એટલા પૂરતું એ લખાણ Valid છે—બરોબર છે. એમ સૂચવવા માટે એ લખાણ ઉપર જે. પી. ને સહી સિક્કો કરવાનો હોય છે. આ ઘણી મોટી જવાબદારીનું કામ છે અને તેથી નવા જે. પી. મિત્રોને મારો આગ્રહપૂર્વક અનુરોધ છે કે તેમણે આ બાબતમાં કદિ પણ ગફલતી કરવી નહિ અને લખાણ કરનાર પોતાની સામે હાજરા-હજૂર ન હોય તો ગમે તેટલું દબાણ આવે તો પણ તેવા લખાણ ઉપર તેમણે ભુલેચુકે પોતાના સહી સિક્કા કરવા નહિ." આમ જણાવીને તેમણે આવી ગફલતોના કેટલાક દાખલા આપ્યા અને તેનાં ગંભીર પરિણામો રજૂ કર્યાં અને માર્ગદર્શન રૂપે બીજી કેટલીક પ્રાસ્તાવિક બાબતો જણાવીને બન્ને જે. પી. સભ્યોને તેમણે હાર્દિક અભિનંદન આપ્યાં અને તેમના વિષે ઊંડી શુભેચ્છા વ્યક્ત કરી.

આ સન્માનનો જવાબ આપતાં શ્રી દામજીભાઈએ પોતાનું આવું બહુમાન કરવા બદલ શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો અને શ્રી ધીરૂભાઈએ જણાવ્યું કે, "મારા પિતાશ્રી ભાવનગરમાં ઘણાં વર્ષોથી ઑનરરી મેજિસ્ટ્રેટ હતા અને તેથી મને આ જે. પી. પદ મળતાં મારા પિતાનીશ્રી પરંપરા જળવાયાનો હું એક પ્રકારે સંતોષ અનુભવું છું." વળી આગળ વધતાં તેમણે જણાવ્યું કે "આ મને જે. પી. પદ મળ્યું છે તેનો યશ મારા પ્રોગ્રેસીવ ગ્રુપને ઘટે છે, કારણ કે જાહેર જીવનની પ્રાથમિક તાલીમ મને પ્રોગ્રેસિવ ગ્રુપ દ્વારા મળી છે અને હું આજે જે છું તે પણ મોટા ભાગે તેને આભારી છે. અહિં જે. પી. ના પદ સાથે રહેલી જવાબદારી વિષે શ્રી જીવરાજભાઈ તથા પ્રમુખ શ્રી ચીમનભાઈએ જે ઉપયોગી સૂચનાઓ કરી છે અને એ રીતે એ જવાબદારી વિષે મને પૂરો સભાન બનાવ્યો છે તે માટે તેમનો હું ખાસ આભાર માનું છું.

"જે. પી. ની પદવી મને પ્રાપ્ત થઈ એ મારા માટે સેવાનું એક નવું દ્વાર ઉઘડ્યા બરોબર છે અને જે સંઘે મારૂં આ રીતે બહુમાન કર્યું છે તે સંઘના સભ્યોને મારી જે. પી. ને લગતી સેવા લેવા માટે સહજ અધિકાર પ્રાપ્ત થાય છે અને તેવી સેવા માટે આપમાંથી કોઈ મને ઘેર બોલાવશે તો તેને ઘેર જવામાં હું કોઈ નાનપ નહિ અનુભવું." આમ જણાવી શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો પણ તેમણે આભાર માન્યો.

પછી પ્રમુખશ્રી દ્વારા બન્ને જે. પી. સભ્યોનું કુલહારથી બહુમાન કરવામાં આવ્યું અને અલ્પાહાર બાદ સંમેલન વિસર્જન કરવામાં આવ્યું.

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઈ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૭ : અંક ૬

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, જુલાઇ ૧૬, ૧૯૬૫, શુક્રવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૨૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## વિ. સંવત ૨૦૨૦] શ્રી મુંબઇ જૈન યુવક સંઘનો વાર્ષિક વૃત્તાન્ત [ઇ. સ. ૧૯૬૪

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો ગત વર્ષનો વાર્ષિક વૃત્તાંત રજૂ કરતાં અમો આનંદ તેમ જ ગૌરવ અનુભવીએ છીએ. આપણો સંઘ ઈ. સ. ૧૯૬૫ના પ્રારંભ સાથે ૩૭મા વર્ષમાં પ્રવેશ કરે છે. છેલ્લી વાર્ષિક સામાન્ય સભાએ સંવનું વર્ષ વિક્રમ સંવતને બદલે અંગ્રેજી સાલ પ્રમાણે રાખવું એ મુજબનો ઠરાવ કર્યો હતો. એટલે ગત વર્ષ આપણા માટે ૧૪ મહિનાનું થયું છે, અને વહીવટી દૃષ્ટિએ આ વૃત્તાન્ત ૧૯૬૩ના કાર્તિક સુદ ૧ એટલે કે ૧૯૬૩ના ઑક્ટોબરની ૧૮ મી તારીખથી ૧૯૬૪ના ડિસેમ્બર માસની આખર તારીખ સુધીનો છે અને કાર્યવાહીની દૃષ્ટિએ છેલ્લી વાર્ષિક સામાન્ય સભા તા. ૨૭-૩-૬૪ ના રોજ મળી ત્યારથી આજ સુધીનો એટલે કે તા. ૨૬-૬-૬૫ સુધીનો આ વૃત્તાન્ત છે.

ગત વર્ષ દરમિયાન સંઘની વિવિધ પ્રવૃત્તિઓ પૂર્વવત્ એક સરખી ચાલુ રહી છે, પણ ગત વર્ષ દરમિયાન સંઘની આજ સુધીની કારકીર્દીમાં અતિ મહત્ત્વનો બનાવ, 'પ્રબુદ્ધ જીવને' ૧૯૬૪ ના એપ્રિલ માસની આખરે ૨૫ વર્ષ પૂરાં કર્યાં તેના સંદર્ભમાં, ગયા નવેમ્બર માસ દરમિયાન તા. ૧૪-૧૫ તથા ૧૬ એમ ત્રણ દિવસના ભરચક કાર્યક્રમ દ્વારા પ્રબુદ્ધ જીવનની રજત જયન્તી ઊજવવામાં આવી તેને લગતો છે. તો બીજી બધી પ્રવૃત્તિઓની વિગતો આપવા પહેલાં પ્રબુદ્ધ જીવનના આ રજત જયન્તી મહોત્સવની વિગતો રજૂ કરવાનું વધારે ઉચિત લાગે છે.

### 'પ્રબુદ્ધ જીવન'–રજત જયન્તી મહોત્સવ

પ્રબુદ્ધ જીવનનો પ્રારંભ 'પ્રબુદ્ધ જૈન" એ નામથી તા. ૧-૫-૩૯ ના રોજ કરવામાં આવેલો. તા. ૧-૫-૫૩ થી 'પ્રબુદ્ધ જૈન'નું 'પ્રબુદ્ધ જીવન' એ મુજબ નામ પરિવર્તન કરવામાં આવ્યું છે. પ્રારંભથી તે આજ સુધી આ પત્ર શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્ર તરીકે એક સરખું નિયમિત રીતે પ્રસિદ્ધ થઈ રહ્યું છે અને તેમાં પ્રગટ થતાં પરિવર્તનકારી લખાણો દ્વારા જૈન તેમ જ જૈનેતર - ગુજરાતી ભાષા-ભાષી–પ્રજાનો તેણે આદર તેમ જ પ્રેમ પ્રાપ્ત કર્યો છે. સંઘની આવી એક પ્રવૃત્તિ એકધારાં ૨૫ વર્ષ પૂરાં કરીને આગળ ચાલે એ સંઘના માટે અનુપમ ગૌરવનો વિષય ગણાય. પ્રબુદ્ધ જીવન ગમે તેટલી લોકોપકારક પ્રવૃત્તિ હોય, એમ છતાં પ્રબુદ્ધ જીવન કોઈ પણ એક સંપ્રદાય કે પક્ષનું પ્રચારક હતું નહિ અને છે નહિ તેથી, તેમ જ પ્રબુદ્ધ જીવનમાં જાહેરખબરો લઈને આર્થિક પુરવણી કરવી નહિ એવા પ્રારંભથી કરેલા નિરધારના પરિણામે, પ્રબુદ્ધ જીવનના સંચાલન પાછળ દર વર્ષે આશરે ૩૦૦૦ની ખોટ આવતી રહી છે. આમ 'પ્રબુદ્ધ જીવન' હંમેશા આર્થિક ચિન્તાનો વિષય બનેલ છે. પ્રબુદ્ધ જીવન અંગેની આર્થિક ચિન્તા હળવી બને એ હેતુથી અને સંઘની આર્થિક સ્થિતિ સદ્ધર બને એ હેતુથી પ્રબુદ્ધ જીવનની રજત જયન્તી પ્રસંગે રૂા. ૨૫૦૦૦.૦૦ની રકમ એકઠી કરવાનો લક્ષ્યાંક સંઘની કાર્યવાહીએ નક્કી કર્યો અને નવેંબર માસ દરમિયાન પ્રસંગને અનુરૂપ ત્રણ દિવસનો કાર્યક્રમ યોજવાનું નક્કી કરવામાં આવ્યું. આમાંથી પહેલી બાબત રૂા. ૨૫૦૦૦.૦૦ એકઠા કરવા ધારેલા તેના બદલે રૂા. ૨૯,૪૦૦.૦૦ની રકમના સંઘને વચનો મળ્યાં, જેમાંથી આ વહીવટી વર્ષ દરમિયાન રૂા. ૨૬૩૫૫.૦૦ વસુલ આવ્યા છે–એટલું જ નહિ પણ સૌરાષ્ટ્ર ટ્રસ્ટે 'પ્રબુદ્ધ જીવન'ને પોતા તરફથી દર વર્ષે રૂા. ૧૫૦૦.૦૦ની રકમ ભેટ આપવાની જાહેરાત કરી છે. આમ પ્રબુદ્ધ જીવનને ચલાવવા તેમજ વિકસાવવા અંગે સંઘને થોડા સમય માટે આર્થિક નિર્ભરતા પ્રાપ્ત થઈ છે.

રજત જયન્તી સમારોહ અંગે નીચેનો ચતુર્વિધ કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો :–

(૧) તા. ૧૪ મી નવેંબર શનિવાર સાંજના ૫-૩૦ વાગ્યે ભારતીય વિદ્યાભવનના ગીતા હૉલમાં પત્રકારત્વ અંગે શ્રી ગગનવિહારી લલ્લુભાઈ મહેતાના પ્રમુખસ્થાને જાહેર પરિસંવાદ યોજવામાં આવ્યો હતો અને તેમાં સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના સ્વાગત પ્રવચન બાદ 'મંગળપ્રભાત'ના તંત્રી કાકાસાહેબ કાલેલકરે 'પત્રકારત્વ અને સત્યનિષ્ઠા' એ વિષય ઉપર, 'ઈન્ડિયન એક્સપ્રેસ'ના તંત્રી શ્રી. ડી. આર. માંકેકરે 'પીળું પત્રકારત્વ' (Yellow Journalism) એ વિષય ઉપર, 'જન્મભૂમિ'ના તંત્રી શ્રી રવિશંકર મહેતાએ 'પત્રકારત્વ : પક્ષલક્ષી કે સત્યલક્ષી' એ વિષય ઉપર, 'સુકાની'ના તંત્રી શ્રી મોહનલાલ મહેતા (સોપાન)એ 'પત્રકારત્વ: વ્યવસાય કે ધર્મ (career or mission) એ વિષય ઉપર, સંઘના નિમંત્રણને માન આપીને અમદાવાદથી ખાસ આવેલા 'સંદેશ'ના તંત્રી શ્રી કપિલરાય મહેતાએ 'લોકશાહીના સંદર્ભમાં પત્રકારત્વનું કર્તવ્ય અને ફાળો' એ વિષય ઉપર, પરિચય પુસ્તિકાના આયોજક શ્રી વાડીલાલ ડગલીએ 'સામયિકોનું પત્રકારત્વ' એ વિષય ઉપર અને અમદાવાદથી ખાસ નિમંત્રણથી આવેલા શ્રી રતિલાલ દીપચંદ દેસાઈએ 'જૈન પત્રકારત્વ' એ વિષય ઉપર વિવરણ કર્યાં હતાં અને પ્રમુખશ્રી ગગનવિહારી મહેતાના અનુભવસમૃદ્ધ ઉપસંહાર સાથે આ પરિસંવાદની સમાપ્તિ થઈ હતી.

(૨) તા. ૧૫ નવેંબર રવિવારની સવારે ૯ વાગ્યે ભારતીય વિદ્યાભવનના વિશાળ વ્યાખ્યાનગૃહમાં 'પ્રબુદ્ધ જીવન'નો રજત જયન્તી સમારંભ સંઘના નિમંત્રણને માન આપીને દિલ્હીથી ખાસ આવેલા

પૂ. કાકાસાહેબ કાલેલકરના પ્રમુખપણા નીચે ઊજવવામાં આવ્યો હતો. આ પ્રસંગ ઉપર અમદાવાદથી પંડિત સુખલાલજી ખાસ પધાર્યા હતા અને તેમણે આ સમારંભને અતિથિવિશેષ તરીકે શોભાવ્યો હતો. સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહના સ્વાગત પ્રવચનથી આ સમારંભનો પ્રારંભ થયો હતો અને ત્યાર બાદ પંડિત સુખલાલજીએ અતિથિવિશેષ તરીકેનું પ્રેરક પ્રવચન કર્યું હતું. ત્યાર બાદ 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી શ્રી પરમાનંદભાઈએ એક વિસ્તૃત નિવેદન કર્યું હતું, જેમાં 'પ્રબુદ્ધ જીવન' ના સંપાદનકાર્ય પાછળ રહેલી તેમની ચોક્કસ વિચારસરણી તેમણે રજૂ કરી હતી. ત્યાર બાદ અધ્યાપિકા શ્રી હીરાબહેન પાઠક, અધ્યાપક શ્રી દલસુખભાઈ માલવણિયા, પંડિત બેચરદાસ જીવરાજ દોશી, મહારાષ્ટ્રના આરોગ્યપ્રધાન શ્રી શાન્તિલાલ હ. શાહ, પરિચય ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી. વાડીલાલ ડગલી, અમદાવાદવાસી શ્રી છોટાલાલ ત્રીકમલાલ પારેખ તથા સંઘના કોષાધ્યક્ષ શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી—આ સર્વ મિત્રો યા મુરબ્બીઓએ પ્રાસંગિક વિવેચનો કર્યાં હતાં અને છેવટે કાકાસાહેબ કાલેલકરે પ્રમુખસ્થાનેથી અત્યન્ત રોચક અને ઉદ્બોધક ઉપસંહાર કર્યો હતો. આ સર્વ વકતવ્યોમાં પ્રબુદ્ધ જીવન અને પરમાનંદભાઈ પ્રત્યેનો ઊંડો આદર અને સદ્‌ભાવ વ્યકત થતો હતો.

(૩) તા. ૧૫મી નવેંબર રવિવારની સાંજે મરીન લાઈન્સ ઉપર આવેલા તારાબાઈ હૉલમાં સંગીત નૃત્યનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે પ્રારંભમાં ઑલ ઈન્ડિયા રેડીઓ, મુંબઈના જાણીતા કલાકાર શ્રી નીનુ મજુમદાર અને તેમનાં પત્ની શ્રી કૌમુદી મુનશીએ શાસ્ત્રીય તેમ જ હળવું—બન્ને પ્રકારનું સુમધુર સંગીત રજુ કરીને શ્રોતાઓના દિલનું રંજન કર્યું હતું અને ત્યાર બાદ ઝવેરી ભગિનીઓ—બહેન નયના, રંજના, સુવર્ણા અને દર્શનાએ મણિપુરી પદ્ધતિના નૃત્યનો વૈવિધ્યભર્યો કાર્યક્રમ રજૂ કરીને સૌ કોઈને અત્યંત આનંદમુગ્ધ બનાવ્યા હતા.

(૪) તા. ૧૬મી નવેંબર સાંજના સમયે શ્રી પ્રાણસુખલાલ મફતલાલ સ્વીમીંગ પુલ કોમ્પ્લેક્ષમાં મુંબઈ પ્રાન્તિક કૉંગ્રેસ સમિતિના પ્રમુખ અને સંઘના સભ્ય શ્રી ભવાનજી અરજણ ખીમજીના પ્રમુખસ્થાને એક સ્નેહસંમેલન યોજવામાં આવ્યું હતું. આ સંમેલનમાં સંઘના સભ્યો તથા આમંત્રિત મહેમાનો મળીને આશરે ૪૦૦ ભાઈ બહેનોએ ભાગ લીધો હતો.

આમ 'પ્રબુદ્ધ જીવન' રજત જયન્તી સમારોહને લગતો ચતુર્વિધ કાર્યક્રમ ધારણા મુજબ પાર પડયો હતો. તેના આયોજનમાં રહેલી પ્રમાણબદ્ધતા અને સુરુચિયુકત વિવિધતાના કારણે અનેક ભાઈ-બહેનો ખૂબ પ્રભાવિત બન્યાં હતાં. આ પ્રસંગે શ્રી વિનોબા ભાવે, શ્રી કેદારનાથજી, દાદા ધર્માધિકારી, શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશી, શ્રી ઉછરંગરાય ઢેબર, શ્રી મનુભાઈ પંચોળી, શ્રી મગનભાઈ દેસાઈ, શ્રી ઉમાશંકર જોશી, શ્રી રવિશંકર મ. રાવળ, મુનિ જિનવિજયજી, શ્રી ચુનીલાલ વર્ધમાન શાહ, શ્રી હરભાઈ ત્રિવેદી વગેરે અનેક વિશિષ્ટ વ્યકિતઓ તરફથી સંખ્યાબંધ શુભેચ્છાના સંદેશાઓ પ્રાપ્ત થયા હતા. આ સમગ્ર સમારોહ અને સંદેશાઓની વિગતો ૧૯૬૪ના નવેંબર ૧૬, ડીસેંબર ૧ તથા ડીસેંબર ૧૬મી તારીખ—એમ પ્રબુદ્ધ જીવનના ત્રણ અંકોમાં પૂરા વિસ્તારથી પ્રગટ કરવામાં આવી હતી. આ રીતે પ્રબુદ્ધ જીવન રજત જયન્તી સમારોહ સંઘ તેમ જ સંઘના સભ્યો માટે એક ચિરસ્મરણીય પ્રસંગ બની ગયો છે. હવે સંઘની વિવિધ પ્રવૃત્તિઓનું અવલોકન કરીએ.

## સંઘની ત્રણ વિશિષ્ટ પ્રવૃત્તિઓ

### 'પ્રબુદ્ધ જીવન'

સંઘનું આ મુખપત્ર ઉત્તરોત્તર વધારે સુન્દર અને આકર્ષક બનતું જાય છે અને તેની કળા ઉત્તરોત્તર ખીલતી જાય છે. તેમાં પ્રગટ થતા ઉચ્ચ કોટિના અને જીવનદર્શનદાયી લેખો જૈન જૈનેતર સમાજમાં સારી ચાહના પામ્યા છે. ગત વર્ષ દરમિયાન જૈન સમાજને લગતા પ્રશ્નોની પ્રબુદ્ધ જીવનમાં કરવામાં આવેલી આલોચનાઓ વિશાળ જૈન સમાજમાં ઓછો વધતો ક્ષોભ પેદા કરતી રહી છે અને વિચાર-જાગૃતિનું બળવાન નિમિત્ત બનતી રહી છે. આ રીતે વિશાળ સમાજને-વિશેષત: જૈન સમાજને—અંધશ્રદ્ધામાંથી મુકત કરી, સંપ્રદાયના સંકુચિત વાડામાંથી બહાર કાઢી તેમાં વિચારજાગૃતિ નિર્માણ કરવાનું કાર્ય પ્રબુદ્ધ જીવન કરતું રહ્યું છે. પ્રબુદ્ધ જીવન આજે ગુજરાતી સામયિક પત્રોમાં એક મૌલિક ચિન્તન-પ્રેરક પત્ર તરીકે આગવું સ્થાન ધરાવે છે અને પ્રબુદ્ધ જીવનનું આવું ઘડતર કરવામાં આપણા પરમાનંદભાઈએ તેના તંત્રી અને સંપાદક તરીકે બહુ મહત્ત્વનો ફાળો આપ્યો છે એમ કહેવામાં જરા પણ અત્યુકિત નથી.

પ્રબુદ્ધ જીવનની ગ્રાહકસંખ્યા વધતી જાય છે, પણ તેની ગતિ ધીમી છે. જેઓ પ્રબુદ્ધ જીવનના ખરેખર પ્રશંસક છે—અને અમે ખાત્રીપૂર્વક માનીએ છીએ કે આ સંખ્યા નાની સુની નથી—તેઓ વ્યકિતદીઠ માત્ર પાંચ પાંચ ગ્રાહકો બનાવવાનું મનમાં લે તો પ્રબુદ્ધ જીવનનો કેટલો બધો ફેલાવો થાય? અને આર્થિક ખોટ તેટલા પ્રમાણમાં જરૂર હળવી બને. સંઘના સભ્યોની તો આ ખાસ ફરજ છે.

ગયા વર્ષ દરમિયાન પ્રબુદ્ધ જીવનની રજતજયન્તી દરમિયાન ઉત્તરોત્તર સારા કાગળ ઉપર દળદાર અંકો કાઢવામાં આવ્યા હતા તેના પરિણામે તેના સંચાલન પાછળ સારા પ્રમાણમાં ખોટ આવી છે. ઑડીટ થયેલા હિસાબ મુજબ પ્રબુદ્ધ જીવન ખાતે રૂા. ૩૯૧૦—૬૦ની આવક થઈ છે અને રૂા. ૮૨૬૨—૮૧નો ખર્ચ થયો છે, પરિણામે રૂા. ૪૩૫૨—૨૧ની ખોટ આવેલ છે. જાણાવતાં આનંદ થાય છે કે મે માસથી શરૂ થતા નવા વર્ષથી પ્રબુદ્ધ જીવન ન્યુસપ્રીન્ટ ઉપર છાપવાને બદલે વ્હાઈટ પ્રીન્ટીંગ પેપર ઉપર છાપવાનું શરૂ કર્યું છે, અને તેના લીધે પત્રનો ઉઠાવ આકર્ષક બન્યો છે.

### પર્યુષણ વ્યાખ્યાનમાળા

આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળા તા. ૩ સપ્ટેંબરથી તા. ૧૦ સપ્ટેંબર—એમ આઠ દિવસ માટે અધ્યાપક શ્રી ગૌરીપ્રસાદ ચુનીલાલ ઝાલાના પ્રમુખપણા નીચે યોજવામાં આવી હતી. શરૂઆતના છ દિવસની વ્યાખ્યાનસભાઓ બ્લેવાટ્સ્કી લોજમાં અને પાછળના બે દિવસની વ્યાખ્યાનસભાઓ ભારતીય વિદ્યાભવનમાં ગોઠવવામાં આવી હતી. નિયત કાર્યક્રમ મુજબ સર્વ વ્યાખ્યાતાઓ ઉપસ્થિત થયા હતા અને પોતપોતાના વિષયને તેમણે પૂરો ન્યાય આપ્યો હતો. પ્રો. ઝાલા આઠે દિવસની વ્યાખ્યાનસભાઓમાં નિયમિત રીતે ઉપસ્થિત થયા હતા અને પ્રત્યેક વ્યાખ્યાન અંગે જરૂરી ટીકાટીપ્પણી કરીને પ્રમુખ તરીકેની જવાબદારી તેમણે પૂરી નિષ્ઠાથી અદા કરી હતી. આ માટે સંઘ તેમનો ખૂબ જ ઋણી છે. પંડિત સુખલાલજી આગળનાં વર્ષો માફક આ વખતે પણ પોતાની નાજુક તબિયતના કારણે ઉપસ્થિત થઈ શકયા નહોતા.

આ વ્યાખ્યાનમાળા વ્યાખ્યાનવિષયોના વૈવિધ્યના કારણે તેમ જ પ્રભાવશાળી વ્યાખ્યાતાઓના કારણે દિન પ્રતિ દિન વધારે ને વધારે લોકપ્રિય બનતી રહી છે અને સભાસ્થાનો શ્રોતા ભાઈ-બહેનોની પ્રવાહબદ્ધ ઉપસ્થિતિના કારણે ઉભરાતાં રહ્યાં છે. આ વખતની વ્યાખ્યાનમાળા પાછળ સંઘને ૧૭૬૪-૪૫નો ખર્ચ થયો છે.

### શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય

આ વાચનાલય અને પુસ્તકાલયનો લાભ આસપાસ વસતા ભાઈબહેનો અને બાળકો પણ બહુ સારા પ્રમાણમાં લે છે. વાચનાલયમાં સરેરાશ ૧૨૫થી ૧૫૦ ભાઈઓ સામયિકો વાંચવા માટે દરરોજ સવાર સાંજ આવે છે. વાચનાલયમાં આવતા સામયિકોમાં ૭ દૈનિકો, ૨૭ સાપ્તાહિકો, ૮ પાક્ષિકો, ૪૬ માસિકો, ૧ ત્રિમાસિક અને ૪ વાર્ષિક એમ એકંદર ૯૩ સામયિકો આવે છે.

અને ભાષાની દૃષ્ટિએ ગણીએ તો ૭૭ ગુજરાતી, ૧૧ હિન્દી અને ૫ ઈંગ્લીશ એમ ૯૩ સામયિકો થાય.

પુસ્તકાલય વિભાગમાં ગત વર્ષ દરમિયાન રૂા. ૧૦૮૩ની કિંમતના પુસ્તકો ખરીદવામાં આવ્યા હતા. પુસ્તકાલયનો ચાલુ લાભ લેનારની સંખ્યા ૩૫૦ આસપાસની રહી છે.

ગત વર્ષ દરમિયાન આ પ્રવૃત્તિના સંચાલન પાછળ રૂા. ૭૮૬૫-૦૩નો ખર્ચ કરવામાં આવ્યો છે અને આવક રૂા. ૪૧૩૩-૨૬ની થઈ છે એટલે રૂા. ૩૭૩૧-૭૭ની ખોટ આવી છે. આગલા વર્ષોની ઊભી રહેલી ખોટ રૂા. ૪૫૨૦-૮૫ તેમાં ઉમેરાતાં આવક-જાવક ખાતે ખોટની રકમ રૂા. ૮૨૫૨-૬૨ની ઊભી રહી છે. આ વર્ષે વાચનાલય અને પુસ્તકાલયના નવનિર્માણમાં પણ હજારેક રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે અને પુસ્તકો પણ સારી એવી સંખ્યામાં ખરીદવામાં આવ્યાં છે, એટલે ખોટ વધારે આવી છે. તો આવક-જાવક ખાતે રૂા. ૮૨૫૨-૬૨ની ખોટની રકમ ઊભી રહે છે, અને આવતા વર્ષની જવાબદારી સાથે ગણતા એકંદર જવાબદારી ઘણી મોટી થતી હોઈ અમારું એવું સૂચન છે કે આગામી વર્ષમાં વાચનાલય અને પુસ્તકાલયના લાભાર્થે કોઈ સારું નાટક મેળવીને પ્રોગ્રામ ગોઠવવો અને તે રીતે વાચનાલય અને પુસ્તકાલયની ખોટને નાબૂદ કરવી.

**ગત વર્ષ દરમિયાન યોજાયેલાં સંમેલનો અને સન્માનસમારંભો**

(૧) તા. ૩-૬-'૬૪ મંગળવારના રોજ સાંજના સમયે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તથા બીજી જૈન સંસ્થાઓના ઉપક્રમે શ્રીમાન શાહુ શ્રેયાંસપ્રસાદ જૈનના પ્રમુખપણા નીચે ભારતના વડા પ્રધાન માનનીય શ્રી જવાહરલાલ નહેરુને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માટે એક જાહેર શોકસભા ગોવાળીઆ ટેન્ક ઉપર આવેલા શ્રી મહાવીર જૈન વિદ્યાલયના વ્યાખ્યાનસભા-હોલમાં યોજવામાં આવી હતી.

(૨) તા. ૨૦-૬-૬૪ શનિવારના રોજ સાંજના ૬-૧૫ વાગ્યે સંઘ તરફથી, સંઘના કાર્યાલયમાં "નહેરુના અવસાન પછીની ભારતની રાજકારણી પરિસ્થિતિ"એ વિષય ઉપર શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું એક જાહેર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું.

(૩) તા. ૨૫-૭-૬૪ શનિવારના રોજ સાંજના સમયે "શારદાગ્રામ" નામના શિક્ષણકેન્દ્રના સ્થાપક અને સંચાલક શિક્ષણાચાર્ય શ્રી મનસુખરામભાઈ જોબનપુત્રાનું "શારદાગ્રામ પાછળ રહેલી શૈક્ષણિક વિચારસરણી"એ વિષય ઉપર સંઘના ઉપક્રમે સંઘના કાર્યાલયમાં એક જાહેર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું.

(૪) શ્રી સતીશકુમાર તથા શ્રી ઈ. પી. મેનન નામના બે સર્વોદયી યુવાન કાર્યકરોએ આશરે ૭૦૦૦ માઈલની શાંતિયાત્રા પુરી કરીને ૧૦મી સપ્ટેંબરે મુંબઈમાં પ્રવેશ કર્યો હતો તેમનું, પર્યુષણ વ્યાખ્યાનમાળા પૂરી થઈ તેના બીજા જ દિવસે એટલે તા. ૧૧-૯-૬૪ ના રોજ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી બ્લેવાટસ્કી લોજમાં જાહેર સન્માન યોજવામાં આવ્યું હતું.

(૫) પર્યુષણ વ્યાખ્યાનમાળા પૂરી થયા બાદ તા. ૧૨-૯-૬૪ શનિવારના રોજ સાંજના ૬ વાગ્યે સમગ્ર વ્યાખ્યાનમાળાનું પ્રમુખસ્થાન શોભાવનાર શ્રી ગૌરીપ્રસાદ ચુનીલાલ ઝાલા તથા વ્યાખ્યાનમાળાના વ્યાખ્યાતાઓ સાથે સંઘની કાર્યવાહક સમિતિના સભ્યો તથા સંઘના કેટલાક સ્વજનોનું 'સ્નેહમિલન' સંઘ તરફથી શ્રી લીલાવતીબહેન દેવીદાસના નિવાસસ્થાને યોજવામાં આવ્યું હતું.

(૬) તા. ૨૧-૧૧-'૬૪ શનિવારના રોજ સંઘ તરફથી સાંજના સમયે મરીન લાઈન્સ ઉપર આવેલ 'મનોહર'માં "રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય રાજકારણ"એ વિષય ઉપર શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું એક જાહેર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું.

(૭) તા. ૪ જાન્યુઆરી સોમવારના રોજ સાંજના ૬ વાગ્યે સંઘ તરફથી શ્રી વિમલાબહેન ઠકારનો જાહેર વાર્તાલાપ શ્રી લીલાવતીબહેન દેવીદાસના નિવાસસ્થાને યોજવામાં આવ્યો હતો.

(૮) તા. ૨૧ જાન્યુઆરી ગુરુવાર સાંજના ૬ વાગ્યે સંઘ તરફથી સંઘના કાર્યાલયમાં-ભારત ઉપર ચીની આક્રમણ થયું ત્યારે એ અરસામાં નેફા વિસ્તારમાં જેમણે પ્રવાસ કર્યો હતો એવા અને આદિવાસી વિભાગમાં સેવાકાર્ય કરી રહેલાં પતિ-પત્ની શ્રી વસન્ત નારગોળકર અને શ્રીમતી કુસુમ તાઈનો "નેફા વિસ્તારના અનુભવો તેમ જ અહિંસક સંરક્ષણ વિચાર" એ વિષય ઉપર જાહેર વાર્તાલાપ ગોઠવવામાં આવ્યો હતો.

(૯) તા. ૮મી જાન્યુઆરી શુક્રવારના રોજ સાંજના સમયે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ભારત જૈન મહામંડળ તથા સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહના સંયુક્ત આશ્રય નીચે સ્વ. નાથાલાલ પારેખના અવસાન પ્રત્યે શોક પ્રદર્શિત કરવા શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે એક શોકસભા બોલાવવામાં આવી હતી.

(૧૦) તા. ૨૩-૨-'૬૫ મંગળવારના રોજ સાંજના ૬ વાગ્યે સંઘ તરફથી સંઘના કાર્યાલયમાં હિમાલયમાં આલ્મોરા ખાતે વર્ષોથી વસેલા જૂના કૉંગ્રેસી કાર્યકર શ્રી શાન્તિલાલ ત્રિવેદીનો "હિમાલય સાથે જોડાયેલી મારી જીવનયાત્રા"એ વિષય ઉપર એક જાહેર વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો.

(૧૧) તા. ૬-૪-'૬૫ મંગળવારના રોજ સાંજના ૬-૧૫ વાગ્યે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે શ્રી રસિકલાલ મોહનલાલ ઝવેરીનું નિવાસસ્થાન-ફૂલચંદનિવાસ-માં જાણીતા ચિંતક અને વિવેચક શ્રી કિસનસિંહ ચાવડાનો જાહેર વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો.

(૧૨) તા. ૧૦-૪-'૬૫ શનિવારના રોજ સાંજના ૬-૧૫ વાગ્યે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે સંઘના કાર્યાલયમાં "રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય રાજકારણની સમીક્ષા"એ વિષય ઉપર શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું જાહેર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું.

(૧૩) સંઘના સભ્ય શ્રી દામજીભાઈ વેલજી શાહ તથા શ્રી ધીરૂભાઈ ગુલાબચંદ કાપડિયાને મહારાષ્ટ્ર સરકારે જે. પી. ની પદવીથી તાજેતરમાં વિભૂષિત કર્યા છે તેમનું સંઘ તરફથી અભિનંદન કરવા માટે તા. ૧૯-૬-'૬૫ના રોજ મસ્જીદબંદર ઉપર આવેલા ધી ગ્રેન, રાઈસ એન્ડ ઓઈલ સીડસ મરચન્ટસ એસોસીએશનના હૉલમાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખસ્થાને સન્માન સંમેલન યોજવામાં આવ્યું હતું.

**સંઘ દ્વારા યોજાયલાં પર્યટનો**

(૧) તા. ૨૮ તથા ૨૯ માર્ચ ૬૪ શનિ-રવિ એમ બે દિવસ માટે કોસબાડ-બોરડી, જ્યાં શિક્ષણસંસ્થાઓ ચાલે છે તેના પરિચય માટે સંઘ તરફથી સંઘના સભ્યો તેમ જ તેમના કુટુંબીજનો માટે એક પર્યટન યોજવામાં આવ્યું હતું અને તે પર્યટન દરમિયાન તેની નજીક દહાણુમાં ચાલતા ભારતીય તાડગુડ શિલ્પભવનનું પણ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

(૨) તા. ૧૫-૧૬ ઑગસ્ટ શનિ-રવિ એમ બે દિવસ માટે પૂના નજીક આવેલ ચિંચવડ મુકામે જૈન વિદ્યાપ્રસારક મંડળ તરફથી કેટલીક શિક્ષણ સંસ્થાઓનું સંચાલન કરવામાં આવે છે તેના પરિચય માટે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી સંઘના સભ્યો તેમજ તેમના કુટુંબીજનો માટે ચિંચવડ-પૂના જવા આવવા માટેનું એક પર્યટન યોજવામાં આવ્યું હતું.

(૩) તા. ૨૩-૨૪ જાન્યુઆરી ૧૯૬૫ શનિ-રવિ એમ બે દિવસ માટે વલસાડ તેમ જ તેની નજીકમાં જ આવેલ અતુલ પ્રોડકટ્સ જવા આવવાનું એક પર્યટન સંઘના સભ્યો તથા તેમના કુટુંબીજનો માટે યોજવામાં આવ્યું હતું.

(૪) ૬ ફેબ્રુઆરીથી ૧૭ ફેબ્રુઆરી સુધી—એમ બાર દિવસ માટેનું કચ્છ—દર્શનનું એક પર્યટન સંઘ તરફથી સંઘના સભ્યો તેમ જ તેમના કુટુંબીજનો માટે યોજવામાં આવ્યું હતું.

**વૈદ્યકીય—રાહત**

સંઘ તરફથી, વૈદ્યકીય રાહતની અપેક્ષા ધરાવતા ભાઈ બહેનોને ઔષધો તથા ઈન્જેકશનો ખરીદી આપવામાં આવે છે. આ મદદ

જૈન-જૈનેતરો સૌ કોઈને કશા પણ ભેદભાવ સિવાય આપવામાં આવે છે. આ ખાતામાં ગયા વર્ષે રૂા. ૬૬-૮૨ લેણા રહેતા હતા અને વર્ષ દરમિયાન રૂા. ૧૦૧૩-૧૫ની મદદ આપવામાં આવી, એટલે આ વખતે રૂા. ૧૦૭૯-૯૭ વપરાયા, તેમાંથી તા. ૪-૪-૬૪ના રોજ મળેલ કાર્યવાહક સમિતિની સભાએ કરેલ ઠરાવ મુજબ રૂા. ૫૦૦ સંઘના જનરલ ફંડમાંથી લઈને આ ખાતે જમા કરેલ, એટલે એકંદર ચૂકવાયેલી રકમ રૂા. ૧૦૭૯-૯૭માંથી તે રૂા. ૫૦૦ બાદ કરતાં આ ખાતે વર્ષાન્તે રૂા. ૫૭૯-૯૭ની રકમ લેણી ઊભી રહે છે, અને આવતા વર્ષે પણ મદદ આપવાનું એ જ ધોરણે ચાલુ રાખ્યું હોઈ અને આનો ઉત્તરોત્તર વધારે લાભ લેવાતો હોઈ આ વર્ષે પણ હજાર બારસોની રકમ ચુકવાશે એટલે આ ખાતા માટે રૂપિયા બેએક હજારની જરૂર રહેશે. તો આના માટે પણ સ્વતંત્ર સારા એવા ભંડોળની જરૂર છે, જેથી જરૂરિયાતવાળા ભાઈ-બહેનોને પૂરતા પ્રમાણમાં રાહત આપી શકાય. તો આથી દરેક લાગતાવળગતા ભાઈ બહેનોને વિનંતી કરવામાં આવે છે કે આ ખાતામાં સારી એવી રકમો પોતા તરફથી અથવા અન્ય મિત્રો પાસેથી મેળવીને મોકલે.

સંઘમાં માંદાની માવજતનાં સાધનો પણ વસાવવામાં આવેલ છે અને તે કશા પણ નાતજાતના ભેદભાવ સિવાય અનેક કુટુંબોને આપવામાં આવે છે.

### સંઘની કાર્યવાહી તેમ જ આર્થિક પરિસ્થિતિ

સંઘ હસ્તક ચાલતી વિવિધ પ્રવૃત્તિઓનો ઉપર સંક્ષેપમાં ખ્યાલ આપવામાં આવ્યો છે. ગત વર્ષ દરમિયાન સંઘની કાર્યવાહક સમિતિની ૧૬ સભાઓ બોલાવવામાં આવી હતી. સંઘની આર્થિક પરિસ્થિતિને લગતી વિગતો આ સાથે સાંકળેલા આવકજાવકના હિસાબો અને સરવૈયા ઉપરથી માલૂમ પડે છે. સંઘને ગત વર્ષમાં ખર્ચ રૂા. ૭૦૫૨-૩૬નો થયો છે, આવક રૂા.. ૨૪૬૨-૨૭ની થઈ છે, અને સરવાળે રૂા. ૪૫૯૦-૯૯ની ખોટ રહી છે તથા પ્રબુદ્ધ જીવનની ખોટ રૂા. ૪૩૫૨-૨૧ તથા રજત જયન્તી સમારોહને લગતો ખર્ચ રૂા. ૨૮૦૪-૫૯ અને વૈદ્યકીય રાહતમાં રૂા. ૫૦૦ કાર્યવાહક સમિતિની સભાના ઠરાવ પ્રમાણે આપેલા તે-એમ એકંદરે ખોટ રૂા. ૧૨૨૪૬-૮૯ આવી, તે આપણા ચાલુ જનરલ ફંડમાં રૂા. ૨૭૮૫૯-૯૨ની રકમ પડેલી છે તેમાંથી બાદ કરતાં વર્ષની આખરે આપણું જનરલ ફંડ રૂા. ૧૫૬૧૩-૦૩નું રહેશે.

આ વર્ષે વ્યાખ્યાનમાળા દરમિયાન તેમજ પ્રબુદ્ધ જીવન રજત જયન્તી દરમિયાન જે ફંડ કરવામાં આવ્યું તેમાં રૂા. ૨૫૬૦૪-૮૯ ની આવક થઈ, તે રકમ તા. ૨૮-૮-૬૪ ના રોજ મળેલી મેનેજીંગ કમિટીએ કરેલ ઠરાવ પ્રમાણે કાયમી રીઝર્વ ફંડ ખાતે લઈ જવામાં આવી છે. આ રીતે રીઝર્વ ફંડ ખાતે આગળના રૂા. ૧૧૦૦-૦૦ જમા છે તેમાં આ રકમ ઉમેરતાં આપણું રીઝર્વ ફંડ રૂા. ૨૬૭૦૪-૮૯નું થાય છે.

આ વર્ષે દરેક પ્રવૃત્તિમાં વધારે ખર્ચ થયેલો દેખાશે તેનું કારણ મોંઘવારી અંગે થયેલ વધારે ખર્ચ ઉપરાન્ત, ૧૯૬૫થી આપણે સંઘનું વર્ષ ઈસ્વીસન પ્રમાણે ગણવાનું નક્કી કર્યું તેના બે માસ વધ્યા એટલે એકંદર ખર્ચ ૧૪ માસનો થયો. વળી પ્રબુદ્ધ જીવનના રજત મહોત્સવ અંગે પણ સારા પ્રમાણમાં ખર્ચ થયો. ગત વર્ષમાં થયેલા બહોળા ખર્ચ અંગે આ બાબતો ધ્યાનમાં લેવી ઘટે છે.

સંઘની ગત વર્ષની કાર્યવાહીનો આ વૃત્તાંત છે. જે મર્યાદા સ્વીકારીને સંઘ આજ સુધી પ્રવૃત્તિઓનું સંચાલન કરી રહેલ છે તે જોતાં ગત વર્ષની કાર્યવાહી સંતોષકારક લેખી શકાય. સંઘે ૩૬ વર્ષ પૂરાં કર્યાં છે. વાચનાલય અને પુસ્તકાલયે ૨૫ વર્ષ પૂરાં કર્યાં છે અને સંઘના મુખપત્ર પ્રબુદ્ધ જીવને ૨૬ વર્ષ પૂરાં કર્યાં છે. આજે અનેક સંસ્થાઓએ પોતાનાં મકાનો કર્યા છે. એ જોઈને સંઘના મિત્રો તેમ જ પ્રશંસકો સંઘ માટે અથવા તો વાચનાલય અને પુસ્તકાલય માટે પોતાનું મકાન ઊભું કરવાનો છેલ્લા બે ત્રણ વર્ષથી અનુરોધ કરી રહ્યાં છે. સંસ્થાના સ્થાયિત્વને સંસ્થાના સ્વતંત્ર મકાન સાથે ખૂબ સંબંધ છે. સંઘના આજે ૫૩૬ સભ્યો છે અને તેમાં કેટલાંક અર્થસંપન્ન છે, તેમ જ વિશાળ સમાજમાં સારી લાગવગ ધરાવે છે અને તેથી સંઘના આગેવાન સભ્યો-વાચનાલય અને પુસ્તકાલય પચ્ચીસ વર્ષ પૂરાં કરે છે એ વાતને લક્ષમાં રાખીને પણ-આ બાબત ધ્યાન ઉપર લે તો આ મનોરથની સિદ્ધિ બહુ મુશ્કેલ નથી. સંઘના સભ્યોને આ બાબત ઉપર પોતાનું ચિત્ત કેન્દ્રિત કરવાની ભલામણ કરવામાં આવે છે.

**રમણિકલાલ મણિલાલ શાહ**
**ચીમનલાલ જેઠાલાલ શાહ**
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

## સંઘની વાર્ષિક સામાન્ય સભા અને ચૂંટણીનું પરિણામ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૬-૬-૬૫ને શનિવારના રોજ સંઘના કર્યાલયમાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખસ્થાને મળી હતી, જ્યારે નીચે મુજબનું કામકાજ થયું હતું:-

(૧) સંઘનો વાર્ષિક વૃત્તાંત તથા સંઘ અને શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના વિક્રમ સંવત ૨૦૨૦ ની સાલના ઑડીટ થયેલા હિસાબો (જે આ અંકમાં અન્યત્ર પ્રગટ કરવામાં આવેલ છે) સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા તેમ જ સંઘની કાર્યવાહક સમિતિ તરફથી રજૂ કરવામાં આવેલા બન્ને સંસ્થાના ચાલુ વર્ષના અંદાજપત્રો મંજૂર કરવામાં આવ્યાં.

(૨) ત્યાર બાદ નીચે મુજબ સંઘના અધિકારીઓ તથા કાર્યવાહક સમિતિની ચૂંટણી કરવામાં આવી.

| | | |
|---|---|---|
| (૧) | શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ ... ... ... ... | પ્રમુખ |
| (૨) | " પરમાનંદ કુંવરજી કાપડિયા ... ... ... | ઉપપ્રમુખ |
| (૩) | " રમણિકલાલ મણિલાલ શાહ | મંત્રીઓ |
| (૪) | " ચીમનલાલ જેઠાલાલ શાહ | |
| (૫) | " રતિલાલ ચીમનલાલ કોઠારી | કોષાધ્યક્ષ |
| (૬) | " લીલાવતીબહેન દેવીદાસ | સભ્યો |
| (૭) | " જયંતીલાલ ફત્તેહચંદ શાહ | " |
| (૮) | " ભગવાનદાસ પોપટલાલ | " |
| (૯) | " ખીમજી માડણ ભુજપુરિયા | " |
| (૧૦) | " ચંદુલાલ સાકળચંદ શાહ | " |
| (૧૧) | પ્રો. રમણલાલ ચી. શાહ | " |
| (૧૨) | શ્રી રમણલાલ ચાલભાઈ લાકડાવાલા | " |
| (૧૩) | " દામજીભાઈ વેલજી શાહ | " |
| (૧૪) | " પ્રવીણભાઈ મંગળદાસ શાહ | " |
| (૧૫) | " સુબોધભાઈ એમ. શાહ | " |
| (૧૬) | " મફતલાલ ભીખાચંદ | " |
| (૧૭) | " જસુમતીબહેન મનુભાઈ કાપડિયા | " |
| (૧૮) | " કે. પી. શાહ | " |
| (૧૯) | " ખેતસી માલસી સાવલા | " |
| (૨૦) | " કાંતિલાલ ઉમેદચંદ બરોડિયા | " |

### કાર્યવાહક સમિતિમાં સભ્યોની પૂરવણી

ત્યાર બાદ તા. ૫-૭-૬૫ ના રોજ મળેલી સંઘની નવી કાર્યવાહક સમિતિએ કાર્યવાહક સમિતિમાં નીચે જણાવેલા સભ્યોની પૂરવણી કરી હતી:-

(૧) શ્રી દીપચંદ લક્ષ્મીચંદ સંઘવી
(૩) " રિષભદાસજી રાંકા
(૨) " ગુલાબચંદ તલકચંદ શેઠ
(૪) " નિર્મળાબહેન સુબોધચન્દ્ર શાહ

## શ્રી મ. મો. શાહ સા. વાચનાલય-પુસ્તકાલય સમિતિ

આ સમિતિમાં પ્રસ્તુત વાચનાલય-પુસ્તકાલયના નીચે જણાવેલ પાંચ ટ્રસ્ટીઓ અધિકારની રૂઈએ સભ્યો ગણાય છે:-

(૧) શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ
(૨) " પરમાનંદ કુંવરજી કાપડિયા
(૩) " રતિલાલ ચીમનલાલ કોઠારી
(૪) " રમણિકલાલ મણિલાલ શાહ
(૫) " ચીમનલાલ જેઠાલાલ શાહ

આ ઉપરાંત સંઘની કાર્યવાહક સમિતિમાંથી નીચેના ચાર સભ્યોની નિમણૂક કરવામાં આવી હતી:-

(૧) શ્રી ચંદુલાલ સાકળચંદ શાહ
(૨) " પ્રવીણભાઈ મંગળદાસ શાહ
(૩) " કાંતિલાલ ઉમેદચંદ બરોડિયા
(૪) " કે. પી. શાહ

આ રીતે વાચનાલય-પુસ્તકાલય સમિતિ નવ સભ્યોની બને છે અને તેમાંના પાંચ ટ્રસ્ટીઓમાંના એક શ્રી ચીમનલાલ જેઠાલાલ શાહની આ સમિતિના મંત્રી તરીકે નિમણૂંક કરવામાં આવી હતી.

**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

# ધર્મ એટલે શું ?

[ ગત મહાવીર જયન્તીના પ્રસંગે આચાર્ય રજનીશજી મુંબઈ પધારેલા તે દરમિયાન તેમણે ધાટકોપર ખાતે એક વ્યાખ્યાન આપેલું તેની સૌ. પૂર્ણિમાબહેન પકવાસાએ નોંધ લીધેલી. તે નોંધના આધારે સંકલિત કરીને તેમણે તૈયાર કરેલું વ્યાખ્યાન નીચે આપવામાં આવે છે. ]

**મારા આત્મનો,**

ધર્મસંબંધી તમારી પાસે કંઈક કહું તે પહેલાં એ જાણી લેવું જરૂરી છે કે ધર્મની મનુષ્યને શું જરૂર છે. આપણે ધર્મ માટે આટલા ઉત્સુક કેમ રહીએ છીએ. શું ધર્મ વિના મનુષ્ય જીવી ન શકે? કેટલાકોનું માનવું છે કે જીવનમાં ધર્મની આવશ્યકતા નથી. ધર્મની વાતો નિરર્થક છે. ધર્મનું જીવનમાં કોઈ સ્થાન નથી.

ધર્મ સંબંધમાં કંઈક વિચાર, જિજ્ઞાસા, કંઈક ચિંતન-મનન આપણે કરીએ તો બહુ ઉપયોગી થશે. શું ખરેખર ધર્મના અભાવમાં મનુષ્ય જીવન સંભવિત નથી? શું એના વિના જીવનમાંથી કંઈક નષ્ટ થતું હોય તેમ લાગે છે? દુનિયાનાં કોઈક કોઈક ભાગમાં અને ઈતિહાસમાં પણ કેટલાકોનું એમ માનવું હતું અને છે કે મનુષ્યને ધર્મ વગર કશી હાનિ નથી પહોંચવાની. જેઓની આ માન્યતા છે કે ધર્મની સાથે સંપૂર્ણતયા સંબંધ તૂટી જાય તો પણ કશી હરકત નથી, તેઓએ આ પ્રયોગ કરીને જોયું છે કે મનુષ્ય આજે જેટલો દુ:ખી છે તેટલો પહેલાં કદિ ન હતો. વિશ્વનો શ્રેષ્ઠતમ વિકાસ મનુષ્ય છે, તે છતાં ઝાડ-પાન, પશુ-પક્ષી એનાથી વધારે સુખી છે. આખી પ્રકૃતિ સૌંદર્ય અને સંગીતથી હરીભરી છે, છતાં માનવીના હૃદયની સંગીતગંગા સૂકીભઠ થઈ ગઈ છે. મનુષ્યને આ શું થઈ ગયું છે? એ એકલો જ એવું પ્રાણી છે કે જે પોતાની પ્રકૃતિ, પ્રગતિ અને સ્વરૂપથી વિચ્છિન્ન થઈ ગયો છે. જાણે કોઈ વિકસિત છોડ મૂળમાંથી હાલી ગયો હોય, તેનાં બધાં મૂળિયાં ઢીલાં થઈ ગયાં હોય, આધાર તૂટી ગયો હોય, તેવું લાગે છે. ધર્મના અભાવમાં બીજું શું થાય? જાણે આનંદની કોઈ સંભાવના ન રહી હોય, તેમ જીવન માત્ર દુ:ખમય લાગે છે. આ દુ:ખનું મૂળ કારણ જોવા જઈએ તો ધર્મથી આપણે છૂટી ગયા છીએ તે જ છે, ધર્મના અભાવમાં મનુષ્ય આનંદ, સમસ્વરતા અને સંગીત નહિ મેળવી શકે.

ધર્મનો કોઈ સંબંધ આત્મા અને પરમાત્મા જોડે નથી. એનો સંબંધ તો અંતરના સંગીત જોડે છે. ધર્મ એ "પોઝીટીવ"- વિધાયક સંગીત ઉત્પન્ન કરવાની એક શાશ્વત વ્યવસ્થા છે. આપણને જે જન્મથી મળે છે તે જ આપણું સ્વરૂપ નથી. એના સિવાય આપણામાં બીજું ઘણું ઘણું છે. તેને જો વિકસિત કરી શકીએ, પલ્લવિત કરી શકીએ તો તો આ જીવનમાં જ અપૂર્વ આનંદ પામી શકીએ. ધર્મનો સંબંધ આસ્તિકતા યા નાસ્તિકતા સાથે પણ નથી. આપણે ઈશ્વર, આત્મા અને શાસ્ત્રોને ન માનીએ તો ચાલી શકે; પરંતુ ધર્મને ન માનીએ તો ન ચાલે. પણ આ ધર્મમાં પ્રવેશ ક્યાંથી કરવો? સૌથી પહેલાં મને જે દુ:ખ છે તેનું સ્પષ્ટ ભાન થવું જરૂરી છે. ત્યાર બાદ તેનાથી ઉપર ઊઠવાની આકાંક્ષા, દુ:ખનું અતિક્રમણ કરવાની અભીપ્સા, અંધકારમાંથી પ્રકાશ પ્રતિ જવાની ઈચ્છા, મૃત્યુમાંથી અમૃત તરફ ગતિ, દુ:ખ ઉપર આનંદ અને સીમાના સીમાડા છોડીને મુક્તતા તરફ ચરણ વાળીએ. આ જ આકાંક્ષા, આ જ અભીપ્સા બીજી બધી વાતો છોડીને આપણને આત્મા તરફ લઈ જવા શકિતમાન થશે. આત્મા એ કેવળ માન્યતાની વાત નથી, પરંતુ સિદ્ધ થયેલી વાત છે, જો પ્રયાસ બરાબર થાય તો આપણે પણ એ સિદ્ધિ મેળવી શકીએ.

કેવળ પ્રકાશની વાતો કર્યા કરવાથી કશો ફાયદો ન થાય, એનો તો અનુભવ કરીએ તો જ સમજ પડે. આંધળાને પ્રકાશની વાતમાં શું સમજ પડે? પણ જો એને આંધળાપણાનું દુ:ખ લાગે તો જ આંધળાપણાની પીડામાંથી ઉપર ઉઠવાની એનામાં આકાંક્ષા જાગશે પ્રકાશ, એ મળવાની વાત નથી, એ તો જોવાની અને અનુભવવાની વાત છે. માનેલી વાતો કેટલીક વાર અસત્ય પણ હોય, પણ દેખેલી વાત સત્ય જ હોય છે. 'દેખ્યું–જોયું' તેને દર્શન કહેવાય. દર્શનનો અર્થ જ 'દેખવું' થાય છે. વિચાર એ એક નામની પ્રક્રિયા છે. પણ દર્શન વિરાટમાં લઈ જાય છે. જેને આવા દર્શનને પામવું હોય તેણે પોતાના જીવનની ચર્યા બદલવી પડશે. વાતો આત્માની કરીએ અને ચર્યા જૂદી જાતની હોય તો કશો ફાયદો ન થાય. વાતોથી સ્વતંત્ર થઈ જાઓ, કેવળ વાતો કર્યા કરવાથી જમીનથી ઉપર ઉઠી શકાતું નથી. એટલે જ ભગવાન રામકૃષ્ણ પરમહંસે કહ્યું છે કે "કેટલાક લોકોનું ઉડ્યન સમડી જેવું હોય છે. ઉપર વિશાળ આકાશમાં ઉડવા છતાં તેની નજર હંમેશા જમીન પર પડેલા સડેલા માંસનાં ટૂકડા તરફ હોય છે." એટલા માટે વિચારોનું કોઈ મૂલ્ય નથી, આપણને એક જ વાતની ગભરામણ થવી જોઈએ. કે મને મારું દુ:ખ કેમ ન દેખાય? ધાર્મિક થવાની પહેલી શરત છે દુ:ખનો બોધ. આંખો ઉઘાડીએ તો ચારે બાજુ દુ:ખ સિવાય બીજું કંઈ નથી દેખાતું, આખું જગત જાણે દુ:ખનો સાગર હોય તેમ લાગે છે, પણ જરા ઊંડાણથી જોઈશું તો લાગશે કે દુ:ખનું મૂળ કારણ તો આપણા પોતામાં જ પડેલું છે. આપણે જ આપણને પોતાને દુ:ખની સાંકળોથી જકડીને બાંધી રાખેલ છે. કાંટાનું વાવેતર આપણે પોતે જ કરેલું છે. આ દુ:ખનું દર્શન અને તેના મૂળભૂત કારણ આપણે પોતે જ છીએ તે જો સમજ ન પડે તો મુક્તિ સંભવિત નથી.

દુ:ખમુક્તિ તો ત્યારે જ સંભવિત બને કે જ્યારે એ સમજ પડે કે આ દુ:ખનો કિલ્લો મેં જ ચણ્યો છે. આશા માત્ર એક જ રહે કે જ્યારે સ્પષ્ટ દેખાય કે આ દુ:ખ મારું બોલાવેલું જ છે, મારું મહેમાન છે. બોલાવું તો આવે, અને વિદાય કરી દઉં તો ચાલ્યું પણ જાય. દુ:ખનું કારણ હું પોતે દૂર કરી શકું છું તેવી શ્રદ્ધા તે જ ધર્મનો પાયો છે.

પ્રાચીન સમયમાં કોઈ એક રાજ્યમાં એક અદ્‌ભુત લુહાર-કારીગર હતો. એના કૌશલ્યથી એ દેશભરમાં પ્રસિદ્ધ હતો. દૂર-દૂરનાં પ્રવાસીઓ, યાત્રીઓ એની બનાવેલી ચીજો ખરીદતા હતા. એકવાર બીજા કોઈ રાજાએ આક્રમણ કર્યું, તેમાં એ રાજ્ય હારી ગયું. રાજા સાથે પ્રજા પણ બંદીવાન બની, આ લુહારને પણ પકડવામાં આવ્યો. બધાંની સાથે તેને પણ જંજીરોમાં બાંધીને એક ખાડામાં ફેંકી દીધો. આટલા દુ:ખમાં પણ એ ખૂબ શાંત હતો, કારણ કે એને પરમ વિશ્વાસ હતો પોતાના કૌશલ્ય ઉપર, કે ગમે તેવી મજબૂત જંજીરો હોય તેને પણ એ તોડી શકશે. એણે જંજીરને તપાસવા માંડી કે ક્યાંકથી કોઈક કડી નબળી હોય તો ત્યાંથી ઝાટકો મારીને તોડી શકાય. પણ એવી કમજોર કડી કોઈ ન મળી. એટલે એને આશ્ચર્ય થયું કે આટલી બધી મજબૂત અને ક્ષતિરહિત સાંકળ કોની બનાવેલી છે તે જરા જોઉં. બારીકીથી જોતાં એક કડી ઉપર તેનું પોતાનું જ નામ કોતરેલું મળી આવ્યું. આ જંજીર તેની પોતાની જ બનાવેલી હતી. એણે કપાળ કૂટ્યું, કે આ તો મારી બનાવેલી જંજીરમાં જ હું ફસાઈ ગયો. એક પણ કમજોર કડી નથી રાખી. હે પરમેશ્વર, હવે મારું શું થશે?

અંદરથી અવાજ આવ્યો કે, 'હિંમત ન હાર, ગભરા નહિ, જે કૌશલ્યથી આટલી મજબૂત સાંકળ તેં બનાવી છે તે જ

કૌશલ્ય એને તોડવામાં પણ સમર્થ બની શકે, પુરુષાર્થ કર." તેનામાં એકદમ હિંમતનો સંચાર થયો અને થોડીવારમાં જ તે બંધનમુક્ત થઈ ગયો.

આ દૃષ્ટાંતકથા આપણને સૌને લાગુ પડે છે. આપણાં હાથપગ અને દિમાગ આપણી જ બનાવેલી કડીઓથી બાંધેલા છે. જગતમાં કોઈ બીજાનો કેદી નથી. આપણે આપણાં જ કેદી છીએ. એટલા માટે બીજાને દોષ ન દો કે તેઓ મારા દુઃખનું કારણ છે. જો બીજાઓ જ આપણા દુઃખનું કારણ હોય તો તેને દુઃખમુક્ત થવાની કોઈ આશા નથી. પણ જો હું પોતે જ મારા દુઃખનું કારણ હોઉં તો પૂરેપૂરી આશા છે, સંભાવના છે. એ કારણને જેવું દૂર કર્યું કે દુઃખ વિલીન થઈ જશે.

આપણા દુઃખનું સ્મરણ કરો કે ખરેખર શું પીડા છે? પ્રત્યેક પીડામાં આપણે હાથે બનાવેલી જંજીરની કડી દેખાશે. એને 'કર્મ' કહીશું. એ કર્મની કડી આપણને રોજ બાંધ્યા કરે છે. પ્રતિક્ષણ બંધન ઉપર બંધન બંધાયે જ જાય છે અને એ બંધનો દ્વારા મુક્ત-જીવનની સંભાવના ઓછી થતી જાય છે. ક્રોધ, ઘૃણા અને મનની કલ્પનાઓ કડીઓનું નિર્માણ કરે છે. આપણી અંદરનો લુહાર ચોવીસે કલાક ધમધોકાર આવી કડીઓ બનાવ્યા કરે છે. જાગૃતા-વસ્થા તેમ જ નિદ્રાવસ્થામાં આ કાર્ય ચાલુ જ રહે છે. સ્વપ્નમાં પણ ક્રોધ, મારામારી, કાપાકાપી, હત્યા આદિ ચાલુ રહે છે. વેર, કડવાશને આપણે ભૂલી શકતા નથી. વરસો પહેલાં કોઈએ કરેલું અપમાન આપણે ભૂલી શકતા નથી. બલકે એવા પ્રસંગોને યાદ કરીને સ્વાદથી વાગોળતા, તેટલો જ ક્રોધ એ પ્રસંગ યાદ કરતા આજે પણ આવી જાય છે અને તે અપમાનનું શારીરિક કે માનસિક રીતે વેર લેવા મન તલપાપડ બની રહે છે.

સૌથી મોટા આપત્તિ આપણે પોતે જ છીએ. વાસ્તવમાં આપણે કોઈને ખરેખર છરો ભોંકયો કે નહિ તેનો સવાલ નથી. તેથી કંઈ વિશેષ ફરક નથી પડતો. મનથી જે છરો ભોંકવાની, કોઈને નુકસાન કર્યાની અથવા વેર વાળ્યાની કલ્પના કરી તેનાથી કર્મ તો બંધાઈ ચૂક્યું. એકમાં તો આદમી બહાર મરે છે, બીજામાં અંદર મરે છે. એ સાચેસાચ મરે છે કે નહિ તે મહત્ત્વપૂર્ણ નથી, પણ તમે તો જરૂર એને માર્યો જ—ભલે મનથી—તે મહત્ત્વપૂર્ણ છે. કર્મની આવી કડીઓનો મોટો પહાડ ખડકાઈ જાય ત્યારે એની નીચે દબાઈ—ચંપાઈને તરફડીએ, ચીસો પાડીએ, પણ છૂટકારો થતો નથી. કારણ કે પહાડ મોટો જંગી અને આપણે એની પાસે નાના પડી જઈએ છીએ. જરા વિચારીએ કે આવડો મોટો પહાડ બન્યો શી રીતે?

રોજ આપણે એકએક પત્થર બાંધવાની ક્રિયા ચાલુ રાખીએ તો એક દિવસ એ બોજો એટલો મોટો થઈ પડે કે આપણે હાલી-ચાલી પણ ન શકીએ. આપણે આપણી ચારેબાજુ રચાવાં પત્થરોને લટકાવ્યા છે, અને એના ભાર તળે આપણું જીવન છુંદાઈ રહ્યું છે. જે જીવન પુરુષાર્થ કરીને પરમાત્મા બનવા સર્જાયું હતું, તે જ જીવન કર્મની કડીઓ દ્વારા પશુતામાં પરિણમ્યું. આપણી પાંખો કપાઈ ગઈ છે. જો નિર્ભાર થઈ શકો તો વિશાળ વ્યોમમાં ઉડવાની સંભાવના છે. આ કર્મના પહાડ ઉપર અંતિમ પત્થર પડે એટલે નર્ક નિર્માણ થાય છે. પણ આમાંથી બચાવનાર એક વસ્તુ છે અને તે આપણી ચેતના. એ એકલી ચેતના જ જો જાગે તો આ બધો ભાર હટાવી શકે છે, અને તે જ મોક્ષ છે.

વ્યક્તિનાં અંતરમાં ઘટનાઓનાં તાંતણા બનતા જ રહે છે, અને તેમાંથી એક મજબૂત દોરડું બની જાય છે. આ દોરડાને આઘાત આપીને તોડવાનું છે, આપણી અંદર બની રહેલી કડીઓ તોડવાની છે, અને નવી કડીઓ ન બને તેની તકેદારી રાખવાની છે. અંદર પડેલા બીજ અંકુરિત ન બને તે જોવાનું છે. તો જ વ્યક્તિ નિર્ભાર બની શકે. આ સ્થિતિને ભગવાન મહાવીરે નિર્જરા કહી છે. જો મનુષ્યમાં આ પ્રક્રિયા ઘટિત થાય તો તે ક્રમશ: દુઃખમાંથી બહાર આવી શકે, પત્થરોનાં ચિલ્લામાંથી મુક્ત થાય, કડીઓનાં બંધન તૂટી જાય. કડીઓનાં આવાં બંધનમાંથી મુક્તિ મેળવવી હોય તો કેન્દ્ર તરફ દૃષ્ટિ ફેરવો, જ્યારે આપણે તો માત્ર વસ્તુ તરફ જ જોયા કરીએ છીએ, અહીં જ ક્રાંતિ લાવવાની જરૂર છે. અપૂર્ણ

ગુજરાતીમાં સંકલન કરનાર — મૂળ હિંદી
શ્રી પૂર્ણિમાબહેન પકવાસા — આચાર્ય રજનીશજી

# 'તમે ફરિયાદ કર્યા જ કરો છો?'

(૧૯૬૪ના મે માસના 'રીડર્સ ડાઈજેસ્ટ'માંથી સાભાર ઉધ્ધૃત)

લંડનમાં એક ઘરના ઓટલે એક નાની છોકરી તોબરો ચડાવીને બેઠી હતી અને હવામાં ગુસ્સો કાઢતી હતી. આજે તેની ચોથી વર્ષગાંઠ હતી, પણ કમનસીબે તેના માબાપને ભાડાના પૈસા કયાંથી કાઢવા તેની હંમેશની ચિંતામાં તે વાત છેક મોડી સાંજ સુધી યાદ ન આવી, અને આનો તને બદલો વાળી આપીશું એવી આશા આપતા માબાપના પશ્ચાત્તાપસૂચક શબ્દો તે છોકરીના ધ્યાનમાં જ ન આવ્યા અને તે દુઃખનો પોટલો માથે રાખીને ઊંઘી ગઈ. દુનિયાની વર્ષગાંઠની બધી ભેટો મળત તોય તે પોતે એમ તો કબૂલ ન જ કરત કે હવે હું ખૂબ આનંદમાં છું અને પેલી વાત હું ભૂલી ગઈ છું. તે પોતે એક હૃદયદ્રાવક કહાણીની નાયિકા બની બેઠી હતી. અને પોતાના માબાપના દિલ ઉપર તેણે એક એવી મુંઝવણ પેદ કરી હતી કે જેથી ઘણા દિવસો સુધી તેની અનેક ભૂલો માટે તેના માબાપ તેને કશું જ કહી શકતા નહોતા.

આ નાની છોકરી હજુ મારી નજર સમક્ષ સ્પષ્ટ દેખાય છે. ઘણું જૂનું છતાંય હજુ સ્પષ્ટ એવું એનું દુઃખનું તીવ્ર સંવેદન મને સ્પર્શે છે. અફસોસ સાથે મારે કહેવું પડે છે કે તે હું પોતે જ હતી. વૈચારિક સ્વૈરવિહારની ક્ષણો દરમિયાન હું મારી જાતને હજી મનાવી શકું છું કે મારી ઉપર દમદાટી કરવામાં આવી છે, મને કોઈ સમજતું નથી અથવા મારી કોઈ કદર નથી કરતું. તફાવત એટલો જ છે કે થોડે ઘણે અંશે હું હવે સમજણી થઈ છું. મારા મિત્રો, ખાસ કરીને જ્યારે દુઃખી થઈને અતિશય ઉદાસ થાય છે ત્યારે, તેમને પણ હું હવે સમજી શકું છું, સમજાવી શકું છું.

"મને તમારી પાર્ટીમાં આમંત્રણ કેમ ન આપ્યું? હું તો તમારી ખાસ બહેનપણી છું. મને ઘણું દુઃખ લાગ્યું છે." આમ સીધેસીધું કહેવા માટે ઘણું નૈતિક બળ જોઈએ છે. (આનો જવાબ કદાચ એટલો સરળ નીકળે કે મારી ફરિયાદ લુલી—પાંગળી થઈ જાય અને જોતજોતામાં ભૂલી જવાય.)

આપણામાંનાં ઘણા, જાણે પોતાના પ્રત્યે કેટલો અન્યાય થયો હોય તેવું મોઢું રાખીને ફરે છે. અને આપણે જેનો વાંક માનતા હોઈએ તેને પોતાની ભૂલનો ખ્યાલ પણ નથી હોતો, અને તે પોતાની ભૂલ કબૂલ પણ નથી કરતો તેથી આપણો તોબરો વધુ અને વધુ ચડતો જાય છે. વહેલાં કે મોડા, આપણે પણ ભૂલી જઈએ છીએ કે આપણને શું ખૂંચતું હતું અને ખાનગીમાં તો એમ પણ કબૂલ કરીએ છીએ કે આપણે ફક્ત એક ઉત્તમ લાગણીમય—આવેશમય—મોજ માણતા હતા.

ફરિયાદો કરવાવાળા ગમે તે ઉંમરના હોઈ શકે છે. પણ હું માનું છું કે તે બધા નાનપણથી શરૂઆત કરે છે. Self-dramatisation-માંથી—પોતાની જાત વિષે કલ્પનાઓ કર્યા કરવાના વલણમાંથી—કદાચ આવી મૂળ ઈચ્છા ઉત્પન્ન થતી હશે.

અમારી નિશાળમાં એક છોકરી એવી હતી કે તે આખા વર્ગમાં બધા તરફ તિરસ્કારથી જોતી હતી. અમારી મિત્રતાભરી (છતાં કદાચ ખરા દિલની નહિ એવી) દરખાસ્તોને તે તરછોડતી હતી અને થોડા થોડા વખતે તે ઘરમાંથી ભાગી જતી. આને માટે એના વર્ગની અમો છોકરીઓને જવાબદાર ગણવામાં આવતી કે અમે તેના તરફ નિર્દયતાથી વર્તતા હતા, અમે તેને રમતમાં ભાગ લેવા નહોતા બોલાવતા, અમે તેના ઉપર દમદાટી પણ કરતા.

આ બધા અન્યાયનો ભોગ માબાપની એકની એક મોંએ ચડાવેલ છોકરી હતી. તેના માબાપના ઘણા વધુપડતા લાડને લીધે તે પોતાની જાતને નિશાળની રોજની ધમાલમાં ગોઠવી નહોતી શકતી અને પોતાના વખાણ માટે તેને હંમેશાં અતિશય ઝંખના રહેતી હતી.

તે વર્ગમાં સૌથી લાડકી છોકરી થવા માગતી હતી, પણ પોતાના આ ધ્યેયને પહોંચી વળવા જરૂરી કશાં પગલાં નહોતી લેતી. જાણે કે એક ચાંદીની તાસક પર તેને પોતાના હક્કો જોઈતા હતા. પોતાની રીતે આમ તેને તે હક્ક ન મળ્યા, તેથી તેનો બદલો તેણે અમારા બધા વિષે ફરિયાદ કરતા રહેવામાં વાળ્યો.

આ છોકરીનું શું થયું તેની તો મને ખબર નથી, પણ અમારા પડોશમાં એક બહેન રહેતાં હતાં તેના જેવી તેની સ્થિતિ થઈ હશે. અમારા ઘરના પાછલા વાડા અને તેના ઘરના પાછલા વાડા વચ્ચે એક નાની દિવાલ હતી. ત્યાં ખરાબ માટી અને શહેરની મેશ (Soot) હોવાં છતાં અમે ત્યાં બગીચો બનાવવાનો પ્રયત્ન કરતાં હતાં. તેથી પ્રસંગોપાત અમે એકબીજાને મળતાં, નમસ્કાર કરતાં અને એક-બીજાની સલાહ લેતા. થોડા વખતમાં જ મને ખ્યાલ આવ્યો કે હું જે કંઈ કહેતી હતી તેના પ્રત્યુત્તરરૂપે તે કશી કડવાશભરી ફરિયાદ કરતી – કાં તો બહુ તડકો હતો, અથવા મારું એકાદ ઝાડ ત્યાં વધુ છાંયડો કરી દેતું અથવા તો એને ઊતરતી જાતની કલમો વહેંચવામાં આવેલી અથવા તો તેનાં બાળકો તેનાં ફૂલઝાડ ખૂંદી નાંખતા હતા વગેરે વગેરે.

થાકીને છે ટે એક દિવસ મેં તેને કીધું "જો તમે કોઈ દિવસ એમ કબુલ કરશો કે તમારે કશું પણ સીધું ઊતર્યું છે તો મારી અજાયબીનો કે.ઈ પાર નહિ રહે." આ પછી એ મારી સાથે કદી બોલ્યાં નથી. મેં તેમનો એક મોટો સંતોષ–જિંદગી પ્રત્યે ફરિયાદ કરવાનો–ઝૂંટવી લેવાનો પ્રયત્ન કરેલો–આ તેનું કારણ હતું.

કોઈક વખત આમ ફરિયાદો કરનારને વખતસર સત્યનું ભાન થાય છે અને મોટી આપત્તિ આવતી અટકી જાય છે. એક એવા બહેનને હું જાણું છું. તે બાળવિધવા હતાં અને પોતાના એકના એક પુત્રને ઉછેરવાનું કાર્ય તેમણે ખૂબ સરસ રીતે પાર પાડેલું. પુત્રને સારું ભણતર આપવા માટે પોતે પણ ઘણો ત્યાગ કરેલો અને અથાગ પરિશ્રમ ઉઠાવેલો. તે સ્નાતક થયો ત્યાં સુધી તે માનો ખાસ મિત્ર અને ભક્ત હતો. પછી તે મોટો થયો, પોતાના પગભર થયો અને પ્રેમમાં પડયો. તેની માથી આ કુદરતી રીતે થતો ફેરફાર ગળે ન ઊતર્યો, પણ પોતાને એકલું લાગે છે, દીકરો પોતાના તરફ બેદરકાર રહે છે તેવી ફરિયાદો કરવા લાગી. તેના દીકરાની સ્ત્રી–મિત્રની તે ટીકા કરવા લાગી. માને શાંત કરવા દીકરો જે કંઈ કરતો તેનાથી માની કાલ્પનિક ફરિયાદો તો ઊલ્ટી ભભૂકી ઊઠતી. એક બાજુ મા પ્રત્યેનો પ્રેમ અને ભકિત અને બીજી બાજુ પોતાની કાયદેસર જરૂરિયાતો અને મહત્ત્વાકાંક્ષાઓ વચ્ચે તે બિચારો હેરાન થઈ ગયો અને પરિણામે માની સાથેના દુ:ખદ મિલનોની તેને બીક લાગવા માંડી, પોતાની સ્ત્રી - મિત્ર સાથે તેને ઝઘડો થયો અને તેનું કામ પણ બગડવા લાગ્યું.

આણીને વખતે એક મિત્રે માને સમજાવી. તે સાચું સમજી શકે તેટલી બુદ્ધિશાળી તો હતી જ અને તેણે હિમતથી પોતાની અને દીકરાની વચ્ચે જે લાગણીનું દોરીરૂપ બંધન–જે પોતાને અને પોતાના દીકરાને રૂંધી નાંખતું હતું–તેને કાપી કાઢયું. દીકરાને પોતાની મેળે, સ્વતંત્ર રીતે, કશાપણ બંધન વગર પોતાની જિંદગી ઘડવા દીધી. અને તેનો બદલો તેને પોતાને આજે મળી ગયો છે. તે પોતે આજે એક સ્વાશ્રયી, આવકારપાત્ર અને સુખી દાદીમા છે.

આપણામાંના ઘણા એવા છે કે જે વારંવાર ફરિયાદો ન કરતા હોય, પણ એકાદ એવી આપણી માનીતી ફરિયાદ હોય - જેને ફગાવી દેવાની આપણામાં હિમત નથી હોતી. મારી પોતાની માનીતી ફરિયાદ મારા વ્યવસાયને લગતી છે. જ્યારે મારું એકાદ પુસ્તક બહાર પડે છે ત્યારે હંમેશા મને લાગે છે કે મારા પ્રકાશકે મને ફરી એક વાર નીચે પાડી, તેણે જોઈએ તે રીતે તેની જાહેરાત નથી કરી. વિવેચકોએ તો પુસ્તક પૂરું વાંચ્યું પણ નથી. નહિતર તે લોકોએ જરૂર પુસ્તકને વધુ માન આપ્યું હોત. પુસ્તક વેચવાવાળાઓથી લોકો ખોટે રસ્તે દોરવાઈ ગયા છે અથવા તો લોકો સાવ અજ્ઞાન છે, નહિતર મારું પુસ્તક જરૂર ખૂબ ખપતે.

ઘણા માનસિક પ્રયત્નો પછી મારે કબૂલ કરવું પડે છે કે જેને એક મહાન કાર્ય માનીને તે પાછળ મેં ઘણો વખત અને વિચારો ખર્ચ્યા છે તે સાચોસાચ એટલું મહાન નથી. આવી રીતે એક વાર મનથી કબુલ કર્યા પછી મારો ઘણોખરો ગુસ્સો ઉતરી જાય છે. મારી ફરિયાદો વિષે વારંવાર વિચાર કરવાને બદલે હું વધુ સારું પુસ્તક લખવાનો નિશ્ચય કરું છું.

આપણે એકાદ એવી વ્યકિતને જરૂર જાણતા હોઈશું કે જે એમ માનતી હોય કે તેના ઉપરી બીજા ઉપર પક્ષપાત કરે છે, તેને પોતાના સારા કામનો બદલો નથી મળતો. તે પોતે કદી એમ મનથી કબુલ નહીં કરે કે તેને પોતાની શકિત અને કાર્યને યોગ્ય બદલો લગભગ મળી જ રહે છે. જો તે પોતાના માનેલા અપમાન અને અન્યાય પ્રત્યે જેટલું એકાગ્ર ધ્યાન આપે છે તેટલું પોતાના કાર્ય પ્રત્યે આપશે તો ઘણું ખરું એને પોતાને કશી ફરિયાદો કરવાનું નહીં રહે. જો આપણે એમ માનીએ કે આપણી કશી કદર નથી થતી તો આપણે પોતાની જાતને એક સાદો જ પ્રશ્ન પૂછવાની જરૂર છે: "શા માટે એમ બને છે?"

આપણામાંના ઘણા નસીબને દોષ દેતા હોય છે. મને લાગે છે કે જે લોકો પોતાના નસીબનો વાંક કાઢે છે તેના પોતાનામાં કંઈક એવી ખામી હોય છે કે જે તેને કમનસીબ બનાવે છે. મારા પોતાના વિષયમાં તો મને લાગે છે કે મારી શકિત અને વર્તનનો વાંધો છે. આ ખામીની ખબર પડે કે તરત જ આપણી ફરિયાદ મૂળથી જ દબાઈ જાય છે.

નસીબનો જે રીતસર વાંક કાઢી શકે તેમ છે - જેમ કે, અંધ, અપંગ, અનાથ–એ લોકો ભાગ્યે જ ફરિયાદ કરતા હોય છે. ખૂબ આપત્તિ સામે, પોતાની ખોડનો તે પોતાના ખરા જીગરથી સામનો કરતા હોય છે. તે લોકો પોતાના નિર્દોષ મિત્રો કે પાડોશી પર દુ:ખનો કે રોષનો ટોપલો નથી ઓઢાડતા.

ફરિયાદ કરવાની ટેવ માટે પણ ઉપાય છે. એ સાવ સાદો છે, પણ 'તમે તમારા પાડોશીને તમારી જાતની જેમ ચાહો' આવા દેખીતી રીતે સહેલા સિદ્ધાન્તની માફક તે આચારમાં મૂકવો અઘરો છે, છતાં ય તમને એમ લાગે કે ગુસ્સાનો પારો ચઢે છે ત્યારે એક વખત આ ઉપાય અજમાવી જોજો. તમારી જાતને તમે ડોકીથી પકડી સાક્ષીના પિંજરામાં મૂકો અને નિર્દય રીતે તમારી પોતાની જાતને તપાસો.

"સાક્ષી, તેં એવું તે આ પાત્રમાં શું મૂકયું છે કે તું સારામાં સારી ચીજની આશા રાખીને બેઠો છે? તેં બીજા માટે એવું તે શું કર્યું છે કે બીજા પાસેથી તું હમદર્દીની આશા રાખીને બેઠો છે? તું સાચેસાચ ધારે છે તેટલો જ બુદ્ધિશાળી અને ભલો છે? તું એવો તે કોણ છે કે બધા મનુષ્યોમાંથી તને એકને જ કથી જાતનું દુ:ખ, બેદરકારી કે અન્યાય ન થવો જોઈએ–એમ માની બેઠો છે?"

તમારી જાત ઉપર તમારી ફરિયાદોનો સામનો કરવાનું દબાણ લાવો. લોકો સાધારણ રીતે નિર્દય કે અન્યાયી નથી હોતા. દેખીતી રીતે લોકોની તમારી પ્રત્યે જે બેદરકારી કે અપમાન લાગે તેનું મૂળ કારણ ઘણું ખરું અસાવધતા, બેધ્યાનપણું કે ફકત કઢંગાપણામાં હોય છે. પહેલા ફરિયાદ બરાબર તપાસો અને પછી તેને ફગાવી દો. તેને તમે પૂરો વિચાર કર્યા વગર ઊંડે ઉતરવા ન દો કે જ્યાં તે ઝેરી જંતુની જેમ તમારી લોહીરૂપી લાગણીઓમાં આરપાર પસરી જાય.

તમારી ફરિયાદ સાવ સાચ્ચી હોય તો પણ તેને માથે રાખી તેનો વિચાર ન કર્યા કરો. જો મારું માનો તો એ ફરિયાદો વગર તમે હલકા મને અને નિશ્ચયભર્યા ડગલે ફરી શકશો.

અનુવાદિકા : ડૉ. ચારૂશીલા બોધાણી

મૂળ અંગ્રેજી : આઈ. એ. આર. વાઈલી

# અણુરચના કેવી છે?

ભારત અણુયુગમાં પ્રવેશી ચૂક્યું છે, એટલું જ નહિ પણ, અણુ વિજ્ઞાનમાં મોખરે રહેલા દેશોની હરોળમાં છે. આથી અણુના વિસ્મયકારક વિશ્વમાં ડોકાઈને તેનાથી પરિચિત થવામાં મજા પડશે.

દરેક પદાર્થ એક યા વધુ તત્ત્વોનો બનેલો છે. દા. ત. પાણી; બે ભાગે હાઈડ્રોજન અને એક ભાગે ઑક્સીજન વડે બનેલો છે. દરેક તત્ત્વ રેણુ અથવા કણ (Molecules)નું બનેલું છે, અને દરેક રેણુ આણુનું બનેલ છે. એમ માનવામાં આવતું હતું કે આણુ (Atom)નું વિભાજન ન થઈ શકે, પરંતુ આણુનું વિભાજન કરીને જ્યારે વિજ્ઞાનશાસ્ત્રીઓ તેમાં ડોકાયા અને તેમાં પરમાણુઓનું દર્શન કર્યું ત્યારે તેઓ ચકિત થઈ ગયા. આણુમાં રહેલી અમાપ શક્તિ જોઈ. પ્રત્યેક આણુમાં તેમણે સૂર્યમંડળની સૂક્ષ્મ આવૃત્તિ જોઈ. જેમ સૂર્યની આસપાસ ગ્રહો ફરે છે તેમ આણુના કેન્દ્ર (Nucleus) ની આસપાસ પરમાણુઓ ઘૂમે છે.

ગાગરમાં સાગર સમાઈ જાય તેમ આણુમાં સૂર્યમંડળ સમાઈ જાય છે! તેમ છતાં પ્રત્યેક આણુ એવડો નાનો છે કે શક્તિશાળી સૂક્ષ્મદર્શક યંત્ર વડે પણ આણુ જોવા મુશ્કેલ છે. એક રેણુમાં અસંખ્ય આણુઓ હોય છે. છતાં રેણુ પણ નરી આંખે જોઈ શકાય નહિ, તો આણુ અને પરમાણુ તો ક્યાંથી જોઈ શકાય?

સોનું, રૂપું, તાંબુ, હાઈડ્રોજન, ઓક્સીજન, પારો એ બધાં તત્ત્વોના વજનમાં ફેર છે. રૂપ અને ગુણમાં ફેર છે તેનું કારણ તેમના આણુઓના પરમાણુઓની સંખ્યા અને વજન છે. આ પરમાણુઓ ત્રણ પ્રકારના છે: પ્રોટોન, ન્યુટ્રોન અને ઈલેક્ટ્રોન. દરેક આણુને તેનું કેન્દ્ર (Nucleus) છે અને કેન્દ્રમાં પ્રોટોન તથા ન્યુટ્રોન નામના પરમાણુ છે. (હાઈડ્રોજનના આણુકેન્દ્રમાં ન્યુટ્રોન નથી) કેન્દ્ર બહુ નાનું છે, પણ બહુ ભારે છે. પ્રોટોન અને ન્યુટ્રોનનું વજન લગભગ સરખું છે. આણુને કાંઈ ત્રાજવામાં જોખી શકાય નહિ. આથી કેન્દ્રના પ્રોટોન અને ન્યુટ્રોનની સંખ્યા વજનના એકમ તરીકે ગણવામાં આવે છે. દા. ત. ઑક્સીજનના આણુ કેન્દ્રમાં આઠ પ્રોટોન અને આઠ ન્યુટ્રોન છે. માટે ઑક્સીજનના આણુનું વજન ૧૬ છે. એવી રીતે યુરેનિયમના આણુમાં ૯૨ પ્રોટોન અને ૧૪૬ ન્યુટ્રોન છે, માટે યુરેનિયમના આણુનું વજન (Atomic weight) ૨૩૮ છે.

### વીજળીની સમતુલા

પ્રોટોનમાં ધન (Positive) વીજળી છે. એટલે કે તે પોતાના જેવી વીજળી ધરાવનારથી દૂર ભાગે છે અને ઋણ (Negative) વીજળી ધરાવનાર તરફ આકર્ષાય છે. ન્યુટ્રોનમાં વીજળી જ નથી. આણુમાં વધુમાં વધુ વજન તેના કેન્દ્રમાં છે, છતાં કેન્દ્ર ઓછામાં ઓછી જગ્યા રોકે છે. તેને બાદ કરતાં લગભગ આખો આણુ ખાલી છે અને તે ખાલી જગ્યામાં ઈલેક્ટ્રોન કેન્દ્રની આસપાસ ઝડપથી ફરે છે. બે હજાર ઈલેક્ટ્રોન ભેગા કરો ત્યારે એક પ્રોટોન કે ન્યુટ્રોન જેટલું વજન થાય! ઈલેક્ટ્રોનમાં પ્રોટ્રોનની વિરુદ્ધ ઋણ (Negative) વીજળી છે. આણુમાં જેટલા પ્રોટોન હોય તેટલા જ ઈલેક્ટ્રોન કેન્દ્રની આસપાસ ફરતા હોય છે. આમ પ્રોટોનની અને ઈલેક્ટ્રોનની વીજળી પરસ્પર વિરુદ્ધ જાતની હોવાથી તેમની વચ્ચે સમતુલા જળવાઈ રહે છે. આમ ઑક્સીજનના આણુ કેન્દ્રમાં આઠ પ્રોટોન છે તેથી તેની આસપાસ આઠ ઈલેક્ટ્રોન ઘૂમે છે. યુરેનિયમના કેન્દ્રમાં ૯૨ પ્રોટોન છે તેથી તેના કેન્દ્રની આસપાસ ૯૨ ઈલેક્ટ્રોન ફરે છે.

### પરમાણુનું ભ્રમણ

એવું પણ બને કે ઈલેક્ટ્રોનની વધુ સંખ્યાને લીધે તેઓ એક સપાટીએ સમાય નહિ, તો બીજી ત્રીજી અને ચોથી સપાટી પણ હોય, ડુંગળીના કાંદા પર એક ઉપર બીજું પડ હોય છે તેમ. એ દરેક સપાટીએ કેન્દ્રની આસપાસ એ સપાટીના ઈલેક્ટ્રોન ઘૂમતા હોય છે, સૂર્યમંડળ અને આણુમંડળની વચ્ચે તફાવત એ છે કે સૂર્યમંડળના કેન્દ્રમાં સૂર્ય બહુ જ મોટો છે અને ગ્રહો નાના છે. આણુમંડળમાં કેન્દ્ર બહુ નાનું છે, પણ બહુ ભારે છે, પરંતુ ઈલેક્ટ્રોન તો વળી એટલા બધા નાના છે અને એટલા બધા હળવા છે કે આણુના વજનમાં તેના ઈલેક્ટ્રોનની કશી ગણના જ કરવામાં આવતી નથી. જેમ દરેક ગ્રહને પોતાની ભ્રમણકક્ષા છે તેમ દરેક ઈલેક્ટ્રોનને પોતાની ભ્રમણકક્ષા છે.

### કેવી ઝડપ!

આણુના અદશ્ય જગતમાં ડોકાવાની શરૂઆત બ્રિટનના સર વિલિયમ ક્રૂકસે કરી. ખરેખર ડોકાયા કેમ્બ્રિજ વિદ્યાપીઠના જોસેફ જોન થોમસન (૧૮૫૬-૧૯૪૦) અને તેના શિષ્ય અર્નેસ્ટ રૂથરફોર્ડ. રૂથરફોર્ડનો સાથી હતો હંસ ગાઈગર (૧૮૮૨-૧૯૪૫) જેણે આણુનો કિરણોત્સર્ગ માપવાનું ગાઈગર યંત્ર બનાવ્યું.

જે આણુને સૂક્ષ્મદર્શક યંત્ર વડે જોતાં પણ મુશ્કેલી પડે છે તેમાં ઈલેક્ટ્રોન પરમાણુઓ આણુના કેન્દ્રની આસપાસ કેવી અજબ ઝડપથી ફરે છે! બધા પરમાણુની ઝડપ સરખી નથી. કારણ કે તેઓ કેન્દ્રની ઓછાવત્તા અંતરે છે. જે ઈલેક્ટ્રોન કેન્દ્રથી વધુમાં વધુ દૂર છે તેઓ સેકન્ડના ૬૦૦ માઈલની ઝડપથી ફરે છે, જે ઈલેક્ટ્રોન કેન્દ્રની નજીક છે તેઓ સેકન્ડના ૯૦,૦૦૦ માઈલની ઝડપે એટલે પ્રકાશની ઝડપથી અરધી ઝડપે ફરે છે!

સૌથી સાદા આણુ હાઈડ્રોજનના છે. તેના કેન્દ્રમાં એક જ પ્રોટોન છે, પણ ન્યુટ્રોન નથી અને એક જ ઈલેક્ટ્રોન પ્રોટોનરૂપી કેન્દ્રની આસપાસ ફરે છે.

### એક વિચિત્રતા

રૂથરફોર્ડના બીજા એક શિષ્ય નીલ્સ બોરે (૧૮૮૫-૧૯૬૨) બતાવ્યું કે સૂર્યની આસપાસ ફરતા ગ્રહો વિદ્યુતમય નથી, ત્યારે આણુના કેન્દ્રની આસપાસ ફરતા ઈલેક્ટ્રોન વિદ્યુતમય છે. જ્યારે વિદ્યુતમય પદાર્થ ફરતો હોય ત્યારે તેમાંથી શક્તિ (Energy)નાં મોજાં ફેલાય છે. હવે જો વિદ્યુતમય ઈલેક્ટ્રોન ભ્રમણકક્ષામાં ફરતાં ફરતાં શક્તિનાં મોજાં પસાર્યા કરે તો આખરે તો તેની વીજળી ક્ષીણ થઈને તેનો અંત આવવો જોઈએ. તેની વીજળીનો અંત આવતાં ઈલેક્ટ્રોન કેન્દ્રમાં જઈ પડવા જોઈએ. નીલ્સ બોરે ગણતરી કરી કે એક સેકન્ડના દસ કરોડમા ભાગમાં આમ બનવું જોઈએ. જો એમ હોય તો આણુનું અસ્તિત્વ જ ન હોય. નીલ્સ બોરે મેક્સ પ્લેન્ક અને આઈન્સ્ટાઈનના સિદ્ધાંતોનો આશરો લઈને ખુલાસો આપ્યો કે જ્યાં સુધી ઈલેક્ટ્રોન પોતપોતાની ભ્રમણકક્ષામાં રહીને ફરે છે ત્યાં સુધી પોતાની શક્તિ ગુમાવતા નથી.

### આવું અલ્પાયુ!

આણુના કેન્દ્રમાં શું છે તેની શોધ જગતમાં જુદે જુદે ઠેકાણે વિજ્ઞાનશાસ્ત્રીઓ કરી રહ્યા હતા. બ્રિટનમાં રૂથરફોર્ડ, અમેરિકામાં વિલિયમ હાર્કિન્સે અને ઑસ્ટ્રેલિયામાં ઓસ્મ મેસોને એકબીજાથી સ્વતંત્ર રીતે શોધી કાઢ્યું કે આણુના કેન્દ્રમાં પ્રોટોન અને ન્યુટ્રોન છે.

ઈ. સ. ૧૯૦૫ માં કેલિફોર્નિયા (અમેરિકા)માં કાર્લ એન્ડરસને નવી જાતના ઈલેક્ટ્રોનની શોધ કરી. ઈલેક્ટ્રોનને ઋણ (Negative) વીજળી હોય છે. એન્ડરસને શોધ કરી કે જ્યારે કેટલાક આણુ પર વિશ્વકિરણો (Cosmic Rays) પડે છે ત્યારે તેમાંથી એવા પરમાણુ નીકળે છે, જે ઈલેક્ટ્રોનની જેમ વર્તે છે. છતાં તેમાં ઋણને બદલે ધન વિદ્યુત હોય છે. આથી એન્ડરસને તેને પોઝીટ્રોન એટલે પોઝીટીવ (ધન) વિદ્યુત ધરાવનાર ઈલેક્ટ્રોન નામ આપ્યું. પોઝીટ્રોનનું આયુષ્ય એક સેકન્ડના એક અબજના ભાગ જેટલું જ હોય છે!

### પ્રતિપરમાણુ

આણુના કેન્દ્રમાં આપણે ઊંડા ઊતરીએ તો ખોવાઈ જઈએ! ઈ. સ. ૧૯૩૫ માં જાપાનના હિડેકી યુકાવાએ (અને એન્ડરસને પણ) શોધ કરી કે આણુના કેન્દ્રમાં આણુના પરમાણુઓને એકત્ર રાખનાર બળ મેસન નામનો પરમાણુ છે! તે ગુંદરનું કામ કરે છે! પછી જણાયું કે મેસન પણ બે પ્રકારનાં છે.

૧૯૩૧માં ઑસ્ટ્રિયાના વોલ્ફગાંગ પાઉલીએ (૧૯૦૦-૫૮) કેટલાંક તત્ત્વોનાં આણુઓમાંથી એક વિશિષ્ટ પ્રકારના પરમાણુ નીકળે છે એવું શોધ્યું. તેમને ન્યૂટ્રીનોસ નામ આપવામાં આવ્યું.

જ્યારે પોઝીટ્રોન અને ઈલેક્ટ્રોન અથડાય છે ત્યારે બંનેનો નાશ થાય છે અને શક્તિ છૂટી પડે છે. આણુના ગર્ભમાં વધુ ને વધુ ઊંડે ઊતરતાં જણાયું કે પરમાણુઓનો નાશ કરે (અને પોતે પણ

(અનુસંધાન ૬૧ મા પાને)

# ❋ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુંબઈ ❋

'પ્રબુદ્ધ જીવન'નો તા. ૩૧ મી ડીસેમ્બર ૧૯૬૪ના રોજ પૂરા થતા વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ

આવક

| | રૂા. પૈ. | રૂા. પૈ. |
|---|---|---|
| લવાજમના : | | |
| રોકડા આવ્યા | ૨,૧૫૨.૬૦ | |
| શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોને મફત પ્રબુદ્ધ જીવન મોકલવામાં આવે છે તેના રૂા. ૨, લેખે એડજસ્ટ કર્યા ... ... | ૧,૦૦૮.૦૦ | |
| | | ૩,૧૬૦.૬૦ |
| સૌરાષ્ટ્ર ટ્રસ્ટ તરફથી ભેટના | | ૭૫૦.૦૦ |
| વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચનો વધારો | | ૪,૩૫૨.૨૧ |
| કુલ ... ... | | ૮,૨૬૨.૮૧ |

ખર્ચ

| | રૂા. પૈ. |
|---|---|
| પગારના | ૨,૩૯૧.૬૦ |
| પેપર ખર્ચ | ૭૯૭.૧૦ |
| છપામણી તથા સ્ટેશનરી | ૪,૩૨૨.૮૭ |
| પોસ્ટેજ ખર્ચ | ૭૨૦.૪૯ |
| પરચુરણ ખર્ચ | ૩૦.૭૫ |
| | ૮,૨૬૨.૮૧ |

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો તા. ૩૧મી ડીસેમ્બર ૧૯૬૪ના રોજ પૂરા થતા વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ**

આવક

| | રૂા. પૈ. | રૂા. પૈ. |
|---|---|---|
| લવાજમના કુલ આવ્યા | ૨,૫૨૨.૦૦ | |
| બાદ : પ્રબુદ્ધ જીવનની કોપી સભ્યોને મફત મોકલાવી તેના એડજસ્ટ કર્યા | ૧,૦૦૮.૦૦ | |
| | | ૧,૫૧૪.૦૦ |
| વ્યાજના : | | |
| ડિબેન્ચરોના વસૂલ આવ્યા | ૪૦૨.૫૦ | |
| બેંકની ફીક્સ ડિપોઝીટ પર | ૫૩૧.૩૭ | |
| | | ૯૩૩.૮૭ |
| પુસ્તક વેચાણ પર કમીશનના | | ૧૪.૪૦ |
| વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચનો વધારો જનરલ ફંડ ખાતે લઈ ગયા | | ૪,૫૯૦.૦૯ |
| | | ૭,૦૫૨.૩૬ |

ખર્ચ

| | રૂા. પૈ. | રૂા. પૈ. |
|---|---|---|
| **વહીવટી તથા વ્યવસ્થાખર્ચ** | | |
| પગારના | ૨,૩૯૧.૬૦ | |
| મકાનભાડું તથા વીજળીખર્ચ | ૩૬૧.૮૮ | |
| છપામણી તથા સ્ટેશનરીખર્ચ | ૨૧૧.૫૩ | |
| ટેલિફોન ખર્ચ | ૨૯૧.૮૬ | |
| પોસ્ટેજ | ૨૮૯.૧૦ | |
| પરચૂરણ ખર્ચ | ૧,૦૨૦.૨૩ | |
| ઓડીટરોને ઓનરેરીયમના | ૭૫.૦૦ | |
| પબ્લીક ટ્રસ્ટ એડમીનસ્ટ્રેશન ફંડને ફાળાના | ૬૮૭.૯૨ | |
| | | ૫,૩૨૯.૧૨ |
| ફરનીચર પર ઘસારાના | | ૪૮.૫૦ |
| વ્યાખ્યાનમાળા ખર્ચ | | ૧,૬૭૪.૪૫ |
| સરવૈયા ફેરના માંડીવાળ્યા | | ૦.૨૯ |
| | | ૭,૦૫૨.૩૬ |

ઉપરના હિસાબો તપાસ્યા છે અને અમારા જુદા રિપોર્ટ આધીન બરાબર છે.

મુંબઈ, તા. ૨૩મી જૂન ૧૯૬૫

શાહ મહેતા એન્ડ કંપની
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
આડીટર્સ.

## ❋ વિજ્ઞપ્તિ પત્ર ❋

ભારતીય સમાજનો આધારસ્થંભ નારીજગત છે. સ્ત્રીહૃદયની પવિત્રતા અને વત્સલતાની વેદી પર ભારતીય સંસ્કૃતિ ખડી છે. આજે એ જ માતાઓના ઉત્કર્ષ માટે રોજી રોટીના સવાલથી અકળાતી મધ્યમ વર્ગની બહેનોના સવાલને હલ કરવા મુનિશ્રી સંતબાલજીની પ્રેરણાથી ચાર વર્ષથી માતૃસમાજની સ્થાપના કરવામાં આવી છે.

સંસ્થાઓ તો ઘણી છે. પણ તેમાં મુખ્યત્વે રાહતનાં કામો થાય છે. માતૃસમાજ ન્યાય અને નીતિનાં નવાં મૂલ્યો ઊભાં કરી ભારતીય સંસ્કૃતિને અનુરૂપ નૂતન સમાજરચના સ્થાપવાનું ઉચ્ચ ધ્યેય સેવે છે.

આજસુધીમાં તેણે સેંકડો બહેનોને સ્વમાનપૂર્વક રોજીદ્વારા રોટી આપી છે. માલનું વેચાણ કરવા માધવબાગની બાજુમાં દુકાન છે, પણ બહેનોને કામ કરવા માટે મકાનની મુશ્કેલી છે. બહેનોની જરૂરિયાતને અનુરૂપ જગ્યા મેળવવા માટે માતૃસમાજ આપની પાસે આર્થિક સહાય માગે છે.

સંસ્થાને આપની જ ગણી તેના વિકાસના કામોમાં યથાયોગ્ય ફાળો નોંધાવી અમોને સહાય કરવા તેમ જ 'મકાન સહાયક ફંડ'માં ઉદાર હાથે ફાળો આપવા વિનંતી છે.

**રતિલાલ બેચરદાસ મહેતા**
પ્રમુખ, વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ

❋ ઠે. ૧૦૮ એ, સી. પી. ટેંક રોડ મુંબઈ-૪ ❋

**ચંચળબહેન ટી. જી. શાહ**
પ્રમુખ, માતૃસમાજ ઉદ્યોગગૃહ

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું ૩૧ ડિસેમ્બર ૧૯૬૪ના દિવસનું સરવૈયું

| ફંડો અને દેવું | રૂા. પૈ. | રૂા. પૈ. |
|---|---|---|
| **શ્રી રીઝર્વ ફંડ :** | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | ૧,૧૦૦.૦૦ | |
| ઉમેરો: વર્ષ દરમિયાન ભેટના | ૨૫,૬૦૪.૮૯ | |
| | | ૨૬,૭૦૪.૮૯ |
| **શ્રી રંધ હસ્તકનાં ટ્રસ્ટ ખાતાંઓ:** | | |
| **શ્રી પુસ્તક પ્રકાશન ખાતું :** | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | ૩,૦૩૩.૬૬ | |
| **શ્રી માવજત ખાતું :** | | |
| ગયા સરવૈયા મુજબ બાકી ૩૯૨.૫૨ | | |
| ઉમેરો: માવજત સાધન ઘસારાના વસુલ આવ્યા ૨,૭૪ | ૩૯૫.૨૬ | |
| | | ૩,૪૨૮.૯૨ |
| **દેવું:** | | |
| પરચુરણ દેવું | | ૧,૪૪૭.૬૪ |
| **શ્રી જનરલ ફંડ :** | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | ૨૭,૮૫૯.૯૨ | |
| બાદ: વર્ષ દરમિયાન આવક કરતા ખર્ચનો વધારો | ૪,૫૯૦.૦૯ | |
| | ૨૩,૨૬૯.૮૩ | |
| બાદ: સંઘની કાર્યવાહક સમિતિના ઠરાવ અનુસાર વૈદ્યકીય રાહત ખાતે લઈ ગયા. ૫૦૦.૦૦ | | |
| 'પ્રબુદ્ધ જીવન' આવક ખર્ચ ખાતેથી લાવ્યા. ૪,૩૫૨.૨૧ | | |
| રજત જયંતી સમારંભ ખર્ચ ખાતેથી લાવ્યા ૨,૮૦૪.૫૯ | | |
| | ૭,૬૫૬.૮૦ | |
| | | ૧૫,૬૧૩.૦૩ |
| | કુલ રૂા. | ૪૭,૧૯૪.૪૮ |

| મિલકત અને લેણું | રૂા. પૈ. | રૂા. પૈ. |
|---|---|---|
| ઈન્વેસ્ટમેન્ટસ: (ચોપડા પ્રમાણે) | | |
| ૭ ટકાના ધી ઈન્ડિયન હ્યુમપાઈપ કું. લિ. ના (ફે. વે.) ડીબેન્ચરો | ૫,૦૦૦.૦૦ | ૫,૨૩૬.૩૯ |
| ૫ ½ ટકાના કાલટેક્ષ ઓઈલ ઈન્ડિઆ લિ. ના ડીબેન્ચરો | ૫,૦૦૦.૦૦ | ૫,૩૦૬.૦૦ |
| | ૧૦૦૦૦.૦૦ | ૧૦,૫૪૨.૩૯ |
| ફરનીચર અને ફીટીંગ્સ: (ચોપડા પ્રમાણે) | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | ૫૭૩.૭૪ | |
| ઉમેરો : વર્ષ દરમિયાન ખરીદના | ૨૭૧.૫૦ | |
| | ૮૪૫.૨૪ | |
| બાદ: કુલ ઘસારાના લખીવાળ્યા | ૩૦૪.૨૪ | |
| | | ૫૪૧.૦૦ |
| પેપરસ્ટોક(માનદ મંત્રીએ સર્ટીફાઈ કર્યા પ્રમાણે– પ્રબુદ્ધ જીવન અંગેનો) | | ૩૨૭.૦૦ |
| ડિપોઝીટ (પોસ્ટમાં) | | ૭૫.૦૦ |
| લેણું : (સદ્ધર) | | |
| શ્રી મણિલાલ મોકમ-ચંદ શાહ સાર્વજનિક વાંચનાલય અને પુસ્તકાલય | ૪,૪૫૫.૭૦ | |
| ઈન્કમટેક્ષ રીફંડ અંગે | ૨૬૯.૫૫ | |
| સભ્યલવાજમ અંગે | ૫૫૦.૦૦ | |
| સ્ટાફ પાસે | ૧,૦૫૮.૯૨ | |
| | | ૬,૩૩૪.૧૭ |
| **રોકડ તથા બેંક બાકી :** | | |
| બેંક ઓફ ઈન્ડિયાના ચાલુ ખાતે | ૧૬,૯૦૯.૬૪ | |
| બેંક ઓફ ઈન્ડિયાના ફીક્સ ડીપોઝીટમાં | ૧૦૪૭૫.૭૬ | |
| રોકડ પુરાંત | ૩૮૧.૪૯ | |
| | | ૨૭,૭૬૬.૮૯ |
| **પરચુરણ ખાતાંઓ :** | | |
| **શ્રી વૈદ્યકીય રાહત ખાતું :** | | |
| ગયા સરવૈયા મુજબ બાકી ૬૬.૮૨ | | |
| ઉમેરો: વર્ષ દરમિયાન ખર્ચ ૧,૦૧૩.૧૫ | | |
| ૧,૦૭૯.૯૭ | | |
| બાદ: વર્ષ દરમિયાન ભેટ ૫૯.૦૦ શ્રી જનરલ ફંડ ખાતેથી લાવ્યા, સંઘની કાર્યવાહક સમિતિના ઠરાવ અનુસાર ૫૦૦.૦૦ | | |
| ૫૫૯.૦૦ | ૫૨૦.૯૭ | |
| **શ્રી સત્યમ શિવમ સુંદરમ પુસ્તક પ્રકાશન ખાતું :** | | |
| ગયા સરવૈયા મુજબ બાકી ૧,૬૭૦.૬૧ | | |
| બાદ: પુસ્તક વેચાણના કુલ આવ્યા ૬૯૮.૩૦ | | |
| | ૯૭૨.૩૧ | |
| શ્રી બોધિસત્વ પુસ્તક પ્રકાશન ખાતું : ગયા સરવૈયા મુજબ બાકી ૨૮૮.૬૨ | | |
| બાદ: પુસ્તક વેચાણના આવ્યા ૧૭૩.૮૭ | | |
| | ૧૧૪.૭૫ | |
| | | ૧,૬૦૮.૦૩ |
| | કુલ રૂા. | ૪૭,૧૯૪.૪૮ |

ઓડીટરોનો રિપોર્ટ

અમોએ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ મુંબઈનું તા. ૩૧-૧૨-૬૪ના દિવસનું સરવૈયું મજકુર સંઘના ચોપડાઓ તથા વાઉચરો સાથે તપાસ્યું છે અને બરોબર માલુમ પડયું છે.

શાહ મહેતા એન્ડ કું.,
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
ઓડિટર્સ

મુંબઈ. ૨૩મી જુન ૧૯૬૫

## * સિદ્ધિઓ તુચ્છ છે *

એક યોગીએ આદિ શંકરાચાર્ય પાસે આવીને કહ્યું: "મેં યોગમાં અપાર સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે. હું આકાશમાં ઊડી પણ શકું છું," અને તેણે સાચોસાચ આકાશમાં ઉડ્યન પણ કરી બતાવ્યું.

એ નીચે આવ્યો એટલે શંકરાચાર્યે પૂછયું: "આ સિદ્ધિ પ્રાપ્ત કરતા તને કેટલો સમય લાગ્યો?"

યોગીએ ઉત્તર આપ્યો: "ચાલીસ વર્ષની તપસ્યા પછી હું આ સિદ્ધિ મેળવી શક્યો છું."

શંકરાચાર્યે કહ્યું: "અરે ભાઈ! એકાદ નાનકડું પાપ કરી કાગડાનો અવતાર મેળવી લીધો હોત તો યે તું ઊડી શકત. તેં નાહક ચાલીસ વર્ષ વેડફી નાખ્યાં."

શંકરાચાર્યના વચનનો ધ્વનિ યોગીની સમજમાં આવી ગયો. તત્કાલ આચાર્યના ચરણ પકડી લીધાં. શંકરાચાર્યે કહ્યું, "કયારે પણ કોઈ સિદ્ધિ સ્થાયી શાંતિ નહિ આપે. એ તો કેવળ ચિત્તમાંથી જ મળશે. અને આ શાંતિ મળે તો એની આગળ બીજું બધું તુચ્છ છે."

# શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય–મુંબઈ

## તા. ૩૧ ડિસેમ્બર ૧૯૬૪ના રોજ પૂરા થતા વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ

| આવક | રૂ. પૈ. | રૂ. પૈ. |
|---|---|---|
| વ્યાજના: | | |
| સીકયુરીટીઓના | ૧૬૦.૦૦ | |
| ડીબેન્ચરોના | ૧,૩૯૩.૭૫ | |
| | | ૧,૫૫૩.૭૫ |
| ભેટના | | ૧,૩૨૨.૭૫ |
| પુસ્તકોના લવાજમના | | ૧,૦૬૩.૦૦ |
| પરચુરણ આવક: | | |
| પસ્તી વેચાણના | ૧૨૩.૪૬ | |
| પાસબુક વેચાણના | ૫૭.૧૫ | |
| પુસ્તકો મોડા આવવાથી તથા ખોવાઈ જવાથી દંડના | ૧૨.૭૫ | |
| | | ૧૯૩.૭૬ |
| | | ૪,૧૩૩.૨૬ |
| વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચનો વધારો | | ૩,૭૩૧.૭૭ |
| | કુલ રૂ. | ૭,૮૬૫.૦૩ |

| ખર્ચ | રૂ. પૈ. | રૂ. પૈ. |
|---|---|---|
| ટ્રસ્ટના ઉદ્દેશ અંગે ખર્ચ: | | |
| પેપર લવાજમના | ૫૪૨.૫૬ | |
| માણસોને પગારના | ૪,૬૭૯.૯૮ | |
| મકાનભાડું તથા વીજળીખર્ચ | ૬૧૭.૬૮ | |
| પુસ્તકોનું બાઈન્ડીંગખર્ચ | ૧૧૯.૭૨ | |
| | | ૫,૯૫૯.૯૪ |
| વ્યવસ્થા ખર્ચ: | | |
| ફરનીચર રીપેર્સ, ઈલેકટ્રીક રીપેર્સ તથા પરચુરણ ખર્ચ | ૮૦૭.૨૦ | |
| વીમાના પ્રિમિયમના | ૪૮.૭૫ | |
| ઓડીટરોને ઓનરેરીયમના | ૭૫.૦૦ | |
| સ્ટેશનરી તથા છપામણી ખર્ચ | ૧૪૧.૨૯ | |
| | | ૧,૦૭૨.૨૪ |
| ઘસારાના: | | |
| ફરનીચર ઉપર | ૧૧૨.૩૧ | |
| પુસ્તકો ઉપર | ૭૨૦.૫૪ | |
| | | ૮૩૨.૮૫ |
| | કુલ રૂ. | ૭,૮૬૫.૦૩ |

## અણુરચના કેવી છે?

(૫૮મા પાનાથી ચાલુ)

નાશ પામે) એવા પ્રતિપરમાણુમાં આ પોઝીટ્રોન એક જ નથી, ૩૦ છે!

### ખોવાઈ જઈએ!

આણુના ગર્ભમાં ઊંડે ઊતરવું એ વિજ્ઞાનશાસ્ત્રીઓનું કામ છે, આપણું નહિ. આપણે તેમાં ખોવાઈ જઈશું! આથી આપણા માટે આણુની સ્થાયી રચના જ પૂરતી છે જેમાં કેન્દ્રમાં પ્રોટોન અને ન્યૂટ્રોન નામના પરમાણુ છે અને કેન્દ્રની આસપાસ ઈલેકટ્રોન પરમાણુઓ ફરે છે. બીજા બધા પરમાણુઓ અસ્થાયી છે, જેમના અલ્પાતિઅલ્પ જીવનકાળને માપવો પણ મુશ્કેલ છે. પરંતુ વિજ્ઞાનશાસ્ત્રીઓએ તેમાં ઊંડા ઊતરીને આણુશકિતના વિનાશક તેમ કલ્યાણકારી ગુણો શોધી કાઢયા અને તે માટે આણુશકિતને નાથી પણ ખરી.

### આઈસોટોપ

છેલ્લે આઈસોટોપની વાત. એ નામ બહુ વપરાય છે, પણ સામાન્ય માણસને તે એવો અમૂર્ત (Abstract) લાગે છે કે આઈસોટોપ શું છે તેનો તેને ખ્યાલ નથી આવતો.

એક તત્ત્વનું અસ્તિત્વ જુદા સ્વરૂપે હોય. આપણે યુરેનિયમ-૨૩૫ની ઓળખાણ કરી એટલે કે એ ધાતુના એક આણુના કેન્દ્રમાં ૯૨ પ્રોટોન અને ૧૪૩ ન્યૂટ્રોન હોય છે. એટલે કે તેના એક આણુનું વજન ૨૩૫ થયું. પરંતુ યુરેનિયમનો એવું પણ આણુ કેન્દ્ર હોય છે જેમાં ૯૨ પ્રોટોન અને ૧૪૬ ન્યૂટ્રોન હોય છે. તેનું વજન ૨૩૮ થાય છે. આમ યુરેનિયમ જુદા આઈસોટોપ રૂપે અસ્તિત્વ ધરાવે છે.

પોલેન્ડની કન્યા અને ફ્રેન્ચ વિજ્ઞાનશાસ્ત્રી પિઅર કયુરીની પત્ની મેરી કયુરીએ શોધ કરી કે એક જ તત્ત્વ જુદા જુદા સ્વરૂપે અસ્તિત્વ ધરાવતાં હોય છે. આઈસોટોપ ગ્રીક શબ્દ છે જેનો અર્થ "એક જ જગ્યા" થાય છે. ૧૦૦ જેટલાં તત્ત્વો છે તેમને નકશો બનાવી દરેકને એકેક ખાનામાં મૂકી તેમનું વર્ગીકરણ કરવામાં આવેલ છે. એક તત્ત્વ જુદા જુદા સ્વરૂપે અસ્તિત્વ ધરાવતું હોય ત્યારે તેમના આણુઓના કેન્દ્રની રચનામાં ફેર પડતો હોય છે. તેમની રાસાયણિક પ્રકૃતિ તો એકસરખી જ હોય છે, પણ આણુવજનમાં જરાક ફેર પડે છે અને ભૌતિક પ્રકૃતિમાં જરાક ફેર પડે છે, આથી જુદા જુદા સ્વરૂપ ધરાવતું તત્ત્વ આ નકશામાં તેના સ્થાને જ એટલે કે, 'એક જ જગ્યા'એ રહે છે. માટે આ સ્વરૂપોને 'આઈસોટોપ' નામ આપવામાં આવ્યું. દા.ત. યુરેનિયમનું એક સ્વરૂપનું આણુવજન ૨૩૫ છે, બીજાનું ૨૩૮ છે.

મોટા ભાગનાં તત્ત્વોના આણુઓ જુદા જુદા સ્વરૂપે અસ્તિત્વ ધરાવે છે, પછી તેઓ સ્થાયી (Stable) હોય કે અસ્થાયી (unstable અથવા radioactive) હોય. અસ્થાયી એટલે કિરણોત્સર્ગી તત્ત્વોના આઈસોટોપ સંશોધનમાં ઉપયોગી છે. દા.ત. કાર્બન અને ફોસફરસના આઈસોટોપ તબીબી, જીવશાસ્ત્રીય અને ઔદ્યોગિક સંશોધનમાં ઉપયોગી છે. તેઓ કિરણોત્સર્ગી હોવાથી તેઓ કયાં જાય છે તે જાણી શકાય. દા.ત. મુંબઈના બારામાંથી કાંપ ખોદીને બીજે કયાંય નાખવો છે તો તે એવે ઠેકાણે નાખવો જોઈએ કે જુવાળના પ્રવાહમાં તે પાછો બારામાં ન આવે પણ બીજે જ જતો રહે. આથી તેમાં કિરણોત્સર્ગી કાર્બનના આઈસોટોપ મેળવી દીધા હોય તો તેને બીજે પધરાવી દીધા પછી તે કયાં જાય છે તે તેના કિરસોત્સર્ગ વડે જાણી શકાય. એવી રીતે વનસ્પતિ, પ્રાણી કે મનુષ્યના શરીરમાં અમુક ઔષધ કે રસાયણ કયાં જાય છે તે અલ્પમાત્રામાં કિરણોત્સર્ગી આઈસોટોપ મેળવવાથી જાણી શકાય. રેડિયમનો ઉપયોગ કેન્સરના કોશોનો નાશ કરવામાં વપરાય છે. તેનો કિરણોત્સર્ગ તંદુરસ્ત કોશો કરતાં કેન્સરગ્રસ્ત કોશો પર વહેલી અસર કરે છે. આથી કિરણોત્સર્ગી આઈસોટોપ શરીરમાં દાખલ કર્યા પછી તેઓ શરીરમાં કયાં છે અને કયાં કામ કરે છે તેની ઉપર ચાંપતી 'નજર' રાખી શકાય છે. કિરણોત્સર્ગી આઈસોટોપ ખેતીના વિકાસમાં પણ ઉપયોગી છે. તેમના વડે બીજની ચિકિત્સા (treatment) કર્યા પછી એ બીજ વાવવાથી તેમના વડે રોગમુકત ખેતી થાય છે અને સારો પાક મળે છે. ધારો કે ૧૦૦ ફીટ ઊંચું સાગ કે દેવદારનું ઝાડ છે કે ૩૫૦ ફીટ ઊંચું રેડવુડનું વૃક્ષ છે અને તેને વિષાણુ(Virus)જન્ય રોગ લાગુ પડયો છે, તેની ચિકિત્સામાં કિરણોત્સર્ગી તત્ત્વના આઈસોટોપ તેના શરીરમાં દાખલ કરવામાં આવ્યા છે. તો આવડી વિશાળ કાયામાં તે જંતુઓ કયાં છે અને શું કરે છે તે કંઈ બહારથી બીજી રીતે જાણી ન શકાય. તેમના કિરણોત્સર્ગના કારણે જ તેમની ઉપર 'નજર' રાખી શકાય.

આમ કિરણોત્સર્ગી તત્ત્વોના આઈસોટોપ ઘણી રીતે ઉપયોગી છે.

('જન્મભૂમિ અને પ્રવાસી'માંથી સાભાર ઉધ્ધૃત્) **વિજયગુપ્ત મૌર્ય**

## વિષયસૂચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો વાર્ષિક વૃત્તાંત અને ચૂંટણીનું પરિણામ. | | ૫૧ |
| ધર્મ એટલે શું? | આચાર્ય રજનીશજી | ૫૫ |
| તમે ફરિયાદ કર્યા જ કરો છો? | આઈ. ઓ. આર. વાઈલી | ૫૬ |
| આણુરચના કેવી છે? | વિજયગુપ્ત મૌર્ય | ૫૮ |

# શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય–મુંબઈ

## તા. ૩૧ મી ડિસેમ્બર ૧૯૬૪ના દિવસનું સરવૈયું

### ફંડો અને દેવું

| | | રૂ. પૈ |
|---|---|---|
| **શ્રી સ્થાયી ફંડ:** | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | | ૨૪,૫૬૧.૦૦ |
| **શ્રી પુસ્તક ફંડ:** | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | | ૫,૫૦૦.૦૦ |
| **શ્રી ફરનીચર ફંડ:** | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | | ૨,૪૦૦.૦૦ |
| **દેવું:** | | |
| પુસ્તકો અંગે ડિપોઝીટ | ૫,૦૮૬.૦૦ | |
| માસિકો અંગે ડિપોઝીટ | ૨૫.૦૦ | |
| **પરચુરણ દેવું:** | | |
| શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. | ૪,૪૫૫.૭૦ | |
| | | ૯,૫૬૬.૭૦ |
| | | ૪૨,૦૨૭.૭૦ |

અમોએ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય, મુંબઈનું તા. ૩૧-૧૨-૬૪ના દિવસનું સરવૈયું મજકુર સંસ્થાના ચોપડાઓ તથા વાઉચરો સાથે તપાસ્યું છે અને બરાબર માલુમ પડ્યું છે.

શાહ મહેતા એન્ડ કું.
મુંબઈ, તા. ૨૩ મી જૂન ૧૯૬૫. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ

### મિલ્કત અને લેણું

| | | રૂ. પૈ. | રૂ. પૈ. |
|---|---|---|---|
| **ઈન્વેસ્ટમેન્ટ્સ:** (ચોપડા પ્રમાણે) | | | |
| **સીક્યુરીટીઓ:** | | રૂ. પૈ. | રૂ. પૈ. |
| ૪ ટકાની સને ૧૯૬૭ની (ફ્રે–વે) | | | |
| સૌરાષ્ટ્ર ગવર્નમેન્ટ લોન | ૪,૦૦૦.૦૦ | ૩,૯૯૩.૭૫ | |
| **પબ્લીક લિ. કું.ના ડીબેન્ચરો:** | | | |
| ૭ ટકાના રાવળગાંવ સુગર | | | |
| ફાર્મ લિ.ના ડીબેંચરો | ૧૦,૦૦૦.૦૦ | ૧૦,૦૦૦.૦૦ | |
| ૫ ૧/૪ ટકાના ધી ઈસ્ટો | | | |
| સ્ટાન્ડર્ડ કું. લિ.ના ડીબેંચરો | ૫,૦૦૦.૦૦ | ૫,૨૭૩.૦૦ | |
| ૫ ટકાના ધી તાતા | | | |
| એન્જીનીયરીંગ એન્ડ | | | |
| લોકોમોટીવ કું. લી.ના | | | |
| ડીબેંચરો | ૬,૦૦૦.૦૦ | ૬,૧૬૩.૧૦ | |
| | ૨૫,૦૦૦.૦૦ | | ૨૫,૪૩૦.૨૫ |
| **ફરનીચર:** (ચોપડા પ્રમાણે) | | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | | ૨,૭૪૦.૧૨ | |
| **ઉમેરો:** વર્ષ દરમિયાન ખરીદીના | | ૫૭૦.૪૧ | |
| | | ૩,૩૧૦.૮૩ | |
| **બાદ:** કુલ ઘસારાના લખી વાળ્યા: સંવત ૨૦૧૯ સુધી. | ૧,૦૬૭.૧૨ | | |
| ચાલુ વર્ષના ૫ ટકા લેખે | ૧૧૨.૩૧ | | |
| | | ૧,૧૭૯.૮૩ | |
| | | | ૨,૧૩૧.૧૦ |
| **પુસ્તકો:** (ખરીદકિંમતે) | | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | | ૧૦,૨૦૮.૦૯ | |
| **ઉમેરો:** વર્ષ દરમિયાન ખરીદીના | | ૧,૦૮૩.૩૭ | |
| | | ૧૧,૨૯૧.૪૬ | |
| **બાદ:** કુલ ઘસારાના લખીવાળ્યા:- સંવત ૨૦૧૯ સુધી. | ૬,૪૭૫.૯૨ | | |
| ચાલુ વર્ષના ૧૫ ટકા લેખે | ૭૨૦.૫૪ | | |
| | | ૭,૨૦૭.૪૬ | |
| | | | ૪,૦૮૪.૦૦ |
| **લેણું:** | | | |
| ઈન્કમટેકસ રીફંડ અંગે | | ૯૫૫.૭૩ | |
| શ્રી. એલ. એમ. મહેતા | | ૩૧૪.૯૦ | |
| | | | ૧,૨૭૦.૬૩ |
| **રોકડ તથા બેંક બાકી:** | | | |
| ધી બેંક ઓફ ઈ. લી. ના ચાલુ ખાતે | | ૮૪૨.૬૯ | |
| રોકડ શીલક | | ૧૬.૪૧ | |
| | | | ૮૫૯.૧૦ |
| **શ્રી આવક–જાવક ખાતું:** | | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | | ૪,૫૨૦.૮૫ | |
| **ઉમેરો:** વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચનો વધારો | | ૩,૭૩૧.૭૭ | |
| | | | ૮,૨૫૨.૬૨ |
| | | કુલ રૂ. | ૪૨,૦૨૭.૭૦ |

## જૈન દર્શન તથા સંસ્કૃતિ પરિષદ

(શ્રી જૈન શ્વેતાંબર તેરાપંથી મહાસભા તરફથી નીચેનો પરિપત્ર પ્રકાશન માટે મળ્યો છે.)

પ્રસ્તુત પરિષદનું પ્રથમ અધિવેશન ગત વર્ષ બિકાનેરમાં સફળતાપૂર્વક સંપન્ન થયું હતું. તેમાં ૨૨ શોધપત્રો વાંચવામાં આવ્યા હતા. આ અધિવેશનનો રિપોર્ટ શોધપત્રો સાથે બહુ જલ્દિથી પ્રકાશિત કરવામાં આવશે.

આ વર્ષની દર્શન પરિષદનું અધિવેશન આગામી તા. ૧૫, ૧૬, ૧૭ તથા ૧૮ મી ઑકટોબરમાં થશે. સ્થાનની સૂચના યથાશિઘ્ર કરવામાં આવશે.

અધિવેશનમાં ભાગ લેવાવાળા વિદ્વાનોને અનુરોધ કરવામાં આવે છે કે પોતાના શોધપત્ર, સાર સાથે ૧૫ મી સપ્ટેમ્બર સુધીમાં કાર્યાલય ઉપર મોકલી આપે.

વિશ્વવિદ્યાલયો, સંસ્થાનો તથા પ્રાચ્ય મહાવિદ્યાલયોને અનુરોધ કરવામાં આવે છે કે પરિષદના અધિવેશનમાં પ્રતિનિધિદલ મોકલીને સહયોગ આપે.

આ અધિવેશનમાં નીચે જણાવેલા વિભાગો રહેશે :–

(૧) જૈન દર્શન (ક) બૌદ્ધિક દર્શન, (ખ) આચાર નીતિ, (ગ) ન્યાય.
(૨) જૈન આગમ, પાહુડ, નિર્યુક્તિ, ચુર્ણી વગેરે સાહિત્ય.
(૩) જૈન સાહિત્ય નંબર ૨ ની પછીનું, પ્રાકૃત, સંસ્કૃત તથા અપભ્રંશમાં.
(૪) આધુનિક ભાષાઓમાં જૈન સાહિત્ય.
(૫) જૈન ભાષાતત્ત્વ
(૬) જૈન ઈતિહાસ તથા સામાજિક અધ્યયન.
(૭) જૈન સાહિત્યમાં ટેક્નિકલ વિજ્ઞાન.
(૮) જૈન પુરાતત્ત્વ.
(૯) કળા.
(૧૦) ધર્મ તથા દર્શનનું તુલનાત્મક અધ્યયન.
(૧૧) ભારતની બહાર જૈન ધર્મ તથા તેનું અધ્યયન.

સર્વ પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો.

**સંયોજક : જૈન દર્શન ઔર સંસ્કૃતિ પરિષદ**
ઠે૦ શ્રી જૈન શ્વેતામ્બર તેરાપંથી મહાસભા,
૩, પોર્ચુગીઝ ચર્ચ સ્ટ્રીટ, કલકત્તા = ૧.

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ–૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઈ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૭ : અંક ૭

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ઑગસ્ટ ૧, ૧૯૬૫, રવિવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૨૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## ભારતીયોની તાર્કિકતા -૨

(ડૉ. એસ્તેર સોલોમનના આ લેખનો પહેલો હપ્તો તા. ૧–૭– ૫ના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવામાં આવ્યો છે. તેમાં પાનું ૪, પહેલું કૉલમ, ત્રીજા પારિગ્રાફમાં 'આર્ય અદ્ય' છપાયેલ છે તેના સ્થાને 'આર્ય અદ્ર' (આર્દ્રક) એમ વાંચવું. પાનું ૪૩ પહેલા કૉલમમાં ૨૦મી લીટીની શરૂઆતમાં 'ઉપાયહાધ્ય' એમ છપાયું છે તેને સ્થાને 'ઉપાયહૃદય' એમ વાંચવું. આ નામનો બૌદ્ધ ન્યાયનો એક ગ્રંથ છે. તંત્રી)

ન્યાયસૂત્રમાં કથાના ત્રણ પ્રકાર બતાવ્યા છે: વાદ, જલ્પ, વિતણ્ડા. વાદમાં વાદી અને પ્રતિવાદી પક્ષ અને પ્રતિપક્ષની રજુઆત કરે છે અને પ્રમાણ અને તર્કથી તેનું સમર્થન કરે છે અને એકબીજાના મતનું ખંડન કરવા પ્રયત્ન કરે છે. એક જ વસ્તુ અંગે બે મત હોય અને તે સામસામા મૂકવામાં આવે તો તે પક્ષ અને પ્રતિપક્ષ બને છે; દા. ત. 'આત્મા નિત્ય છે.' અને 'આત્મા નિત્ય નથી;' પણ 'આત્મા નિત્ય છે' અને 'બુદ્ધિ અનિત્ય છે' એ પક્ષ અને પ્રતિપક્ષ નથી. જલ્પમાં પણ આ જ પ્રક્રિયા હોય છે. વાદથી એનો ભેદ એ છે કે વાદમાં તત્ત્વબુભુત્સા એટલે કે સાચી હકીકત જાણવાની ઈચ્છા પ્રેરક હોય છે અને જય કે પરાજયની ચિન્તા કર્યા વિના પ્રામાણિકપણે વાદી અને પ્રતિવાદી એકબીજાનું ખંડન કરી પોતાના મતના સમર્થનમાં દલીલો રજુ કરે છે, જ્યારે જલ્પમાં નજર મુખ્યત્વે વિજય સામે હોય છે અને પ્રતિવાદીને મૂંઝવવા માટે અને તે રીતે વિજયની શકયતા ઊભી કરવા માટે વાદી છલ, જાતિ (અસદુત્તર), નિગ્રહસ્થાન (દોષ આપી વાદીને હરાવવો) અને મહાવિદ્યા પ્રકારના જટિલ ન્યાય–વાક્યોનો ઉપયોગ કરે છે અને આ રીતે પ્રતિવાદીના મતનું ખંડન અને પોતાના મતનું સ્થાપન કરવાનો પ્રયત્ન કરે છે. વિતણ્ડામાં પણ વિજય પ્રત્યે જ નજર હોય છે, પણ જલ્પથી તેનો ભેદ એ છે કે, જલ્પમાં પ્રતિપક્ષની સ્થાપના હોય છે, જ્યારે વિતણ્ડામાં પ્રતિપક્ષ રજુ કર્યા વિના વાદીનું ખંડન કરવામાં આવે છે. જલ્પ અને વિતણ્ડામાં છલ, જાતિ (અસદુત્તર) અને નિગ્રહસ્થાનનો છૂટથી ઉપયોગ થાય છે, જ્યારે વાદમાં જાણી જોઈને છલ અને જાતિનો ઉપયોગ થતો નથી. કયારેક ચર્ચાના આવેશમાં થઈ જાય તો ભલે. અને નિગ્રહસ્થાન–દોષ બતાવી કોઈ વાદીને રોકવો કે હરાવવો–તેનો પણ પ્રયોગ જો તેના દ્વારા સત્યાન્વેષણમાં મદદ મળતી હોય તો જ કરવામાં આવે છે. દા. ત. વાદીની દલીલમાં વિરુદ્ધ હેત્વાભાસ એટલે કે એવો હેતુ જે વડે પોતાને અનિષ્ટ વસ્તુ જ સિદ્ધ થાય–હોય તો તે બતાવવો જ જોઈએ. નહીં તો એ જે સિદ્ધ કરવા માગતો હોય તેનાથી વિપરીત સિદ્ધ થઈ જાય અને તો પછી મતભેદનું કારણ રહે નહીં. એ જ રીતે પોતાના સિદ્ધાન્તથી અસંગત વાત કરી હોય તો તેનું ધ્યાન દોરવું જોઈએ. આમ અપસિદ્ધાન્ત નામનું નિગ્રહસ્થાન પ્રયોજાય છે. ટૂંકમાં જે નિગ્રહસ્થાન બતાવવાથી સત્યાન્વેષણ સરળ બને અને પ્રતિપક્ષીને સત્યની ખાતરી થાય તેવું હોય તેવાં નિગ્રહસ્થાન પ્રયોજાય છે. તેણે કોઈ દલીલ સમજવામાં વાર લગાડી કે ઉત્તર તરત ન આપ્યો કે ન્યાયવાકય (Syllogism) રજુ કરવામાં થોડું ઊલટસૂલટ કરી નાખ્યું કે તેનાથી કશું અર્થહીન બોલાઈ ગયું કે પુનરુક્તિ થઈ વગેરે, તો વાતે વાતે તેના તરફ તેનું ધ્યાન દોરવાની જરૂર નહીં, જ્યારે જલ્પ અને વિતણ્ડામાં નાનામાં નાની ભૂલ કે અશકિત શોધ્યા જ કરવાની વૃત્તિ હોય છે, જેથી બીજો માણસ મૂંઝાઈ જાય અને દલીલો કરવામાં પાછો પડી જાય. પ્રતિવાદીની દલીલમાં નિરનુયોજ્યાનુયોગ–એટલે તેણે દોષ ન હોય ત્યાં દોષ બતાવવાનો પ્રયત્ન–કર્યો હોય અને વાદી જો પુરવાર કરી શકે કે પોતાની દલીલમાં એ દોષ નથી જ અને હેત્વાભાસ–એ બે નિગ્રહસ્થાન પ્રયોજાતાં કથા–ચર્ચાનો અન્ત આવી જાય છે, કારણ કે એકની દલીલ ખોટી ઠરે છે અને બીજાના મતનું સ્થાપન થઈ જાય છે. વાદમાં સત્યાન્વેષણની વૃત્તિ હોય છે, જ્યારે જલ્પ અને વિતણ્ડામાં બીજાને હરાવી વિજય પ્રાપ્ત કરવાની ઈચ્છા પ્રધાન હોય છે. વાદ મોટે ભાગે ગુરુ-શિષ્ય કે શિષ્યો કે એક જ શાસ્ત્રના સત્યાન્વેષી અભ્યાસી કે મિત્રો એટલે કે હિતેચ્છુઓ વચ્ચે અને ક્યારેક બે સંપ્રદાયના સત્યાન્વેષી અનુયાયીઓ વચ્ચે પણ સંભવે છે, જ્યારે જલ્પ અને વિતણ્ડામાં વિજય દ્વારા પોતાનું અને પોતાના સંપ્રદાયનું મહત્ત્વ સ્થાપવાનો જ ઈરાદો હોય છે. વાદ દ્વારા આપણે જોયું તેમ જ્ઞાનપ્રાપ્તિ અને પ્રાપ્ત જ્ઞાનનું પરિશોધન અને પરિપાક થાય છે. હવે એવું ક્યારેક બને કે પ્રતિપક્ષી જ્ઞાની હોય છતાં અસહિષ્ણુ હોય અને કોઈ પોતાની સામે વિરુદ્ધ પક્ષની તરફેણમાં દલીલ કરે એનાથી અકળાતો હોય તો જિજ્ઞાસુએ પોતાનો પક્ષ રજુ કરવાનો આગ્રહ રાખવો નહિ અને તેની પાસેથી જે જ્ઞાન મળે તેનો વિચાર અને પરીક્ષા કરી પોતાના જ્ઞાનનું પરિશોધન કરી લેવું એમ ન્યાયસૂત્રકાર કહે છે.

ન્યાયસૂત્રકારે અમુક સંજોગોમાં છલ, જાતિ, નિગ્રહસ્થાનની અનુમતિ આપી છે. જ્યારે કોઈ ગુરુને એમ લાગે કે કોઈ પ્રતિવાદીની દલીલોની અસર પોતાના કુમળી બુદ્ધિના વિદ્યાર્થીઓ ઉપર વિપરીત થશે અને છતાં જો તે પ્રતિવાદીને હરાવવો મુશ્કેલ હોય કે તાત્કાલિક કોઈ દલીલ મળે નહીં તો છલ જાતિ વગેરેનો પણ પ્રયોગ કરવો, પણ જવલ્લે જ–પોતાનો સિદ્ધાન્ત ભયમાં હોય કે શિષ્યો ઉપર વિપરીત અસર થવાની શકયતા હોય અથવા પ્રતિપક્ષી અત્યન્ત ગર્વિષ્ઠ, જ્ઞાન પ્રત્યે ઉદાસીન કે કેવળ ધન, કીર્તિ કે સત્તા પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળો હોય ત્યારે જ. પણ ન્યાયસૂત્રકારે ખાસ સૂચન કર્યું છે કે જલ્પ અને વિતણ્ડાનો પ્રયોગ કયારેય અર્થલાભ કે ખ્યાતિ વગેરે સ્થૂળ લૌકિક લાભો માટે સ્વેચ્છાએ કરવો

નહિ, જ્ઞાનના સંરક્ષણ માટે જ ન છૂટકે કરવો. આ પરથી કથાના ક્ષેત્રમાં જે ઊંચી કક્ષા ભારતીયોએ પ્રાપ્ત કરી હતી તે સ્પષ્ટ થાય છે. વ્યવહારમાં આ આદર્શનાં ભિન્ન ભિન્ન સ્વરૂપ નજરે પડે છે અને સત્યાન્વેષણ અને વિજિગીષા–વિજયની ઈચ્છા–એ બન્ને પ્રયોજન મિશ્રિત સ્વરૂપે જોવા મળે છે. વાદ, જલ્પ, વિતણ્ડા વચ્ચેનો ભેદ શાસ્ત્રીય છે. વ્યવહારમાં આ પ્રકારો સ્પષ્ટપણે હતા એમ કહેવું મુશ્કેલ છે. 'આપણે જલ્પ કે વિતણ્ડા કરીએ' એમ કહીને કોઈ ચર્ચાની શરૂઆત ભાગ્યે જ કરે. ચર્ચાની શરૂઆત તો વાદ સ્વરૂપે જ થાય અને આગળ જતાં તેમાં વાદ, જલ્પ કે વિતણ્ડાનાં લક્ષણો દાખલ થાય. જાણી જોઈને છલ, જાતિ વગેરેનો પ્રયોગ કરવામાં આવે છે કે નહિ તે પ્રમાણે દાર્શનિક ગ્રંથમાં કોઈ અગત્યના મુદ્દાની ચર્ચા પરથી આનો ખ્યાલ આવી શકે છે. જે કથાઓ વાસ્તવમાં થતી તેને આધારે નૈયાયિકોએ કથાની શાસ્ત્રીય ચર્ચા કરી અને તેના વિભાગો પાડ્યા અને આ શાસ્ત્રીય જ્ઞાનને આધારે પછી લોકો કથાના પ્રકારનો કે છલ, જાતિ, નિગ્રહસ્થાનનો નિર્દેશ કરવા લાગ્યા.

બૌદ્ધ નૈયાયિક ધર્મકીર્તિ અપ્રમાણિક દલીલને કથામાં અનુમતિ આપતા નથી અને પ્રતિપક્ષ વિનાનો પક્ષ સંભવે નહિ, તેથી જલ્પ કે વિતણ્ડા જેવા પ્રકારો તેમને માન્ય નથી. અપ્રમાણિક યુક્તિ દ્વારા કદી કોઈને હરાવી શકાતું નથી અને જ્ઞાનનું સંરક્ષણ સંભવતું નથી. ધર્મકીર્તિનો મત વધારે ન્યાયપુરઃસર છે અને નૈતિક છે, જ્યારે નૈયાયિકોએ લૌકિક વ્યવહારને આધારે વિભાગ પાડ્યા છે. દિઙ્નાગ અને ધર્મકીર્તિ પહેલાંના બૌદ્ધ નૈયાયિકોએ ન્યાયસૂત્રની જેમજ નીતિ અને નિગ્રહસ્થાનનું વિવેચન કર્યું છે. તેથી તેમને ન્યાયસૂત્ર જેવું વર્ગીકરણ માન્ય હશે એમ લાગે છે. અકલંક પહેલાંના જૈન તાર્કિકોને ધર્મ અને દાર્શનિક સિદ્ધાન્તનું સંરક્ષણ થઈ શકતું હોય તો છલ, જાતિ, નિગ્રહસ્થાનના પ્રયોગ સામે વાંધો નહીં હોય. સિદ્ધસેને પોતાના વાદોપનિષદ્, વાદ અને ન્યાય દ્વાત્રિંશિકાઓમાં વાદી–પ્રતિવાદી કેવી યુક્તિઓ દ્વારા જય પ્રાપ્ત કરે છે તેની મશ્કરી કરી છે. હરિભદ્રસૂરીએ પોતના વાદ અને યમ અધૂકોમાં ત્રણ પ્રકારના વાદનું વર્ણન કર્યું છે–શુષ્કવાદ, વિવાદ અને ધર્મવાદ. સજ્જનનો કોઈ ગર્વિષ્ઠ, ક્રૂર, અધાર્મિક અને અજ્ઞાની પ્રતિ–વાદી સાથેનો વાદ તે શુષ્કવાદ. અનુદાત્ત, અનુદાર, એકાંતવાદી અને લૌકિક લાભ ઈચ્છતા પ્રતિવાદી સાથેનો છલ, જાતિના પ્રયોગથી ભરપુર એવો વાદ તે વિવાદ. કોઈ જ્ઞાની જેને કોઈ મતનો દુરાગ્રહ નથી તેવા માણસ સાથેનો વાદ તે ધર્મવાદ. આ વર્ગીકરણ ન્યાયસૂત્રના વર્ગીકરણને મળતું છે. એમ જણાય છે કે સૌ પ્રથમ અકલંકે એમ બતાવ્યું કે તત્ત્વની સ્થાપના કરવા માટે પ્રમાણિક સાધનોનો જ ઉપયોગ કરવો જોઈએ. અપ્રમાણિક દલીલોને કથામાં સ્થાન જ ન હોય તો વાદ અને જલ્પના ભેદનો કોઈ અર્થ રહેતો નથી અને વિતણ્ડા સાચો વાદ નથી, વાદાભાસ છે. અકલંક પછીના જૈન ચિંતકોએ અકલંકનું અનુસરણ કર્યું છે. માત્ર યશોવિજયજી જરૂર પડે ત્યાં સંજોગો જોતાં તરકીબો કરવાની અનુમતિ આપે છે. (વાદ દ્વાત્રિંશિકા ૮.૬). હેમચન્દ્રાચાર્ય વાદ અને જલ્પનો ભેદ કરવાનું કોઈ કારણ જોતા નથી. જાતિ નિગ્રહસ્થાનની વાદની સાથે કાંઈ અસંગતિ નથી. ચાબુક વગેરેનો ઉપયોગ પ્રતિપક્ષીને વાદમાં હરાવવા માટે ન થઈ શકે, પણ નિગ્રહસ્થાન વગેરેનો ઉપયોગ અનુપપન્ન નથી. બીજો જે ભેદ બતાવ્યો છે કે વાદ સત્ય નિર્ણયની ઈચ્છાથી પ્રેરિત હોય છે, જ્યારે જલ્પ પાછળ ખ્યાતિ કે ધન કે એવો કોઈ લાભ મેળવવાનો ઈરાદો હોય છે, પણ આ બરાબર નથી. વાદમાં પણ સત્યની સ્થાપનાની સાથે સાથે વિજયી વાદીને ધન, પ્રતિષ્ઠા વગેરે તો મળે જ છે. આમ આ બાબતોની પ્રેરણા દરેક વાદમાં રહેવાની, કારણ કે માનવ માટે આ પ્રકારની ઈચ્છાઓ અને અભિલાષાઓ સ્વાભાવિક છે. સામાન્ય સંજોગોમાં કોઈ સારો માણસ અપ્રમાણિક દલીલ કે તરકીબથી પ્રતિપક્ષીને હરાવવાની કે ધન વગેરે પ્રાપ્ત કરવાની ઈચ્છા કરે નહીં. વાદમાં ક્યારેક જાતિ એટલે અસદુત્તર છતાં સાચા તરીકે ખપી જવાની જેની શકયતા હોય તેવો ઉત્તર આપવાની જરૂર ઊભી થાય છે, અથવા તેવી દલીલનો અજાણતાં ઉપયોગ થઈ જાય તેટલા માત્રથી વાદનો એક નવો પ્રકાર સ્વીકારવાની જરૂર નથી. આમ છતાં પણ વાદિ દેવસૂરિએ વાદના બે પ્રકાર માન્યા છે-- તત્ત્વનિર્ણિનીષુવાદ અને વિજિગીષુવાદ. જૈન નૈયાયિકો વાદમાં વિજિગીષાનું તત્ત્વ સ્વીકારે છે–વિજય પ્રાપ્ત કરવાની ઈચ્છા પણ વિજય એટલે સત્યની સ્થાપના. આમ શાસ્ત્રીય રીતે તો તેમની કલ્પના ન્યાયમતથી અલગ પડતી નથી. છલ, જાતિ, નિગ્રહસ્થાનનો વ્યવહારમાં ઉપયોગ થાય છે તેટલા પૂરતી નૈયાયિકોએ તેમની નોંધ લીધી છે, પણ આપણે જોયું તેમ ધર્મકીર્તિ, અકલંક, વિદ્યાનન્દ તેવા પ્રયોગને અનુમતિ આપતા નથી. વાદ અને જલ્પ વચ્ચેનો ભેદ ઘસાઈ જવાનું એક કારણ એ હોઈ શકે કે પાછળથી વાદમાં વિજય પ્રાપ્ત કરીને રાજ્યમાં પ્રતિષ્ઠિત સ્થાન કે પોતાના સંપ્રદાયને માટે રાજકીય સ્વીકૃતિ મેળવવાનું અનિવાર્ય બની ગયું અને વિજિગીષા બધા જ વાદોની પાછળ રહેતી. અને તેમ હોવા છતાં એ અભિપ્રેત હતું કે પ્રત્યેક વાદી બની શકે તેટલી પ્રમાણિક રીતે પ્રતિવાદીને હરાવવાનો પ્રયત્ન કરે.

વિતણ્ડા વિષે થોડીક સ્પષ્ટતા કરવી જરૂરી લાગે છે. વિતણ્ડામાં કોઈ મતની સ્થાપના નથી હોતી, માત્ર પ્રતિપક્ષીના મતનું ખંડન હોય છે. વૈતણ્ડિકને કોઈ મત સ્થાપવાનો હોતો નથી. આની મશ્કરી કરવામાં આવી છે. વૈતણ્ડિક જો કોઇ મત હોવાનું કબૂલ કરે કે કોઈ મત કે પક્ષ કે વાત સ્વીકારે તો તે વૈતણ્ડિક મટી જાય અને જો તેમ ન કરે તો તે લૌકિક કે પરીક્ષક કશું જ રહે નહીં અને તેનાં વચનો મિથ્યા પ્રલાપરૂપ બની જાય. બીજી બાજુએ આપણે જોઈએ છીએ કે માધ્યમિકો, જયરાશિ જેવા તાર્કિકો અને શ્રીહર્ષ વગેરે કેવલાદ્વૈતીઓએ વિતણ્ડાની પદ્ધતિ સ્વીકારી કોઈ મતની સ્થાપના કર્યા વિના પ્રતિપક્ષીનું ખંડન કર્યું છે. તો શું આ બધા કેવળ હાસ્યપાત્ર હતા? કહેવું પડે છે કે વાત્સ્યાયન, ઉદ્યોતકર, વાચસ્પતિ વગેરે બધા જ નૈયાયિક વૈતણ્ડિકનું સાચું મૂલ્ય આંકી શક્યા નથી. બુદ્ધના સમયના સંજય બેલટ્ઠપુતને પણ વૈતણ્ડિક કહી શકાય. તેમની દલીલ એ હતી કે સામાન્ય રીતે પ્રમેયની સિદ્ધિ પ્રમાણથી કરવામાં આવે છે ( प्रमेयसिद्धिः प्रमाणाद्धि ), પણ જો પ્રમાણનું લક્ષણ આપણે બરાબર આપી શકતા ન હોઈએ તો આપણી પ્રમાણની કલ્પના પાયા વિનાની છે અને તેથી પ્રમેયોની સિદ્ધિ સંભવે નહીં. આમ કોઈ પણ વસ્તુનું સાચું જ્ઞાન થાય છે એમ કહેવું મુશ્કેલ છે. બીજાની અપેક્ષાએ વસ્તુઓ જાણી શકાય, સ્વતંત્રપણે નહીં, તેથી વસ્તુઓ નિઃસ્વભાવ છે એમ માધ્યમિક બૌદ્ધોએ દલીલ કરી. જયરાશિએ પ્રમાણોનાં લક્ષણમાં ઈતરેતરાશ્રય વગેરે દોષો બતાવ્યા અને એ રીતે બતાવ્યું કે કોઈ પ્રમાણમાં જ્ઞાન આપવાની યોગ્યતા નથી, અને સાચું જ્ઞાન સંભવતું નથી. કોઈ લક્ષણ કે કલ્પના જો વિચારસહ ન હોય, તર્ક આગળ ટકી શકતી ન હોય તો તેમાં સત્ય માની શકાય નહીં. જેમને Critical Philosophers કે Sceptical thinkers કહી શકાય એ કોટિના આ ચિંતકો છે, માત્ર કલહકારી દોષદર્શી નથી. પણ ભાગ્યે જ કોઈ નૈયાયિકે આવા વૈતણ્ડિકનું સાચું મૂલ્ય આંક્યું છે–માત્ર ઉદયનાચાર્યે એક સનાતનીનો મત ટાંક્યો છે, જે પ્રમાણે વિતણ્ડા બે પ્રકારની હોઈ શકે : વાદ કોટિની અને જલ્પ કોટિની. વેંકટનાથની ન્યાયપરિશુદ્ધિમાં પણ આવો એક મત ટાંકી તેનું ખંડન કર્યું છે–જે પ્રમાણે વિતણ્ડા બે પ્રકારની હોઈ શકે–એકમાં વાદી વીતરાગ હોય છે

અને કોઈ રાગ-દ્વેષ વિના માત્ર તર્કની કસોટીએ પોતાના પ્રતિપક્ષીના મત અને દલીલોની પરીક્ષા અને ખંડન કરે છે, જ્યારે બીજા પ્રકારમાં વૈતણ્ડિક વિજિગીષુ હોય છે. આ વીતરાગ વૈતણ્ડિક જેને આપણે પ્રામાણિક—honest—sceptic કહીએ છીએ એ કોટિનો હોવો જોઈએ, જે પ્રામાણિકપણે કોઈ જ્ઞાનનું પ્રામાણ્ય સ્વીકારી શકતો નથી (તાત્પર્ય પરિશુદ્ધિ ૧.૨.૧; ન્યાય-પરિશુદ્ધિ, પૃ- ૧૬૬)

**છલ, જાતિ, નિગ્રહસ્થાન:** વાદીને મુંઝવવા માટે છલ, જાતિ, નિગ્રહસ્થાનનો પ્રયોગ કરવામાં આવે છે એ આપણે જોઈ ગયા. છલ એટલે વાદીના વચનનું તેને અભિપ્રેત હોય તેના કરતાં જૂદો જ અર્થ કરી તેનું ખંડન કરવું. તેના ત્રણ પ્રકાર છે—વાક્‌છલ, સામાન્ય છલ, ઉપચારછલ. વાક્‌છલમાં શબ્દનો બીજો અર્થ કરવામાં આવે છે; 'નવકંબલ'નો દાખલો જાણીતો છે. વક્તાએ 'નવ' નવો એ અર્થમાં શબ્દ વાપર્યો છે, જ્યારે પ્રતિવાદી તેને નવ સંખ્યાના અર્થમાં લે છે અને વિરોધ કરે છે. સામાન્ય છલ એટલે અત્યન્ત સામાન્યના અર્થમાં વપરાયેલ શબ્દમાં વિચિત્ર અર્થની કલ્પના કરવી. કોઈ એમ કહે કે 'આ બ્રાહ્મણ વિદ્વાન અને ચારિત્ર્યવાન છે' અને બીજો કહે કે 'બ્રાહ્મણને તો વિદ્યા અને ચારિત્ર્ય સ્વાભાવિક છે.' આનો વિરોધ આ રીતે કરી શકાય: જો બ્રાહ્મણમાં વિદ્યા અને ચારિત્ર્ય સ્વાભાવિક હોય તો વ્રાત્યમાં પણ હોવાં જોઈએ. (વ્રાત્ય એટલે એવો બ્રાહ્મણ જે બ્રાહ્મણ માટે જરૂરી મનાતી ધાર્મિક ક્રિયા, સંસ્કાર વગેરેમાંથી પસાર ન થયો હોય) અહીં વક્તાનો એવો કોઈ ઈરાદો નહોતો કે બ્રાહ્મણત્વ અને વિદ્વતા કે ચારિત્ર્યશીલતાનો સંબંધ બતાવવો, તેને માત્ર તે બ્રાહ્મણની પ્રશંસા કરવી હતી. જેમ કોઈ ખેતરનાં વખાણ કરતાં કહે કે 'અહીં તો બી વાવવાની પણ જરૂર નહીં.' આનો અર્થ એ નહીં કે એ એમ કહેવા માગે છે કે બી વાવ્યા સિવાય ધાન્ય ઊગે છે. ત્રીજો પ્રકાર ઉપચાર-છલનો છે જેમાં ગૌણ કે ઔપચારિક અર્થમાં—secondary meeningમાં—વપરાયેલ શબ્દને મુખ્ય અર્થમાં લઈ પ્રતિવાદી વચનનું ખંડન કરે છે. દા. ત. 'ઘોડિયાં રડે છે'નો પ્રતિષેધ એવી રીતે કરી શકાય કે 'ઘોડિયાં કેવી રીતે રડે?'

જાતિ એટલે અસદુત્તર—એરિસ્ટોટલ જેને sophistical refutation કહે છે તે. જાતિમાં મુખ્યત્વે સાધર્મ્ય કે વૈધર્મ્યને આધારે વાદીની દલીલનું ખંડન કરવામાં આવે છે. સાધ્ય અને લિંગ વચ્ચે કોઈ નિયત કે સ્વાભાવિક સંબંધ હોવો જોઈએ. તેને બદલે કોઈ પદાર્થમાં બે ધર્મો સાથે હોય કે ન હોય અને એમાંનો એક ધર્મ આ પદાર્થમાં હોય તો બીજા ધર્મ વિષે અનુમાન કરવું અને તે રીતે વાદીએ જે સિદ્ધ કર્યું હોય તેનું ખંડન કરવું એ જાતિ. દા. ત. કોઈ એમ કહે કે 'શબ્દ અનિત્ય છે, ઉત્પત્તિમાન છે તેથી, ઘટની જેમ.' અને આની સામે જાતિ પ્રયોજાય કે 'શબ્દ નિત્ય છે, અમૂર્ત છે તેથી, આકાશની જેમ,' અહીં માત્ર સાધર્મ્યને આધારે દલીલ કરી છે. ખરી રીતે તો નિત્યત્વ અને અમૂર્તત્વને કોઈ સંબંધ નથી. બધા અમૂર્ત પદાર્થો નિત્ય નથી હોતા, દા. ત. બુદ્ધિ. વૈધર્મ્યને આધારે પણ જાતિ પ્રયોજી શકાય—'જે ઘટ સાથે સાધર્મ્યને કારણે શબ્દ અનિત્ય હોવો જોઈએ તો અમૂર્તતાને લીધે ઘટથી વૈધર્મ્યને કારણે તે નિત્ય મનાવો જોઈએ.' ન્યાયસૂત્રમાં જાતિના ૨૪ પ્રકાર વર્ણવ્યા છે અને તેનાં ઉદાહરણ આપ્યાં છે. ન્યાયસૂત્ર અને અન્ય પ્રાચીન ગ્રંથોમાં જે જાતિ પ્રકારની દલીલો વ્યવહારમાં સામાન્ય રીતે પ્રયોજાય છે તેનો સંગ્રહ કર્યો હોય તેમ લાગે છે. આ બધામાં જાત્યુત્તર વ્યાપ્તિમૂલક નથી, તેથી સમર્થવચન નથી અને મૂળ વચનનો પ્રતિષેધ કરી શકે નહીં. પણ જો વાદી મૂંઝાઈ જાય અને પ્રતિવાદીની જાતિની આ ખામી પકડી ન પાડે તો તે પોતાની દલીલ ભૂલભરેલી હતી એમ સ્વીકારી લે, અને આ રીતે ક્યારેક તેને હરાવી પણ શકાય. તેથી જ તો વિષમ સંજોગોમાં જાતિનો પ્રયોગ કરવાની અનુમતિ આપી છે—કદાચ પરાજય નિવારી શકાય તે આશયથી.

અપૂર્ણ

ડૉ. એસ્તેર સોલોમન

# ધર્મ એટલે શું?

(ગતાંકથી ચાલુ)

ભગવાન બુદ્ધ એક વાર એક રેશમી રૂમાલ લઈને પોતાના ભિક્ષુશિષ્યો વચ્ચે જઈને બેઠા. એમણે રેશમી રૂમાલમાં એક ગાંઠ બાંધી અને શિષ્યોને પૂછ્યું કે "આ રૂમાલ એનો એ છે કે બદલાઈ ગયો છે?" શિષ્યોએ કહ્યું કે "એક અર્થમાં એ બદલાયેલો છે અને બીજા અર્થમાં તો તેનો તે જ છે. પહેલાંમાં ગાંઠ નહોતી અને હવે ગાંઠ છે તેટલો ફરક પડ્યો છે." ભગવાને કહ્યું કે. "ભિક્ષુઓ, પહેલાં જેઓમાં કડીઓ નહોતી તેમાં જ્યારે કડીઓ નિર્માણ થઈ કે તેઓ બદલાઈ ગયા. ચિત્ર પર ડાઘ પડ્યો કે તે બદલાઈ ગયું." ત્યાર બાદ ભગવાને પેલા રૂમાલમાં છ ગાંઠો બાંધી અને ભિક્ષુઓને કહ્યું કે 'આ ગાંઠોને ખોલવી કેવી રીતે?' કેટલાક શિષ્યોએ રૂમાલ હાથમાં લઈને બેઉ છેડેથી ખૂબ ખેંચ્યો. આથી ગાંઠો વધારે મજબૂત થઈ ગઈ. ભગવાન હસ્યા અને કહ્યું કે 'ગાંઠોને જો ખોલવી હોય તો જેવી રીતે તેને બાંધી તેનાથી વિપરીત જ્યું જોઈએ. કેવી રીતે બાંધી તેનો ખ્યાલ કરીને તેનાથી ઊંધી ક્રિયા કરો તો ગાંઠો ખૂલી જશે.' આ કેટલું સરળ કામ છે? પણ આપણે તો ખોલવાના ભ્રમમાં ગાંઠને વધારે મજબૂત જ બનાવતા હોઈએ છીએ. કેટલાક પોતાના ધાર્મિકપણાની ધૂનમાં ને ધૂનમાં આવી ગાંઠોને મજબૂત બનાવતા હોય છે.

એક સંન્યાસીને એક રાજાએ કહ્યું કે, 'સ્વામીજી, મેં હજારો લોકોને અન્નવસ્ત્ર પૂર્યાં છે. કેટલાંયે મંદિરો બંધાવ્યાં છે. મને શો ફાયદો થયો? સંન્યાસીએ કહ્યું કે, 'રૂમાલોને ગાંઠો પાડવા અને ખેંચવા જેવું થયું. વધારે ને વધારે ગાંઠો પડતી જશે. દાન આપ્યાં, તપ કર્યું, ઉપવાસ કર્યા અથવા છોડ્યા તેથી શો લાભ? એનું સતત ધ્યાન રહે તેથી જ ગાંઠો પડતી જાય છે. કારણ કે તેમાં મનની ખેંચતાણ રહે છે, સ્વાભાવિકતા નથી હોતી.

આપણને આશ્ચર્ય લાગશે કે અત્યંત વિનમ્ર અને વિનીત મનુષ્યમાં પણ અહંકાર હોય છે—પોતાની વિનમ્રતાનો. જેણે બધું છોડ્યું છે, ત્યાગ્યું છે તેમનામાં પણ આ ઘટના ઘટિત થતી હોય છે. તેનામાં પોતાના ત્યાગનો અહંભાવ હોય છે. જો કે તેમની ગાંઠો સૂક્ષ્મ હોય છે. ગાંઠોમાં જેટલી સૂક્ષ્મતા તેટલી તેની નિર્ગ્રંથ મુશ્કેલ બને છે. ગાંઠો જેટલી મોટી હોય તેટલું તેને ખોલવાનું સરળ બને છે. એટલા માટે જ સામાન્ય ગૃહસ્થી લોકોની ગાંઠો જલ્દી ખૂલી જાય છે, પણ ત્યાગીઓ અને સંન્યાસીઓની ગાંઠો સૂક્ષ્મ હોવાથી બહુ જ ઊંડી બેસી ગયેલી રહે છે અને તેથી તેને ખોલવાનું મુશ્કેલ બને છે. ગાંઠ કેવી રીતે બંધાઈ જાય છે તે જો સમજાય તો તેની ખોલવાની ક્રિયા પણ આપોઆપ સમજાશે.

સંસારમાં કોઈ રસ્તો એવો નથી કે જે એક જ તરફ જતો હોય. આ ભવન પર આપણે જે રસ્તેથી આવ્યા તે જ રસ્તેથી પાછા પણ જઈ શકાય છે. મોક્ષ આગળ ચાલવાથી નહિ મળે, પણ જ્યાંથી આવ્યા ત્યાં પાછા જવાથી મળશે.

કોઈ એક સંન્યાસી એક નદી કિનારે આવ્યો. ત્યાં પાણી ભરવા આવેલી એક ગામડિયણ છોકરીએ સંન્યાસીને ભાવથી ભોજન કરાવ્યું. ભોજન થઈ રહ્યા બાદ છોકરીએ ભોજનપાત્રને નદીમાં ફેંકી દીધું. પેલું પાત્ર તો ઉપરવાસ તરફ જવા લાગ્યું.* આ જોઈને તે સંન્યાસી નાચી ઊઠ્યો અને બોલ્યો કે, "બસ, આજ મને સત્ય મળી ગયું. હવે હું તરી ગયો. હવે પેલા પાત્રની માફક ઉદ્‌ગમ સ્થળ કે જ્યાંથી ચેતનાની ધારા વહે છે તે તરફ પાછો વળીશ અને ઉદ્‌ગમ સ્થળ ઉપર પહોંચી જઈશ. આમ કરવાને બદલે હું આગળ વધીશ તો તેટલો એનાથી દૂર થતો જઈશ." આ ઉદ્‌ગમ સ્રોત પર જવા માટે તો મનની ગંગામાં ચેતનારૂપી પાત્રને પાછળની બાજુ તરફ હઠાવવું પડશે—જ્યાંથી વાસના વિકાર આદિ આવે છે તે બિંદુ પર પહોંચવું પડશે. જે રીતે કડીઓ બનાવી તે જ રીતે તેના પરથી પાછા વળી શકાય છે.

*આમ વહેતા પ્રવાહમાં નાખેલું પાત્ર ઉપરવાસ જાય એવું વિધાન વાચકોને વિચિત્ર જેવું લાગશે, પણ આ બાબત રજનીશજીને પૂછતાં તેમણે એમ ખુલાસો કર્યો કે જોરથી વહેતા વિશાળ જળપ્રવાહને બારીકીથી જોતાં માલૂમ પડશે કે જ્યારે પ્રવાહની વચ્ચેનો ભાગ જોરથી નીચાણમાં વહી રહેલો હોય છે ત્યારે કોર ઉપરનું પાણી ઉપરવાસ જતું દેખાય છે અને તે કોર ઉપરના પાણીમાં કોઈ પદાર્થ નાખવામાં આવે તો તે પદાર્થ પણ થોડો સમય ઉપરવાસ જતો ભાસે છે.

આપણી દરેક ગ્રન્થિ, ગાંઠોમાં, સારા-બૂરા બેઉ તત્ત્વો ભરેલા છે. લોભની સાથે અલોભ, અસત્યની સાથે સત્ય, હિંસાની સાથે અહિંસા. આ તો નદીની ધારા છે. જે આગળ વહેવાનું પસંદ કરશે તે પોતાથી દૂર ને દૂર જશે, પણ જે પાછા વળી જવામાં સમર્થ બનશે તે પોતામાં આવી જશે. આ કરવા માટે ઘૃણાને દૂર કરો, પ્રેમને પાસે લાવો, અસત્યને પ્રવાહમાં વહાવી દો, સત્ય તરફ વળો, કામને દૂર કરો, સંયમની નજીક જાઓ. પ્રત્યેક વૃત્તિનું નિદાન કરીશું તો તેમાંથી બોધ પ્રાપ્ત થશે કે પ્રત્યેક ચીજની બે દિશાઓ છે. જે દિશા બહાર દૂર ને દૂર લઈ જાય તેને 'પાપ' સમજો અને જે દિશા અંદર લઈ જાય તે 'પુણ્ય'. એનું જ અનુગમન કરો. પાપ બહિર્ગામી છે, પુણ્ય અંતરઅનુગામી છે. ભગવાન મહાવીરની શિક્ષા-દીક્ષા અંતરગામી વૃત્તિઓનું પરિમાર્જન કરવાની છે.

ક્રાઈસ્ટે કહ્યું છે કે "કોઈ તમારો મારે તો તેને બીજો ગાલ ધરો. કોઈ તમારા પર મુકદ્દમો ચલાવે તો તેને તમારું પહેરણ ભેટ ધરો." આ વાતો જો કે આપણને અવ્યાવહારિક લાગે છે, પણ ધર્મ અવ્યાવહારિક જ છે, કારણ કે એ કોઈ ધારામાં વહેતો નથી. આખું જગત વહ્યે જાય છે, તેની ભીડમાં ધક્કા ખાતા ખાતાં આપણે પણ વહ્યા જઈએ છીએ. તેમાં આપણી પોતાની કોઈ સ્વતંત્ર ગતિ નથી. આખી દુનિયા સોનાની પાછળ ઘેલી હતી ત્યારે બુદ્ધ અને મહાવીર તેનાથી ઊંધા ચાલ્યા. જેઓ સૌ સાથે સમૂહમાં ચાલ્યા તેઓ ક્યાંય ન પહોંચ્યા. જેઓ વિપરીત દિશામાં એકલા ચાલ્યા તે પોતાના ચરમ લક્ષ્ય પર પહોંચી ગયા.

પરંપરાવશ આપણે મંદિરમાં દર્શન કરવા, કથા-વાર્તા સાંભળવા જઈએ છીએ. બધા જાય છે એટલે આપણે પણ જવું જોઈએ અને ન જઈએ તો ટીકાપાત્ર બનીએ તે વિચારથી જઈએ, તો તે ધર્મ નથી. ભીડ-સમૂહ અને ધર્મ એકબીજાથી વિપરીત છે. બધા સાથે વહેતા પ્રવાહમાં વહ્યા તેમાં ક્યાંય ધાર્મિકતા આવી શકતી નથી. ધાર્મિક થવા માટે તો એકાંતમાં એકલા બની જવાનું છે, અને અંતરમાં ખોળવાનું છે.

ભગવાન ક્રાઈસ્ટે, કોઈ એક ગાલ પર મારે તો બીજો ગાલ ધરવાનું કહ્યું છે તે વાત વ્યવહારમાં મૂકવાનું આપણને અશક્ય લાગે છે. કારણ કે કોઈ તમારો મારે કે અપમાન કરે તેની સામે આપણને સહજ ઘૃણા, વેરવૃત્તિ અને ક્રોધ થઈ આવે છે અને એણે એક ઘા કર્યો તો સામે આપણને બે ઘા કરવાની વૃત્તિ થઈ આવે છે. આ વૃત્તિ તે ધારામાં વહીં જવાની વૃત્તિ, અને તે સહજપણે થઈ આવે છે અને થોડા અપવાદો સિવાય લગભગ બધામાં હોય છે. આવા સમયે મનુષ્યમાં જો વિવેક અને સંયમ હોય તો તે વિચારશે કે 'જો હું સામે મારીશ તો હું સામાન્ય ધારામાં વહી ગયો કહેવાઈશ. આવી પ્રતિશોધ લેવાની વૃત્તિ તો પશુમાં પણ હોય છે, તો પછી મારામાં અને પશુમાં ફેર ક્યાં રહ્યો? હું તો વિવેકથી વિચારી શકું તેમ છું. પંખો ચાવી દઈએ કે ચાલવા માંડે, તેની સ્વતંત્ર કોઈ ગતિ નથી હોતી. ત્યારે હું તે મશીન છું કે મનુષ્ય?' જેમ મશીન પોતે નથી ચાલી શકતું તેને બીજા ચલાવે છે. તેમ જો તમે દીધેલી ગાળથી કે તમે મારેલા ધક્કાથી મને ક્રોધ આવે તો તમે મને ચલાવ્યો, પણ જો બદલામાં મને તમારા તરફ પ્રેમ આવે તો મેં મને ચલાવ્યો ગણાય. આપ કોઈનાં ચલાવ્યા ન ચાલો, પોતાની ગતિથી જ ચાલો. બસ, આપ ધાર્મિક થઈ ગયા સમજો. આપણે તો જગતમાં રહેવું છે ને સમાજની સાથે ચાલવું જોઈએ-આવી માન્યતાઓ થોથી છે, તે દ્વારા કદી ધાર્મિકતામાં પ્રવેશ થઈ શકતો નથી.

ભગવાન બુદ્ધનાં શિષ્ય પૂર્ણ પોતાની સાધના-અભ્યાસ પૂરો કરીને સમાજમાં ધર્મોપદેશ માટે જવા નીકળ્યા. પ્રવાસના પ્રારંભ પહેલાં તેઓ બુદ્ધના આશીર્વાદ લેવા આવ્યા. ભગવાને પૂછ્યું "ક્યાં જશો?" પૂર્ણે એક એવા શુષ્ક સ્થાનનું નામ આપ્યું કે જ્યાં અબુધ, અજ્ઞાની અને જડસુ જેવા લોકો વસતા હતા. ભગવાને કહ્યું કે, "અરે પૂર્ણ, ત્યાં ન જઈશ. ત્યાંનાં લોકો ધર્મ-વિમુખ છે. તને ગાળો આપશે.' પૂર્ણે શાંતિથી કહ્યું કે, "તો હું મને ધન્ય સમજીશ કે કેટલા ભલા લોકો છે કે મને મારપીટ નથી કરતા, માત્ર ગાળો જ દે છે." ભગવાને કહ્યું કે "કદાચ એ લોકો તને મારે પણ ખરા." પૂર્ણે કહ્યું કે, "તો હું સમજીશ કે એ લોકો ઘણા સારા છે, જેઓ માત્ર માર જ મારે છે." "પણ તને એ લોકો મારી પણ નાખે"-ત્યારે પૂર્ણે અખંડ શાંતિથી કહ્યું કે "તો હું સમજીશ કે આ ભલા લોકોને હાથે એક એવા જીવનનો અંત આવ્યો કે જે જીવનમાં ભૂલો થવાથી શક્યતા હતી." બુદ્ધ ભગવાન પ્રસન્ન થયા અને પૂર્ણને આશીર્વાદ આપતાં કહ્યું કે "હવે તું ગમે ત્યાં જઈ શકશે, તને કશો વાંધો નથી આવવાનો. તું તૈયાર છે. બધી પરિસ્થિતિમાં તારી ગતિ તો અંતરમાં જ અંદરની દિશામાં જ રહેવાની છે."

અનેક પ્રકારના ધર્મઝનૂનના નેજાતળે ધર્મબદલા થયા કરે છે. હિંદુ મુસ્લિમ બને યા મુસ્લિમ હિંદુ બને, કોઈ ખ્રિસ્તી યા બીજો ધર્મ અંગીકાર કરે તે એક બેવકૂફીમાંથી બીજી બેવકૂફીમાં જવા બરાબર છે. મૂળ અસલી ધર્મબદલો (conversion) તો બહારથી અંદર જવું તે જ છે. જે પોતાના આત્મામાં પ્રતિષ્ઠિત થઈ જાય છે તેનાથી પછી કર્મ બંધાતા નથી. તે પોતાની જંજીરની કડીઓને ખોલી નાખે છે, બાંધતા નથી. સ્વવિવેકથી જે કર્મ નિષ્પન્ન થાય છે તેનાથી કડી ખૂલતી જાય છે. કડી બને છે Re-action, પ્રત્યાઘાતથી, પ્રતિક્રિયાથી - તૂટે છે actionથી, આઘાતથી. આવી માનસિક સ્થિતિમાં કોઈ ગાળ દે તો પણ તેના તરફ હૃદયમાંથી પ્રેમની ધારા વહેવા માંડે. આ ક્ષણોમાં માણસ સ્વયં પોતામાં પ્રતિષ્ઠિત થઈ જાય છે.

બીજાની પ્રતિક્રિયાઓથી પર ચાલ્યા જવું અને પોતાના સંયમ અને વિવેકમાં જાગૃત રહેવું-આ અવ્યવહારિકતા તો લાગે છે, પણ એ જ સાચી, સમ્યક્ વ્યવહારિકતા છે. જ્યારે દુઃખની કડીઓ ખુલી જાય છે ત્યારે આપણું સ્વરૂપ બદલાઈ જાય છે, પ્રસન્નતા અને આનંદથી મન ભરાઈ જાય છે. જાણે આપણને અમૃત મળી ગયું લાગે છે. આત્મા - પરમાત્મા, જે અનંત અને અનાદિ છે તેનો બોધ થાય છે. પરમબ્રહ્મ જે આપણામાં વિરાજિત છે તેની સાથે એકતા થઈ જાય છે, જાણે આપણે અદ્‌ભુત સુવાસથી, અલૌકિક પ્રકાશથી ભરાઈ ગયા હોઈએ તેવું લાગે છે. જેને આ સૌભાગ્ય મળે તે મનુષ્ય જન્મોજન્મની કૃતજ્ઞતા અને ધન્યતા અનુભવે છે. અને આવી ધન્યતા સિવાયનું જીવન દુર્ભાગ્ય છે.

આપણે જે ધર્મની વાત કરી રહ્યા છીએ તેમાં હિંદુ-મુસલમાન કે અન્ય કોઈના ધર્મ સાથે કોઈ સંબંધ નથી. બહારથી ભીતરમાં જવું, સ્વયંસ્થાપિત થઈ જવું, તે બધા જ ધર્મોનો પ્રાણ છે, શુદ્ધ ધર્મ છે. એક સમય એવો આવે કે જ્યારે એક જ ધર્મ રહી જાય. તે દિવસ પરમ આનંદનો હશે. તે દિવસે નૂતન પ્રભાતનો, નવીન સૂર્યનો જન્મ થશે. આવો દિવસ લાવવો હોય તો આપણે સૌએ આપણું અંતર જાણવાનું છે, તેમાં ઊંડે ઉતરવાનું છે. ધર્મના વિશાળ ભવનની ઈંટ બનવાનું છે. પરમાત્મા કરે તો આપ સૌમાં આવી આકાંક્ષા, આવી તૃષા, આવી કામના પેદા થાય, અને દુઃખથી ઉપર ઊઠી જવા માટે આપ પાગલ બની જાવ.

ધન્યવાદ, મારા પ્રણામ સ્વીકારશો!

ગુજરાતીમાં સંકલન કરનાર — મૂળ હિંદી
**શ્રી પૂર્ણિમાબહેન પકવાસા** (સમાપ્ત) **આચાર્ય રજનીશજી**

# શ્રી મોરારજીભાઈની બુલંદ ઘોષણા

બેંગલોર ખાતે તાજેતરમાં તા. ૨૫-૭-૬૫ રવિવારના રોજ મળેલી અખિલ હિંદ મહાસભા સમિતિની બેઠકમાં સંરક્ષણ પ્રધાન શ્રી યશવન્તરાવ બી. ચવ્હાણે, કૉંગ્રેસ પ્રમુખ અને મંત્રીઓની, તેમના અધિકારને લગતી મુદત પૂરી થયા બાદ, ફરીવાર નિમણૂંક કરવા ઉપર પ્રતિબંધ મૂકતા ૧૯૫૮ માં હૈદ્રાબાદ ખાતે કરવામાં આવેલા ઠરાવના અમલમાં જરૂર જણાય ત્યારે –when necessary– અપવાદ કરવાની કૉંગ્રેસની કારોબારીને સત્તા આપતો ઠરાવ રજુ કર્યો હતો, અને પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન શ્રી પી. સી. સેને તેને ટેકો આપ્યો હતો. શ્રી ઢેબરભાઈ, તથા શ્રી એસ. કે. પાટીલનો પણ આ સુધારેલા ઠરાવને ટેકો હતો. આ ઠરાવનો શ્રી મોરારજીભાઈએ સખત વિરોધ કર્યો હતો અને તેમના વિરોધે આ બેઠકમાં ભારે ગરમી પેદા કરી હતી. પ્રસ્તુત વિરોધ કરતાં શ્રી મોરારજીભાઈએ એક યાદગાર પ્રવચન કર્યું હતું. આમ છતાં એ ઠરાવ 'જરૂર જણાય ત્યારે' એ શબ્દોના સ્થાને 'ખાસ સંયોગો વચ્ચે' –'in special circumstances'–એ પ્રકારના મહાઅમાત્ય લાલબહાદુર શાસ્ત્રીએ સુચવેલા સુધારાના સ્વીકાર સાથે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો. આ ચર્ચા દરમિયાન જેમના ટેકાની શ્રી મોરારજીભાઈએ ગણતરી કરી હશે તે શ્રી જગજીવનરામે, ઓરિસ્સાના શ્રી બીજુ પટનાયકે, અને બિહારના શ્રી એસ. એન. મિશ્રે ખુલ્લી ચર્ચા વખતે ફેરવી તોળ્યું હતું. વળી મહાઅમાત્ય શ્રી લાલબહાદુર શાસ્ત્રીએ ઉપર જણાવેલ સુધારો સુચવતી વખતે આ ઠરાવને મતગણતરી ઉપર ન લઈ જવાનો શ્રી મોરારજીભાઈને દબાણપૂર્વક આગ્રહ કર્યો હતો. આ બધા પ્રતિકુળ સંયોગો લક્ષમાં લઈને, આ ઠરાવ જ્યારે જાહેર બેઠક સમક્ષ મંજુરી માટે રજુ કરવામાં આવ્યો ત્યારે શ્રી મોરારજીભાઈએ મત ગણતરીની માગણી ન કરતાં મૌન અખત્યાર કર્યું હતું.

એ સુવિદિત હતું કે કૉંગ્રેસના ઘણા ખરા મોવડીઓ આગામી કૉંગ્રેસ અધિવેશન માટે શ્રી કામરાજને પ્રમુખ તરીકે ચાલુ રાખવા માગતા હતા અને તે કારણે જ કૉંગ્રેસની કારોબારી સમિતિ તરફથી ૧૯૫૮ના હૈદ્રાબાદના ઠરાવમાં ઉપર જણાવેલો સુધારો ઉમેરીને તેને ઠરાવના આકારમાં રજુ કરવામાં આવ્યો હતો. ૧૯૫૮ની પરિસ્થિતિના સંદર્ભમાં આજની પરિસ્થિતિ અંગે જેનો જેવો ખ્યાલ હતો તે મુજબ તેના તરફથી આ સુધારાનું સમર્થન કે વિરોધ કરવામાં આવેલ હતાં. આમ છતાં આ પ્રશ્ન શ્રી મોરારજીભાઈને મત પાયાનો પ્રશ્ન બની ગયો હતો અને તેને અન્તરના અવાજ સાથે તેમણે સાંકળી દીધો હતો. આ કારણે તેમનું આ પ્રશ્ન અંગેનું સંવેદન ઘણું જ તીવ્ર બન્યું હતું અને તે સંવેદનને તેમણે જે જોરદાર ભાષામાં અને જે સચોટ રીતે વ્યક્ત કર્યું હતું અને સંસ્થાના શિસ્તનો ગમે તેવો પ્રશ્ન હોય તો પણ, તે અંગેના અન્ત:કરણના અવાજને તો કોઈ સંયોગોમાં અવગણી ન જ શકાય એવી તેમણે બુલંદ ઘોષણા કરી હતી જે સાંભળીને ઉપસ્થિત સમસ્ત સભાજનો અત્યન્ત પ્રભાવિત બન્યાં હતાં. શ્રી મોરારજીભાઈના પ્રભાવશાળી વ્યક્તિત્વનો આ વક્તવ્યમાં જે આદર્શલક્ષી રણકાર સંભળાય છે તે રણકાર 'પ્રબુદ્ધ જીવન' ના વાચકોને શ્રવણગોચર થાય એ હેતુથી, તેમનું તે વક્તવ્ય ૨૬-૭-'૬૫ ના ટાઈમ્સ ઑફ ઈન્ડિયામાં અંગ્રેજીમાં જે રીતે પ્રગટ થયું છે તેના આધારે ગુજરાતીમાં સંકલિત કરીને નીચે આપવામાં આવે છે. તત્કાલ અત્યન્ત તંગ બનેલા વાતાવરણ વચ્ચે શ્રી મોરારજીભાઈએ નીચે મુજબ જણાવ્યું હતું.

પરમાનંદ

## અંતરના અવાજને કદિ પણ દબાવી ન શકાય!

કૉંગ્રેસ સાથેના મારા ૩૫ વર્ષના સંબંધમાં આ પહેલો જ પ્રસંગ છે કે જ્યારે કૉંગ્રેસ કારોબારીના ઠરાવનો વિરોધ કરવાનું કોઈ 'અસાધારણ' આચરણ હું આચરી રહ્યો છું. હું આમ વર્તી રહ્યો છું, કારણ કે મને લાગે છે કે આ ઠરાવને પસાર કરીને આપણે દેશને અને કૉંગ્રેસને મોટામાં મોટું નુકસાન કરીશું. મારા મિત્રો અને સાથીઓની સલાહની સામે થઈને હું આ ઠરાવનો વિરોધ કરી રહ્યો છું. આમ છતાં આ પ્રમાણે હું વર્તી રહ્યો છું, કારણ કે જો હું એમ ન કરું તો મારા અન્ત:કરણના અવાજને મેં ગુંગળાવી દીધા જેવું કર્યું ગણાય.

આ ઠરાવનો વિરોધ હું કોઈ રમુજમાં કે હળવા દિલથી કરતો નથી. કારણ કે હું એ અતિઆવશ્યક અને મહત્ત્વનું માનું છું કે, કૉંગ્રેસની કારોબારીમાં કશું ઘર્ષણ હોવું ન જોઈએ અને કૉંગ્રેસની કારોબારીએ એક અવાજથી જ બોલવું જોઈએ. પણ માણસની જિંદગીમાં એવી પણ ઘડ કદિ આવે છે કે જ્યારે અંદરના અવાજને દબાવવાનું આપણા માટે મુશ્કેલ બને છે.

મારા જીવનમાં આ ત્રીજી કટોકટી છે. પહેલી કટોકટી ત્યારે હતી કે જ્યારે મેં સરકારી નોકરીનું રાજીનામું આપ્યું હતું. કારણ કે એ નોકરીમાં ચાલુ રહેવું એ મારા અન્ત:કરણ વિરુદ્ધનું વર્તન મને લાગ્યું હતું. બીજી કટોકટી ત્યારે હતી કે જ્યારે અમદાવાદમાં તે શહેરના શહેરીઓના હિંસક અત્યાચારો સામે મેં ઉપવાસ કર્યા હતા–એ ખ્યાલથી કે તત્કાલીન વ્યાપક બનેલી હિંસા કોઈ પણ રીતે અંકુશમાં આવે. અને મારા જીવનની ત્રીજી કટોકટી હું આ પ્રસંગને ગણું છું કે જ્યારે, જે કારોબારીનો હું સભ્ય છું તે જ કારોબારી મારફત અહીં રજૂ કરવામાં આવેલા ઠરાવનો અન્ત:કરણના દબાણને વશ થઈને વિરોધ કરવાની ધર્મમય ફરજ મારે બજાવવી પડે છે.

આમ કરવામાં મને કોઈ આનંદ આવતો નથી. ઊલટું આમ કરવું તે મને ધર્મ ભાસે છે. મારી જિંદગીના જે કોઈ વર્ષો બાકી હોય તે વર્ષો દરમિયાન જો હું કૉંગ્રેસને અને રાષ્ટ્રને ઉપયોગી રીતે સેવા આપવા માંગતો હોઉં તો મને અત્યન્ત જરૂરી લાગે છે કે કૉંગ્રેસની સમગ્ર કાર્યવાહીમાં નિર્મળ કાર્યપદ્ધતિઓ અપનાવવામાં આવે અને આપણા અન્તકરણને આપણે કદિ પણ દબાવીને–રૂંધીને–ન ચાલીએ.

આજે મને ચોતરફ ભયનું વાતાવરણ નજરે પડે છે. એવા મારા ઘણા મિત્રો અને સાથીઓ મને માલુમ પડયા છે કે જેઓ કેટલાક નિર્ણયો અને કાર્યો અંગે ઊંડી નાપસંદગી ધરાવતા હોવા છતાં, તે સામે પોતાનો અવાજ ઊઠાવતા તેઓ અચકાતા હોય છે, ભય અનુભવતા હોય છે. સત્તાધીશો સામે ઊભા રહેવાની અને પોતાને લાગે તે સ્પષ્ટપણે કહી નાખવાની જ્યારે પરિસ્થિતિ ઊભી થતી હોય છે ત્યારે તેમ કરતાં તેઓ ભયાન્વિત બનતા હોય છે. જ્યારે તેમને હું પૂછું છું કે "પાછળ રહીને તમે બોલો છો અને કારણ વિના મલીન વાતાવરણ પેદા કરો છો તેના બદલે તમને જે લાગે છે તે તમે જાહેરમાં કહેતા કેમ નથી?" ત્યારે તેઓ જવાબ આપે છે કે, "અમે શું કરીએ? એમ બોલવા જઈએ તો અમને ટિકિટ મળી શકતી નથી."

અલબત્ત સર્વ કોઈમાં આવું આદર્શલક્ષી બળ અને હીંમત હોય એવી અપેક્ષા હું રાખતો નથી. દરેક સર્વ કાંઈ આપી દે અને સર્વ કાંઈ જતું કરે એવી પણ મારી કોઈ અપેક્ષા નથી. પણ જો ચોક્કસ પ્રસંગોએ આપણે અન્ત:કરણના અવાજને દબાવીને ચાલીએ તો મને લાગે છે કે આપણે આપણી જાતને ગુમાવી બેસીએ. જ્યારથી રાજકીય ગણતરીઓ આગળ આવી છે ત્યારથી પોતાની ફરજની–પોતાના ધર્મની–વિસ્મૃતિ થવા લાગી છે, ઉપેક્ષા થવા લાગી છે. આપણા સમાજમાં અને ખાસ કરીને રાજકીય સંસ્થાઓમાં–આવું આચરણ આજે સર્વસામાન્ય બનતું જતું નજરે પડે છે.

આપણી કૉંગ્રેસ કે જેની સાથે આજ સુધીના જીવન પર્યન્ત

જોડાયેલા રહેવાનું મને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે તે કૉંગ્રેસ, માત્ર આ દેશમાં જ નહિ પણ આખી દુનિયાનાં, એક અને અજોડ સંસ્થા છે કે જેના આદર્શો માટે મને આદર અને પ્રેમ છે. બીજી કોઈ સંસ્થા આવા આદર્શો અને સિદ્ધાન્તો ધરાવતી હોય એમ મને લાગતું નથી. આને લીધે જ કૉંગ્રેસ બળવાન બની છે અને તેની બળવત્તા ટકી રહી છે અને જનતાના મોટા ભાગનો વિશ્વાસ તેણે સંપાદન કર્યો છે.

પણ આજે આપણે જે રીતે વર્તી રહ્યા છીએ તે રીતે જ વર્તવાનું જો આપણે ચાલુ રાખીએ અને આપણી તાકાતનો અવરોધ કરે એવા ભયના વાતાવરણને ચાલુ રહેવા દઈએ, તો મને ભય રહે છે કે, કૉંગ્રેસને ભૂતકાળનો ભવ્ય વારસો હોવા છતાં, તેનો એટલે કે કૉંગ્રેસનો બહુ દુઃખદ અન્ત આવવાનો છે. જો માત્ર કૉંગ્રેસનો જ અન્ત આવે અને દેશ જીવતો રહે તો મને તેનું કોઈ દુઃખ નહિ હોય. કારણ કે, આખરે તો દેશનું ખરું મહત્ત્વ છે; માત્ર કોઈ એક સંસ્થાનું નહિ. પણ જ્યારે કોઈ એક સંસ્થા દેશની પ્રગતિનું સાધન બને, અને મારી જેવા માણસને એવી પ્રતીતિ થાય—આ બાબત અંગે મતભેદો હોવા સંભવ છે—કે જો આ પ્રકારનું સ્થાન ધરાવતી કૉંગ્રેસ લોકો ઉપરનો પોતાનો કાબુ ગુમાવી બેસે અને લોકો તે અંગેનો પોતાનો વિશ્વાસ ગુમાવી બેસે તો પરિણામે દેશ જ નુકસાન પામે અને દેશની જ અધોગતિ શરૂ થાય. આમ હોવાથી, કૉંગ્રેસ સાથે જોડાયેલા એવા આપણી જેવાની કૉંગ્રેસ પ્રત્યે તેમ જ દેશ પ્રત્યે – મારી દૃષ્ટિએ કૉંગ્રેસ પ્રત્યેની ફરજ એ જ દેશ પ્રત્યેની ફરજ છે—એમ જોવાની ફરજ છે કે કૉંગ્રેસ અંગે હંમેશા માત્ર સાચા માર્ગો - ઉપાયો - પદ્ધતિઓ - જ અખત્યાર કરવામાં આવે.

પ્રસ્તુત પ્રસ્તાવ અંગે જણાવવાનું કે મારા મનની ઘણી મોટી મુંઝવણ અને અકળામણ સાથે આ ઠરાવનો હું વિરોધ કરી રહ્યો છું. કૉંગ્રેસની કારોબારી સાથેના મારા સંબંધ દરમિયાન જીવનમાં અનેક પ્રસંગો આવ્યા છે કે જ્યારે કારોબારીમાં લેવામાં આવતા એક યા બીજા નિર્ણયનો મેં ખાનગી વિરોધ કર્યો છે, પણ શિસ્તની ખાતર જાહેરમાં તે અંગે મેં મૌન સેવ્યું છે અથવા તો અનુમતિ આપી છે. અહિં મારે સ્પષ્ટ કરવું જોઈએ કે આ ઠરાવનો વિરોધ કરવા પાછળ મારામાં બળવાની કોઈ વૃત્તિ નથી અથવા તો કૉંગ્રેસ સંસ્થાથી અલગ બનીને ચાલવાનો મારો કોઈ ઈરાદો નથી.

મને ઘણીવાર ચેતવવામાં આવ્યો છે કે મારે ઉતાવળિયા બનવું ન જોઈએ અને મારું જે સ્થાન અને મહત્ત્વ છે તેને આ રીતે મારે જોખમાવવું—વેડફી નાખવું—ન જોઈએ. કેટલાક લોકો મને હઠીલો ગણે છે. આ બાબતમાં, સંભવ છે કે, હું કદાચ વધારે પડતો આગ્રહી હઠીલો—હોઉં પણ ખરો, પણ મારા અન્તરના અવાજને હું દબાવી શકતો નથી. કારણ કે જો હું એમ કરું તો તેથી મેં મારી જાતને ભારે નુકસાન કર્યું લેખાશે.

જો હું મારા વિષે એમ જણાવું કે કૉંગ્રેસની કારોબારીનો હું એક અગ્રગણ્ય સભ્ય છું, પણ એવો અગ્રગણ્ય સભ્ય છું કે જે આજની પરિસ્થિતિમાં ઘણી ઓછી લાગવગ ધરાવે છે, તો એમ કહેવામાં મેં કાંઈ અનુચિત કહ્યું છે એમ આપમાંના કોઈ નહિ માને. ઊલટું જે કાંઈ બની રહ્યું છે તેનો મારે સ્વીકાર કરવો જ ઘટે. આજે ચાલી રહેલી કેટલીક બાબતો ઉપર હું મારું વજન પાડી શકતો નથી એ હકીકત છે. આમ છતાં અમુક ભ્રમણાઓનો—ભ્રાન્તિઓનો—ઉચ્છેદ કરવો તે અંગે સ્પષ્ટ પ્રકાશ પાડવો—એ જ માત્ર મારી એક અભિલાષા છે.

હૈદ્રાબાદ ખાતેનો ઠરાવ પૂરી ગંભીર વિચારણા બાદ પસાર કરવામાં આવ્યો હતો અને તે ઠરાવ છેલ્લાં સાત વર્ષથી કાયમ રહ્યો છે. આ બાબતની ચર્ચામાં હું કોઈ વ્યક્તિઓને સંડોવવા માગતો નથી, કારણ કે તો પછી મારી સામે એમ કહેવામાં આવે કે હું લોકોની લાગણીઓને ઉશ્કેરવા માગું છું અને એવો મારો કોઈ ઈરાદો નથી. હું મારા સાથી પ્રતિનિધિઓની વિચારણા અને તેમના અન્તઃકરણને ઉદ્દેશીને જ વિનંતિ કરવા માંગું છું. જે કાંઈ પોતાને લાગે તે તેમણે પોતે અહિં સ્પષ્ટપણે રજૂ કરવાનું છે. અંગત મૈત્રીના કારણે મને ટેકો આપવાનું કોઈને પણ કહેવાની હું ઈચ્છા ધરાવતો નથી. જો હું સાચો છું એમ લાગે તો જ તેઓ મને ટેકો આપે. મને યાદ આવે છે કે જ્યારે હૈદ્રાબાદનો ઠરાવ રજુ કરવામાં આવેલો ત્યારે તે ઠરાવનો મેં જ જાતે વિરોધ કર્યો હતો, કારણ કે આવો પ્રતિબંધ મૂકવાની જરૂર છે એમ મને તે વખતે લાગતું નહોતું. મારો એ વખતે એવો ખ્યાલ હતો કે કૉંગ્રેસીઓએ જે રીતે વર્તવું જોઈએ એ રીતે તેઓ સ્વેચ્છાપૂર્વક વર્તશે જ. તે વખતે હું આદર્શવાદી હતો. પણ ત્યાર બાદ હું કાંઈક વ્યવહારવાદી બન્યો છું.

કોઈ પણ સંસ્થાની કાર્યવાહી અંગે નિયમો એટલા માટે કરવામાં આવે છે કે આપણે પ્રલોભનથી બચતા રહીએ. આવી સંસ્થામાં જે અગ્રસ્થાને હોય તે દરેક માનવી કાંઈ Boss—દાદો—બની શકતો નથી. પણ એવા લોકો પણ છે જેઓ દાદા બની બેઠા છે. કૉંગ્રેસમાં આજે કોઈ દાદા બની બેઠેલા નથી એમ કહેવાનો કોઈ અર્થ નથી. આ પ્રકારની શક્યતા ધ્યાનમાં લઈને તે હૈદ્રાબાદનો ઠરાવ કૉંગ્રેસની કરોબારીએ તેમ જ અખિલ હિંદ મહાસભા સમિતિએ સર્વાનુમતે પસાર કર્યો હતો. આ ઠરાવ અંગે અપવાદ કરવા જેવું આજ સુધીના ગાળામાં કાંઈ પણ બન્યું હોય એમ મને લાગતું નથી. જો છાપાની દુનિયામાં ચાલતો પ્રચાર સાચો હોય તો શ્રી કામરાજ કૉંગ્રેસના પ્રમુખ તરીકે હવે પછી પણ ચાલુ રહે એ માટે આ બધું કરવામાં આવે છે. કોઈ પણ વ્યક્તિ—પછી તે ગમે તેટલી મોટી હોય—તેના માટે અપવાદ કરવો એ, મારા અભિપ્રાય પ્રમાણે, લોકશાહીનો ઈનકાર કરવા બરોબર છે. આમ છતાં પણ અપવાદ જ કરવો હોય તો તે અપવાદ શ્રી ડી. સંજીવૈયા માટે કરવો ઘટે છે, કારણ કે કૉંગ્રેસના ખુલ્લા અધિવેશનને પ્રમુખ તરીકે સંબોધવાની તેમને કોઈ તક જ મળી નથી.

આજે આ ઠરાવથી કૉંગ્રેસની કારોબારીને આપવામાં આવતી સત્તામાં મને ભારે જોખમ દેખાય છે, કારણ કે તેનું પરિણામ સંસ્થાને નબળી પાડવામાં આવે એવો સંભવ છે. કૉંગ્રેસ કોઈ પણ રીતે નબળી પડે તેના કરતાં તેનું મૃત્યુ થાય એ હું વધારે પસંદ કરું.

આટલા વિવરણ બાદ હું આપને અનુરોધ કરું છું કે જે કાંઈ આપને મેં કહ્યું છે તે સાથે આપ સંમત થતા હો તો આ ઠરાવને નામંજૂર કરવો એ આપની ફરજ બને છે.

મોરારજી ર. દેસાઈ

# સંઘ-સમાચાર

## આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા

ચાલુ ઑગસ્ટ માસની તા. ૨૩મી સોમવારથી તા. ૩૦મી સોમવાર સુધી—એ મુજબ આઠ દિવસ માટે આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળા યોજવામાં આવી છે. આમાં પહેલા પાંચ દિવસની વ્યાખ્યાનસભાઓ બ્લેવાટ્સ્કી લૉજમાં ભરવામાં આવશે અને છેલ્લા ત્રણ દિવસની વ્યાખ્યાનસભાઓ ભારતીય વિદ્યાભવનમાં ભરવામાં આવશે. આ આઠે દિવસની સભાઓ હંમેશાં સવારના સાડા આઠ વાગ્યે શરૂ કરવામાં આવશે અને તેમાં બબ્બે વ્યાખ્યાનો રજુ કરવામાં આવશે. આ વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ 'પ્રબુદ્ધ જીવન'ના આવતા અંકમાં વિગતવાર પ્રગટ કરવામાં આવશે.

## રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય રાજકારણ

ઉપર જણાવેલ વિષય ઉપર ચાલુ ઑગસ્ટ માસની ૭મી તારીખ શનિવારના રોજ સાંજના ૬-૧૫ વાગ્યે શ્રી. મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે સંઘના કાર્યાલયમાં (૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ મુંબઈ-૩) શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહ રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય રાજકારણ ઉપર જાહેર વ્યાખ્યાન આપશે.

**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

## 'સાધના-પથ'

આજ સુધીમાં આચાર્ય રજનીશજીનાં બે પુસ્તકો 'સાધના-પથ' અને 'ક્રાંતિબીજ' હિંદી ભાષામાં પ્રગટ થઈ ચૂક્યાં હતાં. આમાંથી સાધનાપથનો શ્રી દુર્લભજી કે. ખેતાણીએ કરેલો અનુવાદ જીવન જાગૃત્તિ કેન્દ્ર તરફથી તાજેતરમાં પ્રગટ કરવામાં આવેલ છે અને તની કિંમત રૂા. ૨ રાખવામાં આવી છે. આ ત્રણે પુસ્તકો મેળવવાનું ઠેકાણું નીચે મુજબ છે:—

શ્રી રમણલાલ સી. શાહ, ૫૦૫, કાલબાદેવી રોડ, મુંબઈ-૨

# પ્રકીર્ણ નોંધ

**સમેતશિખરનો પ્રશ્ન ઉકેલના માર્ગે**

બિહાર રાજ્યના મુખ્ય પ્રધાન શ્રી કૃષ્ણવલ્લભ સહાયના નિમંત્રણથી, શ્વે. મૂ. સમાજનું પ્રતિનિધિમંડળ શેઠ કસ્તુરભાઇ લાલભાઈની આગેવાની નીચે અને દિગંબર સમાજનું પ્રતિનિધિમંડળ સાહુ શાન્તિપ્રસાદ જૈનની આગેવાની નીચે બિહારના વસુલાતી ખાતાના પ્રધાન શ્રી ચક્રવર્તીને તા. ૧૯-૭-૬૫ ના રોજ મળ્યું હતું અને તેમની સાથે સમેતશિખર તીર્થના પ્રશ્ન અંગે કેટલીક વાટાઘાટો કરવામાં આવી હતી. આ સંબંધમાં તપાસ કરતાં જાણવા મળ્યું છે કે બિહારના રેવન્યુ પ્રધાન શ્રી ચક્રવર્તી સમક્ષ બન્ને પક્ષ તરફથી પોતપોતાના મુદ્દાઓની રજુઆત કરવામાં આવી હતી. ગયા ફેબ્રુઆરી માસની શરૂઆતમાં બિહાર સરકાર અને શ્વે. મૂ. સમાજ વચ્ચે થયેલા એકરારનામામાં દિગંબર સમાજના સમેતશિખર તીર્થ અંગેના અધિકારોનો કશો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી અને તે એકરારનામું એકપક્ષી અને ગેરસમજૂતી ઊભી કરનાર હોઈને, તેને સુધારી એક ત્રિપક્ષી એકરારનામું કરવું એવી દિગંબર પક્ષની માગણી હતી. શ્વે. મૂ. પક્ષ તરફથી દિગંબર સમાજના આજ સુધીમાં અદાલતો દ્વારા જાહેર કરવામાં આવેલા હકકોને પ્રસ્તુત એકરારનામાથી જરા પણ બાધ આવતો નથી એ મુજબનું લખાણ કરી આપવાની તૈયારી દર્શાવવામાં આવી હતી, પણ મૂળ એકરારનામું પોતાની જમીનદારી અંગેનું હોઈને તેમાં કશો પણ ફેરફાર કરવાને પોતે તૈયાર નથી એમ શ્વે. મૂ. પક્ષ તરફથી જણાવવામાં આવ્યું હતું. એના જવાબમાં દિગંબર પક્ષ તરફથી એમ સૂચવવામાં આવ્યું હતું કે મૂળ એકરારનામામાં સમેતશિખર તીર્થ અંગે જે એકપક્ષી અથવા તો તેમની દૃષ્ટિએ આધારહીન વિધાનો કરવામાં આવ્યાં છે અને જેથી સમેતશિખર તીર્થ સાથે દીગંબર સમાજને જાણે કે કોઈ સંબંધ જ નથી એવું માની લેવામાં આવ્યું છે અને તેથી તેમાં ફેરફાર ન થાય ત્યાં સુધી તેમનાં હિતો જોખમાયલાં રહે છે. આમ બન્ને વચ્ચે લાંબી ચર્ચા વિચારણા ચાલી અને પરિણામે મૂળ એકરારનામાને પૂરક એવું એક ત્રિપક્ષી એકરારનામું બિહાર સરકાર, શ્વે. મૂ. સમાજ અને દિગંબર સમાજ વચ્ચે કરવું એમ નિર્ણય લેવાયો હતો.

આવો નિર્ણય લેવાયા બાદ બન્ને પક્ષના આગેવાનો બિહારના મુખ્ય પ્રધાન શ્રી કૃષ્ણવલ્લભ સહાયને રૂબરૂ મળ્યા હતા અને ઉપર મુજબના નિર્ણયથી તેમને વાકેફ કરવામાં આવ્યા હતા. આ સાંભળીને પ્રસન્નતા દાખવતા મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે બન્ને પક્ષો જો આ રીતે ઉભયમાન્ય સમાધાન ઉપર આવશે તો તેમને પોતાને ખૂબ જ આનંદ થશે. તેમણે વિશેષમાં એમ પણ જણાવ્યું હતું કે, પારસનાથ પહાડ સમસ્ત જૈન માટે પવિત્ર તીર્થ છે અને સર્વ જૈનોને પોતાના ધાર્મિક હકકો ભોગવવા અંગે પૂર્ણસ્વિતંત્રતા રહે એવી બિહાર સરકારની ભાવના છે. બિહાર સરકારનું હિત તો માત્ર પહાડ ઉપર આવેલા જંગલોની યોગ્ય ખીલવણી સાથે જ સંકળાયેલું છે અને સમેતશિખર તીર્થ તો બધા જૈનો માટે એક પવિત્ર યાત્રાધામ બની રહે તે જોવાની બિહાર સરકારની ઈચ્છા છે અને સરકારને મન શ્વેતાંબર દિગંબર સૌ સમાન છે, સરખા છે.

પ્રસ્તુત પ્રકરણ અંગે વિશેષમાં એમ માલુમ પડે છે કે ઉપર જણાવેલ જે ત્રિપક્ષી એકરારનામાનો મુસદ્દો કરવાનો છે તે અંગે પુનઃવિચારણા કરવા માટે એકાદ માસની અંદર બન્ને પક્ષના પ્રતિનિધિમંડળે પટણા ખાતે બિહાર સરકારને મળવાનું રહેશે અને વિવાદાસ્પદ મુદ્દાઓની બિહાર સરકાર સાથે મળીને છણાવટ કરવામાં આવશે અને એ રીતે ત્રણે પક્ષને સંમત એવું પૂરક ત્રિપક્ષી એકરારનામું ઊભું કરવાનો પ્રયત્ન કરવામાં આવશે. આમ બનતાં આ તકરારનો–ઝગડાનો–સુખદ ઉકેલ આવશે એવી આશા રાખવામાં આવે છે.

જણાવતાં જરૂર આનંદ થાય છે કે, ઉપર જણાવેલ પ્રસંગે બન્ને પક્ષના આગેવાનો વચ્ચે પૂરી સલુકાઈ અને મીઠાશથી ચર્ચાવાર્તા થઈ હતી અને શેઠ કસ્તુરભાઈ અને સાહુ શાન્તિપ્રસાદ બન્નેએ એકબીજા પ્રત્યે અત્યન્ત વિનય અને આદરભર્યો વર્તાવ દાખવ્યો હતો. ઉગ્ર બનેલા આવા પ્રશ્નના આગેવાનો વચ્ચેનું મીલન ભાગ્યે જ આટલું મીઠાશ અને એખલાસભર્યું કલ્પી શકાય. આ જોતાં આશા રહે છે કે, જૈન સમાજની એકતા અને સંગઠ્ઠનને માટે એક મોટા ભયસ્થાનરૂપ બનેલા સમેતશિખર તીર્થ અંગેના આ સંઘર્ષનું ત્રણે પક્ષ વચ્ચે સુખદ સમાધાન બહુ થોડા સમયમાં થઈ જશે. આ બાબતના સંદર્ભમાં આપણે એવી પણ આશા રાખીએ કે બન્નેમાંથી કોઈ પણ પક્ષ પોતાના હકકોની વધારે પડતી ખેંચતાણમાં ન પડતાં મનની મોકળાશ રાખે અને ઉદાર દિલની છૂટછાટપૂર્વક આ ઝગડાનો સત્વર અન્ત આણે. આવું શુભ પરિણામ આવતાં અન્ય જૈન તીર્થો અંગેની અથડામણના ઉકેલ માટેના માર્ગો મોકળા થશે અને સમયાન્તરે જૈન તીર્થોના ઝગડા એ ભૂતકાળની હકીકત બની જશે.

**બ્રહ્મચર્યવ્રતધારણ એટલે શું?**

તાજેતરમાં જૈન શ્વે. મૂ. સમાજના એક પ્રમુખ આગેવાન માલેગામવાસી શ્રી મોતીલાલ વીરચંદે તા. ૧-૭-૬૫ ના રોજ જૈન ધર્મમાં જેને ચોથું વ્રત કહેવામાં આવે છે તે એટલે કે આજીવન બ્રહ્મચર્યવ્રત પોતાનાં પત્ની સાથે ધારણ કર્યું હતું. આ પ્રસંગે તેમની આજ સુધીની અનેક સામાજિક સેવાઓની કદરરૂપે માલેગાંવ તથા નાસિકના જૈન શ્વે. મૂ. સંઘ તરફથી તેમને માનપત્રો અર્પણ કરવામાં આવ્યાં હતાં. આ નિમિત્ત ઉપર તેમનું અભિનન્દન કરતો તેમના એક મિત્રનો પત્ર તેમણે મારી ઉપર મોકલ્યો હતો. તેમાંનો બ્રહ્મચર્યની સમજણ આપતો અમુક ભાગ ઉપયોગી લાગવાથી તેમની સંમતિપૂર્વક નીચે ઊતારવામાં આવે છે:–

"આ પ્રસંગ તમને અન્તર્મુખ બનાવે અને તમારા આધ્યાત્મિક આરોહણનું નિમિત્ત બને એમ હું ઈચ્છું છું. ચોથું વ્રત એટલે વિષયસેવન અંગેની આજીવન નિવૃત્તિ. અલબત્ત આ કાંઈ નાની વાત નથી, પણ આ ચોથા વ્રત માટે બ્રહ્મચર્યવ્રત શબ્દનો પણ ઉપયોગ કરવામાં આવે છે, અને આ બ્રહ્મચર્યનો કેવળ સ્થૂળ અર્થ નથી, પણ વધારે ઊંડો અને વધારે વ્યાપક અર્થ પણ છે. બ્રહ્મચર્ય એટલે બ્રહ્મમાં વિચરતા થવું, વિશ્વમાનવ બનવું, સર્વ પ્રકારની સંકીર્ણતાથી ઊંચે ઊઠવું, સર્વ ભૂત માત્ર વિષે મૈત્રી ચિંતવવી—આવા લક્ષ્યપૂર્વકની જીવનસાધના તરફ તમારું હું ધ્યાન ખેંચું છું. આ ચતુર્થ વ્રતના ધારણ વડે—આ બ્રહ્મચર્યવ્રતના અંગીકાર વડે—તમારી આવી ક્રાયાપલટ થાય, ગૃહસ્થ જીવનમાં રહ્યા છતાં પરમ કોટિની સાધુતાનું તમારા જીવનમાં અવતરણ થાય એવી મારી પ્રાર્થના છે."

બ્રહ્મચર્યલક્ષી ગુરુકુળો બ્રહ્મચર્યને આ વિશાળ અર્થમાં સમજે અને તે મુજબ પોતાના બાહ્યાન્તર જીવનનું રૂપાન્તર કરે એવો તેમને આપણો સવિનય અનુરોધ હો!

**પરમાનંદ**

## વિષયસૂચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| ભારતીયોની તાર્કિકતા–૨ | ડૉ. એસ્તેર સોલોમન | ૬૩ |
| ધર્મ એટલે શું? | આચાર્ય રજનીશજી | ૬૫ |
| શ્રી મોરારજીભાઈની બુલંદ ઘોષણા | મોરારજી ર. દેસાઈ | ૬૭ |
| **પ્રકીર્ણ નોંધ:** સમેતશિખરનો પ્રશ્ન ઉકેલના માર્ગે, બ્રહ્મચર્યવ્રતધારણ એટલે શું? | પરમાનંદ | ૬૯ |
| સુકી ધરતીનાં મીઠાં સ્મરણો–૯ | ચીમનલાલ જેઠાલાલ શાહ | ૭૦ |

# સુકી ધરતીનાં મીઠાં સ્મરણો—૯

મંગળવાર તા. ૧૬-૨-૬૫

## વળી પાછા માંડવીમાં

આજે કચ્છની અમારી યાત્રા પૂરી થતી હતી. માંડવી જવા માટે અહિં આવનારી બસમાં અમારે આઠ વાગે ઉપડવાનું હતું. કારણ કે સ્ટીમર સરસ્વતી જેમાં બેસીને અમારે મુંબઈ તરફ પ્રયાણ કરવાનું હતું તે માંડવીના બંદરમાં ૯-૩૦ વાગ્યે લાંગરશે એવા અમને સમાચાર મળ્યા હતા. આમ વખતસર તૈયાર થવા માટે અમારે સવારમાં વહેલા ઉઠવું પડ્યું. સૌ કોઈ નિત્યકર્મ પતાવીને સાત વાગ્યામાં તૈયાર થઈ ગયા. ચા-શિરામણ પતાવીને અમે સૌ ગામની ભાગોળે આવ્યા. અમારા માટેની બસ વખતસર આવી ગઈ હતી. બસમાં સામાન ગોઠવાઈ ગયો. ગામના આગેવાનો વિદાય દેવા એકઠા થયા હતા. આમ થોડા સમયમાં પણ પરસ્પર એટલી બધી માયા બંધાઈ ગઈ હતી કે, સરપંચ શામજીભાઈ ઉર્ફે જખુભા તો ગળગળા થઈ ગયા. પરમાનંદભાઈ પણ એમને વળગી પડયા. હર્ષનાદો બોલાવવામાં આવ્યા અને સાડા આઠ વાગ્યે અમે રાયણને અલબિદા કર્યા.

અડધા કલાકમાં અમે માંડવી પહોંચી ગયાં. ગોદીમાં આવ્યાં. ફરી એક વાર એ તરફ ધાંધલ-ધમાલ દેખાયા. મુંબઈ જવા માગતા મુસાફરો અને તેમને વળાવવા આવેલ સગાંવહાલાંની અહિં આજે ભીડ જામી હતી. સ્ટીમર ૯-૩૦ વાગ્યે આવવાની હતી પણ હજુ સુધી તેનો પત્તો નહોતો. હજુ સ્ટીમરને આવી પહોંચતાં કલાક દોઢ કલાક લાગશે એમ અમને કહેવામાં આવ્યું. અમારી મંડળીમાંના શ્રી બાલકૃષ્ણભાઈ અને તેમનાં પત્ની સૌ. ગુણવંતીબહેન પોતાના એક સંબંધીને ત્યાં આગલી રાત્રે માંડવી આવીને રહ્યા હતા. આમ તો અમે નાસ્તો કરીને નીકળ્યા હતા. એમ છતાં મુસાફરીમાં ભુખ લાગ્યા કરે અને ખવાયા કરે એ સર્વત્ર ચાલુ શિરસ્તો છે. એ મુજબ બાલકૃષ્ણભાઈ જે ઓફિસમાં હતા ત્યાં અમે એકઠા થયા અને જલેબી-ગાંઠિયાનો બધાંએ નાસ્તો કર્યો.

આમ નાસ્તો પતાવીને બહાર નીકળ્યા અને દૂર બારામાં સ્ટીમર સરસ્વતીનાં દર્શન થયાં. 'સ્ટીમર આવી, સ્ટીમર આવી' એમ બોલતાં લોકોનો મછવાઓ તરફ ધસારો થયો. દશ વાગ્યા લગભગ અમે બધાં પણ પ્રવાસીઓથી ભરેલા મચ્છવામાં છૂટા-છવાયા ગોઠવાઈ ગયાં. બોમ્બે સ્ટીમ નેવીગેશન કંપનીવાળાએ અમારા માટે ખાસ કરેલી ગોઠવણ મુજબ અમારામાંના બે ભાઈઓ પોલીસવાળી સ્ટીમ લૉંચમાં અમારી પહેલાં સ્ટીમર સરસ્વતી ઉપર પહોંચી ગયા હતા અને તેમાં આગળના ભાગમાં અમારા માટે અલગ રાખેલી જગ્યાનો તેમણે કબજો લીધો હતો. અમારા મચ્છવા-ઓએ જ્યારે કિનારો છોડયો ત્યારે સૂર્યનારાયણ આકાશમાં સારી રીતે ઊંચે આવ્યા હતા. સમુદ્રનાં જળ સ્થિર હતાં, એટલે મચ્છ-વામાં કોઈને ચક્કર આવવાનો સંભવ નહોતો તેમ જ અંગત સલામતી સંબંધે પણ કોઈએ ચિંતાતુર થવાનું કારણ નહોતું. દૂર સામે દેખાતી સ્ટીમર સરસ્વતીને ભેટવા ઈચ્છતા મચ્છવાઓ સ્ટીમ લૉંચના સહારે સવિશેષ ગતિમાન થયા હતા. આગળ લૉંચ, તેની સાથે જોડાયેલા પાંચ મચ્છવાઓ અને તે પાછળ ત્રણ મચ્છ-વાઓ—આવું અમારું સરઘસ આગળ ને આગળ વધી રહ્યું હતું. જેમ એક સૂત્રે બાંધીને લોકોને પોતાની સાથે જોડાયેલા રાખે તે સફળ નેતા કહેવાય, આમ આગળ ફટફટ કરતી અને કદિ કદિ ધુમાડા કાઢતી સ્ટીમલૉંચ, પોતાની પાછળ અનુસરી રહેલા મચ્છવાઓના સંદર્ભમાં, સફળ નેતાગીરીનું અમને દર્શન કરાવતી હતી.

સ્ટીમલૉંચ સ્ટીમર નજીક પહોંચે એટલે મચ્છવાઓથી છુટી પડી જાય અને દરેક મચ્છવાવાળો સ્ટીમર ઉપર રાંઢવું ફેંકે અને સ્ટીમરવાળો રાંઢવું ઉપર ખેંચીને મચ્છવાને સ્ટીમરની અડો-અડ લાવે એટલે મચ્છવાના મુસાફરો સ્ટીમરની સીડી પકડીને ઉપર ચડી જાય. આમ અમારા મચ્છવાવાળાએ રાંઢવું ફેંક્યું તો ખરું, પણ તે ઉપર પહોંચવાને બદલે નીચે પાણીમાં પડી ગયું અને અમારો મચ્છવો છુટો પડી ગયો. આ જોઈને અમે જરાક ચિન્તા અનુભવી, પણ ત્યાં તો અમારા મચ્છવાનો ખલાસી દરિયામાં કુદી પડયો અને દરિયામાં પડેલું રાંઢવું પકડીને તેણે સ્ટીમરના ખલાસીને પહોંચાડી દીધું. આમ રાંઢવાનો છેડો પકડાયો, બંધાયો, એટલે અમે સ્ટીમરની સીડી સુધી પહોંચી ગયા. અને એક પછી એક ઉપર ચઢી ગયા. આ અમારા માટે એક રોમાંચક અનુભવ હતો.

## સ્ટીમર સરસ્વતીની ગોદમાં

સ્ટીમર સરસ્વતીએ અમારા માટે (પોતાના દિલનો) એક ખૂણો ખાલી રાખ્યો હતો. અમે ત્યાં બરોબર ગોઠવાયા અને બિસ્તરા બિછાવી દીધા. લગભગ બપોરે એક વાગ્યે સ્ટીમર ઉપડી.

સૂર્ય મધ્ય આકાશ વટાવી જરા નીચે ઉતરી રહ્યો હતો. મધ્યાહ્ન-કાળ વ્યતીત થઈ રહ્યો હતો. આ બધી હાલાકીમાં ખાધું-પીધું બધું હજમ થઈ ગયું હતું. સૌને કકડીને ભુખ લાગી હતી. સ્ટીમરમાં પહોંચતાંવેંત કેન્ટ નવાળાને ઑર્ડર આપી દીધો હતો. એટલે અમે ગોઠવાયા, કાંઈક સ્થિર થયા એટલામાં ભાણાં આવ્યાં, પેટ ભરીને સૌ જમ્યાં; અને થાકયા પાકયા સૌ આરામ કરવા લાગ્યા. આજે વહેલી સવારે બધાંને ઉઠવું પડયું હતું એટલે બધાંને ઘસ-ઘસાટ ઉંઘ આવી ગઈ. ઉઠયા ત્યારે સાંજના ચાર વાગી ગયા હતા. બધાં માટે ચા મંગાવી. ચા પીને સૌ તાજા થયાં.

અમે આજથી બાર દિવસ પહેલાં સ્ટીમરમાં કચ્છ બાજુ આવ્યા ત્યારે અમારામાંના ઘણાને દરિયાનો પહેલો અનુભવ હતો. એ દિવસે દરિયો પણ જરા અસ્થિર હતો અને તેથી કોઈ કોઈને જરા ચક્કર જેવું લાગતું હતું. આજે દરિયો શાન્ત અને સ્વસ્થ હતો. દરિયા સાથે હવે અમારી મૈત્રી બંધાઈ ચુકી હતી. પવન પણ આ વખતે મંદ ગતિએ વહેતો હતો. દરિયાને બરોબર માણી શકાય એટલા માટે ખલાસીને બોલાવીને અમારી ડેકની બન્ને બાજુને ઢાંકતા પડદા અમે ઉંચકાવી લીધા, અને ચોતરફ પથરાયલા સમુદ્રને ધારી ધારીને નિહાળવા લાગ્યા. સમુદ્રના વિશાળ જળરાશિ ઉપર પશ્ચિમ દિશાએ ઉતરી રહેલો સૂર્ય પોતાનાં રંગબેરંગી કિરણો વરસાવી રહ્યો હતો અને તેને લીધે એ બાજુનો વિશાળ સમુદ્રપટ જાણે કે ઝીંક, કસબ અને સતારાથી મઢેલો ગાલીચો ન હોય એમ ઝળહળાટ વડે આંખોને આંજી રહ્યો હતો. પાણીનો રંગ આસમાની હતો. સ્ટીમર સરળપણે ચળકતા જળરાશિ ઉપર સરી રહી હતી અને આપણને જલ્દિ ખ્યાલ ન આવે એમ નિયત દિશાએ આગળ વધી રહી હતી. કચ્છનો કિનારો જોતજોતામાં અદશ્ય થઈ ગયો અને પૂર્વ દિશાએ સૌરાષ્ટ્રનો કિનારો નજરે પડવા લાગ્યો. ઓખા અને દ્વારિકાનાં બંદર દૂરથી દેખાયાં. પોરબંદર પણ દેખાવા લાગ્યું. પાછળના ભાગમાં ગિરનારના ગગનચુંબી પહાડનાં પણ દર્શન થયાં. પશ્ચિમ બાજુએ સૂર્યબિંબ ક્ષિતિજ સમીપ જઈ રહ્યો હતો એ જોઈને અમે એ બાજુના કઠોડા ઉપર આવ્યા અને આથમતા સૂર્યની લીલા નિહાળવા લાગ્યા. સૂર્યે પોતાનું સામ્રાજ્ય સંકેલવા માંડયું હતું. તાપ હવે શમી ગયો હતો. કેવળ મધુર પ્રકાશ ચોતરફ ફેલાઈ રહ્યો હતો અને શીતળ પવનલહરિઓ મંદ મંદ વહેવા લાગી હતી. સૂર્યબિંબ હવે ક્ષિતિજની કોર નીચે ધીમે ધીમે સરકવા લાગ્યું હતું. તે જોતજોતામાં નીચે ઊતરી ગયું, અલોપ થઈ ગયું. થોડી વારમાં સંધ્યા ખીલી ઉઠી, આકાશમાં રંગબેરંગી ચાદર તેણે બિછાવી દીધી અને એ પણ જોતજોતામાં વિલીન થઈ ગઈ, અને સમુદ્ર ઉપર એક પ્રકારની ગંભીર શાન્તિ ફેલાઈ ગઈ.

આજે મહા શુદ પૂર્ણિમાની રાત્રી હતી, તેથી પશ્ચિમ બાજુએ જેવું સૂર્યાસ્તનું નાટક પુરું થયું તે સાથે જ પૂર્વ બાજુએ ચંદ્રોદયનું નાટક શરૂ થયું. પૂર્વ આકાશમાં ચંદ્રનું લાલ ફીકકું બિંબ ક્ષિતિજની ઉપર આવી રહ્યું હતું. જેમ જેમ તે ઊંચે ચડતું ગયું તેમ તેમ ચંદ્રબિંબની લાલી ઓસરતી ગઈ અને થોડીવારમાં તે એક ચળકતું શ્વેત બિંબ બની ગયું. તેણે પોતાની શ્વેત આભા ચોતરફ ફેલાવવા માંડી અને ઘડિ પહેલાં શ્યામળા ભુખરા દેખાતા સમુદ્ર-પટ ઉપર રૂપેરી ઝળક ચમકવા લાગી. પૂર્વ બાજુના કઠોડા ઉપ-રથી જોતાં આકાશમાં ઊંચે ચડતો ચંદ્ર હવે તો સોળે કળાએ ખીલી ઉઠયો હતો અને સર્વત્ર રજતરસ વરસાવી રહ્યો હતો. સામે દેખાતી સમુદ્રની તરંગમાળા ઉપર ચાંદની ચમકી રહી હતી અને ચમકતાં નાનાં મોટાં લહેરિયાં નિર્માણ કરી રહી હતી અને અમારી અને ચંદ્ર વચ્ચે શ્વેતતાનો જાણે કે સેતુ અથવા તો મીનારો રચાઈ રહ્યો હતો. ભૂતળ ઉપર ચંદ્રની રોશની પ્રતિબિંબિત થતી નથી, જ્યારે અહિં તો જળરાશિ ઉપર પ્રતિબિંબિત થવાને લીધે તેની તેજોમયતા અનેકગણી વધી ગઈ હતી અને જાણે કે આપણે અન્ય કોઈ તેજોમય ગ્રહ ઉપર વિચરી રહ્યા હોઈએ અને શીતળ ધવલ પ્રકાશ વડે પરિપ્લાવિત થઈ રહ્યા હોઈએ એવી કોઈ અલૌકિક અનુભૂતિ ચિત્તને સ્પર્શી રહી હતી.

રાત્રી જામતી જતી હતી, ભોજનનો સમય થયો. કેન્ટીનમાંથી

ઑર્ડર મુજબ ભાણાં આવ્યાં. બપોરે મોડાં જમેલાં, સાંજે ચાપાણી કરેલાં એટલે ભોજન વિષે રૂચિ ઓછી હતી. જેમને ખાવું હતું તેમણે રુચિ મુજબ ખાઈ લીધું. ત્યાર બાદ અમારી મંડળી જુદી જુદી ટુકડીઓમાં વહેંચાઈ ગઈ. કોઈ સાથીઓ પાનાં ખેલવા લાગ્યાં; કોઈ મિત્રો અંતકડી રમવા લાગ્યાં; કેટલાંક પરસ્પર વાતોમાં લીન બની ગયાં. પરમાનંદભાઈ જેવા કોઈ કોઈ ચંદ્રજ્યોત્સ્નાવડે પુલકિત-પ્રભાવિત બનેલા સાગરને નિહાળ્યા કરવામાં મશગુલ બનેલા માલુમ પડતા હતા.

અમારી મંડળીમાં અનેક યુગલો હતાં. તેમાંનું એક દર્શનીય યુગલ શ્રી સુબોધભાઈ તથા નીરૂબહેન-એમની આજે લગ્નતિથી હતી. અમે તેમને અન્તરનાં અભિનંદન આપ્યાં. પોતાની લગ્નતિથિ આમ આજે અરબ્બી સમુદ્ર ઉપર સરી રહેલી સ્ટીમર સરસ્વતીમાં ઊજવાઈ રહી છે એ વિચારે તે બન્ને પણ ખૂબ પ્રફૂલ્લ દેખાતાં હતાં. અમારી વિનંતીથી નીરૂબહેને ગીતો ગાયાં. વાતાવરણ સાત્વિક અને સંગીતમય બની ગયું. સૌ કોઈ આનંદમાં મસ્ત દેખાતું હતું.

હજુ અમે સૌરાષ્ટ્રની બાજુએથી જ પસાર થઈ રહ્યા હતા અને દક્ષિણ દિશા તરફ ગતિ કરી રહ્યા હતા. દૂર દૂરના કિનારા ઉપર અવારનવાર દીવાદાંડીઓની અસ્થિર જ્યોત નજરે પડતી હતી અને વસવાટ સુચવતી કોઈ ગામ કે શહેરની દીપમાળાઓ પણ દેખાતી હતી. વેરાવળ દીપ વટાવીને અમે દક્ષિણ તરફ આગળ વધી રહ્યા હતા. કદિ કદિ ઉત્તરાભિમુખ સ્ટીમરો અમારી બાજુએથી પસાર થતી હતી અને દ્રષ્યની એકરૂપતાને આંતરતી હતી.

ચંદ્ર મધ્યાકાશ તરફ જઈ રહ્યો હતો અને વિશાળ સાગરપટ ઉપર તેનું સામ્રાજ્ય જમાવી રહ્યો હતો. આમ સતત થઈ રહેલી અમારી આનંદપૂર્ણ અનુભૂતિ ઉપર નિદ્રાદેવીનું આક્રમણ શરૂ થયું અને નથી જ સુવું અને નિહાળ્યા જ કરવું છે એવી અમારામાંના કેટલાકની અડગ પ્રતિજ્ઞા નિદ્રાના આક્રમણ સામે લાંબો સમય ટકી ન શકી. અમારામાંના સૌ કોઈ આખરે નિદ્રાધીન થયા-એમ છતાં સ્ટીમરના અવાજના કારણે અથવા કોઈ મોટું ઝોલું આવવાના કારણે કદિ કદિ આંખ ઉઘડી જતી, રજતમય બનેલી જળસૃષ્ટિને પોતામાં સમાવી લેતી, કાન સાથે દરિયાની ધીરગંભીર ગર્જનાઓ અથડાતી અને પાછી નિદ્રાનું શરણ સ્વીકારીને આંખો બીડાઈ જતી.

**બુધવાર તા. ૧૭-૨-૬૫**

આમ જોતજોતામાં રાત્રી વ્યતીત થઈ ગઈ અને આકાશમાં ઉષાનો ઉદય થયો. પૂર્વમાં અરુણોદયની લાલિમા પ્રગટી અને સૂર્યોદય સમીપ આવીને ઊભો રહ્યો.

દૈનંદિન જીવનમાં સૂર્યોદય અને સૂર્યાસ્ત સતત બનતી રહેતી ઘટના છે અને એમ છતાં તેની ભવ્યતા સદા નિત્યનૂતન છે. આમાં પણ મહાસાગરના શ્વેત પટ ઉપર સૂર્યને ઉદય પામતો જોવો અને અસ્ત પામતો નીરખવો એ કોઈ અનેરો આનંદનો વિષય બને છે. કચ્છ-માંડવી તરફથી જતાં અમે આ આનંદ અનુભવ્યો હતો. આજે પણ એ જ આનંદનું પુનરાવર્તન થઈ રહ્યું હતું. જેને જેને આ બાબતનો રસ હતો તે બધાં વહેલાં ઊઠી ચૂક્યા હતા અને પૂર્વાકાશમાં ઉદયમાન થઈ રહેલા સૂર્યને નિહાળી રહ્યા હતા, આવકારી રહ્યા હતા, અન્તરની અંજલિ આપી રહ્યા હતા. સૂર્યબિંબ ધીમે ધીમે પૂર્વ ક્ષિતિજની ઉપર આવ્યું અને તીરછાં કિરણો ચોતરફ ફેંકવા લાગ્યું. સમય જતાં સૂર્ય સૌમ્ય રૂપ છોડીને રૂદ્ર સ્વરૂપ ધારણ કર્યું અને નરી આંખે તેને નિહાળવાનું લગભગ અશક્ય બન્યું. સમુદ્રપટ ઉપર સર્વત્ર પ્રકાશ ફેલાઈ ગયો અને શિશિર - વસન્તનો સંધિકાળ દાખવતો-નહિ ઠંડો નહિ ગરમ એવો-તડકો અમારી સ્ટીમરના ખૂણે ખૂણાને પ્રકાશિત કરી રહ્યો. સૌએ નિત્યકર્મ પતાવ્યું ચા-નાસ્તો પણ થઈ ગયો એટલામાં પૂર્વ દિશાએ નજીક આવી રહેલા મુંબઈની ઝાંખી થવા લાગી. નવ વાગ્યા લગભગ મુંબઈનો પશ્ચિમ કિનારો સ્પષ્ટ દેખાવા લાગ્યો. વરસોવા, જૂહુ પસાર થતું લાગ્યું. વાંદરાની અને પછી વાલકેશ્વરની ટેકરી નજરે પડી. ચોપાટી-મરીનડ્રાઈવનાં મકાનોની હારમાળા તથા કોલાબાની દીવાદાંડી દ્રષ્ટિગોચર થવા લાગી. 'મુંબઈ આવ્યું, મુંબઈ આવ્યું' એમ બોલતાં સૌ કોઈ પોતપોતાનો સરસામાન તૈયાર કરવા લાગ્યા; લાંબા પથરાયેલા બીસ્તરા સંકેલવા લાગ્યા. કોલાબાની દીવાદાંડીની બાજુએ થઈને અમારી સ્ટીમર પૂર્વ તરફ એપોલો બંદરની દિશાએ વળી. ૧૧ વાગ્યા લગભગ પ્રિન્સેસ ડૉક નજીક પહોંચ્યા એટલે નાની બહેન મોટી બહેનને પિયર તેડવા આવે એમ એક પાઈલટ લૉંચ અમારી સ્ટીમર સરસ્વતીને તેડવા આવી અને તેની સાથે રજ્જુ-અનુસંધાન કરીને, જેની ઉપરનો ધ્વજ ઊંચો ઊઠાવી લેવામાં આવ્યો હતો એવા પ્રવેશદ્વાર મારફત સરસ્વતીને ગોદીની અંદર લઈ જવામાં આવી એટલામાં બીજી પાઈલોટ લૉંચ આવી અને સ્ટીમરના બીજા છેડા સાથે જોડાઈ ગઈ અને એ બન્ને લૉંચો સરસ્વતીને ગોદીના બાંધેલા કિનારા તરફ સરકાવવા લાગી અને ઘડિ આ બાજુએ ઘડિ બીજી બાજુએ એમ કરતાં કરતાં સ્ટીમર સરસ્વતી કિનારાને અડકીને ઊભી રહી અને પોતાનું લંગર નીચે નાંખીને સ્થિર બની ગઈ. ત્યાર બાદ સ્ટીમર સાથે કિનારા ઉપરની સીડીઓ જોડવામાં આવી અને ઉતારૂઓને ઊતરવા માટેનો માર્ગ ખુલ્લો કરવામાં આવ્યો. અમે બંધાયે એકમેકની રજા લીધી; સામાન સાથે સીડી ઉતરીને કિનારા ઉપર આવ્યા અને ટેક્સી-ગાડી જે કાંઈ વાહન મળ્યું તેમાં ગોઠવાઈને પોતપોતાના ઘર તરફ વિદાય થયા.

## અન્તિમ નિવેદન

આમ અમારા બાર દિવસનો કચ્છનો પ્રવાસ સફળ રીતે પૂરો થયો. પ્રવાસનાં મધુર સ્મરણો અમારા દિલમાં ચિરકાળ માટે અંકાઈ ગયાં. પ્રવાસની ઘટ્ટ છાયા નીચે મુંબઈ આવ્યા બાદ જુદા જુદા પ્રવાસીઓને ઘેર પ્રવાસ મંડળીનાં નાનાં મોટાં ચાર સ્નેહસંમેલનો પણ થઈ ગયાં. કોઈ પણ પ્રવાસ આનંદથી સભર બને છે ત્યારે આવા સ્નેહસંમેલનો અનિવાર્ય બની જાય છે અને કુદરતી રીતે જ પ્રવાસીમિત્રોનાં દિલમાંથી નિમંત્રણ નીકળે છે અને પુનઃમિલનનો પરમાનંદ અનુભવાય છે.

અમારા પ્રવાસની કથા અહીં પુરી થાય છે. આ પ્રવાસનું વર્ણન કેમ લખાયું તે વિષે થોડુંક જણાવીને હવે આ લખાણ પુરું કરીશ.

પ્રવાસ દરમ્યાન જ્યાં જ્યાં અમે ગયાં, રોકાયાં, ત્યાં ત્યાં ઉપયોગી વિગતોની નોંધ હું કરતો જ રહ્યો. પ્રવાસનું વર્ણન હું લખવાનો છું એવી કલ્પના પણ વિગતો નોંધતી વખતે ન હતી. કેમેરાવાળા કેમેરાથી જેમ ફોટા પાડયા કરે એમ વધુ ને વધુ નોંધ લેતા જવાનો મને નાદ લાગ્યો. કેમેરાવાળા મુંબઈ આવી નેગેટીવના પ્રિન્ટ કઢાવે-તેને એન્લાર્જ પણ કરાવે, તેમ મેં પણ આ નોંધને મુંબઈ આવીને તુરત જ બેચાર દિવસમાં ફરીવાર લખી, વિસ્તૃત કરી. બેચાર દિવસ તો કોઈ કામમાં ચેન જ ન પડે. પ્રવાસની નોંધ-સ્મરણો-સતાવ્યા જ કરે અને તેને કાગળ ઉપર, મનને સંતોષ થાય તે રીતે ટપકાવું નહિ ત્યાં સુધી આ બેચેની મને છોડે જ નહિ. આથી કલમને અવિરત ચાલુ રાખી અને પ્રવાસવર્ણન ડાયરીનાં રૂપમાં સરખી રીતે લખી નાખ્યું. આ લખાણનું જરૂરી સંપાદન કરવાનું-( editing )-કરવાનું કામ મેં પરમાનંદભાઈને સોંપ્યું. તેમણે મારા લખાણને મઠાર્યું; એટલું જ નહિ પણ નારાયણ સરોવર, કોટેશ્વર, ભદ્રેશ્વર, કંડલા બંદર તથા ફ્રી ટ્રેડ ઝોન વિગેરે મહત્ત્વનાં સ્થળોની જરૂરી માહિતી તેમણે ઉમેરી-કલ્પનાનાં રંગો પણ પૂર્યા. એટલે પરમાનંદભાઈ મારા લખાણ માટે ફક્ત પ્રેરણા જ નહિ - સંયુક્ત સર્જક પણ રહ્યા. આમ સુકી ધરતીનાં મીઠાં સ્મરણોની લેખમાળાને સહપરિશ્રમનું પરિણામ પણ કહી શકાય. હું લેખક નથી, આમ છતાં ય લેખકોની દુનિયામાં મને દાખલ કરવા બદલ પરમાનંદભાઈનો હું જેટલો આભાર માનું તેટલો ઓછો છે. પ્રવાસવર્ણન દ્વારા મારી સાથે જોડાયેલા 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોની હું આજે રજા માગું છું. આ મારું વર્ણન તેમના માટે રસપ્રદ નિવડયું છે એમ હું જાણીશ તો મારા પરિશ્રમ જેમને પુરો બદલો મળી ગયો છે એમ સમજીને કૃતકૃત્યતા અનુભવીશ. **ચીમનલાલ જેઠાલાલ શાહ**

## પૂરક નોંધ

"સુકી ધરતીનાં મીઠાં સ્મરણો" એ મથાળા નીચે નવ હપ્તાથી પ્રગટ થઈ રહેલી અને અનેકને માટે રસપ્રદ નીવડેલી લેખમાળાની 'પૂર્વ આયોજન' એ શિર્ષક નીચે મારી લખેલી નોંધ વડે શરૂઆત થઈ હતી. તો ઉચિત છે કે, એ લેખમાળા મારી પૂરક નોંધ સાથે જ પૂરી થાય.

આ પ્રવાસ અંગે પ્રવાસ મંડળીના નેતા તરીકે મારે ખાસ આભાર માનવાનો છે આ લેખમાળાના લેખક અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘના એક મંત્રી શ્રી ચીમનલાલ જેઠાલાલ શાહનો. તેમણે અમો સર્વ પ્રવાસીઓની સગવડ સચવાય અને નિયત કાર્યક્રમ મુજબ પ્રવાસ સમયસર ચાલતો રહે તે માટે પાર વિનાની ચિન્તા સેવી છે અને જહેમત ઊઠાવી છે. ઘણી વાર અમને તેમણે કાચી ઊંઘે ઉઠાડયા છે અને ભોજન પુરું થયું ન થયું અને બસ તરફ તગડયા છે. નબળાને મદદ કરી છે અને સબળા પાસેથી કામ લીધું છે. વળી આવા પ્રવાસમાં કોઈ અને કોઈને મનદુઃખ થવાના પ્રસંગ ઊભા થાય ત્યારે ત્યારે મનદુઃખ થતાં તેમણે કુશળતાપૂર્વક અટકાવ્યાં છે યા શમાવ્યા છે. પ્રવાસમંડળીના નેતા તરીકે મારા ભાગે તો સન્માન ઝીલવાનું, હારતોરા પહેરવાનું, મારી પોતાની સ્તુતિના શબ્દો ગંભીર મોઢું રાખીને સાંભળવાનું અને પૂરી નમ્રતા-

પૂર્વક તેનો જવાબ વાળવાનું કામ આવ્યું હતું અને તે મેં પુરી અદાથી બજાવ્યું હતું. પણ સૌને સંભાળવાની જવાબદારી તો સંઘના મંત્રી તરીકે શ્રી ચીમનભાઈના માથે આવી હતી અને તે જવાબદારી તેમણે પૂરી નિષ્ઠાપૂર્વક તેમ જ ઉર્મિપૂર્વક સંભાળી હતી. આ માટે તેમનો સંઘ તરફથી તેમ જ મારા તરફથી હું ખૂબ આભાર માનું છું.

અમારા પ્રવાસને આટલો બધો સફળ અને સગવડભર્યો બનાવવામાં સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય શ્રી દામજીભાઈ અને માંડવી-રાયણમાં વસતા તેમના પિત્રાઈ ભાઈ મગનભાઈનો આગળ ઉપર ઉલ્લેખ થઈ ગયો હોવાથી તેનું અહિં પુનરાવર્તન કરતો નથી.

અમારો સમુદ્રપ્રવાસ આટલો બધો સગવડભર્યો બનાવવા માટે સિંધિઆ સ્ટીમ નેવીગેશન કંપનીનો હાર્દિક આભાર માનવો ઘટે છે. આ સ્ટીમરોમાં ત્રીજા વર્ગના મુસાફરોને ભીડને લીધે પારવિનાની અગવડો ભોગવવી પડે છે એ બહુ જાણીતું છે. આમ છતાં અમારા માટે જતાં આવતાં બન્ને વખતના પ્રવાસ માટેની સ્ટીમરમાં અલગ જગ્યા રાખવામાં આવેલી હોવાથી અમો પૂરા આરામથી મુસાફરી કરી શકયા હતા. વળી ઉપરની ભલામણના પરિણામે અમારા માટે સ્ટીમરની અંદર ઉપર નીચે જવા આવવાનો કોઈ પ્રતિબંધ હતો નહિ. આખી સ્ટીમરમાં મન ફાવે ત્યાં અમે યથેચ્છ વિચરી શકતા હતા. પહેલા વર્ગની કેબીનમાં દામજીભાઈનું કુટુંબ અને શ્રી મેનાબહેન નરોત્તમદાસ હતાં તેમની પાસે પણ અમે ગમે ત્યારે જઈ આવી તેમ જ બેસી શકતા હતા. આમ અમે ત્રીજા વર્ગના મુસાફર હોવા છતાં વિશિષ્ટ વર્ગની મુસાફરોની સગવડ ભોગવવા ભાગ્યશાળી થયા હતા.

અમારા પ્રવાસીઓમાંથી કોઈની પણ વ્યકિતગત નોંધ લેવા માટે અહીં અવકાશ નથી. આમ છતાં પણ અમારા યજમાન શ્રી દામજીભાઈની આશરે ૧૬ વર્ષની અપંગ પુત્રી રેખા, જેનો લેખમાળાના પ્રારંભમાં આછો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે વિષે કાંઈક લખ્યા વિના હું રહી શકતો નથી. ચિ. બહેન રેખા અપંગ છે એટલે કે પૂરા અર્થમાં પરાધીન છે. જન્મ્યા બાદ દોઢ બે મહિનાની અંદર જ આવેલી માંદગીમાંથી તેને આ અપંગતા પ્રાપ્ત થઈ છે. તેને એક જગ્યાએથી બીજી જગ્યાએ ફેરવવા માટે ઉપાડવી પડે છે, તેમ જ બીજી રીતે પણ તેની બહુ સંભાળ લેવી પડે છે. આમ તો તે બુદ્ધિશાળી અને સમજદાર છે; પણ તેના માટે નિશાળે ભણવા જવાનું શકય જ નથી, અને તેથી તેની બૌદ્ધિક ખીલવણી માટે બહુ ઓછો અવકાશ છે. આમ છતાં ઘરે ભણાવવા આવતા શિક્ષકની મદદથી તે હવે સારી રીતે વાંચી લખી જાણે છે. દામજીભાઈને ત્યાં તેણે કેવળ સેવા લેવા માટે જન્મ લીધો છે. દામજીભાઈ અને તેમનાં પત્ની દેવકાંબહેન માટે આ એક મોટો સેવાયોગ છે. તે બન્ને તેના માટે બને તેટલું કરી છૂટે છે. આવાં વત્સલ માતાપિતાની જોડી ભાગ્યે જ જોવા મળે તેમ છે. દર રવિવારે તેને મોટરમાં બેસાડીને દૂર દૂર સુધી ફરવા લઈ જાય છે. બે વર્ષ પહેલાં દામજીભાઈ રેખાને કાશ્મીર દેખાડવા લઈ ગયા હતા. અમારી સાથે તે પણ કચ્છ જોઈ શકે તે હેતુથી અમારા પ્રવાસમાં તેને દામજીભાઈએ સાથે રાખી હતી અને તેની ખાતર જ અમારી બસ સાથે તેમણે એક સ્વતંત્ર મોટર રાખી હતી. એમ છતાં મંડળીના આનંદવિનોદનો લાભ મળે તે ખાતર રેખા બસમાં અમારી સાથે આગળના ભાગમાં બેસતી હતી. પ્રવાસ દરમિયાન અવારનવાર અંદર અંદર અંતકડીની રમત રમાતી અને તેમાં રેખા ભાગ લેતી હતી. ભદ્રેશ્વરમાં ગાળેલી બીજી રાત દરમિયાન નવથી બાર વાગ્યા સુધી બહેનો ભાઈઓની જુદી જુદી ટુકડી વચ્ચે અન્તકડીની રમત ચાલતી હતી ત્યારે બહેનોમાં રેખા અગ્રસ્થાને હતી. અંતકડીમાં તે એક્કો છે એ બાબતની આ વખતે જ ખબર પડી અને એ જોઈને અમને બધાંને ભારે આશ્ચર્ય થયું. બાર દિવસ રેખા અમારી સાથે ફરી હરી અને અમારા સ્નેહનું, વાત્સલ્યનું, ઊંડી સહાનુભૂતિનું પાત્ર બની. કચ્છના પ્રવાસ સાથે તેનું સ્મરણ અમારા દિલમાં સદાને માટે જોડાયેલું રહેશે.



ચિ. બહેન રેખા
જેનો આ લેખમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

કચ્છના પ્રવાસ માટે દરેક પ્રવાસી પાસેથી રૂા. ૧૨૫/ લીધેલા પણ પ્રવાસના છેડે બીજા રૂા. ૫૦/ ઉધરાવવા પડશે એવી અમારી ગણતરી હતી. પણ આખરી હિસાબ જોતાં પ્રવાસીઓ પાસેથી ખર્ચ પેટે વધારે માગણી કરવાનો સંયોગ ઊભો ન થયો. અલબત્ત, કેટલાંક સ્થળોએ કોઈ એક વ્યકિત કે સમુદાય તરફથી જ અમારા ભોજનની વ્યવસ્થા કરવામાં આવેલી. વળી રાયણમાં બન્ને સમય અમે દામજીભાઈ તથા કાનજીભાઈના જ મહેમાન હતા. આવાં કારણોને લીધે ધાર્યા કરતાં પ્રમાણમાં ઓછો ખર્ચ આવ્યો એમ લાગે છે. બાકી એમાં કોઈ શક નથી કે ગમે તેટલો ખર્ચ કરતાં પણ કચ્છી ભાઈઓના ભાવભીના આવકારથી અને મહેમાનગતીથી ભરેલો આવો પ્રવાસ સાંપડવો સહેલો નથી.

અમે પ્રવાસ દરમિયાન જુદાજુદા સ્થળે એક યા બીજી સંસ્થામાં છુટી છુટી રકમો આપી હતી, જેનો સરવાળો રૂા. ૧૧૨૧ થયો હતો અને તે અમારી વચ્ચે ઓછા વધતા પ્રમાણમાં અમે અંદર અંદર વહેંચી લીધો હતો.

અમારા પ્રવાસ દરમિયાન કેટલાક ઠેકાણે એક યા બીજી સંસ્થાના મકાનમાં અમારા ઉતારાની વ્યવસ્થા કરવામાં આવી હતી. કેટલેક ઠેકાણે સ્થાનિક ભાઈઓએ ચા-નાસ્તા કે ભોજનની વ્યવસ્થા પોતા તરફથી કરી હતી. આમ અનેક સંસ્થાઓ તેમ જ સ્થાનિક ભાઈઓના અમે ઋણી બન્યા છીએ. તે સર્વનો અમારા સંઘ તરફથી હાર્દિક આભાર માનું છું.

કચ્છમાં અમે આટલું ફર્યા છતાં કચ્છ ખરેખર અમે જોયું છે એમ કહી ન શકાય. અમારી એક પ્રકારે દોડતી મુસાફરી હતી. જે માટે ઓછામાં ઓછો મહિનો જોઈએ તે દશ દિવસમાં સમાવવાનો અમારો આ પ્રયત્ન હતો. આ રીતે કચ્છની અમે ઝાંખી માત્ર કરી છે એમ કહી શકાય. કચ્છના નવ તાલુકામાં ભચાઉ અને રાપર-જેને વાગડના નામથી ઓળખવામાં આવે છે તેમાં તો અમે જઈ જ ન શકયા. બીજા સાત તાલુકામાંથી અમે પસાર તો જરૂર થયા અને તેમાંનાં કેટલાએક સ્થળોએ ઓછું વધતું રોકાયા પણ ખરા. પણ સરવાળે આ આખો પ્રવાસ એક રીતે ઊડતો અછડતો ગણાય. આ બધું છતાં પણ, કચ્છના પ્રજાજનોનો આટલા ટૂંકા પ્રવાસમાં અમને અત્યન્ત હૃદયસ્પર્શી પરિચય થયો અને તેમના ઉમળકાભર્યા આતિથ્યનો અમને જ્યાં ત્યાં સારા પ્રમાણમાં લાભ મળ્યો. આમાં પણ મોટા ભાગે ત્યાં વસતા જૈન સમુદાયનાં સમાગમમાં અમારે સવિશેષ આવવાનું બન્યું. અને તેમણે ખરેખર અમારા પ્રત્યે ઊંડી આત્મીયતા દાખવી. આ રીતે આ ટૂંકા પ્રવાસનાં અનેક મધુર સ્મરણો અમો સર્વના દિલ ઉપર અંકિત થયાં છે અને એ કારણે અમારા જીવનની અમે ધન્યતા અનુભવી છે. ઉપરનાં સ્મરણોને તથા ધન્યતાના સંવેદનને પ્રસ્તુત લેખમાળામાં રજુ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

સમાપ્ત — પરમાનંદ

માલિક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ મુંબઇ-૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ પ્રીપલ પ્રેસ, કોટ, મુંબઇ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૭ : અંક ૮

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ઑગસ્ટ ૧૬, ૧૯૬૫, સોમવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૨૫ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## "Quo Vadis?"—"તું ક્યાં જઈ રહ્યો છે?"

(અઠવાડિયા બાદ શરૂ થનાર પર્યુષણપર્વ અન્તર્મુખતાનું, આન્તર નિરીક્ષણનું પર્વ છે. તે પર્વનો આશય માનવીને ચિત્તશુદ્ધિ તરફ, જીવનશુદ્ધિ તરફ લઈ જવાનો છે, પોતે ક્યાં જઈ રહ્યો છે, શું કરી રહ્યો છે તે વિષે તેને સભાન બનાવવાનો છે. આવી જે પર્વ પાછળ ભાવના રહેલી છે તેવા પર્યુષણ પર્વના સંદર્ભમાં ૧૯૬૫ના એપ્રિલ માસના 'રીડર્સ ડાઈજેસ્ટ'માં પ્રગટ થયેલ અંગ્રેજી લેખના અનુવાદનું પ્રબુદ્ધ જીવનના આ અંકમાં થઈ રહેલું પ્રકાશન અત્યન્ત સમયોચિત લાગે છે. તે લેખની ભૂમિકા ખ્રિસ્તીધર્મ સાથે સંબંધ ધરાવે છે, એમ છતાં તે લેખમાં રજૂ થયેલો પ્રશ્ન દરેક ધર્મના અનુયાયી માટે એટલો જ પ્રસ્તુત છે, વિશેષત: જૈન ધર્મના અનુયાયી માટે. આશા રાખીએ કે આ લેખનો દરેક જૈન-જૈનેતર વાચક પોતાની જાતને આ પ્રશ્ન પૂછે અને તે પ્રશ્નના ચિન્તન દ્વારા પોતાના સમગ્ર જીવનનું સંશોધન કરવા તરફ વળે. પરમાનંદ)

આમે આમારા ઈટાલિયન મિત્રો સાથે રોમમાં હતા. અમારા મિત્રો અમારા આ વસવાટને ઉત્સવ જેવો આનંદદાયક બનાવવા ઈચ્છતા હતા. 'ટીવોલી અને હેડ્રીઅન્સ વિલા'નાં પર્યટનો, પેલેઝો ડૉરીઆ અને કૅસીનો બોરઘીઝની અગાસીમાંની પાર્ટીઓ વગેરેથી અમારા દિવસો મોજમજામાં વ્યતીત થતા હતા. વાયા વેનેનો રંગ અને રોમાંચથી ધબકતું હતું. ફૂલોના પમરાટથી ભરપૂર દુકાનો, ફેશનેબલ ટોળાંઓથી ભરેલી કાફે અને ધીમા સરઘસાકારે સરકતી મોટરોમાં અમારો સમય પસાર થઈ જતો હતો.

આવા જ એક રળિયામણા મધ્યાહ્ને, આલ્બાનોની નજીકના બગીચામાં નિરાંતભર્યું ભોજન કરીને, એકલો ઘેર પાછો ફરતાં હું ભૂલો પડી ગયો. અચાનક મેં જોયું કે હું જે વૈભવમાં ઉછર્યો હતો અને જેનાથી હું ટેવાયો હતો તેનાથી તદ્દન ઊલટા એવા ગરીબ, ધૂળિયા અને અળખામણા લાગતા વિસ્તારમાં હું આવી પહોંચ્યો હતો. ધૂંધવાતા મને હું આગળ ચાલ્યો. નિર્જન શેરીને સામે નાકે એક રાખોડીઆ પત્થરનું નાનું ચોરસ મકાન હતું. પ્રથમ નજરે તે કોઈ ઑફિસની શાખા હોય એવું લાગ્યું. હું ક્યાં છું તે જાણવાની આશાએ ગાડીમાંથી બહાર આવ્યો. નજીક જઈ, મકાનના બારણાંને સહેજ ધક્કો મારી ઉઘાડ્યું અને હું અંદર ગયો. અંદરના ઝાંખા અને શાંત વાતાવરણથી પ્રભાવિત બનતાં મને માલુમ પડ્યું કે હું એક પુરાણા ગિરજાઘરમાં આવી ચડ્યો હતો.

મેં રોમના વિખ્યાત ગિરજાઘરો—જેવાં કે સેન્ટ પીટર્સ અને લૅટરન જોયાં હતાં તથા સેન્ટ પોલની ને સેન્ટ ક્લેમન્ટની બેસીલીકા વગેરે જોઈ હતી. પરંતુ આ નાનકડું ગિરજાઘર એ બધાથી તદ્દન નિરાળું જ હતું. તે સાદું અને નિર્જન હોવા છતાં ભૂતકાળના વિચિત્ર પુણ્યમય સંસ્મરણોથી ભરપૂર હતું. ભીતરના ધૂંધળા પ્રકાશથી મારી આંખો ટેવાઈ કે તુરત જ મારી નજર ભાંગેલ પત્થરની જમીનમાં જડેલી ધાતુની તકતી પર પડી. વર્ષોના વહેવા સાથે લગભગ ભૂંસાઈ જવા આવેલ કાંસા ઉપરના લખાણની લિપિ ઊકેલવા મેં પ્રયત્ન કર્યો, અને મેં જોયું કે નસીબ મને ક્યાં ઘસડી લાવ્યું હતું.

આ 'ક્વૉ વાડીસ' (તું ક્યાં જઈ રહ્યો છે?) નું નાનકડું ગિરજાઘર હતું. દંતકથા પ્રમાણે અહીં, બરાબર આજ સ્થળે, નીરોની ધમકીઓથી ત્રાસીને ભાગેલ ધર્મપ્રચારક પીટરને ઈશ્વરનો સાક્ષાત્કાર થયો હતો. એ બન્ને વચ્ચે જે વાર્તાલાપ થયો અને જેના પરિણામે તે નિર્વાસિત પીટરમાં નવી ધૃતિ અને શ્રદ્ધાનો જન્મ થયો હતો તે વાર્તાલાપના પ્રારંભમાં આ શબ્દો ઉચ્ચારાયા હતા- "ક્વૉ વાડીસ"- "તું ક્યાં જઈ રહ્યો છે?"

કોઈક અગમ્ય ખેંચાણ હેઠળ હું મારી સઘળી તંગ બનેલી અને ઉદ્દીપિત થયેલી ઇંદ્રિયો સહિત એ નીચા લાકડાના મેજ પર બેસી ગયો. ક્ષણ ઉપર ક્ષણ પસાર થવા લાગી. સમયનું કોઈ ભાન જ ન રહ્યું. શાંતિ મારા કાનોમાં પડઘો પાડી રહી. અને પછી ગિરજાઘરની દીવાલો ઉપરના રેખાંકનોમાંથી તે ગૂઢ પવિત્ર સ્થળની ચિત્તને ભરી દેતી શાંતિને ચીરીને અનેક સદીઓને વીંધીને આવતો હોય તેવો ધીમો છતાં ઠપકો આપતો એક પડકાર મને સ્પર્શી રહ્યો: "ક્વૉ વાડીસ?" : "તું ક્યાં જઈ રહ્યો છે?"

શું આ એ જ પ્રશ્ન નથી જે આજે મારે અને મારી જેવા દરેક માનવીએ પોતાની જાતને પૂછવો જોઈએ? ભોગોપભોગથી ભરેલા ભૂતકાળના અનેક અઠવાડિયાઓનાં સ્મરણો મને એકાએક ડંખવા લાગ્યાં. દુન્યવી વ્યવહારોમાં મશગુલ બનેલા એવા મને, અને મારી જેવા અનેકને, આકસ્મિક દુ:ખની જેમ વીંધી નાખતી ખાલીપણાની અને અસંતોષની લાગણીએ અને કાતીલ સભાનતાએ ઘેરી લીધા. અમે આત્માના સામ્રાજ્યની-'Kingdom of rhe Spirit'ની અવગણના કરી હતી, અમે આત્માને ભૂલી ગયા હતા.

ફક્ત બાંકોરામાંથી ચળાઈને આવતા પ્રકાશનાં કિરણો દ્વારા પ્રકાશિત બનેલ આ ગંભીર એકાંતમાં મેં માનવજાત પર તોળાઈ રહેલ વિનાશક ભયને નિહાળ્યો. આધુનિક દુનિયાના પ્રારંભથી આજસુધી લોકો પોતાના અસ્તિત્વના હેતુ અંગે કેવળ ઉદાસીન અને ઉપેક્ષિત બની બેઠા છે. તેઓ દુન્યવી માનસન્માન અને ભૌતિક ઐશ્વર્ય મેળવવા ઝંખી રહ્યા છે. હું કેટલું કરી શકું તેમ છું- એ નાદ હવે રહ્યો નથી. તેના સ્થાને 'હું કેટલું મેળવી શકું તેમ છું?' એ જ એક નાદ સહુ કોઈને ઘેરી રહ્યો છે.

વ્યક્તિગત નીતિનું ધોરણ ખૂબ જ નીચે ઊતરી ગયું છે. દૈનિક પત્રોમાં પ્રગટ થતા રોજબરોજના બનાવો આને હૈયું કોરી

નાખે એવા નૈતિક અધઃપતનના સમાચારો આ જ વાતની સાહેદી આપે છે. એક સમયે માનવીએ "દશ આદેશો" (Ten Commandments) વડે પોતાના વર્તન પર અંકુશ રાખ્યો હતો. પણ આજે કેટલા જણ પોતાની રોજિંદી દિનચર્યામાં ઈશ્વર અંગેના વિચારને માટે થોડોક સમય પણ અનામત રાખે છે? આપણી પાસે સારામાં સારું મકાન, સારામાં સારી મોટરગાડી અને બધી જ સરસ વસ્તુઓ હાજર હોય તો પછી ઈશ્વરની શી જરૂર છે?

એ સમયે લોકશાહી મહાસત્તાઓ પોતાને ખ્રિસ્તી રાષ્ટ્ર તરીકે ઓળખાવવામાં કેટલું ગૌરવ અનુભવતી હતી? પણ આજે એ નૈતિક આદેશોના અનુયાયીઓ હોવાનો દાવો કરનારામાંથી કેટલા જણ એ આદેશોના દિવ્ય પ્રણેતાને જરાસરખું યાદ કરવાથી વિશેષ કંઈ કરે છે? કેટલાયે તો ઈશ્વરને એક પવિત્ર કલ્પના ગણીને કોરાણે મૂકી દીધો છે. તેઓ કદી ગિરજાઘરમાં જતા નથી, કદીયે પ્રાર્થનાનો એક શબ્દ પણ ઉચ્ચારતા નથી. કેટલાકે પોતાની માન્યતાને તર્કના રંગે રંગી છે, ઈશુ ખ્રિસ્તીને એક મહાપુરુષ તરીકે–કદાચ એક પયગંબર તરીકે - સ્વીકાર્યો છે, તેના ચમત્કારોનો આધુનિક વિજ્ઞાનની પરિભાષામાં ખુલાસો કરવાનો તેમણે પ્રયત્ન કર્યો છે, પણ તેમની પાસેથી જે ખરા મહત્ત્વની બાબતની ખાસ અપેક્ષા રાખવામાં આવી હોય છે તે સામે આંખમીંચામણા કરવાના હેતુથી પોતાને ઠીક લાગી તેવી જાતજાતની યુક્તિપ્રયુક્તિઓ તેમણે આજમાવી હોય છે. આ સહુમાં સૌથી વધારે દયાપાત્ર તો એ લોકો છે કે જેઓ ઈશ્વરમાં શ્રદ્ધા ધરાવતા હોવા છતાં અને એ માર્ગે ચાલવાની ઈચ્છા ધરાવતા હોવા છતાં નબળાઈને લીધે અથવા તો દુન્યવી વ્યવહારના દબાણના કારણે એ માર્ગે ચાલવામાં નિષ્ફળ નિવડ્યા છે.

એમ છતાં અત્યારનો માનવીસમાજ, જૂના કાળના વિધર્મી શહેનશાહોના બળ કરતાં વધારે જંગલી બળો કે જેનો પ્રયત્ન ઈશ્વર વિષેની શ્રદ્ધાને નિર્મૂળ કરવાનો છે, આત્મબલિદાન અને દિવ્ય પ્રકાશ દ્વારા પ્રાપ્ત થએલા સત્યને નર્કની ઊંડી ગર્તામાં દફનાવી દેવાનો છે એવા આસુરી બળો વડે ઘેરાયેલો હોઈને, ખ્રિસ્તી સંપ્રદાય પર જીવનમરણનું જોખમ તોળાઈ રહ્યું છે. આપણી પોતાની શ્રદ્ધા ઉપર નિર્ભર બનીને અને આપણી પોતાની નિષ્ઠા વડે સદ્ધર બનીને આપણે ટટ્ટાર ઊભા નહિ રહીએ તો આપણી સામેના આ પડકારને આપણે પહોંચી વળી શકીશું ખરા?

આજે સમગ્ર જગતને આવરી લેતો સારાપણાની અને નરસાપણાની શક્તિ વચ્ચેનો સંઘર્ષ લાખો યુવાનોના માનસને, હૃદયોને અને આત્માઓને ભુલાવામાં નાખવા મથી રહ્યો છે. આપણો શત્રુ પ્રચારની દરેક યુક્તિ વડે, સઘળી વસ્તુને ઊંધી દેખાડીને તથા છેતરપિંડી દ્વારા ઊગતી પ્રજા અને ઊગનારી પ્રજામાંથી માનવીના દિવ્ય તત્ત્વ સાથેના સંબંધ વિષેના વિચાર માત્રને નાબૂદ કરવા કમ્મર કસી રહ્યો છે.

ધર્મપ્રચારક પીટર દ્વારા પવિત્ર બનેલ આ ધર્મસ્થાનમાં જ્યારે હું બેઠો ત્યારે મારા શરીરમાંથી એક ન સમજી શકાય એવી ધ્રુજારી પસાર થઈ ગઈ. હું એ મહાન સંતના બલિદાનનો વિચાર કરવા લાગ્યો. પોતાના આદર્શને માટે પોતાની જાતને હોમી દેતા અને કોઈ પણ પ્રકારની સુખસગવડ તરફ તુચ્છકારથી જોતા એ પ્રથમ ખ્રિસ્તીઓના જીવનમાં સદા અડગ અને મૃત્યુ સમયે પણ એટલી જ સ્થિર રહેલી એવી અનન્ત શ્રદ્ધાનું તત્ત્વ આપણે પુનઃ પ્રાપ્ત કરીએ એવી તીવ્ર ઈચ્છા હું સેવવા લાગ્યો. એ શ્રદ્ધા જ્યારે સાંપડશે ત્યારે જ આધુનિક ભૌતિકવાદમાં ભૂલી પડેલ માનવજાત એક નક્કર વાસ્તવિકતારૂપે ચિર–અપેક્ષિત બંધુપ્રેમની, લોકોના વિશાળ સમુદાયને સાંકળી લેતી અને સત્તાધીશોની લાલસાની પાર પહોંચતી, ધિક્કાર અને ધૃણાની લાગણીને ભૂંસી નાખતી શુભેચ્છાની, સદિચ્છાની ઉછળતી લાગણી પુનઃ પ્રાપ્ત કરશે અને આધ્યાત્મિક જાગૃતિ પુનઃ અનુભવતી થશે.

ઘેરા ક્ષિતિજ પર આ આશાકિરણ ઝબકી રહ્યું હતું. આમ છતાં દુનિયાના અંતરનું આ પરિવર્તન વ્યક્તિના અંતઃકરણના પરિવર્તનના પ્રારંભથી જ શક્ય બને તેમ છે. અને એ ત્યારે જ બને જ્યારે આપણે કે-આપણામાંનો દરેક જણ-મહાન નૈતિક આદેશોના મૂળ હાર્દને વર્તનમાં ઊતારીએ, આપણે આપણાં મંદિરો ઊભારવી દઈએ, આપણી આધ્યાત્મિક સરવાણીઓને પ્રવાહિત કરી મૂકીએ અને પૃથ્વીના બધા જ ખૂણાઓને નિષ્ઠાયુક્ત વાણી અને વર્તન દ્વારા આ નૂતન બલિદાનના સંદેશથી ભરી દઈએ. ઊગતા સૂર્ય સમક્ષ ઓગળી જતો ધુમ્મસની જેમ આપણી સામે આવતી બધી મુશ્કેલીઓને નિવારી ગિરિપ્રવચન (Sermon on the Mount)ને આપણે ચરિતાર્થ કરી શકીશું ખરા?

આ વિચાર આપણા આધુનિક યુગમાં શું અર્થહીન અને અવ્યવહારુ છે? ના! આ મહાન ઉપદેશને અનુસરવું એ જ આપણી ઉપસ્થિતિનું ઉત્તમ ધ્યેય છે. જે કાર્ય પૂર્ણ કરવા માટે આપણે સર્જાયા છીએ તે કાર્ય કરવા માટે ન્યાય, કરુણા અને દાનને પ્રવર્તાવવાં, ધિક્કાર, અભિમાન અને ઈર્ષાને ભૂંસી નાખવાં અને આ સનાતન ઉપદેશોનું પાલન કરવું–આ કરતાં બીજો વધારે સારો ઉપાય ક્યો હોઈ શકે?

આપણે ભલેને કોઈ પણ જાતિમાં જન્મ્યા હોઈએ, આ ધર્મ જેનું મૂળ સત્ય છે તે ધર્મ જ આપણા જીવનનો મૂળમંત્ર બનવો જોઈએ. અગ્રગામી અને બુદ્ધિશાળી લોકો દ્વારા અવગણાતો, નકામો બની ગયેલો અને જાણે કે અંદરખાને છુપાવવા લાયક ન હોય-ધર્મ વિષે આવું આપણું વલણ ન હોવું જોઈએ. આજે આપણામાંના ઘણાંને બીવડાવતી એ શૂન્યતાની લાગણીનો એકમાત્ર ઈલાજ ધર્મ છે. જીવનની એ જ એકમાત્ર એવી પદ્ધતિ છે કે જે તેના આધ્યાત્મિક મૂલ્યો ઉપરાંત માનવીય સંબંધોમાં પણ ચમત્કારિક રીતે કાર્ય કરે છે અને આપણા માટે સુખ અને ચિત્તની શાંતિ ઉપાર્જિત કરી શકે છે.

તો, આપણે આપણા જીવનની રોજબરોજની આ દોડધામ અને પ્રગતિ વચ્ચે જરાક થોભીને, આપણા કાનમાં અવિરામ ગણગણાટ કરતો આપણા અંતરાત્માનો એ અવાજ–"Quo Vadis" "તું ક્યાં જઈ રહ્યો છે?" સાંભળીએ. ત્યારે જ આ અનંત તૃષ્ણા અને અર્થહીન વિહ્વળતા પાછળ રહેલી ભૂલનું આપણને સચોટ ભાન થશે. ત્યારે જ આપણે ક્યાં જઈ રહ્યા છીએ તે આપણે સમજી શકીશું, અને ત્યારે જ આપણે આપણું સાચું ધ્યેય મેળવી શકીશું અને સમગ્ર માનવજાતનું લક્ષ્ય–સનાતન સલામતી–પણ ત્યારે જ પ્રાપ્ત કરી શકીશું.

જ્યારે હું એ પુરાણા ગિરજાઘરમાંથી બહાર નીકળ્યો ત્યારે અસ્ત પામતો સૂર્ય એની લાલી છાપરાઓની ટોચે, ધૂમ્મટો પર અને શહેરના મિનારાઓ પર પાથરી રહ્યો હતો. માણસોની એકબીજા પર લદાઈ રહેલ ક્રૂરતાઓ છતાં, માણસોનું આંધળાપણું અને ઉપેક્ષા છતાં, રાષ્ટ્રોને વિખેરી નાખતી, બરબાદ કરતી અને નાશ કરવા બીવડાવતી યુદ્ધની ધમકીઓ છતાં, પૃથ્વીના લોકો માટે હજી પણ આશા છે એવું મને લાગ્યું. આપણા અનુસરણ માટેનો માર્ગ આજે પણ હજુ ખુલ્લો પડ્યો છે. માત્ર આપણે એ માર્ગે પગલાં માંડવાના રહે છે.

અનુવાદક:
કુમારી શારદાબહેન ગોરડિયા,
પી એચ. ડી.

મૂળ અંગ્રેજી
લે. એ. જે. કોનીન

## આચાર્ય રજનીશજીનો સૌરાષ્ટ્રમાં સફળ પ્રવાસ

ગયા જાલાઈ માસની તા. ૨૪થી ૨૭ એમ ચાર દિવસનો આચાર્ય રજનીશજીનો પ્રવચન–પ્રવાસ ગોઠવવામાં આવ્યો હતો. આ ચાર દિવસના પ્રવાસ દરમિયાન તેમણે ભાવનગર, લીંબડી, વઢવાણ, સુરેન્દ્રનગર, રાજકોટ, જુનાગઢ તથા જામનગર આટલાં શહેરોની મુલાકાત લીધી હતી અને આ દરેક શહેરમાં આચાર્યશ્રીમાં પ્રવચનો ગોઠવાયાં હતાં અને તેમનાં પ્રવચનોનો સ્થાનિક પ્રજાજનોએ ઘણી મોટી સંખ્યામાં લાભ લીધો હતો. સભાસ્થળો માનવમેદનીથી ઉભરામાં હતાં અને જાણે કે કોઈ નવો જીવનસંદેશ મળતો હોય એવી આતુરતાથી તેમનાં પ્રવચનોને સૌરાષ્ટ્રની પ્રજાએ ઝીલ્યાં હતાં.

અહિં ખબર આપતાં આનંદ થાય છે કે આગામી ઑક્ટોબર માસની તા. ૮, ૯, તથા ૧૦ મી તારીખે જબલપુર ખાતે આચાર્ય રજનીશજીની પ્રવચન–શિબિર ગોઠવવામાં આવી છે. આ શિબિરમાં ભાગ લેવા ઈચ્છતા ભાઈ-બહેનોએ રૂા. ૨૫ ભરવાના રહેશે. આ સંબંધમાં વિશેષ માહિતી મેળવવા માટે નીચેના સરનામે પત્રવ્યવહાર કરવો:

જીવન જાગૃતિ કેન્દ્ર, ૫૦૧, કાલબાદેવી રોડ, મુંબઈ - ૨. ટે. નં. ૨૨૩૩૧.

# ભારતીઓની તાર્કિકતા–૩

(ગતાંકથી ચાલુ)

નિગ્રહ એટલે પરાજય કે રોકવું તે. પ્રતિવાદીની દલીલમાં ખામી બતાવી તેને અટકાવવામાં આવે છે તેને નિગ્રહસ્થાન કહે છે. તેના મૂળમાં અપ્રતિપત્તિ કે વિપ્રતિપત્તિ હોય છે. નિગ્રહસ્થાનના ૨૨ પ્રકાર ન્યાયસૂત્ર વગેરે ગ્રંથમાં આપેલા છે - પ્રતિજ્ઞાહાનિ, પ્રતિજ્ઞાન્તર, પ્રતિજ્ઞાવિરોધ, પ્રતિજ્ઞાસંન્યાસ, હેત્વન્તર, અર્થાન્તર, નિરર્થક, અવિજ્ઞાતાર્થ, અપાર્થક, અપ્રાપ્તકાલ, ન્યૂન, અધિક, પુનરુકત, અનનુભાષણ, અજ્ઞાન, અપ્રતિભા, વિક્ષેપ, મતાનુજ્ઞા, પર્યનુયોજ્યોપેક્ષણ, નિરનુયોજ્યાનુયોગ, અપસિદ્ધાન્ત, હેત્વાભાસ. પહેલા ચાર પ્રકારનો આશય એ છે કે, કોઈ વાદીએ પ્રતિજ્ઞા, દા. ત. 'શબ્દ અનિત્ય છે.' રજુ કરી હોય, પછી તે તેને છોડી ન શકે કે તેનો વિરોધ ન કરી શકે કે બીજો પ્રશ્ન ઉઠતાં બીજીજ પ્રતિજ્ઞાનું સમર્થન કરવા લાગી જાય એ બરાબર નથી. હેત્વન્તરનો આશય એ છે કે વાદીએ જે હેતુ રજુ કર્યો હોય તેમાં જો પ્રતિવાદી અસંગતિ બતાવે તો ફેરફાર કરવો કે વિશેષણ લગાડી રજુ કરવો એ બરાબર નથી. કારણ કે, એથી વાદીની નબળાઈ જણાઈ આવે છે. પોતે રજૂ કરેલ હેતુમાંથી જ આ અર્થ નીકળે છે એમ બતાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. અર્થાન્તર વગેરેનો આશય એ છે કે ચર્ચામાં કશું અસંગત, સંબંધ વિનાનું, નિરર્થક કે પુનરુકિત વગેરે નહીં આવવાં જોઈએ. પ્રતિવાદી સમજતો ન હોય તેવી ભાષા ન વાપરવી જોઈએ. સામાન્ય રીતે એવો આગ્રહ હોય છે કે ન્યાયવાકયના પાંચ અવયવો છે, તેમના ચોક્કસ ક્રમમાં અને વધારે કે ઓછા પણ નહીં એ રીતે એનો પ્રયોગ થવો જોઈએ. વાદીનું વચન પ્રતિવાદી ત્રણ વાર તેની પાસે બોલાવે અને જો સભ્ય અને વાદી તેનો અર્થ ન સમજે તો વાદીની સામે અવિજ્ઞાતાર્થ નિગ્રહસ્થાન યોજી શકાય. પણ જો વાદી ત્રણ વાર પોતાની દલીલ બોલે અને સભ્યો સમજી ગયા હોય, પણ પ્રતિવાદી ન સમજી શકે તો પ્રતિવાદીની સામે અજ્ઞાન નિગ્રહસ્થાન યોજાય છે. કેટલીક વાર વાદી કે પ્રતિવાદી આગળ દલીલ કરવા અશકિતમાન હોય ત્યારે નિવારી શકાય તેવું કામ બતાવી ચર્ચાને મોકૂફ રાખવાનો પ્રસ્તાવ મૂ કે છે. તેની સામે વિક્ષેપ નિગ્રહસ્થાન યોજી શકાય. વાદીને પ્રતિવાદી જવાબ ન આપી શકે અને ચૂપ રહે તો તેની સામે અપ્રતિભા નિગ્રહસ્થાન યોજી શકાય. વાદીનું ખંડન કરતી વખતે તેનું વચન બરાબર બોલી જઈ પછી તેનું ખંડન કરવાનું હોય છે જેથી પ્રતિવાદી સમજ્યો છે તેની ખાતરી સૌને થાય. પણ પ્રતિવાદી તેમ ન કરે તો તેની સામે અનનુભાષણ નામનું નિગ્રહસ્થાન પ્રયોજાય. વાદી કે પ્રતિવાદી પોતાના પક્ષના સમર્થનમાં એવી કોઈ દલીલનો ઉપયોગ કરે કે જે આમ દોષરહિત હોય પણ તેનો અન્તર્ગત સિદ્ધાન્ત તેના પોતાના જ દાર્શનિક સિદ્ધાન્તથી વિરુદ્ધ હોય તો તેની સામે અપસિદ્ધાન્ત નિગ્રહસ્થાન યોજી શકાય. વાદીની દલીલમાં દોષ હોય તે ન બતાવવો તે પર્યનુયોજ્યોપેક્ષણ અને ન હોય તેવો દોષ બતાવવો – છલવાદી જાતિવાદી બતાવે છે તેમ–તે નિરનુયોજ્યાનુયોગ. હેત્વાભાસ પણ નિગ્રહસ્થાન મનાય છે- હેતુનો સાધ્ય સાથે નિયત સંબંધ હોવો જોઈએ, અને તે બાધિત ન હોવો જોઈએ. નહીં તો એ હેતુ નથી પણ હેત્વાભાસ છે.

આ પરથી એ તારવણી કાઢી શકાય કે નૈયાયિકોનો એવો આગ્રહ હતો કે, ચર્ચામાં નિયમબદ્ધ રીતે અને ગૌરવપૂર્વક કામ ચાલવું જોઈએ અને સહેજ પણ અસંગતિ કે પુનરુકિત કે એવો કોઈ પણ દોષ આવતાં વાદીને રોકી શકાય છે. ધર્મકીર્તિએ આ નિગ્રહસ્થાનોનો સમાવેશ માત્ર બે નિગ્રહસ્થાનમાં કરી દીધો છે- અસાધનાંગવચન અને અદોષોદ્‌ભાવન. અસાધનાંગવચન એટલે સાધ્યની સિદ્ધિ કરી શકે તેવા વચનની રજુઆત ન કરવી અથવા જે સિદ્ધ ન કરી શકે તેવું વચન રજુ કરવું. અદોષોદ્‌ભાવન એટલે દોષ હોય તે ન બતાવવો અથવા દોષ ન હોય (અદોષ) તે બતાવવો. જૈન નૈયાયિકો આ બધા નિગ્રહસ્થાન માન્ય નથી રાખતા. તેમની દલીલ એ છે કે વાદી પોતાનો મત સિદ્ધ કરી શકે એ એનો વિજય અને સિદ્ધ ન કરી શકે એ એનો પરાજય, પછી એ પુનરુકિત કરે કે કશું અસંબદ્ધ કે અસંગત બોલે કે એવું કાંઈ કરે તો તે વાતને પકડી રાખી તેને આધારે વાદીને રોકવો એ બરાબર નથી–કારણ કે આ બધું તો સામાન્ય માણસના વ્યવહારિક વર્તનનો એક ભાગ છે. વ્યવહારમાં આ બે દષ્ટિબિંદુમાં ખાસ ફરક નહીં પડતો હોય પણ શાસ્ત્રીય રીતે તો આ બે દષ્ટિબિંદુમાં ભેદ છે જ. જૈન નૈયાયિકો પક્ષસિદ્ધિ અને પ્રતિપક્ષના ખંડન પર ભાર મૂકે છે અને બીજી ઔપચારિક બાબતોની ખાસ ચિન્તા કરતા નથી, જ્યારે બ્રાહ્મણ અને અમુક અંશે બૌદ્ધ નૈયાયિકોનો એવો આગ્રહ ખરો કે વાદમાં, કોર્ટમાં થાય છે તેમ, અર્થાન્તર, પુનરુકિત વગેરે કરીને વાતાવરણ ગંભીર બનાવવામાં આવે છે અને પ્રતિવાદીની વિરુદ્ધ સભાપતિ અને સભ્યો ઉપર ખોટી અસર ઉપજાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે તે ન થવું જોઈએ.

ન્યાયસૂત્રમાં મુખ્યત્વે કથાને અનુલક્ષીને વિવેચન છે એ આપણે જોયું. તેના ઉપરના વાત્સ્યાયનના ન્યાય - ભાષ્યમાં, ઉદ્‌દ્યોતકરના ન્યાય - વાર્તિકમાં, વાચસ્પતિની ન્યાયવાર્તિક તાત્પર્યટીકામાં અને ઉદયનની પરિશુદ્ધિ અને બોધસિદ્ધિમાં પણ વાદના પદાર્થોનો ઉત્તરોત્તર વિકાસ જોવામાં આવે છે. શંકરમિશ્રનો વાદિવિનોદ ગ્રંથ કથાને અનુલક્ષીને જ છે. વેંકટનાથનો ન્યાયપરિશુદ્ધિ ગ્રંથ, જયતીર્થનો પ્રમાણ - પદ્ધતિ, વરદરાજનો તાર્કિકરક્ષા વગેરે પણ કથા વિષે સમૃદ્ધ સામગ્રી પૂરી પાડે છે. બૌદ્ધ ગ્રંથોમાં ઉપાયહૃદય, તર્કશાસ્ત્ર અને ધર્મકીર્તિના વાદન્યાય જેવા ગ્રંથોમાં વાદ વિષે ઘણું વિવેચન મળે છે. જૈન ગ્રંથોમાં અકલંકનો ન્યાયવિનિશ્ચય અને સિદ્ધિવિનિશ્ચય, વિદ્યાનંદનો તત્ત્વાર્થશ્લોક વાર્ત્તિક, પ્રભાચન્દ્રનો પ્રમેયકમલમાર્તણ્ડ અને ન્યાયકુમુદચન્દ્ર, વાદિદેવસૂરિનો પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર અને તેના પર રત્નપ્રભાચાર્યની રત્નાકરાવતારિક, હેમચન્દ્રાચાર્યનો પ્રમાણમીમાંસા ગ્રંથ અને સિદ્ધસેનની દ્વાત્રિંશિકા જેવા ગ્રંથોમાં વાદ સંબંધી ઘણી માહિતી મળે છે. કથા કે વાદમાંથી જ ન્યાયનો વિકાસ થયો હોય એવી શકયતા છે. ગ્રીસમાં સોફિસ્ટ અને સોક્રેટિસ અને પ્લેટોના સંવાદોને આધારે જ ન્યાયનું ઘડતર થયું. આમ હોવાથી ન્યાયના પ્રાચીન ગ્રંથોમાં વાદ અંગે ઘણું વિવેચન છે. ઉત્તરોત્તર કેવળ ન્યાય પર ધ્યાન વધતું જાય છે અને વાદની ચર્ચા ગૌણ બનતી જાય છે. નવ્ય - નૈયાયિકોએ વાદને અનુલક્ષીને વિવેચન નથી કર્યું, પણ પોતે આપેલ લક્ષણોમાં ત્રુટિ ન રહી જાય અને સૂક્ષ્મતા આવે અને તેમનું ખંડન મુશ્કેલ બને તેટલા માટે તેમણે સૂક્ષ્મ અને જટિલ શૈલી વિકસાવી. જેની અસર બધા શાસ્ત્રોના સાહિત્ય પર થઈ. કુલાર્ક પંડિતે (૧૧ મો સૈકો) મીમાંસાના શબ્દનિત્યત્વવાદની સામે મહાવિદ્યા નામના ન્યાય-વાક્યો યોજ્યા. આ ન્યાયવાક્યો કેવલાન્વયી પ્રકારના છે અને તેમાં કોઈ હેત્વાભાસની શકયતા નથી એવો મહાવિદ્યાવાદીઓનો દાવો હતો. આ વાક્યો બહુ જ જટિલ અને ગોટપટા છે અને એકંદરે અસમર્થ નીવડ્યા તેથી તેમની કદર ખાસ કોઈએ કરી નહીં અને ધીમે ધીમે તેમનો પ્રયોગ બંધ થઈ ગયો હશે. છતાં પ્રતિપક્ષીને મૂંઝવવા માટે મહાવિદ્યાનો ઉપયોગ કરવો એવું સૂચન કેટલીક જગ્યાઓ મળે છે.

પ્રમાણ અને તર્કથી કોઈ પણ મતની સિદ્ધિ કરી શકાય. તર્ક પ્રમાણનું સમર્થન કરે છે, તેની પ્રવૃત્તિ અપ્રતિહત બનાવે છે. જો પ્રમાણ દ્વારા મેળવેલું જ્ઞાન સાચું માનવામાં ન આવે તો કોઈ પ્રસંગ કે આપત્તિ ઊભી થાય છે, તેથી પ્રમાણ દ્વારા મેળવેલું જ્ઞાન સાચું હોવું જોઈએ. 'પર્વત વહ્નિમાન છે, ધૂમ છે તેથી'. ધારો કે ત્યાં વહ્નિ ન હોય તો તેનું કાર્ય ધૂમ પણ હોઈ શકે નહીં. પણ ધૂમ તો છે માટે વહ્નિ પણ હોવો જોઈએ. તર્કમાંથી જ શાસ્ત્રાર્થના સિદ્ધાન્તો મળી જાય છે; જેવા કે આત્માશ્રય, અન્યોન્યાશ્રય, ચક્રક, અનવસ્થા, વ્યાઘાત,

પ્રતિબન્દી, ગૌરવ, લાઘવ, વિનિગમનાવિરહ, ઉભયત:–પાશા–રજ્જુ વગેરે. આમાંના ઘણા તર્કોનો ઉપયોગ આપણે પતંજલિના મહાભાષ્યમાં (ઈ. સ. પૂ. ૧ લા સૈકે) જોઈએ છીએ, તે પરથી કેટલા પ્રાચીન કાળથી શાસ્ત્રાર્થનો રિવાજ અને તેના સિદ્ધાન્તોનું જ્ઞાન ભારતીયોને હતું તેની કલ્પના આવે છે.

કથાનાં ઘટક તત્ત્વો: વાદી, પ્રતિવાદી, પરિષદના સભ્યો અને સભાપતિ એ કથાનાં ઘટક તત્ત્વો છે. મિત્રો કે હિતેચ્છુઓ વચ્ચે સત્યાન્વેષણ માટે વાદ થાય તો એમાં સભ્યો કે સભાપતિની જરૂર રહેતી નથી, કારણ કે આવા વાદમાં જય - પરાજયનો નિર્ણય કરવાનો હોતો નથી. પણ અચાનક કોઈ આદરપાત્ર વિદ્વાન આવી જાય તો તેને સભ્ય તરીકે બેસાડી દેવાય. વિજિગીષુ કથામાં આ ચારેય અંગો આવશ્યક હોય છે. સભ્યો વિદ્વાન, શાસ્ત્રના અભ્યાસી, કુલીન અને તટસ્થ હોવા જોઈએ અને સભાપતિ રાજા કે એવી કોઈ વ્યક્તિ જેમાં પોતાનો આદેશ બીજા પાસે પળાવવાનો પ્રભાવ હોય તેવી વ્યક્તિ હોવી જોઈએ. કથા શરૂ થાય તે પહેલાં જ કોણ વાદી અને કોણ પ્રતિવાદી, કથાનો પ્રકાર અને પદ્ધતિ, કોણ પહેલું બોલે, ભાષા, ખંડન કરતી વખતે વાદીની દલીલનો કેટલો ભાગ બોલી જવો, સમયમર્યાદા વગેરે બધું જ નક્કી કરી લેવામાં આવે છે અને પછી આ નિયમોનું પાલન થાય એ રીતે કથા શરૂ થાય છે. સભ્યોની એકી સંખ્યા હોવી જોઈએ જેથી મતભેદ પડતાં બહુમતિથી નિર્ણય થઈ શકે. સભાપતિ કથાનું પરિણામ જાહેર કરે છે અને તેનો નિર્ણય આન્તિમ હોય છે. કથા શરૂ થાય ત્યારે વાદી પોતાના પક્ષની રજુઆત કરી પ્રમાણથી તેને સિદ્ધ કરે છે અને તર્કદ્વારા સમર્થન કરે છે. પછી પોતાનો હેતુ સમર્થ છે, હેત્વાભાસ નથી એમ બતાવે છે અને પ્રતિવાદી જો માને કે કોઈ વિશેષ હેત્વાભાસ છે તો તેમ નથી એમ બતાવે છે. આને કંટકોદ્ધાર કહેવામાં આવે છે. આ થઈ કથાની પહેલી કક્ષા. બીજી કક્ષામાં પ્રતિવાદી વાદીની દલીલનું અનુભાષણ કરી તેમાં નિગ્રહસ્થાન બતાવવા પ્રયત્ન કરે છે અથવા ન હોય તેવા હેત્વાભાસનો નિર્દેશ કરે છે અને પછી પોતાના મતની સિદ્ધિ કરવા પ્રયત્ન કરે છે. ત્રીજી કક્ષામાં વાદી પ્રતિવાદીના વચનનું અનુભાષણ કરે છે, પ્રતિવાદીએ કરેલા આક્ષેપનો પરિહાર કરે છે અને પ્રતિવાદીની દલીલમાં કોઈ દોષ કે હેત્વાભાસ બતાવવાનો પ્રયત્ન કરે છે. આમ એક કક્ષાથી બીજી કક્ષાએ ઉત્તરોત્તર કથા આગળ ચાલે છે. વાદીઓ થાકી જાય કે કોઈ નિર્ણય ઉપર આવે ત્યાં સુધી વાદ પ્રકારની કથા ચાલી શકે.

સામાન્ય રીતે જલ્પ છ કક્ષા સુધી ચાલે છે. કેટલીક કથામાં વાદી અને પ્રતિવાદી એકબીજાની સામે જાતિ પ્રકારની દલીલો રજુ કરે છે. આ કથા નહીં પણ કથાભાસ છે અને તેમાં કોઈ નિર્ણય આવી શકતો નથી. સભ્યોને માત્ર નિર્ણય કરવાનો હોય છે તેથી દલીલો ચાલતી હોય ત્યારે વચમાં બોલતા નથી કે ભાગ લેતા નથી. જો જાત્યુત્તર જ અપાતા રહે તો સભાપતિએ આ પડકારવું જોઈએ, પણ એ પોતે જો મૂર્ખ હોય, કાંઈ સમજતો ન હોય તો કથાભાસ આગળ ચાલે છે. છેવટે છઠ્ઠી કક્ષામાં સભ્યો જાહેર કરે છે કે આ તો કુકથા છે અને બન્ને પક્ષને રોકે છે. ન્યાયપરિશુદ્ધિનો કર્તા વેંકટનાથ મશ્કરી કરે છે કે, સભ્યો હોય નહીં અથવા બુદ્ધિશાળી ન હોય તો દૈવ જ આ કથાનો અંત લાવી શકે અને બે બિલાડાં ઝઘડતાં હોય તેવો દેખાવ થઈ જાય. પત્રો દ્વારા પણ શાસ્ત્રાર્થ કરી શકાય. જૈન ગ્રંથોમાં આ પત્રોનું વિવેચન મળે છે. કેટલીક વાર કથામાં દલીલો લખવાનો પણ નિયમ હોય છે અને તેને માટે લેખકની વરણી કરવામાં આવે છે.

જાણીતી કથાઓ: કથાના કેટલાંક ઉદાહરણ સાહિત્યમાં નોંધાયેલા મળે છે. મહાભારતમાં જનકરાજા અને સુલભાની ચર્ચાનો ઉલ્લેખ છે. જનક પોતાના દરબારમાં ચિન્તકોને એકઠા કરી ચર્ચા કરાવતો એના પણ ઉલ્લેખો બૃહદારણ્યકઉપનિષદમાં છે. બૌદ્ધ નૈયાયિક દિઙ્નાગે પોતાના બધા વિરોધીઓને હરાવી દિગ્વિજય કર્યો હતો એમ કહેવાય છે. શંકરાચાર્ય, રામાનુજાચાર્ય, વલ્લભાચાર્ય, મધ્વાચાર્ય-આમ ઘણા આચાર્યો માટે એમ મનાય છે કે, તેઓ હિંદુસ્તાનમાં બધી જગ્યાએ ફરતા અને બીજા સંપ્રદાય કે મતના આચાર્યોને વાદમાં હરાવતા અને આ રીતે દિગ્વિજય કરતા. શંકર અને મંડનમિશ્ર વચ્ચે જે વાદ થયો તે પ્રસિદ્ધ છે. શંકર જ્ઞાનવાદી હતા જ્યારે મંડન કર્મકાણ્ડી હતા, એક સંન્યાસી અને બીજો ગૃહસ્થ. મંડનની પત્ની શારદાને અધ્યક્ષ કે સભ્ય તરીકે બેસાડી. નિર્ણય આપવા માટે કથાના નિયમોનું પાલન આ વાદમાં બરાબર જણાય છે. મોક્ષનાં સાધન, વેદના શબ્દો અને મન્ત્રોનો અર્થ વગેરે મુદ્દાઓ ઉપર ચર્ચા શરૂ થઈ અને દિવસો સુધી ચાલી. આવશ્યક કામે જ તેઓ ઊઠતા, બાકી આખો દિવસ ચર્ચા ચાલ્યા જ કરતી. શારદાને તો ઘરનું કામ પણ હોયને? તે કામ કરવા જતી ત્યારે ફૂલની માળા બન્ને વાદીના ગળામાં નાખીને જતી. જેની માળા કરમાઈ જાય તેનો પરાજય થયેલો જાણવો. દિવસો સુધી આ ચર્ચા ચાલી. તે પછી એક વાર શારદા તેમને જમવા બોલાવવા આવી ત્યાં મંડનની માળા કરમાયેલી જોઈ. પછી શારદાએ વાદ કરવાની ઈચ્છા બતાવી. શંકરાચાર્યની એક સ્ત્રી સાથે વાદ કરવાની ઈચ્છા નહોતી, પણ શારદાએ દલીલ કરી કે પોતાના મતનું સ્થાપન કરવું હોય તો બધા સાથે વાદ કરવો જોઈએ, સ્ત્રીઓ સાથે પણ. ભૂતકાળમાં યાજ્ઞવલ્ક્યમુનિએ ગાર્ગી સાથે વાદ કરેલો જ ને અને જનકે સુલભા સાથે! શંકર અને શારદાનો શાસ્ત્રાર્થ ૧૭ દિવસ ચાલ્યો. પછી શારદાએ કામશાસ્ત્ર સંબંધી પ્રશ્ન પૂછ્યો જેને માટે શંકરે એક મહિનાનો સમય માગ્યો. આ જ રીતે નીલકંઠ, ભાસ્કર વગેરે સાથે શંકરે શાસ્ત્રાર્થ કરેલો એવા ઘણા ઉલ્લેખો મળે છે. આમાં કશું ઐતિહાસિક સત્ય હોય કે નહીં–મોટે ભાગે નથી જ. પણ આ પરથી વાદ કે શાસ્ત્રાર્થનું ધાર્મિક, સામાજિક અને રાજકીય ક્ષેત્રે કેટલું મહત્ત્વ હતું તેનો ખ્યાલ આવી શકે છે. કેટલાક એવા ઉલ્લેખો મળે છે કે વાદમાં કોઈ એક સંપ્રદાય કે મતના આચાર્ય હારી ગયા તે પરથી તે સંપ્રદાયને રાજ્યની મદદ મળતી બંધ થઈ કે એ સંપ્રદાયના લોકોને રાજ્યમાંથી કાઢી મૂકયા.

યશશ્ચન્દ્રના મુદ્રિતકુમુદચન્દ્ર નાટકમાં શ્વેતાંબર આચાર્ય વાદી દેવસૂરિ અને દિગંબર આચાર્ય કુમુદચન્દ્ર વચ્ચે ગુજરાતના સિદ્ધરાજ જયસિંહની સભામાં વાદ થયો તેનું વર્ણન છે. રાજા પોતે સભાપતિ હતો અને તેને મદદ કરવા ચાર સભ્યો હતા. મહર્ષિ (તર્ક, ઈતિહાસ અને સ્મૃતિના જાણકાર), ઉત્સાદ (કાશ્મીરના વૈયાકરણ), સાગર અને રામ, જે બધા વિદ્વાન અને કુશલ વાદી હતા. દેવસૂરિને પક્ષે રાજકવિ શ્રીપાલ અને ભાભૂ હતા અને કુમુદચન્દ્રને પક્ષે ત્રણ સભ્યો હતા. કુમુદચન્દ્રની વાદી તરીકે અને દેવસૂરિની પ્રતિવાદી તરીકે ઘોષણા થઈ અને વિષય હતો સ્ત્રીઓને મોક્ષ મળે કે નહીં. કુમુદચન્દ્રે પોતાનો પક્ષ રજુ કર્યો - સ્ત્રીને મોક્ષ મળે નહીં. પ્રતિવાદી તરીકે દેવસૂરિને બેવડું કામ હતું - કુમુદચન્દ્રની દલીલનું ખંડન અને પોતાના મતનું સ્થાપન. દેવસૂરિએ કુમુદચન્દ્રની દલીલનું ખંડન કરી પોતાના મતનું સમર્થન કર્યું કે સ્ત્રીઓ મોક્ષ પ્રાપ્ત કરી શકે. કુમુદચન્દ્રે દેવસૂરિ પાસે તેની દલીલો ફરી બે વાર બોલાવી અને છતાં પણ સમજ્યા વિના જ તે દલીલનું ખંડન કર્યું (ચોથી વાર બોલાવી શકે નહિ, નહીં તો અજ્ઞાન નિગ્રહસ્થાન તેની વિરુદ્ધ પ્રયોજાય). દેવસૂરિએ સ્પષ્ટ કહી દીધું કે કુમુદચન્દ્ર દલીલ સમજ્યો નથી. સામાન્ય રીતે ખંડન કરતી વખતે સામા માણસની દલીલનું અનુભાષણ કરવું પડે છે, પણ જો એ જાતિ કોટિની દલીલ હોય તો અનુભાષણ કરવાનું હોતું નથી, માત્ર દોષ બતાવી દેવાનો હોય છે. આ પરથી સભ્યોએ દેવસૂરિની કુશળતા અને સૂક્ષ્મ સમજની કદર કરી કે કુમુદચન્દ્રની જાતિનું વિવેકપૂર્વક તેણે અનુભાષણ કર્યું નહીં. પછી કુમુદચન્દ્રે એવી માગણી કરી કે દેવસૂરિનું ન્યાયવાક્ય લખાવું જોઈએ. આ પરથી બધા સમજી

ગયા કે કુમુદચન્દ્રનો જ પરાજય છે, છતાં તેને સંતોષવા તેવી પરવાનગી આપી. કુમુદચન્દ્રના પક્ષના સભ્યે એ લખ્યું. તે બરાબર વાંચીને કુમુદચન્દ્રે તેનું ખંડન કર્યું. દેવસૂરિએ આ દૂષણનો પરિહાર કરી પોતાના મતની સ્થાપના કરી, પણ એમ કરતાં 'કોટાકોટિ' શબ્દ વાપર્યો. કુમુદચન્દ્રે વાંધો લીધો કે તે વ્યાકરણની દૃષ્ટિએ અશુદ્ધ છે. ઉત્સાદ–રાજાના પક્ષનો વૈયાકરણ સભ્ય - તેણે વચ્ચે પડી સમજાવ્યું કે, 'કોટાકોટિ,' 'કોટિકોટિ' અને 'કોટીકોટિ' ત્રણે પ્રયોગ બરાબર છે અને 'કોટાકોટિ' શબ્દ શાસ્ત્રમાં વપરાયેલ છે તે બતાવ્યું. કુમુદચન્દ્રે દેવસૂરિની દલીલનું અનુભાષણ કરવાનો નિર્માલ્ય પ્રયત્ન કર્યો અને તેનું ખંડન કર્યું. દેવસૂરિએ મશ્કરી કરી કે મારી દલીલના દસમા ભાગનું પણ અનુભાષણ થયું નથી તો પછી ખંડનનો તો પ્રશ્ન જ ક્યાં છે. દેવસૂરિએ કુમુદચન્દ્રની દલીલનું અનુભાષણ કરી ખંડન કર્યું. આ પછી રાજાએ ઘણું કહ્યું છતાં કુમુદચન્દ્રે કશું આગળ કહ્યું નહીં. રાજાએ કુમુદચન્દ્રના પરાજય અને દેવસૂરિના જયની જાહેરાત કરી. આ ચર્ચા સોળ દિવસ ચાલી હતી એમ પ્રભાવકચરિતમાં કહ્યું છે. આ બનાવ પછી ગુજરાતમાં શ્વેતાંબર જૈનોનો ઉદય થયો અને દિગંબરોની પડતી થઈ.

પ્રભાવક ચરિતમાં આવા કેટલાક વાદી અને વાદોના ઉલ્લેખ અને વર્ણન છે. દેવસૂરિ તો વાદિ દેવસૂરિ જ કહેવાય છે. એ જ રીતે મલ્લવાદી, વૃદ્ધવાદી, વગેરે નામો જાણીતા છે. આ થોડાંક ઉદાહરણ પરથી જોઈ શકાય છે કે વાદ કે શાસ્ત્રાર્થ એટલા પ્રચલિત હતા કે પ્રતિષ્ઠાનો વિષય બની ગયેલા ભારતમાં સાંપ્રદાયિક મતભેદો, જ્ઞાતિના મતભેદો વગેરેનો આમ શાસ્ત્રાર્થથી જ નિર્ણય હજુ પણ લાવવામાં આવે છે. લગભગ દરેક વાદી માટે પ્રભાવકચરિતમાં જણાવેલું છે કે તે ન્યાય, વ્યાકરણશાસ્ત્ર અને સાહિત્યનો સારો અભ્યાસી હતો. વેદકાળથી વાક્રોવાક્ય અભ્યાસનો વિષય હતો અને વાદ કે શાસ્ત્રાર્થ માટે પ્રમાણ, તર્ક, હેત્વાભાસ વગેરેનું તથા પ્રમેયોનું જ્ઞાન તદ્દન આવશ્યક હોવાથી વાદી દર્શન વગેરે શાસ્ત્રમાં કુશલ હોવો જોઈએ. લગભગ પ્રત્યેક વિદ્યામાં પ્રમાણનું વિવેચન મળે છે અને આપણે ચરકસંહિતાને વિષે જોયું તેમ વાદ અંગે ઉપદેશ પણ મળે છે: મોટા ભાગના ગ્રંથો વાદના સ્વરૂપમાં લખાયેલા છે. કોઈ પણ અધિકરણમાં પહેલા વિષયની રજુઆત પછી વિષય અર્થાત્ સંશય કેવી રીતે ઉપસ્થિત થાય તે બતાવ્યું હોય છે. તે પછી પૂર્વપક્ષ, ઉત્તરપક્ષ અને નિર્ણય આપવામાં આવે છે. આમ પ્રત્યેક અધિકરણ વાદનું સ્વરૂપ ધારણ કરે છે. શક્ય છે કે ગ્રંથોમાં શાસ્ત્રાર્થ મળે છે તેમાં ઘણો ફાળો ચર્ચા કે વાદ થતા તેનો છે, અને આ શાસ્ત્રાર્થ પછીના વાદો માટે ચાવી રૂપ બનતો. ખંડન-મંડનની પદ્ધતિ દ્વારા વિષયમાં વિશદતા અને સૂક્ષ્મતા આવતી જાય છે, અને આ વાદ દ્વારા સહિષ્ણુતા, બીજાને સમજવાની શક્તિ અને પોતાના વિષયનો પરિપાક થાય છે. ભારતીયો તાર્કિકતામાં કોઈ પણ પ્રજાથી પાછળ પડે તેમ નથી એની ખાતરી કોઈ એક સારા ગ્રંથનો શાસ્ત્રાર્થ જોતાં થાય છે. જ્ઞાન અને તેની શક્યતાની પરીક્ષા કરવાનું પણ ભારતીયો ન ચૂકયા અને એવો પણ મત દર્શાવ્યો કે કોઈ પણ પ્રમાણ સાચું જ્ઞાન આપવા અસમર્થ છે. આની સામે વળી (Theories of Truth) પ્રામાણ્યવાદના સિદ્ધાન્ત મીમાંસક વગેરેએ સ્થાપ્યા. આમ પ્રત્યેક શાસ્ત્ર કે વિદ્યાના વિકાસનો આધાર ભારતમાં મોટે ભાગે તર્ક ઉપર રહ્યો છે. પ્રાચીન ગ્રંથો જોતાં ભારતીઓની તાર્કિકતા માટે માન થયા વિના રહેતું નથી.

સમાપ્ત

ડૉ. એસ્તેર સોલોમન

## વિષયસૂચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| "QUo vadis?"–"તું ક્યાં જઈ રહ્યો છે?" | લે. એ. જે. ક્રોનીન | ૭૩ |
| ભારતીઓની તાર્કિકતા–૩ | ડા. એસ્તેર સોલોમન | ૭૫ |
| પ્રકીર્ણ નોંધ: સર્વોદયવાદી શ્રી જયપ્રકાશ નારાયણને હાર્દિક અભિનંદન, રણજિતરામ પારિતોષિક માટે શ્રી મનુભાઈ પંચોળીની પસંદગી, સ્વામી રંગનાથાનંદ, પ્રવ્રાજિકા આત્મપ્રાણા. | પરમાનંદ | ૭૫ |
| આનું નામ ખરી ક્ષમાયાચના: આનું નામ સાચું સમાધિમરણ! | પરમાનંદ | ૮૦ |
| 'કચ્છડો બારે માસ!' | નાનાલાલ વસા | ૮૩ |


## સંઘની પ્રવૃત્તિઓમાં રસ ધરાવતા ભાઇ–બહેનો જોગ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની મુખ્ય પ્રવૃત્તિઓ નીચે મુજબ છે.

(૧) દર વર્ષે યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળા.

(૨) દર પખવાડિએ પ્રગટ થતું પ્રબુદ્ધ જીવન.

(૩) શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય.

(૪) નાત-જાતના ભેદ વિના આપાતી વૈદ્યકીય રાહત.

આ ઉપરાંત સંઘ તરફથી અવારનવાર જાહેરવ્યાખ્યાનો ગોઠવવામાં આવે છે તથા સાંસ્કૃતિક પર્યટનો યોજવામાં આવે છે.

આ દરેક પ્રવૃત્તિથી આપ સારી રીતે માહિતગાર છો. તેની ઉપયોગીતા વિષે કશું વિશેષ લખવાની જરૂર નથી. પર્યુષણ વ્યાખ્યાનમાળાની લોકપ્રિયતા પ્રતિ વર્ષ વધતી જાય છે અને તે પાછળ રૂા. ૧૫૦૦ થી ૨૦૦૦ નો ખર્ચ થાય છે. પ્રબુદ્ધજીવને ગુજરાતી ભાષાભાષી પ્રજાજનોમાં ગૌરવપૂર્ણ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે અને ગુજરાતી સામયિકોમાં એક નીડર ચિંતનશીલ પત્ર તરીકે તેણે આનોખું સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેને નભાવવા પાછળ રૂા. ૩૫૦૦ થી ૪૦૦૦ ની પુરવણી કરવી પડે છે. સંસ્થા તરફથી ચાલતા શ્રી મણિલાલ મોકમચંદ શાહ વાચનાલય અને પુસ્તકાલયનો લોકો ઘણી સારી સંખ્યામાં લાભ લે છે. તેનું સંચાલન આશરે રૂા. ૩૦૦૦ ની અપેક્ષા રાખે છે. વૈદ્યકીય રાહતની પ્રવૃત્તિ ફંડના અભાવે અમુક મર્યાદામાં ચલાવવી પડે છે એમ છતાં તે પાછળ પણ આશરે રૂા. ૧૫૦૦ નો ખર્ચ થાય છે. દિન-પ્રતિદિન મોંઘવારી વધતી જાય છે, દરેક ચીજ-વસ્તુના ભાવ ઊંચે ચડતા જાય છે, સંસ્થાના કર્મચારીઓને આપાતા ચાલુ વેતનમાં પણ સમયાનુરૂપ વધારો કરવો પડે છે, કાગળ તથા છપામણીના દર પણ વધતા જ જાય છે. આમ વિકટ બનતી જતી આર્થિક પરિસ્થિતિને પહોંચીવળવા માટે અને સંઘની ચાલુ પ્રવૃત્તિઓને ટકાવવા તથા વિકસાવવા માટે સંઘને સારા પ્રમાણમાં આર્થિંસિંચનની જરૂર રહે છે. આ વખતે અમારી માગણી રૂા. ૧૫૦૦૦ ની છે. તે પૂરી કરવા સંઘની પ્રવૃત્તિઓમાં રસ ધરાવતા, પ્રબુદ્ધ જીવનને રસથી વાંચતા તેમ જ વંચાવતા અને પર્યુષણ વ્યાખ્યાનમાળામાં ભાગ લેતાં ભાઈ-બહેનોને અમારી નમ્ર પ્રાર્થના છે. આપ સંઘના ફાળામાં યોગ્ય લાગે તે રકમ આપી શકો છો અથવા તો સંઘની અમુક પ્રવૃત્તિ માટે અંકિત કરીને પણ યથાશક્તિ રકમ આપી શકો છો. અમે આશા રાખીએ છીએ કે આપને યોગ્ય લાગે તે રીતે અને આપનાથી શક્ય હોય તેટલી વધુ રકમ આપીને અમારી આ માગણીને – આમારા આ વખતના લક્ષ્યાંકને-પહોંચીવળવામાં મદદ કરશો અને એ રીતે અમારા આ પવિત્ર કાર્યમાં પ્રોત્સાહિત કરશો.

આપના

રમણિકલાલ મ. શાહ, ચીમનલાલ જે. શાહ } મંત્રીઓ

ચીમનલાલ ચ. શાહ–પ્રમુખ
પરમાનંદ કું. કાપડિયા-ઉપપ્રમુખ

રતિલાલ ચીમનલાલ કોઠારી–કોષાધ્યક્ષ

## સંઘના સભ્યોને અનુરોધ

સંઘનું નવું વર્ષ શરૂ થયાને આઠ મહિના થવા આવ્યા એમ છતાં આપમાંના ઘણા ખરાનું વાર્ષિક લવાજમ રૂા. ૫.૦૦ હજુ સુધી વસૂલ થયું નથી. ઘણા સભ્યો પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન પોતાનાં લવાજમો ભરે છે તો આ અઠવાડિયા બાદ, આઠ દિવસની પર્યુષણ વ્યાખ્યાનમાળા શરૂ થશે એ દરમિયાન જેણે જેણે હજુ વાર્ષિક લવાજમ ભર્યું ન હોય તેમને પોતાનું લવાજમ યાદ રાખીને ભરી દેવા અને એ રીતે અમારા વહિવટને અનુકૂળતા કરી આપવા આગ્રહપૂર્વક અનુરોધ છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

# પ્રકીર્ણ નોંધ

**સર્વોદયવાદી શ્રી જયપ્રકાશ નારાયણને હાર્દિક અભિનંદન**

સર્વોદયવાદી નેતા શ્રી જયપ્રકાશ નારાયણને તેમની જાહેર સેવાઓ માટે આ વર્ષનું રેમોન મેગસાયસે (Ramon Magsaysay) પારિતોષિક જે આશરે રૂા. ૧૦૦૦૦નું હોય છે તે આપવાનો તેને લગતા એવૉર્ડ ફાઉન્ડેશને નિર્ણય કર્યો છે. આવી તાજેતરમાં કરવામાં આવેલી જાહેરાતથી આપણા ભારતવાસી સૌ કોઈને આનંદ થાય એ સ્વાભાવિક છે. આવું જ પારિતોષિક ગયા વર્ષે કે તે આગળના વર્ષે પૂજ્ય વિનોબાજીને અર્પણ કરવામાં આવ્યું હતું. આ પારિતોષિક શ્રી જયપ્રકાશ નારાયણની આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે થઈ રહેલી કદરનું દ્યોતક છે. આ માટે આપણા સર્વના તેમને હાર્દિક અભિનંદન ઘટે છે.

આવું પારિતોષિક અમુક વ્યકિતને શા માટે આપવામાં આવે છે તેનાં કારણો દર્શાવતો એક પ્રશસ્તી લેખ–અંગ્રેજીમાં તેને Citation કહેવામાં આવે છે તે–આવા પારિતોષિક સાથે જોડવામાં આવે છે અને છાપાઓમાં પ્રગટ કરવામાં આવે છે. શ્રી જયપ્રકાશ નારાયણને લગતા એવૉર્ડ ફાઉન્ડેશનના પ્રશસ્તી લેખમાં જણાવવામાં આવ્યું છે કે "આધુનિક ભારતના સંદર્ભમાં લોકોના દિલમાં રહેલા ઉચ્ચ ભાવોને વિધાયક રીતે અને મુકતપણે વ્યકત કરવા માટે તેમને આ પારિતોષિક આપવાનો નિર્ણય ભરવામાં આવ્યો છે. સ્વતંત્રતા, રાષ્ટ્રવાદ કે સમાજવાદ જેવાં શબ્દરૂપો સ્વત; માનવીના પાયાની જરૂરિયાતોને યથાસ્વરૂપે રજૂ કરતાં નથી એમ સ્પષ્ટ રૂપે સમજવાની તેમ જ જાહેરમાં કહેવાની શ્રી જયપ્રકાશ નારાયણે હિંમત દાખવી છે. જ્યારથી અમલદારશાહી, અતિશયતાભર્યું કેન્દ્રીકરણ અને મૂળ હેતુની વિકૃત રજૂઆતના ઓઠા નીચે અથવા તો અન્ય પ્રકારે આ શબ્દરૂપોએ લોકો ઉપર સત્તાધીશોનો કાબૂ ટકાવવા માટે જુલ્મી વૃત્તિનો સાથ લેવા માંડયો છે ત્યારથી આ શબ્દરૂપોની કીંમત ઘટી ગઈ છે. આને બદલે શ્રી જયપ્રકાશ નારાયણ વ્યકિતનો, તેની સ્વતંત્રતા માટેની ઝંખનાનો અને તેની અપેક્ષાઓને પહોંચી વળવાની જરૂરિયાતનો સૌથી પ્રથમ વિચાર કરે છે."

ઍવૉર્ડ ફાઉન્ડેશન વિશેષમાં જણાવે છે કે "પંચાયત રાજ્ય મારફત, ભારતના ગ્રામવાસીજનો તેમના દૈનિક જીવન સાથે સંબંધ ધરાવતા નિર્ણયો ઉપર અર્થપૂર્ણ નિયંત્રણ કરવાની સ્થિતિને પુન: પ્રાપ્ત કરે એવું લક્ષ જયપ્રકાશજી ધરાવે છે. સર્વોદયનું આંદોલન તેમનું મુખ્ય સાધન છે. તેના પ્રમુખ તરીકે તેમણે ગ્રામીણ પ્રદેશોમાં આ ક્રાંતિકારી વિચારોનો ફેલાવો કરવા માટે ૧૦,૦૦૦ સ્વયંસેવકો એકઠા કર્યા છે. આ સ્વયંસેવકો ભૂદાન દ્વારા ગ્રામવાસી જનતામાં આ વિચારોનો પ્રચાર કરે છે અને તેમને સંગઠિત કરે છે."

પ્રસ્તુત પ્રશસ્તીલેખ મહાત્મા ગાંધીના અહિંસાને લગતા વિચારને નવી પ્રસ્તુતતા અર્પણ કરવાનો યશ શ્રી જયપ્રકાશ નારાયણને આપે છે. તેમણે કાશ્મીરના પ્રશ્ન અંગે તેમ જ સત્તાધીશો અને નાગાલેન્ડના બળવાખોરો સાથે વાટાઘાટો ચલાવવા અંગે નવી મૈત્રી ભરી સમજુતિની ભૂમિકા ઊભી કરી છે. એ બાબતની આ પ્રશસ્તીલેખમાં ખાસ નોંધ લેવામાં આવી છે.

આ પ્રશસ્તીલેખમાં એ પણ જણાવવામાં આવ્યું છે કે "ચીની સામ્યવાદી તંત્રે ટીબેટવાસીઓ ઉપર પોતાનું શાસન બળજોરીથી લાદ્યું તેનો પ્રતિકાર કરતા ટીબેટવાસીઓનો જયપ્રકાશ નારાયણે પક્ષ લીધો હતો અને પોતાના દેશવાસીઓને આ બાબત અંગે સચેત કરનાર જયપ્રકાશજી પ્રથમ હતા."

વિશેષમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે "જો કે જયપ્રકાશજી સમાજવાદી પક્ષના ધડવૈયા હતા અને સ્વતંત્ર બનેલી ભારતની પ્રજાની આગળ પડતી આગેવાનીનો તેમને વારસો મળ્યો હતો, એમ છતાં પણ તેમણે આજથી દશ વર્ષ પહેલાં 'Dialectical Materialism' – તાર્કિક ભૌતિકવાદનો–અને સત્તાના રાજકારણનો એ હેતુ માટે ત્યાગ કર્યો છે કે જેનો સામનો કરવાને બીજા અનેક આગેવાનો તૈયાર નહોતા તેવી ભારતની કટોકટીની સમસ્યાઓ અંગે પોતાના દેશવાસીઓને સાચું માર્ગદર્શન આપવાની કડવી, વધારે કઠણ અને કશા પણ વળતર વિનાની ફરજ પોતે મુકતપણે બજાવી શકે."

આ ઉપર તા. ૭-૮-'૬૫ના ટાઈમ્સ ઑફ ઈન્ડિયાની તંત્રીનોંધમાં યથોચિત જણાવવામાં આવ્યું છે કે, "જાહેર સેવાઓ માટે આ રેમોન મેગસોયસે એવૉર્ડ મેળવનાર શ્રી જયપ્રકાશ નારાયણ ઉચ્ચ કોટિના અનેક ગુણો ધરાવે છે. એના પ્રશસ્તી લેખમાં–સાઈટેશનમાં–જણાવવામાં આવ્યું છે તે મુજબ લોકોના અંત:કરણમાં રહેલા ઉચ્ચ વિચારો અને ભાવનાઓને વિધાયક રીતે અભિવ્યકત કરવાનો તેમનો ગુણ એટલે કે સાદી ભાષામાં કહીએ તો તેમની ઉચ્ચ કોટિની નૈતિક હિંમત આ ગુણોમાં મુખ્ય છે. શ્રી જયપ્રકાશ નારાયણે નાના કે મોટા, રાજકીય, આર્થિક કે સામાજિક સંઘર્ષો અને વિવાદો વચ્ચે જ પોતાનું જીવન વીતાવ્યું છે. જો તેમણે ચાલુ પરંપરા સાથે વધારે પ્રમાણમાં મેળ બેસાડીને અને ઓછા સિદ્ધાંતવાદી બનીને ચાલવાનું પસંદ કર્યું હોત તો તેઓ ઠીક પ્રમાણમાં લોકપ્રિય બની શકયા હોત. પણ તેઓ હંમેશાં આવા પ્રલોભનોથી પર બનીને ચાલતા હોવાનું માલુમ પડયું છે. શ્રી જયપ્રકાશ નારાયણનું આ રીતે સન્માન કરીને મેગસાયસે ફાઉન્ડેશને એવી એક જાહેર જીવનને વરેલી વ્યકિતની પસંદગી કરી છે કે જે આજના લોકશાસિત સમાજમાં ચાલુ અભિપ્રાયથી જુદાં પડવાની–જુદા રાહે ચાલવાની–વૃત્તિને પૂરી હિંમત અને નીડરતાપૂર્વક અપનાવી રહેલ છે.

"શ્રી જયપ્રકાશ નારાયણના અનુભવ ઉપરથી માલુમ પડે છે તે મુજબ, જાહેર રીતે પ્રગટપણે અલગ મત રજૂ કરનાર વ્યકિતને કોઈ સાથ આપતું નથી, એમ છતાં પણ આડકતરી રીતે અને ધીમે ધીમે તેવી વ્યકિતની લોકો ઉપર અસર પડયા વિના રહેતી જ નથી. આજ સુધીનાં વર્ષો દરમિયાન દેશ સામે ઊભા થયેલા લગભગ બધા મુદ્દાઓ ઉપર શ્રી જયપ્રકાશ નારાયણ હંમેશાં લઘુમતીમાં રહ્યા છે. ખાસ કરીને કાશ્મીર અને નાગા લોકોના સવાલો અંગેની તેમની વિચારણા વિવાદાસ્પદ બની છે. તેમનાં ટીકાકારો કહી શકે તેમ છે કે તેમના ઉકેલો વધારે પડતા આદર્શવાદી હોવાના કારણે અવ્યવહારુ જેવા હોય છે. આ કદાચ ખરૂં હોય, આમ છતાં પણ તેઓ એકલા પંડે જે પ્રકારનો વિરોધ દાખવીને વહેતા પુર સામે ઝુઝી રહ્યા છે તે સિવાય તેમ જ અન્યની ત્રુટીઓ સામે તૂટી પડવામાં તેમને જે મઝા આવે છે તે સિવાય ભારતનું રાજકારણ જરૂર poorer – વધારે મંદતા દાખવતું–બન્યું હોત."

આ નોંધમાં શ્રી જયપ્રકાશ નારાયણ અંગે વિશેષ ઉમેરવા જેવું રહેતું નથી. તેમના અમુક અભિપ્રાયો કે વલણો સાથે આપણે મળતા ન થઈએ, પણ તેમની integrity–સત્યનિષ્ઠા–અને નિડરતા માટે આપણા દિલમાં ઊંડા આદર સિવાય બીજો કોઈ ભાવ સંભવે નહિ.

**રણજિતરામ પારિતોષિક માટે શ્રી મનુભાઈ પંચોળીની પસંદગી**

આ વર્ષના રણજિતરાય પારિતોષિક માટે શ્રી મનુભાઈની પસંદગી કરવામાં આવી છે. આ પસંદગી યથોચિત છે અને આ માટે શ્રી મનુભાઈ પંચોળીને ધન્યવાદ ઘટે છે. સ્વ. નાનાભાઈના અવસાન બાદ સણોસરાની લોકભારતીના સંચાલનની સમગ્ર જવાબદારી તેમના માથે આવી છે અને એ જવાબદારીનું તેઓ કુશળતાપૂર્વક સંચાલન કરી રહ્યા છે. જેને આજે આપણી ઉચ્ચ શિક્ષણ કહીએ છીએ તેવા ઉચ્ચ શિક્ષણનો લાભ તેમને મળ્યો નથી, એમ છતાં તેમની જે ઊંડી સૂઝ છે તે વડે તેમ જ વર્ષોની જ્ઞાનોપાસના વડે આજના સંસ્કાર–

સ્વામીઓમાં તેઓ અગ્રસ્થાને છે. તેઓ કેળવણીકાર તો છે જ, પણ એ ઉપરાંત સફળ નવલકથાકાર, સાહિત્યકાર, અને વિવેચક છે. સ્વતંત્ર તેમનું ચિંતન છે અને ગાંધી વિચારના તેઓ પ્રખર અભ્યાસી છે. આપણા ગુજરાતના તેઓ એક વ્યક્તિ – વિશેષ છે. આવી વ્યક્તિનું આમ બહુમાન થાય એ સર્વ પ્રકારે આનંદજનક ઘટના છે.

**સ્વામી રંગનાથાનંદ**

આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ આ અંકમાં અન્યત્ર પ્રગટ કરવામાં આવ્યો છે. તેમાં જણાવેલા વ્યાખ્યાતાઓમાંથી બે વ્યાખ્યાતાઓ : સ્વામી રંગનાથાનંદ અને પ્રવ્રાજિકા આત્મપ્રાણા આપણી વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાન આપવા માટે પહેલી જ વાર આવતા હોવાથી તેમ જ આપણામાંના ઘણા તેમના વિશિષ્ટ વ્યક્તિત્વથી અપરિચિત હોવાથી તેમનો પરિચય અહિં આપવો જરૂરી લાગે છે. આ બન્ને વ્યક્તિઓ રામકૃષ્ણ મીશન સાથે જોડાયલી છે, અને હાલ બન્ને કલકત્તા ખાતે આવેલી રામકૃષ્ણ મીશન સાથે જોડાયલી સંસ્થાઓમાં રહે છે. બન્ને સંન્યાસી છે. તેમાંથી સ્વામીજીનો વિગતવાર પરિચય નીચે મુજબ છે :

સ્વામી રંગનાથાનંદનો જન્મ ઈ. સ. ૧૯૦૮ના ડિસેમ્બર માસની ૧૫મી તારીખે કેરલ દેશમાં આવેલા કોઈ એક ગામડામાં થયો હતો. તેઓ ૧૯૨૬ની સાલમાં રામકૃષ્ણ મીશનની માઈસોરમાં આવેલી શાખામાં જોડાયા હતા. રામકૃષ્ણ મઠના બીજા પ્રમુખ અને શ્રી રામકૃષ્ણના શિષ્ય સ્વ. સ્વામી શિવાનંદની પાસે તેમણે ૧૯૩૩ની સાલમાં સંન્યાસની દીક્ષા ગ્રહણ કરી હતી, અને સંન્યાસી તરીકેનાં પહેલાં નવ વર્ષ તેમણે રામકૃષ્ણ મઠની માઈસોરની શાખાઓમાં ગાળ્યાં હતાં અને આશ્રમમાં ભણતા વિદ્યાર્થીઓના નિયામક તરીકે કામ કર્યું હતું. ત્યાર બાદ બર્મા– રંગુનની રામકૃષ્ણ મીશન સોસાયટીના મંત્રી તરીકે તેમણે ૧૯૩૯ના જુલાઈ માસથી ૧૯૪૨ના ફેબ્રુઆરી માસ સુધી કામ કર્યું હતું. અને ત્યાર બાદ ૧૯૪૮ના ઑગસ્ટ માસ સુધી તેમણે કરાંચી શાખાના પ્રમુખ તરીકે સેવા બજાવી હતી. કરાંચીના તેમના નિવાસ દરમિયાન બંગાળના દુષ્કાળગ્રસ્ત લોકોને રાહત આપવા માટે કરાંચીથી ૪૦૦૦૦ મણ ચોખા મોકલવાની તેમણે વ્યવસ્થા કરી હતી અને કેરલ, બિહાર તથા પશ્ચિમ બંગાળના લોકોને વૈદ્યકીય રાહત મળે તે માટે મોટા પ્રમાણમાં આર્થિક મદદ પણ તે તે પ્રાંતના કાર્યકર્તાઓને પહોંચાડી હતી.

૧૯૪૯ના ઓકટોબરથી ૧૯૬૨ના એપ્રિલ સુધી તેમણે નવી દિલ્હીની શાખાના મંત્રી તરીકેની જવાબદારી સંભાળી હતી. અહીંના તેમના લાંબા નિવાસ દરમિયાન લોકોની તેમણે અનેકવિધ સેવાએ કરી હતી અને સાંસ્કૃતિક તેમ જ અધ્યાત્મિક વિષયો ઉપર પ્રવચનવર્ગો ચલાવ્યા હતા. તેમના ત્યાંના નિવાસ દરમિયાન સાડા ત્રણ લાખના ખર્ચે જેવું બેલુર મઠમાં છે તેને મળતું એક અતિ ભવ્ય મંદિર તેમણે બંધાવ્યું હતું અને તેમાં સ્વામી રામકૃષ્ણ પરમહંસની મૂર્તિની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી અને તે મંદિરનું ઉદ્‌ઘાટન ૧૯૫૭ની સાલમાં રાષ્ટ્રપતિ રાધાકૃષ્ણન્‌ના હાથે કરવામાં આવ્યું હતું. દિલ્હીના તેમના ચિરનિવાસ દરમિયાન આ તેમનું સૌથી મહત્ત્વનું કાર્ય હતું.

તેઓ બેલુર મઠના બોર્ડ ઓફ ટ્રસ્ટના તેમ જ રામકૃષ્ણ મીશનની ગવર્નીંગ બોડીના એક સભ્ય છે. તદુપરાન્ત યુનેસ્કો સાથે જોડાયેલા 'ઈન્ડિયન નેશનલ કમિશન ફોર કોઓપરેશન'ના, મદ્યનિષેધને લગતી ભારતની નેશનલ કમિટીના, તથા નવી દિલ્હીમાં આવેલા ઈન્ડિયા ઈન્ટરનેશનલ સેન્ટરના તેઓ સભ્ય છે. અંગ્રેજી ઉપરાંત મલયાલમ્, બંગાળી, હિન્દી, કન્નડ તથા તામીલ–આટલી ભાષાઓ તેઓ જાણે છે. તેમણે છેલ્લા બાર વર્ષ દરમિયાન ભારતભરમાં તેમ જ સીલોન તથા બર્મામાં અનેક પ્રવચનપ્રવાસો ખેડ્યા છે. એશિયાના દક્ષિણપૂર્વ દેશોમાં પણ પ્રવચન નિમિત્તે તેઓ સારા પ્રમાણમાં ફરી આવ્યા છે, તેમ જ યુરોપના ઘણા દેશોમાં પણ તેઓ તે જ હેતુથી વિચર્યા છે.

તેમનાં પ્રવચનોનો એક વિપુલ સંગ્રહ અદ્વૈત આશ્રમ તરફથી પ્રગટ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત બીજાં પણ તેમનાં લખેલાં અનેક પુસ્તકો દા. ત. 'The Christ We Adore' 'Bhagwan Buddha and our Heritage', The Ramakrishna Mission, Its Ideals and Activities', 'Swami Vivekanand: His Life and Mission,' 'The Essence of Indian Culture' વગેરે પ્રગટ થયાં છે.

૧૯૬૨ના એપ્રિલ માસથી તેઓ કલકત્તાના રામકૃષ્ણ મીશન ઈન્સ્ટીટ્યુટના મંત્રી તરીકેની જવાબદારી વહન કરે છે અને ધાર્મિક, સાંસ્કૃતિક, તથા આધ્યાત્મિક એવી સંખ્યાબંધ પ્રવૃત્તિઓનું તેઓ સંચાલન કરી રહ્યા છે. તેઓ હવે કોઈ એક વ્યકિત નથી રહ્યા; તેઓ સ્વત : એક સંસ્થારૂપ બન્યા છે. રામકૃષ્ણ મીશનના તેઓ સૌથી વધારે પ્રભાવશાળી સંન્યાસી છે અને તેમનું વકતૃત્વ અજોડ અને અદ્‌ભુત લેખાય છે. અનેક ઉજળા પાસા ધરાવતા તેમના સમર્થ વ્યકિતત્વનો આ ટુંકો સાર છે. તેમનું વ્યાખ્યાન અંગ્રેજીમાં હશે.

**પ્રવ્રાજિકા આત્મપ્રાણા**

પ્રવ્રાજિકા આત્મપ્રાણાના પૂર્વાશ્રમનું નામ કુમારી કલ્પલતા મુનશી છે. તેઓ આપણા સર્વના અત્યંત અદરપાત્ર શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશીનાં પુત્રી થાય. તેમનો જન્મ ૧૯૨૨ના નવેમ્બર માસમાં થયો હતો. તેમણે ઉચ્ચ શિક્ષણ મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં પ્રાપ્ત કર્યું હતું. ૧૯૪૨ ની 'ક્વીટ ઈન્ડિયા' ની લડતમાં તેમણે ભાગ લીધેલો અને છ માસનો જેલવાસ ભોગવેલો. અનુક્રમે તેઓ બી. એ. થયા, એમ. એ. થયા અને ૧૯૫૨ની સાલમાં તેમણે પી એચ. ડી. ની પદવી પ્રાપ્ત કરી અને તે દરમિયાન બે વર્ષ ભવન્સ કૉલેજમાં સંસ્કૃતના અધ્યાપિકા તરીકે કામ કર્યું હતું. આમ એક વિદ્યાર્થી તરીકેની તેમની કારકીર્દિ એકસરખી ઉજળી હતી. તેઓ મુંબઈમાં હતા એ દરમિયાન મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા યોજાતી પર્યુષણ વ્યાખ્યાન માળામાં સ્વામી રામકૃષ્ણ પરમહંસ ઉપર વ્યાખ્યાન આપવા માટે આવેલાં એનું આજે પણ મને પાકું સ્મરણ છે.

આમ ઐશ્વર્યભર્યું ભૌતિક જીવન તેમની સામે હતું. ભોગ-વૈભવમાં તેઓ ઉછર્યા હતાં. સામાન્ય દૃષ્ટિએ વિચારતાં તેમને કોઈ બાબતની કમીના નહોતી. એમ છતાં સંસાર વિષે તેમનામાં વિરકિત પેદા થઈ; રામકૃષ્ણ પરમહંસના જીવનથી તેઓ અત્યંત પ્રભાવિત બન્યાં અને રામકૃષ્ણ મીશનવાળા તેમનો સ્વીકાર કરે તો તે આશ્રમમાં જોડાવું અને સંન્યાસિની બનવું એવો તેમના દિલમાં મનોરથ પેદા થયો અને આ મનોરથ–આ વિચાર–તેમણે રામકૃષ્ણ મીશનના સંચાલક મંડળ સમક્ષ રજુ કર્યો. ૧૯૫૨થી તેઓ શ્રી રામકૃષ્ણ સંઘમાં એક dedicated worker–એક સમર્પિત કાર્યકર–તરીકે જોડાયલાં હતા.

એ સમય સુધી રામકૃષ્ણ મીશનમાં સંન્યાસિની માટે કોઈ જોગવાઈ નહોતી. કુમારી કલ્પલતાબહેનની તેમ જ બીજી કેટલીક બહેનોની અરજી ધ્યાનમાં લઈને તેમ જ સ્વામી વિવેકાનંદે આ અંગે આપેલા માર્ગદર્શનને અનુસરીને રામકૃષ્ણ મીશનના સંચાલક મંડળે સંન્યાસિનીઓ માટે મઠ ઉભો કરવાનો નિર્ણય કર્યો અને સ્વામી વિવેકાનંદના આદર્શો અને યોજના પ્રમાણે શ્રી-શારદામણિના જન્મ-શતાબ્દિના વર્ષમાં એટલે કે ૧૯૫૪ માં સ્ત્રીઓ માટેના મઠની સ્થાપના કરવામાં આવી. આ મઠમાં કલ્પલતાબહેનને પ્રવેશ મળ્યો. આમ પ્રવેશ મળ્યા બાદ સન્યાસિની પદની યોગ્યતા પ્રાપ્ત કરવા માટે નક્કી કરવામાં આવેલ ઉમેદવારી માટેનો લગભગ પાંચ છ વર્ષનો ગાળો probation period – પૂરો થતાં ૧૯૬૦ની સાલમાં તેમણે સંન્યાસની દીક્ષા ગ્રહણ કરી અને ત્યારથી હવે તેઓ પ્રવ્રાજિકા આત્મપ્રાણાના નામથી ઓળખાવા લાગ્યા છે. આજે તેમની ઉમ્મર ૪૩ વર્ષની છે અને સીસ્ટર નિવેદિતા સ્કૂલમાં તેઓ અધ્યાપનનું કાર્ય કરે છે.

તેમણે સીસ્ટર નિવેદિતાનું અંગ્રેજી ભાષામાં જીવનચરિત્ર લખ્યું છે અને પશ્ચિમ બંગાળની સરકારે તેમને ૧૯૬૧ના રવીન્દ્રનાથ ટાગોર મેમોરિયલ એવૉર્ડ તરીકે રૂા. ૫૦૦૦નું પારિતોષિક આપીને, તે પુસ્તકની યોગ્ય કદર કરી છે.

આ છે તેમની આજ સુધીની જીવનકારકીર્દિનો ટૂંક સાર.

**પરમાનંદ**

# આનું નામ ખરી ક્ષમાયાચના: આનું નામ સાચું સમાધિમરણ!

જૈન શ્વે. મૂ. સમાજના એક જૂના અને જાણીતા આગેવાન કાર્યકર શ્રી ચીમનલાલ કેશવલાલ કડિયાનું અમદાવાદ ખાતે ગળાના કેન્સરના લાંબાગાળાના વ્યાધિના પરિણામે તા. ૧૮-૭-૬૫ના રોજ આશરે ૬૫ વર્ષની ઉમ્મરે અવસાન થયું. બાર પંદર મહિનાથી માથા ઉપર ઝઝુમી રહેલા મૃત્યુને તેમણે જે રીતે અપનાવ્યું તે જાણીને આપણા દિલમાં તેમના વિષે ઊંડો આદર પેદા થાય તેવું છે. તેમના આ મરદાનગીભર્યા મૃત્યુને યથાસ્વરૂપે સમજવા માટે તેમની થોડીક ઓળખ હોવી જરૂરી છે.

સમાજમાં હંમેશાં બે પ્રકારનાં બળો કામ કરતાં હોય છે. એક સ્થિતિસંરક્ષક બળ અને બીજું પરિવર્તનલક્ષી બળ. પહેલા બળને સ્થિતિચુસ્ત, જુનવાણી, સનાતની એવા નામથી ઓળખવામાં આવે છે; બીજા બળને પ્રગતિવાદી સુધારક, ક્રાન્તિકારી એવા નામે ઓળખવામાં આવે છે. એકને પ્રત્યાઘાતી બળ તરીકે તો અન્યને ધર્મવિરોધી બળ તરીકે પણ પિછાણવામાં આવે છે. પ્રથમ બળ અત્યન્ત પરિવર્તનભીરૂ હોય છે, તે સામાજિક કે ધાર્મિક કોઈ પણ રૂઢિ યા પરંપરામાં સૂચવાતા ફેરફારનો મોટા ભાગે સખ્ત વિરોધ કરતું હોય છે; કારણ કે તેને કોઈ પણ ફેરફારમાં મૂળ દેહને–મૂળ પાયાના સ્વરૂપને–હાનિ પહોંચવાની ભીતિ લાગે છે. મૂળની રક્ષા એ તેની સતત ચિન્તાનો વિષય હોય છે. અન્ય બળ ફરતા જતા દેશકાળ મુજબ ચાલુ સમાજરચનામાં તેમજ ધાર્મિક બંધારણમાં જરૂરી ફેરફાર કરવાનો આગ્રહ સેવતું હોય છે. તે કોઈ પણ લાંબા વખત સુધીની સ્થગિત દશામાં જ અનર્થ જુએ છે. જેમ બંધિયાર પાણીવાળું સરોવર ગંધાવા માંડે છે તેમ સમાજ તેમ જ ધર્મશરીરમાં જરૂરી ફેરફારો થતા ન રહે તો તેમાં સડો દાખલ થાય છે અને તેમાંનું જીવન્ત તત્ત્વ નષ્ટ થવા માંડે છે એમ તેને લાગે છે. ધર્મ અને સમાજના પુનર્જીવન માટે પરિવર્તન અનિવાર્ય છે એમ તે માને છે.

અને પરિવર્તન આખરે તો કાળનો ધર્મ છે. દરેક વસ્તુમાં, દરેક પરિસ્થિતિમાં પરિવર્તનની પ્રક્રિયા ચાલુ જ હોય છે. એટલે ધર્મ અને સમાજની રચનામાં અને રૂઢિપરંપરામાં પણ પરિવર્તન અનિવાર્યપણે થયા જ કરે છે. પરિવર્તનના આ સ્વાભાવિકક્રમને પરિવર્તનવાદી ઝડપી બનાવવા માંગે છે; સુરક્ષાવાદી તે ક્રમની ગતિમાં રૂકાવટો પેદા કરીને તે ગતિને બને તેટલી ધીમી કરવા પણ મથે છે, કદિ કદિ ઉતાવળું પગલું ભરતા સમાજને તે અટકાવે છે. પણ વસ્તુત: ઉપર જણાવેલ બન્ને બળોના પરસ્પર સંઘર્ષમાંથી જ આવશ્યક ધાર્મિક તેમ જ સામાજિક પરિવર્તન નિર્માણ થતાં રહે છે.

સ્વ. ચીમનલાલ કેશવલાલ કડિયા સ્થિતિરક્ષક બળના એક અગ્રગણ્ય ચુસ્ત પ્રતિનિધિ હતા. તેમનામાં ઊંડી ધર્મશ્રદ્ધા હતી. તેમણે ૨૮ વર્ષની વયથી પૂરી આવડત તથા હોંશીયારી હોવા છતાં સાંસારિક પળોજણ છોડીને ધાર્મિક પ્રવૃત્તિઓ તરફ જ પોતાનું જીવન વાળ્યું હતું અને જિંદગીના અન્ત સુધી જૈન ધર્મની રક્ષા અને પ્રચારને જ પોતાની સમગ્ર શકિતનો યોગ આપ્યો હતો. તેમની પ્રકૃત્તિમાં ભારે ધર્મઝનુન હતું. જૈન શ્વે. મૂ. સમાજના જાણીતા સ્થિતિચુસ્ત આચાર્ય શ્રી વિજયરામચંદ્રસૂરિ તેમના પ્રેરણા ગુરુ હતા. સ્થિતિચુસ્ત જૈન આગેવાન શ્રી જીવતલાલ પરતાપસીના સાથી અને પરમ મિત્ર હતા. ૧૯૨૮થી ૧૯૩૮ સુધીનો દશકો આ સમાજમાં નવા અને જૂના વચ્ચે ઊભા થયેલા અત્યંન્ત ઉગ્ર આન્દોલનનો અને વૈચારિક ઉથ્થાનનો હતો. આ સમય દરમિયાન વડોદરાની બાલદીક્ષાનો ધારો, ગાંધીજીના નામ સાથે જોડાયલું વાછડા પ્રકરણ, મારા નામ સાથે જોડાયલું અમદાવાદનું સંઘબહિષ્કારને લગતું પરમાનંદ–પ્રકરણ, ધર્મવિરોધી લેખાતી યુવકપ્રવૃત્તિનો વિરોધ, દેવદ્રવ્યનો સામાજિક ઉપયોગ કરવાને લગતું આન્દોલન–આવી કંઈ કંઈ ઘટનાઓ બની ગઈ હતી. આ સર્વમાં શ્રી કડિયા સ્થિતિચુસ્ત વર્ગના અગ્રણી હતા, ફેરફારવિરોધના મશાલચી હતા. મારા ભાગે પરિવર્તન–લક્ષી વર્ગના અગ્રણી બનવાનું આવ્યું હતું. આ દશકા દરમિયાન તેમને જાતે કદિ મળવાનું બન્યું નહોતું, પણ નવા જના વચ્ચેની ઝુંબેશ દરમિયાન તેમણે મારો ઉગ્ર વિરોધ કર્યો હતો. મેં પણ ઝુંબેશના આવેગમાં તેમના નામનો કદિ કદિ ઉલ્લેખ કર્યો હશે. આ બધું સમય જતાં સ્મરણશેષ બની ગયું હતું અને તેમનું મને લગભગ વિસ્મરણ થઈ ગયું હતું. અમારી વચ્ચે કોઈ સંપર્ક રહ્યો નહોતો. એવામાં આજથી લગભગ આઠ મહિના ઉપર મને તેમના તરફથી અણધાર્યો એક પત્ર મળ્યો, જે નીચે મુજબ છે:–

અમદાવાદ, તા. ૭-૧-૬૫

ભાઈશ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા

મુ. મુંબઈ

વિ. હું આપને છેલ્લા ૩૯ વર્ષથી જાણતો અને પીછાણતો થયો કે જ્યારથી મેં વહેપાર ધંધો બંધ કરી ધર્મના કાર્યમાં રસ લેવા માંડ્યો.

આ છેલ્લા ૩૯ વર્ષમાં મને આપના કેટલાક વિચારો માટે હૃદયમાં ઘણો દુર્ભાવ થયો હતો.

છેલ્લા ૨૮ મહિનાથી મને કેન્સરની બિમારી થઈ છે. પ્રથમ તબક્કે ગળાની અંદરની મટી ગઈ, પરંતુ બાર મહિના પછી જમણી બાજુના ગળા ઉપર ગાંઠ દેખાવા માંડી. તેની ટ્રીટમેન્ટ તાતામાં જ કરાવી, પણ કંઈ ફાયદો થયો નહિ અને એ ગાંઠ દિનપ્રતિદિન વધતી ગઈ છે અને છેલ્લા ચાર મહિનાથી તેના ઉપરના ભાગમાં અલ્સર થયું છે. તેનું ડ્રેસીંગ ચાલે છે, પણ તે રૂઝાય નહીં એમ ડોકટરો કહે છે. કેન્સરનું દર્દ વિષમ પ્રકારનું છે અને હવે કયો વળાંક લે તે સમજાય તેમ નથી. જીવન તો ક્ષણભંગુર છે અને શ્રી જિનેશ્વર ભગવંતનો બતાવેલો ધર્મ જ શરણભૂત છે અને ખરેખર ધર્મના શરણનો વળાંક કંઈ વર્ષોથી થયેલો તે આજે મને આ ભયંકર વેદનામાં અપ્રતિમ સમતા આપે છે અને ઘણા ઘણા સદ્‌વિચારનો લહેરોમાં હું મસ્ત રહું છું.

મેં મારા જીવનમાં જેના પ્રત્યે ખાસ ખાસ દુર્ભાવ કર્યો હોય તે તે આત્માઓની મારા તે દુષ્કૃત્યની ક્ષમાપના ત્રિવિધે સંભારીને માંગવાનું મેં શરૂ કર્યું છે અને તે અનુસાર જૈન ધર્મના બંધારણ પ્રમાણે –

શ્રી પરમાનંદભાઈ! આજદિન સુધીમાં મેં આપના આત્માને જે કંઈ દુભવવાનું કર્યું હોય, આપના વિચારો માટે પણ દુર્ભાવ કરી પાપ કર્યું હોય, જાહેર સભાઓના પ્લેટફોર્મ ઉપરથી આપના નામનો નિર્દેશ કરીને જે અપકૃત્ય કર્યું હોય તે સર્વ મારા દુષ્કૃત્યો માટે હું આપની અંત:કરણથી ત્રિવિધે ત્રિવિધે ક્ષમા યાચું છું અને વિનંતીપૂર્વક માંગણી કરું છું કે આપ મારા તે તે અપરાધોની માફી કરશો જ.

આપના વડીલો અને આપની સાથે મારો આમ તો મીઠો સંબંધ છે. આપણે જ્યારે જ્યારે મળ્યા છીએ ત્યારે ત્યારે ખૂબ આનંદથી ઊભા છીએ અને શેઠ ભોગીલાલ લહેરચંદને ત્યાં લગ્નમાં તો આપણે બંનેએ એક કલાક સાથે બેસીને ખૂલ્લા દિલે વિચારોની આપ લે કરી હતી. આ એક સંસ્મરણ છે. આપની ખૂબ ખૂબ કુશળતા ઈચ્છું છું. વિ. આપના

ચીમનલાલ કેશવલાલ કડિયાની ક્ષમાયાચના

ધાર્મિક ક્ષેત્રે એક વખતના પ્રતિપક્ષી તરફથી આવો પત્ર મળતાં અને તે પાછળ રહેલી ઉદાર ક્ષમાયાચનાની ભાવના જોતાં

મારું દિલ હલી ઉઠ્યું. તેમને કેન્સર થયું છે અને તે અસાધ્ય સ્થિતિમાં છે એ જાણીને મેં અત્યંત ઊંડી ખિન્નતા અનુભવી. મારા આ અન્તસંવેદનને તેમની ઉપર તરતમાં જ નીચે મુજબનો પત્ર લખીને મેં વ્યક્ત કર્યું હતું :–

**પ્રિય ચીમનલાલભાઈ,** મુંબઈ, તા. ૧૨–૧–૬૫

તમારો તા. ૭-૧-૬૫ નો પત્ર મળ્યો. વાંચીને એક રીતે ઊંડી ખિન્નતા અનુભવી; બીજી રીતે પ્રસન્નતા અનુભવી. ખિન્નતા એ જાણીને કે તમે ગળાના કેન્સરના વ્યાધિમાં સપડાયા છો અને ડાક-ટરો તેમાં સારું થવાની બહુ આશા આપતા નથી. પ્રસન્નતા એ જાણીને કે આવી વિષમ પરિસ્થિતિમાં તમે ચિત્તને આટલું બધું સ્વસ્થ રાખી શકયા છો અને સ્થાનાન્તર કરવા માંગતો માનવી સ્વજન સમુદાયની રજા માંગે તેમ 'બોલ્યું ચાલ્યું માફ' એમ કહીને જાણે કે તમે વિદાય માંગી રહ્યા છો.

આ પત્રના જવાબમાં શું લખવું તે મને સમજાતું નથી. જ્યારે બાલદીક્ષા અટકાયત અંગેનો આપણા જૈન સમાજમાં તીવ્ર સંઘર્ષ ચાલતો હતો ત્યારે આંદોલનના આવેગમાં તમે મને પ્રતિકૂળ કાંઈક બોલ્યા હશો કે વર્ત્યા હશો, તો હું પણ એવી જ રીતે તમને ન ગમે એવું કાંઈક બોલ્યો હોઈશ અથવા તો વર્ત્યો હોઈશ. હવે જો તમે મને ક્ષમા આપવાનું કહેતા હો તો મારે પણ તમારી પાસે એવી જ ક્ષમાયાચના કરવાની રહી. પણ આ ક્ષમાપ્રદાન મારા પૂરતું કાંઈક ઔપચારિક લાગે છે, કારણ કે મારા દિલમાં – મારા મનમાં – તમારા વિષે એવું કોઈ પણ કટુ સ્મરણ છે જ નહિ. આપણે કેટલાંક વર્ષો પહેલાં મુ. જીવાભાઈને ત્યાં મળ્યાનું યાદ છે; પછી તમો જાણોવો છો તે મુજબ મુ. ભોગીલાલ લહેરચંદને ત્યાં લગ્નપ્રસંગ ઉપર પણ મળ્યા હતા. આ બન્ને પ્રસંગોનું તમારા અંગે મારા મનમાં કેવળ મધુર સ્મરણ જ અંકિત થયેલું છે. આમ હોવાથી મારા પક્ષે તમને માફી આપવા જેવું કશું જ જાણે કે બન્યું ન હોય એવો મારા મનનો ભાવ છે.

આ બધું છતાં તમારી આવી ઉદાર મનની ક્ષમાયાચનામાં હું એક સાચા શ્રાવકનું દર્શન કરું છું અને આવી શુભ વૃત્તિ માટે તમારું હું અભિનંદન કરું છું. આપણે સર્વ સદા ભૂલને પાત્ર સામાન્ય માનવીઓ છીએ. એટલે આપણા હાથે અનેક ભૂલો થઈ હોય અને દોષો થવા પામ્યા હોય એ સ્વાભાવિક છે. આમ છતાં પણ પ્રૌઢ ઉંમરે કોઈ પણ સમયે અથવા તો અસાધ્ય વ્યાધિ દરમિયાન કોઈ પણ ક્ષણે જો આપણાથી અંતર્મુખ થવાનું બને, ચિત્તની પરિણતિમાં નિર્મ-ળતા આવે અને મનમાં રહેલા રાગદ્વેષના અધ્યવસાય હળવા બને અને સૌ કોઈ પ્રત્યે ક્ષમાભાવ અને ક્ષમાયાચનાપૂર્વક કેવળ સદ્-ભાવની, કેવળ પ્રેમભાવની અનુભૂતિ જો ચિત્તમાં સ્થિર બને તો તે જ જીવનની કૃતાર્થતા છે, સફળતા છે, તે જ સાચું શ્રાવકત્વ છે એમ હું માનું છું. આજે તમારા ચિત્તને આવી પરિણતિ સ્પર્શી છે એમ તમારા પત્રમાંના ઉદ્‌ગારો પરથી લાગે છે અને એ રીતે તમારું માનવી જીવન સફળ બન્યું છે એવો મારો અભિપ્રાય છે. આવા સંતોષપૂર્વક–આવી પ્રસન્નતાપૂર્વક–તમારું શેષ આયુષ્ય પૂરું થાય એવી મારી શુભેચ્છા અને પ્રાર્થના છે.

હાલ તુરત મારા માટે અમદાવાદ આવવાનો કોઈ સંભવ નથી, એમ છતાં જ્યારે પણ અમદાવાદ આવવાનું બનશે ત્યારે તમને મળવાનું હું નહિ ચુકું. મારા આવવા સુધી જવાની ઉતાવળ ન કરશો અને પછીની પણ કોને ખબર છે? ડૉકટરોનો ગમે તે અભિપ્રાય હોય, અસાધ્ય લેખાતો વ્યાધિ સુસાધ્ય બન્યાના અને નિરાશામાં એકાએક આશાનો સંચાર થયાના બનાવો નથી બનતા એમ નથી. એટલે વાસ્ત-વિકતાનો સ્વીકાર કરવા છતાં આશા છોડવાની કોઈ જરૂર નથી.

શરીરના ભાગે જે પીડા ભોગવવાની હોય તે ભોગવવી જ રહી, પણ મનને બને તેટલું સ્વસ્થ રાખશો અને શુભ ધ્યાનમાં સંલગ્ન રાખશો. આથી બીજું શું કહું, શું લખું?

લિ. સ્નેહાંકિત પરમાનંદના પ્રણામ

"મૃત્યુ આવે ત્યારે તેને ભેટવા અમે તૈયાર છીએ" – આવી શેખી આપણે, જ્યારે મૃત્યુની છાયા સરખી પણ આપણી સામે નથી હોતી ત્યારે, ઘણી વાર હળવા દિલે કરતા હોઈએ છીએ; એમ છતાં પણ જેવી રીતે શ્રી ચીમનલાલ કડિયાની બાબતમાં બન્યું તેમ, દર્દ અસાધ્ય છે, બચવાનો કોઈ ઉપાય નથી, બે મહિને, પાંચ મહિને મૃત્યુ હવે તો નિશ્ચિત છે એમ ડાકટરો પણ આપણને સ્પષ્ટપણે જણાવે, ત્યાર બાદ ચિત્તનું ધૈર્ય જાળવવું, મૃત્યુને લક્ષમાં રાખીને યથોચિત ધર્મકરણી કર્યે જવી, અને મૃત્યુ અંગે કશી પણ અકળામણ, દુર્ધ્યાન, કે મુંઝવણ ન અનુભવતાં, જેને શુક્લધ્યાન કહે છે એ સ્થિતિમાં મૃત્યુને ભેટવું એ કોઈ રોજબરોજ બનતી ઘટના નથી. અસાધ્ય રોગમાં પોતે સપડાયેલ છે એમ જાણવા છતાં, જાણવા મળે છે તે મુજબ, તેઓ દેવાસના જીર્ણોદ્ધારની અધુરી ટીપ માટે મદ્રાસ જેટલે દૂર પ્રવાસ કરી આવ્યા હતા, એટલું જ નહિ પણ, તે મંદિરની પ્રતિષ્ઠા પ્રસંગે તેઓ દેવાસ જઈ આવ્યા હતા. વળી શંત્રુજયની યાત્રા પણ આ ગાળા દરમિયાન તેઓ કરી આવ્યા હતા. ક્ષમાયાચનાના પત્રો તો પોતાના સ્વજન સંબંધીઓને જ માત્ર નહિ પણ જેની જેની સાથે અથડામણમાં તેઓ આવ્યા હતા તે દરેક વ્યકિતને તેઓ લખી ચૂકયા હતા. સમય જતાં દર્દ ચારે બાજુથી ઘેરો ઘાલ્યો હતો, બોલી શકાતું નહોતું, તાવ ચાલુ હતો, સોજા વધવા માંડયા હતા, – આ બધું છતાં ભગવાનના ગુણાનુવાદમાં તેઓ મસ્ત રહેતા હતા. સ્તવન, ઢાળ કે સઝઝાઈ ગાઈને તેમને સંભળાવવામાં આવે ત્યારે તેઓ ભકિતના રોમાંચ વડે ઊંચાનીચા થઈ જતા, નાચી ઊઠતા. આવું અસહ્ય દર્દ હોવા છતાં, કદિ પણ તેમણે અરેરાટી ઉચ્ચારી નહોતી, કોઈ દિવસ દીનતા દાખવી નહોતી. આ કેવળ વીરોચિત મૃત્યુ હતું. આમ મરીને તેમણે મૃત્યુને નિઃશસ્ત્ર બનાવ્યું હતું. આવી વ્યકિતને આપણું માથું નમ્યા વિના કેમ રહે? મૃત્યુ સામે આવીને ઊભું રહે ત્યારે આપણામાં પણ આવું ધૈર્ય પ્રગટે એવી આપણી નિરંતર પ્રાર્થના હો!

**પરમાનંદ**

## ખરો જૈન કોણ?

આજે જન સમાજ એક કોમમાં બંધાઈ રહ્યો છે. વિચારોમાં સંકીર્ણતા ઘર કરી બેઠી છે. જૈન વિચારધારા વ્યાપક છે, પણ તેનો પ્રચાર કરવાવાળાની અનુદારતા જ તે સંકીર્ણતાનું કારણ છે. જો આ વિચારો માનવી–માનવી માટે ખુલ્લા રાખવા હોય તો દૃષ્ટિ-કોણને ઉદાર બનાવવો પડશે. જૈનત્વ અંગે હું સંખ્યાને મહત્વ આપતો નથી. સંખ્યા મહત્ત્વ રાખે છે અને તેનું પણ અમુક ગૌરવ છે, પરંતુ હું માનું છું કે અહિંસા તથા સમન્વયમાં વિશ્વાસ ધરા-વતો આજનો જૈન છે.

અહિંસા તથા અનેકાન્તનો પ્રસાર જેટલો આજે થયો છે, સંભવત: ભગવાન મહાવીરના સમયમાં એટલો નહોતો થયો. આજે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં સમન્વય તથા સહઅસ્તિત્વની ચર્ચા ચાલ્યા કરે છે. વિરોધી વિચારધારાવાળા દેશોની વચ્ચે સમન્વય તથા સહ-અસ્તિત્વની ભાવના શું સ્યાદ્‌વાદનો વિજય નથી? યુદ્ધનાં વાદળ ફરી ફરી ચઢી આવે છે અને વિખરાઈ જાય છે. શું તે અહિંસાની સફળતા નથી? આજે કોઈ પણ સમસ્યાના સમાધાનમાં સંઘર્ષ અને શસ્ત્રની જગ્યાએ સમજાવટની નીતિ અપનાવવામાં આવે છે. કિંતુ અહિંસા તથા અનેકાન્તનો જેટલો વિકાસ આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રમાં જોવા મળે, છે તેટલો જૈનોમાં જોવા મળતો નથી. બહાર જૈનત્વ ફેલાઈ રહ્યું છે; અંદર ખોખરાપણું જામી રહ્યું છે. આજે આવશ્યકતા છે સંસારને જૈન બનાવવા પહેલાં જૈનોને ખરા–વાસ્તવિક–જૈન બનાવવાની. હું માનું છું કે, વિભિન્ન તત્વ, ભાષા તેમ જ વિચારોની વચમાં પોતાને જે સંતુલિત–સમધારણયુકત–રાખે તે જ ખરો– વાસ્તવિક જૈન છે. **આચાર્ય તુલસી**

# ☆ 'કચ્છડો બારે માસ!' ☆

(અમે ફેબ્રુઆરી માસની ૧૭મી તારીખે કચ્છની મુસાફરીએથી મુંબઈ પાછા ફર્યા ત્યાર બાદ થોડા દિવસોના ગાળે મારા મિત્ર શ્રી ખીમજીભાઈ ભુજપુરીઆએ તા. ૨૮-૨-૬૫ના મુંબઈ સમાચારના સાપ્તાહિકમાં પ્રગટ થયેલો કચ્છના મુલકની કેટલીક રસિક હકીકતો રજૂ કરતો લેખ મારી ઉપર મોકલી આપ્યો. આજે જ્યારે 'સુકી ધરતીનાં મીઠાં સ્મરણો' ની લેખમાળા પ્રબુદ્ધ જીવનમાં પૂરી પ્રગટ થઈ ચૂકી છે ત્યારે તેના અનુસંધાનમાં આ લેખ એક મધુર પુરવણીની ગરજ સારશે એમ સમજીને નીચે પ્રગટ કરવામાં આવે છે. *તંત્રી*)

**"શિયાળે સોરઠ ભલો, ઉનાળે ગુજરાત;**
**ચોમાસે વાગડ ભલો, કચ્છડો બારે માસ!"**

સ્ટીમર તદ્દન ધીમી પડી ગઈ હતી. કચ્છની ધોળી દૂધ જેવી કંઠાર સ્પષ્ટ દેખાતી હતી. ઉતારૂઓએ બિસ્તરા સમેટવા માંડ્યા હતા. તૂતક પરથી દીવાદાંડી અને મચ્છવાઓ જોતા લોકોમાં દક્ષિણ આફ્રિકાનું એક ખોજા કુટુંબ તથા ઈથિયોપીઆથી આવતું એક જૈન કુટુંબ પણ હતું. ખોજા તથા જૈન વૃદ્ધ પુરુષો ઘૂંટણીએ પડીને પ્રાર્થના કરતા હતા. બન્નેની આંખોમાંથી દડદડ આંસુ વહેતા હતા. એમણે સ્વસ્થતા પ્રાપ્ત કર્યા બાદ, મેં સહાનુભૂતિપૂર્વક પૂછપરછ કરી. જાણવા મળ્યું કે તેઓ એક પેઢીના ગાળા પછી જન્મભોમકાની મુલાકાતે આવતા હતા. દેશની માટીના દર્શનના એ આંસુ હતા. ખોજા કુટુંબ તો ટ્રાન્સવાલમાં સુખી હતું. દેશની ધૂળ માથે મૂકવા સિવાય અહીં આવવાનો બીજો કોઈ હેતુ નહોતો.

**પોણોસો દેશોમાં**

"ત્યાં માતૃભાષા કઈ રીતે શીખો છો? શી સગવડો છે?" એવા સવાલના જવાબમાં તેમણે કહ્યું કે, "અમારા ગામમાં પાંચ જ ગુજરાતી કુટુંબો છે. આમ તો શાળા કૉલેજોમાં આફ્રિકન જ શીખીએ છીએ પણ માદરેવતનની જબાન લુપ્ત ન થાય, એટલે ગુજરાતી બાળપોથીની એક નિશાળ ચલાવીએ છીએ." કચ્છને કાંઠે આવાં દશ્યો અપવાદરૂપ નથી. દર મોસમે મુંદ્રા, માંડવી, જખૌ કે એવું કોઈક નામ લેતા કોઈને કોઈ વતનભૂખ્યા કચ્છ આવતા હોય છે, કોઈ સાધનસંપત્તિ વિના કે રાજસત્તાની કોઈ ઓથ વિના, જગતના પોણોસો જેટલા દેશોમાં કચ્છીઓ પથરાઈ ગયા છે. ઝાંઝીબાર, સીસલ, મસ્તક, મોમ્બાસા એડન વગેરેની એશિયન વસાહતો એટલે જાણે કચ્છ સૌરાષ્ટ્રના ખરબચડા શહેરોની નાની આવૃત્તિઓ.

આપણા અનેકાનેક પ્રશ્નોને કારણે આપણા વિદેશવાસી બાંધવોના સુખદુઃખને આપણે વિસારે પાડ્યા છે, તેમનામાં રસ લેવાનું પણ લગભગ છોડી દીધું છે, પરંતુ તેઓ તો અહર્નિશ જન્મભૂમિની યાદના દીવા જલતા જ રાખે છે.

ભારતના અન્ય વિસ્તારોમાંથી લોકો પરદેશી સ્ટીમરો મારફત બહાર ગયા, પણ કચ્છના અખાતના લોકોએ પોતાનાં જ વહાણોમાં દરિયો ખેડ્યો. અહીંથી ભલે કંઈ ન લઈ ગયા, ત્યાંથી તો પોટલા ભરીને લક્ષ્મી લાવ્યા છે, અને આપણાં ખાધવાળા, ઉદ્યોગ વિનાના, ઉપેક્ષિત વિસ્તારોને જીવતા રાખ્યા છે.

**સાગરની દોસ્તી**

ઉપેક્ષાની વાત કરીએ છીએ, અને જવાંમર્દી તથા જાનફેસાનીથી ભરેલ કચ્છની દરિયાવટ યાદ આવે છે. એ દરિયાવટનો ઉજળો ઝંડો પરંપરાથી સાચવતી આવી છે ખારવા અને ભડાલા જેવી નિષ્કિંચન કોમો. દસબાર વર્ષની ઉંમરે ભૂમિની હૂંફ અને કુટુંબની મમતા છોડીને તેઓ નીકળી પડે છે. સમુદ્રના પ્રવાહો અને આકાશના તારાઓની એમની સૂઝ-સમજ અદ્‌ભૂત છે. દુનિયાના શ્રેષ્ઠ ખલાસીઓમાં તેમનું સ્થાન છે. અંગ્રેજ, આરબ કે ડચ વહાણવટીઓની નોંધપોથીઓમાં એમની અનેક પ્રશસ્તિકથાઓ આલેખાયેલી છે.

ભારતનો આજનો દેશી વહાણો મારફતે થતો વિદેશ વ્યાપાર મોટે ભાગે કચ્છી ખલાસીઓ જ કરે છે. અર્ધા ટનના વહાણમાં ટ્રાન્સમિટરની મદદ વિના બે ત્રણ હજાર માઈલનો મહાસાગર ખૂંદવો, એ તેમને આજે ય રમતવાત છે. એમની ફરિયાદ એટલી જ છે કે આ યોજનાનો લાભ માછીમારોને મળ્યો છે, એટલો એમને નથી મળ્યો.

**ખલાસી જવાનો**

બીજા વિશ્વયુદ્ધમાં દુશ્મન સબમરીનો અને વિનાશિકાઓના ટોરપીડો અને તોપોનો ભોગ તેઓ થયા હતા. એકલા માંડવીના સો જેટલા વહાણો યુદ્ધના ખપ્પરમાં હોમાયા હતા. મલાયા, હિંદી ચીનની અટકાયતી છાવણીઓમાં કેટલાય કચ્છી ખલાસીઓના જાન ગયા હશે. અગ્નિ એશિયાના નૌકા યુદ્ધોમાં પોતાનાં સગાં ગુમાવ્યા હોય, એવા માણસો તો માંડવીની શેરીઓમાં તમને આજેય સામા મળે. બાર વર્ષની વયના હોવા છતાં અને વાંક ગુના વગર યુદ્ધ કેદી તરીકે યાતનામય વર્ષો મલાયામાં વીતાવ્યા હોય, એવા ખલાસી જવાનોને હું ઓળખું પણ છું.

આ દરિયાવટ હવે મરી રહી છે. પ્રજા સમક્ષ છેલ્લી બૂલંદ ધા નાખવાનું હવે એના ગળામાં જોર નથી. દર વર્ષે બે પાંચ કસબી માલમો દરિયાને ખોળે પોઢે છે. આવતી કાલે કદાચ આ ઉજ્જવળ તવારિખ ગઈ કાલના લોકસાહિત્યનું સંભારણું બની જશે.

**ખોટા ખ્યાલો**

કચ્છ તળ ગુજરાત કે સૌરાષ્ટ્રથી બહુ દૂર નથી. ઉત્તર ગુજરાતનું પીપરાલા કચ્છના ગામથી દસ જ માઈલ દૂર છે. ઓખા પરથી માંડવીની દીવાદાંડીનું અજવાળું જોઈ શકાય છે. કંડલા અને નવલખી વચ્ચેનું અંતર માત્ર ૨૪ માઈલનું છે. આમ છતાં પાડોશી પ્રાંતોમાં કચ્છ વિષે જેવું અજ્ઞાન પ્રવર્તે છે, એવું જ ખુદ ગુજરાતમાં અને આપણા પાઠ્યપુસ્તકોમાં જોવામાં આવે છે. કચ્છમાં રેતીના વાવંટોળ વાતા હશે. ઉનાળામાં ધોમ ધખતા હશે; પાણી વિનાના રણમાં હાડપિંજરો નજરે ચઢતાં હશે. વગેરે લોકોનાં ખ્યાલો છે. કેટલીક નવલકથાઓ પણ કચ્છના રણની રેતીમાં લશ્કરો દટાઈ ગયાનું બયાન રજૂ કરે છે. કોઈ કોઈ ચોપડીમાં દિવસો સુધી રસ્તો ન મળવાથી વણઝારો ભૂલી પડીને નાશ પામ્યાની વાતો છે.

સાચી વાત એ છે કે આ રણમાં પાંચ મહિના સુધી તો બબ્બે ફીટ પાણી ભરેલ હોય છે. ત્યાં બબ્બે નદીઓ ઠલવાય છે. ખૂબ મોટી જીવસૃષ્ટિ ત્યાં છે. જગત્‌માં અનન્ય એવી લાખો ફ્લેમિંગો પક્ષીઓની અદ્‌ભુત વસાહતો છે. દર વર્ષે પાંચ દસ ઈંચ વરસાદ થાય છે. દાયકાઓથી આ 'રણ' માર્ગે વાહનો પસાર થાય છે. કેટલાક સ્થળે તો રણ ઓળંગતાં ઊંટને બે કલાક લાગે છે. પાણી ન હોય ત્યારે મોટરકારો સહેલાઈથી અર્ધા કલાકની અંદર રણ પાર કરી શકે છે.

**સરસ હવામાન**

ઉષ્ણતામાનની દૃષ્ટિએ કચ્છ વધુ શીતળ છે. વિજયવિલાસ, માંડવી, કાશી વિશ્વનાથ જેવાં સ્થાનોએ ભર ઉનાળે પારો દક્ષિણ ગુજરાત કરતાં વીસ અંશ નીચો હોય છે. મે મહિનામાં બપોરનું ઉષ્ણતામાન માથેરાન કે આબુ સાથે સરખાવી શકાય એવાં ગુજરાતના સ્થાનો છે. ઓખા, માંડવી, દ્વારકા માંડવીની આસપાસના કાંઠી વિસ્તારોમાં ઉષ્ણતામાન ૯૫ અંશ ઉપર ભાગ્યે જ જાય છે.

કચ્છમાં પાંચ લાખ ઢોરઢાંખરને પોષતી ગોચર જમીનો છે. હજારો ગાંસડી રૂ બહાર મોકલવામાં આવે છે. શેરડી શિંગ, કેળાં, પપૈયા, કેરીનો પણ પુષ્કળ પાક થાય છે. બન્ની વિસ્તારમાં તો દૂધની નદીઓ વહે છે એમ કહી શકાય. ત્યાં વસતિ માંડ ૩ હજાર છે પણ ગાય, ભેંસોની સંખ્યા ૨૫ હજાર ઉપર છે.

ખૈબર ઘાટની પાકિસ્તાની ફોજોના હયદળમાં કચ્છી ઘોડાની ઓલાદો ઉછેરવામાં આવે છે જ્યારે પાણીદાર ઘોડાનો ઉછેર હવે

કચ્છમાં લગભગ મરવા આવ્યો છે. આમેય આપણા આજના જીવનમાં જાતવંત ઓલાદની જરૂર કયાં છે!

માંડવી, મુંદ્રામાં આધુનીક ખાતરોથી બાગાયતી પાકો તૈયાર કરવામાં આવે છે. દાડમ, મોસંબી, ચીકુ, જમરૂખની ઘણી વાડીઓ જોવા મળે છે. ગુજરાતના શ્રેષ્ઠ વનસ્પતિશાસ્ત્રી શ્રી જયકૃષ્ણ ઈંદરજી આ વિસ્તારના હતા.

### પરદેશી પંખીઓ

કચ્છ યાયાવર પક્ષીઓના માર્ગ પર આવેલું છે. ગ્રીસ, ક્રીટ, સ્પેઈન, સાઈબીરિયાથી આવતા અનેક જાતના પ્રવાસી પંખીઓ અહીં ઓસ્ટ્રેલિયા, માડગાસ્કર તથા આફ્રિકા ખંડથી આ આવેલા પક્ષીઓને મળે છે. શરદ અને હેમંત ઋતુમાં તો ગામડાના નાનાં તળાવો પણ જાતજાતના આકર્ષક પક્ષીઓના કલબલાટથી ગાજી ઊઠે છે. જેઓ આ વિસ્તારને જાણે છે એવા નામી પ્રકૃતિ કલાકારો આને કેમેરાના સ્વર્ગ તરીકે ઓળખાવે છે. છેક નારાયણસરોવરથી ભદ્રેસર સુધી અખાતને કાંઠે સેંકડો ફ્લેમિંગો ફેલાઈ ગયા છે. હજારો માઈલ દૂરના પોતાના પ્રદેશને છોડી તેઓએ અહીં કાયમી વસવાટ કર્યો છે. બન્નીના સુરખાબો જ્યારે પોતાનાં બચ્ચાંઓ સાથે મહાસાગરના લાંબા પ્રવાસે નીકળે છે, ત્યારે એ ધાસિયા પ્રદેશમાં ઘેાળે દિવસે અંધારૂં થઈ જાય છે. આખું આકાશ ઘનઘોર બની જાય છે. એટલાંટિક ટાપુઓ કે જ્યાં થોડા હજાર ફ્લેમિંગો ઉછેર માટે આવતા, ત્યાં દર વર્ષે દુનિયાભરમાંથી પ્રવાસીઓ ઊતરી પડતા. બન્નીની હંજનાળ સમગ્ર જગતના પ્રવાસીઓનું કેન્દ્ર બની શકે, પણ એ માટે બે બાબતો જરૂરી છે. પ્રવાસીઓને સગવડો તથા પક્ષીઓને રક્ષણ.

### પરોણાગત

કચ્છની વસતિ છ લાખની છે. દસેક લાખથી વધુ કચ્છીઓએ બહાર કાયમ વસાટ કર્યો છે. કચ્છ પ્રદેશનું ક્ષેત્રફળ અઢાર હજાર માઈલનું છે. ત્યાં એક હજાર ગામડાઓ છે. પરિણામે લોકો માણસની હુંફના ભૂખ્યાં છે. કચ્છનું આતિથ્ય ભારતની પરોણાગતની પ્રાચીન પરંપરાને ઝેબ આપે એવું હોય છે.

કચ્છની ભાષા ગુજરાતી છે. વસ્તીનો દરેક માણસ ગુજરાતી જાણતો જ હોય છે, જ્યારે કેટલીક મોટી કોમોની બોલી કચ્છી છે. કચ્છી જોમવંતી બોલી છે. કચ્છનું ભાતીગળ–રંગીન લોકસાહિત્ય એ બોલીમાં સચવાયું છે.

### લોક–સાહિત્ય

આ લોક સાહિત્યના જેસલ-તોરલ તથા હોથલના પાત્રો પ્રખ્યાત છે. જેસલ તોરલની સૌન્દર્યકૃતિમાં લોકકવિએ માનસશાસ્ત્રના ઊંડાણનો પરિચય કરાવ્યો છે. "પાપ તારાં પરકાશ, જાડે જા, ધરમ તારો સંભાળરે, તારી બેડલી બૂડવા નહિ દઉં." એમ કહીને તોરલ જેસલના મનનો ડંખ ઉતારી દે છે. એકતારો હાથમાં લઈને ગામડાના ઓટલા પર કોઈ બારોટને દર્દભર્યા કંઠે જેસલ–તોરલ ગાતો સાંભળવો, એ એક લહાવો છે.

"હાજી કાસમ તારી વીજળી, ભર દરિયે વેરણ થઈ." એ લોકસાહિત્યનું કરુણ ગીત આજે પણ કચ્છના ગ્રામજનોના દિલ હચમચાવે છે. સમુદ્રની હોનારતો ત્યાં કોઈ વાર્તા નથી, વાસ્તવિકતા છે.

"જ્યારે 'ચડી ચકાસર પાળ, હલો હોથલ ન્યારીઉ
વછાઈ વિઠી વાળ, પાણી માથે પદમણી.

(ચકાસર તળાવના પાણીમાં અપ્સરા હોથલ પોતાના વાળ ચારેકોર ફેલાવી સ્નાન કરી રહી છે. તળાવની પાળે ચડીને, ચાલો સ્નાન કરતી સુંદરીને જોઈએ) આ પ્રેમકથામાં નાયક પાસે આ શબ્દો બોલાવીને લોકકથાકાર શ્રોતાઓને અનોખી સૃષ્ટિમાં લઈ જાય છે. વાર્તામાં વતનનું અભિમાન પણ ઝળકે છે. પદ્મિનીને કચ્છ જેવા સુક્કા મુલકમાં લઈ આવવાને કઈ રીતે સમજાવવી? ઓઢો કહે છે...

કનડે મોતી નિપજે, કચ્છ મેં થીએતા મઠ
હાલો હોથલ કચ્છડે, જ્યાં માડૂ સવા લખ્ખ

(કચ્છમાં આમ તો મઠ જ નિપજે છે, પણ ત્યાં માણસો સવા લાખની કિમ્મતના છે.)

ગામડાંઓ આવી અનેક વાતોથી પોતાના સાંસ્કૃતિક જીવનને સમૃદ્ધ રાખે છે. એવું જ આગવું છે તેનું ભક્તિસાહિત્ય. મધ્ય યુગમાં સંત દાદા મેકણે હરિજન ઉદ્ધારનો અવાજ ઉઠાવ્યો હતો.

### કલા કારીગરી

ગ્રામજનોના કલાકૌશલ્યનો વારસો પણ સમૃદ્ધ છે. બન્નીના મુસ્લિમ આહિરાણીઓનું ભરતગુંથણ આજે ભારતની હસ્તકલા કારીગીરીમાં ગણનાપાત્ર મહત્ત્વ ધરાવે છે. કલાની આ સૂઝ અધરી આકૃતિઓ તૈયાર કરી શકે છે. ભૂજ વગેરે શહેરોમાં તૈયાર થતી બાંધણીઓ મુંબઈની ગુજરાતણોમાં ફેશન ગણાય છે.

કચ્છના વિશાળ પટમાંથી ઠેરઠેર પુરાતત્ત્વના અવશેષો મળી આવે છે. ક્ષત્રપકાળના શિલાલેખો, સિક્કાઓ, ગુપ્તોત્તર, કાલીન કોટાયના અવશેષો, મોઢેરા તથા દેલવાડા કાળની શિલ્પાકૃતિઓ પ્રાચીન ઈતિહાસની સાંકળની નિદર્શક છે. કચ્છમાંથી કર્કવૃત્ત પસાર થતું હોવાથી ત્યાં પ્રાચીન કાળમાં સ્થળ સાથેના સૂર્યમંદિરોના અવશેષો પણ જોવા મળે છે,

મધ્ય યુગમાં યુરોપમાંથી કાચ, તોપ, ઘડિયાળ, મીનાકામ વગેરે ઉદ્યોગોનું ટેકનિકલ જ્ઞાન મેળવીને રાયસિંહ માલમ કચ્છ આવ્યો અને ત્યાં રીતસરના ઉદ્યોગ ખીલ્યા.

કચ્છના મધ્યમ કક્ષાના માંડવી બંદરમાં તો છેક ગઈ કાલ સુધી ૮૪ દેશોના જહાજોના વાવટા ફરકતા. આજે વરસ દહાડે દરિયામાર્ગે પોણો લાખ ઉતારૂઓ ત્યાં ઊતરે છે. પણ તેની આજુબાજુ ચાલીશ માઈલ સુધીમાં હજી પણ રેલવે નથી. જખૌ, અને મુંદ્રા પણ નાની કક્ષાનાં મહત્ત્વના બંદરો છે. કચ્છમાં એક મહાબંદર, એક મધ્યમ બંદર અને પાંચ નાની કક્ષાના બંદરો છે, પણ મોટા ભાગના બંદરો આજે ઉપેક્ષિત છે. કચ્છમાં લાખો ટન મીઠું થાય છે. એ બાદ કરતાં પેટ્રોલિયમ વગેરે ખનિજોના વિકાસની વાતો પર લોકોએ જીવવાનું છે.

પરિણામે કચ્છમાં ભયાનક ગરીબી છે. છેલ્લાં બે દાયકામાં ત્યાં મોંઘવારીમાં અનેકગણો વધારો થયો છે. સ્વરાજ પહેલાં તેના બંદરો મુકત હોવાથી ત્યાં અતિશય સોંઘવારી અને સમૃદ્ધિ હતાં.

બસો માઈલની સરહદ પાકિસ્તાનને સ્પર્શતી હોવાથી સંરક્ષણ દૃષ્ટિએ કચ્છનું મહત્ત્વ બહુ છે. છઠ્ઠી સદીમાં આરબોએ સિંધ લીધું, પછી કચ્છની સરહદેથી ભારતમાં પ્રદેશ મેળવવા અનેક હુમલા થયેલા, પણ ખમીરવંતી ખડતલ પ્રજાએ આક્રમકોની એ મુરાદ છેક સુધી બર આવવા ન દીધી. આજે પણ કચ્છના સુદૃઢ બાંધો ધરાવતા લોકો પોતાના પ્રાચીન અને મધ્યયુગના કિલ્લાઓ, પાળિયાઓ અને સમાધિઓ માટે ગૌરવ લે છે.

આમ કચ્છમાં લોકજીવન કે ભૌગોલિક વૈવિધ્ય છે એટલું જ નહીં પ્રશ્નોનું ય વૈવિધ્ય છે, એના તરફ હવે લક્ષ દોરવું જ પડશે. ગુજરાતી અસ્મિતાના આ સુશોભિત મણકાની ઉપેક્ષા હવે નહિ થઈ શકે. પરંતુ એ ઉપેક્ષા માત્ર આજની છે – આવતી કાલની નહીં.

**નાનાલાલ વસા**

## ભારત જૈન મહામંડળ, મુંબઈ શાખાદ્વારા યોજાયેલી પર્યુષણ વ્યાખ્યાનમાળા

દર વર્ષની જેમ આ વર્ષે પણ ભારત જૈન મહામંડળના ઉપક્રમે પર્યુષણ વ્યાખ્યાનમાળા તા. ૨૩ થી ૨૮ ઑગસ્ટ સુધી–એમ ૬ દિવસ માટે રોજ સવારના ૯ થી ૧૦ સુધી મરીનડ્રાઈવ ઉપર મરીનલાઈન્સ સ્ટેશનની સામે આવેલ અણુવ્રત સભાગારમાં અને એક દિવસ તા. ૨૯ ઑગસ્ટ રવિવારે સવારના ૯ થી ૧૦-૩૦ સુંદરાબાઈ હોલમાં યોજવામાં આવેલ છે.

આ પ્રસંગે જાણીતા વ્યાખ્યાતાઓ મુનિ શ્રી રાકેશકુમારજી, ડૉ. ભગવાનદાસ મહેતા, શ્રી મનુભાઈ પંચોળી, શ્રી કરસનદાસ માણેક, વિધાનસભાના અધ્યક્ષ શ્રી ટી. એસ. ભારદે તથા આચાર્ય રજનીશજીનાં પ્રવચનો થશે.

## શ્રી ગુજરાતી કેળવણી મંડળ, માટુંગા તરફથી યોજાયેલી વ્યાખ્યાન માળા

ઉપર જણાવેલ મંડળ તરફથી પ્રિન્સીપાલ રામજીશીના પ્રમુખપણા નીચે તા. ૨૨–૮–૬૫ રવિવારથી તા. ૨૯–૮–૬૫ રવિવાર સુધી માટુંગામાં આવેલા સમતાબાઈ હૉલમાં આઠ દિવસની વ્યાખ્યાનમાળા યોજવામાં આવી છે.

# ❋ પર્યુષણ વ્યાખ્યાનમાળા ❋

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી ઑગસ્ટ માસની ૨૩ તારીખ સોમવારથી ૩૦ તારીખ સોમવાર સુધી–એમ આઠ દિવસની પર્યુષણ વ્યાખ્યાનમાળા યોજવામાં આવી છે. આ આઠે દિવસની વ્યાખ્યાનસભાઓનું પ્રમુખસ્થાન અધ્યાપક ગૌરીપ્રસાદ ચુનીલાલ ઝાલા શોભાવશે. શરૂઆતના પાંચ દિવસની વ્યાખ્યાનસભાઓ ફ્રેંચબ્રીજ ઉપર આવેલા ગ્લેવાટ્સ્કી લૉજમાં સવારે સાડાઆઠ વાગ્યે ભરવામાં આવશે અને છેવટનાં ત્રણ દિવસની વ્યાખ્યાનસભાઓ ભારતીય વિદ્યાભવનમાં ભરવામાં આવશે. આ વ્યાખ્યાનમાળાનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે :-

| તારીખ | સ્થળ | વ્યાખ્યાતા | ભાષા | વ્યાખ્યાનવિષય |
|---|---|---|---|---|
| ૨૩ સોમવાર | ગ્લેવાટ્સ્કી લૉજ | શ્રી ઉછરંગરાય ઢેબર | ગુજરાતી | અહિંસાક્ષેત્રે અન્યનિરપેક્ષ કર્તૃત્વ-વિચારણા |
| ,, | ,, | સ્વામીશ્રી રંગનાથાનંદ | અંગ્રેજી | The Spirit of Indian Culture |
| ૨૪ મંગળવાર | ,, | શ્રી રજનીકાન્ત મોદી | ગુજરાતી | શ્રી અરવિંદની દૃષ્ટિએ પુનર્જન્મની વિચારણા |
| ,, | ,, | સ્વામીશ્રી રંગનાથાનંદ | અંગ્રેજી | Shree Ramakarishna and the Spiritual Heritage of Humanity |
| ૨૫ બુધવાર | ,, | સ્વામીશ્રી પ્રણવતીર્થ | ગુજરાતી | વેદાન્તનું સમ્યક્ સ્વરૂપ |
| ,, | ,, | સૌ. મૃણાલિની દેસાઇ | ગુજરાતી | વ્યવહાર અને કર્મયોગ |
| ૨૬ ગુરૂવાર | ,, | શ્રી વી. એસ. પાગે | મરાઠી | તત્વાર્થસૂત્ર અને પાતંજલ યોગસૂત્ર |
| ,, | ,, | શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ | ગુજરાતી | આલ્બર્ટ સ્વાઇટ્ઝર |
| ૨૭ શુક્રવાર | ,, | શ્રી વસંતરાવ નારગોળકર | હિંદી | વિજ્ઞાન અને અધ્યાત્મ |
| ,, | ,, | આચાર્ય યશવંત શુક્લ | ગુજરાતી | મૃત્યુની વિભાવના |
| ૨૮ શનિવાર | ભારતીય વિદ્યાભવન | આચાર્ય મનુભાઇ પંચોળી | ગુજરાતી | ભારતીય ઇતિહાસનો પ્રવાહ અને બોધ |
| ,, | ,, | પ્રવાજિકા આત્મપ્રાણા | ગુજરાતી | શ્રી રામકૃષ્ણપરમહંસની જીવનસાધના |
| ૨૯ રવિવાર | ,, | આચાર્ય મનુભાઇ પંચોળી | ગુજરાતી | ભારતીય ઇતિહાસનો પ્રવાહ અને બોધ |
| ,, | ,, | પ્રવાજિકા આત્મપ્રાણા | ગુજરાતી | શ્રી મા શારદામણિદેવી |
| ,, | ,, | પંડિત દેવેન્દ્રવિજય | — | ભજનો |
| ૩૦ સોમવાર | ,, | શ્રી ઉમાશંકર જોષી | ગુજરાતી | ઇશાવાસ્ય: અ–મૃતજીવનનું ઉપનિષદ |
| ,, | ,, | આચાર્ય રજનીશજી | હિંદી | સત્યં, શિવં, સુન્દરમ્ |

આ વ્યાખ્યાનમાળામાં રસ ધરાવતા ભાઇબહેનોને સભાસ્થળે વખતસર પહોંચવા, વ્યાખ્યાનો ચાલતાં હોય તે દરમિયાન પૂરી શાન્તિ જાળવવા અને શ્રી મુંબઇ જૈન યુવક સંઘને તેમ જ સંઘની વિવિધ પ્રવૃત્તિઓને આર્થિક સહાય વડે સીંચિત કરવા પ્રાર્થના.

તા. ૨૩-૮-૬૫ થી ૩૦-૮-૬૫
૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ,
મુંબઇ ૩.

રમણિકલાલ મણિલાલ શાહ
ચીમનલાલ જેઠાલાલ શાહ
મંત્રીઓ, શ્રી મુંબઇ જૈન યુવક સંઘ.


પુસ્તકાલયમાં વસાવવા લાયક, શિક્ષણસંસ્થામાં ઇતર વાંચન તરીકે ઉપયોગમાં લેવા લાયક તેમ જ કોઇ પણ શુભ પ્રસંગે વહેંચવા લાયક પુસ્તકો.

## સત્યં શિવં સુંદરમ્

શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાનો લેખસંગ્રહ
કાકાસાહેબ કાલેલકર અને પંડિત સુખલાલજીના પ્રવેશકો સાથે
કિંમત રૂા. ૩, પોસ્ટેજ ૦૦-૫૦.

## બોધિસત્ત્વ

સ્વ. ધર્માનંદ કોસમ્બી રચિત મૂળ મરાઠી નાટક
અનુવાદકો :
શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા તથા શ્રી કાન્તિલાલ બરોડિયા
કિંમત રૂા. ૧-૫૦, પોસ્ટેજ ૦૦-૧૫
મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો તથા પ્રબુદ્ધ જીવનના ગ્રાહકો માટે
સત્યં શિવં સુન્દરમ્ કિંમત રૂા. ૨, બોધિસત્ત્વ: કિંમત રૂા. ૧

## દર્શન અને ચિન્તન

પંડિત સુખલાલજીનાં આજ સુધીના ગુજરાતી તથા હિંદી લેખોનો સંગ્રહ–બે વિભાગ ગુજરાતી: એક વિભાગ હિંદી: કુલ ત્રણ વિભાગમાં
કિંમત રૂા. ૨૧; પૅકીંગ પોસ્ટેજ રૂા. ૪
મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો તથા પ્રબુદ્ધ જીવનના ગ્રાહકો માટે
કિંમત રૂા. ૧૮

## 'પ્રબુદ્ધ જીવન'ની ફાઇલો: કિંમત રૂા. ૬

પ્રબુદ્ધ જીવનના ગ્રાહક બનો • વાર્ષિક લવાજમ રૂા. ૪

મળવાનું ઠેકાણું :
મુંબઇ જૈન યુવક સંઘ, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩


માલિક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશનસ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ મુંબઇ-૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઇ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૭ : અંક ૯

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, સપ્ટેમ્બર ૧, ૧૯૬૫, બુધવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૨૫ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## ☆ બુદ્ધિ, પ્રબુદ્ધિ, પ્રજ્ઞા ☆

(ભાઈ કિસનસિંહ ચાવડા જેઓ મારા વર્ષોજૂના મિત્ર છે અને જેઓ કેટલાક સમયથી સ્વામી કૃષ્ણપ્રેમના સાન્નિધ્યમાં આલ્મોરા નજીક મીરતોલા ખાતે આવેલા સ્વામીજીના આશ્રામમાં રહે છે તેમની સાથે તાજેતરમાં થોડોક પત્રવ્યવહાર થયો. તેમાં તેમનો તા. ૫-૮-૬૫ નો પત્ર વાંચીને મેં તેમને જણાવ્યું કે, "તમે તો બુદ્ધિના વિષય ઉપર એક મિતાક્ષરી નિબંધ લખી નાંખ્યો. આ પત્ર વાંચીને આનંદ થયો એમ કહેવાની જરૂર ખરી? તમારી ઈચ્છા હોય તો 'પ્રબુદ્ધ જીવન'ના વાંચકોને આપણા આ પત્રવ્યવહારના ભાગીદાર બનાવીએ, કારણ કે આ પત્રમાં ખાનગી લેખાય એવું કશું નથી. પ્રબુદ્ધ જીવનના વાચકોને તેમાંથી વિચારવાનું જરૂર કાંઈક મળી આવશે." તેના ઉત્તરમાં તેમણે જણાવ્યું કે, "મારા પાંચમીના પત્રથી તમને આનંદ થયો એ જ એ પત્રની સાર્થકતા. તમે આ પત્રવ્યવહાર 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ કરીને એના વાંચકોને પણ આનંદના ભાગીદાર બનાવવાની સૂચના કરી છે એમાં મને કશો જ વાંધો ન હોય." આમ તેમની અનુમતિપૂર્વક તેમની સાથે તાજેતરમાં થયેલો પત્રવ્યવહાર કાંઈક સંકોચ સાથે નીચે પ્રગટ કરું છું. સંકોચ એટલા માટે કે આ પત્રોમાં અંગત લેખાય એવો ઉલ્લેખ ઠીક પ્રમાણમાં અન્તર્ગત થયેલો છે જે સામાન્યતઃ હું પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવા ન ઈચ્છું. પણ ભાઈ કિસનસિંહના તા. ૫–૮–૬૫ના પત્રના સંદર્ભને યથાસ્વરૂપે સમજવા માટે અનિવાર્ય લાગવાથી તે ઉલ્લેખ પ્રગટ કરવાનું ઉચિત ધાર્યું છે. પરમાનંદ)

મીરતોલા, તા. ૧૫-૭-૬૫

**પ્રિય પરમાનંદભાઈ,**

જૂના કાગળો તપાસતો હતો તેમાં 'પ્રબુદ્ધ જીવન' ના તમે એની રજત જયંતીના અહેવાલના મોકલેલા અંકો મળી આવ્યા. ત્યારે એ જોઈ શકયો નહોતો. થોડી નિરાંત હતી એમાં જોઈ ગયો. એક રીતે એ તમારા જીવનની પ્રગલભ પચ્ચીસીનું વૃત્તાંત છે. કોઈ પણ એક કાર્યને એકનિષ્ઠાથી પચ્ચીસ ત્રીસ વરસ સુધી ઉપાસ્યા કરવું એ પોતે જ એક સાધના છે. તમે જન્મે જૈન છો, પણ સ્વભાવે તમે સાધક છો અને કોઈ પણ ધર્મના વાડામાં બંધાયેલા નથી. આ તમારી સ્વાધીનતા એ તમારું મોટું બળ છે.

માણસ બે પ્રકારની Impressions ઉપર જીવે છે. એક બહારની અને બીજી અંદરની. બહારની તત્કાલીન એટલે ક્ષણજીવી હોય છે, અંદરની કાયમી અને ચિરંજીવી હોય છે. બહારની આ મુદ્રાઓ વ્યકિતત્ત્વ બાંધવામાં અને ઉછેરવામાં સહાયક નિવડે છે. પણ જો એ એકલી જ કાર્યક્ષમ બને તો અંતરાત્માથી વિખૂટું પડી જવાય છે અને બુદ્ધિ જ કેવળ સ્વામિની બની જાય છે. પણ જો અંદરની મુદ્રાઓ વિષે જાગ્રત રહીને એમનો સ્વીકાર અને વિનિયોગ થતો રહે છે તો વ્યકિતત્ત્વની સાથે સાથે અંતરાત્માનો પ્રસાદ પણ મળતો રહે છે. આને જ આપણે વિભૂતિ કહીએ છીએ. પરંતુ આ અંદરની Impressions ને પચાવવા માટે અને સાવધાનીથી સમજવા માટે જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયો ઉપરાંત ભાવેન્દ્રિયનું પણ સંપૂર્ણ જાગૃત અને આત્મીય સખ્ય હોવું જોઈએ. તો જ સમતુલાની નીપજ થાય છે. અને ત્યારે જ Fourth Dimension Intuition કામ કરતું થાય છે. તમારામાં આ શકિત છે. તમે કર્મઠ બુદ્ધિમાન છો. તમારી ભાવેન્દ્રિયને વધુ ક્રિયાશીલ અને જાગૃત કરો તો તમારું અંદરનું સત્ત્વ એટલે અંતરાત્મા વધુ કામયાબ બને.

આ તો એક આત્મીય જનની પ્રાર્થના છે; સલાહ ના માનશો. કેવળ પ્રેમથી કરેલી પ્રાર્થના સમજશો.

ગઈ વખતે રસિકભાઈને ત્યાં થયેલા સ્વજનોના મિલનમાં* સાચો આનંદ આવ્યો હતો. મારી એવી લાગણી હતી કે વકતા અને શ્રોતાઓ વચ્ચે એક પ્રેમલાગણીનો સેતુ બંધાયો હતો. એટલે મને વાત અંતર ઉઘાડીને કરવાનો આનંદ આવ્યો.

ત્યાં રસિકભાઈ, ચંદુભાઈ વગેરે મિત્રોને સ્નેહસ્મરણ કહેશો. સૌ. વિજ્યાબહેનને અમારી બન્નેની યાદ. કુશળ હશો.

સ્નેહપૂર્વક કિસનસિંહના પ્રણામ.

મુંબઈ તા. ૨૭-૭-૬૫

**પ્રિય ભાઈ કિસનસિંહ,**

તમારા તા. ૧૫-૭-૬૫ના પત્રની પહોંચ તો મેં લખી છે. જવાબ લખતાં જરા વિલંબ થયો છે તે માટે માફ કરશો. પ્રબુદ્ધ જીવનની રજત જયંતીના અંકો વાંચીને મારા અંગે તમારા દિલમાં જે સંવેદન પેદા થયું તે તમે તમારા પત્રમાં રજુ કર્યું છે. આ ભાવાત્મક સંવેદનનો–મારા વિષે તમારા દિલમાં ઉઠેલા ચિત્રનો–હું શું જવાબ આપું તે મને એકદમ સુઝતું નથી. 'પ્રબુદ્ધ જીવન' ધીમે ધીમે મારા માટે જ્ઞાનોપાસનાનું તેમ જ સત્યોપાસનાનું સાધન બન્યું છે. જ્ઞાનોપાસના એ રીતે કે તે નિમિત્તે ઘણું વાંચવાનું અને વિચારવાનું બને છે અને નવું નવું જાણવા સમજવાની મારી જિજ્ઞાસા ઉમ્મરના વધવા સાથે મંદતર બનવાને બદલે તીવ્રતર બનતી રહી છે. આ કારણે વર્તમાન સાથે મારું અનુસંધાન જીવતું જાગતું રહે છે. 'સત્યની ઉપાસના' શબ્દ મારી જેવા સ્ખલનાશીલ માનવી માટે બહુ મોટો શબ્દ ગણાય. આમ છતાં પ્રબુદ્ધ જીવનમાં કશું ખોટું, અત્યુકિતથી ભરેલું કે વધારે પડતું આવેશયુકત ન છપાય, હકીકતમાં

*તા. ૬-૪-૬૫ના રોજ ગોઠવવામાં આવેલું મિલન જેનો તા. ૧૬-૪-૬૫ ના 'પ્રબુદ્ધ જીવન'માં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. - તંત્રી)

જરા સરખી પણ ભૂલ ન થાય, જે કોઈ વિષય હાથ ધરવામાં આવે તેને લગતું સ્પષ્ટ અને સમ્યક્ દર્શન–ofcourse subject to my personal limitations–રજુ કરવામાં આવે– આવી ચિન્તા 'પ્રબુદ્ધજીવન'–મૂળ પ્રબુદ્ધ જૈન-ના પ્રારંભથી આજ સુધીમાં મેં સેવી છે. આવો સહજ જ્ઞાનયોગ કે કર્મયોગ જે કહો તે પ્રબુદ્ધ જીવન દ્વારા સધાતો રહ્યો છે. આજે જે હું છું તે આ સાધનાનું સમગ્ર પરિણામ છે. તમારા જેવા મિત્ર જ્યારે માત્ર સ્વયં સ્ફુર્તિથી આ પ્રકારની સાધનાની કદર સૂચવતા બે શબ્દો લખે ત્યારે સંતોષ થાય કે પ્રબુદ્ધ જીવન પાછળ ખરચાયેલો સમય અને શક્તિ એળે નથી ગયેલ.

અલબત્ત, આ રીતે જીવન આજે તો પૂરી પ્રસન્નતાપૂર્વક વહી રહ્યું છે. જીવન જેવું છે તેમાં સભરતા અનુભવું છું. કોઈ વિશેષ ભૌતિક લાભની મનમાં હવે અપેક્ષા નથી. એટલે જે છે તે ભર્યું ભર્યું લાગે છે. તમે જેવી અનુભૂતિની વાતો કરો છો તેવી કોઈ અનુભૂતિ મને થઈ નથી. તમને જેવું અવલંબન પ્રાપ્ત થતું રહ્યું છે એવા કોઈ અવલંબનની મને પ્રાપ્તિ થઈ નથી. એમ છતાં, ચિત્તની પ્રસન્નતા મોટા ભાગે અખંડ બની રહે છે. મારું મોટું સદ્‌ભાગ્ય અત્યન્ત આદરણીય એવી કેટલીક વ્યક્તિઓના સ્નેહપાત્ર બનવામાં રહેલું છે. આ કારણે મારા ચિન્તનને નવા સંસ્કારો મળતા જ રહે છે, ચિત્ત મોટા ભાગે ઉર્ધ્વલક્ષી બની રહે છે. આ રીતે જે અનુભૂતિ અન્યને થઈ છે એવી અનુભૂતિ સમય પાકયે મારા સંવેદનના વિષય પણ બન્યા વિના નહિ રહે એવી શ્રદ્ધા હું સેવું છું.

તમારા બોલવામાં તેમ જ લખાણમાં બુદ્ધિની કાંઈક વધારે પડતી અવમાનના દેખાય છે. કોઈના ખીલે બંધાયાના વલણમાંથી તો આવી અવમાનના પેદા થઈ નહિ હોય એવો મને પ્રશ્ન થાય છે. અલબત્ત બુદ્ધિની અમુક મર્યાદા છે તે હકીકત મારા ખ્યાલ બહાર નથી. આપણે કેવળ ભાવવશ બનીને–લાગણીવશ બનીને–આમ તેમ ખેંચાઈ ન જઈએ, ખોટા ખીલે બંધાઈ ન જઈએ એની ચોકી કરવાનું કામ સદ્‌અસદ્ વિવેક દાખવતી બુદ્ધિનું છે એમ હું માનું છું અને તેથી મારે મન આત્મવિકાસમાં બુદ્ધિનું ઘણું મોટું સ્થાન છે.

સૌ. સાવિત્રીબહેનને મારા સ્નેહસ્મરણ અને પ્રણામ કહેશો. સ્વામી કૃષ્ણપ્રેમને કેટલાંક વર્ષો પહેલાં અડધો પોણો કલાક સાંજના સમયે મળેલો. એટલે તેમને મારું કશું પણ સ્મરણ હોવા સંભવ નથી. એમ છતાં કોઈ પણ ગુરુજન મારે મન વંદનીય છે. આ રીતે તેમને મારાં વંદન જણાવશો.

લે. તમારો પરમાનંદ

મીરતોલા, તા. ૧–૮–૬૫

**પ્રિય પરમાનંદભાઈ,**

તમારો તા. ૨૭મી જુલાઈનો સ્નેહભર્યો પત્ર મળ્યો હતો. આ પહેલાં તમારા પ્રેમાળ નિમંત્રણનો ઉત્તર તો મેં મોકલી દીધો છે. શ્રી કૃષ્ણપ્રેમ અને શ્રી માધવઆશિષ બન્ને નૈનીતાલ છે. શ્રી કૃષ્ણપ્રેમની તંબિયત ઠીક ન હોવાથી એઓ ડૉકટરની માવજત અને નજર હેઠળ સપ્ટેમ્બરની આખર સુધી નૈનીતાલ રોકાશે. એટલે હવે તો અમે ડિસેમ્બરની શરૂઆતમાં એ તરફ આવવા નીકળીશું.

હવે આપણે નિરાંતે મળીશું ત્યારે બુદ્ધિનાં સ્વરૂપ, સ્થાન અને સામર્થ્ય વિષે વિસ્તૃત વાતો કરીશું. મારાં વલણ કે અભિગમમાં બુદ્ધિ વિષે અનાદર કે અવમાનના નથી. પણ બુદ્ધિનું સાચું સ્વરૂપ અને એની પ્રક્રિયાના સમાગમમાં જાગૃત રીતે આવ્યા પછી એના વિકાસ અને ક્રમવિકાસ વિષે વધુ સમજણ પડતી જાય છે. એટલે બુદ્ધિને હું કેવળ સામાન્ય અર્થમાં કે રૂઢ ભાવમાં વાપરતો નથી. બુદ્ધિ જે મનની ક્રિયા છે તે મન વિષે પણ વધુ વિશદ ઓળખાણ અને એના functions and limitations વિષે ઊંડો અનુભવ થતો જાય છે.

આ રીતે વિચારબુદ્ધિ, પ્રબુદ્ધિ અને પ્રજ્ઞા એવાં એનાં સમુત્ક્રાંત સ્વરૂપો છતાં થતાં જાય છે. સદ્‌અસદ્ વિવેકની તમે જે વાત લખી છે તે વિવેકબુદ્ધિ સામાન્ય વિચારબુદ્ધિ નથી; પરંતુ અંતઃકરણના સેતુ પર થઈને પોતાના મૂળ સત્ત્વ મનસ્ સાથે હળતી મળતી અને રસાતી પ્રબુદ્ધિ છે. કેવળ વિચારબુદ્ધિ વધારે સ્વમાં રત હોય છે. પ્રબુદ્ધિ સ્વ અને સર્વ બન્નેમાં રમણ કરે છે. પ્રજ્ઞા વ્યક્તિમાં જે સર્વરૂપ છે એટલે મૂળ સ્વ–રૂપ છે તેમાં રોપાયેલી હોય છે. આ દૃષ્ટિએ સ્વમાં રત રહેતી વિચારબુદ્ધિની પ્રક્રિયા સ્વરક્ષિત હોવાને કારણે વધારે વિચ્છેદક અને ઓછી સંવાદક હોય છે. પ્રબુદ્ધિ સ્વ અને સર્વ બન્નેમાં વિહાર કરતી હોવાને કારણે કયારેક વિચ્છેદક અને કયારેક સંવાદક હોય છે અને તે બનતાં સુધી સમભાવે પ્રજ્ઞા તો અંતરાત્માની સખી અને સ્વજન હોવાને કારણે સર્વદા સંવાદક હોય છે.

અહંકાર વિચારબુદ્ધિનું પોતાના સંતોષને ખાતર વધુમાં વધુ Exploitation કરે છે. અહંકાર સ્વકેન્દ્રીત હોવાને લીધે સ્વ અર્થે એ પોતાની તેમ જ બીજાની પરવા કર્યા વિના ઉન્મત્ત રીતે વિહરે છે અને વિચરે છે. એટલે એની પ્રક્રિયા અને પ્રવૃત્તિ જીવનને બાંધવા કરતાં વધુ વિખેરે છે. પ્રબુદ્ધિ પૂરેપૂરી અહંકારની પકડમાં ન હોવાથી એ જીવનને બાંધવાની અને તોડવાની એમ બન્ને પ્રક્રિયા અને પ્રવૃત્તિમાં ભાગ લે છે. પ્રજ્ઞા કેવળ જીવનને બાંધનારી જોડનારી, એક કરીને એકાગ્ર કરવાની પ્રક્રિયા અને પ્રવૃત્તિમાં જ પોતાની કૃતાર્થતા માને છે.

આપણું સામાન્ય લોકજીવન માત્ર વિચારબુદ્ધિ અને તેય બહુ જ મર્યાદિત અને ગ્રહિત વિચારબુદ્ધિ વડે જડ, જક્કી અને પરંપરાગત સંસ્કારગત જીવન જીવ્યે જાય છે. એમાંથી છૂટા પડીને સારું ખોટું, સદ્‌અસદ્ વિચારનાર વ્યકિત 'સ્વ'ના બંધમાંથી છૂટીને સર્વના સ્પર્શથી અભિનવ મુકિત અનુભવીને બુદ્ધિને ભાવેન્દ્રિય સાથે પણ સમાગમ કરાવે છે અને એના આંશિક સ્વરૂપને ઓછું કરીને એમાં વધુ વિશાળતા અને ઊંડાણ લાવે છે. આ પ્રબુદ્ધિનું સ્વરૂપ વિકાસ પામે છે. એ અર્થ કરતાં મર્મને સ્પર્શે છે અને સેવે છે. આવા વર્ગમાંથી જ સર્જનાત્મક જીવનશીલ કલા, સાહિત્ય, સંસ્કૃતિ અને લોકધર્મની ઉપાસના કરનાર પ્રજ્ઞાસેવકો નીપજે છે અને આપ-ભોગના વૈશ્વાનિ વડે સ્વને સર્વમાં હોમીને પ્રજ્ઞાશીલ પુરોહિત બને છે. આ જ પરમ પ્રજ્ઞા પાછી સાધકને કે જીવનના ઉપાસકને આંતરયાત્રા તરફ વાળે છે અને એ આંતરયાત્રી પછી પોતાના મૂળ વતન ભણી પોતાના સ્વ–રૂપ તરફ યાત્રા આરંભે છે.

કેવળ વિચારબુદ્ધિ વસ્તુ અથવા વસ્તુસ્થિતિની માહિતી મેળવે છે. એ સ્થૂળ અને બાહ્ય ક્રિયા છે. પ્રબુદ્ધિ એ બન્ને વિષે સાચી સમજણ કેળવે છે. પ્રજ્ઞા સર્વ કંઈના મર્મને, મૂળ તત્ત્વને સાક્ષાત્ કરે છે. એટલે પ્રબુદ્ધિની પ્રક્રિયા બાહ્ય અને આંતરિક બન્ને છે. પરંતુ પ્રજ્ઞાની જિંદગી હંમેશા અંતર્મુખ અને સર્વમુખ હોવાથી એમાં સમગ્રતાનો પ્રકાશ હોય છે. જેમને સમગ્રતામાં રસ છે તેમને પ્રજ્ઞાને ખોળે ગયા વિના ચાલે એમ નથી. જેઓ આંશિક જીવનથી પ્રસન્ન છે તેમને માટે તો મર્યાદા પણ પછી સિદ્ધ બની રહે છે.

માત્ર વિચારબુદ્ધિ કહે તે માહિતી અથવા અનુમાન; કેવળ હૃદય કહે તે માન્યતા; પરંતુ જ્ઞાનેન્દ્રિય અને ભાવેન્દ્રિય બન્નેના સમાગમ અને સંવાદમાંથી જે જન્મે તે સમજણ. આ સમજણ વડે પ્રાપ્ત થયેલી અનુભૂતિમાંથી જેની નીપજ થાય છે તે શ્રદ્ધા. એક વાર શ્રદ્ધા પેદા થઈ એટલે પ્રજ્ઞાનો પાલવ પકડીને જ એ સાંત્વના પામવાની. શ્રદ્ધા અને પ્રજ્ઞાનો સમાગમ બન્નેને પરસ્પર અન્યવાળે છે, વ્યાપકતા અર્પે છે અને અંતરાત્મા સાથે ક્રિયાશીલ સહચાર આદરે છે. સાચું, સમગ્રતાવાળું, સંવાદી જીવન ત્યારે જ શરૂ થાય છે. આ સંવાદી જીવનની સાધના ધીરે ધીરે આત્મનિષ્ઠાને બાંધે છે ને સાધે છે. આવી લાંબી, એકધારી અને એકનિષ્ઠ સાધનાનો યાત્રી આત્માનો પ્રસાદ પામી સ્વ-રૂપ દ્વારા સર્વરૂપની–પરમ આત્માની–ઝાંખી કરે છે. સાધક ક્રમવિકાસની અને આત્મવિકાસની નીસરણીનું એક પગથિયું ચઢે છે ત્યારે એને બીજાં ઉપરનાં પગથિયાંની પ્રતીતિ થાય છે. આ પ્રતીતિ પછી આંતરયાત્રાનું ચઢાણ આકરું હોવા છતાં આંતરનિષ્ઠાના સામર્થ્ય અને શીલ વડે એ ચઢાતું જાય છે.

હવે તમે જોઈ શકશો કે બુદ્ધિ વિષે મારો અનાદર નથી. સાચી બુદ્ધિ–સર્વગ્રાહી, સર્વગામી, સર્વોદયી બુદ્ધિ–તરફ મારો પૂર્ણ આદર જ નહીં; પ્રેમભકિત પણ છે, એટલું જ નહીં એ પામવા જેવી વસ્તુ છે એવી અભીપ્સા પણ હું સેવું છું. આ અભીપ્સાને ક્રિયાશીલ બનાવી જેમણે એ પ્રાપ્ત કરી છે એવી વિભૂતિને ચરણે અનુભૂતિશીલ શ્રદ્ધા વડે બેસવું એવી સ્થિતિને ખીલે બંધાવું નહીં, પણ પોતાને સ્થાને બેસવું કહીએ તો એ વધારે સાચું અને સમુચિત ગણાશે.

ચર્ચા મને ગમતી નથી. એટલે દલીલ ખાતર આ બધું નથી લખ્યું. જીવનમાં જે બન્યું છે ને બને છે તેને આધારે જે કંઈ જોયું અને સમજાયું તે પ્રેમપૂર્વક વિનમ્રભાવે તમારી આગળ પ્રગટ કરું છું.

કુશળ હશો. વિજ્યાબહેન અને રસિકભાઈ વગેરે સ્નેહીજનોને સ્મરણ, સાવિત્રી આપ સૌને સંભારી યાદ લખાવે છે.

**સ્નેહપૂર્વક કિસનસિંહના નમસ્કાર**

# મુનિશ્રી સંતબાલજીની વિલક્ષણ વિચારધારા

તા. ૧-૬-૬૫ ના વિશ્ર્વવાત્સલ્યમાં 'પ્રાસંગિક નોંધ' એ શિર્ષક નીચે પ્રગટ થયેલી એક નોંધમાં મુનિ સન્તબાલજી નીચે મુજબ જણાવે છે –

### લોકશાહીમાં બેવડી જવાબદારી

"લોકશાહીમાં પત્રકારત્વ અને જાહેર સેવકોની બેવડી જવાબદારી છે. એક બાજુથી તેણે સરકારનાં બધાં અંગો (૧) વહીવટી તંત્ર (૨) ધારાસભા - લોકસભા - સુધરાઈઓ અને (૩) ન્યાયતંત્રને સાવધાન રખાવવાનાં છે તેમ બીજી બાજુથી જે છાપાંઓ પરરાષ્ટ્રલક્ષી તત્ત્વોના હાથમાં રમી જઈ દેશદ્રોહી વલણ લે છે, તેમને તથા તેવા જાહેર સેવકોને પ્રજા આગળ છતા કરી દેવાના છે. શ્રી રાજાજી આમ ભલે સ્વતંત્રપક્ષના સ્થાપક અને નેતા ગણાય, પણ તેઓની જાહેર સેવક તરીકેની ગણના હજુ પરવારી નથી. એટલે ભાષાપ્રશ્નમાં તેમણે જે અનહદ સંકીર્ણતા બતાવી તેને પત્રકારત્વે જેટલી ઉઘાડી પાડી તેટલી જાહેર સેવકો ઉઘાડી પાડી ન શક્યા. અલબત્ત સંત વિનોબાએ વ્યક્તિગત રીતે ભાષાપ્રશ્નમાં જે સમયજ્ઞપણું બતાવ્યું, તેની સુખદ નોંધ લેવી જ જોઈએ, પણ નાગા પ્રકરણમાં અને શેખ પ્રકરણમાં વિશેષે કરીને શ્રી જયપ્રકાશજીએ જે વલણ જાહેર કર્યું અને રાજાજી પણ શેખ પ્રકરણમાં જે વલણ દર્શાવી રહ્યા છે તે વિષે દુ:ખપૂર્વક કહેવું પડે છે કે, સંત વિનોબા સહિત જાહેર સેવકોએ પ્રજા આગળ તેઓને યથાર્થરૂપે હજુ છતા કર્યા નથી. સંગઠિત રીતે મળીને જાહેર સેવકોએ આવે વખતે પોતાનો પ્રભાવ બતાવવો જ રહ્યો. એટલું ખરું કે પત્રકારત્વ કહીને બેસી જાય છે ત્યારે જાહેર સેવકોથી કહી રહીને બેસી ન શકાય. તેઓએ તો સામૂદાયિક અહિંસક પ્રયોગો દ્વારા તેવાઓને ઠેકાણે પણ લાવવા જ જોઈએ, કે જેથી પરરાષ્ટ્રના કાવાદાવાના હાથા ચોખ્ખે ચોખ્ખા બનતા પહેલા જ તેઓ ઊગરી જાય. લોકશાહીમાં ય ભારતીય લોકશાહીની જવાબદારી ઘણી વિશાળ છે. અહિંસાની રક્ષા કરતાં કરતાં અને તેને આગળ વધારતાં વધારતાં તેણે સામ્યવાદ અને સંસ્થાનવાદ બન્નેને જડમૂળથી દૂર કરી મૂકવાના છે. એટલે જ સેવકો અને સંતોનું મહત્ત્વ જગતમાં સૌ કરતાં ભારતમાં ઘણું ઘણું વિશેષ છે. આશા છે કે તેઓ દીર્ઘ વિચાર કરીને જરૂર નિભાવશે."

મુનિ સન્તબાલજીની આ વિચિત્ર જેવી લાગતી નોંધને અનુલક્ષીને ભૂમિપુત્રના તંત્રીએ તા. ૧૬-૬-૬૫ ના ભૂમિપુત્રમાં એક સુન્દર અને સચોટ વિવરણ કર્યું છે. મુનિ સન્તબાલજીની વિચારવિકૃતિનું તેમાં વિશદ વિશ્લેષણ કરવામાં આવ્યું છે. તે વિવરણ નીચે મુજબ છે :–

### અનુચિત ઊહાપોહ

દેશદ્રોહી શબ્દ જલદ છે, અને તેમાંયે વરસોની ગુલામીની ધૂંસરીમાંથી મુકત થયેલ નવોદિત સ્વતંત્ર દેશોમાં તો આ શબ્દ વિશેષ જલદતા ધારણ કરે છે. ગુલામીની જંજીરોને તોડવાની સર્વસામાન્ય રાષ્ટ્રીય આકાંક્ષા સાથે તાલ ન મેળવી શકનારા સામે તેમ જ પોતાના સંકુચિત ક્ષુદ્ર સ્વાર્થ ખાતર દેશહિતને વેચવા તૈયાર થયેલા સામે દેશનો રોષ ભભૂકી ઊઠે એ સાવ સ્વાભાવિક છે. પરંતુ ગુલામીકાળમાં દેશહિત જેટલું સ્પષ્ટ અને નિર્વિવાદપણે દેખાઈ આવે એવું હોય તેટલું સ્વાતંત્ર્યપ્રાપ્તિ બાદ ન રહે. ગુલામીમાંથી મુકિત એ સર્વસંમત દેશહિત. તેનાથી વિપરીત વલણ તે દેશદ્રોહ. પરંતુ સ્વતંત્ર રાષ્ટ્રના નિર્માણ ને દોરવણીની બાબતમાં આવી નિર્વિવાદિતા ન સંભવે. એટલે દેશહિત શેમાં છે અને દેશદ્રોહ કોને કહેવો, એ આંખ મીંચીને બોલવાના સૂત્રનો નહીં, પણ સૂક્ષ્મ વિવેકનો પ્રશ્ન બની જાય છે.

એ દુ:ખની વાત છે કે આજે આપણે ત્યાં આવો વિવેક જળવાતો નથી. સામૂહિક ઊભરાથી ભિન્ન વલણ લેવાયું કે તેને દેશદ્રોહ ઠેરવી દેવામાં આવે છે. રાષ્ટ્રવાદની ઝમરી આંખોને એવી આંધળી બનાવી મૂકે છે કે સમ્યક્ ને વિવેકી દર્શન શક્ય બનતું નથી. એટલેસ્તો કાકા કાલેલકરને થોડા વખત પહેલાં લખવું પડેલું કે, 'રાજાજી અને જયપ્રકાશ જેવા આજન્મ નિષ્ઠાવાન રાષ્ટ્રસેવકો વિશે કયારેક કયારેક જે અનિચ્છનીય શબ્દો કહેવામાં આવે છે, એ જોઈને ખૂબ જ દુ:ખ થાય છે.'

'વિશ્ર્વવાત્સલ્ય'માં મુનિશ્રી સંતબાલજી લખે છે: ... 'દેશદ્રોહી વલણ લેનારાઓને પ્રજા આગળ છતા કરી દેવાના છે... નાગા પ્રકરણમાં અને શેખ પ્રકરણમાં વિશેષ કરીને શ્રી જયપ્રકાશજીએ જે વલણ જાહેર કર્યું અને રાજાજી પણ શેખ પ્રકરણમાં જે વલણ દર્શાવી રહ્યા છે તે વિશે દુ:ખપૂર્વક કહેવું પડે છે કે સંત વિનોબા સહિત જાહેર સેવકોએ પ્રજા આગળ તેઓને યથાર્થરૂપે હજુ છતાં કર્યા નથી... જાહેર સેવકોએ માત્ર કહીને બેસી ન રહેવાય, એમણે તો સામૂદાયિક અહિંસક પ્રયોગો દ્વારા તેવાઓને ઠેકાણે પણ લાવવા જ જોઈએ.'

આ વાંચીને થયું, 'મીઠું જ પોતાની ખારાશ ગુમાવશે ...' આ દેશદ્રોહની બાબત શાંતિથી વિચારવા જેવી છે. અમુક પ્રશ્ન ઊભો થયો તો વાસ્તવમાં દેશહિત શેમાં છે, તેની મુકત ચર્ચા - વિચારણા માટે અવકાશ ખરો કે નહીં? જ્યાં મતભેદ ઊભો થયો ત્યાં જો આપણે દુશ્મનાવટ જ જોવા લાગીશું તો રાષ્ટ્રીય એકતા શી રીતે ટકશે? આવી અસહિષ્ણુતા અને અનુદારતા તો અત્યંત વિઘાતક નીવડે. આપણને અણગમતો અને આપણાથી વિપરીત મત કોઈ વ્યક્ત કરતું હોય તો તે પણ કદાચ આપણી જેમ જ દેશભકિત ને કર્તવ્યભાવનાથી પ્રેરાઈને જ વ્યક્ત કરતું હશે, એટલો વિશ્ર્વાસ પણ આપણે આપણા દેશબંધુ પર, માનવબંધુ પર ન રાખીએ?

અને આપણે રશિયા–ચીન તો ઠીક પણ યુગોસ્લાવિયા જેવું યે કરવું છે કે વિપરીત મત વ્યક્ત કર્યો કે જિલાસ અને મિહાજલોવને તુરંગમાં ધકેલી દીધા? આપણે તો લોકશાહીનો આદર્શ આપણી સામે રાખ્યો છે. નીતિવિષયક બાબતમાં ભિન્ન ભિન્ન મતોની મુકત છણાવટ, એ જ શું લોકશાહીનું પ્રાણતત્ત્વ નથી? સુએઝના પ્રશ્ન વખતે ઈંગ્લાંડમાં સરકારની નીતિની બિલકુલ વિરુદ્ધ મતો જાહેરમાં જે રીતે વ્યક્ત થયેલા, તે જ તો લોકશાહીનું હાર્દ છે. ત્યારે કોઈએ વિપરીત મત વ્યક્ત કરનારાઓ સામે ત્યાં દેશદ્રોહનું બુમરાણ નહોતું મચાવ્યું અને આજેયે ખુદ અમેરિકામાં જોનસનની વિએટનામની નીતિનો જાહેરમાં વિરોધ થાય છે. પરંતુ દેખાવો કરનાર એ વિદ્યાર્થીઓને કે આકરી ટીકા કરનાર વૉલ્ટર લિપમેનને ત્યાં કોઈ દેશદ્રોહી કહી ભાંડતું નથી. આપણે ત્યાં હજી આવું વિચારસ્વાતંત્ર્ય જીરવી નથી શકાતું, એ આપણી લોકશાહીની પુખ્તતા ને શાણપણનો અભાવ જ સૂચવી જાય છે.

થોડા વખત પહેલાં એક મિત્રે લખેલું, 'બૂંગિયો વાગ્યા પછી ઓના જ તાનમાં નાચનારને બીજું નથી સૂઝતું.' આપણે ત્યાં હમણાં આવી હાલત ઘણી વાર જોવા મળે છે. સંકીર્ણ રાષ્ટ્રવાદના વાવાઝોડામાં આપણે ભૂલી જઈએ છીએ કે આપણી દેશભકિતયે ગાંધી-ટાગોરના દેશબંધુઓને શોભે એવી હોવી જોઈએ. નાગભૂમિની જ વાત લઈએ તો ગાંધીએ તો સ્વરાજ્ય બાદ એમને મળવા ગયેલ નાગ–પ્રતિનિધિમંડળને કહેલું, 'સ્વતંત્રતાનો અધિકાર જેટલો ભારતને છે એટલો જ તમને પણ છે. જો કદી ભારત તમારી સ્વતંત્રતાની વચ્ચે આવશે તો ભારતીય બંદૂકની સામે સૌ પ્રથમ હું મારી છાતી ધરીશ.' દાદા ધર્માધિકારી દેશભકિત અને રાષ્ટ્રીયતા વચ્ચેનો ભેદ બતાવે છે તે સમજવા જેવો છે. જમીન ઉપર જ નહીં, જમીન ઉપર વસનારા માનવીઓ ઉપર પણ પ્રેમ રાખીશું ત્યારે જ એવી માનવનિષ્ઠ રાષ્ટ્રીયતા આપણને ગાંધીના દેશવાસીઓ કહેવડાવવાને લાયક બનાવશે.

બીજો એક ભ્રમ પણ ભાંગવા જેવો છે. કોઈ પણ સંગઠન કે દેશનું બળ તેની ઢાંચાઢાળ એકરૂપતા (conformism) માં છે એ એક બહુ મોટો ભ્રમ છે. એવી ચુસ્તતા ને ગતાનુગતિકતા એ તો

મડદાનું ને જડ વસ્તુનું લક્ષણ છે. જીવંત ને ચેતનવંતુ સંગઠન તો એ છે જેમાં વિવિધ વિચારોને મુક્તપણે વ્યક્ત થવાનો અનિર્બંધ અવકાશ હોય. રાષ્ટ્રીય પ્રશ્નો અંગેના આવા ભિન્ન ભિન્ન પ્રામાણિક વિચારોની અભિવ્યક્તિને દેશદ્રોહનું બૂમરાણ મચાવીને રૂંધવી એ રાષ્ટ્રીય આપઘાત વહેરી લેવા જેવું છે.

* * *

આ સંબંધમાં તા. ૬-૭-૬૫ના ભૂમિપુત્રમાં શ્રી પ્રબોધ ચોકસીનો એક લાંબો પત્ર પ્રગટ થયો છે. તેમાં એમ જણાવવામાં આવ્યું છે કે મુનિ સંતબાલજીનું વાંચન ગુજરાતી સામયિકો પૂરતું મર્યાદિત છે અને ગુજરાતી સામયિકોમાં નાગાલેન્ડની પરિસ્થિતિ વિષે બહુ ઓછી માહિતી પ્રગટ થાય છે અને તેથી નાગાલેન્ડ જેવા પ્રશ્નના સંદર્ભમાં શ્રી જયપ્રકાશજી વિષે મુનિશ્રી એવું જે કાંઈ લખે છે તે પાછળ તે તે બાબતોને લગતી માહિતીનો તેમનામાં અભાવ હોવાનું સંભવે છે. આમ છતાં પણ એ પત્રના છેડે તેઓ નીચે મુજબ તાજે કલમ ઉમેરે છે:–

"દિલ્હીમાં થોડા મહિના પહેલાં એક સભામાં શ્રી મોરારજીભાઈએ લોકશાહી માટે જરૂરી એવી વાણીથી શિસ્તનો ઉત્તમ નમૂનો પૂરો પાડેલો તે યાદ આવે છે. કોઈકે જે. પી. (એટલે કે જયપ્રકાશ નારાયણ)ને દેશદ્રોહી કહ્યા. મોરારજીભાઈએ તપીને કહ્યું કે જો જે. પી. દેશદ્રોહી હોય તો આપણામાંથી કોઈ દેશપ્રેમી નથી. એમની નીતિ સાથે આપણે સંમત ન હોઈએ, પણ તેથી તેમની દેશભક્તિ વિષે શંકા ન ઉઠાવાય. મુત્સદ્દી પણ આટલું સમજે છે. 'વસિષ્ટ સત્તા'એ તો એથી વધુ જ સમજવું રહ્યું."

આ વિગતો ઉપરથી આપણા મનમાં એવી સહજ અપેક્ષા ઊભી થાય કે આ બધાં ટીકા ટીપ્પણો વાંચીને પોતાથી થઈ ગયેલા આવા શોચનીય વચનાતિરેક અંગે મુનિશ્રીને કાંઈક પ્રશ્ચાત્તાપ થયો હશે અને તે પશ્ચાત્તાપનું કાંઈક સૂચન પછીના 'વિશ્ર્વવાત્સલ્ય'ના અંકોમાંથી આપણને વાંચવા મળશે. આવા હેતુપૂર્વકનો પ્રશ્ન તેમના જાણીતા અન્તેવાસી અને ભાલનળકાંઠા પ્રયોગ પ્રવૃત્તિના પાયાના કાર્યકર શ્રી અંબુભાઈએ તા. ૧૬-૭-૬૫નાં વિશ્ર્વવાત્સલ્યમાં પ્રગટ થયેલ છે તે મુજબ તેમની સમક્ષ રજુ કર્યો હતો. શ્રી અંબુભાઈએ પૂછાવ્યું હતું કે, "વિ.વા.માંના તા. ૧-૬-૬૫ ના અંકમાં પ્રાસંગિક નોંધમાં 'લોકશાહીની બેવડી જવાબદારી' નોંધ ઉપર ભૂમિપુત્રે ટીકા કરી છે....'વિશ્ર્વવાત્સલ્ય'ની નોંધ ફરીથી વાંચતા એક વસ્તુ વિચારવા જેવી નથી લાગતી? આપની નોંધમાં 'તેવા જાહેર સેવકોને પ્રજા આગળ છતા કરી દેવાના છે... જેથી પરરાષ્ટ્રના કાવાદાવાના હાથા ચોખ્ખે ચોખ્ખા બનતા પહેલાં જ તેઓ ઊગરી જાય...' આમાં એવો અર્થ નીકળી શકે ખરો કે, 'શ્રી જયપ્રકાશ નારાયણ પરરાષ્ટ્રના હાથા બનીને દેશદ્રોહી વલણ લે છે.' આ તેમની નિષ્ઠા માટે માટે શંકા લાવવા જેવું ન ગણાય? તેમના મન્તવ્યો સાથે સંમત ન થઈએ, પરંતુ ઉપરની નોંધમાં 'તેમને છતા કરવા જોઈએ' એ શબ્દો ઘણા ભારે નથી લાગતા? જાણે કે તેઓ સભાનપણે હાથા બની રહ્યા હોય એવું માની લઈને આ નોંધ થઈ છે..."

આનો મુનિશ્રી સંતબાલજીએ પોતાની ચાલુ પદ્ધતિ મુજબ અટપટી અને ગોળગોળ અને જલ્દિ ન સમજાય એવી ભાષામાં લાંબો જવાબ આપ્યો છે જે અહીં ઊતારવાની જરૂર નથી. પણ એ જવાબના સાર રૂપે માત્ર એટલું જ જણાવવાનું છે કે તેમાં મુનિશ્રીએ ગાંધીજીને આગળ ધરીને પોતાના વિવાદાસ્પદ બનેલ લખાણનો કેવળ બચાવ જ કર્યો છે.

રાજાજી કે જયપ્રકાશજી વિષે મુનિશ્રીને ઉપર મુજબ લખતા કે વિચારતાં જોઈ જાણીને કોઈને પણ દુ:ખ થયા વિના નહિ રહે, પણ જેઓ તેમના વિચારો તેમ જ વલણોથી સુપરિચિત છે તેમને મુનિશ્રીના આ વિચારો વાંચીને આશ્ચર્ય પામવાનું કોઈ કારણ નથી. તેઓ આજ સુધી જે કાંઈ ગોળગોળ રીતે વિચારતા હતા અને લખતા હતા તે જ બાબત આજે તેમણે સ્પષ્ટ રૂપમાં રજુ કરી છે. ભારતની લોકશાહી અને કૉંગ્રેસસંસ્થા વિષે તેમના વિચારો તે અંગેની પ્રચલિત વિચારણાથી એકદમ ભિન્ન પ્રકારના છે. 'વિશ્ર્વવાત્સલ્ય' ૧૯ વર્ષથી ચાલતું તેમના વિચારપ્રચારનું પાક્ષિક મુખપત્ર છે. મહારાજશ્રી બહુલક્ષી પ્રજ્ઞા ધરાવતા હોઈને દેશનો ભાગ્યે જ એવો કોઈ પ્રશ્ન હશે કે જે વિષે તેઓશ્રીએ પોતાના વિચારો પોતાના આ પાક્ષિક પત્રમાં રજુ કર્યા ન હોય. ગાંધીજીના વિચારોના તેઓ પોતાની જાતને અધિકૃત ભાષ્યકાર માને છે. કૉંગ્રેસને અને તે દ્વારા સંચાલિત ભારત સરકારને માર્ગદર્શન આપતા રહેવું તેને ભારતના એક વિશિષ્ટ કોટિના સંત તરીકે તેઓશ્રી પોતાનો અનિવાર્ય ધર્મ માને છે. તેઓ કૉંગ્રેસને માત્ર ભારતની જ નહિ પણ આખા વિશ્ર્વની એક અજોડ સંસ્થા માને છે અને ગાંધીજીના આશીર્વાદ પામેલી અને તેમના માર્ગદર્શન નીચે ઘડાયેલી તથા સત્ય અને અહિંસાને વરેલી કૉંગ્રેસના શિરે ભારતનું નવઘડતર કરવાની જવાબદારી તો રહેલી જ છે, એટલું જ નહિ પણ, વિશ્ર્વમાં સ્થાયી શાન્તિ સ્થાપવાની જવાબદારી પણ કૉંગ્રેસની જ છે. આ કારણે, તેમનું એમ માનવું છે કે, આપણા દેશમાં કૉંગ્રેસની સમકક્ષાનો બીજો કોઈ રાજકીય પક્ષ હોવો જ ન જોઈએ. અન્ય જે કોઈ પક્ષો હોય, જૂથો હોય, મંડળો હોય તેમણે કૉંગ્રેસના પ્રેરક અથવા પૂરક બનવું જોઈએ. તેની હરિફાઈમાં ઉતરીને સત્તાસ્થાન ઉપર આવવાનો અન્ય કોઈ પક્ષે કદિ પણ વિચાર કરવો ન ઘટે. કૉંગ્રેસ વિષે આવી તેમની એકાંગી માન્યતા છે અને તેથી આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રને સ્પર્શતી અને ભારતની સાર્વભૌમતા સાથે સંબંધ ધરાવતી રાજકીય બાબતો અંગે જેઓ કૉંગ્રેસના સૂર સાથે સુર પુરાવતા ન હોય, એટલું જ નહિ પણ, એક યા બીજા પ્રસંગે કૉંગ્રેસને પડકારતા હોય તેવા પક્ષો કે તેવી વિશેષ વ્યક્તિઓ તેમની નજરમાં દેશદ્રોહી દેખાય અથવા તો તેમના વિષે તેમની તે પ્રકારની માન્યતા બંધાય તે સ્વાભાવિક છે.

દેશને આઝાદી મળી તે પહેલાં, આઝાદીની પ્રાપ્તિ એ જ આખા દેશનું અનન્ય ધ્યેય હતું અને તેથી એ ધ્યેયની પ્રાપ્તિમાં રૂકાવટ કરતાં બળોને દેશદ્રોહી બળો તરીકે ઓળખવામાં કે ઓળખાવવામાં એ સમયના ઉદામ વાતાવરણ વચ્ચે આપણને કશું અજુગતું લાગતું નહોતું. પણ આઝાદી મળ્યા બાદ અને દેશમાં સરમુખત્યારશાહી નહિ પણ લોકશાહીની સ્થાપના થયા બાદ, દેશની નવરચના અંગે ભિન્નભિન્ન વિચારસરણી ઊભી થાય અને તે કારણે કૉંગ્રેસને સમાન્તર એવા અન્ય રાજકીય પક્ષોનો ઉદય થાય અથવા તો કૉંગ્રેસની વિચારસરણીથી અન્યથા વિચારતી વ્યક્તિઓ પેદા થાય એ સ્વાભાવિક છે. પછી કૉંગ્રેસ ભલેને ગમે તેટલું વર્ચસ્વ ધરાવતી સંસ્થા હોય તો પણ દેશમાં તેનું સ્થાન અનેક રાજકીય પક્ષોમાંના એક પક્ષ તરીકે જ હોઇ શકે. આ વાસ્તવિકતા મુનિ સંતબાલજીને સ્વીકાર્ય નથી એમ હું સમજ્યો છું.

આઝાદી પ્રાપ્ત થયા બાદ આજસુધી કૉંગ્રેસનું એકચક્રી રાજ્ય ચાલ્યું છે, કારણ કે તેનું સ્થાન લઈ શકે છે તેવો સમર્થ બીજો કોઈ રાજકીય પક્ષ દેશમાં હજુ સુધી ઊભો થયો શક્યો નથી. પણ આવી વસ્તુસ્થિતિ લોકશાહીની દૃષ્ટિએ દેશનું સદ્‌ભાગ્ય નહિ પણ દુર્ભાગ્ય છે. આ કારણે દેશમાં લોકશાહી તેના પૂરા અર્થ અથવા ખરા અર્થમાં પાંગરી શકી નથી. આવા લાંબા એકચક્રી શાસનને લીધે કૉંગ્રેસ સત્તાપ્રમત્ત બનતી ગઈ છે, તેનામાં શિથિલતા વધતી ગઈ છે અને તેના અંગઉપાંગમાં સડો વધતો જાય છે. આવો લગભગ સર્વસ્વીકૃત અભિપ્રાય છે.

પણ મુનિ સંતબાલજી કૉંગ્રેસ વિષે આ રીતે વિચારતા નથી. તેમને મન તો કૉંગ્રેસ દેશની એક અને અજોડ એવી 'માતૃસંસ્થા' છે,

જેના ચરણે રાજકારણ પૂરતું આપાણું સર્વસ્વ સમર્પિત કરવું જોઈએ અને જેના આદેશોનું સર્વ કોઈ ભારતવાસીઓએ વફાદારીપૂર્વક અનુસરણ કરવું જોઈએ. આ દૃષ્ટિએ જે વિચારતું હોય તેના માટે, કૉંગ્રેસ સમક્ષ જો કોઇ વ્યકિત માથું ન ઝુકાવે અને રાજકરણના ક્ષેત્રે કૉંગ્રેસની નીતિ સાથે વિસંવાદી હોય એવા વિચારો દર્શાવે તો તેવી યકિતને દેશદ્રોહી લેખવા સિવાય બીજો કોઈ વિકલ્પ રહેતો નથી.

આ બધું છતાં પણ, મુનિ સંતબાલજી એક જૈન સાધુ છે. તેમના સાધુત્વ સાથે આવી રાજકારણી અભિનિવેશયુકત પ્રરૂપણા સુસંગત લાગતી નથી. પણ કમનસીબે પક્ષીય રાજકરણ સાથે એકરૂપતા સેવતી વ્યકિત—પછી તે ગૃહસ્થ હોય કે સાધુસંત—પક્ષીય પરિભાષાની કટુતાથી મુકત રહી શકતી નથી. ગુજરાતના નામી કૉંગ્રેસી શ્રી ઠાકોરભાઈ દેસાઈ તો મુનિશ્રીને પોલીટીકલ સંન્યાસી તરીકે જ ઓળખે છે. આ ઉપરથી સાધારણત: એવી માન્યતા પ્રવર્તે છે કે સાધુસંતે રાજકારણથી અલગ રહે એ વધારે ઈચ્છવાયોગ્ય છે. આમ છતાં પણ આજના સમયમાં જેના દિલમાં વિશાળ સમાજના સુખદુ:ખ અંગે તેમ જ ઉત્કર્ષ-અપકર્ષ અંગે ઊંડી સંવેદના છે તેવી વ્યકિત રાજકારણથી તદ્દન અલગ—પરાંડ.મુખ—રહે એ શકય નથી, કારણ કે રાજકારણ સાથે આજના માનવીનું વર્તમાન અને ભાવી ગાઢપણે સંકળાયેલું છે. તેથી રાજકારણથી વાકેફ રહેવું તે તેના માટે અનિવાર્ય બને છે. પણ રાજકારણથી વાકેફ રહેવું એ એક બાબત છે; તેના રંગે રંગાયલા રહેવું એ બીજી બાબત છે. જરૂરી બધું જાણતા રહેવું અને છતાં બને તેટલા તટસ્થ રહેવું અને રાગદ્વેષ મુકત રહીને જરૂરી હોય એટલું માર્ગદર્શન આપવું—વર્તમાનમાં રસ ધરાવતા સાધુસંતો માટે આવો માર્ગ જ હોઈ શકે.

આ લેખના પ્રારંભમાં ટાંકવામાં આવેલા મુનિશ્રી સંતબાલજીના ઉદ્‌ગારોમાં આવી અપેક્ષિત તટસ્થતા નજરે પડતી નથી અને આવો અપેક્ષિત સંયમ અને વિવેક અનુભવગોચર થતો નથી.

પરમાનંદ

## શ્રી ગુજરાતી કેળવણી મંડળ—માટુંગા દ્વારા યોજાયેલી વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ

| વ્યાખ્યાતા | વિષય |
|---|---|
| પ્રિન્સિપાલ રામજોષી | શિક્ષાક્ષેત્રની સમસ્યાઓ |
| પ્રાધ્યાપક મધુકર રાંદેરીઆ | સરદાર પટેલ : ભારતનો લોખંડી પુરુષ |
| પ્રિન્સીપાલ અમૃતલાલ યાજ્ઞિક | લોકસાહિત્યની ખુબી |
| રેવરન્ડ ફાધર વિલિયમ્સ | રાષ્ટ્રીય ભાવાત્મક એકતા |
| પ્રાધ્યાપિકા ઈદા આરબ મહેતા | વર્તમાન પરિસ્થિતિ અને ધર્મ |
| પ્રાધ્યાપક ક્રસનદાસ માણેક | યજ્ઞની ભાવના |
| પ્રાધ્યાપક નલીન ભટ્ટ | ભારતની કલ્પનાનું સર્વશ્રેષ્ઠ શિક્ષણ |
| શ્રી ખીમચંદ મગનલાલ વોરા | શિક્ષણના નૂતન પ્રવાહો |
| શ્રી વાડીલાલ ડગલી | લોકશાહી આયોજન |
| સ્વામી ઓંકારાનંદજી | મનુષ્ય બનો |

## રાષ્ટ્રીય તેમ જ આન્તરરાષ્ટ્રીય રાજકારણ

સપ્ટેમ્બરની ૧૧મી તારીખ શનિવારે સાંજે ૬ વાગ્યે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે સંઘના કાર્યાલયમાં (૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩) શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ 'રાષ્ટ્રીય તેમ જ આન્તરરાષ્ટ્રીય રાજકારણ' એ વિષય ઉપર જાહેર વ્યાખ્યાન આપશે. આ વિષયમાં રસ ધરાવતાં ભાઈબહેનોને આ વ્યાખ્યાનનો લાભ લેવા વિનંતિ છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

## વિષયસૂચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| બુદ્ધિ, પ્રબુદ્ધિ, પ્રજ્ઞા | કિસનસિંહ ચાવડા | ૮૫ |
| મુનિશ્રી સન્તબાલજીની વિલક્ષણ વિચારધારા | પરમાનંદ | ૮૭ |
| સમૂહવીરનું કરુણ આત્મસંબોધન | રતુભાઈ દેસાઈ | ૮૯ |
| ભૂન ર્ણ અસ્પૃશ્યો | અનુ. મહેન્દ્ર દેસાઈ | ૯૦ |
| સંઘના કાર્યાલયમાં કાકાસાહેબ સાથે વાર્તાલાપ | | ૯૧ |


# સમૂહવીરનું કરુણ આત્મસંબોધન

[સ્વર્ગીય શ્રી જવાહરલાલ લોકસમૂહના આશક અને ભોગી હતા. માનવસમૂહને જોઈ તેઓ પારાવાર પ્રફુલ્લિત થતા. સમૂહને જોઈ તેઓ શ્રેષ્ઠ આનંદ અને ઉચ્ચ અનુભૂતિ અનુભવતા. તેમ છતાં, તેમની લગાતાર વ્યવસાયરત ક્ષણોમાં. વારંવાર તેઓ કારમી એકલતા અને કરુણ અસહાયતા પણ અનુભવતા.

શ્રી જવાહરલાલના એ સ્થિતિચિત્રનું વર્ણન અને દર્શન નિમ્ન ગદ્યખંડમાં કંઈક જોવા મળે છે. સંપાદક.]

ક્યારેક જલધિજલના તરંગદલસમાં ઊછળતાં,
અને ક્યારેક પીપિલિકાનાં દળસમાં ઊભરાતાં,
શત સહસ્ર જનસમૂહમાં હું સદા વિચરું છું.

તેઓ મને નાના પ્રકારે અભિવંદે છે.
હેતના ગુલાલ અને સ્નેહનાં અબીલથી મને રંગે છે.
અને પુષ્પોની માળાથી મારી પરિચર્યા કરે છે.

સ્મિતોનાં અક્ષતોથી અને નયનોનાં કંકુથી મને નવાજે છે,
અને વળી, ઉચ્ચોચ્ચ સ્વરે મારા જયધ્વનિ ગજાવી,
ક્યારેક ક્યારેક તો ગગનના ચંદરવાને પણ જાણે ભેદી નાખે છે.

અને એ ક્ષણે મને કોઈક અનેરી અનુભૂતિ સાકૃત થાય છે.
ને હું જોઉં છું કે
લક્ષ લક્ષ હૃદયસિંહાસનો પર મારું આસન અવિચલ છે,
અને અસાંખ્ય અંતરોના અંતસ્તલમાં,
મારું સ્મરણ અને સંચલન છે.

અને એમ છતાં,
જ્યારે મોડી રાતે,
લોકસમૂહ વચ્ચેથી નિવૃત થઈને
ઘડીભરની વિશ્રાંતિ માટે મારા નિવાસના એકાંત આગારમાં
પ્રવેશું છું,

ત્યારે હું શું અનુભવું છું ?

—ત્યારે હું અનુભવું છું કે
આ અફાટ, અમર્યાદ, વિસ્તૃત, અપરિમિત,
માનવસમૂહ મધ્યે છું,
અને વારંવાર સમૂહથી વીંટળાયલો છું,
છતાં જાણે એકાકી છું,
અટૂલો છું,
સખા અને સખ્યવિહીન છું.

અને ત્યારે,
મારી એકલતા મારાં મર્માન્તરને વીંધી જાય છે.
એકલતા, અસહાયતા અને અપંગતાની
શાહુડીનાં પીંછાં મારા મસ્તિષ્કને ભેદે છે.

શતસહસ્ર જનગણનાં હાસ્ય અને અભિનંદન,
અને જયધ્વનિ પામતો છતાં,
હું, શૂન્યતાના સાગરના એક બિન્દુસમો મને ભાળું છું.
અરે ! મારાં અશ્રુ પણ મારાં નથી,
અને હું ખુદ એક અશ્રુબિંદુ જેવો પણ રહ્યો નથી !
હાય રે! કેવી છે ?
મારી આ કરુણ એકલતા, કારમી અસહાયતા અને મૂગી
અકથ્ય વેદના !

રતુભાઇ દેસાઇ

# ભૂતપૂર્વ અસ્પૃશ્યો

(હેરલ્ડ ઈસાક્સ કૃત 'ઈન્ડીઆઝ એકસ-અનટચેબલ્સ' નામક પુસ્તકના અવલોકનનો 'ઈકોનોમિક વીકલી' પરથી ટૂંકાવીને 'મિલાપ'માં પ્રગટ કરવામાં આવેલો લેખ સાભાર ઉદ્‌ધૃત.)

ભારતની સ્વાધીનતાનાં પ્રારંભિક વરસો દરમિયાન તેના ભણેલા ભૂતપૂર્વ અસ્પૃશ્યોની હાલતમાં શા ફેરફાર થયા છે તે જાણવા આ ચોપડીના અભ્યાસી લેખક ૧૯૬૩ની શરૂઆતમાં આ દેશની મુલાકાતે આવેલા. 'ભૂતપૂર્વ' અસ્પૃશ્ય શબ્દ લેખક વાપરે છે. કારણ, તેઓ કહે છે કે, ભારતે હકીકતમાં ભલે નહિ પણ કાયદાની પોથીમાં તો અસ્પૃશ્યતા નાબૂદ કરેલી છે.

લેખકનો હેતુ સીધો સાદો હતો: ભૂતપૂર્વ અસ્પૃશ્ય વિદ્યાર્થીઓ, શિક્ષકો, અમલદારો, ધંધાદારીઓ અને રાજકારણીઓમાંથી પચાસેક એવી વ્યકિતઓની મુલાકાત લેવી કે જે તાજેતરનાં વરસો દરમિયાન મળેલી શિક્ષણની તકોને પરિણામે ભારતીય સમાજમાં આગળ વધી શકી હોય.

આ મુલાકાતોમાંથી લેખકને એ જાણવા મળ્યું કે ચાહે તેટલું શિક્ષણ મેળવવા છતાંયે આ ભૂતપૂર્વ અસ્પૃશ્યો ભૂતકાળમાં હતા તેવા ને તેવા જ અસ્પૃશ્ય રહ્યા છે. પોતાની આ દશા વિશે ભૂતપૂર્વ અસ્પૃશ્યો શી લાગણી અનુભવે છે?

જે સમાજના તેઓ એક અંગ છે—અને નથી—તેને વિશે તેમનાં મનમાં શી આશંકાઓ ભરેલી છે? એ સમાજમાં એમના માથે શાં શાં વીતકો વીતે છે?

મને યાદ છે ત્યાં સુધી, ભારતનાં રોજિંદાં છાપામાં, કે ગંભીર અઠવાડિકોમાં સુદ્ધાં, આ સવાલને લગતો એક પણ લેખ મેં વાંચેલો નથી. અમેરિકન હબસીઓની સમસ્યા વિશે, વીએટનામની લડાઈ વિશે, જર્મન પ્રશ્ન અંગે અને એશિયા-આફ્રિકાની વિવિધ શાહીવાદ-વિરોધી ચળવળો બાબત ભારતીય વર્તમાનપત્રો ઠીક ઠીક માહિતગાર હોય છે. પણ પોતાની જ પ્રજાના સાડાછ કરોડ જેટલા લોકોને જે એક સવાલમાં રસ છે તેને વિશેનું આ અખબારોનું મૌન ચિંતાવી નાખે તેવું રહ્યું છે.

આ શું અસ્પૃશ્યોને નજર બહાર, ને તેથી મગજ બહાર, રાખવાનું કોઈ યોજનાપૂર્વકનું કાવતરું છે? મને એમ નથી લાગતું, અને મોટા ભાગના ભારતવાસીઓ તો એવા સૂચનમાત્રથી છળી ઊઠશે તો પછી આ મૌન શીદ ને? એની પાછળ શું એવી માન્યતા રહેલી છે કે જેમ ગરીબો તેમ અસ્પૃશ્યો પણ આ દુનિયામાં કાયમ રહેવાના જ છે ને તેથી તેમની પાછળ નાહક મગજમારી ન કરવી?

ખેર, આ સવાલ પૂછવાનું માન એક અમેરિકને મેળવ્યું છે. અને તેમને જે જવાબ સાંપડયો છે તે આપણી દરેક નિશાળમાં મૂકવા જેવો છે.

નક્કર પગલાં ભરવાને બદલે શબ્દો અને પ્રતીકો યોજવાની લગભગ તમામ ભારતવાસીઓની અજોડ ખાસિયત, અસ્પૃશ્યો તરફના સવર્ણોના વલણને પણ લાગુ પડે છે. હરિજન-મંદિરપ્રવેશના ધારા જુદાં જુદાં રાજ્યોએ પસાર કર્યા ત્યારે અસ્પૃશ્યોના ઉદ્ધારની દિશામાં એ એક ભારે મોટી આગેકૂચ ગણાતી હતી. મુંબઈ પ્રાંતમાં એ ખરડો ખેર-સરકારે પસાર કરાવ્યો ત્યારે શ્રી આંબેડકરે ગર્જના કરેલી હજીયે સાંભરે છે: 'તમારાં મંદિરોની કોને પડી છે? હું તો તમારી પાસેથી માણસાઈભરેલો વર્તાવ માગું છું.' અને એ માણસાઈભર્યો વર્તાવ અસ્પૃશ્યોને હજી સાંપડવો બાકી છે.

મોટી કરુણતા એ છે કે શ્રી આંબેડકરના અવસાન બાદ એવો એક પણ અસ્પૃશ્ય નેતા આગળ નથી આવ્યો કે જેણે અસ્પૃશ્યતાના સવાલને સતત સળગતો રાખવાનું પોતાનું કર્તવ્ય માનેલું હોય. હા, અસ્પૃશ્ય આગેવાનો નીકળ્યા છે ખરા. ઊંચાં આસનો તેમને સાંપડયાં છે ખરાં. પણ ભારતના અસ્પૃશ્યોમાં માર્ટિન લ્યૂથર કિંગ કયાં છે, કે જે એ હબસી આગેવાનની માફક એક જ ધ્યેયને વરેલો હોય?

ભારતના નેતાઓ એમ તો નહિ માનતા હોય ને કે અસ્પૃશ્યતા એ કાંઈ ખરેખર બહુ મોટો સવાલ નથી અને તેના ઉકેલ માટે લમણાં રાહ જોઈ શકાય તેમ છે? - કે વધારે અગત્યના સવાલ તો વધુ અનાજ કેમ ઉગાડવું, વધુ ઉદ્યોગો કેમ ઊભા કરવા અને રોજગારીની વધુ તકો કેમ ખડી કરવી તે છે?

એક બાબતની તો કશી શંકા જ નથી કે અસ્પૃશ્યતાના સવાલને ભારતમાં જાણે કે સર્વસંમતિથી છેવાડે મૂકવામાં આવ્યો છે. અસ્પૃશ્યોને પોતાને પણ એ પરિસ્થિતિ કેઠે પડી ગઈ છે. વર્ગીકૃત જાતિઓના કમિશનરના ૧૯૬૧-૬૨ ના હેવાલમાંથી આંકડા આપતાં લેખક જણાવે છે કે અસ્પૃશ્યતા-નાબૂદી ધારા હેઠળ એ વરસે આખા દેશમાંથી માત્ર ૨,૮૯૮ ફરિયાદો પોલીસ પાસે નોંધાવવામાં આવેલી, જેમાંથી પૂરી ત્રીજા ભાગનીનોંધે અદાલતમાંથી ફેંસલો થયો નહોતો અને કેટલીક તો છ-સાત વરસ પછીયે હજી લટકતી ઊભી હતી.

લેખક કહે છે: 'અસ્પૃશ્યતા નાબૂદ થઈ રહી છે કે નાતજાતનું મહત્ત્વ અગાઉ ભારતમાં હતું તેના કરતાં હવે ઓછું છે, એવું માનનાર એક પણ ભૂતપૂર્વ અસ્પૃશ્ય મને ભેટયો નહિ... ભૂતપૂર્વ અસ્પૃશ્યોના રોજિંદા જીવનને ડગલે ને પગલે આભડછેટનો અનુભવ હજીયે તેમની રાહ જોતો ખડો હોય છે. હું જેટલા ભૂતપૂર્વ અસ્પૃશ્યોને મળ્યો તેમાંના દરેકે દરેકને, પચીસ વરસની અંદરના જુવાનોને કે પચાસ વટાવી ચૂકેલા વૃદ્ધોને, અંગત રીતે અસ્પૃશ્યતાનો અનુભવ થઈ ચૂકેલો હતો - તેનાં પરંપરાગત સ્વરૂપોમાં કે પછી નવા જમનાના કેટલાંક આધુનિક સ્વરૂપોમાં, ગામડામાં કે શહેરમાં. કેટલાક ફેરફાર થયા છે ખરા, તેમ છતાંયે, ગામડામાં કે શહેરમાં. પોતાનું સ્થાન શું છે તેનું સતત ભાન અનુભવ્યા વિના એવા લોકો માટે જીવવું હજીયે અશકય છે.'

અસ્પૃશ્યોના દિલમાં જે કડવાશ અને જે સળગતો ધિક્કાર છે તે સમજવાનું સવર્ણ હિન્દુ માટે શકય છે ખરું? અરે, પહેલાં પ્રથમ તો, મોટા ભાગના સવર્ણો કેટલા અસ્પૃશ્યોને અંગત રીતે ઓળખતા હોય છે? પોતાના સવર્ણ મિત્રોનો અનુભવ તારવીને લેખક કહે છે કે કોઈ ઝાડુવાળો કે ભંગી તેમની નજરે ચડી જાય તે સિવાય એ લોકોનો અસ્પૃશ્યો સાથે કોઈ જ જાતનો સંપર્ક નથી હોતો.

અસ્પૃશ્યતાનું અસ્તિત્ત્વ અને તેને નાબૂદ કરવાની જરૂરિયાત—એ બન્ને બાબતો સાથે પોતાને જાણે કશો સંબંધ જ નથી, એવું મોટા ભાગના ભારતવાસીઓ માને છે. પોતાની આસપાસ ચોમેર તેઓ અસ્પૃશ્યતા નિહાળે છે, પણ ભારતવાસીઓ તે વિશે સભાન નથી. ઝીણી ઝીણી કેટલીયે વાતમાં તેઓ આભડછેટ પાળતા હોય છે, પણ પોતે શું કરે છે તેનો તેમને ખ્યાલ નથી હોતો.

ગમગીનીભરેલા આ પુસ્તકનાં પાનાંમાં ઉજાસપૂરતા કોઈક આવા કિસ્સા પણ વાંચવા મળે છે તે માટે આપણે લેખકના ઘણા આભારી બનીએ છીએ. એક જુવાન હરિજન કહે છે:

'મને કોઈ પૂછે કે, "તમે કેવા છો?" ત્યારે હું કહું છું કે હું આ દેશનો, ભારતનો વતની છું. હું ભારતવાસી છું. તે પછીયે એ પોતાની વાત મૂકે નહિ તો હું કહું કે, "તમે કોણ છો? - વસતી ગણતરી ખાતામાંથી આવો છો?" એટલે પછી એને મનમાં થતું હશે કે, આ માળો ભણેલો ઢેડો લાગે છે. એ લોકો એવું માને તો મને તેની કશી શરમ નથી. મારી કોમનું મને અભિમાન છે. એ એક પ્રમાણિક ને ખમીરવંતી કોમ છે. પણ હું પોતે તો ખરેખર ભારતવાસી હોવાનો જ અનુભવ કરું છું.'

જે દેશમાં લગભગ દરેક જણ પોતાની જાતને બંગાળી, પંજાબી કે ગુજરાતી, હિંદુ, શીખ કે લિંગાયત ગણાવતો હોય ત્યાં કોઈ માનવીને એમ કહેતો સાંભળવો કે, 'હું તો ભારતવાસી હોવાનો જ અનુભવ કરું છું.' એ જાણે હવાનો તાજગીભરેલો હિલોળો લાગે છે. અને એના અંતરમાં આ જે ભાવના રહેલી છે તે કોઈ સવર્ણ હિન્દુ, કોઈ ઝનૂની બ્રાહ્મણ કે ગામડાનો કોઈ જ નાનો સિતમગર એ અસ્પૃશ્યની પાસેથી ઝૂંટવી લઈ શકે તેમ નથી.

અનુવાદક: શ્રી મહેન્દ્ર મેઘાણી

# ❋ સંઘના કાર્યાલયમાં કાકાસાહેબ કાલેલકર સાથે વાર્તાલાપ ❋

મુંબઈ યુનિવર્સિટી દ્વારા યોજાતી ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળામાં આ વર્ષે વ્યાખ્યાન આપવા માટે ગાંધીજીના અંતેવાસી, પ્રસિદ્ધ કેળવણીકાર તથા સાહિત્યકાર કાકાસાહેબ કાલેલકરની પસંદગી કરવામાં આવી હતી અને "ગુજરાતમાં ગાંધીયુગ ઐતિહાસિક અને સાહિત્યિક અવલોકન" એ વિષય ઉપર તેમણે તા. ૪-૮-૬૫, બુધવારથી તા. ૯-૮-૬૫ સોમવાર (તા. ૮-૮-૬૫ રવિવાર બાદ) એમ પાંચ દિવસો દરમિયાન પાંચ વ્યાખ્યાનો તેમણે આપ્યાં હતાં. મુંબઈ યુનિવર્સિટીના કોનવોકેશન હૉલમાં આ રીતે મુખ્ય વિષયને તેમણે પાંચ વિભાગમાં વહેંચી દીધો હતો. વૈચારિક ભૂમિકા, કેળવણીના ક્ષેત્રમાં, સામાજિક જાગૃતિ, સાહિત્યમાં નવજીવન અને ભાવીની દિશા. આવા વિસ્તૃત ફલક ઉપર યોજાયલી આ વ્યાખ્યાન-શ્રેણી અત્યંત રોચક અને બોધક બની હતી અને ગાંધીજીનો આપણા આજના જીવન ઉપર કેટલો વ્યાપક અને વેધક પ્રભાવ પડ્યો છે તેનો ભરપુર માહિતીથી ભરેલો ખ્યાલ આ વ્યાખ્યાનો દ્વારા તેમણે વિશાળ શ્રોતા સમુદાયને આપ્યો હતો.

મુંબઈમાં આ રીતે થયેલી કાકાસાહેબની ઉપસ્થિતિનો લાભ લઈને તા. ૭-૮-૬૫ શનિવારના રોજ મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલયમાં કાકાસાહેબ સાથે મિલન ગોઠવવામાં આવ્યું હતું.

આ મિલનના પ્રારંભમાં સંઘના ઉપપ્રમુખ તરીકે મેં કાકાસાહેબનું સ્વાગત કરતાં જણાવ્યું કે "કાકાસાહેબનો આપણાં સંઘ સાથે ઘણો જૂનો અને ગાઢ સંબંધ છે અને તેથી તેમનું આજે આપણા એક મુરબ્બી સ્વજન તરીકે આપણે સ્વાગત કરીએ છીએ, સન્માન કરીએ છીએ. સંઘની પર્યુષણ વ્યાખ્યાનમાળાને શરૂઆતથી વર્ષો સુધી તેમના તરફથી સિંચન અને માર્ગદર્શન મળતું રહ્યું હતું. પ્રબુદ્ધ જીવન એટલે કે પ્રારંભનું પ્રબુદ્ધ જૈન તેમના આશીર્વાદથી શરૂ થયું હતું. મુંબઈ જૈન યુવક સંઘની તેમજ પ્રબુદ્ધ જીવનની રજત જયંતી તેમના પ્રમુખપણા નીચે આપણે ઊજવી હતી. તેમને આપણે જ્યારે બોલાવ્યા ત્યારે આવ્યા છે અને હંમેશાને માટે તેઓ આપણા રહ્યા છે. આજે તેઓ આપણા કાર્યાલયમાં ઘણા લાંબા ગાળે આવ્યા છે. તેમને આપણી વચ્ચે ઉપસ્થિત થયેલા નિહાળીને આપણે ઊંડી પ્રસન્નતા અનુભવીએ છીએ. અહિં સુધી આવવાનો પરિશ્રમ ઊઠાવવા બદલ તેમનો હું આભાર માનું છું.

"તેઓ અત્યારે મુંબઈ યુનિવર્સિટીના દ્વારા યોજાતી ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળાના ઉપક્રમે ગુજરાતના ગાંધીયુગ ઉપર વ્યાખ્યાનો આપી રહ્યા છે. આ વ્યાખ્યાનો વ્યાપક અવલોકન, સઘન અભ્યાસ અને અપૂર્વ સ્મરણશકિતનાં દ્યોતક છે. તેમને સાંભળીને સૌ કોઈ અત્યંત પ્રભાવિત બની રહ્યા છે. આજે ૮૦ વર્ષની ઉંમરે આટલી બધી સ્મૃતિ તેમ જ સંવેદનની જાગૃતિ—આપણા માટે આ વિરલ અનુભવ છે. તેમને જોતાં આપણને વશિષ્ટ-વાલ્મીકિનું સ્મરણ થાય છે. તેમનાં પુનિત પગલાથી આપણું કાર્યાલય પવિત્ર થયું છે અને આપણે ધન્યતા અનુભવીએ છીએ."

ત્યાર બાદ કાકાસાહેબે સંઘના સભ્યોને ઉદ્‌બોધન કરતાં જણાવ્યું કે "તમારા સંઘ સાથે મારો એવો સંબંધ રહ્યો છે કે તમે ન બોલાવો તો પણ હું આવવા મન કરું. આ તો પરમાનંદભાઈએ મને અહિં આવવાનું ખાસ નિમંત્રણ આપ્યું, એટલે પછી તો મારાથી આવ્યા વિના રહેવાય જ નહિ. તેમાં અગવડ-સગવડના વિચારને સ્થાન જ ન હોય. આજે જ્યારે તમે મને અહિં બોલાવ્યો છે ત્યારે મારા મનમાં જે એક બે વાત ઘોળાયા કરે છે તે જ તમને કહી દઉં.

આજે દેશની રાજનૈતિક તેમ જ આર્થિક સ્થિતિ બગડતી જાય છે. આજે જેઓ આપણા દેશનેતાઓ છે તેથી વધારે સારા નેતાઓ મળવાના નથી. તેઓ પૂરી નિષ્ઠાપૂર્વક દેશની પરિસ્થિતિમાં સુધારો કરવાનો પ્રયત્ન કરી રહ્યા છે. આપણે આશા રાખીએ કે તેમને પોતાના પ્રયત્નમાં સફળતા મળે અને રાજનૈતિક તેમ જ આર્થિક પરિસ્થિતિ અંગેની આપણી ચિંતાનો બોજો હળવો બને. આજની પરિસ્થિતિમાં આપણા પક્ષે શું કર્તવ્ય છે તેનો જ આપણે વિચાર કરીએ. આ અંગે મને બે વિચારો મુખ્યપણે તમારી પાસે રજૂ કરવાનું મન થાય છે.

**હવેનો યુગ વિજ્ઞાન અને અધ્યાત્મનો છે.**

૧. દુનિયામાં એક વખત ધર્મનું આધિપત્ય હતું. સર્વોપરી-સત્તા ધર્મની—ધાર્મિકતાની નહિ—હતી. પોપના ચરણે રાજાઓ પોતાનો મુગટ ધરતા. આજે ધર્મની એ પ્રતિષ્ઠા રહી નથી. આજે આપણને આશ્ચર્ય થાય છે કે ધર્મની આટલી બધી પ્રતિષ્ઠા કેમ હતી? આજે ધર્મનું સ્થાન પોલીટિક્સ અને ઈકોનોમીકસે લીધું છે, રાજકારણે અને અર્થકારણે લીધું છે. એક સત્તા પાછળ છે; બીજું સંપત્તિ પાછળ છે. બન્ને વસ્તુ—સત્તા અને સંપત્તિ—અસામાજિક છે. જ્યાં સુધી દુનિયા ઉપર આ બન્નેનું પ્રભુત્વ છે ત્યાં સુધી યુદ્ધો નિર્માણ થયા જ કરવાનાં છે. જો યુદ્ધોનું નિવારણ કરવું હોય તો આ બન્ને દુર્જનોને —રાજનીતિ તથા અર્થનીતિને—આપણે અપ્રતિષ્ઠિત કરવા જ રહ્યા. આનું સ્થાન આપણે સોશિયોલૉજીને—સમાજવિજ્ઞાનને—આપવું જોઈએ. આજ સુધી વિજ્ઞાન અને તંત્રવિદ્યા—સાયન્સ અને ટેકનોલૉજી—એ રાજકારણ અને અર્થકારણની સેવા કરી છે; તે હવે પોતાની સેવા સમાજવિજ્ઞાનને આપે. સમાજ-વિજ્ઞાનમાં દ્રષ્ટિ છે, વ્યાપકતા છે. તેની ધાર્મિકતાપૂર્વક આપણે ઉપાસના કરવી જોઈએ. તે દ્વારા જ આ જગતમાં એકતાની સ્થાપના થશે. હવે ધર્મોમાં એ બળ રહ્યું નથી. ધર્મશાસ્ત્રો અને ધર્મસંસ્થાપકો અંગેનો આપણો આગ્રહ હવે છોડી દેવો જોઈએ. તે હવે કેવળ વિભાજક બળ તરીકે જ કામ કરી શકે તેમ છે. તેના દિવસો હવે ખતમ થયા છે. હવે આવશે વિજ્ઞાન અને અધ્યાત્મ.

**સમન્વય—વિચાર**

૨. બીજો વિચાર તમારી સમક્ષ મૂકવાનો છે તે છે સમન્વયનો વિચાર. મને લાગે છે કે શાસ્ત્રાર્થનો યુગ ગયો છે. હવે સમન્વયનો યુગ આવ્યો છે. સ્વરાજ્ય આવ્યા બાદ ભારત બહારના ઘણા દેશોનો મેં પ્રવાસ કર્યો; અનેક ચિન્તકો અને વિચારકોના સમાગમમાં આવવાનું બન્યું. અને પછી ૧૯૫૪માં બુદ્ધ ગયામાં મળેલાં સર્વોદય સંમેલનમાં ગયો અને મારી મુસાફરી અને અનુભવના નિચોડ રૂપે મેં વિનોબાજી પાસે સમન્વયનો વિચાર મૂક્યો અને તેમણે તે વિચાર ઉપાડી લીધો અને સમન્વય આશ્રમ ખોલ્યો. આને આજે દશેક વર્ષ થવા આવ્યા છે; તેમાં હજુ કોઈ ખાસ કામ થયું નથી. પણ એમાં કોઈ શક નથી કે આજનો યુગ સંઘર્ષનો નહિ પણ સમન્વયનો છે, બૌદ્ધ, જૈન અને વેદાન્ત વચ્ચે સુમેળ સાધવાનો છે. આ વિચારને વેગ આપવા માટે બિહારમાં આસો શુદ ૧૦ થી ૧૫ સુધી—દશેરાથી શરદ પૂનમ સુધી—એક સમન્વય પર્વ ઊજવવાનું અમે વિચાર્યું છે. આ અંગે બિહારના ઘણા નેતાઓને હું મળ્યો છું અને તેમણે આ બાબતમાં ઉત્સાહભેર પહેલ કરવાનું વચન આપ્યું છે. તમે પણ તમારી બાજુએ આવું પર્વ ઊજવવાનો વિચાર કરો એવી મારી તમને પ્રાર્થના છે. રોમન કેથૉલિક સંપ્રદાયના વડા આજના નામદાર પોપ પણ હવે આ રીતે જ વિચારી રહ્યા છે. તેમની આગળના પોપ ખ્રિસ્તી માત્રને એકત્ર કરવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. આજના પોપનું ધ્યાન હવે ખ્રિસ્તી અને અખ્રિસ્તી—બધાંને એકત્ર કરવા તરફ વળ્યું છે. આ માટે તેઓ ભિન્ન ભિન્ન

મતાવલંબીઓ વચ્ચે 'dilogues'- ચર્ચા વાર્તાલાપ - ગોઠવી રહ્યા છે.

પૂનામાં વસંત વ્યાખ્યાનમાળા અને તમારી પર્યુષણ વ્યાખ્યાનમાળા જેવી વર્ષોથી એકસરખી ચાલી આવતી અને ઉદાત્ત ધોરણને વળગી રહેલી વ્યાખ્યાનમાળાનો ભારતભરમાં જોટો મળે તેમ નથી. તે પાછળ પણ આ સમન્વયની દૃષ્ટિ જ પ્રધાનપણે રહેલી છે. આ કામ સ્વતંત્ર રીતે વિચારનારા અને સંપ્રદાય–અભિનિવેશથી મુકત એવા માનવીઓનું છે. ધર્માચાર્યો અને ધર્મપુરોહિતો આ કાર્યમાં અમુક હદ સુધી જ ઉપયોગી થઈ શકે તેમ છે. તેમના વિષે વધારે આશા રાખવી નકામી છે."

### ભાષાનો પ્રશ્ન

આમ તેમનું વિવેચન પૂરું થતાં તેમને આજે આપણા દેશને વ્યગ્ર કરી રહેલા ભાષાના પ્રશ્ન અંગે કાંઈક કહેવા વિનંતી કરવામાં આવી. તેમણે આ વિનંતીનો જવાબ આપતાં જણાવ્યું કે, "તેને લગતી 'ફોર્મ્યુલા'ની આજે પાર્લામેન્ટરી બોર્ડમાં અને અન્યત્ર ચર્ચા ચાલી રહી છે, પણ મને તેમાં હવે કોઈ રસ રહ્યો નથી. ગમે તેવી 'ફોર્મ્યુલા'–સર્વસ્વીકૃતિપૂર્વકનો ઠરાવ–નક્કી કરવામાં આવે અને તેમાં અંગ્રેજીના ઉપયોગ સામે અમુક મર્યાદા અને હિંદીના સ્વીકાર અંગે અમુક નિયમો સૂચવવામાં આવે, પણ મને હવે પ્રતીતિ થઈ ચુકી છે કે આ રાજ્યતંત્ર છે ત્યાં સુધી અંગ્રેજી કોઈ કાળે જવાનું નથી, કારણ કે આજના કારભારીઓ અંતરથી માની બેઠા છે કે આપણે અંગ્રેજી વિના ચાલે તેમ નથી — પછી તે દક્ષિણના હોય કે ઉત્તરના હોય. એટલે મેં હમણા છાપવા મોકલેલા એક લેખમાં સ્પષ્ટપણે દર્શાવ્યું છે કે, "Resist not English, but rebuild Hindi." – "અંગ્રેજીનો સામનો કરવાનું છોડી દો; હિંદીનું સ્થાન પાકું કરો."

આજે આપણે ત્યાં ૩૦૦ જાતિઓ છે. તેમાંથી રાજ્યકારભારની ખરી સત્તા માત્ર ૧૨ જાતિના ઉપલા થરના હાથમાં છે. આ કેવળ અનૈસર્ગિક અને ખતરનાક પરિસ્થિતિ છે. આમાંથી બચવું હોય તો પંચાયત રાજ્ય સર્વોદયવાળાએ–ગાંધીવાળાએ હાથમાં લેવું જોઈએ અને એ રીતે સત્તાનું વ્યાપક વિતરણ કરવું જોઈએ.

ત્યાર બાદ સંઘના પ્રમુખ શ્રી ચીમનભાઈએ બે પ્રશ્નો પૂછયા :–

(૧) ભારતે આણુબૉમ્બ બનાવવો કે નહિ?

(૨) પાકિસ્તાન સાથેના આપણા સંબંધો બગડતા જ રહ્યા છે. આપણે નમતું મૂકીને પણ પાકિસ્તાન સાથે પતાવી લેવું જોઈએ એમ કેટલાક વિચારે છે. આ વિષે આપ શું ધારો છો?

પહેલા પ્રશ્નનો તેમણે નીચે મુજબ ઉત્તર આપ્યો :–

### અહિંસા અને આણુ–બૉમ્બ

યુદ્ધ કંઈ રમત વાત નથી. રાષ્ટ્ર માટે જ્યારે જીવન - મરણનો સવાલ ઉત્પન્ન થાય ત્યારે જ સજ્જન લોકો પોતાના રાષ્ટ્રને યુદ્ધમાં ઉતારે છે. જ્યારે લોકોને લોકસંખ્યા વધવાથી અને મહત્ત્વાકાંક્ષા વધવાથી વધારે જમીન, નવા નવા બજારો અને જોહુકમી માટે નવી આક્રિત પ્રજાઓ જરૂરની જણાય છે ત્યારે પણ યુદ્ધની તૈયારી થાય છે અને લોકો યુદ્ધો શરૂ કરે છે અથવા યુદ્ધમાં ખેંચાઈ જાય છે.

આજકાલ સામ્યવાદ જેવા રાજનૈતિક અને આર્થિક સિદ્ધાંતોના પ્રચાર અર્થે પણ રાષ્ટ્રો યુદ્ધમાં ઊતરે છે. એમાં પણ અંતે સામર્થ્યની હુંસાતુસી હોય છે. એમ ન હોત તો સામ્યવાદી ચીન સામ્યવાદી રશિયા સામે આટલો મોરચો ન માંડત. ટૂંકામાં આબરૂભેર જીવવા માટે અથવા પોતાનું સામર્થ્ય વધારવા માટે યુદ્ધો છેડાય છે.

ભારત સ્વતંત્ર થયા પછી ભારતની સ્વતંત્રતા, અખંડતા અને એની આબરૂ અથવા પ્રતિષ્ઠા જાળવવાની જવાબદારી ભારત સરકારને માથે આવી છે. અંગ્રેજોની ધૂંસરી ફેંકી દઈ આપણે સ્વતંત્ર થયા તે ગાંધીજીની પ્રેરણા અને નેતૃત્વ તળે સ્વતંત્ર થયા એ વાત સાચી છે. ગાંધીજીની માન્યતા હતી કે જો આખી પ્રજા સત્યાગ્રહમાં માને અને એને માટે તૈયાર જરૂરી કેળવણી લે તો ફોજ રાખ્યા વગર ભારત પોતાનું રાજ્ય ચલાવી શકે અને બહારથી આક્રમણ થાય તો રાષ્ટ્રની સ્વતંત્રતા ટકાવી શકે. સવાલ ફકત 'જો' અને 'તો'નો છે. જો પ્રજા સત્યાગ્રહને જીવન સિદ્ધાંત તરીકે સ્વીકારે અને જો એ પ્રમાણેનું પોતાનું જીવન ઘડવાને તૈયાર હોય તો ફોજ વગર ચલાવી શકાય.

આ જાતની તૈયારી ભારતે સ્વરાજ્ય મળતાં પહેલાં પણ ન કરી, સ્વરાજ્ય મળ્યા પછી પણ ન કરી. ઉલટું સ્વરાજ્ય મેળવતાં દેશના ભાગલા કબૂલ રાખી પાકિસ્તાનને અલગ રાજ્ય થવા દીધું અને પાકિસ્તાન જેટલું માગે તેટલું એને ન દઈ એને વૈમનસ્ય બાંધવાની તક આપી.

આપણે દુનિયાના બધા દેશો સાથે પક્ષપાત રહિત દોસ્તી રાખવાની નીતિ જાહેર કરી. પરતંત્ર દેશોને સ્વતંત્ર થવા માટે નૈતિક પ્રોત્સાહન આપીશું એમ પણ જાહેર કર્યું. આખી દુનિયામાં રશિયા અને અમેરિકા જેવા જે મોટા પક્ષ પડયા છે એમાં કોઈ પણ પક્ષમાં સામેલ ન થવાની તટસ્થ નીતિ પણ આપણે સ્વીકારી. આ બધું ઠીક જ છે. ખાસ કરીને કોઈ પણ લશ્કરી પક્ષ સાથે ભળી જવાની આપણી ના એ આપણી ઉત્તમમાં ઉત્તમ નીતિ છે.

આપણે માન્યું કે આપણે કોઈનું બૂરું ચાહતા નથી તો આપણી સાથે કોઈ દુશ્મની કરે નહિ. પણ દુનિયાનો વહેવાર એટલો સહેલો નથી હોતો. જ્યાં સરહદ છે ત્યાં સંઘર્ષને અવકાશ હોય જ છે. ચીને આપણી ગફલતનો લાભ લઈ આપણી ભૂમિમાંથી રસ્તાઓ બનાવ્યા અને એ ભૂમિ પોતાની જ છે એવો દાવો રજૂ કર્યો, મોટી તૈયારી કરી, જાણે મહાયુદ્ધ શરૂ કર્યું, અને જોઈતો પ્રદેશ તાબામાં આવતાં-વેંત યુદ્ધ બંધ કર્યું. આપણે એ યુદ્ધ આગળ ચલાવી ન શકયા. ફકત ચીન સાથે વાટાઘાટ કરી ચીનના વિજયને મંજૂરી ન આપી એટલું જ.

ચીન ફરી કયારે આક્રમણ કરશે એ કહેવાય નહિ. એટલે આપણે યુદ્ધની તૈયારી પૂરેપૂરી કરવી જ રહી. ચીન પણ જાણે છે કે હિન્દુસ્તાનનો જે ભાગ લૂંટી લીધો છે તે પચાવવો હોય તો હિન્દુસ્તાનની સરહદ પર હંમેશાં તૈયારી રાખવી જોઈએ અને ચીન એ તૈયારી વધારતું રહે એ પણ સ્વાભાવિક છે.

અને ચીને અમેરિકા અને રશિયાની પેઠે પોતે પણ એટમ-બૉમ્બમાં સજ્જ થવાની જરૂર માની અને એ પ્રમાણે બે બૉમ્બ ફોડી પોતાની તૈયારી જાહેર પણ કરી છે.

આવી સ્થિતિમાં ભારત પણ પોતે બૉમ્બ તૈયાર કરે કે ન કરે એ કટોકટીનો સવાલ છે.

સ્વતંત્ર થતાં વેંત ભારતે આણુ બૉમ્બ સામે પોતાનો વિરોધ જાહેર કર્યો. યુદ્ધમાં આણુ બૉમ્બ વપરાય જ નહિ એ જાતનો જોરથી પ્રચાર કર્યો. અને જવાહરલાલજીએ તો ભારતવતી એવી પણ ઘોષણા કરી કે કોઈ પણ પરિસ્થતિમાં ભારત એટમ બૉમ્બ બનાવશે નહિ.

આપણે આણુશકિતના પ્રયોગ ચલાવીએ છીએ. માનવ કલ્યાણને અર્થે આણુશકિત વપરાય એ આપણે ઈચ્છીએ છીએ. આણુશકિતના વિકાસના આપણા સર્વોપરી વિજ્ઞ શ્રી ભાભાએ એમ પણ જાહેર કર્યું કે જો ધારીએ તો ચીનની પેઠે આપણે પણ એટમ બૉમ્બ તૈયાર કરી શકીએ એમ છે. પણ આપણો નિર્ધાર છે કે આપણે એટમ બૉમ્બ તૈયાર ન જ કરીએ.

આપણા આ નિર્ધારનો અર્થ શો છે તે આપણે જરા સમજી લેવું જોઈએ.

જો ચીન ભારત પર ફરી વાર ચઢાઈ કરે અને આપણી ફોજો દેશનું રક્ષણ કરવા ચીની ફોજો સામે લડતી હોય તેવે વખતે નાહકનું યુદ્ધ લંબાવવાનું ટાળવાને કારણે ચીની સરકાર આપણી સામે આણુ-બૉમ્બ વાપરે તો આપણું રક્ષણ શી રીતે થાય?

જેમની પાસે એટમ બૉમ્બ નથી અને જેઓ એટમ બૉમ્બ તૈયાર કરવામાં માનતા નથી એમની સામે એટમ બૉમ્બ ન જ વપ-

રાય એ જાતની યુદ્ધ ધર્મનીતિ ચીની સરકાર સ્વીકારશે એમ તો કોઈ કહેતું નથી, માનતું નથી. અને આપણે તો અૅટમ બૉમ્બ તૈયાર કરવાના નથી ત્યારે આપણી ગતિ શી?

જેમણે અૅટમ બૉમ્બ તૈયાર કર્યા છે અને એમનો એવા બૉમ્બનો સંગ્રહ ઠીક ઠીક વધ્યો છે. તેઓ આપસમાં એક બીજાના દુશ્મન હોવા છતાં, શું અંદર-અંદર એકત્ર થઈ નિશ્ચય કરવા તૈયાર છે કે અૅટમ બૉમ્બ જેમની પાસે નથી અને જેઓ તૈયાર કરવા માગતા નથી એમની સામે અૅટમ બૉમ્બ વાપરવો એ હરામ છે, આપણામાંથી એવું કામ કોઈ કરે નહિ. કોઈ કરવા જાય તો તેને રોકીશું? જૂના ક્ષત્રિયોએ નક્કી કર્યું હતું કે સ્ત્રીઓ પર અને બ્રાહ્મણો પર કોઈ પણ કાળે હાથ ઉગામીશું નહિ, ગાયને મારીશું નહિ ઈત્યાદિ — આજના જમાનામાં એવી ક્ષાત્ર પ્રતિજ્ઞા કોઈ પણ રાષ્ટ્ર કરે એનો જરાયે સંભવ નથી.

અમુક ક્ષેત્રમાં કે અમુક પ્રદેશમાં અૅટમ બૉમ્બ વપરાય નહિ એ જાતનો સંકેત બધાં અૅટમ રાષ્ટ્રો કરે અથવા સ્વીકારે એવી હીલચાલ વચમાં જાગી હતી. પણ એ જાતનો સંયમ અમલમાં આવશે એમ માનવાને કશું કારણ નથી.

ત્યારે ભારત કરે શું?

ભારતને એવું સૂઝ્યું છે કે ઈંગ્લાંડ, અમેરિકા કે રશિયા જેવા લોકો પાસેથી વચન લઈ રાખવું કે કોઈ પણ રાષ્ટ્ર જો ભારત પર અથવા એવા જ બૉમ્બવિહોણાં રાષ્ટ્રો પર હુમલો કરશે તો અમે અમારા બૉમ્બ સાથે દોડી આવીને તેમનું રક્ષણ કરીશું.

આવી બાંયધરી જે આપે તેના આપણે ઓશિયાળા થવાના જ. એટલે કે આપણી સ્વતંત્રતા એમને આધારે ટકતી હોવાથી એમના આશ્રય તળે આપણે ગયા જ, જેની છત્રછાયા સ્વીકારી તેમના સામ્રાજ્યમાં આપણે દાખલ થયા જ.

અને આવી બાંયધરી કોણ અને શા માટે આપે? હિન્દુસ્તાન કંઈ નાનો સૂનો દેશ નથી. એના ઉપર બૉમ્બ લઈ હુમલો કરે તો તે રાષ્ટ્ર પણ મોટું જ રહેવાનું. હવે એવા રાષ્ટ્ર સામે થવાની હિમત કેવળ પરોપકારને અર્થે કોણ કરે? બ્રિટને કોમનવેલ્થના સંબંધને લીધે ભારતને કંઈક આશ્વાસન આપવાનું વિચાર્યું હશે. પણ તેમ કરવામાં ઘણી મુશ્કેલીઓ છે એમ પણ એણે વખતસર જાહેર કર્યું છે.

ત્યારે ભારતની ગતિ શી?

આપણા ઉપર હુમલો થયા પછી અૅટમ બૉમ્બ તૈયાર કરવા બેસીએ એ તો આગ લાગે ત્યારે કૂવો ખોદવાનું શરૂ કરવા જેવું થશે અને આજથી તૈયારી કરીએ તો આપણા જવાહરલાલજીના સંકલ્પનું શું? (મેં તો તે જ વખતે એક ખાનગી કાગળ લખી જવાહરલાલજીને સૂચવ્યું હતું કે કટોકટીને પ્રસંગે રાષ્ટ્ર અૅટમ બૉમ્બ ન બનાવવાના તમારા સંકલ્પને માન્ય રાખશે નહિ. અૅટમ બૉમ્બથી ન લડવાની તમારી જિદ કાયમ રહેશે તો લોકો તમને ગાદી પર રહેવા દેશે નહિ. રાષ્ટ્રને આત્મરક્ષા જોઈએ જ.)

ગાંધીજી હોત તો આવે વખતે શું કરત? જવાબમાં આપણે કહી શકીએ છીએ કે ગાંધીજી ભારતને એ સલાહ આપત જે એમણે બ્રિટનને જાહેરમાં આપી હતી. ગાંધીજીએ કહ્યું હતું કે હું જાણું છું કે બ્રિટિશ પ્રજા કાયર નથી. બાહોશ પ્રજા છે. એટલે જ એને સલાહ આપું છું કે જો હિટલર બ્રિટન ઉપર ચઢાઈ કરી આવે તો તમારે એની સામે લડવું નહિ, ભલે એ પોતાની ફોજો ઈંગ્લાન્ડને કિનારે ઉતારે અને પોતાની ફોજો લઈ ઈંગ્લાન્ડમાં જ્યાં ત્યાં પહોંચવાનો પ્રયત્ન કરે. તમારે એની સાથે કશો એટલે કશો જ સહકાર કરવો નહિ. આમ કરશો તો હિટલર એક સપ્તાહ પણ ઈંગ્લાંડમાં ટકી નહિ શકે. બેવકૂફ બની એને પાછા જવું જ પડશે.

પણ ઈંગ્લાંડમાં પ્રજાને જે જાતનું રાજકીય, સામાજિક અને રાષ્ટ્રીય શિક્ષણ છે તે આપણી પ્રજાને છે? ઈંગ્લાંડમાં પ્રજાનું જે સંગઠન છે તેમ આપણે ત્યાં છે? બ્રિટનનાં બાળકો નાનપણથી જ ગાય છે:

"Britons never shall be slaves"

આપણે તો કોણ જાણે કેટલા સૈકા પારતંત્ર્યમાં રહ્યા. પારતંત્ર્યની સૂગ આપણે હમણાં હમણાં જ કેળવી છે.

શસ્ત્ર લઈને લડીશું પણ નહિ અને શત્રુને એવા હંફાવીશું કે આ દેશમાં તેઓ ટકે પણ નહિ એ જાતનો નિશ્ચય આપણી પ્રજા કરી શકે ખરી? પ્રજાને ઉશ્કેરીશું તો તે આવો સંકલ્પ બોલી જશે ખરી. પણ સવાલ છે કે એ પ્રમાણે ચાલવા લોકો તૈયાર થશે કે નહિ.

બ્રિટન વિગેરે પશ્ચિમના દેશોમાં લડાઈ શરૂ થતાં વેંત સામાન્ય પ્રજાજન લશ્કરમાં ભરતી થાય છે. લડાઈ જાહેર થતાંવેંત દેશના દરેક જુવાનને ફોજમાં ફરજિયાત દાખલ થવું જ પડે છે, એવી પ્રથા ત્યાં છે. આપણે ત્યાં એવી પ્રથા નથી. આપણા લોકો એ રીતે ટેવાયેલા પણ નથી. આપણી પ્રજા શાંતિ ચાહે છે, પણ જેઓ ફોજમાં દાખલ થાય છે તેઓ બહાદુરીમાં બીજા દેશો કરતાં ઊતરતા સાબિત નથી થયા. લશ્કરી તાલીમ મળ્યા પછી આપણી પ્રજા લડાઈમાં ઉત્તમ રીતે લડી શકે છે એવો અનુભવ થયો છે.

પણ હું નથી માનતો કે સ્વરાજ્ય મેળવવા માટે ગાંધીજીએ બધાને સત્યાગ્રહની જે તાલીમ આપી તે સ્વરાજ્ય ટકાવવા માટે, અહિંસક ઢબે લડવા માટે પૂરતી છે. શાંતિ સેના માટે કઈ જાતની તાલીમ જરૂરની છે એનો ખ્યાલ પ્રજાએ હજી કેળવ્યો નથી. આજના નેતાઓ એવી લડત માટે કેળવાયા નથી. દેશમાં જ્યારે જ્યારે ખૂનામરકી ફાટી નીકળી ત્યારે પણ આપણે તે અટકાવવા શિસ્તબદ્ધ પ્રયાસો અજમાવ્યા પણ નથી.

આવી સ્થિતિમાં જો ચીન જેવો કોઈ દેશ ભારત પર ચઢાઈ કરે તો અહિંસક ઢબે પ્રતિકાર કરવાની રાષ્ટ્રની રાજકીય કે સામાજિક તૈયારી નથી. એટલે ફોજી પ્રતિકાર કર્યે જ છૂટકો અને એ લડાઈ મહાયુદ્ધ જ થવાનું, એમાં શત્રુપક્ષ આણુ બૉમ્બ ન વાપરે એમ માનવાનું કશું કારણ નથી.

આજને હિસાબે જો ભારત સરકાર કહે કે અમે ફોજથી લડીશું, પણ આણુબૉમ્બ વાપરવાના નથી, તો રાષ્ટ્ર એને બાઘાઈ અથવા વેદિયાપણું જ કહેશે. પછી તો અમેરિકા, રશિયા વિગેરે જ્યાંથી મળે ત્યાંથી એટમ બૉમ્બ ખરીદીને, ઊછીના અથવા ભેટ તરીકે મેળવીને વાપર્યે જ છૂટકો. જે સરકાર આવી રીતે બૉમ્બ વાપરવાની ના પાડશે તે સરકારને પ્રજા ગાદી પરથી ઊતારી દેશે એ તો ચોક્કસ.

રાષ્ટ્રના કેટલાક લોકો આજે જ કહેવા લાગ્યા છે કે છેલ્લી ઘડીએ તૈયારી ન જ થઈ શકે. બૉમ્બ ફેંકનારા લોકોને તૈયાર કરવા પડશે. બહારથી બૉમ્બ મળવાના નથી. ઘેર જ તૈયાર કરવા પડશે.

હવે આપણે ગાંધીવાળા આવી વસ્તુ ક્યાં સુધી સહન કરી શું? અને સહન ન કરીએ તો શું કરીશું?

ઊંડાણમાં ઊતરીને વિચાર કરીશું તો માલુમ પડશે કે જો આપણે બૉમ્બ વાપરીશું તો એવા યુદ્ધને અંતે આપણને કે કોઈને વિજય તો મળવાનો જ નથી, ભારતમાં મહા યુદ્ધ સળગ્યું તો એમાં બાકીનાં આણુશાસ્ત્રી રાષ્ટ્રોને ભળ્યા વગર ચાલે જ નહિ. ભારત જ્યારે યુદ્ધભૂમિ થશે ત્યારે એના મોટા મોટા શહેરોનો અને લશ્કરી કેન્દ્રોનો કચ્ચરઘાણ નીકળવાનો એ વિષે મનમાં લવલેશ શંકા નથી.

ત્યારે આપણી આગળ એ જ સવાલ રહે છે કે આપણે બહાદૂરીથી અૅટમ બૉમ્બ વાપરી સર્વનાશ વહોરી લઈશું કે અૅટમ બૉમ્બ ન વાપરતાં છતાં ફોજી યુદ્ધ ચલાવી બધી રીતે હારીને નાસીપાસ થયા પછી એક અથવા બીજી જાતની પરાવલંબિતા (ગુલામી) સ્વીકારીશું?

જવાબમાં હું કહીશ કે જો આપણા રાષ્ટ્ર ઉપર આપણો આટલો વિશ્વાસ હોય કે આપણે યુદ્ધમાં જો હાર્યા તોયે પરાવલંબન સ્વીકારીશું નહિ અને આખર સુધી સત્યાગ્રહથી લડતા જ રહીશું, મરીશું પણ પરતંત્રતા સ્વીકારીશું નહિ તો હું કહીશ કે આપણે આણુ બૉમ્બના કે એના વગરના યુદ્ધમાં ઊતરીએ જ નહિ, આજ સત્યાગ્રહની તૈયારી કરીએ અને અહિંસક ઢબે લડતાં કાં તો ખતમ થઈશું અથવા શત્રુ ઉપર વિજય મેળળી એને પણ અહિંસાની દીક્ષા આપીશું.

અને એમ જો ન થવાનું હોય, અહિંસક મરણિયા થઈ શાંતિસેના દ્વારા લડવાની તૈયારી ન હોય તો, આપણે ફોજી લડાઈ લડતાં લડતાં ખતમ થવાનું જ હું પસંદ કરીશ. પણ આપણે રાષ્ટ્ર ને એટલું તો સ્પષ્ટ કહેવું જ જોઈએ કે આણુ બૉમ્બ આપણને વિજય મેળવી ન જ આપે.

ગાંધીજી હોત તો એમની દોરવણી હેઠળ રાષ્ટ્રે સત્યાગ્રહની તૈયારી કરી હોત પણ આજે આખા દેશને અહિંસક પ્રતિકારની ઢબે તૈયાર

કરવાનું ગજું, હિંમત કે આત્મ વિશ્વાસ કોઈનામાં હું જોતો નથી. અને રાષ્ટ્ર ભલે પારતંત્ર્ય સ્વીકારીને જીવે એમ રાષ્ટ્રને સલાહ પણ આપી શકતો નથી. અહિંસક પ્રતિકાર કરવાની શક્યતા મને દેખાત તો એ જ રસ્તાની ભલામણ હું કરત. આજે હું ગમે તે રીતે, ગમે તે ભોગે દેશની સ્વતંત્રતા માટે લડતાં લડતાં મરી જવાનું જ પસંદ કરીશ. રાષ્ટ્રને હિંસક ઢબે હો કે અહિંસક ઢબે હો, સ્વતંત્રતા માટે લડવાની અસરકારક તાલીમ આપવીજ જોઈએ એમ માનનારો હું છું.

અહિંસામાં પૂર્ણપણે માનનારો હું એમ જ ઈચ્છું કે રાષ્ટ્ર આણ્વ બૉમ્બ તો શું, કોઈ પણ જાતની હથિયારની લશ્કરી તૈયારી વિના જીવવાનો દૃઢ નિશ્ચય કરે અને 'નથી યુદ્ધ કરવાના અને નથી કોઈને શરણ જવાના.' એવી મક્કમતા ધારણ કરે.

પણ હું જાણું છું કે એ રસ્તે જવાને દેશને કોઈ તૈયાર નહિ કરી શકે. અને તેથી આજે ચાળીસ પીસતાળીસ વરસ થયાં મારા લખાણમાં મેં કોઈ કાળે આપણી લશ્કરી તૈયારી છોડી દેવાની અથવા ઓછી કરવાની ભલામણ કરી નથી. ગમે તે રીતે સ્વાતંત્ર્ય જાળવીશું એવો સંકલ્પ રાષ્ટ્રમાં ઉત્પન્ન કરી શક્યા છીએ તે કોઈ પણ રીતે ઝાંખો ન જ પડવો જોઈએ એ મારે મન સૌથી મોટી વસ્તુ છે.

બીજા પ્રશ્નનો તેમણે નીચે મુજબ ઉત્તર આપ્યો:

**આપણે અને પાકિસ્તાન**

પાકિસ્તાન સાથેના ઝઘડામાં બને તેટલું નમતું તોળીને પાકિસ્તાન સાથે આપણે પતાવી લેવું જોઈએ એવા મતનો હું નથી, તેમ જ આપણે પાકિસ્તાનને સીધી લડત આપીને તેનો ખતમ કરવું જોઈએ એમ કહેનારાઓ સાથે પણ હું સહમત નથી. પાકિસ્તાન સાથે સબંધ સુધારવાની એકતરફી વાતનો કોઈ અર્થ નથી. જેમ આપણે આ વિચાર ચાલે છે તેમ સામા પક્ષના દિલમાં પણ આ વિચાર ઊગવો જોઈએ. એક હાથે તાળી ન પડે. પાકિસ્તાન સરકાર બાજુ આવા કોઈ વિચારનું અસ્તિત્વ જોવામાં આવતું નથી. બીજી બાજુએ સમગ્ર યુદ્ધનો પડકાર આપવામાં કેટલું જોખમ છે તેનો પણ આપણને પૂરો ખ્યાલ હોવો જોઈએ. જો માત્ર આપણી અને પાકિસ્તાન વચ્ચે જ યુદ્ધનો પ્રશ્ન હોય તો આપણી સામે પાકિસ્તાન ટકી ન જ શકે. પણ બે વચ્ચે યુદ્ધની સંભાવનાં ઊભી થાય એટલે તરત જ પાકિસ્તાન બીજાં રાજ્યોની મદદ માગે અને તેવા સંયોગમાં આપણને પણ બીજાં રાજ્યોની મદદ માગવાની ફરજ પડે અને પરિણામે સર્વ વિનાશ નોતરતી એક મોટી જાદવાસ્થળી થઈ જાય. વળી મદદ કરનારાં રાજ્યો આપણા બોલાવ્યા તો જરૂર આવશે પણ એક વખત બોલાવ્યા પછી આપણા કહ્યા મુજબ પાછા જવાના નથી. તેઓ તો પોતાને ફાવે ત્યાં સુધી લડવાના અને આપણ બન્નેને લડાવવાનાં. એ રીતે બાજી આપણા હાથમાં નહિ પણ એમના હાથમાં રહેવાની એ આપણે ભૂલવું ન જોઈએ. પાકિસ્તાનની નીતિ ડગલે ને પગલે આપણને હેરાન કરતા રહેવાની અને એમ કરતાં જો કાંઈ મળે તો લઈ લેવાની છે, અને કોઈ પણ કાળે આપણી સાથે દોસ્તી કરવાની નથી. આ આજની નરી વાસ્તવિકતા છે. આવી ચાલુ પજવણીનો સામનો કરવાને આપણે તૈયાર રહેવું અને પજવણી વધારે ગંભીર રૂપ પકડે તો બરોબર હાથ બતાવી દેવો - આવી નીતિ આપણી હોવી ઘટે છે. કચ્છની બાબતમાં આવું જ બન્યું છે. ત્યાં તેનું કાંઈક ગંભીર હલન ચલન આપણે જોયું એટલે શાસ્ત્રીજીએ કહ્યું કે 'આવી જાઓ, અમે લડવાને તૈયાર છીએ' એમ આપણે પડકાર કર્યો અને હાથ બતાવવા માંડ્યો એટલે અમ્યુઅખાન વિચારમાં પડ્યા, વિલ્સન વચ્ચે પડ્યા અને ભારતના સ્વમાનને અનુરૂપ સમાધાની થઈ. આપણે સમજી લેવું જોઈએ કે અમ્યુઅખાનનો આ સ્વભાવ છે અને તે બદલાવાનો નથી. આપણે ધીરજ ન ખોઈએ અને જેવો વખત તેમ વર્તીએ. પાકિસ્તાન અંગે મારા આ વિચારો છે.

* * *

આમ લગભગ સવા કલાક કાકાસાહેબ સાથેના વાર્તાલાપમાં જ પસાર થયો. આજે આ સમયે અને આ જ સ્થળે શ્રી ચીમનલાલભાઈના રાષ્ટ્રીય તેમ જ આંતર રાષ્ટ્રીય રાજકારણ ઉપર વ્યાખ્યાનની જાહેરાત કરવામાં આવી હતી; પણ કાકાસાહેબની અણધારી ઉપસ્થિતિ થતાં અને તેમની સાથેના વાર્તાલાપમાં જ ઘણો ખરો સમય વ્યતીત થતાં શ્રી ચીમનભાઈનું વ્યાખ્યાન આગળ ઉપર મુલતવી રાખવામાં આવ્યું. કાકાસાહેબ સાથેના વાર્તાલાપથી સૌ કોઈ ખુબ પ્રસન્ન થયાં. કાકાસાહેબનો આ માટે હાર્દિક આભાર માનીને તેમનું પુષ્પહારથી સન્માન કરવામાં આવ્યું અને સભા વિસર્જન કરવામાં આવી.

સંકલન કરનાર : **પરમાનંદ**

## વૈકુંઠભાઈ સ્મારક સમિતિની અપીલ

થોડા મહિના પહેલાં શ્રી વૈકુંઠભાઈ લ. મહેતાનું દુઃખદ અવસાન થયું ત્યારે, તેમને જાણનાર અને તેમના પ્રત્યે આદર ધરાવનાર સૌ કોઈએ શોકની લાગણી અનુભવી હતી. એમના અવસાનથી દેશને પડેલી ખોટનો ખ્યાલ, એ વખતે દેશભરમાં એમને અપાયેલી ભાવભરી અંજલિ પરથી આવે છે. શ્રી વૈકુંઠભાઈ ઘણી દૃષ્ટિએ વિરલ વ્યકિત હતા. તેઓ નમ્રતાની મૂર્તિ સમા અને સિદ્ધાન્તનિષ્ઠ હતા. આપણા દેશના અર્થતંત્રને સંગીન અને સ્થિર પાયો નાખવાની દિશામાં તેમણે વિવિધ હોદ્દા પરથી લેખન અને કાર્ય દ્વારા વિનમ્રભાવે ફાળો આપ્યો હતો. આપણા દેશની સહકારી પ્રવૃત્તિના વિકાસમાં તેમણે આપેલો ફાળો અપ્રતિમ છે. વિકેન્દ્રિત અર્થરચનાના વિકાસમાં તેમણે આપેલા ફાળા પરથી, આપણી અર્થરચના અને આપણા સમાજજીવનનાં દૂષણો અંગે તેમણે કેટલું ઊંડું ચિંતન કર્યું હતું તેનો, તેના નિદાન અંગેની તેમની સૂઝનો અને તેના ઉપાયો શોધવા માટેની તેમની ધીરજનો ખ્યાલ આવે છે. તેઓ દેશની આર્થિક પરિસ્થિતિની નાડ પારખી શક્યા હતા, આમજનતાના માનસની કલ્પનાશીલ સમજ ધરાવતા હતા અને ભાવિ ન્યાયી સમાજરચના અંગે સ્પષ્ટ ખ્યાલ ધરાવતા હતા. એટલે, તેમણે સહકારી પ્રવૃત્તિ અને ગ્રામોદ્યોગ દ્વારા આર્થિક અને સામાજિક ઉન્નતિનું કાર્ય કરી રાષ્ટ્રના અર્થતંત્રના ઘડતરમાં ફાળો આપ્યો છે.

વૈકુંઠભાઈએ નામના કે કીર્તિની કદી પરવા કરી ન હતી પરંતુ તેમની સ્મૃતિ નક્કર સ્વરૂપે જાળવી રાખવાની આપણી ફરજ અને જવાબદારી છે એમ અમને લાગે છે.

આથી, તેમની નિઃસ્વાર્થ સેવાઓનું સુયોગ્ય સ્મારક ઊભું કરવાનું નક્કી કરવામાં આવ્યું છે અને એ ઉદ્દેશથી નીચેની વ્યકિતઓનું બનેલું એક ટ્રસ્ટ રચવામાં આવ્યું છે:-

| | |
|---|---|
| **શ્રી ઉછરંગરાય એન. ઢેબર...પ્રમુખ** | **શ્રી શાંતિલાલ એચ. શાહ** |
| **પ્રો. ડી. આર. ગાડગીલ...ઉપ-પ્રમુખ** | **શ્રી ધ્વજપ્રસાદ સાહુ** |
| **શ્રી બી. વેંકટપ્પાહ...ખજાનચી** | **શ્રી વી. પી. વર્દે** |
| | **શ્રી ચાંદીલાલ ડગલી...મંત્રી** |

સ્વ. વૈકુંઠભાઈ લલ્લુભાઈ મહેતાના ભારતભરના પ્રશંસક મિત્રો અને સહકાર્યકરોની સહીથી સ્વ. વૈકુંઠભાઈની જીવનભરની સેવાને અનુરૂપ સ્મારક કરવાના હેતુથી ઉપર મુજબની અપીલ કરવામાં આવી છે. આ અપીલના અનુસંધાનમાં કરવામાં આવનાર ફાળામાં પોતાથી શક્ય એટલી રકમ નીચેના સરનામે મોકલી આપવા વિનંતિ છે.

કોષાધ્યક્ષ મહાશય, વૈકુંઠભાઈ મહેતા સ્મારક ટ્રસ્ટ,
રૉયલ ઈન્સ્યોરન્સ બીલ્ડીંગ, ચોથે માળે,
૧૪, જમશેદજી તાતા રોડ, મુંબઈ ૧

માલિક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશનસ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ-૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઇ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૭ : અંક ૧૦

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, સપ્ટેમ્બર ૧૬, ૧૯૬૫, ગુરૂવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૨૫ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

## બાપુ

('મુંબઈ સમાચાર'ના તંત્રી શ્રી મીનુ દેસાઈએ રચેલું આ કાવ્ય સૌથી પહેલાં ૧૯૪૮ના મે માસમાં એક સચિત્ર પુસ્તિકા રૂપે પ્રગટ થયું હતું ત્યાર બાદ એ કાવ્યની ઉત્તરોત્તર ચાર આવૃત્તિઓ આજ સુધીમાં પ્રગટ થઈ ચૂકી છે. આ હકીકત તે કાવ્યની અત્યન્ત લોકપ્રિયતા સૂચવે છે. બાપુજીના જન્મજયન્તીના અવસર ઉપર શ્રી મીનુભાઈની અનુમતિપૂર્વક એ કાવ્ય અહિં નીચે પ્રગટ કરતાં હું ઊંડી પ્રસન્નતા અનુભવું છું. આ કાવ્યમાં પ્રસાદ છે, પ્રતિભા છે, કાવ્ય રચનાર કવિના દિલનો ઉલ્લાસ અને ભક્તિભાવ અનુભવાય છે. તંત્રી)

(૧)
ક્રોધ કામ ને મોહ મત્સરમાં
અંધ હતી અવની આખી :
તેંજ મહીં ઈંધણ હોમીને
સભર ધૂણી ધીકતી રાખી.

(૨)
સંત મહંત થકી પણ અદકો
વિશ્વ તણો ઉદ્ધાર ગયો :
ધરતી પર એક વધુ ફિરસ્તો
બુદ્ધ ઈશુ અવતાર થયો.

(૩)
દેશ દેશ ને ખંડ ખંડથી
ભોમ ભોમ આંસુ સારે :
મિટ્ટી મિટ્ટીથી 'બાપુ, બાપુ'ના
સૂર ચડે તારે તારે.

(૪)
પયગંબરની મરુભૂમિ પર
આજ મહા સૂનકાર થયો :
ધરતી પર એક વધુ ફિરસ્તો
બુદ્ધ ઈશુ અવતાર થયો.

(૫)
બોજ પાપનો - વધતે વધતે
નાથ નાથ રણકાર થયો :
શાંતિ, શાંતિના મંત્રે ભરેલો
ભવ્ય કંઈ ચમકાર થયો.

(૬)
પ્રેમલ જ્યોતનું તેજ ભરીને
નવ તપનો સંચાર થયો :
ધરતી પર એક વધુ ફિરસ્તો
બુદ્ધ ઈશુ અવતાર થયો.

(૭)
ઝેર વેર ને સાથ સ્વાર્થની
કૈંક હોળી પેટાઈ હતી :
ઠામ ઠામ જ્યાં ડગ ભરીએ ત્યાં
માનવતા કચડાઈ હતી.

(૮)
ત્રિપુરારિના તાંડવ કાળે
પ્રેમ, પ્રેમ ભણકાર થયો :
ધરતી પર એક વધુ ફિરસ્તો
બુદ્ધ ઈશુ અવતાર થયો.

(૯)
હિંસામાં ઝબકોળાયલ જગ
માનવતાનું પાપ હતું :
ખપ્પર ખૂનરેજીનું છલક્યું
ના કંઈ જાણે માપ હતું.

(૧૦)
ચોગરદમ જ્યાં નજર ધરો બસ
કાળી રાત અંધાર થયો :
ધરતી પર એક વધુ ફિરસ્તો
બુદ્ધ ઈશુ અવતાર થયો.

(૧૧)
યુગ યુગના સતના સૂર્યોદય–
તણું, તું જ પ્રતીક થયો :
નિશા તણો અંધાર ભયાનક
પ્રભાતમાં પલટાઈ ગયો.

(૧૨)
આત્મ શુદ્ધિનાં તેજે તપતો
જય જય જય જયકાર થયો :
ધરતી પર એક વધુ ફિરસ્તો
બુદ્ધ ઈશુ અવતાર થયો.

(૧૩)
તીર અને તલવારો સામે
સત્ય ટેકને ઢાલ કરી :
બૉંબ અને બંદૂકો જામે
ત્યાં પણ તપની માળ ધરી.

(૧૪)
મોત મુઠ્ઠીમાં ચાંપી દઈને
મૃત્યુંજય પદ પામી ગયો :
ધરતી પર એક વધુ ફિરસ્તો
બુદ્ધ ઈશુ અવતાર થયો.

(૧૫)
અંધારે અટવાયલ અવની
પ્રકાશ તો રોળાઈ ગયો :
અમૃત અહિંસાનો રસ પ્યાલો
ધરતીએ ઢોળાઈ ગયો.

(૧૬)
તો યે પ્રેમલ ઘાટ પરેથી
જ્યોતિમય ચમકાર થયો :
ધરતી પર એક વધુ ફિરસ્તો
બુદ્ધ ઈશુ અવતાર થયો.

(૧૭)
'મંગલ મંદિર ખોલો દયામય !'
ઊર ઊરથી ઝંકાર થયો :
એકલ એના નામ ગર્જને
ખુણે ખુણે ભણકાર થયો.

(૧૮)
સૂર સત્યનો સુણી સંતનો
સ્વર્ગ દેવ બિદાર થયો :
ધરતી પર એક વધુ ફિરસ્તો
બુદ્ધ ઈશુ અવતાર થયો.

(૧૯)
નિદ્રાજડ જનતામાં તેં તો
ચેતનનો સંચાર ધર્યો :
બળવંતી અહિંસાની ફૂંકે
મૃત્યુને પડકાર કર્યો.

(૨૦)
મોત બિચારું હારી ગયું ને
તારો જય જયકાર થયો :
ધરતી પર એક વધુ ફિરસ્તો
બુદ્ધ ઈશુ અવતાર થયો.

(૨૧)
પાપ સામુખે પુણ્ય ધરીને
માનવનો સદ્‌માર્ગ ગ્રહ્યો :
પ્રભુ પ્રાર્થનામાં આતમની
ભેટ ધરી તું ભવ્ય થયો.

(૨૨)
અમર શહીદી સાથ સંતનો
જગમાં જય જયકાર થયો :
ધરતી પર એક વધુ ફિરસ્તો
બુદ્ધ ઈશુ અવતાર થયો.

(૨૩)
વિપુલ સ્નેહના જગ પયગંબર !
આજ સુની મૌયા ધરતી :
તું ધન્વંતરિ થયો જ સાચે
માનવતા ઊગરી મરતી.

(૨૪)
વિશ્વપ્રેમનું ગીત વહાવી
વિરાટને અજવાળી ગયો :
ધરતી પર એક વધુ ફિરસ્તો
બુદ્ધ ઈશુ અવતાર થયો.

મીનુ દેસાઈ

# નવા સમાજના નિર્માણ પ્રતિ: Towards a New Society

(તા. ૩૧-૮-૬૫ના રોજ ફીલીપાઈન્સ ટાપુઓના મુખ્ય શહેર મનીલા ખાતે શ્રી જયપ્રકાશ નારાયણ માટે અંકિત થયેલા રેમોન મેગસાયસે પારિતોષિકના ઔપચારિક સમર્પણવિધિ પ્રસંગે ઉપસ્થિત થયેલા જયપ્રકાશજીએ 'Towards a New Society' 'નવા સમાજના નિર્માણ પ્રતિ' -એ વિષય ઉપર બોલતાં એક પ્રેરક ઉદબોધન કર્યું હતું. આ ઉદબોધનનો જે ટુંક સાર તા. ૧-૯-૬૫ના 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા'માં પ્રગટ થયેલો તેનો નીચે અનુવાદ આપવામાં આવે છે. તંત્રી)

જે દેશોએ આજના સમયમાં આઝાદી પ્રાપ્ત કરી છે અને સંસ્થાનવાદના બંધનોને લીધે જેમનો સ્વાભાવિક વિકાસ આજ સુધી રૂંધાયેલો રહ્યો છે તે સર્વ દેશો આગળ વધેલા દેશોને પહોંચી વળવાનો અને પોતપોતાના સમાજને શક્ય તેટલો વિકસાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે. આ બાબતમાં તેમની સામે સમાજરચનાનો જે નમુનો હતો તે ઉદ્યોગના ક્ષેત્રે ખૂબ જ આગળ વધેલા અને સમૃદ્ધિથી ઉછળતા પશ્ચિમી દેશોનો હતો. આમાંના થોડાએક દેશો સામે સફળ બનેલા સામ્યવાદીનો—પછી તે ચીની હો કે રશીયન હો—નમુનો હતો. —આ બન્ને નમુનાઓમાં, 'મોડેલો'માં—સ્થાયી મૂલ્યો ધરાવતાં ઘણાં તત્ત્વો હતાં અને વિકસિત દેશો સ્વીકારે અને અપનાવે એવું પણ ઘણું હતું: વ્યક્તિગત સ્વાતંત્ર્યના, લોકસંમતિપૂર્વકના રાજ્ય—વહીવટના, તેમ જ કાયદાપૂર્વકના શાસનના આદર્શો કે જેના ઉપર પશ્ચિમી નમુનાએ સમાજના રાજકારણી તંત્રના સાચા પાયા તરીકે ઘણો ભાર મૂક્યો હતો એ ખરેખર એવા આદર્શો છે કે જેનો વિકસિત દેશોએ સ્વીકાર કરવો જોઈએ, તેમ જ તે આદર્શોને અપનાવવા જોઈએ. એ જ રીતે મજૂરી ઉપર નભતા સમુદાય માટેની ઘેરી ચિન્તા અને વધારે ને વધારે આર્થિક સમાનતા નિર્માણ થાય તે પ્રકારની વેગપૂર્વકની સામાજિક પ્રક્રિયા - આ એવાં તત્ત્વો છે કે જે વડે વિકસિત દેશો પ્રેરિત બનવા જોઈએ અને જેની સાધના તરફ તેમણે ગતિમાન બનવું જોઈએ.

પણ, મારા અભિપ્રાય પ્રમાણે, આ બન્ને નમુનાઓમાં એવી કેટલીક ખાસ બાબતો છે કે, જેનો વિકસિત દેશોએ અનાદાર કરવો જોઈએ, અસ્વીકાર કરવો જોઈએ. પશ્ચિમના નમુનામાં સર્વસ્વીકૃત નીતિ વ્યક્તિવાદની અને સ્પર્ધાની છે અને તે પાછળ એવું ગૃહિત છે કે જે વધારે નબળો હોય તે ફેંકાઈ જવો જોઈએ અને જે વધારે બળવાન હોય તેનું પ્રભુત્વ સ્થપાવું જોઈએ. તેમાં ભૌતિક જરૂરિયાતોની તૃપ્તિ અને તેમાંથી પરિણમતા એવા અવનવા આવિષ્કારોની પૂરવણી કે જેને લીધે ગંભીર સામાજિક અસમતા પેદા થાય છે તેના ઉપર પણ વધારે પડતો ભાર મૂકવામાં આવ્યો છે. પશ્ચિમી જીવનપદ્ધતિમાં રહેલાં અમુક ઉપયુક્તતા અને વ્યાપારલક્ષી મૂલ્યોના સવિવેશ પ્રભુત્વના કારણે માણસનું કામ, નવરાશ, રહેણી કરણી અને સુખસ્વાસ્થ્ય તરફ જોઈએ તેટલું ધ્યાન આપવામાં આવ્યું નથી. એ કારણને લીધે પણ પશ્ચિમી જીવન સમધારણ વિનાનું વિનાનું બની બેઠું છે. જેમાંથી રાક્ષસી કદનાં નગરો નિર્માણ થઈ રહ્યાં છે તેવા શહેરીકરણના વધતા જતા ઝોકે માનવીસમાજને છિન્નભિન્ન કરી નાખ્યો છે, ગામડાની જનતાથી શહેરી જનતાને છુટી પાડી દીધી છે અને માનવીને કુદરતથી વિખૂટો બનાવી દીધો છે. આ બધાનું પરિણામ માનવી અને સમાજના વિકૃત - કંઢંગા - વિકાસમાં આવ્યું છે.

બીજી બાજુએ, સામ્યવાદી નમુનાએ પણ માનવીના તેમ જ સમાજના વિકાસનું એક વિકૃત ચિત્ર ઊભું કર્યું છે. માનવીના આત્માની મુખ્યતાને અવગણીને - ઈનકારીને - માનવીના મૂળમાં તેણે ઘા કર્યો છે. પક્ષ અને રાજ્ય દ્વારા સત્તા અને હકુમતનું બહુમાન કરીને અને સર્વ કોઈને અને સર્વ કાંઈને તેને અધીન બનાવીને, તેણે સમાજને માનવીના આત્માને બંદીવાન બનાવતું જેલખાનું બનાવી દીધું છે. આમ હોવાથી નવોદિત દેશોએ, બન્ને નમુનાઓ પ્રત્યે આદર દાખવવા સાથે, બન્નેમાંથી એવાં તત્ત્વો ગ્રહણ કરવા જોઈએ કે જે મૂલ્યવાળાં હોય અને માનવી અને સમાજનો સમધારણ પૂર્વકનો આધ્યાત્મિક તેમ જ ભૌતિક વિકાસ સાધે એવાં હોય.

સદ્‌ભાગ્યે, આગળ વધેલા દેશોમાં પણ, ખાસ કરીને પશ્ચિમના દેશોમાં, આ સમસ્યા અંગે પુષ્કળ વિચારણા ચાલી રહી છે અને કેટલાક પ્રયોગો પણ ત્યાં ચાલી રહ્યા છે નવોદિત સમાજો માટે આ પ્રયોગો ઘણા મહત્ત્વના લેખાવા ઘટે.

જો કે આ નવા દેશો જેવા અક્ષરો પાડવા હોય તેવા પાડી શકાય એવી સાવ કોરી પાટી-સ્લેટ-ધરાવે છે અને આજના નમુનાઓમાંથી સારામાં સારું હોય તે પસંદ કરવાની અને બાકીનું ફેંકી દેવાની ભારે અદ્‌ભુત તક ધરાવે છે. એમ છતાં બે સંયોગો એવા છે કે જેના કારણે પોતાની ઈચ્છા અને પસંદગી મુજબ વર્તવાનું તેમના માટે લગભગ અશક્ય બની જાય છે.

પહેલું કારણ એ છે કે, આ દેશોના ઘણી મોટી સંખ્યાના લોકો અભણ હોઈને વિજ્ઞાનના શિક્ષણનો તેમ જ તેની ટેક્‌નિકનો તેઓ લાભ ઉઠાવવાની સ્થિતિમાં નથી. બીજું કારણ એ છે કે, તેઓ આર્થિક રીતે એટલા બધા ગરીબ અને પછાત છે કે તેમની સૌથી મોટી અને સૌથી વધારે મુંઝવતી ચિન્તા, અન્ય સર્વની અપેક્ષાએ, પોતાનો આર્થિક વિકાસ સાધવાની—આર્થિક સ્થિરતા પ્રાપ્ત કરવાની—છે. આ સમજી શકાય તેવું છે. પણ એમ માનવાને કોઈ કારણ નથી કે જો માનવીનો અને સમાજનો સમધારણયુકત વિકાસ સાધવા તરફ પણ જો એટલું જ ધ્યાન આપવામાં આવ્યું હોત તો આર્થિક વિકાસને જરા પણ હાનિ પહોંચી હોત.

જો આ દેશોને ઔદ્યોગિક અને લશ્કરી સત્તાનાં થાણાં બનાવવાને બદલે લોકોનું આર્થિક શ્રેય સાધવા તરફ આર્થિક વિકાસને લગતી યોજનાઓ કેન્દ્રિત કરવામાં આવી હોત તો વિકાસની ગતિ ઘણી ત્વરિત બની હોત એમ માનવામાં કોઈ શંકાને સ્થાન રહ્યું ન હોત. આ દુનિયાની મહાન સત્તાઓ વચ્ચે ચાલી રહેલા સત્તા—સંઘર્ષનાં મથકો બની જવાના કારણે અથવા તો આંન્તરિક પરિસ્થિતિના કારણે આમાંના ઘણા દેશોમાં એવો અસ્થિર સમાજ ઊભો થયો છે કે પોતાનું ભાવી પોતાની ઈચ્છા મુજબ ઘડી શકે એવી સ્થિતિએ પહોંચતાં તે દેશોને ઘણો લાંબો સમય લાગે, આમ છતાં પણ, એ હકીકત ઉપર પણ એટલો જ ભાર મુકવો જોઈએ કે જે નવા દેશો અમુક અંશે પોતાનું ભાવિ પોતાની ઈચ્છા મુજબ ઘડવાની સ્થિતિમાં હતા તે દેશો સામે પણ ડેમોક્રસી, સોશિયાલીઝમ, ઈન્ડસ્ટ્રીયાલીઝમ અને મૉડર્નીઝમ - લોકશાહી, સમાજવાદ, ઉદ્યોગીકરણવાદ અને આધુનિકતાવાદ—આવા વાદો અને ચોગઠાબંધી વિચારણા સિવાય પોતાના ધ્યેય અંગે કાંઈ સ્પષ્ટ વિચારણા કે નકશો નહોતો.

આ વિવેચનના સંદર્ભમાં જેના ઉપર ભાર મુકવો જોઈએ એવો મધ્યવર્તી મુદ્દો તો એ છે કે, અહિં જે પ્રશ્નો રજુ કરવામાં આવ્યા છે તેના પાયામાં જીવનનાં મૂલ્યોનો પ્રશ્ન રહેલો છે. આ રીતે વિચારતાં, ભવિષ્ય માટેનો માર્ગ નક્કી કરવાનું, એટલું જ નહિ પણ, નવા સમાજની પુનર્રચનાના પ્રયત્ન અંગે જાહેર જનતાના મતનું એકીકરણ સાધવાનું મુશ્કેલ લેખવું ન જોઈએ.

આ પારિતોષિકનો આભારપૂર્વક સ્વીકાર કરતાં હું એ રીતે ગર્વ અનુભવું છું કે આ પારિતોષિકની સ્થાપના થયા બાદ આજ સુધીમાં એક અપવાદ બાદ કરતાં આ સર્વ પારિતોષિકો માટે ભારતની એક યા બીજી વ્યક્તિની પસંદગી કરવામાં આવી છે. આ હકીકત, આ ટાપુઓમાં વસતા લોકો ભારત વિષે કેટલો બધો આદર ધરાવે છે તે બાબતની નિદર્શક છે. હું આપને ખાત્રી આપું છું કે ભારતના લોકો આ મૈત્રીની લાગણીની પૂરા પ્રમાણમાં કદર કરે છે અને તમારા પ્રત્યે ઊંડો સ્નેહ અને સદ્‌ભાવની લાગણીઓ પાઠવે છે. હું આશા રાખું છું કે આ પારિતોષિકો, આજે આપણે જ્યાં છીએ તે કરતાં આપણા બન્ને દેશોને વધારે નજીક લાવવામાં મદદરૂપ થાય એવો સ્નેહબંધ નિર્માણ કરશે.

અનુવાદક: પરમાનંદ

મુળ અંગ્રેજી: શ્રી જયપ્રકાશ નારાયણ

# ❋ અદ્યતન યુદ્ધકીય પરિસ્થિતિ ❋

(તા. ૧૧-૯-૬૫ના રોજ સાંજના ૫ વાગ્યે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે સંઘના કાર્યાલયમાં બહુ મોટી સંખ્યામાં એકત્ર થયેલાં ભાઈ બહેનો સમક્ષ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે અદ્યતન યુદ્ધકીય પરિસ્થિતિ ઉપર જાહેર વ્યાખ્યાન આપ્યું હતું અને એ વ્યાખ્યાનમાં આજની કટોકટીના લગભગ સર્વ પાસાઓ અંગે તેમણે વિશદ વિવેચન કર્યું હતું. આ વ્યાખ્યાનની સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે નોંધ લીધી હતી. તે ઉપરથી સંકલિત કરેલું અને વ્યાખ્યાતાએ અનુમત કરેલું લખાણ નીચે આપવામાં આવે છે. તંત્રી)

'આજના વ્યાખ્યાન માટે સ્વીકારવામાં આવેલો વિષય 'રાષ્ટ્રીય તેમ જ આન્તરરાષ્ટ્રીય રાજકારણ' અતિ વિસ્તીર્ણ પ્રદેશને સ્પર્શે છે, પણ તેવા વિસ્તૃત વિવેચનમાં ઉતરવાને બદલે, આપણા સર્વના મનમાં અને મગજમાં જે વિષય અત્યારે વ્યાપી રહ્યો છે તે ભારત અને પાકીસ્તાન વચ્ચે શરૂ થઈ ચૂકેલા યુદ્ધની પરિસ્થિતિ વિષે જ હું બોલું એ મને વધારે યોગ્ય લાગે છે.

૧૯૪૭માં ભારત આઝાદ થયું અને એ સાથે જ તેના ભાગલા પડ્યા અને કાશ્મીરનો પ્રશ્ન ઊભો થયો અને આજે ૧૮ વર્ષ સુધી એ પ્રશ્ન અણઉકેલ્યો રહ્યો છે. ૧૮ વર્ષથી જે ઝેર ભેગું થયું હતું તેના આનિવાર્ય પરિણામરૂપ આ યુદ્ધ છે.

આપણી દૃષ્ટિએ કાશ્મીરનો પ્રશ્ન પતી ગયેલો પ્રશ્ન છે. બંધારણની દૃષ્ટિએ, કાનૂની દૃષ્ટિએ કાશ્મીર ભારતનું અવિભાજ્ય અંગ છે. એટલે તેમાં કશું વિચારવા કે ઉકેલવા જેવું રહ્યું જ નથી. પણ આ સંબંધે વિશ્વમત કેવો પ્રવર્તે છે તેનો વિચાર કરતાં લાગે છે કે, દુનિયાના મોટા ભાગના દેશોના મતે કાશ્મીરનો પ્રશ્ન હજી ઊભો જ છે, એટલું જ નહિ પણ, કાશ્મીર અંગે આપણું જે વલણ છે તે તેમને સ્વીકાર્ય લાગતું નથી, ન્યાયી લાગતું નથી. આપણા દેશમાં પણ શ્રી જયપ્રકાશ નારાયણ જેવા કેટલાક વિચારકો છે કે જેઓ કાશ્મીરનો પ્રશ્ન પતી ગયો છે એમ સ્વીકારતા નથી અને તેનો ઉકેલ લાવવાનો બાકી છે એમ માને છે.

કચ્છનું સમાધાન થયું એ ઉપરથી આપણામાંના ઘણા ખરાના દિલમાં આશા ઊભી થઈ કે હવે હિંદ–પાકીતાનના સંબંધો સુધરશે. આ વિચાર ભૂમિકા આપણી હતી; પાકીસ્તાનની નહોતી. પાકીસ્તાને કદાચ બ્રિટનના દબાણ નીચે કચ્છના રણ અંગે આપણી સાથે સમાધાન કર્યું હશે, પણ કાશ્મીર અંગે તેની માહિનાઓ પહેલાંથી તૈયારી ચાલતી હતી. કચ્છનું સમાધાન કરતી વખતે પાકીસ્તાનના મનમાં દગો હતો એમ આપણે કહેવું હોય તો કહી શકીએ.

આપણે ત્યાં પણ કચ્છના સમાધાન અંગે અમુક વ્યકિતઓ અથવા તો પક્ષનો વિરોધ હતો. આપણા શાસકોએ પણ જોરથી જાહેર કર્યું હતું કે કાશ્મીર અને કચ્છના પ્રશ્નો સમાન નથી, અલગ છે. કાશ્મીર અંગે વિચારતાં, કચ્છને એક પૂર્વવર્તી ઘટના તરીકે અથવા તો માર્ગદર્શક દૃષ્ટાન્ત તરીકે લેખવાનું નથી, એ પ્રશ્ન એની પોતાની સ્વતંત્ર ગુણવત્તાના ધોરણે જ વિચારવામાં આવશે.

પ્રશ્ન એ થાય કે પાકીસ્તાને કાશ્મીર ઉપર આક્રમણ કરવા માટે આ તક કેમ હાથ ધરી? આવા પ્રશ્નો અંગે જબરદસ્તીથી સમાધાન કરાવવું એ આજની આન્તરરાષ્ટ્રીય વિચારણા નથી. સંભવ છે કે, પાકીસ્તાનને કાશ્મીરના પ્રશ્નનું શાન્તિથી તેને સંતોષ આપે એવો કોઈ ઉકેલ થવાની શકયતા લાગી નહિ હોય. એટલે જ તેણે આ આક્રમણકારી પગલું લીધું હશે.

ભારત અંગે પાકીસ્તાનને મળેલા અહેવાલો કાંઈક આ પ્રકારના હોવા સંભવ છે.

(૧)કાશ્મીરના લોકો કાશ્મીર ભારતના અંગ તરીકે ચાલુ રહે એમ ઈચ્છતા નથી, એટલું જ નહિ પણ, એથી એકદમ પ્રતિકૂળ છે.

(૨)ભારતની આર્થિક પરિસ્થિતિ સારા પ્રમાણમાં કથળેલી છે.

(૩) ભારતમાં એકતા હવે રહી જ નથી.

આ ઉપરથી તેણે એવી ગણતરી બાંધી હશે કે જો કાશ્મીર સરહદ ઉપરથી કાશ્મીરની અંદર પાંચ છ હજાર માણસો ઘુસાડી શકાય તો તેમના ઘુસવા સાથે કાશ્મીરમાં જરૂર બળવો થશે. આવી ગણતરી ઉપર તેણે મોટી સંખ્યામાં ઘુસણખોરોને આઝાદ કાશ્મીરમાંથી ઑગસ્ટ માસમાં રવાના કર્યા. ચોતરફ ચોકી હોવા છતાં તે આ ઘુસણખોરો આટલી મોટી સંખ્યામાં કઈ રીતે યુદ્ધવિરામ રેખા ઓળંગી શકયા એ આશ્ચર્યજનક પ્રશ્ન છે. પણ તેઓ દાખલ થયા પછી, આપણા સલામતી દળોએ જે મજબુત હાથે કામ લીધું અને ત્યાર બાદ આપણી સરકારે જે દૃઢતા અને મક્કમતાભરી નીતિ ધારણ કરી અને સંરક્ષણલક્ષી આક્રમણનો માર્ગ અંગીકાર કર્યો તે ભારે પ્રશંસનીય છે.

પાકીસ્તાનની ધારણા ખોટી પડી; પાકીસ્તાને તો ઘુસણખોરોને રવાના કર્યાના બે દિવસ પહેલાં દુનિયાભરને જણાવી દીધું હતું કે કાશ્મીરમાં બળવો થયો છે, અને કાશ્મીરી પ્રજાને મુકિત મેળવવાના કાર્યમાં મદદ કરવા માટે તેમના જાતભાઈઓ યુદ્ધવિરામની બીજી બાજુએથી કાશ્મીરમાં જઈ રહ્યા છે. આ જાહેરાત સર્વથા બીનપાયાદાર નીવડી; કાશ્મીરમાં પાકીસ્તાનને જરા પણ ટેકો ન મળ્યો; કાશ્મીર ભારત સાથે છે અને સાથે રહેવા માંગે છે એમ પુરવાર થયું; અને દુનિયાની નજરે પાકીસ્તાન ઉઘાડું પડી ગયું. સંભવ છે કે કાશ્મીરમાં પાકીસ્તાન તરફી પ્રજાનો અમુક વર્ગ હોય. પણ આ આપણા સલામતી દળોએ જે રીતે કામ લીધું તેથી તે વર્ગ દબાઈ ગયો હોવો જોઈએ.

આ તબક્કે પાકીસ્તાન સામે બે વિકલ્પ ઊભા થયા. આ ઘુસણખોરોનું જે થવું હોય તે થાય, પાકીસ્તાન શાન્ત બનીને બેસી રહે અને કથાં પગલાં ન ભરે અથવા તો શરૂ કરેલા છમકલાને યુદ્ધમાં વિસ્તારી દે. અલબત્ત, આ ઘુંસણખોરોનો કાશ્મીરમાં પ્રવેશનો માર્ગ બંધ થાય એ દૃષ્ટિએ થોડા સમય પહેલાં આપણે યુદ્ધવિરામલકોળઓળંગી હાજીપીરપાસ જેવા કેટલાક માર્ગોની છાવણીઓ કબજે કરી હતી. આના ઉત્તર રૂપે પાકીસ્તાને છાંબ વિસ્તારમાં આક્રમણ શરૂ કર્યું અને જમ્મુ–અખનુર માર્ગ ઉપર ધસારો કરીને ભારત–કાશ્મીર વચ્ચેના ઘેરી માર્ગને કાપી નાખવા માટે એ બાજુ ઉપર પાકીસ્તાને ખૂબ ધસારો કર્યો. પણ તેમાં પાકીસ્તાન ફાવ્યું નહિ. આપણે તેનાં દળોને અટકાવ્યા અને પાછા હઠાવ્યાં. એટલે તેણે અમૃતસર ઉપર બોંબમારો શરૂ કર્યો. તેના જવાબ રૂપે ભારતે ફીરોઝપુર, અમૃતસર અને ગુરૂદાસપુર – એમ ત્રણ બાજુએથી લાહોર ઉપર આક્રમણ શરૂ કર્યું. આજે લાહોર આગળની પરિસ્થિતિ લાહોર માટે ખૂબ જ કટોકટીભરી બની બેઠી છે. લાહોર ઉપરાંત શિયાલકોટ ઉપર આપણે નવો મોરચો ઊભો કર્યો છે. જામનગર તથા દ્વારકા ઉપર પાકીસ્તાને બોંબમારો કર્યો. તેથી રાજસ્થાન બાજુએથી આપણાં લશ્કરી દળો સિંધ હૈદરાબાદ તરફથી આગળ વધ્યા છે. પાકીસ્તાને જોધપુર ઉપર બોંબમારો કર્યો છે. આમ એક પછી એક લશ્કરી ઘટનાઓ બન્ને બાજુએ બની રહી છે હજુ સુધી પૂર્વ પાકીસ્તાન બાજુ યુદ્ધવિસ્તાર થયો નથી. અને એ દિશાએ આપણે યુદ્ધ વિસ્તારવા માગતા નથી એમ આપણા સંરક્ષણમંત્રી શ્રી ચવ્હાણે જાહેર રીતે જણાવ્યુ પણ છે. એમ છતાં તાજેતરમાં પશ્ચિમ બંગાળમાં આવેલા બામડોગ્રાના હવાઈ મથક ઉપર પાકીસ્તાને જે જોરદાર હુમલો કર્યો છે તેને શાસ્ત્રી સરકાર બહુ ગંભીરપણે નિહાળે છે અને પૂર્વ બંગાળ તરફ પગલાં ભરવાની ઉશ્કેરણીરૂપ લેખે છે. વળી ભારતમાં અનેક સ્થળોએ પાકીસ્તાન છત્રીસૈનિકો ઉતારી રહ્યું છે. આ બધા ઉપરથી પાકીસ્તાન લડાઈનું ક્ષેત્ર વિસ્તારવા માંગે છે એવું હજ અનુમાન થાય છે.

આમ ચાલી રહેલા અને વિસ્તરતા જતા ભારત - પાકીસ્તાન વચ્ચેના યુદ્ધ અંગે દુનિયાના દેશોનું કેવું વલણ છે તેનો આપણે

વિચાર કરીએ. ચીન સિવાય દુનિયાના લગભગ બધા દેશો આ યુદ્ધ વિષે ભારે સચિન્ત છે અને તેનો વહેલામાં વહેલી તકે અંત આવે એમ ઈચ્છે છે. ઈન્ડોનેશીઆનું વલણ પાકીસ્તાન તરફી હોવા છતાં આજના યુદ્ધ અંગે અન્યથા વિચારતું હોય એમ હું નથી ધારતો. યુનો—સંયુક્ત રાષ્ટ્રસંસ્થા—પણ આમ જ કહી રહેલ છે કે વહેલામાં વહેલી તકે યુદ્ધવિરામ જાહેર કરો, અને ૫ મી ઓગસ્ટ પહેલાં જ્યાં હતા ત્યાં પાછા જાઓ. આ સંબંધમાં આપણી માગણીઓ નીચે મુજબ છે :-

(૧) પાકીસ્તાનને આક્રમણખોર તરીકે યુનો જાહેર કરે.

(૨) ઘુંસણખોરોને જ્યાં હોય ત્યાંથી તેમને પાકીસ્તાન પાછા બોલાવી લે.

(૩) ભારત સામે પાકીસ્તાને યુદ્ધ ઊભું કર્યું છે તેનું પાકીસ્તાન પૂરું વળતર આપે.

(૪) ભવિષ્યમાં આવું ન બને તેનો પાકો બંદોબસ્ત થાય.

આપણા દિલમાં પાકીસ્તાનને આક્રમણખોર—એગ્રેસર—તરીકે જાહેર નહિ કરવા બદલ યુનો સામે અસંતોષ છે. પણ આવી પરિસ્થિતિમાં યુનોના ભાગે મધ્યસ્થી કરવાનું રહે છે અને મધ્યસ્થી કરનાર સંસ્થા જો ન્યાયધીશ બની બેસે તો તેની મધ્યસ્થીના દરજ્જાને હાનિ પહોંચે અને પાકીસ્તાન તેને સાંભળવાની ના જ પાડે. એક ન્યાયાધીશ અને મધ્યસ્થ વચ્ચે રહેલો આ ભેદ આપણે ધ્યાનમાં રાખવો જોઈએ. આમ છતાં પણ જનરલ નીમેએ પોતાના રીપોર્ટમાં અને સેક્રેટરી જનરલ યુ થાને સીક્યુરીટી કાઉન્સીલને સુપ્રત કરેલા અહેવાલમાં પાકીસ્તાને આક્રમણ કર્યું છે તેમ જાહેર કરેલ જ છે. અને તેણે કરેલા આક્રમણ અંગે અન્યત્ર કોઈ પણ દેશમાં બેમત હોવા સંભવ નથી. યુનોના સેક્રેટરી જનરલ યુ થાન આજે એક મીશન લઈને ભારત આવ્યા છે. સીક્યોરીટી કાઉન્સીલના ઠરાવ અનુસાર તેઓ એક જ દરખાસ્ત રજુ કરી શકે કે શસ્ત્રવિરામ કરો અને લશ્કરી દળો પાછાં ખેંચી લ્યો અને પાંચ ઑગસ્ટની સ્થિતિ ઉપર આવી જાઓ.

વિશ્વમતનો વિગતવાર વિચાર કરીએ તો ચીન અને ઈન્ડોનેશીઆ જાહેર રીતે પાકીસ્તાનની પડખે છે. બ્રીટનનું વલણ પણ પાકીસ્તાન તરફી છે. રશિયા તટસ્થ રહેવાનો પ્રયત્ન કરે છે, એમ વિચારીને કે ચીનની જાળમાંથી પાકીસ્તાનને છોડાવવાની આ તક છે. વળી એ પણ ચોક્કસ છે કે, સીક્યોરીટી કાઉન્સીલમાં—સલામતી સમિતિમાં—કોઈ પણ દેશ હિંદ વિરુદ્ધ પલ્લું નમાવવા પ્રયાસ કરશે તો રશિયા પોતાનો 'વીટો' વાપરીને એમ નહિ થવા દે.

પાકીસ્તાનની મદદે, આજના તબક્કે, કોઈ પણ દેશ ખુલ્લી રીતે આવશે તો આ યુદ્ધ વિશ્વયુદ્ધમાં પલટી જશે. દાખલા તરીકે ચીન આપણને હિમાલય બાજુએ આવી ધમકી આપી રહ્યું છે. આપણાં દળોને તે બાજુએ રોકી રાખવા માટે ચીન, સંભવ છે કે, ઉત્તર સીમા બાજુ કાંઈ ને કાંઈ છમકલું કરે, પણ એવી સંભાવનાની અમેરિકાએ તરત જ ભારે ગંભીર નોંધ લીધી છે.

આ ઉપરથી એવી અપેક્ષા રાખી શકાય કે ચીન ઉઘાડી રીતે પાકીસ્તાનને મદદ નહિ કરે. અને ચીન શા માટે ઉઘાડી રીતે આ લડાઈમાં સંડોવાય? તેમ કરતાં તેને ઘણું ગુમાવવાનું રહે છે. આજે પાકીસ્તાનનું વલણ ચીન તરફી દેખાય તો પણ પશ્ચિમના દેશોનો સાથ છોડવાનું પાકીસ્તાનને કોઈ રીતે પોષાય તેમ નથી. તેમ જ પશ્ચિમના દેશોને પણ પાકીસ્તાનમાં મોટું હિત રહેલું છે.

પાકીસ્તાને સેન્ટો પાસે મદદની માગણી કરી તેના જવાબમાં સેન્ટોના મંત્રીએ સાફ જણાવી દીધું કે કાશ્મીર સેન્ટોના કાર્યક્ષેત્રની અંદર નથી અને તેથી માગેલી મદદ આપવાનું શક્ય નથી. આમ છતાં એ સેન્ટોના બે સભ્યો ઈરાન અને ટર્કી પાકીસ્તાનને મદદ કરવાનું વિચારી રહ્યા છે. આ સમાચાર ચિન્તાજનક છે. આમ બનશે તો બીજા દેશો આ સહન નહિ કરે એમ હું માનું છું.

યુનાઈટેડ સ્ટેટ્સ આજે તટસ્થતા ધારણ કરી રહ્યું છે, પણ ચીન જો ભારત ઉપર આક્રમણ કરે તો તે ભારતની બાજુએ આવીને ઊભું રહેશે એમાં મને શંકા નથી. આજે તો તેણે બન્ને દેશોને લશ્કરી શસ્ત્રો અને સામગ્રી પૂરી પાડવાની ના પાડી છે, પણ એનું પરિણામ ભારત કરતાં પાકીસ્તાન માટે વધારે ખતરનાક નીવડવા સંભવ છે.

આમ દુનિયાના પ્રમુખ દેશો, ચીન સિવાય, બને તેટલું જલ્દિથી યુદ્ધ અટકાવવા ઈચ્છે છે અને જો યુ થાનના પ્રયત્નોને સફળતા નહિ મળે તો, ભારત તેમ જ પાકીસ્તાન ઉપર શક્ય તેટલાં દબાણો આ દેશો તરફથી ઊભાં કરવામાં આવશે એવી ધારણા છે.

અયુબખાન અને ભૂતો—બન્નેએ કહ્યું છે કે, કાશ્મીરમાં લોકમત લેવાનો મુદ્દો સ્વીકારવામાં ન આવે ત્યાં સુધી યુદ્ધવિરામ થઈ ન જ શકે. આ લોકમતનો પાકીસ્તાન કદાચ આગ્રહ છોડી દે તો પણ સીક્યોરીટી કાઉન્સીલમાં આ પ્રશ્ન ફરીથી હાથ ધરવામાં આવે એવો આગ્રહ તો પાકીસ્તાન કરવાનું જ.

આપણે, આ યુદ્ધ આપણા ઉપર આવી જ પડ્યું છે ત્યારે કાશ્મીરના આ પ્રશ્નનો છેવટનો નિકાલ થઈ જાય એમ ઈચ્છીએ છીએ. આપણે આટલું મોટું જોખમ ખેડ્યું, નોતર્યું અને એમ છતાં જો કાશ્મીરનો પ્રશ્ન સળગતો રહે તો પછી આ બધું જોખમ ખેડ્યું શા માટે? ચીનનું આક્રમણ થયું ત્યારે પણ દબાણને વશ થઈ કાશ્મીર અંગે આપણે કાંઈ પણ નમતું મુકવાની ના પાડી હતી તો અત્યારે બળજબરીથી તેનો ઉકેલ માગે તેને વશ કેમ થઈએ? વળી આજનો સંઘર્ષ પાકીસ્તાનના ઘુસણખોરોને લીધે ઊભો થયો છે. તેને અને કાશ્મીરના લોકમતને સીધો કોઈ સંબંધ છે જ નહિ. આપણી વિચારણા કાંઈક આ પ્રકારની છે.

આ બંને બાજુનાં વલણો જોતાં નજીકના ભવિષ્યમાં આ તુમુલ સંઘર્ષનો હું અન્ત દેખતો નથી. અદ્યતન પરિસ્થિતિમાં આપણે જે વલણ અખત્યાર કર્યું છે તે બધી રીતે વ્યાજબી છે. ગમે તે ભોગે આ વાતનો આખરી અંજામ લાવ્યા સિવાય છૂટકો નથી. દુનિયાનો મત આપણને અનુકૂળ હોય કે ન હોય, કારણ કે જુદા જુદા દેશોના મતોને કોઈ સત્યાસત્ય સાથે સંબંધ હોતો નથી; તેનો માત્ર સંબંધ પોતાના નિહિત સ્વાર્થો સાથે હોય છે. અને તેથી વિશ્વમત આપણી વિરુદ્ધ દેખાય તો પણ અને આપણને પારાવાર નુકસાન થાય તો પણ હવે બીજો કોઈ માર્ગ શક્ય જ નથી.

આ વિગ્રહથી આપણને પારાવાર નુકસાન થઈ રહ્યું છે, અને થવાનું છે. આ વિગ્રહમાં અવારનવાર અનુકૂળ તેમ જ પ્રતિકુળ પલટાઓ આવવાના છે, આજે કાંઈ અનુકૂળ બને તો હરખાઈ જવાનું નથી; પ્રતિકૂળ બને તો હીંમત હારવાનો નથી. બીજા દેશો વચ્ચે ન પડે તો આપણા આખરી વિજય માટે કોઈ શંકા નથી; પાકીસ્તાન કરતાં આપણી આર્થિક અને લશ્કરી સ્થિતિ અનેકગણી ચડીયાતી છે. આપણે આ યુદ્ધને વિસ્તારવા ઈચ્છતા નથી અને તેને મર્યાદિત રાખવા દરેક પ્રયત્ન કરીએ છીએ, પણ પાકીસ્તાન જો યુદ્ધ વિસ્તારે તો પણ લડી લઈ તેનો અન્ત લાવવામાં જ આપણું અન્તિમ શ્રેય રહેલું છે. આપણા મહાઅમાત્ય શ્રી લાલબહાદુર શાસ્ત્રીએ આજની કટોકટીમાં જે હીંમત અને મક્કમતાથી કામ લીધું છે તે માટે આપણે તેમને જેટલા ધન્યવાદ આપીએ તેટલા ઓછા છે. અને પ્રજાએ પણ એટલો જ ઉત્સાહ અને ભોગ આપવાની તૈયારી દાખવી છે અને તે માટે પ્રજા પણ એટલા જ ધન્યવાદને પાત્ર છે.

અને આજે એક બાબત આપણે બરોબર સમજી લઈએ કે, આજની કટોકટીમાં આપણે કોઈ બીજાઓ ઉપર ગણતરી કરવાની નથી, આધાર રાખવાનો નથી. આપણે આપણા પગ ઉપર જ ઊભા રહેવાનું છે. ભિન્ન ભિન્ન રાષ્ટ્રો સાથેના સંબંધો હજુ કોઈ ઉદાત્ત ભાવના ઉપર નિર્ભર બન્યા નથી. જ્યાં દરેક રાષ્ટ્ર અન્ય રાષ્ટ્રો

સાથેના સંબંધો પોતપોતાના હિતોની ગણતરી ઉપર નક્કી કરે છે ત્યાં આપણી આ ભીડના વખતે અન્ય કોઈ રાષ્ટ્રની મદદ કે મૈત્રી ઉપર આધાર રાખીને આપણે ચાલવાનું નથી. આમ છતાં મદદ કે મૈત્રી નહિ જ મળે એમ માની લેવાને પણ કોઈ કારણ નથી. ચીને આપણા ઉપર આક્રમણ કર્યું ત્યારે બ્રીટન તેમ જ અમેરિકા આપણી મદદે દોડી આવ્યા હતા. આવી શક્યતા ઊભી થાઓ કે ન થાઓ, આપણે આપણી તાકાત ઉપર જ ઊભા રહેવાનું છે. આપણા માથે આ યુદ્ધ આવી પડેલું છે. આવા આક્રમણ સામે સ્વરક્ષાલક્ષી પ્રતીકારનું આ યુદ્ધ છે, લોકશાહી સામે સરમુખત્યારશાહીનું યુદ્ધ છે. દરેક વ્યકિત પોતાની ફરજ અને જવાબદારી સમજીને દેશના આ કટોકટીના સમયે પોતાનો ધર્મ બજાવે.

સંકલન : પરમાનંદ ચીમનલાલ ચકુભાઈ શાહ

પૂરક નોંધ : 'પ્રબુદ્ધ જીવન'માં આજ સુધી અહિંસક પ્રતિકાર અંગે વિવેચન તેમ જ સમર્થન થતું રહ્યું છે, જ્યારે શ્રી ચીમનભાઈનું આ વ્યાખ્યાન પાકીસ્તાન સામે ચાલી રહેલા ભારતના હિંસક પ્રતિકારનું સમર્થન કરે છે. આ દેખાતો વિરોધ થોડા ખુલાસાની અપેક્ષા રાખે છે. જ્યારે કોઈ અનિષ્ટ પેદા થાય ત્યારે તેનો પ્રતિકાર કરવો એ વ્યકિતનો તેમ જ સમાજનો અનિવાર્ય ધર્મ બને છે. આ પ્રતિકાર વ્યકિતગત સ્તર ઉપર તેમ જ સામુદાયિક સ્તર ઉપર હોઈ શકે છે. આજે આપણી સામે સામુદાયિક સ્તર ઉપરના પ્રતિકારનો સવાલ છે. જો અનિષ્ટનો ભોગ બનેલ એવા પ્રસ્તુત સમાજનું સામુદાયિક માનસ બહુધા અહિંસાપ્રેરિત અને અહિંસાપ્રચૂર હોય તો સામુદાયિક એવા અહિંસક પ્રતિકારનો જ વિચાર કરવો ઘટે. પણ જો એમ ન હોય તો હિંસક પ્રતિકાર અથવા તો અનિષ્ટોને શરણાગતી—આ બે જ વિકલ્પ આપણી સામે ઊભા રહે. અનિષ્ટને શરણાગતીનો વિચાર તો થઈ ન જ શકે; કારણ કે તેથી સ્વત્વની સંપૂર્ણ હાનિ થાય અને ભગીરથ પ્રયત્ને મેળવેલી આઝાદી ખતરામાં પડે. આમ આજની વાસ્તવિકતાનો વિચાર કરતાં સમગ્ર ભારતને પડકારતા પાકીસ્તાનના અધર્મમય આક્રમણ સામે ભારતના પૌરૂષને અનુરૂપ એવા માત્ર હિંસક પ્રતિકારનો જ વિકલ્પ રહે છે, જેનું આપણને ઉપરના વ્યાખ્યાનમાં યથોચિત સમર્થન મળે છે. પરમાનંદ

# એક વ્યકિતવિશેષનો પરિચય

(નિરભિમાની અને સન્નિષ્ઠ સમાજસેવક તરીકે શ્રી. એ. આર. ભટ્ટ મહારાષ્ટ્રમાં જાણીતા છે, સાથેસાથ ભારતના નાનાં વર્તમાનપત્રોની તેમ જ લઘુ ઉદ્યોગોની સેવાઓ અવિરતપણે કરવા બદલ દેશના જુદા જુદા ભાગમાં પણ તેમણે માનભર્યું સ્થાન પ્રાપ્ત કરેલ છે. આવા વિનમ્ર કાર્યકરની સેવાઓ માટે તેમના પ્રત્યે શુભેચ્છા અને આભારની લાગણી પ્રદર્શિત કરવાનો પ્રસંગ તાજેતરમાં તેમની ષષ્ઠીપૂર્તિએ પૂરો પાડયો હતો. આ પ્રસંગે તેમના સન્માન માટે જુદા જુદા સ્થળે નાનાં મોટાં સમારંભો યોજવામાં આવ્યા હતાં. તંત્રી)

### આ વ્યકિતવિશેષ તે શ્રી. એ. આર. ભટ્ટ.

શ્રી. એ. આર. ભટ્ટનું પુરૂં નામ શ્રી આત્મારામ રાવજી ભટ્ટ છે. તેમનો જન્મ ૧૯૦૫માં રત્નાગિરિમાં થયો હતો. કૉલેજનું શિક્ષણ મુંબઈમાં એલ્ફીન્સ્ટન અને સિડનહામ કૉલેજમાં મેળવ્યું હતું. વિદ્યાર્થી તરીકે તેમની કારકિર્દી તેજસ્વી હતી. ૧૯૨૫માં મુંબઈ યુનિવર્સિટીની ઈન્ટર કૉમર્સની પરીક્ષામાં પ્રથમ આવેલા હોઈને તેમણે પારિતોષિક મેળવ્યું હતું. ૧૯૨૬માં 'બોમ્બે ક્રોનિકલે' ભારતની યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ પાસેથી "Why 18D Ratio was ruinous to India" પર નિબંધ મંગાવેલ. તેમાં પણ શ્રી. ભટ્ટે ઈનામ મેળવ્યું હતું. ૧૯૨૭માં સિડનહામ કૉલેજમાં તેઓ ફેલો હતા. ૧૯૨૯માં એમ.કોમ. ની ડીગ્રી પ્રાપ્ત કરનાર તેઓ એક જ હતા. વિદ્યાર્થીજીવન દરમ્યાન 'લોકમાન્ય', 'કેસરી', 'નવા કાલ' વગેરે પત્રોમાં આર્થિક પ્રશ્નો ઉપર તેઓ લેખો લખતા હતા.

રાજકીય ક્ષેત્રે યંગ ઈન્ડિયા સોસાયટી, બોમ્બે પ્રેસીડન્સી યુથ લીગ વિ. માં તેમણે આગળ પડતો ભાગ લીધો હતો. ૧૯૩૩માં સવિનય ભંગની લડત વખતે તેમણે જેલનિવાસ ભોગવ્યો હતો. ૧૯૫૨ થી ૧૯૬૪ સુધી એકધારાં બાર વર્ષ સુધી મુંબઈ રાજ્ય અને તે પછી મહારાષ્ટ્ર રાજ્યની લેજીસ્લેટીવ કાઉન્સીલમાં તેઓ સભ્યપદે રહ્યાં હતાં.

૧૯૨૯માં લોકમાન્ય તિલક સ્થાપિત 'કેસરી' અને 'મરાઠા' પત્રમાં તેઓ જોડાયા. પ્રથમ ૩ વર્ષ મુંબઈમાં આ પત્રોના પ્રતિનિધિ તરીકે કામગીરી બજાવી. પછી મુખ્ય કાર્યાલયમાં ગયા. પોતાની કાર્યદક્ષતાથી બીઝનેસ મેનેજરપદ સુધી પહોંચ્યા અને સાથોસાથ 'કેસરી'નું આર્થિક અને વ્યાપાર પાનું તેમણે સંભાળ્યું હતું. ૧૯૫૨ માં 'કેસરી'માં ૨૩ વર્ષની નોકરી બાદ તેઓ નિવૃત્ત થયા અને જાહેર પ્રવૃત્તિઓમાં તેમણે સમય આપવાનો નિરધાર કર્યો.

શ્રી ભટ્ટની સિદ્ધિઓમાં ૩ મુખ્ય સિદ્ધિઓ ચિરસ્મરણીય રહેશે: (૧) ૧૯૩૪માં મરાઠા ચેમ્બર ઓફ કોમર્સની તેમના હાથે થયેલી સ્થાપના. (૨) ૧૯૪૧માં ઈન્ડિયન લેંગ્વેજીઝ ન્યુઝપેપર્સ એસોસીએશનની સ્થાપના. (૩) ૧૯૫૯માં ફેડરેશન ઓફ એસોસીએશન્સ ઓફ સ્મોલ ઈન્ડસ્ટ્રીઝની સ્થાપના.

૧૯૩૪ માં મરાઠા ચેમ્બર ઑફ કોમર્સની તેમણે સ્થાપના કરી, જે સંસ્થા મહારાષ્ટ્રના ઔદ્યોગિક વિકાસમાં વર્ષો થયાં મહત્ત્વનો ફાળો આપી રહેલ છે. ચેમ્બરના સ્થાપનાકાળથી શ્રી ભટ્ટ ટ્રસ્ટી અને માનદ મંત્રી છે.

દેશી ભાષાના વર્તમાનપત્રોના હિતનું રક્ષણ કરવા માટે, તેમનો અવાજ વ્યવસ્થિત રીતે અને મજબૂતપણે સરકાર પાસે પહોંચાડવા માટે અને તેમના પ્રશ્નોના ઉકેલ માટે એક મંડળ હોવું જ જોઈએ એવો વિચાર સ્વ. અમૃતલાલ શેઠને ૧૯૪૧ માં સ્ફૂર્યો. શ્રી ભટ્ટ સાથે શ્રી શેઠે વિચાર-વિનિમય કર્યો, અને શ્રી. ભટ્ટના સહકારથી 'ઈન્ડિયન લેંગ્વેજીઝ ન્યુસપેપર્સ એસોસીએશન" ની સ્થાપના કરવામાં આવી. ૧૯૪૧થી ૧૯૫૦ સુધી આ સંસ્થાના ઉપપ્રમુખ શ્રી ભટ્ટ હતા, અને ૧૯૫૧ થી આજ સુધી એકધારા દર વર્ષે પ્રમુખ તરીકે તેઓ ચૂંટાઈ આવે છે. ભારત સરકારે પ્રેસ કમીશન, પ્રથમ વેઈજ બોર્ડ ફોર વર્કિંગ જર્નલીસ્ટ તેમ જ પ્રેસ કન્સલટેટીવ કમિટિના સભ્ય તરીકે શ્રી ભટ્ટને નીમ્યા હતા.

વર્તમાન-પત્રોની દુનિયામાં આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પણ તેમણે ગણનાપાત્ર સ્થાન પ્રાપ્ત કર્યું છે. ૧૯૫૪ માં બ્રાઝિલમાં મળેલ વર્લ્ડ પ્રેસ એસોસીએશન કૉન્ફરન્સ માટે ભારત સરકારે પ્રતિનિધિ તરીકે શ્રી. ભટ્ટને મોકલ્યા હતા. ૧૯૬૦માં "યુનેસ્કો"એ "દેશી ભાષાના પ્રશ્નો" પર બોલવા બેન્કોક બોલાવ્યા હતા. આ કૉન્ફરન્સે દક્ષિણ-પૂર્વ એશિયાના દેશોના વિકાસ માટે જે સૂચનો અને ઉપાયો સૂચવ્યાં હતાં તેમાં શ્રી. ભટ્ટનાં સૂચનોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. ૧૯૬૧ માં ઈન્ટરનેશનલ પ્રેસ ઈન્સ્ટીટયુટ : (એશિયન પ્રોગ્રામ): ના આમંત્રણથી કૌલા લમ્પુર : મલયેશિયા : સેમિનારમાં વકતા તરીકે તેમણે સારો ભાગ ભજવ્યો હતો. તાજેતરમાં ભારત સરકારે નાનાં પત્રો માટે નીમેલ કમિટીના સભ્યપદે શ્રી ભટ્ટ છે. શ્રી. ભટ્ટના વર્તમાનપત્રો સંબંધી વિશદ અને ઊંડા જ્ઞાનની આ પ્રતીતિ છે.

૧૯૫૯ માં ફેડરેશન ઑફ એસોસીએશન ઑફ સ્મોલ ઈન્ડસ્ટ્રૂઝની સ્થાપના તેમના હાથે થઈ. ત્યારથી આજ સુધી તેઓ તે સંસ્થાના પ્રમુખ ચૂંટાઈ આવે છે. નાના ઉદ્યોગોના વિકાસમાં આ એસોસીએશન ખૂબ જ ઉપયોગી ફાળો આપી રહેલ છે અને આ એસોસીએશનના પ્રયાસથી જ નાના ઉદ્યોગોને સરકાર તરફથી સારી એવી સવલતો મળી રહી છે. નાનાં ઉદ્યોગોને લગતી દરેક અગત્યની સરકારી કમિટિમાં શ્રી. ભટ્ટનું સ્થાન હોય જ છે.

શ્રી ભટ્ટ મહિનાના સરેરાશ ૨૦ દિવસ પૂનાની - ઘરની - બહાર જ હોય છે અને દર વર્ષે તેમનો પ્રવાસ હજારો માઈલનો થાય છે અને તે પણ નાદુરસ્ત તબિયતે.

જાહેર જીવન એ તેમનો વ્યવસાય છે. નિરભિમાની, સાદા અને સાત્ત્વિક તેમ જ ધાર્મિક વૃત્તિવાળા શ્રી. ભટ્ટે આજે વર્તમાન - પત્રો અને લઘુ ઉદ્યોગોના ક્ષેત્રે વિશિષ્ઠ સ્થાન પ્રાપ્ત કર્યું છે. નાજુક તબિયત છતાં સદા દવા સાથે રાખી ફરતાં શ્રી. ભટ્ટ એક સૌજન્યશીલ વ્યકિત છે. કાર્ય પ્રત્યેની નિષ્ઠા, ઊંડો અભ્યાસ, અતિશય ચોકસાઈ અને માનવહૃદય એ તેમની સફળતાની ચાવી છે. આ રીતે શ્રી ભટ્ટનું જીવન અનેક પ્રેરણા આપે તેવું છે.

રતિલાલ. ચોક

# શિક્ષક અને સમાજ

(૧૯૬૪ની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં અપાયલા વ્યાખ્યાનની નોંધ).

આજે અહીં આપ સૌની સમક્ષ–એટલે કે જેમણે માત્ર વિદ્યાપીઠમાં જ નહિ પરન્તુ જીવનની વિદ્યાપીઠમાંથી કશું નક્કર અને સક્રિય જ્ઞાન પ્રાપ્ત કર્યું છે એવા સૌની સમક્ષ–આ વિષય પર વાત કરવાનો મને પ્રસંગ પ્રાપ્ત થયો છે એ માટે હું શ્રી પરમાનંદભાઈની ઋણી છું, તેમ જ જેઓએ મને આમંત્રણ આપ્યું છે તે મુંબઈ જૈન યુવક સંઘની પણ આભારી છું. મને જ્યારે આ વિષય પર બોલવાનું આમંત્રણ મળ્યું ત્યારે મેં સ્વીકારી લીધું. શિક્ષણનાં આટલાં વર્ષોના કડવા મીઠા અનુભવને લીધે મારું આ કાર્ય દેખીતી રીતે જેટલું સરળ–સુલભ લાગ્યું હતું એટલું સરળ, જ્યારે એના વિષે અત્યારે વાત કરું છું ત્યારે, લાગતું નથી. કડવા અનુભવોને અન્તે શોકનું એ પંખી માથામાં માળો બાંધીને બેઠું નથી, પણ એની પાંખોનો ફફડાટ હજી પણ સંભળાય છે, જેમ આનંદના પંખીના સૂર હજી પણ વાતાવરણને ભરી દે છે તેમ. વિદ્યાર્થીઓનો અકારણે પ્રેમ પામીને હોઠ હંમેશ હસ્યા છે, પણ પ્રત્યેક સાચા શિક્ષકની પાંપણની કિનારી તો ભીની જ રહી છે. વિગતે જોઈશું એટલે એનો ખ્યાલ આવશે. લોંગફેલોનું એક સૂત્ર છે કે તમારે મનુષ્યને શિક્ષણ આપવું હોય તો એ જે જાણતો નથી તે કહેવાથી એને શિક્ષિત નહિ બનાવી શકો, પણ એ જેવો હતો નહિ તેવો બનાવીને જ તમે એને શિક્ષિત કરી શકશો.

ભવ્ય ભૂતકાળના વારસદાર ભારતના પ્રમુખ શ્રી સર્વેપલ્લી રાધાકૃષ્ણન્ જન્મજાત શિક્ષક છે. એમની પાસે ભારત અને પશ્ચિમના યુવાનોએ સાચું શિક્ષણ લીધું છે. આપણા ઉપપ્રમુખે પણ શિક્ષણક્ષેત્રે નામના મેળવી છે. ઉચ્ચ કોટિએ શિક્ષણકારની આવી સ્વીકૃતિ ઉજળા ભાવિના એંધાણ સમી છે. પિતા તરીકે જવાહરલાલજીએ એમની પુત્રીના શિક્ષણ પાછળ જે ખંત દાખવીને એને માટે પત્રો અને પુસ્તક લખ્યાં તે આજે આપણને પ્રેરણાનાં પિયૂષ પાય છે. મોતીલાલજીના ફરજંદ તરીકે પિતા તરફથી ઘડતરની જે સવલત સાંપડી એને પરિણામે ભારતને જવાહર સાંપડ્યા; જવાહરે એવા જ ખંતથી દીકરીને ઘડી, એને પરિણામે આપણને જવાહરનાં પત્રો, જગતના ઈતિહાસનું દર્શન અને ઈન્દિરા સાંપડ્યાં. જવાહરની પિતા તરીકેની ફરજંદ–ઘડતરની સભાનતાનો અંશ પણ આપણા કેટલાય દેશસેવકોને લાધ્યો હોત તો દેશસેવાનો વારસો એમના ફરજંદને સોંપી જાત અને ફરજંદને કારણે તેમને દેશસેવામાંથી હટી જવાનો અવસર ન આવત.

મૂલ્યવાન જીવન જીવવું હોય તો જીવનનાં મૂલ્યો પારખવા જોઈએ. આ પરખ કેળવવાનો કીમિયો જાતકેળવણી સિવાય બીજે એકે નથી. જાતકેળવણીનો આરંભ થાય સભાનતા અને સમજના જન્મથી, અને એનો અંત આવે પ્રાણાન્તે. શાળા–મહાશાળાનાં સોપાન ઉતરીએ એટલે શિક્ષણની ઈતિશ્રી આવી ગઈ એવું માનનારનાં મંતવ્યો પ્રાણહીન, અફર શિલાઓમાં પલટાઈ જાય છે. ઈતિહાસની રચના ઈતિહાસનાં પાને જેમનાં નામ અંકાય છે તેઓજ ફક્ત નથી કરતા. ઈતિહાસ રચાય છે જેઓના સહારે, નેતાઓ નેતા બને છે તેમની દ્વારા. દેશને ઘડવો હશે તો દેશબાંધવોને ઘડવા પડશે. દેશબાંધવોને ઘડવા હશે તો તેમનાં શરીર, મન અને બુદ્ધિનું ઘડતર કરવું પડશે. એ માટે એમને સાચું શિક્ષણ દેવું પડશે. એ માટે કેવી શાળાઓ રચશો? કેવા આચાર્યો આણશો? કેવા શિક્ષકો નોતરશો? શાળાઓ પરીક્ષાના પરિણામ પર લક્ષ આપે તે સહજ અને સ્વાભાવિક છે. આવી શાળાઓનું આયોજન સહેલું અને સસ્તું પણ છે; પણ બાળક શાળામાં જે શીખવાય છે તે જ શીખે છે તેવું નથી. ન શીખવાતી વસ્તુઓ જોઈને તે પણ આપનાવે છે. ગણિત કે ગુજરાતી શીખવતી વખતે શિક્ષક જે જાતની બાળકો પ્રત્યે, બીજા શિક્ષકો પ્રત્યે માન કે અપમાનની વૃત્તિ દાખવે તેના પણ બાળમન પર પડઘા પડે છે. વિચાર્યા વિના, આયોજન વિના શિક્ષણના તાસમાં થતી ફેરબદલી–કોઈને બદલે કોઈ શિક્ષક વર્ગમાં જાય–એવા શિક્ષણ વચ્ચે ઉછરતો બાળક મોટપણે વગર વિચારે ગમે ત્યારે ગમે તે કરે તો વાંક તેનો નહિ પણ તેની શાળાએ નાંખેલા આંધાધુંધીના મૂળનો છે.

ચારિત્ર્યઘડતર એ શાળાઓનાં પુસ્તકના વિષયો કરતાં વધુ અગત્યનો પ્રશ્ન ગણાવો જોઈએ. ગાંધીજીની સત્યપરાયણતા વિષે વાત કરનાર શિક્ષક, આજે પણ ગાંધીજીને વર્ગમાં જેવા શિક્ષકનો અનુભવ થયો હતો તેવો જ, મહદ્ શે રહ્યો છે.

નીડરતાના પાઠ શીખવનાર શિક્ષકે શાળાના આચાર્યથી અને આચાર્યે સંચાલકથી અને સંચાલકે કેળવણીખાતાથી ફફડયા કરવાનું હોય તો આ ફફડાટ અન્તે બાળક સુધી પહોંચ્યા વગર રહેતો નથી. ફફડાટ શમાવવાનો અસલી રસ્તો જ ફફડાટના સમભાગીઓને શોધવાનો છે. કેળવણી ખાતાની એક સાદી સીધી વાત જો આણગમતી હોય તો બાળક સુધી પહોંચે ત્યારે પ્રત્યેક સ્તરે વિકૃતિથી રંગાઈ જાય એ પણ એટલું જ ચોક્કસ છે. શીખવું અને શીખવવું એ કોઈ યાંત્રિક ઉત્પાદનની વાત નથી. યાંત્રિક ઉત્પાદનમાં યંત્રની માન્યતાની કોઈ વાત નથી હોતી. શિક્ષણમાં તો શિક્ષક અને વિદ્યાર્થી બન્નેની માન્યતાની ભૂમિકાનો પ્રશ્ન અતિ અગત્યનો છે. શિક્ષક જે માને નહિ તે શીખવે તો વિદ્યાર્થી પર એની કોઈ અસર નથી થવાની. સીગરેટ પીનાર શિક્ષક સીગરેટ પીવી સારી નહિ એવું બાળકને કહે તો તેની અસર જેટલી શિક્ષક પોતાના પર થાય એવી અને એટલી જ બાળક પર થવાની. બાળકને, તમે જે કહો તે કરવા કરતાં તમે જે કરો તે કરવામાં વધુ રસ છે.

ક્યા વર્ગમાં ક્યા પાઠ શીખવવા એ ભલે કેળવણી ખાતું નક્કી કરે, પણ એ વિષયો કેવા શિક્ષકો કેવા બાળકોને કેવી શાળાઓમાં શીખવે છે એ પર જ ભવિષ્યની સમાજ-રચનાનો આધાર છે.

એવી માન્યતા હોઈ શકે કે જ્યાં સરકાર લોકમત પર નિર્ભર હોય ત્યાં સરકારના શિક્ષણના આયોજનને પણ લોકમતનો સહારો હોય. સામાન્યપણે આવું હોય જ; પણ શિક્ષણના ચોક્કસ પાસાઓ પર સમાજનો વિરોધ પણ સંભવી શકે છે. આનું કારણ એ છે કે જ્યારે શિક્ષણનો સવાલ આવે છે ત્યારે પ્રત્યેક વ્યક્તિ પોતાના બાળકના હિતનો વિચાર કરે છે; સામાજિક હિતનો નહિ. આ વાલીવૃત્તિ એટલી પ્રબળ હોય છે કે ક્યારેક કોઈ નેતા એક પ્રકારના શિક્ષણનો હિમાયત કરે અને પોતાના બાળકને મોકલે બીજા પ્રકારના શિક્ષણની શાળામાં. આવા વિરોધમાં બાળક પણ ઉમરલાયક થતાં પોતાના મતનો ઉમેરો કરે છે. શિક્ષણના આયોજકો અને માબાપ બન્નેનો હેતુ બાળક સમાજમાં સારી રીતે ગોઠવાય એ રીતે ઘડાય એવો છે, એમાં એકમતી છે; પણ મતભેદ છે કેવો સમાજ ઘડવો છે તે પર. તમારો સમાજ એટલે શું દેશ આખાનો સમાજ કે તમારા રાજ્યનો સમાજ? તમારો સમાજ એટલે ભૂતકાળની ભવ્યતા ને સંસ્કારને પોષતો સમાજ કે ભવિષ્યના પડકારને ઝીલવાની કાબેલિયત કેળવતો સમાજ, કે બન્નેનું મિશ્રણ? એ મિશ્રણ તો ક્યા પ્રમાણનું મિશ્રણ આ મુદ્દા પર મતભેદ રહે છે. કાકાસાહેબે સરસ કહ્યું છે, 'પગ વડે ચાલો તે પ્રવાસ, પ્રાણ વડે ચાલો તે યાત્રા અને સમુદાયથી ચાલો તે સમાજ.' સમાજમાં પ્રત્યેક વ્યક્તિ પ્રાણ વડે ચાલશે તો તે એક પ્રવાસ નહિ યાત્રા બનશે. શિક્ષણના આયોજનમાં વાલીઓની એક બીજી વૃત્તિ પણ કામ કરે છે: પડોશીના બાળકો જે શાળામાં જતા હોય ત્યાં પોતાનાં બાળકોને મોકલવાની. પડોશીની બરોબરી કરવાનો જ આમાં હેતુ હોય છે. શિક્ષણ સારું–નરસું હોવાનો કોઈ મુદ્દો નહિ. જે દેશમાં ૨૦ ટકાથી ઓછું ભણતર છે ત્યાં ભણતર અગત્યનું છે એમ સામાન્ય જન ગણતો નથી. જ્યાં પ્રાથમિક કેળવણી નિઃશુલ્ક છે ત્યાં માધ્યમિક કેળવણીને નિઃશુલ્ક કરવાની વાતો થાય છે. જ્યાં શાળાઓ પૂરતા પ્રમાણમાં છે ત્યાં કૉલેજોની સંખ્યા ઓછી છે એમ અસંતોષ સેવાય છે. આપણા જે પ્રતિનિધિઓ આંતરરાષ્ટ્રીય સંમેલનોમાં જાય છે તે પરદેશીઓની સરખામણીમાં પોતે ઊતરતા ન દેખાવાનો નિર્ધાર કરી બેસે છે; અને દેશમાં આવી જ્યાં પરદેશીઓને દેખાડો કરી નોતરી શકાય તેવી દમામદાર ઈમારતોવાળી ઉપરછલ્લી શૈક્ષણિક હિફાઝતમાં

રાચતી સંસ્થાઓ ખડી કરી દે છે. "હમ્ ભી કમ્ નહિ" ની મૂળ-વૃત્તિનું આ મોટા પાયા પરનું રૂપાંતર છે. સમગ્ર રાજ્ય કે દેશની જરૂરિયાતને બદલે પોતાના મતદાર મહોલ્લાની માવજત કરવાનું આ બીજું સ્વરૂપ છે. પરિણામે ગામડાં ગામડાં રહે છે, બિચારા-ભાપડા રહે છે, મુંબઈ ન્યુ યૉર્ક અને લંડન બનવાના સપનાં સેવે છે.

શિક્ષણ કલા છે. શિક્ષકમાં આવડત ઉપરાંત વૃત્તિ-રસ જોઈએ. આ વૃત્તિ ક્યારેક જન્મજાત હોય છે, પણ શિક્ષક જન્મથી જ શિક્ષક હોય છે એમ કહેવું એ આજના શિક્ષણપ્રસારના જમાનામાં વધુ પડતું છે. શિક્ષકોને પણ ઘડવા પડશે. જન્મથી દેશદાઝવાળાઓ જ સૈનિક થઈ શકે એમ માનવું યુદ્ધનો ભય સેવતા દેશોને જેમ પાલવે નહિ એવું શિક્ષણના સૈનિકોનું લેખાવું જોઈએ. શિક્ષકોમાં શિક્ષણ-જ્ઞાન પ્રત્યેનો અનુરાગ કેળવવો પડશે. કેળવણીથી કેળવવો પડશે. આ માટે વધુને વધુ સંખ્યામાં આ ક્ષેત્રે સાચા લોકો આકર્ષાય એવા સંજોગો ખડા કરવા પડશે. એમને તાલીમ આપવી પડશે. શિક્ષક સારો એવો સમય વર્ગમાં એકલો હોય છે. એની પસંદગીમાં કચાશ રહી હશે તો બાળકોને થતું નુકસાન કાયમી સ્વરૂપનું નીવડશે. પગે ચાલવા કરતાં આપણે જેમ ખોટવાઈ જતી મોટરની પસંદગી ન કરીએ તેમ સારા શિક્ષકોના અભાવે "જે આવશે તે ચાલશે" એવી વૃત્તિથી આપણે ગમે તેવા શિક્ષકોથી શાળાઓ ચલાવીશું તો નુકસાન સમાજને જ છે.

આજનાં આ વ્યાખ્યાનો યોજાયા છે મુંબઈ જૈન યુવક સંઘના આશ્રયે. જૈન ધર્મ અનેકાન્તવાદમાં માને છે. સત્યનું પ્રત્યેક દર્શન સત્યના કેવળ એક પાસાનું દર્શન હોઈ શકે. પરન્તુ સત્ય સત્યના આંશિક સિદ્ધાંતોથી વધુ વિશાળ અને સનાતન છે. સત્યની શરૂઆત 'સ્વ' થી થાય છે, પણ પરિપૂર્ણ થાય છે તે સર્વનું બને છે ત્યારે. આ માન્યતાને આપનાવીને જૈન ધર્મ બીજાના મતને કેવળ સહી ન લઈને એને સમજવાનો પણ પ્રયત્ન કરે છે. કલહ પેદા થાય છે પોતાનો જ મત તે ખરો અને અન્યના મતને ખોટો ઠેરવનારાઓ દ્વારા. ઈતિહાસના સર્વ ધર્મયુદ્ધોમાં દરેક પક્ષ સત્ય અને ઈશ્વર પોતાની પડખે છે એમ માનતા. મૂળભૂત મૂલ્યોથી આપણે વિમૂળ થઈએ છીએ ત્યારે પ્રજા નાદાર થાય છે. જાગૃતિ અને જતન વિના મૂલ્યો સચવાતાં નથી. દેશ આખાને નીતિનાં સાચાં મૂલ્યો આપનાર અને તે પ્રમાણે જીવન જીવીને ખપી જનારને ગયે આજે ૧૬-૧૬ વર્ષ થઈ ગયાં. એક મોટી શિલા ઉખડી જાય ત્યારે નીચે દટાઈ રહેલાં અળશિયાંઓ અને નાનાં નાનાં જીવજંતુઓ અને સાપોલિયાઓ આમ-તેમ દોડવા લાગે તેમ આજે આપણને સમાજમાં વરતાય છે. દેશને ભૌતિક અને આર્થિક રીતે આબાદ કરવામાં જવાહરે જાત ઓગાળી નાંખી, પણ ગાંધીજીની નીતિમત્તાની ખોટ કોઈએ ન પૂરી. હજીએ આપણે જાગીશું નહિ – નવી પેઢીના માનવીને આચાર શીખવીશું નહિ તો અનેક નંદાજી આવશે ને જશે, પણ આપણે ઊંચે આવી નહિ શકીએ. નવી પેઢીના ઉછેર તરફ લક્ષ આપવાનું કાર્ય આજે જ કરવાનું છે. આચારથી વિમુખ થયેલા આચાર્યો દ્વારા તે નહિ થઈ શકે. કોક સદાચારી શિક્ષકના લાખ પ્રયત્નો છતાં પણ નહિ થઈ શકે. આ માટે સમાજના એકે એક સ્તરે સાચાં મૂલ્યો અપનાવવાં પડશે. વિનોબા ભાવેએ કહ્યું છે, "વિચારનો પ્રત્યક્ષ જીવન સાથેનો સંબંધ તૂટી જાય તો વિચાર નિષ્પ્રાણ બને છે અને જીવન વિચારશૂન્ય થાય છે. માણસ ઘરમાં જીવે છે અને શાળામાં શીખે છે, તેથી જીવન અને વિચારનો મેળ ખાતો નથી. આનો ઈલાજ એ કે એક તરફથી શાળા ઘરમાં દાખલ થવી જોઈએ અને બીજી તરફથી ઘર શાળામાં દાખલ થવું જોઈએ. સમાજશાસ્ત્રે શાલીન કુટુંબો તૈયાર કરવા જોઈએ અને શિક્ષણશાસ્ત્રે કૌટુંબિક શાળાઓ સ્થાપવી જોઈએ."

અપૂર્ણ

ઉષા મહેતા

(બહેન ઉષા મહેતા મુંબઈનાં એક જાણીતા સ્ત્રીકાર્યકર છે. તેમનો વ્યવસાય અધ્યાપનનો છે. તે ઉપરાંત ગુજરાતી નાટકોનું તેમ જ મનોરંજક કાર્યક્રમોનું આયોજન એ એમના એક શોખનો વિષય છે. ગત વર્ષની પર્યુષણ વ્યાખ્યાનમાળા બાદ તેમણે ઉપર જણાવેલ વિષયની નોંધ મારી ઉપર ઘણા સમય પહેલાં મોકલેલી, પણ મારા દુર્ભાગ્યના કારણે તે નોંધ આજ સુધી એમને એમ પડી રહેલી. આ માટે સૌ. ઉષાબહેનની ક્ષમા માગીને તે નોંધનો પહેલો હપ્તો નીચે રજૂ કરું છું. બીજો હપ્તો આવતા અંકમાં પ્રગટ કરવામાં આવશે. તંત્રી)

# પ્રકીર્ણ નોંધ

## વિરલ લોકસેવક સ્વ. લાલાકાકા

તા. ૩૦-૮-૬૫ સોમવારના રોજ અમદાવાદ ખાતે શ્રી ભોગીલાલ ધીરજરામ લાલાનું ૮૮ વર્ષની ઉમ્મરે થોડા સમયની માંદગી ભોગવ્યા બાદ તેમના નિવાસસ્થાને અવસાન થયું છે. આ રીતે વર્ષોજુના એક પીઢ સામાજનિષ્ટ કૉંગ્રેસી કાર્યકરની ઉજ્જવળ જીવનકારકીર્દીનો અન્ત આવ્યો છે. તેઓ પરિચિત વર્તુલોમાં 'લાલાકાકા'ના નામથી ઓળખાતા હતા.

તેમનો જન્મ તા. ૭-૧૨-૧૮૭૭માં અમદાવાદ ખાતે થયો હતો. તેમના પિતા સરકારી મેજીસ્ટ્રેટ હતા. તેમનું ઉચ્ચ શિક્ષણ વડોદરામાં પૂરું થયું હતું. ૧૯૦૧માં તેમણે વકીલાત શરૂ કરી હતી. ૧૯૨૧માં વકીલાત છોડવાનો નિર્ણય કરીને તેઓ ગાંધીજીની અસહકારની લડતમાં જોડાયા હતા. ત્યારથી કૉંગ્રેસ સાથેના તેમના ઉત્તરોત્તર વધતા જતા સંબંધની શરૂઆત થઈ હતી. ૧૯૩૩-૩૪ની સાલ દરમિયાન બારડોલીના ખેડૂતોના પ્રશ્નના કારણે તેઓ સરદાર પટેલના ગાઢ સંપર્કમાં આવ્યા હતા. ૧૯૩૫થી અમદાવાદ સુધરાઈમાં તેઓ બે વખત ચૂંટાઈ આવ્યા હતા અને સુધરાઈના ઉપપ્રમુખપદે રહ્યા હતા. ૧૯૪૨માં 'ભારત છોડો'ના આંદોલન દરમિયાન તેઓ પકડાયા હતા અને બે વર્ષનો તેમણે જેલવાસ ભોગવ્યો હતો. આમ કૉંગ્રેસી રાજકારણમાં તેઓ વધારે ને વધારે સંકળાતા રહ્યા હતા. આમ છતાં પણ સામાજિક ક્ષેત્રે પણ તેઓ એક સક્રિય કાર્યકર રહ્યા હતા.

૧૯૪૫ની સાલમાં તેઓ મુંબઈની ધારાસભામાં ચૂંટાયા. ત્યાર પછી ૧૯૫૬ની સાલમાં મુંબઈની વિધાન પરિષદના પ્રમુખ તરીકે તેઓ નિમાયા અને ૧૯૬૦માં ગુજરાત રાજ્ય જુદું થતાં તેઓ જાહેર જીવનમાંથી નિવૃત્ત થયા. વિધાન પરિષદની એમની કારકીર્દી દરમિયાન મુંબઈ ગણોતધારો પસાર કરાવવામાં તેમણે બહુ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

તેઓ જીંદગીના અન્ત સુધી અનેકના માર્ગદર્શક રહ્યા હતા. રાજ્યપ્રધાનોથી માંડીને ખેડૂતો, વિદ્યાર્થીઓ તથા અનેક સામાજિક કાર્યકરો તેમની સલાહ લેવા દોડી આવતા. તેમને સોંપાયેલી અનેક જટિલ લવાદીઓમાં તેમણે બંને પક્ષોને સંતોષ થાય એવા ઉકેલો શોધી આપ્યા હતા. એક જંગી જાહેર સભામાં સરદાર પટેલે તેમને 'લાલાકાકા'ના વ્હાલસોયા નામથી નવાજેલા ત્યારથી તેઓ ગુજરાતમાં એ નામે જ જાણીતા રહ્યા હતા.

તેમના વિષે તા. ૩૧-૮-૬૫ ના જન્મભૂમિના અગ્રલેખમાં યથોચિત જણાવવામાં આવ્યું છે કે, "૮૮ વર્ષની પરિપક્વ વયે શ્રી ભોગીલાલ-લાલાકાકાનું અવસાન થયું તેનો શોક કરવાનું કોઈ કારણ ન હોય. એ ઘટનાથી એક ઉત્તમ કોટિના લોકસેવકની જે ખોટ પડે છે તે યે સમાજે પૂરવી રહી. પરંતુ ગાંધીજીએ જે સંસારી સંન્યાસીઓની જમાત પોતાની આસપાસ એકઠી કરી હતી તેના રહેલા અવશેષોમાંથી એકની વિદાય જાહેર જીવનમાં નૈતિક-આધ્યાત્મિક-મૂલ્યોનો આગ્રહ સેવનાર સહુ કોઈને જરૂર સાલશે એમાં કોઈ શક નથી.

"ભગવાં વસ્ત્રો ધારણ કરીને લોકસેવામાં નિરત રહેવું પ્રમાણમાં આસાન હોય છે. એ વાત પર ટકી રહેવામાં લોકો પણ સહાયભૂત થતા હોય છે. પરંતુ સંસારી વેશે અને વૃત્તિએ રહેવું, રાગદ્વેષમય જીવનના એક એક ક્ષેત્રમાં ઓતપ્રોત થવું, અને છતાં અંગત સપાટીએ સંન્યાસીની માફક જીવવું, "તેન ત્યક્તેન ભુંજીથા:" એ ઉપનિષદવાક્યને અંગત અને જાહેર જીવનમાં રોજ-બ-રોજ અને ક્ષણે ક્ષણે ચરિતાર્થ કરવું એ તલવારની ધાર પર ચાલવા જેવું કપરું કામ છે. સ્વ. લાલાકાકાના ચરિત્ર અને ચારિત્ર્ય વિશે જે માહિતી મળે છે તે એમ બતાવી આપે છે કે, ૮૮ વર્ષોના અતિ લાંબા અને મૂલ્યપરિવર્તનવાળા કાળમાં તેઓ એ તલવારની ધાર ઉપર સફળ રીતે ચાલી રહ્યા હતા.

"પોતાના અને પરનાં નાણાંનો બહોળો વહીવટ કરવામાં ઉદારતા અને કરકસરનું મિશ્રણ સપ્રમાણ અને સ્વચ્છ રહેવું, રાજકીય જીવનમાં સ્થાનનો તો મોહ નહિ, પણ પોતાના નેતા-સરદારશ્રીની આજ્ઞા થાય એટલે જેલમાં પણ જવાનો મોહ ન હોવો, જે ગુજરાતના જાહેર-રાજકીય-જીવનમાં અર્ધી સદી ઉપરાંતના સમયમાં યશસ્વી સેવા આપી, તે જ ગુજરાતનું અલગ રાજ્ય થતાં જાહેર જીવનમાંથી

નિવૃત થવું, અને નિવૃત્તિ પછી પણ અંગત રીતે તો લોકસેવા અવિરત ચાલુ રાખવી—આવું નિર્મોહી અને નિસ્પૃહી જીવન પસાર કરવાનું વિરલ લોકોને ફાળે જ જાય છે."

લાલાકાકા આવી એક વિરલ વ્યકિત હતા. તેમને આપણા અન્તરની માનાંજલિ - ભાવાંજલિ અર્પણ હો! તેમનું જીવન વર્તમાન તેમ જ આગામી પેઢીને માર્ગદર્શક તેમ જ પ્રેરણાદાયી બનો!

## એક સામાન્ય માનવીનો અસામાન્યતાલક્ષી જીવનપુરુષાર્થ

શ્રી મનુભાઈ ગુલાબચંદ કાપડિયા જેઓ મુંબઈ જૈન યુવક સંઘના એક સભ્ય છે અને જેઓ 'બોંબે મોટર ટ્રેડીંગ કંપની' એ નામથી મુંબઈ ખાતે વર્ષોથી મોટર સ્પેર પાર્ટસનો ધંધો કરે છે તેઓ તાજેતરમાં ફેડરેશન ઓફ ઑલ ઈન્ડિયા ઑટોમોબાઈલ્સ સ્પેર પાર્ટસ ડીલર્સ એસોસીએશનના પ્રમુખ તરીકે ચૂંટાયા છે. એક સામાન્ય વ્યકિત, ભણતર પણ બહુ નહિ, આમ છતાં પણ કેવળ વ્યવસાયનિષ્ઠા, સુચારિત્ર્ય, વ્યાપારકુશળતા અને આજે વિરલ ગણી એવી પ્રમાણિકતાના બળે ધીમે ધીમે કેટલી આગળ વધે છે અને સમાજની સન્માનપાત્ર બને છે તેનો શ્રી મનુભાઈ એક નમુનો છે. આ દૃષ્ટિએ તેમનો અહિ પરિચય આપતાં આનંદ થાય છે.

ભાઈ મનુભાઈ મૂળ ભાવનગરના વતની, જન્મ ૧૯૦૬ની સાલમાં, મેટ્રીકનું ભણતાં ભણતાં ૧૯૨૨ની સાલમાં તેમણે અભ્યાસ છોડેલો. ભાવનગરમાં કુટુંબનો કાપડનો વ્યવસાય હતો, એમ છતાં તેમાં ન પડતાં પોતાના બળે આગળ આવવાની ભાવનાથી તેઓ મુંબઈ આવ્યા. અને ૧૯૨૫ની સાલમાં તેમણે 'બોંબે મોટર ટ્રેડિંગ કંપની' એ નામથી કોઈની ભાગીદારીમાં લુબ્રીકેટીંગ ઓઈલ્સ અને પેટ્રોલનો ધંધો શરૂ કર્યો. દોઢેક વર્ષ બાદ એ ભાગીદારી તેમણે વિસર્જિત કરી અને મોટર સ્પેર પાર્ટસનો ધંધો જુના નામથી જ સ્વતંત્ર રીતે તેમણે આરંભ્યો. આ ધંધામાં તેમને ઉત્તરોત્તર સફળતા મળતી ગઈ અને મોટર સ્પેર પાર્ટસના વ્યાપારીઓમાં તેમણે અગ્રસ્થાન પ્રાપ્ત કર્યું. આ દરમિયાન તેમના બન્ને ભાઈઓને તેમણે ધંધામાં સ્થિર કર્યા હતા. ઈ.સ. ૧૯૩૭ની સાલથી તેમણે બોંબે મોટર મરચન્ટસ એસોસીએશનની કાર્યવાહીમાં રસ લેવા માંડ્યો. ૧૯૪૨માં તેઓ તેના માનદ મંત્રી બન્યા. એસોસીએશનના ચાલુ બંધારણની તેમણે નવરચના કરી. ૧૯૪૩ની સાલમાં ઈમ્પોર્ટ ટ્રેડ કન્ટ્રોલ, પ્રાઈસ એન્ડ ડીસ્ટ્રીબ્યુશન કન્ટ્રોલ, સેલ્સ ટેક્સ વગેરે વ્યાપારીઓનું ધુંચવતા નવા કાયદા આવ્યા અને આ કાયદાઓની ચોખવટ અને સમજુતી અંગે લાગતા વળગતા સરકારી અધિકારીઓનો તેમણે સહકાર અને વિશ્વાસ સંપાદન કર્યો અને એસોસીએશનના સભ્યોના તેમ જ ભારતભરના મોટર સ્પેર પાર્ટસના વ્યાપારીઓના, આ કાયદાઓની અનેક આંટીઘૂંટીઓ અંગે, માર્ગદર્શક બનવાનું તેમના ભાગે આવ્યું. ૧૯૪૫ માં તેઓ એસોસીએશનના પ્રમુખ બન્યા અને ૧૯૪૬માં તેઓ પાછા મંત્રી બન્યા. અને એ પદ ઉપર તેઓ ૧૯૬૦ સુધી ચાલુ રહ્યા, સિવાય કે ૧૯૫૫થી ૧૯૬૦ ના ગાળા દરમિયાન બે વાર પ્રમુખ તરીકે એસોસીએશનની સેવા કરવાનું સદ્‌ભાગ્ય તેમને પ્રાપ્ત થયું હતું. અહિ એ જણાવવું જરૂરી છે કે, આજે જ્યારે વ્યાપારના ક્ષેત્રમાં ચોતરફ કાળાબજારનું વાતાવરણ જામેલું છે ત્યારે મનુભાઈ એ કાળાબજારના દૂષણથી મુકત રહી શક્યા છે અને વર્ષોથી તેમણે પોતાની પ્રમાણિકતા વિષે એવી પ્રતિષ્ઠા અને વિશ્વાસ પ્રાપ્ત કરેલ છે કે, ઈન્કમટેક્સ ખાતું તેઓ જે કાંઈ ઈન્કમટેક્ષ રીટર્ન ભરીને મોકલે છે તે ક્યાં પણ વિશેષ પૂછપરછ સિવાય જેવું આવ્યું હોય તેવું સ્વીકારી લે છે.

જે એસોસીએશનના વર્ષો સુધી અગ્રગણ્ય કાર્યકર્તા તરીકે તેમણે સેવા બજાવી હતી તે એસોસીએશનમાં શિખ વ્યાપારીઓ અને ગુજરાતી વ્યાપારીઓ વચ્ચે ઊભા થયેલા અને ઉત્કટ બનતા જતા સંઘર્ષના પરિણામે, ૧૯૬૨ની સાલમાં તેઓ એ એસોસીએશનના સર્વકોઈ અધિકારો ઉપરથી નિવૃત્ત થયા. સમયાન્તરે ૧૯૬૫ની સાલમાં જુના વ્યાપારીઓ અને મિત્રો સાથે મળીને તેમણે 'મહારાષ્ટ્ર મોટર સ્પેર પાર્ટસ ડીલર્સ એસોસીએશન'ની સ્થાપના કરી અને તેના તેઓ પ્રમુખ બન્યા. ઉપર જણાવ્યું તે મુજબ આ વખતે ભારતના વેસ્ટર્ન ઝોન - પશ્ચિમ વિભાગના વ્યાપારીઓમાંથી ફેડરેશન ઑફ ઑલ ઈન્ડિયા ઑટોમોબાઈલ્સ-સ્પેર પાર્ટસ ડીલર્સ એસોસીએશનના પ્રમુખની ચાલુ સપ્ટેમ્બરના પહેલા અઠવાડિયામાં દિલ્હી ખાતે મળેલી ફેડરેશનની પરિષદમાં ચૂંટણી કરવાની હતી. આ ચૂંટણીમાં મનુભાઈ ઊભા રહ્યા અને તીવ્ર હરીફાઈ હોવા છતાં મોટી બહુમતી સાથે ચૂંટાયા છે. આ માટે તેમને ધન્યવાદ ઘટે છે.

સામાજિક ક્ષેત્રે ચાલી રહેલી તેમની સેવાઓની નોંધ લેતાં જણાવવાનું કે, ૧૯૪૩ ની સાલમાં પાલીતાણા ખાતે આવેલા શ્રી યશોવિજયજી જૈન ગુરુકુલના એક મંત્રી તરીકે તેમની નિમણુંક કરવામાં આવેલી. તે અધિકાર ઉપર ૧૮ વર્ષ સુધી ચાલુ રહીને તે સંસ્થાની તેમણે અનેકવિધ સેવા કરી છે. ૧૯૬૨ની સાલમાં તેઓ મુંબઈ ખાતેના શ્રી મહાવીર જૈન વિદ્યાલયના એક મંત્રી તરીકે ચૂંટાયા છે અને આજે પણ આ પદ ઉપર તેઓ ચાલુ છે. વિદ્યાલયમાં રૂ. ૧૦૦૦૦ નું દાન આપીને તેઓ વિદ્યાલયના પેટ્રન પણ બન્યા છે.

ભાઈ મનુભાઈ મારા પિત્રાઈ ભાઈ થાય. તેમનાં પત્ની જસુમતીબહેન જૈન મહિલા સમાજના એક મંત્રી છે, મુંબઈ જૈન યુવક સંઘનાં કાર્યવાહીના એક સભ્ય છે, અને મુંબઈના એક જાણીતાં સામાજિક કાર્યકર છે. તેમના લઘુબંધુ શ્રી ધીરૂભાઈ કાપડિયા તાજેતરમાં જે. પી. થયા છે. આમ મારી સાથે સગપણના નાતે જોડાયેલા મનુભાઈનો આ રીતે પરિચય આપતાં સંકોચ તેમ જ ગર્વ ઉભય લાગણીનો હું અનુભવ કરું છું.

## સાત માસ સુધી થનારી ૫૦૦૦ ફૂલોની પૂજા

તા. ૧૨-૬-૬૫ના 'જૈન'માં નીચે મુજબ સમાચાર આપવામાં આવ્યા છે:

"આચાર્યશ્રી પૂર્ણાનંદસૂરીશ્વરજી તથા આચાર્યશ્રી હૂીંકાર સૂરીશ્વરજીને ચાતુર્માસ માટે નેલુર (આંધ્ર)ના સંઘે ખૂબ જ ભારપૂર્વક વિનંતિ કરેલી. તેનો જેઠ સુદ ૪ના રોજ સ્વીકાર થતાં સંઘે ખૂબ ખુશી મનાવેલી. આ પ્રસંગે શ્રીફળની પ્રભાવના કરવામાં આવેલી. વળી દર રવિવારે પૂજા આંગી માટે સંઘે ઠરાવ કર્યો અને સાત માસ સુધી પાંચ હજાર ફૂલોથી પ્રભુભકિત કરવાનું નક્કી કર્યું."

જ્યાં જ્યાં મૂર્તિપૂજાનો સ્વીકાર છે ત્યાં ત્યાં મૂર્તિની ચંદન કેસર તથા પુષ્પ વડે પૂજા કરવાનો રીવાજ પ્રચલિત છે. જેમ કોઈ પણ વ્યકિત વિષે આદર દર્શાવવો હોય તો તેને પુષ્પહાર અર્પણ કરવામાં આવે છે, આવી જ રીતે ઈષ્ટદેવ પ્રત્યે આદરભકિત દર્શાવવા માટે પુષ્પ ચડાવવામાં આવે એ તદ્દન સ્વાભાવિક અને સમુચિત છે. પણ આ જ પૂજાદ્રવ્યોનો કદિ કદિ અતિરેક થતો જોવામાં આવે છે જેમ કે કેશરિયાજીની મૂર્તિ ઉપર ઢગલાબંધ કેસર ચડાવવામાં આવે છે જે કેવળ દ્રવ્યનો દુરુપયોગ છે અને જે પાછળ અંધશ્રદ્ધા અને કેવળ વહેમવૃત્તિ સિવાય બીજું કશું તત્ત્વ કે તથ્ય જોવામાં આવતું નથી. આવી જ રીતે સાત માસ સુધી પાંચ હજાર ફૂલ ચડાવવાનો આ ઠરાવ કેવળ વિવેકશૂન્યતા અને ભકિતનો અતિરેક દર્શાવે છે. આવો જ અવિવેક શત્રુંજય ઉપર મુખ્ય મૂર્તિ ઉપર ઢગલાબંધ ફૂલો ચઢાવવામાં રહેલો છે. જે જૈનો ફૂલોમાં જીવ માને છે તેઓ પુષ્પપૂજા અંગે આવી ઘેલછા કેમ દર્શાવી શકે તે કલ્પનામાં આવતું નથી. આવી પૂજાવિધિને ઉત્તેજન આપનાર આચાર્યોની સમજણ અને બુદ્ધિ વિષે આશ્ચર્ય તેમ જ ખેદ થયા વિના રહેતો નથી.

પરમાનંદ

## સ્વ. પરિક્ષિતલાલ મજુમદાર

ગુજરાતના ગાંધી યુગના ગણ્યાગાઠ્યા મૂક સેવકોમાંના એક પરિક્ષિતલાલ મજુમદારનું તા. ૧૨-૯-૬૫ના રોજ અમદાવાદ ખાતે નિપજેલું અવસાન એ હરિજન ઉત્થાનના કાર્યને મોટા ફટકા સમાન છે, એટલું જ નહિ પણ, મૂક સેવકોની ગુજરાતમાં અસ્તિત્વ ધરાવતી નાનકડી સંખ્યા અલોપ થતી જાય છે તેનું દુઃખદ સ્મરણ કરાવે છે.

સાબરમતી આશ્રમના અંતેવાસી અને ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમમાં પોતાના જીવનનું આદર્શ તમન્નાથી સમર્પણ કરનાર ભાઈ મજુમદાર પ્રસિદ્ધિ, હોદ્દો કે એવા કોઈ અન્ય પ્રકારના મોહથી તદ્દન મુકત હતા. કર્તવ્ય એમના માટે જીવનમાં સર્વસ્વ હતું. અને એમણે પોતાની કર્તવ્યભાવના પ્રમાણે જીવન જીવી બતાવ્યું. સમાજની સાચી ઉન્નતિ કરનારા તેઓ જ છે, જેઓ ધાંધલ ધમાલ કર્યા વિના સમાજ માટેની મૌલિક મહત્ત્વની પાયાની બાબતો પર ધ્યાન આપી એની સુધારણામાં જીવનનું સમર્પણ કરી છે. મજુમદાર આવા એકનિષ્ઠ કાર્યકર હતા. તેમનું જીવન પ્રેરણારૂપ બની રહો.

('જનશક્તિ'માંથી સાભાર ઉધ્ધૃત)

# આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળા

જણાવતાં આનંદ થાય છે કે, શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે યોજાયેલી તા. ૨૩-૮-૬૫ થી તા. ૩૦-૮-૬૫ સુધી એમ આઠ દિવસની પર્યુષણ વ્યાખ્યાનમાળા, તા. ૧૬-૮-૬૫ના 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ કરવામાં આવેલ કાર્યક્રમ મુજબ, સાંગોપાંગ પાર પડી છે, સિવાય કે છેલ્લા દિવસનું—આચાર્યશ્રી રજનીશજીનું—છેલ્લું વ્યાખ્યાન, તેમની તબિયત એકાએક નાદુરસ્ત થવાના લીધે રદ કરવું પડેલું. આ આઠે દિવસની વ્યાખ્યાનસભાઓનું પ્રમુખસ્થાન પ્રાધ્યાપક શ્રી ગૌરીપ્રસાદ ચુનીલાલ ઝાલાએ પૂરા અર્થમાં શોભાવ્યું હતું. આઠે દિવસની સભાઓનું પ્રારંભથી અન્ત સુધી તેમણે સંચાલન કર્યું હતું અને વ્યાખ્યાતાઓનાં વ્યાખ્યાનોની સમયના અવકાશ મુજબ જરૂરી ટીકાટીપ્પણ આલોચના કરી હતી. પહેલા પાંચ દિવસની વ્યાખ્યાન-સભાઓ બ્લેવાટસ્કી લૉજમાં અને છેલ્લા ત્રણ દિવસની સભાઓ ભારતીય વિદ્યાભવનમાં સભાગારમાં ભરવામાં આવી હતી. દરેક સભામાં ધારણા મુજબ શ્રોતાઓની બહુ સારી સંખ્યામાં હાજરી રહી હતી. ભારતીય વિદ્યાભવનની છેલ્લી સભામાં શ્રોતા ભાઈ-બહેનોની ભીડથી આખું થીએટર ખીચોખીચ ભરાઈ ગયું હતું, એટલું જ નહિ પણ, ઘણા ભાઈ-બહેનોને જગ્યા ન મળવાનાં કારણે નિરાશ થઈને પાછા ફરવું પડ્યું હતું.

આ વખતની વ્યાખ્યાનમાળાના કુલ ૧૩ વ્યાખ્યાતાઓમાં ૮ વ્યાખ્યાતા મુંબઈ બહારના હતા. તેમાંના સ્વામી રામકૃષ્ણ મીશન ઢબે જોડાયેલા સ્વામી રંગનાથાનંદ અને પ્રવ્રાજિકા આત્મપ્રાણા જેમનો પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં પરિચય આપવામાં આવ્યો હતો તે બે વ્યાખ્યાતાઓ અમારા નિમંત્રણને માન આપીને ખાસ કલકત્તાથી આવ્યા હતા. સ્વામી પ્રવ્રાજકતીર્થ માઉન્ટ આબુ ખાતે રહે છે. શ્રી વસન્તરાવ નારગોળકર કેનેડા-દહાણુથી, આચાર્ય યશવન્ત શુક્લ તથા શ્રી ઉમાશંકર જોષી અમદાવાદથી, શ્રી મનુભાઈ પંચોળી સણોસરાથી તથા આચાર્ય રજનીશજી જબલપુરથી આવ્યા હતા. આજ સુધીની વ્યાખ્યાનમાળા-ઓમાં, વ્યાખ્યાતાઓ અને વ્યાખ્યાન વિષયો ઉભય દૃષ્ટિએ, આ વખતની વ્યાખ્યાનમાળા ગુણવત્તામાં સારા પ્રમાણમાં ચડિયાતી નીવડી હતી અને આ રીતે આ વ્યાખ્યાનમાળાએ ધાર્યા કરતાં વધારે સફળતા પ્રાપ્ત કરી હતી.

આ વખતે પંડિત દેવેન્દ્રવિજયના સંગીતમય ભજનોનો પહેલી-વાર લાભ મળ્યો હતો. તા. ૨૭ મી ઓગસ્ટ રવિવારની સભાનાં બે વ્યાખ્યાનો પૂરાં થયા બાદ તેમણે નિયત કાર્યક્રમ મુજબ ભજનો સંભળાવ્યા હતા, પણ છેલ્લા દિવસે આચાર્ય રજનીશજીનું વ્યાખ્યાન એકા એક રદ થવાના કારણે તે દિવસની સભાનો એક કલાકનો ગાળો શી રીતે પૂરવો એ અમારા માટે મુંઝવણનો વિષય બનેલો. એકાએક કોઈ નવા વ્યાખ્યાતાને બોલાવવા અને તેમની પાસે વ્યાખ્યાન અપાવવું અને તે આવા સૌથી વધારે મહત્વના દિવસની સભામાં - એ સહજ શક્ય નહોતું. આ મુંઝવણ પંડિત દેવેન્દ્રવિજયે અમારી વિનતિના સહજ સ્વીકાર સાથે પોતાના સાજ સાથે ઉપસ્થિત થઈને અને એકાદ કલાકથી વધારે સમયનો સંગીતમય ભજનોનો કાર્યક્રમ રજુ કરીને દૂર કરી હતી. તેમણે પોતાની ભજનકળા દ્વારા સભાગૃહમાં ખીચોખીચ ભરેલી શ્રોતામંડળીને સ્થગિત કરી દીધી હતી, અરેખર મુગ્ધ બનાવી હતી.

આમ શ્રી ઝાલાસાહેબે આઠે દિવસની સભાઓના પ્રમુખ તરીકે પાર વિનાના સમયનો ભોગ આપીને, ભિન્ન ભિન્ન વ્યાખ્યાતાઓએ પોતપોતાના વિષયનું અભ્યાસ અને ચિન્તનથી ભરેલું વિવરણ રજુ કરીને તેમ પં. દેવેન્દ્રવિજયે મધુરાં ભજનોની રસલહાણ પીરસીને આ વ્યાખ્યાન-માળાને સફળ બનાવવામાં જે મહત્વનો ફાળો આપ્યો છે તે માટે તે સર્વનો અમારા સંઘ તરફથી અહિ અન્તઃકરણપૂર્વક આભાર માનવામાં આવે છે.

આ વ્યાખ્યાનમાળાના અવસરને ધ્યાનમાં લઈને અમે સંઘની ભિન્ન ભિન્ન પ્રવૃત્તિઓને ટેકવવા માટે રૂા. ૧૫૦૦૦ની માગણી કરી હતી તેના જવાબ રૂપે આજ સુધીમાં રૂા. ૧૨૦૦૦ નોંધાયા છે. લક્ષ્યાંકનો બાકીનો ભાગ ભરાઈ જશે એવી આશા છે. આ દાતાઓનો પણ અમો હાર્દિક આભાર માનીએ છીએ.

'પ્રબુદ્ધ જીવન'ના આગામી અંકમાં આ પર્યુષણ વ્યાખ્યાનમાળાની શ્રી ગૌરીપ્રસાદ ઝાલાએ લખી મોકલેલી વિસ્તૃત સમાલોચના પ્રગટ કરવામાં આવશે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

# સંઘ તરફથી યોજાયલું સ્નેહસંમેલન

આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળાના આઠે દિવસની સભાઓનું પ્રમુખસ્થાન સ્વીકારવા બદલ પ્રાધ્યાપક શ્રી ગૌરીપ્રસાદ ચુનીલાલ ઝાલા પ્રત્યે સંઘની કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે તેમ જ આ વખતની વ્યાખ્યાનમાળાના મુંબઈમાં સુલભ એવા વ્યાખ્યાતાઓનું તથા સંગીતજ્ઞોનું બહુમાન કરવા માટે તા. ૨૯-૮-૬૫ રવિવારના રોજ સાંજના ૪ વાગ્યે રીજ રોડ ઉપરના માનવમંદિર રોડ ઉપર આવેલા 'માનવમંદિર' સંસ્થાના સભાગૃહમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી પરિમિત આકારનું એક સ્નેહસંમેલન યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગ ઉપર મુંબઈમાં વસતા - આગળનાં વર્ષોની પર્યુષણ વ્યાખ્યાનમાળાના - વ્યાખ્યાતાઓને તેમ જ સંઘના ફાળામાં સંગીન રકમ ભરીને મદદ કરનાર દાતાઓને નિમંત્રણ આપવામાં આવ્યાં હતાં. આ સ્નેહસંમેલનમાં લગભગ સવાસો ભાઈ બહેનો ઉપસ્થિત થયાં હતાં. પ્રારંભમાં સંઘના ઉપપ્રમુખ અને પર્યુષણ વ્યાખ્યાનમાળાના આયોજક શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ ઉપસ્થિત ભાઈ-બહેનોને ઉચિત શબ્દોમાં આવકાર આપ્યો હતો. ત્યાર બાદ માનવમંદિર સંસ્થા તરફથી અડધાએક કલાકનો સંગીતનો કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો હતો. પછી નવોદિત કવિ શ્રી ગજા-નન ભટ્ટે 'અહિંસા' ઉપર પોતાનું રચેલું એક કાવ્ય સંભળાવ્યું હતું. પછી પં. દેવેન્દ્ર વિજયના નાનાભાઈ શ્રી કનુભાઈ દવેએ એક યુવાન-યુવતી લગ્નગ્રંથીથી જોડાયાં ત્યારથી માંડીને તેમને ત્યાં પુત્રનો જન્મ થયો ત્યાં સુધીની જીવન અવસ્થાને રજુ કરતું શબ્દની ચમત્કૃતિથી ભરેલું સ્વરચિત કાવ્ય સંભળાવ્યું હતું. ત્યાર બાદ સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે આ સ્નેહસંમેલનનો હેતુ, પર્યુષણ વ્યાખ્યાનમાળાની ઉત્તરોત્તર વિકસતી જતી પ્રવૃત્તિ, સંઘની ઈતર પ્રવૃત્તિઓ વગેરે બાબતો અંગે સંક્ષેપમાં વિવરણ કરીને "આ એક સંઘના વિસ્તૃત બનતા જતા કુટુંબનો મેળો છે." એમ જણાવીને શ્રી ઝાલાસાહેબનું પુષ્પહારથી સન્માન કર્યું હતું. ઝાલાસાહેબે આભાર માનતાં જણાવ્યું કે, આમ ચાર ચાર વર્ષથી પર્યુષણ વ્યાખ્યાન માળાના પ્રમુખ તરીકે ભાગ લેતાં લેતાં હવે તો હું તમારો બની ગયો છું અને તેથી હવે મને જાણે કે તમારાથી અલગ ગણીને, મારું તમે સન્માન કરો એ બરોબર નથી, જરૂરી નથી એમ જણાવીને પ્રસંગોચિત વિવરણ કર્યું હતું. પછી આ માનવમંદિર સંસ્થાના પ્રમુખ સંચાલક પં. દેવેન્દ્રવિજયના પિતાશ્રી કીર્તનાચાર્ય વિજયશંકર મહારાજ—જેમની આજે ૯૦ વર્ષની ઉમ્મર છે અને જેમણે આખી જિંદગી એક ભજનિક તરીકે વ્યતીત કરી છે તેવા વયોવૃદ્ધ બુઝર્ગ વડિલનું પુષ્પહાર વડે સન્માન કરવામાં આવ્યું હતું. પછી માનવ-મંદિર સંસ્થા સાથે નિકટ સંબંધ ધરાવતા શ્રી જમનાદાસ નારણજી અઢીઆએ માનવમંદિર સંસ્થાનો પરિચય આપતાં જે મુખ્ય વિગતો રજુ કરી તે નીચે મુજબ હતી:—

"આ સંસ્થાના મુખ્ય નિર્માતા પં. દેવેન્દ્રવિજય છે. તેમને ભજનકીર્તનનો વંશપરંપરાથી વારસો મળ્યો છે. તેમણે દેશપરદેશમાં ભજનકીર્તન નિમિત્તે ખૂબ પ્રવાસ ક્યો છે અને આજે પણ તેમના પ્રવાસો ચાલુ જ હોય છે. પોતાની ભજન પ્રવૃત્તિદ્વારા અનેક લોકોને માંસ—મદિરાના વ્યસનથી તેમણે મુક્ત કર્યા છે. વળી આ ભજન કીર્તનની પ્રવૃત્તિના પુરસ્કાર રૂપે તેમને જે કાંઈ મળ્યું છે તે આ માનવમંદિરને તેમણે સમર્પિત કર્યું છે. આ મહાન કાર્યમાં તેમના નાનાભાઈ શ્રી કનુભાઈ દવેનો તેમને ખૂબ સાથ અને સહકાર રહ્યો છે. આ માનવમંદિરની સ્થાપના ઈ. સ. ૧૯૫૬ ની સાલમાં કરવામાં આવી છે, જેની છત્રછાયા નીચે આજે અનેક સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ચાલી રહી છે, જેમાં સૌથી વધારે ધ્યાન ખેંચે એવી પ્રવૃત્તિ ૧૯૬૩ની સાલમાં શરૂ કરવામાં આવેલ સૌ.

નંદકુંવર રસિકલાલ પ્ર. વિવિધલક્ષી વિદ્યાલય. છે. આ ઉપરાંત છાત્રાલય, વ્યાયામ મંદિર, આધ્યાત્મ-કેન્દ્ર, શૈલેશ શિશુવિહાર, માનવ-મંદિર સંગીત વિદ્યાપીઠ વગેરે અનેક પ્રવૃત્તિઓ અહિં ચાલી રહી છે. આવી જ રીતે અમદાવાદ ખાતે પણ તા. ૧૪-૫-૬૨ ના રોજ માનવ-મંદિરની સ્થાપના કરવામાં આવી છે. આ સંસ્થા તરફથી ચાલુ વર્ષના જૂન માસથી શ્રી સી. યુ. શાહ આર્ટ્સ અને સાયન્સ કૉલેજની શરૂ-આત કરવામાં આવી છે. આ ઉપરાંત અમદાવાદમાં પણ પ્રાર્થના સત્સંગભવન, છાત્રાલય, વૃદ્ધાશ્રમ, વાચનાલય, વ્યાયામશાળા વગેરે પ્રવૃત્તિઓ નજીકના ભવિષ્યમાં માનવમંદિર (અમદાવાદ)ના સંચા-લકો હાથ ધરવા ચાહે છે."

માનવમંદિરનો આ પરિચય અપાયા બાદ તેમ જ પીરસાયલા અલ્પાહારને ન્યાય અપાયા બાદ સાંજના છ વાગ્યા લગભગ સ્નેહ-સંમેલન વિસર્જન કરવામાં આવ્યું હતું. આ સ્નેહસંમેલન ભરવા માટે માનવમંદિરના સંચાલકોએ પોતાના સભાગૃહનો ઉપયોગ કરવા દીધો તેમ જ સ્નેહસંમેલનની ગોઠવણ કરવામાં પૂરા મદદરૂપ થયા તે માટે માનવમંદિરના સંચાલકોના અમે ખૂબ ઋણી અને આભારી છીએ. **મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

## આપણો પરાજય થશે તો–
## –આઝાદીનો આતશ એશિયામાંથી ઓલવાઈ જશે.

(રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણન્‌ના તા. ૧૧–૯–૬૫ના વાયુપ્રવચનમાંથી)

આજે આપણે લડીએ છીએ તે કોઈનો મુલક તાબે કરવા માટે નહિ પણ પાયાના સિદ્ધાન્તો માટે. ભારતના આઝાદી અને ભારતનું સમવાયી તંત્ર કે જેમાં જમ્મુ અને કાશ્મીરની સમાવેશ થાય છે તેના ટકાવ માટેના આપણા આ સંઘર્ષમાં વિજય મળે તે મુકત સંસ્થાઓની રક્ષા માટે અત્યન્ત જરૂરી છે. ભારતમાં મુકતપણે ચૂંટાયેલી સરકાર છે, સ્વતંત્ર પ્રેસ છે, કાયદાના આધાર ઉપર ચાલતું તંત્ર છે અને બીન-સાંપ્રદાયિક રાજ્ય છે જે બધા ધર્મોનો એક સરખો આદર કરે છે. આપણે લશ્કરી સરમુખત્યારશાહીનો, અત્યન્ત નિયંત્રિત એવા પ્રેસનો અને એક જ સંપ્રદાયને વરેલા રાજ્યનો સામનો કરી રહ્યા છીએ. જે લોકો આપણાથી જુદી રીતે વિચારે છે તેઓ પણ આપણી જેટલા જ મુકત હોવા જોઈએ એમ આપણે માનીએ છીએ. આપણી જીત લોકશાહીના હિત માટે આવશ્યક છે, અનિવાર્યપણે અપેક્ષિત છે. આપણો પરાજય થશે તો આઝાદીનો આતશ–મુકિતનો પ્રદીપ-એશિયામાંથી સદાને માટે ઓલવાઈ જશે.

પાકીસ્તાનના લોકો અંગે કોઈ પણ પ્રકારના તિરસ્કારથી આપણે દૂર રહેવાનું છે. તેમની સાથેની મૈત્રી હંમેશાને માટે આપણું ધ્યેય રહ્યું છે. ભારતને બચાવવા માટે પાકીસ્તાનને હાનિ કરવી એવી આપણા દિલમાં કોઈ ઈચ્છા નથી. શાન્તિ અંગેનું આપણું વલણ સૌ કોઈ જાણે છે. કદિ ન સંધાય એવી એકમેક વચ્ચેની ચીરાડોમાં આપણે માનતા નથી. આપણને જુદા રાખે એ કરતાં આપણને જોડાયલા રાખે એવી ઘણી વધારે બાબતો છે. આ ભયાનક કટોકટીની પરિસ્થિતિમાં પણ આપણે અન્તર્મુખતાની થોડી પળો કાઢીએ અને જેમાં કરુણા અને બલિદાનની ભાવના રહેલી છે એવા આત્માને ઊંચે ઉડવાનો અવકાશ આપીએ.

અનુવાદક : પરમાનંદ — ડૉ. રાધાકૃષ્ણન

## વિષયસૂચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| બાપુ (કાવ્ય) | મીનુ દેસાઈ | ૯૫ |
| નવા સમાજના નિર્માણપ્રતિ | જયપ્રકાશ નારાયણ | ૯૬ |
| અદ્યતન યુદ્ધકીય પરિસ્થિતિ | ચીમનલાલ ચકુભાઈ શાહ | ૯૭ |
| એક વ્યકિતવિશેષનો પરિચય | રતિલાલ શેઠ | ૯૯ |
| શિક્ષક અને સમાજ | ઉષાબહેન મલજી | ૧૦૦ |
| પ્રકીર્ણ નોંધ : વિરલ લોકસેવક સ્વ લાલાકાકા, એક સામાન્ય માનવીનો અસામાન્યતાલક્ષી જીવનપુરુષાર્થ, સાત માસ સુધી થનારી ૫૦૦૦ ફૂલોની પૂજા, સ્વ. પરિક્ષિતલાલ મજમુદાર. | પરમાનંદ | ૧૦૧ |
| આપણો પરાજય થશે તો આઝાદીનો આતશ એશિયામાંથી ઓલવાઈ જશે. | ડૉ. રાધાકૃષ્ણન્‌ | ૧૦૪ |
| આલ્બર્ટ સ્વાઈટ્‌ઝર | અનુ. પરમાનંદ | ૧૦૪ |


## આલ્બર્ટ સ્વાઈટ્‌ઝર

(તા. ૧૦-૯-૬૫ના ટાઈમ્સ ઓફ ઈન્ડિયાની તંત્રીનોંધનો અનુવાદ નીચે આપવામાં આવેલ છે. આ માનવવિભૂતિનો શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે છેલ્લી પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિ-યાન પોતાના વ્યાખ્યાન દ્વારા અત્યન્ત રોચક અને ઉદ્‌બોધક પરિ-ચય કરાવ્યો હતો. તે વ્યાખ્યાનની નોંધ પ્રબુદ્ધ જીવનના આગામી અંકમાં રજૂ કરવામાં આવશે. **તંત્રી**)

તેઓ એક વિરલ વિભૂતિ હતા–આ ૮૦ વર્ષનો જર્જરિત માનવી કે જે આફ્રિકાના ઊંડાણમાં જંગલમાં ઉભા કરવામાં આવેલા ઈસ્પિતાલમાં તા. ૫–૯–૬૫ના રોજ અવસાન પામ્યો છે અને જે જગ્યાએ તેણે ૫૦ વર્ષ સુધી કામ કર્યું હતું તેની નજીકમાં બાંધેલી એક સાદી કબરમાં જેને દફનાવવામાં આવ્યો છે. તેઓ જે કાંઈ બોલતા અથવા કરતા તે સર્વ કાંઈ કરુણા વડે રંગાયલું રહેતું. અને તેમને જાણતા હજારો લોકોની નજરમાં તેઓ એક સન્તપુરુષ હતા અને દુનિયા માટે તેઓ એક અન્તરપ્રદીપ સમાન હતા. આલ્બર્ટ સ્વાઈટ્‌ઝરમાં ઉચ્ચતર વાસ્તવિકતા પ્રતિની જાગૃતિ તેમના જીવનના એક પછી એક એમ ત્રણ તબકકે ઉદ્‌ભવી હતી. શરૂઆતમાં તેઓ ખ્રિસ્તી વિચારસરણીના પ્રભાવ નીચે આવ્યા કે જ્યારે તેઓ ઈશુ ખ્રિસ્તના ઉપદેશો વિષે પૂરા સભાન બન્યા. પછી તેમની બૌદ્ધિક પ્રતિભા પૂર્ણ સ્વરૂપે ખીલી ઉઠી કે જે દરમિયાન તેમણે એક ફિલ્સુફ તરીકે, ધર્મશાસ્ત્રના પંડિત તરીકે, સાહિત્યકાર તરીકે અને સંગીતકાર તરીકે પશ્ચિમની દુનિયામાં ભારે ખ્યાતિ પ્રાપ્ત કરી. (સંગીતશાસ્ત્રી એ અર્થમાં કે 'બાક'ની સંગીત પદ્ધતિના તેઓ એક સર્વશ્રેષ્ઠ અર્થઘટક હતા). છેવટે તેમના જીવનમાં એ કટો-કટીનો સમય આવ્યો કે જ્યારે અસહાય માનવીની પીડા અને યાતનાએ તેમને યુરોપ ભણી અભિમુખ બનાવ્યા, ડાકટરીના અભ્યાસ તરફ વાળ્યા અને એ ડાકટરી જ્ઞાનનો ઉપયોગ તેમણે આફ્રિકાના પૃથ્વીની મધ્યરેખા ઉપર આવેલા વિભાગમાં વસતા માનવીઓને વૈદ્યકીય રાહત પહોંચાડવા પાછળ કર્યો. આ તેમના માટે એક પ્રકારનો યજ્ઞ હતો અને સાથે સાથે અન્તર્તમ સત્યની શોધ પણ હતી–એ અન્તર્તમ સત્ય કે જેને ઈશ્વરકૃપા તરીકે, ચૈતન્ય–જાગૃતિ તરીકે અથવા તો માનવીમાં રહેલા ઈશ્વર-તત્ત્વના પ્રતીક તરીકે વર્ણવવામાં આવે છે. અને લેંબારેનના ગાઢ જંગલમાં તેમણે ઈસ્પિતાલ ઉભું કર્યું અને મર્ત્ય માનવીઓમાં ભાગ્યે જ જોવા મળે એવા સ્વાર્પણપૂર્વક તેમણે ગરીબ અને વ્યાધિ-ગ્રસ્તોની વર્ષો સુધી સેવા કરી. તેમના રોમે રોમમાં વ્યાપેલ હતો-Reverence for Life–જીવ માત્ર માટે આદરભાવ–સમગ્ર જીવસૃષ્ટિ માટે કરુણાભાવ-ભૂત માત્ર વિશે મિત્રભાવ–જે એક ઉર્ધ્વલક્ષી સિદ્ધાંત તરીકે ભારતના વિચારકોને ખૂબ જ પરિચિત છે. આજનો એ મંથનકાળ કે જ્યારે દીવાઓ એક પછી એક ઓલવાઈ રહ્યા છે અને માનવીય મૂલ્યો ઉત્તરોત્તર વિકૃત્ત બની રહ્યા છે ત્યારે, તેઓ એક સાચા માનવતાવાદી તરીકે, ટકી રહ્યા હતા અને 'Will to love'–પ્રેમની અભીપ્સાના સિદ્ધાન્તને વળગી રહીને તેમણે પુરવાર કર્યું હતું કે માનવીના વ્યવહારમાં બીજા બધા તત્ત્વો કરતાં પ્રેમ તત્ત્વ જ વધારે બળવાન તત્ત્વ બની શકે છે, વિનાસંશય વધારે બળવાન તત્ત્વ છે. શાન્તિ માટેની અને પ્રેમની સર્વવ્યાપકતા અંગેની તેમની તમન્નાની દૃષ્ટિએ તેઓ માનવજાતના અન્ત:કરણના એક પ્રતીક સમાન હતા, એટલું જ નહિ પણ, તેઓ અનેક રીતે માન-વીના દિલમાં રહેલી ઉદાત્ત ભાવનાઓના અને આકાંક્ષાઓના એક પ્રતિનિધિ પણ હતા. તેમના ટીકાકારો તેમની મહત્તાને યથા-સ્વરૂપે કદિ ઓળખી શકયા જ નહોતા અને પોતાની લઘુતાના માપદંડ વડે તેમની મહત્તાને માપવાનો પ્રયત્ન કરતા હતા. તેઓ એક પૂર્ણ માનવી હતા અને લાખો માનવીઓ જે રીતે સમજે છે તે અર્થમાં તેઓ પૂરા પ્રભુના માનવી–Man of God–હતા.

અનુવાદક : પરમાનંદ

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ : ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઈ–૩.
મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્‌સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

# પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૭ : અંક ૧૧

મુંબઇ, ઑક્ટોબર ૧, ૧૯૬૫, શુક્રવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૨૫ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## આલ્બર્ટ સ્વાઈટ્ઝર

[આ વર્ષની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે તા. ૨૬-૮-'૬૫ના રોજ આલ્બર્ટ સ્વાઈટ્ઝર ઉપર પ્રવચન કર્યું હતું. ત્યાર પછી થોડા જ દિવસમાં તા. ૫-૯-૬૫ના રોજ સ્વાઈટ્ઝરનું અવસાન થયું ત્યારે જગત્‌ની એ મહાન વિભૂતિને દુનિયાભરમાંથી શ્રદ્ધાંજલિ અર્પવામાં આવી હતી.

આ પ્રવચન મૂળ અમારા મિત્ર શ્રી વિજયકુમાર રતિલાલ છોટાલાલે પોતાના યંત્ર ઉપર ટેપ રેકૉર્ડ કરેલું. તે ઉપરથી નોંધ પણ તેમણે તૈયાર કરીને મને પૂરી પાડી. ત્યાર બાદ આ નોંધનું વ્યવસ્થિત સંપાદન કુમારી શારદાબહેન ગોરડિયાએ કરી આપ્યું અને તેનું સંમાર્જન શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે કરી આપ્યું છે. આમ ઉત્તરોત્તર ત્રણ હાથમાંથી પસાર થયેલી અને એ રીતે તૈયાર થયેલી નોંધ અથવા તો મૂળ પ્રવચનનો અધિકૃત સાર નીચે આપવામાં આવે છે. આ નોંધ તૈયાર કરવા પાછળ જેણે જેણે શ્રમ લીધો છે તેમનો હું ઋણી અને આભારી છું. તંત્રી]

હમણાં જ શ્રી પરમાનંદભાઈએ કહ્યું તેમ મારાં આજના વ્યાખ્યાનનો વિષય છે આલ્બર્ટ સ્વાઈટ્ઝર. છેલ્લાં બે ત્રણ વર્ષથી બને છે તેમ, પરમાનંદભાઈ વિષય નક્કી કરે અને પછી મારે એ વિષયનો અભ્યાસ કરવાનો, તેમ આ વર્ષે પણ બન્યું છે. મેં આલ્બર્ટ સ્વાઈટ્ઝર વિષે થોડું વાંચેલું ખરું, પણ મને જગત્‌ની આવી મહાન વિભૂતિ વિષે ઊંડો અભ્યાસ કરવાની શ્રી પરમાનંદભાઈએ આ રીતે તક આપી એથી મને આનંદ થયો. અત્યારે ૯૦ વર્ષની ઉંમરે પણ આ કર્મયોગી આફ્રિકાનાં જંગલમાં ૫૦ વર્ષ પહેલાં પોતે સ્થાપેલ હૉસ્પિટલ ચલાવે છે. એમની મહત્તાનો ખ્યાલ આપણા લોકોને બહુ જ ઓછો છે.

આલ્બર્ટ સ્વાઈટ્ઝરનો જન્મ જર્મનીમાં આલઝેક પ્રોવિન્સમાં ઈ૰ સ૰ ૧૮૭૫માં થયેલો. તેમના પિતા એ ગામના પાદરી હતા. તેમના માતામહ–માતાના પિતા – પણ પાદરી હતા. બાલપણથી જ તેમને સંગીતનો ખૂબ જ શોખ હતો. તેઓ ઓર્ગન સુંદર વગાડી શકતા. મોટાં થતાં તેઓ દુનિયાના મશહુર ઓર્ગનિસ્ટ – ઓર્ગન વગાડનાર–બન્યા હતા. વિદ્યાભ્યાસમાં, ખાસ કરીને વિજ્ઞાન અને ઈતિહાસ એમના પ્રિય વિષયો હતા. ૨૪ વર્ષની ઉંમર સુધીમાં તેઓ ત્રણ વિષયમાં નિષ્ણાત બન્યા હતા. (૧) ધર્મશાસ્ત્ર, બાઈબલનો તેમણે ઊંડો અભ્યાસ કર્યો હતો. (૨) તત્ત્વજ્ઞાન અને (૩) સંગીત. આ ત્રણે વિષયોમાં પારંગત બનીને તેમણે Dr. of Theology, Dr. of Philosophy અને Dr. of musicologyની ઉપાધિઓ મેળવી હતી. પછી તેઓ Theological કૉલેજમાં પ્રિન્સિપાલ થયા હતા.

૧૮૯૬માં એક દિવસ તેઓ પોતાની સ્કૂલમાંથી પાછા આવ્યા ત્યારે તેમની માતાએ તેમને કહ્યું છે કે ઠંડી બહુ છે, માટે એક સારો ઑવરકૉટ લઈ લે. પરંતુ તેમણે ના પાડતાં કહ્યું કે "મારા કેટલાયે વિદ્યાર્થીબંધુઓ પાસે પહેરવાના સાદાં વસ્ત્રો પણ નથી." અને તેમનું મન વિચારે ચઢી ગયું – જે વસ્તુ બીજાને નથી મળતી તે લેવાનો મને શું અધિકાર? રાત્રે તેમને ઊંઘ પણ ન આવી. સવારે તેઓ ઊઠયા ત્યારે એવા નિર્ણય ઉપર આવ્યા કે જે સુખ બીજાને નથી મળતું તે સુખ મેળવવાનો મને અધિકાર નથી. તેઓ કહે છે – "પ્રભાતના પહોરમાં પક્ષીઓનું કૂજન થતું હતું એ વખતે મેં સંકલ્પ કર્યો કે ૩૦ વર્ષની વય સુધી હું વિજ્ઞાન અને સાહિત્યનો અભ્યાસ કરીશ અને પછી મારું જીવન હું માનવસેવામાં અર્પણ કરીશ. ૨૧ વર્ષની ઉંમરે તેમણે આ નિર્ણય કર્યો. જો કે તે સમયે તેમણે પોતાનો આ નિર્ણય કોઈને જણાવ્યો ન હતો. આખરે ૩૦ વર્ષની ઉંમર થવા આવી, અને પોતાનો નિર્ણય અમલમાં મૂકવાનો સમય થયો, પણ માનવસેવા કેવી રીતે કરવી એની કોઈ સ્પષ્ટ કલ્પના તેમની પાસે ન હતી. એક વાર તેમની નજરે એક માસિક પડયું. જ્ઞાનપિપાસુ આલ્બર્ટે તે વાંચવું શરૂ કર્યું. તેમાંના એક લેખમાં આફ્રિકાના ફ્રેન્ચ કોંગોમાં પેરીસ મિશનરી સોસાયટીનું એક થાણું છે અને એમાં કોઈ ડૉક્ટર ન હોવાથી, ત્યાં ડૉક્ટરની અત્યંત જરૂર છે એ જાતનું લખાણ હતું. એમાં એમ પણ જણાવેલું કે પોતાનું સર્વસ્વ અર્પણ કરવાને જે તૈયાર હોય એવી જ વ્યક્તિઓએ અરજી કરવી. આમ આફ્રિકાના જંગલમાં હબસીઓ વચ્ચે રહીને સેવા કરવાની હતી. આલ્બર્ટને સાચી સેવા આપવાની તક મળી ગઈ એમ લાગ્યું, પણ તેઓ પોતે ડૉક્ટર તો હતા નહીં અને તેમને લાગ્યું કે જો માનવસેવા કરવી જ હોય તો તેમણે ડૉક્ટર થવું રહ્યું. આથી ૩૦ વર્ષની ઉંમરે તેઓ, પોતાના પ્રિન્સિપાલપદનો ત્યાગ કરીને, મેડિકલ કૉલેજમાં વિદ્યાર્થી તરીકે દાખલ થયા. આ સમયે તેમણે પોતાનો માનવસેવા કરવાનો નિર્ણય જાહેર કર્યો. લોકોએ તેમને પાગલ ગણ્યા. તેમના મિત્રોએ તેમને આ માર્ગેથી પાછા વળવા સમજાવવાનો પ્રયત્ન કર્યો. તેમણે તેમને જણાવ્યું કે આ રીતે તમારી શક્તિ શા માટે વેડફી રહ્યા છો? અહીં રહીને, લેક્ચર્સ આપીને, ફંડ એકઠું કરીને તેમને મદદ કરો. પરંતુ આલ્બર્ટ સ્વાઈટ્ઝરે બધાને એક જ જવાબ આપ્યો કે "I want to become a doctor, because I want to work and not to talk."–"હું ડૉક્ટર થવા ઈચ્છું છું, કારણ કે મારે કામ કરવું છે, વાતો કરવી નથી."

આલ્બર્ટ સ્વાઈટ્ઝર ખ્રિસ્તી ધર્મના તલસ્પર્શી અભ્યાસી હતા. તેમણે ઈશુ ખ્રિસ્તના જન્મ અને જીવનનો ઊંડો અભ્યાસ કરીને એક પુસ્તક લખ્યું હતું. – 'ક્રાઈસ્ટ–ઐતિહાસિક દૃષ્ટિએ.' તેમાં તેમણે ખ્રિસ્તીઓ માને છે તે ચમત્કારી ખ્રિસ્ત અને ગિરિપ્રવચનના પ્રવક્તા ખ્રિસ્ત વચ્ચેની ભેદરેખા આંકી બતાવી. તેમણે તેમાં જણાવ્યું કે ચમત્કારો કરતા ઈશુ ખ્રિસ્ત કરતાં જેણે ગિરિપ્રવચન કર્યું છે, જેણે દુનિયાને પ્રેમનો સંદેશ આપ્યો છે અને માનવતાનો ઉપદેશ આપ્યો છે એ ઈશુ ખ્રિસ્ત વધુ સત્ય છે. 'This is the real Christ and not the other Christ.' આમ તેમણે ઈશુ ખ્રિસ્ત સાથે સંકળાયેલા

ચમત્કારોને નકારીને, બુદ્ધિવાદી દૃષ્ટિએ ઈશુ ખ્રિસ્તના ઉપદેશ તથા આચરણનું સમર્થન કરતું પુસ્તક લખ્યું. આવું કડક લખાણ તે સમયના રૂઢિચુસ્ત–orthodox–લોકોને શે ગમે? બધી જ ધાર્મિક સંસ્થાઓની જેમ પેરીસ મિશનરી સંસ્થા પણ orthodox–રૂઢિચુસ્ત–હતી. આથી આલ્બર્ટને દહેશત હતી કે આ લોકો એમના જેવા બુદ્ધિવાદી માનસ ધરાવધારને સ્વીકારશે નહિ. પરંતુ તેઓ એમ પણ કહે છે કે 'મારે આ લોકોની પરીક્ષા કરવી છે. ઈશુ ખ્રિસ્તના પ્રેમની વાતો કરવાવાળી અને તેમનો સંદેશ દુનિયાને પહોંચાડવાનો ઈજારો લેનારી વ્યક્તિઓ, મારા જેવાને કે જે માનવસેવા કરવા માટે જ જાય છે, તેને જવા દે છે કે નહિ?'

ત્યારપછીનાં તેમનાં સાત વર્ષ, ડૉક્ટર થવામાં ગયા. ડૉક્ટર થયા પછી તેમણે તે મિશનરી સંસ્થાને પોતાની કોંગો જવાની તૈયારી બતાવી. મિશનના સેક્રેટરીએ તેમને જણાવ્યું કે તમારી આ ઑફર–માંગણી આવકારદાયક છે, પણ અમારી સમિતિના કેટલાક સભ્યો તમારા ધાર્મિક વિચારો સાથે સહમત થતા નથી, આથી તમે અમારી સમિતિ સમક્ષ આવો અને તેના સભ્યો સાથે વિચારવિનિમય કરી, તેમને સંતોષ થાય એવું કંઈક કરો. આલ્બર્ટે આ પ્રકારની કોઈ પણ પરીક્ષામાં બેસવાની સવિનય ના પાડી. પરંતુ તેને બદલે સમિતિના સભ્યોને વ્યક્તિગત રીતે મળવાની અને સમજાવવાની તેમણે તૈયારી દર્શાવી. અને એ પ્રમાણે તેઓ તેમને મળ્યા. એક બે સભ્યોને આથી સંતોષ થયો. બેત્રણ જણને ન થયો. પણ આલ્બર્ટે તેમને જણાવ્યું કે "હું આફ્રિકાના જંગલમાં એક ડૉક્ટર તરીકે મારી સેવા આપવા જાઉં છું; મિશનરી તરીકે નહિ. હું ઉપદેશ આપવા માટે નથી જતો, માત્ર માનવસેવા કરવા માટે જ જાઉં છું. અને મારા વર્તન દ્વારા હું બતાવી આપીશ કે ખરો ખ્રિસ્ત કોણ છે? ખરો ખ્રિસ્તી ધર્મ શું છે?"

આમ ૧૯૧૩ના એપ્રિલ માસમાં ૭૦ પેટીઓ ભરીને સ્ટીમરમાં બેસી તેઓ આફ્રિકા જવા નીકળ્યા. ૧૯૧૨ માં તેમણે હેલન બ્રેસ્લો નામના તેમના એક મદદનીશ સ્ત્રીમિત્ર સાથે લગ્ન કર્યા હતા. તેમનાં પત્ની પણ તેમને મદદ કરવા માટે નર્સ બન્યાં હતાં. તેઓ બંને આફ્રિકામાં કોંગો પહોંચ્યા.

ત્યાં જઈને તેમણે જોયું કે ત્યાં હોસ્પિટલ જેવું કંઈ જ હતું નહિ. હતા માત્ર ભાંગેલ તૂટેલ ઝૂંપડાં અને અપાર અજ્ઞાન તથા ગરીબી. તેમણે એક ઝૂંપડું બાંધ્યું. એને માટે ભારે લાકડા પણ તેમને જાતે જ ઉપાડવા પડતા. સુથારી કામથી માંડીને બધું જ કામ તેમને હાથે કરવું પડતું. એક નાનું ઝૂંપડું બાંધીને તેમાં તેમણે પોતાના દવાખાનાની શરૂઆત કરી. અને થોડા જ વખતમાં તેમના ઝૂંપડાની બહાર સેંકડો લોકોની કતાર લાગવા માંડી.

૧૯૧૪ માં પ્રથમ વિશ્વયુદ્ધ શરૂ થયું. તેઓ ફ્રેન્ચ કોંગોમાં રહેતા હતા. પણ તેઓ જર્મનીમાં જન્મેલા એટલે જર્મન તરીકે તેમને પકડવામાં આવ્યા. વિચારક આલ્બર્ટ સ્વાઈટ્ઝર માનવ-સંસ્કૃતિ વિષેના ચિંતનમાં ડૂબી ગયા. જ્યાં માનવસેવા કરવાની તક પણ ઝૂંટવી લેવામાં આવે છે તે આ સંસ્કૃતિ કેવી? અને આ ચિંતનને પરિણામે તેઓ એવા નિર્ણય પર આવ્યા કે સંસ્કૃતિનું આજે પતન થયું છે તેનું કારણ એ જ છે કે આજે જીવન માટે, ચેતન-શક્તિ માટે જે આદર અને માન જોઈએ તે માણસમાં રહ્યા નથી. માણસને માણસને મારી નાખતાં રહેજે ય આંચકો લાગતો નથી. તેમણે સંસ્કૃતિનો ઊંડો અભ્યાસ કર્યો. ઉપરાંત બીજા પણ અનેક ગ્રંથોનો અભ્યાસ કર્યો. દિવસે તેમનું દવાખાનું ચાલતું અને મોડી રાત સુધી તેઓ અભ્યાસ કરતા. આ અભ્યાસને પરિણામે તેમણે Philosophy of Civilisation ઉપર ચાર ગ્રન્થો લખ્યા. આ ઉપરાંત બીજાં પુસ્તકો પણ તેમણે લખ્યાં. તેમણે જણાવ્યું કે "આ દુનિયાનું જો કોઈ રીતે કલ્યાણ થવાનું હોય તો તે એક જ રીતે થવાનું છે – માનવહૃદયમાં જે સાચી ધર્મભાવના છે, જે સાચો પ્રેમ છે, જે સાચી માનવતાની નિશાની છે, એ જ્યાં સુધી ઉપર નહીં આવે ત્યાં સુધી દુનિયાનો ઉદ્ધાર થવાનો નથી. આ સિદ્ધાંતને તેમણે Reverence for life કહ્યો, જીવન પ્રત્યેનો સમાદર અભિસાર કહ્યો. આલ્બર્ટ સ્વાઈટ્ઝરની જીવનવિભાવના પરંપરાગત વિચારણાથી મુક્ત છે.

વળી જીવન વિષે વિચારણા કરતાં તેઓ પ્રકૃતિનો – સમગ્ર પ્રકૃતિનો – વિચાર કરવા લાગ્યા. તેમણે પશુ - પક્ષી અને વૃક્ષ - લતા-ઓમાં પણ રહેલા જીવનતત્ત્વનો સ્વીકાર કર્યો. આ સમયે તેમની સમક્ષ એક કોયડો ઊભો થયો – 'આ દુનિયામાં આટલું દુ:ખ, આટલું અનિષ્ટ શા માટે છે?' વળી તેમણે જોયું કે માણસને બચાવવા ડૉક્ટર તરીકે તેમને બેક્ટેરિયાને – જીવાણુને મારી નાખવા પડે છે. આમ એક જીવને બચાવવા બીજા જીવને હણવો પડે છે. એટલે કે દરેકને જીવવું છે અને બીજાને ભોગે જ જીવી શકાય છે. 'Life at the cost of other lives.' – જીવો જીવસ્ય જીવનમ્ – એ આ પ્રકૃતિનો નિયમ છે. પણ મોટાને બચાવવા નાના જીવની હત્યા કરવી એ પણ શું તત્ત્વત: બુદ્ધિસંગત છે ખરું? ચેતનશક્તિ વચ્ચે ઊંચનીચ ભેદ હોઈ જ કેમ શકે? તેઓ જણાવે છે કે "જીવન એ ઉત્તમ આશ્ચર્ય છે ને તેથી તેનો મહિમા કરવો જોઈએ. મોટા જીવોની જેમ જ ક્ષુદ્રમાં ક્ષુદ્ર જીવનો પણ સમાદર કરવો જોઈએ." અનિવાર્યપણે જે હિંસા કરવી પડે છે તે કરતાં પ્રત્યેક ક્ષણે જાગૃત રહી, મનમાં તેની પ્રત્યે પ્રેમ, કરુણા, આદર ધરીને તે કાર્ય કરવું જોઈએ. આ જૈન પરિભાષા છે. ઝૂંપડું બાંધવા માટે જરૂરિયાતથી વધું પાંદડાડાળખાં પણ ન તોડવાની વિચારણા સુધી તેઓ પહોંચે છે.

૧૯૧૫ માં તેઓ પકડાયા અને ૧૯૧૯ માં છૂટ્યા. છૂટીને તેઓ યુરોપ આવ્યા. ૧૯૧૯ થી ૧૯૨૩ સુધી તેઓ યુરોપના બધાયે દેશોમાં ઘૂમી વળ્યા. કૉલેજમાં ભાષણો આપીને હૉસ્પિટલ માટે ફંડ એકઠું કર્યું. જો કે ઑર્ગનવાદક સ્વાઈટ્ઝરનો organ playingનો શોખ એટલો પ્રબળ હતો કે જૂનામાં જૂના ઑર્ગનની ખબર પડે કે તરત જ તેઓ, તે જ્યાં હોય ત્યાં – સ્વીટ્ઝરલૅન્ડમાં કે નૉર્વે માં–વગાડવા પહોંચી જતા.

૧૯૨૪ માં તેઓ આફ્રિકા પાછા આવ્યા.

હૉસ્પિટલનું નામનિશાન રહ્યું ન હતું. જાતમહેનતથી હૉસ્પિટલ ફરીથી બાંધી. ૧૯૧૩ માં સ્વાઈટ્ઝર પ્રથમ આફ્રિકા ગયા ત્યારથી આજ સુધી કોંગોના જંગલમાં માનવસેવાનું પોતાનું કાર્ય અવિરતપણે તેમણે ચાલુ રાખ્યું છે. તેમની ખ્યાતિ વધી તેમ બહારની મદદ આવતી રહી અને હૉસ્પિટલનો વિકાસ થતો રહ્યો. હાલ કેટલાય સમયથી અવારનવાર યુરોપની મુલાકાત લઈને તેઓ ધર્મ અને માનવતા ઉપર પ્રવચનો આપે છે. યુરોપની લગભગ બધી યુનિવર્સિટીઓએ તેમને માનદ પદવીઓ આપી છે. ૧૯૫૨ માં નૉબેલ શાંતિ પારિતોષિક (Noble Peace Prize) એમને આપવામાં આવ્યું હતું. જે મોટી રકમ મળી તે તેમણે હૉસ્પિટલના લાભાર્થે વાપરી નાખી હતી.

લગભગ ૫૦ વર્ષોથી હબસીઓમાં રહી માનવતાની જ્યોત સ્વાઈટ્ઝરે જીવતી રાખી છે. હબસીઓનું અજ્ઞાન, અંધશ્રદ્ધા, વહેમો, અસ્વચ્છતા અને ભીષણ ગરીબાઈને કારણે તેમણે પારાવાર હાડમારીઓ વેઠી છે અને એ રીતે તેમણે સેવાયજ્ઞ સતત ચાલુ રાખ્યો છે. સ્વાઈટ્ઝર કહે છે કે ગોરી પ્રજાએ કાળી પ્રજા ઉપર કરેલ પાપોનું તેઓ પ્રાયશ્ચિત કરી રહ્યા છે. ધર્મશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાનના સમર્થ વિદ્વાન તરીકે યુરોપના કોઈ પણ મહાન વિદ્યાલયમાં તેઓ અગ્રસ્થાને હોત. પણ આફ્રિકાના જંગલમાં હબસીઓ વચ્ચે પોતાનું સમસ્ત જીવન સમર્પણ કરી ઈશુ ખ્રિસ્તના પ્રેમનો સંદેશ સાર્થક કરવાનું તેમણે પસંદ કર્યું છે.

સ્વાઈટ્ઝર જ્ઞાનયોગી છે. બાઈબલ અને ખ્રિસ્તી ધર્મશાસ્ત્રનો નહિ પણ દુનિયાના ધર્મોનો તેમણે અભ્યાસ કર્યો છે. ભારતીય તત્ત્વજ્ઞાન અને સંસ્કૃતિ (Indian Philosophy and Culture) ઉપર તેમણે એક ગ્રન્થ લખ્યો છે, જેમાં વેદથી માંડી ગાંધીજી સુધીની વિચારધારાનું તલસ્પર્શી અધ્યયન અને સમાલોચના તેમણે કરેલ છે. જર્મન ફીલસુફ કેન્ટના તેઓ ઉંડા અભ્યાસી છે. મહાન જર્મન કવિ ગેટે ઉપરના તેમનાં વ્યાખ્યાનો સર્વશ્રેષ્ઠ જણાય છે. જર્મન સંગીતજ્ઞ 'બાખ' ઉપર તેમણે ચાર ગ્રન્થો લખ્યા છે. પોતાની જંગલ હોસ્પીટલમાં દિવસે કામ કરે અને રાત્રે પોતાનો અભ્યાસ અને લેખન કરે–આવી તેમની જીવનચર્યા છે.

પણ કર્મયોગ વિનાનો જ્ઞાનયોગ તેમને અધુરો લાગ્યો છે. દુનિયામાં અપાર દુ:ખ છે. તેને કાંઈક પણ ઓછું કરવા માણસે અવિરત પુરૂષાર્થી રહેવું જોઈએ એમ તેઓ માને છે. આપણે જેને નિવૃત્તિ ધર્મ કહીએ–જેને સ્વાઈટ્ઝર Life Negation કહે છે–તે તેમને માન્ય નથી. સ્વાઈટઝર નિષ્કામ પ્રવૃત્તિ-જેને તેઓ Life–Affirmation કહે છે તેના પ્રબળ હિમાયતી છે.

અપૂર્ણ

ચીમનલાલ ચકુભાઈ શાહ

# શિક્ષક અને સમાજ

(ગતાંકથી અનુસંધાન)

નંદાજીની સદાચાર સમિતિની આવશ્યકતા એ દેશના આચાર્ય-સંઘ અને શિક્ષકસંઘની સૌથી મોટી નાલેશી લેખાવી જોઈએ. તમે કેવાં પાઠ શાળા–મહાશાળાઓમાં પઢાવ્યા છે કે આજે મહારાષ્ટ્રના રાજ્યપાલને કહેવું પડે કે હરેક રાજ્ય એ અલગ દેશની જેમ વર્તે છે? કેવું શિક્ષણ તમે તમારી પેઢીને બક્ષ્યું છે કે અનેક દેશનેતાઓની નીતિમત્તા માટે જનતા શંકા સેવે છે? શા માટે તમારી શાળાઓમાં તમે દાન ન આપો તો તમારા બાળકોને પ્રવેશ ન મળે? શા માટે ગીતાજીના પેલા શ્લોકને સાચો પાડવાની અનુકૂળ ધરતી આપણે ભારતમાં યુગપુરુષના સત્તરમા નિર્વાણદિન સુધીમાં જ ખડી કરી દીધી છે? ગીતાજીમાં તો છે "સંભવામિ યુગે યુગે" આપણને શું દિને દિને એની જરૂર રહેશે? આનો ઉત્તર આપે આજના શિક્ષણ–કારો! કયા સદાચારના પાઠો તમે તમારી શિક્ષણપોથીઓમાં આપો છો? વિચાર અને આચારમાં કેટલું વિરોધી તમારું પોતાનું ઉદાહરણ બાળકોને આપો છો? રકતપીતથી ખરી પડેલાં આંગળા વિનાની હથેળીથી સંવાદિતાની ચપટી વગાડવાની તમે આકાંક્ષા કેમ કરીને સેવો છો? ચતુરાઈને તમે ચારિત્ર્ય ગણો છો? ધન દોલતને ધાર્મિકતામાં ખપાવો છો? કાળાં બજારિયાંઓને ઉજળા વાઘા પહેરાવો છો? અને નીતિમત્તા પ્રત્યે આંગળી ચીંધનારની હકાલપટ્ટી આદરો છો? સમાજ આમાંથી કયારે ઉગરાશે? નવી પેઢી ઉછરાશે કેવી રીતે? આનો જવાબ જાહેર કાર્યકરો આપે. સાચા શિક્ષણ વિના સારો સમાજ સંભવી નહિ શકે. શિક્ષણસંસ્થાઓમાં સડો હશે તો નીતિમાન સમાજરચનાની કોઈ શકયતા નથી. ચારિત્ર્યની હોળી પ્રગટાવશો તો એમાં સ્વાતંત્ર્યને પણ ઈંધણ ગણીને તમે એ હોળીમાં જલાવી દેશો. શ્રી બાલમુકુંદે સાચું કહ્યું છે–બુદ્ધ, મહમ્મદ, ઈશુ, સોક્રેટિસ ને ગાંધી આવ્યા ને ગયા, મંત્રાજલિ છાંટી અને તો ય આપણે તો કોરાકટ. બધા દુ:ખોનું કારણ માત્ર ખરાબ શિક્ષણને નહિ ગણો તો ચાલશે. મનુષ્યને ખરાબ થવાની લાલચ બક્ષતા અનેક કારણો હશે, પણ સારી નિશાળો એ એનું એક ઓસડ અવશ્ય છે. આ ઓસડ પ્રત્યે આપણે બેદરકાર રહીશું તો એ નહિ ચાલે.

આપણા શહેરની આજની નિશાળો વિષેનો એક અનુભવ તમને કહું. પરદેશથી ભારતમાં ભણવા આવતા વિદ્યાર્થીઓને શાળાની પસંદગી કરવામાં આપણું રાજ્ય–કેળવણીખાતું મદદ અને ભલામણ કરે છે. અમારા એક સ્નેહીની બહેન આફ્રિકાથી અહીં એના કુટુમ્બભેળી કાયમી વસવાટ કરવા મુંબઈ આવી હતી. વિદ્યાર્થિનીની મોટી બહેનને લઈને એક ભાઈ કેળવણીખાતામાં ગયા. કેવળણીખાતાએ મુંબઈની એક શાળાની ભલામણ કરી, અને એના આચાર્ય પર ચીઠ્ઠી આપી. આચાર્યને મળવા ગયાં ત્યારે એમણે વિદ્યાર્થિનીને દાખલ કરવાની સંમતી આપી. પેલા ભાઈએ આભાર માની જવાની તૈયારી કરી ત્યાં આચાર્ય કહે, "તમે શાળાને, દાખલ કરવાના કેટલા પૈસા આપશો?" પેલા ભાઈએ જવાબ આપ્યો "પણ અમે તો કેળવણીખાતાએ આપેલી ભલામણચિઠ્ઠી લાવ્યા છીએ ને?" આચાર્યનો ઉત્તર મળ્યો, "માટે જ મેં બાળાને દાખલ કરવાની સંમતિ આપી છે. એ વિના તો મેં તમારી સાથે વાત જ ન કરી હોત. મારી શાળા સરકારી ગ્રાન્ટ લેતી નથી અને પ્રત્યેક વાલીએ શાળાને દાન દીધું છે. વળી શાળામાં રાજ્યપ્રધાનોનાં બાળકો ભણે છે! તમે આનો અર્થ સમજ્યા? સાધનસંપન્ન વાલીઓએ ૧૦૦૦, ૨૦૦૦ દીધા છે. તમારે ઓછામાં ઓછા ૫૦૦ તો આપવા જ પડશે." પેલા બહેને રૂા. ૫૦૦ ન આપ્યા ને તેને પ્રવેશ ન મળ્યો. બાળાને આફ્રિકામાં જ ભણતર પૂરું કરવાનું સૂચવ્યું.

દાખલ કરવાની શરતે કોઈ દેણગી ન લઈ શકાય એવી કેળવણીનિયામકની સૂચના છે. છતાં આનું છડેચોક ઉલ્લંઘન થતું જ રહ્યું છે. શાળાઓ સમાજ સાથે કેવી છેતરપીંડી આદરે છે એનો આ નમૂનો છે! હવે સમાજ શિક્ષકોને કેમ સાચવે છે તે જુઓ. કાનૂન એવો છે કે દસ વર્ષની કે એથી વધુ સમયની નોકરીવાળા કોઈ પણ શિક્ષકને એક વર્ષનો અને એથી ઓછા સમયની નોકરીવાળા કોઈ પણ શિક્ષકને છ મહિનાનો પગાર આપી, કોઈ પણ કારણ દર્શાવ્યા વિના, શિક્ષકને એ મુદ્દા પર કાંઈ પણ કહેવાની તક આપ્યા વિના તેને છૂટો કરી શકાય છે.

મુંબઈ રાજ્યના વિભાજન પછી ગુજરાત સરકારે આ કાનૂની કલમ કાઢી નાંખી છે. મહારાષ્ટ્ર રાજ્યમાં આનો અમલ ચાલુ છે.

નોકરીમાંથી છૂટા કરવાનાં કારણો જણાવ્યા વિના કોઈ સરકારી નોકરને સરકાર કે ખાનગી નોકરને કારખાનાંનો માલિક કયારેય છૂટા કરી શકે નહિ. સરકારી શાળાના શિક્ષકને પણ નહિ. પણ બિન-સરકારી શાળાના શિક્ષકોની વાત જુદી છે. તમારા બાળકોને જીવનમાં સ્થિરતાના પાઠ શીખવનારને નોકરીની સ્થિરતા બક્ષવાની સમાજને કે સરકારને અત્યાર સુધી કોઈ જરૂરિયાત જણાઈ નથી, આને સામાજિક કરુણતા સિવાય તમે બીજું શું કહેશો? પણ આમાં સરકાર અને સંચાલકોને જ દોષ દેવાનો સવાલ નથી. સરકાર રચીએ છીએ આપણે. વિધાનસભા એ કાંઈ શાળાના સંચાલકોની થોડી બનેલી છે કે ફકત શિક્ષકોની જ થોડી જ છે? સરકારી શાળાના શિક્ષક અને બિનસરકારી શાળાના શિક્ષક વચ્ચેનો આ ભેદ કાનૂની પડકાર માંગી લે તેવો છે.

આપણે સભાનતાથી પ્રતિનિધિઓ ચૂંટીએ છીએ. એ પ્રતિનિધિઓએ પ્રત્યેક પ્રશ્નના ઉકેલની મત લેતી વખતે થોડી બાંહ્યધરી આપી હોય છે? અને એમનો એ મત ફેરવતા સમાજને કોઈ રોકે છે ખરું? રાજ્યમાં એક આરોગ્યપ્રધાન નીમી દીધા એટલે શું રાજ્યમાં ડાકટરોની જરૂરિયાત નથી રહેતી? આપણે સૌ આમાં દોષિત છીએ. આવતી પેઢીને કેવો દેશ સોંપવો છે તે અને આવતી પેઢીઓને દેશના ભાર વહનની કેટલી લાયકાત કઈ રીતે બક્ષવી છે તે નક્કી કરવાનું અને તે માટે પ્રયત્ન કરવાનું કામ આપણા સૌનું છે.

આજે મુંબઈમાં 'મધ્યવિસ્તારમાં' પાંચ લાખ રહેવાસીઓ માટે ફકત ૧૬ એકર ખુલ્લી જમીન છે. એવું ટાઈમ્સમાં થોડા દિવસ પર વાંચ્યું. મેં એક લેખ લખ્યો કે જે શાળાઓ પાસે ખુલ્લાં મેદાનો છે તે મહદંશે પાદરીઓએ સ્થાપેલી શાળાઓ પાસે હોય છે. આપણી નવી ઊભી થતી તોતિંગ ઈમારતોમાં ભણતા બાળકો રસ્તા પર કવાયત કરે છે. એ વાંચી એક સંચાલકભાઈએ મને કહ્યું: "અમે તો મુરખ છીએ, પણ આવી આંગળી ચીંધવાનું જોખમ તમે વહોરો છો એમાં તમે કયું ડહાપણ વાપરો છો?" ગુરુદેવ ટાગોરે કહ્યું છે: કે સાડાત્રણ હાથની આપણી કાયા માટે આપણે થોડું જ સાડાત્રણ હાથનું મકાન બાંધીએ છીએ! પણ એમને હું શી રીતે સમજાવું?

આજે આપણી શાળાઓના જાહેર સભાખંડોમાં જ્ઞાનચર્ચા જ કેવળ થતી નથી, લગ્નના સમારંભો પણ યોજાય છે. સરસ્વતીને પણ આપણે લક્ષ્મીના વાઘા પહેરાવીએ છીએ. પૂંજીપતિઓ દ્વારા શાળાઓની ઈમારતો ચણાય તો ભલે ચણાય, પણ એનો વહીવટ શિક્ષિત જનતા ન કરે તો આવું કેમ ન બને? શિક્ષકો સુદામાઓ જ રહેશે અને કૂડીબંધ શિક્ષકોને વર્ષમાં એક વાર શાલદુશાલા ઓઢાડી દઈને શિક્ષણનું કફન સીવી દઈશું તો તમે નહિ હો ત્યારે તમારા પછીની પેઢીઓ તમને પૂજશે કે પૂછશે ખરી? ના, નહિ પૂજે કે નહિ પૂછે. રાષ્ટ્રપતિ રાધાકૃષ્ણે એક દાખલો આપ્યો છે. બસમાં બેઠેલા એક બાળકને શિક્ષકે પૂછ્યું "મોટા થઈને તારે શું બનવું છે!" બાળકે ઉત્તર દીધો. "હું શા માટે ચિંતા કરું? હું મોટો થઈશ ત્યારે જગત હશે ખરું?"

કાકા કાલેલકરના શબ્દોમાં–"કેળવણી કહે છે કે હું સત્તાની દાસી નથી, કાયદાની કિંકરી નથી, વિજ્ઞાનની સખી નથી, કલાની પ્રતિહારી

નથી. અર્થશાસ્ત્રની બાંદી નથી. હું તો ધર્મનું પુનરાગમન છું. મનુષ્યના હૃદય, બુદ્ધિ તેમ જ તમામ ઈન્દ્રિયોની સ્વામીની છું. માનસશાસ્ત્ર ને સમાજશાસ્ત્ર એ બે મારા પગ છે. કલા અને હુન્નર મારા હાથ છે. વિજ્ઞાન મારું મસ્તક છે. ધર્મ મારું હૃદય છે. નિરીક્ષણ અને તર્ક મારી આંખો છે. ઈતિહાસ મારા કાન છે. સ્વાતંત્ર્ય મારો શ્વાસ છે. ઉત્સાહ અને ઉદ્યોગ મારાં ફેફસાં છે. ધીરજ મારું વ્રત છે. શ્રદ્ધા મારું ચૈતન્ય છે."

શિક્ષણ અને સમાજને સ્પર્શતા થોડા મુદ્દાઓ મેં તમારી સમક્ષ મૂકયા છે. પર્યુષણ વ્યાખ્યાનમાળામાં શ્રોતા થઈને અનેક વાર આવી છું. આજે મારા શ્રોતાઓનો મને સહી લેવા માટે મારે આભાર માનવો જોઈએ. મેં તો મારા મનની વાત કહી છે. સાથે સાથે એક છેલ્લી વાત પણ કહી દઉં. બુદ્ધિએ હું નાની છું, પણ વ્યવસાયે મેં એટલી તો આનંદની–મધુર સંવેદનોની મૂડી ભેગી કરી છે કે કયારેક ધંધામાં ખૂંપી ગયેલો સભાન વિદ્યાર્થી મારી સમક્ષ આવે છે અને પોતાના સાથીને મારી ઓળખાણ આપતાં કહે છે કે, "આ અમારાં બહેન," કયારેક મારી વિદ્યાર્થિની એની ગોદમાં તેડેલા બાળકની ઓળખ આપવા મારી પાસે આવે છે અને કહે છે, "મને જેમ ભણાવી, બહેન, એમ જ આને તમારે ભણાવવાની છે" ત્યારે આ ક્ષેત્રમાં રહેવા માટેનો અવર્ણનીય આનંદ પ્રાપ્ત થાય છે, અને સાથે વિચાર આવે છે કે શિક્ષણના ઘણાય પ્રશ્નો ઉકલે તે પહેલાં હું જાતે ભલેને ઉકલી જાઉં. મનુષ્ય જીવન ઈશ્વરે બક્ષ્યું છે એ ચૈતનમાં અને જડમાં ફરક જ એ છે કે જડને પોતાના જડ અસ્તિત્વને ટકાવી રાખ્યે જ છુટકો છે. તાજમહાલને તાજમહાલ બની રહેવા માટે એ જ રૂપમાં ટકી રહેવું પડે છે. નાઈલ નદીમાં ડૂબી જનાર મિસરના અવશેષોને દુનિયા આખીમાં વેચાઈ જવું પડશે તો જ એની કિંમત છે, પણ સોક્રેટીસ, પ્લેટો અને ટોલ્સ્ટોય આજે પણ અમર છે અને દર્શકના નોંતર્યા બ્લેવેટસ્કી લૉજમાં તમને દર્શન દેવા આવશે, જવાહર ભારતભરના ખેતરોમાંથી આપણને નીહાળશે, બુદ્ધ–મહાવીરની જયંતીઓ ઉજવાતી જ રહેશે.

દેશસેવકો દેશ ઉછેરે છે, પણ દેશની વય વધે છે. બ્રહ્માજીના દિનરાતની ગતિએ શિક્ષક તો વ્યકિત ઉછેરનાર છે. વ્યકિતની ઉંમર શિક્ષકની ઉંમરની ગતિથી જ વધે છે, એટલે શિક્ષકને તો જીવતા જીવતા જ વિદ્યાર્થીઓને પાંગરતા જોવાનો અમૂલ્ય લહાવો મળે છે. આજેય મને મારા દીવાન માસ્તર અને બલ્લુભાઈ સાંભરે છે. કયારેક તો મારો ય કો'ક વિદ્યાર્થી મને સંભારશે ને? એ જ શિક્ષકમાત્રનો આનંદ છે, એ જ મારી પણ મૂડી છે.

સમાપ્ત

ઉષા મલજી.

## શ્રી ભારત જૈન મહામંડળ (મુંબઈ શાખા) દ્વારા યોજાયલી વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ

| વ્યાખ્યાતા | વિષય |
|---|---|
| મુનિશ્રી રાકેશકુમારજી | વર્તમાન યુગ અને શ્રમણ સંસ્કૃતિ |
| ડૉ. ભગવાનદાસ મ. મહેતા | શ્રીમદ્ રાજચંદ્ર |
| શ્રી ટી. એસ્. ભારદે | આધ્યાત્મિક જીવન |
| શ્રી કરસનદાસ માણેક | સંસ્કૃતિના પાયા |
| શ્રી મનુભાઈ પંચોળી | કેળવણી અને ધર્મ |
| શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ | જીવનશ્રદ્ધા |
| આચાર્ય રજનીશજી | સત્યનો સાક્ષાત્કાર |

## વિષયસૂચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| આલ્બર્ટ સ્વાઈટ્ઝર | ચીમનલાલ ચકુભાઈ શાહ | ૧૦૫ |
| શિક્ષક અને સમાજ | ઉષા મલજી | ૧૦૭ |
| આજના ડગમગતા શસ્ત્રવિરામના સંદર્ભમાં | પરમાનંદ | ૧૦૮ |
| ભાઈ બળવંતરાયનું જીવન એટલે સેવાનો મહાન સ્રોત | પરમાનંદ | ૧૧૦ |
| પર્યુષણ વ્યાખ્યાનમાળાની સમાલોચના | અધ્યાપક ગૌરીપ્રસાદ ઝાલા | ૧૧૧ |
| પુરાણી વિચારગ્રંથિઓથી મુકત બનો! | શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિત | ૧૧૩ |
| કાશ્મીરના લોકમત નિર્ણય અંગે શ્રી જયપ્રકાશ નારાયણ | પરમાનંદ | ૧૧૪ |


# ડગમગતા શસ્ત્રવિરામના સંદર્ભમાં

સપ્ટેંબર માસની ૨૩મી તારીખે સવારના ૩-૩૦ વાગ્યે ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધ અંગે શસ્ત્રવિરામ જાહેર થયો. આ શસ્ત્રવિરામ હજુ ચાલુ છે અને ભારત આ સ્વીકૃત શસ્ત્રવિરામનું આણીશુદ્ધ પાલન કરી રહ્યું છે, પણ પાકિસ્તાન હજુ શસ્ત્રો ખખડાવ્યા કરે છે અને યુદ્ધલક્ષી પડકારો કર્યા જ કરે છે, એટલે આ શસ્ત્રવિરામ ક્યાં સુધી ટકી રહેશે તે વિષે સૌ કોઈ ભારે સચિન્ત છે. આપણે આ શસ્ત્રવિરામને યુદ્ધવિરામ લેખીને જરા પણ ગાફેલ ન રહીએ અને પાકિસ્તાનની હિલચાલ વિષે પૂરી તકેદારી રાખીએ!

આ શસ્ત્રવિરામ અંગે આપણે થોડી રાહત અનુભવીએ એ સ્વાભાવિક છે. રાત્રીનો અંધારપટ દૂર થયો છે; હવાઈ હુમલાના તત્કાળ ભયથી આપણે મુકત થયા છીએ; યુદ્ધના નામે ચાલી રહેલી માનવી માનવીની કતલ બંધ થઈ છે. આવી રાહતની ઘડીએ આજની સમગ્ર પરિસ્થિતિનું–આગળ પાછળ બનેલી ઘટનાઓનું–થોડું આકલન કરવામાં આવે તો તે અસ્થાને નહિ ગણાય.

કચ્છના સીમા પ્રદેશ ઉપર પાકિસ્તાને કરેલા આક્રમણ અંગે વાટાઘાટો દ્વારા બન્ને પક્ષો વચ્ચે સમાધાની થઈ, તેથી આપણે એવી આશા સેવતા થયા હતા કે ભારત અને પાકિસ્તાન વચ્ચેના બીજા મતભેદોનું પણ યોગ્ય સમયે આવી રીતે નિરાકરણ થઈ રહેશે, પણ એ આશા ઠગારી નીવડી. પાકિસ્તાને ઓગસ્ટ માસની પાંચમી તારીખે ૪૦૦૦થી ૫૦૦૦ ઘુસણખોરોને કાશ્મીરમાં ધકેલીને કાશ્મીરનો બળજબરીથી કબજો લેવાનો પ્રયત્ન કર્યો, એ આશાએ કે આ ઘુસણખોરોના પ્રવેશવા સાથે આખું કાશ્મીર ભારત વિરૂદ્ધ બળવો કરશે, પણ પાકિસ્તાનની આ આશા અને ગણતરી તદ્દન ખોટી પડી. ત્યાર બાદ જે કાંઈ બન્યું તે છાપા દ્વારા સૌ કોઈ જાણતું હોવાથી તેની વિગતો અહિ આપવાની જરૂર નથી. ઓગસ્ટની પાંચમી તારીખ બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે સળગી ઉઠેલા યુદ્ધમાં બન્નેની તાકાતનો એક ભીષણ મુકાબલો થયો. પાકિસ્તાનની સરહદની અંદરનો લાહોર, શિયાલકોટ બાજુનો પ્રદેશ રણભૂમિ બની ગયો. આખરે આ લડતમાં પાકિસ્તાન પછડાયું અને ભારતની તાકાતનો આંક ઊંચે આવ્યો. આ યુદ્ધના કારણે ભારતની ચડિયાતી લશ્કરી તાકાતની પાકિસ્તાનને તેમ જ દુનિયાના અન્ય દેશોને પુરી ખાત્રી થઈ. આ હકીકત આપણા માટે ઉત્સાહપ્રેરક અને ગૌરવપદ છે.

આ યુદ્ધ અંગે પાકિસ્તાનની બીજી ગણતરી એ હતી કે ભારતમાં હિંદુ-મુસલમાનો વચ્ચે જ્યાં ત્યાં અથડામણ ઉભી થશે અને સર્વત્ર અવ્યવસ્થા–અરાજકતા–ફેલાઈ જશે. કાશ્મીર વિષેની પાકિતાનની ગણતરી માફક આ ગણતરી પણ ખોટી પડી. યુદ્ધ દરમિયાન ભારતભરમાં નાનોસરખો પણ વિસંવાદી સુર સાંભળાયો નહિ. પ્રજાના સર્વ વર્ગોએ ભારત સરકારને એક સરખો ટેકો આપ્યો, રાજકીય મતભેદો ભુલાઈ ગયા, ભારત આખું એકરૂપ બની ગયું.

ભારતના આજ સુધીના ઈતિહાસમાં આવું ભારતવ્યાપી સંકટ કદિ પણ આવ્યું નહોતું. આ યુદ્ધ કાશ્મીરથી કન્યાકુમારી સુધી અને કલકત્તાથી કચ્છ સુધી સર્વ કોઈ લોકોને એક સરખું સ્પર્શતું હતું અને સર્વ કોઈના જાનમાલ જોખમમાં હતા. આમ છતાં ભારતના પ્રજાજનોએ ન કોઈ ભયભીતતા દાખવી, ન કોઈ ઠેકાણે નાસભાગ કરી. આ રીતે ભારતે જે નિડરતાનું–સ્વસ્થતાનું–દર્શન કરાવ્યું તે પણ ભારે આશ્ચર્યજનક અને પ્રોત્સાહક છે.

આ જોતાં મનમાં એવી પ્રતીતિ ઊભી થાય છે કે દેશમાં ગમે તેટલા ઉગ્ર મતભેદો હોય અને એ કારણે કદિ કદિ નાની મોટી અથડામણ પણ થતી હોય, એમ છતાં પણ, દેશવ્યાપી સંકટના પ્રસંગે ભારત એક છે. જે એકતાનો અને નિડરતાનો અનુભવ ભારતની ઉત્તર સરહદ ઉપર ચીને હુમલો કર્યો હતો ત્યારે આપણને થયેલો એ જ અનુભવનું આ યુદ્ધકટોકટી દરમિયાન પુનરાવર્તન થયું. આ કટોકટીએ ભારતના ખમીરના નવાં દર્શન કરાવ્યાં.

દેશના રાજકીય સૂત્રધારોએ પણ આ વખતે અત્યન્ત સુખદ એવી જથબંધીનાં દર્શન કરાવ્યાં છે. કેન્દ્રીય પ્રધાનમંડળે એકરૂપ

બનીને રાજ્યનું તેમ જ યુદ્ધનું સંચાલન કર્યું છે. રાષ્ટ્રના મહા-અમાત્ય લાલબહાદુર શાસ્ત્રીએ કલ્પનામાં ન આવે એવો યશસ્વી અને ઓજસ્વી ભાગ ભજવ્યો છે. ચાલુ કટોકટી દરમિયાન તેમણે એક પછી એક ચડિયાતાં નિવેદનો કર્યાં છે. આ નિવેદનોમાં પૂરી સચોટતા હતી, જરૂરી સંયમ હતો, આવશ્યક નિશ્ચયાત્મકતા હતી. તેમની સમગ્ર કામગીરીએ દુનિયાભરમાં ભારતની શાન ખૂબ વધારી છે. સૈનિક દળોએ પણ વીરતા, સામર્થ્ય અને યુદ્ધકુશળતાનું અપૂર્વ દર્શન કરાવ્યું છે.

પાકિસ્તાને આ યુદ્ધ નોતરીને આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રે તેની જે કાંઈ પ્રતિષ્ઠા હતી તેમાં ઘણો ઘટાડો કર્યો છે. તેણે ફેલાવેલાં બે જૂઠાણાં તો કોઈ અજબ પ્રકારનાં હતાં. એક તો એ કે કાશ્મીરમાં દાખલ થયેલા સશસ્ત્ર અને સુઆયોજિત ઘુસણખોરો અંગે પાકિસ્તાને એમ જ જણાવ્યા કર્યું કે આ ઘુસણખોરો તો આઝાદ કાશ્મીરના સ્વયંપ્રેરિત Freedom-fighters-સ્વાતંત્ર્યને-સૈનિકો-છે, જેમની સાથે પાકિસ્તાનને કોઈ સંબંધ નથી. આ જૂઠાણું જનરલ નિમ્મોના રીપોર્ટ ઉપરથી અને સેક્રેટરી જનરલ યુ થાનના નિવેદન ઉપરથી ખુલ્લું પડી ગયું છે. બીજું જૂઠાણું ભારતની ઉત્તર સરહદ ઉપરથી ચીને આપેલી યુદ્ધધમકીને લગતું છે. આ અંગે પાકિસ્તાને એમ જણાવ્યા કર્યું કે ચીનની આ ધમકી સાથે પાકિસ્તાનને જરા પણ સંબંધ નથી. પાકિસ્તાને ચીન સાથે કેળવેલા સંબંધનો અને વર્તમાન યુદ્ધની શરૂઆત થઈ તેના થોડા દિવસ પહેલાં ચીનના વિદેશ પ્રધાને કરાંચી આવીને અયુબ-ખાન તથા ભુતો સાથે કરેલી વાટાઘાટનો વિચાર કરતાં આ જૂઠાણું જરા પણ ટકી શકે તેમ છે જ નહિ. પાકિસ્તાને સંયોગોના દબાણને વશ થઈને શસ્ત્રવિરામનો સ્વીકાર ક્યોં ન હોત તો ચીને ભારત ઉપર જરૂર હુમલો ક્યોં જ હોત એમાં કોઈ શક નથી.

હવે આમ જ્યારે યુદ્ધ નોતરીને પાકિસ્તાન ભારત પાસેથી કાશ્મીર મેળવવામાં નિષ્ફળ નિવડ્યું છે ત્યારે આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રે યુનાઈટેડ સ્ટેટ્સ અને પશ્ચિમના દેશોએ કાશ્મીરના પ્રશ્ન અંગે ભારત ઉપર દબાણ ઊભું કરવાની અને પાકિસ્તાન માંગે છે તે તેને આપાવવાની ભારે મેલી રમત શરૂ કરી છે. આ યુદ્ધની શરૂઆત પાકિસ્તાનના ઘુંસણખોરી આક્રમણથી થઈ છે એ હકીકતનો કોઈ પણ ઈનકાર કરી શકે તેમ નથી. એમ છતાં આ યુદ્ધ માટે ભારત અને પાકિસ્તાન બન્ને સરખા જવાબદાર હોય એવું વલણ જ આ બધા દેશો દાખવી રહ્યા છે. પાકિસ્તાનને કોઈ જરા પણ દોષ દેવાને તૈયાર નથી. સચ્ચાઈ સાથે કોઈને સંબંધ નથી કે સગપણ નથી.

આજે આપણી એ કમનસીબીની પણ નોંધ લેવી ઘટે છે કે આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રે આજે આપણું કોઈ મિત્ર દેખાતું નથી. બ્રીટને તો યુદ્ધની શરૂઆતથી જ પાકિસ્તાનતરફી વલણ ધારણ કર્યું છે. રશીઆની આપણા પ્રત્યે સહાનુભૂતિ છે, છતાં તે તટસ્થ પણ છે. યુનાઈટેડ સ્ટેટ્સની ખબર પડતી નથી. સામ્યવાદી દેશો સામે વાપરવા મળેલી શસ્ત્રસામગ્રી પાકિસ્તાને આપણી સામે વાપરી એમ છતાં આ સંબંધમાં યુનાઈટેડ સ્ટેટ્સે એક ઉદ્‌ગાર સરખો પણ કાઢ્યો નથી, એટલું જ નહિ પણ, યુનોમાંનો તેનો પ્રતિનિધિ ગોલ્ડબર્ગ આજે કાશ્મીરની બાબતમાં પાકિસ્તાનતરફી વિચારો દર્શાવી રહેલ છે. કાશ્મીરના પ્રશ્ન અંગે આપણું વલણ આ દેશોના ગળે આપણે ઉતારી શક્યા નથી, શકતા નથી અને એને લીધે આન્તરરાષ્ટ્રીય અભિપ્રાયનો ઝોક રશિયાને બાદ કરતાં બીજી બાજુએ ઢળતો રહ્યો છે. આ આજની વાસ્તવિકતા છે.

કાશ્મીરનું ભારત સાથેનું જોડાણ કાનૂની દૃષ્ટિએ તેમ જ બંધારણની દૃષ્ટિએ અફર અને અવિવાદાસ્પદ છે અને આજના સંયોગોમાં પ્લેબીસાઈટ-કાશ્મીરનો લોકમત-લેવાની વાતનો સ્વીકાર અશક્ય તેમ જ અવ્યવહારૂ છે અને એમ કરવા જતાં એક ગુંચ ઉકેલવા જતાં અનેક ગુંચો ઊભી થાય એવી આજની પરિસ્થિતિ છે. પરિણામે જેનો તત્કાળ કોઈ ઉકેલ ન દેખાય એવી એક વિષમ પરિસ્થિતિનો આપણે આજે સામનો કરવાનો હોય અને એ રીતે લાંબા વખત માટેની અશાન્તિ અને ઠંડા કે ગરમ યુદ્ધની પરિસ્થિતિ ભારતના લલાટે લખાયલી હોય એમ લાગે છે. આ અંગે આપણે વધારે સજાગ બનવું પડશે, વધારે ભોગ આપવો પડશે, પ્રજાના સ્વત્વને હાનિ ન પહોંચે એ અંગે પુરી તકેદારી રાખવી પડશે.

શસ્ત્રવિરામને લગતા યુનોની સીક્યોરીટી કાઉન્સીલે કરેલા ઠરાવનો પ્રથમ તબક્કો છે બન્ને બાજુના શસ્ત્રવિરામને પૂરો અમલી બનાવવાનો, અને બીજો તબક્કો છે ઓગસ્ટની પાંચમી તારીખે પ્રત્યેક પક્ષનાં લશ્કરી દળો જ્યાં હતાં ત્યાં તે દળોને પાછાં ખસેડવાનો. પ્રથમ તબક્કાનું પાકિસ્તાન પક્ષે પૂરા આકારમાં પાલન થતું દેખાતું નથી અને પાકિસ્તાનના હાથે શસ્ત્રવિરામનો જ્યાં ત્યાં-અલબત્ત નાના પાયા ઉપર-ભંગ થઈ રહેલો જોવામાં આવે છે અને બીજા તબક્કા અંગે પોતાનાં લશ્કરો હાલ જ્યાં છે ત્યાંથી જરા પણ ખસેડશે નહિ એવી પાકિસ્તાને જાહેરાત કરી છે અને તેના પ્રત્યુત્તરરૂપે ભારતને પણ એ જ પ્રકારની જાહેરાત કરવી પડી છે. આ ગુંચ કેમ ઉકેલાશે તે હાલ તુરત કલ્પનામાં આવતું નથી. એટલે કાશ્મીરના પ્રશ્નનું પરસ્પર વાટાઘાટો વડે નિરાકરણ કરવાનો ત્રીજો તબક્કો ક્યારે આવશે તે અત્યારે તો દેખાતું જ નથી. આવી જટિલ પરિસ્થિતિ અદ્યતન શસ્ત્રવિરામ અંગે પ્રવર્તે છે. ભાવી આપણને ક્યાં લઈ જાય છે તે જોવાનું છે.

પાકિસ્તાનનું નિર્માણ કોમી ભેદભાવના પાયા ઉપર થયેલું છે અને જ્યાં સુધી પાકિસ્તાન એક અલગ દેશ તરીકે અસ્તિત્વ ધરાવે છે ત્યાં સુધી બન્ને દેશો વચ્ચેની અથડામણનો અન્ત આવી શકશે જ નહિ એમ સ્વીકારીને ભારત અને પાકિસ્તાનના યુનઃ જોડાણની કોઈ યોજના વિચારવી ઘટે છે. આવી સૂચના અમુક એક મિત્ર તરફથી વહેતી થઈ છે. આ સૂચનાનો વિશેષ વિચાર કરતાં પહેલાં એક હકીકત એ ધ્યાનમાં લેવાની રહે છે કે ભાગલા પૂર્વેનું અખંડ હિન્દુસ્તાન અને આ નવા કલ્પાયલા અનુસંધિત હિન્દુસ્તાનમાં એક મોટો ફરક એ હોવાનો કે, આગળના હિન્દુસ્તાનમાં મુસલમાનો ચોતરફ પથરાયલા હતા, જ્યારે નવા સંધાતા હિન્દુસ્તાનમાં પશ્ચિમ પાકિસ્તાનનો વિભાગ એ તો કેવળ મુસલમાનોનો અડ્ડો બનેલો રહેવાનો. આના પરિણામે આખા ભારત ઉપર મુસલમાનોનું વર્ચસ્ પહેલાના પ્રમાણમાં ઘણું વધારે હોવાનું, જે સ્થિતિ દેશની સુલેહશાન્તિની દૃષ્ટિએ ખતરનાક નીવડે એવો સંભવ ગણાય.

બીજું આવું જોડાણ કલ્પનામાં જેટલું રોચક લાગે છે તેટલું વાસ્તવિકતાની દૃષ્ટિએ શક્ય લાગતું નથી. એક વખત આવડા મોટા દેશના કોમી ધોરણે ભાગલા થયા પછી તેને પાછા સાંધવાનું ભાગ્યે જ શક્ય બને છે, એમ છતાં ધારો કે આવું જોડાણ ઊભું થઈ શક્યું તો પણ ધર્મના પાયા ઉપર ઊભા થયેલા વેરઝેર તો આ ઉપખંડમાં ચાલુ રહેવાના જ અને પરિણામે સૂચિત જોડાણ અસ્તિત્વમાં આવે તો પણ ત્યાં આન્તરવિગ્રહ જેવી સ્થિતિ પેદા થયા વિના રહેવાની જ નહિ. એટલે પાયાનો પ્રશ્ન તો આ ધાર્મિક વેરઝેરને નાબુદ કેમ કરવા એ જ માત્ર રહે છે. ત્યાં સુધી આપણે એટલે કે ભારતવાસીઓ અને પાકિસ્તાનવાસીઓ આ ધર્મ એટલે કે મજહબ અથવા તો સંપ્રદાયને મહત્વ આપતા અટકીએ નહિ, તે વૃત્તિથી આપણે હિન્દુ અને મુસલમાનો ઊંચા ઉઠીએ નહિ ત્યાં સુધી આ આખી સમસ્યાનો આખરી ઉકેલ શક્ય બનવાનો છે જ નહિ. એ દિવસ ન આવે ત્યાં સુધી આપણા નસીબે-દેશના નસીબે-આમ અથડાતા પછડાતા જ જીવન વીતાવવાનું એટલે કે આક્રમણ સામે વધારે બળવાન પ્રતિઆક્રમણ કરીને જ સામુદાયિક જીવનને-રાષ્ટ્રના અસ્તિત્વને-ટકાવી રાખવાનું લખેલું છે એમ કહેવામાં જરા પણ અત્યુક્તિ નથી.

આ છે આજની પરિસ્થિતિનું વિશ્લેષણ. આ વિશ્લેષણ કાંઈક નિરાશા ઉપજાવે તેવું છે, એમ છતાં પણ તે આજની વાસ્તવિકતાને યથાસ્વરૂપે રજુ કરે છે. આ વાસ્તવિકતા વિષે આપણે પૂરાં સભાન બનીએ તો જ તેની ગુંચોને ઉકેલવાનો કોઈ વ્યવહાર માર્ગ આપણને હાથ લાગે. રાત્રીના ગાઢ અંધકારમાંથી જેમ ઉષાનો ઉદય થાય છે એ મુજબ આજની ગાઢ તિમિરભરી પરિસ્થિતિમાંથી-મુક્તિને-સુલેહશાન્તિને-સહઅસ્તિત્વને-સુગમ બનાવે તેવો પ્રકાશ આપણને જરૂર લાધશે એવી આશા અને શ્રદ્ધા આપણે સેવીએ!

પરમાનંદ

# ભાઈ બળવંતરાયનું જીવન એટલે સેવાનો મહાન સ્રોત

ગુજરાતના મુખ્ય પ્રધાન શ્રી બળવંતરાય મહેતા અને તેમનાં પત્ની સૌ. સરોજબહેન ગયા સપ્ટેમ્બર માસની ૧૯મી તારીખે બપોરના ભાગમાં અમદાવાદથી એરોપ્લેઈનમાં બેસીને મીઠાપુર બાજુએ જવા નીકળેલાં અને તેમનું એરોપ્લેઈન સાંજના ૪-૩૦ આસપાસ પાકિસ્તાનના હવાઈ જહાજના ગોળીબારનું ભોગ બનતાં અન્ય છ સાથીઓ સાથે આ બન્ને દંપતી મરણશરણ થયાં. આ દુર્ઘટનાએ માત્ર સૌરાષ્ટ્ર ગુજરાતમાં જ નહિ, પણ સમગ્ર ભારતમાં અત્યન્ત ઊંડા શોકની લાગણી પેદા કરી. એ શોકના આઘાતમાંથી હજુ પણ આપણું મન ઊંચે ઊઠી શકતું નથી.

આ દુર્ઘટના બની ત્યારે ભાઈ બળવંતરાયની ઉમ્મર ૬૬ વર્ષની હતી. મારાથી ઉમ્મરે તેઓ છ વર્ષ નાના. અમે ભાવનગરના વતની, એટલું જ નહિ પણ, બહુ નજીકના પાડોશી હતા અને નાની ઉમ્મરથી એકમેકથી પરિચિત હતા, અને આજ સુધી અમારી વચ્ચેનો મૈત્રીસંબંધ અતૂટપણે ચાલુ હતો. આને લીધે તેમના કૉલેજ જીવનથી માંડીને આજ સુધીની તેમની ઉત્તરોત્તર વધતી જતી પ્રવૃત્તિઓ અને જવાબદારીઓથી સભર બનેલી લાંબી જીવન-કારકીર્દીનો હું અમુક રીતે નજીકનો સાક્ષી બન્યો છું. આજે જ્યારે તેમણે આપણી વચ્ચેથી સદાને માટે વિદાય લીધી છે ત્યારે તેમણે હાથ ધરેલી અનેક પ્રવૃત્તિઓ અને તેમની અનેક જીવનસિદ્ધિઓ-માંથી, આ ટૂંકી અવસાન નોંધમાં, શેનો ઉલ્લેખ કરવો અને શેનો ન કરવો એ સમજાતું નથી. તેમણે કૉલેજનો અભ્યાસ પૂરો કર્યો અને તેઓ બી.એ. થયા કે તરતમાં જ નાગપુરના ઝંડા સત્યાગ્રહમાં ભાગ લેવા નાગપુર દોડી ગયા અને નાનો સરખો જેલવાસ ભોગવ્યો. ત્યાર બાદ સ્વ. લાલા લજપતરાયે સ્થાપેલી પીપલ્સ સરવન્ટ્સ સોસાયટીમાં તેઓ અને આજના મહાઅમાત્ય લાલબહાદુર શાસ્ત્રી જોડાયા અને આજીવન સેવાવ્રતી બન્યા. સૌરાષ્ટ્રમાં રાણપુર ખાતે સ્વ. અમૃતલાલ દલપતભાઈ શેઠે શરૂ કરેલ 'સૌરાષ્ટ્ર' સાપ્તાહિકની પ્રવૃત્તિમાં તેઓ સાથી બન્યા અને દેશી રાજ્યની પ્રજાના પ્રશ્નોમાં વધારે ને વધારે રસ લેતા થયા. ભાવનગર ખાતેની હરિજન પ્રવૃત્તિ અને સ્ત્રીશિક્ષણની પ્રવૃત્તિના પણ તેઓ સંચાલક બન્યા. સમય જતાં તેઓ ઑલ ઈન્ડિયા સ્ટેટ્સ પીપલ્સ કૉન્ફરન્સના સૂત્રધાર બન્યા. સાથે સાથે કૉંગ્રેસ સંચાલિત અખિલ હિન્દવ્યાપી રાષ્ટ્રીય આંદોલન સાથે પણ તેઓ ગાઢપણે સંકળાયલા રહ્યા અને તે આન્દોલનના જુદા જુદા તબક્કે નાના મોટા જેલવાસો તેમણે સ્વીકાર્યા. આ જાહેર પ્રવૃત્તિઓના કારણે ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ તથા પંડિત નહેરૂના વધારે ને વધારે ગાઢ સંપર્કમાં તેઓ આવતા ગયા. ગાંધીજીનો તેમણે અથાક વિશ્વાસ સંપાદન કર્યો. સમય જતાં આપણો દેશ આઝાદ થયો એ અરસામાં ભાવનગર નરેશે પોતાની સર્વ સત્તા ભાવનગરની પ્રજાના અનન્ય આગેવાન તરીકે તેમને સુપ્રત કરી અને ભાવ-નગરમાં પ્રજાકીય શાસન સ્થપાયું, ન સ્થપાયું, એવામાં આખા સૌરાષ્ટ્રનું એકમ રચાયું અને તત્કાળ નિયુક્ત કરવામાં આવેલ પ્રધાનમંડળમાં તેમની નાયબ મુખ્ય પ્રધાન તરીકે નિમણૂક કરવામાં આવી. ત્યાર બાદ તેઓ બંધારણસભા અને પછી દિલ્હીની લોકસભામાં ચૂંટાયા. રાષ્ટ્રીય મહાસભાના મહામંત્રી તરીકે તેમણે કામગીરી બજાવી. તેઓ લોકસભામાં હતા તે દરમિયાન એસ્ટીમેન્ટ કમિટિના ચેરમેન તરીકે રાજ્યવહીવટને લગતી જુદી જુદી બાબતો અંગે લગભગ ૧૦૦ રીપોર્ટો બહાર પાડીને તેમણે વહીવટી કુશળતાના ક્ષેત્રમાં ભારે નામના મેળવી. આગળ જતાં લોકશાહી વિકેન્ટ્રીકરણ સમિતિના તેઓ ચેરમેન થયા અને તેમણે જે રીપોર્ટ બહાર પાડ્યો તે રીપોર્ટની ચોતરફ ખૂબ તારીફ થઈ અને તે રીપોર્ટના સ્વીકારના પરિણામે ભારતભરમાં પંચાયતી રાજ્યની સ્થાપના થઈ અને ઉપરના લોકસ્તર ઉપર સીમિત બનેલી લોકશાહી પ્રજાજીવનના નિમ્ન સ્તર સુધી પહોંચી અને શહેરોને વટાવીને લોકશાહી ગામ-ડામાં પ્રવેશ પામી. અહીં એ બાબતનો પણ ઉલ્લેખ કરવો ઘટે છે કે જન્મભૂમિ આદિ પત્રોનું સંચાલન કરતા સૌરાષ્ટ્ર ટ્રસ્ટના તેઓ ૧૯૪૯ની સાલથી એક ટ્રસ્ટી હતા અને તે ટ્રસ્ટના પ્રમુખ શ્રી કનૈયાલાલ દેસાઈનું ૧૯૬૨માં અવસાન થતાં તેઓ સૌરાષ્ટ્ર ટ્રસ્ટના પ્રમુખસ્થાને નિમાયા હતા અને ૧૯૬૩ના સપ્ટેમ્બરમાં ગુજરાતના મુખ્ય મંત્રીના પદ ઉપર આવતાં પછીના મહિને સૌરાષ્ટ્ર ટ્રસ્ટના પ્રમુખસ્થાનેથી તેમ જ ટ્રસ્ટીપદેથી રાજીનામું આપીને તેઓ છૂટા થયા હતા. છેલ્લાં બે વર્ષથી તેઓ ગુજરાતના મુખ્ય મંત્રીપદને શોભાવી રહ્યા હતા અને એ પદ ઉપર અવિરતપણે સેવા બજાવતાં બજાવતાં, તાજેતરમાં દ્વારકા અને જામ-નગર ખાતે પાકિસ્તાને બૉંબગોળા ફેંકીને જે તારાજી કરેલી અને તેથી પ્રજાજનોની જાન તેમ જ મીલ્કતની જે હાનિ થયેલી તે નજરે નિહાળવાના અને સંકટગ્રસ્ત લોકો પ્રત્યે પ્રત્યક્ષ સહાનુ-ભૂતિ દાખવવાના હેતુથી તેમણે એક એવું સાહસ કર્યું કે જેનું પરિણામ તેમની અને તેમનાં પત્ની સરોજબહેનની પ્રાણહાનિમાં આવ્યું અને સ્વજનસમા લોકનેતાને આપણે ગુમાવ્યા.

આ જગતમાં જે જન્મે છે તેના માટે મૃત્યુ નિશ્ચિત છે. પણ કોઈનું લાંબા વ્યાધિના પરિણામે મૃત્યુ થાય અને કોઈનું આ રીતે મૃત્યુ થાય. પણ આ બન્ને મૃત્યુની મુલ્યવત્તામાં કેટલો બધો તફાવત છે? વ્યાધિપરિણામી મૃત્યુને સૌ કોઈ સ્વાભાવિક ગણીને સ્વીકારી લે છે અને તેનો આઘાત પણ એટલો તીવ્ર હોતો નથી. દેશસેવાઅર્થે અને બલિદાન રૂપે નિર્માણ થયેલું મૃત્યુ માત્ર સ્વજનોને જ નહિ પણ વિશાળ જનસમુદાયને સખ્ત આંચકો આપે છે અને તેની શહાદત પ્રત્યે સૌ કોઈના દિલમાં ધન્ય-તાના ઉદ્‌ગાર નીકળી પડે છે. આપણા માટે આવું મૃત્યુ અસા-ધારણ રોમાંચ અને ગૌરવનો વિષય બને છે. વળી તેમનાં પત્ની સરોજબહેન પણ તેમની સાથે જ સ્વર્ગે સંચર્યા. તેમનું મૃત્યુ દુઃખદ હોવા છતાં, ભારતની સૌભાગ્યવતી સન્નારી આથી વધારે રૂડું મૃત્યુ પોતા માટે કલ્પી શકતી નથી—આ રીતે તેમનું મૃત્યુ પણ ચિરસ્મરણીય બની ગયું. અને મર્ત્ય માનવીઓની આ દુનિ-યામાં આ બન્ને પતિપત્ની આવું ધન્ય મૃત્યુ પામીને અમર-પદને પામ્યાં.

અંગત રીતે એક ચિરકાલીન મિત્રને ગુમાવ્યાનું દુઃખ હું અનુ-ભવું છું. ભાવનગરની અનેક પ્રવૃત્તિઓમાં તેમની સાથે કામ કર-વાનું બનેલું. મુંબઈમાં ઊભા કરવામાં આવેલા કાઠિયાવાડ પ્રજામંડળ અને ભાવનગર પ્રજામંડળની કાર્યવાહી નિમિત્તે તેમને મળવાના અવારનવાર પ્રસંગો ઊભા થતા. જૂનાગઢની આરઝી હકુમતની રચના કાઠિયાવાડ પ્રજામંડળ દ્વારા જ ઊભી કરવામાં આવી હતી. પછી તો ભાવનગરમાં લોકશાહી તંત્રની રચના થઈ. સૌરાષ્ટ્રનું એકમ સરજાણું. આ બધી ઘટનાઓમાં તેઓ અગ્રસ્થાને હતા તો આ બધાંથી ગૌરવ અનુભવતો હું એક નજીકનો સાથી હતો. આવા અનેક પ્રસંગો આજે સ્મરણપટ ઉપર ઉભરાઈ આવે છે અને આવા એક ભેખધારી લોકસેવક તથા મિત્રને ગુમાવવા બદલ દિલ ઊંડી ગમગીની અનુભવે છે. ૧૯૬૨ની સાલમાં ભાવનગર ખાતે ભરાયેલું રાષ્ટ્રીય મહાસભાનું ભવ્ય અધિવેશન જેની સફળતા તેમના નેતૃત્વને અને તેમના સહકાર્યકર જૂથની કાર્ય-કુશળતાને આભારી હતી તે ઘટના તો જાણે કે હજ ગઈ કાલે જ બની હોય એમ આપણા સ્મરણપટ ઉપર અંકિત થયેલ છે.

તેમના સમર્થ વ્યકિતત્વનું મૂલ્યાંકન કરતાં જણાવવાનું કે તેમની મહત્તા શૂન્યમાંથી સરજાણી હતી. તેઓ એક અતિ સામાન્ય સ્થિતિના કુટુંબમાં જન્મ્યા હતા અને સામાન્ય પરિસ્થિતિ વચ્ચે ઉછર્યા હતા. વિદ્યાર્થી તરીકે પણ તેમની કારકીર્દી એવી કોઈ અસામાન્ય હતી જ નહિ. પણ તેમની પ્રકૃત્તિમાં સેવાવૃત્તિનાં બીજો પડ્યાં હતાં તથા પ્રબળ પુરુષાર્થની પ્રેરણા રહેલી હતી. આ વૃત્તિએ

અને આ પ્રેરણાએ તેમના જીવનને ભારે વેગ આપ્યો અને સેવાલક્ષી જાહેર જીવનમાં તેઓ આગળ વધતા ચાલ્યા અને તેમની સામાજિક પ્રતિષ્ઠા વધતી ગઈ. પરિણામે તેમના શિરે નવી જવાબદારીઓ–સામાજિક તેમ જ રાજકીય–આવતી ગઈ. અથાક પરિશ્રમ, ઊંડી લોકનિષ્ઠા, શિસ્તબદ્ધ જીવન, શીલસંપન્ન ચારિત્ર્ય અને સિદ્ધહસ્ત કુશળતા વડે તેમણે રાજકારણના ક્ષેત્રમાં–કૉંગ્રેસી વર્તુળમાં–શિખરસ્થાન પ્રાપ્ત કર્યું. તેમની આજીવન સાધના અને સિદ્ધિ કોઈ ભવ્ય કૌટુંબિક પરંપરાની અનુકૂળતાનું કે અસાધારણ બુદ્ધિપ્રતિભાનું પરિણામ નહોતું, પણ તે પાછળ તેમનું શાણપણ અને હેયાઉકલત, પરિશ્રમ અને પુરૂષાર્થ, સાદાઈ અને સેવાભાવ રહેલાં હતાં.

તેમના જવાથી દેશને એક કુશળ રાજકારણી પુરુષની ખોટ પડી છે. ગુજરાતે એક સમર્થ સૂત્રધાર ગુમાવ્યો છે, પણ ભાવનગર તો નધણિયાતું બની ગયું છે. અન્ય ક્ષેત્રે તેમની ખોટ સમય જતાં પુરાશે; ભાવનગરને તો તેમની પડેલી ખોટ કદિ પણ પુરાવાની નથી.

બળવન્તરાય અને સરોજબહેન સાથે ગયાં એટલે એકની પાછળ અન્યને આશ્વાસન આપવા જેવું રહ્યું નથી. પણ એ કુટુંબના ત્રીજા અવશેષ તેમના પુત્ર ભાઈ પ્રભાકરે તો માતાપિતા એક સાથે ગુમાવ્યા છે. તેમનું દુ:ખ અસહ્ય છે. તેઓ અપણી ઊંડી સહાનુભૂતિના અધિકારી બને છે. તેમને આ આપત્તિને પહોંચી વળવા યોગ્ય ધૈર્ય પ્રાપ્ત થાઓ એવી આપણી પ્રાર્થના હો! લગ્ન તેમ જ મૃત્યુ ઉભયથી જોડાયલા બળવન્તરાય અને સરોજબેનનું સ્મરણ આપણ સર્વને અને પછીની પેઢીઓને કંઈ કાળ સુધી પ્રેરણાદાયી બનો! પરમાનંદ

## બે શોક–પ્રસ્તાવ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની તા. ૨૭–૯–૫૫ના રોજ મળેલી કાર્યવાહક સમિતિએ નીચે મુજબના બે શોક–પ્રસ્તાવ પસાર કર્યો છે :–

**સ્વ. શ્રી બળવન્તરાય મહેતા અને સૌ. સરોજબહેન અંગે**

સપ્ટેંબર માસની ૧૯મી તારીખે ગુજરાતના મુખ્ય પ્રધાન શ્રી બળવંતરાય મહેતા અને તેમના પત્ની સૌ. સરોજબહેનનું હવાઈ વિમાનમાં મીઠાપુર બાજુ જતાં પાકિસ્તાને કરેલા હવાઈ હુમલાના પરિણામે અવસાન નિપજ્યું તે અંગે શ્રી મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની સભા ઊંડો શોક અને આઘાતની લાગણી પ્રદર્શિત કરે છે. શ્રી બળવંતરાય મહેતા કૉંગ્રેસના એક અગ્રગણ્ય નેતા હતા. તેમણે પોતાનું આખું જીવન દેશની સેવાને સમર્પિત કર્યું હતું. આઝાદી પ્રાપ્ત થયા પહેલાં દેશી રાજ્યની પ્રજાના અવારનવાર ઊભા થતા પ્રશ્નોના નિરાકરણ પાછળ તેમણે પોતાની સર્વ શક્તિઓનો યોગ આપ્યો હતો. તેઓ ભારતની બંધારણસભાના સભ્ય, લોકસભાના સભ્ય અને કૉંગ્રેસના એક વખતના મહામંત્રી હતા. ભારતભરમાં સ્થપાયેલ પંચાયતી રાજ્યના તેઓ નિર્માતા હતા. સ્વરાજ્ય મળ્યા બાદ ભારતના નવઘડતરની અનેક પ્રવૃત્તિઓ સાથે તેઓ સંકળાયલા હતા. હરિજન પ્રવૃત્તિ અને સ્ત્રી-શિક્ષણ પ્રવૃત્તિમાં પણ તેમણે મહત્ત્વનો ફાળો આપ્યો હતો. આમ જીવનની છેલ્લી ક્ષણ સુધી રાષ્ટ્રના કાર્યમાં તેમનું જીવન સંલગ્ન બન્યું હતું અને તેમણે આખરે એક શહીદનું મૃત્યુ પ્રાપ્ત કર્યું હતું. આ રીતે જેમનું જીવન અને મૃત્યુ ઉભય ધન્ય બનેલ છે એવા શ્રી બળવંતરાય અને તેમના જીવન તેમ જ મૃત્યુના સહચરી બનેલાં સૌ. સરોજબહેનને આ સભા અંતરની અંજલિ અર્પણ કરે છે અને તેમના પુત્ર ભાઈ પ્રભાકર અને અન્ય કુટુંબીજનો પ્રત્યે આ સભા ઊંડી સહાનુભૂતિની લાગણી પ્રદર્શિત કરે છે.

**સ્વ. નાનચંદભાઈ શામજી અંગે**

શ્રી નાનચંદભાઈ શામજીનું તા. ૨૦ મી ઑગસ્ટના રોજ ૯૦ વર્ષની પરિપક્વ ઉંમરે નિપજેલ અવસાનથી શ્રી મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની સભા ઊંડા શોકની લાગણી અનુભવે છે. તેઓ મુંબઈ જૈન યુવક સંઘની સ્થાપના થઈ, લગભગ એ સમયથી સંઘના સભ્ય હતા અને વર્ષો સુધી સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય હતા અને એ રીતે સંઘની કાર્યવાહીમાં તેમનો ખૂબ ફાળો રહ્યો હતો. તેઓ સમાજના એક ઉપયોગી કાર્યકર્તા હતા અને હંમેશા નવા વિચારના પુરસ્કર્તા રહ્યા હતા. તેમના અવસાનથી સંઘને એક વર્ષોજૂના કાર્યકર અને સાથીની ખોટ પડી છે. તેમના આત્માને આ સભા શાશ્વત શાંતિ ઈચ્છે છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

# પર્યુષણ વ્યાખ્યાનમાળાની સમાલોચના

આ વર્ષની વ્યાખ્યાનમાળાનો આરંભ સોમવાર તા. ૨૩મી ઑગસ્ટને દિવસે થયો તેની પહેલાં પંદરેક દિવસ ઉપર પાકિસ્તાની ઘૂસણખોરોએ કાશ્મીરના પ્રદેશમાં મોટા પાયા ઉપર હિંસક પ્રવૃત્તિ સાથે આક્રમણ શરૂ કર્યું હતું. આ આક્રમણથી કાશ્મીર પ્રદેશનું સંરક્ષણ કરવા માટે ભારત સરકારને હિંસક પ્રતીકાર કરવા સિવાય બીજો કોઈ માર્ગ ન હતો. પર્યુષણ વ્યાખ્યાનમાળા સોમવાર તા. ૩૦ મી ઓગસ્ટને દિવસે સમાપ્ત થઈ. તેને બીજે દિવસે પાકિસ્તાને મોટી સજાવટ સાથે પશ્ચિમ પંજાબમાં છાંબ વિસ્તારમાં ભારત ઉપર પ્રચંડ લશ્કરી આક્રમણ કર્યું. આનો પણ ભારતે હિંસક પ્રતિકાર કર્યો છે. એ સિવાય ભારત પાસે આ આસુરી આક્રમણને નાથવાનો કોઈ બીજો માર્ગ નહોતો. ગઈ ૨૩મી સપ્ટેંબરે યુદ્ધવિરામ બન્ને પક્ષ તરફથી સ્વીકારવામાં આવ્યો છે. એમ છતાં વાતાવરણમાં અશાન્તિ અને યુદ્ધવિરામ અંગે અસ્થિરતા ભરી છે.

આપણા દેશની આ અત્યારની પરિસ્થિતિનો ઉલ્લેખ કરવા પાછળનો મૂળ હેતુ એક બે મુદ્દાઓ તરફ લક્ષ દોરવાનો છે. પહેલો મુદ્દો એ છે કે, કોઈ પણ માનવ–વ્યકિત તેમજ માનવ–સમાજ કેવળ સ્વતંત્ર ( Self–dependent ) નથી. તે પોતાનું જીવન–વિધાન કેવળ સ્વાતંત્ર રીતે–અન્યનિરપેક્ષ રીતે–કરવા ધારે તો પણ કરી ન શકે એ વાસ્તવિક સત્ય છે. આગળના સમયમાં પણ કોઈ પણ દેશ કે પ્રજા પોતાના મનમાન્યા માર્ગે જીવનવિધાન કરી શકે એવી સ્વતંત્ર નહોતી. આજે વિજ્ઞાનના યુગમાં તો એવી સ્વતંત્રતા અસંભવિત જેવી બની ગઈ છે. અમેરિકા જેવી દરેક રીતે સ્વયં - પર્યાપ્ત ( self–sufficient ) કહી શકાય તેવી પ્રજાને પણ મહિનાઓ થયાં વિયેટ–નામમાં ભયંકર યુદ્ધ પ્રવૃત્તિમાં સંડોવાવું પડ્યું છે. એ આ વાતનું ઉદાહરણ છે. આપણી સંસ્કૃતિ અધ્યાત્મ-પ્રધાન છે; આપણી પ્રજાએ માનવતાને પોષે અને વિકસાવે એવાં જીવનનાં મૂલ્યો સ્વીકાર્યાં છે; 'ન વેરથી વેર શમે કદાપિ, અવેરથી વેર શમે સદાય': એવી ભાવના સમગ્રપણે આપણે સેવી છે. છતાં આપણો દેશ જેમ કોઈ સંદર્ભ ( Context ) વિના, સંબંધ વિના, કેવળ શૂન્ય ( Vacuum )માં નથી રહેતો - એમ રહેવું અસંભવિત છે, તેમ આપણાં જીવન–મૂલ્યો અને જીવન–ભાવનાઓ ગમે તેટલાં ઉદાત્ત અને આધ્યાત્મિક હોય તેનું પણ અસ્તિત્ત્વ વાસ્તવિક પરિસ્થિતિના સંદર્ભમાં જ શક્ય છે, તેના વિનિયોગ દ્વારા જ એમની ચરિતાર્થતા છે, એમની ઉપયોગિતા પણ વાસ્તવિક પરિસ્થિતિના સંદર્ભમાં જ છે.

આ મુદ્દો વ્યાખ્યાનમાળાના આરંભના વ્યાખ્યાનમાં શ્રી ઢેબરભાઈના વિષયનિરૂપણમાં સ્પષ્ટ થયો હતો. શ્રી ઢેબરભાઈનો વિષય હતો, 'અહિંસાક્ષેત્રે અન્ય–નિરપેક્ષ કર્તૃત્વ–વિચારણા.' અન્યાયનો પ્રતિકાર કરવો એ સૌનો ધર્મ છે. એ પ્રતીકાર અહિંસા દ્વારા કરી શકાય તેમ ન હોય તો હિંસા દ્વારા પણ કરાવો જોઈએ. આજે પાકિસ્તાની આક્રમણનો પ્રતીકાર આપણે શસ્ત્ર દ્વારા કરીએ છીએ તે આપણી આજની સ્થિતિમાં યોગ્ય જ છે એમ શ્રી ઢેબરભાઈએ કહ્યું હતું. તેમનું પ્રધાન વક્તવ્ય એમ હતું કે, માનવીની ઉત્ક્રાંતિ પ્રધાનપણે અહિંસા દ્વારા જ થતી આવી છે. આજે પણ દેશદેશના માનવમાં સમર્પણની–બલિદાનની ભાવના વ્યકત થાય છે. ગાંધીજીના અનુયાયી માર્ટિન લ્યુથર કીંગ અહિંસા દ્વારા અન્યાયનો પ્રતીકાર કરી રહ્યા છે. સાધ્ય શુદ્ધિની સાથોસાથ સાધનશુદ્ધિ પણ આવશ્યક છે. સામાર્થ્યશાળી વ્યકિત સમાજને દોરી શકે - ગાંધીજીની પેઠે. આજે તો સ્પષ્ટ દેખાય છે કે, માનવનું અંતિમ ભાવિ અહિંસાના આશ્રય વિના શકય નથી.

પણ સનાતન જીવનમૂલ્યો અને યુગ–જીવનમૂલ્યોના પરસ્પર સંબંધનું પ્રેરક નિરૂપણ શ્રી મનુભાઈ પંચોળી (દર્શક)નાં બે વ્યાખ્યાનોમાં મળ્યું હતું. બંને વ્યાખ્યાનોનો વિષય એક જ હતો. "ભારતીય

ઈતિહાસનો પ્રવાહ અને બોધ." આરંભમાં શ્રી દર્શકે સમજાવ્યું કે, સંસ્કૃતિ માનવ માટે છે, ઈતર જીવકોટી માટે નથી; સંસ્કૃતિ આનુવંશિક (hereditary) નથી, અધિગત (acquired) છે. જે સંસ્કૃતિ પોતાની સામે ઉપસ્થિત થતાં પ્રતિબળોનો સામનો કરે તે સંસ્કૃતિ જીવન્ત કહેવાય. એ સામનો કરવામાં એને જય મળે કે પરાજય મળે કે પછી એ પ્રતિબળો સાથે સમાધાન કરે એ બહુ મહત્ત્વનો પ્રશ્ન નથી. એવો સામનો ન કરે અને આત્મ-સંરક્ષણની વૃત્તિથી સંકુચિતતાને અપનાવે ત્યારે સંસ્કૃતિ મૃતપ્રાય થઈ છે એમ માનવું જોઈએ. અને જે સંસ્કૃતિ સમાજના કે પ્રજાના નીચલા થરો સુધી પહોંચી હોય તે જ સંસ્કૃતિ સાચા અર્થમાં સંસ્કૃતિ કહેવાય.

શ્રી દર્શકે તે પછી ભારતીય ઈતિહાસ અને સંસ્કૃતિનું નિરૂપણ કરતાં કહ્યું કે, ભારતીય સંસ્કૃતિ ધર્મ કે અધ્યાત્મપ્રધાન છે. (ધર્માદર્થશ્ચ કામશ્ચ) ધર્મના પાયા ઉપર જ સાંસારિક સિદ્ધિઓ અને ઉપયોગોની ઈમારત ચણાવી જોઈએ એવી ભાવના ભારતીય સંસ્કૃતિએ સ્વીકારી છે. ઈતિહાસની દૃષ્ટિએ ભારતીય સંસ્કૃતિના બે વિભાગ પાડી શકાય: પહેલો વેદકાળથી કે મોહન્જો દડો સંસ્કૃતિથી માંડીને છેક ઈસ્લામના આગમન સુધીનો ઈ. સ. ૧૩૦૦ સુધીનો ગાળો: બીજો, વિભાગ મુસ્લીમ આગમનથી માંડીને આજ સુધીનો. લગભગ ૩૫૦૦ વર્ષના પહેલા ગાળામાં પ્હેલું (challenge) (પ્રતિબળ) આર્યોએ અહીંના આદિવાસી દાસો ઉપર કરેલું આક્રમણ: આ સંસ્કૃતિ-સંઘર્ષમાં આર્યોએ દસ્યુ સંસ્કૃતિના અંશો પોતામાં સ્વીકાર્યા અને દસ્યુઓને વર્ણવ્યવસ્થામાં સ્થાન આપ્યું, પણ કોઈ પણ સંસ્કૃતિનાં પ્રતિબળો (challenge) અભ્યન્તર હોય, બ્રાહ્ય ન હોય ત્યારે જ એની જીવન્તતા અને શકિતનું માપ નીકળે છે. એવાં અભ્યન્તર પ્રતિબળોમાનું એક તે ક્ષત્રિય વિશ્વામિત્રે બ્રાહ્મણત્વના પોતાના અધિકારની સ્થાપના માટે કરેલું આહ્વાન; બીજું, વૈદિક દેવતાઓ અને યજ્ઞની પ્રણાલી સામે શ્રી કૃષ્ણે કરેલો પડકાર;; અને ત્રીજું, જીવનમાંથી હિંસાને દૂર કરવાનો અને ભૂતમાત્ર પ્રત્યે કરુણાવૃત્તિ સેવવાનો આદેશ આપનાર બુદ્ધનું આહ્વાન. આ ત્રણેય વ્યકિતઓ સમાજના ઉપલા થરમાં જન્મી હતી. આ આહ્વાનો ભારતીય સંસ્કૃતિ ઝીલી શકી અને આવશ્યક ફેરફારો કરીને એ જીવતી રહી શકી. તે પછીના પુરાણ - કાળમાં ભારતમાં ગ્રીક, શક, હૂણ, વગેરે અનેક પરદેશી જાતિઓ આવી. ભારતીય સંસ્કૃતિએ આ નવાં બળોને પોતામાં સમાવી લીધાં. પણ ઈસ્લામના આગમન સમયે ભારતીય સંસ્કૃતિ જડ અને સંકુચિત બની ગઈ હતી. નવાં પ્રતિબળોનો સામનો કરવાને બદલે કેવળ આત્મસંરક્ષણને લક્ષ્ય માની બેઠી હતી. પૂર્વ બંગાળમાં નીચલા વર્ણના લોકોએ મુસલમાન ધર્મ સ્વીકાર્યો, હિંદુ ધર્મે તેઓ ગૌરવ સાથે જીવી શકે એવી વ્યવસ્થા કરી આપવા ના પાડી. છત્રપતિ શિવાજી જેણે રાષ્ટ્રના સ્વાતંત્ર્યને શકય બનાવ્યું હતું, તેનો અભિષેક કરવાની બ્રાહ્મણોએ ના પાડી હતી. પેશ્વાઓને યુદ્ધમાં સહાયતા કરનાર મરાઠાઓએ યજ્ઞોપવિતનો અધિકાર માગ્યો હતો, પણ બ્રાહ્મણોએ એ માગણી નકારી હતી! આજે ભારતીય સંસ્કૃતિએ દૃષ્ટિની વિશાળતા કેળવવી પડશે, સંતોએ શીખવેલી 'હરિના જન તો બધા સરખા' એ ભાવના સ્વીકારવી પડશે; રાષ્ટ્રના સંરક્ષણ માટે દરિયાઈ રક્ષાની વ્યવસ્થા કરવી પડશે અને સવિશેષ તો શબ્દ પ્રમાણને પ્રાધાન્ય આપવાને બદલે બુદ્ધિને પ્રાધાન્ય આપીને વૈજ્ઞાનિક દૃષ્ટિ કેળવવી પડશે. વિજ્ઞાન અને જીવન-મૂલ્યોને હિતાવહ સમન્વય સાધવો પડશે.

શ્રી વસન્તરાવ નારગોળકરે વિજ્ઞાન અને અધ્યાત્મ વિષે બોલતાં કહ્યું કે, આજની પેઠે મધ્યકાલીન યુરોપમાં પણ એવી માન્યતા હતી કે વિજ્ઞાન ધર્મનું-અધ્યાત્મનું-વિરોધી છે. યુરોપમાં ચર્ચ અને વિજ્ઞાન વચ્ચે જાગેલા સંઘર્ષમાં ઘણા વૈજ્ઞાનિકોને સહન પણ કરવું પડ્યું હતું. ભારત પ્રધાનપણે અધ્યાત્મવાદી રહ્યું છે. છતાં વિજ્ઞાનમાં પણ આપણે એટલો જ રસ લઈએ છીએ. માનવીનો સાચો વિકાસ તો બાહ્ય ભૌતિક સિદ્ધિઓની સાથે ઋષિઓએ દર્શાવેલી અધ્યાત્મિક સિદ્ધિઓના સમન્વયમાં-સર્વોદયની ભાવનામાં-વિશ્વમાનવની ભાવનામાં-રહેલો છે.

આ વ્યાખ્યાનોમાં, સવિશેષ તો શ્રી દર્શકનાં વ્યાખ્યાનોમાં, સ્પષ્ટપણે તરી આવતો મુદ્દો એ હતો કે ભારતીય સમાજ કે સંસ્કૃતિએ, ચાલુ પરિસ્થિતિમાં આવતાં પરિવર્તન જે જે પ્રશ્નો કે કોયડાઓ ઊભા કરે તે તે પ્રશ્નો કે કોયડાઓનું નિરાકરણ કરવાનો પ્રયત્ન કર્યા કર્યો છે; જ્યારે એ પ્રતિબળોનો પ્રતીકાર કે નિરાકરણ કરવાને બદલે તેણે જડ અને સંકુચિત વૃત્તિ ધારણ કરી ત્યારે તેની પ્રગતિ તો અટકી જ; ઊલટું જડતા વધતાં સમગ્ર જીવન રુંધાવા માંડ્યું. અહીં આપણી સમક્ષ પ્રશ્ન ઊઠે છે: સમાજ કે વ્યકિતએ જીવન માટે પરિસ્થિતિને અનુકુળ થતા રહેવું જોઈએ એ સ્વીકાર્યા પછી પણ જીવન એટલે શું? સમાજ અથવા દેશનું જીવન કેવળ આર્થિક કે રાજકીય કે ભૌતિક પ્રગતિમાં ભાગ્યે જ સમાપ્ત થતું મનાય. ઈતિહાસને પાને અનેક સમાજો અને સંસ્કૃતિઓની ચડતી પડતીનાં વર્ણનો વાંચીએ છીએ. કેટલીક સંસ્કૃતિઓ તો નામશેષ બની ગઈ છે: કેટલીકનું લાંબા કાળ પછી પુનર્જીવન કરાયું છે. કેવળ ભારતીય સંસ્કૃતિ કે વ્યાપક અર્થમાં લઈએ તો ભારતીય સમાજનું રૂપ બદલાયા કર્યું છે, છતાં સ્વરૂપ-એનું અન્તરતત્ત્વ તો અસ્ખલિત અને અવિકૃત રહ્યું છે એમ કહી શકાય. આનું કારણ સ્વામી શ્રી રંગનાથાનંદજીએ તથા શ્રી દર્શકે જણાવ્યું હતું તેમ ભારતીય સંસ્કૃતિના કેન્દ્રમાં અધ્યાત્મ (Sprituality) રહ્યું છે. સ્વામી રંગનાથાનંદજીએ ગ્રીક સંસ્કૃતિની સામાજિક-રાજકીય (Socio-political) ભાવનાની પ્રધાનતાનો નિર્દેશ કર્યો હતો: ગ્રીક સંસ્કૃતિએ આ બંને ક્ષેત્રોમાં ખૂબ પ્રગતિ કરી હતી અને પોતાનું વર્ચસ જમાવ્યું હતું. પણ તેમાં આધ્યાત્મિક દૃષ્ટિનો અભાવ હોવાથી સમય જતાં એ હ્રાસ પામી. ભારતીય સંસ્કૃતિ અધ્યાત્મપ્રધાન રહી છે તેને પરિણામે ભારતીય વ્યકિત તેમ જ સમષ્ટિની આધ્યાત્મિક જવાબદારી તેમ જ આધ્યાત્મિક પ્રગતિ-બંને સચવાઈ શકયાં છે. સમાજ પણ અન્તે તો વ્યકિતઓના સમુદાયરૂપ છે અને વ્યકિતઓની શકિત-અશકિત અને વિકાસ કે જડતા ઉપર જ સમાજનાં વિકાસ અને સામર્થ્ય કે જડતા અને અશકિત અવલંબેલાં છે.

અપૂર્ણ

અધ્યાપક ગૌરીપ્રસાદ ઝાલા

## શ્રી અમદાવાદ જૈન યુવક સંઘના ઉપક્રમે યોજાયેલી પર્યુષણ વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ

| | |
|---|---|
| શ્રી ઉમાશંકર જોશી | ઈશાવાસ્ય: અ-મૃત જીવનનું ઉપનિષદ |
| આચાર્ય શ્રી યશવંત શુકલ | મૃત્યુની વિભાવના |
| આચાર્યશ્રી એસ. વી. દેસાઈ | સંસ્કાર અને સંસ્કૃતિ |
| શ્રી ગુણવંતરાય આચાર્ય | ગુજરાતના ઈતિહાસમાં જૈન સંસ્કૃતિનો ફાળો |
| ડૉ. ભોગીલાલ જે. સાંડેસરા | આગમ-વાચના |
| આચાર્યશ્રી પુરુષોત્તમ માવળંકર | લોકમત અને લોકશિક્ષણ |
| શ્રી ગુરુદયાલ મલ્લિકજી | સંસ્કૃતિ અને માનવતા |
| શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ | આપણે ક્યાં જઈ રહ્યા છીએ? |
| શ્રી ઈશ્વર પેટલીકર | સંસ્કારી જીવન |
| મુનિશ્રી પુણ્યવિજયજી | શ્રમણ ભગવાન મહાવીર |
| શ્રી અમિતાબહેન મહેતા | ભજનો |
| આચાર્યશ્રી રજનીશજી | સત્યમ્ શિવમ્ સુંદરમ્ |
| શ્રી ઉત્સવભાઈ પરીખ | ધર્મ અને રાજકારણ |
| શ્રી કરસનદાસ માણેક | વિજ્ઞાન અને ધર્મ |
| સ્વામીશ્રી શરણાનંદજી | માનવ |
| આચાર્યશ્રી એસ. આર. ભટ્ટ | અહિંસક સમાજરચના |

# પુરાણી વિચારગ્રંથિઓથી મુક્ત બનો!

('India To-day'એ મથાળા નીચે શ્રીમતી વિજયા-લક્ષ્મી પંડિતની ટાઈમ્સ ઑફ ઈન્ડિયામાં એક લેખમાળા પ્રગટ થઈ રહી છે. તેમાંના સાતમા હપ્તાનું મથાળું હતું "Shake off Bonds of Old Ties." તે હપ્તાના અમુક અગત્યના વિભાગનો નીચે અનુવાદ આપવામાં આવે છે. તંત્રી)

મારા દિલમાં અને, મને ખાત્રી છે કે, બીજા અનેકના દિલમાં ચિન્તા ઉપજાવતી હકીકત એ છે કે આપણે ભૂતકાળનું કિંમતી એવું ઘણું ગુમાવ્યું છે અને વર્તમાનમાં રહેલું કિંમતી એવું ઘણું થોડું આપણે અપનાવ્યું છે. આનું પરિણામ આપણી કમનસીબીમાં આવ્યું છે. જ્યાં સુધી આપણા પગ પુરાણા ખ્યાલો વડે જકડાયલા છે ત્યાં સુધી વધારે સારા અને સમૃદ્ધ જીવન તરફ આપણે ગતિ કરી શકીએ એમ છે જ નહિ. જ્યાં સુધી આપણે માનીએ છીએ અને આપણામાંના સર્વોત્કૃષ્ટ માનવીઓ પણ એમ જ માનતા લાગે છે કે આપણા ભાગ્યનું આકાશમાં રહેલા એવા કોઈ સર્વશક્તિશાળી અધિ-દેવતા નિયંત્રણ કરી રહેલ છે, ત્યાં સુધી આપણે સ્વતંત્ર માનવી માફક કદી પણ વિચારી કે વર્તી નહિ શકીએ.

સારૂં અને ખરાબ નસીબ હોવું એ મોટા ભાગે આપણા પોતાના હાથની વાત છે અને એ કોઈ દેવીદેવતાના હાથની વાત નથી. આવી સમજ આપણા દેશના લોકોના દિલમાં જ્યાં સુધી ઊગે નહિ ત્યાં સુધી આપણે આગળ વધી શકીએ નહિ. "આપણે પછાત છીએ તે દોષનું કારણ આપણા ગ્રહ નક્ષત્રો નથી, પણ આપણે પોતે જ છીએ.' જ્યાં સુધી આપણે આ પ્રકારના માનસિક બંધનમાંથી મુક્ત ન બનીએ, ત્યાં સુધી જે ભીષણ સમસ્યાઓ આપણને ચારે બાજુએથી ઘેરી રહી છે તે સમસ્યાઓ ને આપણે હલ કરી શકીશું નહિ.

ભારત હંમેશા પરસ્પરવિરોધી તત્ત્વોને દાખવતી એક વિચિત્ર ભૂમિ રહી છે, અને આ બાબત જેટલી રાજકારણી સ્તર ઉપર નજરે પડે છે તેટલી અન્ય કોઈ સ્તર ઉપર દૃષ્ટિગોચર થતી નથી. આપણે રાષ્ટ્રીય આયોજનના ખ્યાલને સ્વીકાર્યો છે અને આ ખ્યાલ સમાજવાદી રાજ્યની કલ્પના સાથે પાયાનો સંબંધ ધરાવે છે. આર્થિક નિર્ભરિતાના માર્ગે લઈ જતી એવી ત્રણ પંચવર્ષીય યોજનાઓ આ દેશમાં હાથ ધરાઈ ચૂકી છે. આપણા લોકો બુદ્ધિપૂર્વક વિચારતા થાય અને નવી નવી ટેક્નોલૉજીકલ—તાંત્રિક—શોધો થયા જ કરે છે એવા આજના યુગને અનુરૂપ યોજનાઓ ઊભી થાય—વિકાસ પામે — આ બાબતની આવશ્યકતાનું મહત્વ આપણે સ્વીકાર્યું છે. આમ છતાં પણ આપણે હજુ પણ ગ્રહનક્ષત્રોના હલનચલનમાંથી માર્ગદર્શન મેળવવાની અને આપણા અંગત તેમ જ જાહેર જીવનને તે મુજબ ગોઠવવાની વૃત્તિને સેવતા રહ્યા છીએ. આ બાબતમાં આપણે અઢી સદી પહેલાં જેવા હતા તેમાં હજુ આજે કોઈ ખાસ ફરક પડ્યો નથી.

એક વખત મારા પિતાશ્રી કોઈ મહત્ત્વના મુકદ્દમા અંગે અલ્હા-બાદની બહાર જવા માંગતા હતા. જે દિવસે તેઓ નીકળવા માંગતા હતા તે દિવસ, મારાં માતાજીના અભિપ્રાય મુજબ, સારો નહોતો અને આવી સલાહ મારાં માતાજીને અમારા કુળગોર તરફથી મળી હતી. આને બદલે બીજા કોઈ દિવસે જવું એવી મારાં માતાજીની ઈચ્છા હતી. આ સાંભળીને મારા પિતાશ્રી ખૂબ ખીજાયા અને તેમણે આવા વહેમો સામે ખૂબ આક્રોશ દાખવ્યો. એ મુકદ્દમો જીતીને મારા પિતાશ્રી પાછા ફર્યા ત્યારે તેમણે મારા માતાજીને કહ્યું કે "મારા અભિપ્રાય મુજબ આ કેસમાં હું જે મોટી કમાણી કરીને આવ્યો છું તે રકમ જ ધર્મગુરુએ મારા કેસ અંગે પ્રતિકુળ ભવિષ્ય ભાખ્યું હતું તેને અને તેની જેવા જોષીઓને બેઆબરૂ બનાવવા પાછળ વાપરવી ઘટે છે." આ પ્રકારની હિમત આજના જાહેર જીવનમાં આગળ પડતું સ્થાન ધરાવતા કેટલા માણસોમાં હશે તે મારે મન એક પ્રશ્ન છે.

આમ છતાં પણ હું આશા સેવું છું કે આપણા માનસને સખત આંચકો આપે એવી કોઈ ને કોઈ ઘટનાઓ બનતી રહેશે અને આપણે આ વિચારજડતામાંથી સમય જતાં જરૂર ઊંચે ઊઠીશું, સાચા રાહ ઉપર પગલાં માંડતાં થઈશું અને આપણે જે નવા જીવનના ઉઘાડનો પ્રારંભ આપણામાં થયેલો જોવા આતુર છીએ તે અંગેના બુદ્ધિપૂર્વકના અભિગમ પ્રત્યે આપણા ચિત્તને જરૂર કેન્દ્રિત કરીશું.

આપણી પંચવર્ષીય યોજનાઓનો આશય, પ્લાનીંગ કમિશનના ડેપ્યુટી ચેરમેન યથોચિત રીતે વર્ણવે છે તે મુજબ, આપણા વ્યક્તિત્વવિહોણા—લોકોના faceless masesના - જીવનમાં રાજ્યબંધારણમાં વ્યક્ત કરવામાં આવેલ મનોરથોને મૂર્તિમંત કર-વાનો છે. સમય જતાં આ હેતુ જરૂર સફળતાને પામશે. આ પ્રક્રિયા બહુ ધીમી છે, કારણ કે, જે કે આ કે તે બાબતમાં પુષ્કળ દ્રવ્યનું રોકાણ કરવામાં આવ્યું છે, એમ છતાં પણ, યોગ્ય માનવીને તૈયાર કરવા અંગે આપણું રોકાણ બહુ અલ્પ છે. જ્યાં સુધી આ કરવામાં ન આવે, ત્યાં સુધી આપણી પ્રગતિ અનિવાર્યપણે ધીમી જ હોવાની.

જેમ યુદ્ધની શરૂઆત માનવીના મનમાં થાય છે, તેમ વહેમ અને પૂર્વગ્રહો અને તેમાંથી નીપજતી બીજી અનેક અનિષ્ટ બાબતો પણ માણસના મનમાં જ શરૂ થાય છે. જ્યાં સુધી આ વૃત્તિઓનો સામનો કરવામાં ન આવે અને તેને નામશેષ કરવામાં ન આવે, ત્યાં સુધી નવભારતને પોતાનો—પ્રકાશ અને આશાનો—સંદેશો ચોતરફ પ્રસારિત કરવા માટે જે પ્રકારનાં સ્ત્રી - પુરુષોની જરૂર છે તેવાં સ્ત્રી - પુરુષો આપણે નિર્માણ કરી નહિ શકીએ. આપણી નિશાળો અને કૉલેજોના અભ્યાસક્રમમાં આ સમસ્યાને પહોંચી વળે એવું કશું જોવામાં આવતું નથી. ભારતમાં આપણે એ વ્યક્તિને 'કેળવાયેલી' લેખીએ છીએ કે જે પોતાના નામ પાછળ એ. બી. સી. ડી. ના થોડાંક અક્ષરો લગાડી શકે છે. તે પરદેશની કોઈ ભાષા બોલતા શિખ્યો હશે, તે અસ્પષ્ટ એવી પ્રગતિશીલ લેખાતી પરિભાષાનો ઉપયોગ કરતો હશે, આમ છતાં પણ ઘણી વાર તે એવા જડ સંકીર્ણ ખ્યાલો ધરા-વતો હોય છે કે જેને તે ધર્મના નામે ઓળખાવતો હોય છે, પણ વસ્તુતઃ જે ખ્યાલો તેને વારસામાં મળેલી અનેક નબળાઈઓના જ કેવળ આવિષ્કારો હોય છે.

આપણે આ હકીકત સ્વીકારી છે કે આજનો યુગ વિજ્ઞાનપ્રધાન છે, અને આજની ટેક્નોલૉજીના કારણે નિર્માણ થઈ રહેલી જીવન-પદ્ધતિના નવા નવા આકારોને આપણે યથાસ્વરૂપે ઓળખતા રહેવું પડશે અને આપણા સમયમાં થઈ રહેલી શોધોમાં આપણે પોતાનો ફાળો પણ આપવો પડશે. પણ આ બાબતો દરેક સ્ત્રી અને પુરુષના ચાલુ ચિંતનનો એક ભાગ બની રહે એવું વાતાવરણ ઊભું કરવાની દિશાએ, હજુ કરવું જોઈએ તેટલું કરાતું નથી.

જે પ્રજાસેવકો ગ્રામીણ જનતા વચ્ચે વસીને કામ કરે છે તેઓ પણ, મને માલુમ પડે છે કે, તે લોકોને જુની વૈચારિક ઘરેડોમાંથી બહાર કાઢવા માટે — એ હેતુથી કે તેમને સ્વતંત્ર રીતે વિચાર કર-વાનું અને પોતાની માગણીઓ રજૂ કરવાનું પ્રોત્સાહન મળે — કશો જ પ્રયત્ન કરતા હોતા નથી. તાજેતરમાં, મારો મતદાર વિભાગ કે જ્યાં વરસાદના અભાવના કારણે દુષ્કાળ જેવી પરિસ્થિતિ પ્રવર્તતી હતી તે વિભાગમાં પ્રવાસ કરતાં, જ્યાં જ્યાં હું ગઈ ત્યાં ત્યાં અનેક નાની નાની સભાઓમાં ભાષણ આપવાનું મારા ભાગે આવ્યું હતું. મારી સાથેના સ્થાનિક આગેવાનોને આ વરસાદની તંગી અને બીજી અનેક આપત્તિઓ માટે દેવદેવીઓના રોષ ઉપર દોષનો આરોપ કરતા જોઈને મને ભારે આશ્ચર્ય થયું. "અમે શું કરી શકીએ? આ કુદરતી તત્ત્વો ઉપર નિયંત્રણ કરવું એ અમારા હાથની વાત નથી. લોકોને રાહત આપવા માટે જે કોઈ શક્ય હોય તે બધું અમે કરી છુટીએ છીએ ... ... ... ..." વગેરે.

મારું કહેવું એમ હતું કે માનવીએ કુદરતી તત્ત્વો ઉપર વિજય મેળવ્યો છે, આપણે એવા સમયમાં જીવીએ છીએ કે જ્યારે સર્વ બાબતો શક્ય બની છે. આપણે માગણી કરવી જોઈએ અને વિજ્ઞાનની સર્વ શોધોનો ઉપયોગ કરવો જોઈએ અને તે મારફત આપણા જીવનને વિકસાવવું જોઈએ. આપણે આપણી જાતને કેળવવી જોઈએ અને આપણી જાત ઉપર આધાર રાખતા શિખવું જોઈએ, કારણ કે જેઓ પોતાની જાતને મદદ કરે છે, માત્ર તેમને જ ઈશ્વર પણ મદદ કરે છે.

અનુવાદક : પરમાનંદ મૂળ લેખક : શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિત

(10)



# કાશ્મીરના લોકમત નિર્ણય અંગે

## શ્રી જયપ્રકાશ નારાયણ

એ સુવિદિત છે કે, કાશ્મીરનું ૧૯૪૭ની સાલમાં ભારત સાથે જોડાણ થયું તે અરસામાં, તે વખતનું ક્ષુબ્ધ વાતાવરણ થાળે પડયા બાદ, કાશ્મીરે કોની સાથે જોડાયેલા રહેવું એ અંગે કાશ્મીરની જનતાને પોતાની ઈચ્છા વ્યકત કરવાની તક આપવામાં આવશે એવી પં. જવાહરલાલ નહેરુ તરફથી જાહેરાત કરવામાં આવી હતી અને એ વખતની સલામતી સમિતિના ઠરાવમાં પણ આ મતલબનું સૂચન રહેલું હતું અને આ સૂચનનો એક યા બીજા આકારમાં અમલ કરીને ભારતે પાકિસ્તાન સાથે સમાધાન કરવું જોઈએ એવો અભિપ્રાય સર્વોદયી નેતા શ્રી જયપ્રકાશ નારાયણ અવારનવાર વ્યકત કરી રહ્યા હતા. જણાવતાં આનંદ થાય છે કે, તાજેતરમાં જયપ્રકાશ નારાયણના આ વલણમાં પાયાનો પલટો આવ્યો છે. ૧૮મી સપ્ટેમ્બરના રોજ પટણા ખાતે તેમણે નીચે મુજબ નિવેદન કર્યું છે:–

"ભારત અને પાકિસ્તાન વચ્ચે શાન્તિ અને સમજૂતી અંગેની આવશ્યકતામાં હું મારો વિશ્વાસ ચાલુ રાખીશ, કારણ કે હું સમજું છું અને માનું છું કે આખરે બન્ને દેશોએ મિત્રભાવે હળીમળીને રહેવાનું છે. આમ છતાં પાકિસ્તાનને કાશ્મીરના પ્રશ્નમાં હસ્તક્ષેપ કરવાની તક આપવામાં આવતી નથી એ કારણથી, જો પાકિસ્તાન ભારત સાથે યુદ્ધ કરતું હોય તો હું એમ કહીશ કે પરસ્પર સમજૂતી માટે સદ્‌બુદ્ધિ જાગૃત થાય ત્યાં સુધી આપણે પ્રતીક્ષા કરવાની રહેશે.

"પણ સાથે સાથે આજની પરિસ્થિતિના સંદર્ભમાં મારે એ સ્પષ્ટ શબ્દોમાં જણાવવું જોઈએ કે પાકિસ્તાને અને આખી દુનિયાએ એ સમજી લેવું જોઈએ કે તાજેતરમાં બનેલી ઘટનાઓએ સાફ કરી દીધું છે કે કાશ્મીરનો પ્રશ્ન એ ખરેખર કોઈ પ્રશ્ન હોય તો તે પ્રશ્ન માત્ર કાશ્મીરની જનતા અને ભારત સરકાર સાથે જ સંબંધ ધરાવે છે. આ ઉપરાંત એમાં જરા પણ સંદેહ કરવાની જરૂર નથી કે, ભારતનો વર્તમાન નેતાવર્ગ કાશ્મીરના પ્રશ્નનો એવી રીતે ઉકેલ લાવશે કે જેથી જમ્મુ–કાશ્મીરની જનતાને પૂર્ણ સંતોષ થશે. ભારતમાં લોકતંત્ર છે, અને પાકિસ્તાન જો આ બાબતથી દૂર રહે તો, કાશ્મીરની બાબતમાં જનતાની ઈચ્છાઓનો જરૂર એવો આદર થશે કે જેવો આદર ભારતના અન્ય ભાગોમાં આજે પ્રવર્તે છે."

તેમણે વિશેષમાં જણાવ્યું કે, "આ બાબત સ્પષ્ટ થઈ જવી જોઈએ કે આ પ્રશ્ન ઉપર પાકિસ્તાન આક્રમકના રૂપમાં આગળ આવ્યું છે અને તેની જવાબદારી છે કે આ હુમલો તે એકદમ બંધ કરે. કાશ્મીર ઉપર પાકિસ્તાને આ હુમલો બીજી વાર કર્યો છે અને તે પણ ઘણા મોટા પાયા ઉપર, જેમાં તેનું એક જ મંતવ્ય રહ્યું છે કે તે પોતાની શકિત દ્વારા બળજબરીથી કાશ્મીરને ઝુંટવી લેવા માંગે છે. આમ બનતા કાશ્મીરના પ્રશ્ન ઉપર બોલવાનો અધિકાર પાકિસ્તાને સદન્તર ગુમાવ્યો છે.

"પાકિસ્તાને કાશ્મીરની જનતા ઉપર ફરીથી કુઠારાઘાત કર્યો છે. ૧૯૪૭માં તેમ જ આ વખતે પાકિતાન દ્વારા કરવામાં આવેલું આક્રમણ શું કાશ્મીરની જનતા વિરુદ્ધ નહોતું? શું એ બાબત ઉપર કોઈ પણ વિશ્વાસ કરી શકે તેમ છે કે જો આ રીતે કાશ્મીરનો પાકિસ્તાને કબજો મેળવ્યો હોત તો ત્યાર બાદ રાષ્ટ્રસંઘને નિમંત્રણ આપીને તથા ત્યાંથી પોતાની સેના હઠાવીને, ત્યાંની જનતાની ઈચ્છાઓની રાષ્ટ્રસંઘના મહાસચિવ દ્વારા જાણકારી મેળવવાની પાકિસ્તાને કોશિષ કરી હોત? તે આજ સુધી માલુમ પડી શકયું નથી કે જે ક્ષેત્રને 'આઝાદ કાશ્મીર' તરીકે ઓળખવામાં આવે છે તે ક્ષેત્રમાં શું પાકિસ્તાને જનમત સંગ્રહ કરાવ્યો છે. આથી એ સ્પષ્ટ છે કે જનમત સંગ્રહની વાતને આગળ ધરીને તેની આડશ નીચે પાકિસ્તાન જમ્મુ કાશ્મીર રાજ્યને હોઈયાં કરી જવા માટે અનવરત યોજનાઓ કરતું રહ્યું છે."

તદુપરાન્ત લંડન ખાતેના આણુનિઃશસ્ત્રીકરણને લગતા આન્દોલનના પ્રણેતા અને શાન્તિમાર્ગના પુરસ્કર્તા રેવરન્ડ જોન કોલીન્સે ભારત - પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ થાય તે અંગે મંત્રણા કરવા માટે શ્રી જયપ્રકાશ નારાયણને નિમંત્રણ આપ્યું હતું. તેના જવાબમાં તા. ૨૨ મી સપ્ટેમ્બરના રોજ શ્રી જયપ્રકાશ નારાયણે જણાવ્યું છે કે "સશસ્ત્રી ઘુસણખોરી દ્વારા કાશ્મીરમાં બળજબરીથી નિર્ણય લેવરાવવાના પાકિસ્તાની પ્રયાસોએ સર્જેલી નવી પરિસ્થિતિને જ્યાં લગી વિશ્વમત સારી રીતે નહિ પીછાણે ત્યાં લગી એ પ્રશ્ન અંગે ભારત–પાકિસ્તાન વચ્ચે રાજકીય સમાધાની થવાની મને કોઈ શકયતા દેખાતી નથી."

પરમાનંદ

# ધાર્મિકતા આઇન્સ્ટાઇનની દૃષ્ટિએ

આપણને જેનો અનુભવ થઈ શકે એવી સુન્દર કોઈ ચીજ હોય તો તે (આ સૃષ્ટિની) રહસ્યમયતા–Mystery–છે. સાચી કલા અને વિજ્ઞાન આ રહસ્યમયતામાંથી જ જન્મે છે. જેઓ આ રહસ્યમયતાને નથી પીછાણતા અથવા જેમનામાં એનો આનંદ અનુભવવાની શકિત જ નથી એ લોકો માટે એમ કહેવું પડે કે તેઓ મૃતવત્ છે અથવા તો તેમની આંખો બંધ થઈ ગઈ છે. આ રહસ્યમયતાના અનુભવે જ ધર્મને જન્મ આપ્યો છે, જો કે થોડુંક તત્ત્વ તેમાં ભીતીનું પણ છે. જેને સમજવાની આપણામાં પૂરી શકિત નથી એવું કંઈક અસ્તિત્વ ધરાવે છે એવું જ્ઞાન એ જ સાચી ધાર્મિકતાનું એક ઘટક તત્ત્વ છે. આ અર્થમાં અને આ જ અર્થમાં હું ઊંડી આસ્થાવાળાઓમાંનો એક છું. જીવનની શાશ્વત રહસ્યમયતા અને સત્‌નું આશ્ચર્યકારક સાતત્ય અને પ્રકૃત્તિમાં વ્યકત થતા ચિત્‌તત્ત્વના, અલ્પાલ્પ અંશને સમજવાનો પ્રયત્ન... આટલું મારા માટે પૂરતું છે. આપણા જીવનનો અર્થ શુ છે? સમગ્ર જીવનસૃષ્ટિનો અર્થ શું છે? આવા પ્રશ્નોનો ઉત્તર અથવા તો ઉત્તર મેળવવાનો પ્રયત્ન એટલે ધાર્મિક વૃત્તિ. તમે પૂછશો: આવા સવાલો પૂછવામાં કંઈ માલ ખરો? મારો જવાબ એ છે કે જે કોઈ પોતાના તથા બીજાઓના જીવનને અર્થહીન માને છે તે દુઃખી , એટલું જ નહિ પણ, તેને જીવવાનો અધિકાર નથી.

માનવીનું સાચું મૂલ્યાંકન એ ઉપરથી થઈ શકે કે કેટલે અંશે અને કયે પ્રકારે એણે પોતાના 'અહં'થી પોતાની જાતને મુકત કરી છે.

એક તરફ પોતાની વાસનાઓની તથા ધ્યેયની ક્ષુલ્લકતા અને બીજી તરફ પ્રાકૃતિક તેમ જ વૈચારિક સૃષ્ટિની ભવ્યતા અને આશ્ચર્યજનક આલ્હાદકતા–આ બન્નેથી માનવી સુપરિચિત છે.

સૃષ્ટિમાં જે કાર્યકારણભાવ ઓતપ્રોત છે, તે જ વૈજ્ઞાનિકને આશ્ચર્ય મુગ્ધ કરે છે. એ જાણે છે કે ભાવી ભૂતકાળના જેટલું જ અગત્યનું અને સુનિશ્ચિત છે. નૈતિકતા એ વૈજ્ઞાનિકને મન દિવ્યતાની સાથે સંકળાયેલી કોઈ વસ્તુ નહિ પણ માનવતાની સાથે સંકળાયેલી વસ્તુ છે. માનવીનો સમગ્ર પ્રજ્ઞાવાદ જેની પાસે તદ્દન ક્ષુલ્લક અને અર્થહીન લાગે એવી પરાબુદ્ધિની પ્રતીતિ આપતા પ્રકૃતિના નિયમોમાં જે સંવાદિતા છે તેના દર્શનથી જે આલ્હાદમય આશ્ચર્ય થાય છે તે ધાર્મિકતાના સામાન્ય ભાન કરતાં કયાંય ચડિયાતું છે.

આલ્બર્ટ આઈન્સ્ટાઈન

માલિક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઇ–૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ પીપલ પ્રેસ, કોટ. મુંબઇ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૭ : અંક ૧૨

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ઑક્ટોબર ૧૬, ૧૯૬૫, શનિવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૨૫ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## "ભારત-પાકિસ્તાન સંઘર્ષ અને આપણું કર્તવ્ય"

(સર્વ સેવા સંઘ તથા શાન્તિસેના મંડળ તરફથી ગયા સપ્ટેમ્બર માસ દરમિયાન, ભારત અને પાકિસ્તાન વચ્ચે સપ્ટેમ્બર માસની ૨૩મી તારીખે શસ્ત્રવિરામ જાહેર થયો તે પહેલાં અને તે અંગે સીક્યોરીટી કાઉન્સિલે સપ્ટેમ્બરની ૧૯–૨૦ તારીખ આસપાસ પ્રસ્તુત શસ્ત્રવિરામની માગણી કરતો ઠરાવ કર્યો ત્યાર બાદ પ્રગટ કરવામાં આવેલ એક નાની હિંદી પુસ્તિકા મળી છે. આ પુસ્તિકા ખાસ કરીને શાન્તિ કેન્દ્ર, સર્વોદય મંડલ, ખાદી-સંસ્થાઓના સદસ્યોને અનુલક્ષીને લખવામાં આવેલ છે. તે ત્રણ ભાગમાં વહેંચાયેલી છે. પહેલા ભાગમાં ભારત પાકિસ્તાન વચ્ચે ઉભા થયેલા સંઘર્ષનો પ્રારંભથી ૨૩-૯-૬૫ના યુદ્ધવિરામની આગળની ઘડી સુધીના ઈતિહાસનો કડીબદ્ધ અને પ્રમાણભૂત ટૂંકો સાર છે; બીજા વિભાગમાં પ્રસ્તુત યુદ્ધપરિસ્થિતિ અંગે વૈચારિક પરામર્શ અને નીતિ–નિરૂપણ કરવામાં આવ્યું છે. ત્રીજા વિભાગમાં પ્રસ્તુત પરિસ્થિતિ અંગે ખાસ કરીને શાન્તિ સૈનિકોને પ્રાપ્ત થતા વિશિષ્ટ કર્તવ્ય અંગે વિગતવાર સૂચનાઓ આપવામાં આવી છે. પ્રબુદ્ધ જીવનના વાચકોને પહેલા બે વિભાગ સ્વચિન્તન માટે ઉપયોગી નીવડશે એમ સમજીને માત્ર એ બે વિભાગોનો ગુજરાતી અનુવાદ નીચે આપવામાં આવે છે. તંત્રી)

### ૧. ભારત-પાકિસ્તાન સંઘર્ષ

ભારત અને પાકિસ્તાન વચ્ચે આજે જે અઘોષિત યુદ્ધની પરિસ્થિતિ ચાલુ છે તે અંગે માત્ર ભારત જ નહિ, પણ સમસ્ત જગતના શાન્તિપ્રેમી લોકો સ્વાભાવિક ચિન્તા અનુભવી રહ્યા છે. આવી પરિસ્થિતિમાં આપણ સર્વ શાન્તિસૈનિકો તથા લોકસેવકો માટે જરૂરનું છે કે તેઓ આ પ્રશ્નનું યોગ્ય રીતે અધ્યયન કરે અને અક્ષુબ્ધ મનથી વિચાર કરે કે આ અવસ્થામાં તેમનું શું કર્તવ્ય બને છે.

**પહેલાં, પાછળના ઈતિહાસ ઉપર એકંદર નજરથી દૃષ્ટિપાત કરીએ.**

૧, આ સમસ્યાની નાડ ઊંડી છે. સ્વરાજ્યપ્રાપ્તિ પહેલાં દેશમાં ભેદભાવ સારા પ્રમાણમાં વધ્યો હતો, જેનાં પ્રમુખ કારણ હતાં :

(ક) અંગ્રેજોની ભેદનીતિ
(ખ) હિંદુઓનો નીતિવાદ અને
(ગ) મુસલમાનોનો સાંપ્રદાયવાદ

૨. આઝાદી તો મળી, પણ ભારતના ટુકડા પણ થયા. દેશના ભાગલા કરવા સંબંધમાં એ વખતમાં પણ ગાંધીજી વગેરે કેટલાએક નેતાઓનો વિરોધ હતો. આજ સુધી પણ અનેક ભારતવાસીઓના મનમાંથી એ ભાવના દૂર થઈ નથી કે વિભાજનને લીધે અન્યાય થયો છે.

૩. ભારત સરકારે જો કે પ્રારંભથી જ પાકિસ્તાનના સ્વતંત્ર અસ્તિત્વનો અસ્વિકાર કર્યો છે, કિન્તુ કેટલાક પાકિસ્તાનવાસીઓના મનમાં એ સંદેહ જરૂર છે કે ભારતમાં કેટલાક લોક પાકિસ્તાનના અસ્તિત્વનો સ્વીકાર કરતા નથી. ભારતના કેટલાક સાંપ્રદાયિક પક્ષોની—અખંડ ભારત પુનઃ સ્થાપિત કરવાની-ઘોષણાના કારણે તેમનો આ સંદેહ પોષાયા કરે છે.

**નોંધ :** સ્વરાજ્ય બાદ ૧૭ વર્ષમાં ભારત અને પાકિસ્તાન વચ્ચેનો સંબંધ કદિ કદિ સુધરતો રહ્યો છે, તો કદિ કદિ બગડતો રહ્યો છે. આજ સુધીમાં એ બન્ને દેશો વચ્ચે ઉપસ્થિત થયેલા અનેક પ્રશ્નોનું સમાધાન ચર્ચા-વિમર્શ અથવા તો પરસ્પર દરમિયાનગીરીથી થઈ ચુક્યું છે અને જ્યારે બન્ને દેશના નેતાઓએ એટલું સમજવાની દૂરદર્શિતા દેખાડી છે કે બન્ને દેશોનું હિત અનેક બાબતોમાં સામાન્ય છે, બન્ને સાથે મળીને પ્રગતિ કરી શકે છે, લડીને નહિ, ત્યારે બન્ને દેશોનો સંબંધ સારા પ્રમાણમાં સુધર્યો છે અને જ્યારે પણ બન્નેની સામૂહિક પ્રગતિની બાબત તરફ દુર્લક્ષ અપાયું છે ત્યારે પરસ્પર સંબંધ બગડ્યો છે અને બન્ને દેશોને એથી નુકસાન થયું છે. કાશ્મીરનો પ્રશ્ન ૧૯૪૭થી સળગેલો છે. એ સમજી લેવું જોઈએ કે આ પ્રશ્નના મૂળમાં બે માન્યતાઓ વચ્ચેની અથડામણ રહેલી છે:—

(ક) પાકિસ્તાનની સ્થાપના ધર્મ આનુસાર બે રાષ્ટ્રના સિદ્ધાન્તના આધાર ઉપર થઈ છે. તેની એવી માન્યતા છે કે કાશ્મીરની બહુમતી ધરાવતી મુસ્લિમ જનસંખ્યા, તેને આત્મનિર્ણયની તક આપવામાં આવતાં, પાકિસ્તાન સાથે જોડાવા માટે તૈયાર થશે. ભારત બિનસાંપ્રદાયિક રાજ્ય છે અને ધાર્મિક આધાર ઉપર મત–ગણના તેને મંજુર નથી. જો મતગણનાના પરિણામે કાશ્મીરના લોકો પાકિસ્તાનમાં જવાનું પસંદ કરે તો તેનો અર્થ એમ થશે કે મુસ્લિમ જ્યાં પણ હશે, દરેક મુસ્લિમ રાજ્યમાં જ જવાનું પસંદ કરશે. અને જો એવો અર્થ થતો હોય તો હિન્દુસ્તાનમાં રહેતા કરોડો મુસ્લિમોની નિષ્ઠાના વિષયમાં સંદેહ પેદા થવાનો સંભવ રહે છે. અને એ રીતે બન્ને દેશોમાં રહેતા અલ્પ સંખ્યા ધરાવતા સમુદાય ઉપર એટલી મોટી આફત ઉતરવાનું જોખમ છે કે તેની તુલનામાં આજે ચાલી રહેલી હિંસા મામુલી પુરવાર થશે.

(ખ) આ બન્ને દેશોની રાજ્યપદ્ધતિઓમાં પાયાનો તફાવત છે. ભારત ગણતંત્રાત્મક દેશ છે. પાકિસ્તાન લશ્કરી સરમુખત્યારશાહી વડે શાસિત એવો દેશ છે. બે વિરોધી રાજ્યપદ્ધતિઓ જ્યારે પડોશી દેશોમાં પ્રવર્તતી હોય છે ત્યારે બન્ને વચ્ચે જે વૈચારિક સંઘર્ષ ઉભો થાય છે તે સંઘર્ષ પણ તેના મૂળમાં હોય છે.

**હવે ઈતિહાસને આગળ જોઈએ.**

૪. આરંભમાં કાશ્મીરના મહારાજાએ, પોતે કયા દેશ સાથે

જોડાવા માંગે છે તે અંગે નિર્ણય કરવામાં વિલંબ કર્યો. સંભવ છે કે તેઓ

(ક) નિર્ણય કરવામાં અશક્તમર્થ હોય.

(ખ) પરિસ્થિતિ જોઈને જ્યાં વધારે લાભ દેખાય ત્યાં તેઓ જવા ચાહતા હોય.

(ગ) બને ત્યાં સુધી, પોતાના રાજ્યને તેઓ સ્વતંત્ર રાખવા ઈચ્છતા હોય.

મહારાજાએ નિર્ણય કર્યો તે પહેલાં પાકિસ્તાને વાયવ્ય સરહદ ઉપરથી આદીવાસી લોકોને કાશ્મીર ઉપર મોકલ્યા. આ આક્રમણ શ્રીનગર નજીક પહોંચ્યું, એવામાં કાશ્મીરના મહારાજાએ ભારત સાથે જોડાવાની માંગણી કરતા–ઈચ્છા દર્શાવતા–પત્ર ઉપર પોતાના હસ્તાક્ષર કર્યા.

અખિલ ભારતીય કૉંગ્રેસ આઝાદીની લડાઈના જમાના પહેલાંથી એમ માનતી હતી કે દેશી રાજ્યોના ભવિષ્યનો નિર્ણય ત્યાંની પ્રજાએ કરવો જોઈએ, રાજાએ નહિ. પોતાના આ સિદ્ધાન્ત અનુસાર, મહારાજાની વિનતી બાદ પણ, ભારત સરકારે કાશ્મીરની પ્રજાના નાતે ત્યાંની નેશનલ કોન્ફરન્સ પાસે આ બાબત અંગે સંમતિ માંગી. નેશનલ કોન્ફરન્સે પોતાના પ્રસ્તાવ દ્વારા ભારતમાં જોડાવાની માંગણી કરી અને તેના નેતા શેખ અબદુલ્લાએ આ માંગણી ઉપર સહી કરી. ત્યાર પછી જ ભારતીય સેનાને કાશ્મીર તરફ રવાના કરવામાં આવી.

હવે પાકિસ્તાનની સેના ખુલ્લી રીતે ભારતીય સેનાનો સામનો કરી રહી હતી. એ દરમિયાન ભારત આ પ્રશ્ન સંયુકત રાષ્ટ્રસંઘની સીક્યોરીટી કાઉન્સીલ–સલામતી સમિતિ–સમક્ષ લઈ ગયું. સીક્યોરીટી કાઉન્સીલની દરમિયાનગીરીદ્વારા કાશ્મીરમાં યુદ્ધવિરામ કરવામાં આવ્યો. યુદ્ધ-વિરામ રેખા, એ સમયે ભારત તથા પાકિસ્તાનની સેનાઓ જ્યાં ઉભી હતી, તેના આધાર ઉપર, ખેંચવામાં આવી. આને લીધે કાશ્મીરનો ૨/૩ ભાગ ભારત પાસે અને ૧/૩ પાકિસ્તાનના તાબા નીચે આવ્યો. લશ્કરી દૃષ્ટિથી આ રેખા ભારતને પ્રતિકુળ અને પાકિસ્તાનને અનુકુળ હતી; કારણ કે તેમાં ઊંચા પર્વતોનાં શિખરો પાકિસ્તાન પાસે રહેતાં હતાં જ્યાંથી કોઈ પણ વખતે તેઓ ઘુસણખોરી કરી શકે તેમ હતું.

૫. ૧૭ વર્ષ સુધી આ સમસ્યા સંયુકત રાષ્ટ્રસંઘની પાસે રહી. આ દરમિયાન સંયુકત રાષ્ટ્રસંઘે એવો નિર્ણય આપ્યો હતો કે પાકિસ્તાનની સેના કાશ્મીર ખાલી કરે, ત્યાર બાદ ભારતની સેના પણ મોટા પ્રમાણમાં કાશ્મીર ખાલી કરે–તેના આન્તરિક રક્ષણ માટે આવશ્યક સેના રાખવાની તેને રજા આપવામાં આવી હતી–ત્યાર બાદ કાશ્મીરમાં મતદાન લેવામાં આવે. પાકિસ્તાને આ નિર્ણયનો અમલ કર્યો નહિ, અને તેથી ભારતે પણ પોતાની સેના ત્યાંથી પાછી હઠાવી નહિ. એટલે મતગણનાનો પ્રશ્ન જ ઊઠયો નહિ.

આ દરમિયાન કાશ્મીરમાં ત્રણ વાર ચૂંટણીઓ થઈ. અને આ ચૂંટણીઓ દ્વારા ચૂંટાયલી વિધાનસભાએ ભારતમાં રહેવાનો ઠરાવ પણ કર્યો. ભારત માને છે કે આ ચૂંટણીઓ દ્વારા મતગણના થઈ ચૂકી છે અને કાશ્મીર ભારતનું અભિન્ન અંગ છે. આમ છતાં પણ એ વાત સાચી છે કે ભારત અથવા તો પાકિસ્તાનમાં જોડાવાના મુદ્દા ઉપર આ ચૂંટણી કરવામાં આવી નહોતી અને આ ચૂંટણીમાં પાકિસ્તાનના તાબામાં રહેલા કાશ્મીરના લોકોએ ભાગ લીધો નહોતો. વસ્તુત: આઝાદ કાશ્મીરમાં આજ સુધીમાં કોઈ પણ પ્રકારની ચૂંટણી કરવામાં આવી નથી.

૬. આ દરમિયાન કાશ્મીરના પ્રધાનમંત્રી શેખ અબદુલ્લાને તેના સ્થાન ઉપરથી ખસેડવામાં આવ્યા અને ૧૨ વર્ષ સુધી તેમને જેલમાં રાખવામાં આવ્યા. ગઈ સાલ દરમિયાન તેમને મુકત કરવામાં આવેલા. તેઓ દિલ્હી તથા રાવલપીંડીમાં બન્ને દેશના રાષ્ટ્રનેતાઓને મળ્યા. ત્યાર બાદ તેઓ વિદેશભ્રમણ માટે ભારતની બહાર ગયા. વિદેશમાં તેમના સંબંધમાં જે બન્યું તે કારણે, જેમાં ચીની પ્રધાનમંત્રી ચાઉ-એન-લાય સાથે તેમના મળવાની બાબત પણ હતી, ભારતની પાર્લામેન્ટમાં ભારે ક્ષોભ પેદા થયો, અને વિદેશથી તેઓ પાછા આવ્યા કે તરત જ તેમને ભારત સંરક્ષણ ધારા નીચે નજરકેદ કરવામાં આવ્યા.

આ બાજુએ આઝાદ કાશ્મીરમાં ત્યાંની સરકારે નીમેલા ત્રણ રાષ્ટ્રપતિઓને તેમના પદ ઉપરથી ખસેડવામાં આવ્યા અને તેમને જેલમાં પૂરવામાં આવ્યા. આઝાદ કાશ્મીરના કોઈ નેતાએ અથવા તો કોઈ સંસ્થાએ કાશ્મીરને પાકિસ્તાન સાથે જોડવાની માંગણી કરી હોય એવી આપણી પાસે કોઈ જાણકારી નથી. એમ છતાં પણ, તે બરોબર એવી માંગણી કરતું જ રહ્યું છે કે બન્ને કાશ્મીરની વચ્ચે મુકતપણે જવા–આવવાની સગવડ હોવી જોઈએ અને બન્ને કાશ્મીરને એક બનાવી દેવા જોઈએ.

૭. આ સાલમાં કચ્છના રણના ઝગડાની પછી જે સમાધાની થઈ, તેથી એવું વાતાવરણ ઉભું થયું હતું કે હવે કદાચ ભારત-પાકિસ્તાનની વચ્ચેની બીજી સમસ્યાઓનો પણ શાન્તિમય ઉપાયો વડે ઉકેલ કરવામાં આવશે પણ એમ બન્યું નહિ.

૮. કાશ્મીરની ઉત્તર તથા પશ્ચિમી સીમાઓ ઉપર પાકિસ્તાને યુદ્ધ–વિરામ રેખા ઓળંગીને હજારો સશસ્ત્ર લોકોને મોકલ્યા. કચ્છ–સમાધાની પછી તરતમાં આમ કેમ બન્યું, આ સંબંધમાં અનેક તર્કો કરી શકાય તેમ છે. કેટલાક મુખ્ય તર્કો નીચે મુજબ છે:–

(ક) કચ્છ–રણ–સમાધાની ભારતે કમજોરીને લીધે કરી છે એવું અનુમાન કરીને આ કમજોરીનો લાભ કાશ્મીરમાં પણ ઉઠાવવામાં આવે એવો વિચાર પાકિસ્તાનનો હોય.

(ખ) કચ્છ-સમાધાનીથી પાકિસ્તાની પ્રધાનમંડળમાં અસંતોષ પેદા થયો હોય અને અસંતુષ્ટ તત્વોને સંતોષવા માટે નવો મોરચો ઉભો કરવામાં આવ્યો હોય.

(ગ) કચ્છના મામલામાં પાકિસ્તાનનો પક્ષ કમજોર હોય તથા તટસ્થ પંચની પાસે મામલો જાય તે પહેલાં જ તે આ રીતે તેમાંથી છૂટી જવા માંગતું હોય.

(ઘ) બન્ને દેશો વચ્ચેના સમાધાનથી અન્ય કેટલાક દેશોમાં બાધા પહોંચતી હોય અને તેની પ્રેરણાથી આ કારવાઈ કરવામાં આવી હોય.

(ઙ) કાશ્મીરનો પ્રશ્ન એક વાર સીક્યોરીટી કાઉન્સીલમાં લઈ જવા માટે પાકિસ્તાનની આ કોશિષ હોય.

(ચ) કાશ્મીરના સંવિધાનના સંશોધનદ્વારા કાશ્મીરને ભારતનું અંગ બનાવવામાં આવ્યું છે, જેનો વિરોધ કરવા માટે પાકિસ્તાને આ કારવાઈ કરી હોય.

(છ) પાકિસ્તાનના મનમાં એવી માન્યતા હોય કે કાશ્મીરમાં એવો અસંતોષ ચાલુ છે કે જેને આ બહાનાથી એકદમ ઉગ્ર બનાવી શકાય તેમ છે અને આન્તરિક બળવાનો આકાર આપી શકાય તેમ છે.

પાકિસ્તાને આ ઘુસણખોરીને કાશ્મીરમાં ઉભી થનારી બગાવતના આકારમાં રજૂ કરી અને એમ જણાવ્યું કે આઝાદી ચાહતી આ પ્રજાનું સમર્થન કરવું એ અમારૂં કર્તવ્ય છે.

ભારતે આ ઘુસણખોરીની પ્રવૃત્તિને રોકવાનો નિશ્ચય કર્યો અને તે માટે જો આવશ્યક હોય તો યુદ્ધ-વિરામ-રેખા ઓળંગીને પણ ઘુસણખોરોનો માર્ગ રોકવાનો આદેશ પોતાની સેનાઓને

આપ્યો. આ આદેશ અનુસાર ભારતીય સેનાએ યુદ્ધ-વિરામ-રેખાનું ઉલ્લંઘન કર્યું અને લશ્કરી દૃષ્ટિપૂર્વક કેટલીક મહત્ત્વપૂર્ણ ચોકીઓનો કબજો કર્યો. પાકિસ્તાને આ નિર્ણયાત્મક લડાઈ જીતવા માટે પોતાની પુરી તાકાતને કામમાં લગાડી. તેની સેનાઓએ આન્તરરાષ્ટ્રીય સીમા ઓળંગીને જમ્મુની હદમાં પ્રવેશ કર્યો અને ભારત-કાશ્મીરને જોડવાવાળી સડક તરફ આગળ વધવા માંડયું. આથી એવું જોખમ ઉભું થયું કે કાશ્મીર ભારતથી છુટું પડી જાય અને કાશ્મીર તથા લડાખમાં રહેલું આપણું દોઢ લાખ જેટલું લશ્કર ત્યાં જ ફસાઈ જાય. આ આક્રમણનું જોર ખતમ કરવા માટે ભારતની સેનાએ આન્તરરાષ્ટ્રીય સીમા ઓળંગી અને લાહોર તથા અન્ય સ્થાનોની દિશા તરફ આગળ વધી. બન્ને બાજુએથી સેનાઓ ઉપરાંત હવાઈ સેનાઓનો પણ ઉપયોગ થવા લાગ્યો.

૯. આજે બન્ને બાજુએથી યુદ્ધની ભાષા બોલવામાં આવે છે. બન્ને દેશના રેડીઓ તથા અખબાર એવા સમાચાર આપે છે કે જાણે પૂરો ન્યાય પોતાના પક્ષે છે, પૂરી જીત પોતાની જ થઈ રહી છે અને યુદ્ધ-વિરામ ત્યારે જ થશે કે જ્યારે તેની તરફથી મૂકવામાં આવેલી શર્તો મંજૂર કરવામાં આવશે. બન્ને દેશોમાં આ સમસ્યાને યુદ્ધ દ્વારા જ ઉકેલવાની ઉત્સુકતા નજરે પડે છે.

૧૦. સંયુકત રાષ્ટ્રસંઘના મહામંત્રી યૂ થાંન્ટ સમાધાન કરાવવાના હેતુથી પાકિસ્તાન તથા ભારત આવ્યા. તેમની પહેલી વાટાઘાટોના પરિણામરૂપે યુદ્ધવિરામ સિદ્ધ થઈ ન શકયો. બન્ને દેશોના નેતાઓ સાથે થયેલો તેમનો પત્રવ્યવહાર જોતાં માલુમ પડે છે કે યુદ્ધવિરામ માટે પાકિસ્તાને નીચેની શર્તો મૂકી હતી :–

(ક) યુદ્ધ-વિરામ બાદ ભારત તથા પાકિસ્તાનનાં લશ્કરો કાશ્મીરમાંથી પાછાં ખસી જાય.

(ખ) જ્યાં સુધી કાશ્મીરમાં મતગણતરી ન થાય ત્યાં સુધી સંયુકત રાષ્ટ્રને અધીન એવી આફ્રો-એશિયાઈ સેના કાશ્મીરની સુરક્ષાની સારસંભાળ કરે.

(ગ) યુદ્ધ-વિરામ પછીના ત્રણ મહિનાની અંદર સંયુકત રાષ્ટ્રસંઘના ૧૯૪૯ના પાંચમી જાન્યુઆરીના ઠરાવ મુજબ કાશ્મીરમાં મતગણના કરવામાં આવે.

મહામંત્રીની પ્રાર્થના અનુસાર ભારત તરત જ યુદ્ધ-વિરામ માટે તૈયાર હતું, પણ તેને પાકિસ્તાને મૂકેલી શર્તો મંજૂર નહોતી. ભારત તરફથી એવો પણ આગ્રહ દાખવવામાં આવ્યો કે પાકિસ્તાનને આક્રમક તરીકે જાહેર કરવામાં આવે તથા ઘુસણખોરી કરવાવાળાને કાશ્મીરથી બહાર કાઢવામાં આવે તથા એ બાબતની બાંહ્યધરી આપવામાં આવે કે એવી ઘુસણખોરી બીજી વાર કરવામાં નહિ આવે. સીકયોરીટી કાઉન્સીલમાં આ બાબતની ચર્ચા ચાલી. તેણે સપ્ટેંબરની ૧૯-૨૦ તારીખ આસપાસ આ બાબતમાં નીચે મુજબનો ઠરાવ પસાર કર્યો. :–

(ક) સીકયોરીટી કાઉન્સીલ-સલામતી સમિતિ-બન્ને દેશો પાસે માંગણી કરે છે કે બુધવાર, ૨૨ સપ્ટેંબર ૧૯૬૫ના રોજ બપોરે ૧૨-૩૦ વાગ્યે–ભારતીય સમય અનુસાર-યુદ્ધ વિરામ બન્ને દેશો જાહેર કરે તથા બન્ને દેશોની સરકારોને અનુરોધ કરે છે કે ત્યાર બાદ પોતપોતાની સેનાઓને ૫ ઓગસ્ટ, ૧૯૬૫ની પૂર્વની સ્થિતિ ઉપર લઈ આવે.

(ખ) સીકયોરીટી કાઉન્સીલ મહામંત્રીને પ્રાર્થના કરે છે કે યુદ્ધબંધી તથા લશ્કરોને પૂર્વ સ્થિતિમાં લાવવાની સમુચિત દેખરેખ તથા વ્યવસ્થા કરવામાં પૂરી સહાયતા આપે.

(ગ) સીકયોરીટી કાઉન્સીલ અન્ય રાષ્ટ્રોને પ્રાર્થના કરે છે કે તેમાંના કોઈ એવું કાર્ય ન કરે કે જેથી સ્થિતિ વધારે બગડે.

(ઘ) સીકયોરીટી કાઉન્સીલ ઠરાવે છે કે કાઉન્સીલના ૪ સપ્ટેંબરના ૨૧૦મા ઠરાવના ક્રિયાત્મક એવા પહેલા પરિચ્છેદનો જેવો અમલ કરવામાં આવે કે તરત જ વર્તમાન સંઘર્ષ પાછળ રહેલી રાજકારણી સમસ્યાનો ઉકેલ લાવવા માટે કેવાં પગલાં ભરવાં તેનો વિચાર કરવો અને એ દરમિયાન આ હેતુ બર આવે તે માટે ચાર્ટરની ૩૩મી કલમમાં જણાવવામાં આવ્યા છે તે ઉપાયો સમેત સર્વ શાન્તિમય ઉપાયોનો પૂરો ઉપયોગ કરવા માટે બન્ને સરકારોને સીકયોરીટી કાઉન્સીલ આહ્વાહન કરે છે.

(૬) સીકયોરીટી કાઉન્સીલ મહામંત્રીને પ્રાર્થના કરે છે કે તેઓ આ પ્રસ્તાવને કાર્યન્વિત કરવા માટે પૂરેપૂરો પ્રયત્ન કરે જે વડે સમસ્યાનો શાન્તિપૂર્ણ ઉકેલ આવે અને એ સંબંધમાં તેઓ સીકયોરીટી કાઉન્સીલને પોતાનો રીપોર્ટ પ્રસ્તુત કરતા રહે. અનુમાન કરવામાં આવે છે કે ભારત તથા પાકિસ્તાન આ ઠરાવનો અમુક મર્યાદાઓ સાથે સ્વીકાર કરી લેશે.

## ૨. વૈચારિક પરામર્શ અને નીતિનિરૂપણ

### યુદ્ધનું પરિણામ

યુદ્ધ કરવાવાળા દેશોની જનતાએ તેનું પરિણામ જાણી લેવું આવશ્યક છે. તેથી તેને વાસ્તવતાનું ભાન થશે તથા એ પણ માલુમ પડશે કે યુદ્ધ અંગે શું શું સહેવાની તૈયારી રાખવાની રહેશે. એ તો જાહેર છે કે યુદ્ધથી બન્ને દેશોને અપાર હાનિ થઈ રહી છે, તથા યુદ્ધ જેટલું પણ લાંબું ચાલશે તેટલી આ હાનિ વધતી રહેવાની. બન્ને દેશો આજે બેહદ ગરીબ છે. પોતાની પ્રાથમિક આવશ્યકતાઓ માટે પણ બીજા દેશોની સહાયતા ઉપર તેમને નિર્ભર રહેવું પડે છે. યુદ્ધથી એ દેશો આથી પણ વધારે ગરીબ બનશે.

યુદ્ધની વ્યવસ્થામાં જે ધન એકબીજાની સંપત્તિની બરબાદી કરવા માટે ખરચવું પડવાનું છે તે ધન વડે શાન્તિની અવસ્થામાં નિર્માણના અનેકવિધ કાર્ય થઈ શકે છે.

યુદ્ધ જો લાંબુ ચાલે તો બન્ને દેશોનું નૈતિક સ્તર પણ નીચે ઉતરી શકે છે. બન્ને દેશ આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રમાં પોતાની પ્રતિષ્ઠા ખોશે. એ પણ સંભવિત છે કે બન્ને દેશોમાં અલ્પ સંખ્યક – લઘુમતી ધરાવતા લોકો–માટે જોખમકારક સ્થિતિ પેદા થાય.

યુદ્ધ લાંબું ચાલતાં મૂલ્યોના ક્ષેત્રમાં ભારતને અધિક નુકસાન થશે; કારણ કે તેને લીધે–

(ક) સત્તાનું કેન્દ્રીકરણ થવાનો સંભવ રહે છે અને તેમાંથી જનતંત્ર માટે જોખમ પેદા થઈ શકે છે.

(ખ) ભારતની ગૈરસાંપ્રદાયિક સીકયુલર-નીતિ માટે પણ જોખમ પેદા થવાનો સંભવ છે.

(ગ) ભારતમાં સૈનિકવાદનું પ્રભુત્વ વધવાની સંભાવના રહે છે.

સમગ્ર રીતે વિચારતાં, જે મૂલ્યોની રક્ષા માટે યુદ્ધ કરવાનું કહેવામાં આવ્યું છે તે જ મૂલ્યો આ યુદ્ધ લંબાતાં જોખમાવાની સંભાવના રહે છે.

આ યુદ્ધ લાંબું ચાલતાં મહાસત્તાઓ આ યુદ્ધથી દૂર રહી શકશે નહિ. પ્રત્યક્ષ અથવા તો પરોક્ષ રૂપમાં તેઓ આ યુદ્ધમાં યોગ આપ્યા વિના નહિ જ રહે. આમાંથી વિશ્વયુદ્ધ ફાટી નીકળવાની પૂરી સંભાવના રહે છે. મહાયુદ્ધનું રણક્ષેત્ર જ માત્ર નહિ, પણ શીત યુદ્ધના ખાદા પણ જો ભારત તથા પાકિસ્તાન બનશે તો આપણા હાલ વિયેટ-નામથી પણ વધારે ખરાબ થઈ શકે છે. આ બધું ધ્યાનમાં લેતાં અત્યંત આવશ્યક છે કે ત્રિધ્રાતિશિઘ્ર યુદ્ધ-વિરામ થઈ જાય.

### યુદ્ધ સંબંધમાં આપણી નીતિ

એ સ્પષ્ટ છે કે આ યુદ્ધ પાકિસ્તાન તરફથી ભારત ઉપર લાદવામાં આવ્યું છે. ચીન જો આ વખતે ભારત ઉપર આક્રમણ કરશે તો*

* આ પુસ્તિકા સપ્ટેમ્બરની મધ્યમાં પ્રગટ કરવામાં આવેલી છે જ્યારે ચીનનું ભારત ઉપર આક્રમણ અત્યન્ત સંભવિત હતું અને ૨૩મી સપ્ટેમ્બરનો ઉભય દેશોએ સ્વીકારેલો શસ્ત્ર-વિરામ જાહેર થયો નહોતો.

તંત્રી.

એ બરાબર સ્પષ્ટ થઈ જશે કે આ બન્ને દેશોનું ભારત વિરુદ્ધનું સંયુક્ત કાવતરું હતું. આમ હોવાથી આપણી નીતિ કેવળ યુદ્ધ વિરોધની હોઈ શકતી નથી. એમ છતાં પણ અહિંસક શાન્તિ–સૈનિકના નાતે આપણે સીધા યુદ્ધ પ્રયાસોમાં સામેલ પણ થઈ શકતા નથી. એક બીજી બાબત પણ સ્પષ્ટ છે કે વિદેશી આક્રમણનો અહિંસક પ્રતિકાર કેવી રીતે કરવામાં આવે તેનું કોઈ સ્પષ્ટ દર્શન આપણી સામે નથી. આ અવસ્થામાં આપણી નીતિ નીચે મુજબની રહેશે :–

(ક) દેશની જનતાનું નીતિ–ધૈર્ય ટકી રહે તેનો પ્રયત્ન કરવો.

(ખ) દેશમાં અશાન્તિ ન થાય તેની સાવધાની રાખવી,

(ગ) સીમા-ક્ષેત્રોમાં સેવાકાર્ય; જેથી,

(૧) ત્યાંની જનતાના નીતિધૈર્ય ટકી રહે,

(૨) અહિંસક પ્રતિકારની શકિત સંગઠિત બને.

(૩) વૈરભાવ ન વધે, જેથી સમાધાની થતાં ભાતૃભાવ વધાવામાં અનુકુળતા રહે.

(ઘ) ગ્રામદાન આદિ કાર્યક્રમ દ્વારા અહિંસક સંરક્ષણના કાર્યક્રમની બુનિયાદ રાખવામાં આવે.

## સમાધાન માટે તૈયાર રહેવું

વિશ્વના ઈતિહાસનો અનુભવ છે કે યુદ્ધ વડે કોઈ પણ સમસ્યાનું સમાધાન થતું નથી. અને ભારત-પાકિસ્તાન વચ્ચેનો ઝગડો તો બે ભાઈઓ વચ્ચેનો કૌટુંબિક ઝગડો છે. આમ હોવાથી દરેક સમજદાર આદમી પણ એમ જ ઈચ્છવાનો કે જલ્દિથી પ્રત્યક્ષ યુદ્ધ-વિરામ થાય અને પછીની વાટાઘાટનું પરિણામ ન્યાયયુકત સમાધાનમાં આવે. આ વિષયમાં આટલું ધ્યાનમાં રાખવામાં આવે કે :–

(ક) કમજોર થયા પહેલાં સમાધાન કરવું બન્ને પક્ષના માટે ઈચ્છવાયોગ્ય છે. કારણ કે કોઈ પણ પક્ષની કમજોરીના કારણે તેના ઉપર બળજબરીથી સમાધાનની શર્તો લાદવા જતાં નવા સંઘર્ષનાં બી વાવવામાં આવે છે.

(ખ) યુદ્ધ-વિરામની સાથે કદાચ આજ ને આજ આપણે સમસ્યાનાં ઉકેલની કોઈ શર્તને જોડીએ નહિ, પણ યુદ્ધ-વિરામ થવાથી ભવિષ્યમાં સમસ્યાના ઉભયસંમત ઉકેલનો માર્ગ ખુલી શકે છે.

(ગ) વિશ્વના અધિકાંશ, વિચારકો સંધિના પક્ષમાં છે. જે પક્ષ સમાધાન માટે અધિક સક્રિયતા દેખાડશે, તે પક્ષ અન્ય રાષ્ટ્રોનું અધિક સમર્થન પામશે.

(ઘ) સમાધાન કરવાના ઉત્સાહમાં મૂળ તત્વો સાથે બાંધછોડ કરવી ન ઘટે, કારણ કે યુદ્ધ-વિરામના તાત્કાલિક લાભમાં ભવિષ્યમાં મોટા યુદ્ધનાં બી વાવવાનું પણ જોખમ રહેલું છે. (ત્યાર બાદ 'શાન્તિ-સેના શું કરશે?' તથા 'શાન્તિ સેના સમિતિઓ. સર્વોદય મંડળ. જિલ્લા-સંગઠન તથા શાન્તિકેન્દ્ર શું કરે' એ મથાળા નીચે તે તે સંસ્થાઓના વિશિષ્ટ કાર્યને અનુલક્ષીને વિગતવાર સૂચનાઓ આ પુસ્તિકામાં કરવામાં આવી છે, જે અહિં આપવાની જરૂર નથી. અન્તમાં નીચે મુજબ ઉપસંહાર કરવામાં આવ્યો છે.

## ઉપસંહાર

આજની પરિસ્થિતિમાં આપણા શાન્તિ-સૈનિકો ઉપર એક વિશેષ જવાબદારી આવી છે. આપણે આ યુદ્ધના વાતાવરણને બદલીને સ્થાયી અને ન્યાયસંગત શાન્તિ પેદા કરવી છે. આજે જ્યારે ચારે બાજુ સેનાવાદનો રૂવાબ વધી રહ્યો છે ત્યારે તેનો વિરોધ ન કરતાં, દેશની સામાન્ય નાગરિકોની શકિત જગાડવી છે, જે શકિત અહિંસક શકિત જ હોઈ શકે છે. આપણી મર્યાદિત શકિતઓ આજની પરિસ્થિતિમાં પેદા થનારા હરેક પ્રકારના કાર્યક્રમમાં લાગુ ન કરતાં, શાન્તિરક્ષા અને શાન્તિ-નિર્માણની પ્રવૃત્તિઓમાં આપણી શકિત કેન્દ્રિત કરવી ઘટે. ભાવી પ્રજા આપણા માટે ભલે એમ કહે કે આપણે આપણા પ્રયાસોમાં અસફલ રહ્યા, પણ કોઈ આપણા માટે એમ ન કહે કે આપણે પ્રયાસ પણ નહોતો કર્યો.

નારાયણ દેસાઈ — રાધાકૃષ્ણ
અખિલ ભારત શાંતિ-સેના મંડળ — સર્વસેવાસંઘ

# પ્રકીર્ણ નોંધ

## ભારત - પાકિસ્તાન સંઘર્ષ અંગે સર્વ સેવા સંઘ અને શાંતિસેના મંડળની નીતિ

જે પુસ્તિકાનો ઉપર અનુવાદ આપવામાં આવ્યો છે તેમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલ યુદ્ધ–પરિસ્થિતિ અંગે સર્વ સેવા સંઘ અને શાંતિસેના મંડળની નીતિ શું હશે તે અંગેનું નિરૂપણ કરતાં જણાવવામાં આવ્યું છે કે "એ સ્પષ્ટ છે કે આ યુદ્ધ પાકિસ્તાન તરફથી ભારત ઉપર લાદવામાં આવ્યું છે. ... આમ હોવાથી આપણી નીતિ કેવળ યુદ્ધવિરોધની હોઈ શકતી નથી. એમ છતાં પણ અહિંસક શાંતિ–સૈનિકના નાતે આપણે સીધા યુદ્ધપ્રયાસોમાં શરીક પણ–સામેલ પણ–થઈ શકતા નથી. એક બીજી બાબત પણ સ્પષ્ટ છે કે વિદેશી આક્રમણનો અહિંસક પ્રતીકાર કેવી રીતે કરવામાં આવે તેનું કોઈ સ્પષ્ટ દર્શન આપણી પાસે નથી." આમ જણાવીને દેશની જનતામાં નીતિધૈર્ય ટકી રહે, દેશમાં અશાંતિ ન થાય અને સીમા ક્ષેત્રમાં વસતી જનતાની પણ ધૃતિ જળવાઈ રહે એવાં કેટલાંક કાર્યો હાથ ધરવાનો શાંતિ-સૈનિકોને અનુરોધ કરવામાં આવ્યો છે. આ નીતિ–નિરૂપણમાં એક બાજુએથી વર્તમાન યુદ્ધનો વિરોધ નહિ કરવાનું સૂચવવામાં આવ્યું છે અને બીજી બાજુએ અહિંસાના સિદ્ધાંતને ધ્યાનમાં રાખીને સીધા યુદ્ધપ્રયાસોમાં ભાગ નહિ લેવાનું કહેવામાં આવ્યું છે. આ કાંઈક પરસ્પરવિરોધી વાત જેવું લાગે છે. વળી શાંતિસૈનિક માટે સીધા યુદ્ધપ્રયાસોમાં ભાગ લેવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. એમ છતાં તેમના અંગે આવું કઢંગું વિધાન કરવાની જરૂર શું હતી તે સમજાતું નથી. આ રીતે આ નીતિનિરૂપણ એક પ્રકારની સંભ્રાન્ત વિચારણા ઉપર આધારિત હોય એમ જણાય છે.

વસ્તુતઃ પાકિસ્તાનનું ભારત ઉપરનું આક્રમણ ભારત માટે એક મોટું સામુદાયિક અનિષ્ટ પેદા થયું છે અને તેનો મુકાબલો ભારતના પ્રજાજનોએ કરવો જ જોઈએ એ વિષે બે મત છે જ નહિ. હવે આ મુકાબલો એટલે કે સામુદાયિક પ્રતીકાર બે રીતનો કલ્પી શકાય : અહિંસક અને હિંસક. અહિંસક એવો સામુદાયિક પ્રતીકાર આપણને સૂઝતો નથી એટલે કે આપણા પૂરતો શક્ય નથી. તો પછી આજના સામુદાયિક હિંસક પ્રતીકારમાં આપણે પોતપોતાની યોગ્યતા અને શકયતા પૂરતો સાથ આપવો જોઈએ એ એક જ વિકલ્પ આપણને પ્રાપ્ત થાય છે. સશસ્ત્ર–સૈનિકના નાતે આ યુદ્ધમાં ભાગ લેતા જવાનો સીધા યુદ્ધ-પ્રયાસમાં સાથ આપે. શાંતિ સૈનિકના નાતે અથવા તો એક સામાન્ય નાગરિકના નાતે આ યુદ્ધમાં ભાગ લેતાં ભાઈ બહેનો પ્રસ્તુત પ્રતીકારને લગતી અને એમ છતાં સીધા યુદ્ધ પ્રયાસો સાથે સંબંધ નહિ ધરાવતી એવી સંરક્ષણાત્મક તથા ધૃતિરક્ષાલક્ષી અનેક પ્રવૃત્તિઓમાં સાથ આપે. આજના સર્વ સ્વીકૃત હિંસક પ્રતીકારની બાબતમાં અહિંસા શબ્દને અપ્રસ્તુત રીતે સાંડોવીને પ્રજામાનસમાં સંભ્રમ કે વિભ્રમ પેદા કરવો તે યોગ્ય નથી.

એક બીજી બાબત: ઉપર જણાવેલ નીતિ યુદ્ધ અવિરોધની એટલે કે કેવળ નકારાત્મક છે, જ્યારે તેમનામાંના જ એક શ્રી જયપ્રકાશ નારાયણ જે એટલા જ અહિંસાવાદી અને યુદ્ધ-વિરોધી છે તેમણે પોતાના તા. ૧૯-૮-'૬૫ ના નિવેદનમાં સ્પષ્ટ જણાવ્યું છે કે "અત્યારે જે પરિસ્થિતિ છે તેમાં ભારત સરકારનું કર્તવ્ય સ્પષ્ટ છે કે પાકિસ્તાન તરફથી ઊભા થયેલ આ ખતરાને પોતાની પૂરેપૂરી શકિત સાથે ખાળવાનો પ્રયત્ન કરવો. આ ઉદ્દેશની પૂર્તિ માટે અત્યાર સુધીમાં જે પગલાં ભરવામાં આવ્યા છે તેનું હું પૂર્ણ સમર્થન કરું છું." અને એ જ વિચાર અને વલણનું તેમના ૧૭-૯-'૬૫ ના નિવેદનમાં પુનઃ સમર્થન કરવામાં આવ્યું છે. જયપ્રકાશજીના આ સ્પષ્ટ

વલણને ધ્યાનમાં લઈને, આજના ભારત - પાકિસ્તાન સંઘર્ષ અંગેના પરસ્પરવિરોધી દેખાતા, ઢીલા અને અન્ય જનોના મનમાં ગુંચવાડો પેદા કરતા વલણને સર્વ સેવા સંઘ અને શાંતિસેના મંડળની નીતિ ઘડનારા મિત્રો વધારે સુસંગત, સ્પષ્ટ અને સચોટ બનાવે એવી મારી તેમને નમ્ર પ્રાર્થના છે.

ઉપરની આલોચના દ્વારા આપણે એમ સિદ્ધ કર્યું કે પાકિસ્તાનના અન્યાયભર્યા આક્રમણ સામે ભારત જે સંરક્ષણાત્મક પ્રતિઆક્રમણની નીતિ અખત્યાર કરી રહેલ છે તેમાં, સામુદાયિક અહિંસક પ્રતીકારના અભાવમાં, ભારતવાસી સૌ કોઈએ હિંસા - અહિંસાના ગુંચવાડામાં ન પડતાં બને તેટલો સક્રિય સાથ આપવો જોઈએ. આ વ્યાપક વિધાનમાં માત્ર એક અપવાદ સ્વીકારવો જરૂરી લાગે છે અને તે એવી વ્યક્તિઓ અંગે કે જેમને મન પૂર્વ સંસ્કારોના કારણે, ઊંડી ધાર્મિક માન્યતાના કારણે અથવા તો સુદઢ અહિંસાનિષ્ઠાના કારણે માનવહત્યા સર્વ કોઈ સંયોગોમાં અત્યન્ત નિષિદ્ધ અને લગભગ અશક્ય જેવી છે, અને તે કારણે જેમના માટે સીધા યુદ્ધપ્રયત્નોમાં ભાગ લેવાનું શક્ય નથી. આવી વ્યક્તિઓ ભલે યુવાન અને સશક્ત હોય તો પણ તેમને સીધા યુદ્ધ - પ્રયત્નોમાં ભાગ લેવાની ફરજથી મુક્ત રાખવી ઘટે. આમ છતાં પણ, આજે અનિવાર્ય બનેલા સામુદાયિક સંરક્ષણાત્મક પ્રતીકારની પરિસ્થિતિમાં, આવી વ્યક્તિઓએ સીધા યુદ્ધપ્રયત્નોથી ઈતર એવી અનેક પૂરક પ્રવૃત્તિઓ જેમકે પ્રજાનું સંરક્ષણ, શાંતિ તેમ જ ધૃતિની રક્ષા, સુશ્રૂષા, સારસંભાળ, નિરાશ્રિતોનું ધારણ પોષણ વગેરે—આવી પૂરક પ્રવૃત્તિઓમાં પોતાથી બનતો સાથ તેમ જ સહકાર આપવો જ જોઈએ. આજના રાષ્ટ્રવ્યાપી યુદ્ધસંકટમાં અહિંસાના ઓઠા નીચે કેવળ નિષ્ક્રિય બની બેસવાનો કોઈને પણ અધિકાર હોઈ ન જ શકે.

**આપણાં સનાતન જીવનમૂલ્યો ન ભુલીએ!**

રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણન્ પૂર્વ યુરોપ અને ઈથીઓપિયાના બે એક અઠવાડિયાના પ્રવાસે જઈ રહ્યા હતા તેના આગલા દિવસની સાંજે દિલ્હી ખાતેના ઑલ ઈન્ડિયા રેડિઓ દ્વારા પ્રસારિત કરવામાં આવેલા સંદેશા દ્વારા, ચાલુ ઑક્ટોબર માસની બીજી તારીખે ગાંધીજીનો જન્મ દિવસ હતો તેને અનુલક્ષીને, જે જુવાનોએ આપણા દેશના રક્ષણાર્થે પોતાના પ્રાણની આહુતિ આપી હતી અને જેઓ ભારત પાકિસ્તાન વચ્ચેના યુદ્ધના કારણે ઘાયલ થયા હતા તેમના સ્મરણમાં પૂજા ઉપાસનાના સર્વ ધાર્મિક કે સ્થળોએ સામુદાયિક પ્રાર્થના યોજવા રાષ્ટ્રપતિએ અનુરોધ કર્યો હતો અને વિશેષમાં જણાવ્યું હતું કે "આપણે આ દિવસે થોડી ઘડી માટે યુદ્ધના ધમધમાટ અને તોપોની ગર્જનાથી અળગા બનવું જોઈએ. અંતર્મુખ બનીને અદ્યતન પરિસ્થિતિ અને તેમાંથી માનવીના ઉત્થાનની - સામુદાયિક સુધારણાની - શક્યતાઓ વિષે ચિંતન કરવું જોઈએ. આપણને એ બાબતનું સ્મરણ રહો કે ભારતનો મહાન આદર્શ આધ્યાત્મિક મોક્ષનો અને માનવ સમાજવ્યાપી પ્રેમ અને મૈત્રીનો છે, આજની દુનિયાને ચોતરફથી આવરી રહેલી દ્વેષમત્સરની આંધીના દબાણને વશ થઈને આ આપણા આદર્શો અને ભાવનાઓને આપણે બૂઝાવા દેવા ન જોઈએ. આપણે આત્મવિજય અને સ્વાર્પણ વડે આ આદર્શને પહોંચી વળવાનો પ્રયત્ન કરવો જોઈએ. આપણે હિન્દુઓ, મુસલમાનો, શિખો, બૌદ્ધો, ખ્રિસ્તીઓ, યહુદીઓ અને પારસીઓ વચ્ચે ભય કે દબાણ વડે નહિ, ઉદાસીનતા કે ઉપેક્ષા વડે નહિ, પણ સક્રિય સહકાર દ્વારા સંવાદિતા સાધીને એકતા સ્થાપિત કરવા, સુદઢ કરવા પ્રયત્ન કરવો જોઈએ. એ દિવસ માટે આપણે પ્રાર્થના કરીએ અને ક્રિયાશીલ બનીએ કે જ્યારે સર્વ રાષ્ટ્રોના અને સર્વ સંપ્રદાયના માનવીઓ શાંતિ અને સદ્‌ભાવપૂર્વક અને સગાં ભાઈ - બહેનો માફક હળી મળીને સાથે રહેતા થાય.

"હું આશા રાખું છું કે અને ઈચ્છું છું કે 'આ ઑક્ટોબરની બીજી તારીખને પ્રાર્થના અને શુભસ્મરણના દિન તરીકે આપણે મનાવીએ અને ઉજવીએ."

**શાસ્ત્રીજીનું દિલ કેમ ભરાઈ આવ્યું?**

તા. ૮-૧૦-૬૫ના રોજ ભારતના મહામાત્ય લાલબહાદુર શાસ્ત્રીને એક પત્રના પ્રતિનિધિએ અનેક પ્રશ્નોમાં એક પ્રશ્ન નીચે મુજબ પૂછ્યો હતો:—

**પ્રશ્ન:** મારો છેલ્લો પ્રશ્ન. શાસ્ત્રીજી જરાક અંગત જેવો છે. અમારા વાંચવામાં આવેલું કે વર્તમાન યુદ્ધની કટોકટીની ક્ષણે આપ લોકસભામાં એકદમ લાગણીવશ બની ગયા હતા, આપનું દિલ ભરાઈ આવ્યું હતું અને ડુસકા ભરવા લાગ્યા હતા. આ અંગે કેટલાક બ્રિટિશ અને અમેરિકન છાપાવાળાઓએ એવી ટીકા કરી હતી કે આપે એમ કર્યું, કારણ કે આપ યુદ્ધવિરામનો આદેશ આપવા ઈચ્છતા નહોતા. આમાં શું સત્ય છે તે આપની પાસેથી હું જાણવા ઈચ્છું છું.

**ઉત્તર:** પાર્લામેન્ટમાં એ દિવસે લાગણી વડે મારું દિલ ભરાઈ આવ્યું હતું એ તદ્દન સાચું છે, પણ તેને આપણા વિજય સાથે અથવા તો શસ્ત્રવિરામને સંમતિ આપવા સાથે—જે સંમતિ મેં એ વખતે સ્વેચ્છાપૂર્વક આપાઈ પણ ચૂકી હતી—કોઈ જ સંબંધ નહોતો. એ કટોકટીની ઘડિએ મારું દિલ ભરાઈ આવ્યું તેનું કારણ એ હતું કે એ સમયે આપણા જવાનોની—મૃત તેમ જ જીવંત બન્નેની—દેશાભિમાન, શૌર્ય, હિંમત અને આત્મબલિદાનની મૂર્તિ મારી આંખો સામે તરવરી રહી હતી. જે શહેરો ઉપર પાકિસ્તાની બૉંબગોળાઓનો વરસાદ વરસાવવામાં આવ્યો હતો એ અમૃતસર જમ્મૂ અને બીજાં શહેરોની નાગરિક વસ્તી ઉપર આ યુદ્ધે જે કરુણાજનક હોનારત સરજી હતી તેનો હું વિચાર કરતો હતો. દેશાભિમાનની પરિભાષામાં યુદ્ધની કોઈ ઉપયુક્તતા હશે, પણ તેમાં નિર્દોષ માનવીઓના ભાગે આવેલા ભયંકર યાતનાઓ અન્તર્ગત થયેલી છે.

ત્યાર બાદ મેં ઈસ્પિતાલોની મુલાકાત લીધી છે. અહીં યુદ્ધે સરજેલું બીજું જ ચિત્ર - યાતના અને ગૌરવનું - મેં નિહાળ્યું. આ જવાનો જેટલા યુદ્ધક્ષેત્ર ઉપર તેટલા જ ઈસ્પિતાલના બીછાના ઉપર શિસ્તબદ્ધ સૈનિકોની માફક વર્તી રહ્યા હતા. ન મેં કોઈને રડતા જોયા, ન મેં કોઈને આંસુ સારતા જોયા, પણ મને માત્ર વિલક્ષણ ધૃતિ અને શિસ્તબદ્ધતાનાં દર્શન થયાં.

**પ્રશ્ન:** શાસ્ત્રીજી એ બરોબર છે. પ્રજાએ આમાંથી શું બોધ લેવાનો છે?

**ઉત્તર:** મારે કહેવું જોઈએ કે આપણા લશ્કરી દળના અધિકારીઓએ અને જવાનોએ આખા રાષ્ટ્ર ઉપર એક એવો દાખલો બેસાડ્યો છે કે જેણે આપણા દેશબંધુઓના દિલમાં ક્રાંતિ પેદા કરી છે. "અપના દેશ કે લિયે કરેંગે યા મરેંગે" એ લોકનારાનો ખરો અર્થ શું છે તેનું તેમણે આપણને પુરું ભાન કરાવ્યું છે, અને આ દેશાભિમાનનો, નિર્ભયતાનો, શિસ્તબદ્ધતાનો અને એકતાનો ભાવ ભારતના પ્રત્યેક નાગરિકને પ્રેરણા આપે છે. આપણા સશસ્ત્ર દળોએ દોરવણી આપી છે. લોકોએ તેમના પ્રેરક દૃષ્ટાંતને અનુસરવું ઘટે."

**પશુબલિના વિરોધમાં કલકત્તા ખાતે યોજાયેલી પંડિતસભા**

કલકત્તા ખાતે તા. ૮-૮-૬૫ના રોજ મુનિ સન્તબાલજીના સાનિધ્યમાં તથા ડૉ. ત્રિપુરારિ ચક્રવર્તીની અધ્યક્ષતામાં પશુબલિ નિષેધક સમિતિ દ્વારા કલકત્તામાં વસતા ખ્યાતનામ પંડિતોની એક સભા યોજવામાં આવી હતી. આ સભાના સ્વાગતાધ્યક્ષ શ્રીમતી

ચિત્રિતાદેવી હતાં. આ સભામાં દેવદેવીઓ સમક્ષ અપાતા પશુબલિ સંબંધમાં વિવેચનો થયાં હતાં. મોટા ભાગનાં વિવેચનો પશુબલિ વિરુદ્ધનાં હતાં, પણ એમાં એક પંડિત એવા પણ હતા કે જેમણે પશુબલિનું ધર્મશાસ્ત્રોના ઉલ્લેખપૂર્વક જોરદાર સમર્થન કર્યું હતું. આ સર્વ ચર્ચાવિચારણાનો ઉપસંહાર કરતાં મુનિશ્રી સન્તબાલજીએ જણાવ્યું હતું કે "આ વિષયમાં ખરી રીતે હૃદયપરિવર્તનની જરૂર છે. એ પરિવર્તન માટે જિજ્ઞાસાની ઘણી જરૂર છે. જ્યાં જિજ્ઞાસા ન હોય ત્યાં હૃદયપરિવર્તન શી રીતે થઈ શકે? જે લોકો શાસ્ત્રથી પશુબલિ સિદ્ધ કરતા હોય છે તેમનામાં જિજ્ઞાસા ન હોય તો તેમને ગમે તેટલા શાસ્ત્રાર્થથી પણ સંતોષ થવાનો નથી. આપણે એવી પંડિતસભા પણ યોજવાનું વિચારી શકીએ અને તેમાં શાસ્ત્રની દૃષ્ટિએ આ પ્રશ્નની ચર્ચા કરવા પં. રમાકાન્ત શાસ્ત્રી વગેરે તૈયાર જ છે. પરંતુ એકાન્ત પૂર્વગ્રહ હોય તો તેમાં વિતંડાવાદ અને કટુતા સિવાય બીજું કયું પરિણામ આવવા સંભવ નથી. ખરું જોતાં સત્વગુણપ્રધાન લોકો માટે હૃદયપરિવર્તનની પ્રક્રિયા કારગત થઈ શકે છે. જે લોકો રજોગુણી અને તમોગુણી છે તેમને બદલવા માટે તેમના ઉપર સામાજિક દબાણ અને કાયદાદ્વારા રાજકીય દબાણ એ બન્નેની જરૂર છે. ઘણા વિદ્વાનો અને પંડિતોના પશુબલિવિરોધમાં અભિપ્રાયો મળ્યા છે, જેમાં એક ખબર એ પણ મળ્યા છે કે, હમણાં પહેલી ઑગસ્ટે કાલી માતાના મંદિર ઉપર જે વીજળી પડી તે અમંગળ સૂચવે છે અને તે એમ સૂચવે છે કે હવે પશુબલિ દેવીને પસંદ નથી; તે અનિષ્ટસૂચક છે અને એને બંધ કરવું જોઈએ. આશા છે કે આપણા પ્રયત્નો સફળ થશે."

આ પંડિતસભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો:— "મુનિશ્રી સંતબાલજી મહારાજના સાન્નિધ્યમાં અને ડૉ. ત્રિપુરારિ-ચક્રવર્તીની અધ્યક્ષતામાં કચ્છી જૈન ભવનમાં પશુબલિનિષેધક સમિતિ દ્વારા આયોજિત આ પંડિતસભા ધર્મના નામે દેવદેવીની આગળ થતાં પશુબલિદાનો પ્રતિ તીવ્ર આંતરવેદના પ્રગટ કરે છે. દરેક ધર્મ માનવજાતિને અહિંસા તરફ પ્રેરે છે. દરેક ધર્મમાં દેવદેવીની પૂજા અને સાત્વિકતા વધારવા માટે છે, ઘટાડવા માટે નહીં. એટલે દેવદેવીની આગળ થતું પશુબલિ અવિલંબ બંધ થવું જોઈએ. આ જ સંદર્ભમાં કાલીઘાટની સેવાયત કમિટી અને ટેમ્પલ કમિટી અને એને લાગતાવળગતા ભાઈબહેનોને આ સભા હાર્દિક વિનંતી કરે છે કે તેઓ હવેથી જગજ્જનની કાલીમાતાના મન્દિરમાં દિવ્યતા વધારનાર સાત્ત્વિક બલિ જ ધરાવે."

આ રીતે કલકત્તાના કાલીમાતાના મંદિરમાં વર્ષોથી ચાલી રહેલા પશુબલિને અટકાવવાને લગતો મુનિશ્રી સન્તબાલજીનો પ્રયત્ન છેલ્લા સવા દોઢ વર્ષથી એકસરખો ચાલુ છે. આ અનિષ્ટ રૂઢીને નાબૂદ કરવાનો આધાર, મુનિ સંતબાલજી જણાવે છે કે તે મુજબ, બંગાળીપ્રજાના હૃદયપરિવર્તન ઉપર રહેલો છે અને જે પ્રજા સદીઓથી માંસાહારી છે અને જે પ્રજા પશુબલિની પ્રક્રિયાને કંઈક કાળથી ધર્મ સાથે જોડતી આવી છે તેમના હૃદયનું પરિવર્તન કરવું અશક્ય નહિ તો અત્યંત મુશ્કેલ છે. તેમાં મુનિશ્રીને અંતિમ સફળતા મળે કે નહિ એ જુદો પ્રશ્ન છે, પણ જે પ્રકારની તમન્ના અને તીવ્રતાથી તેઓ આ બાબતને લગતું આંદોલન ચલાવી રહ્યા છે, સમજાવટનું કાર્ય કરી રહ્યા છે, તેનું પરિણામ અનેક ભાઈ-બહેનોને પશુબલિથી વિમુખ બનાવવામાં આવી રહ્યું છે એમાં કોઈ શક નથી અને આ માટે તેમને જરૂર ધન્યવાદ ઘટે છે. આખરે અનિષ્ટ દૂર થવાનું હશે તો તે આમજનતાના મોટા પાયાના વિચારપરિવર્તનથી જ થવાનું છે. તો આ ધ્યેય સિદ્ધ કરવા માટે મુનિ સંતબાલજી સૂચવે છે તેમ હાલના તબક્કે — જ્યાં સુધી મોટા પાયાનું મતપરિવર્તન ન થાય ત્યાં સુધી—કાયદાનું અવલંબન લેવાનો વિચાર કરવામાં ન આવે એ ખાસ જરૂરી છે, કારણ કે આમ કરવા જતાં નવો સંઘર્ષ પેદા થાય છે, આવા કાયદાને અમલી બનાવી શકાતો નથી અને જે ધાર્મિક અનિષ્ટની જડ નાબૂદ કરવા માંગતા હોઈએ તેનું જડ વધારે ઊંડી પેસે છે અને પરિણામે રોકવા ધારેલા અનર્થને વધારે ઉત્તેજન મળે છે.

અને એ પણ જણાવવું જરૂરી છે કે માતાજીના મંદિર ઉપર વીજળી પડવાને પશુબલિ સંબંધમાં માતાજીની ઈચ્છા સાથે જોડવી એ લોકોના ભોળપણનો ખોટો લાભ ઉઠાવવા બરાબર છે. આવી ઘટનાનો એમ પણ અર્થ બેસાડી શકાય કે આવી ઘટના પશુબલિ વિરુદ્ધ ચાલી રહેલા આંદોલન સામે માતાજીનો કોપ દર્શાવે છે. આવી દલીલો કરવાથી બે ઘડી સામાન્ય લોકો ભોળવાય, પણ સમજુ લોકો આથી કદિ પણ છેતરાતા નથી. આ વિષયમાં ખરો માર્ગ લોકોના દિલમાં કરુણા જાગૃત કરવાનો અને તેમની બુદ્ધિમાં ધર્મને લગતી સાચી સમજણ પેદા કરવાનો છે. જ્યારે તેમનામાં કરુણા અને વિવેક પૂરા પ્રમાણમાં જાગૃત થશે ત્યારે પશુબલિ જેવી અધર્મમય અને ક્રૂરતાભરી રૂઢિઓ એક દિવસ પણ નભી નહિ શકે. **પરમાનંદ**

# અનાજનું ઉત્પાદન

(તા. ૫-૧૦-૧૯૬૫ની રાત્રે આકાશવાણી મુંબઈ કેન્દ્ર ઉપરથી પ્રસારિત કરવામાં આવેલ વાર્તાલાપ ઑલ ઈન્ડિયા રેડિયોની અનુમતિપૂર્વક નીચે પ્રગટ કરવામાં આવે છે. **તંત્રી**)

અનાજનું ઉત્પાદન વધારવાનું સૂત્ર, વિદેશી શાસન હતું ત્યારે, ખૂબ સાંભળ્યું અને આજે સ્વતંત્ર ભારતમાં પણ એનું એ જ સુત્ર વખતોવખત સાંભળવામાં આવે છે.

બીજા વિશ્વયુદ્ધ વખતે અનાજની અછતનું ભયંકર પરિણામ પણ આપણા દેશે ભોગવ્યું છે. ઈતિહાસકારો લખે છે કે એ વખતે એકલા બંગાળ ઈલાકામાં જ લાખો લોકો ભૂખના માર્યા મૃત્યુને શરણ થયા હતા. આજે જ્યારે ચોમેરથી યુદ્ધનાં નગારાં વાગી રહ્યાં છે અને દેશના દુશ્મનો એની મેલી મુરાદ બર લાવવા માટે તરેહ તરેહના પડ્યંત્રો ગોઠવી રહ્યાં છે ત્યારે અનાજની અછતનો પ્રશ્ન આપણી સંરક્ષણ હરોળની એક નબળી કડી જેવો બની રહ્યો છે.

આપણો દેશ ખેતીપ્રધાન દેશ ગણાતો હોવા છતાં અનાજની બાબતમાં આપણે સ્વાવલંબી નથી એ હકીકતનો સૌ કોઈ સ્વીકાર કરે છે અને તેથી જ અનાજના પ્રશ્નને આપણે રાષ્ટ્રનો પ્રાણપ્રશ્ન ગણ્યો છે.

અનાજના પ્રશ્નની આ પ્રકારની ગંભીરતા સમજીને દેશની સરકારે તેના ઉકેલ માટે કેટલાક નાના મોટા પ્રયત્નો કર્યા છે, છતાં તેમાં જોઈએ તેટલી સફળતા પ્રાપ્ત થઈ નથી.

અને આજે સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછીના અઢારમે વર્ષે પણ આપણા સ્વામાનપ્રિય રાષ્ટ્રને મુઠ્ઠી ધાન માટે પરદેશો તરફ આશાભરી મીટ માંડવી પડે છે.

પરદેશોમાંથી મેળવેલી મદદ પછી પણ પૂરી ખાધ પૂરાતી નથી, મૂળ પ્રશ્ન ઉકેલાતો નથી ત્યારે કેટલાકો દેશમાં વધતા જતા વસ્તી—વધારાને અનાજની અછતનું એક કારણ ગણાવે છે. આ વાત થોડા અંશે સાચી છે, પણ ફકત વસ્તીવધારો રોકવાથી જ અનાજની ખાધ પૂરાશે એમ માનવાને કંઈ જ કારણ નથી.

અનાજની અછતનું મૂળ કારણ તો એ છે કે વિદેશી શાસન—કાળ દરમિયાન આપણા દેશની જમીનની યોગ્ય માવજત થઈ નથી, જેના લીધે જમીનનો કસ ઉત્તરોત્તર ઓછો થતો રહ્યો છે. આપણી એક કહેવત છે કે — ખેડ, ખાતર અને પાણી, ધાનને લાવે તાણી.

આ કહેવત પ્રમાણે જોઈએ તો દેશની પરાધીનતા વખતે આપણાં દુર્બળ ખેડૂતો પાસે જમીન ખેડવાના પૂરતાં સાધનો જ નહોતાં રહ્યાં ત્યાં જમીનને ખાતર કે પૂરતું પાણી આપવાની વાત જ અશકય હતી.

આ વિષમ પરિસ્થિતિએ આપણને અકળાવ્યા છે અને સજાગ પણ કરી દીધા છે, અને તેથી જ જમીનને ફળદ્રુપ અને સત્વવાન બનાવવાના તથા ખેડૂતોને ખેતીનાં સાધનો વગેરે બાબતમાં સંપન્ન બનાવવાની દિશામાં ચોક્કસ પ્રયત્નો થઈ રહ્યા છે. આપણે જોઈશું કે આપણી પહેલી, બીજી અને ત્રીજી પંચવર્ષીય યોજનામાં આ બધી હકીકતો પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. અનાજના ઉત્પાદનનો માર્ગ સરળ બને અને ખેડૂતોને ખાતર, પાણી અને ખેતીનાં સાધનો સહેલાઈથી મળે એ માટે નદીઓનાં નીર નાથીને દેશના જુદા જુદા ભાગમાં જળબંધો બાંધવામાં આવ્યા છે અને ત્યાંથી નહેરો વાટે ખેતરોમાં પાણી પહોંચાડાઈ રહ્યું છે. રાસાયણીક

ખાતરનું ઉત્પાદન અને તેની યોગ્ય વહેંચણીની વ્યવસ્થા ઉપરાંત ખેતીનાં સાધનો વસાવવા માટે લોન–તગાવી અને સહકારી બેંકો દ્વારા રોકડ ધિરાણોની રાહત પણ ખેડૂતોને આપાઈ રહી છે. આ બધાનું સુંદર પરિણામ વર્ષો વર્ષ વધતા જતા અનાજ ઉત્પાદનના આંકડાઓ પરથી જાણી શકાય છે.

આગળના વર્ષોના આંકડાઓ બાજુએ રાખીને ૧૯૬૪-૬૫ ના હિસાબી વર્ષના અનાજ ઉત્પાદનને જ ધ્યાનમાં લઈએ તો ગયું વર્ષ આપણા ખેતીના ઉત્પાદન માટે આશાજનક અને ઉત્સાહપ્રેરક બન્યું છે. ૧૯૬૪-૬૫ માં ફક્ત અનાજનું જ ઉત્પાદન આઠ કરોડ અને આઠ લાખ ટન થયું છે જ્યારે તે પહેલાંનાં ૧૯૬૩-૬૪ માં તે આઠ કરોડ અને એક લાખ ટન પર હતું, તે પહેલાંનાં વર્ષોમાં તેનાથીય ઓછું હતું.

આ પ્રકારના ઉત્સાહથી પ્રેરાઈને ચોથી પંચવર્ષીય યોજનાને અંતે લગભગ બાર કરોડ ટન અનાજ ઉત્પાદન કરવાનો લક્ષ્યાંક વિચારાઈ રહ્યો છે. અનાજનું ઉત્પાદન વધારવાના આવા સંકલ્પની સિદ્ધિ માટે સર્વના સહકારની આવશ્યકતા રહે છે.

ખેડૂતોનાં એક વર્ગનો અને કેટલાક ખેડૂત હિતેચ્છુઓનો એવો ખ્યાલ છે કે, ખેડૂતો અનાજનાં ઉત્પાદન માટે જે શ્રમ લે છે તેનો પૂરો બદલો ખેડૂતોને મળતો નથી એટલે કે અનાજનાં યોગ્ય ભાવ ઉપજતા નથી. પરિણામે કેટલાક ખેડૂતો રોકડીઓ પાક લેવા તરફ વિશેષ વળ્યા છે. આ સ્વાભાવિકતાનો સ્વીકાર કરીને સરકારે અને સમાજે ખેડૂતોને હૈયાધારણ આપવી જોઈએ કે ખેડૂતોને તેનાં શ્રમનો યોગ્ય બદલો મળે તે રીતે અનાજનાં ભાવોનું ધોરણ જળવાઈ રહેશે. સામાજિક ન્યાયના સિદ્ધાંતોને વરેલી સરકાર તેમ જ સમાજ પાસે ખેડૂતો આટલી અપેક્ષા રાખે તો તે અયોગ્ય નહિ ગણાય–અસ્થાને પણ નહિ લેખાય.

આ રીતે ખેડૂતોમાં વિશ્વાસ અને ઉત્સાહ પેદા કરીશું તો અનાજનું વાવેતર જરૂર વધશે. ખેડૂતો પણ રાષ્ટ્ર પ્રત્યેની પોતાની ફરજ અદા કરવામાં પાછા નહિ પડે. પણ ખેડૂતોને સાચી પરિસ્થિતિની જાણ કરવાનું કામ કેવળ સરકારી અધિકારીઓ પર છોડવાનું નહિ પાલવે. તેની સાથોસાથ નાગરિક સંરક્ષણ સમિતિ અને ગૃહરક્ષક દળનાં સભાસદો પણ જોડાય તો સારા પરિણામની વિશેષ આશા રહે છે.

આ તકે દેશના તમામ રાજકીય પક્ષના કાર્યકર ભાઈ-બહેનોને પણ અપીલ કરવાની છે કે જેમ વિદેશી આક્રમણનો સામનો કરવા માટે આપણે સૌ ખભેખભા મીલાવીને કાર્ય કરીએ છીએ તેમ અનાજની અછતના પ્રશ્નને રાષ્ટ્રીય સંકટ ગણીને તેનો મૂકાબલો કરવા માટે સંયુકત રીતે અને એક અવાજે પ્રયત્ન કરીશું તો દેશમાં નવી હવા નિર્માણ થશે. અનાજ ઉત્પાદકોમાં વિશેષ વિશ્વાસવાળું વાતાવરણ પેદા કરી શકીશું. આ પ્રકારની આપણી બેવડી સંગઠ્ઠન-શકિત ભૂખમરાના દૈત્યને સંહારવાનું એક અમોઘ શસ્ત્ર સર્જશે.

આંકડાશાસ્ત્રીઓ કહે છે કે દેશ સ્વતંત્ર થયા પછી સુતરાઉ કાપડનું ઉત્પાદન પહેલાના કરતાં દોઢ ગણું વધ્યું છે. ખાદીનું વેચાણ લગભગ ત્રેવીસગણું વધ્યું છે. તેવી જ રીતે બીજી ચીજોના ઉત્પાદન-ક્ષેત્રે પણ ઠીક ઠીક પ્રગતિ કરી છે. જેના લીધે રાષ્ટ્રની સરાસરી આવકનાં પ્રમાણમાં પણ થોડો વધારો થયો છે.

દેશની આર્થિક પ્રગતિનું આ નાનકડું પણ સુંદર ચિત્ર ખૂબ આનંદદાયક છે. સરાસરી આવકનું પ્રમાણ વધી રહ્યું છે તે પણ સંતોષની વાત છે. છતાં એક વાત ન ભૂલીએ કે અનાજની બાબતમાં સ્વાવલંબી નહિ થઈએ ત્યાં લગી આ બધા પ્રકારના વધારાની અસર વિશાળ સમાજજીવન પર ઓછી વધતી થવાની છે, પછી ભલે તે ખેડૂત હોય, કામદાર હોય કે વ્યાપારી અને અધિકારી હોય અનાજની અછતનો પ્રશ્ન સહુના જીવન સાથે સરખો જ સંકળાઈ રહેવાનો છે. એટલે જ આ અનાજસંકટનો આપણે સહુએ સાથે મળીને સહુના પ્રબળ પુરુષાર્થથી પ્રતિકાર કરવાનો છે.

ચીન અને પાકિસ્તાને આપણી શકિતની કસોટી કરી લીધી છે. રણમેદાનના મોરચે દુશ્મનના દાંત ખાટા કરી નાખનાર આપણા જવાનોના પરાક્રમ પર દેવતાઓએ પુષ્પો વર્ષાવ્યાં છે અને ભારતીય ઈતિહાસની શૌર્યગાથાઓમાં અનેક જવલંત પ્રકરણો ઉમેરાયાં છે. લડાઈના બીજે મોરચે નાગરિક સંગઠ્ઠન અને વ્યવસ્થિત સંઘશકિતનો સાક્ષાતકાર પણ આપણે આપણા દુશ્મનોને અને જગતના લોકોને કરાવી શકયા છીએ. પણ જો અનાજને મોરચે નાકામાઈ બતાવીશું તો આપણી એ જીત આપણી લાચારીમાં ફેરવાઈ જશે.

એવું ન બને એ માટે આપણે નિરધાર કરીએ કે અનાજનો સંગ્રહ કે બગાડ કરીશું નહિ, જનતાને વ્યાજબી ભાવે અનાજ મળે અને ખેડૂતોને વ્યાજબી ભાવે વેચવાનું પરવડે એ જાતની રાજ્યમાન્ય વ્યવસ્થામાં સાથ આપીશું. આટલું કરીશું તો ચોથી પંચવર્ષીય યોજનામાં અનાજના ઉત્પાદન માટે વિચારાઈ રહેલો બાર કરોડ ટનનો લક્ષ્યાંક વટાવી જતાં વાર નહિ લાગે. દેશના ખેડૂતોનો પુરુષાર્થ અને જનતાનો સહકાર અનાજનું આ રાષ્ટ્રીય સંકટ જરૂર દૂર કરશે એમાં લવલેશ શંકા નથી.

વિદેશીઓએ દેશની આઝાદીને પડકાર ફેંકયો ત્યારે દેશરક્ષા માટે શહીદ થઈ ગયેલા શહીદોની વીરગાથાઓ ભારતની ભાવી પેઢીને પ્રેરણા આપશે પણ વિદેશીઓએ ભારત પર આક્રમણ કર્યું ત્યારે લાખો ભારતવાસીઓ અનાજ વગર ભૂખ્યા ટળવળીને મરી ગયા એવા દુઃખદ ઈતિહાસનું પુનરાવર્તન થશે તો તે આપણા માટે શરમજનક અને આપણી ભાવિ પેઢીને માટે અસહ્ય અને નીચું જોવડાવનારું નીવડશે.

ઈતિહાસકારોને આવું કંઈ શરમજનક આલેખવાનો પ્રસંગ ન મળે અને આપણી ભાવિ પેઢી ઉન્નત મસ્તકે જગત સામે ઊભી રહી શકે એ માટે પણ આપણે લડાઈના પહેલા મોરચાની જેમ અનાજના સંકટના આ બીજે મોરચે પણ વિજય પ્રાપ્ત કરવો છે. આપણે ઈચ્છીએ કે આપણા સર્વના સંયુકત સહકારથી આપણા ખેડૂત બંધુઓ આ બીજા મોરચાની આગેવાની લે અને વિજયને વરીને જગતના તાતનું બીરુદ શોભાવે. – જય હિંદ!–ભાનુશંકર યાજ્ઞિક

# ભારતીય દર્શનનું મૂળ : સમન્વય

જિજ્ઞાસા અથવા તો એષણા માનવીય ચેતનાની સહજ વૃત્તિ છે. જીવન શું છે, જીવનનું લક્ષ શું છે–આ જેવા પ્રશ્નો છે કે પ્રત્યેક ચેતનાશીલ માનવીના મસ્તકમાં સદ કાળથી ઊઠતા આવ્યા છે. વિવેકી માનવે સતત સાધના, અનુશીલન તથા અનુભૂતિ દ્વારા આ પ્રશ્નોનું સમાધાન શોધવામાં પોતાનું જતને લગભગ ખોઈ નાખી છે. તે ચિન્તનના પ્રતિફળ રૂપે દર્શન પ્રગટ થયું છે. દર્શન બીજું કશું નથી, જીવનની વ્યાખ્યા છે, વિશ્લેષણ છે, સત્યની શોધ છે. સમસ્ત દર્શનનું મૂળ બીજ છે દુઃખના અભિઘાતની અને સાચા સુખના લાભની આંકાક્ષા. આ મૌલિક ધારણાની દૃષ્ટિએ વિભિન્ન દર્શનના ઉદ્‌ગમમાં અન્તર નથી, તે એક છે. દર્શન કેવળ વિદ્વાનોના તથા વિચારકોના બૌદ્ધિક વ્યાપારનો વિષય નથી. એ તો વ્યકિત-વ્યકિતના જીવનથી સંબંધિત એક આવશ્યક પાસું છે.

ભારતીય દર્શનોએ જેવી રીતે બહારના પક્ષની સુક્ષ્મતાપૂર્વકની સમજણ સાધી છે, તેવી જ રીતે અન્તર પક્ષના પર્યેષણ તથા અન્વેષણમાં પણ કંઈ કમીના રાખી નથી. ભારતીય વિચારધારાની ત્રિવેણી જૈન, વૈદિક તથા બૌદ્ધ–આ ત્રણ પ્રવાહોમાં વહી છે. સમન્વયની દૃષ્ટિથી જોવામાં આવે તો આપણને ત્રણેમાં અભેદ પ્રાપ્ત થાય છે. જ્યાં વૈદિક ઋષિ વિદ્યા અને અવિદ્યાની વિવેચના કરીને અવિદ્યાની હેયતા અને વિદ્યાની ઉપાદેયતા દેખાડતાં દેખાડતાં બ્રહ્મસાયુજ્યનો રસ્તો દેખાડે છે, જૈન તીર્થંકર આસ્રવ અને સંવર અર્થાત્ કર્મબંધ તથા કર્મનિરોધનું વિશ્લેષણ કરીને આત્મશુદ્ધિની પ્રેરણા દેતાં દેતાં નિર્વાણની વ્યાખ્યા કરે છે, ત્યાં બીજી બાજુએ બૌદ્ધ આચાર્ય દુઃખ, સમુદય, માર્ગ વગેરે આર્યસત્યોને પ્રસ્તુત કરીને જન્મ-મરણના સંસ્કારોથી છૂટવાની વાત કરે છે.

સંક્ષેપમાં કહીએ તો સર્વેએ આસકિત, લાલસા, દ્વેષ તથા લોભ જેવી વૃત્તિઓને બંધન કહ્યું છે અને તેથી મુકત થવાની દરેકે પ્રેરણા આપી છે. સૂક્ષ્મ દૃષ્ટિથી નિષ્પક્ષપણે વિચારવાવાળા માટે આમાં કોઈ ભેદ રહેતો નથી. ઉલટું ઘેરો સમન્વય, સામંજસ્ય તથા ઐકયનું સમર્થન પ્રાપ્ત થાય છે.

આચાર્ય તુલસી

# પર્યુષણવ્યાખ્યાનમાળાની સમાલોચના

(ગતાંકથી ચાલુ)

જીવનના કોઈ પણ ક્ષેત્રનું નિરૂપણ કરીએ તો તેના મૂળમાં એક (=વ્યકિત)ના દ્વૈત (=અન્ય, સમાજ) સાથેના સંબન્ધનો પ્રશ્ન રહ્યો છે. કેવળ વ્યકિતના વિકાસને પ્રાધાન્ય આપવામાં આવે તો એ વૈયકિતક વિકાસની માત્રા સમાજના હિતને પ્રતિકૂળ નીવડવાની કોટીએ પહોંચે. સામાજિક આર્થિક, રાજકીય ક્ષેત્રે તો આમ બનતું આવ્યું છે. સામે પક્ષે સમાજને જ પ્રાધાન્ય આપવામાં આવે તો તેના ભાર નીચે વ્યકિતને કચડાવું જ રહ્યું : આર્થિક, રાજકીય, સામાજિક ક્ષેત્રે આજે આ પરિસ્થિતિનાં ઉદાહરણો ઘણે સ્થળે જોઈ શકાય છે : ચીનની અત્યારની પરિસ્થિતિ એનું ઉગ્રતમ દૃષ્ટાંત છે. વ્યકિતનો વિકાસ અને સમાજનો વિકાસ એક સાથે સાધવાની મોકળાશ આપે, અવકાશ આપે, પ્રેરણા આપે એ યોજના—એ જીવનદૃષ્ટિ—ઉત્તમ ગણાય. અને વ્યકિતનો કે સમાજનો વિકાસ એટલે આધ્યાત્મનિષ્ઠ વિકાસ. ધર્માદિર્થશ્ચ કામશ્ચ: ધર્મના અનુસંધાનમાં જ અર્થ અને કામનું પરિશીલન. જે પ્રજા બાહ્ય સાધન-સંપત્તિની સમૃદ્ધિમાં રાચતી હોય, પણ જેના પ્રજાજનમાં માનવતાના-અધ્યાત્મના ગુણની ઉપેક્ષા કરાઈ હોય તે પ્રજા સાચા વિકાસને માર્ગે નથી એ દેખીતું છે. સમૃદ્ધિની વચ્ચે ખાલીખમ લાગતાં અને ખાલીપણાના ભારથી ગુંગળાતાં માનવ-હૃદયો આજની દુનિયાને અજાણ્યાં નથી.

આ જ વાત બીજી રીતે મૂકીએ તો, Man makes the age or the age makes the man-પરિસ્થિતિ માનવને સર્જે છે કે માનવ પરિસ્થિતિને સર્જે છે એ જ મુખ્ય પ્રશ્ન છે. સામાન્ય માનવી ભલે પરિસ્થિતિને વશ બની અસહાય જેવી સ્થિતિ ભોગવતો હોય: છતાં તેના જીવનમાં પણ કોઈકવાર કોઈક પ્રસંગ એવો આવતો હોય છે જ્યારે તે પોતાના દૃઢનિશ્ચય અને પ્રયત્ન ઉપર જ આધાર રાખીને પરિસ્થિતિમાં સર્વથા પરિવર્તન નહીં તો પણ થોડે ઘણે અંશે ફેરફાર આણવા સમર્થ બને છે. મહામાનવ—લોકોત્તર શકિતશાળી માનવ—ની મહત્તા જ આ કારણે છે. તેઓ પોતાનાં દર્શન અને પ્રવૃત્તિને બળે પરિસ્થિતિમાં આમૂલ પરિવર્તન પણ આણી શકે છે. આજે રાજકીય કે સામાજિક ક્ષેત્રે આવાં ઉદાહરણો સંખ્યાબંધ મળે છે. પણ આધ્યાત્મિક ક્ષેત્રે પણ અનન્ય સામાન્ય સામર્થ્યવાળી વ્યકિતઓ પણ આપણી વચ્ચે વસતી રહી છે અને માનવ-જીવનને સાચા વિકાસને માર્ગે વાળી રહી છે. એનાં દૃષ્ટાન્તો સ્વામી રંગનાથાનંદજીના 'શ્રી રામકૃષ્ણ પરમહંસે આપેલો આધ્યાત્મિક વારસો' વિષેના વ્યાખ્યાનમાં, પરિવ્રાજિકા આત્મપ્રાણાનાં 'શ્રી રામકૃષ્ણ પરમહંસની જીવનસાધના' અને 'શ્રી મા શારદામણિદેવી' વિષેનાં, વ્યાખ્યાનોમાં અને શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના 'આલ્બર્ટ સ્વાઈટ્ઝર' વિષેના વ્યાખ્યાનમાં મળી રહ્યાં હતાં.

સ્વામીશ્રી રંગનાથાનન્દજીએ આરંભમાં (અને આગલા દિવસના પ્રવચનમાં પણ) જણાવ્યું હતું કે ભૌતિક વિજ્ઞાન જેમ 'Science of the outside world' બાહ્ય જગતનું શાસ્ત્ર છે તેમ ધર્મ 'Science of the inside world' આન્તર જગતનું શાસ્ત્ર છે. ધર્મનું સાચું સ્વરૂપ આ દૃષ્ટિમાં સમાયેલું છે. સ્વામી રામકૃષ્ણના જીવનના પ્રસંગોનો ઉલ્લેખ કરતાં કરતાં તેમણે સ્વામી રામકૃષ્ણની આધ્યાત્મિક દૃષ્ટિ અને સાધનાના વિકાસનાં સોપાનોનો પણ નિર્દેશ કર્યો હતો. સ્વામી રામકૃષ્ણે વૈદિક, જૈન અને બૌદ્ધપરમ્પરાઓની આધ્યાત્મિક અનુભૂતિ મેળવી હતી, એટલું જ નહીં, ઈસ્લામ અને ખ્રિસ્તી પરંપરાઓના આધ્યાત્મિક અનુભવો પણ મેળવ્યા હતા. પરિણામે એ મહામાનવ બન્યા હતા. સ્વામી રંગનાથાનંદજીની વ્યાખ્યાનશૈલી અને અંગ્રેજીભાષા ઉપરના પ્રભુત્વથી શ્રોતાવર્ગ સ્વાભાવિક રીતે જ પ્રભાવિત થયો હતો. પ્રવ્રાજિકા આત્મપ્રાણાએ સ્વામી રામકૃષ્ણની જીવન-સાધના વિષે ગુજરાતીમાં સ્વસ્થ શૈલીમાં વ્યાખ્યાન કર્યું હતું. બીજે દિવસે શ્રી મા શારદામણિદેવી—સ્વામી રામકૃષ્ણના પૂર્વાશ્રમનાં ધર્મપત્ની અને સાધનાની ચરમકોટીએ પહોંચતાં સાક્ષાત્ શકિત તરીકે આરાધ્ય દેવી-રૂપ બનેલાં શ્રી શારદામણિદેવીની આધ્યાત્મિકતા, અનુકંપા અને લોકોત્તરતાનું નિરૂપણ કરતું વ્યાખ્યાન પ્રાવ્રાજિકા આત્મપ્રાણાએ આપ્યું હતું.

શ્રી ચીમનભાઈના વ્યાખ્યાનનો વિષય જેટલો પ્રભાવશાળી હતો તેટલી જ પ્રભાવશાળી એમની વ્યાખ્યાન-શૈલી હતી. ચોવીસ વર્ષની ઉમરે ચાર ચાર વિષયોમાં મોટી પદવીઓ (degrees) મેળવીને કૉલેજમાં આચાર્યપદ સેવનાર આલ્બર્ટ સ્વાઈટ્ઝર ખ્રિસ્તી-ધર્મના સાચા સ્વરૂપને સમજવા ઝંખે છે. ઓગણત્રીસ વર્ષની ઉમરે માનવસેવાની અદમ્ય ઝંખનાથી પ્રેરાઈને દાકતરી શિક્ષણ લે છે. ચોત્રીસ વર્ષની ઉમરે આફ્રિકાનાં અગોચર જંગલોમાં આદિવાસીઓની વૈદ્યકીય સેવાનો આરંભ કરે છે. જીવનના, જગતના અને આજની માનવસંસ્કૃતિના સ્વરૂપને સમજવા મથતો આ જીવનમીમાંસક જીવમાત્રને સમાન ગણી અહિંસાની પ્રતિષ્ઠા કરે છે: જીવનમાં જીવવાની એષણા સાથે જીવમાત્ર પ્રત્યે પ્રેમની—અનુકંપાની-ભાવના સેવે છે: અને પોતાને ક્રમે ક્રમે થયેલા જીવન-દર્શનનાં સોપાનનું વિવરણ કરતાં લોકોત્તર આધ્યાત્મિકતાની વિભૂતિ જેવો બની રહે છે. શ્રી ચીમનભાઈએ આલ્બર્ટ સ્વાઈટ્ઝરની આત્મ-કથામાંથી કેટલાક પરિચ્છેદો વાંચી સંભળાવ્યા હતા. વિષયની ઉદાત્તતાને લીધે અને વ્યાખ્યાનપદ્ધતિને લીધે આ વ્યાખ્યાન ચિર-સ્મરણીય બને તેવું હતું.

'શ્રી અરવિન્દની દૃષ્ટિએ પુનર્જન્મની વિચારણા' વિષે વ્યાખ્યાન કરતાં શ્રી રજનીકાન્ત મોદીએ જણાવ્યું હતું કે પ્રકૃતિમાં નિયમબદ્ધ અને વિકાસશીલ વ્યવસ્થા છે. તો માનવયોનિમાં વ્યકત થયેલી ચેતના પશુ-પક્ષીની યોનિમાં વ્યકત થાય એ કેમ સ્વીકારી શકાય? સ્વર્ગનરકની કલ્પના બુદ્ધિસંગત નથી—ઉપનિષદ-સંમત પણ નથી. અન્તરાત્મા સ્થૂલમાંથી સૂક્ષ્મ શરીર તરફ ક્રમે ક્રમે પ્રગતિ કરતો હોય છે. પરમાત્માની ઈચ્છા સાથે એકરસ થવું એમાં માનવનો વિકાસ છે. શ્રી મોદીનું આ પ્રવચન પુનર્જન્મના વાદને નવી રીતે નિરૂપવાના પ્રયત્નરૂપ હતો. પુણ્ય-પાપ વિષે, પરમાત્માની ઈચ્છા સાથે એકરસ થવા વિષે, માનવ-ચેતનાના સ્વાતન્ત્ર્યના પ્રશ્ન વિષે, પ્રકૃતિમાં વ્યવસ્થા—નિયમબદ્ધતા—ખરી પણ એ હંમેશાં વિકાસની જ દિશામાં હોય છે કે કેમ એ પ્રશ્ન વિષે એમણે કરેલાં વિધાનો વિચારને ઉત્તેજે તેવાં હતાં.

સ્વામીશ્રી પ્રણવતીર્થે 'વેદાન્તનું સમ્યક્ સ્વરૂપ' વિષે વ્યાખ્યાન કરતાં કહ્યું હતું કે ભેદમાં દુ:ખ છે, અભેદમાં સુખ છે. બ્રહ્મ રસરૂપ છે અને સૌનું લક્ષ્ય રસાનન્દ છે. કામક્રોધાદિકને પણ સમજપૂર્વક પ્રયત્નથી વશમાં લાવી શકાય. શ્રી મૃણાલિનીબહેન દેસાઈએ 'વ્યવહાર અને કર્મયોગ'નું વિવરણ કરતાં એક દૃષ્ટાન્તદ્વારા સમજાવ્યું હતું કે વ્યવહારની પીઠિકા વિનાનું જ્ઞાન શુષ્ક પાંડિત્ય છે અને નિષ્ફળ છે. સામાન્ય રીતે જગતનો વ્યવહાર સ્વાર્થથી—રાગ દ્વેષથી—પ્રેરાયેલો હોય છે. નિષ્કામ કર્મ કરાય તો તે કર્મ કર્મયોગ બને છે. સ્વકર્મમાં નિષ્કામભાવે ઉદ્યુકત રહીએ તો પરમાત્મા તરફ એક ડગલું આગળ ચાલ્યા એમ કહી શકાય.

શ્રી વી. એસ. પાગેના વ્યાખ્યાનનો વિષય હતો તત્વાર્થસૂત્ર

અને પાતંજલ યોગસૂત્ર'. આરંભમાં ભારતીય દર્શનોની ધ્યેય વિષેની એકતા–બંધનમાંથી મોક્ષ–નો ઉલ્લેખ કરીને કર્મબંધન અને કષાયોના સંબંધને સંવર, નિર્જરા વગેરે ઉપાયોદ્વારા નષ્ટ કરીને આત્માનું સ્વરૂપમાં અવસ્થાપન કરવું એ જૈનદર્શનનું પ્રધાન પ્રતિપાદન છે. अप्रादुर्भावः रागादीनामहिंसा । – રાગાદિને ઉત્પન્ન ન થવા દેવાં એનું નામ જ અહિંસા. એમણે પાતંજલ યોગસૂત્રમાંથી યોગ એટલે चित्तवृत्तिनिरोध અને એ નિરોધ સફળ રીતે થાય ત્યારે तदा द्रष्टुः स्वरूपेऽवस्थानम् । આત્મા પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત થાય છે એ સામ્ય દર્શાવ્યું હતું. પંચમહાવ્રતો પણ બંને દર્શનોમાં સ્વીકારાયાં છે. જૈનદર્શન તપ ઉપર ભાર મૂકે છે અને તે દ્વારા કષાયનો ક્ષય સાધે છે. યોગદર્શન ઈશ્વરપ્રણિધાન અને અષ્ટાંગ-યોગના ઉપાય સ્વીકારે છે. શ્રી પાગેએ તત્ત્વાર્થ-સૂત્ર અને પાતંજલ યોગસૂત્રનાં માર્મિક સ્થાનોનું કરેલું નિરૂપણ તેમના આ વિષયમાં રસ અને અભ્યાસનું સૂચક હતું .

આચાર્ય યશવંત શુકલના વ્યાખ્યાનનો વિષય હતો 'મૃત્યુની વિભાવના.' તેમણે પોતાના વિષયને ઐતિહાસિક તેમ જ તત્ત્વજ્ઞાનની દૃષ્ટિથી નિરૂપ્યો હતો. મૃત્યુ વાસ્તવિક હકીકત છે અને જીવનનો અન્તિમ પ્રસંગ છે, છતાં એ સાપેક્ષ છે અને માનવે મૃતદેહને પણ ટકાવી–જાળવી–રાખવાના પ્રયત્નો દફન કે પિરામીડોમાં સાચવેલાં શબોના ઉપાય દ્વારા કર્યા છે. મૃત્યુની વિભાવના પાછળ અદમ્ય જિજીવિષા–અમરત્વ–ની અભીપ્સા રહી છે. મૃત્યુની વિભાવનાની પાછળની આ જિજીવિષાને કારણે જ આદિકાળથી આરંભીને આજ સુધીનાં શસ્ત્રાસ્ત્રોનાં નિર્માણ અને પ્રયોગ થયાં છે; આ ભાવના-થી જ દર્શનો અને શાસ્ત્રો ઉત્પન્ન થઈને વિકાસ પામતાં રહ્યાં છે. મૃત્યુની પાછળની અમર ચેતનાની ભાવનાને જ પ્રીછે અને અનુભવે તે અમરત્વ પામે છે. ગંભીર વિષયનું સારું નિરૂપણ આ વ્યાખ્યાનમાં થયું હતું.

આચાર્યશ્રી રજનીશજી શરીરના અસ્વાસ્થ્યને કારણે 'सत्यं, शिवं, सुन्दरम्' વિષે વ્યાખ્યાન આપી ન શક્યા તેથી ઘણા શ્રોતા-જનો કંઈક નિરાશ થયા હતા: પણ તે જ દિવસનું પહેલું અને વ્યાખ્યાનમાળાનું છેલ્લું વ્યાખ્યાન સાહિત્યની અને શાસ્ત્રની અખંડ ઉપાસનામાં રાચતા આપણા અગ્રગણ્ય સાહિત્યકાર શ્રી ઉમા-શંકર જોષીનું 'ઈશાવાસ્ય : અ–મૃત જીવનનું ઉપનિષદ, વિષે હતું. વક્તા અને વિષય બંનેની વિશિષ્ટતાને કારણે બારસો તેરસો જેટલા શ્રોતાજનોએ ઊંડા જીવન-મર્મને સ્પર્શતાં છતાં વ્યવહારમાં એનો વિનિયોગ કરવાનો ઉપાય સૂચવતાં આ ઉપનિષદનાં વાક્યોનું વિવરણ એકાગ્રતાથી સાંભળ્યું હતું. શ્રી ઉમાશંકરે तेन त्यक्तेन भुञ्जीथाः, विजुगुप्सते, कविर्मनीषी વગેરે પદોનું સૂક્ષ્મ અને કેટલેક અંશે અભિનવ અર્થદર્શન કર્યું હતું. આમ છતાં મોટા શ્રોતાવર્ગને એક કલાક સુધી એકાગ્રભાવથી સાંભળતા રાખ્યા એ એમની વક્તા તરીકેની નાનીસૂની સિદ્ધિ નથી. સમાપ્ત

ગૌરીપ્રસાદ ચુ. ઝાલા

## વિષય સૂચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| ભારત – પાકિસ્તાન સંઘર્ષ અને આપણું કર્તવ્ય | પરમાનંદ | ૧૧૫ |
| **પ્રકીર્ણ નોંધ:** ભારત - પાકિસ્તાન સંઘર્ષ અંગે સર્વ સેવા સંઘ અને શાન્તિસેના મંડળની નીતિ, આપણાં સનાતન જીવનમૂલ્યો ન ભૂલીએ !, શાસ્ત્રીજીનું દિલ કેમ ભરાઈ આવ્યું? પશુબલિના વિરોધમાં કલકત્તા ખાતે યોજાયલી પંડિતસભા | પરમાનંદ | ૧૧૮ |
| અનાજનું ઉત્પાદન | ભાનુશંકર યાજ્ઞિક | ૧૨૦ |
| ભારતીય દર્શનનું મૂળ : સમન્વય | આચાર્ય તુલસી | ૧૨૧ |
| પર્યુષણ વ્યાખ્યાનમાળાની આલોચના | ગૌરીપ્રસાદ ચુ. ઝાલા | ૧૨૨ |
| આલ્બર્ટ સ્વાઈટ્ઝર | ચીમનલાલ ચકુભાઈ શાહ | ૧૨૪ |


## * સાભાર સ્વીકાર *

**જૈનોપનિષદ:** લેખક: યોગનિષ્ઠ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ, પ્રકાશક: શ્રીમદ્ બુદ્ધિસાગરજી સાહિત્ય પ્રકાશન ગ્રંથમાળા: પ્રાપ્તિ-સ્થાન : શ્રી ચીમનલાલ જેચંદભાઈ, શેઠ મનસુખભાઈની પોળ, કાળુપુર, અમદાવાદ, કિંમત: રૂા. ૧.

**નિવેદ:** લેખક : દેસાઈ વાલજી ગોવિન્દજી, પ્રાપ્તિસ્થાન: સંસ્કાર સાહિત્ય મંદિર, પો. બોક્ષ નં. ૩૪, ઘોઘાનો દરવાજો, ભાવ-નગર. કિંમત ૯૦ પૈસા.

**સિંહનાદ:** લેખક: આચાર્ય રજનીશજી, પ્રકાશક: જીવન જાગૃતિ-કેન્દ્ર, ૫૦૫, કાલબાદેવી રોડ, મુંબઈ ૨, કિંમત રૂા. ૧.૨૫.

**સ્વાતંત્ર્યનો પ્રયોગ:** લેખક શ્રી હરભાઈ ત્રિવેદી, પ્રકાશક: ધરશાળા પ્રકાશન મંદિર, તખ્તેશ્વર પ્લોટ, ભાવનગર, કિંમત રૂા. ૧.૫૦.

**જૈન ધર્મ ચિંતન:** લેખક: અધ્યાપક શ્રી દલસુખભાઈ માલ-વણિયા, પ્રાપ્તિસ્થાન: ગુર્જર ગ્રન્થરત્ન કાર્યાલય, ગાંધી રસ્તો, અમદાવાદ, કિંમત રૂા. ૧.૫૦.

**ફ્રસ્ટ્રિત કે અંધવિશ્વાસ** (હિંદી): લેખક: શ્રી શાંતપ્રકાશસત્ય-દાસ : પ્રકાશિકા : સૌ. ઈન્દિરાદેવી સત્યદાસ, અનન્તાનંદ પ્રકાશન, રિંગનોદ, (રતલામ, મધ્ય પ્રદેશ), કિંમત રૂા. ૨.૫૦.

**દિવ્યદર્શન:** (મહાકાવ્ય): લેખક: સ્વામી સત્યભક્ત, પ્રકાશક: સત્યસંદેશ ગ્રન્થમાળા, સત્યાશ્રમ, વર્ધા. કિંમત રૂા. ૩.૦૦.

**જપુજી:** લેખક: આચાર્ય વિનોબા ભાવે, પ્રકાશક, યજ્ઞપ્રકા-શન, ભૂમિપુત્ર, હુઝરાત પાગા, વડોદરા-૧. કિંમત રૂા. ૧.૨૫.

**તૂફાન કા સંકેત:** લેખક : આચાર્ય વિનોબા, પ્રકાશક : સર્વ સેવા સંઘ પ્રકાશન, રાજઘાટ, વારાણસી, કિંમત: ૮૦ પૈસા.

**ભાષાનો સવાલ :** લેખક: આચાર્ય વિનોબા, પ્રકાશક : યજ્ઞ પ્રકાશન, હુઝરાત પાગા, વડોદરા ૧. કિંમત ૭૫ પૈસા.

**હળવું ગાંભીર્ય:** લેખક : શ્રી ચીનુભાઈ પટવા (ફિલચૂફ), પ્રકાશક: રવાણી પ્રકાશન ગૃહ, તિલક માર્ગ, અમદાવાદ ૧, કિંમત રૂા. ૫.૫૦

**રાષ્ટ્ર ઔર રાજ્ય:** લેખક: શ્રી જૈનેન્દ્રકુમાર, પૂર્વોદય પ્રકાશ, દિલ્હી.

**વિમલ પ્રબંધ:** સંપાદક: શ્રી ધીરજલાલ ધનજીભાઈ શાહ, બી. એ; પીએચ. ડી. પ્રકાશક ગુજરાત સાહિત્ય સભા, બેલેન્ટા-ઈનની હવેલી, ત્રણ દરવાજા, અમદાવાદ, કિંમત: રૂા. ૧૫.

**જીવનનો અમૂલ્ય આનંદ:** મૂળ અંગ્રેજી જૉસફ પેન્ગવે, અનુવાદક: શ્રી જમુભાઈ દાણી : પ્રકાશક: સૌ. સૂર્યા જ. દાણી, ૫ અ/૫૧, સોનાવાલા બિલ્ડિંગ કિંમત રૂા. ૧–૨૦

**ખીલતી કળીઓ:** લેખક: શ્રી જમુભાઈ દાણી; પ્રકાશક ઉપર મુજબ, કિંમત રૂા. ૨.

**ગ્રામછાવણીમાં એક દિવસ:** મૂળ અંગ્રેજી: એલેકઝાન્ડર સોલઝે નિત્સિન, અનુવાદક: સૌ. સુભદ્રા ગાંધી, પ્રકાશક: વિશ્વમાનવ, રામજી મંદિર પોળ, વડોદરા, કિંમત રૂા. ૫.૫૦.

**સામ્યવાદી ચીન:** લેખક: શ્રી ભોગીલાલ ગાંધી, પ્રકાશક: ઉપર મુજબ, કિંમત રૂા. ૨.૭૫.

**આત્મબલ:** લેખક: શ્રીમાન વિશ્ર્વવંદ્ય, પ્રકાશન: શ્રી નૂસિંહ પ્રકાશન, ૨૨, ગોવાલિયા ટેંક રોડ, મુંબઈ-૨૬. કિંમત: ૫૦ પૈસા.

**હવાઈ હમલા :** સાવચેની ને ઉપાયો : લેખક : શ્રી લવણપ્રસાદ શાહ, ૮૧, મિંટ રોડ, ફોર્ટ, મુંબઈ - ૧. કિંમત ૫૦ પૈસા.

# * આલ્બર્ટ સ્વાઈટ્ઝર *

(ગતાંકથી ચાલુ)

સ્વાઈટઝરના શબ્દોમાં કહીએ તો:

Two perceptions cast their shadows over my existence. One consists in my realisation that the world is inexplicably mysterious and full of suffering; The other is the fact that I have been born in a period of spiritual decadence in mankind. I have become familiar with and ready to deal with each, through the thinking which has led me to the ethical and affairmative position of Reverence for Life. In that principle, my life has found a firm footing and clear path to follow.

(અનુવાદ: બે અનુભવોની મારા અસ્તિત્વ ઉપર ઘેરી છાયા પડે છે: (૧) પ્રથમ અનુભવ એ પ્રકારની અનુભૂતિમાં રહેલો છે કે આ દુનિયા ન સમજી શકાય–ન સમજાવી શકાય–એવાં ગૂઢ રહસ્યોથી ભરેલી છે અને અનેક પ્રકારની યાતનાઓ વડે આક્રાન્ત છે. (૨) બીજો અનુભવ એ પ્રકારની વાસ્તવિકતાના ભાનમાં રહેલો છે કે માનવજાતની જ્યારે આધ્યાત્મિક અવનતિ–અધોગતિ–થઈ રહેલી છે એવા કાળમાં હું જન્મ્યો છું. આ બન્ને પ્રકારના અનુભવોથી હું પરિચિત છું અને જે વિચારણાઓ મને Reverence for Life–જીવન પ્રત્યેના સમાદર અભિસાર–ના નૈતિક અને વિધાયક સિદ્ધાન્ત તરફ દોર્યો છે, વાળ્યો છે તે વિચારણાની મારફત આ અનુભવોના પડકારને પહોંચી વળવાને હું તૈયાર છું. આ સિદ્ધાન્તના દર્શન દ્વારા મને સ્થિર ભૂમિકા મળી ગઈ છે અને અનુસરણ માટે સ્પષ્ટ માર્ગ જડી આવ્યો છે.)

આમ સ્વાઈટ્ઝરને આ જગત, ગૂઢતાભર્યું–રહસ્યમય લાગે છે, જેનો પાર તેઓ પામી શકતા નથી, જેનો તાગ તેમનાથી કાઢી શકાતો નથી. જ્ઞાનની દૃષ્ટિએ સ્વાઈટ્ઝર અજ્ઞેયવાદી રહે છે, પણ કર્મની દૃષ્ટિએ સ્વાઈટ્ઝર સ્પષ્ટ, સુદૃઢ, પુરુષાર્થી છે, આશાવાદી છે, નિરાશાવાદી નથી, જગતના નૈતિક નિયમમાં–Moral Law of the Universeમાં–તેમને અવિચળ શ્રદ્ધા છે.

આ શ્રદ્ધા કોઈ અંધશ્રદ્ધા નથી, પણ વિચારપૂર્વકના, બુદ્ધિગમ્ય અનુભવ ઉપર રચાયેલી છે. સ્વાઈટ્ઝરની ગંભીર ફરિયાદ છે કે મોટા ભાગના લોકો વિચારહીન, પ્રમાદી જીવન જીવે છે. સ્વાઈટ્ઝર બુદ્ધિવાદી–rationalist–છે. તેઓ કહે છે કે: I acknowledge myself to be one who places all his confidence in rational thinking...Renunciation of thinking is a declaration of spiritual bankruptcy" ("હું એ લોકોમાંનો એક છું કે જે બુદ્ધિપૂર્વકની વિચારણામાં પૂરો વિશ્વાસ ધરાવે છે...વિચાર કરવાનો ઈનકાર કરવો તે આધ્યાત્મિક દેવાળાની જાહેરાત કરવા બરોબર છે.")

આ પ્રમાણે સ્વતંત્ર રીતે વિચાર કરતા સ્વાઈટ્ઝર પોતાના જીવનના ધ્રુવતારક સમાન Reverence for Life–જીવન પ્રત્યેના સમાદર અભિસાર–ની શોધ કરે છે. Beginning to think about life and the world leads a man directly and almost irresistibly to Reverence for Life. Such thinking leads to no conclusions which could point in other direction." "માનવી–જીવન અને જગત વિષે વિચાર કરતાં કરતાં માનવી જીવન પ્રત્યેના સમાદર અભિસાર પ્રત્યે લગભગ અનિવાર્યપણે અને એકાએક ખેંચાય છે. આવી વિચારણામાંથી અન્ય દિશાએ લઈ જાય એવાં કોઈ અનુમાનો–નિર્ણયો – નિષ્પન્ન થતા જ નથી."

આ Reverence for Life–જીવન પ્રત્યેનો સમાદર અભિસાર–શું છે? સ્વાઈટ્ઝર કેવી રીતે આ સિદ્ધાન્ત ઉપર આવે છે? પ્રથમ વિશ્વયુદ્ધ થયું. યુરોપની પ્રજાએ એકબીજાની કતલ શરૂ કરી. તેની અસર હબસીઓ ઉપર પડી. તેમને પણ યુદ્ધમાં ઘસડાવું પડ્યું. સ્વાઈટ્ઝરનું મન ચકડોળે ચડ્યું. ચારે તરફ સંસ્કૃતિ અને માનવતાનો વિધ્વંસ તેણે નિહાળ્યો. આવું અધ:પતન કેમ થયું? આમાંથી ઉત્થાન કેમ થાય? સ્વાઈટ્ઝર કહે છે કે, "એક વાર નૌકામાં વિહાર કરતાં હું ઊંડા વિચારમાં ઉતરી ગયો હતો એવામાં "There flashed upon my mind, unforseen and unsought, the phrase 'Reverence for Life.' The iron door had yielded; the path in the thicket had become visible." "મારા ચિત્ત ઉપર એકાએક આણધારી અને આણકલ્પી રીતે 'Reverence for life.'–'જીવન પ્રત્યેનો સમાદર અભિસાર'–એ વાક્ય ઝબકી ઊઠ્યું. લોખંડી દરવાજો ખુલી ગયો; ગાઢ જંગલમાં મંગલમય કેડીના દર્શન થયાં"

જીવન વિષે વિચાર કરતાં બધુંય ફેંકી દઈએ ત્યારે પણ 'હું છું' 'I think, so I Exist.' એ અવશેષ રહે જ છે. પણ, હું કોણ છું, શું છું? To think means to think something. The most immediate fact of man's consciousness is the assertion: "I am life that wills to–live in the midst of life which wills to live. And it is as will-to-live in the midst of will–to–live that man conceives himself during every moment that he spends in meditating on himself and the world around him."

આ અંગ્રેજી ફકરાનો સાર એ છે કે, વિચારવું એટલે ક્રાંઈક વિચારવું. માનવીની ચેતનાને લગતી સૌથી અગત્યની હકીકત તો એ છે કે અંદરથી નિશ્ચયપૂર્વકનો અવાજ આવ્યા જ કરે છે કે "હું જીવવા ઈચ્છતો એક જીવ છું, મારી આસપાસ જીવવા ઈચ્છતા અસંખ્ય જીવો છે, મને જીવવું છે એટલું જ નહિ પણ સુખેથી જીવવું છે, બીજા જીવોને પણ જીવવું છે એટલું જ નહિ પણ સુખેથી જીવવું છે. કોઈ મરવા ઈચ્છતું નથી. કોઈને દુ:ખ જોઈતું નથી. આ બુદ્ધિગમ્ય અનુભવ છે. પણ મારું જીવન પ્રતિક્ષણ બીજા જીવોને ભોગે હું જીવી રહ્યો છું. મારી પ્રત્યેક શારીરિક ક્રિયામાં બીજાની હિંસા છે. સ્વાઈટ્ઝરના શબ્દોમાં કહું:–

The world, however, offers us the horrible drama of will–to live, divided against itself. One existence holds its own at the cost of another, one destroys another. Only in the thinking man has the will–to live becomes conscious of other's will–to live and desirous of solidarity with them. This solidarity, however, he cannot completely bring about, because man is subject to puzzling and horrible law of being obliged to live at the cost of other life and to incure again and again the guilt of destroying and injuring life. But as an ethical being he strives to escape wherever possible from this necessity, to put a stop to this disunion of the

will–to–live, so far as the influence of his existnce reaches. He thirsts to be permitted to preserve his humanity and to be able to bring to other existence release from their sufferings."

(અનુવાદ: "આ જગત 'જીવો જીવસ્ય જીવનમ્' એ સૂત્ર ઉપર આધારિત પરસ્પરવિરોધી જીવનસંઘર્ષનું એક અદ્‌ભૂત નાટક રજુ કરે છે. એક જીવ અન્ય જીવના અસ્તિત્વના ભોગે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માંગે છે. એક અન્યનો નાશ કરે છે. માત્ર વિચારશીલ માનવીનું મન પોતાની જીવવાની ઈચ્છા સાથે અન્ય જીવોની પણ એક પ્રકારની જીવવાની ઈચ્છા વિષે સભાન બને છે અને તે જીવો સાથે સુમેળ સાધવાનું ઈચ્છુક બને છે. આમ છતાં પણ આ સહઅસ્તિત્વની ભાવનાને તે પૂરા અંશમાં અમલી બનાવી શકતો નથી, કારણ કે અન્યના ભોગે જ જીવી શકાય તેમ છે.

"અન્ય જીવોની સતત હિંસા ઉપર જ પોતાનું જીવન નિર્ભર છે. એ પ્રકારના–સહૃદય માનવીને ગુંગળાવતા–દુષ્ટતાભર્યા કુદરતના કાનૂનને માનવી હંમેશને માટે આધીન છે. આમ છતાં પણ જીવના ભોગે જીવને ટકાવવાની અથડામણની અનિવાર્યતાથી બચવાનો સહૃદય નીતિપરાયણ માનવી પોતાથી બને તેટલો પ્રયત્ન કરતો રહે છે. પોતામાં રહેલી માનવતાની વૃત્તિ અને ભાવનાને ટકાવી રાખવા માટે અને અન્ય જીવોને બને તેટલું અભયદાન આપવા માટે તે હંમેશા અત્યન્ત ઈન્તેજાર હોય છે.")

આ જીવન સંઘર્ષમાં કેટલીક હિંસા અનિવાર્ય છે. એમ છતાં પણ માણસ બને તેટલો અહિંસક થઈને, અથવા તો ઓછામાં ઓછી હિંસા કરીને, પોતાનું નૈતિક તથા આધ્યાત્મિક જીવન વિકસાવી શકે છે અને એ રીતે પોતાની માનવતા જાળવી શકે છે, અને બીજા જીવોને અભયદાન આપી શકે છે. આ વિચારધારામાંથી સર્વ જીવ પ્રત્યે પ્રેમ, કરુણા અને મૈત્રી જેને સ્વાઈટ્‌ઝર 'રેવરન્સ ફૉર લાઈફ' કહે છે તે અચૂક જાગે છે.

જીવનના સંઘર્ષમાંથી ઉત્પન્ન થતી હિંસા ટાળવાનો રાજમાર્ગ will to love–પ્રેમાગ્રહ છે, જીવ માત્ર પ્રત્યે આદરભાવ છે.

આવી જેને દૃષ્ટિ હોય તેને મન સર્વ જીવ સમાન છે. તેનામાં ઉચ્ચ નીચના કોઈ ભેદ રહેતા નથી. એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના સર્વ જીવ પ્રત્યે સમાન આદર રહે છે.

આવું જીવન તેઓ પોતે ૯૦ વરસથી જીવી રહ્યા છે. એ જણાવવાની જરૂર ન હોય કે તેઓ વર્ષોથી નિરામિષાહારી છે. તેમણે માનવ સેવા તો કરી છે, પણ જીવમાત્ર પ્રત્યે આદર અને કરુણા તેમનામાં ભર્યા છે તે બતાવતાં તેમની આસપાસ અનેક પ્રાણિઓ અને પક્ષીઓ Pet animals and birds નું મોટું વૃંદ હમેશાં રહેતું, જમવા બેસે તો કીડી–વાંદાને માટે ખાવાનું નાખે. મકાનનો પાયો નાખતાં હોય તો માટીમાં જીવાત નથી તે જોવે, ઝુંપડું બાંધવા એક ડાળી જોતી હોય તો બે ન તોડે. તેઓ લખે છે:–

"Devoted as I was from boyhood to the cause of the protection of animal life, it is a special joy to me that universal ethic of Reverence for life shows the sympathy for animals, which is so often represented as sentimentality, to be a duty which no thinking man can escape."

(અનુવાદ: "પશુ જીવનને રક્ષણ આપવાના ધર્મકાર્ય તરફ નાનપણથી જ મારું મન વળેલું હોઈને મારા માટે એ સવિશેષ આનંદનો વિષય બને છે કે 'રેવરેન્સ ફૉર લાઈફ'- 'જીવ માત્ર વિશે સમાદરબુદ્ધિના'- સર્વવ્યાપી નૈતિક વિચારમાંથી પશુઓ પ્રત્યેની સહાનુભૂતિ જેને ઘણી વાર કેવળ લાગણીવેડા તરીકે વર્ણવીને ઉતારી પાડવામાં આવે છે તે સહજપણે એક એવા ધર્મ તરીકે ફલિત થાય છે કે જેનો કોઈ વિચારશીલ માનવી ઈનકાર કરી નજ શકે.")

અંતમાં સ્વાઈટ્‌ઝરનો જીવનમંત્ર તેમનાં જ શબ્દોમાં કહું:–

The ethic of Reverence for Life is found particularly strange, because it establishes no dividing line between more valuable and less valuable life. To undertake to lay down universally valid distinctions of value between different kinds of life will end in judging them by greater and lesser distance at which they seem to stand from us human beings–as we ourselves judge. But that is a purely subjective criterion. Who among us knows what significanee any other kind of life has in itself, and as as a part of the Universe.

"To the man who is truly ethical, all life is sacred, including that which from the human point of view seems lower in the scale,"

(અનુવાદ: "આ જીવમાત્ર વિષેના સમાદરનો વિચાર ખાસ કરીને એટલા માટે વિચિત્ર જેવો ભાસે છે કે તે ઉચ્ચ કોટિના અને નિમ્ન કોટિના જીવો વચ્ચે, વધારે ઉપયોગી અને ઓછા ઉપયોગી જીવો વચ્ચે કોઈ ભેદભાવને સ્વીકારતો નથી. જીવોની ભિન્ન ભિન્ન જાતિઓને મૂલ્યાંકનનો માપદંડ લાગુ પાડવાનું પરિણામ આપણી માનવજાત અને તેમની વચ્ચે આપણે જે ઓછુંવધતું અંતર માની બેઠા છીએ તે ધોરણે તેમના વિષે વિચારવામાં અને ન્યાય તોળવામાં આવશે. પણ આ તો કેવળ સ્વલક્ષી સાપેક્ષ ધોરણ કહેવાય. અન્ય કોઈ જીવયોનિનું સ્વતઃ શું મહત્ત્વ છે અને આ વિશ્વના એક અંગ તરીકે તેનું શું સ્થાન છે એ સંબંધમાં આપણામાંનો કોણ શું જાણે છે?

"જે માનવી ખરેખરો નીતિમાન છે તેને મન જીવન માત્ર પવિત્ર છે અને તેમાં એ જીવોનો પણ સમાવેશ થાય છે કે જે માનવીના દૃષ્ટિકોણથી નિમ્નકોટિના લેખાય છે.")

આ શુદ્ધ જૈન ધર્મ છે. મેં તમને આ ફકરાઓ વાંચી સંભળાવ્યા છે, જેથી તમને એમ ન લાગે કે સ્વાઈટ્‌ઝર વિષે કહેતાં હું કોઈ અતિશયોક્તિ કરી રહ્યો છું અથવા તો મારું પોતાનું ઉમેરું છું. સ્વાઈટ્‌ઝરે પોતાના કેટલાય પુસ્તકોમાં અને ખાસ કરીને તેમના 'My life and Thought' પુસ્તકમાં જે તેમની આત્મકથા છે તેમાં આ બધું વિશદતાથી સમજાવ્યું છે.

સ્વાઈટઝરનો આ જીવનમંત્ર સનાતન સત્ય છે. આવી મહાન વિભૂતિને આ વ્યાખ્યાન નિમિત્તે જાણવાની–વિગતથી ઓળખવાની મને તક મળી તે માટે હું મારી જાતને ધન્ય માનું છું."

**ચીમનલાલ ચકુભાઈ શાહ**

**પૂરક નોંધ:** આ લખાણ ઉપરની શરૂઆતની તંત્રી નોંધમાં જણાવવામાં આવ્યું છે તેમ આ મહામાનવનું તા. ૫-૯-'૬૫ ના રોજ અવસાન થયું છે અને આફ્રિકાના તેમના પોતાના આશ્રમમાં તેમને દફનાવવામાં આવ્યા છે. છ ફૂટ લાંબા, લાંબા શ્વેત વાળ ધરાવતા આ ઋષિના- સન્ત પુરુષના સંસર્ગમાં આવીને અનેકના જીવનમાં પલટા આવ્યા છે. ૮૦ વર્ષની વયે તેમણે છેલ્લી વાર વાદ્યસંગીત સંભળાવ્યું હતું. ૧૯૫૭ માં એટલે કે ૮૨ વર્ષની વયે તેમનાં સહધર્મચારિણી હેલન બ્રેસલૉ જેમની સાથે તેમણે ૧૯૧૨ ની સાલમાં લગ્ન કર્યું હતું અને જેમણે અખંડ ૪૫ વર્ષ સુધી સ્વાઈટ્‌ઝરને તેમના જીવનકાર્યમાં એક સરખો સાથ આપ્યો હતો તેઓ સ્વર્ગે સીધાવ્યાં હતા. સંતાનમાં સ્વાઈટ્‌ઝર પોતાની પાછળ એક જ પુત્રી મૂકી ગયા છે.

'ચિત્રલેખા' માં પ્રગટ થયેલી તેમના અંગેની એક જીવન નોંધના છેડે યથોચિત જણાવવામાં આવ્યું છે કે "ગાંધીજીના અવસાનથી વ્યથિત થયેલા ડૉ. આઈન્સ્ટાઈને કહ્યું હતું કે આવો જીવતો જાગતો માણસ આ ધરતી ઉપર હરતો ફરતો હતો એમ માનવામાં નહિ આવે. ડૉ. સ્વાઈટઝર માટે પણ કહેવું જોઈએ કે ઈશુ પછી આવો દયાળુ અને સેવાભાવી સહૃદયી ખ્રિસ્તી સાધુપુરુષ જગતે જોયો નથી. જ્યારે ઈશુની ખ્રિસ્તી અનુયાયી ગણાતી ગોરી પ્રજાએ બન્ને વિશ્વવિગ્રહમાં લાખો માનવીઓનાં ગળાં કાપ્યાં અને કરોડોને પાયમાલ કર્યા છે અને જે ગોરી પ્રજા ઐહિક સુખ, સ્વાર્થ અને બીજાના શોષણમાં રચીપચી રહી છે ત્યારે એ ગોરી સંસ્કૃતિનો ગોરો ખંડ છોડીને કાળા આફ્રિકામાં જઈ પોતાનું જીવન પીડાતી, અબુધ, ગરીબ આફ્રિકી પ્રજાની સેવામાં પોતાની જાતને અર્પણ કરનાર બીજો સ્વાઈટ્‌ઝર જગતને ક્યારે મળશે?

સમાપ્ત

–પરમાનંદ

# પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન નોંધાયેલો ફાળો

## મુંબઇ જૈન યુવક સંઘ

૫૦૦-૦૦ શ્રી એક સદ્‌ગૃહસ્થ
૫૪૨-૩૫ ઝોળીમાં આવ્યા.
૨૫૧-૦૦ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ
૨૫૧-૦૦ ,, રમણિકલાલ મણિલાલ શાહ
૨૫૧-૦૦ ,, ચીમનલાલ જેઠાલાલ શાહ
૨૫૧-૦૦ ,, એક સદ્‌ગૃહસ્થ
૨૫૧-૦૦ ,, એક સદ્‌ગૃહસ્થ
૨૫૧-૦૦ ,, એક સદ્‌ગૃહસ્થ
૨૫૧-૦૦ ,, નવલમલ કુંદનમલ ફિરોદિયા
૨૫૦-૦૦ ,, ખીમજી માડણ ભુજપુરીઆ
૨૫૦-૦૦ ,, લીલાધર પાચુ શાહ
૨૫૦-૦૦ ,, એસ. બી. જુન્નરકર
૨૫૦-૦૦ ,, રસિકલાલ મોહનલાલ ઝવેરી
૨૦૧-૦૦ ,, વીશા પ્રિન્ટરી
૨૦૧-૦૦ ,, વીરચંદ પાનાચંદની કું.
૨૦૧-૦૦ ,, ગુલાબચંદ તલકચંદ શેઠ
૨૦૦-૦૦ ,, નરેન્દ્ર શીવલાલ ગુપ્તા
૧૫૦-૦૦ ,, ચીમનલાલ પી. શાહ
૧૫૦-૦૦ ,, એક સદ્‌ગૃહસ્થ
૧૩૫-૦૦ ,, પરચુરણ રકમો દસ નીચેની
૧૨૫-૦૦ ,, હીરાબહેન દીપચંદ સંઘવી
૧૨૫-૦૦ ,, મહેન્દ્રભાઈ દીપચંદ સંઘવી
૧૦૧-૦૦ ,, ફત્તેહચંદ લલ્લુભાઈ શાહ
૧૦૧-૦૦ ,, નૌતમલાલ દીપચંદ શાહ
૧૦૧-૦૦ ,, મફતલાલ ભીખાચંદ
૧૦૧-૦૦ ,, રીષભદાસજી રાંકા
૧૦૧-૦૦ ,, સેવંતીલાલ ખેમચંદ શાહ
૧૦૧-૦૦ ,, શાન્તાબહેન લાખાણી
૧૦૧-૦૦ ,, સ્વ. અંબાલાલ ચતુરભાઈ શાહના સ્મરણાર્થે તેમના કુટુંબીજનો તરફથી
૧૦૧-૦૦ ,, જયંતીલાલ અંબાલાલ શાહ
૧૦૧-૦૦ ,, ઉર્મિલાબહેન જયંતીલાલ શાહ
૧૦૧-૦૦ ,, હરખચંદ ત્રીભોવનદાસ
૧૦૧-૦૦ ,, ડી. આર. વી. ટ્રેડીંગ કું.
૧૦૧-૦૦ ,, ચંચળબહેન ટી. જી. શાહ
૧૦૧-૦૦ ,, અજમેરા એન્ડ કું.
૧૦૧-૦૦ ,, લખમશી નેણસી
૧૦૧-૦૦ ,, નાનાલાલ જે. કોઠારી
૧૦૧-૦૦ ,, પદ્માબહેન શાહ
૧૦૧-૦૦ ,, નીરૂ એન્ડ કું.
૧૦૦-૦૦ ,, સુબોધભાઈ એમ. શાહ
૧૦૦-૦૦ ,, હુંગરશી ધરમસી સંપત
૧૦૦-૦૦ ,, મહાસુખલાલ ભાઈચંદ
૧૦૦-૦૦ ,, ગીરધરલાલભાઈ કોટક
૧૦૦-૦૦ ,, એમ. બી. વોરા
૮૧-૦૦ ,, એક સદ્‌ગૃહસ્થ
૭૫-૦૦ ,, રતિલાલ ચીમનલાલ કોઠારી
૫૧-૦૦ ,, ભગવાનદાસ પોપટલાલ શાહ
૫૧-૦૦ ,, પ્રવિણભાઈ મંગળદાસ શાહ
૫૧-૦૦ ,, મણિબહેન સવચંદ કાપડિયા
૫૧-૦૦ ,, ખેતસી માલસી સાવલા
૫૧-૦૦ ,, મનુભાઈ ગુલાબચંદ કાપડિયા
૫૧-૦૦ ,, કેશવજી લખમશી દેઢીયા
૫૧-૦૦ ,, નરોત્તમદાસ વાડીલાલ
૫૧-૦૦ ,, રાયચંદ હીરાચંદ ઝવેરી
૫૧-૦૦ ,, કે. પી. શાહ
૫૧-૦૦ ,, મોંઘીબહેન હીરાલાલ શાહ
૫૧-૦૦ ,, રમણલાલ લાલભાઈ લાકડાવાળા
૫૧-૦૦ ,, લીનાબહેન જીતેન્દ્ર શેઠ
૫૧-૦૦ ,, એક સદ્‌ગૃહસ્થ
૫૧-૦૦ ,, પોલી રબ્બર ઈન્ડસ્ટ્રીઝ
૫૧-૦૦ ,, નરસી કોરસીની કું.
૫૧-૦૦ ,, સુનીતાબહેન શેઠ
૫૧-૦૦ ,, હીમતલાલ લાડકચંદ વોરા
૫૧-૦૦ શ્રી આર. સી. શાહ
૫૧-૦૦ ડૉ. ચીમનલાલ શ્રોફ
૫૧-૦૦ શ્રી જયંતીલાલ કાળીદાસ
૫૧-૦૦ ,, જયંતીલાલ પોપટલાલ
૫૧-૦૦ ,, સુરજબહેન મનસુખલાલ કોઠારી
૫૧-૦૦ ,, ન્યાલચંદ જીવણલાલ મહેતા
૫૦-૦૦ ,, ચંદુલાલ સાકળચંદ શાહ
૫૦-૦૦ ,, જસુમતિબેન મનુભાઈ કાપડિયા
૫૦-૦૦ ,, ગજરાબહેન કેશવલાલ
૪૧-૦૦ ,, કાન્તાબહેન કસ્તુરચંદ ઝવેરી
૩૫-૦૦ ,, વિજયાબહેન દુર્લભજી પરીખ
૨૭-૦૦ ,, એક સદ્‌ગૃહસ્થ
૨૫-૦૦ ,, પરમાનંદ કુંવરજી કાપડિયા
૨૫-૦૦ ,, લીલાવતીબહેન દેવીદાસ
૨૫-૦૦ ,, મેનાબહેન નરોત્તમદાસ
૨૫-૦૦ ,, ગણપતલાલ મગનલાલ ઝવેરી
૨૫-૦૦ ,, અમૃતલાલ જેસંગલાલ પટ્ટણી
૨૫-૦૦ ,, ચુનિલાલ નાથાલાલ શાહ
૨૫-૦૦ ,, લવણપ્રસાદ કુલચંદ શાહ
૨૫-૦૦ ,, જેચંદદાસ માધવલાલ
૨૫-૦૦ ,, નવનીતલાલ મંગળદાસ પારેખ
૨૫-૦૦ ,, નંદલાલ છગનલાલ
૨૫-૦૦ ,, કાન્તિલાલ નથુભાઈ પારેખ
૨૫-૦૦ ,, કરમસી હીરજી
૨૫-૦૦ ,, જમનાદાસ જે. શાહ
૨૫-૦૦ ,, ખુશાલભાઈ સાંકળચંદ
૨૫-૦૦ ,, રમેશ શેઠ
૨૫-૦૦ ,, નાનજી વિજપાલ
૨૫-૦૦ ડૉ. મોહનલાલ શાહ
૨૫-૦૦ શ્રી મોહનલાલ ત્રીભોવનદાસમોદી
૨૫-૦૦ ,, મણિબહેન શીવલાલ શાહ
૨૫-૦૦ ,, દલપતલાલ કેશવલાલ
૨૫-૦૦ ,, કાંતિલાલ છોટાલાલ
૨૫-૦૦ ,, અનુભાઈ રતિલાલ
૨૫-૦૦ ,, મહેન્દ્ર બી. શાહ
૨૫-૦૦ ,, ખીમજી માણેક વીરા
૨૫-૦૦ ,, કપિલાબહેન શાસ્ત્રી
૨૫-૦૦ ,, અરૂણ મુનસીફ
૨૫-૦૦ ,, ઈન્દુમતીબહેન મુનસીફ
૨૫-૦૦ ,, અજિતભાઈ તથા મેનાબહેન દેસાઈ
૨૫-૦૦ ,, મણિલાલ બી. નાણાવટી
૨૧-૬૫ એક સદ્‌ગૃહસ્થ
૨૧-૦૦ ડૉ. હસમુખલાલ ચીમનલાલ કુવાડીયા
૨૧-૦૦ શ્રી જોરમલ મંગળજી મહેતા
૨૧-૦૦ ,, ગુણવંતીબહેન ચીનુભાઈ ચોકસી
૨૧-૦૦ ,, રસિકલાલ લહેરચંદ
૨૧-૦૦ ,, હીરાલાલ ગાંધી
૨૧-૦૦ ,, ચંદુલાલ પી. શાહ
૨૧-૦૦ ,, પ્રવીણચંદ્ર કેશરીચંદ
૨૧-૦૦ ,, અરવિંદભાઈ મોહનલાલ ચોકસી
૨૧-૦૦ ,, રમણલાલ મણિલાલ પટ્ટણી
૨૦-૦૦ એક સદ્‌ગૃહસ્થ
૧૫-૦૦ શ્રી રમણિકલાલ વાડીલાલની કું.
૧૫-૦૦ ,, સુશિલાબહેન કોઠારી
૧૫-૦૦ ,, એક સન્નારી
૧૫-૦૦ ,, જીતેન્દ્રકુમાર કાંતિલાલ શાહ
૧૫-૦૦ ,, કસ્તુરીબહેન મેશેરી
૧૫-૦૦ ,, રતનશી ઉમરશી
૧૧-૦૦ ,, સુખલાલ એમ. મહેતા
૧૧-૦૦ ,, સુધાબહેન અરૂણકુમાર ઝવેરી
૧૧-૦૦ ,, લીલાબહેન મનુભાઈ
૧૧-૦૦ ,, ચીમનલાલ બ્રધર્સ ટોપીવાળા
૧૧-૦૦ ,, ચંપકલાલ મૂળચંદ લાખાણી
૧૧-૦૦ ,, પી. એ. દોશી
૧૧-૦૦ ,, મૂળજીભાઈ વેરશી શાહ
૧૧-૦૦ ,, કાંતિલાલ પુનમચંદ
૧૧-૦૦ ,, વેણીબહેન કાપડિયા
૧૧-૦૦ ,, પ્રવિણચન્દ્ર રમણલાલ
૧૧-૦૦ ,, દામજી ઉમરસી
૧૧-૦૦ ,, મુળચંદ નાનાલાલ
૧૧-૦૦ ,, ગોશરભાઈ એસ. વીસરીયા
૧૧-૦૦ ,, ચત્રભુજ નાગરદાસ
૧૧-૦૦ ,, અમરચંદ ચંદુભાઈ ઝવેરી
૧૦-૦૦ ,, જી. ડી. દફ્તરી
૧૦-૦૦ ,, પ્રકાશભાઈ ગાંધી
૧૦-૦૦ ,, કેશવલાલ નગીનદાસ શાહ
૧૦-૦૦ ,, બાબુભાઈ કેશવલાલ શાહ
૧૦-૦૦ ,, વાસંતીબહેન દેસાઈ
૧૦-૦૦ ,, અને શ્રીમતી પારેખ
૧૦-૦૦ ,, ભાણજી ઠારકરસી
૧૦-૦૦ ,, ગાંગજી વેલજી
૧૦-૦૦ ,, એલ. વી. સંઘવી
૧૦-૦૦ ,, રતિલાલ છોટાલાલ

૧૦૩૯૬-૦૦

## શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય

૨૦૦-૦૦ શ્રી ધીરજલાલ અજમેરા
૧૦૧-૦૦ મે. આર. કે. દેસાઈ એન્ડ કું.
૧૦૧-૦૦ ,, મોર્ડન એન્જિનિયરીંગ સ્ટોર્સ
૧૦૧-૦૦ ,, યુનિયન ટયુબ એન્ડ હાર્ડવેર માર્ટ
૧૦૧-૦૦ ,, જયંતિલાલ એન્ડ કું.
૧૦૧-૦૦ ,, બી. ત્રીકમલાલ એન્ડકું.પ્રા.લી.
૧૦૧-૦૦ ,, મીલ સ્ટોર્સ કું. બોમ્બે લી,
૧૦૧-૦૦ ,, કેસાણી
૧૦૧-૦૦ ,, પેરેડાઈઝ ટ્રેડીંગ કોર્પોરેશન
૧૦૧-૦૦ ,, આર. સવાઈલાલ એન્ડ કું.
૧૦૧-૦૦ ,, એમ. કાન્તિલાલ એન્ડ કું.
૧૦૧-૦૦ ,, સુન્દરલાલભાઈ
૧૦૧-૦૦ ,, સ્વરૂપચંદભાઈ શ્રોફ
૧૦૧-૦૦ ,, આર. કાન્તિલાલની કું.
૧૦૧-૦૦ ,, ન્યુ ઈન્ડિયા ટ્રેડિંગ કું.
૧૦૧-૦૦ ,, ખુશાલદાસ જે. મહેતા
૧૦૧-૦૦ ,, પી. રતિલાલની કું.
૧૦૧-૦૦ ,, જયંતિલાલ ચુનીલાલ
૧૦૧-૦૦ ,, ભગવાનદાસભાઈ
૫૦-૦૦ ,, મોહનલાલ નગીનદાસજરીવાળા
૯-૭૫ ,, વલ્લભદાસ ફ લચંદ મહેતા

૨૦૭૭-૭૫

માલિક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઇ-૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ પોપ્યુલર પ્રેસ, કોટ, મુંબઇ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૭ : અંક ૧૩

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, નવેમ્બર ૧, ૧૯૬૫, સોમવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૨૫ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

## મારી અસંદિગ્ધ ભૂમિકા

[ જ્યારે સર્વોદય કાર્યકરો આજની યુદ્ધપરિસ્થિતિ અંગે કેવું વલણ અખત્યાર કરવું તે વિષે સંદિગ્ધ મનોદશા અનુભવે છે અને શેક્સપિયરના 'હેમલેટ'ની માફક 'to do or not to do' આ પ્રકારની કર્તવ્યાકર્તવ્ય–મૂઢતાના કારણે વ્યાકુળતા દાખવે છે ત્યારે તેઓ નિશ્ચિતતાના માર્ગ ઉપર સ્થિર પગલાં માંડતા થાય એવી આશા સાથે વિનોબાજીનું સુસ્પષ્ટ અને વિષદ નિવેદન નીચે પ્રગટકરવામાં આવે છે. તંત્રી)

હું કોઈનો પક્ષ લેવા નથી માગતો, પણ આખરે રજ્જુ રજ્જુ છે અને સાપ સાપ છે એ તો કહેવું જ પડે ને? બિલકુલ દીવા જેવી સ્પષ્ટ વાત હતી અને ત્યાંના યુનોના નિરીક્ષકોએ પણ જાહેર કરેલું કે પાકિસ્તાન તરફથી ઘૂસણખોરી થઈ હતી. એ જુદી વાત છે કે બાર-તેર વર્ષમાં ત્યાં શું થયું. બંને બાજુ ભૂલ થઈ હશે, પણ અત્યારે તેનો હિસાબ કરવા બેસવામાં સાર નથી. પરંતુ આ વખતે કચ્છકરાર પછી એકદમ આ થયું તેના પરથી એક સ્વાભાવિક શંકા ઊઠે છે કે કચ્છ-કરાર થયા તે પહેલાંથી જ આની કંઈક તૈયારી હશે. મનમાં એવો યે એક વિચાર આવે છે કે પાકિસ્તાન પોતાના જ બળ ઉપર આટલી હિમત ન કરે. કદાચ એને અંદરથી આશા હશે કે ચીન પણ બીજો મોરચો ખોલે.

માટે હું તટસ્થ રહેવા માગું છું, પણ જોઉં છું કે સીધું આક્રમણ થયું છે તો મારે તેમ કહેવું જ જોઈએ. વળી, એ આક્રમણને ખાળવા માટે એ જ્યાંથી શરૂ થાય છે, જ્યાં એનું ઉગમ-સ્થાન છે ત્યાં જ એને રોકવું ઉચિત માનીને ભારતની સેના ત્યાં ગઈ હોય તો તેણે સીમા–ઉલ્લંઘન કર્યું છે એમ હું નથી માનતો. હવે, એક વાર એક ચક્ર શરૂ થઈ જાય છે પછી બેઉ બાજુ કદાચ થોડા ઘણા અત્યાચાર થયા હોય એ અલગ વાત છે. પરંતુ મૂળ વાત વિષે મારા મનમાં શંકા નથી. મને ચીન વિશે શંકા નહોતી અને મેં તુરત જાહેર કરેલું કે આક્રમણ ચીનદ્વારા થયું છે. આપણા કેટલાક સાથીઓને લાગેલું કે બાબાએ પૂરતી તપાસ વિના બોલવામાં ઉતાવળ કરી. પણ મને તો સરવાળે જોતાં જે લાગ્યું તે મેં કહ્યું.

આ મારી ભૂમિકા છે. આમાં અહિંસાને કશી આંચ નથી આવતી. વિજ્ઞાનમાં એક શુદ્ધ વિજ્ઞાનશાસ્ત્ર (Pure) હોય છે અને એક વહેવારમાં લાગુ પાડેલું પ્રાયોગિક (Applied) વિજ્ઞાન હોય છે, તેવી જ રીતે એક શુદ્ધ અહિંસાશાસ્ત્ર છે અને એક પ્રાયોગિક અહિંસા છે. જે કાંઈ બધા સવાલ ઊભા થાય છે તે અહિંસાના સિદ્ધાંતનો વહેવારમાં પ્રયોગ કરવા બાબતમાં થાય છે. આપણને સહુને વિશ્વાસ છે કે હિંસા વધશે તેમ વેર વધશે, અને હિંસાથી કદી કોઈનું કલ્યાણ નહીં થાય, અને જ્યારે હિંસા સંહારનું રૂપ લઈ ચૂકી છે ત્યારે તો હરગિજ નહીં. આમાં કોઈ શંકાને સ્થાન નથી. પરંતુ આ થયું યુદ્ધશાસ્ત્ર 'Those who take sword will perish,' ઈશુએ કહી દીધું. તલવાર લેનારો તલવારથી ખતમ થશે તો આણુબોમ્બ લેનારો આણુબોમ્બથી ખતમ થશે એ સ્પષ્ટ છે. આ વિષે કોઈ માનસિક શંકા મને નથી.

પણ જ્યારે આના ઓપ્લીકેશનની-વહેવારમાં પ્રયોગ કરવાની-વાત આવે છે ત્યારે અનેક સવાલ એકદમ પેદા થાય છે. પછી ત્યાંના જે Pacifists – શાંતિવાદીઓ છે તેઓ બાયબલના આધારે કહે છે કે આમારે કયા પક્ષે ન્યાય છે અને કયા પક્ષે અન્યાય એ જોવાની જરૂર નથી, કોણે કોના ઉપર આક્રમણ કર્યું એ વિચાર-વાનીયે જરૂર નથી, પૂર્વાપર સ્થિતિ, ઈતિહાસ વગેરે કાંઈ પણ જોવાની જરૂર નથી, અમારે ફક્ત એટલું જ કહેવું છે કે હિંસા બંધ કરો. આમારા પોતાના દેશને અને બીજા દેશને ય કહેવું છે કે હિંસા બંધ કરો.

હવે આમની સાથે પૂરી સહાનુભૂતિ હોવા છતાં યે, આ ભૂમિકા લેવાનું હજી સુધી મારે માટે શક્ય નથી બન્યું. વળી, સવાલ એ થાય છે કે અહિંસા એ વૃત્તિ છે કે બાહ્ય ટેક્નિક છે? તો જવાબ મળે છે કે અહિંસા એ કેવળ ટેક્નિક નથી, વૃત્તિ છે. અને એટલે જ્યાં વૃત્તિ પ્રધાન છે ત્યાં બહારથી ક્યારેક પ્રતિકારનો મોકો આવ્યો, અને સમૂહના ખ્યાલથી તે અનિવાર્ય લાગ્યો, તો તેને ટાળવો જ જોઈએ એવું હજી સુધી મારા મનમાં સાફ નથી. આ માટે ગૌતમબુદ્ધ અને ઈશુખ્રિસ્ત મને માફ કરે.

શાંતિસેના આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં કાંઈ કરી શકે એવી સ્થિતિ તો આજે છે જ નહીં. પટણામાં રમખાણ થયાં, કોલ્હાપુરમાં રમખાણ થયાં, ઈન્દોરમાં થયાં, પૂનામાં થયાં, પણ શાંતિસેના કાંઈ ન કરી શકી તો આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં એ કેવી રીતે પડે? એ વાત જુદી છે કે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં આપણામાંથી કોઈની સમત્વ બુદ્ધિથી મદદ થતી હોય તો તે જરૂર કરવી જોઈએ. જેમકે જયપ્રકાશજી હમણાં નાગભૂમિમાં કોશિશ કરી રહ્યા છે. એ જાતના પ્રયત્ન કરીએ તે જુદી વાત છે. પણ આંતરરાષ્ટ્રીય હુમલો થઈ રહ્યો છે તેના મુકા-બલામાં શાંતિસેના મોકલીએ અને લશ્કરનો ઉપયોગ ન કરવો પડે, એ આજે શક્ય નથી દેખાતું. આ મર્યાદા પણ સમજી લેવી જોઈએ. એટલે આજે તો વાતચીત દ્વારા સમસ્યા ઉકેલવાનો જે કંઈ પ્રયત્ન થઈ શકે તે કરવો જોઈએ. પણ આજે શાંતિસેના ત્યાં મોરચા પર સફળ થશે એવું મને દર્શન નથી થતું, શાંતિસેના કાર્યકારિણી થવા માટે આજે તમારું ક્ષેત્ર ભારતની અંદર જ છે.

વારાણસી - તા. ૭-૯-૧૯૬૫ વિનોબા

## દિવ્ય પંથે

તું ચાલ, બન્ધુ ચાલ,
આગે ચાલ ચાલ્યો જા સદા .....
હિમ્મત કદી ખોતો નહીં,
સંકટથી તું ડરતો નહીં,
જિન્દગીના ખેલ કરવા, ચાલ ચાલ્યો જા સદા ..... તું.૧
અન્ધાર છો ઉમટી પડે,
વાદળ ભલે તૂટી પડે.
ઠોકરો ને પથ્થરોના ઘાવ ઝીલતો જા સદા ..... તું.૨
આફતને અવસર માનજે,
પ્રતીકાર કરતો ચાલજે,
ભગવાન કેરો હાથ તારા શિર પર નિશ્ચે સદા ..... તું.૩
કરુણાનાં પૂર વેગે વહે,
કીર્તિના ડંકા ગડગડે,
સ્વસ્થ ચિત્તે, મસ્ત હૃદયે, દિવ્ય પંથે જા સદા ..... તું.૪
આશક તું થાજે ઈશનો,
સત્યનો સહારો ભલો,
તન્મય બનીને ચાલશું, તો પાર બેડો છે સદા ..... તું.૫

હરીશભાઇ વ્યાસ

# બે પત્રો

## ૧

(જે પત્રિકાનો મહત્ત્વનો ભાગ તા. ૧૬-૧૦-૬૫ના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થયો છે તે પત્રિકા વાંચીને શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે તા. ૫-૧૦-૬૫ના રોજ શ્રી નારાયણ દેસાઈ ઉપર લખેલા એક પત્ર દ્વારા પોતાના તત્કાલીન પ્રત્યાઘાતો રજૂ કર્યા હતા. તે પત્રની પહોંચ કે જવાબ હજુ સુધી આવેલ નથી. ઉપર જણાવેલ પત્રિકામાં કરવામાં આવેલા નીતિનિરૂપણ સાથે આ પત્ર સંબંધ ધરાવતો હોઈને પ્રબુદ્ધ જીવનના વાચકોને તેમાંથી ચિન્તનની નવી સામગ્રી પ્રાપ્ત થશે એમ સમજીને એ અંગ્રેજી પત્રનો અનુવાદ અહિં પ્રગટ કરવાનું ધાર્યું છે. તંત્રી)

૫ ઓક્ટોબર, ૧૯૬૫

પ્રિય શ્રી નારાયણ દેસાઈ,

આ પત્ર અંગ્રેજીમાં લખવા માટે તમારી ક્ષમા માંગું છું, કારણ કે હિંદી ભાષામાં મારા વિચારો સંતોષપૂર્વકરીતે વ્યક્ત કરવાનું મારા માટે શકય નથી.

તમારી તથા શ્રી રાધાકૃષ્ણની સહીથી પ્રગટ થયેલ 'ભારત–પાકિસ્તાન સંઘર્ષ ઔર હમારા કર્તવ્ય'એ મથાળાની પત્રિકા મારા વાંચવામાં આવી. જે બે સંસ્થાઓ તરફથી આ પત્રિકા પ્રગટ કરવામાં આવી છે તે સંસ્થાઓના પ્રતિનિધિ તરીકે તમને ઉદ્દેશીને આ પત્ર હું લખું છું.

એ પત્રિકામાં નવ પાનાં સુધી આપવામાં આવેલો હકીકત-વિભાગ લગભગ બરોબર છે. ત્યાર બાદ યુદ્ધનાં પરિણામો છે. દા. ત. બન્ને પક્ષોને થતી પાર વિનાની હાનિ અને નૈતિક મૂલ્યોની બરબાદી–આ બહુ જાણીતાં પરિણામો તમે રજૂ કર્યાં છે. મહાભારતના કાળથી દરેક યુદ્ધનું આવું પરિણામ જોવામાં આવ્યું છે. એક માત્ર સર્વસામાન્ય જે પરિણામ જોવામાં આવે છે તે છે યુદ્ધ અંગેના ભ્રમનિરાસનું. યુદ્ધનાં આ પરિણામો તમે શું એટલા માટે જણાવ્યાં છે કે તેથી તેનો પ્રતિકાર થતો અટકે?

'અન્યાયનો અહિંસક પ્રતિકાર' એ શબ્દોમાં ગાંધીજીએ યુદ્ધનો નૈતિક વિકલ્પ આપણી સામે રજૂ કર્યો છે. જાપાનીઝ હુમલાના પ્રસંગે આ વિકલ્પનો પ્રયોગ કરવાની તેમને કોઈ તક મળી નહોતી. કૉંગ્રેસે આવો કોઈ વિકલ્પ સ્વીકાર્યો નહોતો.

આ પત્રિકા એવી વ્યકિતઓ તરફથી પ્રગટ કરવામાં આવી છે કે જેઓ ગાંધીજીના ઉપદેશને અનુસરવાનો દાવો કરે છે. તમે એ તો કબુલ જ કરો છો કે પાકિસ્તાને ભારત ઉપર આક્રમણ કર્યું છે. આ ઉપરથી, તમે કહો છો કે, તમે આ યુદ્ધનો કેવળ વિરોધ તો કરી શકતા જ નથી, પણ સાથે સાથે તમે એમ પણ જણાવો છો કે અહિંસક શાન્તિ સૈનિકોના નાતે તમે સીધા યુદ્ધપ્રયત્નોમાં જોડાઈ પણ શકતા નથી. આગળ ચાલતાં તમે એમ પણ જણાવો છો કે યુદ્ધ અંગે અહિંસક પ્રતિકારનું તમને કોઈ સ્પષ્ટ દર્શન નથી. ત્યાં તમારી નીતિનું સ્વરૂપ સમજાવવાનો તમે પ્રયત્ન કર્યો છે, જે સરવાળે નાગરિક સંરક્ષણની તૈયારી સૂચવે છે.

જો હું તમને બરોબર સમજ્યો હોઉં તો, આ આક્રમણનો પ્રતિકાર થવો જોઈએ એ બાબત તો તમો કબુલ કરતા જણાઓ છો. તમને અહિંસક રીતે પ્રતિકાર કરવો ગમે ખરો, પણ આવો પ્રતિકાર અહિંસક રીતે કઈ રીતે થઈ શકે તેની તમને કોઈ સ્પષ્ટ સમજણ નથી. આ પરિસ્થિતિમાં સશસ્ત્ર પ્રતિકારનો તમે વિરોધ કરવા નહિ ઈચ્છો, પણ તેમાં ભાગ પણ નહિ લ્યો. તમે સશસ્ત્ર પ્રતિકાર નાપસંદ કરો છો કે નહિ તે હું નથી જાણતો. મને લાગે છે કે, આ પરસ્પર–વિરોધી અને નિષેધાત્મક વલણ કોઈના પણ લાભમાં નથી. તેથી અકળામણ નહિ તો ગૂંચવાડો તો પેદા થાય જ છે.

ગાંધીજી આવી કટોકટીના વખતે નિર્ણય લેતા અને તે પ્રમાણે તેનો અમલ કરતા. જો તેમને સ્પષ્ટપણે લાગતું કે આક્રમણનો સામનો કરવો જ જોઈએ તો, તેઓ પોતે એકલા હોત તો પણ, અહિંસક પ્રતિકારનો કોઈ ને કોઈ માર્ગ તેમણે શોધી કાઢયો હોત. ગાંધીજીની શ્રદ્ધા અને હિંમત વિના તેમની પરિભાષાનો જ પુનરૂચ્ચાર કર્યા કરવો તેનું કોઈ પરિણામ આવતું નથી. ભારતની ઉત્તર સરહદ ઉપર ચીની સરકારે હુમલો કર્યો ત્યારે પણ આમ જ બન્યું હતું.

જો તમને સુદૃઢપણે લાગતું હોય કે, આ આક્રમણનો સામનો કરવો જ જોઈએ, અને એમ છતાં તેનો અહિંસક પ્રતિકાર કેમ કરવો તેની તમને સમજણ ન હોય તો અહિંસક પ્રતિકારની વાતો કરવી તે શું ડહાપણભર્યું અને ઔચિત્યપૂર્ણ છે ખરું?

અલબત્ત, આજની પરિસ્થિતિમાં સામાન્ય નાગરિકો આ સશસ્ત્ર પ્રતિકારમાં સીધો કે સક્રિય ભાગ લે એ અપેક્ષિત જ નથી. એ કામ માત્ર લશ્કરનું જ છે. નાગરિકોએ યુદ્ધ પ્રયત્નોને ટેકો આપવાનો છે અને તમે પણ અહિંસક પ્રતિકારની વાતો કરીને સરવાળે આ જ કરવા માગો છો.

શ્રી જયપ્રકાશ નારાયણે પોતાના વલણમાં ફેરફાર કર્યો હોય તેમ તેમના નિવેદન ઉપરથી લાગે છે. સમગ્રપણે તેમણે પાકિસ્તાનને કહી દીધું છે કે, "કાશ્મીર અંગે કોઈ પણ દાવો કરવો બંધ કરો. એ બાબત તો કેવળ ભારત સરકાર અને કાશ્મીરની પ્રજા વચ્ચેની છે અને પાકિસ્તાનને તેમાં દરમ્યાનગીરી કરવાનો કોઈ અધિકાર નથી. અત્યારના ચિત્રપટમાં પાકિસ્તાનનું સ્થાન માત્ર એક આક્રમક તરીકેનું જ છે." તમારો અભિગમ આ પ્રકારના વલણ સાથે કંઈક વિસંવાદ દાખવતો જણાય છે.

મહેરબાની કરીને એમ ન માનશો કે હું હિંસાનો પક્ષપાતી છું. હું તો માત્ર યુદ્ધ અંગે અહિંસાની જે મર્યાદાઓ રહેલી છે તે તરફ તમારું ધ્યાન ખેંચું છું. શાન્તિનો પુરસ્કાર કરતો અહિંસક સૈનિક કદાચ આવા આક્રમણનો કશા આવેગ વિના અથવા તો પ્રતિપક્ષી વિષે પોતાના હૃદયમાં પ્રેમ અનુભવવા સાથે સામનો કરી શકે. આ રીતે તે જરૂર એક ઘણો મોટો દાખલો બેસાડી શકે. પણ જેમનામાં તેવી હિંમત અને શ્રદ્ધા નથી તેમણે જે અહિંસક પ્રતિકારનો તેઓ અમલ કરી શકતા નથી તેની ચર્ચાવાર્તા કરીને જાહેર જનતાના દિલમાં ગોટાળો પેદા કરવો ન જોઈએ. માનવજાતની એક ભારે કરુણા છે અને એક ભયંકર સમસ્યા છે કે સશસ્ત્ર પ્રતિકાર ઘણી વાર અનિવાર્ય બને છે. ગાંધીજીએ નવો માર્ગ તો બતાવ્યો પણ તેનો અમલ કરવા માટે પણ એવા જ ગાંધીની જરૂર છે. તેમની પરિભાષાનો પુનરૂચ્ચાર કેવળ એક એવો ભ્રમ પેદા કરે છે કે, જેઓ અહિંસક પ્રતિકારમાં માનતા હોવાનું પસંદ કરતા હોય પણ તેનો અમલ કરવાને અશકત હોય તેમને આવો ભ્રમ એક પ્રકારનો કદાચ આત્મસંતોષ આપી શકે.

કાશ્મીરની સમસ્યા ઘણી ગૂંચવાળી બની છે. તેનો વિચાર કરતાં લાગે છે કે તે અંગે બન્ને બાજુએ ઘણું કહી શકાય તેમ છે. આપણે બિનસાંપ્રદાયિકતા, લોકશાહી, સાર્વભૌમતા અને ભૌગોલિક પ્રમાણિકતા–આવા મુદ્દાઓ આગળ ધરી શકીએ. પાકિસ્તાન મુસ્લિમ બહુમતિ, લોકમત લેવાની આપણી કબુલાત અને કાશ્મીરના લોકોનો આત્મનિર્ણય કરવાનો અધિકાર–આવી બાબતો આગળ ધરી શકે. દુનિયાની મહાન સત્તાઓ આજે પોતાની રમત રમી રહેલ છે. તેમાંથી કોઈ પણ બાજુની સરકાર બાંધછોડ કરવાની સ્થિતિમાં નથી. બંને બાજુએ નક્કર અને જક્કી વલણ ઊભા થયાં છે.

હું તમને આ પત્ર એટલા માટે લખી રહ્યો છું કે, મને લાગે છે કે, જેઓ અહિંસક પ્રતિકારને અમલી બનાવી શકે તેમ ન હોય તેમની આવા પ્રકારની વાતો નકામી, અર્થવિનાની અને એકના એક નૈતિક સૂત્રોનું પુનરૂચ્ચારણ કરવા જેવી થઈ જાય છે. નૈતિક મૂલ્યોની રક્ષા કરવાના હેતુથી પ્રેરાયેલા કોઈ પણ પ્રયત્નની અને આધુનિક યુદ્ધ જેવા જંગલી યુદ્ધમાં પણ યુદ્ધનાં નિયમો જળવાય એવા આગ્રહની હું જરૂર ખૂબ કદર કરું છું, પણ આ બાબત દ્વિધા દાખવતા તમારા વલણથી તદ્દન અલગ છે.

આમ મુકત મને તમને પત્ર લખવા બદલ તમારી હું ક્ષમા માગું છું. હું ભૂમિપુત્ર વાંચું છું અને મને લાગ્યું છે કે તેમાનાં કેટલાક લેખો અત્યંત અસ્પષ્ટ અને ગુંચવાયલાં વિચારણાઓ રજુ કરતા હોય છે, અને તમારી પ્રસ્તુત પત્રિકા વાંચ્યા બાદ મને લાગ્યું કે જે બાબતો વિષે હું પણ વિચારી રહ્યો છું તે વિષે તમારો અભિગમ અને તમારા વિચારો શું છે તે અંગે, આ પત્ર લખીને, તમારી પાસેથી જાણવા અને સમજવા હું પ્રયત્ન કરું.

સદ્‌ભાવ પૂર્વક

તમારો સ્નેહનિષ્ટ

ચીમનલાલ ચકુભાઈ શાહ

## ૨

(પશ્ચિમ ખાનદેશ જિલ્લા સર્વોદય મંડળ, ધૂળિયાના પ્રમુખ અને પૂજ્ય વિનોબાજીના સહકાર્યકર્તા શ્રી દામોદરદાસ મૂંદડાનો, તા. ૧-૧૦-૬૫-ના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થએલ શ્રી ચીમન-

લાલ ચકુભાઈ શાહના 'આલ્બર્ટ સ્વાઈટ્ઝર' ઉપરના લેખનો પહેલો હપ્તો વાંચીને મારી ઉપર લખાયેલા તા. ૯-૧૦-૬૫ના હિંદી પત્રનો ગુજરાતી અનુવાદ નીચે આપવામાં આવે છે. તંત્રી)

સાતપુડા સર્વોદય કેન્દ્ર
ધડગાંવ, ધૂળિયા, ખાનદેશ
તા. ૯-૧૦-૬૫

**શ્રી પરમાનંદભાઈ,**

પ્રબુદ્ધ જીવન બરાબર મળે છે; બરાબર આખું જોઈ જાઉં છું, ભારે પ્રેરણા લઈને આવે છે; અને પ્રેરણા સતત દેતું રહે છે.

આ વખતે ડૉ. સ્વાઈટ્ઝરનો લેખ આપીને, આપે મોટો ઉપકાર કર્યો છે. ઘણું ખરું બધા અખબારોમાં તેમના સંબંધી શ્રદ્ધાલેખો પ્રગટ કરવામાં આવ્યા છે. પણ આટલો અધ્યયનપૂર્ણ લેખ અન્યત્ર જોવામાં આવ્યો નથી. અત્યારે તો તે અપૂર્ણ છે, પરંતુ જેટલો હિસ્સો પ્રકાશિત થયો છે તે ઉપરથી બાકીના ભાગની કલ્પના હું કરી શકું છું. લેખક-મહોદયને અમારી તરફથી ધન્યવાદ તથા વધાઈ આપશો. આ લેખનો ભારતની સર્વ ભાષાઓમાં અનુવાદ થવો ઘટે છે.

જે પરિસ્થિતિ પચાસ વર્ષ પહેલાં કોંગોમાં અને પૂર્વ આફ્રિકા ખંડમાં હતી એ જ પરિસ્થિતિ આજે સાતપુડામાં આ આદિવાસી ઈલાકામાં છે. કોઈ ડૉક્ટર અહિં આવતા નથી. મને અહિં આવ્યાને ચાર વર્ષથી વધારે સમય થયો છે. અહિં સરકારી પ્રાઈમરી - પ્રાથમિક - આરોગ્ય કેન્દ્ર છે. પરંતુ એમ. બી. બી. એસ., ડૉક્ટર મળતા નથી. જે ડૉક્ટરની અહિં બદલી કરવામાં આવે છે તે રાજીનામું આપવાને તૈયાર થઈ જાય છે. આજે તો એક આયુર્વેદ-નિષ્ણાત ડૉક્ટર એપીડેમીક માટે નિયુક્ત હોઈને અસ્થાયી રૂપમાં અહિં મોકલવામાં આવેલ છે. આમ છતાં આપનો લેખ વાંચીને ભારતીય ડાકટરોમાંથી કોઈને પણ અહિં આવીને રહેવાની પ્રેરણા મળે તો આપના આ લેખનું પ્રકાશન સફળ થશે અને અમારા આ ઈલાકા ઉપર પણ મોટો ઉપકાર થશે.

આપને એ જાણીને ખુશી થશે કે, અમારી પ્રાર્થના ધ્યાનમાં લઈને એક નિસર્ગોપચાર નિષ્ણાત ડૉ. ગુપ્ત આજકાલ અહીં આવી વસ્યા છે અને કુદરતી ઈલાજ દ્વારા લોકોની સાચી સેવા કરી રહ્યા છે. આમ છતાં પણ શસ્ત્રક્રિયા, પોસ્ટ મોર્ટમ વગેરે અનેક એવાં કામ છે કે જે માટે એક એમ. બી. બી. એસ. ડોક્ટરની પણ આવશ્યકતા છે. જોઈએ પ્રભુ કોઈને પ્રેરણા આપે છે કે નહિ?

એક બીજી પ્રાર્થના આપને હું કરવા ઈચ્છું છું. અમે લોકો આર્થિક દૃષ્ટિએ કેટલીક મુશ્કેલીઓ વેઠીને અહિં કામ કરી રહ્યા છીએ તે આપ જાણો છો. સરકારની કશી પણ સહાય વિના આજે લગભગ સો કાર્યકર્તાઓ આ ઈલાકામાં કામ કરી રહ્યા છે. વ્યસનમુક્તિ—ખાસ કરીને શરાબબંધી, પાઠશાળાઓ, છાત્રાલય, આશ્રમશાળા, બાલવાડી, દાઈકેન્દ્ર, ખાદી, ગ્રામોદ્યોગ વગેરે અનેકવિધ કાર્ય અમે ચલાવી રહ્યા છીએ. શું હું આપને પ્રાર્થના કરી શકું કે કોઈ વાર મુંબઈના કેટલાક મિત્રોને લઈને આપ આ ઈલાકાને નજરે નિહાળવા માટે આવી શકો? શ્રી ઢેબરભાઈ કદાચ નવેમ્બર મહિના દરમિયાન અહિં આવે. જો આપ પણ એ વખતે આવી શકો તો કેટલું સારું?

ડૉ. સ્વાઈટ્ઝરને લગતા લેખમાં લેખક મહોદયે ડૉક્ટર મહોદયે લખેલાં કેટલાક પુસ્તકોનો ઉલ્લેખ કર્યો છે. હું ઈચ્છું છું કે, એ સર્વ ગ્રંથો અમારી લાઈબ્રેરીમાં હોય. જો દાનમાં કોઈ દાતા આપી શકે તો દાનમાં, અથવા કિંમત આપવી પડે તો બને એટલી ઓછી કિંમત આપીને એ સર્વ પુસ્તકો આપને ત્યાં મંગાવી રાખશો. હું પોતે મુંબઈ આવીશ ત્યારે લઈ જઈશ.

આપને બહુ તકલીફ આપી, ક્ષમા કરશો.

વિનીત
**દામોદરભાઈ મૂંદડા**

તા. ક. પત્રમાં વધારે લંબાણ કરવા ઈચ્છતો નથી. પરંતુ એટલું નિવેદન નમ્રતાપૂર્વક કરવાનું હું અનુચિત નથી સમજતો કે જે પ્રાયશ્ચિતની ભાવનાથી મહાત્મા સ્વાઈટ્ઝર હબસી ભાઈઓની સેવામાં સંલગ્ન હતા એવી જ ભાવનાથી અમે લોકો અહિં આ કામ કરી રહ્યા છીએ. આજે પણ આ ઈલાકાની જે દુર્દશા છે તે અસહ્ય છે. કલ્પના કરી ન શકાય તેવી છે. જે અન્નકષ્ટ તેમને સહન કરવું પડ્યું છે અને આજે પણ સહન કરવું પડે છે તે મુંબઈના લોકોને સહન કરવું પડ્યું હોત તો ક્રાન્તિ થઈ ચૂકી હોત, અને દેશમાં સત્તાપલટો આવ્યો હોત. આજે પણ અહિં શિક્ષણ એક ટકો પણ નથી. વિદ્યાલય ચાલતું જ નથી. શિક્ષક લોક પગાર લઈને પણ અહિં આવતા નથી. ડૉક્ટરની સ્થિતિ મેં ઉપર જણાવી છે. હવે આ સ્થિતિ લાંબો સમય સહી શકાય તેમ નથી. જેવી પ્રભુની ઈચ્છા હશે એમ થશે. જો પાકિસ્તાનની માફક આદિવાસીસ્થાનની માંગ ઊભી થાય અને તે પૂરી થયા બાદ જ ભારતવાસીઓની આંખો ખુલવાની હોય તો કોણ શું કરી શકવાનું છે? **દામોદરદાસ**

**સૂચના:** ઉપર જણાવેલ કાર્યમાં જે કોઈ વ્યક્તિ મદદરૂપ થવા માંગતી હોય તેણે આ પત્રના મથાળે આપેલા સરનામે શ્રી દામોદરદાસ મૂંદડા સાથે પત્રવ્યવહાર કરવો. **તંત્રી**

## 卐 અનાગારિક ધર્મપાલ 卐

ભારતીય કલા વિવેચનના ક્ષેત્રે કુમારસ્વામીનું નામ અદ્વિતીય છે. અને થિઓસોફીના ક્ષેત્રે જિનરાજદાસનું નામ પ્રેરણાદાયી છે. પણ એ બન્ને સિલોનવાસી કરતા વિશ્વમાં જેમની આ વર્ષે શતાબ્દી ઉજવાઈ અને ધર્મક્ષેત્રે અને સંસ્કારક્ષેત્રે સાચા ધાર્મિક પુરુષ તરીકે જેમનું નામ અમર છે તે તો છે સિલોનના સિંહ અનાગારિક ધર્મપાલ. તેઓ જિનરાજદાસના તો આધ્યાત્મિક ક્ષેત્રે ગુરુ જ હતા. અને તેમણે ભારતવર્ષને પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું હતું. અને ભારતવર્ષની મહાબોધિ સોસાયટીના અગ્રદૂત તરીકે તેમણે અનેકવાર વિશ્વભ્રમણ કરી ધર્મસંદેશ ફેલાવ્યો હતો. એ ધર્મસંદેશ બૌદ્ધધર્મના રૂપમાં હતો અને જેને ભારતવર્ષના લોકો પણ ભૂલી ગયા હતા. ભારતમાં બૌદ્ધધર્મના પુનરુત્થાન માટે જીવન ખપાવી દેનાર અને પરસ્પરથી અજાણ એવા બૌદ્ધધર્મી દેશોમાં સાધર્મિક બન્ધુત્વની ભાવનાનો પ્રચાર કરનાર એ બૌદ્ધધર્મદૂત હતા એ તો શક વિનાની વાત છે જ પણ તેમની ખરી સેવા તો વિશ્વમાં જે ઔદ્યોગિક ક્રાન્તિના દૂષણોને કારણે ધર્મવિહીન સમાજની રચના થઈ રહી હતી તેને ઢંઢોળીને સાચા અર્થમાં ધાર્મિક થવાની જે તેમની હાકલ હતી તે છે. તેઓ ખરા અર્થમાં વિશ્વનાગરિક હતા અને દુનિયાના બધા દેશોમાં ફરીને તેમણે બૌદ્ધધર્મના ઓઠા નીચે માનવધર્મનો સાદ ગૂંજતો કર્યો હતો. આવા મહાપુરુષને આપણે યાદ કરીએ તેમાં તેમનું ગૌરવ કરવાની ભાવના સાથે આપણી કૃતજ્ઞતા પણ પ્રકટ થાય છે અને તેમનો માર્ગ ચાલુ રહે તેવી પ્રેરણા પણ મળે છે.

સીલોનના એક જમીનદારને ત્યાં તેમનો જન્મ તા. ૧૭-૯-૧૮૬૪ના રોજ થયો ત્યારે સીલોનમાં વારાફરતી આવનાર ડચ, પોર્ચુગીજ અને અંગ્રેજોએ બૌદ્ધધર્મની હેલના કરી હતી એટલું જ નહીં પણ જન્મનાર પ્રત્યેક બાળકને કાયદેસર રીતે ચર્ચમાં લઈ જવામાં આવતું અને ખ્રિસ્તી નામ ધારણ કરવું પડતું હતું. આ કાયદાનું નિરાકરણ ઈ. ૧૮૮૪માં થયું. નિશાળોની સ્થાપના ખ્રિસ્તીઓએ કરી હતી અને તેમાં બાળકોએ બૌદ્ધધર્મની નિંદા અને ખ્રિસ્તીધર્મના ગુણગાન સાંભળવા પડતાં; બાઈબલના

ચાર ગોસ્પેલના અધ્યાયો બાળકોને મુખપાઠ કરાવાતા હતા. આવી પરિસ્થિતિમાં જે કેટલાક બૌદ્ધધર્મના સંસ્કારવાળા કુટુંબો હતા તેઓ પોતાના ધર્મના રક્ષણ માટે પ્રયત્ન કરતા પણ સામાન્ય સમાજ પશ્ચિમનો ધર્મ અને તેના સુસંસ્કારો સાથે સાથે મદ્યપાન, શિકાર જેવા દૂષણો પણ અપનાવી રહ્યો હતો અને પોતાને તેમ કરી સંસ્કૃતમાં ખપાવી રહ્યો હતો. આ પરિસ્થિતિમાં ધર્મપાલની માતા મલ્લિકાનો સંકલ્પ હતો કે મારો પુત્ર બૌદ્ધભિક્ષુ બની સિલોનના ધર્મવિહીન સમાજનો ઉદ્ધાર કરે. આથી જ્યારે બાળકને જન્મવામાં ત્રણ ચાર માસ બાકી હતા ત્યારે તેણીએ પોતાના ઘરમાં ભિક્ષુઓને આમંત્રિને સતત પાલિ બૌદ્ધવિટકનો પાઠ સાંભળીને પોતાનો સમય વિતાવ્યો હતો. માતાની આ ભાવના ફળીભૂત થઈ અને ઈ. ૧૮૮૫માં ધર્મપાલે સંકલ્પ કર્યો કે મારે પરણવું નથી પણ આનાગારિક થઈ ધર્મસેવામાં જીવન વીતાવવું છે. તેમનું ખ્રીસ્તી નામ ડેવીડ આને હેવા વિતરન કુળનામ હતું પણ તેમણે જ્યારથી સેવાક્ષેત્ર સ્વીકાર્યું ત્યારથી ધર્મપાલના નામે તેઓએ પોતાનું લેખનકાર્ય કર્યું હતું. એ મુખ્યત્વે તેમણે સ્થાપેલ અખબારોમાં લખતા અને સિલોનની વિવિધ સમસ્યાઓના ઉકેલમાં માર્ગદર્શન આપતા. તેમના સામાજિક અને ધાર્મિક કાર્યોમાં આર્થિક સહાય તેમના કુટુંબ તરફથી મળી રહેતી. પણ જ્યારે ઈ.સ. ૧૮૯૧માં તેમના પિતાનું અવસાન થયું ત્યારે શ્રીમતી ફ્રેસ્ટરે તેમને લખ્યું કે તમારે ભલે પિતા ન હોય પણ આ ફ્રેસ્ટર 'ફ્રેસ્ટર મધર' છે જ માટે અર્થની ચિંતા કરવી નહીં. એક જ દિવસના સંપર્કમાં હોનોલૂલૂની નિવાસી એ ક્રોધી સ્વભાવની બાઈના જીવનનું પરિવર્તન શાંતિનો સંદેશ આપી ! ધર્મપાલે કર્યું હતું. અને પરિણામે દસ લાખથી પણ વધારેનું દાન એ બાઈએ આપીને ધર્મપાલ દ્વારા સ્થપાતી વિવિધ શાળા અને સંસ્થાઓને સ્થિર કરી હતી. અને બુદ્ધ સમયની પ્રસિદ્ધ દાની વિશાખાનું બિરુદ પામી હતી.

સિલોનમાં ખ્રિસ્તી નિશાળોના વિરોધમાં બૌદ્ધસંસ્કારને મોખરે રાખે એવી સ્કૂલો સ્થાપવાની જરૂરીયાત ધર્મપાલને પોતાના જાત-અનુભવથી જણાઈ હતી. ખ્રિસ્તી નિશાળોમાં તેમણે પોતે શિક્ષણ લીધું હતું પણ સતત જાગૃતિને કારણે તેઓ બૌદ્ધધર્મી બની રહ્યા હતા. તેઓ બાયબલમાં વાંચતાં કે જીવહિંસા કરવી નહીં. પણ એવો ઉપદેશ આપનાર પોતે શિકાર કરતા, દારૂ પીતા એ બધું તેઓ જોઈ રહ્યા હતા. એકવાર ચાર આર્ય સત્ય વિષેનું પુસ્તક તેમના શિક્ષકે ઝૂંટવી લઈ રસ્તા વચ્ચે ફેંકી દીધું હતું. પણ તેની પ્રતિ-ક્રિયા થઈ કે ધર્મપાલે વાંદરો ચિતરી તેની નીચે જીસસ ક્રાઈસ્ટ લખ્યું. એક વાર વૈશાખી પૂર્ણિમાના ઉત્સવમાં ભાગ લેવા તેમણે પોતાના સોટીમાર શિક્ષક પાસે રજા માગી. તેણે તે ન આપી છતાં તેઓ તો દફ્તર ઉપાડીને ઉત્સવમાં ચાલ્યા જ ગયા. વળતે દિવસે તેમનું શરીર ચમચમતી સોટીથી ખોખરું કરી દેવામાં આવ્યું પણ આવી ત્રણ વૈશાખીપૂર્ણિમાઓએ તેમણે એ સજા સ્વીકારી પણ ઉત્સવમાં જવાનું છોડ્યું નહિ. આ તેમની દૃઢતા તેમના સમગ્ર જીવનમાં જોવા મળે છે.

સત્ય અને ન્યાયપ્રિયતાનો તેમનો આગ્રહ પણ એવો જ અજબ હતો. ઈર્ષાનું નામ તેમનામાં મળે નહીં. ગાંધીજીની જેમ અનેકવાર તેમણે સિલોનમાં ગાડામાં બેસીને એક છેડેથી બીજે છેડે મુસાફરી કરી હતી અને બૌદ્ધધર્મના સંસ્કારોને દૃઢ કરવા લોકોને જાગૃત કર્યા હતા. તેઓ પ્રથમ સિલોનવાસી હતા જેમણે અનેકવાર દુનિયાની મુસાફરી કરી હતી અને ધર્મસંદેશ આપ્યો હતો. તેઓએ વિશ્વના અનુભવથી જાણ્યું હતું કે પૂર્વને પશ્ચિમની વૈજ્ઞાનિક બુદ્ધિની જરૂર છે અને પૂર્વની આધ્યાત્મિક વિદ્યાની આવશ્યકતા પશ્ચિમને છે. આથી તેમણે જ્યારે અમેરિકા હતા ત્યારે બનારસમાં ઈન્ડસ્ટ્રીયલ સ્કૂલની સ્થાપના માટે સામગ્રી અને એક નિષ્ણાતને મોકલી આપ્યા હતા. પરંતુ તેમના વિરોધીઓ થીઓસોફિસ્ટોએ તે સ્કૂલ થવા દીધી નહિ. જાપાનનો સંપર્ક સાધી સીલોનમાં વીવીંગ સ્કૂલની સ્થાપના કરી હતી. જે આજે મહાશાળા બની ગઈ છે.

તેમણે જ્યારે નાયગરાનો ધસમસતો ધોધ જોયો ત્યારે એક જ વિચારે તેમના મન પર પ્રભુત્વ જમાવ્યું અને તે એ કે જીવન સતત વહેતું ક્ષણિક છે—આ તેમનામાં રહેલ ગાઢ બૌદ્ધસંસ્કાર સૂચવી જાય છે. છતાં તેમનું જીવન નિરાશામય બન્યું નહોતું પણ એક કર્મઠ નિર્ભય વ્યકિત તરીકે તેઓ જીવી ગયા હતા. તેમની નિર્ભયતાનો પાઠ તેમણે પ્રથમવાર એક મૃતવ્યકિત માટે તેને વીંટ-ળાઈને થતી પ્રાર્થનામાંથી નાની ઉંમરમાં જ મેળવ્યો હતો. જે તેમને સદાને માટે નિર્ભય રહેવા બળ આપતો હતો અને સદા અન્યાય, અસત્ય અને અપવિત્રતાની સામે યુદ્ધ આપવા પ્રેરતો હતો.

તેમણે નિશાળમાં જે ખ્રિસ્તીધર્મનું જ્ઞાન મેળવ્યું હતું તે વિશિષ્ટ પ્રકારનું હતું. એકવાર તો તેમણે તેમના ખ્રિસ્તી ધર્મના પોતાના વિશિષ્ટ જ્ઞાનથી સ્કૂલમાં પ્રથમ નંબરે આવી ઘડિયાળનું ઈનામ જીતી લીધું હતું, પણ ખ્રિસ્તીધર્મ કરતાં બૌદ્ધધર્મની સરસાઈ બતાવવામાં તેમને આ જ્ઞાન આગળ ઉપર ઉપયોગી થયું એ વિધિની વિચિત્રતા જ ગણાવી જોઈએ. એક વાર એક ખ્રિસ્તીધર્મના પાદરી સાથે ચર્ચામાં સૃષ્ટિના આદિ કારણની ચર્ચા ચાલતી હતી ત્યારે જગતનું આદિ કારણ ઈશ્વર છે એમ પાદરીએ કહ્યું ત્યારે ધર્મપાલે પૂછયું તો પછી ઈશ્વરને કોણે બનાવ્યા ? આના ઉત્તરમાં પાદરીને કહેવું પડ્યું કે ઈશ્વરે જ પોતે પોતાને બનાવ્યા હશે. આ સાંભળીને તરત જ ધર્મપાલે જવાબ આપ્યો કે Then God must be a Buddhis—તો પછી તે ઈશ્વર બૌદ્ધ હોવો જોઈએ. કારણ બૌદ્ધો માને છે કે જીવ પોતે જ પોતાની શકિતથી ઈશ્વર બને છે. તેને બીજું કોઈ બનાવી શકતું નથી. આમ તેઓ વાદવિવાદમાં ખ્રિસ્તી-ઓને ચૂપ કરી દેતા.

તેઓ બુદ્ધની ઉદારતાની વાતો કરીને બૌદ્ધધર્મમાં રહેલી માનવપ્રેમની ભાવનાને આગળ કરતા હતા. તેઓ કહેતા કે ધાર્મિક નેતાઓમાં બુદ્ધે નિર્ઘોષ કર્યો છે કે મારી વાતને તમે બુદ્ધિથી ચકાસી જુઓ અને પછી જ સ્વીકારો. માનવમાનવમાં ભેદ નથી. એક શુદ્ર પણ ગુણવાન હોય તો સંઘમાં દાખલ થઈ ગુરુપદને પામી બ્રાહ્મણનો પણ પૂજ્ય બની શકે છે.

બચપણથી તેમને ધ્યાન અને યોગ તથા આધ્યાત્મિક વિદ્યાનો રસ હતો પણ તે કાળે સિલોનમાં એવા સમર્થ બૌદ્ધ ભિક્ષુઓ હતા નહિ જે તેમને યોગમાર્ગમાં માર્ગદર્શક બને. તેમની તિવ્ર જિજ્ઞાસાએ તેમનો સંપર્ક મેડમ બ્લેવેટ્સ્કી અને તેમના પતિ ઓલ્કોટ સાથે સાધી આપ્યો. મેડમ બ્લેવેટ્સ્કીની તેજસ્વી આંખોએ તેમને આકર્ષ્યા અને તેમના ઉપર એવો પ્રભાવ પડ્યો કે એ મેડમને અને ઓલ્કોટને પોતાના યોગમાર્ગના માર્ગ-દર્શકરૂપે સ્વીકારીને તેમની થિઓસોફિના ઝંડા નીચે સેવાકાર્ય સ્વીકારી લીધું. પ્રારંભમાં થિઓસોફીની ચળવળમાં જ્યાં સુધી આ બન્ને જણનું પ્રભુત્વ રહ્યું ત્યાં સુધી બુદ્ધ અને બૌદ્ધધર્મની ભાવનાનો પ્રચાર મુખ્ય હતો. સિલોનમાં મેડમ બ્લેવેટ્સ્કી અને ઓલ્કોટે રીતસરનો બૌદ્ધધર્મ સ્વીકાર્યો હતો અને સમગ્ર સિલોનમાં બૌદ્ધધર્મના પુનરુત્થાન માટે કર્નલ ઓલ્કોટ અને ધર્મપાલે સાથે મળીને અનેક વર્ષો સુધી કાર્ય કર્યું હતું અને સમગ્ર સીલોનમાં ગાડાની અનેક વાર મુસાફરીઓ કરી હતી. અન્ય દેશોમાં પણ ઓલ્કોટ ધર્મપાલના સહકારમાં બૌદ્ધધર્મની ભાવનાનો અને ભ. બુદ્ધના જીવનના આદર્શોનો પ્રચાર કરતા હતા. પણ આગળ જતાં બ્લેવેટ્સ્કીના મૃત્યુ પછી થીઓસોફિમાં માનનારાઓમાં પારસ્પરિક સત્તા માટેની ખેંચાતુંસી થવા માંડી અને છેવટે એની-બેસેન્ટ અને સુબ્બારાવનું પ્રભુત્વ સ્થપાયું ત્યારે બુદ્ધને બદલે શંકર અને બ્રાહ્મણધર્મની બોલબાલા થીઓસોફીમાં વધી અને બૌદ્ધધર્મની વાત ગૌણ બની ગઈ.

બૌદ્ધધર્મના જનક ભારતવર્ષમાં ધર્મપાલે પ્રથમવાર ૧૮૯૧ના જાન્યુઆરીમાં પગ મૂક્યો. ૨૨-૧-૧૮૯૧ના રોજ તેમણે બોધ-

ગયામાં બુદ્ધની મૂર્તિ સામે ઢળીને ધન્યતા અનુભવી અને જાણે કે ભગવાનની બોધિનો સંચાર તેમનામાં થઈ રહ્યો હોય તેવો અપૂર્વ અનુભવ કર્યો પણ જ્યારે જાગૃત થઈ પરિસ્થિતિનું અધ્યયન કર્યું ત્યારે ભાન થયું કે જે મંદિરમાં પોતે બુદ્ધમૂર્તિને નમસ્કાર કર્યો અને જે બોધિવૃક્ષની છાયામાં બુદ્ધને જ્ઞાન થયું હતું તે તો એક હિન્દુધર્મી મહંતના કબજામાં હતાં અને તેને તો બુદ્ધ કે બોધિવૃક્ષનો માત્ર પોતાની કમાણી પૂરતો ઉપયોગ હતો. તેઓ ત્યાર પછી થોડા દિવસે સારનાથ ગયા અને તેની દુર્દશા જોઈને ઊંડો ખેદ અનુભવ્યો અને અંતે નિર્ણય કર્યો કે ગમે તે થાય પણ મારે હવે ભારતવર્ષમાં રહી અહિં બૌદ્ધધર્મના પુનરુત્થાન માટે પ્રયત્ન કરવો. બોધગયાના મંદિરમાં પ્રતિષ્ઠા માટે જાપાનમાંથી તેઓ એક મૂર્તિ લાવ્યા હતા તેની પ્રતિષ્ઠા રોકવા હિંદુ મહંતે તેમને ખૂનની ધમકી આપી હતી છતાં તે પ્રતિષ્ઠા કરીને જ સંતોષ લીધો અને પરિણામે ત્યાં રહેનાર ભિક્ષુઓના જાનનું જોખમ અને તેમના જાનનું જોખમ વહોરી લીધું. અને ફોજદારી–દિવાની કેસોની પરંપરામાં હાર–જીતની તેમની કપરી કસોટી થઈ. તેમને સલાહ આપવામાં આવી કે થોડા રૂપિયાની લાંચ આપવાથી કેસમાં જીતી શકાશે પણ ધર્મને ખાતર લડનાર એ લડવૈયાએ હારવાનું પસંદ કર્યું, પણ લાંચ આપી કેસ જીતવાનું પસંદ ન કર્યું. આ તેમની ધર્મભાવનાની દૃઢ નિષ્ઠા સૂચવે છે. અન્યથા ધર્મઝનૂની ધર્મ માટે અધર્માચરણ કરતાં જરા પણ આંચકો અનુભવતા નથી. એ આપણા રોજબરોજના અનુભવની વાત છે. ધર્મપાલ એ ધર્મઝનૂની નહિ પણ સાચા ધાર્મિક હતા.

ઈ. ૧૮૮૯માં તેઓ જ્યારે આલ્કોટ સાથે જાપાન ગયા ત્યારે સ્ટીમર ઉપર બિમાર થઈ ગયા. જાપાનનાં બધા બૌદ્ધ-સંપ્રદાયોના મુખિયાએ તેમની સેવા કરી અને છેવટે તેમના સન્માનમાં મિલિટરી દ્વારા ગાર્ડ ઓફ ઓનરની પરેડ કરવામાં આવી જેમાં બૌદ્ધધર્મના મહાસ્થવિરો પણ હાજર હતા. આમ છતાં તેમના મનમાં એ વાતનો ડંખ હતો કે ભ. બુદ્ધના મૈત્રી અને અહિંસાના સંદેશ સાથે એક બૌદ્ધના સન્માનમાં આ સૈન્યપ્રદર્શનનું ઔચિત્ય નથી જ. વળી તેમને એ પણ ખટક્યું કે જાપાનના બૌદ્ધ સ્થવિરો કુટુંબી હતા. આ હતી તેમની પોતે માનેલ ધર્મની જાગૃતિ.

ઈ. ૧૮૯૧માં બોધગયામાં તેમણે આંતરરાષ્ટ્રીય બૌદ્ધ કોન્ફરન્સ ભરી તેમાં સિલોન, ચીન, જાપાન આદિ દેશોના પ્રતિનિધિઓ હાજર થયા હતા. ઈ. ૧૮૯૨માં તેમણે મહાબોધિસોસાયટીની કલકત્તામાં સ્થાપના કરી અને મહાબોધી જર્નલ શરૂ કર્યું. તેમાં તેમણે બૌદ્ધધર્મ વિષે લેખો લખવા શરૂ કર્યા. અને તેનો પ્રચાર સમગ્ર વિશ્વમાં થયો. પણ એ પત્ર ચલાવવામાં કેટલીકવાર તેમની સમક્ષ એ સમસ્યા આવી પડતી કે પોસ્ટની ટિકિટો ખરીદી તે પત્ર રવાના કરવું કે સાંજનું ભોજન ખરીદી પેટ ભરવું. પણ તેમણે એવે પ્રસંગે ટિકિટ ખરીદી પત્ર રવાના કરવાનું પસંદ કર્યું હતું.

સ્વામી વિવેકાનંદ, વીરચંદ રાઘવજી ગાંધી, એની બેસંટ અને ધર્મપાલ એ સૌ ભારતમાંથી શિકાગોમાં ઈ. ૧૮૯૩માં વિશ્વધર્મ પરિષદમાં ગયા હતા. ત્યાં સૌએ પોતપોતાની શક્તિ પ્રમાણે પોતાની વાત રજૂ કરી હતી. અને ઓછીવધતી નામના મેળવી હતી. તે પ્રસંગે એક છાપામાં સ્વામી વિવેકાનંદની ઓથેલો સાથે અને ધર્મપાલની જીસસ ક્રાઈસ્ટ સાથે સરખામણી કરવામાં આવી છે તે ઉપરથી તેમણે અમેરિકામાં તે કાળે પાડેલી છાપ વિશેનો ખ્યાલ આપણને આવી શકે છે. જ્યારે તેઓ અમેરિકાથી કલકત્તા પાછા ફર્યા ત્યારે સ્વામી વિવેકાનંદ અમેરિકા રોકાઈ રહ્યા હતા અને કલકત્તામાં તેમને વિષે આક્ષેપો થઈ રહ્યા હતા. તે પ્રસંગે એક સાચા ધાર્મિક પુરુષની નિષ્ઠાથી તેમણે સ્વામી વિવેકાનંદ વિષેના આક્ષેપોનો સભાઓમાં રદીઓ આપવાનો પ્રયત્ન કર્યો અને તેમને નિર્દોષ જાહેર કર્યા. તેમને સ્થાને બીજો કોઈ હોત તો વિવેકાનંદની નિન્દાથી ખુશ થાત અને તેમનો બચાવ કરવા ન પ્રેરાત, કારણ બન્નેએ જુદા જુદા ધર્મનું પ્રતિનિધિત્વ કર્યું હતું. પણ ધર્મપાલ એવી ક્ષુદ્રવૃત્તિથી પર હતા.

તે કાળના વિશ્વમાં વિખ્યાત મહાપુરુષો સાથે તેમનો સંપર્ક હતો. અને તે સૌ તેમને આદરની દૃષ્ટિથી જોતા હતા. પ્રખ્યાત કવિ આર્નોલ્ડ લંડનમાં તેમને સ્ટીમર ઉપર લેવા આવ્યા હતા અને તેમને પોતાને ઘેર ઉતાર્યા હતા. કલકત્તાના સરતચંદ્ર દાસ જેઓ તિબ્બતની ભાષાના અને બૌદ્ધધર્મના મોટા વિદ્વાન હતા અને નરેન્દ્રનાથસેન પણ ધર્મપાલનું બહુમાન કરતા. અમેરિકાના પાલ કેરસ સાથે મૈત્રી હતી. અમેરિકાના વિલિયમજેમ્સ જે માનસશાસ્ત્રના તે કાળના મોટા વિદ્વાન ગણાતા હતા તેમણે તો પોતાની ખુરશી ખાલી કરી ધર્મપાલને તેમાં બેસાડી પોતે વિદ્યાર્થીની પાટલી ઉપર બેસી ધર્મપાલનું ભાષણ સાંભળ્યું અને વિદ્યાર્થીઓને જણાવ્યું કે માનસશાસ્ત્રમાં મારા કરતા ધર્મપાલનું જ્ઞાન ઉત્તમ કોટિનું છે. તે કાળના થિયોસોફીના નેતાઓના સતત સંપર્કમાં તો તેઓ હતા જ એ કહેવાઈ ગયું છે. લંડનમાં અનાર્કિસ્ટ પ્રિન્સ ક્રોપોટકીને પણ ધર્મપાલનો સંપર્ક સાધ્યો હતો. પણ જ્યારે તેઓ રોમમાં ગયા ત્યારે પોપને મળવાની ગોઠવણ એક મોટા બિશપે કરી જેની સમૃદ્ધિ જોઈને ધર્મપાલને વિચાર આવ્યો કે ધાર્મિક નેતૃત્વ અને આ સમૃદ્ધિનો શો મેળ ? પણ જ્યારે એ બિશપે જાણ્યું કે પોપને મળવાનો ધર્મપાલનો ઉદ્દેશ એ હતો કે તેઓ પોપ પાસેથી એક પત્ર સીલોનવાસી ખ્રિસ્તીઓ ઉપર લખાવવા માગતા હતા કે તેઓ બૌદ્ધધર્મી સાથે શાંતિથી રહે અને દારૂની બદીથી દૂર રહે, ત્યારે તે બિશપે પોપ સાથેની ધર્મપાલની મુલાકાત રદ કરી. આ ઉપરથી જાણી શકાય છે કે તેઓ ધાર્મિક સહિષ્ણુતાના સિદ્ધાંતમાં માનતા હતા. અને ધાર્મિક વિવાદને નહિ પણ પરસ્પરની મૈત્રિને મહત્ત્વ આપતા અને સાચું ધાર્મિક જીવન જીવવામાં માનતા.

ગાંધીજીની જેમ ભારતીય દરિદ્રનારાયણના દર્શને તેઓ પણ સમગ્ર ભારતમાં ફર્યા હતા અને ગરીબો વચ્ચે જ તેમની રીતે કષ્ટ અને દારિદ્રયમય જીવન વિતાવી તેમના કષ્ટોનો સાક્ષાત અનુભવ કર્યો હતો અને તેમના કષ્ટોના નિવારણનો ઉપાય પણ યોજ્યો હતો. તેમને એક જ વાત કહેવાની હતી કે હિન્દુસ્તાનમાં સમૃદ્ધિનો ભંડાર છે. પણ ઈશ્વરને ભરોસે કશું થવાનું નથી. પણ જાતિપાતિના ભેદોને મિટાવી ભારતીયો પરિશ્રમ કરવા લાગી જાય તો સમૃદ્ધિનો રસ તેઓ માણી શકશે.

પોતાની જીંદગીના છેલ્લા વર્ષો તેઓએ કલકત્તા, લંડન, સારનાથ વગેરે સ્થળોએ બૌદ્ધવિહારોની સ્થાપના અને વ્યવસ્થામાં ગાળ્યા. તેમને છેલ્લા વર્ષોમાં સાઈટિકાની અને બીજી બિમારીઓએ ઘેરી લીધા છતાં તેમના હૃદયમાં ધર્મોદ્યોત કરવાની જવાલા જલી રહી હતી અને તે પાર પાડવામાં અપૂર્વ ઉત્સાહ તેઓ દાખવી રહ્યા હતા.

૧૯૩૧ જલાઈમાં તેમણે બૌદ્ધ ભિક્ષુની પ્રવ્રજ્યા સ્વીકારી અને દેવમિત્ર ધમ્મપાલ નામ ધારણ કર્યું. અને તેમની ઉપસંપદાવડી દીક્ષા ૧૬-૧-૩૩ના રોજ થઈ અને જ્યારે તેમની છેલ્લી બિમારી આવી ત્યારે તેમણે દવા પાછળ ખરચાતા પૈસા ગરીબો પાછળ ખર્ચવાનો આદેશ આપ્યો અને મૃત્યુને ભેટવાની તૈયારી કરી અને હજી પચ્ચીસવાર હું બૌદ્ધધર્મની સેવા કરવા જન્મ લઉં એવી ભાવના સાથે ૨૭-૪-૧૯૩૩ના રોજ મૃત્યુને ભેટયા.

આવા મહાપુરુષના મૃત્યુને પણ બગાડવા માટે સિલોનના રૂઢિવાદી ધાર્મિક નેતાઓએ જે પ્રયત્નો કર્યા અને સુધારવાદી તેમની ક્રાંતિકારી વિચારધારાનો જે તે અવસરે વિરોધ કર્યો, જે ગાળો આપી-એથી તો હજુ ઘણું કરવાનું બાકી છે એવો તેમનો વિશ્વાસ વધ્યો અને વારંવાર જન્મ લઈ ધર્મોદ્ધાર કરવાની મહાયાની ભાવના સતેજ બની, પણ દ્વેષભાવના લેશ પણ જન્મી નહીં. તે જ તો તે મહાપુરુષની મહત્તા હતી.

બનારસમાં સારનાથ જ્યાં માત્ર બૌદ્ધ વિહારોના ખંડિયેર હતા ત્યાં આજે ધર્મપાલની કીર્તિ પતાકા લહેરાઈ રહી છે. ભગવાન બુદ્ધે જ્યાં બૌદ્ધધર્મનો પ્રથમ ઉપદેશ આપ્યો હતો ત્યાં એક વિશાલ ભવ્ય મંદિરની સ્થાપના થઈ છે અને તેની આસપાસ વિશ્વના બૌદ્ધવિહારો આવેલા છે. તેમના સ્વપ્ન પ્રમાણે પ્રાથમિકથી માંડીને કોલેજનું શિક્ષણ આપતી સંસ્થાઓનું મહાબોધ્દિના ભિક્ષુઓ સંચાલન કરી રહ્યા છે. દવાખાનું પણ છે અને ગ્રામલોકની સેવાની બીજી પ્રવૃત્તિઓના પણ મંડાણ ભિક્ષુઓદ્વારા થઈ રહ્યા છે. અને સારનાથ આજે વિશ્વસંગમ જેવું સ્થાન બની રહ્યું છે. તેમાં ધર્મપાલની આદમકદની મૂર્તિ જે ખરેખર ક્રાઈસ્ટ જેવી દેખાય છે તે સૌનું સ્વાગત કરવા પ્રવેશદ્વાર પર ઊભી છે અને વિશ્વ ઐક્યનો સંદેશ આપી રહી છે. ત્યાં પ્રત્યેક વૈશાખીએ વિશ્વભરના બુદ્ધ ભક્તોનું મહાસંમેલન મળે છે. તે દૃશ્ય દેવોને પણ દુર્લભ એવું હોય છે. આ જ પ્રમાણે ભારતમાં, કલકત્તામાં પણ મહાબોધિવિહારની સ્થાપના, બુદ્ધગયામાં વિહારની સ્થાપના, સિલોનમાં અને લંડન વગેરે અનેક દેશોમાં પણ મહાબોધિના કેન્દ્રો ધર્મપાલની વિજયપતાકા લહેરાવી રહ્યા છે. જે એક બ્રહ્મચારી ભિક્ષુ શું કરી શકે છે તેનું જવલંત ઉદાહરણ પૂરું પાડે છે. દલસુખ માલવણિયા

# "દીઠો આજ આબુ ગિરિરાજ એવો"

(નવચેતન હાઈસ્કૂલના મુખપત્ર 'સાધના'માંથી સાભાર ઉદ્‌ધૃત)

સ્વપ્નનું સાકાર થતું હતું. સૌન્દર્ય દેવતાના દર્શને અમે દેલવાડા આવી પહોંચ્યા, ત્યારે અંતરમાં ઉમંગ માતો ન હતો. પ્રણયનું કાવ્ય આરસમાં તાજમહાલ રૂપે આગ્રામાં રમતું હતું. અહીં આધ્યાત્મિક ભાવો આરસમાં કાવ્ય બની વિલસતા હતા. દેવતાઓ પૃથ્વીલોક ઉપર અવતરે, એકાદ દિવસ પણ તે આવાજ વિશ્રામ મંદિરમાં વાસ કરવા લલચાય એવી આરસની લીલામયી સૃષ્ટિમાં અમે પ્રવેશ્યા ત્યારે 'ઓહો' 'અદ્‌ભૂત' એથી બીજો વિશેષ ઉદ્‌ગાર વાણીને જડતો ન હતો. મિસરની પીરામીડ કે ભારતના તાજમહાલની કલાસૃષ્ટિ નિહાળતાં આપણને શોષકોના દમામ અને શોષિતોની વેદના એ ભવ્યતાની ભીતરમાં રહી ઊઠતી સંભળાય, પણ અહીં તો ઉદારતા અને પ્રેમ, કરુણા અને કલાભક્તિ સ્મિત વેરતાં અને વંદન કરતાં યાત્રિકોને સત્કારતાં હતાં. આબુ રાજસ્થાન સરકારના છત્ર નીચે રાજસ્થાનનો વાવટો લહેરાવતો ભલે ઊભો, પણ એના ઉપર આ દેલવાડાનાં કલામંદિરો ગુજરાતના કીર્તિકળશને ગૌરવભેર ધારણ કરી ગુજરાતી ધાર્મિકતા અને કલાભક્તિનું કાવ્ય લલકારતાં યુગો સુધી અડીખમ ચમકશે. રાજદ્વારી નેતાઓ નકશાઓમાં સરહદો ભલે બદલ્યા કરે, પણ સંસ્કારિતાની ખુશ્બો તેમનાથી વિસ્તરતી રોકાશે નહીં. આબુનાં આભૂષણો જો આ દેલવાડાનાં કલામંદિરો છે તો એ ગુજરાતના સપુતો વિમલશાહ અને વસ્તુપાલ તેજપાલે એ ઘડાવીને આબુને શણગાર્યો છે. આથી આબુ ગુજરાતનો નહીં, રાજસ્થાનનો જ નહીં, સમગ્ર ભારતના કલાપૂજકોનું યાત્રાધામ બની દીપી રહ્યો છે. ગુજરાતનું એ ઓછું ગૌરવ નથી.

વિમલશાહનું જિનાલય પ્રવેશતાં આપણને ચકિત કરે છે. ભવ્યતા ગુંબજ બની ઊભી છે. ભીમદેવના મંત્રી વિમળશાહે બંધાવેલું આ મંદિર તે કાળમાં રૂા. ૧૮ કરોડ અને પદ લાખના ખર્ચે તૈયાર થયું હતું. અને કહે છે મંદિર માટેની ભૂમિ વિમલશાહે ત્યાંના રાજા પાસેથી ચાંદીના સિક્કા જમીન પર પાથરી દઈ એ મૂલ્ય રૂપે આપી ખરીદી હતી. આદિનાથની ચિત્તાકર્ષક મૂર્તિ દિવ્યતા પાથરતી આધ્યાત્મિકતાનું સ્મિત વેરી પદ્માસન વાળી બેઠી છે, નેત્રમાં ઝવેરાત ચમકે છે, અને કંઠમાં કિંમતી રત્નના હારો શોભા બની બેઠા છે. વિરક્ત જિનવરોને, સામાન્ય ભક્તો સંસારી આભૂષણો ધરાવી તેમની અસામાન્યતાની ઠેકડી ઉડાડે છે. વિમલશાહની ગજશાળા છે અને એમાં શણગારેલા ગજો ઉપર મહાવતો સવારી કાઢવા તૈયાર થઈ બેઠા છે. મંદિરના દ્વાર આગળ અશ્વારૂઢ વિમળશાહ નજરે પડે છે. મંદિરની છત ઉપર નજર કરો અને દીવ્યમૂર્તિઓનાં સ્મિત વેરતાં સ્વરૂપો જોઈ જોઈ તમે મુગ્ધ બનશો. વિમલશાહના મંદિરની છતમાં દેવસૃષ્ટિ મંદિરની રૂપછટા બની શોભે છે.

મધ્યના વિહારમાં વસ્તુપાલ તેજપાલના બંધાવેલા દેવમંદિરમાં તમે પ્રવેશો છો અને કલાદેવતા તમારું સ્વાગત કરવા ઊભી છે. તેની રૂપછટા નિહાળી તમારા અંતરમાંથી 'ઓહો!' 'અદભૂત!' એવા શબ્દો સરી પડે છે, અને તમે મંત્રમૂઢ બની ઊભા રહો છો! ટાંકણાં અને હથોડીના કારીગરોએ કેવી અનન્ય ધાર્મિકતાથી આરસમાં કુસુમની કોમળતા કંડારી દીધી છે? કમળોની સૃષ્ટિમાં જ આપણે ભૂલા પડયા છીએ! અરે કોઈ દિવ્ય જીવંત સૃષ્ટિ કોઈ દેવતાના અભિશાપને કારણે પથ્થર બની થંભી ગઈ છે! અને એ અભિશાપ આશીર્વાદ બની જાય તો હરતી, ફરતી, વિહરતી, નૃત્ય કરતી લીલા બની જીવી રહે એવું પથ્થરમાં સૌન્દર્ય મઢાઈ ગયું છે! ઊંચે છતમાં વીણાવાદિની યક્ષિણિ તો જુઓ! શું મુગ્ધતા અને તન્મયતા તેના નેત્રમાં વિલસી રહી છે! દિવ્યમાધુરી સ્મિત બની તેના અધરને મલકાવી રહી છે. આ સ્મિતમાં વિહ્વલ કરી મૂકે એવું મોના લિસાનું કામણ નથી. માતૃત્વની વત્સલતા છલકાવતું પ્રસન્ન સ્મિત અંતરમાં મધુરતા ભરે છે અને એની નાજુક સુકોમળ આંગળીઓ વીણાની માંડને હલાવી સ્થિર થઈ ઊભી છે. આજંટાના પદ્મપાણિ ચિત્રમાં સુરેખ આંગળીનું સૌન્દર્ય કાવ્ય બની છલકાય છે એને પણ ઝાંખુ પાડે તેવી આંગળીઓની અનન્ય નાજુકતા અને સ્વાભાવિકતા છટા ધરીને અહીં ચમકે છે. આંગળીઓનું સૌન્દર્ય અહીં શિલ્પમાં મલકી ઉઠે છે!

છતમાં અપ્સરાઓ વાદ્યવૃંદ બની ઊભી છે! ત્રિભંગિની એમની છટા છે! કોઈ વેણુ વગાડે છે. કોઈ મૃદંગ, કોઈ પખવાજ, કોઈ મંજીરા ધરીને ઊભી છે. દેરાસરના દેવતાની પ્રસન્નતા માટે આજે સંગીતની સંગતમાં એ વાદ્યવૃંદ મુગ્ધ બની ગયું છે અને પેલી ગુંબજની છત તો જુઓ! ઊંધું કમળ પોતાના પ્રફુલ્લ દળને વિકસાવીને લટકી રહ્યું છે! શું જુઓ અને શું ભૂલો? આ દિવ્ય-સૃષ્ટિને ક્ષણોમાં નિરખીને સ્વપ્નવિહારનો આનંદ અનુભવી શકીએ, પણ વાસ્તવિક સમજ મેળવવા તો દિવસો સુધી અહીં તપ કરવું પડે. તેના સ્થંભો, તેના ગુંબજો અને છતો, દેહરી દહેરીમાં વિરાજેલા દેવતા, મંદિરના કંદોરા અને તોરણો, આરસમાં સુંદરતાને મલકાવે છે.

દેરાણી જેઠાણીના ગોખલાઓ તો જુઓ! સંસારનાં સામાન્ય દેરાણી જેઠાણી સંપત્તિનો ઢેર જમાવવાની સ્પર્ધામાં પડે અને એક બીજાની ઈર્ષા કરે. વસ્તુપાલ અને તેજપાલનાં ધર્મપત્નીઓએ પોતાના સ્વામીઓને સંપત્તિનો ધર્માર્થ ઉપયોગ કરવા પ્રેર્યા અને આરસોના આ ગોખમાં પોતાની સંપત્તિ ખર્ચી પથ્થરમાં પોતાની અમર કીર્તિકથા કોતરાવી દીધી! કહે છે સલાટો આરસની કોતરણીનો જેટલા રૂપિયા ભાર રજ એકઠી કરી આપે એટલા ભાર સોનું કલા સર્જનની કિંમત રૂપે બદલામાં મળતું. એવી હતી આ બંધુબેલડીની ઉદારતા! ધનુર્ધારિણી શક્તિમયીનુ આ શિલ્પકાવ્ય તો જોવું જ રહી જાત. જમણા ખભે કલામય ધનુષ્ય ધરીને બેઠેલી એ શક્તિ બીજા હાથમાં પણછથી ઓપતું શર ધરીને બેઠી છે. સંપૂર્ણ સ્વસ્થતા અને સ્મિત તેના અધર પર રમે છે!

આ કલાદર્શનનો આનંદ શબ્દમાં શી રીતે વર્ણાય! શબ્દ આશ્ચર્યથી મુગ્ધ બની મૌન ધરી બેસી જાય છે! આબુની આ ધર્મસૃષ્ટિનું કલાદર્શન ધરાઈને માણવા માટે કલાકોની નહીં દિવસોની તપસાધના જોઈશે એમ મને નક્કી કર્યું અને આ કલામંદિરોને વંદના કરી વિદાય લીધી.

કવિ ન્હાનાલાલના 'ગુજરાત' કાવ્યની લીંટીઓ અંતર ગુંજતું હતું:–

સજાવ્યા જૈને રસ શણગાર,
લતા મંડપ શા ધર્મોગાર.

"ગિરનારને ચરણે" માંથી ત્યાં બીજી પંક્તિઓ સ્મૃતિને બહલાવી ગઈ!

શું સુક્ષ્મની ન ભરી સુંદરતા સ્થૂલોમાં!
શું સ્થૂલ સુક્ષ્મ લહરિ નથી એક પૂરે?
તો સ્થૂલને જડ કહી પછી નિંદવું શે?

જાણે બ્રહ્મા આ સૌન્દર્યપૂર્ણ કૃતિઓને સર્જી જીવ મૂકતાં જ ભૂલી ગયા છે એવું શિલ્પસૌન્દર્ય આ કલાધામોમાં કલાસર્જકોએ સર્જી દીધું છે. નમસ્તે દેલવાડા!

અમે પાછા અમારા મુકામ ઉપર આવી પહોંચ્યા. અમારે Sunset point ઉપરથી સૂર્યને આથમતો જોવો હતો. ઘડીક વિસામો લઈ અમે ચાલ્યા. માનવપ્રવાહ એકધારી ગતિથી (Sunset poisnt) તરફ વહી રહ્યો હતો. જ્યાં જ્યાં ઊંચાણ મળ્યું ત્યાં ત્યાં આ અતિભવ્ય દૃશ્યને સ્મૃતિમાં મઢી લેવા માનવસમાજ શાંત બની બેસી ગયો હતો! કોઈ અકળ, અગમ્ય મનને ક્ષુબ્ધિત કરે એવા દૃશ્યને જોવા એક ટેકરી ઉપર આસન જમાવી અમે બેસી ગયા. શું સ્તબ્ધતા! બાળકો પણ મૌન પકડી બેઠાં હતાં! ટ્રાન્ઝીસ્ટર રેડિયા પણ ચૂપ બની ગયા હતા. સામેના ક્ષિતિજે સૂર્યદેવ ઝાંખો બની ઊભો હતો. નીચે નીલવર્ણું આવકાશી જલ વિસ્તર્યું હતું! હમણાં ઘડી પછી સમગ્ર સંસારને પોતાના તેજથી ઉજાળી કર્તવ્ય પૂર્ણ થતાં આપણા પ્રાચીન યોગીઓની જેમ સૂર્યદેવતા જલસમાધિ લેશે અને વિસ્તીર્ણ નીલવર્ણા જલરાશિમાં એ સમાઈ જશે. ઓહ! કેવો એ ભવ્ય, એ આત્મસમર્પણનો રોમાંચિત કંપારી ઉપજાવી દે તેવો એ પ્રસંગ છે!

શાંતિ અને સ્તબ્ધતા બધે પથરાઈ ગઈ છે! ધીરે ધીરે સૂર્ય

ક્ષિતિજનાં પગથિયા ઉપર ગૌરવપૂર્ણ ડગ માંડતો નીચે ઉતરે છે! દીપક હોલવાતાં પ્રકાશની ચમકે વિસ્તારી દે તેમ તપ્ત કાચના વર્ણની શોભા ધરી તે ચમકે છે! એક સૂર્યમાંથી ચારપાંચ સૂર્ય જન્મે છે અને પાછા એકમાં સમાઈ જાય છે! શું અદ્‌ભુત એ લીલા છે! શું તેજસ્વી એ છટા છે! ધીરે ધીરે સૂર્ય ઝાંખો થતો જાય છે અને નીલવર્ણી આવકાશી જલમાં અર્ધોડૂબ્યો એ નજરે પડે છે. 'અરે, એ ગિખા! ઓ ગઈ! ઓ ગઈ! ખલાસ" જલ સમાધિ લેતા સંતની કાયા જલમાં સમાઈ જાય અને દશ્ય જોતાં સમાજમાં નિર્વાક શાંતિ છવાઈ જાય એવી અંતરને ક્ષુબ્ધ કરતી શાંતિ છવાઈ ગઈ! ઓહ! કેવું ભવ્ય અલૌકિક આત્મવિસર્જન. સ્મશાનમાં સ્વજનને વળાવી ડાઘુઓ પાછા વળે એવી નિર્વાકતા સર્વત્ર વ્યાપી ગઈ. પશ્ચિમાકાશમાં મૃત્યુ સમો અંધકાર ફેલાતો હતો ત્યારે પૂર્વાકાશમાં પૂર્ણિમાનો ચાંદ ધીરે ધીરે ઊંચે ચઢતો હતો.

પુનઃ શશાંક, પુનરેવ શર્વરી!

ચંદ્રદર્શનનો આનંદ સૂર્યના અદર્શનને જોયા પછી માણવાની ઈચ્છા જ મરી ગઈ!

આબુ આવી રઘુનાથજીનાં મંદિરની યાત્રા ન કરીએ એ તો કેમ ચાલે? મારે તો આરતીનાં દર્શન કરવાં છે! પેલી અલબેલી મુંબઈ નગરીના બાબુલનાથના મંદિરની જેમ અનેક માળવાળી ધર્મશાળાની મધ્યમાં રઘુનાથનું મંદિર ઊભું છે. અહીંની ભૂમિની અને મંદિરની કલ્પના મનમાં ભગવદાચાર્યની આત્મકથામાંથી જે આકાર ધરી બેઠી હતી તેથી જુદો જ ઘાટ અને સ્વરૂપ નજરે પડે છે. ચોકની મધ્યમાં આલીશાન કહેવાય એવું આરસનું મંદિર છે. દ્વારમાં રામભક્ત હનુમાનજી અને માંગલ્યના અધિપતિ ગણપતિ બીરાજ્યા છે. મંદિરમાં ઉચ્ચ આરસના આસન ઉપર અવધપુરીના અધીશ રામભદ્ર ધનુષ્ય ધરીને સ્મિત વેરતા ઊભા છે. પડખે શીલમૂર્તિ ભગવતી સીતા છે. પાપમૂર્તિ રાવણને હણી અમાંગલ્યનો નાશ કરી વિજયનું સ્મિત વેરતાં રામ ઊભા છે! આછા ઘૃતદીપકના પ્રકાશમાં અને વિદ્યુતના શાંત પ્રકાશમાં રામભદ્રની મૂર્તિ પ્રસન્નતા વેરે છે. 'ભલે બને હો નાથ!" હૃદયમાંથી બોલાઈ જવાય છે.

મંદિરમાં આછો ઘંટનાદ થાય છે, દુંદુભી ગડગડે છે. હૃદયમાં ભક્તિનાં રોમાંચ જન્મે છે. પૂજારીના ડાબા હાથમાં રૂપેરી ઘંટા બજી રહી છે ને જમણા હાથથી દર્શનાર્થીઓના ઉપર રામનાં ચરણામૃત છાંટે છે. "હે! પાપમોચન! તારી કૃપાનું એક બિંદું વર્ષાવી આ પતિતને પાવન કર પ્રભુ!" અંતરમાંથી આર્તનાદ ઊઠે છે. પણ એ કૃપાજલથી પાવન થવાની મારી લાયકાત હરિને મન વસી હોય એમ લાગતું નથી. હું એથી વંચિત રહી જાઉં છું. સૌષ્ઠવપૂર્ણ છટાભરી પૂજારીની કાયા છે. તે ધીરે ધીરે આરતીની દીવેટો સળગાવે છે. બુલંદ અવાજે ભક્તજનો આરતી ગાય છે અને પૂજારીના હાથમાં આરતી નૃત્ય કરતી રમી રહે છે. આરતી ફણિધરના નર્તનની કલા ધરી શોભે છે. ફણાએ ફણાએ મણિ ચમકે છે અને મણિધર ડોલે છે. આરતી લયમાધુર્યમાં રેલાય છે. શાંત સ્વસ્થ પવિત્ર વાતાવરણથી હવા ગુંજે છે, પૂજારીમાં શી ઝડપ છે! અને ચમક છે! મૃગગતિથી એક દેવથી બીજા દેવ તરફ એ વળે છે અને આરતી ઊતારે છે! બહાર કેઈ મહંતની મૂર્તિ છે. ગુરુને પ્રભુરૂપ પૂજતો એ પૂજારી એ ગુરુને આરતી કરી પ્રભુને પુનઃ આરતી ઉતારે છે અને આરતી થંભી જાય છે. મંત્રોચ્ચાર સાથે આરતીને જલ છાંટી વધાવી ભક્તજનોમાં આરતી ફરતી થાય છે! તુલસીદાસના રચેલાં રામસ્તોત્રો હવામાં ગુંજે છે! તેનું લયમાધુર્ય ગજબનું ભક્તિપૂર્ણ રોમાંચ રચી દે છે, નાનાં અને મોટાં બાલ અને વૃદ્ધ એ સ્તોત્રને લલકારે છે અને એ બધાં વચ્ચે પેલી નાનકડી બાલિકા શી સ્વસ્થતાથી તેની કાલી કાલી વાણીમાં સ્તોત્રમાં પોતાના સ્વર પૂરી સ્તોત્રને વધુ મધુર બનાવે છે. આરતીનું દશ્ય મને અતિ પ્રિય છે, એમાં આ રઘુનાથજીની આરતી મારી સ્મૃતિમાં મઢાઈ જાય છે.

નમસ્તે! અર્બુદાચલ નમસ્તે! નિર્જનતાને ઝંખતો, પ્રકૃતિની રમણામાં રમવા તારા ચરણે આવ્યો હતો! ધર્મભૂમિ તપોવનરૂપે મેં તને આરાધ્યો હતો. અહીં વિલાસને ક્રીડા કરી રાચતો જોયો! પ્રકૃતિની દેવતા વનરાજીમાં કુસુમિત થતી, પક્ષીઓનાં કલગાનમાં ગુંજતી અને ઝરણાનાં ઝાંઝર પહેરી નર્તતી જોવાની ઝંખના અતૃપ્ત જ રહી! વનો કપાઈ ગયાં છે! ઝરણાં ગ્રીષ્મની ફૂંકે સુકાઈ ગયાં છે અને પંખીઓ જાણે સ્થળાંતર કરી ગયાં છે. આવી અતૃપ્તિ વચ્ચે કલા, ભક્તિ, સૌન્દર્ય અને તપદર્શનનાં આમીછાંટણાં ઝીલ્યાના આનંદથી હૃદય સભર બની તારી આજે તો વિદાય લઈ રહ્યું છે. નમસ્તે!

અમુભાઈ પંડ્યા

# સંઘર્ષે પેદા કરેલો નવો પ્રાણસંચાર

(નવા વર્ષ અંગે શું લખવું એની મનમાં મથામણ ચાલતી હતી તેવામાં જન્મભૂમિ દીપોત્સવી પૂર્તિના અંકમાં જન્મભૂમિના તંત્રી શ્રી રવિશંકર મહેતાનો આ જ બાબતને લગતો લેખ મારા વાંચવામાં આવ્યો અને મારા મનમાં જે કાંઈ હતું તે વધારે સારા આકારમાં આ લેખમાં વ્યક્ત થયું છે એમ મને લાગ્યું એટલે હું સ્વતંત્ર લખું એ કરતાં શ્રી રવિશંકર મહેતાનો લેખ પ્રબુદ્ધ જીવનના વાચકોને વધારે ઉપકારક બનશે એમ સમજીને તે લેખ અહીં સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે. પરમાનંદ.)

પોતાની સગવડ ખાતર માનવીએ કલ્પેલા કાળના વિભાગો અનુસાર વિક્રમનું એક સંવત્સર આજે લુપ્ત થાય છે. અને નવા સંવત્સરનો ઉદય થાય છે. આપણા ગુજરાતીઓમાં તો આ સમય સન્ધિએ વિતેલા વર્ષના લાભાલાભનું સરવૈયું કાઢવાનો અને નવા વર્ષની રૂખ બાંધવાનો રિવાજ છે જ. પણ એ ન હોય તો યે વિદાય થતા વર્ષનું સિંહાવલોકન કરી લેવાનું અને ઊગતા વર્ષનું વિહંગાવલોકન કરવાનું આપણા આત્મભાન માટે ઉપકારક જ હોય છે.

એવું વિવિધ અવલોકન કરી તેનો સાર પામવા મથતાં કવિ કાલિદાસનું એક સુભાષિત સ્મરણે ચડે છે.

क्लेशः फलेन हि पुनर्नवतां विधत्ते । પુરુષાર્થનું ફળ મળતાં લીધેલી મહેનતનો થાક ઊતરી જાય છે, અને નવી તાઝગી રહે છે. આપણે બરાબર એ જ દશામાં છીએ.

એમાંના ક્લેશ, ફળ અને નવતા એ ત્રણે ય અનુભવોમાંથી આપણે પસાર થયા છીએ અને આગામી વર્ષમાં થવાના છીએ.

ક્લેશની વાત તો પાકિસ્તાનનું આક્રમણ આવી પડ્યું અને આપણે તેનો સામનો આદર્યો તે ઘડી સુધી સહુના હોઠ પર રમતી હતી.

દેશનું અર્થતંત્ર કટોકટીમાંથી પસાર થઈ રહ્યું હતું, અને અર્થતંત્રના એ કથળાટના ઓળા જીવનના પ્રત્યેક વિભાગો પર પડતા હતા. ફુગાવો વકરી રહ્યો હતો; અને તેને કાબૂમાં લેવાના સરકારના અનેકવિધ રચવાયા ઉપાયો કારગત નિવડ્યા નહોતા.

આમપ્રજા મોંઘવારી અને જીવન જરૂરિયાતની ચીજોની અછતના ઘંટીના બે પડ વચ્ચે પીસાતી હતી; અને તેના પડઘા રાજકીય ક્ષેત્રે મોરચાઓ અને 'બંધ'ના રૂપમાં પડતા હતા. આડબીડ કરવેરાઓના બોજા નીચે મૂડી બજારની હાલત વિષમ બની હતી; અને આર્થિક ઔદ્યોગિક પ્રવૃત્તિ ખોરવાવા લાગી હતી. તેમાં ધીરાણ પરનાં આકરાં અને આકળાં નિયંત્રણો, ભળતાં ધંધા, વેપાર, ઉદ્યોગ, આર્થિક વિકાસ, ઉત્પાદન અને સાહસવૃત્તિ એ બધાં પર વિપરિત અસર પડી રહી હતી. જાહેર ઉદ્યોગોનું આરોગ્ય પણ સારું નહોતું જ. હિન્દુસ્તાન એરક્રાફ્ટ, હિન્દુસ્તાન શીપયાર્ડઝ અને હિન્દુસ્તાન ઈલેક્ટ્રોનિક્સ જેવા માતબર જાહેર ઉદ્યોગો પાસે રૂા. ૨૨૨ કરોડનો સ્ટોક ભરાઈ ગયો હતો.

ઔદ્યોગિક ઉત્પાદનનો આંક, આગલા વર્ષના ૮.૩ ટકાની અપેક્ષાએ ૬.૭ ટકા જેટલો નીચો ઊતરી ગયો હતો.

વધતા ભાવોને કારણે અર્થકારણની સમતુલા અસતવ્યસ્ત બની ગઈ હતી. અનાજના ભાવોમાં ૧૯.૯ ટકા, કઠોળના ભાવોમાં ૪૩.૨ ટકા અને ઔદ્યોગિક કાચા માલમાં ૧૬.૬ ટકાનો વધારો વીતેલાં વર્ષમાં નોંધાયો હતો. સહુ કોઈ જાણતું હતું કે ૧૯૫૧-૫૨થી ૧૯૬૪-૬૫ સુધીમાં નાણાંના ફુગવટામાં જે ૧૨૦.૫૬ ટકા વધારો થયો હતો તેની સામે રાષ્ટ્રીય આવકમાં જે ફક્ત ૬૬.૫૧ ટકા જ વધારો થયો હતો તેને આ કારમી વિષમતા આભારી હતી.

આ આર્થિક વાસ્તવિકતાની ઉપેક્ષા કરીને ૨૨૦ અબજની ત્રીજી પાંચવર્ષિક યોજના ઘડવાના માર્ગે દેશના શાસકો પડ્યા હતા.

પ્રજાની વિકળતાનો કોઈ પાર નહોતો.

આ આર્થિક અવદશા જાણે અધૂરી હોય તેમ રાજકીય ક્ષેત્રનું ચિત્ર તો એથી યે વધુ ધૂંધળુ બનતું ચાલ્યું હતું.

આ આપણો વીતેલા વર્ષનો ક્લેશ.

અને તેમાં પાકિસ્તાનનું આક્રમણ અને યુદ્ધ આવી પડ્યું. કોઈ પણ સંયોગોમાં યુદ્ધ એ સંબંધ ધરાવતા સહુ કોઈ માટે આપત્તિરૂપ જ હોય છે. એક માસ અને ચાર દિવસના ટૂંકા ગાળામાં વીરમી ગયેલા એ યુદ્ધના આર્થિક મારના સરવાળા-બાદબાકી તો માંડવા આપણા માટે હજુ બાકી જ છે.

પરંતુ એ આપત્તિએ, આઝાદી પછીના આ બધા વર્ષોના આપણા રાષ્ટ્રીય પુરુષાર્થનું–ક્લેશનું-ફળ પણ પ્રગટ અને પુરવાર કર્યું છે; અને તેને પરિણામે આપણા રાષ્ટ્રીય જીવનમાં સર્વાંગી નવપલ્લવિતાતા પાંગરશે એ ચોક્કસ છે.

એ ફળની વિગતવાર રજૂઆત કરવાનું તો અહીં પ્રસ્તુત અને શક્ય નથી, પરંતુ યથાર્થ સમજણ માટે આટલું દિગ્દર્શન અનિવાર્ય છે.

(૧) આપણી સેનાએ આપણાં માનવ ખમીરનો પરચો આપ્યો છે. ચડિયાતાં શસ્ત્રોવાળા આક્રમકને ઊતરતી કક્ષાવાળાં આયુધોથી પરાજય આપીને મહિમા શસ્ત્રોનો નહિ પણ માનવીનો અને સેનાના ખમીરનો છે એ તેણે બતાવી આપ્યું. स्ववीर्यगुप्ता हि मनोः प्रसूतयः। પોતાની તાકાતથી જ પોતાની રક્ષા કરી શકે એ જ સાચો મનુનો પુત્ર-માનવ-એ ઉક્તિ આપણે રાષ્ટ્રીય કક્ષાએ સાબિત કરી બતાવી છે. આપણા અંતર્ગત ખમીરનું અપૂર્વ આત્મભાન આપણામાં આજે મહોર્યું છે. આ ભાનની સામે દુનિયાની તમામ મુશ્કેલીઓ અને આપત્તિઓ તુચ્છ છે. એ ભાન સાથે આપણા માટે કોઈ પણ મનોરથ અસાધ્ય ન લેખાય.

(૨) જે પરાક્રમ સેનાએ રણમોરચા પર કરી બતાવ્યું તેવું જ પરાક્રમ પ્રત્યેક નાગરિકે પોતપોતાના સ્થાન અને ક્ષેત્રમાં પ્રગટાવ્યું. સંકુચિત સ્વાર્થો અને ઉપાધીઓ સહુ કોઈ વીસરી ગયા; અને સ્વાર્પણની પાવક જ્યોત પ્રત્યેકમાં પ્રગટી નીકળી. સમગ્ર પ્રજા એક બનીને ખડી થઈ ગઈ.

(૩) અનેક ભાષાઓ, ધર્મો, પક્ષો અને હિતો–એ બધાં આપણી રાષ્ટ્રીયતાના બાધક અને લોકશાહીના ભયસ્થાનો મનાતાં–દેખાતાં–હતાં. એ બધા જ રાષ્ટ્રીયતાના આધારસ્તંભો અને સબળતાઓ બનીને ઉભા રહી ગયાં; અને તેને પરિણામે આપણી લોકશાહી હવે પડકારથી પર બની ગઈ.

(૪) અને આપણાં સાધન, સંપત્તિ અને તંત્રવ્યવસ્થાઓ જે યારી આપી તેણે એમ બતાવી આપ્યું કે અનેક હાડમારીઓ વચ્ચે આયોજિત વિકાસનો જે કાર્યક્રમ અંગીકાર કરી બેઠા છીએ તે આપણી રાષ્ટ્રીય સબળતા સર્જવામાં નેત્રદીપક રીતે સફળ બન્યો છે.

આ ફલશ્રુતિને તેની વિગતોમાં ખૂબ જ વિસ્તારી શકાય તેમ છે. પરંતુ એમ નહિ કરતાં એટલું જ નોંધીએ કે આંતરિક રીતે આવિર્ભાવ પામેલી આ આત્મશ્રદ્ધા અને આંતરરાષ્ટ્રીય દૃષ્ટિએ સિદ્ધ થયેલી એક સત્તા તરીકેની પ્રતિષ્ઠાનો લાભ આપણને બરાબર લેતાં આવડશે તો આઝાદીજંગના આપણા પૂર્વજોએ સબળ, સમૃદ્ધ અને સંસ્કારી રાષ્ટ્રના નિર્માણનું જે ભવ્ય સ્વપ્ન સદાયે સેવ્યું હતું તે સિદ્ધ કરવામાં આપણને હવે કોઈ જ અંતરાયો નડશે નહિ.

પરંતુ વિસરીએ નહિ કે એ શક્યતા છે, સિદ્ધિ નથી. શક્યતાને સિદ્ધિમાં પલટાવી નાખવા માટે આપણે શ્રમ, શિસ્ત અને સ્વાર્પણ તો વર્ષો સુધી હાજર કરતા રહેવું જોઈશે. એ કરવાની અનુકૂળતા હવે પછી એ હશે કે આપણે સાચે માર્ગે છીએ કે નહિ, અથવા તો એ કરવાનું સામર્થ્ય આપણામાં છે કે નહિ એવી શંકા હવે આપણને સતાવશે નહિ. અને એ માર્ગ અને સામર્થ્ય વિશે વિદેશીઓમાંયે હવે શંકા નહિ રહે, એટલે તેમનાં સાથ અને સહકાર પણ આપણને વધતા પ્રમાણમાં મળતાં જ રહેશે.

સ્પષ્ટ અને અફર જણાતી રૂખ એ છે, પણ ગફલતમાં ન રહીએ કે પરિસ્થિતિ વધુ સુધરતાં પહેલાં થોડો વખત તો વધુ બગડશે જ, પાકિસ્તાન સામેનો સંગ્રામ મંડાતા પહેલાં જે આર્થિક, ઔદ્યોગિક હાલત આપણી હતી તે કાંઈ પલટાઈ ગઈ નથી. તેથી ઉલટું, યુદ્ધકાળની પ્રત્યક્ષ અને પરોક્ષ ખુવારીને કારણે તે વધુ કપરી બનેલી જ આપણને માલૂમ પડશે.

તે સાથે જ આપણા અર્થસામાજિક તંત્ર અને પુરુષાર્થને નવો ઘાટ આપવાનું પણ આપણા માટે અશંત: અનિવાર્ય બનશે. આર્થિક વિકાસનો જે નકશો આપણી નજર સામે હતો, તેના અગ્રતાક્રમની આખી શ્રેણી બદલાવવી પડશે અને યુદ્ધને કારણે એક નવી પરિસ્થિતિમાં આપણું સંક્રમણ થયું છે એટલે વિદેશો તરફની નિર્ધારિત સહાય થોડો વખત તો થંભી જ જશે; અને તે પછીથી તેનાં પ્રમાણ અને પ્રકારમાં સંભવત: ફેર પડશે. એટલે ઓછામાં ઓછા ઊઘડતાં વર્ષનો ગાળો આપણા માટે ભારે કષ્ટદાયક પુરવાર થવા સંભવ છે.

પરંતુ આ યુદ્ધની અગ્નિપરીક્ષામાંથી આપણું જે શુદ્ધ સત્ત્વ બહાર આવ્યું છે; જે સામર્થ્યપૂર્ણ આત્મભાનનો આપણામાં ઉદય થયો છે અને જે રાષ્ટ્રીય શિસ્ત પ્રગટી છે તે આપણને એ કષ્ટનો કાળ ઓળંગી જવામાં સારી પેઠે સહાયભૂત થશે જ.

કાલિદાસની પરિભાષામાં ક્લેશ અને ફળનો અંદાજ આપણને આવી ગયો છે; અને નવપલ્લવિતતા એક કોલરૂપે આપણે ઊંબરે આવી ઊભી છે.

આ ધરતી તો સદાકાળ આપણી હતી જ, પરંતુ આપણા ઈતિહાસના અંધકાર યુગની અનેક સદીઓ દરમ્યાન તેનો ઉપભોગ કરવા માટેની વીરતા આપણે હાજર કરી શકયા નહોતા એટલે આ વિદેશી ચક્રોની બાંદી બની હતી. આઝાદી પછીથી એ ધરતીનું 'વસુંધરા' નામ સાર્થક કરવા પૂરતું એ વિજ્ઞાન આપણે હસ્તગત કર્યું છે. અને આ લડાઈ દરમ્યાન રણમોરચાઓ પર તેમ જ તેમની પાછળ આવશ્યક વીરતા પણ હાજર કરી શકયા છીએ. એટલે 'वीरभोज्या वसुन्धरा'ના જે સનાતન સૂત્રનું આપણા દાર્શનિક રાષ્ટ્રપતિએ આપણને સ્મરણ કરાવ્યું છે તેને સર્વાંગ સાર્થક કરવાની ક્ષમતા આપણે ધરાવતા થયા છીએ.

ના, દેશ પર પરચક્રના જે ભયો અને આંતરિક આર્થિક મુશ્કેલીઓ હજુ યે આપણા માથા પર તોળાઈ રહ્યાં છે તેમનાથી ડગવાનું આપણા માટે કોઈ જ કારણ નથી.

* * *

દુશ્મનની દાનવીય કારવાઈઓને કારણે દિવાળીના પર્વ સાથે સંકળાયેલી બહારની રોશની આ વખતે આપણે માણી શકયા નથી, પરંતુ એ બહારની ઝાંખપ સામે આશા અને આત્મશ્રદ્ધાના દીવડા પ્રત્યેક નાગરિકના દિલમાં આજે ઝળહળી રહ્યા છે અથવા હોવા જોઈએ.

અંતરના આ ઉજાસ વડે નૂતન વર્ષના આપણે પરસ્પર અભિનંદન કરીએ.

રવિશંકર મહેતા

## વિષયસૂચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| મારી અસંદિગ્ધ ભૂમિકા | વિનોબા | ૧૨૭ |
| દિવ્યપંથે (કવિતા) | હરીશભાઈ વ્યાસ | ૧૨૭ |
| બે પત્રો | | ૧૨૮ |
| અનાગારિક ધર્મપાલ | દલસુખ માલવણિયા | ૧૨૯ |
| "દીઠો આજ આબુ ગિરિરાજ એવો" | અમુભાઈ ખંડયા | ૧૩૨ |
| રાંધણે પેદા કરેલો નવો પ્રાણસંચાર | રવિશંકર મહેતા | ૧૩૩ |
| રાજકીય સ્વતંત્રતા અને રાજકીય સદ્ધરતા | અભય પરીખ | ૧૩૫ |
| આજના યુગનો સંદેશ | કાકાસાહેબ કાલેલકર | ૧૩૬ |

# ☆ રાજકીય સ્વતંત્રતા અને આર્થિક સદ્ધરતા ☆

કોઈ પણ રાષ્ટ્રની સ્વતંત્રતા કે પ્રાદેશિક અખંડિતતાની સાચવણીનો મુખ્ય આધાર તેની પ્રજાની એકતા, લશ્કરી બળ અને આર્થિક સદ્ધરતા ઉપર નિર્ભર રહે છે. આ હકીકતનાં સચોટ દર્શન આપણને હિંદ–પાકિસ્તાન યુદ્ધમાંથી બહુ સ્પષ્ટ થયાં છે. ઓકટોબર ૧૯૬૨નાં ચીનના આક્રમણ પછીથી આપણે રાષ્ટ્રની લશ્કરી તાકાતને મજબૂત બનાવવા ૧૯૬૦/૬૧ કરતાં ત્રણગણું ખર્ચ ૧૯૬૩/૬૪ના વર્ષથી કરવા માંડયું. આપણું સંરક્ષણ પાછળનું વાર્ષિક ખર્ચ રૂા. ૨૦૦ થી ૨૫૦ કરોડની આસપાસ ૧૯૫૭/૫૮ થી ૧૯૬૧/૬૨ના વર્ષોમાં હતું જ્યારે ૧૯૬૩/૬૪ અને ૧૯૬૪/૬૫ તેમ જ ચાલુ સાલમાં આ આંક રૂા. ૭૦૦ થી ૭૫૦ કરોડ આસપાસ પહોંચી ગયો છે. આ વધેલા ખર્ચને પહોંચી વળવા ભારત સરકારે નવા કરવેરા નાંખેલા છે. ૧૯૬૦/૬૧માં મધ્યસ્થ તેમજ પ્રાંતોની સરકારની કરવેરાની આવક રૂા. ૧૩૫૪ કરોડની હતી, તે ૧૯૬૪/૬૫માં રૂા. ૩૦૮૦ કરોડ સુધી પહોંચી છે તેવો અંદાજ છે. આ આર્થિક બોજો ૧૯૬૩/૬૪માં વધારવામાં આવેલો ત્યારે તેની ખૂબ આકરી ટીકાઓ થયેલી. આજે આ વધેલા ખર્ચે દેશનું લશ્કરી તંત્ર ખૂબ મજબૂત બનાવ્યું છે, અને તેથી જ પાકિસ્તાનના આક્રમણનો સામનો આપણા જવાનો ખૂબ સરસ રીતે કરી શકયા. આટલું ખર્ચ વધાર્યા પછીથી તે ફકત રાષ્ટ્રીય આવકનો ૨ થી ૩ ટકા ભાગ જેટલો થાય છે, જ્યારે અમેરિકા તેની રાષ્ટ્રીય આવકના ૧૧ થી ૧૨ ટકા સંરક્ષણ પાછળ ખર્ચે છે. મધ્યસ્થ સરકારના બજેટમાંથી આપણે ૩૫ થી ૪૦ ટકા હવે સંરક્ષણ ખર્ચ માટે ફાળવીએ છીએ જ્યારે અમેરિકા ૬૧ થી ૬૮ ટકા ખર્ચે છે. આપણું ખર્ચ ઓછું છે કારણ કે આપણો દેશ ગરીબ છે. આપણું અર્થતંત્ર આથી વધુ ભાર ઝીલી શકે તેમ ન હતું. વિશેષમાં ચીની આક્રમણ દરમ્યાન અને ત્યાર પછી ભારતને આર્થિક સહાય મળવાની ચાલુ રહી હતી, જ્યારે પાકિસ્તાનના આક્રમણ પછીથી પશ્ચિમી સત્તાઓએ આર્થિક તેમ જ અનાજની સહાય થંભાવી દીધી છે. આ આર્થિક મદદ આપણા અર્થતંત્રને તરતું રાખવા માટે લાભકારક નીવડી છે જ તેમાં શંકા નથી. આમાં અમેરિકાએ આપણને જીવનની મુખ્ય જરૂરિયાત–એટલે કે અનાજ–મોટા પ્રમાણમાં પુરું પાડી દેશને આંતરિક વીખવાદના મુખમાં જતાં બચાવી લીધેલો તેમ જ ફુગાવાની આકરી અસરોને હળવી કરવામાં કાંઈક અંશે રાહત આપેલી. અમેરિકાની આ P.L. 480 અનાજની "અફીણ" જેવી અસર સાથે સાથે આપણા ઉપર થઈ છે અને તેથી અનાજમાં સ્વાવલંબન મેળવવાના આપણાં પ્રયત્નો ઢીલા રહ્યા છે. એ સાથે અહીં એટલું પણ યાદ કરાવવું જોઈએ કે અમેરિકાની અનાજની મદદ તેના સ્વહિતમાં હતી જ અને છે; કારણકે તે દેશમાં અનાજનો વધારો એટલા વિપુલ પ્રમાણમાં છે કે તેનો સંચય કરવા તેમ જ ભાવ ટકાવવા ત્યાંની સરકાર દર વર્ષ ૩ થી ૬ અબજ ડૉલર ખર્ચે છે. કૃષિ ક્ષેત્રમાં વધુ ઉત્પાદન (over production) હોવાથી, અમેરિકાની મધ્યસ્થ સરકાર ખેતી માટેના જમીનના વપરાશની મર્યાદા નકકી કરે છે અને એ મર્યાદાને વળગી રહેનાર ખેડુતને ઉંચા ભાવ તેમ જ આર્થિક મદદ આપવામાં આવે છે. આમ છતાં પ્રેસિડેન્ટના આર્થિક નિષ્ણાતોના ૧૯૬૪ના અહેવાલ પ્રમાણે અમેરિકામાં ૪૦ ટકા ખેડૂતો ગરીબ છે. જ્યારે પ્રેસીડેન્ટ આઈઝનહોવરે ૧૯૫૯માં ભારત સાથે લાંબા ગાળાના અનાજની મદદના કરાર ઉપર સહી કરી ત્યારે તેમને કહેલું કે એ અનાજ શાંતિ અને વિકાસ માટે વાપરવામાં આવે છે તેથી તેઓ ખુશ છે. તેમાં માનવતાવાદથી પ્રેરાઈને મદદ થાય છે તેવો ચૂર હતો. અત્યારે તે જ અનાજની સહાય તેમ જ બીજી આર્થિક સહાય ભારતની મૂળભૂત રાજકીય નીતિ ઉપર દબાણ લાવવા માટેનાં એક સાધન તરીકે વાપરવામાં આવે છે તે એક શોકની વાત છે. વિશેષમાં જ્યારે અમેરિકી જીવનના મૂળભૂત સિદ્ધાંતો દુનિયામાં લોકશાહી મજબૂત કરવી અને તેને પ્રસારવી તે ઉપર ભાર આપે છે ત્યારે જ દુનિયાની મોટામાં મોટી લોકશાહી ઉપર આજે દુનિયાની ધનાઢય લોકશાહીવાળો દેશ પોતાની રાજકીય નીતિ લાદવા યત્ન કરે છે તે વધુ દુ:ખકારક છે. ખેર, આથી ભારતનું 'અફીણ'નું ઘેન ઉતરી ગયું છે, 'આપ મર્યા વગર સ્વર્ગ પ્રાપ્ત ના થાય' તે સૂત્ર આજે વારંવાર આપણાં નેતાઓને વધુ સમજાય છે. આથી જ ઓકટોબરની ૧૯મીએ પ્રધાનમંત્રી શ્રી શાસ્ત્રીએ દેશને હાલ તુરત આર્થિક આફતોમાંથી ઉગારવા નવાં જ આર્થિક પગલાંની જાહેરાત કરી, જેમાં બે નવી સંરક્ષણ લોન, ૧૫ વર્ષના સંરક્ષક સુવર્ણ બોન્ડ અને પરદેશી હૂંડિયામણ એકઠું કરવાની યોજનાઓને આવરી લેવામાં આવી છે. આ બધાનો હેતુ રાષ્ટ્રીય વિકાસ અને સંરક્ષણ માટે વધુ કરવેરા નાંખ્યા વગર નવું ભંડોળ એકઠું કરવાનો, બીજા દેશોની સહાય ઉપર આધાર નહિ રાખવાનો તેમ જ પરદેશી હુંડિયામણની વિપરીત પરિસ્થિતિમાંથી દેશને ઉગારી લેવાનો છે. આમાં ખાસ ધ્યાન ખેંચે તેવી ૧૫ વર્ષના સુવર્ણ બોન્ડ અને હુંડિયામણ એકઠું કરવાની યોજનાઓ છે. આ બન્ને કેટલેક અંશે પરસ્પર સંકળાયેલી છે કારણકે સોનું કે પરદેશી હૂંડિયામણ બીજા દેશોમાંથી સંરક્ષણ અથવા વિકાસને માટે જરૂરી ચીજવસ્તુઓ ખરીદવામાં વાપરી શકાય તેમ છે, તેમ જ સોનાનો ઉપયોગ દેશનાં નાણાંનું મૂલ્યાંકન વધારવામાં મદદરૂપ થઈ શકે છે. સુવર્ણ એકઠું કરવાના આ કીમિયામાં જે નવીનતાઓ રહેલી છે, તેનું નીચે વિશ્લેષણ કરીશું.

૧. પ્રથમ જ વાર સોનાની સામે સોનું (૦.૯૯૫ ભાર)નું આપવાની આ યોજના છે. પહેલી બે યોજનામાં સોનું રૂા. ૬૨.૫૦નું એક તોલાના આંતરરાષ્ટ્રીય ભાવે ખરીદી લેવામાં આવેલું; તેથી તેમાં ફકત રૂા. ૧૨ કરોડનું સોનું (આંતરરાષ્ટ્રીય ભાવની ગણત્રીએ) ભેગું થયેલું, જ્યારે આ યોજનામાં સોનાનો ભાવ નકકી કરવામાં આવ્યો નથી, કારણકે સોનાનો બજારભાવ સરકારી ભાવ (રૂા. ૬૨.૫૦ એક તોલાના) કરતાં બમણો છે. આ જટિલ પ્રશ્નની ગૂંચ જે સોનું હાલમાં બોન્ડ ખરીદવા આપે તેને ઓકટોબર ૧૯૮૦માં એટલે કે ૧૫ વર્ષ પછીથી ૦.૯૯૫ ભારનું સોનું પાછું આપવામાં આવશે આ રીતે ઉકેલવામાં આવી છે. આ રીતે આંતરરાષ્ટ્રીય નાણાંભંડોળે સોનાના ભાવની (International Monetary fund) નકકી કરેલ સપાટીનું આપણે કાયદેસર રીતે પાલન કર્યું છે.

૨. આ યોજનાને આકર્ષક બનાવવા સરકારે કરવેરાની છૂટછાટો આપી છે. સુવર્ણ અંકુશ ધારો કે કસ્ટમ ધારો સોના બોન્ડ ખરીદનારને લાગુ નહિ પડે. તે સોનું કયાંથી આવ્યું છે તે પૂછવામાં નહિ આવે. આ યોજનામાં વાપરેલું સોનું ૨૦મી ઓકટોબર ૧૯૬૫ પહેલા બીન–આકારાયેલી આવકમાંથી આવ્યું હશે તો તેની આકારણી ઈન્કમટેકસ અથવા બીજા (Disect tax) નીચે કરવામાં નહિ આવે. બોન્ડમાંથી ઉપજતી ૬.૫ ટકા વ્યાજની આવક ઉપર આવકવેરો લાદવામાં નહિ આવે. જે વ્યકિત સોનું બોન્ડ માટે આપશે તેનું નામ, ઠામ વિગેરે ખાનગી રાખવામાં આવશે અને અદાલત આ વિષે કોઈ પણ સરકારી નોકરને પૂછી શકશે નહિ. બોન્ડ ખરીદે તેને મૂડીવેરો (wealth-tax) તેમ જ ૫૦ કીલોગ્રામ સુધીનાને મીલ્કતવેરામાંથી (Estate Duty) મુકિત મળશે. તદુપરાંત, એક વર્ષ દરમ્યાન પાંચ કીલોગ્રામ સુધીના બોન્ડની જે બક્ષીસ કરે તેને બક્ષીસવેરો આપવો નહિ પડે.

ઉપર જણાવેલા ફાયદાઓને લીધે કાળા નાણાંનું (unaccounted money) પરિવર્તન સોનામાં થવા સંભવ છે અને એ સોનું બોન્ડ ખરીદવામાં વપરાય. આ રીતે કાળુ નાણું વ્યાજબી નાણાં તરીકે બહાર આવે. આથી સોનાના ભાવ ઊંચા જાય તો નવાઈ

નહિ. એવું પણ સંભવિત છે કે આ યોજનાના ત્રણ મહિના દરમ્યાન દાણચોરી દ્વારા વધારે સોનું ભારતમાં બીજા દેશોમાંથી આવે. અને આથી સુવર્ણાંકુશ ધારાની કોઈ જરૂરિયાત કે અસરકારકતા. તે દરમ્યાન જણાતી નથી. જો દાણચોરીનું સોનું વધુ આવે તો આપણી નોટો વધુ પ્રમાણમાં તેની સામે બીજા દેશોમાં જાય અને એથી આપણા રૂપિયાના મૂલ્યને કદાચ જોખમમાં મૂકે.

ઘણાનાં મનમાં એક પ્રશ્ન ઉદ્‌ભવે છે કે જે કૉંગ્રેસ સરકાર સમાજવાદની નીતિને વરેલી છે અને જેના ગૃહ અને નાણાંપ્રધાન વારંવાર દેશભરમાંથી કાળું નાણું બહાર લાવવા માટે સૈદ્ધાંતિક વાતો કરતાં હતાં તેઓ આવી યોજનામાં કેમ સંમત થયા? આનો બહુ સ્પષ્ટ જવાબ છે કે જ્યારે દેશની આઝાદી જોખમમાં હોય ત્યારે વાસ્તવિક પગલાં ખૂબજ અનિવાર્ય બને છે, જો કે આનો અર્થ એવો નથી કે દેશવાસીઓએ એવું માનવું કે કાળાં નાણાં એકઠા કરવા એ સારું છે. તે કોઈ પણ સંજોગોમાં અનિતિમય જ રહેવાનું, પણ જ્યારે દેશનું અસ્તિત્વ જોખમમાં હોય ત્યારે આપણે વાસ્તવલક્ષી બનવું રહ્યું. આજે સુવર્ણની બાબતમાં સરકારને વાસ્તવિક નીતિ અપનાવવી પડી છે; કારણ કે હિંદુસ્તાન એ સોનાનું તળીયા વગરનું તળાવ (Bottomless Sink) ગણાય છે. તેમાં જેટલું સોનું નાખો તેટલું સમાઈ જાય છે. હાલની ગણત્રી પ્રમાણે હિંદમાં રૂપિયા ત્રણ હજાર કરોડનું સોનું ગણાય છે. સુવર્ણ બોંડથી છઠ્ઠા ભાગનું એટલે કે રૂ. ૫૦૦ કરોડનું સોનું એકઠું થાય તો દેશની કથળેલી પરદેશી હુંડિયામણની સ્થિતિમાં સુધારો થાય. હાલમાં આપણી પાસે ફક્ત રૂપિયા ૩૫ કરોડનું જ હુંડિયામણ છે, જે ફક્ત એક દિવસની આપણી જરૂરિયાત પૂરી પાડી શકે. આમાં આપણે રૂ. ૨૦૦ કરોડનું સોનું અને હુંડિયામણ જે ચલણ માટે Backing તરીકે છે તેની ગણત્રી કરતા નથી.

આ બોંડ વટાવી શકાય (negotiable) છે. બોન્ડ ધરાવનારને જ્યારે નાણાંની જરૂર હોય ત્યારે તે બોન્ડ ગીરો મૂકીને બેંક પાસેથી નાણાં મેળવી શકાય છે, તેવી જ રીતે આ બોંડ બીજાને નામે transfer કરીને પણ નાણાં મેળવી શકાય છે.

આવી જ રીતે પરદેશી હુંડિયામણ આપણા દેશના નાગરિકો જે બીજા દેશોમાં વસે છે તેમની પાસેથી એકઠું કરવાની યોજના છે. હિંદવાસીઓ બીજા દેશમાંથી પરદેશી હુંડિયામણ ભારત કાયદેસરના માર્ગો દ્વારા મોકલે તો તેના ઉપર ૬૦ ટકા આયાત લાયસન્સ તેમને મળી શકે છે. આવી રીતે મોકલાવેલ હુંડિયામણ પર હિંદુસ્તાનના કરવેરા લાદવામાં નહિ આવે. આ યોજના ૩૧ જાન્યુઆરી ૧૯૬૬ સુધી અમલમાં રહેશે, જો કે આ યોજનાના આયાત પરીશિષ્ઠમાં અપવાદો છે. તે અપવાદ સિવાયની ચીજ વસ્તુઓ જેવી કે ઔદ્યોગિક માલ અને ખૂટતા સાધનો મંગાવી શકાય. અહીં એ ભારપૂર્વક જણાવવું જોઈએ કે આયાત લાયસન્સ પોતાને જ વાપરવું પડશે તેવી કોઈ આમાં જોગવાઈ નથી. તેથી આવા લાયસન્સો બજારમાં વેચાશે, કારણ કે તેમ કરવાથી તેમાં ૨૦૦ થી ૬૦૦ ટકા જેટલો લાભ મળતો હોય છે. આ યોજનાને લીધે પરદેશમાં વસતા હિંદીઓ હુંડિયામણ મોકલવાને આકર્ષાય. ઘણાં હિંદીઓ જે બીજા દેશોમાં પરદેશી હુંડિયામણ (જેવું કે એક ડોલર રૂપિયા દસના ભાવે) વેચીને હિંદુસ્તાનમાં દાણચોરી દ્વારા રૂપિયા મોકલે છે તેમને હવે નુકસાન જશે, કારણકે હિંદમાં લાયસન્સ વેચવાથી વધુ નફો થાય છે. આ રીતે હિન્દુસ્તાનના રૂપિયાની કિંમત બહારના દેશમાં જે નીચે જતી હતી તે અટકશે. પરદેશમાં દાણચોરીના રૂપિયાની ખરીદી ઓછી થશે, પણ આપણે આગળ જોયું તેમ દાણચોરીનું સોનું ખરીદવા માટે રૂપિયાની બહારના દેશોમાં નિકાસ (Export) ગેરકાયદે માર્ગે વધુ થાય, અને આ રીતે આ બન્ને યોજનાઓની આખરી અસર રૂપિયાના મૂલ્ય ઉપર શુન્ય થવા સંભવ છે. આ યોજનાઓ સફળ થાય તો બીજા કરવેરા લાદવાની સરકારને ઓછી જરૂર પડે. આપણે આશા સેવીએ કે સરકારની આ વાસ્તવિક નીતિ સફળ થાય, દેશનો વિકાસ અને સંરક્ષણ મજબૂત થાય, જેથી ભારતની આબરૂ પરદેશમાં વધે અને આપણી સ્વતંત્રતાને આંચ ન આવે.

અભય પરીખ

# આજના યુગનો સંદેશો

[ ૧૯૬૫ના જૂનની ૨૬મી તારીખે અમદાવાદની આર્ટસ્ કૉલેજ સમક્ષ કાકાસાહેબ કાલેલકરે આપેલા વ્યાખ્યાનની સંક્ષિપ્ત અંગ્રેજી નોંધ 'સર્વોદય'ના ઑગસ્ટ માસમાં પ્રગટ થયેલી, તેનો અનુવાદ નીચે આપવામાં આવે છે. તંત્રી. ]

એ એક નક્કર હકીકત છે કે આજની આખી દુનિયા ઉપર અર્થકારણ અને રાજકારણ—એ બે વિષયને લગતા વિજ્ઞાનનું એકાન્ત શાસન ચાલી રહ્યું છે. કમનસીબે એ બન્ને પાછળ કોઈ માનવતાલક્ષી પ્રેરણા જોવામાં આવતી નથી. એક સંપત્તિ પાછળ છે, બીજું સત્તા પાછળ છે. હવે, સંપત્તિ અને સત્તા—બન્નેના અંતિમ ધ્યેયો અસામાજિક છે, સમાજ—વિરોધી છે. તે બન્ને કુદરતનું અને તે દ્વારા પ્રાપ્ત થતી સાધનસામગ્રીનું પોતાના ઉત્કર્ષ માટે જ ઉપયોગ કરવાનું ધ્યેય ધરાવે છે. પરિણામે બન્ને સંઘર્ષો જ પેદા કરે છે, જેમાંથી આખરે વધારે ને વધારે ભયાનક યુદ્ધોનું નિર્માણ થાય છે.

જો હું આ બન્નેને આ દુનિયા ઉપર ચાલી રહેલા નાટકના બે ખલપુરુષો—Villains—તરીકે ઓળખાવું તો તે શું અત્યુક્તિ—ભર્યું લેખાશે?

અને એમ છતાં પણ તે બન્નેની અવગણના — ઉપેક્ષા — કરવી આપણને પરવડે તેમ નથી. તેમની સત્તા અને પકડ એટલી બધી બળવાન છે. આપણે તેનો જરૂર અભ્યાસ કરવાનો છે અને તેની પાસેથી શિખવાનું પણ છે. પણ આપણે તેમને આપણા ભોમિયા તરીકે કદિ પણ સ્વીકારી ન જ શકીએ. આપણે જેમ સાયન્સ અને ટેક્નોલૉજીનો માનવીના ભલા માટે અને ભૌતિક પ્રગતિ સાધવા માટે ઉપયોગ કરીએ છીએ તેમ આનો પણ આપણે એ જ હેતુસર ઉપયોગ કરવો જોઈએ. ત્યારે આપણું માર્ગદર્શક કોણ બનશે? નિઃશંકપણે માનવતા અને આધ્યાત્મિકતા.

પણ આધ્યાત્મિકતાને પરંપરાગત ધર્મોની પકડમાંથી બચાવી લેવી જોઈએ. પરંપરાગત ધર્મોએ અમુક હદ સુધી માનવજાતની ઘણી સેવા કરી, પણ આજે તેઓ ભૂતકાળને વરેલા છે, તેઓ ભૂતકાળ તરફ જ નિહાળ્યા કરે છે, દુનિયા ઉપર શાસન ચલાવવું અને આત્મવિસ્તાર કરવો—આવા અભિનિવેશથી તેઓ ગ્રસ્ત છે. તેઓ રાજકારણની ભૂરખીથી અને સત્તાના શેરખીથી અભિભૂત બન્યા છે.

આ ઉપરાંત દુનિયાભરના ધાર્મિક લેખાતા માનવીઓએ વ્યક્તિગત મોક્ષની હંમેશા વધારે પરવા કરી છે અને એક એવી આચારસંહિતા ઊભી કરી છે કે જેને લીધે માણસો આ દુનિયાની અને આ જીવનની ઉપેક્ષા કરવા લાગે છે અને તેનો ત્યાગ કરવા પ્રેરાય છે.

આમ હોવાથી, વિકાસવાદ, જીવવિચાર, જીવનવિકાસ વિજ્ઞાન, નૃવંશશાસ્ત્ર—એ મુજબ આગળ વધતાં છેવટે સમાજવિજ્ઞાન—સૉશિયૉલૉજી (માત્ર વર્ણનાત્મક સમાજવિજ્ઞાન નહિ પણ સાંસ્કૃતિક સમાજવિજ્ઞાન) સુધીની સંસ્કૃતિઓનો વિકાસ અને ઇતિહાસ આપણે શિખવાનો રહેશે.

આધ્યાત્મિકતાએ, આ ક્રમ અનુસાર, પોતાની ખુરાણી ધાર્મિક પકડોથી મુક્ત થવું પડશે અને સાંસ્કૃતિક સમાજવિજ્ઞાન - કલ્ચરલ સૉશિયૉલૉજી—ને પોતાની સાથી—સહચરી—બનાવવી પડશે. સાંસ્કૃતિક સમાજવિજ્ઞાન વડે આધ્યાત્મિકતાએ નવી સાધના અને સામુદાયિક આધ્યાત્મિક પુરુષાર્થની નવી ટેક્નિક ઊભી કરવી પડશે.

માત્ર આ રસ્તે જ માનવજાતને શાંતિ, મુકિત, સુગ્રથિત એકતા અને પ્રગતિ પ્રાપ્ત થશે. માણસને આ બાબતનું સચોટ ભાન થવા માટેનો સમય પાકી ગયો છે કે જેમ ઈશ્વર એક છે તેમ માનવજાત પણ એક છે અને આપણો સામુદાયિક પ્રયત્ન પણ એક જ હોવો જોઈએ. પ્રેમ અને નિઃસ્વાર્થ સેવાની રામબાણ પ્રેરણા વડે અને અબલખ્ત, ઈશ્વરની કૃપા વડે જ આ શક્ય થવાનું છે.

અનુવાદક: પરમાનંદ મૂળ અંગ્રેજી: કાકાસાહેબ કાલેલકર

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશનસ્થળ: ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ–૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઈ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૭ : અંક ૧૪

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, નવેમ્બર ૧૬, ૧૯૬૫, મંગળવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૨૫ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

## અદ્યતન આક્રમણ–પ્રતિઆક્રમણના સંદર્ભમાં અહિંસાવિચાર

'અણુવ્રત' નામના દિલ્હીથી પ્રગટ થતા પાક્ષિક પત્રમાં મુનિશ્રી રૂપચંદ્રજીએ નીચેની વિચારભૂમિકા ઉપર આજના આક્રમણ-પ્રતિઆક્રમણના સંદર્ભમાં જાહેર ચર્ચા માટે અહિંસાવિષયક પાંચ પ્રશ્નો રજુ કર્યા છે. તેમણે રજુ કરેલી વિચારભૂમિકા આ મુજબ છે:–

વર્તમાન ભારત - પાકિસ્તાન યુદ્ધના સંદર્ભમાં સને ૧૯૬૨ની સાલમાં દિલ્હીમાં ભરવામાં આવેલા આણુશસ્ત્રવિરોધી સંમેલનનું સ્મરણ થઈ રહ્યું છે. આ સંમેલનના અધ્યક્ષ ચક્રવર્તી રાજગોપાલાચાર્ય હતા અને તત્કાલીન રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ તથા પ્રધાનમંત્રી સર્વેએ આ સંમેલનમાં ભાગ લીધો હતો. આ સંમેલનમાં પ્રસ્તાવિત કરવામાં આવેલાં અનેક સૂચનોનો આશય એ હતો કે ભારતે સ્વેચ્છાથી એકાંગી નિ:શસ્ત્રીકરણ જાહેર કરવું જોઈએ અને શસ્ત્રોનો પરિત્યાગ કરવો જોઈએ, જે દ્વારા વિશ્વને પ્રેરણા મળી શકે. એ સંમેલનમાં એમ પણ કહેવામાં આવ્યું હતું કે ભારત પોતાની સેનાને નિ:શસ્ત્ર કરીને અહિંસક બનાવી દે અને ચીન તથા પાકિસ્તાન સાથેના પોતાના સીમા - વિવાદનો પ્રશ્ન ફેંસલા માટે પંચને સોંપી દે. મહાત્મા ગાંધીએ પણ એમ જ કહ્યું હતું કે મારે એવી સ્વાધીનતા નથી જોઈતી કે જેમાં એક પણ વ્યક્તિની ખૂન–ખરાબી થાય.

વર્તમાન સમયની સાથે ભારતના ચિન્તને એક નવો આકાર ધારણ કર્યો છે. ખરેખર પોતાની આત્મસુરક્ષા માટે જ, પણ ભારતે શસ્ત્ર તથા સેનાનો આશ્રય લીધો છે. શકિતનો ઉત્તર શકિત વડે આપીને તેણે સમસ્ત વિશ્વને દેખાડી આપ્યું છે કે તેના પંચશીલ, નિશસ્ત્રીકરણ તથા અહિંસાના સિદ્ધાન્તોની ભૂમિકામાં કાયરતા અથવા ક્લીબતા નથી, પરંતુ શાંતિપ્રિયતા તથા માનવતા અને પ્રેમ છે. આમ છતાં પણ આ સિદ્ધાન્તોનો કોઈ અનુચિત લાભ ઉઠાવવાનો પ્રયત્ન કરે તો તેનો ઉત્તર ભારત શકિતથી પણ આપી જાણે છે.

હવે પ્રશ્ન એ છે કે અહિંસા, પંચશીલ તથા નિશસ્ત્રીકરણને લગતાં એ સૂચનોનું શું થયું? અધિક સંભવ છે કે શકિતવિસ્તારની ચિન્તામાં ભારતને આણુબૉંબ નિર્માણ કરવા તરફ ઝૂકવું પડે. જો આમ બને તો અહિંસાનિષ્ટ નીતિઓ તથા રાષ્ટ્રોની આસ્થા ઉપર શું બહુ મોટો પ્રહાર નહિ પડે? આ પ્રસંગે મને એ આવશ્યક લાગે છે કે અહિંસાવાદી લોક અહિંસાનું એક વાર ફરીથી સૂક્ષ્મ વિશ્લેષણ કરે અને એના આલોકમાં વર્તમાન સ્થિતિઓ અંગે ઉત્પન્ન થતા પ્રશ્નોનું સમાધાન આપે.

આમ જણાવીને તેમણે જે પાંચ પ્રશ્નો જાહેર ચર્ચા માટે રજુ કર્યા છે તે પ્રશ્નો તેને લગતા ઉત્તરો સાથે ક્રમસર નીચે આપવામાં આવે છે:–

### પ્રશ્નોત્તરો

**પ્રશ્ન: ૧:** વર્તમાન સંઘર્ષના કાળમાં જ ભારત સરકારે 'શકિતનો ઉત્તર શકિતથી આપવામાં આવશે' આવી નીતિ અખ્તયાર કરેલી હોવાના કારણે, આપણે શું અહિંસાનો પરાજય સ્વીકારી લેવો રહ્યો?

**ઉત્તર:** પ્રસ્તુત પરિસ્થિતિમાં અહિંસાના જય - પરાજયનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી, કારણ કે પાકિસ્તાનના હિંસક આક્રમણ સામે ભારતે પણ હિંસક પ્રતિઆક્રમણ જ અખ્તયાર કર્યું છે, કોઈ અહિંસક પ્રતિકારનો તેણે વિચાર જ કર્યો નથી. પ્રસ્તુત પરિસ્થિતિમાં વસ્તુત: અહિંસા પરાજિત નહિ પણ નિર્વાસિત બની છે. બાકી વાસ્તવિક જીવનમાં હિંસા સામે અહિંસા અવારનવાર ટકરાતી હોય છે અને આમ જ્યારે જ્યારે બને છે ત્યારે ત્યારે અહિંસા કદિ વિજયી તો કદિ પરાજિત બનતી રહી છે. વળી માનવી જીવન મોટા ભાગે નાની મોટી હિંસા ઉપર નિર્ભર હોવાથી 'બહુજનહિતાય, બહુજનસુખાય.' નાની હિંસાનો આશ્રય લઈને મોટી હિંસાનું નિવારણ કરવામાં આવે એ પણ એક દૃષ્ટિએ અહિંસાનો જ વિજય લેખાવો ઘટે. બાકી એમાં કોઈ શક નથી કે હિંસા અને અહિંસા વચ્ચેના આ સનાતન દ્વંદ્વમાં જેટલા પ્રમાણમાં હિંસા પરાજિત બનશે અને અહિંસા વિજયી નિવડતી જશે તેટલા પ્રમાણમાં માનવીજીવનમાં સુખ, શાન્તિ અને સ્વાસ્થ્યને વધારે પ્રતિષ્ઠા તેમ જ સ્થાયીત્વ મળતાં રહેશે.

**પ્રશ્ન: ૨:** શું અહિંસા જીવન - રક્ષાની જવાબદારીને પહોંચી વળી શકે ખરી?

**ઉત્તર:** 'જીવો જીવસ્ય જીવનમ્' આ પ્રકૃતિનો નિયમ છે. 'જીવો અને જીવવા દો.' એ માનવસંસ્કૃતિનો નિયમ છે અને તેથી પોતાનું જીવન ટકાવવા માટે બને તેટલી ઓછી હિંસા કરવી એવો આચાર માનવસંસ્કૃતિ અંગે ઉપર દર્શાવેલ નિયમ ઉપરથી ફલિત થાય છે. આ નિયમ જેટલા પ્રમાણમાં અમલી બને તેટલા પ્રમાણમાં જીવનરક્ષા અહિંસા ઉપર નિર્ભર બની ગણાય.

**પ્રશ્ન: ૩:** શકિતનો સફળ પ્રતિકાર શું શકિત જ છે? અહિંસા નહિ?

**ઉત્તર:** શકિતનો પ્રતિકાર બે રીતે થઈ શકે છે:–

(૧) હિંસા વડે એટલે કે શકિત વડે. પણ આવો પ્રતિકાર સફળ થાય કે નિષ્ફળ થાય તો પણ તેમાંથી સમયાન્તરે નવું આક્રમણ જન્મ પામે છે અને તેનો પાછો પ્રતિકાર કરવાનો રહે છે. આમ આક્રમણ અને પ્રતિઆક્રમણની અનિવાર્ય પરંપરા ઊભી થાય છે.

(૨) અહિંસક પ્રતિકાર વડે. આ પ્રતિકાર બે પ્રકારનો હોય છે. વૈયકિતક અને સામુદાયિક. અમુક અનિષ્ટના સંદર્ભમાં વૈયકિતક પ્રતિકાર વ્યકિતને સ્વધર્મ રૂપે પ્રાપ્ત થાય છે, અને તેથી તેનો પ્રતિકાર ફલનિરપેક્ષ હોય છે. આમ છતાં બાહ્ય પરિણામની દૃષ્ટિએ તેની સફળતાનો આધાર તે પ્રતિકાર કેવા પ્રત્યાઘાતો પેદા કરે છે તેના ઉપર રહે છે. કોઈ પણ રાજ્યની અંદર પેદા થયેલ અનિષ્ટને નાબુદ કરવા માટે અમુક સંયોગોમાં સામુદાયિક પ્રતિકારની વ્યવહારૂ યોજના વિચારી શકાય, એટલું જ નહિ પણ, અમલી પણ બનાવી શકાય અને તે સફળતાને પણ પ્રાપ્ત કરે. પણ આન્તરરાષ્ટ્રીય સંઘર્ષની કટોકટીમાં હજુ આવા કોઈ સામુદાયિક અહિંસક પ્રતિકારની વ્યવહારૂ યોજના વિચારવામાં આવી નથી, એટલે તે આજે શક્ય લાગતી નથી.

**પ્રશ્ન: ૪:** રાષ્ટ્રની પ્રાદેશિક અખંડિત અને પ્રભુસત્તાની સુરક્ષા માટે અહિંસાની પાસે કેવા કેવા ઉપાયો છે?

**ઉત્તર:** પરસ્પર વાટાઘાટ, લવાદી, જે દેશ સાથે ઘર્ષણ પેદા થયું હોય તેની સાથે અસહકાર–આવા કેટલાક અહિંસાત્મક

ઉપાયો વિચારી શકાય છે અને તે વડે સામુદાયિક સંઘર્ષ નિવારવાનું કદિ કદિ શક્ય બની શકે છે.

**પ્રશ્ન: ૫:** અહિંસાની તાકાતનું સ્વરૂપ શું છે?

**ઉત્તર:** વ્યક્તિગત રીતે કે સામુદાયિક રીતે, અસહકાર કે સત્યાગ્રહ દ્વારા, કોઈ પણ અનિષ્ટનો સામનો કરવો અને તે અંગે જે કાંઈ દુ:ખ યા આપત્તિ આવી પડે તે સમભાવ અને શાન્તિપૂર્વક સહન કરી લેવાં અને અનિષ્ટકર્તા પ્રત્યે પૂરો પ્રેમ ચિન્તવવો અને આ રીતે તેના હૃદયનો પલટો કરવો અને તે હૃદયપલટાદ્વારા પ્રસ્તુત અનિષ્ટને નાબુદ કરવાનો પ્રયત્ન કરવો—આવું આજના સંદર્ભમાં અહિંસાની તાકાતનું સ્વરૂપ કલ્પી શકાય છે. આ પ્રશ્ન ઘણાં લાંબા જવાબની અપેક્ષા રાખે છે, પણ અહિં જે પ્રકારની અહિંસા વિવક્ષિત છે તેની તાકાતનું સ્વરૂપ ઉપર જણાવ્યા મુજબ વિચારવું યોગ્ય લાગે છે.

**પૂરક નોંધ:** માનવસૃષ્ટિમાં હિંસા ચાલુ રહેવાનાં બે કારણો છે: એક તો ઉપર જણાવ્યું તેમ જીવન માત્રની હિંસાનિર્ભરતા. બીજું કારણ માનવીની પરિગ્રહપરાયણતા. જ્યાં જીવનનો આગ્રહ છે અને જ્યાં પરિગ્રહનું મમત્વ છે ત્યાં અવશ્ય હિંસા હોવાની અથવા પેદા થવાની. આ જેટલું વ્યક્તિને લાગુ પડે છે તેટલું જ કોઈ પણ એક રાષ્ટ્રને તેમ જ સમષ્ટિને લાગુ પડે છે. જગતની આ સનાતન પરિસ્થિતિ છે. તેથી કોઈ પણ કાળે માનવીજીવન સંપૂર્ણ અહિંસક બનવાની શક્યતા નથી. અહિંસા અંગે આ મર્યાદાનો વિચાર કરતાં, માનવીએ અહિંસક બનવું એનો એટલો જ અર્થ છે કે બને તેટલું હિંસાવિમુખ અને બને તેટલું અહિંસાભિમુખ બનવું. અહિંસાની ઉપાસનાનો આથી વિશેષ અર્થ થઈ ન શકે. આમ સંપૂર્ણ અહિંસક જીવન અશક્ય હોવા છતાં, માનવી જીવનમાં સંવાદિતા પેદા કરવી હોય અને સહઅસ્તિત્વને વિકસાવવું હોય તો આપણે બને તેટલા અહિંસાભિમુખ બનવું જોઈએ, એટલે કે પોતાના જીવન, સાથે, એટલું જ પણ નહિ પણ, પોતાના જીવનના ભોગે પણ અન્યને જીવનનો પૂરો અવકાશ આપવો જોઈએ અને વ્યક્તિગત તેમ જ સમુદાયગત પરિગ્રહથી માનવીસમાજે બને તેટલા મુક્ત બનવું જોઈએ. આ વિચારણામાંથી કરૂણા, મુદિતા, મૈત્રી, ઉપેક્ષા અને મમત્વ—મુક્તિની ભાવના સહજપણે ફલિત થાય છે. પરિણામે અહિંસાની ઉત્કટ ઉપાસના એટલે આ ભાવનાઓને જીવનમાં મૂર્તિમંત કરવાનો પુરુષાર્થ, એવા નિર્ણય ઉપર સહજપણે આવવાનું બને છે.

તા. ૩૦-૧૦-૬૫, મુંબઈ **પરમાનંદ**

## મુનિશ્રી નથમલજીએ આપેલા ઉત્તરો

આ જ પાંચ પ્રશ્નોના મુનિશ્રી નથમલજીએ મર્મસ્પર્શી ઉત્તરો આપ્યા છે, આ ઉત્તરો નીચે મુજબ છે:—

૧. 'શક્તિનો ઉત્તર શક્તિ વડે' એ અહિંસાનો પરાજય નથી, પણ અહિંસા અંગે લોકોમાં ઉત્પન્ન થયેલા ભ્રમનું નિરસન છે.

અહિંસાના સ્વરૂપ તથા મર્યાદાને નહિ સમજવાને લીધે અનેક લોકો અહિંસા અને કાયરતાને અથવા તો અહિંસા અને અશક્તિને પર્યાયવાચી શબ્દો તરીકે લેખવા માંડે છે. અહિંસાનું સમર્થન કરવાવાળા રાષ્ટ્રે શક્તિનો ઉત્તર શક્તિથી આપ્યો છે, તેથી આ લોકોનો ઉપર જણાવેલ ભ્રમ નિરસ્ત થઈ ગયો છે.

કોઈ પણ સરકાર, ભલે ને પછી ભારતની હોય કે અન્ય રાષ્ટ્રની, અહિંસાને પોતાની નીતિના આધાર તરીકે માની શકે છે, પરંતુ તેને નિયામક તત્ત્વ તરીકે સ્વીકારી શકતી નથી.

અહિંસાને નિયામક તત્ત્વ તરીકે સ્વીકારનારી સંસ્થા અપરિગ્રહી જ હોઈ શકે. આમ ન હોવાથી અને રાજ્યોમાત્ર પરિગ્રહપરાયણ હોઈને, અહિંસાનું કોઈ પણ રાજ્ય ઉપર અબાધિત નિયંત્રણ સ્થાપવું શક્ય જ નથી.

કોઈ સંસ્થા પરિગ્રહી હોય અને એમ છતાં હિંસામાં પ્રવૃત્ત ન હોય—એ એટલું જ અસંભવિત છે કે જેટલું કોઈ વ્યક્તિનું જીવનધારી હોવું અને એમ છતાં શ્વાસ લેવાની પ્રક્રિયાથી મુક્ત હોવું અસંભિવત છે.

પરિગ્રહ અને હિંસા એક સિક્કાની બે બાજુ છે. રાષ્ટ્ર એ એક પ્રકારનો પરિગ્રહ છે. તેની રક્ષા અહિંસાથી થઈ શકે એ એક પ્રકારનો ભ્રમ છે. અહિંસાથી અપરિગ્રહની રક્ષા થઈ શકે છે, પરિગ્રહની નહિ. આ સિદ્ધાન્તના સંદર્ભમાં કહી શકાય છે કે 'શક્તિનો ઉત્તર શક્તિ વડે'ની નીતિ એ અહિંસાનો પરાજય નથી, પણ અહિંસા અંગે સેવાતા ભ્રમનું નિરસન છે.

૨. જીવન-રક્ષાનો સંબંધ પરિગ્રહ સાથે છે. અહિંસાથી માત્ર એવા ગુણની જ રક્ષાની આશા રાખી શકાય કે જેનો સંબંધ પરિગ્રહ સાથે ન હોય.

૩. શક્તિ સાથે સંબંધ ધરાવતા પ્રતિકારની પ્રક્રિયા કેવળ હિંસાત્મક હોય છે એમ નથી, તે પ્રક્રિયા અહિંસાત્મક પણ હોઈ શકે છે.

અલ્પ હિંસાની શક્તિ મોટી હિંસાની શક્તિથી પરાસ્ત થઈ શકે છે. આમ હોવાથી હિંસાના ક્ષેત્ર અંગે એમ કહી શકાય કે શક્તિનો સફળ પ્રતિકાર શક્તિ દ્વારા જ થઈ શકે છે.

અહિંસાના ક્ષેત્રમાં, અલ્પ અહિંસાની શક્તિ મોટી અહિંસાની શક્તિથી પરાસ્ત થાય છે એમ કહેવું બરોબર નથી. આમ હોવાથી અહિંસાના ક્ષેત્રમાં એમ કહી શકાય તેમ નથી કે શક્તિનો સફળ પ્રતિકાર શક્તિથી થઈ શકે છે. અહિંસાની શક્તિથી હિંસાની શક્તિ પરાસ્ત નથી થતી, પણ પરિવર્તિત થાય છે. અહિંસામાં મારક શક્તિ નથી. અહિંસા વડે હિંસકનું હૃદય પ્રભાવિત બની શકે છે, પરિવર્તિત થઈ શકે છે એટલેકે અહિંસક બની શકે છે, પણ તેનું પ્રભાવિત અથવા પરિવર્તિત થવું અનિવાર્ય નથી.

૪. આ પ્રશ્ન આગળના પ્રશ્નથી ભિન્ન નથી, તેનો પૂરક છે. અહિંસાનું સ્વરૂપ છે મૈત્રીનો અનંત પ્રવાહ. તેનું જગત્ સીમાઓ અથવા તો વિભાજનરેખાઓથી મુક્ત હોય છે. રાષ્ટ્ર એક ભૌગોલિક સીમા છે. આમ હોવાથી અહિંસાની સામે એક અથવા તો અન્ય દેશની રક્ષાનો પ્રશ્ન જ ઊભો થતો નથી. તેની સામે સર્વ કોઈની સુરક્ષાનો જ પ્રશ્ન ઉભેલો હોય છે.

અહિંસાની મર્યાદા છે સર્વકોઈની સુરક્ષા—પ્રાણી માત્રની સુરક્ષા. એકની સુરક્ષા અને અન્યની અસુરક્ષા એ અહિંસાની મર્યાદાનો જ ભંગ છે.

અહિંસાની મર્યાદા છે આત્મિક સુરક્ષા. ભૌતિક સુરક્ષા અહિંસાથી થઈ શકે છે એમ કહેવાને બદલે એમ કહેવું વધારે ઉચિત છે કે ભૌતિક સુરક્ષા અહિંસાથી નથી થઈ શકતી.

શસ્ત્ર-શક્તિથી આત્મિક સુરક્ષા જ્યારે નથી થઈ શકતી ત્યારે આપણે એવી આશા કેમ કરી શકીએ કે અહિંસાની શક્તિથી ભૌતિક સુરક્ષા થઈ શકે છે?

૫. અહિંસાનું અસ્ત્ર આણ્વિક અસ્ત્રથી પણ વધારે શક્તિશાળી હોય છે, પરંતુ તેનો પ્રયોગ શક્તિશાળી વ્યક્તિ જ કરી શકે છે. દરેક વ્યક્તિ વિષે એવી આશા કરવી વધારે પડતી છે. જેમ શસ્ત્ર-શક્તિનો પ્રયોગ એક કાયર આદમી માટે સંભવિત નથી, તેવી જ રીતે અહિંસાની શક્તિનો પ્રયોગ એવા શૂરવીર માટે પણ સંભવિત નથી કે જે શૂરવીરના દિલમાં પરિગ્રહ અને જીવનનો મોહ હોય તથા જેનું મન ઘૃણાથી ભરેલું હોય.

અહિંસાની શક્તિનો પ્રયોગ દરેક આદમી કરી શકે છે, પણ તેના અસાધારણ પ્રયોગની અપેક્ષા માત્ર એવી વ્યક્તિઓ અંગે જ કરી શકાય છે કે જેમનો પ્રેમ ઘૃણા ઉપર વિજય પામી ચૂક્યો હોય, જેમની દૃષ્ટિમાં મનુષ્ય કેવળ મનુષ્ય જ હોય અને જેઓ જાતીય, સાંપ્રદાયિક આદિ ભેદભાવથી મુક્ત હોય.

અહિંસાની શક્તિના ભિન્ન સ્તર નથી હોતા, પરંતુ તેની પ્રયોગ-શક્તિના અનેક સ્તર હોય છે. દરેક સ્તર પાસેથી સમાન આશા શી રીતે રાખી શકાય?

અહિંસાના પ્રયોગની પદ્ધતિથી પણ દરેક વ્યક્તિ જ્ઞાત હોતી નથી.

પ્રયોગની પદ્ધતિ તથા ક્ષમતા જો પ્રાપ્ત હોય તો અહિંસાની સામે હિંસાની શક્તિ સફળ થઈ શકતી નથી.

**મુનિ નથમલજી**

# નિર્ણય કોણ કરશે ?

(જન્મ અને મૃત્યુ: આ બે અંતિમો વચ્ચે રહી જતા જીવનના પ્રવાહને ટૂંકાવી નાખવાનો નિર્ણય કોણ કરે? આ પ્રશ્ન આજે તબીબી જગતમાં જેને 'mercy killing' કહે છે ત્યાંથી માંડીને ન્યાયાલયમાંના મૃત્યુ દંડ સુધીના સ્તરને સ્પર્શી લે છે. અહીં નીચે રજૂ થતી નાનકડી હૃદયસ્પર્શી સત્યઘટનામાં એક તબીબને આ પ્રશ્નનો ઉત્તર કઈ રીતે મળ્યો તેનું હૃદયસ્પર્શી અને પાંપણોને ભીની કરી શકે એવું સમર્થ આલેખન છે? આ કથા તા. ૨૫-૭-૬૫ના 'સમર્પણ'માંથી આભાર ઉદ્ધરન કરવામાં આવી છે. તંત્રી)

ડૉકટરો વ્યકિતગત ઘટનાઓમાં ગમે તે વિચારતા હોય, પરંતુ પોતાને જીવન અને મરણના નિર્ણાયકો બનાવવાના પ્રયત્નોનો તેઓ મક્કમતાથી પ્રતિકાર કરતા આવ્યા છે. જીવન-મરણના આ અતિ મહત્ત્વના પ્રશ્ન સિવાય પણ અમો ડૉકટરો પર અન્ય જોખમદારીઓનો ભાર ઓછો નથી. મારી બાબતમાં કહું તો, મારું સૌ પ્રથમ કર્તવ્ય જીવનને રક્ષવાનું છે, તબીબી વિદ્યાના સર્વ ઉપાયો દ્વારા દર્દીના જીવનને બચાવવાનું છે, છેક અણીની ઘડી સુધી જીવનરક્ષા માટેના પ્રયત્નો ચાલુ રાખવાનું છે. પરંતુ અન્ય ડૉકટરો માફક હું પણ જીવન-મરણના પ્રશ્નની સમસ્યાને અથવા તેના પ્રલોભનને દૂર ઠેલી શકતો નથી.

એક દિવસે મારા ચિકિત્સાલયમાં એકવડા બાંધાની એક તરુણી આવી; એને પહેલું બાળક આવવાનું હતું. સારા કુટુંબની એ વહુ હતી અને સ્વભાવે લાગણીપ્રધાન હતી. એના જ્ઞાનતંતુઓ સહેલાઈથી ઉશ્કેરાતાં, છતાંય મેં એને સુયોગ્ય ધીરજ આપીને એના પ્રથમ માતૃત્વ માટે તૈયાર કરી. માનસિક શાંતિ રાખવાના એના પ્રયાસો મને ગમ્યા.

બાળક જન્મવાના એક માસ પૂર્વે તે સામયિક તપાસ માટે મારી પાસે આવી. તપાસમાં જણાયું કે સંતાન ગર્ભાશયમાં જે સ્થિતિમાં હોવું જોઈએ તેનાથી વિષમ સ્થિતિમાં હતું; સામાન્યત: પ્રસવ પહેલાં બાળકનું માથું ગર્ભાશયમાં નીચેના ભાગમાં હોય છે, અને જે જૂજ દાખલાઓમાં આમ નથી હોતું ત્યાં પ્રસૂતિ સમયે માથું નીચે આવી જાય છે. પરંતુ આ બાઈની બાબતમાં તો કૂલાનો પ્રદેશ નીચે હતો. આ પ્રકારની પરિસ્થિતિને તબીબી પરિભાષામાં 'Breech' 'બ્રીચ' કહે છે.

બાળકના સુગમ જન્મ વખતે માથું પહેલું આવવાનો કુદરતી ક્રમ માતા તથા સંતાન ઉભય માટે લાભકારક છે. આનાથી ઊલટું 'બ્રીચ' સ્થિતિમાં હોનાર બાળકોમાં જન્મતાં જ મૃત્યુ થવાનો સંભવ ઘણો છે, કારણ કે શરીર પહેલાં અને માથું પછી આવે તે પ્રકારમાં પ્રસવ સત્વર સંપૂર્ણ કરાવવો આવશ્યક છે, નહિ તો નાભિરજજુ બાળકના નાના પરંતુ કઠણ મસ્તક અને માતાના અસ્થિમય પેઢુ વચ્ચે ભીંસાવાથી બાળકની રકતવાહિનીને પ્રાણવાયુ (ઓકસીજન) ન મળે તો એનું મૃત્યુ થોડી ક્ષણોમાં અચૂક થાય છે, અને જો પ્રથમ પ્રસૂતિ હોય તો જોખમ અનેકગણું વધારે લેખી શકાય.

આ યુવતીની પ્રસૂતિ સમયે મને માલમ પડ્યું કે બાળક વિષમ 'બ્રીચ' સ્થિતિમાં હતું; એના પગ દરજી સીવવા બેસે છે તે સ્થિતિમાં હતા. આવી પ્રસૂતિ દરમ્યાન માતાના સુદઢ શરીરતંત્રની તંગ સ્થિતિને હળવી બનાવી બહિષ્કરણનાં કુદરતી બળો કામ કરે તે સમય પર્યંત પોતાના હાથનો ઉપયોગ ન કરવો એ ડૉકટર માટે વિકટ છે. રખાય એટલી ધીરજ રાખી મેં રાહ જોવા માંડી. એ દરમ્યાન બહાર લૉબીમાં બેઠેલા યુવતીના કુટુંબીજનોને પણ એની તબિયતના સમાચાર પાઠવતો રહ્યો.

અંતે એ ક્ષણ આવી અને મેં ધીરેથી એક નાનકડા પગને બહાર ખેંચ્યો, બીજા પગને ખેંચવાનો પ્રયત્ન કર્યો, પરંતુ એ પહેલા માફક એની સાથે જ બહાર કેમ ન આવ્યો એની મને સમજ ન પડી. સહાયક નર્સની મદદથી પ્રસૂતાના પેટ પર હળવું દબાણ આપી બીજો પગ મેં પુન: ધીમેથી ખેંચ્યો. બાળકનું શરીર જરા નીચે સરક્યું અને મુંઝવણભર્યા આશ્ચર્ય વચ્ચે મેં જોયું કે બાળકનો બીજો પગ પહેલા પગની સાથે કદીય રહી નહીં શકે, કારણ કે કમ્મરથી ઘૂંટણ સુધીની સંપૂર્ણ જાંઘ નહોતી અને બીજો પગ પહેલા પગના ઘૂંટણ સુધી જ માંડ પહોંચતો હતો-અને જન્મી રહેલું સંતાન બાલિકા હતું! આ પ્રકારની ખોડ આ પહેલાં મેં કદીએ જોઈ નહોતી અને હજીએ જોઈ નથી.

તત્‌ક્ષણે મારા મનમાં કદીએ ન અનુભવેલું એક તુમુલ યુદ્ધ જામ્યું. નબળાં જ્ઞાનતંતુવાળી માતાના માનસ પર આ દુર્ઘટનાથી કેટલી હાનિકારક અસર પહોંચશે તેની કલ્પના કરવી મુશ્કેલ નહોતી; અને કુટુંબ માટે પણ કેવી કપરી પરિસ્થિતિ સર્જાશે. જરાક આશાનું કિરણ દેખાતાં હાડકાંના નિષ્ણાત સર્વ તબીબો પાસે, ગરીબી નોતરીને પણ, તેઓ બાળકને બતાવવા લઈ જશે.

પરંતુ મને સૌથી વધુ કંપાવનારી કલ્પના તો એ હતી કે, જ્યારે સમાન વયના અન્ય બાળક-બાળકીઓ હસીખુશીને, નાચીકુદીને વિવિધ રમતો રમી રહ્યાં હશે ત્યારે આ બાપડી બાળકી નિરાશ વદને એકલી અટૂલી ઊભી રહી હશે. ...અને તે વખતે જ મને ખ્યાલ આવ્યો કે આ સર્વે યાતનાઓ દૂર કરવાનો ઉપાય મારા હાથમાં જ હતો.

'બ્રીચ' સ્થિતિમાં રહેલા બાળકનો પ્રસવ ત્વકરાપૂર્વક ન કરાવી શકાય તો એ પ્રસવકાળ દરમ્યાન જ મરણ પામે. આવી પરિસ્થિતિમાં હું ઉતાવળ ન કરું તો? જરાક ધીમે કામ કરું, ક્રિયાઓ જરાક વધુ ક્ષણો માટે લંબાવું તો? આમેય આ પ્રસૂતિ સહેલી તો નહોતી જ. જરાક ક્ષણો વધુ જશે તો કોઈનેય ખ્યાલ નહિ આવે. સંતાપ અને શોકની પ્રારંભિક લાગણીઓ બાદ આવું ખોડવાળું બાળક જીવી ન શકયું તેથી માતાને પણ રાહત થશે.

મારો અંતરાત્મા પોકારી રહ્યો.: "આ બાપડાંઓને માથે આ વ્યથા રખે લાદતો! આ બાળકે હજી સુધી શ્વાસની એક પણ માત્રા ખેંચી નથી, અને એ ન ખેંચે એ તારે જોવાનું છે. આમ પણ તું એને સમયસર બહાર આણી શકે એવો સંભવ નથી, માટે જરાય ઉતાવળ ન કરતો."

ગરમ કરેલો જીવાણુશૂન્ય ટુવાલ લાવવા મેં નર્સને સંજ્ઞા કરી. 'બ્રીચ' બાળક માટે આ પ્રકારનો ટુવાલ હું સદાય ઉપયોગમાં લેતો કે જેથી જન્મતાં વાર જ નવજાત શિશુના શરીરને લપેટી શકાય; ઠંડી હવાના ઝાટકાથી બાળકની છાતીનો ઓચિંતો ફૂલાવો ન થાય અને શ્વાસ દ્વારા પ્રવાહી કે શ્લેમ અંદર જવાથી મૃત્યુ ન થાય. પરંતુ આ વખતે તો મારા એકલાની જ આંખે જે જોયું હતું તે સંતાડવા માટે જ આ ટુવાલ મંગાવ્યો હતો.

મારો નિર્ણય થઈ ચૂકયો હતો.

પ્રસૂતિખંડના ઘડિયાળ તરફ મેં નજર નાંખી. નિર્ણિત સાત કે આઠ મિનિટના સમયમાંથી ત્રણ મિનિટ તો વ્યતીત થઈ ચૂકી હતી. મારી સહાયક નર્સોનાં ચક્ષુઓ મારા તરફ મંડાયા હતા. આ નર્સોએ આવા પ્રકારના અનેક કિસ્સાઓમાં મારી સફળતાઓ નિહાળી હતી -અને કાંઈક નિષ્ફળતાઓ પણ. ભલે આ વખતે એઓ મારી નિષ્ફળતા નિહાળે. મારા તબીબી જીવનમાં પહેલીવાર જ હું જે સાચું છે એવું શિખ્યો હતો તેનો ઈરાદાપૂર્વક ત્યાગ કરી મારું માની લીધેલું કર્તવ્ય વધુ સાચું છે તેમ ધારી એ કરવા તત્પર બન્યો હતો.

બાળકના નાભિરજજુની નાડ તપાસવા માટે મેં ટુવાલ નીચેથી મારો હાથ સેરવ્યો, કે જેથી એની હાલતની ખાત્રી કરી શકાય. ફકત

બેથી ત્રણ જ વધુ મિનિટની જરૂર હતી. કાંઈ કરી રહ્યો છું એ બતાવવા માટે મેં બાળકના શરીરને જરાક વધુ નીચે ખેંચ્યું, કે જેથી એના હાથ બહાર આવે ... અને આ કરું તે દરમ્યાનમાં તો સાજા પગની નાની ગુલાબી સુકોમળ પાની ધસીને બહાર નીકળી, મારા ટુવાલ નીચેથી મારા હાથમાં સુદૃઢ રીતે આવી—એ હાથમાં કે જેનાં પર માતા તથા સંતાન ઉભયની સુરક્ષાની જવાબદારી હતી. સામર્થ્ય અને જીવનના ધબકારા વહાવતું બાળક ઉછાળો મારી બહાર આવવા પ્રયત્ન કરી રહ્યું હતું.

કટોકટીની આ ક્ષણ મારે માટે અસહ્ય હતી. મારાથી એ કાર્ય ન થઈ શકયું. ખોડવાળા પગ આથે મેં બાળકીનો પ્રસવ કરાવ્યો. કુટુંબીજનોને ખરી પરિસ્થિતિનાં માહિતી આપી અને વળતે દિવસે અવાજમાં કુદરતી ખિન્નતા સાથે માતાને પણ આ વાતથી વાકેફ કરી.

મારી સર્વ અમંગળ પૂર્વશંકાઓ સાચી ઠરી. માતાને હૉસ્પિટલમાં લાંબો સમય સુધી રહેવું પડયું; એ જીવતું હાડપિંજર બની ગઈ હતી. કુટુંબીઓ એક નિષ્ણાત પાસેથી અન્ય નિષ્ણાત પાસે બાળકીને લઈ જતાં હતાં એવા સમાચાર પણ વખતોવખત મળતા હતા.

પરંતુ થોડા સમય બાદ મને એ કુટુંબના સમાચાર મળતા તદ્દન બંધ થયા. વર્ષો વીતવા માંડયાં અને આ વર્ષો દરમ્યાન પેલા પ્રલોભનને વશ થવાનું સામર્થ્ય ન બતાવી શકવા માટે હું મારી જાતને તીવ્ર ઠપકો આપી રહ્યો હતો.

* * *

અમારી હૉસ્પિટલના કર્મચારીઓ, નર્સો અને ડૉકટરોના રંજનાર્થે પ્રત્યેક વર્ષે નાતાલ પ્રસંગે એક ભવ્ય આનંદોત્સવ ઊજવવાની પ્રણાલિકા ચાલી આવી છે. આ વર્ષનો નાતાલનો મનોરંજનનો કાર્યક્રમ આગલાં વર્ષો કરતાં અનેક રીતે વધુ પ્રેક્ષણીય બન્યો.

ઑર્ગનમાંથી એક પ્રાચીન ધાર્મિક ગીતના પ્રારંભિક સ્વરો ઢળવાશથી ગુંજન કરી રહ્યા હતા ત્યારે ખંડની પછીતમાંથી વીથિકા વાટે સંપૂર્ણ શ્વેત યુનિફોર્મમાં સજ્જ થયેલી અને હાથમાં એક પ્રગટાવેલી મીણબત્તી રાખેલી વીસ નર્સો 'શાંત રાત્રિ' નામક ગીતના પરિચિત સ્વરો આછેરા ગણગણતી ધીમા પગલે પ્રવેશી.

ત્યારબાદ પ્રગાઢ નીલ તેજરાશિથી સારોય તખ્તો છવાઈ ગયો. રૂપેરી નાતાલવૃક્ષ અને તેના પરનાં પ્રકાશોમાં તેજના અંબારથી ઝગમગી ઊઠયાં. તખ્તાની સામી બાજુએ એક કલાત્મક પડદો નાંખવામાં આવ્યો હતો અને ત્યાં બેઠી બેઠી ઝગમગતાં શ્વેત વસ્ત્રો પરિધાન કરેલી ત્રણ સુંદર યુવતીઓ ઑર્ગનના સૂરો સાથે પોતાના વાદ્યોનાં સૂરો સંવાદિતાપૂર્વક વહાવી રહી હતી—એકની પાસે હતું હાર્પ, બીજીની પાસે સેલો અને ત્રીજીની પાસે વાયોલીન. મારી આંખ અશ્રુભીની બની અને હું માનું છું કે અન્ય પ્રેક્ષકોની પણ એ જ સ્થિતિ હશે.

મને હાર્પ અતિપ્રિય છે, આ વાદ્યને કુમાશથી ખીલવનાર વાદ્યિત્રકાર જે કોમલ દાખવે છે તેનાથી હું સદાય મુગ્ધ બન્યો છું. હાર્પવાળી યુવતી જે તન્મયતાથી પોતાનું વાદ્ય વગાડી રહી હતી તે પ્રત્યે મારું ધ્યાન સ્વાભાવિક ખેંચાયું. પોતાના વાજિંત્ર પ્રત્યે અનન્ય પ્રેમ સિવાય આ પ્રકારની તન્મયતા અને કુશળતા સાધી ન શકાય. એની મૃદુ આંગળીઓ વાદ્યના તંતુઓ પર પટુતાપૂર્વક નાચી રહી હતી. જ્યારે નર્સો ગીત ગાઈ રહી હતી ત્યારે સોનેરી કેશરાશિથી સોહામણું બનેલું એનું વદન એણે ઊંચું કર્યું—કેમ જાણે કે તે ક્ષણે સારુંય વિશ્વ એક પુલકિત અને અદ્‌ભુત સ્થાન ન હોય !

મહોત્સવનો કાર્યક્રમ પૂરો થયો, અને બધાંય ધીમે ધીમે વિખરાઈ ગયાં. પરંતુ હું ન ગયો. વડી નર્સને આવો આનંદજનક કાર્યક્રમ યોજવા માટે, અને તેને અનેરી રીતે સફળતાપૂર્વક પાર પાડવા માટે, હાર્દિક અભિનંદન આપવા હું ખોટી થયો. હું બેઠો હતો ઓ સ્થાને વીથિકા વાટે એક સન્નારી આવ્યાં. હું એમને ઓળખતો નહોતો. મને અભિવાદન કરી એ બોલ્યાં :

"ડૉકટરસાહેબ, તમે એને જોઈને ? તમે તમારી બેબીને તો ઓળખી શક્યા હશો જ. હાર્પ વગાડતી પેલી બાળાને તમે એકચિત્તે નીરખી રહ્યા હતા તે મારી દીકરી છે. તમે અમને ભૂલી ગયા તો નથી ને ? સત્તર વર્ષ પહેલાં તમારી હૉસ્પિટલમાં માત્ર એક જ સારા પગવાળી જન્મેલી પેલી બાળકી તો તમને યાદ છે ને ? આ એ જ બાળકી. એને સારી કરવા માટે અમે બધાય ઉપાયો અજમાવ્યા. હવે એનો બીજો પગ બનાવટી છે એનો ખ્યાલ કોઈને પણ નહિ આવે. હવે તો એ સહેલાઈથી ચાલી શકે છે, તરી શકે છે અને નૃત્ય પણ કરી શકે છે.

પરંતુ સૌથી સારી વસ્તુ તો એ છે કે જે વર્ષો દરમિયાન એ પોતાના ખોડવાળા બીજા પગનો ઉપયોગ ન કરી શકી તેમાં એણે પોતાના હાથનો ઉપયોગ કરવામાં અજબ કુશળતા મેળવી. હાર્પના તાર ઉપર એના હાથ એટલા સરસ ફરી શકે છે—અને પરિણામે આજે એ પ્રથમ પંકિતની હાર્પ-વાદક બની ચૂકી છે. આ વર્ષે તો એ વિદ્યાપીઠમાં પણ દાખલ થશે. એ તો મારું સમસ્ત જીવન છે અને હવે એ એટલી બધી સુખી છે કે..." સન્નારીની આંખમાં આંસુ દેખાયાં.

અમારા વાર્તાલાપ દરમિયાન એ પ્રસન્નમુખી યુવતી ત્યાં ધીમેથી આવીને ઊભી રહી હતી : એના ચક્ષુઓમાં ચમકાર હતો.

"બેટા, આ છે તારા પહેલા ડૉકટર—આપણા ડૉકટર." કંપાયમાન સ્વરે માએ કહ્યું. મારી માફક એ સન્નારી પણ, મેં બાળકીની ખોડ વિષે પ્રથમ કુસમાચાર આપ્યા ત્યારથી માંડીને આજ સુધીના, પેલા વ્યથાભર્યા ભૂતકાળને નીરખી રહ્યાં હોય તો નવાઈ નહિ.

આવેગથી જ એ બાળકીને મેં મારી પાસે ખેંચી. એના સુદૃઢ ખભાઓની પેલી પાર દૃષ્ટિક્ષેપ કરતાં મને પ્રસૂતિખંડનું સત્તર વર્ષ પહેલાંનું પેલું ઘડિયાળ દેખાયું. મારા હાથમાં વિશ્વાસપૂર્વક સોંપવામાં આવી રહેલાં એના જીવનને ઈરાદાપૂર્વક નષ્ટ કરવા હું તત્પર બન્યો હતો. એ યાતનામય ક્ષણો હું પુનઃ જીવી રહ્યો.

આવેગ સમતા એના માથાં પર મૃદુતાથી હાથ ફેરવી મેં કહ્યું: "બહેન, તને અથવા કોઈને પણ કદીય નહિ ખબર પડે કે આજની આ રાત મારે માટે કેટલી મહત્વની છે, કેટલી અર્થપૂર્ણ છે. બહેન, તું તારું હાર્પ લે અને 'શાંતિ રાત્રિ'ના મધુર સુરો મારા એકલાને માટે જ ગૂંજતા કર. અત્યાર સુધી મારે માથે કેટલો અસહ્ય બોજો રહ્યો છે તેની કોઈને પણ ખબર નથી. હવે એ બોજો તું જ ખસેડ."

યુવતીની મુલાયમ આંગળીઓ અનેરી કુશળતાથી વાદ્યતંતુઓને છેડી રહી હતી ત્યારે એની માતા મારા હાથ પર પોતાનો હાથ મૂકી, અવકાશમાં નીરખતી હોય તેમ બેઠી હતી. કદાચ મારા મનની સાચી પરિસ્થિતિનો એને સંપૂર્ણ ખ્યાલ આવી ગયો હશે.

'શાંત રાત્રિ'ના અંતિમ સ્વરો વાતાવરણમાં દિવ્ય સંગીત રેલાવી રહ્યા હતા ત્યારે જે જવાબ માટે મેં આટલા દીર્ઘ સમય સુધી રાહ જોઈ હતી તે મને મળી ગયો હતો.

મૂળ લેખક : ડૉ. ફ્રેડરિક લૂમિસ

અનુવાદક : શ્રીમતી આશા તોલાટ

## વિષયસૂચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| અદ્યતન આક્રમણ—પ્રતિઆક્રમણના સંદર્ભમાં અહિંસા વિચાર | પરમાનંદ | ૧૩૭ |
| નિર્ણય કોણ કરશે ? | ડૉ. ફ્રેડરિક લૂમિસ | ૧૩૯ |
| પ્રકીર્ણ નોંધ : "ભૂતો સામે આપણે સવાઈ ભૂતો મોકલવા જોઈએ," | | |
| દિલ્હીના "જૈન મિલન" નો પરિચય | પરમાનંદ | ૧૪૧ |
| વાત્સલ્યમૂર્તિ ગોરધનભાઈ | પરમાનંદ | ૧૪૨ |
| "મહાપ્રસ્થાના પથ પર" (પ્રવેશક) | પરમાનંદ | ૧૪૪ |
| થોડાંક અવલોકનો | પરમાનંદ | ૧૪૫ |
| "મારે મન પરમેશ્વર" | પ્રભાશંકર દલપતરામ પટ્ટણી | ૧૪૬ |

# પ્રકીર્ણ નોંધ

**"ભૂતો સામે આપણે સવાઈ ભૂતો મોકલવા જોઈએ."**

સુરક્ષાપરિષદમાં પાકિસ્તાનના વિદેશમંત્રી શ્રી ઝેડ. એ. ભૂતોના–માત્ર તીખોતમતમતો એટલું જ નહિ પણ, અસભ્યતાની પરાકાષ્ટા દાખવતો–વાણીપ્રવાહ વહેતો જોઈને એક મિત્રે એવો અભિપ્રાય આપ્યો કે, "સુરક્ષા સમિતિમાં મોકલવામાં આવતા આપણા પ્રતિનિધિઓ ભૂતોની સરખામણીમાં નબળા, ઢીલા, નરમ અને બિનઅસરકારક પુરવાર થાય છે. સુરક્ષા પરિષદ તેમ જ વિશ્વ રાષ્ટ્ર સંઘ ઉપર પૂરતો પ્રભાવ પાડવા માટે આપણે સવાઈ ભૂતો મોકલવા જોઈએ." આપણા મહાઅમાત્ય લાલબહાદુર શાસ્ત્રીએ તા. ૩૧-૧૦-'૬૫ ના રોજ કલકત્તા ખાતે યોજાયેલી વિરાટ સભાને ઉદ્બોધન કરતાં ઉપર જણાવેલ અભિપ્રાયને અનુલક્ષીને જણાવ્યું હતું કે "પાકિસ્તાનના વિદેશમંત્રીએ સુરક્ષાપરિષદમાં જે અશ્લીલ ભાષા વાપરી છે તે પાકિસ્તાનને નીચું જોવાડનારી છે. એક સુધરેલા દેશનો વિદેશમંત્રી આટલો નીચે ઊતરે એ ભારે શરમજનક કહેવાય. એક સંસ્કારી પ્રજા તરીકે આપણે હિટલરીઓ ગાળની સામે ગાળ આપી ન જ શકીએ. ભૂતોસાહેબને આટલો બધો ગુસ્સો આવવાનું કારણ એ છે કે આપણાં લશ્કરી દળો લાહોરની બહુ નજીકમાં છે. આ માટે આપણે ભૂતોસાહેબની દયા ખાવાની રહે છે."

આપણા પ્રધાનમંત્રીના આવા ઉદાત્ત વલણનું અનુમોદન કરતાં જણાવવાનું કે શ્રી ભૂતોના જંગલી ઉદ્ગારો સામે સુરક્ષા પરિષદમાં કોઈ અવાજ ઊઠાવવું નથી એ ઉપરથી એમ જરા પણ સમજવાનું નથી કે તેમના આવા વર્તનથી ત્યાં હાજર રહેલા સભ્યો ખૂબ પ્રભાવિત થાય છે. આવું કશું છે જ નહિ. ઊલટું તેઓ એમ વિચારે છે કે આવી વ્યક્તિ સાથે જીભાજોડી કરવામાં કાંઈ સાર નથી. આ ઉપરાંત બીજી પણ એક બાબત છે કે સુરક્ષાપરિષદમાં આજે એક પ્રકારની મેલી રમત રમાઈ રહી છે. ત્યાં સાચજૂઠનો–સાચાખોટાનો–કોઈ સવાલ જ નથી. દરેક પ્રતિનિધિ પોતાનું વર્તન અને વર્તાણુક પોતપોતાના સ્વાર્થને અનુલક્ષીને નક્કી કરે છે. આ સુરક્ષા પરિષદમાં ભાગ લેતા મહારાષ્ટ્રોના પ્રતિનિધિઓ, પાકિસ્તાન સાથે પોતપોતાના સ્વાર્થો સંકળાયેલા હોઈને, પાકિસ્તાન ગમે તેમ નાચે તો પણ, તેને જરા પણ નાખુશ કરવા માગતા નથી. બાકી પાકિસ્તાન કયા સ્તર ઉપર છે અને ભારત કયા સ્તર ઉપર છે તે વચ્ચેના તફાવતનો દરેક પ્રતિનિધિને પૂરો ખ્યાલ છે, વસ્તુતઃ ભારત - પાકિસ્તાન સંઘર્ષ દરમિયાન ભારતના લશ્કરી દળોએ જે શૌર્ય દાખવ્યું છે અને ભારતના મહાઅમાત્યે યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈંગ્લાંડ સામે, એટલું જ નહિ, પણ, યુનો સામે પણ પરિણામનિરપેક્ષ બનીને, જે મક્કમતા દાખવી છે અને જે ધીરગંભીર ઉદાત્ત વાણીનો પરિચય કરાવ્યો છે, એટલું જ નહિ પણ, યુદ્ધની પરિભાષામાં જેને શત્રુ તરીકે લેખવામાં આવે છે તે પાકિસ્તાની સૂત્રધારો વિષે પણ તેમણે એક હળવો કે હલકો ઉદ્ગાર કાઢ્યો નથી તેને લીધે, આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ભારતની પ્રતિષ્ઠામાં ખૂબ વધારો થયો છે, ભારતના ગૌરવમાં ખૂબ વૃદ્ધિ થઈ છે અને એટલા જ પ્રમાણમાં પાકિસ્તાનની આબરૂને અસાધારણ ધક્કો લાગ્યો છે એમ કહેવામાં લેશમાત્ર અત્યુક્તિ નથી.

ઉપરની ચર્ચાના અનુસંધાનમાં જણાવતાં આનંદ થાય છે કે આખરે તા૦ ૬-૧૧-૧૯૬૫ નાં રોજ યોજાયલી એક પત્રકાર પરિષદમાં પાકિસ્તાનના વિદેશમંત્રી ભૂતોએ સુરક્ષાપરિષદ સમક્ષ ભારત વિરુદ્ધ પોતે યદ્વાતદ્વા ઉચ્ચારેલા અસભ્ય અશ્લીલ ઉદ્ગારો બદલ માફી માંગી છે અને તેમ કરતાં તેમણે જણાવ્યું છે કે "એ જે કાંઈ બન્યું તે માટે હું દિલગીર છું. હું બોલવાના આવેશમાં ઘસડાઈ ગયો હતો. હું ઈચ્છું છું કે હવે પછી આ પ્રશ્નના વિવાદ દરમિયાન આ બનાવને એક મુખ્ય મુદ્દા તરીકે આગળ ધરવામાં ન આવે." આમ આવી એક જવાબદાર વ્યક્તિને પોતાના અમુક ઉદ્ગારો વિષે ક્ષમાયાચના કરવી પડે તે નાનીસુની વાત નથી. આ ક્ષમાયાચનાથી સુરક્ષા પરિષદમાં ભારત પાકિસ્તાનને લગતી ચર્ચા અંગે જે ગુંચ અને સ્થગિતતા જેવી પરિસ્થિતિ ઊભી થઈ હતી તેનો અંત આવ્યો છે, અને ભારતના સ્વત્વને નવું સમર્થન મળ્યું છે.

**દિલ્હીના "જૈન મિલન"નો પરિચય**

દિલ્હીમાં "જૈન મિલન" એ નામથી એક અવિધિસરની–informal–સામાજિક સંસ્થા છેલ્લાં પાંચ વર્ષથી પોતાની પ્રવૃત્તિ ચલાવી રહેલ છે. આ 'જૈન મિલન'નો મૂળ વિચાર જાણીતા પત્રકાર અને અર્થશાસ્ત્રી શ્રી ભીખાલાલ કપાસીને આવેલો અને તેમણે દિલ્હીના કેટલાક આગેવાન જૈન ગૃહસ્થોને નિમંત્રણ આપીને તા. ૨૦-૯-૬૫ ના રોજ 'જૈન મિલન'ની સૌથી પહેલી સભા ગોઠવેલી.

ત્યાર બાદ આજ સુધી અનેક વાર આ સંસ્થાના ઉપક્રમે કૉન્સ્ટીટ્યુશન ક્લબમાં અને કોઈ કોઈ વાર રાજધાનીના અન્ય વિભાગોમાં લગભગ દર મહિને સામાજિક સંમેલનો યોજાતા રહ્યા છે, જ્યારે પરસ્પર સંપર્કો સાધવામાં આવે છે અને સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક અને ધાર્મિક બાબતોમાં જૈનો એકમેકને શી રીતે મદદરૂપ થઈ શકે એ અંગે વિચારવિનિમય થતો રહ્યો છે, અને ચર્ચાઓ, પર્યટણો વગેરે પ્રવૃત્તિઓદ્વારા, કશા પણ સાંપ્રદાયિક ભેદભાવ વિના, જૈન સમાજમાં પરસ્પર મૈત્રીભાવભર્યો અનુબંધ કેળવાતો રહ્યો છે.

જ્યારે પાર્લામેન્ટમાં 'રીલીજીઅસ ટ્રસ્ટ બીલ' રજૂ કરવામાં આવેલું અને તે અંગે નિમાયેલી સિલેકટ કમિટીને દેશની જવાબદાર વ્યક્તિઓની અને ધાર્મિક સંસ્થાઓના પ્રતિનિધિઓની જુબાની લઈને રિપોર્ટ કરવાનું કામ સોંપવામાં આવેલું ત્યારે 'જૈન મિલને' એક બહુ ઉપયોગી કામગીરી બજાવી હતી. એ વખતે દિલ્હીમાં ઉપસ્થિત થયેલા જૈન પ્રતિનિધિઓને આ 'જૈન મિલન' દ્વારા એકત્ર કરવામાં આવ્યા હતા અને એ સર્વ વતી એક જ પ્રવક્તા નિમાય અને તે જૈન કોમ તરફનો કેસ સિલેકટ કમિટી સમક્ષ રજૂ કરે એવો પ્રબંધ કરવામાં આવ્યો હતો. આ પ્રબંધની સિલેકટ કમિટીના સભ્યો ઉપર અને પાર્લામેન્ટના વર્તુલો ઉપર બહુ જ સારી છાપ પડી હતી.

આ 'જૈન મિલન'ને informal–અવિધિસરની સંસ્થા તરીકે ઓળખાવવાનું એ કારણ છે કે આ 'જૈન મિલન'માં પ્રમુખ, મંત્રીઓ, કોષાધ્યક્ષ એવા કોઈ હોદ્દેદારો નથી; સભ્યોનું કોઈ લવાજમ નથી. દરેક મહિને યોજાતા મિલનનો ખર્ચ અમુક સંયોજકો–hosts–અંદર અંદર વહેંચી લે છે. આ જૈન મિલનના આજના કન્વીનર્સ–સંયોજકો નીચે મુજબ છે: શ્રી દૌલતસિંહ જૈન, શ્રી આદીશ્વરપ્રસાદ, શ્રી ભીખાલાલ કપાસી, શ્રી આર. સી. જૈન, શ્રી દુર્ગાપ્રસાદ જૈન તથા શ્રી કપૂરચંદ જૈન.

આ જૈન મિલનનો ઉત્કર્ષ કેમ થાય તે અંગે, શ્રી ભીખાલાલ કપાસી, બી-૫, 'ખંડારા રોડ, નવી દિલ્હી - ૧૧. (ટે. નં. ૪૮૪૩૯) એ સરનામે ઉપયોગી સલાહસૂચનો લખી મોકલવા વિનંતિ છે.

તા. ૧૯-૯-'૬૫ ના રોજ કૉન્સ્ટીટ્યૂશન ક્લબમાં મધ્યવર્તી સરકારના લેબર અને એમ્પ્લોયમેન્ટ ખાતાના ડેપ્યુટી મિનિસ્ટર શ્રી બી. કે. માલવિયાના પ્રમુખપણા નીચે જૈનોની એક જાહેર સભા ભરવામાં આવેલ હતી અને તેમાં પસાર કરવામાં આવેલા ઠરાવદ્વારા પાકિસ્તાની આક્રમણને વખોડી નાખવામાં આવ્યું હતું, બહાદુરીભરી કામગીરી બજાવવા માટે ભારતના લશ્કરી દળોને ધન્યવાદ અને અભિનંદન આપવામાં આવ્યા હતાં અને આપણી રાષ્ટ્રીય સ્વતંત્રતા અને ભૌગોલિક સાર્વભૌમતાની રક્ષા માટે સર્વ પ્રકારની મદદ કરવા માટે દિલ્હીના જૈનોને અનુરોધ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે શ્રી નવલમલ કુંદનમલ ફિરોદિયા, શ્રી જૈનેન્દ્રકુમાર જૈન, શ્રી ભીખાલાલ કપાસી વગેરેએ પ્રસંગોચિત વિવેચનો કર્યાં હતાં.

ઉપર જણાવ્યું તે મુજબ, ભાઈશ્રી ભીખાલાલ કપાસી આ 'જૈન મિલન' સંસ્થાના મૂળ સ્થાપક અને મુખ્ય સંચાલક છે અને આજ સુધી એક સરખી ધગશથી 'જૈન મિલન'ની પ્રવૃત્તિ ચલાવી રહ્યા છે અને ખાસ કરીને ભારતભરના અગ્રગણ્ય જૈન વ્યક્તિઓને દિલ્હીવાસી અગ્રગણ્ય જૈનો સાથે સંપર્ક સાધવામાં આ 'જૈન મિલન' બહુ ઉપયોગી સેવા બજાવી રહ્યું છે અને આ માટે ભાઈશ્રી ભીખાલાલ કપાસીને જૈન સમાજના ધન્યવાદ ઘટે છે.

પરમાનંદ

# વાત્સલ્યમૂર્તિ ગોરધનભાઈ

સર હરકીસનદાસ નરોત્તમદાસ હૉસ્પિટલની સેવામાં જેમણે જીવનનો મોટો ભાગ સમર્પિત કર્યો છે એવા શેઠ ગોરધનદાસ ભગવાનદાસનું તા. ૧૬-૧૦-૬૫ના રોજ મુંબઈના રાજ્યપાલ શ્રી પી. વી. ચેરિયનના પ્રમુખપણા નીચે મુંબઈ ખાતે વનિતાવિશ્રામના ચોગાનમાં ઘણા મોટા પાયા ઉપર જાહેર સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેમની સેવાની કદર રૂપે એકઠા કરવામાં આવેલા આઠ લાખ રૂપિયાની રકમ તેમને અર્પણ કરવામાં આવી હતી. આપ્રસંગે સન્માનસમિતિના પ્રમુખ શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશીએ સ્વાગતપ્રવચન કર્યું હતું અને મુંબઈના મેયર શ્રી. એમ. માધવને, મુખ્યપ્રધાન શ્રી વી. પી. નાયકે, આરોગ્યપ્રધાન શ્રી શાન્તિલાલ શાહે, શ્રીમતી પ્રેમલીલા ઠાકરશીએ, શ્રીમતી લીલાવતી મુનશીએ, ડૉ. બી. બી. ચોથે, ડૉ. એસ. વી. સાટેએ તથા ડૉ. આર. એન. કૂપરે અને આભારનિવેદન કરતાં ડૉ. પી. એમ. સાંગાણીએ માન્યવર ગોરધનભાઈની સેવાઓને ભાવભરી અંજલિ આપી હતી. ભારત સરકારે પણ તેમને આ વર્ષની શરૂઆતમાં પ્રજાસત્તાક દિને 'પદ્મશ્રી' ના પદથી વિભૂષિત કરીને તેમની વિપુલ સેવાઓની યોગ્ય કદર કરી હતી.



★ શ્રી ગોરધનદાસભાઈ ★

શેઠ ગોરધનભાઈનો જન્મ ઈ. સ. ૧૮૮૭માં થયો. એ હિસાબે આજે તેમની ઉંમર ૭૮ વર્ષની ગણાય. તેમના પિતાનું નામ ડૉ. વિઠ્ઠલદાસ દેસાઈ. તેમનાં માતુશ્રીનું નામ સૌ. હરકુંવરબા. ઉપર જણાવેલ સન્માન સમારંભ પ્રસંગે 'પદ્મશ્રી શેઠ ગોરધનદાસ ભગવાનદાસ ગૌરવ-ગ્રંથ' એ નામનો પ્રસ્તુત પ્રસંગને અનુલક્ષીને તૈયાર કરવામાં આવેલ ભારે દળદાર અને માહિતીપૂર્ણ ગ્રંથ જાહેર જનતા સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. આ ગ્રંથમાં અન્તર્ગત કરવામાં આવેલ શ્રી હીરાલાલ મુનિના લેખમાં શ્રી ગોરધનભાઈ સાથેના વાર્તાલાપને એક સળંગ આત્મનિવેદનના આકારમાં સંકલિત કરવામાં આવ્યો છે. શ્રી ગોરધનભાઈના જીવનનો તેમના જ શબ્દોમાં પ્રત્યક્ષ પરિચય આપતું એ આત્મનિવેદન નીચે મુજબ છે:—

## શેઠ ગોરધનભાઈનું આત્મ-નિવેદન

"મારા જીવનમાં કંઈ રંગ-રાગ કે અવનવું મળશે નહિ. ઈશ્વરે જે સંજોગો સરજ્યા તેને આધીન બનવા પ્રયત્ન કરતો આવ્યો છું. બાકી બધા ખલકના ખેલ છે. ઈશ્વર દયાળુ છે. એણે તો જન્મની સાથે જ માતાના શરીરમાં દૂધ આપીને આપણા જીવનની જોગવાઈ કરી છે. બાકી એની કળાને કોણ પામ્યું છે? સુખ અને દુઃખ એ તો આપણી કલ્પના છે. બાકી તે પાછળનો મંગળમૂર્તિનો મર્મ કેટલા સમજ્યા છે? કોઈ વાર એ હસાવે છે; કોઈ વાર એ રડાવે છે. એ બધું એની કૃપાનો પ્રસાદ છે.

"હું ચારેક વર્ષનો હતો ત્યારે માતા અને થોડા વર્ષે પિતા પણ અમને ચાર ભાઈ-બહેનને* છોડી ચાલતાં થયાં અને અમે મોસાળમાં ઉછર્યા. મામા (સર હરકીસનદાસ નરોત્તમદાસના ભાઈ ભગવાનદાસ)—મામીનો અમારા પર અપાર પ્રેમ. મને ઓછું બોલવાની ટેવ. ગપ્પા હાંકતા આવડે નહિ. રમતગમતમાં પણ રસ નહિ. 'નિશાળમાંથી નીકળી જવું પાંસરું ઘેર' જેવો સ્વભાવ. એટલે મામા માનતા કે આપણે કાંઈ લીલું કરીએ તેમ નથી. નાનાભાઈ મંગળદાસ પહેલેથી જ હોંશિયાર અને કુશાગ્રબુદ્ધિ. સને ૧૯૦૫માં અમે બન્ને સાથે મેટ્રિક પાસ થયા. મંગળદાસ પહેલા પચ્ચાસ વિદ્યાર્થીઓમાં આવ્યાનું છાપામાં વાંચી મામા ખુશ થયા. સેવકનું ગાડું ગબડ્યે જતું હતું. પછીની યુનિવર્સિટીની પરીક્ષામાં અમે ત્રણે ભાઈઓ ઊંચા નંબરે પાસ થયા અને અમને ત્રણેને ઈનામ મળ્યું જાણી મામાનો અભિપ્રાય કંઈક સુધર્યો.

"બીજો વર્ષની ઉંમરે હું મેડિકલના છેલ્લા વર્ષમાં આવ્યો. હવે આમ ભાંડરડાંને હાથપગ આવ્યા છે એમ કહી સ્વતંત્ર રીતે જુદા રહેવા જવા અમે મામા—મામી પાસે માંગણી મૂકી. આ વાત ચર્ચાતી હતી એવામાં કમાનસીબે મામાએ વિદાય લીધી. મામાએ વીલ કરી તેમની મિલકતનો મને એક્ઝીક્યુટર નીમેલો. એટલે વીલની વિગતથી અમે વાકેફ હતા. ન મને કશી અપેક્ષા ન હતી. મામી સ્વતંત્ર રીતે નિર્ણય લઈ શકે તેવા બધા હેતુએ સને ૧૯૧૦ના અરસામાં અમે ત્રણ ભાઈઓ ડૉ. દેશમુખ લેઈનમાં મામીથી અલગ રહેવા ગયા, ત્યારે વિજળીબહેનનાં લગ્ન થઈ ગયાં હતાં અને તે સાસરે હતાં.

"મામીનું હૃદય મામા જાણતા હતા. મારી તરફ મામીનો ખૂબ પ્રેમ હતો. એ બધું વિચારીને મામાએ વિલ કરેલું કે તેમના મૃત્યુ પછીના દોઢ વર્ષમાં જો મામી મને દત્તક લે તો મને રૂા. બે લાખ આપવા; નહિ તો દોઢ વર્ષ પછી એ રકમ સર હરકીસનદાસની મિલ્કતમાંથી જે ચેરીટી થાય તેમાં આપવી.

"આર્યસ્ત્રીનું હૃદય: પતિનું નામ અને કુટુંબનો વંશવેલો રહે તેવી સ્ત્રીસહજ અભિલાષા. સને ૧૯૧૦માં મામીએ મને દત્તક લીધો*, એ સરતે કે દાકતર થયા પછી મારે પ્રેક્ટીસ ન કરવી. મોટા માણસનું ફરજંદ ચાર છ આનાની બાટલી ભરે તે કંઈ સારું કહેવાય?

"સને ૧૯૧૩માં ગ્રાન્ટ મેડિકલ કૉલેજમાંથી હું એલ. એમ. એન્ડ એસ. ની ઉપાધિ મેળવી દાકતર થયો પણ શું કામનો?

"આ જ અરસામાં મારાં લગ્ન થયેલાં.

"સર હરકીસનદાસની ચેરીટીમાં રૂા. બે લાખ આપવાને બદલે મામીએ મને બે લાખ રૂપિયા આપ્યા. આ એ દેવું હું હૉસ્પિટલને ભરપાઈ કરી રહ્યો છું. વિધિનો આવો સંકેત હશે!

"દાકતરી તો થઈ શકે એમ નહોતી, એટલે મામીએ તેમના ભાઈની સુતરની દુકાને બેસાડ્યો. પણ તુંબડીમાં કાંકરા લીધા - દીધા

*માધવદાસ, ગોરધનદાસ, મંગળદાસ અને વિજળીબહેન—એમ ત્રણ ભાઈઓ અને એક બહેન. આમાંના મંગળદાસ બેરિસ્ટર થયા અને આગળ જતાં મુંબઈની હાઈકોર્ટના ન્યાયમૂર્તિ બન્યા અને ૧૯૬૦માં અવસાન પામ્યા.

*આ કારણને લીધે ગોરધનભાઈ શેઠ ગોરધનદાસ ભગવાનદાસ એ નામથી ઓળખાવા લાગ્યા.

ને વેપારની આંટીઘૂંટીમાં આપણને રસ પડે નહિ. પણ વખત તો પસાર કરવો જ જોઈએ ને!

"સને ૧૯૧૩ના અરસામાં મામીએ લીલા સંકેલવા માંડી. પોતાના ઓધનનો દાગીનો વેચતાં રૂ. બે લાખ ઉપજ્યા. તેમાંથી પચાસ હજાર વનિતા વિશ્રામના સભાગૃહ માટે અને દોઢ લાખ સસ્તા ભાડાના કપોળ નિવાસ માટે આપ્યા. એ અરસામાં મામાના વીલની રૂઈએ વરસોવા અને દેવલાલીનાં સેનેટોરિયમો બાંધવાનું કામ ચાલું થયું હતું તેમાં હું રસ લેતો થયો.

"સર હરકીસનદાસે પેડર રોડ પરનો પોતાનો બંગલો–આજે જ્યાં વીલા થેરીસા કૉન્વેન્ટ એન્ડ ગર્લ્સ હૉસ્ટેલ છે–તે હૉસ્પિટલ કરવા માટે આપ્યો હતો. ત્યાં હૉસ્પિટલ કરવા સ્વ. તુલસીદાસે બધી તૈયારી કરી, પણ પેડર રોડ પર રહેતા આગેવાન શહેરીઓએ વાંધો લીધો કે અમારા લત્તામાં હૉસ્પિટલ નહિ જોઈએ. એટલે છેલ્લી ઘડીએ મ્યુનિસિપાલીટિએ રજા ન આપી અને એ વખતમાં રૂ. સાડા ચાર લાખની કિંમતે અંકાતો એ બંગલો ઘણી જહેમત પછી ખરીદનારના અભાવે આખરે અમારે રૂપિયા અઢી લાખમાં વેચવો પડયો.

"સને ૧૯૧૪માં સર હરકીસનદાસનાં પત્ની લેડી માનકોરબાઈ રૂપિયા સાડાચાર લાખ જેટલી પોતાની બધી મિલ્કત સર હરકીસનદાસની જે ચેરીટી થાય તેમાં ઉમેરવા આપી વિદેહ થયાં. આ રીતે સર હરકીસનદાસ અને લેડી માનકોરબાઈની બધી મળી કુલ રૂપિયા સાત લાખ જેટલી રકમ અમને ટ્રસ્ટીઓને મળી.

"સર હરકીસનદાસે તેમની દીકરી નવલબહેનના જમાઈ સ્વ. તુલસીદાસ શેઠને ટ્રસ્ટી નીમેલા. તેમણે હૉસ્પિટલ કરવા ભેખ લીધો અને મને સાથે રાખ્યો. તુલસીદાસ શેઠની કાર્યકુશળતા, દીર્ઘદૃષ્ટિ અને શુભ નિષ્ઠાનો મારા પર ખૂબ પ્રભાવ પડયો અને હું એ રંગે રંગાવા લાગ્યો.

"ઘણી જહેમત પછી સને ૧૯૨૫માં હૉસ્પિટલ શરૂ થઈ. ધીરે ધીરે લોકોને તેના ફાયદા જણાતા ગયા અને દિવસાનુદિવસ લોકો વધારે ને વધારે લાભ લેતા થયા અને ઉદાર દાતાઓના સહકારે હૉસ્પિટલ વિકસતી ચાલી. થોડું કરીને બેસી રહેવાનું તુલસીદાસ શેઠને રૂચે નહિ. એ આ સેવાકાર્યમાં તન્મય બન્યા. અને હૉસ્પિટલ કેમ અદ્યતન અને વિશેષ લોકોપયોગી બને તેની જ તેઓ અહોરાત ઝંખના સેવતા થયા. મને બધી બાબતથી વાકેફ કરે. કાર્ય પરત્વેની એમની નિષ્ઠા અને અથાક પુરૂષાર્થે મને પ્રેરણા પાઈ અને હું વધારે ને વધારે રસ લેતો ગયો.

"સને ૧૯૩૧માં મારાં પત્ની મદનબાઈ પ્રસૂતિવેળાએ એકાએક વિદાય થયાં. માતાપિતાના વાત્સલ્યની ઉણપ પછીની સુખદ સ્થિતિ કુદરતને મંજુર નહોતી. બધે અંધકાર દેખાય. ત્યાં અધૂરામાં પૂરૂં સને ૧૯૩૨માં તુલસીદાસ પણ એ પંથે પડયા. પણ બધી વિષમ પરિસ્થિતિ વચ્ચે ઈશ્વરનું કામ હતું તે ઈશ્વરે પૂરૂં કર્યું.

"પત્નીના મૃત્યુ સમયે મારી ઉંમર બેંતાલીસ–ત્રેંતાલીસ વર્ષની, તંદુરસ્તી પણ સારી. સૌ સગાંસ્નેહીઓએ મારી બેવડી ફરજનું મને ભાન કરાવ્યું કે મામીએ મને દત્તક લીધો છે તે વંશવેલો ચાલુ રાખવો, પણ મેં હાથ જોડયા.

"આજે લાગે છે કે કુદરતનો એ કોપ મારા માટે ઈશ્વરના વરદાન જેવો કલ્યાણકારી હતો. ઈશ્વરનો મારા ઉપર અસીમ ઉપકાર કે બધી માયાજાળમાંથી છોડાવી માનવસેવાના આ પવિત્ર કાર્યમાં મને જોડયો છે, અને નાના મોટા તેમ અનેકના પ્રેમનું હું ભાજન બન્યો છું. આ હૉસ્પિટલ મારૂં વિશ્રામસ્થાન બન્યું છે. મારા જીવનમાં મને મોટામાં મોટું આશ્વાસન હોય, આનંદ હોય તો એ જ છે કે વિશાળ સંખ્યાનાં ભાઈ બહેનોએ મારી ક્ષતિઓ ભૂલી મને હરહંમેશ અનહદ પ્રેમથી નવાજ્યો છે. મારા કાર્યથી, મારી વાતથી, હું કોઈને આશ્વાસન આપી શકતો હોઉં, કોઈને આનંદ આપી શકતો હોઉં તો તે જનતાના આવા ઉમદા સ્નેહભાવનો જ પ્રતિઘોષ છે. એ બધાંનું ઋણ હું ફેડી શકું તેમ નથી. હૉસ્પિટલની પ્રવૃત્તિ કરતાં અનેક ભાઈ–બહેનોના સંપર્કથી હું સુખ, શાન્તિ અને આનંદ અનુભવું છું."

ધર્મ, કર્મ, સેવા–ઉપાસના જેવી બાબતમાં પૂછીએ તો કહે: "ભાઈ, એવા ગહન વિષયમાં હું સમજતો નથી, ને એવી ભાંજગડ અને ગડમથલમાં હું પડતો નથી. હું તો મારા અનુભવે એટલું સમજ્યો છું કે પરમાર્થ કાજે પણ ફળવાંચ્છુ શ્રદ્ધાળુને ફળપ્રાપ્તિની રાહ જોવી પડે છે. મારો ભગવાન વાયદાનો વેપારી નથી, રોકડીઓ છે. જેટલું સૂઝે ને હૃદય સાક્ષી પૂરે તેટલું કરું છું અને જે કાંઈ થાય કે ન થાય એ બધું જ ઈશ્વરને સમર્પણ કરી રાત્રે સુખ-શાન્તિથી ઊંઘી જાઉં છું."

આશ્ચર્ય વચ્ચે ગીતાનો એક સંસ્કૃત શ્લોક ટાંકીને કહે કે, "ગીતાનો આવો નાનો ને સાદો મંત્ર આપણે આચારમાં મૂકી શકતા નથી. પછી એ ગોખવાથી કે વાગોળવાથી શું અર્થ? જે સારૂં જાણીએ ને ઊર્ધ્વગામી સમજીએ તે પચાવી આચારમાં મૂકવા પ્રયત્ન ન કરીએ ત્યાં સુધી એવું બધું જ્ઞાન કોઈ વાચનાલયને શોભાવતા પુસ્તકો જેવું બની રહે છે.

"બધું રહસ્ય માણસના મોંમાં રહેલું છે. જેણે જીભને જીતી નથી તે સદાય હારેલો જ છે. હું તો એટલી સાદી વાત જાણું કે "કમ ખાના ઔર ગમ ખાના." આટલું પણ આચારમાં મૂકી શકાય તો ઘણું છે. બાકી ગીતા, ઉપનિષદ અને શાસ્ત્રોની સાઠમારી શું કરવી? ભાઈ, ગીતા એ ગોખવાનો વિષય નથી; એ જીવનનો વિષય છે... ...."

આવી અર્થસભર સ્વલક્ષી આલોચના સમેટી લેતાં છેવટે તેમણે જણાવ્યું કે, "મારૂં જીવનકાર્ય પૂરૂં થયું છે. હૉસ્પિટલને જનતાનો સંગીન ટેકો છે. એ બાબતની હવે મને ચિન્તા નથી. રહ્યો તો લાખનો; ગયો તો સવા લાખનો!"

## ગાંધીજીની ગોરધનભાઈને અંજલિ

આ ગોરધનભાઈની સેવાથી ગાંધીજી સુપ્રભાવિત હતા. તેમને અંજલિ આપતા લેખમાં શ્રી મનુબહેન ગાંધી જણાવે છે કે, તેમનાં માતુશ્રી ૧૯૩૭માં માંદા પડયા ત્યારે ગાંધીજીએ તેમને મુંબઈના સર હરકીસનદાસ હૉસ્પિટલમાં લઈ જવાની સૂચના કરતાં જણાવ્યું હતું કે, "હરકીસન હૉસ્પિટલ મંદિર કરતાં ય વિશેષ પવિત્ર છે, કારણ કે ત્યાં જીવતો જાગતો ભગવાન બિરાજે છે. એ ગોરધનદાસની સલાહ લેવી." વળી તેમની સેવાને બિરદાવીને ગાંધીજી ઘણી વાર કહેતા કે, "ગોરધનદાસ મારી જેમ લંગોટી પહેરતા નથી, પણ સાચો મહાત્મા છે. મુંબઈ શહેરનું અણમોલ રત્ન છે."

## ગોરધનભાઇ અંગેનો એક પ્રસંગ

શ્રી મનુબહેન ગાંધી, જેમને પરમ પૂજ્ય ગોરધનકાકા તરીકે વર્ણવે છે તેવા ગોરધનભાઈને અન્તરની અંજલિ આપતા લેખમાં, તેમનાં માતુશ્રીને તેમના પિતાશ્રી સર હરકીસનદાસ હૉસ્પિટલમાં ઉપચારાર્થે લઈ ગયા તે પ્રસંગને વર્ણવતાં જણાવે છે કે "પૂજ્ય બાપુના આદેશ પ્રમાણે મારાં માતુશ્રીને લઈને પિતાશ્રી બતાવવા તો ગયા, પણ માતુશ્રી ચુસ્ત વૈષ્ણવ, જિન્દગીમાં પ્રથમ વેળા જ હૉસ્પિટલને જોતાં જીદ લઈને બેઠાં કે "હું મરી ભલે જાઉં, પણ અહિ તો હરિજનો કામ કરે, હું તેના હાથનું પાણીય ન પીઉં." હવે શું થાય! કુટુંબમાં પ્રશ્ન ઊભો થયો. તરત પૂજ્ય ગોરધનકાકા કહે "અરે બહેન, તું જો આ હૉસ્પિટલમાં દાખલ ન થાય તો મારે આ હૉસ્પિટલને

કાલે જ તાળુ મારવું પડે. હું તો તારા કરતાં ય વધારે ચુસ્ત વૈષ્ણવ છું એ તું જાણે છે? તને રોજ ચરણામૃત આપતો જઈશ અને કંઠી બાંધવી એટલે નહિ અભડાય. પછી છે કંઈ." આમ હજુ મારા માતુશ્રીને કંઈ વિચારવાનો અવકાશ રહે એ પહેલાં તો તેમના માટેની પથારીનો પણ ઑર્ડર આપી દીધો અને એમને વ્યવસ્થિત કર્યા પછી ત્યાંથી હટયા. આવી મમતા પ્રત્યેક દર્દી પ્રત્યે બતાવતાં પૂ. કાકાનું દર્શન કરીએ ત્યારે સહજ થઈ આવે કે આવા પુણ્યપ્રતાપી આત્માઓ આ ભારત ભૂમિમાં ફરે છે, માટે જ આ ભારત ટકી રહ્યું છે."

## અંગત અંજલિ

ગાંધીજીએ જેમની સેવાની ઉપર જણાવેલ શબ્દોમાં કદર કરી છે તેમાં હું શું ઉમેરું? ગોરધનભાઈએ કરેલી હૉસ્પિટલની સેવા એક પતિવ્રતા સ્ત્રી પોતાના પતિની જે અનન્ય ભાવે સેવા કરે તે પ્રકારની છે. પતિની સુરક્ષા અને તેના સ્વાસ્થ્યની ચિન્તા એ સિવાય પતિવ્રતા સ્ત્રીને બીજી કોઈ બાબતમાં રસ હોતો નથી. તે અન્ય કોઈ સામે જોતી નથી. તેની નજર કેવળ પતિ ઉપર જ કેન્દ્રિત હોય છે. તે અન્યની સેવા કરે છે તો પણ પતિસેવાને કેન્દ્રમાં રાખીને અને તેના અનુબંધમાં જ. આવી જ રીતે ગોરધનભાઈએ માત્ર સર હરકીસનદાસ હૉસ્પિટલની જ એકલક્ષી સેવા કરી છે. તેમણે બીજાં અનેક સેવાનાં કાર્યો કર્યા હશે, પણ તે સર્વ સર હરકીસનદાસ હૉસ્પિટલની પ્રવૃત્તિને કેન્દ્રમાં રાખીને અને તેના અનુબંધમાં જ. મુંબઈ જેવી મહાનગરીમાં વસતા શક્તિશાળી સાધનસંપન્ન અને સેવાપરાયણ માનવીને મહત્ત્વાકાંક્ષા મ્યુનિસિપલ કોરપોરેશન, વિધાન સભા, લોકસભા જેવાં અનેક જાહેર સેવાનાં ક્ષેત્રો તરફ ખેંચ્યા જ કરતી હોય છે. આવા આજના પ્રલોભનપૂર્ણ વાતાવરણમાં ગોરધનભાઈ જેવી વ્યક્તિ સર હરકીસનદાસ હૉસ્પિટલ જેવા એક સીમિત સેવાક્ષેત્રને જ આખી જીંદગી સુધી વળગી રહે અને તેના સતત ઉત્કર્ષની ચિન્તામાં જીવનનો અવશેષ ભાગ પૂરો કરવાનો મનોરથ સેવે—આ એક અસાધારણ ઘટના છે. આ પ્રકારના ગોરધનભાઈની જોડી મળવી વિરલ છે.

બીજું ગોરધનભાઈ કે જેમની સાથે વર્ષોજૂનો મારો પરિચય છે તેમનું અંગત જીવન જુઓ તો માલુમ પડશે કે તેઓ મુંબઈના સુઘડ અને સ્વચ્છ ગણાતા બાબુલનાથના લત્તામાં આવેલા બંગલા—ઘાટના મકાનમાં એક વિશાળ બ્લૉકમાં રહે છે. તેમની રહેણી કરણી અને નિવાસસ્થાનની રૉણક એક જન્મજાત શ્રીમાનની છે. તેમનું જીવન આ રીતે વૈભવશાળી ગણાય. એમ છતાં પણ આ વૈભવથી તેઓ તદ્દન અલિપ્ત છે. તેમનું ધ્યાન ઈશ્વરસ્મરણમાં અને હૉસ્પિટલની આબાદી અને ઉત્કર્ષની તમન્નામાં અને આરોગ્યપ્રાપ્તિ અર્થે આવતાં જતાં અનેક ભાઈ બહેનોના સ્વાસ્થ્યની ચિન્તામાં જ સંલગ્ન હોય છે. આ રીતે તેઓ ગૃહસ્થ છતાં કેવળ સાધુજન છે, સંસારી છતાં સંન્યાસી છે, વૈભવયુક્ત હોવા છતાં વૈરાગી છે, તેમની નજર આ દુનિયામાં હોવા છતાં અન્ય દુનિયામાં હોય એમ આપણને લાગે.

આપણા દેશમાં આજે અનેક હૉસ્પિટલો અસ્તિત્ત્વમાં આવ્યા છે અને તેનું અનેક ડૉક્ટરો અને વહીવટકર્તાઓ સંચાલન કરે છે, પણ માત્ર તે જ હૉસ્પિટલનું અસ્તિત્ત્વ પૂરા અર્થમાં સફળ બને છે કે જેને ગોરધનભાઈ જેવા નિષ્કામ, સેવાનિષ્ઠ, સહૃદય, સંવેદનશીલ અને પોતાનો સર્વ સમય અને શક્તિ સમર્પિત કરનાર મુરબ્બીનો યોગ સાંપડયો હોય. આવા પુણ્યપુરુષ ગોરધનભાઈને આપણાં અનેક વન્દન હો અને તેમનું અવશેષ જીવન આરોગ્યપૂર્ણ બને અને સર હરકીસનદાસ હૉસ્પિટલની સેવા કરતાં કરતાં સમાપ્ત થાઓ એવી તેમના વિષે આપણી શુભેચ્છા અને અન્તરની પ્રાર્થના હો!

પરમાનંદ

# "મહાપ્રસ્થાનના પથ પર"

## પ્રવેશક

હું કુટુંબી મંડળી સાથે બદ્રીનાથ તથા કેદારનાથજીની યાત્રાએ ઈ૦ સ૦ ૧૯૫૯ ના મે માસમાં ગયેલો. તે પહેલાં સીમલા, મસૂરી, દારજીલિંગ, નૈનીતાલ એ સ્થળોના પ્રવાસ દ્વારા હિમાલયના દર્શન તો અનેક વાર કરેલાં, પણ હિમાલયનાં આ પુરાણપ્રસિદ્ધ તીર્થોની યાત્રા કરવાનું વર્ષોજૂનું સ્વપ્ન ત્યાં સુધી ફળેલું નહિ. આ બદ્રી—કેદારની યાત્રા દ્વારા હિમાલયની અગાધ ભવ્યતાનાં જે દર્શન થયાં તે દર્શનને શબ્દબદ્ધ કરીને પ્રબુદ્ધ જીવનના વાચકો સમક્ષ રજૂ કરવાનો કેટલીયે વાર વિચાર આવેલો, પણ તે સંવેદનને શબ્દમાં મૂકવા જેટલું મારામાં વાણીસામર્થ્ય નથી એમ લાગતાં તે વિચાર—તે ઈચ્છા—વણપુરાયેલી રહેલી. સમય જતાં બંગાળી સુપ્રસિદ્ધ લેખક શ્રી પ્રબોધકુમાર સંન્યાલના 'મહાપ્રસ્થાને રૂ પથ-પર' એ પુસ્તકનો હિંદી અનુવાદ (અનુવાદક શ્રી હરિકૃષ્ણ ત્રિવેદી, પ્રકાશક: શ્રીપતરાય, સરસ્વતી પ્રેસ, કાશી) મારા વાંચવામાં આવ્યો. અને તે વર્ણનથી હું ખૂબ જ પ્રભાવિત બન્યો અને તેનો અનુવાદ પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરું એવો વિચાર આવ્યો. આ વિષે, કાકાસાહેબ કાલેલકર એ દિવસોમાં મુંબઈ આવેલા તેમની સાથે વાત થઈ. તેઓ થોડા સમય પહેલાં જ કલકત્તા ખાતે ભરાયલી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકેની જવાબદારી પૂરી કરીને મુંબઈ આવેલા. તેઓ શ્રી. પ્રબોધકુમાર સંન્યાલથી સુપરિચિત હતા. વળી તેઓ કલકત્તા હતા ત્યારે તેમને મળેલા પણ ખરા. પ્રસ્તુત પુસ્તક મૂળ બંગાળી પણ તેમના વાંચવામાં આવેલું. મેં કાકાસાહેબને જણાવ્યું કે 'મૂળ બંગાળી લેખક મને રજા આપે તો આ પુસ્તકનો અનુવાદ કરાવીને હું ક્રમશ: પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવા ઈચ્છું.' તેમણે શ્રી પ્રબોધકુમાર સંન્યાલને પત્ર લખ્યો અને તેના અનુસંધાનમાં મેં પણ તા. ૨૦-૨-૬૨ ના રોજ એક પત્ર લખ્યો. તે પહેલાં ઉપર જણાવેલ ઈચ્છાને અનુસરીને સરસ્વતી પ્રેસના મેનેજર શ્રીપતરાયને, તેમનાં હિંદી અનુવાદનો ગુજરાતી અનુવાદ કરવાની સંમતિ આપવા માટે પણ મેં એક પત્ર લખ્યો જ હતો. શ્રીપતરાયે જવાબમાં અમુક વળતરની માગણી કરેલી. આ પત્ર પણ શ્રી પ્રબોધકુમાર સંન્યાલ ઉપર મેં બીડેલો. શ્રી પ્રબોધકુમાર સંન્યાલ તરફથી ઉપરના મારા પત્રનો નીચે મુજબ જવાબ આવ્યો.

ફેબ્રુઆરી ૨૨, ૧૯૬૨.

માન્યવર બંધુ,

તમારો તા. ૨૦-૨-૬૨ નો પત્ર મળ્યો જે માટે તમારો હું આભાર માનું છું. તમારા અંગે કાકાસાહેબે મને લખ્યું છે અને તેથી તમારા વિષે હું આદર અનુભવું છું. હું મધુરતાભરી ગુજરાતી ભાષા વાંચી શકતો નથી એ બદલ ખિન્નતા વ્યક્ત કરું છું.

તમારી ઉપર આવેલો શ્રીપતરાયનો કાગળ મેં વાંચ્યો. તેમના હિંદી અનુવાદ ઉપરથી ગુજરાતી અનુવાદ કરાવવાની ઉપાધિમાં તમારે પડવાની જરૂર નથી. મૂળ બંગાળી ઉપરથી આ પુસ્તકનો તમે અનુવાદ કરાવો એ વધારે ઠીક થશે. કાકાસાહેબ તરફથી મને જાણવા મળે છે કે મુંબઈ તથા અમદાવાદમાં એવા ઘણા ગુજરાતી વિદ્વાનો છે કે જેઓ બંગાળી સારી રીતે જાણે છે. તમે તેમાંના કોઈની પણ મદદ મેળવી શકો તો મને આનંદ થશે.

જે કોઈ હિમાલયની યાત્રા કરીને આવે છે તે વ્યક્તિ મને સહજપણે ખૂબ પ્રિય લાગે છે. મને હિમાલયનો ૩૭ વર્ષનો અનુભવ છે અને 'દેવતાત્મા હિમાલય' એ શિર્ષક નીચે મેં બે વૉલ્યુમ લખ્યા છે. છેલ્લા સાત વર્ષમાં તેની ૧૭ આવૃત્તિઓ થઈ છે. હિન્દુકુશથી આસામ અને બર્મા સુધી જેમાં તિબેટ, નેપાલ, ભૂતાન અને સિક્કીમનો સમાવેશ થાય છે—આ બધા પહાડી પ્રદેશોમાં મેં પરિભ્રમણ કર્યું છે અને ઉપર જણાવેલ કુલ બે વૉલ્યુમની અંદર મારા આ પ્રવાસઅનુભવોને ૧૭ વિભાગોમાં વહેંચી દીધા છે. ભારતીય સાહિત્યમાં એ પ્રકારનો આ એક જ ગ્રંથ છે.

હું ગુજરાતમાં અને મુંબઈમાં અને અમદાવાદમાં પણ ઘણીવાર આવ્યો છું અને ખૂબ ફર્યો છું. પણ કમનસીબે તમારી જેવા લોકોને આજ સુધી મળવાનું બન્યું નથી. તાજેતરમાં 'અગ્નિક્ષેત્ર જૂનાગઢ' એ મથાળાનો લેખ મેં પ્રગટ કર્યો છે અને 'નિત્ય પાથેર

પથિ' (અનંત એવા માર્ગનો પ્રવાસી) એ મથાળાના મારા છેલ્લામાં છેલ્લા પ્રવાસપુસ્તકમાં એ લેખને સમાવિષ્ટ કર્યો છે.

મારા પુસ્તકનો ગુજરાતી અનુવાદ કરવાની તમને હું ખૂબ રાજીખુશીથી રજા આપું છું.

આ પત્રની કૃપા કરીને પહોંચ લખશો.

તમારા વિષે આદરપૂર્ણ

**પ્રબોધકુમાર સંન્યાલ**

આમ અનુવાદની અનુમતિ મળ્યા બાદ યોગ્ય અનુવાદક મારે પ્રાપ્ત કરવો રહ્યો. એ માટે મેં જુદા જુદા મિત્રો સાથે પત્રવ્યવહાર કર્યો અને તેમાંથી કોઈને જાતે પણ મળ્યો. બંગાળી જાણનાર તો મળે પણ આવા એક પુસ્તકનો અનુવાદ કરવા જેટલો સમયનો અવકાશ કોની પાસે હોય? છેવટે ડૉ. ચંદ્રકાંત હરપ્રસાદ મહેતા, એમ. એ. પીએચ. ડી. જેઓ હાલ દિલ્હી યુનિવર્સિટીમાં ગુજરાતી વિભાગના નિયામક અને રીડર છે તેમણે આ બંગાળી પુસ્તકનો અનુવાદ કરી આપવાનું માત્ર સ્નેહભાવે માથે લીધું અને એક વર્ષમાં તે કામ પુરું કરી આપ્યું. આ માટે ભાઈ ચંદ્રકાંતનો હું ખૂબ ઋણી છું અને પોતાના અત્યન્ત વ્યવસાયરત જીવનમાંથી સમય કાઢીને અનુવાદ કરી આપ્યો તે માટે તેમનો હું જેટલો આભાર માનું તેટલો ઓછો છે.

આમ આ અનુવાદ હાથ ઉપર આવ્યા બાદ તે પ્રબુદ્ધ જીવનમાં ક્રમશ: અને અતૂટ ધારાએ આપી શકાય તો જ વાચકનો રસ ટકી શકે - એ બાબતની સરખાઈ આવતાં લગભગ વરસ દોઢ વરસ નીકળી ગયું. આખરે પ્રબુદ્ધ જીવનના આવતા અંકથી આ તીર્થયાત્રા–વર્ણન ક્રમશ: અને બને ત્યાં સુધી અતૂટ ધારાએ આપવાનો નિર્ણય કર્યો છે. પ્રબુદ્ધ જીવનના વાચકોને આ વર્ણન અત્યન્ત રસપ્રદ નીવડશે એમાં કોઈ શક નથી. વાચકોએ આ વર્ણન વાંચતાં એ ધ્યાનમાં રાખવાનું છે કે આ યાત્રા ૧૯૩૫-૩૬ ની સાલ આસપાસ કરવામાં આવી છે કે જ્યારે આજની જેવી લાંબા અંતરની બસસર્વિસની કોઈ સગવડ નહોતી અને યાત્રાળુને ઋષિકેશથી પગે ચાલતાં હિમાલયનાં આ તીર્થોની યાત્રા કરવી પડતી હતી. તેની અગવડ જેમ હતી તેમ તેનો આનંદ પણ જુદો જ હતો.

આ પુસ્તકના નામ વિષે થોડો ખુલાસો કરી લઉં. મહાભારતનું યુદ્ધ પૂરું થયા બાદ, જીતેલું રાજ્ય ભોગવવામાં જેમને કશો જ રસ રહ્યો નહોતો એવા પાંચ પાંડવ અને દ્રૌપદીએ પોતાના શરીરને ગાળી નાખવાના હેતુથી હિમાલયનું બદ્રીકેદારના માર્ગે આરોહણ કરેલું એવી મહાભારતમાં કથા છે. તેમના આ અંતિમ પ્રસ્થાનને 'મહા પ્રસ્થાન' તરીકે ઓળખવામાં આવે છે. શ્રી પ્રબોધકુમાર સંન્યાલ પોતાના આ અદ્‌ભુત યાત્રાવર્ણનદ્વારા આપણને આ મહાપ્રસ્થાનના પથિક–યાત્રિક બનાવે છે.

પરમાનંદ.

# થોડાંક અવલોકનો

## 'જીવનનો અમૂલો આનંદ'

આ નાની પુસ્તિકા શ્રી જોસેફ પૅંગ વે નામના એક ઑસ્ટ્રેલિયન લેખકે અંગ્રેજી ભાષામાં લખેલી 'Happiness for you now' એ મથાળાની પુસ્તિકાનો શ્રી જમુભાઈ દાણીએ કરેલો ગુજરાતી અનુવાદ છે. આ નાની પુસ્તિકામાં માનવી માત્રમાં રહેલી સુખ પ્રાપ્ત કરવાની અદમ્ય ઈચ્છાનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. માનવીના સુખનો આધાર તેણે પોતાના જીવનની શારીરિક, માનસિક તથા આધ્યાત્મિક બાજુઓમાં કેટલી સંવાદિતા પ્રાપ્ત કરી છે એના ઉપર રહેલો છે. આ અંગે બીજું સૂચન એ છે કે માનવીનું મન ભૂતકાળનાં સ્મરણો અને ભવિષ્યની કલ્પનાઓ વડે એટલું બધું ગ્રસ્ત છે કે વર્તમાન પળમાં રહેલ આનંદ અને સૌન્દર્યને તે પૂર્ણ રૂપમાં અનુભવી શકતો નથી, માણી શકતો નથી. જો માનવીનું મન ભૂતકાળ અને ભવિષ્યકાળના આ ભારથી મુક્ત બની શકે અને વર્તમાનને પૂરા અર્થમાં સમજવાનો અને જીવવાનો પ્રયત્ન કરી શકે તો પોતાના સમગ્ર જીવનને આનંદસભર તેમ જ અર્થસભર બનાવી શકે. આ વિચારના સંદર્ભમાં પુસ્તિકાના અન્ત ભાગમાં જણાવવામાં આવ્યું છે કે "જીવનની પ્રત્યેક પળ આપણી સુન્દર આત્મશક્તિઓને પ્રગટાવવાની અને વિકસાવવાની જવલંત તક છે. આજે મળી છે તે તકોનો જો આપણે લાભ લઈશું તો શાશ્વત સુખને માટે જાગેલી આપણી ઝંખનાની પરિતૃપ્તિ કરી શકીશું અને જીવનના વિકાસમાં એક વધુ પગલું આગળ માંડી શકીશું. જીવનની આ સુવર્ણ તકનો ઉપયોગ આપણા જીવનની પ્રતિપળની સર્વાંગી સુન્દરતાના સુન્દર સંગીતમાં આપણે કરવાનો છે. જેટલા પ્રમાણમાં એની પૂર્ણતા હશે એટલા પ્રમાણમાં આપણે સુખની વધુ નિકટ આવી શકીશું. જીવનનું પ્રત્યેક વર્તમાન પળનું એ અપૂર્ણ અને શાશ્વત સુખ સર્જને સાંપડો એ જ ભાવના!"

આમ આ પુસ્તિકા મધુર વિચારોના પુષ્પગુચ્છ જેવી છે. તેનું વાંચન જીવનમાં આશા, શ્રદ્ધા અને ઉલ્લાસ પ્રેરે તેવું છે. તેની કિંમત રૂ. ૧-૨૦ છે અને તેનું પ્રાપ્તિસ્થાન સૌ. સૂર્યા જ. દાણી, ૫-અ/૫૧ સોનાવાળા બીલ્ડીંગ, તારદેવ, મુંબઈ-૭, (W. B.) છે.

## 'ખીલતી કળીઓ'

આ પુસ્તકમાં શ્રી જમુભાઈ દાણીએ લખેલી જીવનલક્ષી ૬૦ ચિન્તનિકાઓનો સંગ્રહ છે. આ કળીઓનું સર્જન કેમ થયું તે વિષે શ્રી જમુભાઈ જણાવે છે કે "પ્રૌઢ અને પ્રાજ્ઞ દેખાતી, સ્થિર અને શાન્ત ચંબલને કાંઠે, પમરાટથી પમરી રહેલા બિરલા ગ્રામમાં, ૧૯૬૩ ના મે માસમાં નાનકડી સ્વજનમંડળીમાં બેસી રોજ પ્રભાતે અમે જીવન, ચિંતન, દર્શન અને આચારની ચર્ચા કરતાં, જોયેલું અને જાણેલું, વાંચેલું અને વિચારેલું, તથા જેવું તેવું અનુભવેલું અને આચરેલું એવું કંઈ કંઈ હું સૌને સંભાળવતો. એ દિવસોની ત્યાંની શાન્ત, મંજુલ અને મધુરી પણ મસ્તીભરી પ્રકૃતિના દર્શન વેળા મારે અન્તરે જે ઊગતું તેને હું શબ્દસ્થ કરી લેતો અને સૌ રસથી તેનું શ્રવણ કરતા. આ પુસ્તકમાં પમરતો પમરાટ એવી કળીઓનો છે."

આ પુસ્તકના વાચન દ્વારા શ્રી જમુભાઈના ઉત્કટ સંવેદનશીલ વ્યક્તિત્વનો સુભગ પરિચય થાય છે. તેમાં કેટલાંક સુન્દર શબ્દચિત્રો છે, કેટલાંક અનંત ઉત્કટ સંવેદનોને આપવામાં આવેલાં મૂર્ત રૂપો છે. કેટલાંક પ્રકરણોમાં આજના માનવી જીવનમાં જ્યાં ત્યાં દેખાતી, અનુભવાતી વિસંવાદિતાએ તેમના ચિત્ત ઉપર પાડેલા તીવ્ર આઘાતપ્રત્યાઘાતો રજૂ કરવામાં આવ્યા છે. કોઈ કોઈ પ્રકરણ એકાન્ત ઉપદેશપ્રદાનમાં સરી જાય છે. આમાંના ઘણાં પ્રકરણો એવાં છે કે જે આપણા પોતાના અંગત સંવેદનો અને આઘાત પ્રત્યાઘાતોને શ્રી જમુભાઈ સચોટ રીતે અને એમ છતાં પોતાની લાક્ષણિક મૃદુતા અને સુકુમારતાને અભિવ્યક્ત કરતી ભાષામાં રજૂ કરે છે. આ રીતે આ પુસ્તક પ્રારંભથી અન્ત સુધી વાચકના ચિત્તને એકસરખું જકડી રાખે છે અને તેનું વાચન શરૂ કરનાર લગભગ એક બેઠકે આખું પુસ્તક પૂરું કરે છે. એક પ્રકારના પદ્યાત્મક ગદ્ય જેવી આ ચિન્તનિકાઓ છે.

આ પુસ્તકનો પ્રવેશક અધ્યાપક શ્રી અનન્તરાય મ. રાવળે લખ્યો છે. તેમણે શ્રી જમુભાઈની લેખનશૈલી અંગે યથોચિત જણાવ્યું છે કે "પુસ્તકની સામગ્રીના વસ્તુમાં આમ જીવનચિન્તક થિયોસોફિસ્ટ અને શિક્ષકનું દર્શન થાય છે તો એની લખાવટમાં લેખકનો સાહિત્યરસિક જીવ વિહરતો–વિલસતો જણાય છે. લખાણોમાં ક્યાંક ગિજુભાઈની લેખનશૈલીના અને ક્યાંક ક્યાંક ન્હાનાલાલની વાણીના લહેકાં-લટકાં કળાયા વિના નહિ રહે. શબ્દવિલાસ અને અનુપ્રાસ પ્રત્યેનો શ્રી જમુભાઈનો પક્ષપાત અછતો નથી રહેતો ... ગદ્યમાં વાણીની છટા અને કાવ્યનાં મૃદુતા-માધુર્ય એ ઘણીવાર લહેરાવે છે. વિચારાત્મક લખાણો માટે આવી લખાવટ ઘણી વખત બીનજોખમી હોતી નથી. શબ્દવિલાસ કે શબ્દોલ્લાસી શૈલી વિચારને પાદળ રાખી કે ઢાંકી દઈ પોતે છાતી કાઢી આગળ થાય એ ઈચ્છવા જેવું

નહિ. આવું અહિં બહુ બન્યું નથી એ સારૂં છે, પણ એ સાવધાની આ લેખકે પોતાના હવે પછીનાં આવાં પુસ્તકોમાં રાખવી જરૂરી ખરી." પોતાનાં લખાણોમાં રહેલા આ ભયસ્થાન અંગે શ્રી જમુભાઈ વધારે જાગૃત બને અને ઉત્તરોત્તર શબ્દસમૃદ્ધની અપેક્ષાએ વધારે અર્થસમૃદ્ધ સાહિત્યકૃતિઓ ગુજરાતી જનતાના ચરણે તેઓ રજૂ કરતા રહે એવી આપણી તેમને પ્રાર્થના હો!

આ પુસ્તકની કિંમત રૂા. ૨ છે અને મેસર્સ એન. એમ. ત્રિપાઠી પ્રા. લિમિટેડ, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ. ૨, તેના મુખ્ય વિક્રેતા છે.

## 'સિંહનાદ'

આચાર્ય રજનીશજીના નામથી 'પ્રબુદ્ધ જીવન'ના વાચકો સુપરિચિત છે. તેમના આજ સુધીમાં ત્રણ પુસ્તકો જીવન જાગૃતિ કેન્દ્ર, ૫૦૫, કાલબાદેવી રોડ, મુંબઈ–૨, તરફથી પ્રગટ થયા છે: (૧) સાધના કે પથ પર, (૨) ક્રાન્તિબીજ, (૩) સિંહનાદ. આ ત્રણે હિંદી ભાષામાં છે તેમાંથી 'સાધના કે પથ પર' અને 'સિંહનાદ'ના.–શ્રી દુર્લભજી ખેતાણીએ કરેલા–અનુવાદો પણ એ જ સંસ્થા તરફથી પ્રગટ કરવામાં આવેલ છે. 'સિંહનાદ' હિંદીની કિંમત રૂા. ૧–૨૫ છે; ગુજરાતી અનુવાદની કિંમત રૂા. ૧ છે.

ગયા વર્ષે ૧૯૬૪ના સપ્ટેમ્બર માસની ૧૦ મી તારીખે આચાર્ય રજનીશજીએ મુંબઈ ખાતે 'અલંકાર' થિયેટરમાં એક વ્યાખ્યાન આપેલું. તે વ્યાખ્યાનની વિસ્તૃત કરવામાં આવેલી આવૃત્તિ 'સિંહનાદ' ના મથાળા નીચે પ્રગટ કરવામાં આવી છે અને અનુવાદ પણ એ વિસ્તૃત આવૃત્તિનો જ છે. મૂળ હિંદીમાં આચાર્ય રજનીશજીની ભાષા-નો વિશિષ્ટ રણકાર છે. આ રણકાર તેના કોઈ પણ અનુવાદમાં પૂરે-પૂરો પ્રગટ થવો અશક્ય છે. તેથી જેને હિંદીનું વાચન સુગમ હોય તેણે મૂળ હિંદી જ વાંચવું. જેને હિંદીનું વાચન સુગમ ન હોય તેણે મૂળની છાયાને ઘણા અંશમાં પ્રતિબિંબિત કરતો શ્રી દુર્લભજીભાઈના અનુવાદથી સંતોષ માનવો રહ્યો.

છેલ્લા દોઢ બે મહિનામાં તબિયત એક સરખી નહોતી રહેતી, એવા એક સુસ્તીભર્યા દિવસ દરમિયાન હિંદી 'સિંહનાદ' વાંચવા માટે હાથમાં લીધું. અને સવારથી સાંજ સુધીમાં આદિથી અંત સુધી વાંચી ગયો અને જાણે કે આજનો દિવસ પૂરા અર્થમાં સફળ થયો છે એવી ધન્યતા અનુભવી, આચાર્ય રજનીશજી-નું આ પુસ્તક આગળના બે પુસ્તક કરતાં અમુક રીતે જુદું પડે છે. 'સાધના કે પથ પર'માં અમુક શિબિરની ક્રમસર નોંધ છે. એટલે તેમાં એક સળંગ વિષયનું નિરૂપણ નથી. ચર્ચાના અનુ–ક્રમમાં આવેલી અને ઊભી થયેલી બાબતોની–વિષયોની–આલો-ચના છે. 'ક્રાન્તિબીજ'માં નાના નાના ફકરાઓનો સંગ્રહ છે. 'સિંહનાદ'-માં રજનીશજીનું ૮૦ પાનાં રોકતું એક સળંગ પ્રવચન છે. એટલે તેનું સળંગ વાચન અનેક મિષ્ટ વાનીઓથી ભરેલા ભોજન જેવી અને જેટલી તૃપ્તિ આપે છે. વાંચતાં વાંચતાં આપણા કેટલાયે પૂર્વનિર્ધારિત વિચારોને નવી સ્પષ્ટતા, નવી વિશદતા, નવી દૃષ્ટિ પ્રાપ્ત થાય છે. કંઈ કાળથી સેવેલી વિચારભ્રાન્તિઓ દૂર થાય છે અને અનેક વિષયો અંગે નવો પ્રકાશ પ્રાપ્ત થાય છે. આમ સવારથી સાંજ સુધી લગભગ એક બેઠકે 'સિંહનાદ' પૂરૂં કર્યા બાદ કંઈ સમય સુધી મનમાં એ જ વિચારો અને એ જ ચિન્તન–ઘોળાતાં રહ્યાં અને ચિત્ત ઊંડી પ્રસન્નતાથી ઠીક સમય સુધી પુલકિત બની રહ્યું. આવા સુભગ સંવેદનની જેને અપેક્ષા હોય તેને 'સિંહનાદ' એકધારૂં વાંચી જવા ભલામણ છે. 'સિંહનાદ'ને આથી વધારે આલોચના કે અંજ-લિની જરૂર નથી.

વિશેષ અવલોકનો આવતા અંકે — પરમાનંદ

## પૉલ રિશાર અને વા. મો. શાહ

સને ૧૯૨૧-૨૨ નાં અરસાની આ વાત છે. એ સમયે મહર્ષિ અરવિંદ ઘોષનો જમણા હાથ સમા પૉલ રિશાર મુંબઈની ઊડતી મુલાકાતે આવ્યા હતા. તેમનાં એ ટૂંકા રોકાણ દરમિયાન તેઓ ફ્રિલ-સૂફપત્રકાર વા. મો. શાહને ત્યાં ઊતર્યા હતા એવું જાણવા મળ્યું છે. એ પ્રસંગને લગતી હકીકત કોઈ જાણકાર જાહેર સમક્ષ રજૂ કરે એ અત્યંત જરૂરી એટલા ખાતર છે કે વા. મો. શાહનાં જીવનચરિત્રનું જે આલેખન આ લખનાર કરી રહેલ છે તેમાં તેને આમેજ કરી લેવાનું સરળ બને. ગુજરાતના એક સમર્થ ફ્રિલસૂફપત્રકારને ત્યાં 'આવતી કાલના મહાપુરુષની' શોધમાં નીકળેલા એ પૉલ રિશાર ઊતરે એ હકીકત અત્યાર પહેલાં ઈતિહાસને ચોપડે નોંધાઈ જવી જોઈતી હતી. કહેવાય છે કે એ પૉલ રિશારના સન્માન અર્થે વા. મો. શાહે એક નાનોસરખો ભોજનસમારંભ યોજ્યો હતો, જેમાં અમુક મર્યાદિત સંખ્યામાં કેટલાક વિચારકો, પત્રકારો અને વિદ્વદ્-વર્યોને નિમંત્રણ આપવામાં આવ્યાં હતાં. એ સઘળાઓએ એકઠા મળીને કયા પ્રકારની જ્ઞાનગોષ્ઠિ કરી એ જ નોંધપાત્ર વસ્તુ ગણાય તેવી છે. એટલા માટે જ તે વસ્તુસ્થિતિથી વાકેફ હોય એવી સહ્-ભાગી વ્યકિત આ લખનારને નીચેને સરનામે તે બાબતની જાણ કરી ઉપકૃત કરશે એવી આશા સાથે આ જાહેર વિજ્ઞપ્તિ લખી છે. સુજ્ઞેષુ કિં બહુના?

ત્રિભુવન વીરજીભાઈ લેમાણી.
નં. ૨. શ્રીનગર સોસાયટી, મહાત્મા ગાંધી રોડ, ગોરેગાંવ (પશ્ચિમ), મુંબઈ, ૬૨.

## મારે મન પરમેશ્વર

નાના મોટાનું ભાન નથી, મન માન નથી, અપમાન નથી,
મારા તારામાં તાન નથી, એ મારે મન પરમેશ્વર છે.

જનના દોષોને માફ કરે, પરના મેલોને સાફ કરે,
બળતાં હૃદયોની બાફ હરે, એ મારે મન પરમેશ્વર છે.

સેવા નવ લે, પણ સેવા દે, આગ્રહ નવ રાખે સંવાદે,
દોડે જે દુ:ખિયાને સાદે, એ મારે મન પરમેશ્વર છે.

વેરીને પણ વ્હાલો લેખે, વાંકાને પણ સીધાં દેખે,
સઘળાંને એક નજરે પેખે, એ મારે મન પરમેશ્વર છે.

ઉપકાર કરીને મૂક રહે, સામો ઉપકાર ન લેશ ચહે,
જે નીડર થઈ હિત સ્પષ્ટ કહે, એ મારે મન પરમેશ્વર છે.

દુનિયા જ્યારે નિંદા કરશે, મિત્રો પણ જ્યારે પરહરશે,
ત્યારે જે સાથે સંચરશે, એ મારે મન પરમેશ્વર છે.

દોષે રંગે રંગાવા દે, દુ:ખ કોઈ કરે તો થાવા દે,
વિષ પાયે, શિવ સમ પાવા દે, એ મારે મન પરમેશ્વર છે.

'કુમાર'માંથી ઉધ્ધૃત — પ્રભાશંકર દલપતરામ પટ્ટણી

## સાભાર સ્વીકાર

**સર્વોદય વિચારણા**: લેખકો, શિવાજી ભાવે તથા સ્વામી આનંદ: પ્રકાશક: યજ્ઞ પ્રકાશન, હુઝરાત પાગા, વડોદરા ૧, કિંમત રૂ. ૨

**ગ્રામદાન**: એક સંરક્ષણનું પગલું: લેખક: શ્રી વિનોબા ભાવે, પ્રકાશક ઉપર મુજબ. કિંમત ૧૫ પૈસા.

**લોકશાહીનું સ્વરૂપ**: લેખક: શ્રી પુરુષોત્તમ માવળંકર, પ્રકાશક: જ્ઞાન–વિજ્ઞાન પ્રકાશન, ૧૩, સ્નેહકુંજ, એક્સાઈઝ ચોકી, આંબા વાડી, અમદાવાદ ૧, કિંમત ૮૦ પૈસા.

**ચમત્કાર અને વહેમો**: લેખક શ્રી રતિલાલ મફાભાઈ શાહ: પ્રકાશક: શ્રી અરવિંદભાઈ લીલચંદ શાહ: 'ધૂની' માંડલ, વીરમ ગામ થઈને. કિંમત રૂા. ૧

**ડૉ. કામતાપ્રસાદ જૈન કા વ્યકિતત્વ એવં કૃતિત્વ**: લેખક : શ્રી શિવનારાયણ સકસેના: પ્રકાશક: શ્રી મૂલચંદ કિસનદાસ કાપડિયા, સૂરત, કિંમત રૂ. ૨

**ગાંધીજી અને મજૂરપ્રવૃત્તિ**: લેખક: શ્રી. શંકરલાલ ઘેલાભાઈ બેંકર; પ્રકાશક: નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ ૧૪, કિંમત રૂ. ૩

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશનસ્થળ: ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ મુંબઈ–૩.
મુદ્રણસ્થાન: ધી રટેટસ પાપલ પ્રેસ. ફોર્ટ. મુંબઈ

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૭ : અંક ૧૫

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ડીસેમ્બર ૧, ૧૯૬૫, બુધવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૨૫ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## પ્રકીર્ણ નોંધ

**'તૂફાન' શબ્દ વિષે સ્પષ્ટતા**

છ મહિનામાં ૧૦,૦૦૦ ગ્રામદાન મેળવવાના લક્ષ્યાંકપૂર્વક છેલ્લા બે કે ત્રણ મહિનાથી વિનોબાજીના નેતૃત્વ નીચે એક જોરદાર ગ્રામદાન આંદોલન ચાલી રહેલ છે; આ આંદોલનને વિનોબાજીએ 'તૂફાનયાત્રા' નામ આપ્યું છે. આ 'તૂફાનયાત્રા'માંના 'તૂફાન' શબ્દ સામે વાંધો ઉઠાવીને 'ભૂદાન યજ્ઞ'ના તંત્રી અને સર્વ સેવા સંઘના અગ્રગણ્ય કાર્યકર શ્રી સિદ્ધરાજ ઢઢ્ઢા ઉપરના એક પત્રમાં મેં જણાવ્યું હતું કે "જે વિનોબાજી સૌમ્ય, સૌમ્યતર, સૌમ્યતમ – એમ વર્ણવીને સત્યાગ્રહનું આવું ઝીણું વિશ્લેષણ કરતા રહ્યા છે તેમણે પોતાના આ નવા આંદોલનને 'તૂફાન'ની સંજ્ઞા કેમ આપી તે મને સમજાતું નથી."

તેના જવાબમાં ભાઈ સિદ્ધરાજ જણાવે છે કે 'તૂફાન' શબ્દથી વિનોબાજીની મતલબ આ પ્રવૃત્તિને તોફાની સ્વરૂપ આપવાની નથી, તેમની મતલબ આ પ્રવૃત્તિને વેગ આપવાની છે. ગુજરાતમાં તોફાન શબ્દનો અર્થ ગડબડ અને દંગાફિસાદ થાય છે, પણ આ શબ્દનો મુખ્ય અર્થ વેગને સૂચિત કરે છે. વિનોબાજીએ જે તૂફાન શબ્દનો પ્રયોગ કર્યો છે તે તેમના દિલમાં ચાલી રહેલા 'તૂફાન'નું પ્રતિબિંબ છે. તેઓ 'સ્ટેટસકો' સ્થગિત દશાને તરત બદલવા ચાહે છે, તેનો અહિંસક ઉપાય ગ્રામદાન છે અને તે પણ એક-બે, દશ-વીશ ગ્રામદાન નહીં, ભારતભરના કુલ ગામડાંઓના ગ્રામદાન. તેમનું માનવું છે કે આ કામ **પાંચ-પચાસ વરસમાં નહિ પણ આજે અથવા તો પછી આવતી કાલે તો થવું જ જોઈએ.** આ માન્યતાના આધાર ઉપર તેમણે 'તૂફાન' શબ્દનો ઉપયોગ કર્યો છે. તેમના દિલના તૂફાનની કાંઈક ઝલક તમને નીચે આપેલા ઉદ્ધરણમાંથી મળશે, જે ૫ મી નવેમ્બરના 'ભૂદાન-યજ્ઞ'ના મુખપૃષ્ઠ ઉપર છાપેલું છે: "આપણે ગ્રામદાનના 'તૂફાન'માં તીવ્રતા લાવવી જોઈએ, નહિ તો દેશમાં ખૂની ક્રાંતિ થવાનો પૂરો સંભવ છે. આજે તો હું મારી પૂરી તાકાત વડે ખૂની ક્રાંતિનો વિરોધ કરીશ, અને અહિંસક ક્રાંતિ નિર્માણ કરવાનો પ્રયત્ન કરીશ, આમ છતાં પણ હું એ બાબતનો સ્વીકાર કરું છું કે આજે જે નિર્દયતાપૂર્વક શોષણ અને 'સ્થાયી' હિંસા ચાલી રહી છે, જે 'સ્ટેટસકો' પ્રવર્તે છે, તેને બરદાસ્ત કરવાને–ચલાવી લેવાને–હું તૈયાર નથી.

આજની એવી ભયંકર સ્થિતિ કરતાં તો જનતા હિંસક રીતીથી આ બંધનને તોડી ફોડીને ફગાવી દે એ વધારે ઈચ્છવાયોગ્ય છે. વિનોબાજીના આ દર્દને કેટલા લોકો સમજી શકે છે? તમે તેમને સમજવાનો પ્રયત્ન કરો – કેવળ એટલી જ પ્રાર્થના છે."

'તૂફાન' શબ્દના ગુજરાતી અને હિંદી ભાવમાં આવો તફાવત છે એવો મને ખ્યાલ નહોતો. આમ છતાં પણ વિનોબાજીની યાત્રા સાથે 'તૂફાન' શબ્દનું જોડાણ મને કાંઈક બેસૂરું લાગે છે કારણકે હિંદીમાં પણ ગડબડ દંગાફિસાદના અર્થમાં 'તૂફાન' શબ્દનો કદિ કદિ ઉપયોગ થાય છે.

**દિલ્હી ખાતે મળેલી જૈન એકતા–વિચાર પરિષદ**

ન્યુ દિલ્હી ખાતે તા. ૧૩મી તથા ૧૪મી નવેમ્બરના રોજ અખિલ ભારત જૈન મહામંડળના ઉપક્રમે ડૉ. ડી. એસ. કોઠારીના પ્રમુખપણા નીચે 'જૈન એકતા વિચાર પરિષદ' એ નામાભિધાન નીચે જૈન સમાજના ભિન્ન ભિન્ન ફિરકાઓના અમુક આગેવાન જૈનોનું એક સંમેલન મળ્યું હતું. આ સંમેલનની સ્વાગત સમિતિના પ્રમુખ પાર્લામેન્ટના સભ્ય શ્રી આર. પી. જૈન હતા. આ સંમેલન પ્રસંગે તેરાપંથી વિભાગના મુખ્ય આચાર્ય તુલસીજી, સ્થાનકવાસી વિભાગના અગ્રગણ્ય આચાર્ય આનંદઋષિજી, અને દિગંબર વિભાગના આચાર્ય દેશભૂષણજી ઉપસ્થિત થયા હતા અને જૈન સમાજની એકતાના સમર્થનમાં દરેક આચાર્યે પ્રેરક પ્રવચનો કર્યાં હતાં. ભારત જૈન મહામંડળના અગ્રગણ્ય સૂત્રધાર શ્રી રિષભદાસ રાંકાએ, શ્રી વિમલકુમાર ચોરડિયા એમ. પી. એ તથા ડૉ. એલ એમ. સંઘવીએ પણ જૈન સમાજની એકતાનું જોરદાર સમર્થન કરતાં વિવેચનો કર્યાં હતાં અને બે દિવસની ચર્ચાવિચારણાના પરિણામે નીચે મુજબનો પ્રસ્તાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો:–

(૧) પર્યુષણ પર્વના એક દિવસને અખિલ જૈન સમાજ સામૂહિક રૂપમાં મહત્વ આપે એ દૃષ્ટિએ ભાદરવા શુદ પાંચમનો દિવસ નક્કી કરવામાં આવે છે, કારણકે આ દિવસ શ્વેતાંબર તથા દિગંબર બન્ને સમાજનો સંધિદિન છે – શ્વેતાંબરોના પર્યુષણનો અંતિમ અને દિગંબરોના દશ લાક્ષણિક પર્વનો આદિ દિન છે. ત્રણે આચાર્યોએ આવું સૂચન કર્યું હતું, પરંતુ વિચાર પરિષદે આ બાબતમાં નીચે મુજબ નિર્ણય કર્યો હતો:–

પવિત્ર ચાતુર્માસ અને સંભવ હોય તો ભાદ્રપદ માસના એક દિવસને, અખિલ જૈન સમાજ સામુહિકરૂપે મહત્વ આપે, સાથે સાથે મહાવીર જયન્તીનો દિવસ પણ બધા જૈન મળીને ઉજવે.

(૨) સમગ્ર જૈન સમાજનું એક સંગઠ્ઠન બને. ભલે પછી તેની જવાબદારી ભારત જૈન મહામંડળ સંભાળે.

(૩) ભગવાન મહાવીરની ૨૫મી શતાબ્દિ સામૂહિક રૂપમાં ઉજવવામાં આવે.

(૪) જૈન ધર્મના સર્વમાન્ય અહિંસા વગેરે સિદ્ધાંતોનો પ્રસાર તથા હિત–સંરક્ષણનો પ્રયત્ન સામૂહિક રૂપમાં કરવામાં આવે.

(૫) પરસ્પર ભ્રાન્તિ અથવા વૈષમ્ય વધે એવું કોઈ પણ કાર્ય કરવામાં ન આવે.

આજથી પચ્ચીસ વર્ષ પહેલાં જૈન સમાજના જુદા જુદા ફિરકાઓ વચ્ચેની એકતાનો વિચાર કેવળ કાલ્પનિક અને સ્વપ્નવત્ લાગતો હતો. તે વિચાર વર્ષોના વહેવા સાથે ધીમે ધીમે વ્યવહારૂ રૂપ ધારણ કરતો જાય છે અને આજે જો કે સાંપ્રદાયિક કટ્ટરતા તદ્દન નાબુદ થઈ નથી, એમ છતાં પણ જુદા જુદા ફિરકાઓ વચ્ચે

રહેલો અલગપણાનો ભાવ ધીમે ધીમે દૂર થતો જાય છે, ફિરકાભેદ વચ્ચે રહેલા માન્યતાભેદોની તીવ્રતા હળવી થતી જાય છે અને પરસ્પર આદરભાવ અને સદ્‌ભાવની ઉત્તરોત્તર વૃદ્ધિ થતી દેખાય છે. મહાવીર જયન્તી જેવા સર્વમાન્ય પ્રસંગો હવે ભારતભરમાં સ્થળે સ્થળે બધા જૈનો સાથે મળીને ઉજવવા લાગ્યા છે. ભિન્ન ભિન્ન સંપ્રદાયના આગેવાન અને વિદ્વાન આચાર્યો–સાધુઓ તેમ જ સાધ્વીઓ-મહાવીર જયન્તી જેવા પ્રસંગોએ એક પાટ ઉપર બેસીને–સમાન કક્ષાએ એકત્ર થઈને–વ્યાખ્યાનપ્રવચનો કરે છે. એ જ પ્રમાણે શ્વેતાંબર કે દિગંબર ધર્મસાહિત્યનું વધારે ઉદારતાપૂર્વક અનુશીલન કરવામાં આવે છે. સ્થાનકવાસીઓ અમૂર્તિપૂજક હોવા છતાં જૈન તીર્થોની યાત્રાએ અવારનવાર જતા અને એ કારણે જીવનની ધન્યતા અનુભવતા જોવા–સાંભળવામાં આવે છે. બધા ફિરકાઓને એકત્ર કરવાની ભાવનાથી આજથી ૫૦-૬૦ વર્ષ પહેલાં ઉભા કરવામાં આવેલ ભારત જૈન મહામંડળની કાર્યક્ષમતા આ જ કારણે અને આ દિશાએ ઉત્તરોત્તર વધતી જતી માલુમ પડે છે. આ સર્વ ખૂબ આનંદજનક તથા પ્રોત્સાહક છે.

આવી સુભગ પરિસ્થિતિ વચ્ચે ઉપર જણાવેલ સંમેલન જૈન સમાજને એકતાની દિશાએ એક ડગલું આગળ લઈ જાય છે અને એકતાપ્રિય જૈનોમાં નવી આશા ઉભી કરે છે. આ જ સંમેલન દરમિયાન જાણીતા જૈન આગેવાન શેઠ અચલસિંહજીએ જાહેરાત કરી છે કે ઉપરના ઠરાવમાં જણાવેલ સર્વસાધારણ કાર્યક્રમને આગળ વધારવા માટે બહુ થોડા સમયમાં–મોટા ભાગે દિલ્હીમાં–એક વિશાળ આકારનું અને વ્યાપક પ્રતિનિધિત્વ ધરાવતું જૈનોનું બૃહત્ સંમેલન બોલાવવામાં આવશે.

આશા રાખીએ કે આ સંમેલન જૈનોને એકમેકની વધારે નજીક લાવવામાં અને પરસ્પર આત્મીયતાની અનુભૂતિ પેદા કરવામાં સફળ બને. આ દૃષ્ટિએ એકતાને ઝંખતા જૈનોની ફરજ છે કે તેઓ સમગ્ર જૈન ધર્મશાસ્ત્રોને અને ધર્મ સાહિત્યને પોતાની સહિયારી મુડી સમજે અને તે વિષે આદર દાખવતા થાય, જૈન ધર્મને લગતાં મંદિરો અને તીર્થોના સ્થાપત્યને પોતાનો સહિયારો વારસો સમજીને તે વિષે ગૌરવ અનુભવતા થાય અને તેની સુરક્ષાને પોતાની જવાબદારીનો વિષય સમજે, ભિન્ન ભિન્ન સંપ્રદાયના સાધુસાધ્વીઓને કશા પણ ભેદભાવ સિવાય પોતાના ગણીને તેમના વિષે પૂરો આદર દાખવે અને તેમના ચારિત્ર્યની શુદ્ધિ અને રક્ષાને પોતાની જવાબદારીનો વિષય બનાવે, માન્યતાભેદોને ગૌણ બનાવીને પ્રત્યેક સંપ્રદાયની વિચારસરણીમાં રહેલા અસાધારણ સામ્ય ઉપર વધારે ને વધારે ભાર મૂકતા થાય અને એ રીતે વધારે ને વધારે ભાવાત્મક નિકટતા–સામુદાયિક એકતા–કેળવતા રહે, કેટલાંક તીર્થો અંગે ચાલતા ઝગડાઓનું ખેલદિલીથી નિવારણ કરવાની અને પરસ્પર પ્રેમભરી વાટાઘાટો વડે પતાવવાની દિશાએ વધારે ને વધારે ઉત્કટતા દાખવે, કોઈ પણ જૈન–પછી તે દિગંબર હોય, શ્વેતાંબર હોય, સ્થાનકવાસી કે તેરાપંથી હોય–તે ભગવાન મહાવીરનો અનુયાયી છે એટલા જ કારણે, તેના વિષે બંધુભાવ ચિન્તવતા થાય, તેના સુખદુઃખને પોતાનાં ગણતા થાય અને તેની જીવનસમસ્યા ઉકેલવામાં મદદરૂપ થવામાં જૈનત્વની સાર્થકતા સમજતા થાય. આ રીતે હું શ્વેતાંબર છું, દિગંબર છું કે સ્થાનકવાસી–આવી અલગતાસૂચક અસ્મિતાના સ્થાને હું જૈન છું, અહિંસા અને અનેકાન્તનો ઉપાસક છું.–આવી ઉત્તરોત્તર વ્યાપકતા તરફ લઈ જતી ભાવનાપૂર્વક આપણે જૈનો પરસ્પરના વ્યવહારનું નિર્માણ કરીએ. સંકીર્ણતામાંથી વિશાળતા તરફ અલગતામાંથી એકતા તરફ, સાંપ્રદાયિકતામાંથી સાચી ધાર્મિકતા તરફ, ભેદમાંથી અભેદ તરફ, દ્વૈતમાંથી અદ્વૈત તરફ ગતિમાન બનવું, જીવનને પરિવર્તિત કરવું –આ આજના યુગની અનિવાર્ય અને અનુપેક્ષણીય માંગ છે. આપણે આ માંગને વિચાર, વાણી અને વર્તન વડે ચરિતાર્થ કરીએ, એમાં જ આપણા અસ્તિત્વની સાર્થકતા રહેલી છે. આ ગૌરવે જૈન સમાજનો વિચાર કરતાં, બધા ફિરકાના જૈનો વચ્ચે કેવળ તાર્કિક, કાલ્પનિક કે વિચારાત્મક નહિ પણ જીવન્ત, નક્કર અને ક્રિયાશીલ એકતા ઉભી થાય– એક કુટુંબની ભાવના પેદા થાય એવો આપણ સર્વનો ઊંડા દિલનો પ્રયત્ન અને વીરોચિત પુરુષાર્થ હો!

**પૂરક નોંધ :** ઉપર જણાવેલ દિલ્હી ખાતે મળેલા એક નાના સરખા અને પ્રાથમિક આકારના સંમેલનની તા. ૧૫-૧૧-૬૫ના ટાઈમ્સ ઓફ ઈન્ડિયામાં કરવામાં આવેલી જાહેરાતનું 'Three main jain sects end their differences'–જૈન સમાજના ત્રણ મુખ્ય વિભાગોએ પોતાના મતભેદો મીટાવી દીધા છે'–આવું મથાળું બાંધીને સામાન્ય જનતામાં એવી એક માન્યતા પેદા કરી છે કે હવે બધા જૈનો પોતાના મતભેદો ભૂલીને એક થઈ ગયા છે. આ માન્યતા કેટલી ભ્રામક છે તે તો ઉપરની વિગતો ઉપરથી વાચકોને સહેજે સમજાય તેમ છે. આવી સર્વવ્યાપી એકતા સિદ્ધ કરવા માટે હજુ ઘણું કરવાનું રહે છે. ટાઈમ્સ ઓફ ઈન્ડિયા જેવું જવાબદાર પત્ર વાસ્તવિકતાથી વિપરીત એવી ભ્રમણા પેદા કરનારું બિનજવાબદાર મથાળું બાંધે તે ભારે આશ્ચર્યજનક છે. સમેતશિખરના તીર્થનો ઝઘડાળુ મામલો તો હજુ ઉભો જ છે અને ભારત-પાક સંઘર્ષના કારણે 'સીઝફાયર' 'શસ્ત્રવિરામ' સ્વીકારીને તત્કાળ સ્થગિત બન્યો છે–આ હકીકત આપણે ન ભુલીએ. અન્ય તિર્થોના પણ આવા ઝગડાઓનો નિકાલ લાવવાનો બાકી છે. ઉપરના સંમેલનથી એટલો જ સંતોષ માનવાનો રહે છે કે એકતાની દિશાએ જૈન સમાજે આ સંમેલનદ્વારા એક ડગલું આગળ ભર્યું છે. હવે પછી બોલાવવા ધારેલ જૈન આગેવાનોનું મોટા પાયા ઉપરનું સંમેલન પણ ત્યારે જ પૂરા અર્થમાં સફળ થવાની સંભાવના રહે કે જ્યારે જે આગેવાનો goods deliver કરવાની સ્થિતિમાં હોય, એટલે કે જે આગેવાનો પોતપોતાના વિભાગ તરફથી સમાધાની કરવાની સત્તા ધરાવતા હોય તેવા આગેવાનો આવા સંમેલનમાં ભાગ લે અને એકતાના વિચારને અમલી બનાવવામાં સક્રિય ફાળો આપે. આવી એકતા એકાએક સહેલાઈથી સિદ્ધ થઈ જાય એવી સાદી સીધી સાધારણ બાબત નથી તે માટે વધારે જોરદાર આન્દોલનની અને કટ્ટર વલણ ધરાવતા આગેવાનો ઉપર પૂરતું દબાણ લાવવાની જરૂર ઉભી જ છે–આવી આજની વાસ્તવિકતાને સૌ કોઈ યથાસ્વરૂપે સમજી લે.

## કલકત્તા ખાતે શરૂ કરવામાં આવેલ પશુબલિનિષેધક આંદોલન ક્યાં સુધી પહોંચ્યું ?

એ સુવિદિત છે કે છેલ્લાં દોઢ વર્ષથી મુનિ સન્તબાલજી અને તેમના સહકાર્યકર મુનિ નેમિચંદ્રજી કલકત્તા ખાતે પશુબલિનિષેધનું આંદોલન ચલાવી રહ્યા છે અને તે પાછળ પોતાની સર્વ શક્તિઓનો યોગ આપી રહ્યા છે. તાજેતરમાં તેમના તરફથી મળેલા તા. ૨૧-૧૧-૧૯૬૫ના પત્રથી માલૂમ પડે છે કે તેઓ હવે કલકત્તા છોડી રહ્યા છે અને તેમનામાંના એક મુનિ સન્તબાલજી કટક, જગન્નાથપુરી થઈને નાગપુર ભણી જઈ રહ્યા છે અને મુનિ નેમિચંદ્ર ઉત્તર પ્રદેશ તરફ વિહાર કરી રહ્યા છે.

કલકત્તા ખાતે ચાલી રહેલ પશુબલિનિષેધ આંદોલન આજે ક્યાં સુધી પહોંચ્યું છે તેનો ખ્યાલ આપતાં મુનિ નેમિચંદ્રજી જણાવે છે કે : "દોઢ વર્ષની સતત એકધારી એકાગ્રતાને લીધે પશુબલિનિષેધક સમિતિ કાર્યક્ષમ બની છે, જેની કારોબારીમાં ૯ ગુજરાતીઓ અને ૮ બંગાળી શક્તિશાળી સભ્યો છે. અહિંનું કાર્ય અહિંની મુખ્ય શાખા-સમિતિ પોતે જ સંભાળશે. કલકત્તા અને બંગાળનું વાયુમંડળ એકંદરે પશુબલિનિષેધને અનુરૂપ થયું છે. કૉરપોરેશનના કુલ્લે ૧૦૦ કાઉન્સિલરો અને ૫ એલ્ડરમેન પૈકી ૫૬ના અભિપ્રાયો પશુબલિ નિષેધનું કટ્ટર નિરૂપણ કરતા મળવાથી કૉરપોરેશનમાં ઠરાવ લાવવાનો પ્રયત્ન ચાલુ છે. પશ્ચિમ બંગાલમાં પશુબલિનિષેધ માટે કાયદો તો ધારા-

સભા જ કરી શકે, પરંતુ આ ઠરાવ થઈ જાય તો એની અસર ધારાસભા ઉપર પડે. વિધાનસભાના કુલ્લે ૨૦ ધારાસભ્યોના અભિપ્રાયો મળ્યા છે, પણ ક્યારે આવે તે પહેલાં જનતા તૈયાર થઈ છે. હજુ પંડિતો અને તાંત્રિક પંડિતોના મત મેળવવાનો પ્રયાસ ચાલુ છે. બીજા પ્રાંતોમાં – ખાસ કરીને ઉત્તર પ્રદેશમાં સમિતિની શાખાઓ ખોલવાનો પ્રયત્ન થશે. તે માટે હું (નેમિચંદ્ર) ઉત્તર પ્રદેશ ભણી જાઉં છું અને પૂજ્ય મહારાજશ્રી (સન્તબાલજી) નાગપુર ભણી જઈ રહ્યા છે."

આપણે આશા રાખીએ કે મુનિશ્રી સન્તબાલજીના આ આંદોલનને કલકત્તાવાસી કાર્યકર્તાઓ પૂરી ઉત્કટતાથી આગળ ચલાવે અને માત્ર સન્તબાલજીનાજ નહિ પણ ગાંધીજીના આ સ્વપ્નને સફળ બનાવે!

**શ્રી મહાવીર જૈન વિદ્યાલયને મળેલું રૂા. ૨૫૦૦૦નું દાન**

શ્રી મહાવીર જૈન વિદ્યાલયે ૫૦ વર્ષ પૂરાં કર્યાં છે અને આ ૫૧મા વર્ષ દરમિયાન સંસ્થાની સુવર્ણ જયન્તી ઉજવવાનો પ્રબંધ વિચારાઈ રહ્યો છે. આ મહત્વભર્યા પ્રસંગે સંસ્થા માટે ૨૧ લાખ રૂપિયાનો ફાળો એકઠો કરવાનો લક્ષ્યાંક સંસ્થાની કાર્યવાહ તરફથી નક્કી કરવામાં આવ્યો છે અને આજ સુધીમાં આ ફાળામાં લગભગ સાડા સાત લાખની રકમનાં વચનો નોંધાઈ ચૂકયાં છે. આમાં તાજેતરમાં સ્વ. પંડિત માવજી દામજી શાહ, જેમનો થોડા સમય ઉપર સ્વર્ગવાસ થયો છે તેમના કુટુંબપરિવાર તરફથી સદ્‌ગત માવજીભાઈના સ્મરણમાં રૂા. ૨૫૦૦૦ની રકમનું દાન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સ્વ. માવજીભાઈનો ટૂંકો પરિચય આપવામાં આવે તો અસ્થાને નહિ ગણાય.

શ્રી માવજીભાઈનો જન્મ ભાવનગર ખાતે ઈ. સ. ૧૯૮૨ની આશો સુદ ૧૩ના રોજ થયેલો. કુટુંબની આર્થિક સ્થિતિ સાધારણ. ભાવનગર ખાતે ગુજરાતી ચાર ધોરણ પૂરાં કર્યા બાદ તેઓ મહેસાણાની જૈન પાઠશાળામાં દાખલ થયા અને ત્યાં થોડો અભ્યાસ કર્યો એ અરસામાં એ સમયના જૈન શ્વે. મૂ. સમાજના મહેસાણાવાસી એક આગેવાન સ્વ. વેણીચંદ સુરચંદની આ આશાસ્પદ વિદ્યાર્થી ઉપર નજર પડી અને કાશી ખાતે થોડા સમય પહેલાં ખોલવામાં આવેલી યશોવિજયજી જૈન પાઠશાળામાં વિશેષ અભ્યાસ કરવા માટે તેમને ત્યાં મોકલવાની તેમણે વ્યવસ્થા કરી અને ત્યાં છ વર્ષ રહીને સંસ્કૃત તથા પ્રાકૃત ભાષાનું તેમ જ કાવ્ય, ન્યાય તથા ધર્મશાસ્ત્રનું જ્ઞાન શ્રી માવજીભાઈએ સંપાદન કર્યું. ત્યાંથી ૧૬ વર્ષની ઉમ્મરે તેઓ મુંબઈ આવ્યા અને બાબુ પન્નાલાલ પુનમચંદ હાઈસ્કૂલમાં ધાર્મિક શિક્ષક તરીકે જોડાયા અને ૪૭ વર્ષ સુધી તેમણે એ જ સ્કૂલમાં એકધારી સેવા બજાવી. આ શિક્ષકના વ્યવસાય દરમિયાન તેમણે સારા પ્રમાણમાં લેખનકાર્ય કરેલું અને નાની મોટી લગભગ ૭૫ પુસ્તિકાઓ તેમણે બહાર પાડેલી. સ્કૂલમાંથી નિવૃત્ત થયા બાદ તેમણે પોતાની સ્ટેનલેસ સ્ટીલની દુકાને બેસીને વ્યાપાર વ્યવસાયમાં પોતાના જીવનનો અવશેષ ભાગ–લગભગ ૧૦ વર્ષ–પૂરો કર્યો. તેમનું ૭૩ વર્ષની ઉમ્મરે તા૦ ૯-૭-૬૫ના રોજ અવસાન થયું. પાછળ પત્ની, બે પુત્રો અને બે પુત્રીઓ એમ સુખી પરિવાર મૂકી ગયા, જેમાંના જ્યેષ્ઠ પુત્ર શ્રી જયન્તભાઈ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે.

ઉપર જણાવ્યું તે મુજબ આ કુટુંબપરિવાર તરફથી શ્રી મહાવીર જૈન વિદ્યાલયને પોતાના વડિલ શ્રી માવજીભાઈના સ્મરણમાં કરવામાં આવેલું રૂા. ૨૫૦૦૦ની રકમનું દાન એટલા માટે સવિશેષ નોંધપાત્ર છે કે શ્રી માવજીભાઈના કુટુંબપરિવારની આજે જે પ્રકારની આર્થિક સ્થિતિ છે તેનો ખ્યાલ કરતાં આટલા મોટા દાનની ભાગ્યે જ આશા રાખી શકાય. પણ જેમ માવજીભાઈ અન્ય શિક્ષણસંસ્થાઓનો ટેકો લઈને પોતાના જીવનમાં સ્થિર થયા તેમ અન્ય જૈન વિદ્યાર્થીઓને જીવનમાં સ્થિર કરવાનું ધ્યેય ધરાવતા શ્રી મહાવીર જૈન વિદ્યાલયને પોતાના કુટુંબના થઈ રહેલા આર્થિક ઉત્કર્ષનો બને તેટલો મોટો હિસ્સો આપવો એવી ઉત્કટ ભાવનાથી પ્રેરાઈને જ, સામાન્ય મનુષ્યો કરે છે એવા હિસાબની ઉપરવટ થઈને, આ દાન આપવામાં આવ્યું છે અને એ કારણે સ્વ. માવજીભાઈનો કુટુંબપરિવાર–ખાસ કરીને તેમનાં પત્ની શ્રી અમૃતબહેન અને જ્યેષ્ઠ પુત્ર જયન્તીભાઈ–આપણા સર્વના હાર્દિક ધન્યવાદ અને અભિનંદનને પાત્ર બને છે. પરમાનંદ

# * થોડાંક અવલોકનો *

## 'જૈન ધર્મ ચિન્તન'

અધ્યાપક શ્રી દલસુખભાઈ માલવણિયા 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોને સુપરિચિત છે: તેમના લેખોનો સંગ્રહ તાજેતરમાં શ્રી જગમોહનદાસ કોરા સ્મારક પુસ્તકમાળા તરફથી બહાર પાડવામાં આવ્યો છે. આ પુસ્તકમાળાના આજ સુધીમાં છ પુસ્તકો પ્રગટ થયા છે. (૧) 'ચાર તીર્થંકર,' લેખક પંડિત સુખલાલજી, (૨) 'ધૂપસુગંધ,' જુદા જુદા લેખકોની ૧૮ વાર્તાઓનો સંગ્રહ, (૩) 'પદ્મપરાગ,' લેખક રતિલાલ દીપચંદ દેસાઈ, (૪) 'જૈન ધર્મનો પ્રાણ,' લેખક પંડિત સુખલાલજી, (૫) શ્રી 'સુશીલ'ની સંસ્કારકથાઓ, (૬) 'તિલક મણિ,' લેખક શ્રી જયભિખ્ખુ. પ્રસ્તુત પુસ્તક આ પુસ્તકમાળાનું સાતમું પ્રકાશન છે. ઉપર જણાવેલ છ પ્રકાશનોએ સારી લોકપ્રીતિ પ્રાપ્ત કરી છે. તેમાં પણ 'ચાર તીર્થંકર' અને 'જૈન ધર્મનો પ્રાણ' આ બન્ને પુસ્તકોની પહેલી આવૃત્તિ થોડા સમયમાં જ ખલાસ થઈ ગઈ હતી. આ હકીકત આ બન્ને પુસ્તકોને મળેલા વિપુલ આવકારની દ્યોતક છે. આમાંથી 'જૈન ધર્મનો પ્રાણ' ની બીજી આવૃત્તિ પંડિત સુખલાલજીએ સ્થાપેલ 'જ્ઞાનોદય ટ્રસ્ટ' તરફથી પ્રગટ કરવામાં આવી છે. અને 'ચાર તીર્થંકર'ની પણ બીજી આવૃત્તિ થોડા સમયમાં પ્રગટ થવાની છે.

પ્રસ્તુત 'જૈન ધર્મ ચિન્તન'માં શ્રી દલસુખભાઈના ૧૪ લેખોનો સંગ્રહ છે. તેમાંનાં ૭ લેખો પ્રબુદ્ધ જીવનમાં જુદા જુદા સમયે પ્રગટ થઈ ચુક્યા છે. બાકીના ૭ લેખો અન્ય સામયિકોમાં પ્રગટ થયેલા છે. આજે જૈન ધર્મ વિષેની જિજ્ઞાસા માત્ર જૈનોમાં જ નહિ પણ જૈનેત્તર શિષ્ટ વર્ગમાં સારા પ્રમાણમાં જાગૃત થયેલી જોવામાં આવે છે. આ જિજ્ઞાસા બે પ્રકારની છે. એક તો જૈન ધર્મ વિષે પાયાની માહિતી મેળવવાને લગતી; બીજી અન્ય દર્શનોના અનુબંધમાં જૈન દર્શનને જાણવા સમજવાને લગતી. પહેલા પ્રકારની ઈચ્છા તૃપ્ત કરવા માટે આ પુસ્તક નથી. વાચકને જૈન ધર્મની સામાન્ય માહિતી છે એવી માન્યતા ગૃહિત કરીને આ વિવેચનો લખાયાં છે. આ પુસ્તકમાં જૈને Comparative Study–એકમેકની સરખામણી અને સમન્વયની દૃષ્ટિથી કરાયલો અભ્યાસ–કહે છે તે ધોરણે કરવામાં આવેલી આલોચનાઓનો સંગ્રહ છે. અન્ય દર્શનો અને સાધનામાર્ગોની અપેક્ષાએ જૈન ધર્મ શું છે અને તેની વિશિષ્ટ વિચારસરણી કયા પ્રકારની છે તે જાણવા–સમજવાની જેનામાં જિજ્ઞાસા હોય તેમને આ લેખસંગ્રહ ભારે ઉપકારક નિવડવા સંભવ છે.

શ્રી દલસુખભાઈનો પરિચય આપતાં પંડિત સુખલાલજી જણાવે છે કે "શ્રી દલસુખભાઈ નથી મેટ્રીક કે નથી કોઈ ઉચ્ચ કક્ષાની શાસ્ત્રીય પદવીના ધારક; પણ એમનો વિદ્યાવ્યાસંગ એટલો બધો વિશાળ, ઊંડો અને વિવિધવિષયસ્પર્શી પહેલેથી આજ સુધી અખંડપણે ચાલતો મેં નિહાળ્યો છે કે, એમ કહી શકાય કે, એને પરિણામે જ તેઓ અનેક ઉચ્ચ વિદ્યાસ્થાનોને અલંકૃત કરતા આવ્યા છે. કાશી વિશ્વવિદ્યાલયમાં તેઓ લગભગ ૨૫ વર્ષથી વિદ્યાની સાધના કરતા રહ્યા. તેઓ જૈન આગમ, જૈન દર્શન અને બૌદ્ધપાલિ તથા સંસ્કૃત–ગ્રંથોના અધ્યાપક પણ રહ્યા; એટલું જ નહિ, તેમણે ત્યાં રહી અનેક મહત્ત્વપૂર્ણ જૈન–બૌદ્ધ દાર્શનિક ગ્રંથોનું સંપાદન પણ કર્યું છે. તેને લીધે તેમની વિદ્યાકીર્તિ કલકત્તા અને બિહાર જેવા વિદ્વત્પ્રધાન પ્રદેશોમાં અને વિશ્વવિદ્યાલયોમાં પણ વિસ્તરી છે. છેલ્લાં પાંચેક વર્ષથી તેઓ અમદાવાદના લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યા મંદિર નામક સંસ્થાના મુખ્ય સંચાલક (ડિરેક્ટર) તરીકે નિયુક્ત છે અને તેમની આસપાસ એ સંસ્થાના વિદ્વાનો અને સુવિદ્વાનોનું એક નાનકડું શુ તેજોમંડળ પણ રચાયું છે.

"શ્રી દલસુખભાઈ જન્મે ઝાલાવાડના; ધર્મે સ્થાનકવાસા;

પણ એમની જન્મસિદ્ધ સરળતા અને તીક્ષ્ણ દૃષ્ટિએ એમને પંથાતીત બનાવ્યા છે. તેઓ જેટલા પ્રમાણમાં જૈન સાહિત્ય આદિનું પરિશીલન કરતા રહ્યા છે, તેટલા જ પ્રમાણમાં બૌદ્ધ અને કેટલીક વૈદિક પરંપરાઓનું પરિશીલન કરતા આવ્યા છે. તેઓ સંસ્કૃત, પાલિ, પ્રાકૃત, ગુજરાતી, હિંદી, બંગાળી અને મરાઠી આદિ ભારતીય ભાષાઓમાં લખાયેલા પ્રાચીન અને નવીન વાઙ્મયનું સતત અવગાહન કરતા રહ્યા છે. અંગ્રેજીમાં તેમણે પુષ્કળ સાહિત્ય વાંચ્યું છે, અને હજી પણ તેમનો તે યજ્ઞ અખંડપણે ચાલે છે. આને લીધે મારી જેવાને જ્યારે જ્યારે શાસ્ત્રીય વિષયો કે રેફરન્સો વિષે જિજ્ઞાસા થાય ત્યારે ત્યારે શ્રી દલસુખભાઈનું વિશાળ વાંચન અને લેખની સ્મૃતિ એક વિશ્વકોષની ગરજ સારે છે."

પ્રસ્તુત પુસ્તકમાં સંગ્રહિત કરેલા લેખોના વિષયો અંગે નિર્દેશ કરતાં પં. સુખલાલજી જણાવે છે કે, "અનુક્રમ અને અન્તર્ગત મથાળાં ઉપરથી લેખોનો સ્થૂળ પરિચય તો થઈ જાય છે પણ દરેક લેખના વિષયની ચર્ચાને યોગ્ય રીતે સમજવી હોય તો તે માટે વાંચકે પોતે જ ધીરજપૂર્વક એનું આકલન કરવું જોઈએ. જ્યારે કોઈ લેખક કોઈ એક વાડાની બહારની તટસ્થ દૃષ્ટિથી લખવા કે બોલવા પ્રયત્ન કરે છે, ત્યારે તેને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. વાચકોમાં જેઓ પંથગત સંસ્કારના હોય તેઓને કેટલુંક ન પણ સમજાય, અને સમજાય તો કેટલુંક રુચે પણ નહિ. બીજા કેટલાક વાચકો વિશાળ દૃષ્ટિવાળા હોય તો એમને એમ પણ લાગવાનો સંભવ ખરો કે આ બધું નિરૂપણ પંથોની આસપાસ ચાલે છે. વળી, કેટલાક વગર અભ્યાસે પણ, એવી ઉતાવળી પ્રકૃતિના હોય છે કે તેમને શાસ્ત્ર, ધર્મ, ગ્રંથ આદિની વાતો અને ચર્ચાઓ અસામયિક લાગે છે. પણ આ લખાણો બે દૃષ્ટિએ લખાયેલાં છે: એક તો જેઓ ખરા જિજ્ઞાસુ હોય, છતાં પંથ કે વાડાની સાંકડી ગલીમાંથી બહાર નીકળી ગયા હોય, તેમને તેમની જિજ્ઞાસા સંતોષાય અને તેમની દૃષ્ટિ વિશાળ બને એ દૃષ્ટિથી; બીજી દૃષ્ટિ એ છે કે જેઓ જિજ્ઞાસુ હોય, ઉદાર દૃષ્ટિથી વાંચવા–સમજવાની વૃત્તિવાળા હોય, પણ એક યા બીજે કારણે તેઓ ઈતિહાસ અને શાસ્ત્રીય વહેણોથી વિશેષ પરિચિત ન હોય તેમને એના આધાર પૂરા પાડવા અને તેનું અર્થઘટન પોતાને સમજાયું હોય તે રીતે તેની સમક્ષ રજૂ કરવું."

ઉપર સૂચવેલ દૃષ્ટિએ, પં. સુખલાલજી જણાવે છે તેમ, પ્રસ્તુત લેખસંગ્રહ જૈન કે જૈનેતર દરેકને વિશેષ માર્ગદર્શક અને જિજ્ઞાસા-પ્રેરક થઈ પડશે એમ નિઃશંક લાગે છે. તેથી શ્રી જગમોહનદાસ કોરા સ્મારક પુસ્તકમાળા દ્વારા આવા પુસ્તકનું પ્રકાશન કરવામાં આવ્યું છે એ નિર્વિવાદપણે સમયસરનું લાગે છે.

આ પુસ્તકનું સંપાદન શ્રી રતિલાલ દીપચંદ દેસાઈએ કર્યું છે, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય (ગાંધી રસ્તો, અમદાવાદ) તેનું પ્રાપ્તિ-સ્થાન છે. કિંમત રૂા. ૧-૫૦ છે.

## 'હળવું ગાંભીર્ય'

આ લેખસંગ્રહના લેખક શ્રી ચીનુભાઈ ભોગીલાલ પટવા પોતાના નિવેદનમાં જણાવે છે તે મુજબ આ 'હળવું ગાંભીર્ય' તેમના હળવા નિબંધોનો છઠ્ઠો સંગ્રહ છે. તે અગાઉના (૧) 'પાન સોપારી,' (૨) 'ફ્લિસુફિયાણી', (૩) 'ચાલો, સજોડે સુખી થઈએ,' (૪) 'અમે અને તમે', અને (૫) 'સાથે બેસીને વાંચીએ' મળીને આ પ્રકારનું ૧૭૦૦ પાના જેટલું સાહિત્ય ગ્રંથસ્થ થયું છે. 'ફ્લિસૂફ' ઉપનામે 'ગુજરાત સમાચાર' માં વીશેક વર્ષોથી લખાતી તેમની 'પાન સોપારી' નામની કટારોમાંથી મહદ્ અંશે આ સંગ્રહ સંકલિત કરવામાં આવ્યો છે, જો કે થોડાંક લેખો આકાશવાણી વાર્તાલાપો અને અન્ય સામયિકોમાંથી પસંદ કરવામાં આવ્યાં છે.

શ્રી ચીનુભાઈની લેખિનીને વિનોદ અને કટાક્ષ સહજપણે વરેલો છે. જીવનની નાની ઘટનાઓમાંથી તેઓ અવનવો વિનોદ તારવીને વાચકોના મનનું રંજન કરી શકે છે અને કટાક્ષો વડે સામાજિક ઘટનાઓને વેધક બનાવી શકે છે. આ લેખસંગ્રહનો દરેક લેખ હળવો વિનોદ અને ગંભીર સૂચનના વાણાતાણામાંથી નિર્માણ કરવામાં આવેલું એક મર્મગ્રાહી સર્જન છે. કોઈ ઉપવનના એક ખંડમાંથી બીજા ખંડમાં અને ત્યાંથી ત્રીજા ખંડમાં કરવામાં આવતા સ્વૈરવિહાર જેવું રસપ્રદ વાચન આ લેખસંગ્રહ પૂરું પાડે છે. આપણે ત્યાં વિનોદ અને હાસ્યરસ ઉપર સ્વામિત્વ ધરાવતા લેખકો ગણ્યાંગાંઠ્યા છે. આ લેખકોમાં શ્રી ચીનુભાઈ પટવા અગ્રસ્થાને છે.

આ લેખસંગ્રહની કિંમત રૂા. ૫-૫૦ છે. અને પ્રકાશક રવાણી પ્રકાશન ગૃહ છે. ઠેકાણું: ટિળક માર્ગ, અમદાવાદ.

## 'લોકશાહીનું સ્વરૂપ'

આ નાની પુસ્તિકાના લેખક છે શ્રી પુરુષોત્તમ ગણેશ માવળંકર, જેઓ શેઠ લાલભાઈ દલપતભાઈ આર્ટ્સ કૉલેજના પ્રિન્સીપાલ છે. આ પુસ્તિકામાં ભાઈ પુરુષોત્તમે લોકશાહીનું સ્વરૂપ સાદી, સરળ, પ્રવાહી ગુજરાતીમાં બહુ જ સુંદર રીતે રજૂ કર્યું છે અને લોકશાહી સાથે જોડાયેલા અટપટા પ્રશ્નોને પણ સિદ્ધ લેખિનીના બળ વડે સહજ સુગમ બનાવ્યા છે. આપણે ત્યાં પારવિનાના લોકશાહી પંડિતો છે અને એમ છતાં તેઓ લોકશાહીમાં કશું જ સમજતા હોતા નથી. આવી અધકચરી સમજણ ચોતરફ પ્રવર્તે છે. આવી પરિસ્થિતિમાં બહુ લાંબું નહિ, બહુ ટૂંકું નહિ અને જરૂરી સર્વ મુદ્દાઓને આવરી લેતું - એવું આ સુશ્લિષ્ટ નિરૂપણ અત્યંત આવકારદાયક છે. આ માટે ભાઈ પુરુષોત્તમને અનેક ધન્યવાદ ઘટે છે. આ પુસ્તિકાનું લખાણ જેટલું ઉદ્બોધક છે તેટલું જ કાચું અને ભૂલોથી ભરેલું તેનું મુદ્રણ છે. આ દોષ લેખકનો નથી પણ જ્ઞાન-કૌશલ્ય પ્રકાશન શ્રેણીના પ્રકાશકોનો છે. એ શ્રેણીની આ ૨૩–૨૪ એમ સંમીલિત પુસ્તિકા છે. તેનું ઠેકાણું છે ૧૩, સ્નેહકુંજ, એકસાઈઝ ચોકી, આંબાવાડી, અમદાવાદ - ૬. છે. કિંમત ૮૦ પૈસા છે.

પરમાનંદ

# સંઘ સમાચાર

## સાપુતારા પર્યટન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી સંઘના સભ્યો અને તેમના કુટુંબીજનો માટે નાસિક નજીક, પણ ગુજરાત રાજ્યમાં દરિયાની સપાટીથી લગભગ ૩૫૦૦ ફીટની ઉંચાઈએ આવેલ સાપુતારા નામના હીલ સ્ટેશનનું ડિસેમ્બર તા. ૧૮ અને ૧૯ શનિ-રવિ એમ બે દિવસનું પર્યટન ગોઠવવામાં આવ્યું છે. આ પર્યટનમાં જોડાનાર ભાઈ–બહેનોને તા. ૧૭ મી ડિસેમ્બર શુક્રવાર રાત્રિના ૧૧-૧૦ વાગ્યે વિક્ટોરિયા ટર્મીનસથી ઉપડતી ભૂસાવળ પેસેન્જરમાં નાસિક લઈ જવામાં આવશે અને ત્યાંથી બસમાં સાપુતારા પહોંચાડવામાં આવશે. એ જ રીતે ડિસેમ્બર તા. ૧૯ મી રવિવાર સાંજના ચાર વાગ્યે સાપુતારાથી નીકળીને નાસિક થઈને સોમવાર સવારના સાડા પાંચ વાગ્યે મુંબઈ પાછા ફરવાનું રહેશે.

આ પ્રવાસમાં જોડાનાર ભાઈ-બહેનોએ વ્યક્તિ દીઠ રૂા. ૪૦) અને ૧૨ વર્ષથી નીચેના બાળકો માટે રૂા. ૩૦) ભરવાના રહેશે. પ્રવાસમાં જોડાનારે બને તેટલું નાનું બેડીંગ તથા ટૉર્ચ સાથે લાવવાનો રહેશે. આ પર્યટન માત્ર ૪૦ પ્રવાસીઓ માટે વિચારવામાં આવ્યું છે તેથી સંઘના જે સભ્યોને આ પર્યટનમાં જોડાવાની ઈચ્છા હોય તેમણે સંઘના કાર્યાલયમાં જરૂરી રકમ સત્વર ભરી જવા વિનંતી છે!

## સંઘના સભ્યોને આગ્રહભરી વિનંતિ

**ઈ. સ. ૧૯૬૫ નું ચાલુ વર્ષ હવે પૂરું થવા આવ્યું છે, આમ છતાં પણ સંઘના ઘણાં સભ્યોનાં લવાજમ હજુ સુધી વસુલ થયાં નથી. આ સંબંધમાં તેમને એક અલગ યાદી પોસ્ટકાર્ડ દ્વારા પાઠવવામાં આવી છે. એના અનુસંધાનમાં જણાવવાનું કે જે સભ્યોનાં લવાજમ હજુ વસુલ થયાં ન હોય તેઓ સંઘના કાર્યાલયમાં પોતાનાં લવાજમો સત્વર ભરીને અમારા કાર્યમાં સરળતા કરી આપે.**

**મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ**

પરમાનંદ કુંવરજી કાપડિયા
તંત્રી, પ્રબુદ્ધ જીવન
જૂનો ટે. નં. ૭૪૮૭૬
નવો ટે. નં. ૬૫૪૮૭૬

# મહાપ્રસ્થાનના પથ પર—૧

## અનુવાદકનું પુરોવચન

શ્રી પ્રબોધ સન્યાલ બંગાળના અત્યંત લોકપ્રિય અને ઉચ્ચ કોટિના વાર્તાકાર તથા નવલકથાકાર છે. એઓને વિશેષ પ્રસિદ્ધિ આપનાર આ પ્રવાસકૃતિ છે. આ કૃતિની અત્યારસુધી સાતેક આવૃત્તિઓ થઈ ગઈ છે, તે એમની લોકપ્રિયતા દર્શાવે છે. આનો ભારતની અનેક ભાષાઓમાં અનુવાદ થયો છે. 'યાત્રિક' નામનું ચલચિત્ર પણ ઉતર્યું હતું. હિમાલય એ પરાપૂર્વથી આપણા સાહિત્યકારો માટે પ્રેરણાનો અણખૂટ સ્રોત છે. પ્રબોધ સન્યાલ કેવળ હિમાલયથી આકર્ષાયા જ નથી. એમણે હિમાલય પાસેથી પ્રેરણામૃત પીને એ અમૃતને સર્વભોગ્ય બનાવ્યું છે. એમનો આત્મા વાર્તાકારનો હોવાથી, આ કૃતિ પ્રવાસની હોવા સાથે સાથે એમાં એમણે નવલકથાનો રસ સીંચ્યો છે. એટલે આમાં પ્રકૃતિપ્રેમી પ્રબોધકુમારની સાથે વાર્તાકાર પ્રબોધકુમારનો સુભગ સમન્વય થયો છે, અને એથી એમની કૃતિ રોચક અને રસભરી બની છે. એમાં ભદ્ર સ્ત્રી-પુરુષોની વાર્તા તો છે જ, પણ વેશ્યા, દાસી ને સાથે સાથે પૂર્ણયૌવના ભૈરવી પણ છે. એ પાત્રોના નિરૂપણમાં આપણે એમની ચરિત્ર–નિરૂપણશક્તિનો પણ અચ્છો પરિચય થાય છે. એમાં એણે રાણીના પાત્રનું જે ચિત્ર આંકયું છે, તેને બંગાળી સાહિત્યકૃતિઓનાં અમરપાત્રોમાં શ્રી પ્રમથ ચૌધરી સ્થાન આપે છે. એમણે આ કથા હિમાલયની પટભૂમિમાં આલેખી છે, તેમાં માનવ અને પ્રકૃતિનો સુભગ સમન્વય થયો છે અને એ દૃષ્ટિએ પણ આ કૃતિનું મૂલ્ય ઘણું વધી જાય છે.

નેતાજી સુભાષ બોઝ જેવા રાજકારણના પુરુષ પણ આ કૃતિથી ઘણા આકર્ષાયા છે અને કહે છે, "રાણીનું ચિત્ર જે તમે અંકિત કર્યું છે, તે સુંદર અને હૃદયગ્રાહી છે. બીજા વાચકોની જેમ મને પણ રાણી વિષે ઘણું ઘણું જાણવાની ઈચ્છા થાય છે. વાચક અતૃપ્તિ અને જિજ્ઞાસાના ભારથી જ્યારે પુસ્તક પુરું કરે છે ત્યારે એને પ્રતીતિ થાય છે કે લેખકની સૃષ્ટિપ્રચેષ્ટા એળે ગઈ નથી." આ પ્રવાસકથા છે. બીજી રીતે કહું તો હિમાલયની પટભૂમિમાં વાર્તા છે. એની રીતે અનોખી, રોમાંચક, જીવંત.

ડૉ. ચન્દ્રકાન્ત મહેતા

## ઉપક્રમણિકા

આ જગત્‌માં આપણને મનગમતા માણસો મળતા નથી, એથી જ માનવના મનને આપણે સંગીસાથી વિનાનું માનીએ છીએ. આમ જોવા જઈએ તો આપણે બધા એકલા જ છીએ. માણસ માણસને કોઈ ને કોઈ બાહ્ય પ્રયોજનને લીધે જ મળે છે—પછી તે મિત્રતાનું હોય, સ્વાર્થનું હોય, કે અંગતનું બીજું કાંઈ હોય.

તે દિવસે જ્યારે કામળો, થેલો, લોટો ને લાકડી લઈને તદ્દન એકલો હું હિમાલયની યાત્રાએ જવા ઉપડયો, તે દિવસે મને કોઈ સાથી ન મળ્યો, તેનું હું અભિમાન કરતો નથી, પણ નિરાસકત, નિર્લિપ્ત માનવી બનીને, નિરુદ્દેશ બનીને ચાલવા માંડયો.

ચોતરફ વૈશાખનો ધોમ ધખતો હતો, સમગ્ર આર્યાવર્ત પર સૂર્યદેવના અભિશાપની અગ્નિવૃષ્ટિ વર્ષાતી હતી. ચારેબાજુ લણણી થઈ હોવાથી ખેતરો જાણે ખાવા ધાતાં હતાં, આખું આકાશ વરસાદની અપેક્ષાએ તરફડતું હતું—એવે સમયે કાશીથી હરદ્વારનો મેં માર્ગ લીધો. જ્યારે આપણે, સ્થિર, સિમાબદ્ધ, ઘરકુકડી જેવા, શહેરની સભ્યતાની ઝૂંસરી ખાંધે લઈને, ને આંખે અંધારી બાંધીને ફરતા હોઈએ છીએ, ત્યારે આપણને આપણી બહાર વિશાળ જગત પડેલું છે, ઉદાર જીવન છે, એનો ખ્યાલ સરખો આવતો નથી. રોજરોજના નફાતોટા, સંકુચિત જીવનની ક્ષુદ્રતા ને તુચ્છતાની પાછળ, કોઈ મહાન તત્ત્વનું આહ્વાહન આવે છે, એ તો આપણે જાણે સાંભળતા જ નથી. ચારેબાજુ જેમ જંજાળ વધતી જાય છે, તેમ મનુષ્ય એમાં અટવાતો જાય છે; પણ જે દિવસે નિઃસીમમાર્ગનું નિમંત્રણ આવે છે, જે દિવસે દૂર દૂરની વ્યાકુળ કરનારી બંસીના સૂરો સંભળાય છે, તે દિવસે બધી જંજાળ ઝાટકી નાંખી, એકલા જ રસ્તે જવું પડે છે. ત્યારે કશાની અપેક્ષા રાખવાની હોતી નથી, પાછળ ફરીને જોવાપણું પણ નથી હોતું.

ફૈજાબાદ વટાવ્યું, લખનૌ વટાવ્યું, બરેલી પાછળ રહી ગયું, ને ગાડી વેગથી દોડતી હતી. મારી આ યાત્રાની પહેલેથી નહોતી કશી યોજના, નહોતો કશો નકશો, એ આકસ્મિક જ હતી. વિશૃંખલ હતી. રાત પૂરી થતાં, જ્યારે લશ્કર પસાર કરીને, હરદ્વાર આવી પહોંચ્યો, ત્યારે જોયું તો જાણે બીજી ભૂમિમાં જ હું આવી પહોંચ્યો હતો. ઠંડા પવનથી શરીર ટાઢું પડી ગયું હતું. લાગતું હતું કે જાણે હાથપગ થીજી ગયા છે. ગરમીમાંથી આ ઠંડીમાં પ્રવેશતાં આનંદ થયો, શરીરમાં ઉત્સાહ આવ્યો ને તેજી આવી. શેષરાત્રીનો અંધકાર માથા ઉપર નક્ષત્રોથી ભર્યું ભર્યું કાળું આકાશ, આસપાસ સંતરીની જેમ ઉભી રહેલી પર્વતમાળા, મધુર ઠંડો પવન-એ બધામાંથી રસ્તો ખોળતો ખોળતો હું ધર્મશાળા તરફ ચાલ્યો. યાત્રી-ઓનો વાટનો એકમાત્ર વિસામો ધર્મશાળા જ છે.

હિમાલયમાં પ્રવેશ કરવાના જે માર્ગો છે, તેમાં હરદ્વાર જાણીતો ને સરળ છે. અહીં ફકત ત્રણ ઋતુઓ છે. વર્ષા, ઠંડી ને વસંત. પાસે જ ગંગાની નીલધારા છે. કલકલ કરતી એ વહ્યે જાય છે. પથ્થર પર વહેતી હોવાથી એ મુખર છે. નદીને તીરે તીરે સન્યાસીના મઠો છે. ત્યાં સન્યાસીઓ ધૂણી ધખાવીને, આસન બિછાવીને બેઠેલા હોય છે. ગાંજો ફૂંકે છે, ને વેદ, ગીતા ને તુલસીરામાયણની ચર્ચા કરે છે. બ્રહ્મકુંડમાં સ્નાન, કુશાવર્તમાં શ્રાદ્ધ તથા તર્પણ, કયાંય ધમાલ નહિ, જીવનસંગ્રામ નહિ, વિવાદ કે કશું લેપન નહિ. આ સમયે યાત્રીઓની ઘણી ભીડ હતી. ઘણા બદ્રીનારાયણ તરફ જ જનારા હતા, એમની આંખમાં અને ચહેરા પર ઉત્સાહ ઉભરાતો હતો, યાત્રાની તૈયારીઓ કરતા હતા ને એમની જોડે મજૂરો ને પંડાઓની કચકચ ચાલુ હતી. શહેર નાનું, બજાર પણ નાનું,-બજારમાં શિયાળાના શાકભાજી અને અનાજનાં ઢગના ઢગ ખડકાયા હતા. પેલી તરફ ભોળાગિરિની ધર્મશાળા ને આશ્રમ હતાં. આશ્રમમાં બંગાળીઓનો કારભાર હતો ને બંગાળીનું માન પણ સારા પ્રમાણમાં હતું. બધા જ સંસારત્યાગી વૈરાગીઓ, ભગવાં કપડાંવાળાં ને મુંડન કરાવેલા હતા. એમાંના ઘણાં ભદ્રસમાજના ને સ્થિતિસંપન્ન કુટુંબના હશે, પણ એઓ કયારેય પોતાના પૂર્વજીવનનો પરિચય આપતા નહોતા, આપવાનો પ્રશ્ન જ ઊભો થતો નહોતો. ગંગાકિનારે આ આશ્રમમાં તપ કરતાં કરતાં પોતાનું જીવન વ્યતીત કરતા હતા. ત્યાં મને જાણવા મળ્યું કે આ એકાંત, ને મનને ઠારે એવા યોગાશ્રમમાં પણ સંયમ ને તપસ્યાનું આવરણ દૂર કરીને કયારેક કયારેક કલહ, દ્વેષ અને શંકા ડોકિયાં કરી જતાં. તીર્થયાત્રી સિવાય પણ ઘણા હવાફેર માટે અહીં આવીને રહેતા હતા.

સમુદ્રના કિનારે ભૂલો પડેલો માનવી જે રીતે નિઃસહાયભાવે સમુદ્ર તરફ જોઈ રહે, તેવી જ રીતે, હિમાલયની તળેટીમાં ઊભા રહી દૂર દૂર સુધી મેં પહાડોને જોયા કર્યા. નજરમાં ન માય એવી, નિરૂદ્દિષ્ટ પર્વતમાળા હતી, એની શરૂઆત કયાંથી ને એનો અંત કયાં એની કાંઈ જ ખબર જ ન પડે. બદ્રીનાથ કઈ તરફ હશે ? કેવળ જાણે મેઘના થર પર થર જામ્યા હોય એમ પહાડની પાછળ પહાડો ઊભા હતા, ઊંચા, કઠણ, નિર્દય. હું પહેલેથી જ બીકણ, પોચો, આરામપ્રિય. મોટું સાહસ થઈ ગયું કે પછી હું ઢીલોઢસ એ મારા સ્વભાવની

આ પહેલાં મને જાણ થઈ નહોતી. મનમાં થયું કે હજીય કાંઈ મોડું થઈ ગયું નથી, પાછો વળું, અથવા હું અહીં જ કોઈ આશ્રમમાં જ બે મહિના છૂપાઈ રહું, ને પછી દેશમાં પાછો જઈને કહું કે ફરીઆવ્યો!! પરન્તુ આ દરમ્યાન મેં કડીયાળી ડાંગ ખરીદેલી ને કેપસોલના કેનવાસના જોડા પણ ખરીદ્યા હતા. ઈસપગોળ, મરી, રાંધવાનો મસાલો, હરડે અને મરડા વગેરેની દવાથી મારો થેલો ખૂબ ભારે થઈ ગયો હતો. બીજા યાત્રાળુઓ મને કાં તો ઉત્સાહિત કરતા અથવા તો મને અકળાવતા. કોઈ ડરાવતું, કોઈ ખોટી ચિન્તા કરાવતું, કોઈ મને સ્વસ્થ કરવા પ્રયત્ન કરતું. શું કરું? રસ્તામાં નડતી મુશ્કેલીઓ ને હેરાનગતિની વાતો સાંભળીસાંભળીને છાતીમાં તો એવી બીક પેસી ગઈ હતી, પણ પાછા તો કેમ જવાય? હા, જો દેશમાંથી કોઈ વિપત્તિસૂચક જરૂરી તાર આવે તો છૂટકારો થાય. મને થયું કે એના કરતાં તો જેલમાં જવું સારું. એકવાર મનમાં વિચાર પણ આવ્યો, કે રસ્તે ઊભો રહી, બે ત્રણ વાર જોરજોરથી "વંદેમાતરમ"નો પોકાર કરું, કે પકડાઈ જવાય, પણ મોઢામાંથી અવાજ જ નીકળતો નહોતો, ગળામાં જાણે શકિત જ નહોતી, હૃદયમાં સાહસ કરવાની હિંમત નહોતી, કેવળ નિરૂપાય ભાવે દૂર દૂરના રેલગાડીના પાટા પર મેં દષ્ટિ નાંખી.

ના, હવે પાછા ન ફરાય, પણ નથી કોઈ મિત્ર, નથી કોઈ સાથી, નથી કોઈ ઓળખીતું. યાત્રાળુઓમાંથી લગભગ બધા જ સંસાર જોડેનો એમનો હિસાબ પતાવીને આવ્યા હતા. એમને પાછા ફરવાની આશા નહોતી, એમણે બધી છેવટની વ્યવસ્થા કરી લીધી હતી, એમને હવે જીવનનું મૂલ્ય ખાસ કશું હતું નહિ, ચાલતાં ચાલતાં મરણ આવે તો તેને માટેની એમની તૈયારી હતી. આ ધર્મશાળામાંથી એક બંગાળી યાત્રાળુઓની ટુકડી તરતમાં જ બદરીનાથ જવા ઉપડવાની હતી, એ ટૂકડીમાં ફકત એક જ પુરુષ હતો ને બીજી તો મોટીવયની કે ઘરડી સ્ત્રીઓ હતી. સ્ત્રીઓની પુણ્યકામના, ને તીર્થયાત્રાનો આગ્રહ પુરુષો કરતાં વિશેષ હોય છે, એની પાછળ એક કારણ રહેલું છે. પણ હમણાં એ વાત રહેવા દો. એ પુરુષ બ્રહ્મચારી હતો, માથું મુંડાવેલું હતું, એનું નામ જ્ઞાનાનંદ સ્વામી હતું, બંગાળી હતો, યુવાન હતો, સંસ્કારી અને સુશિક્ષિત હતો, માથા ઉપર ભગવા રંગનો રેશમી ફેંટો બાંધ્યો હતો, પગમાં મોજાં અને જોડા પહેર્યા હતાં, એનું ગંજી-ફરાક, એની કફની, એની ચાદર બધાં ભગવા રંગે રંગાયેલાં હતાં. એ પરથી એ સારી સ્થિતિના હોય એમ લાગ્યું. એની જોડે એની મા હતી, અને બીજી વીસેક યાત્રાળુબહેનો હતી. સહજ-રીતે વાતચીત શરૂ થઈ. એમણે કહ્યું, "તમારે જવા માટે કોઈ કારણ નથી, રસ્તો ઘણો વિકટ છે, રસ્તામાં પાર વિનાની મુશ્કેલીઓ છે... તમે તમારે ઘેર પાછા જાઓ."

મેં કહ્યું: "શું હું પાછો જાઉ? હું પણ ભગવાં કપડાં ને ચાદર છૂપાવીને લઈ આવ્યો છું, સ્વામીજી!"

સ્વામીજીએ મારા મોઢા સામે જોયું, ને કોણ જાણે એમના મનમાં શું આવ્યું હશે, તેઓ હસ્યા ને બોલ્યા, "કેમ સન્યાસ લેવો છે કે શું? પણ એ તમારે માટે નથી. મને લાગે છે કે તમે પાછા જાઓ એ જ તમારે માટે સારું છે. રસ્તા બહુ જ કઠણ છે. એ સિવાય ભગવાં પહેરવાથી તો વળી... એટલે કે, સન્યા-સીના નિયમો હોય છે, ક્રમો હોય છે, ને જીવનની એ નિશ્ચિત-પ્રકારની રીત હોય છે, એટલે તમારા જેવા સાધુ થશે તો અમારી બદનામી થશે, લોકો અમારો વિશ્વાસ નહિ કરે."

બેચાર બીજાં આવાં ઉપદેશનાં વાકયો કહીને એ ઊઠયા. એમને હું કહી ન શકયો, કે હું આખે રસ્તે આગળ જઈ જઈને પાછા જવાનો જ ઉપાય શોધતો હતો. કોઈ જાણે ભૂતની જેમ મને ખેંચતું હતું.

બે દિવસ રસ્તામાં, બજારમાં, નદીકિનારાનાં મન્દિરે મન્દિરે હું ભટકયો. મારા મનની વાત કોને કહું? બહારથી તો ઉત્સાહ બતાવતો હતો, જવાની તૈયારીઓ કરતો હતો, પણ અંદરથી તો મારામાં જરા જેટલી પણ ઈચ્છા નહોતી, એ વાત આજે કહીએ તો પણ કોણ સાચી માને? હાયરે, એમ છતાં જવું તો પડશે જ, મને મળ્યા વગર બદરીનાથને ચેન પડતું નહોતું, તેથી એમને હું જોઈતો હતો. ખબર ન પડી. આ મને ઈશ્વરી પ્રેરણા હતી કે મારું કમનશીબ!

ત્રીજે દિવસે બપોર પછી જવાનું હતું, જેમની સાથે ધર્મશાળામાં અલ્પ પરિચય થયો હતો, તેમની મેં કરુણ હાસ્યથી વિદાય લીધી. ધર્મશાળાનો મેનેજર એક બંગાળી છોકરો હતો. એનું નામ ચાટુર્જ્યે હતું. એના ગાયનવાદનથી, ને મોહક રીતભાતથી તેણે બધા યાત્રાળુઓનાં મન જીતી લીધાં હતાં. તેણે અત્યંત દુ:ખથી વિદાય આપી. ને હું બહાર નીકળ્યો. મેં ભગવાં કપડાં પહેર્યાં હતાં, ખભા પર એક તરફ દોરીથી બાંધેલો કામળાનો વીંટો હતો, બીજા ખભા પર થેલો લટકાવ્યો હતો, હાથમાં ડાંગ હતી, ને દોરીલોટો હતાં. પગમાં કેનવાસના નવા જોડા હતા, આંખમાં શૂન્યતા હતી. હૃદયમાં આપ્રસન્નતા હતી, આત્મામાં ગ્લાની હતી, પ્રાણમાં ભય હતો, શરીરમાં ઉત્સાહશૂન્યતા હતી. એવી સ્થિતિમાં ધીરે ધીરે રસ્તે ચાલતો હતો. બજારમાં થઈને મોટા રસ્તા પર આવી પહોંચ્યો, ઋષિકેશ સુધી મોટરબસ મળતી હતી. ગળું સૂકાતું હતું. એક પ્યાલો શરબત પીને ગાડીમાં બેઠો. પંદર માઈલનો રસ્તો હતો, ને દશ આના ભાડું હતું. કોઈ મને જાણે પાછળથી ધક્કો મારતું હતું ને કહેતું હતું "ભગવાં કપડાં તો પહેર્યાં, પણ હજી મનને તો ભગવું કર્યું નથી, આ તેં કેવી ભૂલ કરી?"

સમય જોતજોતામાં વહી જતો હતો. પર્વતોના પગથી માથા તરફ તડકો ચઢવા માંડયો, એકએક કરતાં ઋષીકેશના મુસા-ફરો ગાડીમાં આવીને બેસવા લાગ્યા. કેટલી ધાંધલ! કેટલો શોર-બકોર! પાછું ફરીને જોયું તો, માથે ફેંટાવાળા, આછી આછી દાઢી-મૂછવાળા એક સાધુ આવીને બેઠા. એની ઉમ્મર નાની લાગતાં, અને એની પાસે પણ થેલો ને લોટો જોતાં સાહસ કરીને કરુણ કંઠે મેં પૂછયું, 'આપ કહાં જાયેંગે સાધુજી?"

મારા મોઢા સામે જોઈને તે હસ્યા, ગાડી તરત જ ઉપડી. એનું હાસ્ય સંન્યાસીનું સ્વર્ગીય હાસ્ય નહોતું, પણ મિત્રનું હાસ્ય હતું. એમણે કહ્યું: "બદરીનારાયણ, ૐ નમો નારાયણાય!"

હું કાંઈ બોલ્યો નહિ. મેં મોં ફેરવ્યું. મને આનંદ થયો. ચાલો સાથી તો મળ્યો. પણ એ આનંદ પ્રકટ કરીને મારી દુર્બલ-તાનું પ્રદર્શન કરતાં મને ક્ષોભ થયો. એકાદ મિનિટ પછી થેલામાંથી બે તાજાં પાન એમણે બહાર કાઢયાં, હાથ લંબાવીને સાધુજીએ હસતાં હસતાં કહ્યું, "લીજીએ મહારાજ, ખાઈએ." એમ કહીને બીજે હાથે એમણે પાનની બીડી કાઢી મને આપી.

એમની તરફ મોઢું ફેરવી હું જોઈ રહ્યો. તેઓ ફરીથી હસીને શુદ્ધ બંગાળીમાં બોલ્યા, "કયાંથી આવો છો?"

મેં હસીને કહ્યું, "હજી સુધી હું આપને ઓળખી શકયો નહિ, કે આપ બંગાળી છો!"

"હં, તમે બદરીનાથ જાઓ છો!"

"હા."


ચાલતી ગાડીએ અમારો વાર્તાલાપ પણ ચાલવા લાગ્યો. એમનું નામ પાગલાભોળા બ્રહ્મચારી હતું; પણ બધા 'બ્રહ્મ-ચારી' નામે જ એમને ઓળખતા. ઘણા સમયથી વૈરાગ લીધો હતો, ને પરિવ્રાજક રૂપે આખા દેશમાં ફર્યા હતા. આ સંસારમાં કોણ છે ને કોણ નથી તેનો એઓ હિસાબ રાખતા નહોતા, રાખવાની એમને જરૂર પણ નહોતી. ભગવદ્‌ગીતા એમને મોઢે હતી. સંસાર-માયા, કર્મત્યાગથી જ મળતી મુકિત, ભગવાનમાં પૂર્ણ શ્રદ્ધા, ને સંપૂર્ણ આત્મત્યાગ સિવાય માણસની અન્ય ગતિ નથી, જીવન તુચ્છ છે, મોક્ષલાભ જ પરમ લક્ષ્ય છે—આ બધી એમની ભકિતભરી વાણી હું સાંભળતો જતો હતો. પાન ખાતાં-ખાતાં એઓ આ બધી વાતો કરતા હતા. મારા જીવનમાં આ પહેલી વાર સાચા અર્થમાં સત્સંગ મને થયો હતો. ક્રમશ:

મૂળ બંગાળી: પ્રબોધ સન્યાલ

અનુવાદક: ડૉ. ચન્દ્રકાન્ત મહેતા

# સંતપુરુષ સદ્‌ગત સ્વામી કૃષ્ણપ્રેમ

તા. ૧૬-૧૧-૬૫ના ટાઈમ્સ ઑફ ઈન્ડિયામાં પ્રગટ થયેલા સમાચાર ઉપરથી માલૂમ પડે છે કે સ્વામી કૃષ્ણપ્રેમ જેઓ આલ્મોરાથી ૨૦ માઈલ દૂર આવેલા મીરતોલામાં એક આશ્રમ સ્થાપીને વર્ષોથી રહેતા હતા તેઓ ગયા નવેમ્બર માસની ૧૩મી તારીખે રાત્રે નૈનીતાલ ખાતે થોડાએક સમયની માંદગી ભોગવીને અવસાન પામ્યા છે. ૧૯૫૮ની સાલમાં મે-જૂન દરમિયાન અમે નૈનીતાલ બાજુએ પ્રવાસે ગયેલા. આ પ્રવાસ દરમિયાન નૈનીતાલમાં થોડા દિવસ રહીને અન્ય સ્થળો જોતાં જોતાં અમે આલ્મોરા ગયેલા અને ત્યાંથી સ્વામી કૃષ્ણપ્રેમનાં દર્શનાર્થે અમે આલ્મોરાથી મીરતોલા ગયેલા અને સાંજના સમયે સ્વામી કૃષ્ણપ્રેમને અને તેમના શિષ્ય માધવાશિષને મળેલા અને તેમની સાથે થોડો સમય તત્ત્વચર્ચામાં ગાળેલો. આ સમગ્ર પ્રવાસનું વર્ણન 'કુર્માચળની પરિક્રમા' એ મથાળા નીચે એ દિવસોના પ્રબુદ્ધ જીવનમાં ૧૬ હપ્તામાં પ્રગટ કરવામાં આવ્યું હતું. આ વર્ણનમાંથી તારવવામાં આવેલો સ્વામી કૃષ્ણપ્રેમનો પરિચય નીચે મુજબ છે:-



સ્વામી શ્રી કૃષ્ણપ્રેમજી

## સ્વામી શ્રી કૃષ્ણપ્રેમનો પરિચય

આ સ્વામી કૃષ્ણપ્રેમનું મૂળ નામ શ્રી રોનાલ્ડ નીક્સન હતું. તેઓ ઈંગ્લાંડના-લંડનના-વતની હતા. તેમનું અવસાન થયું ત્યારે તેમની ઉંમર ૬૭ વર્ષની હતી. તેમના અભ્યાસકાળ દરમિયાન પહેલું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું હતું અને તેઓ એર-ફોર્સમાં હવાઈ દળમાં જોડાયા હતા અને ફ્રાન્સમાં એક વિમાની ટૂકડીમાં તેમણે કામ કર્યું હતું. લડાઈ પૂરી થયા બાદ તેઓ કેમ્બ્રિજ આવ્યા. અહિં તત્ત્વજ્ઞાનનું સાહિત્ય વાંચતાં વાંચતાં તેઓ પૌર્વાત્ય તત્ત્વજ્ઞાનના સંપર્કમાં આવ્યા, તેઓ પ્રકૃતિથી ચિન્તપરાયણ હતા. અને જીવનના પ્રારંભકાળથી તેમનામાં સંસાર પ્રત્યે વિરક્તિ હતી. અને આ અર્થશૂન્ય લાગતા સંસાર-પ્રવાહ પાછળ રહેલા કોઈ અર્થને-સત્યને-શોધવા તેમનું ચિત્ત મથી રહ્યું હતું. ભૌતિક મહત્ત્વાકાંક્ષાઓનું તેમને જરા પણ પ્રલોભન નહોતું. ભારતીય દર્શનસાહિત્યનો પરિચય વધતાં તેઓ ભારતીય સંસ્કૃતિ તરફ ખૂબ આકર્ષાયા. ૧૯૨૧માં લખનૌ યુનિવર્સિટીના એ વખતના વાઈસ ચેન્સેલર ડૉ. ચક્રવર્તી અને તેમનાં પત્ની યશોદા મા ઈંગ્લાંડ ગયેલાં તે વખતે બન્નેના સમાગમમાં રોનાલ્ડ નીક્સન આવ્યાં, અને તેમની સાથે જ તેમનું હિન્દુસ્તાન આવવાનું બન્યું. લખનૌ યુનિવર્સિટીમાં તેઓ એક અધ્યાપક તરીકે નિમાયા. ચક્રવર્તી કુટુંબ સાથેનો તેમનો પરિચય ચાલુ રહ્યો. ભારતમાં આવ્યા બાદ શરૂઆતમાં તેઓ બૌદ્ધધર્મ તરફ ખેંચાયા. તે ધર્મના શાસ્ત્રોનું તેમણે ઊંડું અધ્યયન કર્યું. તેમાંથી વિશાળ હિન્દુધર્મના અભ્યાસ તરફ તેઓ વળ્યા. હિન્દી, સંસ્કૃત તેમ જ બંગાળી ભાષા પણ તેમણે શીખી લીધી. વેદ, વેદાન્ત, પુરાણ, ભાગવત તેમ જ તંત્રશાસ્ત્ર તથા જૈન દર્શન વિગેરે વિષયોમાં તેમણે સારી જાણકારી પ્રાપ્ત કરી. આખરે વૈદિક ધર્મ અને તેમાં પ્રરૂપવામાં આવેલ ભક્તિમાર્ગ ઉપર તેમનું ચિત્ત સદાને માટે સ્થિર થયું.

ઉપર જણાવેલ ચક્રવર્તી કુટુંબ અત્યંત ધાર્મિક અને અધ્યાત્મપરાયણ હતું. ખાસ કરીને શ્રીમતી યશોદામા માં આજન્મ ઊંડું આધ્યાત્મિક વલણ હતું. કહેવાય તો એમ છે કે તેમણે પહેલી અધ્યાત્મ દીક્ષા પોતાના પતિ પાસેથી લીધી હતી. યુવાન નીકસનનો યશોદામાઈ સાથે લગભગ મા-દીકરા જેવો સંબંધ હતો.

૧૯૨૭માં લખનૌ યુનિવર્સિટીની વાઈસ ચૅન્સેલરશીપથી ડૉ. ચક્રવર્તી મુકત થયા અને ત્યાર બાદ તેઓ પોતાને ઘેર કાશી આવીને રહ્યા. નીકસને પણ લખનૌ યુનિવર્સિટીની નોકરી છોડી દીધી અને બનારસ હિંદુ યુનિવર્સિટીમાં અધ્યાપક તરીકે તેઓ જોડાયા, અને એ રીતે ચક્રવર્તી કુટુંબ સાથેનો તેમનો સહવાસ ચાલુ રહ્યો.

બનારસ આવ્યા બાદ થોડા સમયમાં યશોદા માએ સંસારનો ત્યાગ કર્યો. તેમણે વૃંદાવનમાં વૈષ્ણવ સંપ્રદાયની કોઈ સંન્યાસી પાસે સન્યાસદીક્ષા લીધી. આમ તેઓ સંન્યાસીની બન્યાં અને આલ્મોરામાં આવીને રહ્યાં. તેઓ બંગાળી, હિંદી અને અંગ્રેજીના સારાં જાણકાર હતાં. નીકસન પણ એ જ વૈરાગ્યભાવથી પ્રેરિત અને પ્રભાવિત હતા. એટલે સ્વ. પંડિત મદનમોહન માલવિયાનો એમને રોકવાનો ઘણો આગ્રહ હોવા છતાં, માતા પાછળ બાળક જેમ દોડી જાય તેમ તેઓ પણ યશોદામાઈ પાછળ નોકરી છોડીને આલ્મોરા ચાલી આવ્યા અને યશોદામાઈ પાસે દીક્ષા લઈને વૈષ્ણવ સંપ્રદાયના સાધુ બન્યા, અને "કૃષ્ણપ્રેમ વૈરાગી" નામ ધારણ કર્યું. ત્યાર બાદ તેમણે વૈષ્ણવ સંપ્રદાયના સાધુ તરીકેના બધા નિયમો ચોક્કસાઈથી પાળવા માંડયા. માથે ચોટલી રાખવી શરૂ કરી; કાન વિંધાવ્યા અને કડીઓ પહેરવા માંડી; ગળામાં તુળસીની માળા પહેરવા લાગ્યા. વગર સિવેલાં ગેરૂઆ રંગનાં કપડાં તેઓ પહેરતા થયા. માધુકરી ઉપર પોતાનો નિર્વાહ કરવા લાગ્યા અને સ્વયંપાકી બન્યા.

રાધાકૃષ્ણની આરતી-ઉપાસના તેઓ વિધિવિધાનપૂર્વક ત્યારથી આજ સુધી કરતા રહ્યા હતા. ૧૯૨૯માં જૂન કે જુલાઈ માસમાં ગાંધીજી આલ્મોરા ગયેલા ત્યારે તેઓ યશોદામાઈને અને સાથે સાથે સ્વામી કૃષ્ણપ્રેમને પણ મળેલા; અને તેમના વિષે ગાંધીજીના મન ઉપર ઊંડી છાપ પડી હતી. 'તીર્થસલીલમાં' શ્રી દિલીપકુમાર રૉયે પણ આ બન્ને વિશે પ્રશસ્તિ ભરેલો ઉલ્લેખ કર્યો છે. યશોદામાઈ પરમ સિદ્ધિને પામેલાં સંન્યાસીની હતાં અને તેમને સાક્ષાત્કાર થયો હતો એવી તેમના વિષે માન્યતા પ્રવર્તતી હતી. આલ્મોરામાં ભકતજનોનો ખૂબ આવરો-જવરો રહેતો હતો અને એકાંત કે શાંતિ જેવું કશું મળતું નહોતું. તેથી ત્યાં કેટલાંક વર્ષ રહ્યાં બાદ, તેમણે મીરતોલામાં મંદિર અને નિવાસસ્થાન બંધાવ્યું, અને ત્યાં તેઓ જઈને રહ્યાં. આ સ્થળને વૈષ્ણવો 'ઉત્તર વૃંદાવન'ના નામથી ઓળખે છે. આ સ્થળ સમુદ્રસપાટીથી આશરે ૭,૦૦૦ ફીટની ઉંચાઈ પર આવેલું છે.

૧૯૪૬માં યશોદામાઈ નિર્વાણ પામ્યાં. યશોદામાઈને 'મોતી'

રાજ' નામની એક પુત્રી હતી. તે કૃષ્ણપ્રેમથી દીક્ષિત બનીને સંન્યાસિની થઈ હતી. તે પણ થોડા સમય બાદ અવસાન પામી. કૃષ્ણપ્રેમને એક અંગ્રેજ મિત્ર હતા તેમનું નામ એલેકઝાંડર. તેઓ આઈ. એમ. એસ. અને સિવિલ સર્જન હતા. તેમણે કૃષ્ણપ્રેમ પાસે દીક્ષા લઈને સંન્યાસ ધારણ કર્યો હતો અને કૃષ્ણપ્રેમની સાથે રહેતા હતા. ગરીબ જનતાની તેઓ ખૂબ વૈદકીય સેવા કરતા હતા. તેઓ દયા અને કરુણાની મૂર્તિ સમા હતા અને પહાડી લોકોને એક મહાન આશીર્વાદરૂપ હતા. તેઓ પણ સાત વરસ પહેલા અવસાન પામ્યા હતા. કૃષ્ણપ્રેમ પાસે બીજા એક અંગ્રેજ યુવક હતા. તેમણે કૃષ્ણપ્રેમ પાસે દીક્ષા લીધી હતી અને તેમને 'માધવાશિષ' નામ આપવામાં આવ્યું હતું. આજે તેઓ ગુરુવિનાના એકલવાયા બની ગયા છે.

કૃષ્ણપ્રેમ ભક્તિયોગ તરફ ખૂબ ઢળેલા હતા, પણ સાથે ઉચ્ચ કોટીના વિજ્ઞાન અને ફિલ્સૂફ હતા. તેમણે અંગ્રેજીમાં લખેલ ગ્રંથો - 'યોગ ઓફ ભગવદ્ગીતા', 'યોગ ઓફ કઠ ઉપનિષદ' 'સર્ચ ફૉર ટ્રુથ', અને ઈનીશિયેશન અન્ટુ યોગ' – આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવે છે. હિંદી તેઓ બહુ સરસ અને સરળપણે બોલી શકતા હતા. તેમના પરલોકગમનથી માત્ર ભારતને જ નહિ પણ આખી દુનિયાને એક ઉચ્ચ કોટિના સન્તપુરુષની ખોટ પડી છે.

## સ્વામીજી અને કિસનસિંહ ચાવડા

પ્રબુદ્ધ જીવનના વાચકોને તા. ૧૬-૪-૧૯૬૫ ના અંકમાં પ્રગટ થયેલો શ્રી કિસનસિંહ ચાવડા સાથેનો વાર્તાલાપ યાદ હશે. થોડા વર્ષ પહેલાં ભાઈ કિસનસિંહ લંડન હતા એ દરમિયાન ઉપર જણાવેલ સ્વામી કૃષ્ણપ્રેમના તાત્ત્વિક ગ્રંથો તેમના વાંચવામાં આવ્યા અને તેથી તેઓ અત્યંત પ્રભાવિત બન્યા, ભારત પાછા ફર્યા બાદ, તેઓ વહેલામાં વહેલી તકે મીરતોલા સ્વામી કૃષ્ણપ્રેમના સાન્નિધ્યમાં પહોંચી ગયા અને ત્યાર બાદ છેલ્લાં ત્રણ ચાર વર્ષથી તેઓ વર્ષનો મોટો ભાગ તેમના સહવાસમાં જ પસાર કરતા રહ્યા છે અને કૃષ્ણપ્રેમને ગુરુપદે સ્થાપીને અધ્યાત્મની ઉપાસના કરતા રહ્યા છે. ઉપર જણાવેલ વાર્તાલાપ દરમિયાન તેમણે પોતાના આ જીવનપરિવર્તનને લગતા કેટલાક અનુભવો રજૂ કર્યા હતા અને સ્વામી કૃષ્ણપ્રેમના અદ્‌ભુત વ્યક્તિત્વનો વિસ્તારથી પરિચય કરાવ્યો હતો.

તેમના તરફથી જ જાણવા મળેલું કે સ્વામીજીની તબિયત કેટલાક સમયથી સારી રહેતી નથી અને તેથી તેમને નૈનીતાલ લઈ જવામાં આવ્યા. અનુમાન થાય છે કે નૈનીતાલ જવા બાદ સ્વામીજીની તબિયત ઉત્તરોત્તર લથડતી રહી હશે, જેના પરિણામે ગઈ તા. ૧૩ મી નવેમ્બરે તેમનો દેહાંત થયો. પોતાના જીવનના અનન્ય અવલંબન તરીકે ભાઈ કિસનસિંહે જે ગુરુવર્યનો સ્વીકાર કરેલો તેમના આ પરલોકગમનથી ભાઈ કિસનસિંહની મનોવ્યથાનો પાર રહ્યો નહિ હોય! તેમના વિષે આપણી ઊંડા દિલની સહાનુભુતિ હો!

જન્મથી અંગ્રેજ અને ખ્રિસ્તી ધર્મના અનુયાયી તે સંપૂર્ણપણે ભારતીય અને હિન્દુ બની જાય એ નાનોસરખો જીવનપલટો ન ગણાય. સ્વામી કૃષ્ણપ્રેમ આ કોટિની ક્રાન્તિશીલ વ્યકિત હતા. આવા સંત કોટિના આત્માને, તેમના આ ઉર્ધ્વલોકપ્રયાણ પ્રસંગે, આપણાં અનેક અભિવન્દન હો! **પરમાનંદ**

## વિષયસૂચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| પ્રકીર્ણ નોંધ :: 'તૂફાન' શબ્દ વિષે સ્પષ્ટતા, દિલ્હી ખાતે મળેલી જૈન એકતા – વિચાર પરિષદ, કલકત્તા ખાતે શરૂ કરવામાં આવેલ પશુબલિનિષેધક આંદોલન ક્યાં સુધી પહોંચ્યું?, શ્રી. મહાવીર જૈન વિદ્યાલયને મળેલું રૂા. ૨૫,૦૦૦ નું દાન. | પરમાનંદ | ૧૪૭ |
| થોડાંક અવલોકનો | પરમાનંદ | ૧૪૯ |
| મહાપ્રસ્થાનના પથ પર -૧ | પ્રબોધ સન્યાલ | ૧૫૧ |
| સંતપુરુષ સદ્‌ગત સ્વામી કૃષ્ણપ્રેમ | પરમાનંદ | ૧૫૩ |
| અદ્યતન આક્રમણ-પ્રતિઆક્રમણના સંદર્ભમાં અહિંસા વિચાર | શ્રી જમનાલાલ જૈન | ૧૫૪ |
| બે કરુણાપ્રેરક સત્ય ઘટના | હરીશભાઈ વ્યાસ<br>ભીમસી કાકુ ચારણ | ૧૫૬ |


## અદ્યતન આક્રમણ-પ્રતિઆક્રમણના સંદર્ભમાં

# અહિંસાવિચાર

['આણુવ્રત' પાક્ષિકમાં મુનિ રૂપચંદજીએ ઉપસ્થિત કરેલા પાંચ પ્રશ્નો અંગે મારી તરફના તથા મુનિ નથમલજીના ઉત્તરો 'પ્રબુદ્ધ જીવન'ના ગતાંકમાં પ્રગટ કરવામાં આવ્યા છે. એ જ પાંચ પ્રશ્નોને ધ્યાનમાં રાખીને શ્રી જમનાલાલ જૈને કરેલું વિવેચન તા. ૧-૧૧-૬૫ ના 'આણુવ્રત'માં પ્રગટ થયું છે. આ વિવેચન અહિંસાને લગતી વિચારણાને વધારે વિશદરૂપમાં રજૂ કરતું હોઈને તેનો અનુવાદ નીચે આપવામાં આવે છે. સામાન્ય લોકોના ચિંતનમાં હિંસા–અહિંસાના વિષય અંગે ખૂબ જ અસ્પષ્ટતા અને ગૂંચવાડો જોવામાં આવે છે, જે દૂર કરવા માટે અને આવા જટિલ વિષય અંગે સ્પષ્ટ માર્ગદર્શન પ્રાપ્ત કરવા માટે આવાં વિવેચનોની–તર્કબદ્ધ રજૂઆતની–ખૂબ જ ઉપયોગીતા છે. પરમાનંદ]

મુનિશ્રી રૂપચંદજીએ આક્રમણ–પ્રતિઆક્રમણના સંદર્ભમાં પાંચ પ્રશ્નો ઉઠાવ્યા છે. પાંચે પ્રશ્નો પરસ્પર સંબંધિત અને એકબીજાના પૂરક છે. મારી સમજ પ્રમાણે એ પ્રશ્નોનો સાર એ છે કે કોઈ દેશ અન્ય દેશ ઉપર આક્રમણ કરે તો તે દેશ તેનો કેવી રીતે સામનો કરે કે જેથી દેશની રક્ષા થઈ શકે અને અહિંસાની પ્રતિષ્ઠા પણ જળવાઈ રહે.

૧. હજારો વર્ષો થયાં અહિંસાના વિકાસમાં આરોહ–અવરોહ આવ્યા કર્યા છે. ગાંધીજીની પહેલાં અહિંસા વ્યકિતગત સાધનાની વસ્તુ રહી. તેની સાધના માટે સાધકોએ કઠણમાં કઠણ અને અસાધ્ય કહેવાય એવા પ્રયોગો કર્યા છે. ગમે તેવા અસહ્ય આક્રમણ અને પ્રહારોને તેમણે સમભાવે સહન કર્યા છે. એક "ઊંહ"કાર પણ કર્યો નથી, એટલું જ નહિ પણ, આક્રમણકાર ઉપર સમભાવ રાખ્યો છે. પરંતુ સામાજિક કે રાજકીય હેતુસર સામૂહિક અહિંસાનો પ્રયોગ તો ગાંધીજીના યુગમાં થયો. અંગ્રેજ સરકાર સાથે અસહકાર કરવામાં એવી અહિંસાનો પ્રયોગ કર્યો એટલું જ નહીં પણ, રચનાત્મક પ્રવૃત્તિઓમાં પણ સામૂહિક અહિંસાના પ્રયોગો થયા.

૨. ગાંધીજીના આ અહિંસાના પ્રયોગો સામાજિક અને રાષ્ટ્રીય દ્રષ્ટિએ મહત્ત્વપૂર્ણ હતા અને બીજા અનેક દેશોએ પણ એવા પ્રયોગો અપનાવ્યા છે. પરંતુ કોઈ પણ સમગ્ર રાષ્ટ્રમાં કે એક આખા સમુદાયમાં એવી અહિંસા જીવનધર્મ બની શકી નથી. આજે પણ અહિંસા વ્યકિતગત સાધનાની જ ચીજ બની રહી છે. સત્તા અને શાસનમાં અહિંસાને પ્રતિષ્ઠિત કરવાના પ્રયત્નો થયા, પણ તે અમુક મર્યાદામાં જ.

૩. અહિંસાધર્મી શાસ્ત્રોમાં ચાર પ્રકારની હિંસાનું વર્ણન છે. ગૃહસ્થને માટે કેવળ સંકલ્પી હિંસાના ત્યાગનું વિધાન છે. ઉદ્યોગી, આરંભી કે પ્રતિકારની હિંસાનો ત્યાગ તે કરી શકતો નથી એવો નિર્દેશ પણ છે. અગર જો ગૃહસ્થ પોતાની મર્યાદાનો ત્યાગ કરી મુનિની મર્યાદાઓ સ્વીકારવા જાય તો તે ગૃહસ્થધર્મથી પતીત થઈ જવાનો. આ પ્રમાણે રાષ્ટ્ર અને સમાજે પણ અમુક મર્યાદાઓ સ્વીકારવી રહી. એ સ્પષ્ટ છે કે એક ગૃહસ્થને જે હિંસાની છૂટ હોઈ શકે તેના કરતાં સત્તા, રાષ્ટ્ર કે સમાજે અધિક છૂટ લેવી પડે. એમ ન થાય તો રાષ્ટ્ર છિન્નભિન્ન થઈ જાય.

૪. ગૃહસ્થને અનિવાર્ય રીતે જે હિંસા સ્વીકારવી પડે છે તે હિંસા,–અહિંસા તો બની ન જ શકે, પરંતુ ગૃહસ્થાશ્રમની જવાબદારી તેના કરતાં પણ વધારે મોટી છે. પરિવારના રક્ષણની અને પોષણની જવાબદારીમાં રાષ્ટ્રનું હિતાહિત પણ સમાયેલું છે. ગૃહસ્થાશ્રમની જેમ રાષ્ટ્રરક્ષાની જવાબદારી પણ મહત્ત્વની છે. રાષ્ટ્ર નહીં હોય તો સમાજ કે વ્યકિત કોઈ નહીં હોય. એવી જવાબદારી વિનાનું જો કોઈ રાષ્ટ્ર હશે તો નહિ તેનું કોઈ વ્યકિતત્વ હોય કે નહીં કોઈ તેનો ધર્મ હોય.

૫. રાષ્ટ્ર પાસે એક પ્રકારની સત્તા છે અને તે સત્તાના રક્ષણ

માટે સેના રાખવી તેના માટે અનિવાર્ય બની જાય છે. કદાચ કોઈ કાળે અહિંસા એટલી વિકસે કે સત્તા કેન્દ્રિત ન રહે, અને તે ગામે ગામમાં અને વ્યકિતએ વ્યકિતમાં વિકેન્દ્રિત થઈ જાય, અને વ્યકિત એવી સમર્થ થઈ જાય કે તેને રક્ષણની જરૂર જ ન રહે, તો તેવા સમયે સેનાને વિખેરી નાખી શકાય, આ પણ એક આદર્શ કલ્પના છે, પણ અસંભવિત નથી. પણ આજની પરિસ્થિતિમાં તો સેનાના આધાર પર જ સત્તાની સુરક્ષા છે. દુનિયાના બધા દેશો આજે એટલું માનતા થયા છે કે યુદ્ધને ખાતર યુદ્ધ ન થવું જોઈએ, પણ વિધ વિધ માન્યતાઓની કમીના નથી. એક કુટુંબમાં પણ દરરોજના પચાસ પ્રશ્નો ઊઠે છે, તો રાષ્ટ્રની તો હજાર સમસ્યાઓ ઊઠે. એવી પરિસ્થિતિમાં રાષ્ટ્રની રક્ષા માટે જે કંઈ પગલું ભરવું પડે તે હિંસાત્મક હોય તો પણ ટાળી શકાતું નથી.

૬. ગીતામાં શ્રીકૃષ્ણે કહ્યું–"युद्धस्व विगतज्वरः" યુદ્ધ કરો પણ યુદ્ધનો તાવ ન આણો. યુદ્ધ કરતાં યુદ્ધનો તાવ વધારે ખતરનાક છે. યુદ્ધના તાવથી મન બગડે છે. યુદ્ધ ન કરવું એ કંઈક સહેલું છે, એમાં બહુ સંયમની આવશ્યકતા નથી, પણ યુદ્ધ કરતાં છતાં રાગદ્વેષથી પર રહેવું, વૃત્તિઓને સંયમમાં રાખવી એ બહુ કઠીન સાધના છે. આચાર્ય ઉમાસ્વાતિએ પણ એ જ કહ્યું છે. "પ્રમાદને વશ થઈ પ્રાણોનો ઘાત કરવો તે હિંસા છે." મતલબ કે સ્વયં કર્મમાં કંઈ નથી. કર્મ કરવા પાછળ મનુષ્યની વૃત્તિ શું છે, તેનો હેતુ શું છે એ મુખ્ય છે અને એના પર જ હિંસા - અહિંસા આધારિત છે. લોકતંત્ર અને આઝાદીની રક્ષા માટે કરેલા આક્રમણને હિંસા ન માનવામાં આવે એવું હોઈ શકે.

૭. આજ સુધીના અહિંસક પ્રયોગોનું પરિણામ એ આવ્યું છે કે જગત વિકાસના આ શિખરો સુધી પહોંચ્યું છે, જેમકે સામ્રાજ્યવાદનો અંત, સમાજવાદની સ્થાપનાનો પ્રયત્ન, નિ:શસ્ત્રીકરણ તરફ વધારે ને વધારે ઝુકાવ, સંયુકત રાષ્ટ્રસંઘને માન્યતા, આંતરરાષ્ટ્રીય અદાલત, ફાંસીની સજા પ્રત્યે ઘૃણા, સજા કરવા પાછળ વ્યકતિને સુધારવાની કોશિષ, માલિકીનો ત્યાગ વગેરે. આ પ્રમાણે સામાજિક અને આર્થિક ક્ષેત્રોમાં પણ અહિંસાનું તત્ત્વ દાખલ થતું જાય છે. ઔદ્યોગિક ક્ષેત્રમાં પણ અહિંસાનો પ્રવેશ થયો છે. આવા તત્ત્વો એકાએક - આંખ મીંચીને ઉઘાડીએ એટલી વારમાં દાખલ થઈ નથી જતા. તેની પાછળ સેંકડો અને હજારો વર્ષની તપસ્યા હોય છે. એવા કેટલાંયે પશુ પક્ષીઓ છે કે જેમને આપણે મનુષ્ય સમાજના ઉપયોગી અંગ માન્યા છે અને મનુષ્યની આર્થિક ઉન્નતિમાં તેઓ સહાયક બન્યાં છે. ભાવિ સમાજ અહિંસાના ક્ષેત્રમાં હજુ વધારે આગળ નહીં વધે એમ કોણ કહી શકે તેમ છે?

૮. જીવન–રક્ષાની જવાબદારી અહિંસા અદા કરી શકે કે નહિ એ પ્રશ્ન મારી સમજ પ્રમાણે અહિંસાને મર્યાદિત ક્ષેત્રમાં મૂકી દે છે. પ્રેમ વિના જીવન ટકી શકતું નથી. પ્રેમ એ જ જીવન છે. એટલે એમ કહી શકાય કે જ્યાં અહિંસા નથી ત્યાં જીવન નથી. પણ જ્યારે જીવન–મરણનો સવાલ આવે છે ત્યારે મનુષ્ય બચવા માટે જે બની શકે તે પ્રયત્ન કરે છે. કંઈ ન હોય તો પોતાના હાથોને હથિયાર બનાવી દે છે. હાથ અને હથિયારનો ઉપયોગ ન કરનાર મન અને વાણીથી પણ પ્રહાર કરી શકે છે. મુખ્યતયા જીવનરક્ષાનો પ્રશ્ન ભયમાંથી પેદા થાય છે. ભય બહુરૂપી છે. તે હિંમત, લજ્જા, જોશ, નમ્રતા વગેરે અનેક સ્વરૂપે પ્રગટ થાય છે. એટલે જીવન–રક્ષણની જવાબદારી અહિંસા અદા કરી શકે એમ કહેવું મુશ્કેલ છે. હું એમ માનું છું કે જીવન–રક્ષણની જિમ્મેદારી અહિંસાની ન હોવી જોઈએ. અહિંસાના રક્ષણની જવાબદારી જીવન ઉપર હોઈ શકે. અહિંસાના રક્ષણ માટે પ્રાણ આપનારા અનેક થઈ ગયા છે, અને જે અનેક સૈનિકો દેશ-રક્ષાને માટે જીવન–મરણના ખેલ ખેલે છે તે તેમના કરતાં કઈ રીતે ઉતરતા છે? દેશભકિત પણ અહિંસા - નિષ્ઠા જેટલી પવિત્ર વસ્તુ છે. દેશનું રક્ષણ એટલે હજારો વર્ષની સંસ્કૃતિ અને પરંપરાનું રક્ષણ એટલે મારું મન તો એમ કહે છે કે અગર જો અહિંસાને આપણે સ્વીકારી છે – જ્યાં સુધી સ્વીકારી છે – તેનો રક્ષા માટે મરી ફીટવું એ આપણો ધર્મ થઈ પડે છે.

૯. આજ સુધી આપણે કહેતા આવ્યા છીએ, "જીવો અને જીવવા દો." આ આપણો મહાન આદર્શ હતો, જ્યારે નિર્બળ પ્રાણીઓની ભાજીમૂળા જેટલી પણ કિંમત નહોતી. પણ હવે અહિંસાના વિકાસકમમાં આજે આપણો આ આદર્શ હોવો જોઈએ. "જીવાડો અને જીવો." બીજાઓ પહેલાં જીવે પછી અમે જીવશું. આ વિકાસકમમાં આગળ વધતાં પછી આપણે એમ કહીશું "પોતે મરીને પણ બીજાને જીવાડો." પોતાની આંખ આપી દઈને પણ અંધને દેખતો કરો. "જીવો અને જીવવા દો" એ કથન આજના વિકાસપ્રવાહમાં વીતી ગયેલા યુગની વાત થઈ ગઈ છે.

૧૦. ચોથો પ્રશ્ન છે રાષ્ટ્રની પ્રાદેશિક અખંડિત અને સત્તા જાળવવા માટે અહિંસા પાસે કયા કયા ઉપાયો છે? આ પ્રશ્ન મારી સમજમાં નથી આવતો. સત્તા અને અહિંસા એક બીજાના વિરોધમાં જ હોઈ શકે. જે દિવસે સત્તા અહિંસક થઈ જશે તે દિવસે તે પ્રભુસત્તા જ નહીં રહે. સત્તાને તજી દેવી એ જ અહિંસા છે. સત્તાના રક્ષણ માટે અહિંસા પાસે કંઈ છે નહીં, હોઈ શકે નહીં. અહિંસા તો પ્રેમનો પાઠ ભણાવે છે. પ્રેમ એટલે સમર્પણ. અહિં સમર્પણનો અર્થ રાજનૈતિક લાચારી નથી. અહિંસક તે છે કે જે પોતાનું જે કંઈ છે તે બધું સમાજનું સમજે છે. પ્રભુસત્તાને હિંસા પડકારે છે એમ નથી, પણ આક્રમણ વખતે રક્ષણ માટે અહિંસા જ હિંસાનું સ્વરૂપ ધારણ કરે છે.

૧૧. વાસ્તવમાં હિંસા અને અહિંસા એક જ સિક્કાની બે બાજુ છે. ક્રોધ ઉકળતું પાણી છે તો ક્ષમા શીતળ જળ છે. કયારેક જેને આપણે અહિંસા કહેતા હોઈએ તે વાસ્તવમાં ઘોર હિંસા હોય અને જેને ઘોર હિંસા કહેતા હોઈએ તે વાસ્તવમાં અહિંસા હોય. હિંસા કે અહિંસા એ ભાવસાપેક્ષ છે. સર્વથા નિષ્કિયતાને અહિંસા સમજી બેસવું એ જેમ એક ભ્રમ છે તેમ કર્મમાં પ્રવૃત્ત રહેનારને હિંસક માની બેસવું એને પણ ભ્રમ સમજવો જોઈએ.

૧૨. મને એમ લાગે છે કે આપણે હિંસા - અહિંસાનો વિચાર આજ સુધી સમાજે કરેલા પ્રયોગો, તેના અનુભવો અને સમાજરચનાના પાયાના સિદ્ધાંતોના આધારે કરવો જોઈએ. કેવળ તાત્વિક કે શાસ્ત્રીય વિવેચન હિંસાનું કારણ બની જાય છે. ગ્રંથ, પંથ, કે કોઈ વ્યકિતવિશેષને દૃષ્ટિ સમક્ષ રાખીને તેની આસપાસ આપણા વિચારો કેન્દ્રિત કરી વિચારણા કરવાથી વિકાસનો માર્ગ રૂંધાઈ જાય છે.

૧૩. આ વિજ્ઞાનનો યુગ છે અને સમાજરચના ઉપર એનો પ્રબળ પ્રભાવ પડી રહ્યો છે. સાથે સાથે અનેક દિશાઓમાં સમાજે પ્રગતિ સાધી છે, અને તેમાં પ્રેમ અને માનવતાના તત્ત્વો દાખલ થતા જાય છે. અહિંસાને વિકસવામાં આર્થિક ઉન્નતિ પણ ઘણો ભાગ ભજવે છે. દેશ સમૃદ્ધ હોય તો ચોરી, લૂંટફાટ આદિ હિંસક કૃત્યો સહેજે ઓછા થઈ જાય છે. આ સમયમાં કે જ્યારે હિંસાનાં તીવ્ર શકિતશાળી સાધનો પેદા થયા છે અને હજી તેમાં વૃદ્ધિ થઈ રહી છે તેવા સમયે તેજસ્વી અને ચિંતનપૂર્વકની અહિંસા જ સમાજનું રક્ષણ કરી શકશે. તેજસ્વી અહિંસાનું સ્વરૂપ ભિન્ન ભિન્ન ક્ષેત્રે ભિન્ન ભિન્ન પ્રકારનું હશે. પણ લૂલી–લાંગડી, સત્ત્વહીન અને એકાંગી અહિંસા તો હિંસા કરતાં પણ બદતર નીવડશે. તેનામાં કંઈ તાકાત નહીં હોય. હિંસા ગમે તેટલી પ્રચંડ અને ભયાનક હશે, પણ સાચી અને તેજસ્વી અહિંસા આગળ તે ટકી નહીં શકે. અગર જો એવી તેજસ્વી અહિંસા આપણામાં નથી તો બહેતર છે કે સીધે સીધી હિંસાને અપનાવીએ. અહિંસાનું તેજસ્વી મૂલ્ય સમાજ આગળ પ્રત્યક્ષ કરવાની જવાબદારી આજે અહિંસાનિષ્ઠ લોકો અને સમૂહો ઉપર આવી છે.

અનુવાદક: મૂળ હિંદી

શ્રી મેનાબહેન નરોત્તમદાસ શ્રી જમનાલાલ જૈન

# બે કરુણાપ્રેરક સત્ય ઘટના

## ૧.

મુંબઈ તો રઢિયાળી નગરી છે. તેમાંયે વાંદરાનું સ્ટેશન તો જુઓ. બસ જાતજાતના અને ભાતભાતના લોકોથી ખીચોખીચ ઊભરાયું છે. કૉલેજમાં ભણવા જનારાં જુવાન છોકરા - છોકરીઓ આમ તેમ લટાર મારતાં ઘૂમી રહ્યાં છે. અંતરની વિશ્રાંભકથાઓ, પરીક્ષાની તૈયારીઓ અને જીવનની અનેક ખાટીમીઠી વાતો એકબીજા સામે પ્રકટ કરી રહ્યાં છે.

પરન્તુ આ શું બન્યું? સ્ટેશનના એક ખૂણા તરફ દોડાદોડી અને ભીડાભીડ જામી રહી હતી. 'ઓહ! આ કોણ છે?' કોઈ કહે, 'અરે! એ તો પાગલ છે પાગલ!' તો વળી બીજા વાત કરતા હતા, 'નાના, જુઓને, આમ તો કેવો સુડોળ, કદાવર અને રૂપાળા આદિવાસી જેવો છે!' પરંતુ એના બોલવાનું ઠેકાણું નથી અને વસ્ત્રોનું યે ઠેકાણું નથી. લાજને ઢાંકવા માટે એ વારંવાર પ્રયત્ન કર્યા કરે છે. પરન્તુ એની પાસે શું હોય? જાણે એની બચેલી ગરીબી, લાચારી અને દીનતાને કોઈ લૂંટી ન જાય એ માટે એ વારંવાર સંકોચાતો ખૂણાની એક બાજુએ લપાતો હતો અને પેલા નવયુગના જુવાનડા અને જુવાનડીઓ શું કરી રહ્યા છે? કોઈ કાંકરા મારે છે, તો કોઈ ઠેકડી કરે છે. કોઈ કાગળનું બલૂન બનાવીને એના પર ફેંકે છે, તો કોઈ મશ્કરીઓ કરતા આંખમીંચામણા કરે છે. આ ત્રાસમાંથી બચવા માટે પેલો જુવાન એકલો અટૂલો વનવાસી આમથી તેમ નાસભાગ કર્યા કરે છે.

આવો નગ્ન નાચ જોવાનું કોણ છોડે? સારું યે સ્ટેશન બસ હેલે ચડ્યું છે. ફેરિયાઓએ ફેરી છોડી છે, પોર્ટરોએ મજૂરી છોડી છે, બૂટ-પૉલિશવાળાઓ કામ છોડીને ટોળે મળ્યા છે. દંડૂકો લઈને સૌને વિખેરાઈ જવાનો ઓર્ડર કરતા પોલીસદાદા પણ પાન ખાતા ખાતા મૂછમાં હસી રહ્યા છે. સ્ટેશનમાસ્તર પણ બાડી આંખે ચશ્મા ઊંચાં કરીને આ મફતિયું નાટક જોવા બહાર ધસી આવ્યા છે.

આ ઠઠ્ઠામશ્કરી, મજાક અને તોફાનમાંથી માત્ર એક જ માણસ બચી ગયો છે. સ્ટેશનનાં અનેકવિધ દશ્યોને રેખાંકિત કરતો એનો હાથ એકાએક અટકી ગયો છે. એકલો એકલો એ મૂંઝવણમાં પડ્યો છે. એનું કલાકાર દિલ કરુણાથી આર્દ્ર બની ગયું છે. શું જીવતા-જાગતા આપણા માનવબંધુની આવી વિડંબના?

અને એ એકદમ દોડ્યો સ્ટેશનની બહાર, ટોળાને ચીરીને સીધો સટ! થોડાક લોકોનું ધ્યાન એના તરફ ખેંચાયું. પેલા લારીવાળાને એણે ઊભો રાખ્યો. ભૈયાજી પાસેથી એક જામફળ ખરીદ્યું. અને એમના મલમલિયા ઝીણા સૂતરના લાલ અંગૂછાની કિંમત પૂછી. એકાએક પૂછપરછથી ભૈયાજી થોડા અવાક્ થઈ ગયા. પણ કહે, "અરે ભાઈ, વો તો તદ્દન નિકમ્મા હૈ! ઉસકો લેકર આપ કયા કરેંગે?" પેલા કલાકારની આંખ બહાવરી બની ગઈ હતી, પગ અધીરા થઈ ગયા હતા. અને હૈયું માનવતાથી આર્દ્ર બની ગયું હતું. 'સિર્ફ માનવતા કો હમેં ઢાંકના હૈ!" આ શબ્દો સાંભળીને ભૈયાજી આશ્ચર્યમાં પડી ગયા. "કયા માનવતા કો ઢાંકના હૈ?" ભૈયાજી કિંમત કહે એ પહેલાં તો એમના હાથમાં આઠ આના મૂકીને પેલો મનુષ્ય દોડી ગયો ઠેઠ સ્ટેશનના ખૂણામાં. સૌને બાજુએ કરતો, વિનવણી કરતો, હાથ વીંઝતો વીંઝતો ... ... ...

એણે પેલા ભૂખ્યા વનવાસીના હાથમાં જામફળ આપ્યું અને પેલો ભૂખ્યો માણસ તો બસ ખાવા મંડી પડ્યો. એની ખીજ એકાએક ઘટી ગઈ. તે જ વખતે એણે બોલ્યા ચાલ્યા વગર વનવાસીની કમર પર અંગૂછાનો કચ્છ લગાવી દીધો. અને ભારે દિલે ત્યાંથી માનવ-મહેરામણને ભેદતો એ અદશ્ય થઈ ગયો.

તાલીઓના ગડગડાટથી માનવમેદનીએ એને નવાજી લીધો. મશ્કરી, ટૉળ અને તોફાન કરુણાના આર્દ્ર અભિષેકથી ક્યાંયે ઊંડે-ઊંડે શમી ગયાં. સૌ એકમેકનાં મોં જોતા હતા. ત્યાં તો ધમ્મ ધમ્મ કરતી ગાડી પ્લેટફૉર્મને ધ્રૂજાવતી સ્ટેશનમાં ધસી આવી.

ત્યારે દોડતાં દોડતાં સૌનાં હૈયાં એકમેકને પૂછી રહ્યાં હતાં ... "આ કોણ હશે? સાચેસાચ માણસ જ હોં."

એ હતા આપણા ગુજરાતના સુવિખ્યાત કલાગુરુ રવિશંકર રાવળના સુપુત્ર અને ઊગતા કલાકાર નરેન્દ્ર રાવળ.-હરીશભાઈ વ્યાસ.

## ૨.

એક દિવસ બપોરનાં લગભગ સાડાબાર વાગે બેંકમાંથી મારું કામ પતાવી શાંતાકુળ જેવા સંસ્કારી ગણાતા પરામાંથી હું પસાર થઈ રહ્યો હતો. ઘોડબંદર રોડ પર જ્યાં કાશીબાઈ હૉસ્પિટલ પાસે મ્યુનિ-સિપાલિટીની કચરાની મોટી ટોપલી છે તેમાંથી એટલી દુર્ગંધ આવતી હતી કે માણસ એની પાસે ઊભો પણ ન રહી શકે. એ ટોપલીમાં કોઈકે એંઠવાડનાં ચોખા નાખ્યા હતા. એક સફેદ લેંઘો અને બ્લુ ખમીસ પહેરેલો બત્રીસ તેત્રીસ વર્ષનો ગુજરાતી જેવો લાગતો માણસ એ ડબ્બામાંથી એંઠવાડના ચોખા ખાઈ રહ્યો હતો. હું ચાલતાં ચાલતાં આ દુ:ખદ દશ્ય જોઈ થંભી ગયો. મને નવાઈ સાથે ખૂબ જ આઘાત લાગ્યો તથા ભારતના નાગરિકોની આવી વિષમ પરિસ્થિતિ જોઈને હૃદયમાં દુ:ખનો શેરડો પડી ગયો. આ દશ્ય એવું હતું કે મને તો શું પણ ક્રૂરમાં ક્રૂર દૈત્યને પણ ઘડીભર દયા આવે. બાજુના જ બસ સ્ટોપ પર કહેવાતા સંસ્કારી લોકો ઊભા હતા, જેમાં એક ગુજરાતી ભાઈ પણ હતા કે જેઓ પોતાના પાળેલા કૂતરાને બગલમાં, જેમ અપણા બાળકને તેડીએ તેમ, તેડીને ઊભા હતા અને બાળકની જેમ જ વહાલ કરતાં હતાં. બાજુના જ હૃદય કંપાવી નાખતાં દશ્ય તરફ જોવાની પણ તેમને ફૂરસદ ન હતી. હું તેની પાસે ગમ-ગીન બની ઊભો રહ્યો. તે કચરામાંથી ચોખા વીણી વીણી ખાતો હતો.

જ્યારે એ ઊભો થયો ત્યારે મેં તેને પૂછ્યું કે, 'તને ભૂખ લાગી છે?' તેણે માથું હલાવી હા પાડી, મને તેના પર દયા આવી અને નાકા પર જ્યાં ઈરાનીની હૉટેલ છે ત્યાં તેને લઈ ગયો અને બે પાંઉ તથા ચાહ તેને અપાવી. તેમાંથી તેણે ચાહ પીધી તથા એક પાંઉ ખાધો, જ્યારે એક પાંઉ કાગળમાં વીંટી ખિસ્સામાં મૂક્યો. હું એને ગુજરાતી સમજી બેઠો હતો, એટલે ગુજરાતીમાં એને પૂછ્યું કે, "તું તો હમણાં કહેતો હતો કે મને ખૂબ જ ભૂખ લાગી છે, જ્યારે એક પાંઉ તો તું ખિસ્સામાં મૂકે છે." તું કોણ છે, ક્યાંથી આવે છે, આવી સ્થિતિ કેમ થઈ વગેરે પ્રશ્નો મેં પૂછ્યા. એણે કાલીઘેલી હિંદી તથા અર્ધ અંગ્રેજીમાં કહ્યું કે, 'હું મેટ્રિક સુધી ભણેલો છું અને મદ્રાસનો વતની છું અને ત્યાં મારા કુટુંબ સાથે ક્લેશ થતાં મારું વતન મૂકી મારી સ્ત્રી તથા બે બાળકો સાથે બે માસ થયાં મુંબઈ વગરટિકિટે આવ્યો છું. અમે ધારાવીમાં એક ગલીચ જગ્યામાં ફૂટપાથ પર પડ્યા રહીએ છીએ. હું છેલ્લા દોઢ મહિનાથી નોકરી માટે ફાંફા મારું છું પણ મને આજ સુધી ક્યાંય નોકરી નથી મળી શકી. મારી પાસે જે થોડી ઘણી ખરચી હતી તે પણ પૂરી થઈ ગઈ છે. મને તેમ જ મારા બાળકોને બે દિવસથી ખાવાનું નથી મળ્યું. મારાથી આજે ભૂખ સહન ન થવાથી કચરાની ટોપલીમાં મેં ચોખા જોયા તે ખાવા નાછૂટકે મંડી ગયો. આ એક પાંઉ છે તે મારા બાળકને જઈને ખવરાવીશ."

મેં તેને પૂછ્યું "તને જો નોકરી ન મળતી હોય તો હમાલી અથવા બીજું ગમે તે સખત કામ કરીને મુંબઈ જેવા શહેરમાં શું બે ત્રણ રૂપિયા તું નથી કમાઈ શકતો?" તેણે જવાબ આપ્યો કે, એ પ્રય-ત્નો પણ કરી જોયા. પરંતુ ત્યાં સ્ટેશનના કમ્પાઉન્ડમાં જે રેલ્વે પોલીસો છે તેઓ ત્યાં હમાલી કરવા માટે પણ કમિશન માંગી રહ્યા છે. એક વખત હું સ્ટેશનની અંદર હમાલી કરવા માટે ગયો હતો તો ત્યાં મને ટિકિટચેકરે પકડી લીધો અને ચાર પાંચ કલાક બેસાડીને માંડ માંડ છુટો મૂક્યો. આજે અહીં હું એક કંપનીમાં નોકરી માટે આવ્યો હતો, પરંતુ મારા કિસ્મતે મને યારી ન આપી. મારી પાસે કાંઈ લાગવગ ન હતી.

"મને તેમ જ મારા બાળકોને પહેરવા સારું કપડાં પણ નથી. મેં જે લેંઘો અને ખમીશ પહેર્યાં છે તે ગઈ કાલે જ ધારાવીમાં રહેતા એક ગુજરાતી જૈન બહેને મને આપ્યાં છે."

મેટ્રિક ભણેલાંઓને મુંબઈની હોટેલોમાં કપ રકાબી ધોતાં તેમ જ એવા બીજાં સામાન્ય કામ કરતાં તો મેં જોયા હતા, પણ આવો પ્રસંગ તો મને પહેલી જ વાર જોવા મળ્યો હતો. **ભીમસી કાકુ ચારણ**

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશનસ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઈ-૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ. ફોર્ટ. મુંબઈ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૭ : અંક ૧૯

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ડીસેમ્બર ૧૬, ૧૯૬૫, ગુરૂવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૨૫ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## ☆ "ગ્રામદાન : એક સંરક્ષણ પગલું" ☆

[ગ્રામદાનના આંદોલન વિષે આપણામાંના ઘણા બહુ જ અસ્પષ્ટ ખ્યાલ ધરાવતા માલૂમ પડે છે. એમાં પણ અવારનવાર જ્યારે "ગ્રામદાન ડીફેન્સ મેઝર' છે એમ ફરી ફરીને બોલતા–કહેતા વિનોબાજીને સાંભળીએ છીએ ત્યારે ગ્રામદાન અને સંરક્ષણ વચ્ચે વળી એવો ક્યો સંબંધ છે એવો પ્રશ્ન અનેકના મનમાં ખટકયા કરતો જોવામાં આવે છે. તાજેતરમાં વડોદરાના યજ્ઞપ્રકાશન તરફથી ઉપરના મથાળાની એક નાની પુસ્તિકા બહાર પડી છે. આની અંદર, હું સમજ્યો છું ત્યાં સુધી, આ વિષય ઉપર જુદા જુદા પ્રસંગોએ કરવામાં આવેલા પ્રવચનોને સાંકળી લઈને તેનું એક સળંગ વિવેચન પ્રગટ કરવામાં આવ્યું છે. વિનોબાજીના આ વિચારને પ્રબુદ્ધ જીવનના વાચકો યથાસ્વરૂપે સમજે અને ગ્રામદાન અંગે વિનોબાજી આટલી બધી તાલાવેલી–ઉત્કટ તમન્ના–શા કારણે ધરાવે છે એનો પ્રબુદ્ધ જીવનના વાચકોને પૂરો ખ્યાલ આવે એ હેતુથી, બે હફ્તાથી પ્રગટ કરવા ધારેલ પ્રસ્તુત પુસ્તિકાનો પ્રથમ હફ્તો નીચે આપવામાં આવે છે. અહિં જણાવવું જરૂરી છે કે આ વિવેચન, ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધ શરૂ થયું તે પહેલાંનું છે. વળી એ પણ જણાવવું પ્રસ્તુત છે કે છેલ્લાં બે મહિનાથી વિનોબાજી મોટી સંખ્યામાં ગ્રામદાનો મેળવવાના હેતુથી બિહારમાં ઘણા મોટા પાયા ઉપરનું આંદોલન ચલાવી રહ્યા છે અને આ આંદોલનને તેઓ 'તૂફાન યાત્રા' તરીકે વર્ણવી રહ્યા છે. આ 'તૂફાન યાત્રા'નું રહસ્ય પણ પ્રસ્તુત વિવેચન દ્વારા તેના તીવ્ર રૂપમાં સમજી શકાશે. **પરમાનંદ.**]

### "ગ્રામદાન : એક સંરક્ષણ પગલું"

આજે દેશ પર જે સંકટ આવ્યું છે તે અનપેક્ષિત નહોતું. તેની આશંકા મને વર્ષોથી છે. તેથીસ્તો શરૂઆતથી હું કહેતો આવ્યો છું કે ગ્રામદાન એ એક 'ડિફેન્સ મેઝર' (સંરક્ષણ પગલું) છે. દેશનો વિકાસ તેમ જ દેશનું સંરક્ષણ બેઉ ગ્રામદાનથી જ સંગીન બનવાનાં છે. ચૌદ ચૌદ વર્ષથી આ વાત આખા દેશમાં ઘૂમીને હું લોકોને એકધારી સમજાવતો રહ્યો છું.

#### ૧૯૫૧ની વાત છે

૧૪ વર્ષ પહેલાં પંડિત નહેરુએ પ્લાનિંગ કમિશનના સભ્યો સાથે વાતચીત કરવા મને દિલ્હી બોલાવ્યો હતો. પદયાત્રા કરતો હું ગયેલો. ૧૯૫૧ની વાત છે. ૧૧ દિવસ ત્યાં રહ્યો અને દેશના પ્લાનિંગ અંગે ચર્ચા કરી. એ વખતે મેં ખૂબ ભારપૂર્વક કહેલું કે આપણા દેશે સૌ પ્રથમ અનાજની બાબતમાં સ્વાવલંબી થઈ જવું જોઈએ, નહીં તો મોટો ખતરો છે. બીજાં-ત્રીજાં તો ઘણાંયે કામો કરવાનાં છે, પણ આ કામ જલદીમાં જલદી થઈ જવું જોઈએ. પરંતુ તે વખતે પ્લાનિંગ કમિશનની દલીલ એ હતી કે બીજા દેશોથી જો અનાજ આવી શકતું હોય અને તેના બદલામાં આપણે એમને બીજી ચીજવસ્તુઓ આપી શકતા હોઈએ તો આ પ્રકારના અન્યોન્ય સહયોગમાં શો વાંધો છે? ત્યારે હું આગ્રહપૂર્વક કહી રહ્યો હતો કે આ ખતરનાક છે. જાણે તેઓ 'જય જગત્'ની ભૂમિકા લઈ રહ્યા હતા અને હું એમની સામે 'જય હિંદ' ની ભૂમિકા રજૂ કરી રહ્યો હતો. પછી એમણે મને એમ પણ કહ્યું કે કેરલમાં રબર થઈ શકે છે અને તેની દેશને બહુ જરૂર છે, તો ત્યાં તમે રબરને બદલે ચોખા જ ઉગાડવાનું કહેશો? બીજા પ્રાંતોમાંથી ત્યાં ચોખા ન મોકલી શકાય શું? ત્યારે મેં જવાબ આપેલો કે આ ઉદાહરણ અહીં લાગુ નથી પડતું, કેમકે આ દેશની આંતરિક બાબત છે. જો કે મૂળભૂત રીતે તો તેમાંયે ખતરો જ છે. પરંતુ આખો દેશ એક સત્તા હેઠળ છે અને દેશની અંદર ચીજવસ્તુની હેરફેરમાં કોઈ અડચણ નથી એવી હાલતમાં કેરલમાં વધુ રબર થાય અને નજીકના પ્રદેશમાંથી વધારાનું અનાજ ત્યાં મોકલાય તો તેમાં મારો કોઈ વિરોધ નથી. તેમ છતાં પરદેશથી અનાજ આયાત કરતા રહેવું વધુ ખતરનાક છે. આવી ભૂમિકા મેં તે વખતે લીધેલી. આ આત્યંતિક સિદ્ધાંતવાદી નહીં, પણ રાષ્ટ્રના ડિફેન્સની ભૂમિકા હતી.

#### સિદ્ધાંતવાદીની નહીં, પણ સંરક્ષણની દૃષ્ટિએ

આ ઉદાહરણ મેં એટલા વાસ્તે આપ્યું કે જેથી ધ્યાનમાં આવે કે એક સિદ્ધાંતવાદીની નહીં પણ જેને આજે ડિફેન્સની દૃષ્ટિ કહે છે એવી દૃષ્ટિ મેં પહેલેથી મારી સામે રાખી છે, અને એવી દૃષ્ટિ એટલા માટે રાખી છે કે જેથી હિંસાથી ડિફેન્સ કરવાની વારી ન આવે. જ્યારે એક વિશ્વ–સરકાર રચાઈ હોય, વિશ્વની નાગરિકતા નિર્માણ થઈ હોય, આખાયે વિશ્વનું એક મુકત બજાર હોય, અને તદુપરાંત વિજ્ઞાનને કારણે ચીજવસ્તુની હેરફેર આસાન થઈ ગઈ હોય ત્યારે અમુક દેશમાં કોઈ એક વિશેષ ચીજ વધુ પેદા કરાય અને બીજા દેશમાં બીજી, એવું આયોજન થઈ શકે. પરંતુ જ્યાં સુધી દુનિયામાં એવી પરિસ્થિતિ ઊભી થઈ ન હોય ત્યાં સુધી તેમ થઈ શકે નહીં. આ જે ભૂમિકા છે તે ડિફેન્સની ભૂમિકા છે.

જેઓ હિંસા અને ડિફેન્સને એક માની બેઠા છે તેઓ વિચારને પૂરો સમજ્યા જ નથી. જો ડિફેન્સની સમ્યક્ યોજના બને તો હિંસાનો આશરો લેવાની જરૂર નહી રહે. મેં 'સમ્યક્ યોજના' એમ કહ્યું. સંરક્ષણની સમ્યક્ યોજના પોતાનો ભાર બીજા ઉપર લાદતી નથી. તેથી ગામેગામ પોતાનો ભાર ઉઠાવશે અને પછી આખો દેશ પણ પોતાનો ભાર ઉઠાવશે. શકય હોય ત્યાં સુધી દરેક ગામ પોતાની પ્રાથમિક આવશ્યકતાનો ભાર ઉઠાવશે તો આ પ્રકારની યોજના અહિંસાને માટે વધુ અનુકૂળ બને છે. આ બધો ઈતિહાસ હું હમારી સામે એટલા વાસ્તે રજૂ કરી રહ્યો છું કે તમારા ખ્યાલમાં આવે કે દેશના ડિફેન્સની બાબતમાં હું પહેલેથી ગાફેલ હતો જ નહીં, અને દેશનું પ્લાનિંગ

પણ ડિફેન્સની દૃષ્ટિએ ખ્યાલમાં રાખીને ઘડવું જોઈએ એવો અનુરોધ કરતો હતો, પરંતુ પ્લાનિંગ કમિશને મારી આ વાત ઉપર બહુ ધ્યાન આપેલું નહીં.

### આજે હવે અશોક મહેતા શું કહે છે?

હવે, આજે હું છાપામાં શું વાંચું છું? આપણા પ્લાનિંગ કમિશનના ઉપાધ્યક્ષ શ્રી અશોક મહેતા જાહેર કરી રહ્યા છે કે આજની લડાઈની પરિસ્થિતિમાં અમેરિકાથી અનાજ કાયમ આવતું રહેવાનો ભરોસો હવે રાખી શકાય તેમ નથી, એટલે આપણે અનાજની બાબતમાં તુરતાતુરત સ્વાવલંબી થઈ જવું જોઈએ અને ગામે ગામે સ્વાવલંબી થવું જોઈએ. અમેરિકા અનાજ રવાના કરે તોયે એ અનાજ લાવનારી સ્ટીમરો અહીં સહીસલામત પહોંચશે જ, એમ આજની પરિસ્થિતિમાં કહી શકાય નહીં. એના ઉપર બૉમ્બ પણ પડે, સબમરિન પણ એને જલસમાધિ આપે—માટે દરેક દરેક ગામે પોતાની યોજના કરવી જોઈએ, નહીં તો ભૂખે મરવાનો વારો આવશે અને લડવાની આપણી શક્તિ પણ કુંઠિત થશે. એકલો હું નહીં, પણ પ્લાનિંગ કમિશનના ઉપાધ્યક્ષ પણ આજે આમ કહી રહ્યા છે. ખૈર, કોઈ હરકત નહીં. ચૌદ વર્ષ પછી પણ દેશ જાગી જતો હોય તો સારું છે. હવે ગામે ગામ અનાજ, કાપડ જેવી જીવનની પ્રાથમિક જરૂરિયાતોની બાબતમાં સ્વાવલંબી બને તે દૃષ્ટિએ દેશનું પ્લાનિંગ ઘડવું જોઈએ અને એ સંદર્ભમાં ગ્રામદાનનો કાર્યક્રમ દેશે ઉપાડી લેવો જોઈએ.

### ૧૯૫૭માં ફરી આંગળી ચીંધેલી

આજથી આઠ વર્ષ પહેલાં જ્યારે હજી માથે સંકટનાં વાદળાં છવાયેલાં દેખાતાં નહોતાં ત્યારે પણ મેં ડિફેન્સની વાત ઉચ્ચારેલી. ૧૯૫૭માં રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદ, વડા પ્રધાન પંડિત જવાહરલાલ નેહરુ અને બધા પક્ષના નેતાઓની એક પરિષદ યેલવાલમાં મળી હતી. ત્યારે રાષ્ટ્રના નેતાઓની એક પરિષદમાં મેં ગ્રામદાનના ભૌતિક અને નૈતિક લાભો દેખાડયા તેમાં એક એવો લાભ પણ દેખાડયો જેની તે વખતે બિલકુલ જ અપેક્ષા નહોતી. જે શબ્દ હમણાં બહુ વપરાય છે—ડિફેન્સ મેઝર—તે શબ્દ તે પરિષદમાં મેં પહેલવહેલો વાપરેલો. તે પહેલાંથી તે ચીજ મારા મનમાં હતી, પણ યેલવાલમાં તે એટલા વાસ્તે પ્રગટ થઈ કે તે નેતાઓની પરિષદ હતી. નેતાઓ પર અનેક પ્રકારની જવાબદારીઓ હોય છે તેમાં ડિફેન્સની પણ જવાબદારી છે. ડિફેન્સ (સંરક્ષણ) અને ડેવલપમેન્ટ (વિકાસ) એ બેઉ "D" વિશે એકી સાથે જ વિચારવું જોઈએ એનો ઓછોવત્તો ખ્યાલ સહુને આવી ગયો છે.

### ગામે ગામ રક્ષા—કવચ ધારણ કરે

તો છેક ૧૯૫૭માં મેં કહેલું કે ગ્રામદાનને ડિફેન્સ મેઝર—સંરક્ષણના એક પગલા તરીકે ઉપાડી લો. આજે જ્યારે સંકટ માથે ગડગડે છે ત્યારે, તે વખતે જે વિચાર ચિત્તમાં સ્ફુરેલો તેની યથાર્થતા દેખાય છે. ત્યારે મનમાં એક વિચાર હતો કે સંકટ આજ નહીં તો કાલ આવવાનું જ છે. તે વખતે સરકાર તો એને માટે જે યોગ્ય હશે ને જે શક્ય હશે તે કરશે જ, પરંતુ એકેએક ગામના સંરક્ષણની તૈયારી તો જનતાએ જાતે જ, કરવી પડશે. ગામમાંથી જો ભૂમિહીનતા, બેકારી, વૈમનસ્ય, ઊંચ-નીચના ભેદ, માલિકીની ભાવના વગેરે નાબૂદ થાય તો દરેક ગામ એક અંક અભેદ્ય ગઢ બની જશે. આમ ગ્રામદાન એક ડિફેન્સ—મેઝર બનશે. ગ્રામદાન કરીને એકેએક ગામ રક્ષા-કવચ ધારણ કરે એવી ઘડી આજે હવે પ્રત્યક્ષ આવીને ખડી છે. ગામસ્વરાજ્ય અને નગરસ્વરાજ્ય આપણે આણીએ એમાં જ આપણા ગામો અને નગરોનો ઉત્તમ બચાવ સમાયેલો છે. આની આગાહી આઠ વર્ષ પહેલાં મારા મોંએથી નીકળેલી.

આમ ગ્રામદાન, ગ્રામ-આયોજન અને ગ્રામોદ્યોગપ્રધાન યોજનાને માટે એક બળવાન નૈમિત્તિક કારણ આજે ઊભું થયું છે. આજે દુનિયાની હાલત ઘણી જ ડામાડોળ છે અને ક્યારે યુદ્ધ ફાટી નીકળે તે કોઈ કહી શકે તેમ નથી. આ કોઈ કાલ્પનિક ભય નથી; બલ્કે દુનિયાનો જે ચિતાર આજે આપણી સામે અંકાયેલો પડયો છે તેની અંદર આ વસ્તુ પડેલી જ છે. આની ચિંતા બધાંએ કરવી જોઈએ, એનું ચિંતન પણ કરવું જોઈએ અને ઘટતાં ઉપાય-યોજના પણ થવાં જોઈએ.

### તમારી યોજનાઓ પત્તાંના મહેલની જેમ તૂટી પડશે

મેં કેટલીય વાર કહ્યું છે કે જો લડાઈ ફાટી નીકળે તો આપણી આ બધી પંચવર્ષિય યોજનાઓ પત્તાંના મહેલની જેમ કડડભૂસ તૂટી પડશે. અશાંતિના સમયમાં તે કાંઈ કામ નહીં આવે, તે ચલાવવાનું બિલકુલ અશક્ય થઈ જશે. તેથી આવડા મોટા રાષ્ટ્રનું આયોજન જે લોકો ઘડી રહ્યા છે એમને માથે એ જવાબદારી છે કે લડાઈ ફાટી નીકળે તેવા સંજોગોમાં પણ જે યોજના ચાલુ રહી શકે એટલું જ નહીં બમણા વેગથી ચાલી શકે, તેવી રીતની યોજના તેઓ ઘડે. લડાઈની શક્યતા જ નથી, બસ નજર પહોંચે ત્યાં સુધી શાંતિ જ શાંતિ દેખાય છે, એમ ધારીને આજે જો યોજના ઘડી હોય તો કહેવું પડશે કે આપણે દુનિયાની હાલત ધ્યાનમાં લઈને, જોઈ-વિચારીને યોજના નથી ઘડી, પણ આંખ આડા કાન કરીને યોજના ઘડી છે. રાષ્ટ્રીય આયોજન આ રીતે આંખો મીંચીને ઘડી શકાય નહીં. ખરી રીતે રાષ્ટ્રીય આયોજનમાં અમુક ભાગ તો ઓછામાં ઓછો એવો હોવો જોઈએ કે જે ગમે તેવી આસમાની-સુલતાનીને વખતે પણ અડીખમ રહે! અને એ ભાગ જ મહત્ત્વનો ભાગ હોવો જોઈએ.

મેં આપણા આજના પ્લાનનો જે કાંઈ અભ્યાસ કર્યો છે તે પરથી મને એવો ભરોસો નથી પડયો કે એ પ્લાન આવી દૃષ્ટિથી ઘડવામાં આવ્યો હોય. તેમાં તો પ્લાનિંગ કમિશન એમ માની લઈને ચાલે છે કે દુનિયામાં શાંતિ જ શાંતિ રહેવાની છે. પરંતુ દુનિયાની આજની દશામાં આખા રાષ્ટ્રના પ્લાન અંગે આવું માની લઈને ચાલવું એ પ્લાનિંગના શાસ્ત્ર સાથે જ સુસંગત ન કહેવાય. આ તો તદ્દન અશાસ્ત્રીય પ્લાનિંગ છે. હું પ્લાનિંગ પર ટીકા કરવા માગતો નથી. હું તો અત્યારે કેવળ એટલું ચીંધી બતાવવા માગું છું કે આવે વખતે ગ્રામદાન અને ગ્રામીણ યોજના એ એક 'ડિફેન્સ મેઝર' (સંરક્ષણનું પગલું) છે. આ ગ્રામદાનનો જે વિચાર છે તે શાંતિના સમયમાં તો ચાલશે જ, પણ અશાંતિ હશે ત્યારે ય ચાલશે; એટલું જ નહીં અશાંતિના સમયમાં તો એના સિવાય બીજો કોઈ ઉપાય નહીં રહે. જ્યારે આયાત—નિકાસ બંધ થશે, બહારથી ચીજો આવશે નહીં અને યોજનાઓ સ્થગિત થઈ જશે, ત્યારે શી હાલત થશે? એવે વખતે ગ્રામદાન અને ગ્રામ-આયોજન હશે તો જ આપણાં ગામડાં ટકશે. આ વાત સહુ કોઈએ ધ્યાનમાં રાખવી ઘટે. આજે હું ગ્રામદાનને અંગે આટલો બધો ઉતાવળો કેમ થયો છું તેનો હવે તમને ખ્યાલ આવશે.

### મને અધીરાઈ શા માટે છે?

આમ તો ગ્રામદાન એ એક સ્થાયી વિચાર છે, એટલે એ આસ્તે આસ્તે જ વિકસિત થઈ શકે તેમ છે અને થશે, એવું માનવામાં મને કશો વાંધો ન હતો, એટલું જ નહીં હું તો ત્યાં સુધી માનવા તૈયાર હતો કે ૧૦૦-૨૦૦-૫૦૦ જે કાંઈ ગ્રામદાન મળ્યાં છે એને નમૂનેદાર ગામો બનાવીએ, એનો વિકાસ કરીએ અને પછી જ બીજાં ગ્રામદાન મેળવીએ. આ રીતે go slowની વાત, 'ધીરે ગાડી હાંકરે'ની વાત પણ હું કરી શક્યો હોત, કારણ કે આ તો એક મૂળભૂત વિચાર છે, અને મૂળભૂત વિચાર ધીમે ધીમે ફેલાય તો તેમાં કશો દોષ નથી. પણ તમે તો જુઓ જ છો કે આ વિચાર વિશે અત્યારે હું કંઈક ઉતાવળો થયો છું. હા, ઉતાવળા થઈને કંઈ આડું-અવળું કરી પાડીએ, બોગસ (તકલાદી) ગ્રામદાન લઈ આવીએ, તો આપણે ખતમ થઈ જઈશું. માટે એવું તો આપણે કરવાનું જ નથી.

પણ મારા મનમાં અધીરાઈ તો એ કારણે આવી છે કે જો આ કામ આપણે જલદી કરીએ તો આપણે બધી બાજુથી બચી જઈએ તેમ છીએ, અને જો જલદી ન કરીએ તો તેવા સંજોગોમાં આપણે ભૂદાનકાર્યકર્તા તો આપણું કામ પાર નહીં પાડી શકીએ તેની મને એટલી ચીંતા નથી જેટલી એ વાતની ચિંતા છે કે એનાથી દેશનું આખું યે પ્લાનિંગ કડડભૂસ થઈ જશે. ગ્રામદાન જલદી નહીં થઈ જાય તો ભૂદાન આંદોલનનો વેગ નહીં વધે એની ચિંતા મને આના જેટલી નથી. કેટલાકને લાગે છે કે ગ્રામદાન વધે છે તેમ તેમ આપણા માથા પરનો બોજો વધતો જાય છે, પણ ખરું જોતાં ગ્રામદાન જેટલાં વધે તેટલો આપણા માથા પરનો બોજો ઘટશે. આમ કહેવા પાછળ એક ખાસી મોટી ભૂમિકા છે. ભૂમિકા એ છે કે, મારી નજર સામે લડાઈનું ચિત્ર ખડું છે. હું કોઈ ને બિવડાવવા માગતો નથી, તેમ જ જાતે પણ બીવા માગતો નથી; પણ જો લડાઈ ફાટી નીકળે તો આપણે વધારે ધૈર્યવાન અને સાવધાન થવું જોઈએ, એ જ વાત હું કહું છું. લોકો કાયર થાય એમ હું પણ નથી ઈચ્છતો. પરંતુ માત્ર લશ્કર

અને શસ્ત્રાસ્ત્રો વધારવાથી કાયરતા દૂર થતી નથી અને દેશનું યે રક્ષણ કરી શકાતું નથી. આ વાત લોકોને ગળે ઉતારવાની હજી બાકી છે.

**ધારો કે અમદાવાદ પર બૉંબ પડ્યો–**

ધારો કે આપણું લશ્કર મોરચા ઉપર લડી રહ્યું છે, અને એકદમ ખબર આવ્યા કે આપણા લશ્કરને પાંચ માઈલ પાછળ હઠવું પડ્યું, તો બધા એકદમ ગભરાઈ જવાના; અને તેથી વધુ પીછેહઠ થઈ તો તો વળી વધુ ગભરાવાના. શેરબજારમાં ભાવો ગગડી જશે. જેવી રીતે ગરમી ઓછીવત્તી થાય તો થરમોમિટરમાં પારો ઊતરે ને ચઢે! અને જો લશ્કર પચીસ માઈલ અંદર આવે તે તો હાહાકાર મચી જાય, અને પછી ધારો કે અમદાવાદ ઉપર એક બૉંબ પડે, તો તમે શું માનો છો? તો ત્યાં કોઈ મિલ ચાલે કે? બધા મજૂરો એકદમ ભાગી જશે. ફક્ત એક જ બૉંબની જરૂર છે. અરે! હું તો કહું છું કે બૉંબ પડવાનીયે જરૂર નથી, લોકોને જો એટલો જ ભય માલૂમ પડે કે અમદાવાદ સુરક્ષિત નથી, તો તરત જ બધા મજૂરો ભાગી જશે. ત્યારે પછી આપણને બધાને નાગા રહેવાનો જ પ્રસંગ આવે. આપણને પહેરવા માટે કપડું જ ન મળે. તેથીસ્તો બાપુએ દીર્ઘદૃષ્ટિથી કહ્યું હતું કે કપડાં જેવી વસ્તુ ઘરની બહારથી ન લાવવી જોઈએ, એ ઘરમાં જ પેદા કરવી જોઈએ.

**–તો શું ઘડીમાં બધું ધબાય નમ: ?**

આ યુગમાં તો, તો જ રક્ષણ થઈ શકશે જો જીવનની મુખ્ય મુખ્ય આવશ્યકતાઓ ગામની અંદર જ પૂરી પડી શકે. એને બદલે જો બધી જ શક્તિ અમુક જ ઠેકાણે કેન્દ્રિત કરવામાં આવશે તો એક અમદાવાદને બચાવવા અદ્યતન શસ્ત્રોથી સજ્જ થવું પડશે. એનો અર્થ એ કે અબજો રૂપિયાનો ખર્ચ કરવો પડશે અને એટલું કર્યા પછીયે પૂરતા સંરક્ષણની બાંહેધરી તો તમને નહીં જ મળે. માત્ર લશ્કરથી કોઈ દેશનું કદી રક્ષણ થઈ શકતું નથી. તમને ખબર છે કે આખા બંગાળાનો ફેંસલો, આખા ભારતનો ફેંસલો પ્લાસીની એક જ લડાઈમાં, કેવળ સાડાત્રણ ક્લાકમાં થઈ ગયો. આમ કેવળ એક રણમેદાન ઉપર, સાડા ત્રણ ક્લાકમાં આખા રાષ્ટ્રનો ફેંસલો થઈ જાય એ શું બતાવે છે? ગયા મહાયુદ્ધમાં યે આપણે શું જોયું? હિટલરની વીસ-ત્રીસ લાખની સેના એક જ દિવસમાં બીજા દેશો ઉપર તૂટી પડી અને એક પછી એક દસ-પંદર-વીસ દિવસમાં આ દેશ ગયો, પેલો દેશ ગયો, એમ ટપોટપ એક પછી એક દેશ પડવા લાગ્યો! આમાં શૌર્ય હતું કે? કપાળનું શૌર્ય! એમાં તો શસ્ત્રાસ્ત્રો હતાં. એવી જ રીતે જાપાને પણ પૅસિફિક મહાસાગરમાં એક પછી એક ટાપુ કબજે કરવા માંડ્યાં. અને પાંચ-છ વર્ષ પછી પાછું આપણે શું જોયું?. જર્મની અને જાપાન કરતાં શસ્ત્રબળમાં અમેરિકા ચઢિયાતું થઈ ગયું અને પેલા શૂરવીર બહાદુર જર્મનો, જેમણે ત્રીસ લાખની સેના લઈને આક્રમણ કર્યું હતું, તેમના જનરલની આજ્ઞા થઈ કે શરણે જાઓ! અને પાંચ-પાંચ લાખ, દશ-દશ લાખ સૈનિકો પોતાના હથિયારો હેઠાં રાખીને, નમસ્કાર કરીને એકદમ શરણે થઈ ગયાં. આપણે પણ આખા દેશને શસ્ત્ર ઉપર આધાર રાખતો કરીશું તો આવા બનાવો ટળશે કે?

(ક્રમશ:)

વિનોબા

## વિષયસૂચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| "ગ્રામદાન: એક સંરક્ષણ પગલું" | વિનોબા | ૧૫૭ |
| મહાપ્રસ્થાનના પથ પર – ૨ | પ્રબોધકુમાર સન્યાલ | ૧૫૮ |
| **પ્રકીર્ણ નોંધ:** મહાનુભાવ વેલજીભાઈ, ભગિની સમાજે યોજેલા ખાદ્ય વસ્તુઓના પ્રદર્શનમાં આમિષમિશ્રા વાનીઓ, અનાજની કટોકટીના સંદર્ભમાં મુંબઈ જૈન સમાજે શરૂ કરેલું સ્તુત્ય આંદોલન, ૮૦ વર્ષની સીમાને વટાવી ચૂકેલા કાકા – સાહેબ કાલેલકરને વંદન – અભિનંદન | પરમાનંદ | ૧૬૧ |
| હરભાઈ અને ધરશાળા | પરમાનંદ | ૧૬૪ |
| શ્રી પરિક્ષિતલાલ સ્મારકનિધિ | | ૧૬૬ |
| સ્વ. ગુણવંતરાય આચાર્ય | રતિલાલ દીપચંદ દેસાઈ | ૧૬૬ |


# મહાપ્રસ્થાનના પથ પર–૨

(ગતાંકથી ચાલુ)

ગંગાને તીરે તીરે ગાડી જતી હતી, ક્યારેક ઊંચાનીચા પહાડી માર્ગ હતો, વચ્ચે વચ્ચે પહાડીમાંથી ઝરણાં વહેતાં હતાં. કોઈ કોઈ ઠેકાણે સન્યાસીના મઠો હતા, નાનાં નાનાં મંદિરો હતાં, નદીની પેલી તરફ પહાડો ને આ તરફ ઘન જંગલ હતું. ગાડી પૂરપાટ દોડતી હતી. ડાબી તરફનો રેલમાર્ગ દેરાદુન તરફ જતો હતો, વચ્ચે વચ્ચે નાનાં નાનાં સ્ટેશનો આવતાં પણ ત્યાં માણસો બહુ ઓછાં હતાં. જમણી તરફ ઋષિકેશનો રસ્તો હતો, રસ્તામાં ભીમગોડા ચટ્ટી આવી. અહીં એક ગુફા હતી. પ્રાચીન સમયમાં ભીમના ઘોડાની ખરીથી ગુફામાં મોટું ગાબડું પડ્યું હતું. ત્યાર પછી સત્યનારાયણનું મંદિર આવ્યું. મંદિરની પડખે જ કાલીકમલીવાળાની સદાવ્રતી ચટ્ટી હતી. સાધુ-સન્યાસી લોકોને અહીં મફત ખાવાનું ને રહેવાનું મળતું હતું. ગાડી થોડી મિનિટને માટે થોભી એટલે બ્રહ્મચારી ઉતરીને મંદિરમાં દર્શન કરી આવ્યા. દેવ, બ્રાહ્મણ અને સન્યાસી પ્રત્યે એમની અવિચળ ભક્તિ હતી.

સંધ્યાનો સમય હતો, પશ્ચિમ આકાશની રકિતમા ઝાંખી થવા લાગી હતી. વનછાયા ને પર્વતમાં અંધારું થવા લાગ્યું હતું. તમરાંનો અવાજ સંભળાવો શરૂ થયો હતો. ગાડી ઋષીકેશની એક ધર્મશાળા પાસે આવીને ઊભી રહી. અમે બધાં ઉતર્યાં. હવે જરા નિર્ભયતાનો અનુભવ થવા લાગ્યો. પાસે જ કાળીકમળીવાળાની વિશાળ ધર્મશાળા હતી, ને અહીં જ તેની મુખ્ય કચેરી હતી. આ કાળીકમળીવાળા એક સન્યાસી હતા. અજાણ્યો, જેની કોઈ ગણના કરતું નહોતું એવો એ સન્યાસી બદરીનાથ ગયો હતો. એની પાસે ફક્ત એક કાળો કામળો હતો. રસ્તામાં એને પારાવાર દુ:ખ પડ્યું. કેટલાય ઉપવાસો થયા, ને બિચારા ગરીબ જાત્રાળુઓ પાસેથી આ અકિંચન સન્યાસીને ભિક્ષા પણ શું મળે! પણ એ મહાપુરુષે પોતાના પ્રયત્નથી ને જહેમતથી એના હૃદયના જોમથી ને ખંતથી દેશભરમાં ભીખ માંગી માંગીને નિ:સહાય એવા બીજા સાધુ-સન્યાસીઓના દુ:ખ ને કષ્ટનું નિવારણ કર્યું. એની જ કૃપાથી આજે રસ્તામાં વચ્ચે વચ્ચે સદાવ્રતો સ્થપાયાં છે. આજે એ આ જગતમાં જીવતા નથી, પણ અસંખ્ય નિ:સહાય સન્યાસીઓ, જેઓ એમને માથું નમાવી પ્રણામ કરે છે તે, જરૂર એ જ્યાં હશે ત્યાં એમના ચરણમાં પહોંચશે.

બ્રહ્મચારીએ કહ્યું, "મારે પણ સદાવ્રતનો આશરો લેવો પડશે દાદા! હું તો ગરીબ માણસ રહ્યો, એ આશાએ તો અહીં સુધી આવ્યો છું. તમે જરા મારે માટે ભલામણના બે શબ્દો કહો તો મારું કામ થઈ જાય."

અંદર લોકોનો મેળો જામ્યો હતો. જબરો કોલાહલ થઈ રહ્યો હતો. યાત્રીઓની ભીડ પણ ઘણી હતી. એ બધામાંથી માર્ગ કાઢતો કાઢતો હું ગાદીની પાસે પહોંચી ગયો. ગાદી પર મેનેજર અને એક કારકુન કાંઈ હિસાબના ચોપડા જોતા હતા. આજુ બાજુ પચીશ-ત્રીશ સાધુઓ- ભિક્ષુકો હાથ જોડીને દયામણે ચહેરે ઊભા હતા. કોઈ કોઈ કરુણ રીતે પોતાની સ્થિતિ જણાવતા હતા. કોઈ બદરીનારાયણના સોગન ખાઈને કહેતા હતા કે એ સાચેસાચા સન્યાસી છે. એ કંઈ પારકાની પર બોજો નાંખવા ભ્રમણના શોખને લીધે આવ્યા નથી, પણ તીર્થયાત્રા કરવા નિરૂપાય થઈને એ સ્થાને આવ્યા છે. આ બધું જોઈને બ્રહ્મચારીના તો હોશકોશ ઊડી ગયા. ને વળી જ્યારે તેણે સાચેસાચ સાંભળ્યું કે એને પણ સદાવ્રતની ટિકિટ નહિ મળે, ત્યારે એ તો ત્યાં જ બેસી પડ્યો ને કહેવા લાગ્યો " હવે શું થશે દાદા! હું તો ઘણી આશાએ અહીં આવ્યો હતો, મેં તો એમ સાંભળ્યું હતું કે જે અહીં ટિકિટ માગવા આવે તેને અવશ્ય મળે જ છે."

એ જાણતો નહોતો કે આખી દુનિયામાં એવી દાનશીલતા

તો કયાંય નહોતી. દાનને વિષે આટલી બધી ખેંચતાણ છે તેથી તો એની કિંમત છે.

આખરે નિરાશ હૃદયે બ્રહ્મચારીને પાછા ફરવું પડયું. એના મોઢા પરના ભાવ જોઈને હું ડરી ગયો. રસ્તામાં એનો જે ઉત્સાહ ને આનંદ હતો, એ બધો લુપ્ત થઈ ગયો. એનો કંઠ ભરાઈ આવ્યો હતો, જાણે સર્વસ્વ ગુમાવ્યું હોય તેમ હતાશાથી મ્લાન એવી દૃષ્ટિ મારી સામે સ્થિર કરીને એણે કહ્યું, "ત્યારે હવે પાછો ફરું... ફકત પાંચસાત રૂપિયા લઈને કે આટઆટલા દહાડાનો રસ્તો... ત્યારે પાછો જ જાઉં ને?"

મારું મન દુ:ખી થઈ ગયું. મેં કહ્યું, "પાછા ગયા વિના બીજો કોઈ ઉપાય નથી, ને ભૂખે પેટે કાંઈ રસ્તાની મજલ થોડી થાય છે?"

પરાવલંબી મોઢું એવું જ હોય છે. જ્યારે એમાં આશા જ્વલંત હોય છે, ત્યારે એ દાવાનળનું રૂપ લે છે, અને જ્યારે એ બૂઝાય છે, ત્યારે એ ભસ્મનો પૂંજ બની જાય છે. બ્રહ્મચારી જ્યારે એક નાના બાળકની જેમ મારી જોડે જોડે ચાલવા લાગ્યો, ત્યારે મને સ્પષ્ટ અનુભવ થયો કે એનો ભગવાન-વિષયક વિશ્વાસ ડગી ગયો હતો. સદાવ્રત ન મળવાથી એનું સાચું રૂપ મને અકારું લાગવા માંડયું.

નીલધારાને કાંઠે આવીને અમે બેઠાં. નદી પર અંધકાર છવાયો હતો, તરંગો આછા હતા, પાણીમાં નક્ષત્રોનું તેજ ઝગારા મારતું હતું, વાતાવરણ રહસ્યમય ને ભય ઉત્પન્ન કરે એવું હતું. પર્વતની ગંભીર ગુફામાંથી કાળુ પાણી કોઈ જંગલી જંતુની જેમ ચીત્કાર કરતું દોડયું આવતું હતું. પ્રવાહના અવિશ્રાન્ત શબ્દથી ચારે દિશાઓ ગૂંજી ઊઠતી હતી. કાંઠે દૂર દૂર સુધી સન્યાસીઓ ધૂણી ધખાવીને, ને આસન જમાવીને બેઠેલા નજરે પડતા હતા. નિરુદ્વેગ, નિબીડ શાંતિનું સામ્રાજ્ય વ્યાપેલું હતું. તપ કરવા માટે એ સ્થાન ઘણું યોગ્ય હતું.

એક મોટા પથ્થર પર અમે બન્ને જણા ચૂપચાપ બેસી રહ્યા. પથ્થરમાંથી જળ પસાર થતું હતું. મારે એકલા જ જવાનું હતું. પેલાને તો બિચારાને પાછા જવાનું હતું. પણ એને કયા શબ્દોમાં આશ્વાસન આપવું તેનો હું વિચાર કરતો હતો. ખરેખર આ બાબતમાં તો આશ્વાસન આપવા જઈએ તો યે એને એમ લાગે કે મારી મજાક કરે છે! પણ મારી આ મૂંઝવણનો ઉકેલ એણે જ કરી દીધો. અંધારામાં એની આવેગથી વ્યાકૂળ એવી આંખો ઊંચી કરીને મારો એક હાથ પોતાના હાથમાં લઈને બોલ્યો, "દાદા! મારી આ બધી મહેનત ફોગટ ગઈ, મારે પાછા જવું જ પડશે ને? તમે શું કહો છો?"

મેં કહ્યું, "એનો જ તો હું વિચાર કરું છું." એણે કહ્યું, "હું સારા કુટુંબનો છોકરો છું, આમ છતાં તમારી આગળ મારે લાચારીથી કહેવું પડે છે," જો મોકો મળશે તો તમારું બધું દેવું હું ભરપાઈ કરી દઈશ, પણ હું પાછો તો નહિ જ જાઉં. રસ્તામાં મારે ઉપવાસ ન કરવો પડે, એટલું તમે સંભાળી લો એટલી મારી વિનંતિ છે, પણ હું પાછો નહિ જાઉં દાદા!!

"કેટલું દુ:ખ વેઠીને આવ્યો છું તેની તમને શી વાત કહું? છસો માઈલનો રસ્તો પગે ચાલીને હરિદ્વાર આવ્યો... હવે બીજો કોઈ આરો નથી દાદા! સમજ્યાને? મને એક જ ઈચ્છા છે. મને મનગમતો એક મઠ તૈયાર કરી જાઉં. ઘણા સમયથી બદરીનારાયણ જવાની ઈચ્છા હતી, કેટલાય સમયથી મનમાં મનમાં એના જ જાપ જપતો હતો."

શરીર ખંખેરીને હું ઊઠયો ને મેં કહ્યું "ચાલો ત્યારે જે થવાનું હશે તે થશે, પાછા ફરવાની હવે જરૂર નથી. જો ઉપવાસ કરવો પડે એમ હોય તો આપણે બન્ને જણા સાથે ઉપવાસ કરશું, ચાલો રાતવાસા માટે એકાદ સારી જગ્યા શોધી કાઢીએ."

નિ:સીમ કૃતજ્ઞતાથી બ્રહ્મચારીએ ફકત એટલું જ કહ્યું. "ચાલો દાદા!"

ઘણી તપાસને અન્તે, અને ઘણી ભલામણો લગાવી ત્યારે હોસ્પિટલની પાસે એક ધર્મશાળામાં રાતવાસા માટે જગ્યા મળી. એ જગ્યા બહુ સાંકડી હતી. અંધારામાં બેઠાં બેઠાં કેટલાક ગઢવાલી મજૂરો ઘાંટાઘાંટ કરતાં હતાં, પણ અમને જોતાં જ તેઓએ દૂર ખસીને અમારે માટે જગ્યા કરી આપી.

અંદર જઈને જોઉં છું તો, એક યાત્રાળુઓની ટુકડી હતી. એ લોકો બંગાળીમાં વાત કરતા હતા. તે જોઈને એમની ખોલીમાં હું પેઠો. એક વયોવૃદ્ધ વ્યકિતએ મને આગ્રહ કરીને ત્યાં બેસાડયો. ખોલીમાં અહીંતહીં ખૂણેખાંચરે મળીને પંદરેક સ્ત્રીઓ સૂતી હતી. મેં પૂછયું, "તમે લોકો કયાંથી આવો છો?"

"કાલીઘાટથી," "તમે?"

"હું કાશીથી આવું છું ને આ ભાઈ તો સાધુ છે." એ માણસની દાઢી ઘણી મોટી હતી. યાત્રીની જેમ માથા પર વાળ વધાર્યા હતા. ગેરૂઆ રંગનાં કપડાં પહેર્યાં હતાં. શરીર પર ગરમ સ્વેટર હતું. પગમાં એણે પહેરેગીરની જેમ ગરમ પટીઓ બાંધી હતી. એ તમાકુ હથેળીમાં મસળતો હતો. એણે મને પૂછયું, "તમે કેવા?"

મેં જવાબ આપ્યો. "બ્રાહ્મણ..." "અરે અરે આ શું કરો છો? હું તો ઉમરે તમારા કરતાં ઘણો નાનો છું."

"ભલેને! પણ બ્રાહ્મણના સંતાન તો ખરા ને?" એમ કહીને એણે બળપૂર્વક મારી ચરણરજ લઈને પોતાના માથા પર મૂકી. એણે કહ્યું, "હું તો બુઢો થઈ ગયો, આટલી બધી સ્ત્રીઓને લઈને મુશ્કેલ માર્ગ કાપવાનો છે, મહેરબાની કરીને જરા સંભાળ રાખજો, તમે તો રસ્તાના સાથી છો." પછી એની થેલીમાંથી બે બીડી કાઢીને એણે મને આપી.

એની જોડે થોડી વાતચીત કરીને હું બહાર આવ્યો. દીવો સળગાવવા માટે કાંઈ સાધન નહોતું. અંધારામાં કામળો ઓઢીને બન્ને જણ એકબીજાની પડખે સૂતા. બ્રહ્મચારીએ એક હાથ નાંખી ને નસકોરાંમાંથી દીર્ઘ નિશ્વાસ નાંખી એની રોજની ટેવ પ્રમાણે એ બોલ્યો, "ૐ નમો નારાયણાય, ૐ તત્સત્."

મેં કહ્યું "આપણને તો રસ્તો ખબર નથી. જઈશું કઈ તરફ?"

"એક જ રસ્તો છે. બીજો કોઈ રસ્તો જ નથી. પૂરા વિશ્વાસથી જઈશું દાદા! એમાં બીવાનું શું છે? ૐ નમો નારાયણાય."

ઘણીઘણી વાતો કરી. રસ્તે થયેલા અનેક અનુભવોનો ઈતિહાસ. દેશદેશની ને જુદાં જુદાં રાજ્યોની વાત ચાલી. બ્રહ્મચારીએ આ જીવન તો ઘણા સમયથી શરૂ કરેલું, પણ એના વિપુલ જ્ઞાનની પાછળ એને આત્મોપલબ્ધિ થઈ હોય એમ લાગતું નહિ. એ જીવનને, ગીતાદ્વારા, વેદના કેટલાક શ્લોકદ્વારા, મહાભારત અને રામાયણની કેટલીક ઘટનાઓ દ્વારા, અને ભગવાન પ્રતિની પૂર્ણ શ્રદ્ધાથી જોતો હતો. ધર્મચર્ચાદ્વારા, એના હૃદયના આવેગનો પરિચય થતો હતો, પણ એની ધર્મજ્ઞતા કે જ્ઞાનના પ્રકાશનો પરિચય થતો નહોતો. સંસારમાં બધાનો ધીમે ધીમે એ ત્યાગ કરતો આવ્યો હતો, ફકત આશાનો એણે ત્યાગ કર્યો નહોતો. આશાને લીધે તો એ જીવતો હતો, આશાનો પ્રેર્યો તો એ તીર્થપર્યટન કરતો હતો, અને આશામાં ને આશામાં એ ધર્મજીવન વ્યતીત કરતો હતો.

તન્દ્રાથી ઘેરાયલી આંખોથી સૂતો સૂતો હું એની વાતો સાંભળતો હતો. એણે વાત ચલાવી, "કેટલીય જગ્યાએ આસન જમાવ્યું સમજ્યા કે દાદા! બાંકુરામાં જયનગર છે, ખબર છે ને? એ ગામમાં એક ઝાડની નીચે...પછી ગયો વૃંદાવન, વૃંદાવનથી સીધો જ્વાલામુખી, ...પણ ત્યાં પણ કાંઈ ગોઠયું નહિ, એટલે સીધો આવ્યો હરદ્વારમાં. પણ અહીં યે એનું એ જ છે. એવી જ ધૂણી ધખાવીને મૂર્ખ સન્યાસીઓનાં ઝુંડ બેઠાં બેઠાં ગાંજો ફૂંકે છે, કોણ જાણે કેમ પણ મને એ સન્યાસીઓ ગમતા નથી. એમાં થઈ પણ શું શકે? તમે જ કહોને? નશાભરી આંખો વડે આ દુનિયાને જોઈ...'

શરીરને થાક લાગ્યો હતો. એટલે આંખો બંધ રાખીને જ મેં કહ્યું, "હા વળી!"

બ્રહ્મચારીએ હસતાં હસતાં કહ્યું. "હું કોઈની નિન્દા કરતો નથી. હું તો એટલું જ કહું છું કે રાતદિન નશો જ કરવાનો હોય

તો પછી સાધનાને માટે વખત ક્યાંથી મળે? મારે તો સાધના કરવી છે, તપશ્ચર્યા કરવી છે. જે આસને આપણે બેઠા હોઈએ એ આસન એક દિવસ આગમાં સળગી જશે. નાક બંધ કરીને નાભિશ્વાસ... હું કોઈની નિન્દા કરતો નથી. તોયે શું ખબર છે?

એણે જાતે જ પાછું બોલવા માંડ્યું. "સમય પ્રમાણે અને ભૂખ પ્રમાણે ખાવું સારું. એથી શરીર અને મન બન્ને સ્વસ્થ ને તાજાં રહે... ધારો કે ખૂબ ઠંડી છે, શિયાળાનો વખત છે, અથવા ધારો કે રાતે ઊંઘ આવતી નથી, ત્યારે સમજી શકાય...ના, હું કોઈની નિન્દા કરતો નથી. દાદા! પણ એવું કાંઈ હોય ને ગાંજો પીધો હોય તો સમજી શકાય. એવે ટાણે એ પાપ નથી. પાપ કહેવાથી જ પાપ થાય છે? એમ તો કોણ પીતું નથી?"

મેં કહ્યું. "હાસ્તો વળી."

"હું કાંઈ પહેલાં ખાતો નહોતો. પહેલાં તો કાંઈ અનુકૂળ જ ન આવે. એ તો ટેવનો સવાલ છે. "હેબીટ ઈઝ ધ સેકંડ નેચર" હા...હા...હા... તમને તો બધું ખબર છે દાદા! તમે તો ભણેલા-ગણેલા છો." બોલતાં બોલતાં એણે એકાએક કહ્યું. "તે દિવસ થોડો ગાંજો ખરીદ્યો હતો, એ રહ્યો મારી પેટીમાં. પણ પીવાની મને ઈચ્છા થતી નથી. એ તો બૂરી આદત કહેવાય. આજે જોયું ખૂબ ઠંડી છે, થોડોક ગાંજો પી લઉં, દાદા?"

નિર્જન, નિસ્તબ્ધ રાત્રીનું ચારે બાજુ સામ્રાજ્ય હતું. ગંગાના પ્રવાહનો ધ્વનિ આટલે દૂરથી પણ સ્પષ્ટ સંભળાતો હતો. (ક્રમશઃ)

અનુવાદક: ડૉ. ચંદ્રકાન્ત હ. મહેતા

મૂળ બંગાળી: શ્રી પ્રબોધકુમાર સન્યાલ


## ☆ પ્રકીર્ણ નોંધ ☆

**મહાનુભાવ વેલજીભાઈ**

હજુ થોડા સમય પહેલાં તા૦ ૧૬-૧૦-૬૫ના રોજ સર હરકિસનદાસ નરોત્તમદાસ હૉસ્પિટલની સ્થાપનાથી આજ સુધીના વિકાસ અને ઉત્કર્ષ સાથે જેમનું જીવન જોડાયલું છે એવા શેઠશ્રી ગોરધનદાસ ભગવાનદાસનું જાહેર સન્માન કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ સવા મહિનાના ગાળાની અંદર તા. ૨૧-૧૧-૬૫ના રોજ શ્રી હીરજી ભોજરાજ એન્ડ સન્સ કચ્છી વીશા ઓશવાળ જૈન છાત્રાલયના સુવર્ણ મહોત્સવ પ્રસંગે, એ સંસ્થાના આદ્યસ્થાપક, પ્રમુખ અને ટ્રસ્ટી શેઠ શ્રી વેલજી લખમસી નપ્પુનું શેઠ શ્રી દેવજી રતનશીના પ્રમુખપણા નીચે જાહેર સન્માન અને શ્રી વેલજીભાઈની અર્ધપ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું. બન્ને એક જ કોટિના માનવવિભૂતિ, બન્ને ગર્ભશ્રીમંત હોવા છતાં જીવનભરના પરમાર્થ-કાર્યને વરેલા, એકની ઉમ્મર ૭૮ વર્ષની, અન્યની ઉમ્મર ૭૬ વર્ષની, એકની સેવા એક જ પ્રવૃત્તિ પૂરતી સીમિત, અન્યની સેવાઓ, અંગત વ્યાપાર વ્યવસાયની દેખભાળ ઉપરાંત, અનેક સેવાક્ષેત્રો સાથે સંકળાયલી. બન્ને એટલા જ સૌજન્ય અને શીલ વડે સંપન્ન નરપુંગવો.

શ્રી વેલજીભાઈનો ૧૮૮૯ના ઓક્ટોબર માસની ૧૪મી તારીખે જન્મ થયેલો. જન્મે સ્થાનકવાસી કચ્છી જૈન. ૧૯૦૯માં મેટ્રીક થયા, ૧૯૧૧માં પ્રથમ એલ. એલ. બીની પરીક્ષા તેમણે પસાર કરી અને ત્યાર બાદ સોલીસીટર થવા માટે આર્ટીકલ્સ સાઈન કરેલા પણ અંગત સંયોગો તેમને કુટુંબના વ્યાપારવ્યવસાય તરફ ખેંચી ગયા અને સોલીસીટર થતા તેઓ રહી ગયા. વ્યાપારવ્યવસાયમાં પડવા સાથે તેમના જાહેર જીવનની પણ શરૂઆત થઈ ચુકી. ૧૯૧૨માં કેળવણી ફંડની શરૂઆત કરી જેણે આગળ જતાં શ્રી ધનજી દેવશી કેળવણી ફંડનો આકાર લીધો, અને ૧૯૧૫માં એ ફંડ દ્વારા જૈન બોર્ડિંગની બે વિદ્યાર્થીઓથી સ્થાપના કરી. આ સંસ્થા ફાલતી ફૂલતી ગઈ અને તેના ઉપક્રમે અનેક છાત્રાલયો અને શિક્ષણસંસ્થાઓ આજસુધીમાં નિર્માણ થઈ ચુક્યાં. આમ કચ્છી સમાજનો—ખાસ કરીને કચ્છી વીશા ઓશવાલ કોમનો—ઉત્કર્ષ સાધવાની દિશાએ તેમનો આજ સુધી એકસરખો અસાધારણ પુરુષાર્થ રહ્યો છે અને માટુંગા ખાતે આવેલ શ્રી હીરજી ભોજરાજ એન્ડ સન્સ કચ્છી વીશા ઓશવાળ જૈન છાત્રાલય, જે પોતાનો આજે સુવર્ણ મહોત્સવ ઉજવી રહેલ છે તે તેમની અખંડ સેવાનું ચિરસ્મરણીય સ્મારક બન્યું છે.

શ્રી વેલજીભાઈ ધર્મપરાયણ અને પ્રકૃતિથી અમુક અંશે સ્થિતિ-ચુસ્ત હોઈને, જૈન સ્થાનકવાસી સમુદાય પ્રત્યે તેમનો સવિશેષ પક્ષપાત રહ્યો છે. વ્યાપારના ક્ષેત્રમાં ખાસ કરીને દાણાના અને તેલીબીયાંના વ્યાપારી વર્તુલમાં તેમણે અગ્રસ્થાન પ્રાપ્ત કર્યું છે અને એ કારણે ગ્રેઈન એન્ડ ઓઈલ સીડ્ઝ મરચન્ટ્સ એસોસી-એશનના ઉપપ્રમુખ, પ્રમુખ અથવા તો ટ્રસ્ટીના નાતે, તેઓ તે સંસ્થાના આજ સુધી મુખ્ય સૂત્રધાર રહ્યા છે. બીજી અનેક કોમી તેમ જ સાર્વજનિક સંસ્થાઓ સાથે પણ તેમનો નિકટ સંબંધ રહ્યો છે. જીવનના પ્રારંભથી તેઓ પ્રખર રાષ્ટ્રવાદી રહ્યા છે અને રાષ્ટ્રીય મહાસભા સાથે તેમને આજ સુધી અતૂટ સંબંધ એક યા બીજા પ્રકારે ચાલુ રહ્યો છે. તેઓ અમુક સમય માટે—ઘણું ખરું સવિનય સત્યાગ્રહની લડત દરમિયાન—અખિલ હિંદ મહાસભા સમિતિના કોષા-ધ્યક્ષ હતા અને મુંબઈ પ્રદેશ સમિતિના વર્ષોથી આજ સુધી તેઓ ટ્રસ્ટી રહ્યા છે. મુંબઈની કોરપોરેશનમાં પણ તેઓ એક વખત સભ્ય હતા. આમ તેમનું સમગ્ર જીવન અનેક પ્રદેશોને જળસીંચન કરતી અને એ રીતે ફળદ્રુપ બનાવતી સતત વહેતી માતા ભાગીરથી જેવું ધન્યતા અનુભવી રહ્યું છે, ધન્ય બની રહ્યું છે.



શેઠશ્રી વેલજી લખમશી નપ્પુ

તેમની લાંબી જીવનકારકીર્દિમાંથી નોંધવાલાયક અનેક બાબતો ભરી પડી છે, પણ તે સર્વના વિગતવાર ઉલ્લેખ માટે અહિં અવકાશ નથી. એટલે તેમના જીવન અંગેના એક મહત્વભર્યા સ્મરણનો અહિં ઉલ્લેખ કરીને હું સંતોષ માનીશ. ભારતને પ્રાપ્ત થયેલી આઝા-દીના સક્રિય કાર્યક્રમનો ઈતિહાસ ત્રણ તબક્કાઓમાં વહેંચાયલો છે. કૉંગ્રેસનું સૂત્ર ૧૯૧૬-૧૭ની સાલમાં ગાંધીજીના હાથમાં આવ્યું ત્યાર પહેલાં કૉંગ્રેસ કેવળ શુભેચ્છાસૂચક ઠરાવો ઘડતી અને સરકારી વહીવટ અંગે વાંધાવિરોધ રજૂ કરતી એક નિરૂપદ્રવી સંસ્થા હતી. ગાંધીજીના નેતૃત્વનો પ્રારંભ થવા સાથે કૉંગ્રેસે સીધા પગલાં તરફ ગતિ કરવાને લગતું મહાપ્રસ્થાન શરૂ કર્યું. અપીલ, યાચના અને અનુરોધનો યુગ ભુરો થયો અને સરકારી સત્તાને પડકારવાનો યુગ શરૂ થયો. આ મહાપ્રસ્થાનનો પહેલો તબક્કો દેશવ્યાપી અસહકારના પ્રચંડ આંદોલનનો હતો, બીજો તબક્કો ૧૯૩૦-૩૨ સવિનય સત્યાગ્રહનો હતો; ત્રીજો તબક્કો ૧૯૪૨-૪૪નો ક્વીટ ઈન્ડિયાનો—હિંદ છોડોનો હતો.

આ અસહકારના પહેલા તબક્કા દરમિયાન તેને લગતી ચળવળનું મુખ્ય મથક મુંબઈ હતું. અને તેના નેતા શ્રી વેલજીભાઈ

હતા. એ દિવસોમાં અસહકારને લગતા ત્રિવિધ કાર્યક્રમમાં એક કાર્યક્રમ હતો એ વખતે ઉભા કરવામાં આવેલ તિલક સ્વરાજ્ય ફંડ માટે નક્કી કરેલા એક કરોડના લક્ષ્યાંકને એક વર્ષની અંદર પહોંચીવળવાનો. આ ફંડફાળા માટે ગાંધીજી મુંબઈ આવ્યા હતા. વેલજીભાઈ ગાંધીજીના પરિચયમાં એ વખતે આવી ચુક્યા હતા અને તેમને ગાંધીજી સારી રીતે જાણતા હતા. તેથી સૌથી પહેલાં ગાંધીજી વેલજીભાઈ પાસે પહોંચ્યા અને તિલક સ્વરાજ્ય ફંડમાં યોગ્ય રકમ ભરવા ગાંધીજીએ અનુરોધ કર્યો. વેલજીભાઈએ ગાંધીજીના હાથમાં કોરો ચેક મૂકી દીધો. ગાંધીજીએ તેમાં રૂા. ૫૧૦૦૦નો આંકડો ભર્યો. વેલજીભાઈએ ગાંધીજીની આ માંગણી હસતા મોઢે, પ્રફૂલ્લિત વદને, જાણેકે જીવનની અપૂર્વ ધન્યતા અનુભવતા હોય એમ સ્વીકારી લીધી. પછી તો મુંબઈ ખાતે તિલક સ્વરાજ્ય ફંડમાં ધનનો વરસાદ વરસ્યો. એ દિવસોનો હું સાક્ષી છું. ગાંધીજી પાસે મણિભુવનમાં જવાનું મને અવારનવાર બનતું અને વેલજીભાઈને ગાંધીજી પાસે બેઠેલા અને વાતો કરતા–ચર્ચા વિચારણા કરતા મેં ઘણીવાર જોયેલા, સાંભળેલા. એ વખતે વેલજીભાઈ જુવાન હતા. તેમની આકૃતિ તો મનોહર હતી, પણ સાથે સાથે તેમાં અનુપમ સૌમ્યતાનાં દર્શન થતાં હતાં. ત્યાર બાદ તેમણે અનેક દાન કર્યાં છે, અનેક પ્રકારની રાષ્ટ્રસેવા કરી છે, અનેક સંસ્થાઓનાં સંચાલન કર્યાં છે અને આમ પોતાના લાંબા જીવનને પૂરા અર્થમાં સાર્થક અને સેવાસમૃદ્ધ બનાવ્યું છે.

જે સમાજને ગોરધનભાઈ જેવા અને વેલજીભાઈ જેવા પુણ્યપુરુષો પ્રાપ્ત થયા છે એ સમાજની ધન્યતા, આશાસ્પદતા કાંઈ નાનીસૂની ન ગણાય. તેમનામાંથી આજની અને ભવિષ્યની પેઢીઓ સેવાની અને સમ્યક ચારિત્ર્યની પ્રેરણા લે અને જે સેવાપ્રવાહને તેમણે વહેતો રાખ્યો છે તે પ્રવાહને સતત વહેતો અને વેગવન્તો રાખે એવી આપણી શુભેચ્છા અને પ્રાર્થના હો!

**ભગિનીસમાજે યોજેલા ખાદ્ય વસ્તુઓના પ્રદર્શનમાં**
**આમિષમિશ્રા વાનીઓ**

મુંબઈના ભગિની સમાજ સુવર્ણ મહોત્સવના અનુસંધાનમાં તા. ૧૨ નવેમ્બરથી ૨૧મી નવેમ્બર સુધી વનિતા વિશ્રામના હૉલમાં ધી ટાઈમ એન્ડ ટેલન્ટ્સ ક્લબ તરફથી આનંદબજારને મળતું ભિન્ન ભિન્ન ખાદ્યવસ્તુઓનું એક પ્રદર્શન demonstration ભરવામાં આવ્યું હતું. આને લગતા કાર્યક્રમની વિગતો તપાસતા માલુમ પડે છે કે આ પ્રદર્શનમાં રજુ કરવામાં આવેલી અને પ્રેક્ષકોને પીરસવામાં આવેલી વાનીઓમાં કેટલીક વાનીઓ આમિષ તથા ઈંડામાંથી બનાવવામાં આવી હતી. આ સંબંધમાં પૂછપરછ કરતાં જવાબદાર વ્યક્તિઓ તરફથી એવો જવાબ મળતો કે ભગિની સમાજ માત્ર નિરામિષ આહારીઓની સંસ્થા નથી. ઉપરની હકીકત અને તેનો આ જવાબ પરસ્પર અસંગત છે એમ તો કહી શકાય નહિ, પણ ભગિની સમાજ કે જેના સભ્યો બહુધા નિરામિષઆહારી છે અને જેને મહાત્મા ગાંધીના અનેક વાર આશીર્વાદ મળ્યા છે તે સંસ્થાનો નિરામિષ આહાર ઉપર આગ્રહ હોવો જોઈએ અને વ્યક્તિગત રીતે કોઈ પણ સભ્ય વ્યક્તિ માંસાહાર કરતી હોય તો પણ તેના ખાનપાનને લગતા સર્વ જાહેર આયોજનોમાં સૌ કોઈ સભ્યો એકસરખો લાભ લઈ શકે એવી એટલે નિરામિષ વાનીઓનો જ પ્રબંધ હોવો ઘટે એવી અપેક્ષા આપણે ધરાવીએ એ તદ્દન સ્વાભાવિક છે. આ રીતે વિચારતાં અમારી સંસ્થા 'cosmopolitan' છે, સર્વ વર્ગોનું પ્રાતિનિધિત્વ ધરાવે છે એવો ખ્યાલ આગળ ધરીને તેના કાર્યવાહકો નિરામિષ આહારના વિચારને બાજુએ મૂકીને ચાલે એ કોઈ પણ રીતે યોગ્ય નથી લાગતું.

ભગિની સમાજે ખાનપાનની વાનીઓ અંગે ઉપર જણાવેલ જે નવું પ્રસ્થાન કર્યું છે તે સામે સખ્ત વાંધો ઉઠાવતો એક પત્ર બૉમ્બે વેજીટેરિયન સોસાયટી તરફથી તા. ૧૧-૧૧-૬૫ ના રોજ ભગિની સમાજની સુવર્ણ મહોત્સવ સમિતિના મંત્રી ઉપર પાઠવવામાં આવ્યો હતો, જેનો અમને ખ્યાલ છે ત્યાં સુધી આજ સુધીમાં કોઈ જવાબ આપવામાં આવ્યો નથી.

આપણો દેશ કે જે નિરામિષઆહારનો એક મહાન પુરસ્કર્તા લેખાય છે ત્યાં આ બાબતનો આગ્રહ દિન પ્રતિ દિન ઘટતો જાય છે એ આજની અતિ કમનસીબ અને દુ:ખદ વાસ્તવિકતા છે. રાષ્ટ્રીય મહાસત્તાના છેલ્લા અધિવેશન પ્રસંગે પણ પહેલી જ વાર માંસાહારી પ્રતિનિધિઓને માંસાહાર પૂરો પાડવાની સૌથી પહેલી વાર વ્યવસ્થા કરવામાં આવી હતી. અને એ હકીકત ત્યાર બાદ ભારે ચર્ચાસ્પદ બની હતી. આ જ માર્ગે અને આ જ વિચારસરણી ઉપર ભગિની સમાજે પણ પહેલી વાર માંસાહારસમર્થક પગલાં માંડ્યા છે, જે અતિ શોચનીય છે. ખાનપાનની બાબતમાં દરેક વ્યકિત તથા દરેક સંસ્થા સ્વતંત્ર છે, પણ નિરામિષઆહાર ભારતીય સંસ્કૃતિનું એક મહત્ત્વનું અંગ છે અને જેના દિલમાં ભારતીય સંસ્કૃતિનું મૂલ્ય અને ગૌરવ છે તેણે–પછી તે વ્યકિત હોય કે સંસ્થા હોય–ભારતીય સંસ્કૃતિના આ મહત્ત્વના અંગની ઉપેક્ષા કરવી ન જ ઘટે. આપણે આશા રાખીએ કે ભગિની સમાજના સૂત્રધારો આ બાબતનો વધારે ગંભીરતાપૂર્વક અને ઊંડાણથી વિચાર કરશે અને હવે પછીનાં આયોજનોમાં આવી ક્ષતિના તેઓ ભોગ નહિ બને.

**અનાજની કટોકટીના સંદર્ભમાં મુંબઈના જૈન સમાજે**
**શરૂ કરેલું સ્તુત્ય આંદોલન**

આજે આખા દેશ સામે જે અસાધારણ અન્ન કટોકટી ઝઝુમી રહી છે તેને પહોંચી વળવા, હળવી બનાવવા અનેક દિશાઓથી વિવિધ પ્રયત્નો થઈ રહ્યા છે. તેમાંનો એક પ્રયત્ન દર અઠવાડિયાના સોમવારે સાંજનું ભોજન નહિ લેવાની પ્રતિજ્ઞા લેવા લેવરાવવા અંગે આરંભાયેલ સામુદાયિક આંદોલન છે. આ પ્રયત્નના અનુસંધાનમાં જણાવતાં આનંદ થાય છે કે જૈન સમાજ પણ આ બાબતમાં જાગૃત થયો છે, એટલું જ નહિ પણ, જૈન સમાજના ધર્મગુરુઓ, આચાર્યો, મુનિવરો જેઓ આજ સુધી આવી બાબતોમાં ઉદાસીનતા સેવતા જોવામાં આવતા હતા તેઓ પણ આ ટાણે સમયની માંગને પીછાણીને ઉપર જણાવેલ પ્રયત્નમાં અગ્રભાગ લઈ રહેલ છે. મળેલી ખબર મુજબ દિલ્હી ખાતે આચાર્ય તુલસીએ અઠવાડીએ એક ટંકના ભોજનત્યાગના પ્રતિજ્ઞાપત્ર ઉપર સહી લેવાની ઝુંબેશ શરૂ કરી છે અને તેમાં લગભગ ૫૦,૦૦૦ સહીઓ લેવાઈ ચૂકી છે. મુંબઈ ખાતે પણ મોટા ભાગે જૈન શ્વે. મૂ. આગેવાનોની બનેલી શ્રી રાષ્ટ્રીય સહકાર જૈન સમિતિ તા. ૭-૧૧-૬૫ના રોજ ઊભી કરવામાં આવી છે અને તેને મુંબઈમાં વસતા શ્વે. મૂ. સમાજના આગેવાન આચાર્યો અને મુનિવરોનો પૂરો ટેકો છે. આ સંસ્થાના ઉપક્રમે તા. ૨૧-૧૧-૬૫ના રોજ બોલાવવામાં આવેલી જૈનોની જાહેર સભાએ નીચે મુજબનો ઠરાવ પસાર કર્યો છે:–

"આજ તા. ૨૧-૧૧-૬૫ રવિવારના રોજ બપોરના ત્રણ વાગતાં શ્રી નેમિનાથ જૈન ઉપાશ્રય - પાયધુની - મુંબઈ ખાતે પ. પૂ. આ. શ્રી. વિજયપ્રતાપસૂરીશ્વરજી મહારાજ, પ. પૂ. આ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ, પ. પૂ. મુનિરાજશ્રી યશોવિજયજી મહારાજ, પ. પૂ. પ્રવર્તક મુનિરાજશ્રી જ્યાનંદવિજયજી મહારાજ આદિની નિશ્રામાં મળેલી જૈનોની આ જાહેરસભા વર્તમાન કાળે યુદ્ધ તથા અનાજની અછત અંગે રાષ્ટ્રમાં વ્યાપેલી કટોકટીને ચિંતાની નજરે નિહાળે છે અને તેના નિવારણ અર્થે ભારતના મહાઅમાત્ય સર્વશ્રી લાલબહાદુર શાસ્ત્રીએ જનતાને પોતાની પાસેનું સુવર્ણ, લોન તરીકે આપવાની તથા અઠવાડિયામાં એક ટંક અનાજ છોડવાની જે હાકલ કરી છે, તેને હાર્દિક ટેકો આપે છે. અને સમસ્ત ભારતવર્ષના જૈન સંઘો, જૈન સંસ્થાઓ

તથા જૈન જનતાને વિનંતી કરે છે કે આ બંને બાબતમાં બની શકે તેટલો વધારે સક્રિય સાથ આપવો.

"વિશેષમાં હાલની કટોકટીને ધ્યાનમાં લઈને કાળાં બજારોને ઉત્તેજન આપવું નહિ, ખોટો સંગ્રહ કરવો નહિ, જમણવારો બંધ રાખવા, અનાજનો બગાડ થવા દેવો નહિ, પાણીનો વપરાશ મર્યાદિત કરવો, ખોટા ખર્ચા કરવા નહિ તથા ખાદ્ય અંગે બને તેટલો સંયમ કેળવી ઉપવાસ, આયંબિલ, એકાશન, ઉણોદરી વ્રત તેમ જ જપ આદિની યથાશક્તિ આરાધના કરવી."

અને આ ઠરાવ અનુસાર પ્રસ્તુત સમિતિના કાર્યકર્તાઓએ મુનિશ્રી યશોવિજયજીના નેતૃત્વ નીચે જોરદાર ઝુંબેશ શરૂ કરી છે, અને આને લગતા પ્રતિજ્ઞાપત્રો ઉપર સહીઓ લેવાનું શરૂ કર્યું છે. અને ત્રણ મહિનાની અંદર એક લાખ સહીઓ એકઠી કરવાનો મનોરથ તેમણે જાહેર કર્યો છે. આ રાષ્ટ્રીય સહકાર જૈન સમિતિનું પાયધુનિ ઉપર ગુલાલવાડીના નાકે આવેલ શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સની ઑફિસમાં કાર્યાલય રાખવામાં આવ્યું છે અને શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ આ સમિતિના પ્રમુખ છે, અને શ્રી જયંતીલાલ રતનચંદ શાહ, શ્રી ધીરજલાલ ટોકરશી શાહ, શ્રી મુકિતલાલ વીરવાડીઆ તથા શ્રી. પન્નાલાલ બી. શાહ આ સમિતિના મંત્રીઓ છે.

આ સમિતિએ છાપેલાં પ્રતિજ્ઞાપત્રોમાં નીચે જણાવેલ પાંચ પ્રકારની પ્રતિજ્ઞાઓ ઉપર સહીઓ લેવામાં આવે છે:—

૧. અઠવાડિયે બે અથવા એક ટંકનું અનાજ છોડવું.

૨. અઠવાડિયે બે અથવા એક વાર આયંબિલ કરવું.

૩. અઠવાડિયે બે અથવા એક એકાશન - એકટાણું કરવું.

૪. ચાલુ પહેરવાનાં કપડાં એકાંતરે ધોવરાવવા.

૫. આઠમ ચૌદશે કે સપ્તાહમાં કોઈ પણ એક દિવસે કે મહિનામાં કુલ ચાર દિવસ કપડાં ધોવડાવવા નહિ.

આમાંની પહેલી ત્રણ પ્રતિજ્ઞાઓ અનાજને લગતી અને વિકલ્પાત્મક છે. એ મુજબ પછીની બે પાણીના ઉપયોગને લગતી અવિકલ્પાત્મક છે. અનાજની કટોકટીના સંદર્ભમાં પાણીના ઉપયોગને લગતી પ્રતિજ્ઞાઓ એટલી જરૂરી કે પ્રસ્તુત નથી. આ પ્રવૃત્તિને બને તેટલો ટેકો આપવો તે દરેક દેશવાસીની ફરજ છે.

જૈન ધર્મગુરુઓ આજ સુધી આવી દેશવ્યાપી બાબતોને સાંસારિક અને સામાજિક લેખીને તેથી અલગ રહેતા હતા. આજે આવી અલગતા છોડીને તેઓ અદ્યતન કટોકટીમાં સમાજને માર્ગદર્શન જ નહિ, પણ જરૂરી પ્રવૃત્તિનું સક્રિય સંચાલન કરવાને ઉદ્યુકત થયા છે. આ તેમનામાં જાગૃત થયેલી social consciousness—સામાજિક સભાનપણાની - દ્યોતક છે. આ નવી જાગૃતિ અને ક્રિયાશીલતા સર્વ પ્રકારે અભિનંદનીય અને આવકારપાત્ર છે.

## ૮૦ વર્ષની સીમાને વટાવી ચૂકેલા કાકાસાહેબ કાલેલકરને વંદન-અભિનંદન !

પૂજ્ય કાકાસાહેબ કાલેલકર જેમના નામથી 'પ્રબુદ્ધ જીવન'ના વાચકો સુપરિચિત છે, તેમણે તાજેતરમાં તા. ૧-૧૨-૬૫ બુધવારના રોજ ૮૦ વર્ષ પુરાં કરીને ૮૧માં વર્ષમાં પ્રવેશ કર્યો છે. આ શુભ અવસરને લક્ષમાં લઈને તેમના જન્મદિને રાષ્ટ્રપતિભવનમાં ભારતના રાષ્ટ્રપતિ તથા ઉપરાષ્ટ્રપતિ તરફથી કાકાસાહેબનું બહુમાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સેંકડો નરનારીઓ ઉપસ્થિત થયાં હતાં. ડૉ. રાધાકૃષ્ણને કાકાસાહેબનું અભિવાદન કરતાં તેમને એક સમર્પિત માનવી તરીકે વર્ણવ્યા હતા અને જણાવ્યું હતું કે, "કાકાસાહેબ એક મહાન કેળવણીકાર છે અને તેઓ પોતાનું આ ધર્મકાર્ય મીશનરીની તમન્નાથી આજ સુધી એકસરખું ચલાવી રહ્યા છે. આજે આપણને જરૂર છે આન્તરરાષ્ટ્રીય કલ્યાણકર્તાઓની અને નહિ કે આન્તરરાષ્ટ્રીય ગુંડાઓની, અને કાકાસાહેબ જેવી વ્યકિતઓ જ આ કલ્યાણવાદનો સંદેશો અસરકારક રીતે દુનિયામાં ચોતરફ પહોંચાડી શકે તેમ છે." ડૉ. ઝાકીરહુસેને કાકાસાહેબની બે પ્રકારની સિદ્ધિઓનો - એક સંનિષ્ઠ કેળવણીકાર તરીકેની અને બીજી હિંદુસ્તાનીના પ્રખર પુરસ્કર્તા તરીકેની સિદ્ધિઓનો ઉલ્લેખ કર્યા બાદ જણાવ્યું હતું કે "આજે બે પ્રકારના કેળવણીકારો જોવામાં આવે છે—એક વ્યવસાયી કેળવણીકાર અને બીજા નિ:સ્વાર્થ નિષ્ઠાપૂર્વકની સેવાને જીવનકાર્ય તરીકે સ્વીકારનાર કેળવણીકાર. આમાં કાકાસાહેબ બીજી કક્ષાના કેળવણીકાર છે." આગળ ચાલતાં રાષ્ટ્રપતિએ હિંદુસ્તાનીને વેગ આપવાના તેમના પ્રયત્નોના વખાણ કરતાં જણાવ્યું હતું કે "જો હિંદીને જનતાની ભાષા બનાવવી હોય તો તે સાદી અને હળવી હિંદી હોવી જોઈએ. આવી સાદી હિંદીને બદલે જો આપણે કઠણ - સંસ્કૃતપ્રચુર—હિંદીનો પ્રચાર કરીશું તો તે કદિ પણ લોક-આદરને પાત્ર નહિ બને." આ જ મુદ્દાનો વિસ્તાર કરતાં કાકાસાહેબે પોતાના આભારનિવેદનમાં જણાવ્યું હતું. કે "હિંદીને આમપ્રજાના વિચારો વ્યકત કરવાનું આપણે સર્વવ્યાપી માધ્યમ બનાવવું હશે તો આપણે અંગ્રેજી ભાષાના અનેક શબ્દોને આજની હિંદીમાં અપનાવવા પડશે." ત્યાર બાદ પોતાના નિવેદનના અન્તભાગમાં તેમણે જણાવ્યું હતું કે "મેં મારું આજ સુધીનું જીવન પ્રજાની—રાષ્ટ્રની - સેવામાં વ્યતીત કર્યું છે અને હવે પછીના અવશેષ વર્ષો પણ એ જ પ્રમાણે રાષ્ટ્રની સેવામાં સમર્પિત કરવાની ભાવના હું ધરાવું છું." આમ કહેતાં કહેતાં લાગણીઓના દબાણ નીચે કાકાસાહેબનું હૈયું ભરાઈ આવ્યું હતું અને તેમનો કંઠ રૂંધાઈ ગયો હતો.

અન્તમાં ડૉ. રાધાકૃષ્ણને સસ્તું સાહિત્ય મંડળ દિલ્હી તરફથી પ્રગટ કરવામાં આવેલ કાકાસાહેબના જીવન અને સિદ્ધિઓને રજુ કરતા "સંસ્કૃતિ કા પરિવ્રાજક" નામના પુસ્તકની નકલ અને શ્રી. માધવપ્રસાદે લખેલ "ગાંધીયન પેટ્રીઆર્ક" એ નામના કાકાસાહેબના જીવનવૃત્તાન્તની નકલ કાકાસાહેબને અર્પણ કરી હતી.

કાકાસાહેબનો પ્રથમ પરિચય, આજથી ૫૩ કે ૫૪ વર્ષ પહેલાં તેઓ વડોદરામાં રહેતા હતા તે દરમિયાન, સ્વામી આનંદ દ્વારા મને થયેલો. ત્યાર પછી આજ સુધી તેમની સાથે મારો એકસરખો આત્મીય સ્નેહભર્યો સંબંધ રહ્યો છે. આપણા વિશાળ સમાજમાં કાકાસાહેબ સાથે સરખાવી શકાય એવી વ્યકિતઓ મળવી બહુ મુશ્કેલ છે. ૮૦ વર્ષ સુધીનું આયુષ્ય બહુ ઓછી વ્યકિતઓને પ્રાપ્ત થાય છે. એમાં પણ, માત્ર કાને ઓછું સંભળાય છે એટલી ત્રુટિ બાદ કરો તો આ ઉમ્મરે તેમની બધી ઈન્દ્રિયો સાબુત છે; સતત પ્રવાસક્ષમ એવી તેમની શારીરિક તાકાત છે. પ્રવાસ તો તેમનો ચાલુ જ હોય છે. દુનિયાના લગભગ બધા ખંડો તેમણે નજરે નિહાળ્યા છે. પાક્ષિક 'મંગળ પ્રભાત'નું તેઓ સંપાદન કરે છે, એટલું જ નહિ, તે માટે તેઓ પુષ્કળ લખતા હોય છે. વાર્તાલાપમાં એની એ તેજસ્વીતાનો અનુભવ થાય છે. વિનોબાજીને તેમ જ તેમને આપણે જંગમ વિદ્યાપીઠ કહી શકીએ. જ્યારે તેમને મળવાનું બને ત્યારે અખંડ વાર્તાલાપ ચાલે અને તેમની પાસેથી કાંઈ ને કાંઈ નવું જાણવા—સમજવાનું મળે જ મળે. એ રીતે તેઓ સદા નિત્યનૂતન રહ્યા છે. ગાંધીજીના ગણ્યાગાંઠયા અન્તેવાસીઓમાં તેઓ સૌથી વયોવૃદ્ધ અને જ્ઞાનવૃદ્ધ પુરુષ છે. તેમને જોતાં અને તેમનાં શબ્દાર્થનાં વિશ્લેષણો અને તાત્ત્વિક વિવેચનો સાંભળતાં પાણિ ી-પંતજલિ યાદ આવે. આવી વિભૂતિ આપણી વચ્ચે હજુ પણ ફરતી હરતી અને દેશના એક ખૂણેથી અન્ય ખૂણે વિચરતી છે—એ આપણા દેશના અહોભાગ્ય છે. તેઓ પીવાય તેટલું પી લ્યો એ પ્રકારની વહેતી જ્ઞાનગંગા છે. અનુભવ અને અવલોકનની તેઓ ખાણ છે. તેઓ અવશેષ જીવન આરોગ્યપૂર્વક વ્યતીત કરે એવી શુભેચ્છા અને પ્રાર્થના સાથે આ ૮૧મી જન્મજયંતી પ્રસંગે આપણાં પણ તેમને અનેક અભિનંદન અને વંદન હો!

પરમાનંદ

# ☆ હરભાઈ અને ઘરશાળા ☆

ગયા નવેમ્બર માસની ૧૪મી તારીખે ભાવનગરની સુપ્રસિદ્ધ શિક્ષણસંસ્થા ઘરશાળાએ ગુજરાતના શિક્ષણપ્રધાન શ્રી ઈન્દુમતીબહેનના પ્રમુખપણા નીચે પોતાનો રજત જયન્તી સમારોહ ઉજવ્યો હતો અને એ જ પ્રસંગે ઘરશાળાના સ્થાપક અને ગુજરાતના અગ્રગણ્ય કેળવણીકાર શ્રી હરભાઈ ત્રિવેદીને રૂા. ૧,૧૧,૧૧૧ ની રકમ સમર્પણ કરીને તેમનું બહુમાન કરાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે પાંચેક હજાર ભાઈ–બહેનો ઉભય અવસરમાં ભાગ લેવા માટે ઉપસ્થિત થયાં હતાં. આ રજત જયન્તી મહોત્સવ અને સન્માન સમારંભ છેલ્લાં બે વર્ષથી એક યા બીજા પ્રકારની અનિવાર્ય આપત્તિઓના કારણે મુલતવી રાખવો પડેલો અને આ વખતે પણ આજની કટોકટીને ધ્યાનમાં લઈને મૂળ આયોજનમાં વિચારવામાં આવેલ ત્રણ દિવસના ભરચક કાર્યક્રમના સ્થાને માત્ર એક સાદા સંમેલનથી સંતોષ માનવાનું વિચારવામાં આવ્યું હતું. આમ છતાં પણ પ્રસ્તુત સંમેલન વિશિષ્ટ વ્યક્તિઓની ઉપસ્થિતિથી અને પ્રસંગોચિત સુંદર વિવેચનોથી પૂરા અર્થમાં સફળ બન્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત થયેલા શ્રી. એચ્. એમ્. પટેલે, શ્રી ડૉલરરાય માંકડે, શ્રી ઝીણાભાઈ રતનજી દેસાઈએ (સ્નેહરશ્મિએ) શ્રી ચંદ્રવદન શાહે, શ્રી ચંદ્રભાઈ ભટ્ટે ! શ્રી ઉપેન્દ્ર ભટ્ટે તથા શ્રી જાદવજી મોદીએ શ્રી હરભાઈને અત્યંત ભાવભરી અંજલિઓ આપી હતી અને ઈ. સ. ૧૯૧૬ થી માંડીને ૧૯૩૮ સુધી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન મારફત અને ૧૯૩૯ થી આજ સુધી ઘરશાળા મારફત શિક્ષણના ક્ષેત્રમાં હરભાઈએ કરેલી વિપુલ સેવાની જુદી જુદી બાજુઓને બીરદાવી હતી.

આ પ્રસંગે શ્રી હરભાઈ ત્રિવેદીને અર્પણ કરવામાં આવેલ માનપત્ર હરભાઈના વ્યક્તિત્વને તેમ જ તેમના કાર્યને મિતાક્ષરી વાણીમાં રજુ કરતું હોઈને અને મિત્ર તરીકે, સાથી તરીકે, શિક્ષક તરીકે કે વિદ્યાર્થી તરીકે જે વિશાળ પરિવાર હરભાઈના સીધા સંપર્કમાં આવ્યો છે તેમનો હરભાઈ પ્રત્યેનો ભાવ યથાસ્વરૂપે રજુ કરતું હોઈને તે જેવું છે તેવું અહિં રજુ કરવું પ્રસ્તુત લાગે છે.

## "અમારા હરભાઈ ! સૌના હરભાઈ !

આજે તમે ૭૫માં વર્ષમાં પ્રવેશ કરો છો; આજનો મંગળદિન આમ સૌને માટે અતિ આનંદનો પ્રસંગ છે.

સન ૧૯૧૪માં તમે અધ્યાપન કાર્ય શરૂ કર્યું. છેલ્લાં એકાવન વર્ષમાં, અખૂટ સહાનુભૂતિ, ધીરજ અને પ્રેમને લીધે આત્મીયતા અનુભવનારાઓનો વિશાળ સમુદાય તમારી ચોમેર આપોઆપ ઊભો થયેલો છે. એમાંના અમે, વિદ્યાર્થીઓ, અધ્યાપકો, આચાર્યો, નાગરિકો તેમ જ આપના અંગત મિત્રો આજે તમારું હૃદયપૂર્વક અભિવાદન કરીએ છીએ.

તમો સો સો વર્ષ જીવો; આખર સુધી સંપૂર્ણ સ્વાસ્થ્ય ભોગવો !

કેળવણીના તમે મૌલિક ચિંતક છો, તત્ત્વજ્ઞ છો, આર્ષદૃષ્ટા છો. નવી તર કેળવણી દ્વારા જીવનમાં આમૂલ ક્રાન્તિ લાવવાના કાર્યમાં અગ્રિમ મશાલચી બની તમે મહામૂલો ફાળો આપ્યો છે.

ભય, રજા, વડીલશાહી, શિસ્તની જડતા, ભાપણખોર શિક્ષણ યોજના, પરીક્ષા પદ્ધતિનાં અનિષ્ટો વગેરે સામે તમે જીવનભર ઝઝુમી અનેક સુધારાઓ ચાલુ કરાવ્યા છે. જાનીય સમજણવાળું સહશિક્ષણ, સ્વાધ્યાયપ્રધાન શિક્ષણ યોજના તથા છાત્રાલયની કેળવણીમાં તમે અનેક સફળ પ્રયોગો કર્યા છે. આત્મભાન આપાવે, સર્જનશક્તિ ખીલવે તેવું મુક્ત અને પ્રેમાળ વાતાવરણ ઘરેઘર અને શાળાઓમાં બાળકને મળતું થાય તે માટે તમે વ્યાખ્યાનો, પુસ્તકો તથા માસિકો દ્વારા સફળ આંદોલનો કર્યા છે. એ રીતે નૂતન મનોવિજ્ઞાન અને નૂતન શિક્ષણમાં તમે જે ફાળો આપ્યો છે તે ઈતિહાસમાં ચિરસ્મરણીય રહેવાનો છે.

ભાવનગરની બહાર દેશવિદેશમાં ફરતી વખતે ખ્યાલ આવે છે કે અદ્યતન માનસ અને શિક્ષણશાસ્ત્ર ઉપર વૈજ્ઞાનિક રીતે થયેલા તમારા પ્રયોગો માત્ર ભાવનગર માટે જ નહિ, દેશ અને દુનિયાને માટે નવીન દિશા સૂચવતા હતા. અમે તે માટે ગર્વ અનુભવીએ છીએ.

તમે અમારા સૌના મિત્ર છો; એથી 'આપ' 'પૂજ્ય' કે 'માનનીય' શબ્દો તમારા માટે વાપરવા અમને ગમ્યા નથી. કારણ, તમારા વ્યવહારમાં ક્યાંએ વડીલશાહીએ સ્પર્શ જ કર્યો નથી. તમે સદાય અમારા 'હરભાઈ' રહ્યા છો. અમારા એ હરભાઈ દીર્ઘાયુ બનો; યૌવનની તાઝગીભરી તમારી જીવનદૃષ્ટિનો પ્રકાશ સૌને ચિરકાળ દેતા રહો !

**ઘરશાળા રજતજયંતી તથા શ્રી હરભાઈ સન્માન સમિતિ વતી**
ભાવનગર તા. ૧૪–૧૧–૬૫ **અધ્યક્ષ : શાંતિલાલ મંગળદાસ"**

આવા હરભાઈ અને તેમનું સર્જન ઘરશાળાનો પ્રબુદ્ધ જીવનના વાચકોને કાંઈક નિકટ પરિચય થાય તે હેતુથી તે બન્નેને લગતી થોડી માહીતી અહીં આપવામાં આવે તો તે અસ્થાને નહિ ગણાય.

હરભાઈનો જન્મ ૧૮૯૧ના નવેમ્બર માસની ૧૪મી તારીખે વરતેજ મુકામે થયો. મારાથી આ રીતે તેઓ ઉંમરમાં બે વર્ષ મોટા. અમે ભાવનગર આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં સાથે ભણેલા. હું ૧૯૦૯માં મેટ્રીક પાસ થઈને મુંબઈ ભણવા ગયો. હરભાઈ સમયાન્તરે ભાવનગરની શામળદાસ કૉલેજમાં બી. એ. થયા. ૧૯૧૦માં ભાવનગરમાં શ્રી. દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનની એક છાત્રાલયના આકારમાં સ્વ. શ્રી. નાનાભાઈ ભટ્ટે સ્થાપના કરેલી. ૧૯૧૬માં એ સંસ્થા સ્વતંત્રપણે જાહેર કેળવણી આપતી સંસ્થા બની અને મુ. નાનાભાઈ તથા સ્વ. ગિજુભાઈના આવાહનથી ૧૯૧૭માં હરભાઈ શ્રી દક્ષિણામૂર્તિવિદ્યાર્થીભવનમાં આજીવન સભ્ય તરીકે જોડાયા અને સમય જતાં વિનયમંદિરના આચાર્ય બન્યા. ૧૯૨૬માં તેમણે વિનયમંદિરમાં 'ડૉલ્ટન પ્લાન'ના નામે ઓળખાતી સ્વાધ્યાય–યોજનાનો પ્રયોગ શરૂ કર્યો. શ્રી નાનાભાઈ, ગિજુભાઈ તથા હરભાઈ–એ ત્રિપુટીના સંચાલન નીચે દક્ષિણામૂર્તિએ બાલ કેળવણીથી માંડીને વિનયમંદિર સુધીની સમગ્ર કેળવણીને નવું રૂપ–નવો આકાર–આપ્યો અને નૂતન શિક્ષણના નામે ઓળખાતી એક નવી આબોહવા પેદા કરી. ૧૯૩૯ની સાલમાં ભાવનગર ખાતેના દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવનને સિવર્સાજિત કરીને નાનાભાઈ ભટ્ટ આંબાલા ગયા અને ત્યાં ગ્રામ દક્ષિણામૂર્તિની સ્થાપના કરી. આથી ભાવનગરમાં જે ખાલીપણું–vaccume–પેદા થયું તેની પુરવણી કરવાનો મનોરથ ત્રણ મિત્રોના દિલમાં પેદા થયો: શ્રી હરભાઈ ત્રિવેદી, સ્વ. માણેકલાલ હરગોવિંદ પંડ્યા અને તેમના ભાણેજ શ્રી ઉપેન્દ્ર જી. ભટ્ટ જેઓ અમારા વર્તુલમાં મસ્તરામભાઈ તરીકે ઓળખાતા (એ વખતના ભાવનગર રાજ્યના એક્ઝીક્યુટીવ એન્જિનિયર અને દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનના પ્રારંભના દિવસોના એક વિદ્યાર્થી) આ ત્રણેના સહકારના પરિણામે શ્રી હરભાઈના મુખ્ય સંચાલન નીચે 'ઘરશાળા'નો ૧૯૩૯માં જન્મ થયો. આ ઘરશાળાએ આજે ૨૫ વર્ષ પૂરાં કર્યાં છે અને તે અનેક રીતે ફાલીફૂલી છે. આજનાં તેનાં મુખ્ય અંગો છે: ૧. બાળમંદિર, ૨. કુમારમંદિર, (બુનિયાદી શાળા), ૩. હાઈસ્કૂલ (વિનયમંદિર વિવિધલક્ષી શાળા), ૪. બાલ અધ્યાપન મંદિર, ૫. બુનિયાદી અધ્યાપન મંદિર, ૬. છાત્રાલય, તથા ૭. મંગળ પુસ્તકાલય.

જે મુખ્ય મુખ્ય સિદ્ધાન્તો પર અને જે દૃષ્ટિ નજર સમક્ષ રાખી સંસ્થાના તમામ વિભાગો ચાલે છે અને એ આ સંસ્થાની જે વિશેષતાઓ છે તે આ પ્રમાણે છે. ૧. વ્યક્તિગત વિકાસ માટે પૂરતું સ્વાતંત્ર્ય,

૨. ભણાવવું નહિ પણ ભણવા દેવું એટલે સ્વયંશિક્ષણ, ૩. જીવન અનુભવોમાંથી શીખવું અને જ્ઞાન મેળવવું. ૪. નિર્ભયતા, ૫. સહાનુભૂતિ, ૬. બધા જ પ્રકારના દંડનો અભાવ, ૭. હરીફાઈ - ઈનામ - લાલચને તિલાંજલિ, ૮. પરીક્ષાઓના ભયમાંથી મુક્તિ, ૯. શિક્ષક - વિદ્યાર્થીઓના પ્રેમભર્યા અને મૈત્રીભર્યા સંબંધો, ૧૦. શરીર, મન, બુદ્ધિ, અને લાગણીના વિકાસ માટે વિવિધ પ્રકારનું વાતાવરણ, ૧૧. હાથ-પગ ચલાવવાની તાલીમ, ૧૨. શ્રમમહાત્મ્ય, ૧૩. ઉદ્યોગ અને ઔદ્યોગિક પ્રવૃત્તિઓના સંસ્કાર મળે અને ટેવો કેળવાય તેવાં આયોજનો, ૧૪. સમૂહ જીવનની તાલીમ અને જવાબદારીની સમજણ આવે, ને વધે અને એક જવાબદાર વ્યકિત તરીકે સમાજમાં વિદ્યાર્થીઓ જીવી શકે એ માટે વિદ્યાર્થીમંડળો, અને તેનાં જવાબદારીનાં કામોની વહેંચણી, ૧૫. સ્ત્રી - પુરુષની સમાનતા અને સહજીવનની કેળવણીનાં સંસ્કારનાં મૂળ નંખાય તે માટે બાલ્યાવસ્થાથી જ સહશિક્ષણનો સ્વીકાર.

૧૯૪૭માં આપણો દેશ આઝાદ થયા બાદ આજસુધીમાં રાજ્ય સરકારે નીમેલી શિક્ષણને લગતી અનેક સમિતિઓ ઉપર હરભાઈએ કામ કર્યું છે. ૧૯૫૮ થી ૧૯૬૪ સુધી મુંબઈની સંયુક્ત વિધાન પરિષદના તેઓ સભ્ય રહ્યા છે. ૧૯૬૩-૬૪ દરમિયાન દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર ઈયુનિવર્સિટીની રચનાસમિતિના એક સભ્ય તરીકે હરભાઈએ ઉપયોગી કામગીરી બજાવી છે.

શ્રી હરભાઈ ઘરશાળા સંચાલન મંડળના આજીવન પ્રમુખ છે. આ ઉંમરે પણ તેઓ ઘરશાળાના બહોળા વહીવટનું જાતે સંચાલન કરી રહ્યા છે, અને શૈક્ષણિક કાર્યના અનુસંધાનમાં અમદાવાદ, વડોદરા, મુંબઈ અને દિલ્હી સુધી અવારનવાર પ્રવાસ કરવાનું તેમના ભાગે આવે છે. ૧૯૬૦ની સાલમાં ભાવનગર કેળવણી મંડળની સ્થાપના કરવામાં આવી તેના પણ તેઓ પ્રમુખ છે. દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનમાં હરભાઈ હતા ત્યારે ૧૯૨૬ની સાલથી શરૂ કરવામાં આવેલ 'છાત્રાલય' માસિકના તેઓ મુ. નાનાભાઈ સાથે સહતંત્રી હતા. ૧૯૩૫માં અબરામાં પરિષદ પછી સૂરત ખાતે શરૂ કરવામાં આવેલ 'નૂતન શિક્ષણ'ના શ્રી ચંદ્રવદન ચુનીલાલ શાહ સાથે આજ સુધી તેઓ સહતંત્રી રહ્યા છે. ૧૯૩૯માં ઘરશાળાની સ્થાપના સાથે શરૂ કરવામાં આવેલ 'ઘરશાળા' માસિકનું તેઓ ત્યારથી આજ સુધી કુશળ સંપાદન કરી રહ્યા છે. તેમની બહુલક્ષી પ્રજ્ઞા છે. માત્ર શિક્ષણ અથવા તો કેળવણીના વિષય ઉપર જ નહિ પણ જાતીય વિજ્ઞાન, મનોવિશ્લેષણ વગેરે અનેક વિષયો ઉપર તેમણે પાર વિનાનાં લખાણો લખ્યાં છે અને તેમાંનું કેટલુંક પુસ્તકાકારે પ્રગટ થયું છે. આજે પણ તેમનો લેખનવ્યવસાય એકસરખો પ્રવાહબદ્ધ ચાલ્યા કરે છે. સદ્‌ભાગ્યે તેમનું શરીર પણ હજુ સુધી પૂરી કાર્યક્ષમતા ધરાવે છે. આવા મારા પુરાણા મિત્ર હરભાઈ અને તેઓ જેના પ્રાણ છે એવી ઘરશાળા સંસ્થાનો આ રીતે પરિચય આપતાં હું અનોખું ગૌરવ અનુભવું છું. અન્તમાં એ જ પ્રાર્થના કે હરભાઈ સુરક્ષિત આરોગ્યપૂર્વક શતાયુ બને અને ઘરશાળા ઉત્તરોત્તર ઉત્કર્ષનાં નવાં નવાં સીમાચિહ્નો સર કરતી રહે.

પરમાનંદ

## આચાર્ય રજનિશજીનાં પ્રવચનો

આચાર્ય રજનિશજી આવતી તા. ૨૮ ડિસેમ્બરના રોજ મુંબઈ આવી રહ્યા છે. તેમનાં જાહેર પ્રવચનો કોટમાં, મ્યુઝિયમ સામે, કાવસજી જહાંગીર હોલમાં તા. ૨૮મી એ સાંજે, તા. ૨૯, ૩૦ સવારે તથા સાંજે અને તા. ૩૧ સવારે જીવનજાગૃતિ કેન્દ્રના ઉપક્રમે યોજવામાં આવેલાં છે. સવારનો સમય ૮-૫૦ થી ૧૦-૦ અને સાંજનો સમય ૬-૩૦ થી ૭-૩૦ રાખવામાં આવેલ છે.

## સંઘના સભ્યો તેમજ પ્રબુદ્ધ જીવનના ગ્રાહકોને–

**સરનામા નવા છપાવવાના હોઈ સભ્યો તથા ગ્રાહકોને પોતાના સરનામામાં જે કાંઈ ફેરફાર હોય અથવા નજીવી પણ ભૂલ રહેતી હોય તો તે સત્વર કાર્યાલયને જણાવવા આથી વિનંતી કરવામાં આવે છે.**

વ્યવસ્થાપક.

# ❋ થોડાંક અવલોકનો ❋

## 'ફલિત કે અંધવિશ્વાસ'

આ હિંદી પુસ્તકના લેખક છે શ્રી શાન્તપ્રકાશ સત્યેદાસ. તેનું પ્રાપ્તિસ્થાન છે અનન્તાનંદ પ્રકાશન, રિંગનોંદ (રતલામ-મધ્ય પ્રદેશ), અને તેની કિંમત છે. રૂ. ૨-૫૦.

આ પુસ્તકની નીચે મુજબ પ્રસ્તાવના છે:–

રાશિ-કુંડલી સે ભવિષ્ય કહ, જો બતલાતે હમેં મુહૂર્ત,
ઉન્હે સમઝિયે દુનિયા ભરકો ઠગને વાલે પક્કે ધૂર્ત.

જૂઠા સારા સ્વપ્ન શાસ્ત્ર હૈ, જૂઠા રેખાકા લેખા,
શકુનોમેં કયા શકિત અરે, અપના ભવિષ્ય કિસને દેખા?

સંયમ ઔર સમઝદારી સે હોતી હૈ ઘરમેં શાન્તિ,
"નવગ્રહોંકી શાન્તિ કરે ગૃહશાન્તિ"–અરે યહ સચમુચ ભ્રાન્તિ.

બસ યહી સબ કુછ હૈ–ઈસ છોટીસી પુસ્તક મેં.

આ રીતે આપણા દેશમાં રાશિ-કુંડલી નામ પર, મુહૂર્તના નામ ઉપર, સ્વપ્નશાસ્ત્રના નામ ઉપર, હસ્તરેખા તથા સામુદ્રિક શાસ્ત્રના નામ ઉપર, શકુનશાસ્ત્રના નામ ઉપર જે માન્યતાઓ અને વહેમો ચાલે છે તે કેટલા પાયાવિનાના અને પોકળ છે તેનો આ પુસ્તકમાં એક વિસ્તૃત આલોચના દ્વારા સચોટ ખ્યાલ આપવામાં આવ્યો છે. આ ઉપરાંત આ પુસ્તકમાં અસફળ બનેલી ભવિષ્યવાણીઓના તેમ જ સફળ બનેલી ભવિષ્યવાણીઓએ નીપજાવેલી ભયંકરતાના સચોટ દૃષ્ટાન્તો આપીને ભવિષ્ય જાણવાની માનવજાતમાં રહેલી ઘેલછાની અનર્થકારકતા ભારે અસરકારક રીતે રજૂ કરવામાં આવી છે. ભાષા જોશીલી તથા પ્રચારલક્ષી છે. આપણો દેશ કે જ્યાંનું પ્રજાજીવન અનેક વહેમો અને પાયાવિનાની માન્યતાઓ અને અંધશ્રદ્ધાથી અત્યન્ત કલુષિત છે ત્યાં આવા વહેમનિર્મૂલક સાહિત્યની ખૂબ જરૂર છે. લોકો પોતાના જીવન વિષે બુદ્ધિપૂર્વક વિચાર કરતાં થાય અને ચાલુ માન્યતાઓને કારણકાર્યના શાશ્વત કાનૂનના માપદંડથી કસતા થાય એ અત્યન્ત આવશ્યક છે. આ શુભ હેતુથી પ્રેરાઈને લખાયેલા આ પુસ્તક માટે લેખકને અનેક ધન્યવાદ ઘટે છે.

## 'ચમત્કાર અને વહેમો'

આ ગુજરાતી પુસ્તકના લેખક છે શ્રી રતિલાલ મફાભાઈ શાહ, તેઓ માંડલનિવાસી છે. વર્ષોજુના શિક્ષક અને લેખક છે. 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોને તેઓ સુપરિચિત છે. આ પુસ્તકનો આશય પણ પ્રજામાનસમાં ઘર કરી રહેલ ધાર્મિક લેખાતી કેટલીક માન્યતાઓ, વહેમો અને ચમત્કારઘેલછા કેટલી અવૈજ્ઞાનિક છે અને લોકોના પુરૂષાર્થને હાનિ કરનારી છે તેનો તાર્કિક વિશ્લેષણ દ્વારા લોકોને ખ્યાલ આપવાનો છે. લોકમાનસમાં ઘર કરી રહેલી આ નબળાઈઓ પ્રજામાં વ્યાપક એવા અજ્ઞાન, પ્રારબ્ધવાદ અને સ્વતંત્ર રીતે વિચાર કરવાના અસામર્થ્યમાંથી પેદા થઈ છે. આ સર્વસામાન્ય નબળાઈઓને શ્રી રતિલાલ મફાભાઈ શાહે પોતાની જોશીલી ભાષામાં પડકારી છે અને આજની પરિસ્થિતિમાં આવા બંડખોર વિચારોનો પ્રચાર અત્યન્ત આવશ્યક અને ઉપયોગી હોવાથી પ્રસ્તુત લેખસંગ્રહ પ્રગટ કરવા માટે શ્રી રતિલાલ મફાભાઈ શાહને ખરેખર ધન્યવાદ ઘટે છે. તેમના લખાણમાં, સંભવ છે કે, કોઈને કોઈ ઠેકાણે તર્કસંગતિનો અભાવ લાગે; તેમણે મંત્રતંત્ર અંગે જે વૈચારિક વિશ્લેષણ કર્યું છે તે, સંભવ છે કે, આજના માનસશાસ્ત્રની વિચારણા સાથે કોઈને બંસબેસતું ન લાગે. આમ છતાં પણ, ચાલુ માન્યતાઓ અંગે બુદ્ધિપૂર્વક, તર્કપૂર્વક વિચાર કરવાને બદલે તે જેવી છે તેવી સ્વીકારી લેવાની જનસમુદાયની વૃત્તિ છે; ચમત્કારોના તથ્યાતથ્યમાં ઉતરવાને બદલે તે જેવા સાંભળ્યા તેવા માની લેવાનું લોકસામાન્ય વલણ છે– આ વૃત્તિ અને વલણમાં રહેલ અજ્ઞાન, બધીરતા અને ગતાનુગતિકતા તરફ આ લેખો સચોટતાપૂર્વક અને દલીલપુરઃસર વાંચકોનું ધ્યાન ખેંચે છે. આ રીતે આ નાના સરખા પુસ્તકનું પ્રકાશન આવકારપાત્ર છે.

આ પુસ્તકની કિંમત રૂા. ૧ છે અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલયમાંથી (૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩) મળી શકે તેમ છે. અજ્ઞાન, વહેમ અને અંધશ્રદ્ધાના જાળામાંથી સમાજનાં સ્ત્રી–પુરુષો મુકત બને અને સ્વતંત્ર બુદ્ધિ અને તર્કના પાયા ઉપર પોતાના સમગ્ર જીવનનું ઘડતર કરે આવી આકાંક્ષા સેવતા સુશિક્ષિત નરનારીઓ આ પુસ્તક જરૂર વસાવે અને તેનો શકય તેટલો ફેલાવો કરે એવી તેમને પ્રાર્થના છે.

પરમાનંદ

# શ્રી પરીક્ષિતલાલ સ્મારક નિધિ

★

(શ્રી ગુજરાત હરિજન સેવક સંઘના પ્રમુખ તરફથી નીચે મુજબનો પરિપત્ર મળ્યો છે જેને અમારું સંપૂર્ણ અનુમોદન છે. તંત્રી)

પૂ. ગાંધીજીની પ્રેરણાથી શરૂ થયેલ પછાતવર્ગ અને હરિજનોની સેવા કરતા ગુજરાત હરિજન સેવક સંઘના એકનિષ્ઠ મૂકસેવક શ્રી પરીક્ષિતભાઈ મજમુદાર ગુજરાતની એકધારી ચાલીસ વર્ષની સેવા કરી આપણી વચ્ચેથી વિદાય થઈ ગયા, તે આપ જાણો છો. તેમના જવાથી સમગ્ર ગુજરાતે, તમામ ગરીબ જનતાએ અને ખાસ કરીને હરિજન સમાજે શિરછત્ર ગુમાવ્યું છે.

આખા જીવન દરમિયાન શ્રી પરીક્ષિતભાઈ કીર્તિ અને મોભાની લાલસાથી દૂર રહ્યા હતા. અત્યાર સુધી તેમણે હરિજન સેવક સંઘનું કામ જાત ઘસીને ચલાવ્યે રાખ્યું. હરિજન આશ્રમ અને ગુજરાત હરિજન સેવક સંઘને જતી આશરે વાર્ષિક ૪૦થી ૫૦ હજાર રૂપિયાની ખોટ તેઓ ઘેર ઘેર ફરી ભીખ માગી પૂરી કરતા, તેમના આવા પ્રયાસોથી ગુજરાતભરમાં હરિજનોને સામાજિક હક્કો અપાવવા ઉપરાંત કેળવણીનું કામ બહુ મોટા પાયા ઉપર ચાલતું. પછાતવર્ગો માટેના કન્યા-છાત્રાલયો, કુમાર-છાત્રાલયો, બાલવાડીઓ અને સંસ્કાર-કેન્દ્રો મોટી સંખ્યામાં તેમના પ્રતાપે અસ્તિત્વમાં આવ્યાં છે અને આજે પણ ચાલે છે એટલે માત્ર સ્મારક કરવા ખાતર નહિ, પરંતુ આ ભારે મહત્વના કામો ચાલુ રાખવા ખાતર પણ હરિજન સેવક સંઘની અંદર એક અંકિત ટ્રસ્ટ "શ્રી પરીક્ષિતલાલ સ્મારક નિધિ" કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ નિધિમાં ઓછામાં ઓછા રૂા. પાંચ લાખ ઉઘરાવી ઉપર દર્શાવેલ કામો ચાલુ રાખવા તથા વધુ વેગમાં ધપાવવામાં તેનો ઉપયોગ થશે. ગુજરાતભરમાં આ માટે ફાળો ઉઘરાવવાનું કાર્ય આરંભાઈ ગયું છે. અમને જણાવતાં આનંદ થાય છે કે ઉદ્યોગપતિઓએ રૂપિયા પચ્ચીસ હજારથી માંડી દશ હજાર, પાંચ હજાર, ત્રણ હજાર અને બે હજાર સુધીની વ્યક્તિગત રકમો આપીને રૂપિયા એક લાખ ઉપરાંતની રકમ નોંધાવી છે. અને હજી અન્ય રકમો નોંધાવાનું ચાલુ છે. આ ઉપરાંત જુદા જુદા ક્ષેત્રના વેપાર અને ઉદ્યોગનાં મંડળો, સંસ્થાઓ અને વ્યક્તિઓએ પણ આ ફાળામાં સારી રકમો ભરવાનું શરૂ કર્યું છે.

ગુજરાતના દરેક જિલ્લામાં પણ અતિ ઉત્સાહથી અનેક કાર્યકર્તાઓએ ફાળો ઉઘરાવવાનું કાર્ય ઉપાડી લીધું છે. ગુજરાત હરિજન સેવક સંઘ, ગુજરાતના સૌ વેપાર ઉદ્યોગ અને ધંધો ચલાવતા સૌ ભાઈઓ, મ્યુનિસિપાલિટી, પંચાયત તથા અન્ય ક્ષેત્રમાં કાર્ય કરનારા ભાઈઓને તેમ જ દરેક નાગરિકને આગ્રહપૂર્વક વિનંતી કરે છે કે આ નિધિના ફાળામાં રકમ આપી, અપાવી, ઉઘરાવી, દેશના મહાન પુણ્યકાર્યમાં અને સાથે સાથે શ્રી પરીક્ષિતભાઈની પવિત્ર સ્મૃતિ સાચવવાના શુભ કાર્યમાં આપ સહાયરૂપ બનશો.

ગુજરાતના સૌ ભાઈબહેનોને અમારી આગ્રહભરી વિનંતી છે કે દરેક જણ આ કામમાં અંગત રસ લઇ વહેલી તકે આ નિધિના ફાળાનું કામ ઉપાડી લેશે. ગુજરાતભરમાં અને ગુજરાતની બહાર વસતા દરેક સ્ત્રી પુરૂષે આ કાર્યમાં કંઈક કરી છૂટવાનો નિર્ધાર કરી પોતાના વિભાગના જુદા જુદા દરેક ક્ષેત્રમાં ફાળા ઉઘરાવવાનું વ્યવસ્થિત કાર્ય ઝડપથી શરૂ કરી દેવું જોઈએ અને પોતાના જીલ્લામાં આ અંગે કાર્ય કરનાર કાર્યકર્તાઓને પુરો સાથ આપવો જોઈએ.

આ ફાળામાં અપાતાં દાન આવકવેરાથી મુકત છે.

હરિજન આશ્રમ, આપનો
અમદાવાદ-૧૩. પ્રમુખ, ગુજરાત હરિજન સેવક સંઘ

# સ્વ. શ્રી ગુણવંતરાય આચાર્ય

★

શ્રી ગુણવંતરાય આચાર્યનો તા. ૨૫-૧૧-૬૫ને ગુરુવાર ના રોજ વહેલી પરોઢે રાજકોટમાં, ૬૫ વર્ષની ઉંમરે, સ્વર્ગવાસ થયો અને ગુજરાતીભાષી પ્રજાને છેલ્લા ચાર દાયકા જેટલા લાંબા સમયથી નિયમિત રીતે મળતી રહેતી માતા સરસ્વતીની મધુર પ્રસાદીથી ભર્યો એક રસથાળ સદાને માટે ઝુંટવાઈ ગયો! શ્રી આચાર્ય ક્ષર દેહે વિલીન થઈને અક્ષરદેહે અમર બની ગયા! ગુજરાતની ગરવી સરસ્વતીને એક આજીવન સારસ્વતની ખોટ પડી! આ ક્ષેત્રે પણ વિદાય થતાં નરરત્નોની જગ્યા પૂરનારા જાગે ત્યારે ખરા!

સાદો પહેરવેશ, સીધી-સાદી-સ્પષ્ટ ભાષા અને કસાયેલું ખડતલ અને ખમીરભર્યું જીવન એ જેમ શ્રી આચાર્યભાઈની એક વિશેષતા હતી તેમ મધુર સ્વભાવ, મધુર વાણી અને મધુર કલમ એ એમના જીવનની અનોખી બીજી વિશિષ્ટતા હતી. અને નિખાલસતા, નિરભિમાનવૃત્તિ, સ્વત્વશીલતા, ખેલદિલી, દિલાવરી, ઉદારતા અને હેતાળ પ્રકૃતિ એમના ગુણિયલ જીવન ઉપર જાણે મનોહર રંગોળીની ભાત પાડતી હતી.

આચાર્યશ્રીનાં પુસ્તકો વાંચવા એ જેમ એક લહાવો હતો, એમ એમની સમીપમાં સમય ગાળવાનો અવસર મળવો એ તો વળી સદા યાદ રહી જાય એવો એક વિશિષ્ટ લહાવો હતો. વિશ્વસાહિત્યના વિશાળ વાચનની સ્મૃતિઓનો તો એઓ ભંડાર હતા. એમની પાસે બેસીએ તો કંઈકંઈ કિસ્સાઓ, કથાઓ, વાર્તાઓ, ટુચકાઓ અને પ્રેરક પ્રસંગોના અસ્ખલિત રસપ્રવાહમાં તરબોળ થઈને એવા તો ખેંચાઈ જઈએ કે જાણે સ્થળ અને કાળના ભેદ જ વીસરી જઈને કોઈ કલ્પનાપ્રદેશ કે સ્વપ્નદેશના પ્રવાસી બની જઈએ; એવું અદ્‌ભુત વરદાન માતા સરસ્વતીનું આચાર્યભાઈને મળ્યું હતું: સાચે જ તેઓ માતા સરસ્વતીના લાડકવાયા અને બડભાગી સુપુત્ર હતા.

લખાણની બઠપ તો શ્રી ગુણવંતરાયભાઈની જ! અને લખાણનું વૈવિધ્ય પણ જાણે એમના ઉપર પ્રસન્ન હતું: વર્તમાનપત્રોના રાજકીય કે સામાજિક તંત્રી લેખો, હું-બાવો-ને-મંગળદાસ જેવા પ્રાસંગિક કટાક્ષ લેખો, નાની વાર્તાઓ, મોટી નવલકથાઓ, જીવનચરિત્રો, નિબંધો, બોલપટ ઉપયોગી લખાણો: શ્રી ગુણવંતરાયભાઈએ લોકભોગ્ય મધુર લલિત સાહિત્યનો કયો પ્રકાર ખેડવો બાકી રાખ્યો હતો? સાચે જ તેઓ એક સિદ્ધહસ્ત લેખક અને કામણગારી કલમના સ્વામી હતા. એમની નાની-મોટી સો-સવાસો જેટલી કૃતિઓ ગુજરાતના ઈંચુની વીસમી સદીમાં થઈ ગયેલા અને મોજૂદ એવા પ્રથમ પંક્તિના વાર્તાનવેશમાં એમને આગળનું સ્થાન અપાવતી રહેશે, અને એમની કીર્તિનું યશોગાન ચિરકાળ પર્યંત સંભળાવતી રહેશે.

આવી મધુર અને કામણગારી કલમ છતાં કેવી નિર્દોષ અને સુસંસ્કારથી સુરભિત! અપરસ, અશ્લિલતા કે લપસણા શૃંગારનું એમાં નામોનિશાન નહીં! લખાણ એવું ચોટદાર અને એની પકડ એવી કે એક વાર એમનું પુસ્તક વાંચવા લીધું કે એ પૂરું ન થાય ત્યાં સુધી મન એની સાથે જ બંધાઈ રહે. જેવું નિર્મળ એમનું જીવન હતું એવી નરવી એમની કલમ હતી. શ્રી આચાર્યભાઈની આ અતિવિરલ વિશેષતા લાંબા સમય સુધી સંસ્કારવાંચ્છું વાર્તાકાર કે લેખકને પ્રકાશ આપતી રહેશે.

આવી ઉમદા કલમ કાળબળે થંભી ગઈ! પણ લેખક તો નિષ્ઠાભરી સરસ્વતી ઉપાસના દ્વારા ધન્ય બની ગયા, અમર બની ગયા! મૃત્યુના ઓછાયા એવાની કીર્તિને ઢાંકી નહીં શકે! नास्ति येषां यशःकाये जरामरणजं भयम् – શ્રી આચાર્યભાઈ એવા પુરુષ હતા. આપણે **શ્રી ગુણવંતરાયભાઈ**ની સરસ્વતી ઉપાસનાને અને એમની સિદ્ધિને અભિવાદન કરીએ છીએ, અને એમના કુટુંબીજનો ઉપર આવી પડેલ સંકટમાં અમારી હાર્દિક સહાનુભૂતિ અને સમવેદના દર્શાવીએ છીએ! **રતિલાલ દીપચંદ દેસાઈ**

**આલિક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશનસ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઇ-૩.**
**મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ. ફોર્ટ. મુંબઇ.**